ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૨૮

શુક્રવાર, તા. ૯મી માર્ચ ૨૦૦૭
ફાલ્ગુન ૧૮, ૧૯૨૮ શાકે

થી

બુધવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૦૭
ફાલ્ગુન ૨૩, ૧૯૨૮ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**અગિયારમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **શુક્રવાર, તા. ૯ મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૧૮, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૦ - ૮૮ |
| શોકદર્શક ઉલ્લેખો | ૮૯ - ૯૦ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૯૧ - ૯૮ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૯૯ - ૧૦૧ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૦૨ - ૧૦૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૩ - ૧૧૯ |
| **સોમવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૨૧, ૧૯૨૮ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૨૦ - ૧૩૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩૨ - ૧૭૭ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૭૮ - ૧૭૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૯ - ૨૧૩ |
| **મંગળવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૨૨, ૧૯૨૮ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૧૪ - ૨૪૭ |
| **બીજી બેઠક** | |
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૨૪૮ - ૨૪૮ |
| તારાંકિત પ્રશ્નો | ૨૪૯ - ૨૫૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૬૦ - ૩૨૪ |
| જળસંપત્તિ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ- ૪૪) | ૩૨૫ - ૩૨૫ |

## અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| અધ્યક્ષશ્રીનો નિર્ણય | ૩૨૬ - ૩૨૬ |
| સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો | ૩૨૭ - ૩૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૨૮ - ૩૫૬ |

**બુધવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૦૭ / ફાલ્ગુન ૨૩, ૧૯૨૮ શાકે**

| | |
|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૫૭ - ૩૬૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૬૯ - ૪૧૧ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૪૧૨ - ૪૧૨ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૧૩ - ૪૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૧૫ - ૪૨૦ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૪૨૧ - ૪૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૨૩ - ૪૩૩ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૪૩૪ - ૪૩૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૩૭ - ૪૪૭ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૯મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૧૮, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## નર્મદા નદી પર વિયર કમ કૉઝવેનું આયોજન

***૨૦૭૪૮ શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ભરૂચ જિલ્લામાં નર્મદા નદી પર વિયર કમ કૉઝવે બનાવવા શું કોઈ આયોજન છે અને

(૨) જો હા, તો વિયર કમ કૉઝવેનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) અને (૨) : હાલ આયોજન નથી.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નદી ઉપર વિયર કમ કૉઝવે બનાવવા માટેનો જે પ્રશ્ન છે. સમગ્ર ભરૂચ જિલ્લા માટે ખૂબ જ ગંભીર પ્રશ્ન છે. ભરૂચથી ડાબી બાજુએ ૧૦૦ કિ.મી. નર્મદા બંધ આવેલ છે અને જમણી બાજુએ લગભગ ૪૦ કિ.મી. સમુદ્ર આવેલ છે. આ સમુદ્રથી ભરૂચ અને ભરૂચથી આગળ નિકોલા મંગલેશ્વર સુધીનો ૬૦ કિ.મી. સુધીનો વિસ્તાર આ બંધની ઊંચાઈ વધવાને કારણે નર્મદા નદીમાંથી પાણીની આવક ભરૂચ તરફ ઘટવાને કારણે અને સમુદ્રના ખારા પાણીની હટાવ ક્ષમતા ઘટવાને કારણે લગભગ ખારાશની સ્થિતિ ઊભી થઈ છે, એના કારણે સમગ્ર વિસ્તારમાં પીવાના પાણીના સ્તરમાં લગભગ ૨૦,૦૦૦ હેક્ટર જેટલી જમીનમાં ખેતીનો પ્રશ્ન, ૫૦,૦૦૦ જેટલા માછીમારોનો પ્રશ્ન છે, એટલા માટે આ નર્મદા નદી ઉપર વિયર કમ કૉઝવે બનવાને કારણે આ બધા જ લોકોને એમાંથી મદદરૂપ થઈ શકે તેવી સ્થિતિ છે, ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું પૂછવા માગું છું કે આ વિયર કમ કૉઝવેને જ્યારે રાજ્ય સરકારે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે, ત્યારે કયા પ્રકારનું સ્ટ્રક્ચર ક્યારે બાંધવામાં આવશે અને જ્યાં સુધી વિયર કમ કૉઝવે ન બને ત્યાં સુધી સમગ્ર વિસ્તારમાં ખારાશને કારણે પીવાના પાણીની પરિસ્થિતિ ઊભી થઈ છે, એના માટે રાજ્ય સરકાર કોઈ પૅકેજ દ્વારા માછીમારોને પીવાના પાણી માટે કે ખેતી માટે જેમને નુકસાન થયું છે એને કોઈ મદદ કરવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી નર્મદા નદી અને ભરૂચ વિસ્તારનો સંબંધ છે, ત્યાં સુધી આ પ્રશ્ન વારંવાર આવ્યા કરે છે. ગઈ વખતે પણ માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો હતો કે નર્મદા નદીમાં જે ભરતીનું પાણી આવે છે, એના કારણે ડેમ બંધાવાને કારણે ત્યાં આગળ ખારા પાણીની ખૂબ મોટી અસર રહે છે. એમની માગણીને ન્યાય આપવા માટે સરકારે કાર્યવાહી શરૂ કરી છે. આપનું ધ્યાન દોરવાનું કે આ એક ૨૮ લાખ ક્યુસૅક પાણીનો આવરો છે, એના કારણે સ્ટડી કરવો ખૂબ જ જરૂરી છે. ટેક્નિકલ સ્ટડી માટે આપણે કાર્યવાહી શરૂ કરાવી હતી અને કયા સ્થળે આયોજન કરવું એનું પણ અમે લોકેશન જોયું હતું. એમણે કહ્યું કે આની અસરને લીધે આજુબાજુનાં ગામડાઓ છે, એને ખારા પાણીની અસર થઈ છે. ખારા પાણીની એ વાત સરકારના ધ્યાનમાં છે. પીવાના પાણીનો સંબંધ છે ત્યાં સુધી સાગર ખેડુ યોજના મુખ્યમંત્રીશ્રીએ આપી છે. એની કલ્પના એવી છે કે દરિયાકિનારાના જે ગામડાઓને પાણીની મુશ્કેલી પડે છે તેમને પાણીનો સપ્લાય કરવાનું આયોજન પણ એમાં છે. તદુપરાંત ભરૂચ શહેરની આજુબાજુનાં વસતા ગામોને પાણીની મુશ્કેલી પડે છે. કાંઠા વિસ્તારમાં પીવાના પાણીની યોજના પણ સરકારે હાથમાં લીધી છે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : હું એટલા માટે ધ્યાન દોરું છું કે જ્યાં નિકોલા મંગલેશ્વર સુધી પાણી ખારું થયું છે. ૮ કિ.મી. ઝનોર ગામેથી સમગ્ર ભરૂચ જિલ્લામાં પાણી પુરવઠા યોજનાના માધ્યમથી ભરૂચ જિલ્લાને પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. ગયા વર્ષે આ પાણીની આવક ઓછી થવાના કારણે પૂનમની ભરતીમાં પણ પાણી પંપ કરીને આપવાની ક્ષમતામાં પ્રશ્ન ઊભો થયેલ, જેના કારણે ઉદ્યોગો શટડાઉન થવાની સ્થિતિ ઊભી થયેલી. નજીકમાં ૭-૮ કિ.મી. સુધી પાણી લઈએ છીએ, તો ત્યાં પણ ખારાશ પહોંચે એ પહેલા રાજ્ય સરકાર આગળ વધવા માગે છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમની જે ચિંતા છે તેના માટે વિયર અને બંધારા જરૂરી છે અને તેને સરકાર પ્રાયોરીટી આપીને પ્રયત્ન કરી રહી છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નર્મદા નદી ઉપર સ્ટ્રકચર બનાવવા માટે તાંત્રિક અભ્યાસ થયેલ છે? જો હા તો નર્મદા નદી ઉપર કયાં આગળ સ્ટ્રકચર બનાવી શકાય તેવું છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા નદી ઉપર સ્ટ્રકચર બાંધવા માટેની માગણી ૨૦૦૧માં આવી હતી. આના માટે ૨૦૦૧ની સાલમાં સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી હતી આમાં ત્રણ ચીફ એન્જિનિયરોની કમિટી બનાવી હતી. આ ત્રણ એન્જિનિયરોની કમિટી તપાસ કરવા ગઈ હતી. તેઓએ રિપૉર્ટ તૈયાર કર્યો હતો. તેઓની માગણી હતી તે મુજબ ત્રણ સ્થળ નક્કી કર્યા હતા. તેમાં એક ભાડભૂત સ્થળ છે તે દરિયા કિનારાની નજીક છે. ત્યાં આગળ ધારાસભ્યશ્રીની આ પસંદગી હતી. પરંતુ અમે ભાડભૂત ગામનો જે રિપૉર્ટ તૈયાર કર્યો છે તેમાં તે સ્થળ જીઓલોજીકલ રીતે સ્ટ્રકચર કરી શકાય તેવું નથી. ત્યાં આગર કિનારો નીચે છે એટલે ત્યાં પાણી કોઈપણ રીતે રોકી શકાય એવું નથી. આવો ભય આ કમિટીએ વ્યકત કર્યો હતો અને આ જે પાણી છે તે કિનારો ક્રોસ કરીને સાઈડમાંથી થઈને આવી જાય તેમ છે અને નદી વળાંક લઈ લે તેવી શક્યતા છે એટલે આ ભાડભૂત ડ્રોપ કરવામાં આવ્યું છે. બંધારા બાંધવાની તેમની ચિંતા સાચી છે એટલે બીજું સ્થળ ઝાડેશ્વર હતું તેની પસંદગી કરવામાં આવી હતી. ઝાડેશ્વર એટલે સર્કિટ હાઉસની નજીકનો વિસ્તાર છે. અહીં આજુબાજુંનો નીચાણવાળો વિસ્તાર હોઈ તે વિસ્તારોમાં પાણી આવી જાય તેમ છે. એટલે ત્યાં આગળ આ શકય નથી. ત્રીજું સાહેબ જે ગોલ્ડન બ્રિજની ડાઉન સ્ટ્રીમ છે ત્યાં કુકરવાડા ગામ છે તે પ્રમાણમાં સારું છે. ત્યાં આગળ એન્જિનિયરોની ટીમ ગઈ હતી. તે સ્થળ તેઓએ પસંદ કર્યુ છે. ગેરી દ્વારા તેના સેમ્પલ પણ લીધા છે. હું ધ્યાન દોરું કે લગભગ ૧૧ મીટરની લંબાઈનું વીયર બાંધવાનું છે. અહીં આગળ ૩૫ મીટર ઉંડે સુધીના સેમ્પલ આપણે લીધા છે. તે સેમ્પલ ગેરીને આપ્યા છે અને સી.ડી.ઓ.ને પણ આપ્યા છે. આપણે અહીં આગળ ડિઝાઈન કરવા માટે વિચારી રહ્યા છીએ અને કેટલી બેરીંગ કેપીસીટી થઈ શકે તે માટે કેવા ફાઉન્ડેશન, સ્ટ્રકચર બનાવી શકાય તે માટેની પ્રક્રિયા ચાલુ છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજનામાં આ કૉઝવેની યોજનાને પ્રાયોરિટી આપવા માગો છો કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડુ યોજનામાં જે લોકોને લાભ મળતો હશે તે પ્રમાણે કરીશું.

### બહુચરાજી મહેસાણા વચ્ચે નર્મદા કેનાલ ઉપર નાળું બંધ હોવા બાબત

***૧૯૨૭૯ શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) બહુચરાજીથી મહેસાણાના રસ્તે (વાયા બલોલ-મીઠાગામ) નર્મદા કેનાલ ઉપરનું નાળું કેટલા વર્ષોથી રીપેર થયા વગર બંધ છે, તે કયારે ચાલુ થશે, અને

(૨) પુલના નાળાનું નવું જ બાંધકામ કરેલ હતું તેમ છતાં ત્વરિત તૂટવાનું કારણ શું?

**મુખ્ય મંત્રીશ્રી (નર્મદા):**

(૧) અને (૨): બહુચરાજીથી મહેસાણાના રસ્તે નર્મદા કેનાલ પરનું નાળું કોઈ નુકસાન પામેલ ન હતું કે તૂટયું પણ ન હતું. પરંતુ રાજય સરકાર દ્વારા "થર્ડ પાર્ટી ઈન્સપેકશન" ની યોજના અમલમાં હોવાથી આવા ઈન્સપેકશન દરમ્યાન નબળાઈ ધ્યાને આવતાં તાકીદે પગલાં લઈ આ કામના કોન્ટ્રાકટર દ્વારા તેના જ ખર્ચે સંતોષજનક કામ પૂર્ણ કરવી એક વર્ષ પહેલાં તા. ૧-૪-૨૦૦૬ થી રસ્તો ચાલુ કરી દેવામાં આવેલ છે.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, કામ પૂરું થઈ રસ્તો ચાલુ થવાથી સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનન્નીય અધ્યક્ષશ્રી, વજુભાઈએ જે પ્રશ્ન પૂછયો તેના અનુસંધાનમાં મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નર્મદા મેઈન કેનાલનું કામ થયું છે. બહુચરાજી ચાણસ્મા વિસ્તારમાં એના એપ્રોચ રસ્તા એટલા બધા ઉંચા છે અને સતત એટલું બધુ ધોવાણ થાય છે અને ચોમાસા દરમ્યાન વાહન વ્યવહારમાં તકલીફ પડે છે. આજે મોટેરા એપ્રોચ ઉપરથી વાહનો સહેલાઈથી પસાર થઈ શકે તેવી સ્થિતિ નથી. એ માટે અવારનવાર વિભાગનું મેં ધ્યાન દોર્યું છે ત્યારે કહે છે કે, આ રસ્તા સ્ટેટને સોંપી દીધા છે, અમારી કોઈ જવાબદારી નથી. આ જાતના જવાબો સતત છેલ્લા બે વર્ષથી મળે છે અને કોશીશ કરું છું હું જવાબો મેળવવાની ત્યારે આ બાંધકામ બાબતમાં આજે પણ ખોરસન પાસે એક મોટું ગાબડું પડયું છે, હું જાતે જોઈ આવ્યો છું, ગામ લોકો પણ ભેગા થયા હતા. મોટું ગાબડું પડયું છે ત્યારે મને લાગે છે કે આ કેનાલમાં જ્યારે ફુલફલેજમાં પાણી વહેશે ત્યારે કેટલાય ગાબડા પડશે? આ બહું ગંભીર બાબત છે એટલે હું જાણવા માગું છું કે, આ અંગે માનનીય મંત્રીશ્રી શું પગલાં લેવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના પ્રયત્નથી સ્થળ પાર્ટી ઈન્સ્પેકશનની પ્રથા આપણે શરૂ કરી છે. કદાચ દેશમાં બહુ ઓછા રાજયોમાં આ પ્રથા હશે. આપણે ત્યાં પણ પહેલા ન હતી. આવડી મોટી મહત્ત્વાકાંક્ષી યોજનામાં સારી રીતે ગુણવત્તા જળવાઈ એ હેતુથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનામાં સ્થળ પાર્ટી ઈન્સ્પેકશન થાય એવું આયોજન કર્યું છે, અને કોઈની પણ ફરિયાદ મળ્યા સિવાય સ્થળ

પાર્ટી ઈન્સ્પેકશનમાં અને કવોલિટી અધિકારીઓના ધ્યાનમાં આવ્યું એના પરિણામે આ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. આમાં માત્ર પ્રશ્ન ગડરમાં તીરાડનો છે. બીજુ એમણે કહ્યું એમ એની આજુ બાજુ રસ્તો ઊંચો છે એના માટે અધિકારીઓને મોકલી સ્થળ તપાસ કરવામાં આવશે અને ગાબડું પડયાની વાત આજે જ જાણવા મળી છે તો એની પણ તપાસ કરવામાં આવશે.

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં જે નર્મદાની કેનાલો થતી હોય છે, એમાં નાળાનું કામ કરવામાં આવે છે ત્યારે નાળાના બંને છેડાનું પેવર કામ નથી બાંધકામ વાળા કરતા કે નથી નર્મદા વિભાગ વાળા કરતા ત્યારે આખા જિલ્લામાં નર્મદા કેનાલ ઉપર નાળા બનાવવામાં આવે છે એના બંને છેડાનું પેવર કામ થયા વગર બાકી છે એ સરકાર કરવા માગે છે કે કેમ?

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો સ્થળ પાર્ટી ઈન્સ્પેકશન એકદમ નવી વસ્તુ છે. આપના દ્વારા જાણવા માગું છું કે, આ સ્થળ પાર્ટી ઈન્સ્પેકશન કઈ રીતે થઈ શકે છે, કોણ કોણ કરે છે, આ કિસ્સામાં કોણે કર્યું? બીજું મૂળ કામ કેટલી રકમનું હતું અને એમાં કોઈ નબળાઈ ધ્યાનમાં આવી છે, અને એ કોન્ટ્રાકટરના ખર્ચે કરવામાં આવી, તો કેટલો ખર્ચ નવો કરવામાં આવ્યો?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થળ પાર્ટી ઈન્સ્પેકશનની જવાબદારી આપણે એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડને સોંપવામાં આવી છે અને એના અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. આપણા અધિકારીઓ કવોલિટી કન્ટ્રોલના હોય એ ચાલુ કામ દરમ્યાન કરે છે અને કામ પૂરું થયા પછી કરે છે. નુકસાની ૮ લાખ રૂપિયાની હતી અને એ નુકસાની કોન્ટ્રાકટરના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે.

### ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં સબસ્ટેશન ઊભા કરવા બાબત

***૨૦૭૬૫ શ્રી શીવાભાઈ જે. ગોહિલ (તળાજા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) સન ૨૦૦૭-૨૦૦૮ના બજેટ વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશન ઊભા કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે?

**મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા) :**

(૧) અને (૨) સન ૨૦૦૭-૨૦૦૮માં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના દાથા અને દીહોર ગામે નવા ૬૬ કે.વી. સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન કરેલ છે. સદર સબસ્ટેશનોના બાંધકામ માટે જમીન સંપાદનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

**શ્રી શીવાભાઈ જે. ગોહિલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં તળાજા અને મહુવા તાલુકામાં ૬૬ કે.વી. સબસ્ટેશન ચાલુ વર્ષે કરવાનું કોઈ આયોજન છે કે કેમ? એમાં તળાજા તાલુકામાં દાથા અને દીહોર ગામે ૬૬ કે.વી.ની કામગીરી થશે એ બદલ અભિનંદન આપું છું. સાથે સાથે મહુવા તાલુકાના ઓથા ખાતે ૨૨૦ કે.વી. ૧૯૯૯-૨૦૦૦ થી કમિટમેન્ટ થયેલ છે હવે સ્થાનિક ઓથામાં ૬૬ કે.વી.ની ખાસ જરૂર છે એનું આયોજન છે કે કેમ? એ જાણવા માગું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી. સબ સ્ટેશન આ વર્ષે ભાવનગર જિલ્લાની અંદર આપણે ચાર લેવામાં આવ્યા છે.રાજયની અંદર ખેડૂતોને વીજળી ગુણવત્તાવાળી મળે તે માટે મોટાભાગના સ્ટેશન આપણે ગ્રામીણ વિસ્તારમાં કરીએ છીએ. આ ૨૦૦૭-૦૮નું આયોજન છે. આવતા વર્ષે આપણે નવા ૫૦ સબ સ્ટેશનોનું આયોજન કર્યુ છે. તેમાં ૪૭ સબ સ્ટેશનો આપણે ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતોને ગુણવત્તાવાળી વીજળી મળે તે માટે કર્યુ છે. ભાવનગર જિલ્લાની અંદર ચાર કર્યા છે તેમાં તળાજાની અંદર બે કર્યા છે. માનનીય સભ્યશ્રીની જે લાગણી છે કે, મહુવામાં કરવું જોઈએ હું તેનો રિપોર્ટ તાત્કાલિક અહેવાલ મંગાવીશ અને મને ટેકનીકલી યોગ્ય લાગશે તો વહેલામાં વહેલી તકે તેને કેવી રીતે મંજૂરી મળે તેનો સંપૂર્ણપણે પ્રયાસ કરીશ.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે જમીન સંપાદનનું કાર્ય છે તેમાં સરકારી જમીન કેટલી છે અને ખેડૂતોની જમીન કેટલી છે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે આવતી સાલનું આયોજન અત્યારે ચાલુ કર્યુ છે. જમીન સંપાદનના કામો બને એટલા ઝડપથી આપણે હાથમાં લીધા છે અને ભાવનગર કલેકટરને આની અરજી આપી દીધી છે જ્યાં તે ગામના લોકોએ પોતાની રીતથી જમીન આપી હોય તે જગ્યાએ આપણે સરકારી જમીન લીધી છે અને જ્યાં સરકારી જમીન ના મળી હોય ત્યાં ખરીદીને પણ આપણે ખેડૂતોને માટે આ સબ સ્ટેશન વહેલામાં વહેલી તકે થાય તેનો સંપૂર્ણપણે પ્રયાસ કર્યો છે.

**શ્રી કેશુભાઈ હી. નાકરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, તળાજા તાલુકામાં હાલમાં કેટલા સબ સ્ટેશન કાર્યરત છે અને મારો બીજો પ્રશ્ન છે કે, સિંહોર અને ગારિયાધારમાં નવા સબસ્ટેશનો સ્થાપવાનું આયોજન છે કે નહીં ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,આ ૪૦ વર્ષના ઈતિહાસમાં ૨૫ સબસ્ટેશનો થયા ભાવનગરમાં આ તો ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને છેલ્લાં બે-બે, ત્રણ-ત્રણ વર્ષની અંદર એક એક જિલ્લાને ત્રણ-ત્રણ, ચાર-ચાર આપ્યા છે શિહોર અને ગારિયાધારમાં આપણે જે અત્યારે જે પ્રમાણે આયોજન કર્યુ છે તે પ્રમાણે

load factor પર આધારિત કર્યુ છે. જ્યાં લોડ વધારે આવ્યો હોય ત્યાં તાત્કાલિક કર્યુ છે અને સિંહોર અને ગારિયાધારમાં પણ આપણે માનનીય સભ્યશ્રી કહે છે તો તેમના વિસ્તારમાં લાગે કે અહીંયા વધારે તકલીફ છે તો મારું તાત્કાલિક ધ્યાન દોરે હું તેમની ઉપર ચોક્કસ તપાસ કરીશ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, ૬૬ કે.વી.નું ભાવનગરમાં મંજૂર કર્યુ છે તો કેટલા એચ.પી.લોડ વધારા દીઠ તમારો આપવાનો નિયમ છે અને હમણાં કહ્યું કે ૫૦ મંજૂર થયા છે તો પંચવર્ષીય યોજના, સાતમી પંચવર્ષીય યોજનામાં કઈ યોજનામાં મંજૂર કર્યા? અને તેમાં ગુજરાત સરકારનું કેટલું ફંડ આપવાના છો? માનનીય મંત્રીશ્રીએ સભ્યશ્રીને કહ્યું ધ્યાન દોરજો. તેમના ખાતાની અંદર કયા સબસ્ટેશન કયા વિસ્તારમાં લોડ વધારો છે જ્યાં વોલ્ટેજ નથી મળતાં રોજે રોજની તેમની માહિતી મળતી હોય છે જ એટલે જ્યાં વોલ્ટેજ નથી મળતાં, લોડ નથી મળતો ત્યાં આપ કરવા માગો છો કે નહીં ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે કહેવું પડે છે કે, કેન્દ્ર આપણને કોઈ મદદ કરતી નથી. રાજીવ ગાંધી કાર્યક્રમની વિસ્તારની અંદર પણ આપણને આપતા નથી. આપણે અનેક વખત કહ્યું કે અમારે ત્યાં મોર્ડનાઈઝેશન, રીનોવેશન માટે આપ રૂપિયા આપો. લખી લખીને કર્યુ યોજનામાં ફેરફાર કરો. પણ દુ:ખ સાથે કહેવું પડે છે કે આપણું લીધું નથી એટલે સભ્યશ્રીને વિનંતી કે નાણાકીય જોગવાઈમાં અમને કેન્દ્ર મદદ કરે એવી આપ ભલામણ કરો. આ ૬૬ કે.વી.ક્યારે નાંખવામાં આવે તેની માહિતી આપું. જ્યારે feeder bifurcation ન થતું હોય અને શકય ના હોય અને ૧૧ કે.વી.ની લાઈન ખૂબ લાંબી થઈ ગઈ હોય અને પછી એમ લાગતું હોય કે આપણે bifurcation થી આ ખેડૂતોના પ્રશ્નનો ઉકેલ નહીં લાવી શકીએ ત્યારે આ સબસ્ટેશનનું કામ હાથમાં લેવામાં આવે છે. એટલે ઓવર લોડના પ્રશ્નો થતાં હોય ત્યારે થતું હોય છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ઉર્જા ક્ષેત્રે અભૂતપૂર્વ કામગીરી કરી છે. મારા વિસ્તારમાં પણ મોટા ખુંટવડાનું સબ સ્ટેશન ૬૬ કે.વી.નું બે વર્ષ પહેલાં કાર્યરત કરવામાં આવ્યું અને તેને કારણે જ આ વખતે જ્યારે ખેડૂતોને વીજળીની જરૂર હતી ત્યારે ગુણવત્તાવાળી સારી વીજળી મળી અને ખેડૂતોએ ખૂબ ઉત્પાદન પણ મેળવ્યું. હમણાં શિવાભાઈએ કહ્યું તેમ ઓથા અને બીલડી આ બે વિસ્તારોમાં આ ૬૬ કે.વી.સબસ્ટેશન શરૂ કરવામાં આવે તો સમગ્ર મહુવા તાલુકાના ગ્રામ્ય વિસ્તારને ઉચ્ચ ગુણવત્તાવાળી વીજળી મળી રહે તો બીલડી અને ઓથા માટેનું આયોજન માનનીય મંત્રીશ્રી ક્યારે કરવા માગે છે ?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ૩૦ દિવસની અંદર આનો રીપોર્ટ મંગાવી લઈશ અને ૨૦૦૭-૦૮માં જો જગ્યા હોય તો એમાં જ લઈશ અને જો ૨૦૦૭-૦૮માં જગ્યા નહીં હોય તો આવતી સાલ લઈ લઈશ, એની ખાતરી આપું છું.

## દારૂબંધીમાંથી છૂટ અને તે અંગેની પરમીટો બાબત

***૧૮૯૮૬ શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે -

(૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજયમાં દારૂબંધીમાંથી કેટલા પ્રકારો માટે વિશેષ છૂટ આપવાનો નિર્ણય રાજય સરકારે કર્યો છે,

(૨) દારૂ પીવા અંગેની પરમીટો કઈ કઈ સત્તાધારી વ્યકિતઓ દ્વારા મળશે અને તેનાથી કયા પ્રકારે રાજયની પ્રજાને લાભ થવા સંભવ છે.

(૩) સુખી સંપન્ન લોકો પરમીટ મેળવીને દારૂ પીશે તેને સજા નહીં થાય અને ગરીબ માણસને દારૂ પીતા પકડાવાથી સજા થશે તો આ કાયદો સમાનતાના બંધારણે આપેલા અધિકારો માટે પ્રશ્નાર્થ ઉપજાવશે કે કેમ, અને

(૪) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ દારૂ પીને પકડાયેલામાંથી નવા કાયદા પ્રમાણે દંડના બદલે સામાજિક સેવા કેટલા લોકોએ કેટલા દિવસ કયાં કયાં બજાવી છે?

**નશાબંધી મંત્રીશ્રી :**

(૧) ના,જી. રાજયમાં દારૂબંધીમાં કોઈ છૂટ આપેલ નથી.

(૨) દારૂ પીવા અંગેની પરમીટો (૧) નશાબંધી અને આબકારી અધિકારીઓ (૨) સેઝ વિસ્તારમાં સેઝના અધિકૃત અધિકારી (ઓથોરાઈઝડ ઓફિસર) અને (૩) વિદેશી પ્રવાસીઓ અને પરપ્રાંતની વ્યકિતઓને પરવાનો ધરાવતી હોટલોના મેનેજરો દ્વારા આપવામાં આવશે. તેનાથી રાજયના પ્રવાસન ઉદ્યોગ અને ઔદ્યોગિક વિકાસને વેગ મળશે તથા રાજયમાં રોજગારીની તકો ઉભી થતાં રાજયની પ્રજાને લાભ થવા સંભવ છે.

(૩) પરમીટ ધારક પણ જો જાહેરમાં દારૂનું સેવન કરે તો તેમને પણ સજાની જોગવાઈ છે. સુખી સંપન્ન અથવા ગરીબ વર્ગના ઈસમો ગેરકાયદેસર દારૂ પીતા પકડાય તો બંને વર્ગો માટે સજાની જોગવાઈ સમાન છે, તેથી સમાનતાના બંધારણીય અધિકાર માટે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) (૧) રાજકોટ શહેરમાં ૬ આરોપીને કોર્ટ કમ્પાઉન્ડ સફાઈ કરવાનો તથા તમામને રૂપિયા ૫૦/- નો દંડ તથા એક દિવસની સજાનો હુકમ કરેલ. (૨) રાજકોટ જિલ્લાના મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના ૨ કેસમાં ૨ ઈસમોને ત્રણ દિવસ ધી વીશી ટેકનિકલ હાઈસ્કુલ, મોરબી ખાતે સફાઈની સજાનો હુકમ કરેલ. (૩) અમરેલી જિલ્લાના જાફરાબાદ પોલીસ સ્ટેશનના એક ગુનામાં એક આરોપીને સામૂહિક આરોગ્ય કેન્દ્ર, જાફરાબાદમાં ૯૦ દિવસ સુધી સેવા બજાવવાનો કોર્ટે હુકમ કરેલ છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં વિશેષ પ્રશ્ન પૂછવા માગું છું કે સેઝ વિસ્તારમા આ જે પરમીટો આપવાની થશે, તેમાં અગાઉ તો હોટલમાં નશાબંધી વિભાગ પરમીટ આપતો હતો. વિદેશી અને ગુજરાત બહારના વ્યકિતઓને. પરપ્રાંતની વ્યકિતઓને જો હોટલના મેનેજરો કે માલિકો દ્વારા પરમીટો આપવામાં આવે તો એનો દુરૂપયોગ થવાનો ભય હોવાની શકયતા છે. જે પ્રકારે ગેરસમજ પ્રવર્તતી હતી, એટલા માટે મેં આ પ્રશ્ન પૂછયો છે. આ રાજય મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ છે એટલે આપણે જાણીએ છીએ કે ગુજરાતની શાંતિ પણ દારૂબંધીને આભારી છે. આવે વખતે આ કાયદો બને છે ત્યારે એવી વ્યવસ્થા કરવામાં આવે કે બિન-અધિકૃત હોટલના માલિકો અધિકૃત નથી અને એનો દુરૂપયોગ થઈ શકે છે, એટલે હું પૂછવા માગું છું કે હોટલના માલિકોને અધિકાર આપીશું તો મુશ્કેલ પરિસ્થિતિ ઉભી થશે. તો આ અધિકારમાં પુનઃ વિચારણા કરવા માગે છે કે કેમ? દારૂ પીતા પકડાય એને સામાજિક સેવા કરવાની જોગવાઈ છે, તો આટલો નિર્ણય કર્યા પછી આટલા જ લોકોને, જે જવાબ મળ્યો છે તો એની અસરકારકતા અમદાવાદ શહેરમાં તો ઘણા લોકો પકડાયા હશે, તો એમને સમાનતાના ધોરણે ૯૦ દિવસ અને એક દિવસ એમ કરવાના બદલે આટલા દિવસ આટલા કલાક સેવા બજાવવી જોઈએ, જેથી એમાં પણ સમાનતાનું ધોરણ જાળવી શકાય અને આ નિર્ણય કોણ કરે છે કે કેટલી સજા કરવી, એ જવાબ આપે.

**શ્રી અમિત અ. શાહ** : કેટલી સજા કરવી એનો નિર્ણય જજને કરવાનો અધિકાર છે. કોર્ટમાં કેસ ચાલતા હોય અને એના ન્યાયાધીશ સાહેબ આ સજા આપવાનો નિર્ણય કરે છે કે આટલી સજા કરવી. બીજુ એમણે પૂછયું કે આટલા કેસોનો નિર્ણય, તો બાકીના કેસો ચાલવા ઉપર આવ્યા નથી, એટલા માટે સંખ્યા ઓછી છે. અને જે જૂના કેસો હતા એ કાયદામંત્રીશ્રીએ લોક અદાલત કરી એમાં ઘણાબધા નિકાલ થઈ ગયા છે, એટલે અત્યારે સંખ્યા ઓછી દેખાય છે, અને બાકી કેટલાક ચાલવા ઉપર આવ્યા નથી. બીજું સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો કે મેનેજરોને સત્તા આપીશું તો એનો દુરૂપયોગ થશે, તો શું થશે? આપણે ત્યાં રાજયમાં ૨૪ જ હોટલને આ પ્રકારની પરમિટ અને લાયસન્સ આપેલા છે, એટલે એનું મોનેટરિંગ કરવું પણ બહુ સરળ છે અને સેન્ટરો પણ ઓછા છે. તેમ છતાંયે દુરૂપયોગ થવાની કોઈ ફરિયાદ મળશે તો ચોકકસ એના ઉપર પુનઃ વિચારણા કરવાની સરકારની તૈયારી છે. પરંતુ અત્યારે કાયદો લાગુ કર્યો છે, અને એમાં ૨૪ જ હોટલમાં હોવાથી મોનેટરિંગ સરળ છે અને મોનેટરિંગની વ્યવસ્થા પણ નશાબંધી ખાતુ અને પોલીસ ડિપાર્ટમેન્ટ બંને સંયુકત રીતે ગોઠવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય સભ્યશ્રીએ એવો પ્રશ્ન પૂછયો હતો કે રાજયમાં દારૂબંધી બાબતે કોઈ વિશેષ છૂટ આપવામાં આવી છે કે નહીં, એમાં સરકારશ્રીએ, મંત્રીશ્રીએ ના પાડી છે. બીજો પ્રશ્ન એવો છે કે સુખી સંપન્ન લોકો પરમીટ મેળવીને દારૂ પીશે તેને સજા નહીં થાય અને ગરીબ માણસને દારૂ પીતા પકડાવાથી સજા થશે. તો આ કાયદો બંધારણે સમાનતાના આપેલા અધિકારો માટે પ્રશ્નાર્થ ઉપજાવશે કે કેમ, એ પ્રશ્નના જવાબમાં દારૂબંધી માટે એવું કહેવામાં આવ્યું છે કે છૂટ આપી નથી અને બીજી તરફ જે ૩૩ સેઝ થવાના છે, એમાં બધી જગ્યાએ પરમીટની છૂટ આપી દેવામાં આવી છે. એને કારણે ગુજરાતની આજુબાજુમાં દિવ-દમણ જયાં આ પ્રકારની વ્યવસ્થા છે, એમાં અમદાવાદ, સુરત, બરોડા અને રાજકોટ એ તમામ જગ્યાએ આવા ૩૩ દિવ-દમણ ઉભા થવાના છે. તો આ પ્રકારની વિશેષ છૂટ માત્ર જે સેઝ ઉભા કરે છે એના લાભાર્થે આપી છે. તો એ બંધ કરવા માગે છે કે કેમ અને બીજું કે જે ૨૪ હોટલોની વાત કરી કે હોટલના માલિકોને પરમિટ આપવાની છૂટ આપી છે. તો આ દેશમાં મોટા ભાગના રાજયોમાં એવું છે કે પરમિટ વિના દારૂ પીવાતો જ નથી અને દીવ અને દમણમાં પણ ૩ રૂપિયા લઈને પરમિટ આપે છે. તો આ પ્રકારની વ્યવસ્થા છે એ બધી જ જગ્યાએ આ એક પ્રકારે દારૂબંધીમાં છૂટ આપી છે અને એક બાજુથી એમ કહે છે કે છૂટ આપી નથી અને બીજી નીતિનો તેમણે ફેરફાર કર્યો છે કે સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટને આ અધિકાર હતો એની જગ્યાએ આરોગ્ય કેન્દ્રના અધિક્ષકને પણ એના માટેની પરમિટ આપવાની છૂટ આપી છે. તો આ રીતે દારૂ પીવા માટેની તમામ સગવડ કરી આપવામાં આવી છે અને આ સરકાર એમ કહે છે કે અમે છૂટ આપી નથી. તો તેમણે એમનો જવાબ સુધારવો જોઈએ અને સાચી વાત ખુલ્લા દિલથી કરવી જોઈએ કે અમે ગુજરાતને દારૂ પીતું કરવાના છીએ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એવું કહયું છે કે દારૂબંધીમાં સરકારે છૂટ આપી છે કે નહીં? તો આ રાજયમાં દારૂબંધી કડકાઈથી પ્રસ્થાપિત થયેલ છે, કોઈ વ્યકિતના વિચાર કેવળથી રાજયભરમાં એ પ્રસ્થાપિત થયેલ નથી, કોઈના નિવેદન માત્રથી એ પ્રસ્થાપિત થયેલ નથી, પરંતુ આ દારૂબંધી એ સમગ્ર રાજયમાં કાયદાથી પ્રસ્થાપિત થયેલ છે અને જો એની અંદર કાયદામાં કોઈ ફેરફાર કરવો હોય તો વિધાનસભાગૃહ સમક્ષ આવવું પડે અને મારે કાયદો લઈને આવવું પડે. આટલી સરળ પ્રક્રિયા માનનીય

વિરોધપક્ષના નેતાશ્રી સમજી શકતા નથી એનું મને દુ:ખ છે. એટલે મેં જવાબ આપ્યો છે કે દારૂબંધીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી કે છૂટ આપી નથી એ મારા નિવેદનને હું વળગી રહું છું. રાજય સરકાર દારૂબંધીનો કડક અમલ કરવામાં માને છે, એનો કડકાઈથી અમલ થઈ રહયો છે અને ભવિષ્યમાં પણ કડકાઈથી જ અમલ થવાનો છે. દારૂબંધીના કાયદામાં જો ફેરફાર કરવો હોય તો એ કોઈ સરકયુલર કે પરિપત્રથી ના થઈ શકે, પરંતુ એના માટે કાયદામાં ફેરફાર કરવો પડે અને કાયદો બદલવાનો અધિકાર એ માત્ર ને માત્ર આ સન્માનનીય ગૃહને છે અને જો મેં એ ફેરફાર કર્યો હોય તો આ સન્માનનીય ગૃહમાં હુ ફેરફાર માટેનો કાયદો લઈને આવ્યો હોત અને માનનીય અર્જુનભાઈ આટલું બધું છેલ્લા એક મહિનાથી દારૂ, દારૂ, દારૂ, દારૂ કર્યા કરે છે, આટલાં બધાં નિવેદન કરે છે, એમને બીજું કાંઈ સુજતું નથી, બધું જ ત્યાં આગળ કોન્સન્ટ્રટ થઈ ગયું છે. તો મારું તેમને કહેવું છે કે આ રાજયમાં તો દારૂબંધી છે, રહેવાની છે અને હતી એવી જ રહેવાની છે, પરંતુ જયાં આગળ તમારી સરકારો છે ત્યાં આગળ દારૂબંધી લાગુ કરવાની હિંમત હોય તો આ ગૃહમાં માનનીય અર્જુનભાઈ ઠરાવ લઈને આવે અને ભારત સરકારને આ ગૃહ અપીલ કરે કે સમગ્ર ભારતમાં ગુજરાત જેવી દારૂબંધી લાગુ કરો, એમ ટેકો કરવા તૈયાર છીએ. સરકારો તેમની છે ત્યાં આગળ કરે.અરે સાહેબ, આખા દેશની વાત જવા દો, ખાલી એર ઈન્ડિયાના વિમાનમાં દારૂ પીરસાતો બંધ કરાવે તો પણ કોંગ્રેસ પાર્ટીને શાબાશી આપું. એર ઈન્ડિયાના વિમાનમા દારૂ પીરસાતો બંધ કરાવે તો આબાશી આપું. ગુજરાતમાં જેવી દારૂબંધી છે એવી સમગ્ર દેશમાં દારૂબંધી દાખલ કરાવવા માનનીય વિરોધપક્ષના નેતાશ્રી એક પ્રસ્તાવ લઈને આવે તો ટ્રેઝરી બેંચ એને સમર્થન કરશે અને જો એ ના લાવવો હોય તો તમે સંમતિ આપો તો અમે લાવવા તૈયાર છીએ. ભારત સરકારને આ ગૃહ અનુરોધ કરે કે સમગ્ર ભારતમાં ગુજરાતમાં છે એવી દારૂબંધી લગાડો જો હિંમત હોય તો જયાં તમારી સરકાર છે ત્યાં.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય ગૃહમંત્રીશ્રીને કહેવું છે કે રાજયો બીજા છે એની જવાબદારી નથી. આ જે છૂટ આપી છે અને નવા દીવ, દમણ અને ગોવા ઉભા કરવાના છે અને આવા જે ફેરફાર કરીને પરમિટ આપીને દારૂ પીતા કરવાના છે. પ્રસ્તાવ પાછો ખેંચવાની અમારી તૈયારી અને હું પ્રસ્તાવ મૂકું છું. મારા બધા મિત્રો ઉભા થાય. (અંતરાય) તમારી બધાની ઉભા થવાની તૈયારી છે? (અંતરાય) અમે બધા તૈયાર છીએ, અમારા બધા મિત્રો તૈયાર છે. (અંતરાય)

( આ તબકકે કોંગ્રેસ પક્ષના બધા સભ્યો ઉભા થઈ ગયા, શાસક પક્ષના પણ ઘણાબધા સભ્યો ઉભા થઈ ગયા)

(અંતરાય) એર ઈન્ડિયામાં દારૂ બંધ કરવાની તમે વાત કરો છો, બીજા રાજયોની તમે વાત કરો છો, પરંતુ મારા બધા મિત્રોની તૈયારી છે, તમારી બધાની તૈયારી છે? તમે મને પડકાર ફેંકો છો તો હું તમને પડકાર ફેંકું છું, અમારી આ બાબતમાં તૈયારી છે તમારી તૈયારી હોય તો કહી દો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ ઈશારો કરીને કહે કે તમે ઉભા થાઓ અને બધા પૂતળાની માફક ઉભા થઈ ગયા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારા મિત્રોને ઉભા કરી દો, અમારી તૈયારી છે.

**શ્રી વજુભાઈ વાળા** : જુઓ, બધા ઉભા થઈ ગયા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ બાબતમાં અમે તૈયાર છીએ, અમે બધા ઉભા થયા છીએ. (અંતરાય) અમે ઉભા થઈને ટેકો આપીએ છીએ (અંતરાય) માનનીય ગૃહમંત્રીશ્રીએ અમને પડકાર આપ્યો છે.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં ગેર શિસ્ત કહેવાય, તેઓ બાકીના સભ્યોને કહે કે ઊભા થઈ જાઓ, અને પ્રશ્ન પૂછનાર એક હોય અને બાકીના બધા ઊભા થઈ જાય તે ગેર શિસ્ત કહેવાય, એમના બધા શબ્દો રેકોર્ડ ઉપરથી કાઢી નાખવા જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ પડકાર ફેકયો છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અર્જુનભાઈએ મારી વાત તરફ બરાબર ધ્યાન નથી આપ્યું. એમણે એવું કહ્યું કે મેં પડકાર ફેંકયો છે, હા, મેં પડકાર ફેંકયો છે અને હું તેને વળગી રહું છું. મેં એવો પડકાર ફેંકયો છે કે ગુજરાતમાં જેવી દારૂબંધી છે એવી સમગ્ર ભારતમાં લાગુ કરવા માટે આ ગૃહ ભારત સરકારને અનુરોધ કરે તે પ્રકારનો પ્રસ્તાવ લાવવાની અર્જુનભાઈની તૈયારી છે? જો તૈયારી હોય તો અમે તેને સમર્થન કરવા માટે તૈયાર છીએ. માનનીય અર્જુનભાઈને ખબર છે કે પ્રશ્નોત્તરી દરમિયાન પ્રસ્તાવ ન લાવવાનો હોય, જો એમણે પ્રસ્તાવ લાવવો હોય તો તેના માટે અલગ સમય માગવો પડે. સાત વખત અમે સમર્થન કરીશું.

**ક્રાઈમ બ્રાન્ચ સુદ્રઢ બનાવવાનું આયોજન**

***૨૦૭૦૯ શ્રી કાન્તિભાઈ રા. લકુમ (બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકારે ગુન્હા નિવારણ અને ગુન્હા શોધનમાં મહત્ત્વની ભૂમિકા અદા કરતી જિલ્લા/શહેરની ક્રાઈમ બ્રાન્ચને વધુ સુદ્રઢ બનાવવાની યોજના વિચારેલ હોવાની હકીકત તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખરી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)**

(૧) હા, જી.

(૨) રાજયમાં આતંકવાદી ગતિવિધિઓનાં પ્રમાણપત્ર વધારો થવાથી તેમજ ગુન્હાના પ્રકારમાં થતાં વધારાને કારણે ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવા સ્પેશિયલ ઓપરેશન ગૃપની રચના કરવાનો સરકારે નિર્ણય કરેલ છે અને આ માટે વિવિધ સંવર્ગની કુલ ૬૫૯ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવેલ છે, જે ભરવાની મંજૂરી પણ આપવામાં આવેલ છે.

**શ્રી કાન્તિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ક્રાઈમ બ્રાન્ચ જે કામગીરી કરી રહી છે અને જે ગુનાઓ નિવાર્યા છે, ઓછા થયા છે, તે બદલ રાજય સરકારને અભિનંદન આપું છું. અને ૬૫૯ જગ્યાઓ નવી ભરવાની મંજૂરી આપી છે તેનાથી ગુનાઓ ઓછા થશે. પણ મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ ક્રાઈમ બ્રાન્ચને સુદ્રઢ કરવા માટે વર્તમાન સરકારના શાસનમાં, વર્ષ ૨૦૦૩ થી ફેબ્રુઆરી ૨૦૦૭ દરમિયાન કયા કયા પગલાં ભરવામાં આવેલ છે અને હવે પછી કયા પગલાં ભરવામાં આવશે? સંખ્યાબળ, સશસ્ત્ર તાલિમ, વાહન, સંદેશા વ્યવહાર વગેરેની પદ્ધતિમાં ફેરફાર, ફરજમાં ફેરફાર, સહિતની તમામ બાબતો. અને બીજો પ્રશ્ન એ છે કે જિલ્લા અને શહેરમાં પોલીસમાં કઈ કઈ બ્રાન્ચો કામગીરી બજાવે છે અને તેની ફરજો શું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ક્રાઈમ બ્રાન્ચ એ પોલીસ તંત્રનું બહુ અગત્યનું અંગ છે. ક્રાઈમ બ્રાન્ચ ડે ટુ ડે પોલીસીંગ સિવાય સમગ્રપણે સોંપાયેલા વિસ્તારમાં સંગઠિત ગુના ન બને, અલગ અલગ પ્રકારની ગેંગો ઊભી ન થાય, જેલમાંથી છૂટેલા કેદીઓ ગેન્ગની રચના ન કરે અને સંગઠિત ગુનાઓ કરવાનો પ્રયત્ન થતો હોય તો તેને નશ્યત કરે તેના માટે કામ કરતું હોય છે. મને આનંદ છે કે રાજયની રચના થયા પછી પહેલી વાર માનનીય નરેન્દ્રભાઈની સરકારમાં સમગ્ર રાજયના બધી જ ક્રાઈમ બ્રાન્ચોને સુદ્રઢ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે અને તેના માટે ૬૫૯ જગ્યાઓને મંજૂરી આપી છે. અને તેથી રાજયના બધા જ પોલીસ યુનિટોને નવી તાકાત મળવાની છે અને ક્રાઈમ બ્રાન્ચને નવો ઓપ મળવાનો છે. નાયબ પોલીસ કમિશનરની બે જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. મદદનીશ પોલીસ કમિશનરની એક જગ્યા, પોલીસ ઇન્સ્પેક્ટરની ૩૫ જગ્યાઓ, પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ૬૩ જગ્યાઓ, હેડ કોન્સ્ટેબલની ૧૫૭ જગ્યાઓ અને પોલીસ કોન્સ્ટેબલની ૪૦૧ જગ્યા ઊભી કરવામાં આવી છે. આ સિવાય બધી જ ક્રાઈમ બ્રાન્ચોને એમની ઓફિસોની વ્યવસ્થા, તેના ઈન્ટ્રોગેશન રૂમની વ્યવસ્થા, અલગ મકાનની વ્યવસ્થા, સાધન સામગ્રી, શસ્ત્રો, સંદેશા વ્યવહારના સાધનો, અલગ પ્રકારના જરૂરી કોમ્પ્યુટરો, ઝેરોક્ષ, ફેકસ આ બધી જ વસ્તુઓ પૂરી પાડવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં જે મેલી મુરાદ લઈને આતંકવાદીઓ આવે છે તેને ગોળીઓથી પોંખવાની રાજય સરકારે પ્રથા પાડેલી છે તે માટે રાજય સરકારને અભિનંદન આપું છું. મારે એ જાણવું છે કે આ સ્પેશિયલ ઓપરેશન ગૃપ યોજના અને ક્રાઈમ બ્રાન્ચ બન્ને વચ્ચે ફર્ક શું છે? અને કામગીરીમાં શું તફાવત પડે છે?

**શ્રી અમિત અ. શાહ** : રાજય સરકારે સમગ્ર દેશમાં પહેલ કરી એસ.ઓ.જી.ના અભિગમને સ્વીકાર્યો છે. સ્પેશ્યલ ઑપરેશન ગૃપ આ સરહદી રાજયો માટે વિશેષ જરૂરિયાત છે એને પૂરી કરવાનું છે. આપણું રાજય પડોશી દેશથી જમીની સરહદથી જોડાયેલું છે અને સમગ્ર દેશની અંદર જે રીતે આતંકવાદ વધી રહ્યો છે એ જોતા એને પહોંચી વળવા માટે ટ્રેડિશન પોલિસીંગની જગ્યા ઉપર રાજયમાં સ્પેશ્યલ ઑપરેશન ગૃપની રચના કરવામાં આવી . આના દરેક શહેરો અને જિલ્લા અને રાજય સ્તર સુધી યુનિટ રહેશે. આપણું આ સ્પેશ્યલ ઑપરેશન ગૃપ છે એ સમગ્ર રાજયમાં દરેક જિલ્લામાં અને શહેરની અંદર આતંકવાદી સંગઠનો, આતંકવાદને ફેલાવવા માટે આતંકવાદને કોઈ લોજીસ્ટીક સ્પૉર્ટ ન આપી શકે એના માટે વોચ રાખવાની. જો કયાંય પણ આવી પ્રવૃત્તિ દેખાય એને પકડવાનું કામ કરવાનું છે. આવી પ્રવૃત્તિ થતી હોય તો એણે એ.ટી.એસ. ની સાથે સંપર્કમાં રહીને નશ્યત કરવાનું કામ કરવાનું છે. એસ.ઓ.જી. આ ક્રાઇમ બ્રાંચથી અલગ રહેવાનું છે. અત્યારે હું આ ગૃહને આંકડા આપવા માગું છું જેનાથી સમગ્ર ગૃહને આનંદ થશે. છેલ્લા ચાર વર્ષમાં આ રાજયની અંદર આતંકવાદના ભોગથી મરણ પામેલ નાગરિકની સંખ્યા એક છે. સિક્યોરિટી ફૉર્સની સંખ્યા ઝીરો છે. જ્યારે મરણ પામેલ આતંકવાદીઓની સંખ્યા ૧૬ છે. બીજી બાજુ આપણા દેશની અંદર ૪૦૯૦ નાગરિકો મરણ પામ્યા છે. ૧૫૧૯ જેટલા સિક્યોરિટીના જવાનોના મૃત્યુ થયા છે. એનાથી સાબિત થાય છે કે ગુજરાતને આતંકવાદથી મુકત બનાવવાની આ સરકારને સફળતા મળી છે, અને ભવિષ્યમાં કોઈ દિવસ આ આતંકવાદીઓ ડોળો ન જમાવી શકે

એટલે આ સ્પેશ્યલ ઑપરેશન ગૃપની રચના કરી છે. અને એની વિશેષ કામગીરી આતંકવાદને કન્ટ્રોલમાં રાખવાની છે.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : રોજબરોજ નાના બાળકોના અપહરણ અને બળાત્કાર થાય છે એના માટે આવા કોઈ એકશન ગૃપની રચના કરવાનું આયોજન છે કે કેમ? હોય તો તાકીદે બાળકોના અપહરણ અને બળાત્કાર થાય છે, તો એમાં કેટલા આરોપીઓ પકડાયા છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગઈ કાલે બિન સરકારી સંકલ્પની ચર્ચામાં મેં બધા જ આંકડા આપીને કહ્યું હતું કે આપણે બાળકોના અપહરણની સંખ્યામાં ઘણા જ પાછળ છીએ. માનનીય અર્જુનભાઈ ભલે હસે, માનનીય મુકેશભાઈ કહેતા હતા કે ગુજરાતની સરખામણી બીજા રાજયો સાથે ન કરો. એટલે મેં એની સરખામણી કોંગી શાસિત ગુજરાત અને ભાજપ શાસિત ગુજરાતની વાત કરી હતી. અમારા શાસનમાં વસતિ વધી હોવા છતાં સ્થિતિ ઘણી જ સારી છે. સાહેબ એક વાર્તા આવતી હતી કે કોઈ ખભે બકરુ લઈને જતો હોય અને કુતરુ કુતરુ કરો અને કુતરુ થાય એવું કરવાથી આ ગુજરાતની પ્રજા ભરમાવાની નથી. ગુજરાતમાં શાંતિ છે, સલામતી છે અને એના લીધે ગુજરાતની સમૃદ્ધિ વધી રહી છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : સૂચના અને પ્રસારણમાં જે પ્રકારે પ્રગતિ થઈ છે એના કારણે અત્યારના સમયની અંદર સાયબર ક્રાઇમનો એક ભાગ રહેલો છે ત્યારે આ સાયબર ક્રાઇમને પણ આપણે નિયંત્રણ કરવો હોય તો એના માટે શું વિશેષ પગલાં લીધા છે?

**શ્રી અમિત અ. શાહ** : સાયબર ક્રાઇમ માટે સૌથી પહેલા સમગ્ર રાજયના પોલીસ તંત્રને ટ્રેઈન કરી શકાય એટલા માટે એફ.એસ.એલ.ની અંદર અલગ વિભાગ ઊભો કર્યો હતો અને એની અંદર રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાંતો રાખીને એનો અભ્યાસક્રમ તૈયાર કર્યો છે. સી.આઈ.ડી. ક્રાઇમની અંદર સાયબર ક્રાઇમના સેલની રચના કરી છે એના માધ્યમથી જ્યાં જ્યાં જરૂરિયાત ઊભી થાય ત્યાં એને કન્ટ્રોલ કરવાનો પ્રયત્નો કરી રહ્યાં છીએ.

**શ્રી જેઠાભાઈ ઘ. ભરવાડ** : પોટાનો કાયદો રદ કર્યો એના કારણે આતંકવાદીઓની હિંમત ખૂલી છે. એના લીધે આતંકવાદી પ્રવૃત્તિમાં વધારો થયો છે એ વાત સાચી છે? અને પડોશી દેશની જમીની સરહદથી જોડાયેલું ગુજરાત રાજય છે જેના કારણે આતંકવાદીઓ આ પોટાનો કાયદો રદ થવાથી ખૂબ જ એમનામાં હિંમત આવી છે એના કારણે આતંકવાદી પ્રવૃત્તિ વધી છે એ વાત સાચી છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જેઠાભાઈની વાત અને ચિંતા....

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રી ક્રાઈમ બ્રાંચનો સવાલ પૂછતા નથી એ ધ્યાન રાખો. આ ક્રાઈમ બ્રાંચનો સવાલ છે.

## સેઝ વિસ્તારમાં દારૂબંધી હળવી કરવા અંગે

***૨૧૨૬૬ ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) કઈ તારીખના કયા પરિપત્રથી રાજયમાં 'સેઝ' વિસ્તારમાં દારૂબંધી હળવી કરવામાં આવેલ છે અને

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર દારૂની કેટલી પરમીટો આપવામાં આવી?

**નશાબંધી મંત્રીશ્રી :**

(૧) રાજયમાં 'સેઝ' વિસ્તારમાં દારૂબંધી હળવી કરવામાં આવેલ નથી. પરંતુ ગૃહ વિભાગના તા. ૧૬-૧૨-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક-જીજી-૧૩૩-૨૦૦૬-વીડીઆર-૨૦૦૬-૨૯૫૦-ઈ.૧ થી સેઝ વિસ્તારમાં રહેતા લોકોને મુંબઈ નશાબંધી અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલા નિયમો, વિનિયમો અને હુકમોની શરતોને આધીન લીકર કાર્ડ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) પત્રક-અ મુજબ.

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૪ | વર્ષ ૨૦૦૫ | વર્ષ ૨૦૦૬ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૬૮ | ૩૧૬ | ૭૬ |
| ૨ | ગાંધીનગર | ૬૮ | ૪૬ | ૪ |
| ૩ | વડોદરા | ૬૦૭ | ૬૯૭ | ૭૪૧ |
| ૪ | સુરત | ૪૮૭ | ૪૨૯ | ૫૦૧ |
| ૫ | રાજકોટ | ૧૮૬ | ૭૫ | ૪૨૬ |
| ૬ | ભાવનગર | ૫ | ૫ | ૧ |
| ૭ | વલસાડ | ૧ | ૦ | ૩ |
| ૮ | ડાંગ-આહવા | ૦ | ૦ | |
| ૯ | નવસારી | ૧૦ | ૧ | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ભરૂચ | ૧૨ | ૨૭ | ૨૯ |
| ૧૧ | નર્મદા | ૦ | ૦ | ૦ |
| ૧૨ | નિડિયાદ | ૨૬૦ | ૩૪૭ | ૩૩૨ |
| ૧૩ | આણંદ | ૬૩૮ | ૬૯૮ | ૭૨૭ |
| ૧૪ | દાહોદ | ૫ | ૨ | |
| ૧૫ | ગોધરા | ૬ | ૪ | ૧ |
| ૧૬ | સાબરકાંઠા | ૯ | ૧૬ | ૨ |
| ૧૭ | મહેસાણા | ૮ | ૮ | ૨૧ |
| ૧૮ | પાટણ | ૧ | ૨ | ૨ |
| ૧૯ | બનાસકાઠા | ૨ | ૧ | ૦ |
| ૨૦ | કચ્છ-ભૂજ | ૨૩૪ | ૨૬૫ | ૨૫૩ |
| ૨૧ | જામનગર | ૩૨ | ૨૯ | ૮૩ |
| ૨૨ | જૂનાગ્રઢ | ૭ | ૩ | ૮ |
| ૨૩ | પોરબંદર | ૬ | ૫ | ૧ |
| ૨૪ | અમરેલી | ૦ | ૦ | ૨ |
| ૨૫ | સુરેન્દ્રનગર | ૧૦ | ૧૦ | ૮ |
| | **કુલ:** | **૩૦૬૨** | **૨૯૮૬** | **૩૨૨૫** |
| | | **સમરી** | | |
| | ૨૦૦૪ | ૩૦૬૨ | | |
| | ૨૦૦૫ | ૨૯૮૬ | | |
| | ૨૦૦૬ | ૩૨૨૫ | | |
| | **કુલ** | **૯૨૭૩** | | |

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહ વિભાગે તા. ૧૬-૧૨-૦૬ના પરિપત્રથી લીકર કાર્ડ આપવાની છૂટ આપી છે. એટલે દારૂબંધીની છુટ્ટી જ ગણાય અને છેલ્લા ત્રણ વર્ષમાં ૯૦૦૦ કરતા વધારે દારુની પરમીટો આપી છે. ૨૦૦૪ની સાલ સુધીમાં મારી માહિતી પ્રમાણે ૮૦,૦૦૦ દારુની પરમીટો તો હતી જ. એટલે ૯૦,૦૦૦ જેટલી દારુની પરમીટો આ રાજયમાં થઈ છે તે વાત સાચી છે? અથવા જે આંકડાઓ હોય તે આપે અને જે આ લીકર કાર્ડ આપવાની ૩૩ સેઝમાં જે છૂટ આપી તેને દારૂની હળવી નીતિ ગણાય કે ન ગણાય? એને શું ગણાય એ સરકાર વ્યાખ્યા કરે અને ત્રીજું, મારી પાસે જે પ્રજામાં ચર્ચાઓ થાય છે એ કે • * (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx) (xxxx)

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક ગંભીર આરોપ કર્યો છે તેની પહેલાં ચર્ચા થઈ જાય. ચૂંટણી ફંડનો ગંભીર આરોપ કર્યો છે આ સરકાર ઉપર, તેની ચર્ચા થાય અને સી.જે. ચાવડા શબ્દો પાછા ખેંચે અને રૅકૉર્ડ જોવામાં આવે. આ રમત રમવા માટે મેદાન નથી. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : (xxxx) ન હોય તો ના પાડે. તેમાં કઈ મોટી વાત છે? (અંતરાય) (xxxx) છે કે કેમ તેની ના પાડે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ પ્રકારના આક્ષેપોવાળા પ્રશ્નો હોવા ન જોઈએ. આક્ષેપાત્મક પ્રશ્નો પૂછી ન શકાય અને જો આક્ષેપ કરવો હોય તો નિયમ-૩૭ નીચે અગાઉથી મંત્રીશ્રીને જાણ કરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : આ (xxxx) શબ્દ છે તેને હું અહીંથી રૅકૉર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : શબ્દો કાઢવાથી વાત પતતી નથી. તેમણે હાઉસમાં પુરાવા આપવા જ પડે. સભ્યે હાઉસમાં પુરાવા આપવા પડે અને મારી માગણી છે, હાઉસમાં પુરાવા આપવામાં આવે. આ ફૅશન બંધ થવી જોઈએ, માનનીય અધ્યક્ષશ્રી.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી દર વખતે આ પ્રશ્નોત્તરીમાં વિક્ષેપ પાડે છે. આ પ્રશ્ન પ્રશ્નોત્તરી પછી ઉભા થઈને કરી શકે. ન ગમતો પ્રશ્ન હોય એટલે વચ્ચે દરેક વખતે આવીને પાછા ખેંચાવે એવી પ્રણાલિકા કયારેય નહોતી. આ પાંચમી વખત માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આવું બને છે. આપે રોકવા જોઈએ. પ્રશ્નોત્તરીકાળ દર વખતે આવી રીતે ખોરવવામાં આવે છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી ઉભા ન થાય એવી વાત કરે છે. ગૃહના નેતાની ફરજ છે. (અંતરાય) ખરેખર તો ગૃહના નેતા પ્રત્યેનો આદર તમે જાળવતા નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : પોતાને ગમે નહીં એટલા માટે થઈને દર વખતે વિક્ષેપ પાડવાનો?

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, આપે નિર્ણય કરવો જોઈએ. મારી માગણી છે કે માનનીય સભ્યશ્રીએ જે આરોપ કર્યો છે એ આરોપના પુરાવા રજૂ કરે. અમારી માગણી છે. પુરાવા રજૂ કરો. બીજી કોઈ માગણી જ નથી. તમે આરોપ કરો છો, પુરાવા રજૂ કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એવા કોઈ પુરાવા હોતા નથી બે નંબરના ધંધાઓના, આજે ગુજરાતમાં બે નંબરનો દારુ જથ્થાબંધ વેચાય છે. બધાને ખબર છે. ન ગમતાં પ્રશ્નો પૂછવાના નહીં. (સતત અંતરાય) સરકારના વખાણ કરાવતા બધા પ્રશ્નો પૂછવાના. ક્રાઈમ બ્રાંચના પ્રશ્નો માટે લાંબા લાંબા પ્રશ્નો..(સતત અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં કોઈ પણ પ્રકારના આક્ષેપો પ્રશ્નોત્તરીમાં થઈ શકે નહીં અને કરવો હોય તો અગાઉથી મંત્રીશ્રીને જાણ કરવી જોઈએ. અહીં જે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે કે તેમણે જે આક્ષેપો કર્યા છે એ આક્ષેપો તેમણે પુરાવા સાથે કરવા જોઈએ. એ આપણાં ગૃહના નિયમની અંદર પણ છે અને એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ સાચો છે કે આક્ષેપો કરતી વખતે આક્ષેપ કરનાર સભ્ય પાસે તેના પુરાવા હોવા જોઈએ અને તેણે આ ગૃહમાં અગાઉથી આપવા જોઈએ. અગાઉથી આપ્યા નથી. (અંતરાય) ના, ના. મુખ્યમંત્રીશ્રીએ જે વાત કરી છે એ નિયમ-૩૭ નીચે બરાબર છે. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : આ પાંચમી વખત આવું બને છે.

**શ્રી અશોક ભટ્ટ** : નિયમ-૩૭ આપ જોઈ જાવ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હું ગૃહને ૧૫ મિનિટ માટે એડજોર્ન કરું છું. (સવારના ૯.૧૫)

**મુતલવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯.૩૦ વાગ્યે ફરી મળી**

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)**

**શ્રી અમિત અ. શાહ** : સાહેબ પ્રશ્નનો જવાબ બાકી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. નેકસ્ટ.

# અતારાંકિત પ્રશ્નો

## તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### સુરત શહેરમાં અપહરણના નોંધાયેલ કેસો

૨૦૭૮૮**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ ડિસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરમાં અપહરણના કેટલા કિસ્સાઓ નોંધાયેલા છે, અને | (૧) લગ્ન કરવાના ઈરાદાના કારણોવાળા-૧૪૫, બદકામના ઈરાદાના કારણોવાળા-૨૨, ખંડણીના કારણોવાળા-૮, જૂની અદાવતના કારણોવાળા-૩૦ તથા મિલ્કતની તકરાર અને અન્ય કારણોવાળા-૩૯ કિસ્સાઓ નોંધાયેલા છે. |
| (૨) ઉક્ત નોંધાયેલા કિસ્સાઓમાંથી કેટલા કિસ્સાઓમાં આરોપીની ધરપકડ થઈ છે ? | (૨) ઉક્ત કેસોમાંથી ૧૪૨ કેસોમાં ૨૮૧ આરોપીની ધરપકડ થયેલ છે. |

-----------

### બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પીવાના પાણીની તંગી

૨૧૩૭૪**શ્રી ભેમાભાઈ ૨ા. પટેલ(દીઓદર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં પીવાના પાણીની તંગી છે, અને | (૧) તંગી નથી. |
| (૨) પાણીની તંગીવાળા આવા ગામોમાં સમયસર પાણી મળે તે માટે આગોતરા આયોજન મુજબ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી? | (૨) પ્રશ્ન રહેતો નથી તેમ છતાં જરૂર જણાયે વૈકલ્પિક સોર્સ અથવા ટેન્કરથી પાણી પુરુ પાડવાનું આયોજન છે. |

-----------

### કૃષિ માટે પાવર ફરીથી ટ્રીપ સરભર કરી આપવા બાબત

૨૦૮૬૦**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં કૃષિ માટે જે પાવર આઠ કલાક આપવામાં આવે છે, જેમાં બે-બે કલાક ટ્રીપ પડે છે તે બે કલાક | ભારત સરકાર દ્વારા અનએલોકેટેડ ક્વોટામાં ૨૦૮ મેગાવોટનો કાપ મુકવાના કારણે તથા નોર્ધન ગ્રીડ સાથે |

ફરીથી ટ્રીપ સરભર કરી આપવા સરકાર વિચારણા કરવા માંગે છે ?

જોડાણ થવાથી ગ્રીડ ફ્રીક્વન્સી ઓછી રહે છે, તેના કારણે ટ્રીપીંગમાં વધારો થાય છે. આ ઉપરાંત મહારાષ્ટ્રમાં બે વખત ગ્રીડ ફેઈલ થવાના કારણે ગુજરાત કૃષિ વિજ પુરવઠાને અસર થઈ હતી, તેમ છતાં બહારથી મોંઘા ભાવની વિજળી ખરીદીને ખેડૂતોને નુકશાન ન થાય તે માટે શક્ય હોય ત્યાં સુધી બીજા દિવસે જ ટ્રીપ સરભર કરી આપવામાં આવે છે.

-----------

**ઉમરપાડા તાલુકામાં પોલીસ સ્ટેશન આપવા બાબતે**

૨૦૮૫૮**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ઉમરપાડા તાલુકો નવો બનેલ હોઈ જ્યાં પોલીસ સ્ટેશન આપેલ નથી ત્યાં નવું પોલીસ સ્ટેશન બનાવવા માંગો છો કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) પોલીસ સ્ટેશન ખોલવાના નિયત માપદંડ સંતોષાતા ન હોઈ તથા ઉમરપાડા તાલુકા માટે આઉટ પોસ્ટ શરુ કરવાનો નિર્ણય કરેલ હોવાથી હાલમાં નવુ પોલીસ સ્ટેશન શરુ કરવા વિચારણામાં લીધેલ નથી.

(૨) નિયત માપદંડમાં આવેથી વહીવટી અનુકુળતા પ્રમાણે.

-----------

**જુનાગઢ જિલ્લામાં પોલીસ આવાસની કામગીરી**

૨૦૫૯૯ **શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષમાં ૨૦૦૬-૦૭માં જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંકના કામો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ હાથ ઉપર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે?

**જવાબ**

(૧) રૂા. ૬૧૫.૧૦-લાખ

(૨) રૂા. ૬૧૫.૧૦-લાખ

-----------

**રાજ્યનું કુલ વીજ ઉત્પાદન**

૨૧૦૫૯ ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યનું કુલ વીજ ઉત્પાદન કેટલા મેગાવોટ છે, અને કુલ વીજ માંગ કેટલી છે, અને

(૨) આ વીજ ખાધ પૂરી કરવા કેટલા મેગાવોટ વિજળી કઈ કઈ કંપનીઓ પાસેથી યુનીટ શા ભાવે ખરીદવામાં આવે છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ના રોજ વીજ ઉત્પાદન ૭૭૧૮ મેગાવોટ અને અનિયંત્રિત વીજમાંગ - ૧૦૩૭૫ મેગાવોટ.

(૨) સામાન્ય સંજોગોમાં વીજ માંગમાં આશરે ૨૦૦૦ મેગાવોટની ખાધ રહે છે. આ ખાધ ભારત સરકાર દ્વારા અનએલોકેટેડ ક્વોટામાંથી કાપ મૂકવાથી અને વધારાની વીજ માંગના કારણે રહે છે. પરંતુ ખેડૂતોને વીજ પુરવઠો પૂરો પાડવા માટે ટૂંકા ગાળાના સમય માટે બજાર ભાવે મોંધી વીજળી ખરીદીને પણ ખેડૂતોને વીજળી પૂરી પાડવામાં આવે છે. આ ખરીદીની વિગતો પત્રક-અ મુજબ.

**પત્રક - અ**

વીજ ખરીદીની વિગતો

| | | ૨૦૦૬-૦૭ (ડિસેમ્બર-૦૬ સુધી) | |
|---|---|---|---|
| ક્રમાંક | એજન્સીનું નામ | મીલીયન યુનિટ | પ્રતિ યુનિટ સરેરાશ ભાવ |
| ૧ | એનવીવીએનએલ | ૩.૪૬૮ | ૪.૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૨ | અદાણી એન્ટરપ્રાઇઝ લી. | ૪૭૦.૪૩૩ | ૫.૪૮ |
| ૩ | રીલાયન્સ એનર્જી લી. | ૬૧.૮૮૧ | ૪.૦૫ |
| ૪ | ટાટા પાવર લી. | ૨૦.૩૫૫ | ૫.૧૫ |
| ૫ | સુભાષ ક્બીની લી. | ૩૬.૬૨૨ | ૩.૮૪ |
| ૬ | લેન્કો | ૪૦.૯૪૧ | ૪.૧૪ |
| ૭ | ક્રમચંદ થાપર | ૩.૯૬૭ | ૫.૦૬ |

-----------

## નાની મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ

૨૧૧૦૧ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી નાની-મધ્યમ-મોટી સિંચાઈ યોજનાઓને વહીવટી મંજૂરીઓ આપવામાં આવી, અને

(૨) આ યોજનાઓ કઈ કઈ છે તથા કેટલી રકમની છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષ પૈકી વર્ષ ૦૪-૦૫ માં ૨૧, વર્ષ ૦૫-૦૬ માં ૧૧ તથા વર્ષ ૦૬-૦૭ માં ૧૨ નાની-મધ્યમ સિંચાઇ યોજનાઓને વહીવટી મંજૂરીઓ આપવામાં આવી.

(૨) સામેલ પત્રક મુજબ.

**પત્રક**

| અ.નં. | યોજનાનું નામ | વહીવટી મંજૂરીની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ખોરસમ-સરસ્વતી કેનાલ જંક્શન સિધ્ધપુર સુધીના પાઇપલાઇનની કામગીરી | ૧૦૯.૦૦ |
| ૨ | પિયજ ગોઝારીયા-વધવાડી-ધરોઇ પાઇપલાઇનની કામગીરી | ૩૪૧.૦૦ |
| ૩ | આદુંદરા ખેરવા-સુલતાનપુરા ધરોઇ પાઇપલાઇનની કામગીરી | ૩૩૨.૦૦ |
| ૪ | મોઢેરા મોટી દઉ-રસુલપુરા ધરોઇ પાઇપલાઇનની કામગીરી | ૩૧૫.૦૦ |
| ૫ | નર્મદા મુખ્ય નહેરથી સુજલામ-સુફલામ નહેર સુધીની વિવિધ સાંકળો ઉપરની ૪ પાઇપલાઇન | ૫૭૮.૦૦ |
| ૬ | સુજલામ-સુફલામ નહેર અને નર્મદા મુખ્ય નહેર વચ્ચેના હયાત ૩૯ કાંસ ઉંડા તેમજ પહોળા કરવાની કામગીરી | ૩૨.૫૨ |
| ૭ | નર્મદા મુખ્ય નહેર વિવિધ પાઇપલાઇનની નેટવર્ક પ્લાનીંગની કામગીરી<br>ખોરસમથી સરસ્વતી કેનાલ જંક્શન સુધી પાઇપલાઇન નેટવર્ક તથા ગોલાપુર-સંખારી-ગંગેટ પાઇપલાઇન નેટવર્ક પ્લાનીંગની કામગીરી | ૩.૩૯ |
| ૮ | પિજન-ધરોઇ પાઇપલાઇન અંતર્ગત પિયજથી લોદરા સુધીના નેટવર્ક પ્લાનીંગની કામગીરી | ૧.૨૩ |
| ૯ | ઉત્તર ગુજરાતના ઇસ્ટર્ન - સધર્ન ડ્રેઇન (અંશતઃ વેસ્ટર્ન) કાંસમાં રીવર્સ ગ્રેડીયન્ટમાં પંપીગ કરીને પાણી વહેવડાવવામાં વચ્ચે આવતા વિલેજ રોડ, ક્લવર્ટ અને કારટ્રેક સ્ટ્રક્ચરો અંગેના કામો | ૨.૩૭ |
| ૧૦ | સુજલામ-સુફલામ સ્પ્રેડીંગ કેનાલ | ૯૧૧.૧૧ (સુધારેલ વહીવટી મંજૂરી) |
| ૧૧ | નર્મદા મુખ્ય નહેરથી હાથમતિ ગુહાઇ પાઇપ લાઇન | ૩૩૩.૩૭ (સુધારેલ વહીવટી મંજૂરી) |
| ૧૨ | બનાસકાંઠા જિલ્લામાં કણબીયાવાસ નાની સિંચાઇ યોજના | ૧.૦૭ |
| ૧૩ | કચ્છ જિલ્લાના ભૂજ તાલુકામાં બાન્ડી સિંચાઇ યોજના | ૭.૬૨ |
| ૧૪ | કચ્છ જિલ્લાના લખપત તાલુકાની મુધાન નાની સિંચાઇ યોજના | ૨.૨૭ |
| ૧૫ | પાનમ ઉચ્ચસ્તરીય નહેર યોજના | ૧૩૦.૭૧ |
| ૧૬ | સંતરોડ વિયર યોજના | ૧૦.૩૮ |
| ૧૭ | કડાણા ડાબાકાંઠા ઉચ્ચસ્તરીય નહેર યોજના | ૪૭.૭૯ |
| ૧૮ | અનાસ નદી પરના ચેકડેમો | ૬.૦૦ |

| અ.નં. ૧ | યોજનાનું નામ ૨ | વહીવટી મંજૂરીની રકમ (રૂા. કરોડમાં) ૩ |
|---|---|---|
| ૧૯ | ભેરાઇ બંધારા યોજના | ૦.૨૮ |
| ૨૦ | સમઢિયાળા પુનઃપ્રભરણ યોજના | ૦.૨૭ |
| ૨૧ | જોગવડ બંધારા યોજના | ૦.૨૧ |
| ૨૨ | ડાઢીયાવી પુનઃપ્રભરણ જળાશય યોજના | ૦.૧૨ |
| ૨૩ | ખંઢેરા બંધારા યોજના | ૨.૦૩ |
| ૨૪ | વિસળીયા બંધારા યોજના | ૧૧.૧૧ |
| ૨૫ | સિંહણ પુનઃપ્રભરણ યોજના | ૦.૫૫ |
| ૨૬ | શેરડી સિંચાઇ યોજના | ૧૨.૬૪ |
| ૨૭ | સાજણવાવ પુનઃપ્રભરણ સીરીઝ ઓફ ચેકડેમ | ૦.૮૫ |
| ૨૮ | દાતરડી બંધારા યોજના | ૧૪.૨૭ |
| ૨૯ | મોટી જાગધાર પુનઃપ્રભરણ યોજના | ૦.૫૬ |
| ૩૦ | મોતીયાણા પુનઃપ્રભરણ યોજના | ૦.૪૬ |
| ૩૧ | ભવાનીપુરા પુનઃપ્રભરણ યોજના | ૧.૯૩ |
| ૩૨ | ઉન્ડ પુનઃપ્રભરણ યોજના | ૧.૭૮ |
| ૩૩ | હડીયાણા બંધારા યોજના | ૧૦.૧૧ |
| ૩૪ થી ૩૯ | સુજલામ સુફલામ યોજના અંતર્ગત કડાણાથી બનાસ નદી બેઝીન વચ્ચે આવતી ૨૧ નદીઓ ઉપર ઓવરએક્સપ્લોઇટેડ, ડાર્કઝોન તથા ખારાશવાળા વિસ્તારની નદીઓ ઉપર ચેકડેમ બનાવવાની કામગીરી (ફેઝ-૧ થી ૬ ) | ૧૧૦.૩૦ |
| ૪૦ | સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના અંતગર્ત ૯૦:૧૦ હેઠળ સુજલામ-સુફલામ યોજનાના તળાવો ઉંડા કરવાની કામગીરી | ૧૯૭.૪૦ |
| ૪૧ | સુજલામ સુફલામ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં ભાદર કેનાલ-પાનમ નહેર-કડાણા જળાશય તથા કડાણા નહેર પરની કુલ - ૧૫ ઉદવહન સિંચાઇ યોજનાઓ કરવાની કામગીરી | ૫.૨૯ |
| ૪૨ | ખેરાલુ તાલુકાના ગામ ડાવોલનું તળાવ ઉંડું કરાવવા બાબત | ૦.૧૭ |
| ૪૩ | ઇન્ટીગ્રેટેડ વોટર રીસોર્સીસ પ્લાનીંગ અને બેઝીનના સમગ્ર આયોજનને માટે જંગલ વિસ્તારમાં ચેકડેમ બનાવવાના કામોને વહીવટી મંજૂરી આપવા બાબત ( ૧૦ ચેકડેમ બનાસકાંઠા જિલ્લો) | ૦.૭૮ |
| ૪૪ | ઇન્ટીગ્રેટેડ વોટર રીસોર્સીસ પ્લાનીંગ અને બેઝીનના સમગ્ર આયોજનને માટે જંગલ વિસ્તારમાં ચેકડેમ બનાવવાના કામોને વહીવટી મંજૂરી આપવા બાબત (૧૭ ચેકડેમ સાબરકાંઠા જિલ્લો) | ૦.૬૩ |

-----------

**કાંકરેજ તાલુકામાં ચેકડેમની માહિતી**

૨૦૭૯૨ **શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા(કાંકરે) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કાંકરેજ તાલુકામાં કેટલા ચેકડેમ બનાવેલ છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) ૭૧ ચેકડેમ.

(૨) રૂા. ૨૫૮.૪૩ લાખ

-----------

**જૂનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ**

૧૯૧૩૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના હેઠળ કેટલી અરજીઓ મંજૂર કરી વીજ જોડાણ છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૩૪૭૦ અરજીઓ મંજૂર કરી ૨૯૯૮ વીજ જોડાણો આપવામાં આવ્યા.

આપવામાં આવ્યા, અને

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા આવા વીજ જોડાણો આપવાના બાકી છે, અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) બાકી ૪૭૨ અરજીઓમાં વર્ષ ૨૦૦૭-૦૮માં વિજ જોડાણ આપવાનું આયોજન છે.

-----------

**ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં આવેલ કાંસ**

૧૯૭૦૪ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કેટલા કી.મી. કાંસ આવેલ છે,

(૨) જે પૈકી ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં કેટલા કી.મી. કાંસ આવેલ છે, અને

(૩) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં કાંસ ઉપર કેટલા સ્લેબડ્રેઈન તથા પાઈપ નાખવાની દરખાસ્ત આવેલ છે ?

**જવાબ**

(૧) ૭૫૫૪ કિ.મી.

(૨) ૨૦૫૮ કિ.મી.

(૩) ઓલપાડમાં ૩૧ સ્લેબ ડ્રેઇન અને ચોર્યાસીમાં ૧૪ સ્લેબ ડ્રેઇન નાંખવાની રજુઆતો મળેલ છે.

-----------

**સરદાર સરોવર યોજના દ્વારા વિજળીનું ઉત્પાદન શરૂ કરવા અંગે**

૨૧૩૨૬ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સરદાર સરોવર (નર્મદા) યોજના દ્વારા ઉત્પન્ન થનાર વિજળીનું ઉત્પાદન ક્યારથી શરૂ થયું,

(૨) તેમાંથી ક્યા ક્યા સાથી રાજ્યોને કેટલી વિજળી આપવાની થાય છે, અને

(૩) ગુજરાત રાજ્યને તેમાંથી કેટલી વિજળી મળનાર છે ?

**જવાબ**

(૧) જળ વિદ્યુત ઉત્પાદન પાણીના પ્રવાહ અને બંધમાં પાણીની ઉંચાઇ ઉપર અવલંબે છે. જળ વિદ્યુતમથક સંપૂર્ણતઃ ચાલુ કરતાં પહેલાં તેનું પ્રાયોગિક ધોરણે ઉત્પાદનનું પરિક્ષણ કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહે છે. આના ભાગરૂપે જ્યારે જ્યારે પાણીના પૂરતા પ્રવાહ અને ઉંચાઇ મળી રહેલ ત્યારે ત્યારે પ્રાયોગિક ઉત્પાદન સમયોચિત કરાતું રહ્યું. સંપૂર્ણ નર્મદા યોજનાના ભાગરૂપે ૧૪૫૦ મેગાવોટનું લોકાર્પણ તા. ૧૯-૧-૨૦૦૭ના રોજ કરવામાં આવ્યું.

(૨) આ વીજ ઉત્પાદનમાંથી મધ્યપ્રદેશને ૫૭ % અને મહારાષ્ટ્રને ૨૭ % વીજળી આપવાની થાય છે.

(૩) આ વીજ ઉત્પાદનમાંથી ગુજરાત રાજ્યને ૧૬ % લેખે વીજળી મળે છે.

-----------

**દાંતીવાડા તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનું કામ**

૧૯૨૦૧ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તેમજ દાંતીવાડા તાલુકાના કેટલા ગામડાઓમાં જ્યોતિગ્રામ યોજનાનું કામ તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ પૂર્ણ કરેલ છે, અને

(૨) બાકી ગામડાઓમાં જ્યોતિગ્રામ યોજનાના કામ ક્યારે પૂરા કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર તાલુકાનાં તમામ ૧૧૫ ગામો અને દાંતીવાડા તાલુકાના ૫૪ પૈકી ૧ ગામ ડૂબમાં ગયેલ હોઈ બાકીનાં તમામ ૫૩ ગામોમાં જ્યોતિગ્રામ યોજનાનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

-----------

**નર્મદા યોજનાનું પીવાનું પાણી વાવ અને થરાદને આપવા અંગે**

૨૦૬૧૧**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નર્મદા યોજનાનું પીવાનું પાણી થરાદ શહેર તથા વાવ અને થરાદ તાલુકામાં ક્યારે આપવાનું આયોજન છે?

**જવાબ**

ક્રમશઃ ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

-----------

**નર્મદાની મુખ્ય કેનાલ માટે સંપાદિત કરવામાં આવેલ જમીન અંગે**

૧૯૮૯૯**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ હાલોલ તાલુકાના ગડીત ગામના સર્વે નં. ૪૧/૧ નર્મદાની મુખ્ય કેનાલ માટે સંપાદિત કરવામાં આવેલ છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) આ જમીન અંગે આપના દ્વારા તા. ૧૪-૯-૦૫ના રોજ ક્રમાંક : પરચ/૨૦૦૫/૨૦૦/૬૧/મ થી જમીન મુક્ત કરવામાં આવેલ છે કે કેમ, | (૨) હા જી, |
| (૩) જો હા, તો આ હુકમોનો અમલ થયેલ છે કે કેમ, અને | (૩) ગામ દફતરે તા. ૨૧-૨-૦૭ના રોજ ફેરફાર નોંધ નં. ૫૪૯ પાડવામાં આવી છે. અંશતઃ અમલ કરવામાં આવેલ છે. |
| (૪) જો અમલ ના થયો હોય તે ક્યાર સુધી કરવા માંગો છો ? | (૪) ગામ દફતરે પડેલ નોંધ ૩૦ દિવસ બાદ પ્રમાણિત થતાં પૂર્ણ અમલ કરવામાં આવશે. |

-----------

**વડોદરા જિલ્લામાં સુખી યોજનાના જળાશય પર વસવાટ કરતા અસરગ્રસ્તોને રસ્તાની સુવિધા**

૨૧૦૮૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વડોદરા જિલ્લામાં આવેલી સુખી યોજનાના જળાશય પરની પેરીફેરી પર વસવાટ કરતા અસરગ્રસ્તોને રસ્તાની સુવિધા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ ? | વડોદરા જિલ્લામાં આવેલ સુખી જળાશય યોજનાની પેરીફેરી પર વસવાટ કરતા અસરગ્રસ્તોને રસ્તાની સુવિધા માટે વડોથથી ડુંગરભીત સુધીનો (૧૫.૪૦૦ કિ.મી.)નો ડબલ્યુ.બી.એમ. રોડ કરેલ છે, તે રોડને પાકો ડામર રોડ બનાવવાનું આયોજન છે, તે કામ પ્રગતિ હેઠળ છે. |

-----------

**વડોદરા આર. ટી. ઓ. કચેરીની આવક બાબત**

૨૦૫૮૯**શ્રી ચંદ્રકાંત મો. પટેલ (ડભોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની વડોદરા આર.ટી.ઓ./એ. આર. ટી. ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) વાહન વ્યવહાર ખાતાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, વડોદરાની કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક |

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૪ | ૬૨૬૬.૩૩ |
| ૨૦૦૫ | ૬૮૫૩.૯૪ |
| ૨૦૦૬ | ૮૦૮૪.૫૯ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જૂનાગઢ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા બાબત**

૨૧૦૭૦**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૬ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા સી.એન.જી. સ્ટેશન સ્થાપવામાં આવેલ છે, અને<br>(૨) વર્ષ ૨૦૦૭ તથા ૨૦૦૮ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં ક્યા ક્યા બીજા સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા આયોજન છે? | (૧) અને (૨) સી.એન.જી. ગેસ સ્ટેશનની સ્થાપના ગેસની ઉપલબ્ધતા સાથે જોડાયેલ છે. હાલમાં રાજકોટ સુધી ગેસ ગ્રીડ લાઈન સ્થાપવામાં આવી છે અને આ પાઈપ લાઈન જુનાગઢ સુધી પહોંચતા જ જુનાગઢ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશન સ્થાપવાનું આયોજન છે. |

-----------

**વિજળીના ઉત્પાદન બાબત**

૨૦૭૬૪**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં વિજળીનો કેટલો જથ્થો ઉત્પાદન થાય છે,

(૨) આ પૈકી કેટલો અન્ય રાજ્યને ફાળવવામાં આવે છે,

(૩) બાકી રહેતો જથ્થો આપણા રાજ્યના વપરાશ માટે પુરતો છે,

(૪) જો હા, તો ખેતીવાડીને કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો છે,

(૫) ફાળવવામાં આવેલ જથ્થો પૂરતો છે, અને

(૬) જો ના, તો અપૂરતો જથ્થો સરભર કરવા સરકાર શાં પગલાં લેવા વિચારે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ના રોજ વીજ ઉત્પાદન ૧૭૭.૭૨૨ મીલીયન યુનિટસ.

(૨) શૂન્ય.

(૩) ના જી.

(૪), (૫) અને (૬) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ભાવનગર જિલ્લામાં ઓવરલૉડડ ટ્રકોની હેરફેર**

૧૯૩૪૯ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬ના વર્ષમાં ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં આવેલ ઉદ્યોગોના યુનિટો પર આવતા અને જતાં ટ્રકોમાં સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન અને નિયમોની જોગવાઈઓ કરતાં વધુ વજન વાળી (ઓવર લૉડેડ) ટ્રકોની હેરફેર થતી હોય એવા કેટલાં કિસ્સાઓ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પકડવામાં આવ્યાં, અને

(૨) આવા કેસોમાં સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) કુલ ૭૩૬ કિસ્સાઓ

(૨) **કુલ ૭૩૬ કિસ્સાઓ પૈકી**

| | |
|---|---|
| સ્થળ પર કરેલ વસૂલાતના કિસ્સા | ૯૯ |
| નોટિસ આપેલ કેસો | ૯૩ |
| ડિટેઈન કરેલ કેસો | ૫૧૫ |
| રજિસ્ટ્રેશન મોકૂફ કરેલ કેસો | ૨૯ |

-----------

**માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાને નર્મદા યોજનાનું પાઈપ લાઈન આધારિત પાણી આપવા અંગે**

૨૦૧૩૦ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લાના માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓમાં નર્મદા યોજનાની પાઈપ લાઈન આધારિત પાણી યોજનાનું કામ ક્યા ક્યા તબક્કે છે,

(૨) તાલુકાવાર કેટલા ગામોને નિયમિત પાણી આ યોજનામાંથી આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૦૭ની સ્થિતિએ નીચેની વિગતે

| તાલુકો | સમાવેશ ગામોની સંખ્યા | કામો પૂર્ણ કરી પાણી પુરવઠો શરૂ કરેલ ગામો | પ્રગતિ હેઠળના ગામો | ટેન્ડર તાજેતરમાં મંજૂર થયેલ ગામો | અંદાજો બનાવવા ની પ્રક્રિયા હેઠળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| માંડવી | ૯૦ | ૫૯ | ૩૦ | ૦ | ૧ |
| નખત્રાણા | ૧૧૯ | ૧ | ૨ | ૪૯ | ૬૭ |
| અબડાસા | ૧૫૦ | ૩ | ૦ | ૧૪૬ | ૧ |
| લખપત | ૮૬ | ૦ | ૦ | ૮૬ | ૦ |
| કુલ | ૪૪૫ | ૬૩ | ૩૨ | ૨૮૧ | ૬૯ |

(૨) ખંડ-૧ના જવાબના કોલમ નં.૩માં જણાવ્યા મુજબ

(૩) બાકી રહેતા આ ગામોને આ યોજનામાંથી કેટલા સમયમાં પાણી પુરું પાડવામાં આવશે ?

(૩) ક્રમશઃ જૂન-૨૦૦૭થી માર્ચ-૨૦૦૯ સુધીમાં પાણી પૂરૂ પાડવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં સલાહકારના અધ્યક્ષ પદે નિમાયેલી એમ્પાવર સમિતિ**

૨૦૮૪૯ **શ્રી બાબુભાઈ મે. શાહ (૨૧૫૨) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર ધ્વારા મુખ્ય મંત્રીશ્રીના આર્થિક બાબતના સલાહકારના અધ્યક્ષ પદે નિમાયેલી એમ્પાવર સમિતિએ મેરીટાઈમ બોર્ડ હસ્તકના કેપ્ટીવ અને ખાનગી બંદરો પર યાતાયાત થતા માલ સામાન ફુડ અને પ્રવાહી પદાર્થોના નક્કી કરાયેલા પોર્ટ ચાર્જીસ અને કે વાર્ફેજ ચાર્જીસના દરો અંગે ફેર વિચારણા કે ઘ ટાડવાનો નિર્ણય કે તારણ આપેલ છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ સમિતિના સભ્યોની યાદી અને આ એમ્પાવર સમિતિ રચના કોની રજુઆત અને ક્યા નિયમ અનુસાર કરવામાં આવેલ છે, અને

(૩) જો ના, તો મેરીટાઈમ બોર્ડ ધ્વારા ૧૯૯૩માં નક્કી કરાયેલા દરોની વિગત અને આ દરમાં ૧૯૯૩ પછી ફેરફારો થયા હોય તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) ગુજરાત મેરીટાઈમ બોર્ડ હસ્તકનાં બંદરો પરની બંદરીય સુવિધા અન્વયે પુરી પાડવામાં આવતી જુદી જુદી સેવાઓ અને કાર્ગો હેન્ડલીંગના સંદર્ભમાં ચાર્જીસ અને ફીનાં ધોરણમાં સુધારણા માટે અધિકારીશ્રીઓની સમિતિની રચના કરવામાં આવેલ હતી. અને આ સમિતિએ તે અંગેનું તારણ આપેલ હતું.

(૨) બંદર વપરાશકારોની રજૂઆત ધ્યાને લઈને તારીખ ૫-૧૧-૦૩ના ઠરાવ ક્રમાંક : જીએમબી/૧૦૨૦૦૩/જી/ ૪૮૨/(૫)/ ઘથી અધિકારીશ્રીઓની સમિતિની રચના કરવામાં આવેલ છે. સભ્યોની યાદી નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. માજીમુખ્યસચિવશ્રી અને ગુજરાત ઓદ્યોગિક મૂડીરોકાણ નિગમ લી.ના અધ્યક્ષશ્રી | -અધ્યક્ષ |
| ૨. મુખ્ય સચિવશ્રી | -સભ્યશ્રી |
| ૩. અગ્રસચિવશ્રી(ના.વિ.) | -સભ્યશ્રી |
| ૪. અગ્રસચિવશ્રી(ઉ.અને પે.વિ.) | -સભ્યશ્રી |
| ૫. અગ્રસચિવશ્રી(ઉ.અને ખા.વિ.) | -સભ્યશ્રી |
| ૬. સચિવશ્રી (બં.અને મ. વિ.) | -સભ્યશ્રી |
| ૭. ઉ.અને મુ.કા.અશ્રી, ગુમેબો | -સભ્ય સચિવશ્રી |

(૩) ઉપરોક્ત ખંડ-૨ની વિગતો ધ્યાને લેતા પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી રકમ**

૧૯૦૫૪ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી કુલ કેટલી રકમોની વસુલાત બાકી રહે છે,

**જવાબ**

(૧) નર્મદા યોજનામાં ભાગીદાર રાજ્યો પાસેથી નીચેની વિગતે રૂા. ૨૮૮૫.૮૩ કરોડની રકમ બાકી રહે છે. જેમાં રૂા. ૨૩૨૧.૬૭ કરોડ વિવાદીત છે અને રૂા. ૫૬૪.૧૬ કરોડની રકમ બિન વિવાદિત છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | બાકી રકમ | વિવાદિત રકમ | બિન વિવાદિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૧૭૧૨.૪૬ | ૧૪૦૯.૨૯ | ૩૦૩.૧૭ |
| ૨ | મહારાષ્ટ્ર | ૧૦૧૬.૦૨ | ૬૬૭.૫૭ | ૩૪૮.૪૫ |
| ૩ | રાજસ્થાન | ૧૫૭.૩૫ | ૨૪૪.૮૧ | (-)૮૭.૪૬ |
| | કુલ | ૨૮૮૫.૮૩ | ૨૩૨૧.૬૭ | ૫૬૪.૧૬ |

(૨) છેલ્લા એક વર્ષમાં આ ભાગીદાર રાજ્યો પાસેથી રાજ્ય સરકારને કુલ કેટલી રકમો મળી છે, અને

(૨) ભાગીદાર રાજ્યો પાસેથી સરકારને તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ નીચેની વિગતે રૂપિયા મળેલ છે.

(રૂા. કરોડમાં)

| ક્રમ | રાજ્યનું નામ | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મધ્યપ્રદેશ | ૭૦.૦૦ | - | ૭૦.૦૦ |
| ૨ | રાજસ્થાન | ૬૧.૦૦ | - | ૬૧.૦૦ |
| ૩ | મહારાષ્ટ્ર | - | - | - |
| | કુલ | ૧૩૧.૦૦ | - | ૧૩૧.૦૦ |

(૩) આ અંગે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં ક્યારે ક્યારે રજૂઆતો કરી હતી ?

(૩) આ પ્રકારની બાબતમાં નિરાકરણ માટેની રજૂઆત નર્મદા જળવિવાદ પંચના ચુકાદામાંની સૂચના અંતર્ગત રચવામાં આવેલ સરદાર સરોવર કન્સ્ટ્રક્શન એડવાઈઝરી સમિતિ સમક્ષ તેની ૭૦ મી બેઠક (તા.૧૧-૦૫-૨૦૦૪), ૭૧મી બેઠક (તા.૦૮-૦૯-૨૦૦૪), ૭૨મી બેઠક (૧૬-૫-૨૦૦૫), અને છેલ્લે રાખેલ ૭૪મી બેઠક
(તા.૨૭-૦૯-૨૦૦૬)માં રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત મા.મુખ્યમંત્રીશ્રી અને અધિકારીઓ જ્યારે જ્યારે કેન્દ્ર સરકાર તરફથી યોજાતી વિવિધ બેઠકોમાં હાજરી આપવા જાય ત્યારે ત્યારે સતત રજૂઆતો કરતા રહયા છે.

-----------

**ભાવનગર જિલ્લાના લીંબાળી ડેમની મરામતની કામગીરી**

૧૯૧૦૨**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાનું લીંબાળી ડેમ કેટલા સમય પહેલાં તૂટી ગયેલ છે,

(૧) ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાના લીંબાળી ડેમ તૂટી ગયેલ નથી. ડેમના પીયર નં. ૧૦માં તા. ૩-૧૦-૨૦૦૫ના રોજ તિરાડ પડતા આ પીયરની બંન્ને બાજુના દરવાજાઓ તેના મુળ સ્થાનમાંથી ખસી જવા પામેલ.

(૨) આ ડેમની મરામતની કામગીરી માટે ક્યા પ્રકારનું આયોજન હતું, અને

(૩) આ ડેમનું મરામત કામ તા. ૩૧-૧-૦૭ સુધી ન થવાના કારણો શા છે ?

(૨) અને (૩) આ ડેમના ચણતર બંધના અસરગ્રસ્ત અને બિનઅસરગ્રસ્ત ભાગોના પરિક્ષણની કામગીરી હાથ પર લેવાયેલ છે. જેના પરિણામોના અન્વેષણના આધારે મરામતની કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

-----------

**ભૂગર્ભ જળ આધારિત પાણી પુરવઠો**

૨૧૦૯૬**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) રાજ્યમાં ભૂગર્ભજળ આધારિત પાણી પુરવઠા યોજનાઓને બદલે વૈકલ્પિક સોર્સ આધારિત પાણી પુરવઠા યોજના બનાવવા માટે સરકારે કોઈ આયોજન હાથ ધરેલ છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

(૨) સરદાર સરોવર કેનાલ આધારિત પા.પુ. યોજના હેઠળ ૧૦૧ શહેર અને ૫૦૫૯ ગામોનો સમાવેશ કરી ૫૮ શહેર અને ૨૧૩૭ ગામોમાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે. સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ ૩૧ શહેર અને ૪૯૦૪ ગામોનો સમાવેશ કરી અને ૧૨૧૩ ગામોમાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે. તેમજ અન્ય જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત ૦૧ શહેર તથા ૩૨૭૩ ગામોનો સમાવેશ કરી ૦૧ શહેર અને ૩૦૧૮ ગામોમાં પાણી પુરવઠો ચાલુ

કરવામાં આવેલ આમ વૈકલ્પિક સોર્સ (સરફેસ સોર્સ) આધારિત જૂદી જૂદી પાણી પુરવઠા યોજના અંતર્ગત ૧૩૨૩૬ ગામો અને ૧૩૩ શહેરને આવરી લઈ તે પૈકી કુલ ૫૯ શહેરો અને ૬૩૬૮ ગામોમાં પાણી પુરવઠો ચાલુ કરવામાં આવેલ છે.

-----------

**કલ્પસર યોજનાના આયોજન બાબત**

૨૦૭૪૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલ્પસર યોજનાનું અમલીકરણ તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે. |
| (૨) આ યોજનાના અમલીકરણ માટે વાસ્તવિક કામગીરી ક્યારે શરુ થશે, અને | (૨) હાલના આયોજન મુજબ આ યોજના માટે પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા બાદ ભારત સરકાર તથા ગુજરાત સરકારની જરૂરી મંજૂરી મેળવીને યોજનાના વાસ્તવિક અમલીકરણ માટેની કામગીરી અંગે નિર્ણય કરવામાં આવશે. |
| (૩) સમગ્ર યોજનાનો અંદાજીત ખર્ચ કેટલો થવા સંભવ છે અને તે ક્યારે પૂરી થવાની ધારણા છે ? | (૩) આ યોજનાના ડીટેઇલ્ડ પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર થયા પછી ખર્ચનો અંદાજ મળશે અને પછી યોજનાના અમલીકરણનું આયોજન કરવામાં આવશે. |

-----------

**દાહોદ જિલ્લામાં ચેકડેમો બાંધવાનો લક્ષ્યાંક**

૧૯૮૧૭**શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરદાર પટેલ જળસંચય યોજના અને સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત બાંધવાના થતા ચેકડેમ માટે સને ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ના વર્ષ માટે દાહોદ જિલ્લાનો લક્ષ્યાંક શું હતો,<br>(૨) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલાનું બાંધકામ પૂર્ણ થયું. કેટલા પ્રગતિ હેઠળ છે, કેટલા બાકી છે,<br>(૩) ઉક્ત બંને યોજનાના લક્ષ્યાંક સામે એસ્ટીમેટ કોસ્ટ કેટલી હતી, કેટલો ખર્ચ થયો, હાલ કેટલી રકમ બચત છે, અને બાકી કામગીરી ક્યારે પુરી થશે, અને | (૧), (૨) અને (૩) જિલ્લાવાર લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલ નથી. તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ૧૪૯૦ ચેકડેમોનું કામ પૂર્ણ થયેલ છે અને ૬૦૨ પ્રગતિ હેઠળ છે. રૂા. ૩૧૮૨.૨૫ લાખ ખર્ચ થયેલ છે. બાકી કામગીરી માર્ચ-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૪) થયેલ બાંધકામ પૈકી કેટલા તૂટી ગયા ? | (૪) બાંધવામાં આવેલ ચેકડેમ પૈકી વર્ષ ૨૦૦૬ ના ચોમાસામાં ભારે વરસાદને લીધે ૯૬ ચેકડેમોને અંશતઃ નુકસાન થયેલ છે. |

-----------

**માળિયા તાલુકામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણની કામગીરીનું આયોજન**

૨૦૫૮૨**શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા (મોરબી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માળીયા (મિયાંણા) તાલુકામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ અંતર્ગત બનાવવામાં આવેલ તથા હાલમાં તૂટી ગયેલ રેક્લેમેશન પાળો મરામત કરવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ કાર્ય સરકાર કેટલા સમયમાં પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) અને (૨) તુટી ગયેલ રેક્લેમેશન પાળો મરામત કરવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઇ આયોજન કરેલ નથી, પરંતુ નાણાકીય ઉપલબ્ધિ થયે કામ હાથ ધરવાનું આયોજન છે.

-----------

**તાપી કિનારા પર પાળા યોજના બનાવવા અંગે**

૨૧૦૬૨ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેરને ફરતે તાપી કિનારા પર ફલડ પ્રોટેક્શન વોલ (પાળા યોજના) બનાવવાની જાહેરાત સરકારે ક્યારે કરી,

(૨) તે જાહેરાત અન્વયે આ કામગીરી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) કેટલી રકમ ક્યારે ફાળવી ?

**જવાબ**

(૧) અને (૨) : પાળાના મજબુતીકરણના ટેન્ડર તા. ૨૫-૧-૦૭ના રોજ માંગવામાં આવેલ.

(૩) વર્ષ ૨૦૦૭-૦૮માં રૂા. ૬૦ કરોડ સૂચિત છે.

-----------

**સુજલામ સુફલામ યોજના અંગે નીમાયેલ તપાસ સમિતિના અહેવાલ બાબત**

૨૦૬૧૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સુજલામ સુફલામ યોજનામાં વ્યાપક નાણાકીય અને તાંત્રીક ગેરરીતિઓ થઈ છે તેવું રાજ્ય સરકારને ક્યારે ધ્યાન ઉપર આવેલ છે,

(૨) આ અંગે રાજ્ય સરકારે તપાસ સમિતિની રચના ક્યારે કરી,

(૩) આ તપાસ સમિતિએ તેનો અહેવાલ, તારણો શું શું અને ક્યારે આપેલ છે, અને

(૪) જો તપાસ અહેવાલ ન મળ્યો હોય, તો વિલંબના કારણો શું છે ?

**જવાબ**

(૧) ૬-૫-૨૦૦૫ના રોજ ફરિયાદ મળેલ છે.

(૨) તા. ૨૭-૫-૨૦૦૫ અને તા. ૨૦-૪-૨૦૦૬

(૩) પ્રાથમિક તપાસ અહેવાલ અનુક્મે તા. ૩૦-૧૨-૦૬ અને તા. ૨૧-૨-૨૦૦૭ ના રોજ આપેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમરેલી જિલ્લામાં સરદાર સહભાગી યોજનાની માહિતી**

૧૯૦૪૪**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાણી-પુરવઠા વિભાગ ધ્વારા અમરેલી જિલ્લામાં ૮૦/૨૦ % ની સરદાર સહભાગી યોજના હેઠળ સમગ્ર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા ચેકડેમો મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) અમરેલી જિલ્લાના ક્યા તાલુકામાં ૮૦/૨૦ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા ચેકડેમ પૂર્ણ થયેલ છે અને કેટલા ચેકડેમો બાકી છે, અને

(૩) જો બાકી રહયા તેવા તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) પાણી પુરવઠા પ્રભાગ હેઠળ ૮૦/૨૦ની સરદાર સહભાગી યોજના અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

-----------

## રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજનાની માહિતી

૨૧૪૩૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર સ્વજલધારા યોજના હેઠળ શુધ્ધ પીવાનું પાણી મળી રહે તેવા કેટલા ગામોની દરખાસ્તો આવી,

(૨) કેટલા ગામોની આ યોજના મંજૂર કરી,

(૩) કેટલા કામો શરુ કરવામાં આવ્યા, અને

(૪) કેટલા ગામોની દરખાસ્તો મંજુર કરવાની બાકી છે ?

**જવાબ**

(૧), (૨), (૩) અને (૪) : તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબ

| ક્રમ | તાલુકો | દરખાસ્ત આવી તેવા ગામોની સંખ્યા | યોજના મંજૂર કરેલ ગામોની સંખ્યા | કામો શરૂ કરેલ ગામોની સંખ્યા | મંજૂર કરવાના બાકી છે તેવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ધોરાજી | ૧૦ | ૬ | ૩ | ૪ |
| ૨ | ગોંડલ | ૩૨ | ૯ | ૯ | ૨૩ |
| ૩ | જામકંડોરણા | ૧૩ | ૭ | ૬ | ૬ |
| ૪ | જસદણ | ૩૪ | ૪ | ૪ | ૩૦ |
| ૫ | જેતપુર | ૭ | ૩ | ૧ | ૪ |
| ૬ | કોટડાસાંગાણી | ૧૪ | ૨ | ૨ | ૧૨ |
| ૭ | લોધીકા | ૫ | ૦ | ૦ | ૫ |
| ૮ | માળીયા | ૭ | ૦ | ૦ | ૭ |
| ૯ | મોરબી | ૧૦ | ૪ | ૪ | ૬ |
| ૧૦ | પડધરી | ૪ | ૨ | ૧ | ૨ |
| ૧૧ | રાજકોટ | ૧૮ | ૩ | ૩ | ૧૫ |
| ૧૨ | ટંકારા | ૯ | ૪ | ૪ | ૫ |
| ૧૩ | ઉપલેટા | ૮ | ૧ | ૧ | ૭ |
| ૧૪ | વાંકાનેર | ૧૬ | ૪ | ૪ | ૧૨ |
| | કુલ | ૧૮૭ | ૪૯ | ૪૨ | ૧૩૮ |

-----------

## ઉદ્યોગો માટે ફ્રી ઝોનની સ્થાપના

૨૦૦૧૯**શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લા અને તાલુકામાં ઉદ્યોગો માટે ફ્રી ઝોન સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) ફ્રી ઝોનની સ્થાપનાથી રાજ્યને કેવા પ્રકારના ફાયદા થાય તેમ છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં કોઇપણ ફ્રી ઝોન સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ નથી પરંતુ રાજ્યમાં ભારત સરકાર દ્વારા ૩૩ (તેત્રીસ) સ્પેશીયલ ઇકોનોમીક ઝોન સ્થાપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે (યાદી સામેલ છે.)

(૨) સ્પેશીયલ ઇકોનોમીક ઝોન સ્થાપવાથી નવું મૂડી રોકાણ આવશે, નિકાસ વૃધ્ધિ થશે, નવી રોજગારી ઉભી થશે. તથા વિશ્વસ્તરની આંતરમાળખાકીય સવલતો ઉભી થશે.

**યાદી**

**કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર એસઇઝેડ તા.૩૧-૧-૨૦૦૭**

| અ. નં. | સ્પેશ્યલ ઇકોનોમીક ઝોનનું નામ | સ્થળ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | કંડલા એસઇઝેડ | ગાંધીધામ જી. કચ્છ |

| | | |
|---|---|---|
| ૨. | સુરત એસઇઝેડ | સચિન તા. ચોર્યાસી, જિ. સુરત |
| ૩. | સુરત એપરલ પાર્ક એસઇઝેડ | વાંજ, તા. ચોર્યાસી, જિ. સુરત |
| ૪. | રીલાયન્સ એસઇઝેડ | લાલપુર, જિ. જામનગર |
| ૫. | દહેજ એસઇઝેડ (જીઆઇડીસી) | દહેજ, તા. વાગરા, જિ. ભરૂચ |
| ૬. | મુંદ્રા પોર્ટ એસઇઝેડ | મુંદ્રા, જિ. કચ્છ |
| ૭. | ફાર્મા સેઝ | મુ. મટોડા, તા. સાણંદ, જિ. અમદાવાદ |
| ૮. | ઇલેક્ટ્રોનીક એસઇઝેડ | ગાંધીનગર |
| ૯. | એસ્સાર હજીરા એસઇઝેડ | હજીરા, તા. ચોર્યાસી, જિ. સુરત |
| ૧૦. | જેમ્સ એન્ડ જેવલરી પાર્ક એસઇઝેડ | ઇચ્છાપોર, તા. ચોર્યાસી, જિ. સુરત |
| ૧૧. | મુન્દ્રા એસઇઝેડ | મુન્દ્રા જિ. કચ્છ |
| ૧૨. | અમદાવાદ એપરલ પાર્ક એસઇઝેડ (જીઆઇડીસી) | અમદાવાદ |
| ૧૩. | કેડીલા એસઇઝેડ | હરીપુરા, તા. ધંધુકા, જિ. અમદાવાદ |
| ૧૪. | ઝગડીયા એસઇઝેડ | ઝગડીયા, જિ. ભરૂચ |
| ૧૫. | એસ્સાર એસઇઝેડ, જામનગર | વાડીનાર તા. ખંભાલીયા, જિ. જામનગર |
| ૧૬. | જ્યુબીલન્ટ એસઇઝેડ | વીલાયત, તા. વાગરા, જિ. ભરૂચ |
| ૧૭. | એક્વાલાઇન આઇટી/(રાહેજા ગ્રુપ) | કોબા, જિ. ગાંધીનગર |
| ૧૮. | થર્ડ આઇ વોઇસ એસઇઝેડ | ખોરજ, જિ. ગાંધીનગર |
| ૧૯. | મીલીયન-માઇન્ડસ આઇટી/આઇટેસ ગણેશ ગ્રુપ | છારોડી, અમદાવાદ |
| ૧ | ૨ | ૩ |
| ૨૦. | કેપીટી એસઇઝેડ | કંડલા, તા. ગાંધીધામ, જિ. કચ્છ |
| ૨૧. | અદાણી પાવર એસઇઝેડ (કચ્છ) | ટુન્ડા એન્ડ સીરાચ, તા. મુન્દ્રા, જી.કચ્છ |
| ૨૨. | અંજાર એસઇઝેડ | અંજાર, જિ. કચ્છ |
| ૨૩. | જેબી કેમીકલ્સ ફાર્મા એસઇઝેડ | પાનોલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ |

| | | |
|---|---|---|
| ૨૪. | ગેલોપ્સ એસઇઝેડ | રજોડા, તા. બાવળા, જિ. અમદાવાદ |
| ૨૫. | ધોલેરા એસઇઝેડ | ધોલેરા, તા. ધંધુકા, જિ. અમદાવાદ |
| ૨૬. | જ્યુબીલન્ટ એસઇઝેડ (ફાર્મા) | વીલાયત, તા. વાગરા, જિ. ભરૂચ |
| ૨૭. | સુઝલોન એસઇઝેડ | વાઘોડીયા, જિ. વડોદરા |
| ૨૮. | સ્ટર્લીંગ એસઇઝેડ | જંબુસર જિ. ભરૂચ |
| ૨૯. | જયંત ઓઇલ એસઇઝેડ | વીલાયત, તા. વાગરા, જિ. ભરૂચ |
| ૩૦. | દીશમાન એન્જીનીયરીંગ એસઇઝેડ | બાવળા, જિ. અમદાવાદ |
| ૩૧. | દીશમાન ફાર્મા એસઇઝેડ | બાવળા, અમદાવાદ |
| ૩૨. | એસ્સાર પાવર એસઇઝેડ | સુવાલી તા. ચોર્યાસી, સુરત |
| ૩૩. | સ્થી ફ્લેટ સ્ટીલ એસઇઝેડ | ભીમાસર, તા. અંજાર, જિ. કચ્છ |

-----------

**પોરબંદર જિલ્લામાં લાઈમ સ્ટોન ચોરીના કેસો**

૧૯૨૮૮**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં લાઈમ સ્ટોન ચોરી અંગે કઈ કઈ કેમિકલ્સ લી. ના માલિકોએ કઈ કઈ વ્યક્તિઓ સામે ક્યારે પોલીસ ફરીયાદ નોંધાવેલ છે,

(૨) કેટલા રૂપિયાની લાઈમ સ્ટોન ચોરીનો આરોપ છે, તેમાંથી કોની કોની ધરપકડ કરવાની બાકી છે, અને

(૩) ધરપકડ ન થવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) ટાટા કેમીકલ લી. રાણાવાવએ અણિયારી ગામની આજુબાજુના વિસ્તારના લોકો (નામ નમુદ નથી) વિરૂધ્ધ તા. ૧૬-૨-૦૬ના રોજ રાણાવાવ પો. સ્ટે. માં ફરિયાદ નોંધાવેલ છે, અને

૨. સૌરાષ્ટ્ર કેમીકલ લિ. પોરબંદરના આસી. મેનેજરએ ૦૪ (ચાર) સામે તા. ૫-૧૦-૦૬ના રોજ બગવદર પો. સ્ટે. માં ફરિયાદ નોંધાવેલ છે.

(૨) મે. ટાટા કેમીકલ્સ દ્વારા કરવામાં આવેલ ફરિયાદમાં લાખો રૂપિયાની ખનીજ ચોરીનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, જ્યારે મે. સૌરાષ્ટ્ર કેમીકલ્સ લિ. ની ફરિયાદમાં રૂપિયા ૫૪.૧૯ કરોડની લાઈમ સ્ટોન ચોરીનો આરોપ છે. સૌરાષ્ટ્ર કેમીકલ્સ લિ.ની ફરિયાદમાં સંડોવાયેલ કુલ ૦૪ આરોપીઓ પૈકી ૦૨ આરોપીઓની ધરપકડ થયેલ છે. બાકીના ૦૨ આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે.

(૩) બાકીના આરોપીઓ સામેના જરૂરી દસ્તાવેજો મેળવવાની તજવીજ ચાલુમાં હોવાથી.

-----------

**સાગબારા તાલુકામાં ઓવરહેડ ટાંકીની સંખ્યા**

**૨૦૬૨૧શ્રી મહેશભાઈ છો. વસાવા(દેડિયાપાડા)** : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સાગબારા

**જવાબ**

(૧) ૧૨ ઓવરહેડ ટાંકીઓ ચાલુ છે. એક ટાંકી

તાલુકામાં ગુજરાત પાણી પુરવઠા બોર્ડએ બનાવેલ ઓવરહેડ કેટલી ટાંકીઓ અને જુથ પાણી પુરવઠાની યોજનાઓ ચાલુ છે, કેટલી બંધ હાલતમાં છે, ક્યારથી, અને

(૨) સરકાર આ બંધ યોજનાઓ પુનઃ કાર્યરત કરવા કોઈ આયોજન કરેલ છે કેમ ?

અગિયાર માસથી અને એક ત્રેવીસ માસથી બંધ છે. પરંતુ આ ગામમાં પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે.
જ્યારે એક હયાત જૂથ પાણી પુરવઠા યોજના છે જે ચાલુ સ્થિતિમાં છે.

(૨) હા, જી.

-----------

**પોલીસ અધિકારી/કર્મચારીના આરોગ્યની તપાસ બાબત**

૨૦૫૯૦ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની વાત ખરી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ એસ. આર. પી. ગૃપ-૭ નડીયાદમાં કેટલા પોલીસ અધિકારી/ કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : ફરજ બજાવતા કુલ ૯૨૬ કર્મચારી/અધિકારીઓ પૈકી ૮૨૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

**ભાવનગર જિલ્લામાં પી.ડી.સી. કનેક્શનો માટે અરજીઓ**

૧૮૮૨૪ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષમાં પી.ડી.સી. ક્નેક્શનો કેટલા કરવામાં આવ્યા,

(૨) પી.ડી.સી. ક્નેક્શનો પુનઃ જોડાણ માટે કેટલી અરજીઓ મળી,

(૩) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩) :

| પી.ડી.સી. થયેલ ક્નેક્શનોની સંખ્યા | પુનઃ જોડાણ માટે મળેલ અરજીઓની સંખ્યા | નિકાલ કરવામાં આવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧૭૧૫૨ | ૫૦૭૪ | ૪૫૮૬ |

(૪) પડતર અરજીઓનો ટેક્નીકલી શક્ય હશે તો રેગ્યુલેશન મુજબ નિકાલ કરવામાં આવશે.

-----------

**નર્મદા જિલ્લામાં પોલીસ કર્મચારી/અધિકારીના આરોગ્યની તપાસ**

૨૦૫૯૨**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની વાત ખરી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

(૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : ફરજ બજાવતા કુલ ૪૮૨ કર્મચારી/અધિકારીઓ પૈકી તમામ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

-----------

### ઉદ્યોગોને કરમાંથી મળતી રાહત બાબત

૨૦૭૫૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યમાં ક્યા ક્યા મોટા ઉદ્યોગોને કરમાં કેટલી રાહતો આપવામાં આવી, | (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એન્જિનીયરીંગ અને ઓટોમોબાઈલ્સ, સીરામીક, ફુડ અને એગ્રો પ્રોસેસીંગ, કેમિકલ અને પેટ્રોકેમીકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ વિગેરે ક્ષેત્રે મોટા ઓદ્યોગિક એકમો રૂા. ૧૭૮ કરોડના વેચાણવેરા પ્રોત્સાહનો આપવામાં આવેલ છે. |
| (૨) કેટલાને કરમાંથી મુક્તિ અપાઈ, અને | (૨) ૨૯ એકમોને |
| (૩) આ મુક્તિ કેટલી રકમની અને કેટલા સમય માટે આપવામાં આવી છે ? | (૩) રૂા. ૧૭૮ કરોડના વેચાણવેરા મુક્તિ આપવામાં આવેલ છે. જુદી જુદી પ્રોત્સાહન યોજનાઓની જોગવાઈ મુજબ ઉપરોક્ત પ્રોત્સાહનના લાભો પાંચ વર્ષથી દશ વર્ષ સુધીના સમયગાળા માટે આપવામાં આવેલ છે. |

-----------

### ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના

૨૧૩૧૬ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગરીબી રેખા હેઠળના શહેરી વિસ્તારોના ઝૂંપડપટ્ટીમાં વસતા લોકો માટે ""ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના"" અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યારથી, અને | (૨) નાણાંકીય વર્ષ ૧૯૯૫-૧૯૯૬ થી |
| (૩) આ યોજનામાં શા શા લાભ આપવામાં આવે છે ? | (૩) પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વીજળીકરણ માટે સુરક્ષિત હોય તેવા વસવાટોમાં સીંગલ પોઈન્ટ વાયરીંગ અને એક બલ્બ સહિતનું વીજ જોડાણ આપવામાં આવે છે. |

-----------

### સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટમાં સમાવેલ શહેરો

૨૧૨૩૧**શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટમાં પ્રથમ તબક્કે કેટલા શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૧) ૨૦ (વીસ) |
| (૨) આ અંગેનું ભવિષ્યનું આયોજન શું છે ? | (૨) ભવિષ્યમાં રાજ્યના શક્ય તેટલા વધુ જિલ્લાના વડા મથકોને ગેસગ્રીડથી જોડવાનું અને ત્યારબાદ ગેસની ઉપલબ્ધિને આધારે રાજ્યના બાકીના મોટા શહેરો અને જીલ્લાઓમાં ગેસ પુરવઠો પૂરો પાડવાનું આયોજન છે. |

-----------

### નડિયાદ આર.ટી.ઓ. કચેરીની આવક બાબત

૨૦૫૮૮**શ્રી વિષ્ણુભાઇ પટેલ (ઉમરેઠ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની નડીયાદ આર. ટી. ઓ./ એ.આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) વાહન વ્યવહાર ખાતાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, નડિયાદની કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક |

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|

| | |
|---|---|
| ૨૦૦૪ | ૧૬૨૨.૧૨ |
| ૨૦૦૫ | ૧૭૦૪.૬૮ |
| ૨૦૦૬ | ૧૮૬૯.૯૦ |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૩) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**દાંતીવાડા જળાશય યોજનામાં નર્મદાનું પાણી નાંખવા બાબત**

૨૦૭૮૨**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાંતીવાડા જળાશય યોજનામાં નર્મદાનું પાણી નાખવા સરકાર વિચારે છે, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં દાંતીવાડા જળાશયમાં પાણી પહોંચાડશે ?

**જવાબ**

(૧) નર્મદા મુખ્ય કેનાલમાંથી બે ઉદ્દવહન પાઈપલાઈન મારફતે દાંતીવાડા ડેમમાં પાણી નાખવાનું આયોજન વિચારાયેલ છે.

(૨) તાંત્રિક અને આર્થિક બાબતેની ચકાસણી બાદ કામગીરી હાથ ધરવાનું આયોજન છે.

-----------

**ભાવનગર જિલ્લામાં લોક દરબાર બાબતે**

૨૦૫૯૫**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ ""લોક દરબાર"" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ભાવનગર જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | યોજાયેલ લોકદરબાર |
|---|---|
| ૨૦૦૫ | ૯૫ |
| ૨૦૦૬ | ૧૮૯ |

-----------

**જૂનાગઢ જિલ્લાના તાલુકાઓને પીવાના પાણીની યોજના આપવા અંગે**

૧૯૬૩૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના વેરાવળ-પાટણ, સુત્રાપાડા, માળીયા હાટીના તાલુકાના અને ગામડાઓને કાયમી પીવાના પાણી માટે મહી પરિયેજ અથવા નર્મદાના પાણી આપવાનું રાજ્ય સરકારનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના ક્યારે શરૂ કરી પૂર્ણ કરવા માંગો છો, અને

(૩) તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં શું પ્રગતિ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આ યોજના નાણાકિય ઉપલબ્ધિ અનુસાર હાથ ધરવાનું આયોજન છે.

(૩) માળીયા-હાટીના તાલુકાના ૨૦ ગામ અને ૧ શહેરની યોજના પૂર્ણ કરવામાં આવેલ છે. આ તાલુકાના બાકી રહેતા ગામો તથા વેરાવળ-પાટણ, સુત્રાપાડા તાલુકાની યોજનાઓ ચકાસણી તથા મંજૂરીના તબક્કે છે.

-----------

**તા. ૧૯-૧-૦૭ના મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમમાં દોડાવેલ બસો**

૨૦૭૮૦**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મુખ્ય મંત્રીશ્રીના તા.૧૯-૧-૦૭ના રોજ

**જવાબ**

(૧) ૮૮૭ બસો

યોજાયેલ નર્મદાના કાર્યક્રમમાં સરકાર ધ્વારા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની કેટલી બસો દોડાવી,

(૨) ક્યા જિલ્લાની કેટલી,

(૨) જિલ્લાવાર નીચે મુજબ બસો ફાળવી હતી.

| જિલ્લો | ફાળવેલ બસો |
|---|---|
| ખેડા | ૫૦ |
| આણંદ | ૫૦ |
| અમદાવાદ | ૧૫૨ |
| જિલ્લો | ફાળવેલ બસો |
| ગોધરા | ૫૧ |
| દાહોદ | ૫૦ |
| વડોદરા | ૨૫૧ |
| ભરૂચ | ૧૩૩ |
| નર્મદા | ૧૦૦ |
| સુરેન્દ્રનગર | ૫૦ |
| કુલ :- | ૮૮૭ |

(૩) આ પેટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમને સરકાર ધ્વારા કેટલા રૂપિયા ચૂકવવાના થાય છે,

(૩) આ પેટે નિગમને સરકાર દ્વારા રકમ ચૂકવવાની થતી નથી પરંતુ નર્મદા નિગમ દ્વારા રૂા. ૭૭,૩૭,૩૭૬/- ચૂકવવાના થાય છે.

(૪) આ રકમ સરકારે ચુકવેલ છે કે બાકી છે, ક્યારે ચૂકવશે, અને

(૪) આ રકમ સરકારે ચૂકવવાની થતી નથી પરંતુ નર્મદા નિગમે ચુકવવાની રહે છે જે પૈકી રૂા. ૫૦/- લાખ ચુકવવામાં આવેલ છે, બાકી રહેતી રકમનું ટુંક સમયમાં ચુકવણું કરવામાં આવનાર છે.

(૫)કાર્યક્રમમાં ભાગ લેનારના જમવાનો ખર્ચ પણ વાહન વ્યવહાર નિગમે કર્યો હતો તે વાત સાચી છે?

(૫) ના, જી.

**રાજ્યમાં એટ્રોસીટી એકટ હેઠળ ગુન્હાઓ**

૧૯૨૩૧ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં એટ્રોસીટી એકટ નીચે જિલ્લાવાર કેટલા ગુન્હાઓ પોલીસ દફતરે નોંધાયેલ છે,

**જવાબ**

(૧)

| શહેર/જિલ્લાનું | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| અમદાવાદ | ૩૬ | ૪૧ |
| વડોદરા શહેર | ૧૪ | ૧૮ |
| સુરત શહેર | ૨૫ | ૧૩ |
| રાજકોટ શહેર | ૧૩ | ૭ |
| અમદાવાદ રૂરલ | ૪૭ | ૩૬ |
| આણંદ | ૪૧ | ૪૧ |
| ખેડા-નડીયાદ | ૫૧ | ૩૬ |
| સાબરકાંઠા | ૪૩ | ૨૨ |
| ગાંધીનગર | ૩૩ | ૨૩ |
| મહેસાણા | ૪૦ | ૪૮ |
| પાટણ | ૫૪ | ૩૦ |
| બનાસકાંઠા | ૧૧૨ | ૧૧૧ |
| વડોદરા ગ્રામ્ય | ૩૦ | ૨૫ |
| પંચમહાલ | ૧૩ | ૨૯ |
| દાહોદ | ૫ | ૧ |

| | | |
|---|---|---|
| દાહોદ | ૫ | ૧ |
| ભરૂચ | ૩૪ | ૨૯ |
| નર્મદા | ૮ | ૮ |
| ૧ | ૨ | ૩ |
| સુરત રૂરલ | ૧૫ | ૧૦ |
| વલસાડ | ૯ | ૦ |
| નવસારી | ૭ | ૫ |
| જુનાગઢ | ૮૬ | ૫૬ |
| પોરબંદર | ૧૫ | ૬ |
| અમરેલી | ૧૦ | ૫ |
| ભાવનગર | ૫૮ | ૪૩ |
| રાજકોટ રૂરલ | ૭૧ | ૪૭ |
| સુરેન્દ્રનગર | ૧૧૫ | ૬૮ |
| જામનગર | ૪૦ | ૩૧ |
| કચ્છ-ભૂજ | ૯૧ | ૭૫ |
| વે.રેલ્વે | ૧ | ૨ |
| ડાંગ-આહવા | ૦ | ૧ |

(૨) કેટલા કેસો પોલીસ તપાસ નીચે છે, અને — (૨) ૧૯

(૩) કેટલા કેસો કોર્ટમાં દાખલ થયા છે ? — (૩) ૧૯૦૫

-----------

**દેવસર મઘરીખડા સિંચાઈ યોજનાનો અહેવાલ**

૨૧૩૨૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના દેવસર મઘરીખડા સિંચાઈ યોજનાનો દાર્શનિક અહેવાલ ક્યારે રજૂ થયેલ છે, અને | (૧) તા. ૧૮-૧-૨૦૦૬ના રોજ |
| (૨) પ્રોજેક્ટ રીપોર્ટ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યાં તબકકામાં છે ? | (૨) દાર્શનિક અહેવાલ વિચારણા હેઠળ છે. |

-----------

**એસ. આર. પી.ની સ્ટ્રેન્થ વધારવા બાબત**

૨૦૬૧૦ **શ્રી અંબાલાલ આ. રોહિત(સોજીત્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર ધ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.)ની સ્ટ્રેન્થ વધારવા વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની વાત તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સાચી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઈ જગ્યાએ અને ક્યારે સ્થાપવા માંગે છે ? | (૨) |

| અ.નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧. | કેવડીયા કોલોની, જિ. નર્મદા | જૂથ-૧૪ તરીકે હાલ કાર્યરત થઈ ગયેલ છે. |
| ૨.<br>૩. | ભુટોડી, જિ. દાહોદ<br>ઓ.એન.જી.સી., વડોદરા | તા. ૮-૮-૦૬ના ઠરાવથી સ્થાપવાના હુકમો કરવામાં આવેલ છે. |
| ૪. | મુડેટી, જિ. સાબરકાંઠા | કાર્યવાહી ચાલુ છે. |

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં ગુનાનું પ્રમાણ

૧૯૪૯૨ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ગુનાનું પ્રમાણ વધ્યુ છે તે વાત સરકાર જાણે છે, અને

(૨) જો હા, તો સરકાર આ બાબતે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧) ના, જી.

તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ અગાઉ તા. ૧-૧-૦૩ થી ૩૧-૧૨-૦૪ના વર્ષની સરખામણીએ ૯૬ ગુન્હાઓ ઓછા નોંધાયેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## સુજલામ્ સુફલામ્ યોજનાની કામગીરી

૨૦૭૭૩**શ્રી રાજેશ પાઠક (બાલાસિનોર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુજલામ્ સૂફલામ્ યોજના ક્યાં સુધીમાં (કેનાલનું કામ) પૂર્ણ થશે,

(૨) કેટલા તાલુકાઓને રીચાર્જીંગનો લાભ મળશે, અને

(૩) બાલાસિનોર તેમજ વિરપુર તાલુકાના કેટલા તળાવ, નદી, નાળામાં આ કેનાલનું પાણી નાખવાનું પ્રયોજન છે ?

**જવાબ**

(૧) સુજલામ્ સૂફલામ્ યોજના (કેનાલનું કામ) જુન-૨૦૦૭ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

(૨) સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ નહેરથી ૧૯ તાલુકાઓને રીચાર્જીંગનો લાભ મળશે.

(૩) બાલાસિનોર તાલુકામાં ચાર નાળામાં અને વિરપુર તાલુકામાં લાવરી નદી અને પાંચ નાળામાં આ કેનાલનું પાણી નાંખવાનું આયોજન છે.

-----------

## વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના

૨૧૦૬૫**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ તાલુકાવાર ગામો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા છે,

(૨) તે પેકી કેટલા ફળિયા બાકી છે, અને

(૩) તે કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લાના તમામ ૪૫૦ ગામો જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ છે, જેની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | જ્યોતિગ્રામ યોજના હેઠળ પૂર્ણ થયેલ ગામોની સંખ્યા |
|---|---|
| ધરમપુર | ૧૦૭ |
| કપરાડા | ૧૨૮ |
| પારડી | ૭૬ |
| ઉમરગામ | ૫૦ |
| વલસાડ | ૮૯ |
| **કુલ..** | **૪૫૦** |

(૨) અને (૩) વીજળીકરણ થયેલ તમામ ૩૨૦ ફળિયા-પેટાપરાઓને આવરી લીધેલ છે.

-----------

## કચ્છના જિલ્લામાં ખૂન, લૂંટ, ચોરીના કેસો

૨૧૪૨૮ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ અંતિત છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર ખૂન, લૂંટ, ચોરીનાં કેટલા બનાવ બનેલ છે, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | ખૂન | લુંટ | ચોરી |
|---|---|---|---|
| ભુજ | ૦૫ | ૦૯ | ૧૩૧ |
| માંડવી | ૦૧ | ૦૧ | ૧૫ |
| મુન્દ્રા | ૦૪ | ૦૪ | ૧૭ |
| નખત્રાણા | ૦૧ | ૦૦ | ૨૪ |

| | | | |
|---|---|---|---|
| અબડાસા | ૦૩ | ૦૦ | ૦૭ |
| લખપત | ૦૩ | ૦૦ | ૧૬ |
| અંજાર | ૦૮ | ૦૫ | ૪૧ |
| ગાંધીધામ | ૦૭ | ૨૮ | ૨૨૩ |
| ભચાઉ | ૦૪ | ૦૪ | ૩૦ |
| રાપર | ૦૬ | ૦૪ | ૩૩ |

(૨) તે પેકી કેટલા ગુનેગારોને પકડવામાં આવેલ છે અને કેટલા પકડવામાં બાકી છે ?

(૨)

| તાલુકાનું નામ | ખૂન | | લુંટ | | ચોરી | |
|---|---|---|---|---|---|---|
| | પકડેલ આરોપી | પકડવાના બાકી આરોપી | પકડેલ આરોપી | પકડવાના બાકી આરોપી | પકડેલ આરોપી | પકડવાના બાકી આરોપી |
| ભુજ | ૧૩ | ૦૦ | ૧૨ | ૦૦ | ૫૬ | ૦૨ |
| માંડવી | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૧૨ | ૦૦ |
| મુન્દ્રા | ૦૪ | ૦૦ | ૦૫ | ૦૦ | ૧૫ | ૦૦ |
| નખત્રાણા | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૧ | ૦૦ |
| અબડાસા | ૧૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ | ૦૦ |
| લખપત | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૧ | ૦૦ |
| અંજાર | ૧૧ | ૦૦ | ૦૬ | ૦૪ | ૧૬ | ૦૪ |
| ગાંધીધામ | ૧૬ | ૦૧ | ૪૧ | ૦૩ | ૧૪૫ | ૨૦ |
| ભચાઉ | ૧૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૨૫ | ૦૧ |
| રાપર | ૧૩ | ૦૧ | ૧૦ | ૦૦ | ૨૪ | ૦૧ |

-----------

## રાજ્યમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેસો

૨૧૨૨૭ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેટલા કેસો પકડાયા, | (૧) ૧૧૦૬ |
| (૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજ્ય સરકાર ધ્વારા કઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, | (૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.<br>(૧) માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૧૯૫૭ ની ક્લમ ૨૩ (એ) અન્વયે ૮૫૬ કેસોમાં રૂા. ૨૩૪.૫૪ લાખની સમાધાન રકમ વસુલવામાં આવેલ છે.<br>(૨) એમ.એમ. (ડી.આર.) એક્ટ ૧૯૫૭ની ક્લમ ૨૧ (૫) અન્વયે ૩૨ કેસોમાં રૂા. ૪૫૬.૩૩ લાખની ખનીજ કિંમત વસુલવા માટેના હુકમો કરવામાં આવેલ છે.<br>(૩) ભારતીય ફોજદારી ધારાની ક્લમ ૩૭૯ અન્વયે ૯૪ પોલીસ કેસ કરવામાં આવેલ છે.<br>(૪) જમીન મહેસુલ સંહિતાની ક્લમ ૩૯ (એ) અન્વયે ૬૫ કેસો કરવામાં આવેલ છે.<br>(૫) તદ્ઉપરાંત ૫૬ કેસોમાં પ્રથમ નોટીસ આપી કેસોની કાર્યવાહી ચાલુમાં છે. |
| (૩) આ સબબ આર્થિક દંડ કરાયો હોય તો કેટલો, અને | (૩) રૂા. ૬૯૦.૮૭ લાખ |
| (૪) આ પ્રવૃત્તિને રોકવા માટે રાજ્ય સરકાર | (૪) ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિને ડામવા તથા |

ભવિષ્યમાં શી કાર્યવાહી કરવા માંગે છે ?

રોયલ્ટીની ચોરી અટકાવવા માટે રાજ્ય સરકારે બિનઅધિકૃત વહન અને સંગ્રહ અટકાવવાના નિયમો-૨૦૦૫ બનાવેલ છે તથા તેનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટે રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાએ ટાસ્કફોર્સ ક્મિટિની રચના કરવામાં આવેલ છે તદ્ઉપરાંત ફલાઈંગસ્વોર્ડ તથા જીલ્લાના સ્થાનિક ક્ષેત્રિય અધિકારીઓ દ્વારા પણ ખાણ વિસ્તારોનું સમય અંતરે ચેકીંગ કરી, સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

-----------

## પંચમહાલ જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ અરજીઓ

૧૯૭૬૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી,

**જવાબ**

(૧) આવેલી અરજીઓ

| અ.નં. | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૦૪ | ૯૭૭ |
| ૨ | ૨૦૦૫ | ૪૨૩ |
| ૩ | ૨૦૦૬ | ૧૨૪૯ |
| | **કુલ** | **૨૬૪૯** |

(૨) ક્યા ક્યા તાલુકાની અરજીઓ કેટલી આવી, અને કેટલી મંજુર કરેલ,

(૨) તાલુકાવાર આવેલ અરજીઓ અને મંજૂર કરેલ અરજીઓ.

| અ.નં. | તાલુકો | આવેલ અરજીઓ | મંજૂરી (જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ) |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૭૭૨ | ૬૦૪ |
| ૨ | લુણાવાડા | ૩૯૩ | ૨૮૧ |
| ૩ | શહેરા | ૧૮૭ | ૧૨૧ |
| ૪ | જાંબુઘોડા | ૩૮ | ૨૬ |
| ૫ | હાલોલ | ૧૧૫ | ૬૮ |
| ૬ | કાલોલ | ૨૭૯ | ૧૬૭ |
| ૭ | સંતરામપુર | ૪૧૨ | ૨૪૨ |
| ૮ | કડાણા | ૮૮ | ૪૩ |
| ૯ | ઘોઘંબા | ૧૪૪ | ૮૧ |
| ૧૦ | ખાનપુર | ૧૫૪ | ૯૨ |
| ૧૧ | મોરવા (હ) | ૬૭ | ૩૮ |
| | **કુલ** | **૨૬૪૯** | **૧૭૬૩** |

(૩) મંજુર કરેલ અરજીઓના કુલ કેટલા અને લાભાર્થીઓને પેમેન્ટ ચુકવાયેલ છે, અને

(૩) બેન્ક દ્વારા ચૂકવેલ ધિરાણ (રૂા. લાખમાં)

| અ.નં. | તાલુકો | લોનની ચૂકવણીની વિગતો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રકમ (રૂ. લાખમાં) |
| ૧ | ગોધરા | ૪૯૯ | ૩૦૧.૧૧ |
| ૨ | લુણાવાડા | ૧૭૨ | ૮૬.૭૪ |
| ૩ | શહેરા | ૬૨ | ૨૭.૫૪ |
| ૪ | જાંબુઘોડા | ૧૧ | ૫.૪૫ |
| ૫ | હાલોલ | ૩૯ | ૧૯.૫૪ |
| ૬ | કાલોલ | ૯૭ | ૪૮.૪૭ |
| ૭ | સંતરામપુર | ૧૧૪ | ૪૬.૭૧ |
| ૮ | કડાણા | ૧૬ | ૭.૪૭ |
| ૯ | ઘોઘંબા | ૫૪ | ૨૨.૯૬ |
| ૧૦ | ખાનપુર | ૫૩ | ૨૪.૪૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | મોરવા (હ) | ૨૩ | ૭.૬૭ |

(૪) જો પેમેન્ટ ન ચુકવાયેલ હોય તો તેના કારણો શાં છે ?

(૪) નામંજૂર કરેલ અરજીઓ
કારણો
- ધંધો ઉદ્યોગ આર્થિક રીતે કાર્યક્ષમ ન હોવાથી,
- બેન્કની મુદત વીતી બાકી હોવાથી
- અરજદારે જરૂરી સાધનિક કાગળો સામેલ ન કરવાથી તેમજ જરૂરી માહિતી પુરી ન પાડવાથી
- બેન્કનું ધિરાણ ચુકવી શકે તેમ ન હોવાથી
- લાભાર્થીઓને એક યોજનાનો લાભ આપેલ હોઈ આ યોજનાઓ લાભ આપી ન શક્તા
- અરજદારે તેની રહેણાંકનું સ્થળાંતર કરેલ હોવાથી
- અરજદારે અભ્યાસ કરતા હોવાથી
- અરજદાર અન્ય ધંધામાં રોકાયેલ હોવાથી
- પ્રોજેક્ટ ફેરવવા માંગતો હોવાથી
- અરજદારને મંજુર કરેલ રકમ ઓછી પડતી હોવાથી
- એક જ ગામમાં આવુ ધિરાણ કરેલ તેની વસુલાત આવતી ન હોવાથી

-----------

## આણંદ-ખેડા જિલ્લામાં લઘુ ઉદ્યોગો

૨૦૫૪૬ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આણંદ-ખેડા જિલ્લામાં કેટલા લઘુ ઉદ્યોગો કાર્યરત છે,

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલા નવા લઘુ ઉદ્યોગો સ્થપાયા અને કેટલા ઉદ્યોગો બંધ થયેલ છે,

(૩) રાજ્ય સરકાર લઘુ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન આપવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો કઈ રીતે ?

**જવાબ**

(૧) આણંદ- ૬૨૫૪ એકમો
ખેડા-૭૧૨૮ એકમો

(૨) નોંધાયેલ એકમો   નોંધણી રદ કરેલ એકમો
આણંદ-૫૫૮ એકમો   ૯ એકમો
ખેડા- ૮૩૬ એકમો   ૩ એકમો

(૩) હા, રાજ્ય સરકારે નવી ઓદ્યોગિક નીતિ ૨૦૦૩ અંતર્ગત લઘુ ઉદ્યોગો માટે પ્રોત્સાહન યોજનાઓ જાહેર કરેલ છે.

(૪) ઓદ્યોગિક નીતિ ૨૦૦૩ અન્વયે નીચે મુજબના પ્રોત્સાહનો જાહેર કરવામાં આવેલ છે.
- લઘુ ઉદ્યોગો માટે ૫% વ્યાજ સહાય
- ટેક્નોલોજી અપગ્રેડેશન માટે સહાય
- ગુણવત્તા અંક્ન પ્રમાણપત્ર મેળવવા માટે રૂપિયા ૨ લાખ સુધીની સહાય
- માર્કેટ પ્રમોશન સહાય
- ક્લસ્ટરોમાં સ્થપાયેલ ઉદ્યોગોને કોમન ફેસેલીટી માટે સહાય
-ઉર્જાબચત માટે એનર્જી ઓડિટ કરવા માટે સહાય
- રીસર્ચ અને ડેવલપમેન્ટ નો લાભ મળી શકે તે માટે સહાય

-----------

## ભાદર નદી પર ચેકડેમ બનાવવાનું આયોજન

૨૧૩૦૩ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખાનપુર તાલુકામાં

**જવાબ**

(૧) હા, જી.

પસાર થતી ભાદર નદી પર સરકારે ચેકડેમ બનાવવાનું આયોજન કરેલ છે, અને

(૨) આ ચેકડેમ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

(૨) કુલ ૫ ચેકડેમનું આયોજન પૈકી ૧ ચેકડેમનું કામ પ્રગતિમાં છે અને બાકીના ૪ ચેકડેમોનું કામ જુન-૦૮ સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે.

-----------

**ડાંગ જિલ્લામાં કૂવાઓ બનાવવાનો લક્ષ્યાંક**

૧૯૫૩૨ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં કેટલા કૂવાઓ બનાવવાનો લક્ષ્યાંક હતો, અને

(૨) આ લક્ષ્યાંક સામે કેટલા કૂવાઓ બનાવી કાર્યરત કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં ૧૮ કુવા
વર્ષ ૨૦૦૬-૦૭માં ૬ કુવા

(૨) વર્ષ ૨૦૦૫-૦૬માં ૬ કૂવા કાર્યરત કરવામાં આવ્યા છે બાકીના કૂવાના કામો પ્રગતિ હેઠળ છે.

-----------

**મહી-પરીએજ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના ગામને મળનાર પાણી**

૧૯૮૭૦**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાની નર્મદા આધારીત મહી-પરીએજ યોજના કઈ તારીખથી અમલમાં આવેલ છે, અને

(૨) આ યોજના નીચે બાબરા-વડિયા કુંકાવાવ તાલુકાના તમામ ગામડાઓને ફીલ્ટર કરેલુ પાણી દરેક ગામમાં સમ્પમાં સંગ્રહ કરી ક્યારથી આપવા માંગો છે અને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કામગીરી કઈ કક્ષાએ બાકી છે ?

**જવાબ**

(૧) ફેબ્રુઆરી-૨૦૦૨થી

(૨) ફીલ્ટર પ્લાન્ટના કામો પ્રગતિ હેઠળ છે. જે માહે મે-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
યોજના દ્વારા ગામોના હયાત જમીનતળના ટાંકામાં પાણી મળતું હોઈ દરેક ગામોએ ભૂગર્ભ સંપ બનાવવાની તાંત્રિક જરૂરિયાત રહેતી નથી. તેવા ગામો માટેના જમીનતળના ટાંકા/સંપના કામોના સર્વેક્ષણ/અંદાજ પ્રક્રિયા તળે છે. જે માહે માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ શહેરમાં નોંધાયેલ વિવિધ ગુના**

૨૧૩૨૧**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ શહેરમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર અને અપહરણના કેટલા ગુનાઓ પોલીસ દફતરે નોંધાયા,

**જવાબ**

(૧)

| શહેર | ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| સુરત | ૧૯૦ | ૧૨૮ | ૪૦૦૩ | ૩૯ | ૨૪૪ |
| વડોદરા | ૫૯ | ૫૫ | ૨૬૬૦ | ૧૧ | ૯૨ |
| અમદાવાદ | ૧૭૫ | ૩૩૧ | ૧૦૭૪૭ | ૮૧ | ૪૦૧ |
| રાજકોટ | ૫૩ | ૫૭ | ૧૭૦૭ | ૧૭ | ૫૭ |

(૨) આ ગુનાઓ પેકીના શહેર પ્રમાણે કેટલા આરોપીઓ ક્યા ક્યા ગુનામાં પકડવામાં આવ્યા,

(૨)

| શહેર | ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| સુરત | ૩૦૨ | ૨૨૩ | ૨૨૬૯ | ૮૬ | ૨૮૧ |
| વડોદરા | ૧૬૨ | ૮૮ | ૧૩૧૫ | ૧૫ | ૧૨૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વડોદરા | ૧૬૨ | ૮૮ | ૧૩૧૫ | ૧૫ | ૧૨૬ |
| અમદાવાદ | ૪૧૯ | ૫૨૧ | ૩૬૧૯ | ૧૬૫ | ૫૮૭ |
| રાજકોટ | ૧૦૪ | ૯૨ | ૯૨૪ | ૨૯ | ૬૯ |

(૩) શહેર પ્રમાણે કેટલા ગુનાઓમાં ગુનેગારોને પકડવાનાં બાકી છે અને

(૩)

| શહેર | ખૂન | લૂંટ | ચોરી | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| સુરત | ૫૬ | ૧૩ | ૯૫ | ૨ | ૬૦ |
| વડોદરા | ૨૦ | ૨૧ | ૧૯ | -- | ૩૨ |
| અમદાવાદ | ૧૪ | ૯૨ | ૩૩૮ | ૧૨ | ૬૯ |
| રાજકોટ | ૦૨ | ૦૪ | ૦૨ | -- | ૧૮ |

(૪) આ ગુનેગારોને પકડવા સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

(૪) જે ગુનામાં નામ નામુદ છે તે ગુનામાં આરોપી પકડેલ છે. જે નાસ્તા ફરતા ગુનેગારો પકડાયા નથી. તેઓ વિરૂધ્ધ સી.આર.પી.સી. ૭૦ મુજબ વોરંટ મેળવી કાર્યવાહી કરવા તથા સી.આર.પી.સી. ૮૨ અને ૮૩ મુજબ કાર્યવાહી કરવા તથા આશ્રય સ્થળો ઉપર ચેકીંગ કરવા તેમજ ફોટા ઉપલબ્ધ કરવાના પગલાં લેવાયેલ છે. અને સતત આરોપીના રહેઠાણ, સગા-સબંધીઓ મિત્રો તથા ઉઠક બેઠકવાળી જગ્યાએ વોચ રાખવામાં આવે છે.

-----------

## આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં વીજળી આપવા અંગે સર્વેની કામગીરી

૧૯૫૬૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા ઈસમોને વીજળી આપવાની કામગીરીનો સર્વે ચાલે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આવી ઝુંપડપટ્ટીઓમાં સર્વેની કામગીરી ક્યારે પૂર્ણ કરી ક્યારે કનેક્શનો આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ઝુંપડપટ્ટીઓમાં સર્વેની કામગીરી માર્ચ-૨૦૦૭ ના અંતે પૂર્ણ કરીને સને ૨૦૦૭-૦૮ ના વર્ષ દરમ્યાન કનેક્શનો આપવાનું આયોજન છે.

-----------

## રાજ્યમાં નશાબંધી હળવી કર્યા બાદ બનેલા ગુનાઓ

૨૧૪૦૮**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ચાલુ સાલે સરકારે નશાબંધી હળવી કરવાનો નિર્ણય અમલ કર્યો છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) નશાબંધી હળવી કર્યા બાદ તે સંબંધી કુલ કેટલા ગુનાઓ અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણ માસમાં નોંધાયા ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) નશાબંધી હળવી કરેલ નથી, નશાબંધી સંબંધે કુલ ૨૧૦૭ ગુનાઓ અમદાવાદ શહેરમાં છેલ્લા ત્રણ માસમાં નોંધાયા છે.

## સ્વાગત કાર્યક્રમ હેઠળ મળેલ ફરિયાદો

૧૯૯૬૦**શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મુખ્ય મંત્રી સ્વાગત કાર્યક્રમ ઉચ્ચસ્તરીય પ્રશ્નો અને ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ફરિયાદો જિલ્લાવાર મળી અને કેટલાનો છેવટનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) કેટલી ફરિયાદો બાકીમાં છે, અને

(૩) આવા કાર્યક્રમો પાછળ સરકારશ્રીએ કેટલો ખર્ચ થયો છે ?

**જવાબ**

(૧) ખંડવાર (૧) અને (૨) નો જવાબ

| કાર્યક્રમનું નામ | ૨૦૦૫ | | | ૨૦૦૬ | | |
|---|---|---|---|---|---|---|
| | મળેલ | નિકાલ | બાકી | મળેલ | નિકાલ | બાકી |
| મુખ્યમંત્રીશ્રીના સ્વાગત કાર્યક્રમ હેઠળ મળેલ જિલ્લાવાર ફરિયાદ | ૧૦૫ | ૧૦૫ | ૦૦ | ૬૭ | ૫૬ | ૧૧ |
| | ૨૦૦૫ | | | ૨૦૦૬ | | |
| | મળેલ | નિકાલ | બાકી | મળેલ | નિકાલ | બાકી |
| જિલ્લા ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળ મળેલ જિલ્લાવાર ફરિયાદ | ૭૯૫૦ | ૭૯૫૦ | ૦૦ | ૬૨૨૭ | ૬૦૭૪ | ૧૫૩ |

જિલ્લાવાર માહિતી દર્શાવતું પત્રક સામેલ કરેલ છે.

(૩) સ્વાગત કાર્યક્રમ પાછળ કોઇ ખર્ચ નથી.

* પત્રક સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.

-----------

## રાજ્યમાં વીજ ઉત્પાદન

૧૮૯૯૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧-જાન્યુ-૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં કેટલા મેગાવોટ પ્રતિદિન વીજ ઉત્પાદન થાય છે,

(૨) કેટલા મેગાવોટ વીજ ઉત્પાદનની માંગ અને ખાધ રહે છે, અને

(૩) ૩૧-ડિસે-૨૦૦૬ને અંતે છેલ્લા એક વર્ષમાં વીજ ખરીદી માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યુ, આ વીજ ખરીદી કઈ કઈ કંપનીઓ પાસેથી કેટલા ભાવ પ્રતિ યુનિટ કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૭૭૧૮ મે.વો. પ્રતિદિન વીજ ઉત્પાદન.

(૨) મહત્તમ અનિયંત્રિત
વીજમાંગ ૧૦૩૭૫ મેગાવોટ
વીજ ખાધ ૨૬૫૭ મેગાવોટ

(૩) - કુલ વીજ ખર્ચ રૂા. ૧૧૦૪૦.૬૯ કરોડ
- કંપનીઓ પાસેથી વીજ ખરીદી અંગેની વિગતો પત્રક-અ મુજબ.

### પત્રક-અ

### વર્ષ ૨૦૦૬ માં વિવિધ વીજ કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળીની વિગતો દર્શાવતુ પત્રક

**૨૦૦૬**

| અ.નં. | એજન્સીનું નામ | મીલીયન યુનિટ | રૂપિયા (કરોડમાં) | સરેરાશ ભાવ રૂા./યુનીટ |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ સેક્ટર | | | | |
| ૧ | એનપીસી-તારાપુર-૧-૨ | ૧૦૦૯ | ૯૭.૬૭ | ૦.૯૭ |
| ૨ | એનપીસી તારાપુર-૩-૪ | ૭૪૭ | ૧૯૮.૫૯ | ૨.૬૬ |
| ૩ | એનપીસી-કાક્રાપાર | ૫૪૦ | ૧૦૫.૭૪ | ૧.૯૬ |
| ૪ | એનટીપીસી-વીંધ્યાચલ-૧ | ૧૭૪૦ | ૨૫૬.૧૫ | ૧.૪૭ |
| ૫ | એનટીપીસી-વીંધ્યાચલ-૨ | ૧૯૩૭ | ૨૯૮.૩૯ | ૧.૫૪ |
| ૬ | એનટીપીસી-વીંધ્યાચલ-૩ | ૨૧૧ | ૨૬.૧૩ | ૧.૨૪ |
| ૭ | એનટીપીસી-કોરબા | ૨૬૦૭ | ૨૭૯.૩૦ | ૧.૦૭ |

| અ.નં. | એજન્સીનું નામ | મીલીયન યુનિટ | રૂપિયા (કરોડમાં) | સરેરાશ ભાવ રૂા./યુનીટ |
|---|---|---|---|---|
| ૮ | એનટીપીસી-કાવાસ | ૫૮૯ | ૨૯૪.૯૯ | ૫.૦૧ |
| ૯ | એનટીપીસી-ગાંધાર | ૧૬૦૬ | ૩૯૬.૫૯ | ૨.૪૭ |
| ૧૦ | એનટીપીસી-ઈઆર | ૨૭.૦૯ | ૨.૯૯ | - |
| ૧૧ | સરદાર સરોવર નર્મદા નીગમ | ૫૬૨ | ૧૧૫.૧૨ | ૨.૦૫ |
| આઈપીપીએસ | | | | |
| ૧૨ | એસાર | ૧૭૭૦ | ૪૭૯.૧૮ | ૨.૭૧ |
| ૧૩ | જીપીઈસી | ૪૨૫૦ | ૧૨૨૧.૬૮ | ૨.૮૭ |
| ૧૪ | જીએસઈજી | ૧૦૯૫ | ૨૭૭.૨૮ | ૨.૫૩ |
| ૧૫ | જીઆઈપીસીએલ (૧૬૦ | ૧૧૪૨ | ૨૩૨.૨૧ | ૨.૦૩ |
| ૧૬ | જીઆઈપીસીએલ | ૧૫૯૨ | ૩૨૮.૨૭ | ૨.૦૬ |
| ૧૭ | જીએમડીસી | ૨૫૭ | ૩૭.૦૩ | ૧.૪૪ |
| જીએસઈસીએલ | | | | |
| ૧૮ | જીએસઈસીએલ - | ૧૨૯૪ | ૨૯૪.૭૯ | ૨.૨૮ |
| ૧૯ | જીએસઈસીએલ- | ૧૩૯૯ | ૨૯૩.૪૩ | ૨.૧૦ |
| ૨૦ | જીએસઈસીએલ-(ઉત્તરાણ) | ૯૯૬ | ૨૫૪.૯૪ | ૨.૫૬ |
| ૨૧ | જીએસઈસીએલ-(ધુવારણ) | ૪૩૫ | ૮૮.૪૪ | ૨.૦૩ |
| ૨૨ | ઉકાઈ | ૪૯૦૧ | ૮૬૫.૦૫ | ૧.૭૬ |
| ૨૩ | ગાંધીનગર ૧-૪ | ૩૨૬૯ | ૫૯૩.૨૬ | ૧.૮૧ |
| ૨૪ | વણાકબોરી ૧-૬ | ૮૮૧૩ | ૧૫૭૯.૬૭ | ૧.૭૯ |
| ૨૫ | સીક્કા થર્મલ | ૧૫૩૫ | ૪૦૮.૦૦ | ૨.૬૬ |
| ૨૬ | ક્ચ્છ લીગનાઈટ | ૯૬૫ | ૨૩૯.૭૪ | ૨.૪૯ |
| ૨૭ | ધુવારણ ઓલ્ડ | ૧૨૦૦ | ૪૦૭.૧૧ | ૩.૩૯ |
| ૨૮ | કડાના હાઈડ્રો | ૫૧ | ૧૮.૨૩ | ૩.૫૫ |
| ૨૯ | ઉકાઈ હાઈડ્રો | ૧૪૨ | ૭.૦૫ | ૦.૪૯ |
| ટ્રેડર્સ | | | | |
| ૩૦ | પાવર ટ્રેડીંગ કોર્પોરેશન લી. | - | - | - |
| ૩૧ | છત્તીસગઢ સ્ટેટ ઈલેક્ટ્રીસીટી | - | - | - |
| ૩૨ | વિદ્યુત વેપાર નિગમ લી. | ૩ | ૧.૬૩ | ૪.૬૯ |
| ૩૩ | અદાણી એન્ટરપ્રાઈઝ | ૫૧૬ | ૨૭૪.૩૧ | ૫.૩૨ |
| ૩૪ | રીલાયન્સ એનર્જી ટ્રેડીંગ ક્રુ. | ૯૩ | ૩૬.૦૦ | ૩.૮૬ |
| ૩૫ | ટાટા પાવર ટ્રેડીંગ ક્રુ. લી. | ૨૦ | ૧૦.૪૮ | ૫.૧૫ |
| ૩૬ | સુભાસ ક્બીની પાવર કોર્પો. | ૩૭ | ૧૪.૦૬ | ૩.૮૪ |
| ૩૭ | લાંકો ઈલેક્ટ્રીક યુટીલીટી. લી. | ૪૧ | ૧૬.૯૬ | ૪.૧૪ |
| ૩૮ | કરમચંદ થાપર એન્ડ બ્રધર્સ | ૪ | ૨.૦૧ | ૫.૦૬ |
| ૩૯ | જેએસડબલ્યુ પાવર ટ્રેડીંગ | - | - | - |
| અન્ય | | | | |
| ૪૦ | જીઆઈપીસીએલ (૧૪૫ મેગા | ૩૯૩ | ૭૭.૧૩ | ૧.૯૬ |
| ૪૧ | એઈસીઓ | ૨૭ | ૫.૯૪ | ૨.૨૧ |
| ૪૨ | વીન્ડ ફાર્મ | ૨૩ | ૪.૧૪ | ૧.૭૯ |
| ૪૩ | કેપટીવ પાવર | ૩૯૭ | ૭૯.૬૭ | ૨.૦૧ |
| ૪૪ | ટીઆર.સીએચજીએસ- | - | ૧૦૨.૩૬ | - |
| ૪૫ | વીલીંગ ચાર્જીસ | - | ૦.૮૮ | - |
| ૪૬ | જેટકો વીલીંગ | - | ૭૧૮.૧૨ | - |
| પાવર ખરીદીનો કુલ ખર્ચ | | ૪૮૨૩૫ | ૧૧૦૪૦.૬૯ | ૨.૨૯ |

**નોંધ :** જીઈબીના પાવર સ્ટેશનો એપ્રિલ-૨૦૦૫ થી જીસેક્ને તબદીલ કરેલ હોવાથી જીસેક પાસેથી ખરીદ કરાયેલ વીજળીને ઉપરોક્ત વર્ષ-૨૦૦૬માં સામેલ કરેલ છે.

**રાજકોટ જિલ્લામાં સહભાગી જળ સંચય યોજનાના ચેકડેમની અરજીઓ**

૧૮૭૯૧**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના ધ્વારા કેટલી રકમના ખર્ચે કેટલા ચેકડેમો તાલુકાવાર બાંધવામાં આવ્યા,

(૨) ચેકડેમો બાંધવા માટે છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, અને

(૩) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ નીચે મુજબ ચેકડેમો તાલુકાવાર બાંધવામાં આવ્યા.

| તાલુકો | બંધાયેલ ચેકડેમોની સંખ્યા | ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| જસદણ | ૧૭ | ૪૧.૩૦ |
| કોટડાસાંગાણી | ૯ | ૯.૦૦ |
| પડધરી | ૧૬ | ૫૬.૬૦ |
| ટંકારા | ૨૦ | ૨૯.૯૪ |
| મોરબી | ૨૭ | ૨૧૩.૮૨ |
| માળીયા (મી) | ૯ | ૨૮.૬૦ |
| ગોંડલ | ૧૬ | ૨૯.૨૮ |
| જેતપુર | ૩ | ૩.૨૧ |
| લોધીકા | ૨ | ૯.૫૪ |
| ધોરાજી | ૯ | ૭૪.૪૯ |
| ઉપલેટા | ૨૧ | ૨૮૦.૮૪ |
| જામકંડોરણા | ૪ | ૮.૨૪ |
| રાજકોટ | ૫૫ | ૯૫.૭૯ |
| વાંકાનેર | ૨૬ | ૬૪.૯૪ |
| કુલ : | ૨૩૪ | ૯૪૩.૫૯ |

(૨) ૧૬૫૮ અરજીઓ આવી.

(૩) ૮૨૦ અરજીઓ મંજૂર કરવામાં આવી.

-----------

**રાજ્યના બંધ ઉદ્યોગો અંગેની માહિતી**

૧૯૯૭૪ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી રાજ્યમાં જે ઉદ્યોગો સદંતર બંધ થઈ ગયા છે અને નાણાં ન ભરાવાના કારણે જેના વીજળી પાણીના જોડાણો પણ કપાઈ ગયા છે તેવા ઉદ્યોગ સ્થાપનારાઓને માફી/વળતરની યોજના ધ્વારા બાકી રકમની વસુલાતમાં સરકાર રાહત આપવા વિચારી રહી છે તે વાત સાચી,

(૨) જો ના, તો તેના શું કારણો છે, અને

(૩) જો હા, તો ક્યા ઉદ્યોગોને કેવા પ્રકારની રાહત આપવા વિચારાયું છે ?

**જવાબ**

(૧) જે ઉદ્યોગો માંદગીના કારણે બંધ થયેલા છે તેવા ઉદ્યોગો પુનઃ પોષણક્ષમ બની શકે તે માટે નવી ઓદ્યોગિક નીતી હેઠળ રાજ્ય સરકારે તા. ૧૨-૫-૦૪ ના ઠરાવથી બાયફર અને જીબાયફર યોજનામાં નોંધાયેલા એકમો માટે રાહતો જાહેર કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ યોજના હેઠળ પોષણક્ષમ બની શકે તેવા માંદા ઓદ્યોગિક એકમોની રાજ્ય સરકારની લ્હેણી વેચાણવેરા, ઈલેક્ટ્રીસીટી ડ્યુટીની રકમનું ડિફર પેમેન્ટ તેમજ બોર્ડ/નિગમોની બાકી લ્હેણી રકમોનું વન ટાઈમ સેટલમેન્ટ કરી શકે છે.

**કચ્છ જિલ્લામાં મળી આવેલ પેટ્રોલનો જથ્થો**

૨૦૦૫૮ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં શારકામ દરમ્યાન કયા સ્થળોએ પેટ્રોલનો જથ્થો મળી આવેલ છે,

(૨) આ જથ્થો અંદાજે કેટલો છે, અને

(૩) હજુ ક્યા ક્યા સ્થળોએ શારકામ ચાલુ છે અથવા શરુ થશે ?

**જવાબ**

(૧) ઉત્પાદન માટે કોઈ શારકામ થયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલમાં કોઈ શારકામ ચાલુ નથી. સંશોધન પૂર્ણ થયા પછી જ સ્થળ નક્કી થઈ શકે.

-----------

**જામનગર નાઘેડી બાયપાસ પાસે આર.ટી.ઓ. ચેક પોસ્ટમાં ગેરરીતિ**

૨૧૪૨૨ **ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર નાઘેડી બાયપાસ પાસે આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસે ગેરરીતિ આચરી મોટી રકમ લઈને ઓવરલોડ વાહનો પસાર કરવામાં આવે છે તે સરકાર જાણે છે,

(૨) ક્યારેક ઓવરલોડ વાહનોને ચેકપોસ્ટથી પસાર નહી કરીને ગ્રામ્ય રસ્તાઓ ઉપર ચોરી છુપીથી પસાર કરવામાં આવે છે, તે સરકાર જાણે છે,

(૩) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં માફીયાઓ ધ્વારા ગેરકાયદેસર રીતે પસાર કરાવતા કેટલા વાહનો ગ્રામ્ય રસ્તાઓ ઉપરથી પકડાયા, અને

(૪) આ પ્રશ્નનો કાયમી નીરાકરણ માટે સરકારે શી કાર્યવાહી કરી છે ?

**જવાબ**

(૧) ના, જી.

ગેરરીતી આચરી ઓવરલોડ વાહનો પસાર કરવામાં આવતા નથી.

(૨) ના, જી.

ગ્રામ્ય રસ્તાઓ ઉપર ચોરી છુપીથી ઓવરલોડ વાહનોને પસાર કરવામાં આવતા નથી.

મોટર વાહન નિરીક્ષકશ્રીઓ ધ્વારા અવાર નવાર ચેકીંગ કરવામાં આવે છે. જેમાં આવા વાહનો મળી આવેલ નથી.

(૩) માહિતી શૂન્ય છે.

(૪) ૧. મોટર વાહન નિરીક્ષકશ્રીઓ ધ્વારા અવાર નવાર ચેકીંગ કરવામાં આવે છે.

૨. જામનગરથી ૧૪ કિ.મી. વસઈ ગામ નજીક કાયમી ચેકપોસ્ટ બનાવવા માટેની જમીન સંપાદન માટેની કાર્યવાહી ચાલુ છે.

-----------

**હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક બાબત**

૨૦૫૮૭**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાહન વ્યવહાર ખાતાની હિંમતનગર આર.ટી.ઓ. / એ.આર.ટી.ઓ કચેરીની ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ના કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) વાહન વ્યવહાર ખાતાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, હિંમતનગર કચેરીની ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ ના કેલેન્ડર વર્ષની આવક

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૪ | ૧૭૮૦.૮૮ |
| ૨૦૦૫ | ૨૧૬૧.૪૯ |
| ૨૦૦૬ | ૨૩૪૯.૭૩ |

(૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો અને થયેલ એમ.ઓ.યુ.**

૧૯૫૮૭**શ્રી સિધ્ધાર્થ મા. પરમાર(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સન ૨૦૦૪ થી ૨૦૦૬ સુધીમાં વાયબ્રન્ટ ગુજરાતના કુલ કેટલા કાર્યક્રમો થયા, જેમાં કુલ કેટલો ખર્ચ થયો, | (૧) રાજ્યમાં સને ૨૦૦૪માં અને ૨૦૦૬માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટના કાર્યક્રમો થયેલ નથી. સને ૨૦૦૫માં વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ કાર્યક્રમ થયેલ છે. જેનો ખર્ચ રૂા. ૧૩.૩૯ કરોડ થયેલ છે. |
| (૨) કેટલા એમ.ઓ.યુ. સાઈન થયા જેમાં કેટલી કંપનીએ રોકાણ કર્યું અને કેટલું, અને<br>(૩) એમ.ઓ.યુ. કેટલા કરોડના અને તેની સામે રોકાણ કેટલા કરોડનું ક્યા ક્યા વર્ષમાં કઈ કઈ કંપનીએ કર્યુ ? | (૨) અને (૩) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૦૫માં કુલ રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના મૂડી રોકાણના ૨૨૬ એમ.ઓ.યુ./ જાહેરાત થયેલ છે. તે પૈકી રૂા. ૮૮,૨૫૦ કરોડના ૧૬૯ પ્રોજેકટો સ્થાપના હેઠળ છે. આ પૈકી રૂા. ૨૨,૭૮૦ કરોડના ૮૪ પ્રોજેકટો ઉત્પાદનમાં આવેલા છે જ્યારે રૂા. ૬૫૪૭૦ કરોડના મૂડી રોકાણવાળા ૮૫ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ છે. |

-----------

**રાજકોટ જિલ્લામાં લોકદરબાર બાબતે**

૨૦૫૯૪ **શ્રીમતી જયોત્સનાબેન સોમાણી(વાંકાનેર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંત્તરે સ્થાનિક કક્ષાએ ""લોક દરબાર"" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીકત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) વર્ષ — યોજાયેલ લોકદરબાર<br>૨૦૦૫ — ૧૫૫<br>૨૦૦૬ — ૧૪૫ |

-----------

**માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં ઘોડેસવાર પોલીસ**

૧૯૧૬૦ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૪ના વર્ષથી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકાના કેટલા ગામોમાં ઘોડેસવાર હથિયારધારી પોલીસની પાક રક્ષણ માટે માંગણીઓ આવેલ છે, અને | (૧) **વર્ષ--૨૦૦૪**<br>તાલુકો — ગામ<br>વિરમગામ — શિયાળ ગામ<br>**વર્ષ--૨૦૦૫**<br>વિરમગામ — શિયાળ ગામ<br>વિરમગામ — વણીગામ<br>દેત્રોજ — અમરપુરાગામ<br>**વર્ષ--૨૦૦૬**<br>વિરમગામ — શિયાળ ગામ<br>વિરમગામ — વણીગામ<br>વિરમગામ — ગોરૈયા ગામ<br>વિરમગામ — ડુમાણા તથા ભોજવા ગામ<br>દેત્રોજ — અમરપુરાગામ<br>જ્યારે માંડલ તાલુકામાંથી કોઈ માંગણી આવેલ નથી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ | (૨) માંગણીવાળા તમામ ગામોમાં ઘોડેસવાર |

કેટલા ગામોમાં ઘોડેસવાર પોલીસ ફરજ બજાવે છે અને કેટલા ગામો બાકી છે ?

પોલીસ ફરજ બજાવે છે. કોઈ ગામ બાકી નથી.

-----------

**એસ.આર.પી. ગ્રુપ-પ ગોધરાના પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસ**

૨૦૫૯૧**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/ અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની વાત ખરી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ એસ.આર.પી. ગ્રુપ-૫, ગોધરામાં કેટલા પાલીસ અધિકારી/ કર્મચારીઓ ફરજ બજાવે છે, અને<br>(૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઇ છે ? | (૨) અને (૩) ફરજ બજાવતા કુલ ૯૩૫ અધિકારી/ કર્મચારીઓ પૈકી ૮૭૦ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-----------

**ફ્રી - ઝોનની સ્થાપના અંગેની માહિતી**

૨૦૧૭૦ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લા અને તાલુકામાં ઉદ્યોગ માટે ફ્રી ઝોન સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં ફ્રી ઝોન સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ નથી પરંતુ રાજ્યમાં ભારત સરકાર દ્વારા ૩૩ (તેત્રીસ) સ્પેશીયલ ઈકોનોમીક ઝોન સ્થાપવા માટે મંજુરી આપવામાં આવેલ છે. (* યાદી સામેલ છે) |
| (૨) ફ્રી ઝોનની સ્થાપનાથી રાજ્યને કેવા પ્રકારના ફાયદા થાય તેમ છે ? | (૨) સ્પેશીયલ ઈકોનોમીક ઝોન સ્થાપવાથી નવું મૂડી રોકાણ આવશે, નિકાસ વૃધ્ધિ થશે, નવી રોજગારી ઉભી થશે, તથા વિશ્વસ્તરની આંતરમાળખાકીય સવલતો ઉભી થશે. |

(* યાદી સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

-----------

**જ્યોતિગ્રામ યોજના અંગેની માહિતી**

૨૧૨૪૭ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના થવાથી ખેતરોમાં રહેતા કુટુંબોને વીજળીનો લાભ આપવામાં આવે છે, | (૧) હા જી. |
| (૨) જો લાભ આપવામાં આવતો હોય તો કોના ખર્ચે લાભ આપવામાં આવે છે, અને | (૨) રાજ્ય સરકારના ખર્ચે લાભ આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં આવા કેટલા કુટુંબોને લાભ આપવામાં આવ્યો ? | (૩) કુલ ૧,૪૮,૫૩૨ કુટુંબોને લાભ આપવામાં આવેલ છે. |

-----------

**જૂનાગઢ આર.ટી.ઓ. ની આવક**

૨૦૫૮૬**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાહન વ્યવહાર ખાતાની જૂનાગઢ આર. ટી. ઓ/ એ.આર.ટી.ઓ. કચેરીની ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ ના કેલેન્ડર વર્ષની આવક કેટલી થઇ, અને | (૧) વાહન વ્યવહાર ખાતાની પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, જૂનાગઢ કચેરીની ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬ના કેલેન્ડર વર્ષની આવક |

વર્ષ આવક (રૂા. લાખમાં)

| | |
|---|---|
| ૨૦૦૪ | ૧૯૮૯.૬૨ |
| ૨૦૦૫ | ૨૧૮૦.૧૬ |
| ૨૦૦૬ | ૨૪૩૯.૭૧ |

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) આવકમાં વધારો થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ઝૂજ સિંચાઇ યોજનાના કમાન્ડ એરીયામાં આવતા ગામોમાં બાકી કામો**

૨૦૮૫૨ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાની વાંસદા તાલુકાની ઝૂજ સિંચાઇ યોજનાની કમાન્ડ એરીયામાં આવતા કેટલા ગામોમાં તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કામો બાકી છે, અને

(૨) બાકી રહેતા ગામોમાં આ કામગીરી કેટલા સમયમાં પૂરી કરી પાણી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ કોઈ ગામો બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં ફોજદારી અને લાંચ કેસમાં સપડાયેલા પોલીસ અધિકારીઓ**

૧૯૧૪૪**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કેટલા પોલીસ અધિકારીઓ ફોજદારી ગુનામાં અને કેટલા લાંચ કેસમાં પકડાયા છે,

(૨) તેમની સામે શી કાર્યવાહી કરી, અને

(૩) તેમની સામે અપ્રમાણસર મિલક્ત ધરાવતા અંગે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) લાંચ રુશ્વતના કેસોમાં કુલ-૧૯૨ પોલીસ અધિકારીઓ અને ફોજદારી ગુનામાં ૩૭૩ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ પકડાયેલ છે.

(૨) **લાંચના કેસોમાં નીચે મુજબ કાર્યવાહી કરેલ છે.**

| | |
|---|---|
| બદલી | ૧૮૩ |
| ફરજ મોકુફી | ૧૫૦ |
| ચાર્જશીટ | ૧૩૭ |

**ફોજદારી કેસોમાં નીચે મુજબ કાર્યવાહી કરેલ છે.**

૩૫૫ વિરુધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે.
૮ ગુનામાં પોલીસ તપાસ ચાલુ છે.
૭ ગુનામાં ફાઈનલ ભરવામાં આવેલ છે.
૨ ગુનામાં આરોપીનું મરણ થતાં એબેટેડ સમરી
૧ ગુનો સાબીત થયેલ છે.

(૩) ઉપરોક્ત ગુનાઓ પેકી ગોધરા એ.સી.બી.ગુ.ર. નં. ૨/ ૨૦૦૫માં ઘરની ઝડતી દરમ્યાન અપ્રમાણસર મિલક્ત જણાઈ આવતાં આક્ષેપિત શ્રી રાઠોડ પો.સ.ઈ. વિરુધ્ધ ગોધરા એ.સી.બી. નં. ૪/૨૦૦૫ થી અપ્રમાણસર મિલક્તનો ગુનો નોંધવામાં આવેલ છે, જેની તપાસ ચાલુ છે.

-----------

**નર્મદા મુખ્ય કેનાલમાંથી પાટણ જિલ્લાને આપવામાં આવતા પાણીનું શુધ્ધિકરણ**

૧૯૬૦૧**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ નર્મદા મેઇન કેનાલમાંથી પાટણ જિલ્લાના કેટલા તાલુકાઓમાં પીવાનું પાણી આપવામાં આવે છે,

(૨) આ પાણીની શુધ્ધિકરણ યોજના બરાબર કાર્યરત થઇ છે કે કેમ,

(૩) જો હા, તો હજુ પાણીમાં વાસ કેમ આવે છે, અને

**જવાબ**

(૧) એક તાલુકાને

(૨) હા, જી.

(૩) પાણીને જંતુવિહિન કરવા માટે ક્લોરિનેશનની પ્રક્યિા કરવી પડે છે. આ પ્રક્યિામાં ક્લોરિન વાયુની

હાજરીના કારણે ક્યારેક ગંધ આવતી હોય છે જે સામાન્ય બાબત છે.

(૪) તેના માટે રાજ્ય સરકાર શાં પગલાં લેવા માંગે છે ?

(૪) પ્રશ્ન રહેતો નથી.

-----------

**ઉર્જાની જરૂરિયાત અને ઉત્પાદન**

૨૧૨૬૨**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યની ઉર્જાની જરૂરિયાત કેટલા મેગાવોટની છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં કેટલા મેગાવોટ ઉર્જાનું ઉત્પાદન કરવામાં આવ્યું અને કઇ કઇ રીતે ?

**જવાબ**

(૧) **મહત્તમ અનિયંત્રિત જરૂરિયાત ૧૦૩૭૫ મેગાવોટ.**

(૨)

| ઉત્પાદક | વીજ ઉત્પાદન (મિલીયન યુનિટ) વર્ષ ૨૦૦૫ | વીજ ઉત્પાદન (મિલીયન યુનિટ) વર્ષ ૨૦૦૬ |
|---|---|---|
| જી.એસ.ઈ.સી.એલ. | ૨૭૧૪૪ | ૨૭૮૪૦ |
| ખાનગી ક્ષેત્ર | ૧૮૦૫૫ | ૧૭૪૩૪ |
| સેન્ટ્રલ સેકટરમાંથી મળેલ હિસ્સો. | ૧૩૪૫૭ | ૧૫૩૫૨ |
| કુલ.. | ૫૮૬૫૬ | ૬૦૬૨૬ |

-----------

**જિલ્લાકક્ષાના અને તાલુકા કક્ષાના આયોજનની રકમ**

૨૦૮૫૬ **શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ જામજોધપુર અને લાલપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં જિલ્લાકક્ષાના અને તાલુકાકક્ષાના આયોજનની રકમ તથા એમ.એલ.એ. ફંડમાંથી કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) જો હા, તો ક્યા ક્યા કામો પૂર્ણ કરેલ છે, અને

(૩) બાકી રહેતા કામો ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) જામજોધપુર તાલુકામાં જિલ્લાકક્ષા માટે રૂપિયા
૨૦.૭૫ લાખ અને તાલુકાકક્ષા માટે રૂપિયા ૫૬.૪૨ લાખ તથા એમ.એલ.એ. ફંડમાંથી ૧૨.૦૨ લાખ અને લાલપુર તાલુકામાં જિલ્લાકક્ષા માટે રૂપિયા ૧૨.૬૦ લાખ અને તાલુકાકક્ષા માટે રૂપિયા ૬૧.૨૨ લાખ તથા એમ.એલ.એ. ફંડમાંથી રૂપિયા ૧૩.૬૮ લાખના કામો મંજૂર કરવામાં આવ્યાં છે.

(૨) જામજોધપુર તાલુકામાં જિલ્લાક્ષાના ૪ અને તાલુકાકક્ષાના ૩૭ તથા એમ.એલ.એ. ફંડના ૧૧ અને લાલપુર તાલુકામાં જિલ્લાકક્ષાના ૩ અને તાલુકાકક્ષાના ૧૩૬ તથા એમ.એલ.એ. ફંડના ૭ કામો મળી કુલ ૧૯૮ કામો પૂર્ણ થયાં છે.

(૩) બાકી રહેલ પ્રગતિ હેઠળના કામો ઝડપથી પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સાબરકાંઠામાં હાથમતિ જલાગાર**

૨૧૦૬૯ **શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠામાં હાથમતિ જલાગારના ભાગ રુપે બોખ ભીમડેમને ક્રોલ ડેમમાંથી પાણી લીકેજ થાય છે તો તે સરકાર જાણે છે, અને

(૨) પાણી લીકેજ થાય છે તો શાં પગલાં ભરવા

**જવાબ**

(૧) હા, જી.

(૨) ક્રોલ ડેમના હેડ રેગ્યુલેટરમાંથી લીકેજ થાય

માંગો છો ?

છે, જે બંધ કરવા જરૂરી મરામતનું કામ ચોમાસા-૦૭ પહેલાં કરવાનું આયોજન છે.

-----------

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર લોકદરબારના આયોજન બાબત**

૧૯૪૦૩**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ સ્ટેશન પ્રમાણે કેટલા લોક દરબારનું આયોજન છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યું, અને,

**જવાબ**

(૧)

| વર્ષ-૨૦૦૫ | | | વર્ષ-૨૦૦૬ | | |
|---|---|---|---|---|---|
| | પો.સ્ટે.નું નામ | યોજાયેલ લોક દરબાર | | પો.સ્ટે.નું નામ | યોજાયેલ લોક દરબાર |
| ૧ | ચોરવાડ (બરૂલા) | ૧ | ૧ | એ.ડીવીઝન | ૩ |
| ૨ | મેંદરડા | ૧ | ૨ | બી.ડીવીઝન | ૧ |
| ૩ | ભેંસાણ (બામણગઢ) | ૧ | ૩ | જુ. તાલુકા (મજેવડી) | ૨ |
| ૪ | તાલાલા | ૧ | ૪ | મેંદરડા (મોટી ખોડીયાર) | ૧ |
| ૫ | જુ.તાલુકા (ગ્રીનસીટી) | ૧ | ૫ | ભેંસાણ (બામણગઢ) | ૧ |
| ૬ | કેશોદ | ૧ | ૬ | બિલખા (ક્નેડીપુર) | ૧ |
| ૭ | માણાવદર | ૧ | ૭ | વિસાવદર | ૧ |
| ૮ | વંથલી | ૧ | ૮ | કેશોદ (બાલાગામ) | ૩ |
| ૯ | બિલખા | ૧ | ૯ | વંથલી (શાપુર) | ૨ |
| ૧૦ | માંગરોલ | ૧ | ૧૦ | માણાવદર (સરદારગઢ) | ૨ |
| ૧૧ | બાંટવા | ૧ | ૧૧ | બાંટવા | ૧ |
| ૧૨ | માળીયા (ગળોદર) | ૧ | ૧૨ | માંગરોલ (ઢેલાણા) | ૨ |
| ૧૩ | ભેંસાણ | ૧ | ૧૩ | શીલ (બગસરા) | ૩ |
| ૧૪ | શીલ | ૧ | ૧૪ | ચોરવાડ (કાણેક) | ૨ |
| ૧૫ | વેરાવલ | ૧ | ૧૫ | માળીયા (ગળોદર) | ૧ |
| ૧૬ | કોડીનાર (ઘાંટવડ) | ૧ | ૧૬ | વેરાવળ | ૧ |
| ૧૭ | કોડીનાર (હરમડીયા) | ૧ | ૧૭ | પ્ર. પાટણ | ૧ |
| ૧૮ | કોડીનાર (ટાઉન) | ૧ | ૧૮ | કોડીનાર (હરમડીયા) | ૧ |
| | | | ૧૯ | ઉના (દેલવાડા) | ૧ |
| | | | ૨૦ | સુત્રાપાડા | ૧ |
| | | | ૨૧ | ગઢડા (ઇટવાયા) | ૧ |

(૨) આવા લોકદરબારોમાં કેટલા લોકોએ ભાગ લીધો ?

(૨) કુલ-૧૬૦૭.

-----------

**સ્પેશીયલ ઓપરેશન ગ્રૂપની રચના**

૨૦૬૦૮**શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આતંકવાદી ઘટનાઓ ના બને તે માટે, તકેદારીના પગલાં રૂપે અદ્યતન તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રીથી સુસજ્જ એવા સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની જિલ્લા/શહેરવાર રચના કરવાના નિર્ણય તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કરેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેની તાલીમ શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સંબંધિત અધિકારીઓને વ્યવસ્થા ગોઠવવા માટે સૂચના આપવામાં આવેલ છે.

**નવસારી જિલ્લામાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ અરજીઓ**

૧૯૦૯૪ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના અન્વયે નવસારી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી, અને

**જવાબ**

(૧) અને (૨) : એકપણ નહી, પરંતુ ગુજરાત ઉર્જા વિકાસ નિગમની વિભાગીય કચેરી દ્વારા સર્વે હાથ ધરીને નવસારી જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ તાલુકાવાર નીચે મુજબ ૨૦૮૧૪ લાભાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | આવરી લેવાયેલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | ચીખલી | ૧૩૮૦૧ |
| ૨ | ગણદેવી | ૨૨૨૭ |
| ૩ | નવસારી | ૨૨૮ |
| ૪ | જલાલપોર | ૧૭૯૯ |
| ૫ | વાંસદા | ૨૭૫૯ |
| | **કુલ...** | **૨૦૮૧૪** |

(૩) કુલ કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ તે અન્વયે કરવામાં આવ્યો ?

(૩) આ યોજના માટેના પ્રોજેક્ટને ડિસેમ્બર-૨૦૦૬માં ભારત સરકારના રૂરલ ઇલેક્ટ્રીફીકેશન કોર્પોરિશન દ્વારા માત્ર સૈધ્ધાન્તિક મંજૂરી મળેલ હોઇ, રકમ ફાળવવાનો કે ખર્ચ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કલોલ તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત**

૨૧૩૬૭**ડૉ. અતુલ કે. પટેલ(કલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કલોલ તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી આપવા માટે અંડર ગ્રાઉન્ડ ટાંકીઓ કેટલા ગામે બનાવવાની બાકી છે, અને,

(૨) બાકી રહેલ અંડર ગ્રાઉન્ડ ટાંકી ક્યારે બનાવવા માંગો છો ?

**જવાબ**

(૧) ત્રણ ગામોએ.

(૨) મે-૨૦૦૭ સુધીમાં બનાવવાનું આયોજન છે.

-----------

**પાણીની ગુણવત્તા સુધારવા માટે પ્રયોગ શાળાઓ**

૨૧૦૮૭ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકાર દ્વારા પાણીની ગુણવત્તા સુધારવા માટે તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં જિલ્લા સ્તરે કેટલી નવીન પ્રયોગશાળાઓ શરૂ કરવામાં આવી, અને | (૧) ત્રણ. |
| (૨) આ નવીન પ્રયોગશાળા ઉભી કરવા કેટલી ગ્રાન્ટ ભારત સરકારે ફાળવી ? | (૨) ભારત સરકારે કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી. |

-----------

**કચ્છ જિલ્લામાં નર્મદાના વધારાના પાણીનું આયોજન**

૨૧૪૨૬**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાના વધારાના પાણીમાંથી કેટલા એમ. એ.એફ. પાણી કચ્છ જિલ્લામાં આપવાનું છે, | (૧) નર્મદાના પુરના વધારાના પાણીમાંથી ૧ મીલીયન એકર ફૂટ પાણી કચ્છ જિલ્લામાં આપવાનું આયોજન છે. |
| (૨) તેના સંગ્રહ માટે સરકારે શું આયોજન કરેલ છે, અને | (૨) અને (૩) નર્મદા બ્રાન્ચ કેનાલમાંથી ચોમાસા દરમ્યાન પાણી મેળવી, સિંચાઇને લગત હયાત, સૂચિત અને જરૂર મુજબના નવા બાંધકામો કરી તેમાં પાણીનો સંગ્રહ કરવા અંગે વિવિધ વિકલ્પોની ચકાસણીની કામગીરી હાથ ધરેલ છે. |
| (૩) તે ક્યા તબક્કામાં છે ? | |

-----------

**વિદ્યુત શુલ્ક માફ કરવા અંગે**

૧૯૯૨૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા વિદ્યુત શુલ્ક પેટે ઘર વપરાશના વિજ ગ્રાહકો પાસેથી કેટલી રકમ વસુલ થઇ, અને | (૧) રૂા. ૫૨૮.૬૧ ક્રોડ. |
| (૨) ઘર વપરાશ વિજ દરના ઉંચા ભાવોને ધ્યાને લઇ રાજ્ય સરકાર વિદ્યુત શુલ્ક સંપૂર્ણપણે માફ કરવા માંગે છે કે કેમ ? | (૨) ના, જી. |

-----------

**વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં નવી જેલ બાંધવા અંગે**

૨૦૬૧૯**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં નવી જેલ બાંધવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે માટે કેટલી ગ્રાન્ટ ક્યારે મંજૂર કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ કામ ક્યારે ચાલુ કરવા માંગો છો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પોલીસ મહેકમમાં ભરતી કરવા બાબત**

૨૦૬૦૪**શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદી જુદી સંવર્ગોમાં ભરતી કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

ભરતી નિયમો, પ્રવર્તમાન સૂચનાઓ તથા વહીવટી અનુકૂળતા મુજબ ભરતીની કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**ભરૂચ તાલુકામાં કાંસની સફાઇની કામગીરી**

૨૦૭૫૦ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગત વર્ષ ૨૦૦૫-૦૬ માં ભરુચ તાલુકામાં કેટલા કાંસોની સફાઇ કરવામાં આવી ?

**જવાબ**

ગત વર્ષ ૨૦૦૫-૦૬માં ભરૂચ તાલુકામાં આઠ કાંસોની સફાઇ કરવામાં આવેલ છે.

-----------

**સુરત પોલીસનું મહેકમ વધારવા બાબત**

૨૦૭૮૯ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત પોલીસ કમિશ્નર કચેરી દ્વારા રાજ્ય સરકારને સુરત પોલીસનું મહેકમ વધારવા માટે તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઇ દરખાસ્ત મળેલ છે, કે કેમ,

(૨) જો હા, તો આ દરખાસ્ત અંગે સરકારે કોઇ નિર્ણય કરેલ છે કે કેમ,

(૩) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સરકાર દ્વારા સુરત ખાતે પોલીસદળનું કેટલું મહેકમ મંજૂર છે, અને

(૪) મંજૂર મહેકમમાંથી વિવિધ જગ્યાઓમાંથી કેટલી જગ્યા ખાલી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્ય માટે કુલ-૧૫૭ જગ્યાઓ મંજૂર કરેલ છે.

(૩) અને (૪)

| ક્રમ | સંવર્ગ | મંજૂર | ખાલી |
|---|---|---|---|
| ૧ | પોલીસ કમિશ્નર | ૧ | -- |
| ૨ | અધિક પોલીસ કમિશ્નર | ૩ | ૧ |
| ૩ | નાયબ પોલીસ કમિશ્નર | ૫ | ૧ |
| ૪ | મદદનીશ પોલીસ કમિશ્નર | ૧૦ | -- |
| ૫ | પોલીસ ઇન્સ્પેક્ટર | ૩૨ | ૪ |
| ૬ | પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૨૨૦ | ૮૩ |
| ૭ | હેડ કોન્સ્ટેબલ | ૧૨૧૩ | ૩ |
| ૮ | પોલીસ કોન્સ્ટેબલ | ૧૮૯૭ | ૨૦૦ |
| ૯ | લોકરક્ષક | ૧૭૩ | ૫૨ |

-----------

**સુરત જિલ્લામાં કાંસની સફાઇ**

૨૧૦૮૪**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં કાંસની સફાઇ માટે તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું કામગીરી કરી, અને

(૨) કાંસના કામોની સફાઇને લીધે શું ફાયદો થયો?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં ૮૬ કિ.મી.ની લંબાઇમાં ચોમાસા પહેલાં કાંસની સફાઇ કરવામાં આવેલ હતી, જ્યારે ૩૪૩૮ કિ.મી.ની લંબાઇમાં ૩૧-૧-૨૦૦૭ સુધીમાં કાંસની સફાઇના કામો શરૂ કરવામાં આવેલ છે.

(૨) કાંસના સફાઇના કામો થવાથી પાણીનો ઝડપી નિકાલ થવાથી આજુબાજુના વિસ્તારમાં પાણી ભરાવાના પ્રશ્નોમાં ઘટાડો થશે.

**ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં જી.આઇ.ડી.સી.ની સ્થાપના અંગે**

૨૦૭૭૦**શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં જી.આઇ.ડી.સી. ની સ્થાપના કરવા અંગેની દરખાસ્તો સરકારમાં મળેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે સંબંધમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં જી.આઇ.ડી.સી. ઉભી કરવાનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**નર્મદા નદીમાંથી સરસ્વતી નદીમાં પાણી નાંખવા અંગે**

૧૮૯૮૭ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫ દરમ્યાન નર્મદા નદીમાંથી સરસ્વતી નદીમાં ક્યારથી પાણી વહેવાનું શરૂ કરવામાં આવ્યું છે, | (૧) ઓગસ્ટ-૨૦૦૫ થી. |
| (૨) આ પાણી નાખવાનું ક્યારથી બંધ કરવામાં આવ્યું છે, | (૨) અને (૩) સમયાંતરે પાણી નાંખવામાં આવે છે. |
| (૩) બંધ કરવાનાં અને શરૂ કરવાનાં બંને બાબતોનાં શું કારણો છે, | |
| (૪) પ્રથમ માસે પાણી નાંખવાનો કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૪) રૂા. ૨૦૮ લાખનું બીલ થયેલ છે. |
| (૫) ખર્ચના પ્રમાણમાં આ વિસ્તારનાં જળસ્ત્રોતમાં કેટલો વધારો થયો છે ? | (૫) સરસ્વતી નદીમાં ચેકડેમના આજુબાજુના વિસ્તારમાં ૨.૬૧ મીટર જેટલા પાણીના લેવલ વર્ષ ૨૦૦૫ના વર્ષમાં ઉંચા આવેલ હતા. |

-----------

**જ્યોતિગ્રામ યોજનાથી ગામડાના લોકોને ફાયદા**

૨૧૦૯૧ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજનાથી ગામડાના લોકોને શું ફાયદા થયા, અને | (૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજનાથી ગામડાના લોકોને થયેલ ફાયદાની વિગતો નીચે મુજબ છે.<br>* શહેરમાં થતા સ્થળાંતરમાં ઘટાડો.<br>* વિદ્યુત ઉપકરણોનો મહત્તમ ઉપયોગ.<br>* સ્થાનિક રોજગાર માટે વધુ તકો.<br>* કુટીર/ગૃહ ઉદ્યોગોનો વિકાસ.<br>* સારી આરોગ્ય અને માળખાકીય સવલતો.<br>* જરૂરીયાતના સમયે વીજપુરવઠાની ઉપલબ્ધી.<br>* શૈક્ષણિક કાર્યમાં કમ્પ્યુટરનો મહત્તમ ઉપયોગ.<br>* ઇલેકટ્રીક માધ્યમો દ્વારા મનોરંજન અને માહિતીનો મહત્તમ ઉપયોગ.<br>* દૂધ મંડળીઓને દૂધના પરીક્ષણ માટે સગવડ.<br>* જીવનધોરણમાં સુધારો.<br>* વીજકાપમાંથી મુક્તિ.<br>* ખેતીવાડી માટે નિયંત્રીત અને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો જેના કારણે તેનાથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ અને ભુગર્ભજળમાં વધારો અને ખેડૂતોના મોટરપંપસેટના ફેલ્યોરમાં ઘટાડો. |

* સમાંતર નેટવર્કના કારણે આપત્તીના સમયે વીજપુરવઠાની ઝડપી પુનઃસ્થાપના.

(૨) જ્યોતિગ્રામ યોજનામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યના કેટલા ગામડાઓને આવરી લેવામાં આવ્યાં ?

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યના વીજળીકરણવાળા તમામ ૧૭૭૯૭ ગામોને જ્યોતિગ્રામ યોજનામાં આવરી લેવામાં આવેલ છે.

-----------

**રાજ્યમાં બાળકો ગુમ થવાના કિસ્સા**

૨૧૨૬૯ડૉ. **સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાંથી જિલ્લાવાર કેટલા બાળકો ગુમ થયા, | (૧) *પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે પેકી જિલ્લાવાર કેટલા બાળકો પરત આવ્યા, અને | (૨) *પત્રક-૨ સામેલ છે. |
| (૩) ગુમ થયેલ બાળકોના સંદર્ભે પોલીસ કાર્યવાહીમાં ઢીલાસ અથવા ગેરરીતિના સંદર્ભે રાજ્ય સરકાર ધ્વારા કેવા પગલાં લેવામાં આવે છે ? | (૩) કોઈ ઢીલાશ કે ગેરરીતિ જણાયેલ નથી જેથી સરકાર દ્વારા કોઈ પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(*પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે)

-----------

**મેશ્વા ડેમમાં નર્મદા નદીનું પાણી નાખવા બાબત**

૨૧૦૬૦ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લાના મેશ્વો ડેમમાં નર્મદા નદીનું પાણી નાખવાની યોજના તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબકકામાં છે, અને | (૧) યોજનાના મુખ્ય નિયંત્રક્નું ટેન્ડર મંગાવવામાં આવી રહેલ છે. |
| (૨) આ યોજના ક્યાં સુધી પૂર્ણ કરી ખેડૂતોને સિંચાઈનો લાભ અપાવવા સરકાર માંગે છે ? | (૨) નાણાંકીય ઉપલબ્ધતા અન્વયે કામ હાથ ધરવાનું આયોજન છે. |

-----------

**નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાના વિકલ્પે**

૨૧૧૦૨ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ(ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શું એ વાત સાચી છે કે રાજ્યમાં સરકાર નાની-મધ્યમ-મોટી સિંચાઈ યોજનાના વિકલ્પ રૂપે ચેકડેમો જ કરવા માંગે છે, અને | (૧) ના જી. |
| (૨) જો હા, તો સરકારે લાંબાગાળાની સિંચાઈ વ્યવસ્થા માટે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યમાં લોકાયુક્ત જજની ખાલી જ્ગ્યા હોવા બાબત**

૧૮૯૬૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં લોકાયુક્ત ખાતે જજની જ્ગ્યા કેટલા સમયથી શા કારણોસર ખાલી છે, | (૧) તા. ૨૪-૧૧-૨૦૦૩ (ક્ચેરી સમય બાદ) થી જ્ગ્યા ખાલી છે. |
| (૨) આ ખાલી જ્ગ્યા હજુ સુધી ન ભરવાના કારણો શા છે, અને | (૨) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ-૧૯૮૬માં નિર્દિષ્ટ કાર્યપધ્ધતિ અને પ્રક્રિયા પૂરી કરવામાં લાગતા સમયના કારણે. |
| (૩) સરકારે આ ખાલી જ્ગ્યા ભરવા શી કાર્યવાહી | (૩) ગુજરાત લોકાયુક્ત અધિનિયમ-૧૯૮૬ હેઠળ |

કરવા માંગે છે ?

કરવાપાત્ર કાર્યવાહી.

-----------

**તત્કાલ વીજ જોડાણની સુરત જિલ્લામાં મળેલ અરજીઓ**

૧૯૭૦૫ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ અંતિત તત્કાલ ખેત વીજ જોડાણ યોજના અન્વયે તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ અંતિત તત્કાલ ખેત વીજ જોડાણ યોજના અન્વયે પડતર અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | પડતર અરજીઓની સંખ્યા |
|---|---|
| બારડોલી | ૫૩ |
| ચોર્યાસી | ૧૨ |
| કામરેજ | ૧૪૭ |
| મહુવા | ૮૮ |
| માંડવી | ૧૧૭ |
| નીઝર | ૧ |
| ઓલપાડ | ૧૬૪ |
| પલસાણા | ૮૩ |
| સોનગઢ | ૪૩ |
| ઉચ્છલ | ૦ |
| વાલોડ | ૮૨ |
| વ્યારા | ૮૦ |
| માંગરોળ | ૬૫ |
| ઉમરપાડા | ૨ |
| કુલ... | ૯૩૭ |

**પ્રશ્ન**

(૨) તત્કાલ વીજ જોડાણની આ અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૨) વર્ષ ૨૦૦૭-૦૮માં નિકાલ કરવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણના કેસો**

૨૧૩૨૭ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેટલા કેસો પકડાયા છે, અને

**જવાબ**

(૧) કુલ ૫૯૪ કેસ પકડાયા. જીલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| જીલ્લાનું નામ | કેસની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨૦ |
| અમરેલી | ૩ |
| આણંદ | ૧૨ |
| બનાસકાંઠા | ૧૧ |
| ભરૂચ | ૧૫ |
| ભાવનગર | ૮ |
| દાહોદ | ૨ |
| ગાંધીનગર | ૧૩ |
| જામનગર | ૧૩ |
| જુનાગઢ | ૩૩ |
| કચ્છ | ૧ |
| ખેડા | ૨૧ |
| મહેસાણા | ૧૩ |
| નર્મદા | ૧ |
| નવસારી | ૩૨ |

| | |
|---|---|
| નવસારી | ૩૨ |
| પંચમહાલ | ૯ |
| પાટણ | ૫ |
| પોરબંદર | ૬૧ |
| રાજકોટ | ૫૬ |
| સાબરકાંઠા | ૧૩ |
| સુરત | ૧૯૪ |
| સુરેન્દ્રનગર | ૩૭ |
| વડોદરા | ૧૮ |
| વલસાડ | ૩ |
| **કુલ...** | ૫૯૪ |

(૨) આવી ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરી અટકાવવા સરકારનું શું આયોજન છે ?

(૨) ગેરકાયદેસર ખાણકામ પ્રવૃત્તિને ડામવા તથા રોયલ્ટીની ચોરી અટકાવવા માટે રાજ્ય સરકારે બિનઅધિકૃત વહન અને સંગ્રહ અટકાવવાના નિયમો-૨૦૦૫ બનાવેલ છે તથા તેનું વ્યવસ્થિત અમલીકરણ થાય તે માટે રાજ્યકક્ષા અને જિલ્લાકક્ષાએ ટાસ્કફોર્સ કમિટિની રચના કરવામાં આવેલ છે તદ્ઉપરાંત ફ્લાઈંગસ્કવોર્ડ તથા જીલ્લાના સ્થાનિક શ્રેત્રિય અધિકારીઓ દ્વારા પણ ખાણ વિસ્તારોનું સમય અંતરે ચેકીંગ કરી, સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

-----------

**હાલોલ તાલુકાના લીફ્ટ ઈરીગેશનના કામનું ચુકવણું**

૧૯૮૯૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) હાલોલ તાલુકાના ભમરીયા ગામે લીફટ ઈરીગેશનનું કામ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલું પૂર્ણ થયેલ છે,

(૨) થયેલા કામ પ્રમાણે કેટલું ચૂકવણું કરવામાં આવેલ છે,

(૩) બાકી રહેતું ચૂકવણું ક્યાં સુધી કરવા માંગો છો, અને

(૪) કામ થયા પ્રમાણે ચૂકવણું કરવામાં ઢીલ થવા પાછળ કારણો શું છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભમરીયા ઉદ્વહન સિંચાઈ મંડળીને સોંપાયેલ લીફ્ટ ઈરીગેશનનું કામ પેકી પાઈપ લાઈન તથા લાઈનમાં આવતી કુંડીઓનું કામ મહદ્અંશે પૂર્ણ થયેલ છે.

(૨) રૂા. ૫.૫૬ લાખ.

(૩) ચૂકવી દેવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**નવા સબ સ્ટેશનો સ્થાપવા માટે ગ્રાન્ટ**

૨૧૦૮૨**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવા સબસ્ટેશનો સ્થાપવા માટે ટી.એ.એસ.પી. (ટ્રાયબલ એરીયા) સબપ્લાન યોજનામાંથી કોઈ ગ્રાન્ટ મળે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭માં રૂા. ૨૬૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

-----------

**સુખી જળાશય ઉપર અવર-જવર માટે પુલ બાંધવા અંગે**

૨૧૨૪૪**શ્રી ચંદ્રકોત મો. પટેલ (ડભોઇ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સુખી જળાશયમાં બાર અને સટુણ ગામ વચ્ચે અસરગ્રસ્તોને

**જવાબ**

(૧) હા, જી.

અવરજવર માટે સરકારે પુલ બનાવવાનું આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કામગીરી ક્યા તબક્કે છે ?

(૨) સદર પુલ બાંધવાની કામગીરી માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

-----------

**વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની માર્ગદર્શક યાદીમાં સુધારા**

૨૧૦૭૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય આયોજન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળની માર્ગદર્શક યાદીમાં સુધારા વધારા કરવા માટે રચવામાં આવેલ સમિતિની કેટલી બેઠકો ક્યારે ક્યારે મળી,

(૨) આ સમિતિએ રાજ્ય સરકારને કેટલી ભલામણો કરી, અને

(૩) આ પેકી કેટલી ભલામણોનો સ્વીકાર કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) એક બેઠક તા. ૧૩-૯-૨૦૦૬ના રોજ.

(૨) ચાર.

(૩) એક.

-----------

**રાજ્યના શહેરો પાઇપ લાઇન ગ્રીડથી જોડવા બાબત**

૨૧૨૩૨**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લી. કે તેની પેટા કંપનીઓ દ્વારા રાજ્યમાં કેટલા શહેરો પાઇપ લાઇનથી ગ્રીડથી જોડાનાર છે,

(૨) આ કામગીરી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ગેસનો કેટલો જથ્થો પૂરો પાડવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ૨૦ (વીસ).

(૨) ૪ શહેરોમાં પાઈપ લાઈનથી ગેસ આપવામાં આવે છે. અન્ય ૧૬ શહેરોમાં પાઈપ લાઈન બીછાવવાની કામગીરી ચાલુ છે.

(૩) જરૂરિયાત મુજબ.

-----------

**ન્યુ જહાંગીર વકીલ મીલની ચાલી**

૧૯૩૫૦**શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગરની બંધ પડેલ ન્યુ જહાંગીર વકીલ મીલની રાજ્ય સરકાર હસ્તકની ચાલીમાં વસતા ભાડુઆતો જ ત્યાં નિવાસ કરી શકે તે માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ શું આયોજન કરેલ છે ?

**જવાબ**

નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચૂકાદા અનુસાર સરકારે જમીનનો કબજો તા. ૧૦-૫-૦૬ના રોજ સંભાળેલ છે અને મીલની જમીન ઉપર જેમ્સ અને જ્વેલરી પાર્ક બનાવવાનો નિર્ણય લેવામાં આવેલ છે. હાલ જેઓ નિવાસ કરે છે તે અનધિકૃત છે આથી આયોજન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુજલામ સુફલામ યોજનામાં થયેલ ગેરરીતિની તપાસ**

૨૦૧૩૧ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં સુજલામ સુફલામ યોજનામાં થયેલ ગેરરીતીની તપાસ કરવા સરકારે નીમેલ તપાસ સમિતીની તપાસ ક્યા ક્યા તબક્કે છે,

(૨) શું શું તપાસ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) તા. ૨૭-૫-૦૫ના રોજ રચના કરવામાં આવેલ સમિતિનો અહેવાલ તા. ૩૦-૧૨-૦૬ના રોજ પ્રાથમિક અહેવાલ રજુ કરેલ છે. જ્યારે તા. ૨૦-૪-૦૬ના રોજ રચના કરવામાં આવેલ સમિતિનો અહેવાલ તારીખ ૨૧-૨-૦૭ના રોજ સમિતિએ રજુ કર્યો છે.

(૨) તપાસ અહેવાલ સરકારશ્રીની વિચારણા હેઠળ

છે.

(૩) કોની કોની સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યા ?

(૩) આ તબક્કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ટપક પદ્ધતિ હેઠળ ઓછી રકમ વપરાવા અંગે**

૨૦૮૧૭ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગત બે વર્ષમાં ટપક પદ્ધતિ હેઠળ બજેટમાં ફાળવાતી રકમ વપરાતી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને ગત બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વર્ષવાર અંદાજ સામે કેટ કેટલું ખર્ચ થયું, અને

(૩) જો ના તો છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જીલ્લાવાર આયોજનની સામે કેટ કેટલું ખર્ચ થયું ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સુક્ષ્મ પિયત પધ્ધતિ યોજના હેઠળ છેલ્લા બે નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ, જિલ્લાવાર આયોજનની સામે થયેલ ખર્ચનું વિગતવાર પત્રક સામેલ છે.

**પત્રક**

સુક્ષ્મ પિયત પધ્ધતિ યોજના હેઠળ છેલ્લા બે નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ, જિલ્લાવાર આયોજનની સામે થયેલ ખર્ચનું વીગતવાર પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૫-૦૬ | | વર્ષ ૨૦૦૬-૦૭ (૩૧-૧૨-૦૬ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|---|
| | | આયોજન (હેક્ટરમાં) | આયોજન સામે થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | આયોજન (હેક્ટરમાં) | આયોજન સામે થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
| ૧ | અમદાવાદ | ૧૧૬ | ૨.૦૧ | ૨૮૩ | ૨૭.૮૬ |
| ૨ | અમરેલી | ૨૮૯ | ૨.૯૫ | ૭૦૩ | ૬૧.૨ |
| ૩ | આણંદ | ૩૩૦ | ૬૩.૯૬ | ૮૫૪ | ૧૨૪.૨૧ |
| ૪ | બનાસકાંઠા | ૧૪૪૬ | ૩૩.૨૨ | ૩૬૨૯ | ૩૩૯.૪૪ |
| ૫ | ભરૂચ | ૧૫૧૫ | ૧૧૯.૬૮ | ૩૭૬૪ | ૪૬૪.૦૮ |
| ૬ | ભાવનગર | ૪૭૮ | ૧૧.૭૬ | ૧૧૮૬ | ૧૧૦.૩૪ |
| ૭ | દાહોદ | ૫૩ | ૦ | ૧૪૫ | ૫.૦૯ |
| ૮ | ડાંગ | ૦ | ૦ | ૫૨ | ૦ |
| ૯ | ગાંધીનગર | ૭૫૦ | ૧૨૭.૭૫ | ૧૮૭૬ | ૧૬૪.૮૫ |
| ૧૦ | જામનગર | ૨૪૯ | ૪.૮૮ | ૬૧૯ | ૭૪.૫૭ |
| ૧૧ | જુનાગઢ | ૨૦૬૮ | ૪૧.૦૮ | ૫૨૦૦ | ૨૨૦.૮૬ |
| ૧૨ | ખેડા | ૮૪૫ | ૧૩૬.૭૫ | ૨૦૮૨ | ૨૦૩.૭૭ |
| ૧૩ | કચ્છ | ૧૮૩૪ | ૯૯.૩ | ૪૬૧૫ | ૫૬૬.૩૫ |
| ૧૪ | મહેસાણા | ૫૭૩ | ૨૩.૭૨ | ૧૪૩૨ | ૧૧૮.૬ |
| ૧૫ | નર્મદા | ૨૨૦ | ૨૨.૦૯ | ૫૪૮ | ૮૭.૨૨ |
| ૧૬ | નવસારી | ૫૮૮ | ૨૦.૯૨ | ૧૪૭૯ | ૧૨૨.૦૩ |
| ૧૭ | પંચમહાલ | ૮૮ | ૭.૪૩ | ૨૧૭ | ૧૫.૪ |
| ૧૮ | પાટણ | ૩૧૮ | ૧૮.૯૧ | ૮૨૬ | ૬૦.૨૧ |
| ૧૯ | પોરબંદર | ૩૨૧ | ૬.૭૬ | ૭૫૨ | ૧૭.૩૧ |
| ૨૦ | રાજકોટ | ૨૭૭ | ૪.૯૯ | ૬૮૯ | ૭૨.૮૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૩૫૧૮ | ૩૬૦.૪૩ | ૮૭૩૩ | ૧૨૭૦.૭૩ |
| ૨૨ | સુરત | ૧૨૨૦ | ૧૦૬.૭૪ | ૩૦૨૯ | ૩૦૬.૩ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૭૮૪ | ૪૭.૭૫ | ૧૯૩૮ | ૨૪૨.૮૧ |
| ૨૪ | વડોદરા | ૧૩૩૩ | ૧૪૭.૫૩ | ૩૨૭૬ | ૨૬૧.૩૧ |

| અ.નં. | જિલ્લાનું નામ | વર્ષ ૨૦૦૫-૦૬ | | વર્ષ ૨૦૦૬-૦૭ (૩૧-૧૨-૦૬ની સ્થિતિએ) | |
|---|---|---|---|---|---|
| | | આયોજન (હેક્ટરમાં) | આયોજન સામે થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | આયોજન (હેક્ટરમાં) | આયોજન સામે થયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
| ૨૫ | વલસાડ | ૮૦૫ | ૬૭.૬૧ | ૨૧૬૦ | ૧૧૩.૧૬ |
| | કુલ.. | ૨૦૦૧૮ | ૧૪૭૮.૨૨ | ૫૦૦૮૭ | ૫૦૫૦.૫૨ |

-----------

**એફ.એસ.એલ. ના બાકી કેસો**

૧૯૦૫૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૬માં ક્યા ક્યા પ્રકારના ગુન્હઓના ક્રમે કેટલા કેસો અભિપ્રાય અર્થે એફ.એસ.એલ. ને મળેલ છે,

(૨) કેટલા કેસોમાં અભિપ્રાય આપેલ અને તારીખ ૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલા કેસોમાં અભિપ્રાય બાકી રહેલ છે, અને

(૩) અભિપ્રાય માટે કેસો બાકી રહેવાના કારણો ક્યા છે ?

**જવાબ**

(૧) પત્રક - ૧ મુજબ

(૨) ૧. અભિપ્રાય આપેલ કેસો : ૨૨૨૭૨૭
૨. અભિપ્રાય બાકી રહેલ કેસો : ૫૫૧૩

(૩) ૧. ડી.એન.એ., સાયબર ક્રાઈમ, વોઈસ આઈન્ડેન્ટીફીકેશન જેવા કેસોમાં મુદ્દામાલનું પરિક્ષણ ખૂબ જ જટીલ અને લાંબા સમય સુધી થતું હોવાથી કેસ પરિક્ષણમાં વધુ સમય લાગે છે.

૨. ફોરેન્સીક સાયકોલોજી, બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ તથા નાર્કો એનાલીસીસ વિભાગમાં શકમંદ તથા આરોપીઓની તપાસની પ્રક્રિયામાં પણ ઘણો લાંબો સમય વ્યતિત થવા પામે છે.

**પત્રક - ૧**

| ક્રમ | ગુન્હાના પ્રકાર | મળેલ કેસો |
|---|---|---|
| ૧ | લાંચ રૂશ્વત, અખાદ્ય ગોળ, પેટ્રોલીયમ, ભેળસેળ, બ્રાઈટ બર્નીંગ, ખાધ્યતેલ તથા ઘીમાં ભેળસેળને લગતા ગુન્હાના કેસો. | ૨૬૩૪ |
| ૨ | આત્મહત્યા કે અકસ્માત મોતના કેસમાં વિશેરામાં ઝેરની હાજરી / ગેરહાજરીને લગતા ગુન્હાના કેસો | ૬૪૪૨ |
| ૩ | દારૂ પીધેલ વ્યક્તિઓમાં લોહીમાં આલ્કોહોલની માત્રાની ચકાસણીને લગતા ગુન્હાના કેસો | ૩૫૯૨૩ |
| ૪ | કબ્જે લીધેલ દારૂને લગતા ગુન્હાના કેસો | ૧૫૦૭૫૦ |
| ૫ | એન.ડી.પી.એસ. ને લગતા ગુન્હાના કેસો | ૧૧૪ |
| ૬ | ખૂન, ખૂનની કોશીષ તથા બળાત્કારને લગતા ગુન્હાના કેસો | ૩૮૮૨ |
| ૭ | લોહી તથા વીર્યમાં ઓરીજન અને ગૃપીંગ | ૩૪૩૩ |
| ૮ | વ્યક્તિની ઓળખ, બળાત્કાર, ખૂન, ખૂનની કોશીષ તથા વિવાદાસ્પદ પિતૃત્વ તથા માતૃત્વની સંબંધિત ગુન્હાના કેસો | ૧૬૧ |
| ૯ | ખોરાકમાં બેક્ટેરીયાનું કોન્ટામીનેશનને લગતા ગુન્હાના કેસો | ૨૫ |
| ૧૦ | સાયબર ક્રાઈમ, બનાવટી ચલણી નોટો, છેતરપીંડી, વાહન ચોરી, લૂંટ તથા ગળે ફાંસોના આપઘાતના ગુન્હાના કેસો | ૧૬૧૯ |
| ૧૧ | આર્મ્સ તથા એમ્યુનેશનના ગુન્હાના કેસો | ૪૭૫ |
| ૧૨ | અપરાધીઓ તથા શકમંદો પાસેથી છુપાયેલી માહિતીઓ જાણવા માટે પોલીગ્રાફ, નાર્કો એનાલીસીસ, બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગને લગતા કેસો | ૫૨૦ |
| ૧૩ | દસ્તાવેજોની તપાસણીના કેસો | ૭૪૫ |
| ૧૪ | જુગાર, ઘરફોડ ચોરી, લૂંટ, ધાડ, ખૂન વગેરે ગુન્હામાં પકડાયેલ ગુન્હેગારોની આંગળાની છાપોની સર્ચીંગ | ૨૧૫૧૭ |
| | કુલ ... | ૨૨૮૨૪૦ |

**ભાવનગર જિલ્લાના કાળુભાર, લીંબાળી, માલપરા ડેમોની મરામતની કામગીરી**

૧૯૧૦૩**શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના ગઢડા અને ઉમરાળા તાલુકાના કાળુભાર ડેમ અને માલપરા ડેમની કેનાલોના રીપેરીંગ કરવા પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) આ મરામતની કામગીરી કોને સોંપવામાં આવી હતી ?

**જવાબ**

(૧) કાળુભાર ડેમની કેનાલોની મરામત માટે રૂા. ૬,૪૩,૨૦૭.૦૦ અને માલપરા ડેમની કેનાલો માટે ખર્ચ કરવામાં આવ્યો નથી.

(૨) કાળુભાર ડેમની કેનાલોના મરામતની કામગીરી લોકજૂથ તથા મજૂર બાંધકામ સહકારી મંડળીને સોંપવામાં આવેલ.

-----------

**ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી સી.સી. રોડ નામંજુર કરવા બાબત**

૨૧૨૩૬**શ્રી બાબુભાઈ જ. પટેલ(દસક્રોઈ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી સી.સી. રોડ નામંજુર કરવા માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઇ સૂચના આપી છે તે હકીકત સાચી, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જૂથ પાણી પુરવઠા યોજનાનો દાહોદ જિલ્લાના ગામોને મળનાર લાભ**

૧૯૮૧૮**શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લાની લીમડી માછણનાળા જુથ પાણી પુરવઠા યોજનાનો લાભ કેટલા ગામોને મળનાર છે,

(૨) લાભાર્થી ગામો ક્યા ક્યા છે,

(૩) આ યોજનાનો કુલ અંદાજીત ખર્ચ કેટલો છે,

(૪) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે કામગીરી ચાલે છે, અને

(૫) આ યોજના ક્યારે પૂરી થશે ?

**જવાબ**

(૧) ૨૫ ગામોને.

(૨) લાભાર્થી ગામો

૧. બજરંગવાડા ૨. કુડા ૩. ઢાલસીમલ ૪. જરોર ૫. વાંસીયા ૬. બોડીયાભીંત ૭. ધાવડી ફળીયા ૮. પતેલા ૯. ભામણ ૧૦. ડુંગરા ૧૧. સાંપોઈ ૧૨. ચાકીસણા ૧૩. મોલી ૧૪. નાન સલાઈ ૧૫. દેવજીની સરસવાણી ૧૬. કલજીની સરસવાણી ૧૭. વેલપુરા ૧૮. જેતપુર ૧૯. કદવાલ ૨૦. હીરોલા ૨૧. વરોડ ૨૨. લીંમડી ૨૩. કુંડલા ૨૪. પાટડીયા ૨૫. મોટી ભૂગેડી

(૩) રૂા. ૧૪૩૫.૨૯ લાખ.

(૪) અંદાજે ૫૦ ટકા કામગીરીઓ પૂર્ણ થયેલ છે.

(૫) ૯/૨૦૦૭ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**મગદલ્લા પોર્ટ ખાતેથી આયાત અને નિકાસ**

૨૧૦૬૩ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરતના મગદલ્લા પોર્ટ ખાતેથી કઈ કઈ વસ્તુઓની આયાતને નિકાસ કરવામાં આવે છે, અને

**જવાબ**

(૧) મગદલ્લા પોર્ટ ખાતે મુખ્યત્વે ક્લીંકર, કોલ, રોક ફોસ્ફેટની આયાત અને સોયાબીન એક્સટ્રેશન, મોલાસીસની નિકાસ થાય છે.

(૨) મગદલ્લા પોર્ટના આધુનિકરણ માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(૨) પ્રાથમિક સુવિધાઓનાં કામ હાથ ધરાયેલ છે. અન્ય આયોજન હેઠળ છે.

-----------

**રાજ્યમાં બંધ લઘુઉદ્યોગો ચાલુ કરવા અંગે**

૨૦૫૫૧ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જિલ્લાવાર કુલ કેટલા લઘુઉદ્યોગો નોંધાયેલા છે,

(૨) તે પૈકી કેટલા લઘુ ઉદ્યોગો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કાર્યરત છે, અને કેટલાં બંધ હાલતમાં છે અને તેના શું કારણો છે, અને

(૩) બંધ હાલતમાં રહેલા લઘુઉદ્યોગો ચાલુ કરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) પત્રક-ક મુજબ

(૨) કાર્યરત લઘુઉદ્યોગો ૧૬૯૦૨૦
બંધ લઘુઉદ્યોગો ૪૪૩૨૨
લઘુઉદ્યોગો બંધ પડવાના મુખ્ય કારણો ગ્લોબલ / વૈશ્વિકસ્પર્ધા તથા નાણાકીય, માર્કેટીંગ અને વહીવટી મુશ્કેલીઓ.

(૩) બંધ હાલતમાં રહેલ લઘુઉદ્યોગો ચાલુ કરવા સરકારના તા. ૧૨-૫-૦૪ના ઠરાવથી જીબાયફર હેઠળ નોંધાયેલ માંદા લઘુઉદ્યોગોને રાહત આપવાની યોજના જાહેર કરેલ છે. આ યોજના હેઠળ પોષણક્ષમ ઓદ્યોગિક એકમો રાજ્યસરકારના બોર્ડ અને નિગમોની બાકી લ્હેણી રકમનું વન ટાઈમ સેટલમેન્ટ કરી શકે છે તથા રાજ્ય સરકારની લ્હેણી વેચાણવેરા, ઈલેક્ટ્રીસીટી ડ્યુટીની રકમનું તેમજ જીએસએફસી, જીઆઈડીસી, જીઆઈઆઈસી, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ જેવા બોર્ડ / નિગમોની બાકી લ્હેણી રકમનું વન ટાઈમ સેટલમેન્ટ કરી શકે છે.

**પત્રક-ક**

રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ નોંધાયેલ એકમો

| અ.નં. | જીલ્લો | એકમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૬૬૦૬૩ |
| ૨ | અમરેલી | ૫૪૪૮ |
| ૩ | બનાસકાંઠા | ૬૫૫૭ |
| ૪ | ભરૂચ | ૧૨૦૫૪ |
| ૫ | ભાવનગર | ૧૦૧૫૯ |
| ૬ | ગાંધીનગર | ૮૧૨૪ |
| ૭ | જામનગર | ૧૨૭૦૬ |
| ૮ | જુનાગઢ | ૭૨૦૫ |
| ૯ | ખેડા | ૮૧૩૮ |
| ૧૦ | કચ્છ-ભૂજ | ૬૦૮૯ |
| ૧૧ | મહેસાણા | ૭૧૩૨ |
| ૧૨ | ગોધરા | ૫૬૪૭ |
| ૧૩ | રાજકોટ | ૩૨૪૨૮ |
| ૧૪ | સાબરકાંઠા | ૮૩૦૭ |
| ૧૫ | સુરત | ૪૭૯૦૧ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૮૫૫૭ |
| ૧૭ | વડોદરા | ૧૮૧૨૯ |
| ૧૮ | વલસાડ | ૧૦૭૧૬ |
| ૧૯ | આણંદ | ૬૨૫૪ |
| ૨૦ | દાહોદ | ૨૨૨૫ |

| | | |
|---|---|---|
| ૨૧ | નર્મદા | ૮૫૮ |
| ૨૨ | નવસારી | ૭૫૨૦ |
| ૨૩ | પાટણ | ૨૩૭૭ |
| ૨૪ | પોરબંદર | ૭૨૭ |
| | કુલ :... | ૩૦૧૩૨૧ |

-----------

**સાવરકુંડલા તાલુકામાં મહી પરીએજ યોજનાની કામગીરી**

૧૯૦૪૫**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) પાણી પુરવઠા વિભાગ દ્વારા સાવરકુંડલા તાલુકામાં ૮૨ ગામોને મહી પરીએજ યોજના નીચે પીવાનું પાણી પુરું પાડવા માટેની તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ યોજના મંજુર કરેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તાલુકાના ૮૨ ગામોમાંથી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા ગામોને પીવાનું પાણી આપી શકાયું છે, અને

(૨) ૫૦ ગામો તથા ૧ શહેરને.

(૩) જો બાકી ગામો પીવાના પાણીની યોજનામાં વંચિત રહ્યા હોય તેના શાં કારણો છે ?

(૩) મુખ્યત્વે રેલ્વે ક્રોસીંગની મંજૂરી મેળવવામાં થયેલ વિલંબના કારણે પાઈપ લાઈન ટેસ્ટીંગની કામગીરી હાથ ધરવામાં વિલંબ થવાથી.

-----------

**રાજકોટ જિલ્લામાં દારુની પરમીટ આપવા બાબત**

૨૧૪૩૩ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન વર્ષવાર રાજકોટ જિલ્લામાં દારુની કેટલી પરમીટો આપવામાં આવી ?

વર્ષ ૨૦૦૫માં ૭૫ અને
વર્ષ ૨૦૦૬ માં ૪૨૬.

-----------

**બ્રાહ્મણી - ૨ સિંચાઇ યોજના હેઠળ ડૂબમાં ગયેલ ગામો**

૨૦૦૨૬ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા(હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકામાં સાકાર થયેલ બ્રાહ્મણી-૨ સિંચાઇ યોજના હેઠળ બે ગામો ડૂબમાં થાય છે તે હકીકત સાચી,

(૧) હા, જી.

(૨) જો હા, તો બંને ગામોના પુનઃવસવાટ માટે સરકારે કોઇ આયોજન કરેલ છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) જો હા, તો બન્ને ગામોના કેટલા લાભાર્થીઓની પુનઃ વસવાટની કાર્યવાહી થનાર છે, અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) સુંદરગઢના ૨૯૦ તથા શિરોઈના ૧૧૭ અસરગ્રસ્તોની ડીસેમ્બર ૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં પીવાના પાણીની સમસ્યા**

૧૯૨૮૯**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ક્યા ક્યા ગામોએ પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ છે,

(૧) કુલ ૬૩ ગામો પેકી ફક્ત ૩ ગામોમાં થોડી મુશ્કેલી છે.

(૨) આ ગામોને નર્મદા યોજનામાંથી પાણી આપવાની યોજના રાજ્ય સરકારે કરી છે કે કેમ, અને

(૨) મુશ્કેલીવાળા ગામો માટે યોજનાનું આયોજન કરેલ છે.

(૩) જો હા, તો તે કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૩) યોજના ચકાસણીના તબક્કે છે.

-----------

**માતર અને ખેડા તાલુકાઓમાં કેનાલના રીપેરીંગ બાબત**

૨૦૬૧૩ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૫, જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ માતર અને ખેડા તાલુકાઓમાં આવેલા વિનાશક પૂર અને અન્ય રીતે નુક્સાન પામેલ કેનાલોના રીપેરીંગ માટે સરકાર દ્વારા કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે,

(૨) આ પૈકી માતર તાલુકાની કેનાલોના રીપેરીંગ માટેના કામો મંજૂર થઈ ગયા હોય અને છતાં ન થઇ શક્યા હોય તેવા કેટલા કામો છે, અને

(૩) મંજૂર થઇ ગયેલા કામો નહિ થઇ શક્વાના ક્યા કારણો છે ?

**જવાબ**

(૧) માતર તાલુકામાં રૂા. ૬૭ લાખ અને ખેડા તાલુકામાં રૂા. ૮.૦૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) માતર તાલુકાના નહેરોના મંજૂર થયેલ તમામ કામો પૂર્ણ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં એસ.ટી. ની નવી બસો ખરીદવા અંગે**

૧૮૮૨૫**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત સરકાર દ્વારા કુલ કેટલી એસ.ટી.ની નવી બસો ખરીદવામાં આવી, અને

(૨) ડીવીઝનવાર કેટલી નવી બસોની સેવા ઉપલબ્ધ કરાવાય છે ?

**જવાબ**

(૧) ૨૧૩૫ નવી બસો.

(૨)

| અનુક્રમ નંબર | ડિવિઝનનું નામ | ફાળવેલ બસો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૧૬૮ |
| ૨ | મહેસાણા | ૮૩ |
| ૩ | પાલનપુર | ૧૨૧ |
| ૪ | સૂરત | ૯૫ |
| ૧ | ૨ | ૩ |
| ૫ | રાજકોટ | ૧૧૦ |
| ૬ | વડોદરા | ૯૧ |
| ૭ | ભાવનગર | ૬૭ |
| ૮ | ભરૂચ | ૪૮ |
| ૯ | ગોધરા | ૧૧૭ |
| ૧૦ | અમરેલી | ૮૨ |
| ૧૧ | હિંમતનગર | ૮૮ |
| ૧૨ | વલસાડ | ૬૮ |
| ૧૩ | જામનગર | ૫૮ |
| ૧૪ | નડીયાદ | ૧૦૬ |
| ૧૫ | જૂનાગઢ | ૧૧૨ |
| ૧૬ | ભૂજ | ૭૫ |
| | કુલ : | ૧૪૮૯ |

-----------

**નર્મદા જિલ્લામાં લોક દરબાર બાબતે**

૨૦૫૯૬**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પ્રજા અને પોલીસ વચ્ચે સહકાર અને વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ ""લોક દરબાર"" યોજવા માટે રાજ્ય સરકારે સૂચનાઓ આપેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો નર્મદા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલા લોક દરબાર યોજવામાં આવેલ છે ? | (૨) |

| વર્ષ | યોજાયેલ લોક દરબાર |
| --- | --- |
| ૨૦૦૫ | ૯૧ |
| ૨૦૦૬ | ૧૨૯ |

-----------

**નર્મદા મુખ્ય કેનાલની કામગીરી બાબત**

૨૦૭૬૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નર્મદા મુખ્ય કેનાલનું કેટલા કિ.મી. નું કામ પૂર્ણ થયેલ છે અને હવે કેટલા કિ.મી. ના કામો બાકી છે, | (૧) મુખ્ય નહેરનું ૪૨૭.૨૪ કિ.મી.નું કામ પૂર્ણ થયેલ છે અને ૩૧.૦૮ કિ.મી.નું કામ બાકી છે. |
| (૨) તે અન્વયે નર્મદા ડીસ્ટ્રીબ્યુટરીથી બ્રાન્ચ કેનાલો માઇનોરનું કેટલા કિ.મી. નું કામ પૂર્ણ થયેલ છે, અને કેટલા કિ.મી. નું કામ હજુ બાકી છે, અને | (૨) ૭૨૬૦ કિ.મી. કામ પૂર્ણ થયેલ છે અને ૧૮૮૫૦ કિ.મી. કામ બાકી છે. |
| (૩) આ કામો કેટલા સમયમાં પૂર્ણ થશે ? | (૩) ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**ક્રાઇમ બ્રાન્ચને સુદ્રઢ બનાવવાની યોજના**

૨૧૩૧૮**ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્ય સરકારે રાજ્યમાં ગુન્હા નિવારણ અને ગુન્હા સંશોધનની ભૂમિકા અદા કરતી ક્રાઇમ બ્રાન્ચોની સુદ્રઢ બનાવવાની યોજના ક્યારથી વિચારી છે, | (૧) રાજ્ય સરકારે ક્રાઇમ બ્રાન્ચોને સુદ્રઢ બનાવવા તા. ૧૪-૮-૦૬ના ગૃહ વિભાગના ઠરાવથી સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના કરેલ છે. |
| (૨) આ યોજનાની વિગતો શી છે, અને | (૨) ગુજરાત રાજ્યમાં આંતકવાદી ગતિવિધિઓના પ્રમાણમાં તથા ગૃન્હાઓના પ્રકારમાં થતા વધારાના કારણે સરકારે ક્રાઇમ બ્રાન્ચો સુદ્રઢ બનાવવા સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના કરેલ છે અને આ માટે વિવિધ સંવર્ગોની કુલ-૬૫૯ નવી જગ્યાઓ ઊભી કરેલ છે તથા તે ભરવા માટે મંજૂરી પણ આપેલ છે. |
| (૩) હાલ અમલીકરણ ક્યા તબક્કે છે ? | (૩) ઊભી કરેલ નવી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ગતિમાં છે. |

**વડોદરામાં આવેલી સુખી યોજનાના જળાશય પરની પેરીફેરી પર વસવાટ**

૨૧૨૪૧**શ્રી યોગેશભાઈ ના. પટેલ(રાવપુરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વડોદરા જિલ્લામાં આવેલી સુખી યોજનાના જળાશય પરની પેરીફેરી પર વસવાટ કરતા અસરગ્રસ્તોને રસ્તાની સુવિધા માટે સરકારનું કોઇ આયોજન છે, | (૧) હા, જી. અસરગ્રસ્તોને રસ્તાની સુવિધા માટે વડોથથી ડુંગરભીંત સુધીનો ૧૫.૪૦૦ કિ.મી. ના રસ્તાને પાકો ડામર રોડ બનાવવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) અને (૩) કામ પ્રગતિ હેઠળ છે, અને જૂન-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ક્યારે પૂર્ણ થશે ? | |

**ખેડા જિલ્લામાં પોલીસ આવાસની કામગીરી**

૨૦૫૯૮**શ્રી વિષ્ણુભાઇ પટેલ (ઉમરેઠ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં ખેડા જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાક્ના કામો તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ હાથ ઉપર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૦૯૦.૫૮/- લાખ |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂા. ૧૦૯૦.૫૮/- લાખ |

-----------

**પાટણ તાલુકાના દાંતીવાડા જળાશયની સિંચાઇનો લાભ મળવા બાબત**

૨૦૭૮૩**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૭ ની સ્થિતિએ પાટણ તાલુકાના દાંતીવાડા જળાશયના સિંચાઇનો લાભ ના મળતો હોય તેવા ગામ કેટલા, અને | (૧) ૯૦. |
| (૨) આ બાકી રહેતા ગામોમાં સરકાર શું સગવડ આપવા માંગે છે ? | (૨) દાંતીવાડા યોજનાના સિંચાઇ વિસ્તાર સિવાય ૨૧ ગામોને સરસ્વતી બેરેજ યોજનાનો લાભ મળે છે, બાકી રહેતા ગામોમાં તાંત્રિક/ભોગોલીક બાબતોને આધીન ચેકડેમ/તળાવો ધ્વારા આડક્તરી સિંચાઇનો લાભ આપવાનું આયોજન વિચારાયેલ છે. |

-----------

**ભાવનગર જિલ્લામાં પોલીસ આવાસની કામગીરી**

૨૦૬૦૦**શ્રી કેશુભાઈ હી. નાકરાણી (શિહોર) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૬-૦૭માં ભાવનગર જિલ્લામાં કુલ કેટલી રકમના પોલીસ ખાતાના રહેણાંક્ના કામો તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) રૂા. ૧૦૨.૦૬ લાખ. |
| (૨) આ કામો માટે કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે? | (૨) રૂા. ૧૦૨.૦૬ લાખ. |

-----------

**દરિયા કિનારામાં ભરતી નિયંત્રણ યોજનાની કામગીરી**

૧૯૬૩૯ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદરથી માંગરોળ, વેરાવળ, સુત્રાપાડા, કોડીનાર થી જાફરાબાદ મહુવા સુધીના દરિયા કિનારામાં ભરતી નિયંત્રણ યોજનાની કામગીરીથી ગામો-શહેરોમાં ખારાપટ આગળ વધતા અટકાવવાની યોજના તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કેટલું કામ થયું, અને | (૨) ૮ ભરતી નિયંત્રક, ૧૬ બંધારા, ૩ પુનઃ પ્રભારણ યોજના, ૩૦૧ ચેકડેમ તથા ૪૭ કી.મી. લંબાઇમાં વિસ્તરણ નહેરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલો ખર્ચ થયો ? | (૩) રૂા.૧૬૧.૧૩ કરોડ. |

-----------

**સુરેન્દ્રનગરમાં ડેમ, તળાવો, ચેકડેમો, નાળાને થયેલ નુક્સાન**

૧૯૨૪૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગરમાં સને ૨૦૦૫-૦૬માં ચોમાસા દરમ્યાન ડેમ-તળાવો-ચેકડેમ-નાળાને તાલુકાવાર કેટલું નુક્સાન થયેલ છે,

**જવાબ**

(૧) સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

સુરેન્દ્રનગર જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ના ચોમાસા દરમ્યાન ડેમ, તળાવ, ચેકડેમ, નાળાને થયેલ નુક્સાનની તાલુકાવાર વિગતનું પત્રક.

| તાલુકાનું નામ | નુક્સાનની રકમ (રૂા.લાખમાં) |
|---|---|
| વઢવાણ | ૯૫.૪૯ |
| ચોટીલા | ૧૪.૬૭ |
| ચુડા | ૯૭.૬૪ |
| સાયલા | ૪૫.૬૫ |
| લીંબડી | ૨૩.૯૦ |
| હળવદ | ૦.૨૪ |
| ધ્રાંગધ્રા | ૦.૯૨ |
| પાટડી | ૦.૨૨ |
| **કુલ :** | **૨૭૮.૭૩** |

(૨) આ ચેકડેમ, તળાવ, ડેમ, નાળાને રીપેર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના શાં કારણો છે ?

(૨) અને (૩) : ગ્રાન્ટની ઉપલબ્ધતા મુજબ અંશતઃ મરામત કામ કરાવેલ છે.

-----------

**ચોટીલા - સાયલા તાલુકામાં મંજૂર થયેલ ચેકડેમો**

૨૧૩૨૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં સુજલામ સુફલામ યોજનામાં કઇ કઇ નદી ઉપર ક્યા ક્યા ગામે ચેકડેમો મંજૂર થયા છે, અને

**જવાબ**

(૧) પત્રક મુજબ.

**પ ત્ર ક**

સુજલામ સુફલામ યોજના હેઠળ ચોટીલા અને સાયલા તાલુકાના મંજૂર થયેલ ચેકડેમો અને તેની હાલની સ્થિતિ દર્શાવતું પત્રક.

| અ.નં. | નદીનું નામ | તાલુકો | ગામનું નામ | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વઢવાણ ભોગાવો | ચોટીલા | નાવા | પૂર્ણ | -- |
| ૨ | સુખભાદર | ચોટીલા | સખપર | પૂર્ણ | -- |
| ૩ | સુખભાદર | ચોટીલા | ચીરોડ | પૂર્ણ | -- |
| ૪ | લીંબડી ભોગાવો | ચોટીલા | અકાળા | પૂર્ણ | -- |
| ૫ | લીંબડી ભોગાવો | ચોટીલા | મોટી મોરસલ | પૂર્ણ | -- |
| ૬ | વઢવાણ | સાયલ | આયા | પૂર્ણ | -- |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | ભોગાવો | ા | | | |
| ૭ | લીંબડી ભોગાવો | સાયલા | કેરાલા | પૂર્ણ | -- |
| ૮ | લીંબડી ભોગાવો | સાયલા | સખપર | પૂર્ણ | -- |
| ૯ | લીંબડી ભોગાવો | સાયલા | નાની મંગલકુઇ | પૂર્ણ | -- |
| ૧૦ | લીંબડી ભોગાવો | સાયલા | ટીંટોડા | પૂર્ણ | -- |
| ૧૧ | લીંબડી ભોગાવો | સાયલા | સખપર | પૂર્ણ | -- |
| ૧૨ | લીંબડી ભોગાવો | સાયલા | રાતકડી | પૂર્ણ | -- |
| ૧૩ | સુખભાદર | સાયલા | શેખદ્દોડ | પૂર્ણ | -- |
| ૧૪ | વઢવાણ ભોગાવો | સાયલા | ભાડુકા | -- | પ્રગતિ હેઠળ |
| ૧૫ | લીંબડી ભોગાવો | સાયલા | સેજકપર | -- | પ્રગતિ હેઠળ |
| ૧૬ | લીંબડી ભોગાવો | સાયલા | થોરીયાળી-૨ | -- | પ્રગતિ હેઠળ |
| ૧૭ | લીંબડી ભોગાવો | સાયલા | કેરાલા | - | પ્રગતિ હેઠળ |
| ૧૮ | લીંબડી ભોગાવો | સાયલા | મંગલકુઇ | -- | પ્રગતિ હેઠળ |
| ૧૯ | સુખભાદર | સાયલા | નાના માત્રા | -- | પ્રગતિ હેઠળ |
| ૨૦ | સુખભાદર | સાયલા | શેખદ્દોડ | -- | પ્રગતિ હેઠળ |
| ૨૧ | સુખભાદર | સાયલા | ગોરૈયા | -- | પ્રગતિ હેઠળ |
| ૨૨ | સુખભાદર | સાયલા | ગોરૈયા | -- | પ્રગતિ હેઠળ |
| ૨૩ | સુખભાદર | સાયલા | ચોરવીરા | -- | પ્રગતિ હેઠળ |

(૨) તે પૈકી ક્યા ક્યા કામો પૂર્ણ થયા છે, અને

(૨) પત્રકમાં દર્શાવેલ ક્રમ ૧ થી ૧૩ ના કામો પૂર્ણ થયેલ છે.

(૩) ક્યા ક્યા કામો ચાલુ છે અને તે ક્યારે પૂર્ણ થશે ?

(૩) પત્રકમાં દર્શાવેલ ક્રમ ૧૪ થી ૨૩ ના કામો પ્રગતિ હેઠળ છે. જે ડિસેમ્બર-૨૦૦૭ સુધી પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જવાના કેસો**

૧૯૪૯૩ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જવાના કેટલા કિસ્સાઓ બન્યા છે,

(૨) દરેક કિસ્સામાં કેટલા તહોમતદાર સામે ગુન્હો

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જવાના કુલ-૪૩ (તેંતાલીસ) કિસ્સાઓ બન્યા છે.

(૨) ઉપરોક્ત દાખલ થયેલ ગુન્હાઓમાં કુલ-૧૧૭

નોંધવામાં આવ્યા,

(૩) આ નોંધાયેલ ગુન્હાદીઠ કેટલા તહોમતદારો પકડાયા અને કેટલા પકડવાના બાકી છે, અને

(૪) આ ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા માટે સરકારે શું આયોજન કરેલ છે ?

(એક સો સત્તર) તહોમતદારો સામે ગુન્હા નોંધવામાં આવ્યા.

(૩) આ નોંધાયેલ ગુન્હાઓમાં કુલ-૧૧૫ (એક સો પંદર) તહોમતદારો પકડાયા છે, અને કુલ-૨ (બે) તહોમતદારો પકડવાના બાકી છે.

(૪) આ ગેરકાયદેસર પ્રવૃત્તિ રોકવા રોડ પેટ્રોલીંગ, નાઇટ પેટ્રોલીંગ તથા સખત નાકાબંધી કરી વાહનોનું ચેકીંગ કરવામાં આવે છે, તેમજ બાતમીદાર દ્વારા પણ માહિતી મેળવી આવા ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જનારા ઇસમો ઉપર વોચ રાખવાનું આયોજન કરવામાં આવેલ છે. આવા કિસ્સા ધ્યાન પર આવતા તેઓની વિરૂધ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે અને આવા ગુન્હામાં વારંવાર પકડાતા આરોપીઓની "પાસા" હેઠળ અટક કરવામાં આવે છે.

ઉપરાંત રાજ્યમાં પશુઓની ગેરકાયદેસર કતલ અને હેરાફેરી અટકાવવા અસરકારક પગલાં લેવા પ્રાણી કૃરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦, અને મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ ની જોગવાઇઓને ધ્યાને લઇ, સરકારશ્રી તથા ક્ષેત્રિય કચેરી દ્વારા સમય-સમય પર જરૂરી પરિપત્રો/યાદીથી સૂચનાઓ બહાર પાડી તેનો સખત અમલ કરવા તમામ શહેર/જિલ્લાને જણાવવામાં આવેલ છે. આમ રાજ્ય સરકારે પૂરતુ અને અસરકારક આયોજન કરેલ છે.

-----------

**સરકારી ગાડીઓ ઉપર લાલ લાઇટ લગાડવા બાબત**

૨૧૦૬૬**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ક્યા કેડરના અધિકારીઓને તેમજ કોને કોને સરકારી ગાડીઓ ઉપર લાલ લાઇટ લગાડવાનો અધિકાર આપેલ છે, અને

**જવાબ**

(૧) રાજ્યના નીચે જણાવેલ મહાનુભાવોની ગાડી ઉપર લાલ લાઇટ રાખવાની પરવાનગી આપવામાં આવેલ છે.

૧. નામદાર રાજ્યપાલશ્રી
૨. માનનીય મુખ્ય મંત્રીશ્રી
૩. નામદાર ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી
૪. વિધાનસભાના માન.અધ્યક્ષશ્રી
૫. માન.કેબીનેટ મંત્રીશ્રીઓ
૬. માન.વિરોધપક્ષના નેતાશ્રી
૭. નામદાર ગુજરાત હાઇકોર્ટના ન્યાયમૂર્તિશ્રીઓ
૮. માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ અને માન.નાયબ મંત્રીશ્રીઓ
૯. મુખ્ય સચિવશ્રી
૧૦. માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
૧૧. અગ્ર સચિવશ્રી (ગૃહ), ગૃહ વિભાગ
૧૨. અગ્ર સચિવશ્રી (વાહન વ્યવહાર)
૧૩. અગ્ર સચિવશ્રી (કર્મચારીગણ), સામાન્ય વહીવટ વિભાગ
૧૪. માન.મુખ્ય મંત્રીશ્રીના સર્વે અધિક અગ્ર સચિવશ્રીઓ અને સચિવશ્રીઓ
૧૫. રાજ્યના લોકાયુક્તશ્રી

૧૬. ચેરમેનશ્રી, ગ્રીવન્સીઝ રીડ્રેસલ ઓથોરિટી, સરદાર સરોવર પ્રોજેક્ટ
૧૭. નામદાર રાજ્યપાલશ્રીની પાયલોટ કાર
૧૮. માન.મુખ્ય મંત્રીશ્રીની પાયલોટ કાર
૧૯. એમ્બ્યુલન્સ અને ફાયર ફાઇટર વાહનો
૨૦. વિધાનસભાના માન. નાયબ અધ્યક્ષશ્રી
૨૧. ચેરમેનશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ
૨૨. ગુજરાત રાજ્ય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કોમ્યુનીકેશન વાન
૨૩. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી
૨૪. રાજ્ય ચૂંટણી પંચના કમિશનરશ્રી

(૨) સરકારી નિયમોનો ભંગ કરી લાલ લાઇટ ગાડીઓ ઉપર લગાડાય છે તે સામે સરકાર શા પગલાં ભરવા માંગે છે ?

(૨) અનધિકૃત રીતે વાહનો ઉપર લાલ લાઇટ રાખવામાં આવતી હોય તો તે દૂર કરીને આવાં વાહનોનાં માલિકો સામે નિયમાનુસારની શિક્ષાત્મક/દંડનીય કાર્યવાહી કરવા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી તથા વાહન વ્યવહાર કમિશનરશ્રીને સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓનો અચૂકપણે અમલ થાય તે માટે પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી તથા વાહન વ્યવહાર કમિશનરશ્રીને જણાવવામાં આવશે.

-----------

## કચ્છ જિલ્લામાં જ્યોતિ ગ્રામ યોજનાની માહિતી

૨૧૪૨૯ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં જ્યોતિ ગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા ગામડાઓને આવરી લેવામાં આવ્યા, અને | (૧) ૮૬૭ ગામ. |
| (૨) જ્યોતિગ્રામ યોજના થવાથી જિલ્લામાં ખેતરોમાં રહેતાં કુટુંબોને વીજળીનો કેટલા ગામડાઓને લાભ મળેલ છે? | (૨) ૩૮૬ ગામ-સીમતળ. |

-----------

## કમિશ્નરશ્રી ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ દ્વારા ચાલતા અપીલના કેસો

૨૧૨૨૮ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કમિશ્નરશ્રી ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ દ્વારા ચાલતા અપીલના કેસો છેલ્લા બે વર્ષના હિસાબે કેટલા પેન્ડીંગ છે, | (૧) ૧૩૪૯. |
| (૨) આ કેસોના નિકાલ માટે સરકારશ્રીનું શું આયોજન છે, | (૨) જે તે જિલ્લાના મુખ્ય મથકે સુનાવણી હાથ ધરવાનું આયોજન છે. ઉપરાંત, મુખ્ય મથકે અઠવાડિયાના બે દિવસના બદલે ત્રણ દિવસ સુનાવણી હાથ ધરવાનું આયોજન છે. |
| (૩) આ કેસો પેન્ડીંગ રહેવા માટે કોઇ જવાબદાર છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) જો કોઇ જવાબદાર હોય તો સરકાર શા પગલાં લેવા માગે છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પેટા પરાના વીજળીકરણ અંગેની માહિતી**

૨૦૫૮૩ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી પેટાપરાના વીજળીકરણ માટે ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭ ના નાણાકીય વર્ષમાં વર્ષવાર કેટલી સહાય મળી,

(૨) આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા પેટાપરામાં વીજળીકરણ થયેલ છે, અને

(૩) બાકી પેટાપરાનું વીજળીકરણ ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પેટાપરાનાં વીજળીકરણ માટે સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષોમાં કેન્દ્ર સરકાર તરફથી કોઇ સહાય મળેલ નથી.

(૨) આણંદ જિલ્લામાં ૩૫૨ પેટાપરામાં વીજળીકરણ થયેલ છે, જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| અનુ.નં. | તાલુકાનું નામ | વીજળીકરણ થયેલ પેટાપરાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | આણંદ | ૬૬ |
| ૨ | આંક્લાવ | ૪૦ |
| ૩ | બોરસદ | ૧૪૮ |
| ૪ | ખંભાત | ૨૩ |
| ૫ | પેટલાદ | ૧૯ |
| ૬ | સોજીત્રા | ૦૮ |
| ૭ | તારાપુર | ૦૨ |
| ૮ | ઉમરેઠ | ૪૬ |
| | | ૩૫૨ |

(૩) બાકી પેટાપરાનું વીજળીકરણ રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતિકરણ યોજના હેઠળ કરવાનું આયોજન છે. આ યોજના અન્વયે આણંદ જિલ્લાનાં પ્રોજેક્ટને મંજૂરી મળી ગયેલ હોઇ નાણાંકીય ફાળવણી થયેથી તબક્કાવાર વીજળીકરણ કરવાનું આયોજન છે.

-----------

**કારંટા જૂથ પાણી પુરવઠા યોજનાથી બાકી ગામોને પીવાના પાણીની સગવડ**

૨૧૩૦૪**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કારંટા જૂથ પાણી પુરવઠા યોજનામાં ખાનપુર તાલુકાના બાકી રહેતા ગામોને પીવાના પાણીની સગવડ આપવા શું વિચારેલ છે, અને

(૨) આ અંગેની સગવડ ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : કારંટા જૂથ યોજનામાં સમાવિષ્ટ બાકી રહેતા ગામોને માહે ૩/૨૦૦૭ સુધીમાં પાણી આપવાનું આયોજન છે.

-----------

**ડાંગ જિલ્લામાં બનાવેલ ચેકડેમો બાબત**

૧૯૫૩૩ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં અને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા ચેકડેમોમાં લીકેજના કારણે પાણીનો સંગ્રહ થઇ શક્તો નથી, અને

(૩) તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ માં ૨૩૬ અને ૨૦૦૬-૦૭ માં તા.૩૧-૧૨-૦૬ સુધીમાં ૧૭ ચેકડેમો બનાવવામાં આવ્યાં.

(૨) અને (૩) : લીકેજના કારણે પાણીનો સંગ્રહ ન થઇ શક્તો હોય તેવો કોઇ ચેકડેમ નથી.

**નર્મદાનું પાણી જ્યાં પહોંચવાનું નથી તે સોરાષ્ટ્રના વિસ્તારમાં સિંચાઇની યોજનાઓના આયોજન**

૧૯૮૭૨**શ્રી બાવકુભાઈ ઉંધાડ(બાબરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સોરાષ્ટ્રમાં જે વિસ્તારમાં ક્યારેય નર્મદાનું પાણી પહોંચવાનું નથી તેવા વિસ્તારમાં તમામ જ્ગ્યાએ સરકાર સ્પેશીયલ પેકેજ બહાર પાડી નાની, મધ્યમ, મોટી સિંચાઇ યોજનાઓ અને તમામ જ્ગ્યાએ ચેકડેમોની કામગીરી કરવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ, | (૧) નાણાંકીય ઉપલબ્ધતા ધ્યાને લઇને શક્ય તેટલા વધુ કામ કરવાનું આયોજન છે. |
| (૨) તમામ યોજનાઓ દ્વારા બનેલ ચેકડેમો ક્યાં સુધીમાં ૧૦૦ ટકા રીપેર કરવા માંગે છે, | (૨) જૂન-૨૦૦૭ પહેલાં ચેકડેમો રીપેર કરવાનું આયોજન છે. |
| (૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આવા તુટેલા ચેકડેમોની વિગત જિલ્લાવાર સરકાર પાસે છે કે નહી, અને | (૩) હા, જી. છે. |
| (૪) જો હા, તો કેટલી ? | (૪) |

| **ક્રમ** | **જિલ્લો** | **સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૧૫ |
| ૨ | રાજકોટ | ૨૦ |
| ૩ | પોરબંદર | ૧ |
| ૪ | જામનગર | ૧૯ |
| ૫ | જૂનાગઢ | ૯૬ |
| ૬ | અમરેલી | ૬ |
| | **કુલ ...** | **૧૫૭** |

-----------

**ત્રણ વર્ષ કરતા વધારે સમયથી એક જ જ્ગ્યાએ ફરજ બજાવતા સનદી અધિકારીઓ**

૨૧૩૨૦**શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ કરતા વધારે સમયથી એક જ જ્ગ્યાએ ક્યા ક્યા વિભાગો અને બોર્ડ/નિગમોમાં ક્યા ક્યા સનદી અધિકારીઓ ફરજ બજાવે છે, | (૧) ૧. અધિક મુખ્ય સચિવશ્રી કક્ષાના અધિકારીઓ- ૦૧<br>૨. અગ્ર સચિવશ્રી કક્ષાના અધિકારીઓ-૦૭ |
| (૨) નિયત સમય મર્યાદા કરતા વધારે સમયથી ફરજ બજાવતા સનદી અધિકારીઓને નહીં બદલવાના શા કારણો છે, અને | (૨) વહીવટી અનુકૂળતા અને જાહેર હિત. |
| (૩) હવે આવા સનદી અધિકારીઓને ક્યારે બદલવામાં આવશે ? | (૩) આ અંગે કોઇ નિતિ સમયમર્યાદા દર્શાવી શકાય નહીં. |

-----------

**રાજીવ ગાંધી ઉર્જા ગ્રામીણ વિકાસ યોજનાઓ અમલ**

૧૯૫૬૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કેન્દ્ર સરકારની રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજનાનો રાજ્ય સરકારે રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અમલ કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) કેન્દ્ર સરકારે આ યોજના અન્વયે તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી રકમ ફાળવી ? | (૨) રૂા.૯૭૭.૨૪ લાખ. |

**અમદાવાદ શહેરમાં ચોરી અપહરણ અને લૂંટના બનાવો**

૨૧૪૦૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચોરી, અપહરણ અને લૂંટના કુલ કેટલા બનાવો બન્યા,

(૨) કેટલા કિસ્સાઓમાં વણ પકડાયેલા છે, અને

(૩) આવા ગુનાઓ બનતા અટકાવવા સરકારે શાં પગલાં લીધા અથવા વ્યવસ્થા ગોઠવેલ છે ?

**જવાબ**

(૧)

| ચોરી | અપહરણ | લૂંટ |
|---|---|---|
| ૧૧૩૦૧ | ૪૦૪ | ૩૫૭ |

(૨)

| ચોરી | અપહરણ | લૂંટ |
|---|---|---|
| ૩૮૬૨ | ૫૯૭ | ૫૧૯ |

(૩) આ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓ ઉપર સતત વોચ રાખી અવારનવાર ચેક કરી પુછપરછ કરવામાં આવે છે. તથા અસરગ્રસ્ત જગ્યાઓ ઉપર ખાનગી રાહે વોચ રાખી નાકાબંધી કરી વાહન ચેકીંગ કરવામાં આવે છે.

--------------

**ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર થયેલ પીવાના પાણીના કામો**

૧૯૯૬૨**શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુ. જાતિ પેટા યોજના (ખાસ અંગભૂત યોજના) હેઠળ રાજ્યના જિલ્લાઓમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન પીવાના પાણી માટેના મંજૂર થયેલ કામો ૧૦ % ફાળો નહી ભરી શકવાના કારણોસર નથી થઇ શક્યા તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં આવા કેટલા કામો હાથ ધરી શકાયાં નથી અને કરવા પાત્ર આ કામો નહિ થવાના કારણે કુલ કેટલી રકમ વણવપરાયેલી પડી રહી,

(૩) અનુસૂચિત જાતિના લોકોને ૧૦ ટકા ફાળાની રકમ ભરવાની બાબતે મૂક્તિ આપવા અંગેની કોઇ દરખાસ્ત સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે ખરી, અને

(૪) જો હા, તો આ દરખાસ્ત વિચારણાના ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં ૨૨ કામો હાથ ધરી શકાયેલ ન હતા પરંતુ હાલ હાથ ધરી ૧૩ કામો પૂર્ણ કરવામાં આવેલ છે અને ૯ કામો પ્રગતિ હેઠળ છે.

ખાસ અંગભૂત યોજના હેઠળ ફાળવવામાં આવેલ રકમમાંથી કોઇ રકમ વણવપરાયેલ રહેલ નથી.

(૩) હા, જી.

(૪) નિર્ણયાત્મક તબક્કે છે.

-----------

**સિધ્ધપુરમાં સમ્પ અને ઓવર હેડ ટાંકી માટે વીજ કનેક્શન**

૧૯૫૭૩ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૩૧ જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ સિધ્ધપુરના નવા વાસમાં ખાસ અંગભૂત યોજના હેઠળ બનાવેલા સમ્પ અને ઓવર હેડ ટાંકી માટે વીજ કનેકશન મેળવવા માટે રાજ્ય સરકારને કેટલી માંગણીઓ મળેલ છે, ક્યારે, અને

(૨) આ માંગણીઓ અંગે રાજ્ય સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં શું શું પગલાં લીધાં, ક્યારે અને કેટલા ખર્ચે ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને કોઇ માંગણી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

**સોરાષ્ટ્રના જિલ્લાઓમાં નાની અને મધ્યમ સિંચાઇ યોજનાના કામો બાબત**

૧૮૭૯૨**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ, જામનગર, જુનાગઢ, પોરબંદર, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર અને કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નાની અને મધ્યમ કક્ષાની સિંચાઇ યોજના માટે સર્વે કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા જિલ્લામાં કઇ કઇ સિંચાઇ યોજના પાછળ કેટલો ખર્ચ અંદાજવામાં આવ્યો છે, અને કેટલા હેકટરમાં વધુ સિંચાઇ થનાર છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામેલ *પત્રક મુજબની સિંચાઇ યોજનાઓનો સર્વે કરવામાં આવેલ છે. સર્વે બાદની પ્રક્રિયા પૂરી થયે અંદાજીત ખર્ચ તથા વધુ થનાર સિંચાઇ જાણી શકાશે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ગોધરાકાંડ પછીના તોફાનોમાં વેપારીઓની અસ્ક્યામતો બળી જવાથી થયેલ નુકશાન બાબત**

૧૯૯૭૫ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગોધરાકાંડ પછીનાં થયેલ તોફાનોમાં અસ્ક્યામતો બળી જવાથી જી. એસ. એફ. સી. પાસેથી લોન લેનાર વેપારીઓને નુકશાન થયાની વાત સરકાર જાણે છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેર તથા જિલ્લાના આવા કેટલા વેપારીઓને કેવા પ્રકારની, કેટલી રાહત આપવામાં આવી અને કેટલા વેપારીઓના કેસ રાહત આપવા માટે પડતર છે, અને

(૩) આ પડતર કેસોવાળા વેપારીઓને ક્યાં સુધીમાં રાહત ચુકવાશે ?

**જવાબ**

(૧) હા.

(૨) અને (૩) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ ઉદ્યોગ-કમિશ્નરની કચેરી દ્વારા અમદાવાદ શહેર તથા જિલ્લાના કુલ-૧૧૭૩ એકમોને રૂા. ૨૭૭.૪૫/- લાખની રોકડ સહાય અને ૫૮૩ એકમોને રૂા. ૬૧.૯૫ લાખની વ્યાજ સહાયની ચુકવણી કરવામાં આવી છે. ૩ એકમોને રૂા. ૦.૮૦ લાખની રોકડ સહાય અને ૫૦૪ એકમોને રૂા. ૧૪.૨૦ લાખની વ્યાજ સહાય ચુકવણી માટે પડતર છે.

જી.એસ.એફ.સી. સહાયિત કુલ ૪ એકમોએ રાહત મેળવવા માંગણી કરેલ, જે પેકી ૨ એકમોને મુદ્દલ વ્યાજ તેમજ અન્ય બાકી લ્હેણાંની પરત ચૂકવણી માટેનો સમયગાળો વધારી આપ્યો અને તે પેકીના એકને વનટાઇમ સેટલમેન્ટનો લાભ આપ્યો. પડતર કેસો નિગમ શક્ય ત્વરાથી નિકાલ કરશે.

-----------

**ભૂજ તથા નખત્રાણા તાલુકાના વિકાસ માટે ખર્ચનું આયોજન**

૨૦૦૫૯ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના ભૂજ તથા નખત્રાણા તાલુકાના વિકાસ માટે વિવિધ પ્રકારના આયોજનના કામો હેઠળ સને ૨૦૦૫-૨૦૦૬ તથા ૨૦૦૬-૦૭માં ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં કેટલું ખર્ચ કરવાનું આયોજન હતું, અને

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં આયોજનની વિવિધ જોગવાઇઓ તળે ભુજ અને નખત્રાણા તાલુકાનું ખર્ચ કરવાનું આયોજન છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | |
|---|---|---|---|
| | | ભૂજ | નખત્રણા |
| | | (રૂા. લાખમાં) | |
| ૧ | ૨૦૦૫-૦૬ | રૂા. ૬૦.૮૭ | રૂા. ૫૨.૧૬ |
| ૨ | ૨૦૦૬-૦૭ | રૂા. ૭૬.૯૭ | રૂા. ૫૪.૨૭ |

ઉપરોક્ત વિગતે બંને વર્ષની ફાળવાયેલ ગ્રાંટ

વાપરવાની મુદ્દત તા. ૩૧-૦૩-૨૦૦૭ છે.

(૨) આ આયોજનમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા કામો બાકી રહી ગયેલ છે અને કેટલી રકમના કામો બાકી રહેવા પામેલ છે ?

(૨) કચ્છ જિલ્લામાં આયોજનની વિવિધ જોગવાઇઓ તળે ભુજ અને નખત્રાણા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ બાકી રહી ગયેલ કામો અને રકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ બાકી રહી ગયેલ કામો અને રકમની વિગતો | | | |
|---|---|---|---|---|---|
| | | ભુજ | | નખત્રાણા | |
| | | | | રૂા. લાખમાં | |
| | | કામોની સંખ્યા | રકમ રૂા. | કામોની સંખ્યા | રકમ રૂા. |
| ૧ | ૨૦૦૫-૦૬ | ૩ | ૧.૯૩ | ૧ | ૧.૦૨ |
| ૨ | ૨૦૦૬-૦૭ | ૨૯ | ૪૩.૨૧ | ૧૫ | ૧૧.૫૨ |

ઉપરોક્ત વિગતે બંને વર્ષની ફાળવાયેલ ગ્રાંટ વાપરવાની મુદ્દત તા. ૩૧-૦૩-૨૦૦૭ છે. બાકી કામોનું કામવાર *પત્રક-૧ આ સાથે સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**જામનગર શહેરના પોલીસ આવાસોની જર્જરીત હાલત**

૨૧૪૨૩ **ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય પોલીસ આવાસો મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર શહેરમાં ક્યા ક્યા સ્થળે કેટલા પોલીસ આવાસો આવેલા છે, અને

(૨) આ આવાસોમાં જી. જી. હોસ્પિટલ પાછળના આવાસો જુનવાણી પધ્ધતિના અને જર્જરીત હાલતમાં છે તે સરકાર જાણે છે ?

**જવાબ**

(૧)

| સ્થળ | આવાસો |
|---|---|
| પોલીસ હેડ ક્વાર્ટર, જામનગર શહેર | ૫૦૭ |
| સી.ટી.બી. પોલીસ સ્ટેશન, જી. જી. હોસ્પિટલ પાછળ, જામનગર શહેર | ૨૮૩ |

(૨) હા, જી.

-----------

**પીપાવાવ પાવર સ્ટેશન સ્થાપવા બાબત**

૨૧૨૩૦ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પન્ના તાપતી ગેસ ફીલ્ડમાંથી ગેસ મેળવી પીપાવાવ પાવર સ્ટેશન સ્થાપવાનું હતું તેનું શું થયું, અને

(૨) રાજ્ય સરકાર દ્વારા પીપાવાવ પાવર સ્ટેશન સ્થાપવા કાર્યવાહી કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) પન્ના મુક્તા ગેસ ફિલ્ડમાંથી ગેસ ઉપલબ્ધ ન થતાં આ પ્રોજેક્ટ સ્થાપી શકાયેલ નથી.

(૨) હા, જી.

-----------

## વિરમગામ દેત્રોજ અને માંડલ તાલુકામાં સબ કેનાલોમાં પાણી છોડવા અંગે

૧૯૧૬૧**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સન ૨૦૦૪ થી ૨૦૦૬ માં વિરમગામ માંડલ અને દેત્રોજ તાલુકામાં નર્મદાની સબ કેનાલમાં સિંચાઇ માટે પાણી છોડવામાં આવેલ છે કે કેમ, | (૧) સને ૨૦૦૬ની રવિ ઋતુમાં વિરમગામ તાલુકાની નર્મદાની સબ કેનાલમાં સિંચાઇ માટે પાણી છોડવામાં આવેલ છે. |
| (૨) કેટલી સબ કેનાલોમાં પાણી આપેલ છે, અને | (૨) નરસિંગપુરા શાખા નહેરમાં પાણી છોડવામાં આવેલ છે. |
| (૩) તેનાથી કેટલા ગામોને તેનો લાભ મળેલ છે ? | (૩) ૧૧ ગામોને લાભ મળે છે. |

-----------

## પંચમહાલ જિલ્લામાં ગાયો બચાવી લેવાની કાર્યવાહી

૨૧૦૫૫**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ૨૦૦૪ થી ડિસેમ્બર, ૦૬ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં અને ગોધરામાં ગાયોની કતલ-હત્યા રોકવામાં તંત્ર તરફથી શાં પગલાં ભરવામાં આવ્યા, | (૧) ૨૦૦૪ થી ડિસેમ્બર-૦૬ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં અને ગોધરામાં ગાયોની કતલ-હત્યા રોકવામાં તંત્ર તરફથી રોડ-પેટ્રોલીંગ નાઈટ પેટ્રોલીંગ તથા સખત નાકાબંધી કરી વાહનોનું ચેકીંગ કરવામાં આવેલ છે. તેમજ આવા ગુના કરવાવાળા ઇસમો ઉપર વોચ રાખવામાં આવે છે, તથા આવો ગુનો કરનાર વિરૂધ્ધમાં ગુના દાખલ કરવામાં આવે છે. |
| (૨) કેટલી ગાયો બચાવી લેવામાં આવી, અને | (૨) ૨૦૦૪ થી ડિસેમ્બર-૦૬ દરમ્યાન પંચમહાલ જિલ્લામાં અને ગોધરામાં કુલ-૭૩૯ (સાતસો ઓગણ ચાલીસ) ગાયો બચાવી લેવામાં આવી. |
| (૩) ગાયોની હત્યામાં સંડોવાયેલ વ્યક્તિ સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ? | (૩) ગાયોની હત્યામાં સંડોવાયેલ વ્યક્તિ સામે કાયદેસરનો ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી કોર્ટ-કસ્ટડીમાં મોકલી આપવામાં આવેલ છે. તથા કુલ-૧૨ (બાર) આરોપીઓની ""પાસા"" હેઠળ અટકાયત કરવામાં આવેલ છે. |

-----------

## વાયબ્રન્ટ ગુજરાતમાં પાવર પ્રોજેક્ટના એમ.ઓ.યુ.

૨૧૨૪૮ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ચાલુ વર્ષે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાતમાં કેટલા પાવર પ્રોજેક્ટના એમ.ઓ.યુ. કરવામાં આવ્યું, | (૧) ૧૨ (બાર) |
| (૨) કઇ કઇ એજન્સી દ્વારા કરવામાં આવ્યા છે, અને | (૨) પત્રક-અ મુજબ |
| (૩) પાવર પ્રોજેક્ટરોને સરકાર દ્વારા ક્યા ક્યા લાભો આપવામાં આવશે ? | (૩) રાજ્ય સરકાર એમ.ઓ.યુ. કરનાર સંસ્થાને પ્રોજેક્ટની સ્થાપના ઝડપથી થાય તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની જરૂરી પરવાનગીઓ મેળવવા, જે તે વિભાગમાં નોંધણી કરાવવા તથા રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારની લાગુ પડતી નીતિઓ નીચે પાત્રતાને ધોરણે તે મેળવવા સહાયક તરીકેની મદદ આપશે. |

**પત્રક-અ**

**વાયબ્રન્ટ ગુજરાતમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પાવર પ્રોજેક્ટના એમ.ઓ.યુ. કરનાર એજન્સી/કંપનીઓની યાદી**

| અ.નં. | ખાનગી સાહસનું નામ |
| --- | --- |
| ૧. | અદાણી પાવર પ્રા. લિ. અમદાવાદ |

| | |
|---|---|
| ૨. | ટોરેન્ટ પાવર લિ. અમદાવાદ |
| ૩. | સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિ. અમદાવાદ |
| ૪. | એસ્સાર પાવર લિ. મુંબઇ |
| ૫. | જીપેક (સીએલપી-હોંગકોંગ), મુંબઇ |
| ૬. | વીડીઓકોન ઇન્ડસ્ટ્રીઝ લિ. ભરૂચ |
| ૭. | જેએસડબલ્યુ પાવર કું. મુંબઇ |
| ૮. | વીસા પાવર, કોલકત્તા |
| ૯. | જીએસપીસી-પીપાવાવ પાવર કું. ગાંધીનગર (જીએસપીસી અને જીપીસીએલ) |
| ૧૦. | ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પો. લિ., વડોદરા |
| ૧૧. | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિ. વડોદરા |
| ૧૨. | મે. યુનીયન ટેરીટરી ઓફ દીવ, દમણ, દાદરા અને નગર હવેલી, દમણ |

-----------

**વાંસદા તાલુકાની કેલીયા પાણી પુરવઠાની કાર્યવાહી**

૨૦૮૫૩ **શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના વાંસદા તાલુકાની કેલીયા પાણી પુરવઠાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) મહદ અંશે કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ૩૧-૩-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામડાઓને આવરી લેવા બાબત**

૧૦૯૭**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતીગ્રામ યોજના હેઠળ રાજ્યના કેટલા ગામડાઓને આવરી લેવામાં આવ્યા, તે માટે કેટલો ખર્ચ થયો,

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વીજ સ્થાપિત ક્ષમતામાં કેટલો વધારો થયો, અને

(૩) ક્યા ક્યા વર્ષ દરમ્યાન કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજ્યમાં ૧૭૭૯૭ ગામોને આવરી લેવામાં આવેલ છે. તે માટે રૂા. ૧૧૯૬.૧૭૭૨ કરોડનો ખર્ચ થયેલ છે.

(૨) અને (૩) તા. ૩૧-૦૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન વીજ સ્થાપિત ક્ષમતામાં ૧૦૦૬ મેગા વોટનો વધારો થયેલ છે. જેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

વર્ષ ૨૦૦૪-૧૪૭ મેગા વોટ
વર્ષ ૨૦૦૫-૨૭૮ મેગા વોટ
વર્ષ ૨૦૦૬-૫૮૧ મેગા વોટ

-----------

**સરદાર સરોવર નર્મદા યોજનાનું બંધનું બાંધકામ**

૨૧૨૬૪ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરદાર સરોવર નર્મદા યોજનાનું બંધનું

**જવાબ**

(૧) ૩૧-૧-૦૭ની સ્થિતિએ સરદાર સરોવર

બાંધકામ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલું થયું છે,

નર્મદા યોજનાના બંધની છલતીના બ્લોક નં. ૨૧ થી બ્લોક નં. ૫૧ ની ઉંચાઈ ૧૨૧.૯૨ મીટરે લઈ જવામાં આવેલ છે. બંધના કુલ કોક્રીટ કામના ૯૫.૯૦ ટકા જેટલું કામ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) રાજ્ય સરકારે નિર્ધારીત સમય કરતાં વહેલા આ કામગીરી પૂરી કરી છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) ના, જી. નર્મદા કંટ્રોલ ઓથોરિટી તરફથી આ કામગીરી જૂન ૨૦૦૬ના અંત પહેલાં પૂર્ણ કરવા નિર્દેષ હતો. આ કામગીરી તા. ૩૧-૧૨-૦૬ ના રોજ પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) મુખ્ય બંધના બાંધકામ અંગે હવે પછીનું કેવું આયોજન છે ?

(૩) બંધની છલતીની ઉપર દરવાજા બેસાડવા, તે માટે પીયર્સને ૧૪૪.૫૦ મીટર સુધી પૂર્ણ ઉંચાઈ સુધી લઈ જવા તેમજ બંધના બંને છેડાને જોડતો પુલ બનાવવાની કામગીરીનું આયોજન છે. નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજુરી મળ્યા બાદ આ બાંધકામ કરવામાં આવશે.

-----------

**જોડિયા તાલુકામાં લખતર ગામ પાસે ઉંડ-૨ સિંચાઇ યોજનાની પેટા કેનાલો**

૨૦૭૫૬ **શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જોડિયા તાલુકાના લખતર ગામ પાસે આવેલ ઉંડ-૨ સિંચાઇ યોજનાની પેટા કેનાલો બનાવવાનું કામ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) કામ ક્યારે શરૂ કરવામાં આવ્યું,

(૩) બધી જ કેનાલોનું કામ ક્યારે પુરું થશે, અને

(૪) હજુ સુધી પુરું ન થયું હોય તો વિલંબ થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) જમણા કાંઠાની પેટા કેનાલોના કામો ૬૫ ટકા પૂર્ણ થયેલ છે. જ્યારે ડાબા કાંઠાની નહેરોના કામો ન કરવાની બાબત વિચારણા હેઠળ છે.

(૨) તા. ૧૮-૧૨-૯૯

(૩) જમણાકાંઠાના નહેરોના કામો જુન-૦૮ સુધીમાં પુરુ કરવાનું આયોજન છે.

(૪) જમીન સંપાદન તથા ખાતેદારોના અસહકાર ના કારણે વિલંબ થયેલ છે.

-----------

**સ્વજલધારા કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ**

૨૧૪૧૩**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓના કામો શરૂ કરવા માટે રાજ્યમાં પ્રચંડ પ્રતિસાદ સાંપડેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ માટે ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) જો ના, તો રાજ્ય સરકારે શા પ્રયત્નો કરેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી

(૩) રાજ્ય સરકારે સમયાંતરે કુલ ૯ પત્રો દ્વારા તથા રૂબરૂમાં પણ વારંવાર કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે વર્ષ ૦૪-૦૫થી સ્વજલધારાના સિધ્ધાંતને અનુરૂપ સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના અમલમાં મૂકી છે. અને છેલ્લા ત્રણ વર્ષમાં રૂા. ૪૫૦૦ લાખ ફાળવેલ છે. વધુમાં વર્ષ ૨૦૦૬-૦૭માં પૂરક ફંડ તરીકે રૂા. ૯૦૦૦ લાખની ફાળવણી કરેલ છે.

-----------

**કોલગી સમિતિના અહેવાલ મુજબ પછાત તાલુકાઓ**

૧૯૪૦૪**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) :માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૩૧ ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ કોલગી સમિતિના અહેવાલ પ્રમાણે રાજ્યના ક્યા ક્યા તાલુકાઓ પછાત જાહેર કરવામાં આવ્યા, અને | (૧) નીચે પ્રમાણે રાજ્યના ૩૦ તાલુકાઓ પછાત જાહેર કરવામાં આવ્યા.<br>(૧) ક્વાંટ (૨) ધાનપુર (૩) કપરાડા (૪) ઘોઘંબા (૫) વાવ (૬) ગરબાડા (૭) સાગબારા (૮) મોરવા (હડફ) (૯) ડાંગ (૧૦) ઉમરપાડા (૧૧) નસવાડી (૧૨) દેડીયાપાડા (૧૩) ઝાલોદ (૧૪) ફતેપુરા (૧૫) રાપર (૧૬) ઉચ્છલ (૧૭) સાંતલપુર (૧૮) લીમખેડા (૧૯) કડાણા (૨૦) દેવગઢ બારીયા (૨૧) બરવાળા (૨૨) જેતપુર પાવી (૨૩) ખાનપુર (૨૪) થરાદ (૨૫) શહેરા (૨૬) સમી (૨૭) નીઝર (૨૮) કલ્યાણપુર (૨૯) અમીરગઢ (૩૦) સંતરામપુર |
| (૨) આ તાલુકાના વિકાસ માટે આ સમિતિએ કઇ કઇ ભલામણો કરી છે ? | (૨) આ તાલુકાના વિકાસ માટે આ સમિતિએ મુખ્યત્વે નીચે મુજબની ભલામણો કરી છે.<br>(૧) વિકાસના સંયુક્ત ક્ષેત્ર કે પેટાક્ષેત્રમાં થતા વિલંબ અંગેના તારણોને વધુ વ્યાપક રીતે ઉપયોગમાં લેવાની ભલામણ કરી છે.<br>(૨) શહેરી જીવનમાં જીવન ધોરણની કક્ષાઓમાં રહેલી અસમાનતાઓ પ્રત્યે ધ્યાન દોરી તેમણે સાધેલા વિકાસની દ્રષ્ટિએ તેમને ક્રમ આપવાની પ્રક્રિયા હાથ ધરવા સૂચવ્યું છે.<br>(૩) સરકારી એજન્સીઓ, કોર્પોરેટ હાઉસ, સ્વૈચ્છિક અને સહકારી સંસ્થાઓના સહયોગથી જાહેર ખાનગી સહયોગથી પુનઃવસવાટ કાર્યની જેમ આ ક્ષેત્ર પણ સક્રિય કરી શકાય તેમ સૂચવ્યું છે.<br>(૪) ડૉ. આઈ.જી.પટેલ સમિતિના અહેવાલમાંની કેટલીક ભલામણો વ્યાજબી છે, તેમ જણાય છે.<br>(૫) શહેરી વિસ્તારોમાં ક્ષમતા મુજબ ક્રમ આપવાના સૂચકો આપેલા છે, જે રાજ્યમાં ઓછા સંસાધન ધરાવતા શહેરોની જરૂરિયાતના પ્રમાણ પ્રત્યે ધ્યાન દોરવામાં મદદરૂપ થશે. |

-----------

**મીટર પધ્ધતિ અને હોર્સ પાવર પધ્ધતિનું આયોજન**

૨૧૩૬૮**ડૉ. અતુલ કે. પટેલ(કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વીજ વપરાશ સબંધમાં રાજ્યમાં મીટર પધ્ધતિ અને હોર્સ પાવર પધ્ધતિ વચ્ચેનો તફાવત દુર કરવા કોઇ આયોજન છે, કે કેમ, અને<br>(૨) જો ના, તો આયોજન કરવા માંગો છો કે કેમ ? | (૧) અને (૨) ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ હેઠળ વીજ વપરાશ પધ્ધતિ સંબંધમાં નામદાર વીજ નિયમન આયોગે દિશાસૂચન આપેલ છે, તે મુજબ. |

-----------

**વાયબ્રન્ટ ગુજરાતમાં પાવર પ્રોજેકટના એમ.ઓ.યુ.**

૨૧૦૮૮ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ચાલુ વર્ષે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાતમાં કેટલા પાવર પ્રોજેક્ટ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને | (૧) ૧૨ (બાર) |

(૨) કઇ એજન્સીઓ દ્વારા તે પાવર પ્રોજેક્ટને સરકાર દ્વારા શું લાભો આપવામાં આવશે ?

(૨) રાજ્ય સરકાર એમ.ઓ.યુ. કરનાર સંસ્થાને પ્રોજેક્ટની સ્થાપના ઝડપથી થાય તે માટે રાજ્ય અને કેન્દ્ર સરકારની જરૂરી પરવાનગીઓ મેળવવા, જે તે વિભાગમાં નોંધણી કરાવવા તથા રાજ્ય સરકાર/કેન્દ્ર સરકારની લાગુ પડતી નીતિઓ નીચે પાત્રતાને ધોરણે તે મેળવવા સહાયક તરીકેની મદદ આપશે.

-----------

**નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરના કામનું આયોજન**

૨૧૪૨૭**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરનું તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૨) બાકી રહેતા કામ માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૩૫.૭૫ કિ.મી. લંબાઈમાં માટીકામ તથા ૧૦ કિ.મી. લંબાઈમાં અસ્તરકામ સહિત પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) બાકી રહેતી કચ્છ શાખા નહેરની લંબાઈના કામો તેની વિતરણ વ્યવસ્થા પધ્ધતિના કામો સાથે તબક્કાવાર ૨૦૦૭-૦૮ થી શરૂ કરી ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના બાબત**

૨૦૬૨૦ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ વલસાડ જિલ્લાના તાલુકાવાર કેટલા ગામો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવરી લેવામાં આવ્યા, અને

(૨) જે જે ગામો ""જ્યોતિગ્રામ"" તરીકેનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યાં દરેક વિસ્તારમાં થાંભલા નાંખી વીજળી આપવામાં આવી નથી તે હકીકત સાચી છે ?

**જવાબ**

(૧) જ્યોતિગ્રામ યોજના હેઠળ વલસાડ જિલ્લાના તમામ ૪૫૦ ગામો આવરી લેવામાં આવેલ છે. જે પૈકી તા. ૩૧-૧-૦૭ થી સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવરી લીધલ ગામોની માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|
| ધરમપુર | ૭૪ |
| કપરાડા | ૫૫ |
| પારડી | ૫૩ |
| ઉમરગામ | ૪૫ |
| વલસાડ | ૮૩ |
| કુલ.. | ૩૧૦ |

(૨) ના, જી.

-----------

**ભરુચ તાલુકાના જનોર-અંગારેશ્વર ગામોને જોડતી નહેર યોજના બાબત**

૨૦૭૫૨ **શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી(ભરૂચ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરુચ તાલુકાના જનોર - અંગારેશ્વર ગામોને જોડતી સિંચાઇ માટેની જિલ્લા પંચાયત હસ્તકની નહેર યોજના બંધ છે,

(૨) બંધ થવાના કારણો શાં છે, અને

(૩) આ નહેરોને ચાલુ કરવાનું સરકારનું શું

**જવાબ**

(૧) હા જી, જિલ્લા પંચાયત હસ્તકની જનોર અને અંગારેશ્વર ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ બંધ છે.

(૨) બન્ને ઉદ્‌વહન યોજનાઓના વીજ કોમર્શીયલ ટેરીફ જિલ્લા પંચાયતને આર્થિક રીતે પોસાય તેમ ન હોઈ બંધ કરવામાં આવેલ છે.

(૩) ગુજરાત ઈલેક્ટ્રીક રેગ્યુલેટરી કમિટિ દ્વારા

| | |
|---|---|
| આયોજન છે ? | જનોર-અંગારેશ્વર ગામોને જોડતી સિંચાઈ માટેની કોમર્શીયલ ટેરીફને બદલે એગ્રીકલ્ચર ટેરીફ તરીકે ગણવા નિર્ણય થવા માટે પરામર્શમાં છે. |

-----------

**સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા બાબત**

૨૧૨૩૯**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(સુરત શહેર (પશ્ચિમ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત કરવાનું આયોજન છે, અને | (૧) ૮૫. |
| (૨) તે પેકી કેટલા સી.એન.જી. સ્ટેશનો કાર્યરત થયા? | (૨) ૭૧. |

-----------

**રાજ્યમાં ગેસ ગ્રીડ માટે પાઇપ લાઇન**

૨૧૦૮૫**શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ (કામરેજ):માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમીકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગેસ ગ્રીડ માટે કેટલા કિ. મી. પાઇપ લાઇન નાખવાની છે, | (૧) અંદાજે ૨૦૭૫ કિ.મી. |
| (૨) તેમાંથી તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલું કામ પૂર્ણ થયુ, | (૨) ૯૪૦ કિ.મી. પાઈપ લાઈનનું. |
| (૩) આ કારણે ક્યા વિસ્તારને ગેસ મળતો થયો, | (૩) હજીરા, ભરૂચ, વડોદરા, અમદાવાદ, કલોલ, હિંમતનગર, મોરબી વિગેરે વિસ્તારોને ગેસ મળતો થયેલ છે. |
| (૪) સીરામીક ઉદ્યોગ માટે ગેસ આપવા શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૪) મોરબી તથા હિંમતનગરના સીરામીક એકમોને ગેસ પુરવઠો આપવાનું ચાલુ છે. |
| (૫) તેમાંથી સીરામીક ઉદ્યોગને શું લાભ થશે અને આ કામગીરી ક્યારે પૂર્ણ થશે ? | (૫) એલ.પી.જી. કરતાં સસ્તાદરે કુદરતી ગેસનો વિકલ્પ મળતાં પડતર કિંમત ઘટશે, તથા પ્રદુષણ ઘટશે અને ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો થશે. |

-----------

**તળાજા તાલુકામાં મેથળા બંધારા યોજનાની કામગીરી**

૨૦૭૭૧**શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ તળાજા તાલુકામાં આવેલ મેથળા બંધારા યોજના (ક્ષાર અંકુશ)નું સર્વે કામ પૂર્ણ થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) આ યોજનાની સર્વે પછીની કામગીરી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ? | (૨) આલેખનના તબક્કે છે. |

-----------

**નર્મદા યોજના આધારીત માઇનોર કેનાલો બનાવવા અંગે**

૧૮૯૮૮ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧ ડીસેમ્બર, ૨૦૦૬ની સ્થિતિએ નર્મદા યોજના આધારીત સરફેઇસ ઇરીગેશન કેનાલો દ્વારા કુલ કેટલા હેકટર જમીનમાં સિંચાઇની ક્ષમતા પહોંચી છે, અને કેટલા હેકટરમાં સિંચાઇ થઇ શકી છે. | ૨.૦૪ લાખ હેકટર જમીનમાં સિંચાઈ ક્ષમતા પહોંચી છે અને વર્ષ ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધી)માં ૪૩,૯૦૧ હેકટર માં સિંચાઈ થયેલ છે. |

-----------

**જ્યોતિગ્રામ યોજનાની નવી લાઇન ઉભી કરવા બાબત**

૨૧૦૯૨**શ્રી કાંતિલાલ ૨ા. લકુમ(બાવળા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલી નવી લાઇનો ઉભી કરવામાં આવી, | (૧) ૭૫,૯૭૭ સર્કીટ કીલોમીટર. |
| (૨) કેટલા નવા ટ્રાન્સફોર્મર ઉભા કરવામાં આવ્યા, અને | (૨) ૧૮,૦૬૩ ટ્રાન્સફોર્મર. |
| (૩) કેટલા નવા થાંભલા ઉભા કરવામાં આવ્યા ? | (૩) ૨૩,૬૮,૦૦૩ થાંભલા. |

-----------

**સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ કામગીરી માટે ખર્ચ**

૨૧૨૭૦ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં "સુજલામ્ સુફ્લામ્" યોજના હેઠળ ગાંધીનગર તાલુકામાં કઈ કઈ કામગીરી માટે કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ ગાંધીનગર તાલુકામાં થયેલ કામગીરી અને તે માટે થયેલ સપ્રમાણ ખર્ચની વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

**પ ત્ર ક - અ**

તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ ગાંધીનગર તાલુકામાં થયેલ કામ અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક.

(અ) જળસંપત્તિ પ્રભાગ.

(રૂપિયા લાખમાં)

| અ. નં. | કામનું નામ | તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ સપ્રમાણ ખર્ચ |
|---|---|---|
| ૧ | ચેકડેમના કામો, કાંસ ઉંડા ઉતારવાની કામગીરી તથા સાબરમતી નદી ઉપર પીકઅપ વિયરની કામગીરી માટે. | ૧૧૩૮.૪૧ |

(બ) પાણી પુરવઠા પ્રભાગ.

| અ. નં. | કામનું નામ | તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૩૧-ગામોને સમાવતી જુથ પાણી પુરવઠા યોજના (જી.૧) | ૧૫૭૮.૦૨ |
| ૨ | ૩૯ ગામોને સમાવતી જુથ પાણી પુરવઠા યોજના (જી.૨) (વસ્તીના ધોરણે પ્રોરેટા ખર્ચ) | ૧૫૬૫.૧૪ |

-----------

**અનામત નીતિ પ્રમાણે સુધારેલ હુકમો બહાર પાડવા બાબત**

૨૧૦૬૧ડૉ. **અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યકક્ષાએ જે ભરતી કરવામાં આવે છે, તેવા કર્મચારીઓ/અધિકારીઓની અનામત નીતિ પ્રમાણે સુધારેલ હુકમો બહાર પાડવાની બાબત તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૨) આ હુકમો ક્યાં સુધીમાં બહાર પાડવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) રાજ્યકક્ષાએ જે ભરતી કરવામાં આવે છે તેવા અધિકારી/કર્મચારીઓની અનામત નીતિ પ્રમાણે સુધારેલ હુકમો બહાર પાડવાની તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઇ બાબત બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ગોદાવરી ક્રિષ્નાના તટમાંથી ગેસ મળી આવવા અંગે**

૧૯૧૩૮**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે કરેલી જાહેરાત મુજબ ગોદાવરી ક્રિષ્નાના તટમાંથી ૨૦ ટ્રીલીયન ક્યુબીકગેસ મળી આવેલ છે તે અન્વયે જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૨) કેટલા સમયમાં કેટલું ગેસ ઉત્પાદન થશે ?

**જવાબ**

(૧) પાંચ કૂવાઓનું સંશોધન પૂર્ણ કરેલ છે અને બે રીંગોથી શારકામ ચાલુ છે. ફીલ્ડ ડેવલપમેન્ટ ઓફશોર પ્લોટ ડીઝાઇન તથા ઓનશોર પ્રોડક્શન ફેસીલીટીને આખરી કરવા માટેની તાંત્રિક કાર્યવાહી ચાલુ છે.

(૨) સને ૨૦૦૮-૦૯ માં ગેસનું ઉત્પાદન થવાની સંભાવના છે. તે સમયે ઉત્પાદનનો જથ્થો અંદાજી શકાશે.

-----------

**રાજ્યમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની સ્થાપના**

૧૯૭૧૪ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સ્થાપવામાં આવેલ છે, અને

(૨) સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સ્થાપવાની કેટલી દરખાસ્ત પેન્ડીંગમાં છે ?

**જવાબ**

(૧) ૩૩ (તેત્રિસ) સ્પેશિયલ ઇકોનોમિક ઝોનને કેન્દ્ર સરકારે મંજૂરી આપેલ છે.

(૨)

| | |
|---|---|
| રાજ્ય સરકાર તરફથી ભલામણ થયેલ દરખાસ્તો કેન્દ્ર સરકારમાં પેન્ડીંગ | ૧૦ |
| રાજ્ય સરકાર ક્ષાએ નિર્ણય અર્થે પેન્ડીંગ | ૭ |
| કુલ : | ૧૭ |

-----------

**પંચમહાલ જિલ્લામાં પોલીસ અધિકારી /કર્મચારીના આરોગ્ય તપાસ બાબત**

૨૦૫૯૩**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે "પોલીસ કલ્યાણ"ની નીતિ અપનાવીને ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરાવવાની સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી/કર્મચારીઓ ફરજ બજાવે છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) : ફરજ બજાવતા કુલ ૧૦૫૪ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૦૧૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

(૩) તે પૈકી કેટલાની આરોગ્ય તપાસ થઈ છે ?

**ક્રિષ્ના ગોદાવરી બ્લોકનું શારકામ અંગે**

૨૧૦૮૩**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ક્રિષ્ના ગોદાવરી બ્લોકનું શારકામ ક્યારે શરૂ કરવામાં આવ્યું, | (૧) તા.૩૧-૭-૨૦૦૪ થી. |
| (૨) આ બ્લોકમાંથી રાજ્યને કેટલો ગેસ પ્રાપ્ત થવાની ધારણા છે, અને | (૨) આશરે ૨૦ ટીસીએફ. |
| (૩) તેમાંથી રાજ્યના ઉદ્યોગોને ક્યા ક્યા લાભ થશે ? | (૩) ગેસ રો-મટીરીયલ ઉદ્યોગોને ઉપલબ્ધ થવાથી ઉદ્યોગોનો વિકાસ થશે. ઉત્પાદિત ચીજની ગુણવત્તામાં સુધારો, હવાના પ્રદુષણમાં ઘટાડો, નિતિ, સતત અને સરળ ઉપલબ્ધ પુરવઠો વિગેરે પ્રકારના લાભ થશે. |

-----------

**સ્વજલધારા કાર્યક્રમને મળેલ પ્રતિસાદ**

૨૧૨૪૨**શ્રી ચંદ્રકોત મો. પટેલ (ડભોઇ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓના કામો શરૂ કરવા માટે રાજ્યમાં પ્રચંડ પ્રતિસાદ સાંપડેલ છે, કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કેમ, અને | (૨) ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. |
| (૩) જો ના, તો રાજ્ય સરકારે શાં પગલાં ભર્યા છે ? | (૩) રાજ્ય સરકારે સમયાંતરે કુલ ૯ પત્રો દ્વારા તથા રૂબરૂમાં પણ વારંવાર કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવેલ છે.<br>આ ઉપરાંત રાજ્ય સરકારે વર્ષ ૦૪-૦૫ થી સ્વજલધારાના સિધ્ધાંતને અનુરૂપ સેકટર રીફોર્મ (રાજ્ય) યોજના અમલમાં મૂકી છે. અને છેલ્લા ત્રણ વર્ષમાં રૂા.૪૫૦૦ લાખ ફાળવેલ છે. વધુમાં વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂરક ફંડ તરીકે રૂા.૯૦૦૦ લાખની ફાળવણી કરેલ છે. |

-----------

**વિકેન્દ્રિત જિલ્લા આયોજનમાં કાપ મુકવા બાબત**

૨૧૦૭૩**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭ ની ગ્રાન્ટમાં કાપ મૂકવાની હકીકત ખરી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે માટેનાં કારણો શાં છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ભાવનગર જિલ્લામાં શુભાનંદ સ્વામી અંગે**

૨૦૭૭૪ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) શ્રી શુભાનંદ સ્વામી ઉર્ફે એન્જેલો બેન્ડીટી કાલી ટોવીસ્કી તે સ્પેનીશ નાગરિક હોવા છતાં ભાવનગર જિલ્લામાં જુદી જુદી જ્ગ્યાએ પોતાની ઓળખ છૂપાવી, ખોટા નિવેદનો આપ્યાં, મિલ્કતો રાખી અને ટ્રસ્ટી | (૧) રજૂઆત મળી છે. |

મંડળમાં રહેવું, ખોટાં સોગંદનામા કરવા વગેરે ગુન્હાઓ આચરેલ છે તેની સરકારને માહિતી છે, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર સદરહુ ઈસમનો વીઝા રદ કરવાની તથા અન્ય જરૂરી કાર્યવાહી થાય તે માટે કેન્દ્રને જાણ કરવા માંગે છે કે કેમ ?

(૨) આ બાબત તપાસ હેઠળ છે, તપાસ પૂર્ણ થયા બાદ યોગ્ય કાર્યવાહી કરી શકાશે.

-----------

**સુજલામ સુફલામ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં નિર્ધારીત રકમ**

૨૦૮૫૦**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સુજલામ સુફલામ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં અન્ય જિલ્લાના પ્રમાણમાં નિર્ધારીત રકમ ખર્ચાઈ નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છમાં ક્યા કામોની યોજના માટે કેટલું ખર્ચ અંદાજવામાં આવેલ, તેની સામે કેટલું ખર્ચ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કર્યુ, અને

(૩) જો ના, તો રાજ્યનાં જિલ્લાઓમાં સુજલામ્ સુફલામ્ અન્વયે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલું ખર્ચ કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ના જી, આયોજન મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુજલામ્ સુફલામ્ અન્વયે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યા.

૧. જળસંપત્તિ પ્રભાગ રૂા.૧૭૫૦.૧૫ કરોડ

૨. પાણી પુરવઠા પ્રભાગ રૂા. ૭૧૯.૪૮ કરોડ

-----------

**સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને પ્રોત્સાહન**

૧૯૦૭૬ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને રાજ્ય સરકાર દ્વારા ક્યા ક્યા ખાસ પ્રોત્સાહનો આપવામાં આવે છે, અને

**જવાબ**

(૧) રાજ્ય સરકારના તા.૩૦-૩-૦૪ના રોજ જાહેર થયેલ ગુજરાત સ્પેશિયલ ઇકોનોમિક ઝોન એક્ટ ૨૦૦૪ અન્વયે નીચે મુજબના પ્રોત્સાહનો આપવામાં આવે છે.

૧. ઝોનના પ્રોસેસીંગ એરિયામાં થતા દરેક વેચાણને ટ્રાન્જેક્શન ઉપર રાજ્ય સરકારના કાયદા મુજબ તમામ કરવેરા, સેસ, ડયુટી, ફી અથવા કોઇપણ પ્રકારની લેવીમાંથી નીચે મુજબ મુક્તિપાત્ર થાય છે.

(અ) ઝોનમાં મંજૂર થયેલ એકમોને તબદીલ થતી જમીન ઉપર ચુકવવા પાત્ર સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ફી માંથી મુક્તિ.

(બ) ઝોનના પ્રોસેસીંગ એરિયામાં સ્થપાયેલ એકમ, ઓદ્યોગિક ગૃહ અથવા એસ્ટાબ્લીશમેન્ટ દ્વારા અમલમાં આવતા લોન એગ્રીમેન્ટ, ક્રેડીટ ડીડ અને ગીરો ઉપરની સ્ટેમ્પ ડયુટી અને રજીસ્ટ્રેશન ફી માંથી મુક્તિ.

(ક) વેચાણ અને ટ્રાન્જેક્શન ઉપર ચુકવવાપાત્ર સેલ્સ ટેક્ષ, પરચેઝ ટેક્સ, વિગેરે વેરાઓમાંથી મુક્તિ.

૨. ડોમેસ્ટીક ટેરીફ અરીયામાંથી એસ.ઇ.ઝેડ. એકમોને મોકલવામાં આવતા ઇન્પૂટ ઉપર સેલ્સ ટેક્ષ તેમજ રાજ્યના અન્ય કરવેરામાંથી સંપૂર્ણ મુક્તિ.

૩. ડેવલપરને ઉપરોક્ત (૧) અને (૨) મુજબના

કરવેરા મુક્તિના તમામ લાભો સમગ્ર ઝોન માટે મળવાપાત્ર રહેશે.

(૨) તા. ૩૧-૧૨-૦૬ના રોજની સ્થિતિએ કેટલા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન મંજૂર થયા અને, તે પેકી કેટલા કાર્યરત છે ?

(૨) ૩૩ (તેત્રિસ) સ્પેશિયલ ઇકોનોમીક ઝોન મંજૂર થયા છે તે પેકી ૩ (ત્રણ) એસ.ઇ.ઝેડ. કાર્યરત છે.

-----------

**સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને સિંચાઈ યોજનાના પાળાની કામગીરી સોંપવા બાબત**

૨૧૦૬૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારની સિંચાઈ યોજના હસ્તકના પાળાની કામગીરી સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપવામાં આવી છે તે હકિક્ત સાચી છે,

(૨) જો હા, તો સરકારના ક્યા ધારાધોરણ હેઠળ સોંપવામાં આવી, અને

(૩) આ પાળાની નિભાવણી-જાળવણી માટે ખર્ચની જવાબદારી રાજ્ય સરકારની કે કોર્પોરેશનની છે ?

**જવાબ**

(૧) અંશતઃ સોંપવામાં આવેલ છે.

(૨) પરસ્પર થયેલ સમજુતી મુજબ.

(૩) રાજ્ય સરકાર અને મહાનગરપાલિકા બંનેની છે.

-----------

**જિલ્લાવાર આપવામાં આવેલ ટપક સિંચાઈના કિટસ**

૨૦૫૭૬**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં જિલ્લાવાર કેટલા ગામોમાં કેટલા કિસાનોને ટપક સિંચાઈ માટેના કિટસ આપવામાં આવ્યા, અને

(૨) ટપક સિંચાઈ પધ્ધતિમાં ખેડૂતદીઠ અને જમીન પ્રમાણે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સહાયનું ધોરણ શું ?

**જવાબ**

(૧) રાજ્યમાં સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં સુક્ષ્મ પિયત પધ્ધતિના લાભાર્થીની જિલ્લાવાર વિગતો સામેલ ***પત્રક-૧** મુજબ છે. (કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત)

(૨) આ વિગતો સામેલ ***પત્રક-૨** મુજબ છે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**સાવરકુંડલા તાલુકામાં ટપક પધ્ધતિનું જોડાણ મેળવવા બાબત**

૧૯૧૬૭**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકામાં ખાતેદાર ખેડૂતોએ ગુજરાત સરકારે નક્કી કરેલ કંપની દ્વારા ટપક પધ્ધતિનું જોડાણ મેળવવા માટે તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોએ માંગણી કરી, અને

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુંડલા તાલુકામાં ટપક પધ્ધતિનું જોડાણ કેટલા ખેડૂતોને મળેલ છે અને જે તે કંપની દ્વારા માંગવા છતાં જોડાણ આપવામાં આવેલ નથી તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં, ૩૫ ખેડૂતોએ સુક્ષ્મ પિયત પધ્ધતિ હેઠળ લાભ લેવા માંગણી કરેલ.

(૨) તા.૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં, ૧૨ ખેડૂતોને સુક્ષ્મ પિયત પધ્ધતિ યોજના હેઠળ લાભો મળેલ છે.

રાજ્ય સરકારની આ યોજના ખેડૂતો માટેની હોઇ, માત્ર ખેડૂતો જ લાભ લઇ શકે છે.

-----------

**ઉદ્યોગોને આપવામાં આવેલ કર રાહતની માહિતી**

૨૧૪૩૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકારે નાના તેમજ મોટા ઉદ્યોગોને ક્યા ક્યા હેતુઓ પાછળ કેટલી કર રાહતો આપવામાં આવી અને કેટલી રકમની ? | રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં એન્જીનીયરીંગ, ઓટોમોબાઇલ, સીરામીક, ફુડ અને એગ્રો પ્રોસેસીંગ, કેમીકલ અને પેટ્રો કેમીકલ, ઇલેક્ટ્રોનીક વિગેરે ક્ષેત્રોમાં ૧૧૯ એકમોને વેચાણવેરા પ્રોત્સાહનો માટે યોગ્યતા પ્રમાણપત્રો આપવામાં આવેલ છે અને આ એકમોએ ઉત્પાદનમાં ગયા બાદ રૂા.૩૯૯.૧૧ કરોડનો લાભ લીધો છે. |

-----------

**રાજકોટ શહેરની સિંચાઈ કચેરીની કામગીરી**

૨૦૦૨૭ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં બહુમાળી ભવનમાં સિંચાઈ હસ્તકની બેસતી પીસીડી-૪ની કચેરી હેઠળ મુખ્યત્વે ક્યા જિલ્લાની કામગીરી રહેલી છે, | (૧) સુરેન્દ્રનગર જિલ્લાની. |
| (૨) જે જિલ્લાની કામગીરી રહેલ છે તે જિલ્લામાં કચેરી સ્થળાંતર કરવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઈ માંગણી થયેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) જો હા, તો કચેરીના સ્થળાંતર કરવા વિષે સરકારનું શું મંતવ્ય છે? | (૩) વહીવટી કારણોસર, રાજકોટ ખાતે કચેરી રાખવી ઉચિત છે. |

-----------

**ઘેડ વિકાસ સમિતિની બેઠકો બાબત**

૧૯૨૯૦ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ઘેડ વિકાસ સમિતિની બેઠકો ક્યારે ક્યારે રાખવામાં આવી હતી, અને | (૧) તા. ૧૬-૨-૦૬ ના રોજ. |
| (૨) ઘેડ વિકાસ સમિતિમાં થયેલ સૂચનો અંતર્ગત થયેલ ભલામણો અન્વયે વિભાગને કેટલાં નાણા ક્યારે ફાળવવામાં આવ્યા ? | (૨) વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૨૦-૨-૦૭ સુધી રૂા. ૯૧.૫૦ લાખની ફાળવણી કરવામાં આવેલ છે. |

-----------

**માતર તાલુકાના કાંસોના રીપેરીંગ, સુધારણા, નવીનીકરણ બાબત**

૨૦૬૧૪ **શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાંચમી જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ માતર તાલુકામાંથી પસાર થતા કાંસોના રીપેરીંગ, સુધારણા અને નવા બનાવવા માટે સરકાર દ્વારા શું આયોજન ગોઠવવામાં આવ્યું છે, અને | (૧) ૩૫.૯૨ કિ.મી. લંબાઈના કાંસમાંથી ડેબ્રીઝ દૂર કરવામાં આવેલ છે. ૨૩૫.૨૨ કિ.મી. લંબાઈના કાંસમાંથી ડેબ્રીઝ દૂર કરવાના કામો હાથ પર ધરવામાં આવેલ છે. વધુમાં નવા બે કાંસ બનાવવાનું આયોજન છે. |
| (૨) માતર તાલુકો જે કાંસોના પૂરના કારણે સૌથી વધુ પ્રભાવિત છે ત્યાં કાંસ માટેનું અલગ તંત્ર જે અગાઉ અમલમાં હતુ તેવું માતર મુકામે શરૂ કરવા માંગે છે કે કેમ ? | (૨) ના, જી. |

-----------

**દર ૫૦ માણસ દીઠ એક હેન્ડપંપ આપવા બાબત**

૨૧૦૯૪ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્ય સરકાર દ્વારા આદિજાતિ વિસ્તારોમાં દર ૫૦ માણસ દીઠ એક હેન્ડ પંપ આપવાનું નક્કી થયેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબતે શું પ્રગતિ થઈ છે, | (૨) હાલ ૯૨% આદિજાતિ વિસ્તારોમાં ૧,૦૭,૬૨૫ હેન્ડપંપો તથા અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરીને પાણી પુરવઠાની વ્યવસ્થાથી આવરી લેવામાં આવેલ છે. |
| (૩) સરકાર વર્ષ ૨૦૦૧ની વસ્તીના ધોરણે તમામ આદિજાતિ વિસ્તારોને આવરી લેવા માંગે છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો આ કામગીરી ક્યાં સુધી પૂર્ણ કરવામાં આવશે ? | (૪) તબક્કાવાર આવતા ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**સેઝ વિસ્તારમાં દારૂબંધી હળવી કરવા અંગે**

૨૦૭૬૧ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં સેઇઝ વિસ્તારોમાં દારૂબંધી હળવી કરી છે તે હકિક્ત સાચી છે, અને | (૧) ના, જી.<br>રાજ્યમાં "સેઝ" વિસ્તારમાં દારૂબંધી હળવી કરવામાં આવેલ નથી. પરંતુ ગૃહ વિભાગના તારીખ ૧૬-૧૨-૨૦૦૬ ના જાહેરનામા ક્રમાંકઃ જીજી/ ૧૩૩/ ૨૦૦૬/વીડીઆર/૨૦૦૬/૨૯૫૦/ઈ.૧ થી સેઝ વિસ્તારમાં રહેતા લોકોને મુંબઈ નશાબંધી અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલ નિયમો, વિનિયમો અને હુક્મોની શરતોને આધીન લીકર કાર્ડ આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જિલ્લા આયોજન સમિતિઓની રચના**

૧૯૬૪૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય આયોજન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ દરેક જિલ્લામાં જિલ્લા આયોજન સમિતિઓની રચના કરવા માટે જરૂરી કાયદો ઘડવાની વિચારણા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેમાં પ્રગતિ થઇ છે ? | (૨) હા, જી. |

-----------

**વર્ગ-૪ ના કર્મચારીની ભરતી કોન્ટ્રાકટ પધ્ધતિથી કરવા અંગે**

૨૧૩૭૬**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગુજરાત સરકાર દ્વારા વર્ગ-૪ માં નોકરી ભરતી ન કરવા અને કોન્ટ્રાકટ પધ્ધતિનો અમલ કરી કોન્ટ્રાકટ પધ્ધતિ અને ખાનગી સંસ્થાઓને આપવા કોન્ટ્રાકટ આપી તેમની પાસેથી જરૂર મુજબના માણસો | (૧) સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦-૧૧-૦૬ ના ઠરાવથી વર્ગ-૪ ની ખાલી જગાઓ સામે આઉટ સોર્સથી કરારના ધોરણે સેવકોની સેવા લેવાની યોજના કરી છે. |

વર્ગ-૪ માટે રાખવાની યોજનાનો અમલ થવાની હકીક્ત સાચી છે,

(૨) આ યોજનાનો અમલ ક્યારથી શરુ કરવામાં આવશે, અને

(૨) તા. ૩૦-૧૧-૦૬ થી યોજના જાહેર કરાઈ છે. કચેરીઓ તેમની જરૂરીયાત અનુસાર તેનો અમલ કરી શકશે.

(૩) આમ કરવા પાછળનું કારણ અને સરકારનો હેતુ શું છે ?

(૩) વહીવટી સુધારણાના ભાગરૂપે.

-----------

**સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત સર્વે કરવામાં આવેલ ચોટીલા અને સાયલા તાલુકાના ગામો**

૨૧૩૨૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં સુજલામ સુફ્લામ યોજનાના ક્યા ક્યા ગામોએ તા. ૩૧-૧૨-૦૬ અંતિત સર્વે કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કેટલા કામોના પ્લાન અંદાજો તેયાર કર્યા, અને

(૩) તે કામો ક્યાં સુધીમાં મંજુર કરી ચાલુ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ચોટીલા તાલુકાના ૫ અને સાયલા તાલુકાના ૧૮ ગામોએ સર્વે કરવામાં આવ્યો. (ગામવાર યાદી સામેલ છે.)

(૨) બધા જ ચેકડેમોના અંદાજો તેયાર કર્યા.

(૩) ચોટીલા તાલુકાના ૫ અને સાયલા તાલુકાના ૧૭ ચેકડેમો મંજૂર કરી શરુ કરવામાં આવેલ છે.

**યાદી**

**ચોટીલા સાયલા તાલુકામાં આવેલ સુજલામ સુફ્લામ યોજના હેઠળ સર્વે કરેલ ચેકડેમોની વિગત**

**(અ) તા. ચોટીલા**

| ક્રમ નંબર | ગામ | નદી |
|---|---|---|
| ૧ | નાવા | વઢવાણ ભોગાવો |
| ૨ | સખપર | સુખભાદર |
| ૩ | ચીરોડા | સુખભાદર |
| ૪ | અકાળા | લીંબડી ભોગાવો |
| ૫ | મો. મોરસલ | લીંબડી ભોગાવો |

**(બ) તા. સાયલા**

| ક્રમ નંબર | ગામ | નદી |
|---|---|---|
| ૧ | આયા | વઢવાણ ભોગાવો |
| ૨ | કેરાલા | લીંબડી ભોગાવો |
| ૩ | સખપર | લીંબડી ભોગાવો |
| ૪ | નાની મંગલકુઈ | લીંબડી ભોગાવો |
| ૫ | ટીટોડા | લીંબડી ભોગાવો |
| ૬ | સખપર | લીંબડી ભોગાવો |
| ૭ | રાતકડી | લીંબડી ભોગાવો |
| ૮ | શેખદોડ | સુખભાદર |
| ૯ | ભાડુકા | વઢવાણ ભોગાવો |
| ૧૦ | સેજકપર | લીંબડી ભોગાવો |
| ૧૧ | થોરીયાળી-૨ | લીંબડી ભોગાવો |
| ૧૨ | કેરાલા | લીંબડી ભોગાવો |
| ૧૩ | મંગલકુઈ | લીંબડી ભોગાવો |
| ૧૪ | નાનામાત્રા | સુખભાદર |
| ૧૫ | શેખદોડ | સુખભાદર |
| ૧૬ | ગોરીયા | સુખભાદર |
| ૧૭ | ગોરેયા | સુખભાદર |
| ૧૮ | ચોરવીરા | સુખભાદર |

-----------

**સુરેન્દ્રનગર જિલ્લામાં નાની સિંચાઇની કામગીરી અને ગેરરીતિ**

૧૯૪૯૪ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના નાની સિંચાઇ માટે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવી,

(૨) ફાળવેલ ગ્રાંટમાંથી ક્યા ક્યા કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) આ કામમાં થયેલ ગેરરીતિઓની કોઇ ફરિયાદ મળી હોય તો શાં પગલાં લેવાયા ?

**જવાબ**

(૧) રૂા. ૮૫,૯૧,૦૦૦/-

(૨) સામેલ પત્રક મુજબ કામ પાછળ ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) કોઈ ફરિયાદ મળેલ નથી.

**પત્રક**

| ક્રમ | કામનું નામ | તા. ૧-૧-૨૦૦૫ થી તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં મળેલ ગ્રાન્ટ (રૂપિયામાં) | થયેલ ખર્ચ (રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧. ભોજપરી ગામ તળાવનું કામ | ૩,૮૭,૦૦૦-૦૦ | ૩,૧૯,૭૭૩-૦૦ |
| | ૨. પીચાવા ગામે તળાવમાં ડુબમાં જતી જમીનનું વળતર | | ૪૪,૬૪૦-૦૦ |
| | ૩. ગંગાજળ ગામે તળાવનું કામ | | - |
| | કુલ : | ૩,૮૭,૦૦૦-૦૦ | ૩,૬૪,૪૧૩-૦૦ |
| ૨ | ૧. સતાપર ગામે નાની સિંચાઈ યોજનાને સુધારણા કામ | ૪૫,૮૭,૦૦૦-૦૦ | ૩૪,૦૮,૫૩૯-૦૦ |
| | ૨. થાનગઢ ગામે પી. ટેન્કનું કામ | | ૨,૧૮,૯૩૫-૦૦ |
| | ૩. રાયગઢ ગામે તળાવનું કામ | | ૧૯,૬૨૨-૦૦ |
| | ૪. નવલગઢ ગામે ચંદ્રભાગા ચેકડેમ નં. ૨ નું કામ | | ૬,૭૨,૯૯૨-૦૦ |
| | કુલ : | ૪૫,૮૭,૦૦૦-૦૦ | ૪૩,૨૦,૦૮૮-૦૦ |
| ૩. | ૧. જાંબુ ગામે ચેકડેમનું કામ | ૩૪,૧૬,૦૦૦-૦૦ | ૩,૭૮,૫૬૦-૦૦ |
| | ૨.સેજકપર ગામે ચેકડેમનું કામ | | ૧,૫૨,૨૪૭-૦૦ |
| | ૩. નવાગામ ગામે વે.વી.ઉંચો ઉપાડવાનું કામ | | ૩૨,૦૭૫-૦૦ |
| | ૪. વીરપર ચેકડેમનું કામ | | ૧૨,૦૬૪-૦૦ |
| | ૫. વણા ગામે પી. ટેન્કનું કામ | | ૧,૩૧,૧૮૫-૦૦ |
| | ૬. અંક્વાળીયા પી. ટેન્કનું કામ | | ૧,૬૨,૩૨૨-૦૦ |
| | ૭. રાજ્યરાડી પી. ટેન્કનું સુધા. | | ૧૧,૨૬,૧૨૦-૦૦ |
| | ૮. ધજાળા ગામે ચેકડેમનું કામ | | ૨,૭૫,૬૪૧-૦૦ |
| | ૯. ચુડા ગામે રાધવ તળાવનું કામ | | ૨,૯૯,૯૫૫-૦૦ |
| | ૧૦. કોરડા ગામે તળાવનું કામ | | ૨,૬૮,૩૩૫-૦૦ |
| | ૧૧. ઓરી ગામે તળાવનું કામ | | ૧,૧૪,૬૩૭-૦૦ |
| | કુલ : | ૩૪,૧૬,૦૦૦-૦૦ | ૨૯,૫૩,૧૪૧-૦૦ |
| ૪ | ૧. લખતર ગામે સરધરા નાની સિંચાઈને ફીડર ડ્રેઈનનું કામ | ૧,૨૦,૦૦૦-૦૦ | ૨,૩૭,૮૧૫-૦૦ |
| | કુલ : | ૧,૨૦,૦૦૦-૦૦ | ૨,૩૭,૮૧૫-૦૦ |
| ૫ | ૧. ગુજરવદી ગામે ડ્રેઈનનું કામ | ૮૧,૦૦૦-૦૦ | ૮૦,૫૧૮-૦૦ |
| | કુલ : | ૮૧,૦૦૦-૦૦ | ૮૦,૫૧૮-૦૦ |
| | એકંદરે કુલ : | ૮૫,૯૧,૦૦૦-૦૦ | ૭૯,૫૫,૯૭૫-૦૦ |

**પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ભરતી બાબત**

૨૧૦૬૭**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ભરતી માટે કુલ કેટલી જાહેરાતો આપવામાં આવી, | (૧) એક |
| (૨) પોલીસ સબ ઇન્સ્પેક્ટરની કેટલી ખાલી જ્ગ્યાઓ છે, અને | (૨) ૯૨૨ |
| (૩) કેટલા સમયમાં આ જ્ગ્યાઓ ભરવામાં આવશે ? | (૩) વહીવટી અનુકૂળતા મુજબ |

-----------

**કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના મજૂરોને ચુકવણી**

૨૧૨૨૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬ના કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના સંશોધન ગાળા દરમ્યાન રાજ્ય સરકારે મજૂરોનું ચુકવણું એક વર્ષ થવા છતાં કરેલ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જવાબદાર સામે સરકાર શાં પગલાં લેવા માંગે છે ? | (૨) તપાસ કરી જવાબદાર સામે શિસ્તભંગની ધોરણસરની કાર્યવાહી કરવા માંગે છે. |

-----------

**જિલ્લાવાર તળાવો ઊંડા કરવા અંગેની કામગીરીની માહિતી**

૨૦૫૮૪**શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં જિલ્લાવાર કેટલા તળાવો ઊંડા કરવામાં આવ્યા, તેમાં કેટલી રકમનો ખર્ચ થયેલ છે, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) આણંદ જિલ્લામાંથી તળાવો ઊંડા કરવા કેટલી દરખાસ્તો-અરજીઓ મળી તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) કુલ ૧૩૭ અરજીઓ મળી અને ૩૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) પડતર અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ? | (૩) લાભાર્થીઓ દ્વારા ૧૦% પ્રમાણે લોકફાળો મળતાં તેવી અરજીઓ અંગે નિર્ણય લેવામાં આવશે. |

**પત્રક-૧**

**જિલ્લાવાર તળાવો ઊંડા કરવા તથા થયેલ ખર્ચની વિગતો દર્શાવતું પત્રક**

| **અ.નં** | **જિલ્લાનું નામ** | **ઊંડા કરેલ તળાવો** | | | **થયેલ ખર્ચ** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **વર્ષ ૨૦૦૫-૦૬** | **વર્ષ ૨૦૦૬-૦૭** | **કુલ** | **વર્ષ ૨૦૦૫-૦૬** | **વર્ષ ૨૦૦૬-૦૭** | **કુલ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | બનાસકાંઠા | ૪ | ૦ | ૪ | ૧૭.૬૧ | ૦.૦૦ | ૧૮.૦૧ |
| ૨ | પાટણ | ૩૨ | ૦ | ૩૨ | ૨૦૩.૩૪ | ૦.૦૦ | ૨૦૯.૩૪ |
| ૩ | અમદાવાદ | ૪૫ | ૧૨૧ | ૧૬૬ | ૧૭૩.૦૨ | ૪૬૯.૮૮ | ૬૪૨.૯૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૪ | ગાંધીનગર | ૩૦ | ૨૬ | ૫૬ | ૧૦૫.૭૪ | ૯૯.૧૭ | ૨૦૪.૯૧ |
| ૫ | સુરેન્દ્રનગર | ૩૭ | ૫૪ | ૯૧ | ૧૪૩.૦૮ | ૨૪૧.૧૮ | ૩૮૪.૨૬ |
| ૬ | રાજકોટ | ૨૩ | ૧૭ | ૪૦ | ૪૮.૯૬ | ૪૩.૪૨ | ૯૨.૩૮ |
| ૭ | જામનગર | ૩૮ | ૨૫ | ૬૩ | ૧૧૮.૩૨ | ૮૦.૨૦ | ૧૦૮.૫૨ |
| ૮ | ભાવનગર | ૫૧ | ૪૫ | ૯૬ | ૧૮૬.૦૮ | ૧૪૭.૩૯ | ૩૩૩.૪૭ |
| ૯ | અમરેલી | ૨૭ | ૫૦ | ૭૭ | ૧૨૦.૪૦ | ૧૬૯.૩૫ | ૨૮૯.૭૫ |
| ૧૦ | જૂનાગઢ | ૨૨ | ૩૩ | ૫૫ | ૫૫.૦૫ | ૧૦૪.૮૬ | ૧૫૯.૯૧ |
| ૧૧ | પોરબંદર | ૮ | ૧૯ | ૨૭ | ૨૮.૪૩ | ૧૨૫.૬૩ | ૧૫૪.૦૬ |
| ૧૨ | કચ્છ | ૧૮ | ૨૨ | ૪૦ | ૬૦.૧૧ | ૫૦.૮૮ | ૧૧૦.૯૯ |
| ૧૩ | આણંદ | ૨ | ૪ | ૬ | ૧૦.૭૯ | ૧૩.૫૭ | ૨૩.૩૬ |
| ૧૪ | મહેસાણા | ૧૩ | ૯ | ૨૨ | ૮૫.૫૫ | ૩૩.૪૨ | ૧૧૮.૯૭ |
| ૧૫ | સાબરકાંઠા | ૬ | ૩ | ૯ | ૨૯.૮૬ | ૧૨.૭૫ | ૪૨.૬૧ |
| ૧૬ | નર્મદા | ૪ | ૦ | ૪ | ૧૨.૦૯ | ૦.૦૦ | ૧૨.૦૯ |
| ૧૭ | નવસારી | ૫ | ૦ | ૫ | ૧૬.૫૯ | ૦.૦૦ | ૧૬.૫૯ |
| ૧૮ | વલસાડ | ૭ | ૦ | ૭ | ૧૧.૨૩ | ૦.૦૦ | ૧૧.૨૩ |
| ૧૯ | ખેડા | ૫ | ૬ | ૧૧ | ૨૪.૧૭ | ૨૨.૨૩ | ૪૬.૪૦ |
| | **કુલ..** | **૩૭૭** | **૪૩૪** | **૮૧૧** | **૧૪૫૦.૪૨** | **૧૬૧૩.૯૩** | **૨૯૭૯.૭૫** |

-----------

**રાજ્યમાં એલ. એન.જી. ટર્મીનલ સ્થાપવાની કાર્યવાહી**

૨૧૪૧૮ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા એલ.એન.જી. ટર્મીનલ સ્થાપવાની કાર્યવાહી ચાલુ છે, | (૧) એક પણ નહીં. |
| (૨) ભવિષ્યમાં બીજા કોઈ વધુ એલ.એન.જી. ટર્મીનલ સ્થાપવાનું આયોજન છે કે કેમ, અને | (૨) બે એલ.એન.જી. ટર્મીનલ સ્થાપવા એમ.ઓ.યુ. સહી કરેલ છે. |
| (૩) આ એલ.એન.જી. ટર્મીનલથી કેટલો ગેસ ઉપલબ્ધ થઈ શકશે ? | (૩) ૨૦ મીલીયન મેટ્રીક ટન પ્રતિ દિવસ. |

-----------

**ડાંગ જિલ્લામાં સિંચાઈ માટે ખેડૂતોને આપવામાં આવેલ કુવાઓ**

૧૯૫૩૪ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સિંચાઈ વિભાગ દ્વારા ખેડૂતોને સિંચાઈ માટે કેટલા સામુહિક કુવાઓ આપવામાં આવ્યા, | (૧) સને ૨૦૦૬-૦૭માં ૧૨૫ સામુહિક કુવાઓની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. |
| (૨) સિંચાઈ માટેના આવા કુવાઓની ફાળવણીમાં વ્યાપક ગેરરીતિ થઈ છે તે સરકારશ્રી જાણે છે, અને | (૨) કૂવાઓની ફાળવણીમાં કોઈ ગેરરીતિ થયેલ નથી. |
| (૩)જો હા, તો આ અંગે સરકારે શાં પગલાં લીધા? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બોરસદ અને આંકલાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામો માટે પીવાના પાણીનું આયોજન**

૧૯૫૬૫ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બોરસદ અને આંકલાવ તાલુકાના કાંઠાગાળાના ગામોનું પાણી પીવા લાયક નથી તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના માટે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૨) ૧૮ ગામ/પરાની યોજના પૂર્ણ થયેલ છે. ૬ ગામ/પરાની યોજના પ્રગતિમાં છે. |

૧૮ ગામ/પરાની યોજના તૈયાર કરવામાં આવી રહેલ છે.

(૩) આના માટે કેટલી નાણાકીય જોગવાઈ કરેલ છે ?

(૩) રૂા. ૨૦૧.૮૭ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

-----------

**અમદાવાદ શહેરમાં મોબાઈલ ચોરીના બનાવા**

૨૧૪૧૦**શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં દુકાનોમાંથી મોબાઈલ ચોરવાના કુલ કેટલા ગુના નોંધાયા, | (૧) ૨૪૨ |
| (૨) તે સંબંધે કેટલા ઈસમો પકડાયા અને તેમની સામે શાં પગલાં લીધા, અને | (૨) ૧૦૯ ઈસમો પકડાયા તેઓને પકડી ન્યાય સારૂ કોર્ટ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. |
| (૩) આવા ગુનાઓ બનતા અટકાવવા ખાસ શી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે ? | (૩) અસરગ્રસ્ત વિસ્તારોમાં ગુપ્ત રાહે વોચ રાખી ગુનેગારો શોધી કાઢવાના પૂરતા પ્રયાસો કરવામાં આવે છે. |

-----------

**સ્વજલધારા કાર્યક્રમ**

૨૧૦૯૫**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સ્વજલધારા કાર્યક્રમ અંતર્ગત ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓના કામો શરુ કરવા માટે રાજ્યમાં પ્રચંડ પ્રતિસાદ સાંપડેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે કે કેમ ? | (૨) ભારત સરકાર તરફથી પૂરતી ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. |

-----------

**ઓદ્યોગિક એકમોની અસ્ક્યામતો વેચવાના કરાર બાબત**

૧૯૯૭૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સને ૨૦૦૭ દરમ્યાન, કોટક મહિન્દ્રા બેંક તથા આઈ.સી.આઈ. બેંક વચ્ચે, ગુજરાતના ઓદ્યોગિક એકમોની અસ્ક્યામતો વેચવા રાજ્યની બહાર થયેલ કરારોથી રાજ્ય સરકારને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા પ્રકારની કેટલી રકમની આવકનું નુકસાન થયું, | (૧) ખાનગી બેંકો વચ્ચે ગુજરાતના ઓદ્યોગિક એકમોની અસ્ક્યામતો વેચવા રાજ્યની બહાર થયેલ કરારોની બાબતે કોઇ વિગતો ઉપલબ્ધ નથી. |
| (૨) આવી નુકસાની બદલ કસુરવાર સામે સરકાર તરફથી જો કોઈ પગલાં લેવાવાનાં હોય તો તેની વિગતો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો પગલાં લેવાનાં ન હોય તો તેનાં શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**દારુબંધી નીતિમાં ફેરફાર**

૨૧૪૨૪**ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય નશાબંધી મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દારુબંધીની નીતિમાં સરકારે કોઈ ફેરફાર કરેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા પ્રકારના ફેરફારો કરેલ છે, આ | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| | |
|---|---|
| ફેરફારો કરવાના કારણો શાં છે, અને | |
| (૩) આ છુટછાટથી સરકારને કેટલી આવક થવાની ધારણા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ગેસના ભાવ સ્થળ આધારિત નકકી કરવા બાબત**

૨૧૨૩૮**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કોલસાની જેમ ગેસના ભાવ સ્થળ આધારીત નકકી કરવામાં આવે તો રાજ્યના વપરાશકારોને ફાયદો થતો હોવા છતાં આવી નીતિ અમલમાં ન આવવા પાછળ કોઈ મુશ્કેલી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ માટે જવાબદાર કોણ છે ? | (૨) ભારત સરકાર |

-----------

**ભાણા સીમલ જુથ પાણી પુરવઠા યોજનાના કામો**

૨૧૪૨૧**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ(ગોધરા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાહોદ/પંચમહાલ જિલ્લાની ભાણા સીમલ જુથ પાણી પુરવઠા યોજનાના કામો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબકકે છે, | (૧) યોજનાના ૯૫ % કામો પૂર્ણ થયેલ છે તથા યોજનામાં સમાવિષ્ટ ૭૪ ગામો પેકી ૭૦ ગામોને પાણી પુરવઠો શરૂ કરવામાં આવેલ છે. |
| (૨) આ યોજના ક્યારે પૂર્ણ કરવામાં આવશે, | (૨) તા. ૩૧-૦૩-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) ભાણા સીમલ ભાગ-૨ યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) ટેન્ડર મંજૂર થયા બાદ ૧૫ માસમાં કામો પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**પાનમ હાઈલેવલ નહેરની યોજનાનું કામ**

૨૧૦૯૯**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાનમ હાઈ લેવલ નહેરની યોજનાનું કામ તા. ૩૧-૦૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કામાં છે, અને | (૧) યોજનાકીય કામો પ્રગતિ હેઠળ છે. |
| (૨) આ યોજનાથી ક્યા વિસ્તારને લાભ થશે ? | (૨) આ યોજના દ્વારા પંચમહાલ જિલ્લાના શહેરા, ગોધરા અને લુણાવાડા તાલુકાના કુલ ૭૫ ગામોના ૧૮૦૦૦ હેક્ટર વિસ્તારને ઉદવહન સિંચાઇનો લાભ આપી શકાશે. |

-----------

**અમદાવાદ આર.ટી.ઓ. કચેરી ખાતે વાહનો જપ્ત કરવા અંગે**

૨૧૨૬૫ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ આર.ટી.ઓ. કચેરી ખાતે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ઓટોરીક્ષાઓ અને વાહનો જપ્ત કરેલા પડયા છે, | (૧) ઓટોરીક્ષા-૩૩<br>અન્ય વાહનો-૩૭ |
| (૨) આ વાહનો કેટલા સમયથી પડેલા છે, અને | (૨) |

| વર્ષ | વાહનોની સંખ્યા |
|---|---|
| ૩ વર્ષ સુધી | ૧૦ |
| ૩ થી ૫ વર્ષ | ૨૦ |
| ૫ થી ૧૦ વર્ષ | ૩૨ |
| ૧૦ થી ૧૫ વર્ષ | ૦૪ |
| ૧૫ થી વધુ વર્ષ | ૦૪ |

(૩) તેના નિકાલ માટે સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૩) કાયદા અને નિયમો હેઠળ કાર્યવાહી કરતાં બાકી ટેક્સની વસૂલાત માટે વાહન માલિકોને નોટીસ આપી દંડ ભરવા જણાવ્યા છતાં દંડ ભરપાઇ થયેલ ન હોવાથી નિકાલ થઇ શકેલ નથી.

**નર્મદા આધારિત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી**

૨૦૮૫૭**શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં જામનગર જિલ્લામાં નર્મદા આધારિત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી પુરું પાડવા માટેના ટેન્ડરો મંજૂર કરવામાં આવેલ છે તે હકીક્ત ખરી છે, અને

(૨) જો હા, તો ટેન્ડરોના કામો કેટલા સમયમાં પુરું કરવાનું આયોજન છે અને કેટલી રકમના છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ટેન્ડરોના કામો ૧૮ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

આ ટેન્ડરો કુલ રૂા. ૧૩૮.૬૪ કરોડની રકમના છે.

**ધરોઈ સિંચાઈ યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા**

૨૧૪૧૪ **શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધરોઈ સિંચાઈ યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા કેટલા વિસ્તારમાં કરવામાં આવેલ છે, અને

(૨) આ વ્યવસ્થા હેઠળ કેટલી સિંચાઈની મંડળી કામ કરે છે તથા તેનાથી સિંચાઈ વ્યવસ્થામાં શું પરિવર્તન આવેલ છે ?

**જવાબ**

(૧) ૪૫૮૦૮ હેક્ટરમાં.

(૨) ૨૨૧ સિંચાઇ મંડળી કાર્યરત છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થાના ફાયદાઓ નીચે મુજબ છે.

૧. મંડળીના કમાન્ડ વિસ્તારમાં આવતી નહેરોના મરામત અને જાળવણીના કામો સમયસર અને યોગ્ય રીતે પાણી મળતા પહેલા પૂર્ણ કરવામાં આવે છે. જેથી પૂરતો પૂરવઠો મળી રહે છે.
૨. સભાસદોને ફોર્મ ભરવાની, મંજૂર કરવાની પ્રક્રિયાથી છુટકારો મળે છે.
૩. પાણીની વહેંચણીની કામગીરી મંડળી હસ્તક હોવાથી પાણીનો મહત્તમ અને કરકસરયુક્ત ઉપયોગ થઇ શકે તે રીતે આંતરિક સમજૂતિથી આયોજન થાય છે.
૪. મંડળીઓ જો નહેરના છેવાડાના વિસ્તારમાં હોય તો પણ દરેક સભાસદોને પૂરતા સમય માટે પૂરતુ પાણી મળી રહે છે.
૫. સિંચાઇ પિયાવાના ૫૦ % ફાળો મંડળી પાસે રહેતો હોઇ જરૂરીયાત મુજબના મરામતના કામો સહેલાઇથી અને ઝડપથી પૂર્ણ કરી શકે છે.
૬. સિંચાઇ વહીવટ ખેડૂતો હસ્તક હોવાથી માલિકીપણાનો, પોતાપણાનો અહેસાસ ઉત્પન્ન થવાથી નહેરનું કાળજીપૂર્વક જતન થાય છે.
૭. અગાઉના વર્ષો કરતાં વધુ વિસ્તારમાં સિંચાઇ શક્ય બનતા પાક ઉત્પાદન વધતા પિયત વિસ્તારના ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં સુધારો થયેલ છે.

**જૂનાગઢ જિલ્લામાં માળીયા તાલુકાની ભાખરવડ ક્ષાર નિયંત્રણ યોજના**

૨૦૭૫૪**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાની ભાખરવડ ક્ષાર નિયંત્રણ યોજનાનું કામ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) બાંધકામના તબક્કે. |
| (૨) આ યોજના ક્યારે પૂર્ણ થશે, અને | (૨) જુન ૨૦૦૮ સુધીમાં. |
| (૩) કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂા. ૧૩૧૦ લાખ. |

-----------

**કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં પોલીસ ચોકી બનાવવા બાબત**

૨૧૩૬૯ ડૉ. **અતુલ કે. પટેલ(કલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કલોલ શહેરના પંચવટી વિસ્તારમાં કલોલની ૪૦ ટકા વસ્તી રહે છે તો સદર વિસ્તારમાં પોલીસ ચોકી બનાવવા માંગો છો કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

# શોકદર્શક ઉલ્લેખ

**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાના અવસાન અંગે**

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાનું તારીખ ૧૯મી ઑક્ટોબર, ૨૦૦૬ના રોજ ૭૯ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી જાડેજાનો જન્મ ૨૦મી ઑગસ્ટ, ૧૯૨૭ના રોજ લાકડીયા ગામે થયો હતો. તેઓશ્રી ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી જાડેજાએ રાજપૂત સમાજની તથા વાગડ વિસ્તારની જુદી જુદી સંસ્થાઓમાં અગ્રગણ્ય હોદ્દાઓ પર રહી બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ લાકડીયા કેળવણી મંડળની સ્થાપના કરી તેના આજીવન પ્રમુખ રહીને કન્યા કેળવણી માટે લોકોને જાગૃત કર્યા હતા. વૈજ્ઞાનિક ઢબે યાંત્રિક ખેતી કરવાની પ્રવૃત્તિમાં તેઓને ખાસ રસ હતો. સ્વર્ગસ્થશ્રી જાડેજાએ ત્રીજી વિધાનસભામાં રાપર મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાનો શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. સ્વર્ગસ્થ ભૂપેન્દ્રસિંહજી કચ્છના એક લોકસેવક હતા. ખેતીવાડી અને શિક્ષણ સાથે વર્ષો સુધી કામ કર્યું અને આ ગૃહના સન્માનનીય સભ્ય રહ્યા અને જ્યાં સુધી રાજનીતિમાં હતા ત્યાં સુધી એ ભૂમિકા ઉપર સક્રિય રહ્યા અને પછી કચ્છના વિશાળ પ્રદેશના એક નાના ગામમાં રહી અને સમાજનું, ખેતીનું અને સ્થાનિક બિરાદરીનું રસપૂર્વક કામ કર્યું. સ્વર્ગસ્થ ભૂપેન્દ્રસિંહજીના જવાથી કચ્છના એક ઉમદા લોકસેવક આપણા વચ્ચેથી ગયા છે. આપના મારફત તેમના બૃહદ કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો જાય એવી વિનંતી કરું છું.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક ઠરાવ લઈને આવ્યા છે એને અનુમોદન આપવા અને મારી વાત કરવા માટે ઊભો થયો છું. ગૃહના પૂર્વ સભ્ય સ્વર્ગસ્થશ્રી ભૂપેન્દ્રસિંહજી જાડેજા એ અમારા પરિવાર સાથે જોડાયેલા હતા. એમના છેલ્લા દિવસોમાં જ્યારે એમને સાલ હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા એ દિવસોમાં પણ એમની સાથે રહેવાનું થયું અને આ જ ગૃહના બીજા સભ્યશ્રી બાબુભાઈ શાહ એમની સારવારમાં સતત એમની સાથે રહ્યા હતા. અમે એમને દાતા હુકમ તરીકે કહેતા અને એ લાકડીયામાં જન્મ્યા પણ એમનો સમગ્ર ઉછેર મધ્યપ્રદેશમાં મનસૂરની અંદર ઇન્દોરમાં આવેલ ડેલી કૉલેજમાં અભ્યાસ કર્યો હતો, ઈન્ટર સુધીનો અભ્યાસ કર્યો હતો અને એ દિવસોમાં એ ફૂટબૉલના સારા ખેલાડી હતા. ૧૯૬૨ની વિધાનસભાની જે ચૂંટણી થઈ, એમાં કચ્છની અંદર એમણે સ્વતંત્ર પક્ષનું સંચાલન કરી અને કચ્છની તમામે તમામ બેઠકો જીતવામાં એમનો અગ્રિમ ફાળો હતો. કચ્છના મહારાવ સાહેબના આદેશથી ૧૯૬૭થી

૧૯૭૨ સુધી એ ધારાસભ્ય તરીકે રહ્યા અને આ ધારાસભ્ય પદ દરમિયાન કચ્છ એ અછતવાળો પ્રદેશ, જ્યાં દુષ્કાળના દિવસોમાં એમણે પોતાની દીર્ઘદ્રષ્ટિથી જળસંચયના અભિગમને કારણે તે દિવસોમાં કચ્છના તળાવ જે દ ાણા પ્રમાણમાં મોટા છે એને વધારે ઉંડા કરાવી અને તે વખતે તે મજૂરોને જે રોજગારી મળતી હતી એના માટે એ વખતના નાણામંત્રીશ્રી પ્રેમજીભાઈ ઠકકર, એમને એ સ્થળ પર લાવ્યા અને એમણે રજૂઆત કરી અને મજૂરોને યોગ્ય વળતરની રકમ મળે એના માટે રજૂઆત કરી. ૧૯૬૭ના એ દિવસોમાં શિક્ષણના ક્ષેત્રે જોઈએ એટલી જાગૃતિ નહોતી. એમણે રાપર સહિત સમગ્ર કચ્છની અંદર સ્વૈચ્છિક ચેતના માટે અભિયાન હાથ ધર્યુ અને અને રાપર કેળવણી મંડળના તેઓ પ્રમુખ હતા. આપના માધ્યમથી એમના પરિવારને આ પ્રસંગે હું દિલસોજી વ્યકત કરુ છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતાશ્રી સદ્‌ગત ભુપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાના નિધન બદલ અંજલી આપતો જે પ્રસ્તાવ લાવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ જેને ટેકો આપ્યો છે એમાં મારો સુર પૂરાવુ છું. હું જે મતક્ષેત્રમાંથી આવુ છું એ રાપર મતક્ષેત્રનું પ્રતિનિધિત્વ એમણે કરેલું. એટલું જ નહીં પરંતુ એ મારા એક વડીલ સ્વજન હતા, એમની પાસેથી ખૂબ શીખવા જાણવાનું મળેલું. આ ગૃહના ઘણા સદસ્યશ્રીઓ એમના પરિચયમાં આવેલા હતા અને એક એવું વ્યકિતત્વ એ ડેલી કોલેજ ઈન્દોરમાં ભણેલા હતા. સેંન્ટ્રલ હોલની પાર્લામેન્ટના એ નરસિંહગઢના મહારાજા જે ભાનુપ્રતાપસિંહજી હતા, એમના સયાજી હતા. ભુપીના એક લાડકડા નામે તેઓ એ ડેલી કોલેજ ઈન્દોરમાં પણ ખૂબ જાણીતા હતા. ભુપેન્દ્રસિંહજી જાડેજા જાહેર જીવનના એક એવા માહિર હતા, રાજકુટુંબમાં જન્મ્યા પણ સામાન્યજનની સાથે એમની ઓતપ્રોતતા ખૂબ હતી અને આ એક જાહેર કાર્યકર તરીકે ખૂબ જાણવા શીખવાનું એમની પાસેથી મળેલ.

શિક્ષણનો પ્રચાર અને પ્રસાર કરવામાં એમનો કચ્છ જેવા વિસ્તારમાં ખૂબ મોટો ફાળો હતો. એટલું જ નહીં પણ આ ગૃહે હમણાં જે કચ્છ યુનિવર્સિટીનું બિલ પસાર કર્યુ એ કચ્છ યુનિવર્સિટીની માગણી આ સન્માનનીય ગૃહમાં એમણે એ વખતે કરેલી હતી એટલે કેટલા દૂરંદેશી સાથેના એ આગેવાન હતા એ પ્રસ્થાપિત થાય છે. જાહેર જીવનમાં કચ્છ રાજપુત સમાજના મંત્રી તરીકે એમણે જે ઈનામ નાબૂદી ધારા હેઠળ એ વર્ગને અન્યાય થયેલો એના માટે જે લડત ચલાવતા હતા અને સત્યના માટે એ હંમેશા લડતા. એક નાનકડો કિસ્સો કહું કે જાહેર જીવનમાં આપણને સૌને ખરી નકલ લેવા માટે સરકારમાં જવુ પડે તો એનો ચાર્જ ચૂકવવાનો, દર ચૂકવવામાં આવે એની સામે નામદાર હાઈકોર્ટમાં એ લડી અને પછી એક રૂપિયાની ચૂકવણીનો ઠરાવ છે એ એમણે એ વખતે રદ કરાવ્યો હતો એટલે હક્ક માટે લડતા લોકો જે છે એના માર્ગદર્શક હતા. માનનીય ભુપેન્દ્રસિંહજીની સારવાર દરમિયાન માન. સભ્યશ્રી પ્રદિપસિંહજી જાડેજાએ ઉલ્લેખ કર્યો એ પ્રમાણે અહીં અમદાવાદની અદ્યતન હોસ્પિટલની અંદર સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ખૂબ સ્વસ્થ હતા અને પૂજય મોરારીબાપુ પણ એમની ખબર પૂછવા આવેલા. જીવનના અંતિમ ચરણની અંદર એ મોરારીબાપુના અંતરંગ વર્તુળમાં હતા, એમનો આખો પરિવાર ભકિતભાવ સાથેનું હતું એવા સદ્‌ગત ભુપેન્દ્રસિંહજી જાડેજાના નિધનથી આ સમાજે ખૂબ ઉમદા વ્યકિત ગુમાવ્યા છે. સામાજીક કાર્યકર કરતા એમના નેતા ગણું, અને અમે અમારા રાહબર ગુમાવ્યા છે. એમને અંજલી આપુ છું અને એમના પરિવારને આ સંદેશો પહોંચે એમાં મારો સુર પુરાવુ છું.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને જેમાં વિરોધ પક્ષના નેતાશ્રીએ અનુમોદન આપ્યું છે એવા મારા મુરબ્બી માનનીય ભૂપેન્દ્રસિંહજી જાડેજા, લાકડીયા ઠાકોર સાહેબ કે જેમની સાથે બચપણથી હું નાનો હતો ત્યારથી અમારે એક પારિવારિક સંબંધો હતા. મેં એમને ખૂબ નજીકથી જોયા છે. એમની પાસેથી હું ઘણું શીખ્યો. કારણ કે મારા પરમ પૂજ્ય પિતાશ્રી ૧૯૬૨માં આ સભાગૃહના સભ્ય હતા. જેમ ભાઈશ્રી પ્રદિપસિંહભાઈએ કહ્યું તેમ સ્વતંત્ર પક્ષ તરીકે પાંચ બેઠકો કચ્છમાં આવી એમાં ભૂપેન્દ્રસિંહ જાડેજાનું ખૂબ મોટું યોગદાન હતું અને એ અમારા સામાજિક કામોમાં પણ હંમેશા અગ્રેસર રહ્યા છે. હમણાં માનનીય બાબુભાઈએ વાત કરી તેમ ઈનામ નાબૂદી ધારાની એક બહુ મોટી લડત કચ્છમાં ચાલી અને એ લડતમાં ઈનામદારો દ્વારા એ લડત ચલાવી અને કચ્છના ઈનામદારોને જે અન્યાય થયો હતો એમાં અગ્રેસર રહી ભૂપેન્દ્રસિંહજીએ કચ્છની પ્રજાને ન્યાય અપાવ્યો હતો. સરકાર સામે એના માટે ખૂબ લાંબી લડત ચાલી હતી. એ હંમેશા સાચી દિશામાં, શૈક્ષણિક ક્ષેત્રે, રચનાત્મક કામોમાં અગ્રેસર રહેતા. એમનું શિક્ષણ પણ મધ્યપ્રદેશમાં થયું હતું. એમને ખેતીનો ખૂબ શોખ હતો. આધુનિક ઢબે કેમ ખેતી કરવી એના માટે મધ્યપ્રદેશમાં નીમચમાં એ ખેતી કરતા. નીમચ અને કચ્છ સાથેનો એમણે સતત સંપર્ક રાખ્યો. અમારા કચ્છ રાજપૂત સમાજના મંત્રી પણ રહી ચૂક્યા છે. રાજપૂત છાત્રાલયના ટ્રસ્ટી રહી ચૂક્યા છે. અનેક સામાજિક કામોમાં અને શિક્ષણ ક્ષેત્રમાં પણ એમનું ખૂબ મોટું યોગદાન હતું. હું તો એમને ચાચાજી કહીને બોલાવતો હતો અને મારા અને એમના કુટુંબના પારિવારિક સંબંધો હતા. એમની પાસેથી મને રાજકીય માર્ગદર્શન મળ્યું છે એવા અમારા પૂજ્ય ચાચાજીને અહીંથી અંજલી આપું છું અને આ સભાગૃહમાં જે શોકદર્શક લાવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહના નેતા અને રાજ્યના મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક લઈને આવ્યા છે, જેને આ સન્માનનીય ગૃહના વિરોધપક્ષના નેતાએ સમર્થન આપ્યું છે એ શોકદર્શક ઉલ્લેખમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાપર મત વિસ્તારમાંથી ચૂંટાયેલા આદરણીય શ્રી ભૂપેન્દ્રસિંહ જાડેજાએ કચ્છમાં ઘણા બધા સારા કામો કર્યા છે. હું એમના પરિચયમાં હતો. જ્યારે કચ્છ જિલ્લા પંચાયતનો પ્રમુખ હતો ત્યારે રાપર વિસ્તારના વિકાસના કામોમાં તેઓ જે જે સૂચવતા એની સૂચનાથી વિકાસના કામો હું કરતો હતો. બાપુ તો બાપુ જ હતા. અમારા દલિત સમાજમાં, ગરીબ સમાજમાં એ સારા કામો કરતા. આજે સમગ્ર કચ્છમાં લાકડીયા ઠાકોર તરીકે પ્રચલિત થયા હતા અને ગરીબોના બેલી પણ હતા. એમના જવાથી સમગ્ર કચ્છને દુ:ખની લાગણી અનુભવાઈ છે. એમનું શેષ જીવન ધાર્મિક કાર્યોમાં પ્રવૃત્ત હતું. ગુજરાતના વંદનીય પૂજ્ય મોરારીબાપુ ગુજરાતમાં જ્યાં જ્યાં કથા કરતાં ત્યાં તેઓ અવશ્ય પહોંચી જાય અને ધાર્મિક કાર્યનો લાભ લેતા. તેમના જવાથી તેમના કુટુંબ પર આવેલ આફતને સહન કરવાની પ્રભુ શક્તિ આપે એ જ અભ્યર્થના. જયહિન્દ.

**અધ્યક્ષશ્રી** : ગૃહના નેતાશ્રી નરેન્દ્રભાઈ જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા અને વિરોધપક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે અને ગૃહના સભ્યશ્રીઓએ પણ અનુમોદન આપ્યું છે એ શોકદર્શક ઉલ્લેખને હું પણ મારું અનુમોદન આપું છું.

લાકડીયા ગામમાં પોતે જન્મ્યા. આખા કચ્છ જિલ્લાને પોતાની કામગીરી કરવા માટે પસંદ કર્યુ. કચ્છ જિલ્લામાં તેમણે શિક્ષણની કામગીરી ઉત્તમ પ્રકારની કરી. ખેતીમાં પણ એમણે એ પછાત વિસ્તારમાં સુંદર ખેતી કેવી રીતે કરી શકાય, આધુનિક ખેતી કેવી રીતે કરી શકાય? એ અંગે હંમેશા માર્ગદર્શન આપતા રહ્યાં. પરિણામે ખેતીવાડીમાં પણ ઉત્તમ પ્રકારની ખેતીએ જોર પકડ્યું. ત્યાર પછી એ વિધાનસભાની અંદર પણ અહીંયા નેતા તરીકે આવ્યા. એમની કામગીરી સુંદર રહી. એક વ્યકિતની કેટલી મોટી અસર હોય છે. સ્વતંત્ર પાર્ટી, નવી પાર્ટી હતી છતાં એ વ્યકિતના પ્રયત્નથી કચ્છ જિલ્લામાં એ તમામ સીટો મેળવી શક્યા એવી એ વ્યકિતની પ્રતિભા હતી. એ પ્રતિભા આજે આપણી વચ્ચે નથી. આપણે બધાએ શોકે અનુભવ્યો છે અને આ ગૃહે જે લાગણી બતાવી છે એ લાગણી એમના કુટુંબીજનોને મોકલી આપીશું.

આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઊભા થઈને સદ્‌ગતને બે મિનિટ અંજલિ અર્પીએ.

( બે મિનિટ મૌન બાદ )

**શ્રી દોલતભાઈ પરમાર** : ગઈકાલે વિશ્વ મહિલા દિન હતો અને દલિત મહિલાઓ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો, નેકસ્ટ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઓર્ડર છે, ગૃહમાં આક્ષેપો અને તેમણે (સતત અંતરાય)

**શ્રી દોલતભાઈ પરમાર** : મહિલાઓ ઉપર અત્યાર થયો છે, પાણી છોડવામાં આવ્યું, (અંતરાય) આ સરકારના હિસાબે દલિતોને સખત માર મારવામાં આવ્યો છે. સાહેબ,(અંતરાય) લાઠીચાર્જ થયો છે, મહિલાઓના કપડા ફાડી નાખવામાં આવ્યા ( સતત અંતરાય, ઘોંઘાટ, સતત અંતરાય)

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : મુખ્યમંત્રીશ્રીનો અધિકાર છે. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ભાઈ, પ્લીઝ, બેસો, એમનો પૉઈન્ટ ઑફ ઓર્ડર છે, પ્લીઝ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો, અશોકભાઈનો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : તમને આપું છું.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અગાઉથી જાણ કર્યા સિવાય સભાગૃહમાં આક્ષેપ કરવા અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપણા સભાગૃહમાં પ્રત્યેક સભ્ય ખૂબ જ જવાબદારીપૂર્વક બોલે છે અને જવાબદારીપૂર્વક માહિતી પણ માગવાનો સભ્યને અધિકાર છે એટલા જ માટે નિયમ-૩૭ તરફ હું આપનું ધ્યાન દોરું છું, "કોઈપણ વ્યકિત વિરુદ્ધ કોઈપણ બદનક્ષી ભર્યો અથવા દોષારોપણયુકત કોઈ આક્ષેપ મૂકવો નહીં, સિવાય કે સભ્યે અધ્યક્ષને અને સંબંધ ધરાવતા મંત્રીને અગાઉથી ખબર આપેલી હોય, જેથી મંત્રી જવાબ આપવાના હેતુ સારું એ બાબતમાં તપાસ કરી શકે." માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૩૭ના અનુસંધાનમાં અધ્યક્ષશ્રીઓના આદેશ પણ બહુ સ્પષ્ટ છે પાના - ૨૭ ઉપર ,૨૯માં એમ કહ્યું છે ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૬નો, લક્ષ્મી ફિલ્મ સ્ટુડિયોનો છે એમાં શ્રી કુન્દનલાલ ધોળકીયા એમ કહે છે કે, "વિધાનસભામાં આક્ષેપ કરવો હોય તો સભ્યશ્રી પાસે પૂરી માહિતી જોઈએ, આ તો પ્રશ્ન છે નહીંતર તો અધ્યક્ષશ્રીને પહેલાંથી જાણ કરવી જોઈએ અને માનનીય મંત્રીશ્રીને પણ અગાઉથી જાણ કરવી જોઈએ". માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ જ ગંભીરતાપૂર્વક સભ્યશ્રી સી.જે. ચાવડા, એ ખૂબ જવાબદાર સભ્ય છે અને એમણે પ્રશ્નોત્તરી દરમિયાન જે આક્ષેપો કર્યા તે આક્ષેપો કરતાં પહેલાં તેમણે મંત્રીશ્રીને જાણ કરવી જોઈતી હતી એ આક્ષેપો કરતાં અગાઉ એમણે આપને

પણ જાણ કરવી જોઈતી હતી એ એમણે જાણ કર્યા વિના એમણે આક્ષેપો કર્યા છે ત્યારે માનનીય ગૃહના નેતાશ્રીની એ ફરજ થઈ પડે( અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી જે કહેવાયું ( અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, એમને કહેવા દો, પ્લીઝ ( અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આક્ષેપ એ આક્ષેપ જ કહેવાય અને આ પ્રકારનો કોઈપણ આક્ષેપ કરવો હોય તો એમણે સભાગૃહની અંદર આપને પણ જાણ કરવી જોઈતી હતી અને મંત્રીશ્રીને જાણ કરવી જોઈતી હતી પરંતુ આવા આક્ષેપો જ્યારે કર્યા છે ત્યારે માનનીય મુખ્ય મંત્રીશ્રી એ પણ ગૃહના નેતા તરીકે એમની ફરજ બજાવી અને કહ્યું કે જો આક્ષેપો કર્યા હોય તો સભ્યશ્રીએ તેની માહિતી આપવી જોઈએ. માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૩૭ નીચે આપને વિનંતી કરું છું કે, માનનીય સભ્યશ્રી ડાૅ. સી. જે. ચાવડાએ જે આક્ષેપો કર્યા છે એની માહિતી એમણે અગાઉથી આપને આપવી જોઈતી હતી એ આપી નથી પરંતુ આ સભાગૃહમાં એમણે કરેલા આક્ષેપો અંગે એમની પાસે જો કોઈ માહિતી હોય તો એ સભાગૃહમાં વચ્ચે મૂકે એ નિયમ-૩૭ની સ્પષ્ટતા છે અને એ સભાગૃહને કહેવાની એમની જવાબદારી છે અને જો જવાબદારીપૂર્વક એમની પાસે જે કાંઈ માહિતી હોય એ આક્ષેપના અનુસંધાનમાં એ એમણે આપવી જોઈએ અને હું આપને આગ્રહપૂર્વક વિનંતી કરું છું કે, આ પ્રકારના આક્ષેપો વારંવાર ન થાય અને આક્ષેપો કરીને છૂટી જવાની જે મનોવૃત્તિ છે એને સંતોષ ન મળે એટલા માટે નિયમ-૩૭ નીચે હું આપને વિનંતી કરું છું કે, આપના દ્વારા સભ્યશ્રી એ જવાબદાર સભ્ય છે અને જવાબદાર સભ્ય જ્યારે આક્ષેપ કરે ત્યારે એણે માહિતી અગાઉથી આપવી જોઈતી હતી, અગાઉથી માહિતી આપી નથી અને આક્ષેપ કર્યા છે માત્ર એટલા માટે એ શબ્દો પાછા ખેંચી લેવાથી એ પ્રશ્ન પૂરો થતો નથી. આવા આક્ષેપો અને ગંભીરપ્રકારના આક્ષેપો માટે એમણે માહિતી સભર કહેવું જોઈએ અને માહિતી વિના આ સભાગૃહમાં આવીને આક્ષેપો ન થઈ શકે એ પ્રકારનું આ સભાગૃહનું મંતવ્ય રહેલું છે અને એ મંતવ્ય અધ્યક્ષશ્રીના નિર્ણયોથી થયેલું છે અને એ નિર્ણયોને સમર્થિત કરીને હું મારી વાતને મૂકું છું અને આપને વિનંતી કરું છું કે, સી. જે. ચાવડાએ આજે જે આક્ષેપ કર્યો છે તે અંગેની પૂરી માહિતી એમણે આ સભાગૃહને તેમણે આપવી જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અશોકભાઈએ જે પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવ્યો એ સંબંધમાં હું બીજો પૉઈન્ટ ઑફ ઑર્ડર પણ આ સાથે જ ઉઠાવું છું

**અધ્યક્ષશ્રી** : ના, એકપોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો હોય તો બીજો ના ઉઠાવી શકાય.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : હું પછી ઉઠાવીશ. માનનીય અધ્યક્ષશ્રી, નિયમ સ્પષ્ટ છે કે, કોઈ વ્યકિતગત કે કોઈના ઉપર આક્ષેપ કરવો હોય, નામ લઈને ત્યારે એની અગાઉથી માહિતી આપવી જોઈએ અને એ સંદર્ભે નિયમ પણ છે અને ૨૯૮માં, પાના ૧૯૬ ઉપર આમાં અધ્યક્ષશ્રીના નિર્ણય છે એમાં સ્પષ્ટ છે કે નામ લઈને કોઈના ઉપર આક્ષેપ કરી શકાય નહીં. નિર્ણય ક્રમાંક-૨૯૮ ઉપર છે. એના સંદર્ભમાં નિર્ણય છે અને સી.જે.ચાવડાએ જે વાત કરી છે એમાં કોઈ બંધબેસતી પાઘડી પહેરવી હોય તો છુટ છે. મુખ્યમંત્રીશ્રી કે કોઈ મંત્રીશ્રીનું નામ લીધું નથી. માત્ર પ્રશ્ન પૂછયો છે કે સરકાર અને વિદેશી કંપનીની • *( xxxxx) છે? ન હોય તો ના પાડે. આ પ્રકારના આક્ષેપ લતીફથી માંડીને બધાની ગાડીમાં કોણ ફરતું હતું? એવા આક્ષેપ થાય છે. એકેએક જવાબ વખતે એમ કહેવામાં આવે છે કે તમારી સરકાર વખતે આમ હતું. અફઝલનું આમ હતું. એમણે સરકારને ખાલી આ બાબત પ્રશ્ન પૂછયો છે. આક્ષેપ થયો નથી આપ રેકર્ડ ચેક કરાવીને જોઈ શકો છો. પુરાવા જોઈતા હોય તો ચાવડાસાહેબ ૫૦૦૦ લોકોને લાવી શકે. આ ગૃહનો સમય વેડફયો હતો. અગાઉ પણ અધ્યક્ષશ્રીના એવા નિર્ણય છે કે ગૃહની પ્રશ્નોત્તરીના સમયમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવે અને બિનજરૂરી ચર્ચામાં સમય વેડફી શકાય નહીં છતાં *( xxxxx)

**અધ્યક્ષશ્રી** : પોઈન્ટ ઓફ ઓર્ડર નથી. એના ઉપર ચર્ચા થાય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એવું નથી કે મુખ્યમંત્રીશ્રીનું નામ જ ન લઈ શકાય. એવું ટીકાથી પર થવાની જરૂર નથી. અહીં બેસવું હોય તો ટીકા સાંભળવાની તૈયારી રાખવી પડે. પ્રશ્નની બાબતમાં ખરેખર ગંભીર હોય તો અહીં બેસીને એમણે જ પ્રશ્ન ઉઠાવવો જોઈએ કે આ આક્ષેપ બરાબર નહોતો પરંતુ એના પછી જે પરિસ્થિતિ આવે એ સરકારને તકલીફ પડે એવી છે. એ ન આવે એટલા માટે બીજી ત્રીજી વખત ગૃહ મુલત્વી રખાયું. ભૂતકાળમાં વિધાનસભાના ઈતિહાસમાં આવું થયું નથી કે •*( xxxxx) એની સામે સી.જે.ચાવડાએ પ્રશ્ન પૂછયો એ આરોપ ગણવામાં આવે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દાથી બહારની વાત થઈ રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી *( xxxxx) છે એમ કહે છે કોઈપણ સભ્ય ઊભા થઈને રજૂઆત કરે તો *( xxxxx) કહેવાય? આ શબ્દો પાછા ખેંચાવા જોઈએ.

---

**• *( xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**• *( xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમે આખી ચર્ચા પાછી ખેંચાવી લો, વખાણ બધા રેકર્ડ ઉપર રહે અને સરકાર વિરુદ્ધ એક પણ શબ્દ બોલીએ એટલે બધા ઊભા થઈ જાય. રેકર્ડમાંથી પાછા ખેંચાવી લો, રેકર્ડ બંધ કરી દો, રેકર્ડ રાખવાનું બંધ કરાવી દો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, બધા ઊભા થઈ ગયા હતા. એ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલે બીજી કોઈ વાત ન કરવી જોઈએ. મુદ્દા ઉપર વાત કરવી જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દા ઉપર જ વાત છે પણ મારા મિત્ર એવું ઈચ્છે છે કે વખાણ રેકર્ડ પર રહે અને ટીકાના જવાબ આપવા પડે એવા શબ્દ હોય એ દરેક વખતે એમ કહે છે કે રેકર્ડ ઉપરથી કાઢી નાખો. વ્યકિતગત આરોપ સિવાય કયાંક બહાર નીકળે. રેકર્ડમાંથી દર વખતે આવી વાત આવે છે. ગૃહ ઓર્ડરમાં ચલાવવાની જવાબદારી માત્ર આપની નહીં, ગૃહના નેતાની પણ છે. ગૃહ ઓર્ડરમાં પાંચમી વખત ચાલવા દીધું નથી એવી ઘટના બની છે ત્યારે જે તે વખતે હું અનેક રેકર્ડ બતાવી શકું કે મંત્રીશ્રીને ટપાર્યા હોય, રોકયા હોય, સમય બગાડયો હોય એ રીસ્ટોર પણ કરી આપવામાં આવે છે. પ્રશ્નોત્તરીનો સમય પણ બગડયો અને એના પછી જે પ્રશ્નની ચર્ચા કરવાની હતી એ મહત્વની હતી. ૧૩મા નંબરનો પ્રશ્ન રમીલાબહેનનો હતો. એ ન આવે એટલા માટે આ બધું થયું. દર વખતે આવું થાય છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, સી.જે.ચાવડાએ જે આક્ષેપ કર્યો છે એ માટેની વાત છે એ પોઈન્ટ ઓફ ઓર્ડરમાં આવે જ નહીં. એમાં કોઈ વાંધો નહિ, પણ (અંતરાય) રિલેવન્ટ વાત કરે.

**અધ્યક્ષશ્રી** : મુદ્દા ઉપર આવો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મારી વાત એટલી છે કે સી.જે.ચાવડાએ જે સ્ટેટમેન્ટ કર્યુ છે તે આપ ચેક કરી જુઓ, એમાં પ્રશ્ન પૂછ્યો છે એમાં કોઈ મંત્રીશ્રીનું નામ નથી લીધું. મંત્રીના નામનો ઉલ્લેખ નથી થયો. સરકાર ઉપર વાત થઈ છે. સરકાર ઉપર આક્ષેપ કરી શકાય કોઈ રોકી શકે નહીં.

**શ્રી અશોક ભટ્ટ** : એમણે ૨૯૮ ની વાત કરી. ૨૯૮ પાનાં ઉપર (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નિયમની અંદર એવું છે કે વ્યક્તિ ઉપર આક્ષેપ કરવા હોય તો આવું થઈ શકે.

**શ્રી અશોક ભટ્ટ** : તેમણે એમના સમર્થનની અંદર પાન નં. ૨૯૮ ની વાત કરી. ૨૯૮ ઉપર ૩૭ ના નિયમને રિલેવન્ટ કોઈ જજમેંન્ટ

**અધ્યક્ષશ્રી** :નિર્ણય ૨૯૮, પાના નંબર નથી. નિર્ણય નંબર છે.

**શ્રી અશોક ભટ્ટ** : નિયમ ૩૭ બહુ સ્પષ્ટ છે કે નિયમ ૩૭ ની મર્યાદાની અંદર રહીને વિરોધ પક્ષના નેતાશ્રીએ જે વાતની રજૂઆત કરી હતી કે નિયમ ૩૭ ની અંદર રહેલી મારી વાત અસ્પષ્ટ છે. મારી વાતને ફરીથી દોહરાવતો નથી. કોઈપણ મંત્રીશ્રી સામે આ ગૃહની અંદર આક્ષેપ કરવો હોય ત્યારે એની લેખિત જાણ કરવી જોઈએ. આ મારી વાત છે. ડો.સી.જે.ચાવડાએ જે આક્ષેપ કર્યો છે, તે આક્ષેપની માહિતી એમણે આપને આપવી જોઈતી હતી અને આ સભાગૃહના મંત્રીશ્રીને આપવી જોઈતી હતી. મારી વાત બહુ સ્પષ્ટ છે. એમણે જે કહ્યું તે પણ મેં જોઈ લીધું. એમાં મંત્રીશ્રીનું નામ નથી. સમગ્ર સરકાર ઉપર આક્ષેપ કરવો હોય ત્યારે આક્ષેપની ગંભીરતા સમજીને એમની પાસે માહિતી હોવી જોઈએ. (અંતરાય) કોઈપણ આક્ષેપ જવાબદારીપૂર્વકનો થઈ શકે. કોઈપણ આક્ષેપ કરતા પહેલા તમારી પાસે માહિતી હોવી જોઈએ. તમે એમ કહો કે મારી પાસે માહિતી નથી. બેજવાબદારી રીતે આક્ષેપ કરે છે. આ સભાગૃહની અંદર આક્ષેપ કરતા પહેલા જવાબદારી સ્વીકારવી જોઈએ અને સી.જે. ચાવડા માહિતી ન હોય તો પાસે જવાબદારી ન સ્વીકારવી હોય તો આ સભાગૃહની માફી માગવી જોઈએ. માહિતી ન હોય તો માફી માગવી જોઈએ. મારો મુદ્દો મર્યાદિત છે કે આ સભાગૃહની અંદર સી.જે.ચાવડાએ જે આક્ષેપ કર્યો છે તે એના અનુસંધાનની અંદર વિરોધ પક્ષના નેતાશ્રીએ જે ચર્ચાના જવાબની અંદર, મારા પ્રશ્નના જવાબની અંદર (અંતરાય) આક્ષેપ આપોને. કોણે શું કર્યુ તેનો સવાલ નથી. એના પુરાવાઓ મૂકવા જોઈએ. એમણે જે આક્ષેપો કર્યા છે, તેની માહિતી મૂકવી જોઈએ, એના અનુસંધાનની અંદર વાત કરવી જોઈએ અને એ ન હોય તો આક્ષેપ બાબતમાં સભાગૃહની માફી માગવી જોઈએ. આ મારી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીની આ ગૃહના નેતાનું સન્માન જાળવવાની જવાબદારી છે અને સમગ્ર સભાગૃહની જવાબદારી છે તે માટે ગૃહના નેતાશ્રી માટે એમ કહેવું કે પ્રશ્નોત્તરી ખોળવી નાંખે અને વારંવાર આ પ્રકારના આક્ષેપો કરવા તે યોગ્ય નથી. *( xxxxx) અને ત્રીજી વાત તેમની ચર્ચામાં એ ઉપસ્થિત થાય છે કે આ સભાગૃહની અંદર પ્રશ્ન ન આવે એવી વાત કરીને અને આ સભાગૃહની સંચાલનની આપની જવાબદારી ઉપર આડકતરી રીતે અધ્યક્ષશ્રી સામે વિરોધપક્ષના નેતાશ્રી આ રીતે આક્ષેપ કરે તે યોગ્ય નથી.

**અધ્યક્ષશ્રી** : હવે મને એવું લાગે છે કે સભાગૃહમાં બંને પાર્ટીઓનું વર્તન અને વ્યવહાર જોઈને એવું લાગે છે કે, બંને પાર્ટીઓ જે રીતે વર્તો છો તે જોયા પછી એવું લાગે છે કે આ ગૃહ માત્ર સ્પીકરને ચલાવવું પડે, બીજા કોઈએ ચલાવવાનું નથી. આવું કલીયર ગુજરાતની પ્રજાને હવે દેખાય છે. આ ગૃહ માત્ર સ્પીકરને ચલાવવાનું છે આ બંને પાર્ટીઓએ નહીં. હું વિનંતી કરું છું કે હજી ઘણો સમય બાકી છે અને ગૃહ વ્યવસ્થિત ચાલે તેવું બંને પક્ષો

વર્તો અને બંને સાથે મળીને શિસ્ત પ્રમાણે વર્તશો તો ગૃહ ચાલી શકશે. નહીંતર ગૃહનો સમય બગડશે. પ્લીઝ બધાને વિનંતી કરું કે બધા લોકો શાંતિથી ગૃહ ચાલે તેવું આયોજન કરો અને તે પ્રમાણે વર્તો. પ્લીઝ ચાલો.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશોકભાઈ ગૃહના સિનિયર સભ્ય છે, લો મિનિસ્ટર છે. એમણે નિયમ-૩૭ ટાંક્યો છે તેના સંદર્ભમાં કહેવાનું છે. (અંતરાય) તે પતી ગયો હોય તો મારો એક પ્રશ્ન પેન્ડિગ છે કે ગઈકાલે વિશ્વ મહિલા દિવસે. જે નિયમ હેઠળ તે બોલ્યા છે તે નિયમ હેઠળ હું બોલું છું. મુખ્યમંત્રીશ્રી ઉભા થયા તે નિયમ હેઠળ બોલું છું. આ જ નિયમ છે. ગઈકાલે મહિલાઓ ઉપર જે રીતે સરકારના ઈશારે અત્યાચાર ગુજારવામાં આવ્યો, લાઠીચાર્જ કરવામાં આવ્યો, ટીયરગેસ છોડવામાં આવ્યા અને વોટર કેનનથી પાણીનો મારો ચલાવવામાં આવ્યો ત્યાં સુધી (અંતરાય)

**અધ્યક્ષશ્રી** :પોઈન્ટ ઓફ ઑર્ડર ઉપર બોલો. અશોકભાઈએ જે પોઈન્ટ ઓફ ઑર્ડર ઉપાડયો છે તેની ઉપર બોલો.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આપે નિર્ણય આપી દીધો પછી પ્રશ્ન કયાં છે?

**અધ્યક્ષશ્રી** : હવે આગળ બોલો.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર કરતુતો માટે માફી માગે, દિલગીરી વ્યકત કરે.

**અધ્યક્ષશ્રી** : પૂરું કરીએ. પ્લીઝ ચાલો નેકસ્ટ શું છે. જુઓ નેકસ્ટ શું છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પોઈન્ટ ઑફ ઑર્ડર ઉપર અમીતભાઈને કહેવું છે. પ્રકાશ પાડવો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ વાત છોડો. વાત છોડો ને. અમીતભાઈ પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે કહ્યું કે આ સભાગૃહનું સંચાલન કરવું તે માત્ર અધ્યક્ષશ્રીની જવાબદારી નથી. બંનેની જવાબદારી છે. સત્તાધારી પક્ષ તરફથી ખાતરી આપું છું. પરંતુ આપનો આદેશ છે. મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર હું સમજું છુ ત્યાં સુધી મારા પૉઈન્ટ ઑફ ઓર્ડર ઉપર આપનો નિર્ણય નથી. આપે તો બંને પક્ષને સલાહ આપી છે એ સલાહનું પાલન કરવાની જવાબદારી હું લઉં છું એથી મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર મરી જતો નથી. મારો મુદ્દો તો એ છે કે આ સભાગૃહમાં સભાગૃહનો સભ્ય આક્ષેપ કરે ત્યારે એની પાસે પુરાવા હોવા જોઈએ અને સભાગૃહની વચ્ચે એ માહિતી એમણે આપવી જોઈએ એ એમની જવાબદારી છે. હું આપના દ્વારા એ સભ્યશ્રીને વિનંતી કરવા માગું છું કે, એમણે આક્ષેપ કર્યો છે એની માહિતી હોવી જોઈએ અને એ સભાગૃહમાં આપવી જોઈએ. અને એ જો આપવી ન હોય તો શા માટે ન આપવી જોઈએ એની વાત પણ એટલી જ વિરોધ પક્ષના નેતાશ્રીએ કહી નથી અને એટલા માટે મારું કહેવું છે કે, આપ એના ઉપર નિર્ણય આપો અને સભ્યશ્રીને આદેશ આપવો જોઈએ કે એમની પાસે માહિતી હોય એ માહિતી તેઓ અહીં રજૂ કરે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર વર્ષથી અમે અહીંયા અવાર-નવાર જોઈએ છીએ આ વિપક્ષની ભૂમિકા ઉપર બેસીને જ્યારે એક એવો આદેશ આપી દીધો કોઈ પણ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર અને એમ કહી દેવામાં આવ્યું કે, બંને પક્ષની આ જવાબદારી છે ત્યારે એ વાત અમે જ્યારે સ્વીકારી છે, ખરેખર તો શાસક પક્ષની વધારે જવાબદારી હોય છે ત્યારે જ્યારે જ્યારે પ્રશ્ન ઊભો થાય છે ત્યારે રોજના પૉઈન્ટ ઑફ ઑર્ડર ત્યાંથી શરૂ થતા હોય છે અને આજે જ્યારે આપે કહી દીધું છે ત્યારે ફરીથી આ વાત શરૂ થાય એ વસ્તુ વાજબી નથી. છતાં આપના ઉપર કોઈ એવું હોય તો એ યોગ્ય નથી. ખરેખર આપે જજમૅન્ટ આપી દીધું છે પછી એના ઉપર કોઈ બોલી શકે નહીં

**અધ્યક્ષશ્રી :** આ નિર્ણય નથી આપ્યો, બંને પક્ષે શાંતિથી વર્તવું જોઈએ એવી વાત કરી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** :આપે નિર્ણય આપ્યો છતાં આપ કહેતા હશો તો અમે બોલીશું. એ માટે આપના ઉપર કંઈ એવું થતું હોય તો (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** આપ બંને પક્ષે શાંતિથી વર્તવું જોઈએ એવી વાત કરી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે સાંભળ્યું છે એજ વાત કરી રહ્યાં છીએ. માનનીય અધ્યક્ષશ્રી આપે જજમૅન્ટ આપ્યા પછી ચર્ચા કરવાની વાત યોગ્ય નથી. નિયમ-૩૭માં જે માનનીય અશોકભાઈએ વાત ઉભી કરી એ વાત કરી છે એમાં સ્પષ્ટ લખ્યું છે, અહીં કોઈ પણ વ્યકિત ઉપર બદનક્ષી ભર્યા શબ્દો બોલ્યા નથી. સભાગૃહમાં આપ પણ છો અને રેકોર્ડ પણ છે માનનીય સી. જે. ચાવડાએ જે વાત કરી છે એ લોકમુખે ચર્ચા છે એમ કહ્યું છે. અને એ બાબતની વાત કરી છે. આમ એમણે લોકમુખની વાત છે એમ સ્પષ્ટ કહ્યું છે કોઈ વ્યકિતગત મુખ્યમંત્રીશ્રીનું નામ દીધું નથી કે ગૃહમંત્રીશ્રીનું પણ નામ દીધું નથી. માત્ર એક વાત કરી છે કે આ સરકારના ઉપર આ લોકમુખે ચર્ચા થાય છે એ વાત સાચી છે કે ખોટી છે?

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળના રેકર્ડ જોવામાં આવે તો અનેક વખત 'તમારી સરકારે ૧૯૯૨માં આમ કર્યું હતું, તમારી કેંદ્ર સરકારે આમ કર્યું છે.' એવી રીતે વાત થઈ છે અને એ રેકર્ડ ઉપર પુરાવો છે. જ્યારે એમણે એમ કહ્યું કે, સી. જે. ચાવડા પુરાવો આપે ત્યારે કહું છું કે એમણે લોક મુખેની વાત કરી છે. કદાચ સરકાર ઇચ્છતી હોય તો દસ હજાર માણસો આ વિધાનસભા ગૃહમાં લાવી બતાવીશું.. 'લોક મુખે ચર્ચા થાય છે' એ શબ્દો

રેકર્ડમાં છે અને એ શબ્દો રેકર્ડ ઉપર જોઈ શકો છો. દસ હજાર માણસો લાવવાના થશે પુરાવા રૂપે તો ચાવડાસાહેબ લાવશે. એટલે જે ચર્ચા થાય છે એની વાત કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમારો પ્રશ્નોતરીનો સમય અમને બહું ઓછો મળે છે. કાલે પણ પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉઠાવીને અમારી એક કલાક બગાડવામાં આવી હતી, આજે પણ પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન આ પાંચમી વખત પ્રશ્નોત્તરી બંધ રહી અને સમય બગડ્યો છે. માગણીઓ ઉપર પણ એક કલાક કરતા વધારે સમય બગડ્યો છે ત્યારે આવા નાના નાના મુદ્દાઓ ઊભા કરીને શાસક પક્ષ જે રીતે કરી રહ્યો છે એ વાજબી નથી. આપે આજે ચુકાદો આપી દીધો છે એને અમે શિરોમાન્ય કર્યો છે ત્યારે આ બાબતની ચર્ચા ન હોઈ શકે એવી મારી વિનંતી છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અશોકભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો પ્રશ્નોત્તરીકાળમાં માનનીય સી.જે.ચાવડાના વકતવ્ય બાબતમાં તેમાં માનનીય વિરોધપક્ષના નેતા અને માનનીય વિરોધપક્ષના દંડકશ્રીએ કહ્યું કે આ કોઈ વ્યકિત ઉપર આક્ષેપ નથી. માનનીય સી.જે.ચાવડાએ સ્પષ્ટ કહ્યું હતું સરકારની સાંઠગાંઠ અને સરકારના બધા વહીવટી અધિકારીઓ, મંત્રી મંડળમાં નિહિત થયેલા છે. એટલે કે સી.જે.ચાવડાએ સ્પષ્ટ સ્વરૂપે મંત્રી મંડળ ઉપર આરોપ કર્યો છે અને માનનીય વિરોધ પક્ષના નેતાએ એક એવી વાત કરી કે સરકારની ટીકા જ ના થઈ શકે. સરકારની ટીકા નિશ્ચિત થઈ શકે. ટીકા અને આરોપ વચ્ચેનો ફરક જો તેમને સમજ ના પડતી હોય તો મારે કંઈ વધારે કહેવાનું નથી. ટીકા અને આરોપ ૩૭મો નિયમ તે આરોપ બાબતનો છે અને માનનીય સભ્યશ્રી સી.જે.ચાવડાએ આરોપ મૂક્યો છે નશાબંધીનો અમલ કડક રીતે થતો નથી તે ટીકા હોય અને સાંઠગાંઠ કરી છે તેને આરોપ કહેવાય. હું ઉદાહરણ આપીને સમજાવવા માંગુ છું કે આરોપ કોને કહેવાય અને ટીકા કોને કહેવાય. તેમની જવાબદારીમાંથી મુકત ના થઈ શકે. તેમણે ગૃહની અંદર જે વાત કરવી હોય નિયમો મુજબ જ કરવી પડે અને આપે જ્યારે આગ્રહ રાખ્યો છે અને બલવંતસિંહભાઈએ દોહરાવ્યો કે વિશેષ જવાબદારી શાસક પક્ષની હોય, ટ્રેઝરી બેચની હોય. સાહેબ, હું તેમાં સંમત છું. વિશેષ જવાબદારી ટ્રેઝરી બેચની જ હોય પરંતુ ગૃહ નિયમ પ્રમાણે ચાલે તેની વિશેષ જવાબદારી ટ્રેઝરી બેચની હોય અને તમે નિયમ મુજબ કાર્યવાહી નથી કરતા એટલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કરવામાં આવે છે. વ્યવસ્થાનો પ્રશ્ન ક્યારે ઉપસ્થિત થાય? વ્યવસ્થાનો પ્રશ્ન ત્યારે ઉભો થાય કે જ્યારે ગૃહ નિયમ મુજબ ના ચાલતું હોય અથવા તો કોઈ સભ્ય પોતાની કાર્યવાહી નિયમ મુજબ ના કરતાં હોય તો વ્યવસ્થાનો પ્રશ્ન ઉભો થાય છે એટલા માટે વારે ઘડીએ વ્યવસ્થાનો પ્રશ્ન ઉભો થાય છે. ટ્રેઝરની બેચ તરફથી એટલે માનનીય દંડકશ્રી જરૂરી નિયમો સમજવાની, નિયમો મુજબ તેનો અમલ કરવાની, નિયમ મુજબ ગૃહમાં બોલવાની, પોઈન્ટ ઓફ ઓર્ડરને રોકવાની નથી. પોઈન્ટ ઓફ ઓર્ડરને રોકવાથી ગૃહ વ્યવસ્થામાં નહીં આવે ગૃહ વ્યવસ્થામાં લાવવું હોય તો આપણે બધાએ પોતપોતાની મર્યાદાઓ પાળવી પડશે અને જ્યારે વકતવ્ય કરીએ તે વખતે પણ કહે કે માનનીય મુખ્યમંત્રીશ્રી કેમ ઉભા થયા. અનેકો અનેક ચર્ચાઓ રેકર્ડ ઉપર છે. દરેક પ્રશ્નની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીને સૂચન કરવાનો પણ અધિકાર છે, માહિતી આપવાનો અધિકાર છે અને ડખલ કરવાનો પણ અધિકાર છે. તમારા જોરથી બોલવાથી આ અધિકાર સીમિત નથી થઈ જતો. તે અધિકાર તેમને ગુજરાતની પાંચ કરોડની પ્રજાએ મત આપીને આપ્યો છે એટલા માટે અહીંયા બેઠાં છે તમારા બોલવાથી અધિકાર નિહિત નથી થઈ જતો. ગુજરાતની પ્રજાએ તે અધિકાર માનનીય મુખ્યમંત્રીશ્રીને આપ્યો છે અને ૩૭મો નિયમ માનનીય ભટ્ટસાહેબે બતાવ્યો છે કે કોઈ પણ વ્યકિત તરફ આક્ષેપ કરી શકાય નહીં. તેમણે મંત્રી મંડળ તરફ આક્ષેપભર્યા નિવેદન કરે છે એટલા માટે આ મુદ્દો જે ઉપસ્થિત કર્યો છે તે આ જગ્યાએ બિલુકલ યોગ્ય છે અને તેના ઉપર આપનો નિર્ણય જોઈએ અને મારો તો આગ્રહ છે કે આપણે માનનીય સી.જે.ચાવડાએ કહેવું જોઈએ કે આ મુદ્દા ઉપર તે સમગ્ર સભાગૃહની અને ગુજરાતની જનતાની માફી માગે. તેમની જોડે કોઈ આધાર નથી, કોઈ પુરાવો નથી .

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, તમામ સભ્યોએ ગૃહની મર્યાદા પાળવી જોઈએ. ગૃહની મર્યાદા એ છે કે, પ્રશ્નોત્તરી કાળની અંદર કોઈ આવો મુદ્દો ઉઠાવી શકાય નહીં. માનનીય રાજય કક્ષાના ગૃહ મંત્રી બોલતા હતા માનનીય મુખ્યમંત્રીશ્રી અત્યારે હાજર રહીને આ મુદ્દો ઉઠાવી શક્યા હોત. આ મુદ્દા ઉપર વાત કરું છું અને તેનો જવાબ આપું છું. અંતરાય.. તેને બદલે ગૃહને મુલતવી રાખવાની ફરજ પડી ત્યાં સુધી શોર-બકોર કરવામાં આવ્યો અને બીજી વાત કરું બીજી મર્યાદાની વાત કરે છે કે સૌને પોતાની મર્યાદામાં રહેવું જોઈએ. આ અધ્યક્ષશ્રીએ આપણને જે વિનંતી કરી કે મર્યાદા જાળવવામાં મદદ કરો..અંતરાય.. વજુભાઈ નથી થતું •*( xxxxx) આ મર્યાદા એ લોકો આપણને સમજાવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતના ઈતિહાસમાં નથી બન્યું એવું મંત્રીમંડળના સભ્યો દ્વારા આ પ્રકારનો ગૃહનો બારોબાર કબજો લેવાની કોશિશ થઈ છે, (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ :**મર્યાદા હોય કે અધિકાર, જે બાબત માનનીય અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ હોય એનો ઉલ્લેખ સભાગૃહમાં ન થાય, એને મર્યાદા કહે છે. પોતે મર્યાદાની વાત કરે અને નિયમનું પાલન ન કરે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: હું એમની જગ્યાએ હોઉં તો રાજીનામુ આપી દઉં.

---

• *( xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

**શ્રી અશોક ભટ્ટ**: વિરોધ પક્ષના નેતા મહેરબાની કરીને પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર બોલે. એવી સ્વતંત્રતા નથી કે ગમે તેમ બોલી શકે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ**: મર્યાદા તમે નથી જાળવતા.

**શ્રી વજુભાઈ વાળા:** માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય) માનનીય અશોકભાઈએ જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે, એમાં કોઈપણ જાતના આક્ષેપ કરતા પહેલા અધ્યક્ષશ્રી અને જે તે મંત્રીશ્રીની પરવાનગી લેવી જોઈએ એવી વાત છે. માનનીય અર્જુનભાઈ એમ કહે છે કે વ્યકિત વિશે હોય તો તમે કહી શકો. વ્યકિત સિવાયના બીજા ઉપર આક્ષેપ થઈ શકે. (અંતરાય) એક મિનિટ. બેઠા બેઠા તો હું તમારા કરતાયે વધારે બોલી શકું તેમ છું. કોઈ દિવસ બોલી નહીં શકો. મને સાંભળો જરા. માનનીય અધ્યક્ષશ્રી, સવાલ એ છે કે ૩૧મો નિર્ણય છે. પાના નંબર ૨૮ ઉપર છે. એમાં ૩૦/૬/૧૯૭૨ના રોજ શિક્ષણ ક્ષેત્રનું રાષ્ટ્રીયકરણ કરવા બાબતના બિન સરકારી સંકલ્પની ચર્ચા વખતે માનનીય શ્રી મનુભાઈ પાલખીવાલાએ તેમના વકતવ્યમાં કેટલીક સંસ્થાઓ ઉપર આક્ષેપ કરી રહ્યા હતા, તેથી અધ્યક્ષશ્રી રાઘવજી લેઉઆએ એ અંગેની નિયમોની જોગવાઈનું અર્થઘટન કરતા નીચે મુજબ નિર્ણય આપ્યો હતો. 'માનનીય સભ્યશ્રીએ અનેક સંસ્થા ઉપર આક્ષેપ કર્યા છે. એ હું જરા કાળજીપૂર્વક જોતો હતો. આપણો નિયમ ૩૭ બતાવે છે કે, એમણે નિયમનો નંબર પણ ટાંકીને કહ્યું છે. "No allegation of a defamatory or incriminatory nature shall be made by a member against any person." પર્સનની એમણે વ્યાખ્યા શું કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, પર્સન શબ્દ વાપર્યો છે તે ઈન્ડીવીડયુઅલ તરીકે વાપર્યો છે કે જનરલ ટર્મમાં વાપર્યો છે એ જરા વિચાર કરવા જેવો પ્રશ્ન છે. કારણ કે કોઈ વ્યકિત ઉપર આક્ષેપ કરે ત્યારે મંત્રીશ્રીને અને અધ્યક્ષશ્રીને ખબર આપવી જોઈએ. અને કોઈ સંસ્થા ઉપર આક્ષેપ કરે ત્યારે ખબર ન આપવી, એ મને લાગે છે કે કદાચ એનો સારો અર્થ ન થાય. કારણ કે કોઈપણ સંસ્થાના વર્તન સંબંધમાં માનનીય મંત્રીશ્રીને જવાબ આપવાનો પ્રસંગ આવે ત્યારે માહિતી મેળવી અગાઉથી તૈયાર રહી શકે એ એની પાછળનો હેતુ છે. કોઈપણ સંસ્થા ઉપર આક્ષેપ કરે તો મંત્રીશ્રીને પહેલેથી ખબર હોય તો એનો જવાબ આપવા માટે પૂરેપૂરા માહિતગાર રહી શકે. કોઈપણ વ્યકિતના સંબંધમાં જો આ હેતુ હોય તો આપણા નિયમ ઘડનારાઓનો ઈરાદો તો એ સંસ્થાઓના સંબંધમાં પણ હોવો જોઈએ, કારણ કે છેવટે તો જે સંસ્થા અથવા વ્યકિત પોતાનો બચાવ જાતે કરવા માટે અહીં ઉપસ્થિત થઈ શકે તેમ નથી, એના સંબંધમાં જો કોઈ આક્ષેપ કરવામાં આવે તો મને એમ લાગે છે કે એ આક્ષેપ અટકાવવા જોઈએ, એ અધ્યક્ષની ફરજ થઈ પડે છે. અને એટલા માટે પર્સન શબ્દમાં હું વ્યકિત જ નહીં, પણ સંસ્થાનો સમાવેશ કરું છું. ફકત વ્યકિત જ નહીં, સંસ્થા ઉપર કોઈપણ આક્ષેપ થાય તો મંત્રીને પહેલેથી જાણ કરી હોય તો જવાબ આપવાની ઓપોર્ચ્યુનિટી હોય. જાણ કર્યા વગર વ્યકિત કે સંસ્થા ઉપર આક્ષેપ કરવો એ કોઈ રીતે યોગ્ય નથી અને એટલા માટે પર્સનની અંદર સંસ્થાનો પણ સમાવેશ થાય છે અને જે સરકાર ઉપર આક્ષેપ કર્યા છે, સંસ્થા ઉપર પણ આક્ષેપ કરી શકાતા નથી, એટલા માટે અશોકભાઈનો પોઈન્ટ ઓફ ઓર્ડર છે એ બરાબર અને યોગ્ય છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય નાણામંત્રીશ્રી જે વાંચી ગયા એની એક જ લાઈન હું વાંચું છું. *"કારણ કે છેવટે તો જે સંસ્થા અથવા વ્યકિત પોતાનો બચાવ જાતે કરવા માટે ઉપસ્થિત થઈ શકે તેમ નથી, એના જવાબમાં જો કોઈ આક્ષેપ કરવો હોય, કરવામાં આવે તો મને લાગે છે કે આ આક્ષેપ અટકાવવો જોઈએ."* આ કોના સંદર્ભમાં છે કારણ કે તો છેવટે તો જે સંસ્થા અથવા વ્યકિત પોતાનો બચાવ જાતે કરવા માટે અહીં ઉપસ્થિત થઈ શકે તેમ નથી. તો સરકાર તો આખી અહીં ઉપસ્થિત છે અને એની ઉપર આક્ષેપ થાય તો જવાબ આપી શકે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એ આક્ષેપ કરી શકે, પરંતુ એ આક્ષેપની જાણ પહેલાંથી કરી હોય તો એનો જવાબ આપી શકે. શું આક્ષેપ થવાનો છે એ ખ્યાલ જ ના હોય તો જવાબ કેવી રીતે આપી શકે? તો જે આક્ષેપ કરવાનો હોય તો પહેલેથી એની જાણ કરવી જોઈએ. એમનો આક્ષેપ કરવાનો અધિકાર નથી એમ નહીં કહું, એમનો અધિકાર છે, પરંતુ પહેલેથી એની જાણ કરવી જોઈએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : શ્રી સી.જે.ચાવડા....(અંતરાય)

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના પૂરક પ્રશ્નમાં મેં જે પૂછયું છે એના રેકર્ડની ચકાસણી કરીને આપ જે નિર્ણય કરશો એ હું માથે ચઢાવીશ, એ હું સ્વીકારીશ, પરંતુ આપ મારા પેટા પ્રશ્નને ચકાસી લેજો. મેં મારા પેટા પ્રશ્નમાં એમ કહયું છે કે 'તા.૧૬-૨-૦૬ ના રોજ ગૃહ ખાતાએ નશાબંધીના નિયમોમાં છૂટ આપીને લીકર કાર્ડ આપવાનું નકકી કર્યુ છે.' આ મારા પૂરક પ્રશ્નનો પહેલો ભાગ છે અને એના અનુસંધાનમાં મેં પ્રશ્ન કર્યો કે 'એકવાર છૂટ આપીને પરમિટની સંખ્યા વધી અને દર ૩ વર્ષમાં અને કુલ ૯૦ હજાર પરમિટ થઈ. એટલે વિદેશી દારૂ બનાવતી કંપનીઓ સાથે લોકમુખે ચર્ચામાં પ્રજાના મૂખે ચર્ચાઈ રહયું છે કે એમાં •*( xxxxx) તો આનો એક જ જવાબ આપવાનો હતો કે નથી આવ્યું અને તમારી પાસે સાબિતી હોય તો

• *( xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અમને આપજો, પરંતુ સરકારે મેં આ પ્રશ્ન કર્યો છે એનો જવાબ આપવાને બદલે 'તમે આક્ષેપ કર્યો છે' એમ કહેવામાં આવે છે. તો પૂરક પ્રશ્ન પૂછી શકાય. પ્રશ્નોત્તરીના સમય પહેલાં પ્રશ્નો આવે છે. પ્રાયોરિટીની અરધા કલાક પહેલાં ખબર પડે છે એટલે પ્રશ્નોત્તરીમાં કોઈ જગ્યાએ આવી પરમિશન પહેલાંથી લેવાની ના હોય, પરંતુ મેં વ્યકિતગત આક્ષેપ કરીને એમ કહયું હોય કે અમીત શાહે કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ *( xxxxx) તો હું માફી માગું. મેં એવું કહયું નથી અને સરકાર જે સંસ્થા નથી કે સરકાર વ્યકિત નથી. સંસ્થા તો વ્યકિતની વ્યાખ્યામાં આવી જાય છે. સરકાર તો સરકાર છે અને ૫ કરોડની જનતાની પ્રતિનિધિ છે એટલે જે લોકમુખે ચર્ચા રહયું છે એનો મેં પ્રશ્ન પૂછયો છે. એનો જવાબ આપવાનો હતો કે *( xxxxx) અથવા એમ કહી શકે કે આવી કોઈ વાત નથી અમે નિયમ મુજબ કર્યુ છે એ કહી શકે એના બદલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગૃહમાં પ્રશ્ન ઉભો કર્યો કે મેં આટલા આટલા આક્ષેપ કર્યા અને મારે એની સાબિતી આપવી પડે. તો મારે સાબિતી આપવાની થાય તો મેં જે કહયું છે એ પ્રજાના મુખે ચર્ચા રહયું છે અને એના માટે હું પ્રજામાંથી હું ૫ કરોડમાંથી ૫ હજાર માણસો, ૧૦ હજાર કે ૨૫ હજાર માણસો આપ જે આંકડો કહો એ લઈને આવવા તૈયાર છું અને છતાં અમીત શાહ એમ કહે છે કે ગુજરાતની જનતાની માફી માંગવી જોઈએ. તો મેં આ આક્ષેપ કર્યો નથી, પરંતુ પ્રશ્ન પૂછયો છે અને એ પ્રશ્ન પૂછયો છે એમાં ગુજરાતની જનતાને લાગતું હશે અને ના લાગતું હોય તો હું ગુજરાતની જનતાની માફી માગું છું, પરંતુ સરકાર મારી પાસેથી અપેક્ષા રાખે છે એ હું માફી માગવા તૈયાર નથી, સંમત નથી.

**શ્રી અશોક ભટ્ટ** : સરકાર એ પણ સંસ્થા છે અને સરકાર વતી મંત્રીશ્રીઓ બેઠા હોય છે ત્યારે જવાબ આપવાની જવાબદારી છે એટલા માટે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે કહયું કે એ સંસ્થા ઉપસ્થિત ના હોય તો એની સામે આક્ષેપ ના થઈ શકે એ વાત સાચી છે, પરંતુ અહીંયાં સરકાર એ સંસ્થા છે (અંતરાય) ના, ના, આક્ષેપ ના કરવો એવું છે જ નહીં, આક્ષેપ ના કરો એવો અમારો અનુરોધ નથી, આક્ષેપ કરવા જોઈએ અને એ વિરોધપક્ષની ફરજ છે, પરંતુ જયારે આક્ષેપ કરતા હોઈએ ત્યારે માહિતીપૂર્ણ હોવા જોઈએ.અહીંયાં માનનીય સભ્યશ્રી સી.જે. ચાવડાએ વાત કરી કે મેં તો લોકોની વચ્ચેથી સાંભળ્યું હતું. તો માનનીય અધ્યક્ષશ્રી, સાંભળેલી વાત આ સભાગૃહમાં આક્ષેપના સ્વરૂપમાં ના કરી શકાય. સી.જે. ચાવડાએ બીજી એવી વાત કરી કે અમને અરધો કલાક પહેલાં જ પ્રશ્નોત્તરી મળે છે, પરંતુ આ તો એમનો પોતાનો જ પ્રશ્ન છે, બીજા કોઈ સભ્યશ્રીએ આ વાત કરી હોત તો વાત જુદી હતી....

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર ચર્ચા ચાલુ છે, અને માનનીય નાણા મંત્રીશ્રીએ ધ્યાન દોર્યુ છે, અને વિરોધપક્ષના નેતાશ્રીએ તેના ઉપર ટિપ્પણી કરી છે એટલે તે અંગેની સ્પષ્ટતા ફરીથી જરા વિગતવાર રીતે થાય, કલેરીફિકેશન થાય તે અગત્યનું છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે મનુભાઈ પાલખીવાળાના વક્તવ્યમાં શ્રી રાઘવજી લેઉઆએ જે વાત કરી છે તે નિયમ ૩૭ સાથે એકદમ સ્પષ્ટ ક્હે છે ત્યાં, allegation of defamatory. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મને રક્ષણ આપો. હું વિધાનસભાના નિયમોના શબ્દોનું અર્થઘટન કરું છું. કોઈ પોલીટીકલી ઓબ્જરવેશન કરતો નથી. એક પણ પોલીટીકલી ઓબ્જરવેશન કરતો નથી. નિયમોમાં લખેલી વાતનું અર્થઘટન કરું છું. No allegation of a defamatory or incriminatory nature shall be made by a member against any person માનનીય અધ્યક્ષશ્રીએ તે દિવસે પર્સનની વ્યાખ્યા કરવાનો પ્રયત્ન કર્યો છે એટ લેન્થ, એકે એક શબ્દથી પર્સનની વ્યાખ્યા કરી છે. એમાં લખ્યું છે કે પર્સન શબ્દ વાપર્યો છે તે પર્સન શબ્દ ઈન્ડિવિજયુઅલ વાપર્યો છે કે જનરલ ટર્મમાં વાપર્યો છે એ વિચારવા જેવો પ્રશ્ન છે. એટલા માટે કે કોઈ વ્યકિત ઉપર આક્ષેપ કરે ત્યારે મંત્રીશ્રી અને અધ્યક્ષશ્રીને ખબર આપવી જોઈએ પણ કોઈ સંસ્થા ઉપર આક્ષેપ કરે ત્યારે ખબર ન આપવી તે મને લાગે છે કે કદાચ તેનો સારો અર્થ ન થાય. જ્યારે કોઈ વ્યકિત કહીશું, ત્યારે સંસ્થાનો પણ તેની અંદર સમાવેશ કર્યો છે, કારણ કે કોઈ પણ સંસ્થાના સંદર્ભે માનનીય મંત્રીશ્રીએ જવાબ આપવાનો પ્રશ્ન આવે ત્યારે માહિતી મેળવી અગાઉથી તૈયાર રહી શકે તે તેની પાછળનો હેતુ છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણા જે નિયમો બન્યા છે તે બંધારણ આધારિત નિયમો છે. અને બંધારણમાં પર્સન, તેની અંદર કોઈ પણ વ્યકિત, કોઈ પણ સંસ્થા, કોઈ પણ કંપની, કોઈ પણ ઈન્સ્ટિયૂશનનો સમાવેશ પર્સનમાં કર્યો છે. અને અહીં પણ જ્યારે અધ્યક્ષશ્રીએ આ નિર્ણય આપ્યો છે ત્યારે સંસ્થાનો અર્થ ઈન્સ્ટિટ્યૂટશન થાય છે, સંસ્થા એટલે કોઈ સ્વૈચ્છિક સંસ્થા એવો ઉલ્લેખ એમાં નથી. સંસ્થા એટલે ઈન્સ્ટિટયૂશન અને ઈન્સ્ટિયૂટશનમાં ગવર્નમેન્ટનો સમાવેશ પણ it self, it may be Central Government, it may be State Government, એ આપો આપ નિહિત છે, આમાં it is implied in this content of " institution " અને એટલા માટે કોઈ પણ સંસ્થા માટે જવાબ આપવાનો હોય, ઈન્સ્ટિયૂશન માટે જવાબ આપવાનો આવે તેની defamatory allegation માટે જવાબ આપવાનો આવે ત્યારે કોઈ પણ વ્યકિતના સંદર્ભમાં જવાબ આપવાનો આવે, સંસ્થાના સંદર્ભમાં જવાબ આપવાનો આવે કોઈ ઈન્સ્ટિયૂટના સંદર્ભમાં કે કોઈ પણ

વ્યકિતના સંદર્ભમાં જવાબ આપવાનો આવે ત્યારે મંત્રીશ્રીએ તેનો જવાબ તૈયાર કરવો પડે, અહીં એવું કહ્યું છે કે એવો જવાબ પહેલેથી તૈયાર કરીને ગૃહમાં આવી શકે અને એટલે જ્યારે પર્સનના સંબંધમા છે કોઈ પણ વ્યકિતના સંદર્ભમાં આ હેતુ હોય તો આ નિયમો ઘડનારાનો ઈરાદો તો સંસ્થાના સંદર્ભમાં પણ હોવો જોઈએ તેવું કહ્યું છે. અને વિપક્ષના નેતાશ્રીએ કહ્યું છે કે જે વ્યકિત કે સંસ્થા અહી પોતાની સામેના આક્ષેપોનો જવાબ આપવા માટે ઉપસ્થિત રહી શકે તેમ નથી, એ આ નિયમનો બીજો ભાગ છે, માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમોના બે ભાગ છે, ઉપસ્થિત ન રહી શકે તેની સામે આક્ષેપ થાય એ તો અટકાવવા જ જોઈએ, હું ફરીથી વાંચું છું. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ઉલ્લેખ કર્યો છે ત્યારે બાકીના જે શબ્દો અને વાક્યો છે તે એવા છે કે, છેવટે તો જે સંસ્થા, અથવા વ્યકિત પોતાનો બચાવ કરવા માટે અહીં ઉપસ્થિત થઈ શકે તેમ નથી તેના સંબંધમાં જો કોઈ આક્ષેપ કરવામાં આવે તો મને એવું લાગે છે કે આ આક્ષેપો અટકાવવા જોઈએ, એ અધ્યક્ષશ્રીની ફરજ થઈ પડે છે, હવે કોઈ વ્યકિત કે સંસ્થા જે અહીં બચાવ કરવા ઉપસ્થિત રહી શકે તેમ નથી તેના સંદર્ભમાં આક્ષેપો કરવાના જ નથી તેવું કહે છે. એ તો અટકાવવા જ પડે. એ તો અટકાવવા જ પડે. બાકીના સંદર્ભમાં આક્ષેપ કરવા હોય તો પહેલેથી પરમીશન લેવી પડે.એટલે આપણે પર્સન કહીએ, એ ઈન્સ્ટિટયુશન કહીએ એ બધું એકજ છે. ઈન્સ્ટિટયુશન એટલે સરકાર અને સરકારના સંદર્ભમાં આક્ષેપ કરવામાં આવે ત્યારે પણ પહેલેથી પરમીશન લેવી પડે, એ નિયમ ૩૭ની જોગવાઈ ઉપરથી ફલિત થાય છે. હું એટલું જ આ ગૃહનું ધ્યાન દોરવા માગું છું.

**શ્રી સિદ્ધાર્થ મા. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, જે વિષય ઊભો થયો છે એ દારૂબંધી હળવી કરવા સંદર્ભમાં છે. માનનીય ગૃહમંત્રીશ્રી એક વખત બિલ લાવ્યા હતા કે જે દારૂ પીતા પકડાય એવા લોકોને હોસ્પિટલમાં સફાઈ કરવાની. આ બહુ જ સારુ બિલ હતું. અહીંયા એક કલાકથી ચર્ચા ચાલે છે, આ સંદર્ભમાં મુદ્દો દારૂનો છે ત્યારે માનનીય ગૃહ મંત્રીશ્રીને વિનંતી કરુ કે આ મુદ્દા ઉપર ચર્ચા થાય છે એના કરતાં જે દારૂબંધી હળવી કરી છે એ બંધ કરી દો તો અહીંયા આ ચર્ચા ઊભી ન થાય. અને આ હાઉસમાં બીજી ચર્ચા થાય.

**અધ્યક્ષશ્રી** : આ ચર્ચા હવે હું બંધ કરુ છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે હજી કહેવાનું બાકી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓનો સમય બગડે છે. નિયમોમાં અર્થઘટન સ્પષ્ટ છે •*( xxxxx)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, (અંતરાય). નો, નો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, અમે એમને ટીકા અને આક્ષેપ કરતા રોકતા નથી. (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિરોધ પક્ષના નેતાશ્રીને વિનંતી કરુ છું કે એમણે ટીકા કરવાનો અધિકાર કે આક્ષેપ કરવાનો અધિકાર છે એની ચર્ચામાં પડતો નથી. પરંતુ એ આપના વિચારાધીન છે. આ સભાગૃહમાં આપે વિનંતી કરી કે સભાગૃહનું સંચાલન કરવું જોઈએ ત્યારે આજના મારા બે પૉઈન્ટ ઑફ ઑર્ડરમાં મુખ્ય મુદ્દો એ હતો કે લીડર ઑફ ધી હાઉસ વિશે વારંવાર ટીકા થાય છે. પ્રૅક્ટિસ એન્ડ પ્રોસીઝર ઑફ પાર્લામેન્ટ ૧૩૯ પાના ઉપરની વાત કહું છું. The Leader of the House is important parliamentary function and exercises direct influence on the business of the House and also of the Government as far it expresses in the House. માનનીય અધ્યક્ષશ્રી, મેં આપની રજા લઈને કહ્યું છે. મને મારા મુદ્દા ઉપર વાત કરવાનો અધિકાર છે. જ્યારે જ્યારે પ્રશ્ન ઉપસ્થિત થાય છે ત્યારે આ સભાગૃહમાં વારંવાર આ ગૃહના નેતાનું અવમાન થાય છે.લીડર ઑફ ધી હાઉસ એના માટે કહેવું પડે છે કે ઈટ ઈઝ પાર્લામેન્ટ ફંકસનરી એને જે અધિકાર છે એ અધિકારની વાત કરીને એને એમ કહ્યું કે વેડફી નખાય છે, એને એમ ક્યું છેકે ખોરવી નખાય છે ત્યારે આપની પાસે માર્ગદર્શન માગું છું કે આ પ્રકારના સભાગૃહને ખોરવી નાખવાના ઉચ્ચારણોથી જ સભાગૃહને ખોરવી નાખવાનો પ્રયત્નો થયા છે. સમય કેમ જાય છે? સમય જાય એના કારણો આ ઉચ્ચારણો છે. ઉચ્ચારણો ઉપર સંસદીય મર્યાદાઓની જરૂર છે. સંસદીય મર્યાદાની અંદર રહીને વિરોધપક્ષના નેતાશ્રી હોય કે એના સભ્યશ્રીઓ હોય એ સરકારની જેટલી પણ ટીકા કરવી હોય એ કરે એ એમનો અધિકાર છે. પરંતુ ગૃહના નેતા માટે સંસદીય સન્માન જાળવવું જોઈએ એ માટે હું આપનું માર્ગદર્શન માગું છું.

**અધ્યક્ષશ્રી** : હવે લાંબી ચર્ચા ન કરતાં આમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર અંગેનો નિર્ણય પછી આપીશ પરંતુ હાલ જે વાત ગૃહમંત્રીશ્રીએ કરી અને આપણે બધા આ સભાગૃહમાં જોઈએ છીએ કે જ્યારે જ્યારે ગૃહના નેતાશ્રી બોલવા ઉભા થાય છે ત્યારે આપણે હંમેશા એ ગૃહના નેતા ટાઈમ વેડફે છે એવો શબ્દપ્રયોગ કરીએ છીએ. જે ગૃહના નેતા હોય તેને ગૃહની કાર્યવાહીમાં માર્ગદર્શન આપવાનો, ઈન્ટરફીયર થવાનો અધિકાર છે. તે રીતે જ્યારે ગૃહમાં જરૂર પડે ત્યારે ગૃહમાં પોતે માર્ગદર્શન આપી શકે અને દરમ્યાનગીરી કરી શકે અને એ તેમનો દરમ્યાનગીરી કરવાનો અધિકાર પણ છે. આજે અને અગાઉ પણ મેં આ અંગે અવારનવાર કહ્યું છે કે આ

• *( xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

અધિકાર મુખ્યમંત્રીનો છે, ગૃહના નેતાનો છે. તો હવે પછી આ ગૃહના સભ્યશ્રીઓને મારી ખાસ વિનંતી છે કે ગૃહના નેતા જ્યારે કંઈ વાત કરવા ઉભા થાય, દરમ્યાનગીરી કરવા ઉભા થાય ત્યારે આવા શબ્દપ્રયોગો કરીને આપણે વાંધો લઈએ તે ઠીક નહીં અને હવે પછી વાંધો લેવામાં ન આવે તે અંગે આપણે જોવું જોઈએ. (અંતરાય) પ્લીઝ હવે બેસી જાવ. નેક્સ્ટ.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### માણસા તાલુકાના પડુસ્મા ગામે બટાટાનું લીલુ પલુર ખાવાથી ગાયોના થયેલ મૃત્યુ અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પશુપાલન મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને એ અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના પડુસ્મા ગામે બટાટાનું લીલુ પલુર ખાવાથી ઝેરી અસર થતાં તા. ૪-૩-૨૦૦૭ના રોજ દૂધાળી, ગાભણી અને વાછરડા મળી કુલ ૨૬ ગાયોના મૃત્યુ થવાથી પ્રજામાં વ્યાપક અરેરાટી વ્યાપી ગયેલ છે. આ ઘટનાથી પશુપાલકોને ખૂબ મોટું આર્થિક નુકસાન થયેલ છે. જીવનનિર્વાહનું સાધન ઝૂંટવાઈ જવાથી અસરગ્રસ્ત બનેલા કુટુંબોને સહાય કરવા તથા આ દુ:ખદ બનાવથી લોકોમાં વ્યાપેલ દુ:ખની લાગણી દૂર કરવા સરકારે લીધેલા કે લેવા ધારેલા પગલાં."

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( પશુપાલનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી,

<u>(૧) બટાટાનું પલુર ગાયોએ ખાતા ઝેરી અસરની જાણ થતાં લીધેલ ત્વરિત પગલાં:-</u>

તા. ૪-૩-૨૦૦૭ના રોજ સાંજે ૭-૦૦ કલાકે ધ્વનિ સંદેશ મળતાં જ પશુ ચિકિત્સા અધિકારી, માણસા ટીમ સાથે પડુસ્મા ગામે જરૂરી દવા-સાધનો સાથે પહોંચી ગયેલ.

ઘટના સ્થળે ટીમ સાથે દૂધસાગર ડેરી સંચાલિત, ગોઝારીયા કેન્દ્રના ઈન્ચાર્જ તેમની ટીમ સાથે આવી ગયેલ. તપાસ કરતાં ૧૮ ગાયોના મૃતદેહ પડેલ હતા. તે સિવાય બીજી ૧૬ ગાય/વાછરડાને તાત્કાલિક સારવાર આપવામાં આવી. જે પૈકી ૮ ગાયોના ચાલુ સારવાર દરમ્યાન મરણ થયેલ છે. આમ, ૨૬ ગાયો/વાછરડાના મરણ થયેલ છે. બચાવ સારવારની કામગીરી સતત ચાલુ રાખવામાં આવેલ હોવાથી **૮ ગાયોને બચાવી લેવામાં આવેલ છે.**

(૨) આ તમામ જાનવરો રબારી ભાઈઓના હતા. તેમના જણાવ્યા મુજબ ગામની સીમમાં પડેલ બટાટાનું પલુર ગાયોએ ખાધું હતું. આમ, પ્રાથમિક તબક્કે ગાયોના મરણ બટાટાના પલુરના ખોરાકી ઝેરને કારણે થયેલ હોવાનું માલુમ પડેલ.

(૩) મદદનીશ પશુપાલન નિયામકશ્રી, ગાંધીનગર, મદદનીશ પશુપાલન નિયામકશ્રી, પશુરોગ અન્વેષણ એકમ, અમદાવાદ, તાંત્રિક મદદનીશ, પશુ ચિકિત્સા અધિકારી, ગાંધીનગર દ્વારા સ્થળની મુલાકાત લેવામાં આવી જેમાં.

રોગ સંશોધન અધિકારીશ્રી દ્વારા જરૂરી નમૂના પૃથ્થકરણ સારૂ લેવામાં આવેલ છે. જેનું તાત્કાલિક પરિક્ષણ અમદાવાદ પ્રયોગશાળા ખાતે હાથ ધરવામાં આવેલ છે તેમજ વધુ અભ્યાસ માટે જરૂરી નમૂના આણંદ તથા પૂના ખાતે મોકલી આપવામાં આવેલ છે. પોસ્ટમોર્ટમ વિગેરેની કામગીરી સ્થળ ઉપર જ કરવામાં આવેલ છે તથા ઘટના સ્થળે જંતુનાશક દવાઓનો છંટકાવ કરી વૈજ્ઞાનિક ઢબે મૃતદેહોનો નિકાલ કરી દેવામાં આવેલ છે.

(૪) <u>પશુપાલકો માટે જાગૃતિ અભિયાન :-</u>

આવી દુ:ખદ ઘટનાઓ નિવારવા માટે તથા ખાસ કરીને પશુઓને બટાટાનું પલુર ન ખવડાવવા માટે પશુપાલન ખાતા દ્વારા જાહેર ખબરો, રેડિયો, ટીવી ટોક તેમજ પશુ આરોગ્ય મેળા, ઝુંબેશ તથા ગ્રામ સભા તેમજ રાત્રિ સભાઓમાં પશુપાલકોને તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માણસા તાલુકાના પડુસ્મા ગામે બટાટાનું લીલું પલુર ખાવાથી ૨૬ ગાયોના જે મૃત્યુ થયાં છે. આ પશુપાલકોના કુટુંબો માટે ચિંતાનો વિષય છે. બટાટાની ખેતી આ ગામમાં વર્ષોથી થાય છે. ગત વર્ષે પણ બટાટાનું પલુર ખાવાથી આ પ્રમાણે પશુઓના મૃત્યુ થયા હતા. તો આ બટાટાનું પલુર કે જેની ઝેરી અસર થાય છે. તેને જમીનમાં દાટી દેવા કે બાળી મૂકવા માટે, લોકજાગૃતિ કેળવવા માટે પશુપાલન વિભાગે કોઈ પગલાં લીધા છે કે કેમ? પશુપાલનનો ધંધો કરતા પરિવારો માટે ગાયોના મરણથી આ અસરગ્રસ્ત પરિવારોનું આવકનું સાધન રહ્યું નથી. તો ખાસ કિસ્સામાં સરકાર તરફથી કોઈ સહાય જાહેર કરવા માગો છો કે કેમ? અને નવા પશુઓ ખરીદવા માટે ખાસ કોઈ લોન આપવાની વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો આવું પલુર અન્ય કોઈ જગ્યાએ ન નાખે તેના માટે જાગૃતિ માટેના તમામ પગલાંઓ રાજય સરકારે અગાઉ પણ લીધા છે અને અત્યારે પણ ચાલુ છે અને માલધારીઓ પણ આવું પલુર પોતાના જાનવરોને ન ખવડાવે એવી જાગૃતિ માટેના રાજય સરકારે અનેક પગલાં લીધા છે, ચાલુ છે અને ભવિષ્યમાં પણ લેશે. સમાચાર પત્રોમાં, શિબિરો કરીને, ગ્રામસભાઓમાં, કૃષિ મહોત્સવ દરમ્યાન, પશુઆરોગ્ય મેળાઓ દરમ્યાન આ બધા માધ્યમો દ્વારા ભૂતકાળમાં ખેડૂતો માટે અને માલધારીઓ બન્ને

માટે આ પ્રકારની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. માનનીય સભ્યશ્રીનો બીજો સવાલ છે. કે કોઈ જાણીએ છીએ કે નહીં પશુપાલન ખાતાની દુધાળા પશુઓની બેંકેબલ યોજના છે. જે માલધારીઓ લોન લે છે એના વ્યાજમાં ૫૦ ટકાની સહાયની યોજના છે. એનો પણ લાભ અસરગ્રસ્ત ખેડૂતો લઈ શકે છે. વડાપ્રધાન રોજગાર યોજનામાં યુનિટ કોસ્ટના ૨૦ ટકા લેખે સહાય ચૂકવવામાં આવે છે. ગોપાલક વિકાસ બોર્ડમાં પણ ૬ ટકાના વ્યાજની લોન આવા અસરગ્રસ્ત ખેડૂત હોય એમને આપવામાં આવે છે. ત્રીજો સવાલ અસરગ્રસ્ત ખેડૂતોને હાલ સહાય કરવા માગો છો કે નહીં? એમાં સામાન્ય રીતે કુદરતી આપત્તિ હોય, પૂર હોય કે ભૂકંપ કે અન્ય કુદરતી આપત્તિ હોય એમાં સહાય ચૂકવવાની યોજના ચોક્કસ છે. પરંતુ આ બનાવ પછી રાજય સરકારે આવા આકસ્મિક બનાવો બન્યા હોય તેવા કિસ્સામાં કેસ ટુ કેસ આંશિક વળતર આપવાની વિચારણા કરી છે.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જણાવ્યું કે, વિચારણા કરવામાં આવશે. પરંતુ ખરેખર આ ગોપાલકો આર્થિક રીતે ગરીબ છે અને આ કેસ પહેલાં બની ગયો છે. તો આ કેસમાં ખાસ વળતર માટે જોગવાઈ કરવાની છે એમાં સમાવવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલમાં જોગવાઈ નથી અને આકસ્મિક મૃત્યુ થાય તો એના માટે જોગવાઈ નથી. પણ આજે કહ્યું છે કે, ભવિષ્યમાં આ પ્રકારની આકસ્મિક ઘટના બને ત્યારે કેસ ટુ કેસ ગુણવત્તાના આધાર ઉપર આંશિક વળતર આપવા માટે વિચારણા કરાશે.

**શ્રી ભાવિનભાઈ ન. શેઠ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદિપસિંહજીએ વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ની નોટિસમાં જે પરિસ્થિતિ ઉપસ્થિત કરી છે એમાં માનનીય પશુપાલન મંત્રીશ્રીએ નિવેદન કર્યું છે. એ નિવેદનના આધારે એમ ચોક્કસ કહી શકાય કે, આ સરકાર આવા ખેડૂતો અને આવા પશુપાલન કરનારા લોકો છે એમની હામી છે અને એમાં ચોક્કસ વિચારણા કરશે. પણ હું ગૃહનું ધ્યાન અલગ દિશામાં લઈ જવા માગું છું. હું આપના મારફતે એ કહેવા માગું છું કે, કુલ ૨૬ ગાયો અને વાછરડાના મૃત્યુ થયા છે. ત્યારે એક પરિસ્થિતિ વર્ષો-વર્ષ ઉપસ્થિત થતી હોય છે. મારો કહેવાનો આશય એવો છે કે, આ લોકોને વળતર આપવું એ આપણી પોતાની ફરજનો એક ભાગ છે. એવી જ રીતે જે માલધારીઓ છે, જે પશુપાલકો છે એમની પણ એક ફરજ છે કે આવી જે ગાયો છે, વાછરડા છે એની સારસંભાળ રાખે. ગવર્નમૅન્ટ કેટલું કરવાની છે અને એ રીતે એમની ફરજનો ભાગ સમજીને કરે એ રીતે એમને સૂચના આપવા માગો છો કે કેમ? એ આપશ્રી મારફત જાણવા માગું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખૂબ સરસ વાત કરી છે, વળતરની જોગવાઈની વાત કરી છે. લોક નેતા તરીકે આપણી પોતાની પણ ફરજ છે કે, રાજય સરકાર જે કાંઈ પ્રયત્ન કરી રહી છે એ કહે અને જ્યાં જાય ત્યાં ખેડૂતોને પણ સમજાવે કે, પલુર ખવડાવવાથી પશુઓના મૃત્યુ થાય છે તો પલુર ન ખવડાવે અને યોગ્ય જગ્યાએ એને દાટવાની કે ખાડો ખોદીને રાખવાની વ્યવસ્થા કરે અને માલધારીઓને આપણે કહીએ કે તમે પલુર ન ખવડાવો. અને આ વ્યવસ્થા કરવાની ઉભય પક્ષે છે, માત્ર સરકારની નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, બધી વાતો થઈ રહી છે. એ બધી મારા હિસાબે ઊંધા પાટે છે. હું પણ બટાટાની ખેતી કરું છું અને અમે જન્મજાત આ પલુર ગાયોને ખવડાવીએ છીએ અને આ પહેલું નથી.(અંતરાય) હું પોતે પણ બટાટા વાવું છું. પરંતુ ગાયોને ઝેરી દવા છાંટીને આપવામાં આવી છે. એમાં દવા ખોટી નાંખવામાં આવી છે, એ દવા બનાવવાવાળાની તપાસ થવી જોઈએ અને ગાયો છે એ ઘણી જગ્યાએ ભેલાણ થઈ જાય છે અને બગાડી નાંખે છે એટલે દવા છાંટીને બદઈરાદો મારી નાંખવાનો હોય છે. બાકી એક જ બટાકાની દવામાં મરે અને બીજે કેમ ન મરે? મારે ત્યાં હજારો ખેડૂતોને ત્યાં ગાયો આ પલુર ખાતી આજે પણ બતાવું. તો આ જ ખેતરમાં કેમ મરે? પણ આ ગાયો ભેલાણ ન કરે અને દવા ખાવાથી મરી જાય એ પણ ઈરાદો હોઈ શકે. ગાયોની ભાઈ ભાવિનભાઈ શેઠે વાત કરી, માલધારીઓની કમનસીબી એ છે શેઠ કે એ માલધારી આજે પણ ખેડૂત બની શકતો નથી અને એ માલધારી એનો રોટલો રળવા માટે ગાય નથી રાખતો, ગાયને જીવતી રાખવા માટે આ રાજય અને આ દેશની સંસ્કૃતિ જીવતી રાખવા માટે ગાયને માતા કહીએ છીએ, એની પૂજા કરીએ છીએ અને મારી સાથે આવો શેઠ, તમને બતાવું કે ૫૦ ટકા ગાયો કદી દૂધ આપવાની નથી. અમારી ભાષામાં એને ઠાઠી કહીએ છીએ એને પણ જીવાડવા માટે પશુપાલક પશુ થઈને એની પાછળ ફરે છે એટલે તમે કહેતા હોવ કે સરકાર કયાંથી આપે? સરકાર દારુ છુટ્ટીનો કાયદો બનાવી શકે. બીજા કાયદા બનાવી શકે તો પશુપાલકોની ગાયો મરી જાય તો એના માટે (અંતરાય) અશોકભાઈ મારો એમાં કોઈ પોલિટીકલ ઈરાદો નથી.

**અધ્યક્ષશ્રી** : ગોવાભાઈ, પ્લીઝ, પ્લીઝ, આપને ભાષણ બહુ ગમે છે. આપણે એક દિવસ મીટિંગ રાખવી જોઈએ બધાની અને તમે ૨-૩ કલાક બોલો. પ્લીઝ પ્રશ્ન પૂછો.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એ જ વાત કરુ છું. પશુપાલકોને ભારત સરકારના એકટ મુજબ ૧૦૦ ઢોરે ૪૦ એકર જમીન છે એ જમીન નથી એટલા માટે એને આ ભેલાણ બેલાણ થઈ ગયા છે. ગાયો ભૂખે મરે છે. ગાયો ભૂખે મરતી કેમ થાય છે એ એટલા માટે કહુ છું કે એમને ખબર નથી કે આ કાયદા

મુજબ નથી. જો ૧૦૦ ઢોરે ૪૦ એકર જમીન આ સરકાર કે બીજી સરકાર રાખતી હોય તો પશુપાલનની આ દશા ન હોય પણ જગ્યા નથી. જગ્યા લઈ લીધી, આપી દીધી અને ઢોર લઈને હવે પશુપાલક જાય કયાં?

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો નહીંતર બેસાડવા પડશે. પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એના માટે જે વળતરની વાત કરી તો વળતરની અંદર જોગવાઈ ન હોય તો સી. એમ. ફંડમાંથી પણ આપી શકીએ છીએ. ખાસ કિસ્સા તરીકે પણ આપી શકે છે પણ એનું જે જીવન ગુજરાત છે એ ગાયો ઉપર હતું અને એ પણ દુજણી ગાયો હતી અને એવી દુજણી ગાયો હતી એ જ મરી જાય છે એટલે એના તો બચ્ચા પણ આજે ખાધા પીધા વગર છે. તમામ મિત્રોને કહુ છું કે એમના વિસ્તારમાં પશુપાલક માત્ર ગાય રાખતો હોય એનું ઘર જોઈ આવો, એના બાળકો જોઈ આવો, તમને ખ્યાલ આવશે કે વાસ્તવિકતા શું છે? તો સી.એમ. ફંડમાંથી પણ વળતર મળવું જોઈએ.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ આક્ષેપ કર્યો છે કે ખેડૂતોએ દવા છાંટી હશે એવો આક્ષેપ સાવ ખોટો છે. ખેડૂતોએ કોઈ દવા છાંટી જ નથી અને આ કેસમાં તો કોઈ દવા છાંટી જ નહોતી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ બંનેને કહી દઉ, બટાકા ખેડયા પછી, કાઢયા પછી જે પલુર હતુ એ ખાધુ છે. એમાં કોઈ દવા છાંટવાનો સવાલ નથી અને બનાવ બન્યો છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આવા પ્રસંગો ભૂતકાળમાં છેલ્લા ૫૦ વર્ષના ગાળામાં તમારા શાસનમાં પણ બનતા હતા, પરંતુ આંશિક વળતર આપવાની વિચારણા અમારી સરકારે કરી છે અને તમે સંસ્કૃતિની વાત કરતા હોય તો ગૌવંશ બચાવવા માટેની ઝુંબેશ મુખ્યમંત્રીએ સુપ્રીમ કોર્ટ સુધી કરી છે અને એમાં સફળ રહ્યા છે અને બીજા રાજયોમાં તમે કરાવડાવો.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આ લીલુ પલુર હોવાથી જ ગાયોના મૃત્યુ થયા છે. હું માનનીય મંત્રીશ્રીનું એટલું જ ધ્યાન દોરવા માગું છું કે આ પશુપાલકો પોતાના પશુઓને જીવાડવા માટે જે જે દિશામાં એના ગૌચર મળે એ દિશા તરફ પ્રયાણ કરતો હોય છે. આજે પણ ગોવાભાઈએ જે વાત કરી છે એ તદ્દન સાચી વાત છે. ગૌચર ખતમ થઈ ગયા છે. જંગલો ખતમ થઈ ગયા છે. જંગલના અમૂક વિસ્તારમાં ગાયો, પશુઓને જંગલખાતુ પ્રવેશ નથી કરવા દેતુ અને એના કારણે પશુપાલક ખૂણે ખૂણે ભટકે છે. એનાથી આ પરિસ્થિતિ પેદા થઈ છે અને આ પરિસ્થિતિ પેદા થાય છે એમાંથી બે વાતનું ધ્યાન દોરવા માગું છું કે ખોરાક જેવી વસ્તુ ઉપર જે દવા છંટાય છે, આ બટાકાના પલુર ઉપર દવા છંટાઈ છે એ બટાકાનો લોકો દ્વારા, પ્રજા દ્વારા ઉપયોગ થતો હોય છે અને આવી દવાઓ છાંટીને પશુઓને તો નુકસાન થયું છે, પણ એના પછીની ઈફેક્ટ થવાની એ પ્રજા જીવનમાં પણ થવાની છે. એના માટે પણ સરકારે કોઈ રિસ્ટ્રીક્શન કે ગંભીરતાપૂર્વક વિચારવું જોઈએ. બીજી વાત કે, હું એનો સાક્ષી છું કે ખૂબ ઉત્સાહથી આ રાજ્યમાં ગોપાલક વિકાસ બોર્ડની રચના થઈ હતી અને (અંતરાય)

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આખા પશુપાલન વિભાગની વાત કરવા લાગ્યા.

**અધ્યક્ષશ્રી** : આ ગાયો મરી છે એની વાત છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આ બોર્ડની રચના થઈ છે એ પશુપાલકો માટે થઈ છે અને એના વળતર માટે આ બોર્ડ વિશેષ રીતે વ્યવસ્થા કરી શકે તેમ છે. પણ સરકારની પોતાની ઈચ્છા હોય તો આંશિક સહાય કરવાની જરૂર નથી. એ બોર્ડને આદેશ કરી શકે તેમ છે અને બોર્ડ તેનો અમલ કરી શકે છે. બોર્ડને એની સ્કીમો હેઠળ પૈસા આપીએ છીએ ત્યારે આ કરવાની લાગણી છે.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય સભ્યશ્રીના બધા સૂચનો છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભવિષ્યમાં આવી કોઈ અપ્રિય દ ટના ન બને એ માટે માનનીય મંત્રીશ્રી તકેદારીના કોઈ વિશેષ પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : અગાઉ કહ્યું છે કે જન જાગૃતિ ભૂતકાળમાં લીધી છે અને અત્યારે લઈએ છીએ. તમને કહું છું કે તમારા વિસ્તારમાં જાઓ ત્યારે ખેડૂતો અને માલધારીઓને તમે કહેજો.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગાયોના મૃત્યું થયા છે અને એનું પોસ્ટમોટર્મ થયું હોય ત્યારે couse of death માં શું નીકળ્યું છે? બીજું કે બટાકાની ખેતીમાં એના મૂળમાં પોટાસ, સલ્ફેટ અને નાઈટ્રોજન મોટા પ્રમાણમાં નાખવું પડતું હોય છે. એની રાસાયણિક પ્રક્રિયાના કારણે આડઅસર થઈને એની અસર મૂળ અને પાંદડાઓને થતી હોય તો એન્ટી ઈફેક્ટ સંશોધન કરીને પલુરના ખાવાથી નુકસાન ન થાય એના માટે યુનિવર્સિટી દ્વારા સંશોધન કરાવવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : હકારાત્મક સૂચન છે. ભવિષ્યમાં આ પ્રકારે સંશોધન કરવામાં આવશે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આકસ્મિક કિસ્સામાં ગાયો મૃત્યું પામી છે એને આંશિક સહાય આપવાનું સરકાર વિચારી રહી છે એ સારી વાત છે. બીજી વાત એ છે કે આ ગ્રામ્ય વિસ્તારમાં બનતા બનાવો છે અને જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી આવી રાહત આપવાની માગણીઓ આવે છે અને માનનીય મંત્રીશ્રી પાસે

પંચાયત ખાતું પણ છે ત્યારે જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી જનરલ સભામાં ઠરાવ કરીને આવી સહાય આપવામાં આવે તો વાંધો નથી. તો આ દિશામાં વિચારવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સૂચન છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે બટાકાના મૂળ પલુર ખાવાથી જે ગાયો મરી ગઈ છે એના પશુપાલકોને વગર વ્યાજની લોન આપવા માગે છે કે કેમ? આવું ફરીથી ન બને એના માટે કોઈ કાર્યવાહી કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : મેં બધા જવાબો આપી દીધા છે.

# તારાંકિત પ્રશ્નના જવાબમાં સુધારો કરતું નિવેદન

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહમાં ૨જૂ થયેલ માનનીય સભ્યશ્રી ધીરુભાઈ ગજેરાના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૯૬૨૫ (અગ્રતાક્રમ-૧૧૦)ના જવાબમાં સુધારો કરતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૫-૦૬નો ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

## *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**સામાન્ય વહીવટ વિભાગ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટ વિભાગનામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨,૪૮,૮૫,૦૦૦/-ની માગણી ક્રમાંક ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૭ રજૂ કરવામાં આવી.**

---

* પહેલા દિવસની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલાં નાણા મંત્રીશ્રીએ સને ૨૦૦૭-૦૮ વર્ષ માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (સામાન્ય વહીવટ વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતા અન્ય ખર્ચની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨,૨૩,૭૩,૧૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂા.૭૯,૬૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧૪ રજૂ કરવામાં આવી.**

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ વિભાગને લગતી માહિતી અને પ્રચાર સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૨૮,૭૧,૬૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૨૦ રજૂ કરવામાં આવી.**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી અન્ય ખર્ચ માટેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૩૦,૩૪,૭૫,૦૦૦/- અને મૂડીખર્ચ માટે રૂા.૧૩,૮૧,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક ૯૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૯૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૨૫ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની શુક્રવાર, તા.૯–૩–૨૦૦૭ (પહેલો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં.૩૦** | | |
| ૧. | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૧–મંત્રીઓ ... પગાર<br>રૂા.૯૬,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૧૧ | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓની ફરિયાદોનું ઝડપી નિરાકરણ લાવવામાં તંત્રની ઉદાસનીતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૨. | –– " –– | ૧૦૦ | જુદાજુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવાથી પ્રજાના પ્રશ્નોનો નિકાલ કરવામાં મંત્રીમંડળની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| * ૩. | –– " –– | ૧૦૦ | મંત્રીશ્રીઓ ધ્વારા તુમારનો ઝડપી નિકાલ કરવામાં ઉદાસીનતા | |
| * ૪. | –– " –– | ૧૦૦ | ધારાસભ્યો અને વિરોધપક્ષના નેતાના પત્રોનો ત્વરીત નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫. | –– " –– | ૧૦૦ | મંત્રીઓ સમક્ષ અધિકારી/કર્મચારીઓના પ્રમોશનની પડતર ફાઈલો પર સમયસર કાર્યવાહી કરવામાં ઉદાસીનતા | શ્રી મનીષ ગીલીટવાળા |
| * ૬. | –– " –– | ૧૦૦ | સચિવાલયમાં મંત્રીશ્રીઓની ગેરહાજરીના કારણે પ્રજાના કામોના નિકાલ માટે ધારાસભ્યોને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસનીતા | |
| ૭. | –– " –– | ૧૦૦ | કર્મયોગી શિબિરોનું આયોજન કરવા છતાં કર્મચારી/અધિકારીઓ ખરેખર કર્મયોગી ન બનતાં, નાણાં અને સમયનો થતો વ્યય અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૮. | ૨૦૧૩–મંત્રી પરિષદ<br>૧૦૮–પ્રવાસ ખર્ચ<br>રૂા.૧,૧૬,૧૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૧૧ | ૧૦૦ | મંત્રીશ્રીઓ ધ્વારા હેલીકોપ્ટર અને પ્લેન પાછળ થતા પ્રવાસ ખર્ચ ઉપર નિયંત્રણ મૂકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાલાલ જોષી |
| | | **માગણી નં.૩૫** | | |
| ૯. | ૨૦૭૦–અન્ય સામાન્ય વહીવટી સેવાઓ<br>૧૦૪ તકેદારી<br>૦૧ લોક આયુક્ત<br>રૂા.૨૩,૭૫,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૪૨ | ૧૦૦ | લોકાયુકતમાં જજોની સમયસર નિમણૂક કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| ૧૦. | ૨૨૩૫–સામાજીક સુરક્ષા અને કલ્યાણ<br>૧૦૭ સ્વાતંત્ર.....યોજના<br>૦૧ આઝાદીના....પેન્શન<br>રૂા.૩,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૪૬ | ૧૦૦ | દેશની આઝાદીની લડતમાં ભાગ લેનાર સ્વાતંઙ સેનાનીઓને તથા તેમના આશ્રિતોને આપવામાં આવતા પેન્શનમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૧૧. | ૨૫૧૫–બીજા ગ્રામ વિકાસ કાર્યક્રમો<br>૧૦૨ સમૂહ વિકાસ<br>૦૨ ડીડીપી–૫ સ્થાનિક....કામો | ૧૦૦ | સ્થાનિક અગત્યતા ધરાવતા સમૂહ કામો માટે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂા.૯૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૫૩ | | | |
| ૧૨. | –– " –– | ૧૦૦ | સ્થાનિક અગત્યતા ધરાવતા સમૂહ કામો સમયસર પૂરાં કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છબીલભાઈ પટેલ |
| ૧૩. | ૨૫૧૫–બીજા ગામ વિકાસ કાર્યક્રમો<br>૧૦૨ સમૂહ વિકાસ<br>૦૬ અત્યંત ........ કામો<br>રૂા.૩૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૯<br>પા.નં.૫૪ | ૧૦૦ | રાજયના અત્યંત પછાત એવા ૩૦ તાલુકાઓમાં વિકાસના કામો માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| ૧૪. | –– " –– | ૧૦૦ | અત્યંત પછાત તાલુકાઓમાં વિકાસનાં કામ ઉપર પૂરતું ધ્યાન આપવામાં ન આવતાં તેની પાછળ થયેલ ખર્ચને નિષ્ફળ જતું અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં.૫૪** | | | |
| ૧૫. | ૨૨૦૫–કલા અને સંસ્કૃતિ<br>૧૦૨–કલા અને સંસ્કૃતિને ઉત્તેજન<br>રૂા.૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૧૬ | ૧૦૦ | ચલચિત્રો અને કલાકારોને પુરસ્કાર આપવામાં તંત્ર ધ્વારા અપનાવવામાં આવતી નીતિમાં પરિવર્તન લાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૧૬. | ૨૨૨૦–માહિતી અને પ્રચાર<br>૦૧–ચલચિત્રો<br>૦૦૧ નિદેશ અને વહીવટ<br>રૂા.૧૪,૫૪,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૧૮–૨૧ | ૧૦૦ | પત્રકારોને પ્રેસ સંબંધી માહિતી સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઈ વસાવા |
| * ૧૭. | –– " –– | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોને પ્રસિધ્ધિ આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૮. | –– " –– | ૧૦૦ | જાહેરાતો પાછળ થતો બિન જરૂરી ખર્ચ રોકવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૧૯. | –– " –– | ૧૦૦ | જાહેરખબર અને જાહેરાતો આપવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૨૦. | ૨૨૨૦–માહિતી અને પ્રચાર –અન્ય<br>૧૦૨ માહિતી કેન્દ્રો<br>રૂા.૬૨,૫૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પા.નં.૨૪–૨૫ | ૧૦૦ | માહિતી કેન્દ્રોના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી મનહરલાલ મકવાણા |
| * ૨૧. | –– " –– | ૧૦૦ | માહિતી કેન્દ્રો મારફતે જનતાને વિગતવાર માહિતી આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં.૯૦** | | | |
| ૨૨. | ૩૪૨૫–અન્ય વૈજ્ઞાનિક સંશોધન<br>૬૦–અન્ય<br>૨૦૦–અન્ય .....સહાય<br>૦૧ એસટીપી ૧૭ ગુજરાત .... કાઉન્સીલ | ૧૦૦ | ગુજરાત સાયન્સ સીટી કાઉન્સીલને પૂરતી સહાય કરવા છતાં તેના જરૂરી લાભો મેળવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | રુા.૯,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પા.નં.૯ | | | |
| ૨૩. | --"-- | ૧૦૦ | સાયન્સ સીટીને ફાળવેલ જમીનનો થતો દુરૂપયોગ રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળવંતસિંહ રાજપૂત |
| *<br>૨૪. | ૩૪૨૫–અન્ય વૈજ્ઞાનિક સંશોધન<br>૬૦–અન્ય<br>૬૦૦–અન્ય યોજનાઓ<br>૦૧ વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવું<br>રુા.૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પા.નં.૧૧ | ૧૦૦ | વૈજ્ઞાનિક સંશોધનોનો લાભ છેવાડાના માનવીને મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૫. | ૪૦૭૫–પરચુરણ....જોગવાઈ<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૩–ગાંધીનગર.....કરવું<br>રુા.૫,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૩<br>પા.નં.૧૩ | ૧૦૦ | ગાંધીનગર ખાતે ઈપીએબીએક્સ સીસ્ટમ અને કોમ્યુનીકેશન નેટવર્કને ઝડપથી ઉભુ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની માગણીઓ લઈને મંત્રીશ્રીઓ આવ્યા છે ત્યારે આ માગણીઓ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ કે જેમાં સૌથી પહેલા પ્રકરણમાં આ દેશની સ્વતંત્રતા માટે જે સ્વાતંત્ર્ય સૈનિકોએ બલિદાનો આપેલા અને એમને માનવંત્તુ વેતન આપણે એમની દેશ ભાવના માટે ખુવાર થવાની જે ભાવના હતી એને અનુલક્ષીને આપણે આપીએ છીએ, એની અંદર કોઈપણ પ્રકારનો વધારો કરવામાં નથી આવ્યો એ સન્નમાનીય સભાગૃહ સમક્ષ આપના મારફતે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારમાં આઝાદીના ૫૦ વર્ષની ઉજવણી જ્યારે દેશમાં થઈ અને ગુજરાત વિધાનસભામાં પણ ત્યારે ખાસ સત્ર બોલાવેલ અને ત્યારે એ ૯૦૦/- રૂપિયાના વેતનમાં ૬૦૦/- રૂપિયાનો વધારો કરેલો અને એ પછી એમને ૪૦ ટકા એવું કાંઈ મોંઘવારીભથ્થું એટલે ૨૨૦૦/- થી ૨૩૦૦/- રૂપિયા આપવામાં આવે અને કેન્દ્ર સરકાર આજે સ્વાતંત્ર્ય સૈનિકોને ૬૫૦૦/- રૂપિયા એમને ઓનેરીયમ જો આપતું હોય ત્યારે આપણે પણ જ્યારે આ રાજયમાં બજૅટ સાઇઝ વધતી જતી હોય, રાજયની આવકો વધતી જતી હોય તો સ્વતંત્રતા માટે ભોગ આપનારાઓનું માન જાળવવા માટે થઈને એને ઉચિત એવું માન જો માન જળવાય તો આપણી ભાવના કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે છે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સેનાનીના ૧૫૦ વર્ષ થવાના, આપણે એની ઉજવણી કરવા માગીએ છીએ એવું નાણા મંત્રીશ્રીએ એમના બજૅટમાં કહ્યું હતું પણ આ માગણીમાં એના માટે કોઈ ખાસ આ નિમિત્તિ જોગવાઈ કરવામાં આવી નથી. સ્વાતંત્ર્ય સૈનિકોને આપણે ત્યાં સૌરાષ્ટ્રને લાગે વળગે છે ત્યાં સુધી આ દેશની અંદર જુનાગઢ રાજય હતું, દેશને આઝાદી મળી એ પછી પણ એ પાડોશી દેશ સાથે એના રાજકર્તા જવા માગતા હતા ત્યારે ત્યાંની પ્રજાએ હિંમતભેર લડાઈ કરી હતી અને એ આરઝી હકૂમત લડાઈ ગણાઈ, એ આરઝી હકૂમતમાં જેમણે ભોગ આપેલ એમને યાદ કરવામાં આવતા નથી, અગાઉની સરકાર વખતે પણ રજૂઆત કરી હતી પણ આ દેશ પ્રેમનો ઠેકો લેનારી સરકાર જે પોતાને એ કહે છે એ પ્રમાણે તો એમણે તો કમ સે કમ આમાં જોગવાઈ કરવી જોઈતી હતી અને એમાં પણ ક્યાંક ઈરેટાની ભૂલ થતી હોય પ્રર્વતુની રૂપરેખામાં ૧૪૨ કરોડ રૂપિયા વાંચ્યા એટલે મને આનંદ થયો પરંતુ એમાં જાયું તો આ બજૅટમાં માત્ર ત્રણ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે, ગયા વર્ષે પણ ત્રણ કરોડ રૂપિયાની હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગમાં જે ગુજરાતની આપણી કૅડર છે, ગેસ કૅડર કહીએ છીએ, ગેસ કૅડરના ડૅપ્યુટી કલેકટરોને, અન્ય રાજયોમાં જેને વધુ પે સ્કેલો આપવામાં આવે એવા પે સ્કેલો આપવામાં આવતા નથી એના કારણે આ પ્રમોશનથી વંચિત રહી જાય છે, આ સામાન્ય વાત મેં અગાઉ પણ આ ગૃહમાં કહી હતી. અન્ય રાજયોમાં ૩ થી ૫ પે સ્કેલ આપવામાં આવે છે એના કારણે એમને પ્રમોશનો જલદી મળે છે, આપણે ત્યાં ૧૫-૧૮ વર્ષોથી પ્રમોશનો નથી મળેલા. સાહેબ અધિકારીઓ જે નિષ્ઠાપૂર્વક કામો કરતા હોય એમના કામનો કાંઈ બદલો કરવામાં આવતો નથી એટલે પાડોશી રાજયમાં પણ જો વહિવટી સેવામાં આ પ્રકારના પે સ્કેલો હોય તો સરકાર આપવા માગે છે કે કેમ એ આપના મારફતે કહેવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૌલગી સમિતિએ એક વહિવટી સુધારણા માટેનો રિપોર્ટ સરકાર સમક્ષ આપેલો એવું અખબારોમાં આવી ગયેલ છે, ટાઈમ્સ ઑફ ઈન્ડિયામાં પણ આવી ગયેલ, એને સરક્યુલેટ કેમ કરવામાં આવતો નથી? એનો સ્વીકાર કરાયો કે નહીં. એની અંદર આજે ઈગવર્નન્સની આપણે વાત કરીએ છીએ તો એની અંદર જે કોમ્પ્યુટરાઈઝેશન થયું છે એની અંદર કેટલા કર્મચારીઓએ તાલીમ લીધી છે? ૨૦ ટકા જેટલા કર્મચારીઓએ પણ તાલીમ લીધી નથી. સોફેસ્ટીક સાધનોનો ઉપયોગ બે ટકા કર્મચારી પણ કરી શકયા નથી એવી પરિસ્થિતિ છે. એની અંદર હજી આપણે આધુનિકરણ કરતા જઈશું. ઈન્ફર્મેશન અને સાયન્સ ટેકનોલોજીને ખૂબ રકમ આપી છે એનો વાંધો નથી પણ એનો યોગ્ય ઉપયોગ થાય એ જોવાની જરૂર છે. નહીંતર આ સાધનો ધૂળ ખાતા પડયા રહેશે. જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ આ સાધનો જોડાયેલા છે પણ એનો અહેસાસ અમને તાલુકા કક્ષાએ થતો નથી. માહિતી અને પ્રસારણ માટે આધુનિક સાધનો આપીએ અને મીડીયાની આપણે નજીક જવાનો પ્રયત્ન કરીએ. મીડીયા ખૂબ મોટી અસર કરે છે ત્યારે લોકો એને માણી શકે એવા કાર્યક્રમો આપણે તૈયાર કરીને આપીએ છીએ. ખરેખર પ્રશંસા સિવાય એમાં કાંઈ જોવા મળતું નથી. આજે પણ આ પ્રસારણ ખૂબ અસરકારક છે. એ દિશાની અંદર આજથી ૩૦૪ દાયકા પહેલા આ મીડીયા સાથે હું પણ સંકળાયેલો હતો. હું જયારે પોપ્યુલર કાર્યક્રમની અંદર ગુજરાતની રાસમંડળીને લઈને મુંબઈ જતો એના વિવિધ કાર્યક્રમો પણ આપ્યા છે એનું કમ્પેરીંગ કરતો હતો પણ આજે તો માત્ર પોતાની પસંદગીના લોકો હોય એ સિવાય માહિતી ખાતુ કોઈનો સંપર્ક કરે છે? સામાન્ય વહીવટ વિભાગની અંદર ગુજરાત ચુંટણીપંચનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી પછી કેટલાક અધિકારીઓ તો મારા વિસ્તારની અંદર, કચ્છની અંદર ખાસ કરીને કોરીપાળાથી અને દેવીપૂજક સમાજના અધિકારો રાજય સરકારે છીનવી લીધા છે. ભા.જ.પા. સરકારના આદેશથી પણ તેમછતાં એમના રિઝર્વેશન એસ.ટી.ના હતા એ રાખી દેવામાં આવ્યા. એમણે રજૂઆત કરી કાંતો એમને અધિકાર આપો નહીંતર જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતની ચૂંટણી થવાની છે ત્યારે આ સપ્રમાણ એસ.ટી.ની સીટો ગોઠવીને બાકીની જે ઓ.બી.સી.ની હોય એને આપો પણ એ ન કરવામાં આવ્યું. એને કારણે સંખ્યાબંધ ગ્રામ પંચાયતની સીટો સરપંચ વિનાની ખાલી છે. ગામમાં એસ.ટી.માં આવતો માત્ર ભીલ સમાજ રહ્યો છે. સામાજિક ન્યાય અધિકારીતાના મંત્રીને કહ્યું છે. રાજયના ચુંટણીપંચે નામદાર હાઈકોર્ટમાં સરકાર વતી બાંહેધરી આપી છે કે અમે આમાં ફેરફાર કરીશું પણ કાંઈ થયું નથી. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં એ ગામ સરપંચ વિનાના રહી ગયા છે એવી ચુંટણીપંચની કાર્યવાહી છે. એને અમે કઈ રીતે વખાણી શકીએ? જેટલો ખર્ચ કરીએ એ વ્યર્થ જાય છે એનો નમૂનો છે. આ સામાન્ય વહીવટ વિભાગની અંદર જિલ્લા આયોજન મંડળની વાત મેં મારી બજેટ સ્પીચમાં કહી છે. એમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. એ આયોજનમાં આવે એટલા માટે ઉલ્લેખ કરતો નથી પણ અહીં જે સામાન્ય વહીવટ વિભાગને લગતી બાબત છે એ બાબતમાં લોકાયુકત કચેરીની વાત કરી. લોકાયુકતની કચેરીનો અમને અનુભવ છે.(સમય સુચક ઘંટડી) માનનીય અધ્યક્ષ શ્રી, હજી તો શરૂઆત થઈ છે. લોકાયુકતની કચેરી અગ્નિપરીક્ષામાંથી પસાર થવા માટેની કચેરી હોય એવું અનુભવું છું. એક વર્ષની રા.જ.પા.ની સરકાર સામે સંખ્યાબંધ આક્ષેપ થયા હતા. આરોપ મુકાયા હતા. લોકાયુકતની અંદર ફરિયાદ પણ થઈ હતી. લોકાયુકતની ફરિયાદની અંદર અમે લોકાયુકતશ્રી પાસે ગયા હતા અને અમે બેધડક કહ્યું હતું કે આમાં અમે દોષિત હોય તો કોઈ દયાની વાત કરતા નથી. રજૂઆત તપાસવાને શ્રી શંકરસિંહ વાઘેલા, આત્મારામ પટેલ સહિત અનેક રાજપાના મંત્રીઓ સામે તપાસ થઈ, એના કરતા વધુ એમની જ પાર્ટીના જયનારાયણ વ્યાસની સામે પણ લોકાયુક્તમાં તપાસ કરી હતી, એમાં કોઈ દોષ પુરવાર થઈ શક્યો નહોતો.

**અધ્યક્ષશ્રી** : રણજિતસિંહ ચાવડા.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા (હિંમતનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર ૩૦-૩૫ માનનીય મુખ્યમંત્રીશ્રી લઈને આવ્યા છે. એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું. આ રાજ્ય સરકાર, ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્રભાઈ મોદીની સરકારે શાસન આવ્યા પછી જે રીતે કર્મચારીઓમાં કર્મયોગી અભિયાન દ્વારા વહીવટી તંત્રમાં જે ગતિશીલતા લાવવા માટેનો પ્રયત્ન કર્યો. વહીવટી તંત્રમાં સામાન્ય વહીવટ વિભાગ જે આમ નાનું વિભાગ છે, પણ સમગ્ર તત્ર ઉપર સમગ્ર વહીવટી તંત્રનો પ્રાણ કહીએ એવો આ વિભાગ છે અને આ વિભાગ જે રીતે કામગીરી કરી રહ્યું છે, જે બહુપાંખિયો વ્યૂહ અપનાવ્યો છે. ગુજરાતના વિકાસ માટેની અનેકવિધ યોજનાઓ મૂકી છે. અને જ્યારે આ ગુજરાત વિશ્વની સાથે હરીફાઇ કરવા માટે જઈ રહ્યું છે, ત્યારે ગુજરાતના વહીવટી તંત્રના કર્મચારીઓ, અધિકારી, નાનામાં નાનો કર્મચારી પાસે સરકાર જે રીતે એની પાસે અપેક્ષા રાખે છે, તે મુજબના તંત્રને તૈયાર કરવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. એ કર્મયોગી તાલીમ એમાં ગુજરાતમાં મને ખબર છે હું પણ તે ક્લાસમાંથી આવું છું. બીજાં કોઈ પણ રાજ્ય કરતાં આ વહીવટી તંત્રની ક્ષમતા ખૂબ સારી ક્ષમતા છે અને તે વિષે બેમત નથી. તે ક્ષમતાને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઓળખી છે, પારખી છે, એટલા માટે આમ જનતા, સમાજના છેવાડાના માનવી માટેની આ સરકાર આમ આદમી માટેની યોજના લઈને આવી રહી છે, એની ભાવના ઉજાગર થાય તે રીતે કર્મચારીઓને તાલીમ આપીને તેમને તૈયાર કરી રહી છે.

ચિંતન શિબિર એ ભલે મારા સાથી મિત્રો જે રીતે એને મૂલવતા હોય, પરંતુ ચિંતા કોણ કરી શકે? જેનામાં આધ્યાત્મિકતાની ભાવના હોય એ કરી શકે. ચિંતન એ શાના માટે હોય, આધ્યાત્મિકતા માટે હોય, ચિંતન સમર્પણની ભાવના હોય તો કરી શકાય. ચિંતન શાના માટે હોય? ચિંતન કાર્યસિદ્ધિ માટે હોય, કાર્યશક્તિ માટે હોય, એનામાં ચિંતનનો ભાવ હોય એ ચિંતન શિબિર મુખ્યમંત્રીશ્રીથી માંડીને ગુજરાતના મંત્રીઓ, કલેક્ટરો, ડી.ડી.ઓ., ઉચ્ચ કક્ષાના બધા સચિવોથી લઈને આ ચિંતન શિબિર દ્વારા આ સમાજને માટે ગુજરાતની વિવિધ યોજના, ગુજરાતના માનવીનું લોકકલ્યાણ કેવી રીતે થાય, તેના માટે ચિંતન કરતા હોય. અત્યાર સુધીમાં ૪-૪ ચિંતન બેઠકો થઈ ચૂકી છે. આ ઉપરથી ખ્યાલ આવશે કે ગુજરાત સરકાર કઈ રીતે કામ કરવા માગે છે. ખાસ કરીને જી.એ.ડી. ની કામગીરીની વાત કરી. મારા મુરબ્બી મિત્ર શ્રી બાબુભાઈ શાહે એમણે એમ કહ્યું કે પેન્શનનો વધારો થતો નથી. સામાન્ય રીતે જે સ્વાતંત્ર્ય સેનાનીઓ છે, જેમણે ગુજરાતના આંદોલન વખતે કામ કર્યુ છે. એમના પેન્શનનો વધારો સામાન્ય રીતે કેન્દ્ર સરકાર કરતી હોય છે અને એ જ ધોરણે ગુજરાત સરકાર કરતી હોય છે, અત્યારે હાલ જે ૨૦૦૫ ની સાલમાં ૧,૦૦૦ રૂપિયા હતું, તે ૧૫૦૦ રૂપિયા ૧૫-૮ ના રોજ કર્યુ. અને એના ઉપર ૪૪ ટકા ડી.એ. આવા સ્વાતંત્ર્ય સેનાનીઓને આપવામાં આવે છે અને કેન્દ્રમાં ડી.એ. વધશે એમ આ મિત્રોને ડી.એ. વધારો આપવામાં આવે છે.(અંતરાય) બાબુભાઈ કેન્દ્ર સરકાર આપે છે, તે જ રીતે. મારા મિત્ર બાબુભાઈએ વાત કરી એ પણ યોગ્ય નથી. ખાસ કરીને કૌલગી સમિતિના અહેવાલનો ઉલ્લેખ કર્યો. કૌલગી સમિતિમાં માનનીય બાબુભાઈ સાહેબને લાગે છે કે એમને સાચી પરિસ્થિતિનો ખ્યાલ નથી. કૌલગી સમિતિની વાત કરી તો તેમાં કૌલગી સમિતિ માટે સરકારે હુકમો કરી દીધા છે. કૌલગી સમિતિએ જે આખો અભ્યાસ કર્યો તેમાં ઉચ્ચ અધિકારીઓ અને સમાજના તજજ્ઞો એ તાલુકે તાલુકે જઈ તેના જેનિર્દેશક સિદ્ધાંતો હતા તેને અંક આપીને આ ગુજરાતમાં જે અગાઉ ૫૬ તાલુકા બેકવર્ડ ગણાતા હતા તેના બદલે નવા આયામ, નવી વ્યુહ રચના અને રાજય સરકારની જેકામગીરી થઈ તેને અનુલક્ષીને ૩૦ તાલુકા બેકવર્ડ રહ્યા છે. બાબુભાઈ હું કૌલગી સમિતિના અહેવાલ વિશે બોલી રહ્યો છું. આ સમિતિના સંદર્ભમાં સરકારે હુકમો પણ કર્યા છે. એક કરોડ રૂપિયા આ જે તાલુકા પછાત છે તેને વિકાસ પામેલ તાલુકાની હરોળમાં મૂકવા માટે વધારાના ૩૦ કરોડ રૂપિયાનું આયોજન આ વર્ષમાં કરેલ છે. બીજું સાહેબ રાજય સરકારે જે જે કામગીરી કરી છે તેનો એક અગત્યનો કાર્યક્રમ સ્વાન્તાય સુખાય પ્રોજૅકટ અમલમાં મૂકયો છે. આ જે ચિંતન બેઠકની વાત કરતા હતા. મુખ્યમંત્રીશ્રીએ દરેક જિલ્લાના કલેકટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને સમાજને ઉપયોગી થાય તેવો અને તેમને ગમે તેવો એક પ્રોજૅકટ એક વર્ષમાં બનાવવા માટે કહ્યું. સાહેબ એક જ વર્ષમાં મને કહેતાં આનંદ થાય છે કે કલેકટરશ્રીઓ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓએ આ પ્રોજૅકટમાં પોતાની અનુકૂળતા મુજબ ઈમ્પ્લીમેન્ટેશન આપ્યું છે. તેનો એક નાનકડો દાખલો આ સભાગૃહ સમક્ષ મૂકું છું. પંચમહાલ જિલ્લાના કલેકટરે એક પ્રોજૅકટ મૂકયો. સામાજિક ન્યાય અને ખાસ કરીને વિકલાંગો માટે. તેમણે સાહેબ આખા જિલ્લાનો સરવે કરાવ્યો. તેમણે નવ હજાર કરતાં વધારે વિકલાંગોને આઈડેન્ટીફાઈ કર્યા. આ આઈડેન્ટીફાઈ કરીને વિકલાંગો માટે આયોજન કર્યુ અને સાધન સહાય યોજના માટે સાહેબ નવ મેળા કર્યા. તેમની શારીરિક તપાસ માટે ઝુંબેશ ચલાવી. તેમના માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કર્યુ. આ રીતે તેમણે ૧૬૬ લોકોને ૩૪ લાખની સહાય આપી. તમે સહેજ વિચાર કરો કે આ જે વિકલાંગો છે તેની જવાબદારી અધિકારીઓની નથી. તેમના માટેની જવાબદારી તો સ્વૈચ્છિક સંસ્થાઓ, ચૂંટાયેલા પદાધિકારીઓએ સામાજિક જવાબદારી બજાવવાની હોય છે. તેમ છતાં આ જવાબદારીની ભાવના, સંવેદનશીલતા અધિકારીઓમાં ઉભી કરી હોય તે ગુજરાત રાજયના ઈતિહાસમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. આ નહીં જોવા મળે કયાંય પણ. સંવેદનશીલતાનો નમૂનો આપું છું. નવ હજાર વિકલાંગોનો સરવે કરાવ્યો છે અને સાહેબ ૧૨ યુગલોના તો લગ્ન કરાવ્યા છે. મા-બાપ પોતાના બાળકના લગ્ન કરાવે તે રીતે જ તેમણે લગ્ન સમારંભ યોજ્યા છે. આના ઉપરથી જ ખ્યાલ આવે છે. રાજય સરકાર આવા અધિકારીઓને પ્રોત્સાહન આપવા માટે પ્રથમ, દ્વીતીય અને ત્રીજો નંબરે આવે છે તેને ૨૫ હજાર રોકડ ઈનામ આપવામાં આવે છે. આ સરકાર આ રીતે કામ કરી રહી છે.

ખાસ કરીને બીજી વાત છે. એ વહીવટની એક કાપ દરખાસ્ત પણ આવી છે કે સરકારના તંત્રમાં લોકોના પ્રશ્નોનો નિકાલ થતો નથી. નિકાલમાં ઉદાસીનતા છે. આ અંગેની વાત કરું તો રાજય સરકારે સ્વાગત કાર્યક્રમ અમલમાં મૂકયો છે. ૨૦૦૩ થી ઓનલાઈન કાર્યક્રમ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા માગું છું કે લોકોના પ્રશ્નો જે છે તેનો સામાન્ય રીતે જિલ્લા કક્ષાએ ઉકેલ ન આવે અગર પૂરતો ન્યાય ન મળે તો તે વ્યકિત ઉચ્ચ કક્ષાએ સ્વાગત કાર્યક્રમમાં પોતાના પ્રશ્નો રજૂ કરી ન્યાય મેળવી શકે છે. આ આખી યોજના છે તેમાં આંકડા આપું તો ૨૦૦૩ (સમયસૂચક ઘંટડી) સાહેબ પહેલો છું. મને સમય આપો. ૨૦૦૩માં મળેલી અરજીઓ ૮૯૨૨ અને નિકાલ થયો ૮૯૨૨. ૨૦૦૪ની સાલમાં અરજીઓ આવી ૮૬૧૭ અને નિકાલ ૮૬૧૭નો. ૨૦૦૫ની અંદર ૭૯૫૦ અરજીઓ આવી અને પૂરેપૂરો નિકાલ થઈ ગયો. ૨૦૦૬ની અંદર ૬૨૨૭ અરજીઓ આવી તેમાંથી ૬૦૭૪ અરજીઓનો નિકાલ થયો. ૨૦૦૭ની અંદર ૮૨૫ અરજીઓ આવી તેમાંથી ૭૮૬ અરજીઓનો નિકાલ થયો. એવી જ રીતે જનસંપર્કમાં અને જિલ્લા પ્રવાસ દરમયાન જે અરજીઓ મળે છે એનો પણ પૂરેપૂરો નિકાલ થઈ ગયેલ છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આમ તો ઋષિમુનિઓ-મહાત્માઓ અને મહાપુરુષોનું રાજય કહેવાય છે. પરંતુ એક એવા વૈજ્ઞાનિક સાથે પણ ગુજરાતને જોડી શકાય કે જેમણે ગુજરાતને વિજ્ઞાન ક્ષેત્રે વિકાસમાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. આ વૈજ્ઞાનિક છે 'ડો. વિક્રમ સારાભાઈ' મહાન વૈજ્ઞાનિક ડો. સી. વી રામનના તેઓ શિષ્ય હતા અને હાલના રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામના તેઓ ગુરુ હતા અને ગુજરાતમાં ફિઝીકલ રીસર્ચ લૅબૉરૅટરીની તેમણે સ્થાપના કરી હતી. એવા વિક્રમ સારાભાઈના ગુજરાતમાં વિજ્ઞાન ક્ષેત્રે આપણે કયાંય પણ પાછળ ન રહી જઈએ એટલા માટે મારી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે પ્રમાણે કાર્ય આગળ વધાર્યું છે એ ખરેખર અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન એ તો સાધન છે સાધ્ય નહીં, માનવ કલ્યાણનો અર્થ ગર્વ સોપાન છે, આધ્યાત્મનો યજ્ઞ છે. 'વિજ્ઞાનને હિંસ્સા સાથે જોડીશું તો સર્વનાશ થશે પરંતુ વિજ્ઞાનને માનવતા સાથે જોડીશું તો સર્વોદય થશે.' આ રીતે જીનીવાની અણુ પરિષદમાં ડો.વિક્રમ સારાભાઈએ કહ્યું હતું. ગુજરાતમાં ગૌરવ લઈ શકાય એવી સાયન્સની લૅબૉરૅટરીઓ છે. પ્લાઝમાં રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ઈસરો, એગ્રીકલ્ચર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વગેરે. આજે વિજ્ઞાન એ જીવનનું અંગ બની ગયું છે. ઘરે બેઠા બેઠા વિશ્વ સાથે આપણે જોડાઈ શકીએ છીએ. પેલા માત્ર ટેલિફોનથી વાત કરી શકતા હતા પરંતુ હવે તો ઈન્ટરનેટથી ચેટીંગથી પણ આગળ ફૉરેનમાં કોઈના ઘરમાં શું થઈ રહ્યું છે એ આપણે આપણા ઘરમાં બેઠા બેઠા જોઈ શકીએ છીએ. સચિત્ર દૃશ્ય સાથે આપણે વાતચીત કરી શકીએ છીએ. કૉમ્પ્યુટર અને ઈન્ટરનેટે તો આખી જિંદગી બદલી નાંખી છે. ૨૧મી સદીમાં જ્યારે પ્રવેશ કરી ચૂક્યા છીએ ત્યારે હવે મસલ્સ પાવર કે મની પાવર નહીં પણ માઈન્ડ પાવરનો સમય આવી ગયો છે, ત્યારે વિશ્વમાં જો મહાસત્તા બનવું હશે તો વિજ્ઞાન વગર શકય નથી. વિજ્ઞાન એ ભાવિ નવી પેઢીને વૈશ્વિકરણના વિવિધ સંશાધનો અને અદ્ભુત ગતિથી એને જોડવા માટે સફળતા અપાવશે. ભારતનો ઈતિહાસ વિજ્ઞાન સાથે જોડાયેલો છે. વિજ્ઞાનના પાઠ ભારતે જગતને ભણાવ્યા છે, શૂન્યની શોધ ભારતે કરી છે, ડેસીમલ પદ્ધતિ ભારતે આપી છે. એરોનેટિક હોય કે રસાયણ પદ્ધતિ હોય એ વિજ્ઞાન ભારતે આખા વિશ્વને આપ્યું છે. રામાયણ કાળમાં સમુદ્ર ઉપર પુલ બનાવવાની કળા ભારતે આપી છે અને પુષ્પક જેવા વિમાન પણ ભારતે આ વિશ્વને આપ્યા હતા. ગણપતિજીની પ્લાસ્ટિક સર્જરી સૌથી પહેલી કયાંય પણ થઈ હોય તો એ ભારતમાં થઈ હતી. જીનેટિક વિજ્ઞાન પણ ભારતે આખા વિશ્વને આપ્યું છે, પછી એ પાંડુ કે ધ્રૂતરાષ્ટ્રનો જન્મ હોય કે પાંડવોનો જન્મ હોય એ આખું વિજ્ઞાન એ સમયે ભારતે આખા વિશ્વને આપ્યું. મહાભારતનું આખું યુદ્ધ દૂરદર્શનના માધ્યમથી સંજય દૃષ્ટિથી પોતાના હસ્તિનાપુરના મહેલમાં બેઠા બેઠા ધ્રૂતરાષ્ટ્રે નિહાળ્યું એ વખતે વિજ્ઞાન આટલું વિકસિત હતું.

માનનીય અધ્યક્ષશ્રી મનુષ્યમાં અમાપ શકિતઓ પડેલી છે અને એ શકિતઓને વિજ્ઞાનના માધ્યમ દ્વારા જોડી વિકાસ કરવાનું કામ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે. ઈન્ફર્મેશન એન્ડ ટૅક્નૉલૉજી પ્લસ એટલે આઈ.ટી. પ્લસ આઈ.ટી. ઈઝ ઈક્વલ ટુ આઈ.ટી. એમ માનનીય મુખ્યમંત્રીશ્રીનું સૂત્ર છે. ઈન્ફર્મેશન ટૅક્નૉલૉજી સાથે ઈન્ડિયન ટેલેન્ટ જોડાય તો ઈન્ડિયા ટુડે-ઈન્ડિયા ટુમોરો બને એટલે કે ઈન્ડિયાનું ભવિષ્ય બની શકે. માનનીય અધ્યક્ષશ્રી, આનું મહત્ત્વ સમજીને ૨૧-૬-૨૦૦૨ના રોજ એક આખો નવો પ્રભાગ પહેલી વખતે અમારી સરકારે શરૂ કર્યો એના માટે પણ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચ શકિતઓ, પંચામૃતમાં જ્ઞાન શકિતને મહત્ત્વ આપવામાં આવ્યું છે. નવા શોધ-સંશોધનો કે રીસર્ચ વગર કયારેય જ્ઞાન રજિસ્ટ્રર કરાવી નહીં શકીએ. છેવાડાના માનવી સુધી આ વિજ્ઞાનના ફળ પહોંચાડવા અને એને અસરકારક બનાવવા માટે આ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને ત્રણ ભાગમાં વહેંચી આ વિભાગ કામ કરી રહ્યું છે. આખો વિભાગ જ્યારે ત્રણ ભાગમાં વહેંચાયો છે ત્યારે પહેલો ભાગ છે ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન બીજો ભાગ છે સાયન્સ અને ટેકનોલોજી અને ત્રીજો ભાગ છે બાયો ટેકનોલોજી. ઈન્ફર્મેશન અને કોમ્યુનિકેશન દ્વારા integraged communication network થી હાલ સચિવાલયની સરકારી કચેરીઓમાં ૭૫૦૦ થી વધુ વોઈઝ કનેકશનો છે જેની કેપેસીટી ૨૫ હજારથી વધારે કરી શકાય તેમ છે. ૧ લાખ ૨૫ હજાર ઈન્ટરનલ કોલ ફ્રી થઈ શકે છે. Video conference, voice mail box, CCTV, disaster communication ની facility પણ તેમાં ઉલપબ્ધ હોય તે ખરેખર અભિનંદનને પાત્ર છે. GSWAN તે e-governance નો back bone છે. Asia Pacific નું સૌથી મોટું Internet protocol છે. ૧૨ હજાર નોડ સાથે જોડાયેલું અને ૩૨૦૦ ઓફિસો સાથે જેને જોડવામાં આવી છે ૨૫ જિલ્લા, ૨૨૫ તાલુકાઓ અને રાજયના હેડકવાર્ટર સાથે જોડીને ખૂબ સારું ગૌરવ આખા દેશભરમાં ગુજરાતે મેળવ્યું છે. આને વધારે સઘન બનાવવા માટે NEGP અંતર્ગત મેષ જેને MESH કહેવામાં આવે છે તે ટેકનોલોજીનો ઉપયોગ કરી વધારે સઘન બનાવવા વિચારણા આગલા દિવસોમાં થનાર છે, ત્યારે ખરેખર વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગના સૌને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજે ૨૦૮ જેટલી વેબસાઈટ ઉપલબ્ધ છે. ૧૪૦૦૦ જેટલાં ઈ-મેઈલ, આઈ.ડી.શરૂ કરવામાં આવ્યા છે. વાયરસથી બચાવવા firewall ની સગવડ માટે આ નવા બજેટમાં નવી જોગવાઈના ભાગરૂપે કુલ

૧૮૮૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે અને integrated workflow અને ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ માટે કુલ ૧ હજાર લાખની જોગવાઈ કરવામાં આવી છે  આ નવા બજેટમાં તે ખરેખર અભિનંદનને પાત્ર છે.

એક વિભાગનો હું ઉલ્લેખ કર્યા વગર નહીં રહી શકું. જે છે Bhaskaracharya Institute for Space Application and Geoinformatics જેને બાયસેગ કહીએ છીએ. અહીંયાથી અમદાવાદ જઈએ તો રસ્તામાં જ આવે છે. આ ઈન્સ્ટ્રીટયુટના સૌ ધારાસભ્યશ્રીઓએ દર્શન કરવા જોઈએ. હું દર્શન એટલા માટે કહું છું કે આજે મંદિરના દર્શન નહીં કરીએ તો ચાલે પણ આવી આધુનિક સંસ્થાઓના દર્શન કરવા જોઈએ. આ સંસ્થા ખરેખર બ્રોડકાસ્ટીંગ ફેસેલીટીને રાજયના શૈક્ષણિક ઉપગ્રહ જેને EDUSAT કહે છે તેની સાથે જોડીને ડી.ટી.એચ.પ્રસારણ સાથે જોડી અને જેને Q-band channel સાથે પણ કામ કરતી થઈ છે. ગામડાંઓના નકશાઓ digitalise કરીને કયાં પાણી આવેલું છે, કયાં પડતર જમીનો છે, કયાં વન વિભાગ છે આ આખી માહિતી નકશાઓના માધ્યમથી અહીંયા બેઠા બેઠા મેળવી શકાય છે. તેનાથી પણ આગળ વધીને geo-informatic ની તાલીમ પણ ત્યાં આપવામાં આવે છે. આ સંસ્થાઓમાં હજારો વિદ્યાર્થીઓ પોતાનો પ્રોજેકટ કરે છે. મને એટલા માટે ખબર છે કે મેં મારો પ્રોજેકટ જ્યારે હું હૉસ્પિટલ મેનેજમેન્ટનો કોર્ષ કરતી હતી ત્યારે telemedicine નો મારા પ્રોજેકટની બધી જ માહિતી ત્યાં બાયસેગમાંથી મેળવી હતી. તે વખતે અને ઉપરોક્ત અમારાં gynaec વિભાગ સોસાયટીના અમે બધા ગાયનોકોલોજીસ્ટે ગામડાંની બહેનોને માહિતી આપવા માટે, તેમાં જાગૃતિ લાવવા માટેના વિડિયો કોન્ફરન્સીઝ આ બાયસેગમાંથી કર્યા હતા. તેનાથી પણ વધારે આ બાયસેગ એક સોફટવેર ડેવલપ કર્યુ. જેનું નામ આપ્યું પ્રગતિ અને તેને ૨૦૦૫ના એલીટેકસ બેસ્ટ પ્રોડકટનો એવોર્ડ આપ્યો એટલે આપણે હૃદયપૂર્વકના અભિનંદન આપવા પડે. આ બાયસેગ સંસ્થાને ગુજરાત ઈન્ફર્મેટીક લિમિટેડ જેના માટે ૧૧૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. જે રાજય સરકાર માટે હાર્ડવેર અને સોફટવેરની ખરીદી ઉપરાંત આઈ.ટી.ક્ષેત્રે રોકાણ કરવા માટેનું પ્લેટફોર્મ પૂરું પાડે છે. હમણાં ડિસેમ્બર-૨૦૦૬ Vibrant Summit થયું NASCOM થી આ સમીટ થયું. ૩૦૦-૪૦૦ થી વધારે કંપનીઓએ તેમાં ભાગ લીધો અને મને જણાવતાં ખૂબ આનંદ થાય છે ( સમય સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો શરૂઆત છે. કે ૧૫ હજાર કરોડ જેટલી માતબર રકમના એમ.ઓ.યુ.આ summitમાં થયા અને ૨૧ થી વધારે કંપનીઓએ મૂડી રોકાણ કર્યુ. વાયબ્રન્ટ એટલે રોકાણની રેલમછેલ થઈ ગઈ. લાખો માનવીઓને રોજગારીની તકો ઉપલબ્ધ થશે. સમગ્ર ગુજરાતને ચેતનવંતુ બનાવવામાં આવશે અને ગુજરાતના સર્વાંગી વિકાસમાં ફાળો અપાશે. ૩ લાખ ૨૪ હજાર જેટલી રોજગારીની તકો ઉપલબ્ધ થશે. સોફટવેરમાં ગુજરાતે ક્રાંતિ સર્જી છે. ૩૬ ટકા જેટલો વધારો આ વર્ષે થયો છે. ૨૪૭ કરોડનું સોફટવેરનું નિકાસ થયું છે. ૩-૩ આઈ.ટી હબ ઉભાં કરવામાં આવ્યા છે અને તેનાથી પણ આગળ વધીને..

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ તેમની માગણી ક્રમાંક ૩૦, ૩૫, ૫૪ અને ૯૦ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ વાત કરવી હતી કે હમણા મુરબ્બી ચાવડા સાહેબ કર્મયોગી તાલીમની વાત કરતા હતા. કર્મયોગી તાલીમ અપાઈ ગઈ છે, તેના વિશેની વિશિષ્ટ પ્રકારની મોટી મોટી જાહેરાતો અને વાતો કરતા હતા. મારે કહેવું છે. આ સરકારને યાદ કરાવવું છે. ચાવડા સાહેબ તો અભ્યાસુ છે, પણ કદાચ એમને ખ્યાલ નહીં હોય. પરંતુ આ બજેટમાં ૨૦૦૫-૦૬માં ૧ કરોડ ૨૦ લાખની ગ્રાન્ટ એના માટે ફાળવી હતી. આજે આ સરકારે ૨૦૦૭-૦૮માં ઝીરો પૈસા કરી દીધી છે. આ સરકાર આ વર્ષે કર્મચારીઓને તાલીમ આપવાની નથી. એના માટે જોગવાઈ કરી નથી. એ બાબત આજે દેખાઈ રહી છે. એકબાજુ કર્મચારીઓની તાલીમ બંધ થઈ જાય અને સરકારનો ખર્ચ એટલો બધો વધે કે છેલ્લા ૩ વર્ષમાં માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીમંડળનો ખર્ચ ૫૩ ટકા વધ્યો છે. એ ખર્ચમાં ૫૩ ટકાનો વધારો થયો. આજે ૨૦૦૫-૦૬માં ૧ કરોડ રૂપિયા હતો તે ૨૦૦૭-૦૮માં ૨ કરોડ ૪૯ લાખની જોગવાઈ કરવામાં આવી છે. મંત્રીશ્રી અને નાયબ મંત્રીશ્રીઓના જે પગાર છે, એમાં ૬૨.૮૦ ટકાનો વધારો થયો. (અંતરાય) આ કાગળ આપી દઉં. એક આંકડો ખોટો હોય તો મને કહેજો. ૬૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. મંત્રીશ્રીઓના પ્રવાસ ખર્ચ જે છે એમાં ૩ વર્ષની અંદર ૮૦ ટકા વધારો થયો છે. મને દુઃખ એ વાતનું છે કે કર્મયોગીની તાલીમની એકબાજુ વાત કરતા હોઈએ અને કર્મચારીઓને તાલીમ આપવી નહીં. મારે એ પૂછવું છે કે છેલ્લા એક વર્ષમાં કયા પ્રકારની તાલીમ આપી છે? આજે સરકારના એટલા બધા દબાવ હેઠળ એ લોકો કામ કરતા હોય છે કે સાચા કામ કરી શકતા નથી.

પ્રોટોકલ ભંગની બાબતમાં પણ ધારાસભ્યશ્રીઓ ગમે તેટલા કાગળ લખે, તો એકપણ જવાબ કે એકશન લેવામાં આવતા નથી. મેં આ સરકારને ૫ કાગળો લખ્યા. ૨૪/૪/૨૦૦૫, ૨૭/૫ પછી ૧૬/૬/૨૦૦૬ પછી ૨૩/૧૧ અને ૪/૧૦એ લખ્યો હતો.  એક વિસ્તારમાં એક ધારાસભ્ય હોય અને કોઈ મંત્રી, માજી મંત્રી હોય અને ઉદ્‌ઘાટન કરવાનો શોખ હોય, તો પોતે કામ કરે, પણ કોઈકે મંજૂર કરાવ્યુ હોય એનું ઉદ્‌ઘાટન પોતે જઈને કરે અને મંત્રીશ્રી પણ એમાં સહકાર આપે અને એની રજૂઆત કરવામાં આવે તો પણ આ સરકાર આ પાંચ પાંચ કાગળનો જવાબ માત્ર તમારો કાગળ મળ્યો છે અને એની કાર્યવાહી ચાલુ છે એ પ્રકારનું આ સરકારમાં કામ થઈ રહ્યું છે. આ પ્રકારની કર્મયોગી તાલીમ આ સરકારમાં આપવામાં આવે છે, એવી સ્થિતિ છે.

આ સરકારમાં જોઈએ તો એવી સ્થિતિ છે કે આજે સંકલન સમિતિ હોય કે કોઈપણ હોય, કોઈ ધારાસભ્યના કાગળનો કેટલા દિવસમાં જવાબ આપવો એ સ્થિતિ આજે પણ આવતી નથી, એવી સ્થિતિ આ સરકારમાં છે. અમારો સમય બહુ ઓછો છે એના કારણે ત્રણેય વિષય ઉપર ૨ કે ૩ જણાએ કહેવાનું હોય. હમણા વિજ્ઞાન અને ટેકનોલોજી માટે બહેન બહુ ચિંતા કરતા હતા. તેઓ કહેતા હતા કે વિશ્વની શરૂઆત થઈ ત્યારથી માંડીને મને ગૌરવ છે કે ૫ હજાર વર્ષનો ઈતિહાસ દેખાય તે ભારત માટે અને વિજ્ઞાન અને ટેકનોલોજી માટે બરાબર છે અને આ સરકાર ચોકક્સ વાતો કરે છે, પણ કાગળ ઉપરની પરિસ્થિતિ જુદી છે. ૨૧ મી સદીમાં વિશ્વનો વિકાસ થઈ રહ્યો છે. આપણે ૨૧ મી સદી સાથે કદમ મિલાવતા હોઈએ ત્યારે મારે પૂછવું છે કે આ સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં, કોઈપણ સરકાર ચિંતા કરતી હોય તો એના બજેટ ઉપરથી ખબર પડે. છેલ્લા ૩ વર્ષમાં ૩૧.૩૩ ટકા એટલે ૩૧.૧૧ ટકા જે વધારાનો ઘટાડો કર્યો છે. આજે ૧૪ કરોડ ૩૦ લાખ રૂપિયાનો આ સરકારે ઘટાડો કર્યો છે એ બતાવે છે કે આપણે કાગળ ઉપર વખાણ કરીએ છીએ અને વાસ્તવિક પરિસ્થિતિ જુદી છે. આજે વિજ્ઞાન સીટી માટેની હમણાં જ ડો. માયાબેને વાત કરીને કહયું, પરંતુ આજે એનો ઉપયોગ જુદી રીતે થઈ રહયો છે. ત્યાં આગળ રાજકીય રીતે એ કરે, પરંતુ મર્યાદામાં રહીને વિકાસ સાથે કરે તો ચોકક્સ આવકારદાયક લાગે. મારે સરકારને કહેવું છે કે શામાટે એમાં બજેટ વધારતા નથી, શા માટે ટેકનોલોજીનો વિકાસ કરવાની વાત કરતા નથી. બાયો ટેકનોલોજીના વિકાસની વાતો થાય તો આજે ૨૦૦૬-૦૭ માં ૧૨ કરોડ ૫૨ લાખ રૂપિયા ફાળવ્યા હતા અને આજે ૭ કરોડ ૫૦ લાખ રૂપિયા જ ફાળવ્યા છે એટલે ૫ કરોડ રૂપિયા એની અંદર ઓછી ફાળવણી કરી છે.....

**અધ્યક્ષશ્રી :** માનનીય ઈશ્વરભાઈ મકવાણા, આપ ચાલુ કરો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં અને ખાસ કરીને માહિતી અને પ્રસારણ વિભાગ ઉપર મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મારી વાત ખૂબ મોટી છે, પરંતુ સમયના અભાવે આ આખી વાત હું માંડીને કરી શકું એવી સ્થિતિ નથી અને એટલા માટે હું ગૃહનું નમ્રપણે એક ખાસ વિશિષ્ટ પ્રકારની કામગીરી ઉપર ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં 'ગુજરાત' નામનું પાક્ષિક એ રાજયનું મુખપત્ર છે. આશરે ૧૯૬૦ માં આ મુખપત્રનું પ્રકાશન થયું અને મને એ પણ કહેવા દો કે કોંગ્રેસના શાસન દરમ્યાન થોડાક સમય માટે એમની અણઆવડત કે દિશાસૂઝના અભાવે આ પાક્ષિક બંધ થઈ ગયું હતું, પરંતુ ૫ કરોડ ગુજરાતીઓનું આ પાક્ષિક, ૫ કરોડ ગુજરાતીઓની વાત, શહેરથી શરૂ કરીને ગામડાં સુધી સરકારના છેવાડાના માનવી સુધી એની વાત પહોંચે અને એટલું જ નહીં, પરંતુ આપણી વિરાસતો, આપણી સાંસ્કૃત્તિક પરંપરાઓ, આપણા ગુજરાતની ગરીમા, આપણા ગુણવંતી ગુજરાતનો મહિમા, એને આજે સર્તક કરીને છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું કાર્ય છેલ્લા ૨-૩ વર્ષથી જે રીતે થઈ રહયું છે એ તરફ હું આ સન્માનનીય ગૃહનું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ૨ વર્ષ પહેલાં જ આ પાક્ષિકની માત્ર ૧૨ હજાર જેટલી જ નકલો લોકો સુધી પહોંચતી હતી અને રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યાનમાં આવ્યું કે આ જગતને વાંચવાનો શોખ છે, પરંતુ એને ગમે તેવું આપવું પડે, એને વાંચવાની ભૂખ છે, પરંતુ એની ભૂખને પોષાય, પસંદગી થાય, એને સંતોષ થાય એવી માતબર અને રચનાત્મક વિષય વસ્તુવાળું સાહિત્ય આપવું જોઈએ અને એટલા માટે મારે ગૌરવપૂર્વક કહેવું છે કે આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં તેમની દિશા, દ્રષ્ટિ, રચનાત્મક સૂચનો અને માર્ગદર્શનના કારણે આજે આ ગૃહને આ ગુજરાત પાક્ષિક બતાવતાં મને ગૌરવ થાય છે. આજથી ૫ વર્ષ પહેલાંનું ગુજરાત પાક્ષિક અને આજે જે હું આ ગૃહને આ પાક્ષિક બતાવી રહયો છું એમાં એની સંપૂર્ણ કાયાપલટ થઈ ગઈ છે. આજે એનું આખું કલેવર બદલાઈ ગયું છે. એક વખતનું ગુજરાત કે જે આપણને જોવું પણ ના ગમે, અમને ધારાસભ્યોને એ મફત પહોંચાડવામાં આવતું હતું અને એ વાંચવાનું પણ આપણને મન ના થાય અને આજે મારે ગૌરવપૂર્વક કહેવું છે કે ૫૦ રૂપિયાનું લવાજમ ભરીને, માનનીય બળદેવજી, ૫૦ રૂપિયાનું લવાજમ ભરીને પહેલાં ફકત જે ૧૨ હજાર જ એના ગ્રાહકો હતા એના બદલે મારે આજે આનંદપૂર્વક કહેવું છે કે આ પાક્ષિકના આજે ૧ લાખ ૫૦ હજાર ગ્રાહકો છે.અને મારે એ પણ કહેવું છે કે આ ગુજરાતની ગરિમા, ગુજરાતનો મહિમા, ગુજરાતની સાંસ્કૃત્તિક પરંપરા અને સમાજ જીવનમાં બનતી ઘટનાઓ, આ ઘટના અને આપણો ઈતિહાસ, આપણો સાંસ્કૃત્તિક વારસો, એને ધ્યાનમાં રાખીને આ પાક્ષિકે જે રચનાત્મક અભિગમ અપનાવ્યો છે, એમાં વિષય વસ્તુ બદલાયા છે અને જે નવા વિષયો એમાં ઉમેરાયા છે, તેને કારણે આજે ગુજરાતની પ્રજાને ગુજરાત પાક્ષિક વાંચવાનું મન થાય છે. આજે હું તેના વિષયો બદલાયા છે તેના ઉપર જ વાત કરું છું. આપણા દેશના શહીદોના પત્રો 'જરા યાદ કરો ઉન્હે', આપણા દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોના પત્રો, વીર શહીદના જીવનની ગાથા અને એમણે લખેલા પત્રો આ પ્રકાશનમાં પ્રકાશિત થાય છે. ફોટા, માત્ર મુખ્ય મંત્રીશ્રી અને આ સરકારના મંત્રીઓના જ નહીં, વિરોધ પક્ષના નેતાશ્રીના અને વિરોધપક્ષના ધારાસભ્યોના પણ ફોટાઓ એમાં છપાય છે. ચિંતન, વાંચકની કલમે, અજવાળું, વંચિતોનો વિકાસ અને શાબાશ, શાબાશ ટાઈટલ છે.

આ રાજયના કોઈપણ પનોતા પુત્રે પોતે જે ક્ષેત્રમાં સિદ્ધિ હાંસલ કરી હોય તેને શાબાશી આપવાનું કામ પણ આ પાક્ષિકના માધ્યમથી થાય છે. આપણી ભવાઈ, આપણા નાટકો, આપણા રાસ-ગરબા, અને એથી વિશેષ આપણા સમાજ જીવનમાં પડેલી કલા, આ કલાને આભૂષણ પહેરાવીને આ ગુજરાત પાક્ષિક મારફત રજૂ કરવામાં આવે છે. છેવાડાના કલાકારને પણ એમાં સ્થાન આપવામાં આવે છે. એથી વિશેષ આ રાજયના જે હિત ચિંતકો છે, વિવેચકો છે, લેખકો, કવિઓ, પ્રવર્તમાન સ્થિતિ, ભૂતકાળ અને આવનારા દિવસોને ધ્યાનમાં રાખીને એ પ્રમાણેનું વાંચન પૂરું પાડે છે, લેખન પૂરું પાડે છે તેને હું ખરેખર બિરદાવું છું. આપણી બે શ્રેણીઓ, જે પ્રજાલક્ષી અને લોકોને બહુ ગમતી તેમાંની એક પરિવર્તન શ્રેણી, એમાં રાજય સરકારના કાર્યક્રમો, કેન્દ્ર સરકારના પણ કાર્યક્રમો, એવું નહીં કે માત્ર રાજય સરકારના કે ભાજપ સરકારના. બીજી શ્રેણી 'યશગાથા ગુજરાતની' એમાં આપણી ગરિમાની વાત અને અશ્મિતાની વાત રજૂ થતી હતી. સોનિયાજીને એ ન ગમ્યું, યુ.પી.એ.ની. સરકારને ન ગમ્યું, અને તેના ઉપર પ્રતિબંધ આવી ગયો. મારે આ ગૃહ મારફત કહેવું છે કે રાજય સરકારની તિજોરીના ખર્ચથી ચાલતી આ શ્રેણી કેન્દ્રની યુ.પી.એ. ની કોંગ્રેસની સરકારને બંધ કરવાનો કોઈ અધિકાર નથી. એટલા માટે આપને વિનંતી કરું છું. આ ગૃહની અને અમારી લાગણી છે કે આ ગુજરાતની પરંપરા જળવાઈ રહે તેના માટે ગુજરાતનો સાંસ્કૃત્તિક વારસો લોકભોગ્ય બને એટલા માટે આ શ્રેણી પુનઃ શરૂ થાય તે માટે હું કેન્દ્ર સરકારને વિનંતી કરું છું.

એક જ મિનિટમાં હું મારી વાત પૂરી કરીશ. આ ગુજરાત પાક્ષિક માટે ઉઠાવો કલમ, માનનીય બળદેવજી, તમને પણ કહું છું માનનીય બાબુભાઈ તમને પણ કહું છું. બધા વિપક્ષના મિત્રોને કહું છું, ઉઠાવો કલમ, તમારે શું કહેવું છે? શું માર્ગદર્શન આપવું છે? આ રાજયના વિકાસ અને વંચિતોના વિકાસ માટે, છેવાડાના માનવીના વિકાસ માટે તમારી પાસે રચનાત્મક, ઠોસ વાત હોય તો લાવો, ઉઠાવો કલમ અને લખો, અને આપો અને તે પણ કહો. આ ગૃહમાં જ નહીં ગૃહની બહાર પણ કહો કે આ રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈની સરકાર અને તેની કામગીરી માટે તમારે કંઈ કહેવું હોય તો તે કહેવાનો અધિકાર છે.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઈશ્વરભાઈ રજૂઆત કરે છે એ બરાબર છે. હું મારો સમય એમને આપું છું.

**અધ્યક્ષશ્રી** : પ્રવિણભાઈ, તમને ટાઈમ આપવામાં આવ્યો છે એટલે એ પછી એમાં સુધારો થાય નહિ.

**શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં માહિતી અને પ્રસારણ વિભાગની માગણી લઈને મંત્રીશ્રી આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું તથા મારા વિચારો વ્યક્ત કરુ છું.

મારા પૂર્વ વક્તા માનનીય ઈશ્વરભાઈએ ગુજરાતી પાક્ષિક અંગે વાત કરી છે. ખરેખર થોડું ઘણું વાચતા હશે તો ગુજરાતી પાક્ષિક છેલ્લા પાંચેક વર્ષથી આ મેગેઝીન આવે છે જે પંદર દિવસે બહાર પાડવામાં આવે છે. પરંતુ એક વખત આ હાથમાં આવ્યા પછી બીજા અંકની રાહ જોવી પડે તેવું રળિયામણું છે, તેમાં પ્રિન્ટિંગ પણ બહું જ સારુ હોય છે, મટિરિયલ પણ બહું જ સારુ વાપરવામાં આવે છે તથા એમાં કલમો કંડારાય છે. જે જનસામાન્યનું સામાયિક છે. એને સાચું કહીએ તો વહીવટી તંત્ર અને લોક તંત્રને રળિયામણું બનાવે તેવું આ સામાયિક છે. જેમાં વહીવટી તંત્ર અને લોકતંત્રનો ધબકાર જોવા મળે છે. આ સામાયિકની અંદર છેક છેવાડે વસતો સાહિત્ય પ્રેમી માણસ હશે એ પોતે કાવ્ય રચીને મોકલશે તો એ પણ પ્રસિદ્ધિ થાય છે. કોઈપણ વ્યકિત પોતાના વિચારો વ્યક્ત કરીને મોકલી આપે તો એ પણ છપાશે. સરકારની સારી યોજનાઓ હશે એ છેક છેવાડાના માણસો વસે છે ત્યાં સુધી આ સામાયિક પહોંચાડવામાં આવે છે. એની બીજી વિશેષતા કહીએ તો એના તંત્રી લેખો છે એ માહિતી ખાતું કે એના તંત્રી મંડળને અભિનંદન આપું છું. લોકતંત્ર અને વહીવટી તંત્રને વાચા આપતા તંત્રી લેખો હોય છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને આ વિભાગનો હવાલો સંભાળતા મંત્રીશ્રીને કહીશ કે જે તંત્રી લેખો છે એનું એક પુસ્તક બનાવીને દરેક સભ્યશ્રીને એ આપવું જોઈએ જેના કારણે આ ગુજરાત સામાયિકની જે વિશેષતાઓ છે એની અંદર જે સામગ્રીઓ આવે છે એ વાંચવા મળે. આ ગુજરાતી સામાયિક આપણા દેશની અંદર જેટલા પણ રાજયો હશે એ રાજયોની અંદર બધાનું મુખપત્ર હશે પરંતુ ગુજરાતનું મુખપત્રક અને ગુજરાતનું સામાયિક બીજા કરતાં અલગ છે. ૫૦ રૂપિયાની અંદર આખા વર્ષના કુલ ૨૪ જેટલા અંકો આપવામાં આવે છે એટલે કે એક અંકના સવા બે રૂપિયા થાય. બાકીના જે ગુજરાતી ભાષાના મેગેઝીનો આવે છે એ સામાન્ય રીતે એ ખરીદીને સામાન્ય માણસ વાચી ન શકે પરંતુ સામાન્ય માણસ આ ગુજરાતી સામાયિકનું લવાજમ ભરીને એ વાચી શકે તેટલું સસ્તુ અને પ્રોડકશન બધાયથી સ્વાયત એવું ગુજરાતી મેગેઝીન માહિતી અને પ્રસારણ ખાતા દ્વારા પ્રસિદ્ધ થાય છે ત્યારે ખૂબ ખૂબ અભિનંદન આપીને મારી વાત પૂરી કરુ છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ ઉપર વાત લઈને આવ્યો છું એમાં સરકારનું કેટલીક તૃટિઓ ઉપર ધ્યાન દોરવા માગું છું.

ગુજરાતની પાંચ કરોડની જનતામાં પાંચ લાખ કર્મચારીઓ/અધિકારીઓ અને અર્ધન્યાયીક અને બોર્ડ કોરપોરેશનમાં કામ કરતાં કર્મચારીઓની સંખ્યા ગણીએ તો ૧૨ લાખ કર્મચારીઓ આ રાજયમાં સેવા બજાવે છે. ગુજરાતની જ્યારથી સ્થાપના થઈ ત્યારથી કર્મચારીઓ અને અધિકારીઓ ગુજરાત સરકારે બનાવેલા નિયમો મુજબ કામ કરે છે. અને ગુજરાતની પ્રતિષ્ઠા સમગ્ર દેશમાં વધારે છે એ આપણે બધા જાણીએ છીએ. ગુજરાત બન્યું

ત્યારથી એ અધિકારીઓ અને કર્મચારીઓએ ગુજરાતના વિકાસમાં ખભે ખભા મિલાવીને કામ કર્યુ છે. લોકશાહીમાં પદાધિકારીઓ, ન્યાયતંત્ર અને એના જેટલું મહત્ત્વ બ્યુરોક્શી અધિકારીઓ અને કર્મચારીઓ છે તેમનું મોરલ તોડવાનું કામ આ સરકારે કર્યું છે. મારી વિનંતી છે કે ભારત સરકારે આઈ.એ.એસ., આઈ.પી.એસ.ની ૬૦ વર્ષની વયમર્યાદા કરી. ૧૨ લાખ કર્મચારીઓ છે. આપણે વર્ગ-૩ અને વર્ગ-૪ની નવી ભરતી તો છેલ્લા ત્રણ-ચાર વર્ષથી કરતાં નથી. ખાલી વિદ્યા સહાયકની ભરતી થઈ છે. તો આ ગુજરાત સરકારના કર્મચારીઓ અને અધિકારીઓ છે તેમની વય મર્યાદા ૬૦ વર્ષની કરવી જોઈએ એ આ વિધાનસભાના ફ્લોર મારફત મારી માગણી મૂકું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે કર્મચારીઓ અને અધિકારીઓ કામ કરે છે, આ ગુજરાત સરકાર અને ગુજરાતની જનતા માટે તેમની જે સેવાઓ આપે છે તેના બદલામાં જે વળતર આપે છે, પગાર-ભથ્થાઓ એ તો આપે જ છે પણ તેને જે લાભો આપવામાં આવતા હતા તેના કુટુંબ માટે જે લાભો આપવામાં આવતા હતા. દર ચાર વર્ષે એક એલ.ટી.સી.નો બ્લૉક આપવામાં આવતો હતો, ગુજરાત બહાર કે ગુજરાતમાં જઈને તેનું ફૅમિલી પણ સમગ્ર દેશને નિહાળી શકે તે માટે આ એલ.ટી.સી.નો બ્લૉક આપવામાં આવતો હતો એ સરકારે એલ.ટી.સી. બંધ કરી દીધું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી નોકરી કરતાં કરતાં, સરકારની સેવા બજાવતાં બજાવતાં કર્મચારી-અધિકારી ગુજરી જાય તો તેના વારસદારને નોકરી આપવા માટે રહેમરાહે નોકરી આપવાની એક યોજના છે. મારે આ ગૃહનું ધ્યાન દોરવું છે કે ૧૯૯૭-૯૮માં જ્યારે શંકરસિંહજી વાઘેલાની સરકાર હતી ત્યારે આ રાજયમાં જેટલી પેન્ડીંગ અરજીઓ હતી એટલી ૭,૦૦૦થી ૮,૦૦૦ વારસદારોને રહેમરાહે નોકરી ૧૦ મહિનામાં આપવામાં આવી છે. તે પછીનો સમયગાળો એટલે આજ દિન સુધીમાં આ રાજયમાં ૧૦ વર્ષમાં ૭,૦૦૦ને રહેમરાહે નોકરી આપવામાં આવી નથી. એક યા બીજાં કારણોસર નકારવામાં આવે છે. વારસદાર કૉમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતો નથી, વારસદાર ધોરણ-૧૦ પાસ થયેલ નથી, વારસદાર અનુભવ ધરાવતો નથી, વારસદારે અરજી સમયમર્યાદા બહાર કરી છે. આ નોકરી જ રહેમરાહેની છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને સરકાર રહેમરાહે તેના વારસદારને નોકરી આપીને કુટુંબ રખડી ન પડે તેની યોજના છે. તેમાં હમણાં જ નામદાર ગુજરાત હાઈકોર્ટે પણ કહ્યું છે કે આવા નાના-નાના ટેકનિકલ મુદ્દાઓ ઉભા કરીને નકારી શકાય નહીં. આ જ મુદ્દાઓને આજે લઈને આ સરકારે, સામાન્ય વહીવટ વિભાગે આગળ વધવું જોઈએ.

સરકારે સરકારના અધિકારીઓ/કર્મચારીઓ માટે કર્મયોગી નામ આપીને ચિંતન શિબિરો અને મંથન શિબિરો શરૂ કરી અને એવું કહેવામાં આવે કે સૌ પ્રથમ આ ગુજરાતની સરકારે કર્મચારીઓને કામ કરતા કર્યા. કર્મયોગીઓ બનીને હવે કર્મચારીઓ/અધિકારીઓ કામ કરવા લાગ્યા, ચિંતન કરવા લાગ્યા. તમારી સરકાર નહોતી અને અમે બેસતા હતા ત્યારે પણ અને આપણે કોઈ નહોતા ત્યારે પણ આ ગુજરાતના કર્મચારીઓ અને અધિકારીઓએ આ ગુજરાતના વિકાસમાં જે કામ કર્યું છે એટલું કામ તમે કે અમે પણ નથી કર્યું એટલું સ્વીકારવું પડશે અને તેના બદલામાં આપણે શું આપીએ? જે સરકાર આવે તે એક-એક વસ્તુ તેની પાસેથી ઝૂંટવતી જ જાય. એક લાભ વધારે આપવાને બદલે ઓછાં કરતાં જાય.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કલેક્ટર, જિલ્લા મૅજીસ્ટ્રેટ જેવા પાવર ધરાવતા અને વહીવટી કામ કરતા અધિકારીને ગામડાંમાં જાય તો લોકો જોવા આવતા કે કલેક્ટર આવે છે. જિલ્લા મૅજીસ્ટ્રેટ આવે છે. અત્યારે એટલું મોરલ ડાઉન કરી દેવામાં આવ્યું છે. તેની જે મૂળભૂત કામગીરી હતી તે બજાવવા દેવામાં આવતી જ નથી. કલેક્ટર હોય કે જિલ્લા પોલીસ હોય કે જિલ્લા વિકાસ અધિકારી હોય કે બીજાં અન્ય અધિકારીઓ હોય. ફક્તને ફક્ત સરકાર ઉત્સવો ઉજવીને નવરાત્રિ મહોત્સવ, પતંગોત્સવ, શરદોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, પ્રવેશ ઉત્સવ એક-એક મહિના પછી આવતા પ્રોગ્રામોમાં અધિકારીઓ અને કર્મચારીઓ પરોવાયેલા રહે છે અને સરકારને માટે વસતિ ભેગી કરવાનું કામ પણ આ અધિકારીઓ મારફત કરાવવામાં આવે. આ અધિકારીઓનું મોરલ ડાઉન કર્યું છે. એ મોરલ ઉંચું લાવવાની જરૂર છે. એ તમે લાવી શક્યા નથી. એ તમારે સ્વીકારવું પડે.

સરકારમાં જી.એ.ડી.માં એક પરિપત્ર કરવામાં આવ્યો. અધિકારીઓ પર કંટ્રોલ કરવા માટે. અધિકારીઓ તેમની વાહ-વાહ ન કરે અને તેમના કહેવા પ્રમાણે ન કરે તો તેના સી.આર.માં ગુડ લખેલું હોય, જે ભારત સરકારના અને ગુજરાત સરકારના નિયમો હતા કે સી.આર.માં ગુડ લખ્યું હોય તો સારું. તેને પ્રમોશન આપી શકાય. તેને અટકાવી શકાય નહીં. તેને ૯-૧૮-૨૭ વર્ષનો લાભ આપી શકાય. અટકાવી શકાય નહીં. રાતોરાત કેટલાક અધિકારીઓએ પરિપત્ર કર્યો. તેમને પોતાને લાભ લેવા માટે કે હવે પછી ગુડ લખેલું હશે એ પણ ખરાબ ગણવામાં આવશે. આ સરકાર ગુડને પણ ખરાબ કરી નાખે. હવે પછી ગુડ લખેલું હશે તેને ખરાબ ગણવામાં આવશે અને પ્રમોશન આપવામાં આવશે નહીં. તેનો પણ વાંધો નહીં પણ હવે પછી તેનો તફાવત કે હવે પછી તેનો નિર્ણય કરવો જોઈએ પણ પાછલી અસરથી કે જે પાંચ વર્ષ પહેલાં ગુડ લખેલા સારા ગણવામાં આવતા હતા એ સી.આર.ને પણ ખરાબ ગણીને આવા અધિકારીઓને જાણી જોઈને આ સરકારે પ્રમોશન ન આપ્યા અને મોરલ ડાઉન કર્યું છે. આ કોઈ વ્યકિતની કે એક અધિકારીની વાત નથી. પણ સામાન્ય વહીવટ વિભાગ સામાન્ય વહીવટ વિભાગ જેવો લાગવો જોઈએ. એ અમને લાગ્યો નથી. ત્યારે અમે આપની સમક્ષ આ રજૂઆત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં બાબુભાઈ શાહ સાહેબ લોકાયુકતની વાત કરતા હતા. અધિકારીઓ માટે એન્ટીકરપ્શન બ્યૂરો છે. વધુમાં વધુ એન્ટીકરપ્શનના કેસો આ સરકાર શોધી કાઢે છે. આમ તો કર્મયોગી થયા પછી

ખરેખર એન્ટીકરપ્શનના કેસો ઓછા થવા જોઈએ. પણ આ સરકારમાં વધ્યા છે. પણ પદાધિકારીઓ ખોટું કરે, અહીં તો અમારાથી બોલાય નહીં, આક્ષેપ થાય નહીં તો લોકાયુકત એ કેસો શોધી કાઢીને તેમને સજા કરે. તેમના ઉપર કેસ ચલાવે કે પોલીસ કેસ કરવાની કાર્યવાહી કરે.એ લોકાયુકતની આ સરકારે કેટલાય સમયથી ભરતી કરી નથી અથવા તો મૂક્યા નથી અથવા તો એપોઈન્ટમેન્ટ આપી નથી. આ લોકાયુકતની તાત્કાલિક નિમણૂક થવી જોઈએ. એમણે માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર સમક્ષ આક્ષેપો કર્યા હતા, એ બધા જ આક્ષેપો લોકાયુકતમાં ચાલી ગયા, એ નિર્દોષ પણ છૂટી ગયા, કોઈ ફાઇલ એમના વિરુદ્ધની રહી નહીં પણ દરેક મુખ્યમંત્રીશ્રી હોય તો પણ, આ રાજયના મુખ્યમંત્રીશ્રી કરપ્શન કરતા હોય તો એની સામે લોકાયુકત જેવા વ્યકિત બેઠા છે એટલે ડરે. પણ એમની એપોઈન્ટમેન્ટ થાય એ વાત તમારી સમક્ષ મૂકવા માટે આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.એસ.સી. કે ગૌણ સેવા જે આપણાથી પર તંત્ર છે, સ્વાયત્ત છે, એમાં પણ મને કહેતાં દુ:ખ થાય છે કે, આર.એસ.એસ.નું બેકગ્રાઉન્ડ જાણવા માટે ઓરલમાં, મૌખિક કસોટીમાં પૂછવામાં આવે છે કે, આર.એસ.એસ.ની વ્યાખ્યા શું?, આર.એસ.એસ. વિશે તમે શું જાણો છો? આર.એસ.એસ. શું છે? આ બધું ગુજરાત, ગાંધીના અને સરદારના ગુજરાત માટે સામાન્ય વહીવટ જેવું નથી એ વાત આપના મારફત ગૃહના ધ્યાને મૂકું છું. જે કર્મચારીઓ, અધિકારીઓના માન્ય મંડળો છે, હું પણ જ્યારે ડૅપ્યુટી કલેક્ટર હતો ત્યારે જી.એસ. ઑફિસરોનો પ્રમુખ હતો. (સમય સૂચક ઘંટડી) આ માન્ય મંડળો સાથે અથવા તો જે તે વિભાગના વડાઓ અને માનનીય મંત્રીશ્રીઓ દર વર્ષે બે-ત્રણ મિટિંગો રાખીને એમના પ્રશ્નોને સાંભળતા હોય છે. આ સરકારે માન્ય મંડળોને અને એમના પ્રશ્નોને સાંભળ્યા નથી અને એમને કયારેય બોલાવ્યા નથી. અમે જે કહીએ છીએ એ જ સાચું છે, અમે જે કહીએ છીએ એ જ કરો, તમારા કોઈ પ્રશ્નો સાંભળવા માગતા નથી. એમ કરીને આ ગુજરાતના કર્મચારી અને અધિકારી વર્ગને દબાવવામાં આવે છે. એનો અવાજ અધિકારી તરીકે, નિવૃત્ત અધિકારી તરીકે આપની સમક્ષ હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાંચમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો. શંકરસિંહ વાઘેલાએ જતાં જતાં કૅબિનૅટમાં ઠરાવ કરીને કેન્દ્ર સરકારના પાંચમા પગાર પંચનો આ રાજયના ૫ લાખ કર્મચારીઓને લાભ આપ્યો અને એમાં જે વિસંગતતા રહી ગઈ એ વિસંગતતા કમિટીની કાયદાનુસાર રચના કરી એ વિસંગતતા કમિટીનો અહેવાલ આવ્યે ચાર વર્ષ થયા પણ એ અહેવાલનો એકપણ અમલ આ સરકાર કરતી નથી. શું જવાબ આપવા માગો છો?, શું મેસેજ આપવા માગો છો? આ વાત કર્મચારીઓ અને અધિકારીઓની કરવા આવ્યો છું. ફક્ત તમે ઉત્સવો ઉજવ્યા કરો, અમે કહીએ એમ કરો. ચિંતન શિબિરમાં બેસી જાઓ. જ્યારે પ્રજા કર્મચારી/ અધિકારી સમક્ષ જિલ્લા કચેરીએ આવે છે ત્યારે પૂછે છે કે કયાં ગયા અધિકારીઓ? તો કહે વિડિયો કૉન્ફરન્સમાં છે, નવરાત્રી મહોત્સવમાં છે. એટલે આપની સમક્ષ આ સામાન્ય વહીવટ સામાન્ય લાગે એટલી મારી વિનંતી છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી દ્વારા માગણી ક્રમાંક-૩૦,૩૫, ૫૪ અને ૯૦ રજૂ થઈ છે. એમના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું. ગુજરાત અત્યારે આગવું ગુજરાત બન્યું છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની દિશા બદલાઈ છે અને વિકાસ ખૂબ ગતિશીલ બન્યો છે અને સમય બદલાયો છે. અત્યારે પ્રિન્ટ મિડિયાના બદલે ઈલેકટ્રોનિકનો જમાનો છે. વિશ્વની અંદર શું બની રહ્યું છે? વિશ્વની અંદર કેવા પ્રકારના પરિવર્તનો થઈ રહ્યા છે? વિશ્વ કઈ દિશામાં જઈ રહ્યું છે? વિશ્વમાં કઈ દૃષ્ટિથી વહીવટ ચાલે છે? એના સંદર્ભમાં પણ ગુજરાતનો વહીવટ એ રીતે થાય, વિશ્વના સંદર્ભમાં ગુજરાતની દિશા પકડાય એ દૃષ્ટિથી અત્યારે ગુજરાતનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે સામાન્ય વહીવટ વિભાગની અંદર જે નવા અભિગમ અપનાવવામાં આવ્યા છે એના સંદર્ભમાં મારે કહેવું છે કે, માનનીય બલવંતસિંહ કહેતા હતા કે, છેલ્લા ૩ વર્ષના બજૅટની અંદર કાંઈ વધારો થયો નથી અને વિકાસ કેવી રીતે થાય. મારે કહેવું છે કે, વિકાસ માટે બજૅટમાં જોગવાઈ હોય એ એક પારો છે પરંતુ સાથે સાથે દિમાગ એ બીજો પારો છે. વિકાસની પાછળ, વિકાસની દિશા બદલવામાં, વિકાસને ગતિશીલ કરવામાં જે દૃષ્ટિ લગાવવામાં આવે, જે દિમાગ લગાડવામાં આવે એ સ્વાગત કાર્યક્રમ અને ગુડ ગવર્નન્સ કાર્યક્રમ આ બધા જે કાર્યક્રમો આવ્યા છે એ એની પાછળ લગાડવામાં આવેલ દિમાગનું પરિણામ છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ગુજરાત રાજય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન ઊભું કરવામાં આવ્યું એના ખૂબ સારા પરિણામો ગુજરાતના ફ્લોર ઉપર અત્યારે ગુજરાતના ફલક ઉપર વિકાસના સંદર્ભમાં આપણને દેખાઈ રહ્યા છે. આ માધ્યમથી સમગ્ર ગુજરાતના લોકોએ દેશના ખૂણેખૂણે આ ગુજરાતની પ્રજા સ્વભાવે વેપારી છે. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો મળ્યો છે. ગુજરાતની પ્રજા એ ગુજરાત બહાર નહીં પરંતુ વિશ્વના ખૂણાના દેશો સુધી પહોંચીને વિકાસ માટે, ધંધાઓ માટે એમણે માઈગ્રેશન કર્યું છે. આ બહોળા સમાજને, આખા ગુજરાતી સમાજને વિશ્વમાંથી ગુજરાતનો સંપર્ક મળી રહે, ગુજરાતના ખૂણે ખૂણામાંથી ગુજરાતના લોકો સંપર્કમાં રહે એના માટે ગુજરાત સરકાર દ્વારા જે પ્રયાસો થઈ રહ્યા છે એના ભાગરૂપે ગયા વર્ષે દેશના વિવિધ રાજયોમાં ગુજરાતના ધારાસભ્યોએ પણ એક સંપર્કનો સેતુ બનાવ્યો હતો એનું ખૂબ સારું પરિણામ મળ્યું છે. વાઈબ્રંટ ગુજરાત જેવા કાર્યક્રમો ગુજરાતની શાખ, ગુજરાતની અસ્મિતા એ દુનિયાની સામે પ્રસ્થાપિત કરવાનો,

આવા કાર્યક્રમોથી મોકો મળતો હોય છે. ગુજરાતના લોકો બહારના દેશોમાં વસ્યા છે એમની સાથે સંપર્ક બનાવીને એમના ફાજલ સમયે, એમના ફાજલ નાણાનો ઉપયોગ પણ માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતે જ વિશ્વના ગુજરાતી સમાજ સાથે સંપર્ક બનાવ્યો છે. એના હિસાબે ગુજરાત સાથેના એમના સંપર્કનો નાતો દ્રઢ બન્યો છે અને ગુજરાતની અંદર મૂડીરોકાણ પણ આવ્યુ છે અને ગુજરાતનું ટુરીજમ પણ આ દૃષ્ટિએ વધ્યું છે. મારે સાથેસાથે કહેવું છે કે ગુજરાતના સ્વાગત કાર્યક્રમને માટે અહીંયા કહેવાતું હતું કે ગુજરાતના લોકોની ગુજરાતમાં વહીવટની ગતિશીલતા બંધ થઈ ગઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સ્વાગત કાર્યક્રમ એ એવો કાર્યક્રમ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય જનતા સુધી કોઈ ગામડામાં વસતા નાગરિકને પોતાના પ્રશ્નના સંદર્ભમાં સંતોષ ન થાય તો સ્વાગત કાર્યક્રમના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે સીધો સંપર્ક ઉભો કરીને એ પોતે ન્યાય મેળવી શકે છે. પોતે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કરી શકે છે અને એના હિસાબે ખૂબ સારા પરિણામ મળ્યા છે. આ માગણીમાં મારું સમર્થન કરી મારી વાત પૂરી કરુ છું.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓના જવાબ પૂરા થાય ત્યાં સુધી સમયની અવધી લંબાવવામાં આવે. ૧૦ મિનિટની.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ પણ વધારે લીધી નથી. દર વખતે આપણે..(અંતરાય)

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આક્ષેપો કહીએ રાજકીય તો જવાબ તો આપવા પડેને રેકોર્ડ ઉપર રાખવા માટે.

**અધ્યક્ષશ્રી** : આપણે ૧-૦૦ વાગે ગૃહ પૂરું કરીએ છીએ. પ્લીઝ પ્લીઝ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : ૨૦ મિનિટ મને મળવી જોઈએ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : તો પછી બેન ૫ મિનિટ બોલશે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : પણ સાહેબ રેકોર્ડ ઉપર વાત તો મૂકવી પડેને, એ કહી ગયા હોય એની વાત તો મૂકવી જોઈએને.

**અધ્યક્ષશ્રી** : તમારે વધુ મિનિટ લેવી હોય તો પણ વાંધો નથી. બેનને ૫ મિનિટ આપવી હોય તો ૫ મિનિટ આપજો. ૧૦ મિનિટ આપવી હોય તો ૧૦ મિનિટ આપજો. જે આપવી હોય એ.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર તરફથી વિગત તો મૂકવી પડેને?

**અધ્યક્ષશ્રી** : હા, તે મૂકો મૂકો કોણ ના પાડે છે? આપ મૂકી શકો છો. ના નથી અમારી, તમે બરાબર મૂકો.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજ (માહિતી અને પ્રસારણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ જે પ્રકારે પ્રજાકીય કામો અને સુવિધાઓને વેગવાન બનાવી રાજયના વહીવટીતંત્રને સમગ્ર દેશમાં એક નવો રાહ ચીંધે તે પ્રકારનું કાર્ય કર્યુ છે. આપણે કહીએ અથવા તો અમે કહીએ એટલે નહીં, સમગ્ર ગુજરાત, સમગ્ર ગુજરાતીઓ અને વિશ્વમાં વસતા પ્રત્યેક ગુજરાતી એ વાતનો અનુભવ કરી રહ્યા છે કે સામાન્ય વહીવટ વિભાગની કાર્યપદ્ધતિ દ્વારા કર્મચારી/ અધિકારીઓને કર્મયોગી માટેની આગવી પદ્ધતિના અમલ દ્વારા સમગ્ર દેશમાં એક આગવું સ્વરૂપ ગુજરાતના વહિવટી તંત્રે પ્રાપ્ત કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કર્મચારી અધિકારીને જે પ્રકારની તાલીમ આપવામાં આવે છે, કર્મચારી મહાકર્મયોગી અભિયાન માટેનો જે સંકલ્પ લઈને આ સરકાર ચાલી રહી છે, મારા મિત્ર બાબુભાઈ શાહ કહેતા હતા જે પ્રકારે કર્મચારીઓને તાલીમ આપીને વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. બજેટ જોગવાઈમાં ગયા વર્ષે જે ૨ લાખ ૨૫ હજારથી વધારે કર્મચારીઓને આ અભિયાનમાં જોડીને એમને તાલીમ આપવામાં આવી એટલું જ નહીં પણ ૯૦ ટકાથી વધારે કર્મચારી અધિકારીઓએ આ પ્રકારની તાલીમ એમના જીવનમાં શ્રેષ્ઠતમ તાલીમ ગણાવી છે અને બીજા રાજયોએ આ દિશામાં જવા માટેનો પ્રયત્ન કર્યો છે. આ સરકાર સામાન્ય જનને ઉપયોગી થાય એ પ્રકારે સામાન્ય વહીવટ વિભાગનું કાર્યક્ષેત્ર લઈને કાર્ય કરી રહી છે. સ્વાગત લોકફરીયાદ નિકાલનો જે પ્રકારે અમલ થયો એ પ્રકારે એક સામાન્ય વ્યકિત મુખ્યમંત્રીશ્રી સાથે સીધો સંપર્ક કરીને પોતાના પ્રશ્નો રજૂ કરી શકે છે. યુનાઈટેડ નેશન્સનો પબ્લિક એવોર્ડ આ દેશમાં આવા પ્રકારના જો કોઈ એક રાજયને આ કાર્યક્રમ માટે મળ્યો હોય તો એ આ ગુજરાતની સરકારને મળેલો છે કે આ સ્વાગતના કાર્યક્રમને મળ્યો છે. એટલું જ નહીં આ સ્વાગત કાર્યક્રમને ભારત સરકારે, ડાં. સી. જે. ચાવડા, તમારી કોંગ્રેસની ભારત સરકારે પણ એલીટેકસ એવોર્ડ દ્વારા સન્માન કર્યુ છે કે સ્વાગતના કાર્યક્રમ દ્વારા લોકો અને સરકાર વચ્ચેનો એક આગવા પ્રકારનો સેતુ બંધાયો છે. મારા મિત્ર કહેતા હતા કે આ વખતે કર્મચારીઓ માટે તાલીમ માટેની જોગવાઈ અલગ પ્રકારની કરેલી નથી. આ સતત ચાલતી પ્રક્રિયા છે. સતત ચાલતી પ્રક્રિયાની વ્યવસ્થા તો ગોઠવાયેલી ઈનબીલ્ટ રહેતી જ હોય છે.ગત વર્ષોમાં તો જે

પ્રકારનું કર્મચારી કર્મયોગી મહા અભિયાન હાથ ઉપર લીધું હતું એના કારણે વિશિષ્ટ યોજના હેઠળ વ્યવસ્થા કરાયેલ. પરંતુ અમે આ કાર્યને આગળ ધપાવવા માગીએ છીએ. આજે સ્પીપા છેલ્લા બે વર્ષથી વહીવટી સુદ્રઢીકરણની પ્રક્રિયા હાથ ધરી આજે રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા બની છે. કેન્દ્ર સરકાર પણ કેટલાક પ્રકારના તાલીમ કાર્યક્રમો માટે સ્પીપાનો ઉપયોગ કરે છે. મારા મિત્ર વહીવટમાં કમ્પ્યુટીકરણની કાર્યપદ્ધતિની વાત કરતા હતા. સમગ્ર ગુજરાત જાણે છે કે સામાન્ય વહીવટ વિભાગની કમ્પ્યુટીકરણની પ્રક્રિયા દ્વારા પેપરલેસ એડમિનિસ્ટ્રેશન માટેની વ્યવસ્થાઓ આજે આપણે ઊભી કરી શક્યા છીએ. ખાતાના વડા સુધી આ કાર્યપદ્ધતિ આપણે ઊભી કરી શક્યા છીએ. આ પ્રક્રિયા ચાલું છે. આગામી દિવસોમાં એની અલગ પ્રકારની અમલવારી કરવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના દંડકશ્રી વાત કરતા હતા એમ.એલ.એ.ના પત્રોના જવાબો, નાગરિકોના પત્રોના જવાબોની. આ સરકારમાં ચોક્કસ એવી વ્યવસ્થાઓ ગોઠવાયેલી છે અને એ વ્યવસ્થાઓના ભાગરૂપે તમામ લોકોને આ પ્રકારની વ્યવસ્થામાં જોડીને સૌથી વધારે પ્રજાકીય પ્રતિનિધિઓને તુરત જ જવાબો કયા પ્રકારના મળે એ પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવાયેલી છે. પરંતુ નાગરિક અધિકાર પત્રનું જે પ્રકારે અમલીકરણ થઈ રહ્યું છે, સામાન્ય લોકોને સરકારની યોજનાઓમાં જોડવાની જન સેવા કેન્દ્રોની સેવા શરૂ થઈ છે. એક જ દાખલો આપીશ કે વર્ષ ૨૦૦૬-૦૭માં સામાન્ય ૧૦,૧૫, કે ૨૦ રૂપિયા લઈને જન સેવા કેન્દ્રનો લોકો ઉપયોગ કરતા હોય છે. એક વર્ષમાં ૧૭ કરોડ રૂપિયાની આવક આ સેવા કેન્દ્રો દ્વારા પ્રાપ્ત થઈ છે. જે બતાવે છે કે ગુજરાતના હજારો નહિ, લાખો નાગરિકોનો આ ગુજરાતના વહીવટી તંત્ર ઉપર એક આગવો વિશ્વાસ ઊભો થયેલો છે. આ જન સેવા કેન્દ્રો અત્યારે ૨૪૭ જેવા રહેલા છે. આગામી દિવસોમાં એનો વ્યાપ વધારવા માટે બજેટમાં ૩ કરોડની જોગવાઈ લઈને અમે આવ્યા છીએ. ૨૦૧૦ ગુજરાતની રચનાને ૫૦ વર્ષ પૂરા થયાની સુવર્ણ જયંતી, ગોલ્ડન ગોલ માટેની આગવી પ્રતીતિ તમામ ગુજરાતીઓને, વિશ્વમાં વસતા તમામ ગુજરાતીઓને થાય એ પ્રકારની આગવી વ્યવસ્થાઓ સાથે આપણે કાર્ય કરી રહ્યા છીએ. આ દિશામાં આગવા વિચારો સાથે સામાન્ય વહીવટ વિભાગ કામ કરી રહ્યો છે. ૨૦૧૦ની સ્વર્ણીમ જયંતીમાં યોગ્ય વિચારધારા સાથેની કાર્યરચનાની અમલવારી માટે આગવા પ્રકારનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. કૌલગી સમિતિના અહેવાલ માટેની માનનીય બાબુભાઈ વાત કરતા હતા. હજી અહેવાલની પ્રક્રિયા ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ સરકાર એક હકારાત્મક અભિગમ સાથે આ કાર્ય કરાવી રહી છે. ગુજરાતના વહીવટમાં, વહીવટી તંત્રમાં વધુ સઘનતા આવે, વધુ સુદ્રઢતા આવે, વધુ પ્રમાણિકતા અને વધુ પારદર્શિતાના દર્શન કરાવવા માટે આ સરકાર જે કાર્ય કરી રહી છે એને વધારે જોર આપી શકાય, જુસ્સો આપી શકાય. કૌલગી સમિતિનો અહેવાલ જ્યારે પૂર્ણ થશે ત્યારે ચોક્કસ આ ગૃહને જાણ કરવાની આ સરકારની જવાબદારી છે. ડૉ. સી.જે.ચાવડાએ વાત કરી કર્મચારીઓની ભરતી માટેની. ગૌણ સેવાની જે પ્રકારની કાર્યપદ્ધતિ છેલ્લા બે-ત્રણ વર્ષથી થઈ છે, કદાચ મારા મિત્રે જોયું હોય તો આ પ્રકારની વ્યવસ્થા, એમાં અનેક પ્રકારની રહેમરાહેની નોકરીઓ, નવી નોકરીઓ ગૌણ સેવા દ્વારા છેલ્લા વર્ષમાં હાથ ધરાયેલ છે. લોકાયુક્તની જવાબદારી કોઈ એકલી સત્તાધારી પાર્ટીની નથી. પ્રશ્ન એ તબક્કે છે. મારા મિત્ર જાણે છે એટલે વિશેષ વાતમાં જતો નથી. એટલું જરૂર કહી શકું કે આ જવાબદારી સૌની છે અને એ જવાબદારીમાં આપણે સૌ સાથે મળીને કાર્ય કરીએ. જુદી જુદી ભરતી માટેના સંસ્કારો માટેની વાત કરી છે. હું કોઈ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો ઉલ્લેખ કર્યો છે એમાં નહિ જાઉં, પણ આ સરકાર એક આગવા વિચારોને વરેલી સરકાર છે. સાંસ્કૃતિક રાષ્ટ્રવાદને વરેલી સરકાર છે. એટલા માટે ગુજરાતનું હિત, આ દેશનું હિત, મા ભારતનું હિત ધ્યાનમાં રાખીને ઈનબીલ્ટ વ્યવસ્થાઓ ઊભી કરવા માગીએ છીએ. મારા મિત્ર કહેતા હતા કે શંકરસિંહ વાઘેલા સામેના આક્ષેપો. આક્ષેપો અમે કર્યા નથી. કોંગ્રેસના એમના સાથી મિત્રોએ કરેલા છે અને આજે પણ રેકર્ડ ઉપર રહેલા આક્ષેપો તપાસવામાં આવે તો જણાશે કે આક્ષેપો કયા પ્રકારના છે. સામાન્ય વહીવટ વિભાગે જે પ્રકારના ગુણાત્મક પરિવર્તન લાવવાની તાલીમ યોજીને જે પ્રકારનો પ્રયત્ન કર્યો છે, કમ્પ્યુટીકરણ કાર્યક્રમ દ્વારા જે પ્રકારનો પ્રયત્ન કર્યો છે, વહીવટી સુદ્રઢતા દ્વારા કર્મચારી-અધિકારીઓને ગુજરાતના વિકાસમાં સહ ભાગીદાર બનાવીને, સાથે લઈને સામૂહિક રીતે સહિયારો પ્રયાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. આગામી દિવસોમાં ચોક્કસપણે આ ગુજરાત એ સુખી અને સમૃદ્ધ બનવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરું તો માહિતી અને પ્રસારણ વિભાગનું કાર્ય એ સરકાર અને નાગરિક વચ્ચે સેતુ બનવાનું કાર્ય છે. સમન્વયની કામગીરી કરવાનું કાર્ય છે. સરકારની કલ્યાણકારી યોજનાઓ અંગેની માહિતીઓ, વિકાસ અંગેની માહિતીઓ, સમય સાથે સંવાદિતા જાળવવા માટેની વ્યવસ્થા આ બધી જ બાબતોને લોકો સુધી લઈ જવા, યોગ્ય સ્વરૂપમાં પહોંચાડવા માટેની જવાબદારીએ માહિતી અને પ્રસારણ વિભાગની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે માહિતી અને પ્રસારણ વિભાગ અત્યારે કાર્ય કરી રહ્યું છે. જે પ્રકારે યાત્રાના સ્થળો, ધાર્મિક પ્રદર્શનો દ્વારા ગુજરાતની સંસ્કૃત્તિ ક્યા પ્રકારની છે? ગુજરાતની અસ્મિતા ક્યા પ્રકારની છે? એનાથી સમગ્ર ગુજરાતીઓ માહિતગાર બને એટલું જ નહિ પ્રવાસ સ્થાન ઉપર આ માહિતી યોગ્ય સ્વરૂપમાં આપીને સમગ્ર દેશને અને દુનિયા સુધી ગુજરાતની સંસ્કૃત્તિનો યોગ્ય પરિચય કરાવવાનું કાર્ય માહિતી ખાતુ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે માહિતીખાતુ આધુનિક યુગનો ઉપયોગ કરીને પ્રિન્ટ મિડિયા, ઇલૅક્ટ્રોનિક્સ મિડિયાથી સમગ્ર દેશ અને દુનિયામાં એક આગવા સ્વરૂપમાં અદ્યતન ઉપયોગ કરીને કાર્ય કરી રહ્યું છે એ સ્થિતિમાં માહિતીખાતાએ પોતાની કાર્ય પદ્ધિત છેલ્લા કેટલાક વર્ષોમાં સુધારીને સુદૃઢ કરવાની સાથે સાથે વધુ આધુનિક્તા લાવવા ઉપયોગ કર્યો છે. જે એની વિવિધ વેબસાઈટોમાં રહેલો છે. એ બતાવે છે કે માહિતી ખાતાથી ગુજરાતની કોઈપણ પ્રકારની માહિતી હશે, વિકાસની માહિતી હશે, કોઈપણ કાર્યની હશે તુરત પ્રાપ્ત કરી શકાય. મારા મિત્રો આજે ટેલિવિઝનની વાત કરે છે. એટલે હું બહુ એમાં નહિ જઉં. કારણ કે આ યોજના દ્વારા આદિવાસી સમાજના, બૉર્ડર વિસ્તારોના, ગરીબ વિસ્તારના કુટુંબોને એનો લાભ પ્રાપ્ત થવાનો છે જે અમે આગામી દિવસોમાં પણ ચાલુ રાખવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રોજગાર સમાચાર એ રોજગારી આપવા માટેનું ઉત્તમ માધ્યમ છે. એણે સમગ્ર દેશમાં એ વાત સાબિત કરી બતાવી છે. જે પ્રકારે ગુજરાત રોજગાર સમાચારના ગ્રાહકો છે જે બતાવે છે એની વિશ્વાસનિયતામાં ઓર દિવસે ને દિવસે વધતી જાય છે. મારા મિત્ર ઈશ્વરભાઈએ વાત કરી. ઈન હાઉસ ત્રણ ટીવી શ્રેણી જે વર્ષોથી ચાલતી હતી - "ઝરૂખો, પરિવર્તન અને યશગાથા" આ ટી.વી. શ્રેણીઓ દૂરદર્શન પાસે ગુજરાતની વિકાસ યાત્રા ગુજરાતીઓ સુધી પહોંચે એના માટેની હતી. રાજ્ય સરકારે એ સ્લોટ ખરીદેલ હતો, પૈસા આપ્યા હતા. દૂરદર્શનને કેન્દ્રની સરકારને કોઈ ને કોઈ સ્વરૂપે ઉશ્કેરવા, કયા મિત્રોએ ઉશ્કેરી? કોને ગુજરાતનું અહિત કરવાનો વિચાર આવ્યો છે? એ સન્માનનીય ગૃહના સભ્યશ્રીઓને જાણવાનો અધિકાર છે. પરંતુ ત્રણ ટી.વી. શ્રેણીઓ કેન્દ્ર સરકારે દૂરદર્શન ઉપરથી પ્રસારિત કરવાનું બંધ કર્યુ અને ગુજરાતનું અહિત કરવાનું કાર્ય કેન્દ્ર સરકારે કર્યુ છે. ઈ-ટી.વી., જી-ટી.વી. દ્વારા એનું પ્રસારણ ચાલુ રાખીને આ સરકારે ગુજરાતની જે અસ્મિતા છે, સંસ્કૃત્તિ અને ગૌરવગાથા રહેલી છે એને યોગ્ય સ્વરૂપ આપવા માટેનો પ્રયત્ન કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે મનોરંજન કર, મનોરંજન કર માળખાની અંદર ફેરફાર કરવામાં આવ્યો છે અને એ ફેરફાર કરી એક આગવા સ્વરૂપમાં ક્યા પ્રકારે હાથ ધરી શકાય એનો રાજ્ય સરકારે વિચાર કર્યો છે અને એની સાથે સાથે ઘણા લાંબા સમય પછી આ પ્રકારની સુધારણા ૨૦૦૫ સુધીમાં સનકોનની જ્યારે મિટિંગો યોજાય છે ત્યારે કેન્દ્ર સરકારે આગ્રહ રાખ્યો કે સમગ્ર દેશમાં તમામ રાજ્યોમાં ૫૦ ટકા કરતા ઓછા મનોરંજનના દર રાખવા જોઈએ. મને કહેતાં આનંદ થાય છે કે આ સરકારે છેલ્લા બે વર્ષમાં અમલ કરીને આ વર્ષે પણ એની અમલવારી ચાલુ રાખીને ૧/૪/૨૦૦૬થી મનોરંજનના દર ૨૫ ટકા કરીને બતાવ્યું છે કે સરકાર એ યોગ્ય દિશામાં જઈ રહી છે અને આ કરની સાથે સાથે સિનેમા ઉદ્યોગને જીવતદાન પ્રાપ્ત થાય, પ્રેક્ષકોને સુવિધા પ્રાપ્ત થાય, ટિકિટના ઘટાડેલા દરનો પ્રેક્ષકોને ફાયદો થાય આવી અનેક બાબતોની યાદ દેવડાવીને મનોરંજન કર જ્યારે કેન્દ્રની સરકાર આગ્રહ રાખતી હોય અન્ય રાજ્યના વિકાસ માટેની વાત કરતી હોય ત્યારે કોંગ્રેસના કેટલાક એવા રાજ્યો છે ત્યારે એનો ઉલ્લેખ્ નથી કરવો પણ એ રાજ્યોમાં મનોરંજન કર આજે પણ ૫૦-૬૦ ટકા રહેલો છે.

પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા માટે સુખસુવિધા કરની અંદર જે પ્રકારે ફેરફાર લઈને આવ્યા છીએ. હોટલ ઉદ્યોગને પ્રોત્સાહન આપીને, નાના નાના લોકોને રોજગારી આપવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે જે બતાવે છે આ સરકાર માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા એની સાથે સાથે સુખસુવિધા કર અને મનોરંજન કરને યોગ્ય સ્વરૂપમાં ગોઠવીને ગુજરાત સાચી દિશામાં વિકાસ કરે અને વધુ ને વધુ સુખ, સમૃદ્ધિ પ્રાપ્ત કરે એ પ્રકારના પ્રયત્નો હાથ ધર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મિત્ર બાબુભાઈ શાહ કહેતા હતા કે, કલાકારોને બીજા રાજયોમાં મોકલવામાં આવતા નથી. સાંસ્કૃતિક વિભાગ દ્વારા કલાકારોને અન્ય રાજયોમાં મોકલવામાં આવે છે. પણ હું બાબુભાઈને ચોક્કસપણે એ વાત ચોક્કસ યાદ દેવડાવીશ કે ગુજરાતની વર્ષોથી ચાલી આવતી ત્રણ શ્રેણી જે બંધ કેન્દ્રની સરકારે કરી છે એના માટે એક કોંગ્રેસના ધારાસભ્યના નાતે કેન્દ્રમાં અવાજ ઉઠાવે કે ગુજરાતને અન્યાય શા માટે ? સામાન્ય વહીવટ વિભાગ અને માહિતી અને પ્રસારણ વિભાગની જે માગણીઓ લઈને આજે હું અહીંયા આવ્યો છું એ માગણીઓ આ ગૃહના સન્નમાનીય સભ્યો માન્ય રાખે એવી આ ગૃહના સભ્યશ્રીઓને હું વિનંતી કરું છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ ઉપર હું જે માગણી લઈને આવી હતી એમાં ત્રણ ધારાસભ્યોએ પોતાના વકતવ્યો રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જ્યારે આઈ.ટી.હબ બનવા જઈ રહ્યું છે અને એને ધ્યાનમાં રાખીને જે ગુજરાતમાં ૨૦૦૬માં આઈ.ટી.સમિટ કરવામાં આવી અને એમાં લગભગ ૩૦૦ થી ૪૦૦ જેટલી કંપનીઓએ ભાગ લીધેલો, ૨૧ જેટલી કંપનીઓએ રાજય સરકાર સાથે ૧૧,૦૦૦/- કરોડના મૂડી રોકાણના એમ.ઓ.યુ. સાઈન કર્યા એ બતાવે છે કે, ધીરે ધીરે કરીને ગુજરાત વિશ્વમાં છાઈ જવા માટેનો પ્રયાસ કરી રહ્યું છે અને ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રકચર જ્યારે ઊભું થઈ રહ્યું છે અને વિવિધ પ્રકારની સુવિધાઓ જ્યારે ગુજરાતમાં આઈ.ટી.ને મળી રહી છે ત્યારે આવી વિદેશી કંપનીઓ અને દેશી કંપનીઓ અને જે મોટી મોટી કંપનીઓ છે એ કંપનીઓ ગુજરાતમાં આવીને આટલા એમ.ઓ.યુ. સાઈન કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી પણ ઘણા બધા એમ.ઓ.યુ. સાઈન થયા છે અને આજ સુધીમાં જે પહેલા બે સમયમાં જે એમ.ઓ.યુ. સાઈન થયા એમાં ૧૪૦૦૦/- કરોડના મૂડી

રોકાણના એમ.ઓ.યુ. સાઈન થયા છે આ માત્ર એમ.ઓ.યુ. થયા નથી પરંતુ જ્યારે એનો વિકાસ થશે ત્યારે ગુજરાતના ૩ લાખ ૨૮ હજાર કરતાં પણ વધારે વિદ્યાર્થીઓને એની રોજગારીની તકો મળવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતમાં આ ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે ત્યારે રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા માટે અને આવા આશય સાથે આઈ.ટી. પ્રોજેક્ટોની શરૂઆત કરવા માટે ૧૬૦ એકર જેટલી જમીન આઈ.ટી.ઝોનમાં ઊભી કરવામાં આવે છે અને એમાં ટી.સી.એસ., આઈ.સી.આઈ.સી.આઈ., ડી.એલ.એફ. જેવી કંપનીઓ આઈ.સી.ઝેડની સ્થાપતા કરવા આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના વિદ્યાર્થીઓને પણ પછી એ મેડિકલના હોય, આરોગ્ય વિભાગના હોય, શિક્ષણ વિભાગના હોય અથવા તો અન્ય ઉદ્યોગો સાથે જોડાયેલો વિભાગો હોય ઘણા બધા વિભાગોનો લાભો ગુજરાતનો વિદ્યાર્થી કેવી રીતે મેળવી શકે એના માટે રાજય સરકારે એક નવતર પ્રયોગ હાથ ધર્યો છે. અને એ છે વંદે માતરમ. માનનીય અધ્યક્ષશ્રી, મારે આ પ્રસંગે કહેવું છે કે, ગુજરાત એક એવું રાજય છે કે, ઈસરોના માધ્યમ દ્વારા લો કોસ્ટ કે યુ બૅન્ડ ચેનલને એજયુસેટ સાથે જોડીને વંદેમાતરમ ચેનલ સપ્ટેમ્બર, ૨૦૦૦થી શરૂ કરી છે અને રાજયના આઈ.ટી. ક્ષેત્રોનો વિકાસ કરવા સારું રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતી કંપનીઓ જેવી કે, માઈક્રોસોફ્ટ અને ટી.સી.એસ.ના સહકારમાં રહીને ઈજનેરી અને એમ.સી.એમ.ના વિદ્યાર્થીઓને અદ્યતન સોફ્ટવેર બનાવવા માટે વિદ્યાર્થીઓને તાલીમ આપવાનો જે પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે અને એમાં અનેક વિદ્યાર્થીઓ આજે પોતાની બુદ્ધિનો અજમાયશ એમાં કરી રહ્યા છે. અને આ જ કાર્યક્રમ થયો છે એમાં ઉદ્યોગ વિભાગ અને ઔદ્યોગિક ક્ષેત્રો અને એની સાથે કૉલેજ જોડાણ કરવામાં આવ્યું છે અને એને જ લીધે વિદ્યાર્થીઓને આજે રોજગારીની તકો વધારે સારી રીતે ઉપલબ્ધ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વંદે માતરમ કાર્યક્રમમાં પહેલા ફેઝમાં અંદાજીત ૨૫૦૦ વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો છે અને ૨૦૦૭, ફેબ્રુઆરીથી બીજા ફેઝમાં જે શરૂ થવાનો છે જેમાં ૪૦ ઉપરાંત સંસ્થાઓના લગભગ ૪૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ આનો લાભ લઈ રહ્યા છે એ બતાવે છે જે વંદે માતરમ જે ટી.વી. ચેનલ શરૂ થઈ છે એનું કેટલું બધું મહત્ત્વ ગુજરાતના વિદ્યાર્થીઓમાં બન્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીં સ્વાગત કાર્યક્રમની થોડી ઘણી વાત કરવામાં આવી, આખાય દેશમાં ગુજરાત પહેલું રાજય એવું છે કે, જેણે સ્વાગત ઓન લાઈન કાર્યક્રમની શરૂઆત કરી છે અને માનનીય મુખ્ય મંત્રીશ્રી પોતે રાજયની આટલી બધી જવાબદારીઓ હોવા છતાં પણ અઠવાડિયામાં એક દિવસ, મહિનાના અઠવાડિયામાં એક ગુરુવારના દિવસે આ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને ખૂબ દૂર દૂરના પણ અતિશય ગરીબ લોકો જે પોતાના પ્રશ્નો વર્ષોથી ન ઉકેલાયા હોય એવા પ્રશ્નોને લઈને આ કાર્યક્રમમાં ઉપસ્થિત થતા હોય છે અને એ બધા જ પ્રશ્નોનો અભ્યાસ મુખ્ય મંત્રીશ્રી પોતે કરે છે અને એનો નિકાલ થાય ત્યાં સુધી એનો એ પ્રયત્ન થતો હોય છે. અને અત્યાર સુધીમાં સ્વાગત કાર્યક્રમની અંદર જેટલા પ્રશ્નો આવ્યા છે એમાંથી લગભગ ૯૮ટકા કરતા વધારે પ્રશ્નોનો નિકાલ મુખ્યમંત્રીશ્રી કક્ષાએથી લાવવામાં આવ્યો છે. એપ્રિલ-૨૦૦૦ થી ડિસેમ્બર-૦૬ સુધીમાં આ કાર્યક્રમમાં ૬૦૮ ફરિયાદ પ્રાપ્ત થઈ હતી અને ૫૯૯ ફરિયાદનો અસરકારક ઉકેલ લાવવામાં આવ્યો છે. એ બતાવે છે કે સ્વાગત કાર્યક્રમ કેટલો લોકપ્રિય છે. અહીં જે લોકો ગરીબમાં ગરીબ વ્યકિત છે એ આવે છે એટલું જ નહીં પણ અનેક લોકો એવા છે કે પ્રશ્નો ઉકેલાતા ન હોય એ કહેતા હોય છે કે સ્વાગત કાર્યક્રમમાં જાવ. આપના પ્રશ્નોનો ઉકેલ આવી જશે. ગરીબમાં ગરીબ આવે અને એના પ્રશ્નો ઉકેલાય એવા પ્રયત્નો છે. ઈન્સ્ટીટયૂટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચની પણ આ રાજયની અંદર સ્થાપના થઈ છે અને એટલા માટે કરવામાં આવી છે કે ગુજરાતની અંદર વારંવાર ભૂકંપ આવે છે. ૨૦૦૧માં ભૂકંપની અસર આપણે સૌએ જોઈ છે અને ભૂકંપ થવાને કારણો પણ જાણવા જોઈએ એટલું જ નહીં પણ ભવિષ્યમાં ભૂકંપ આવશે કે કેમ એનો અભ્યાસ થવો જોઈએ. રીસર્ચ થવું જોઈએ. ભયાનક ભૂકંપ આવવાનો હોય તો એના માટે પ્રીકોશન શું લઈ શકાય એનું રાજયના નાગરિકોને માર્ગદર્શન આપી શકીએ એટલા માટે ગુજરાતની અંદર ૨૦૦૬થી આની શરૂઆત કરવામાં આવી છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (મુખ્યદંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને માગણી ઉપર મતદાન થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટ લંબાવીએ.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** :: એટલા માટે રાજય સરકારે આઈ.એસ.આર.ની સ્થાપના ૨૦૦૬માં કરી છે અને એનો કામનો આરંભ પણ થયો છે. ચાલુ વર્ષે instituteના ૨૨ જેટલા સેન્ટર અલગ અલગ જગ્યાએ ઊભા કરીને seismological observatoryની સાથે ઓનલાઈન કરવામાં આવે છે. જેને કારણે ભૂકંપનું રીસર્ચ કરવાનો મોકો મળશે. આવતા વર્ષે નાણાકીય વર્ષમાં પણ ૬૦ એપ્લીકેશન અભ્યાસ પ્રોજેક્ટ શરૂ કરવાની દરખાસ્ત મૂકવામાં આવી છે. એ દિશામાં રાજય સરકાર સાયન્સ ટેકનોલોજી વિભાગ આગળ વધી રહ્યો છે. આ બધાં કામ કરવા માટે ભવનની આવશ્યકતા હોય એટલે ભવન બાંધવા માટે રાજય સરકારે રાયસણ ખાતે ૧૨ એકરની જમીન સંપાદન કરી છે. ટૂંક સમયમાં એ મકાનનું બાંધકામ પણ શરૂ થશે. ગુજરાતની અંદર એક સારામાં સારું સાયન્સ સીટી આવેલું છે. પૂરા વિશ્વમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરવા વિદ્યાર્થીથી માંડીને ૮૦ વર્ષની વ્યકિત આ સાયન્સ સીટીમાં આવીને વિજ્ઞાનમાં રૂચિ લઈ શકે. વિજ્ઞાનના સાધનો બનાવી શકે, મનોરંજન લઈ શકે

અને ટી.વી.ના પડદા ઉપર ફિલ્મ જોઈ શકે. એ પ્રકારની સગવડ સાયન્સ સીટીમાં ઉભી કરી રહ્યા છીએ. અત્યાર સુધીમાં લગભગ ૬૭૬૦૦૦ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે. છેલ્લા એક વર્ષમાં આટલા બધા લાભાર્થીઓ આવ્યા છે અને સાયન્સ સીટી જોયું છે. મારા ગુજરાતના વિદ્યાર્થીઓએ પણ સાયન્સ સીટીમાં આવીને એની અંદર જે પ્રયોગો મૂકવામાં આવ્યા છે. સેકન્ડરી, હાયર સેકન્ડરી, કોલેજમાં અભ્યાસક્રમમાં જે પાઠયક્રમો આવે છે એના આધારે અભ્યાસના મોડલ મૂકવામાં આવ્યા છે એટલું જ નહીં પરંતુ પોતાની જાતે પ્રયોગ કરીને પરિણામ મેળવી શકે એ પ્રકારની વ્યવસ્થા સાયન્સ સીટીમાં કરવામાં આવી છે. એમાં ૨૨૫૦૦૦ જેટલી વ્યકિતઓએ લાભ ઉઠાવ્યો છે. દર શનિવાર, રવિવારે ટ્રેનિંગ આપવામાં આવે છે અને જુદાજુદા સાયન્સના મોડેલ બનાવવા માટે કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. દર શનિવાર, રવિવારે ખગોળ વિજ્ઞાન સબંધિત પ્રવૃત્તિના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. વર્કશોપ અને સેમિનારનું આયોજન કરવામાં આવે છે. મારે ભવિષ્યના પ્રોજેકટની વાત કરવી છે. સાયન્સ સીટીની અંદર ભવિષ્યમાં Space and commuication pavilion તૈયાર થશે અને પ્લેનેટ અર્થ જે અત્યારે બંધાઈ રહ્યું છે એ થોડા સમયમાં તૈયાર થઈ જશે એટલું જ નહીં પરંતુ આગળ જતા જે વિદ્યાર્થીઓ આવે એ વિદ્યાર્થીઓ વિજ્ઞાનનો અભ્યાસ કરી શકે, રીસર્ચ કરી શકે એટલા માટે ઈલાયબ્રેરી પણ સાયન્સ સીટીમાં કરવામાં આવી છે. GUJCOST દ્વારા ગુજરાતની અંદર લોક વિજ્ઞાન કેન્દ્ર સ્થાપવાનું આયોજન રાજય સરકારે કર્યું છે કારણકે દિન પ્રતિદિન neno-technology and bio-technology નો ઉપયોગ થઈ રહ્યો છે.બાયો ટૅક્નૉલૉજીનો ઉપયોગ થઈ રહ્યો છે. કૃષિ ક્ષેત્રની અંદર બાયો ટૅક્નૉલૉજી અને નેનો ટૅક્નૉલૉજીનો ઉપયોગ થઈ રહ્યો હોય, ત્યારે ગુજરાતની અંદર આપણે બધી વ્યવસ્થા ઊભી કરવી જ પડે અને એટલા જ માટે આ હેતુસર રાજ્યની અંદર ૧૭ જિલ્લામાં લોકવિજ્ઞાનનાં કેન્દ્રોની સ્થાપનાં કરવામાં આવી છે, જેની અંદર હજારો હજારો વિદ્યાર્થીઓ આ લોક વિજ્ઞાનકેન્દ્રની અંદર આવી વિજ્ઞાનનો અભ્યાસ કરે છે, એટલે જ ગુજરાતની અંદર વિજ્ઞાન પ્રવાહની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા આ વર્ષે ખૂબ વધી છે. નેનો ટૅક્નૉલૉજીનો અભ્યાસ માટે રાજ્યની અંદર પાંચ સૅન્ટર ઑફ એક્સ્લેન્સીની સ્થાપના કરવામાં આવી છે. જુદા જુદા ક્ષેત્રોની અંદર નાના રિસર્ચ પ્રોજેક્ટો, સેમીનારો, પેપર પ્રેઝન્ટેશન, સ્પર્ધા, વર્કશોપ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. વધુને વધુ વિદ્યાર્થીઓ ગણિત અને વિજ્ઞાન જેવા વિષયની અંદર આગળ વધી શકે અને અભ્યાસ કરવા માટે પ્રેરાય, એટલા માટે એક્ટિવિટી સાયન્સ લર્નિંગ કાર્યક્રમ હેઠળ વિદ્યાર્થીઓને લાભ આપવા માટે કાર્યક્રમની શરૂઆત કરી છે, એમાં વિજ્ઞાનની અંદર કારકિર્દી ઘડવા માટે પણ ઈલેક્ટ્રોનિક મીડિયાની મદદ પણ આના દ્વારા લેવામાં આવી રહી છે. આ ઉપરાંત અનેક પ્રકારના કાર્યક્રમો સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજી દ્વારા ચાલી રહ્યા છે, એટલા માટે હું સૌને વિનંતી કરું છું કે સાયન્સ એન્ડ ટૅક્નૉલૉજીની જે દરખાસ્ત લઈને હું આવી છું, એ દરખાસ્તને મંજૂરી આપે.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧, ૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક : ૩૦, ૩૫, ૫૪ અને ૯૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૧૨મી માર્ચ, ૨૦૦૭ ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર તા. ૧૨મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૨૧, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ભરૂચ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી

***૨૦૮૮૪ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય શ્રમ રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા) :** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૭-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લા રોજગાર વિનિયમ કચેરીમાં કેટલા શિક્ષિત બેરોજગારોએ નોંધણી કરાવી,

(૨) તે પૈકી કેટલા ઉમેદવારને ઈન્ટરવ્યુ કોલ મોકલાવ્યા, અને

(૩) તે પૈકી કેટલાને નોકરી મળી?

**શ્રમ રોજગાર મંત્રીશ્રી : (રાજ્યકક્ષા)**

(૧) ૨૨૦૪૮

(૨) ૧૬૦૫૦

(૩) ૧૦૭૩૧

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય શ્રમ રોજગાર મંત્રીશ્રીને મારા ભરૂચ જિલ્લામાં જે ૧૦૭૩૧ નોકરી આપી તે બદલ અભિનંદન આપું છું. બીજું હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બે વર્ષમાં નોકરી મળી ૧૦૭૩૧ લોકોને તેમાં સરકારી નોકરી કેટલાને મળી અને ખાનગી નોકરી કેટલાને મળી? મારો બીજો પ્રશ્ન એ છે કે છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા નામની નોંધણી થઈ અને તેમાંથી કેટલાની ભલામણ કરવામાં આવી અને કેટલા લોકોને નોકરી મળી?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં ૧૦૭૩૧ લોકોને નોકરી આપવામાં આવી છે તેમાંથી ખાનગી ૧૦૧૯૭ છે અને સરકારી ૫૩૪ લોકોને નોકરી આપવામાં આવી છે. છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલા નામની નોંધણી થઈ તો તેમાં સાહેબ, ૨૦૦૫-૦૬માં ૨૧૧૫૦ નામની નોંધણી થઈ છે. ૨૦૦૬-૦૭માં ૩૧ જાન્યુઆરી અંતિત ૧૮૪૦૮ નામની નોંધણી થઈ છે. ૨૦૦૫-૦૬માં ૩૯૩૨૨ લોકોની ભલામણ કરી અને ૨૦૦૬-૦૭માં ૩૧ જાન્યુઆરી અંતિત ૫૧૬૮૨ની ભલામણ કરવામાં આવી. ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૧૭૮૫૩ લોકોને જે શિક્ષિત અને અર્ધ શિક્ષિત છે તે બંનેને નોકરી આપવામાં આવી છે અને ૨૦૦૬-૦૭માં ૩૧ જાન્યુઆરી અંતિત ૧૩૮૪૯ લોકોને નોકરી આપવામાં આવી છે.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે લોકોને નોકરી આપવામાં આવી છે તેમાં મૂળ ગુજરાતના કેટલા લોકોને નોકરી આપવામાં આવી છે અને આઉટ સ્ટેટના કેટલા લોકોને નોકરી આપવામાં આવી છે?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ભરૂચ જિલ્લામાં નવી નોંધણી અને રોજગારીની ભલામણ અને નોકરી કેટલાને આપવામાં આવી તે બાબતનો છે. આ પ્રશ્ન આટલા પૂરતો સીમિત છે. સ્થાનિક અને આઉટ સ્ટેટના લોકોની માહિતી લેવી હોય તો અલગ નોટિસ આપવી જોઈએ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૧૦ હજાર જેટલા લોકોને નોકરી આપવામાં આવી છે તેમાં કલાસ-૨, કલાસ-૩, કલાસ-૪ અને કલાસ-૧માં કેટલા લોકોને નોકરી આપવામાં આવી અને તેમાં આદિવાસી કેટલા અને બિન આદિવાસી કેટલા લોકોને નોકરી આપવામાં આવી છે તે માનનીય મંત્રીશ્રી જણાવે.

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૭૩૧ લોકોને નોકરી આપવામાં આવી છે તેમાં કલાસ-૧, કલાસ-૨ એમ અલગ અલગ માહિતી ખૂબ મોટી છે. અમે ઉદ્યોગ ભરતી મેળાઓ યોજીએ છીએ તેમાં ખાસ કરીને જે લોકોને નોકરી આપવામાં આવે છે તેમાં આઈ.ટી.આઈ. કરેલ સ્કીલ્ડ ઉમેદવાર હોય, ટર્નર હોય એમ અલગ અલગ ગ્રેડના લોકોએ કે જેણે તાલીમ લીધી હોય તેવા લોકોને ખાનગી ઔદ્યોગિક એકમો જે ભરતી મેળામાં આવે છે તેમાં નોકરી આપવામાં આવે છે. આમાં મોટાભાગે કલાસ-૩ કક્ષાના આઈ.ટી.આઈ. તાલીમ લીધેલ હોય તેવા પ્રકારના ઉમેદવારો હોય છે. બીજો પ્રશ્ન એ છે કે આ જે ૧૦૭૩૧ લોકોને નોકરી આપવામાં આવી છે તેમાંથી આદિવાસી કેટલા અને બિન આદિવાસી કેટલા તેની વાત કરી છે તેમાં માહિતી મારી પાસે છે. ટેબલ ઉપર નહીં પણ મારી પાસે છે આપી જ દઉં. જે નોકરી માટેની ભલામણ છે. એમાંથી અનુસૂચિત જાતિમાં શિક્ષિત ૪૦૪, અર્ધ શિક્ષિત ૩૩૯ એમ કુલ ૭૪૩ છે અને અનુસૂચિત જનજાતિમાં શિક્ષિત ૪૦૦ અને અર્ધ

શિક્ષિત ૪૯૧ એમ કુલ ૮૯૧ છે અને બક્ષીપંચમાં શિક્ષિત ૫૬૨ છે અને અર્ધ શિક્ષિત ૭૧૦ એક કુલ ૧૨૭૨ છે અને અન્ય છે એ ૧૪૪૭૬ છે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી** : માનનીય અધ્યક્ષશ્રી, ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક મેળાઓમાં હું પણ પ્રત્યક્ષ હાજર હતો, ખૂબ જ પ્રભાવશાળી રીતે બેરોજગાર લોકોને નોકરી આપવા માટેના કાર્યક્રમ યોજાયા છે અને લગભગ એની બે ત્રણ મહિના સુધી ફોલોઅપ પદ્ધતિ પણ રાજય સરકારે અપનાવી છે, આ જે લોકો ઈન્ટરવ્યુ માટે આવે છે એમને આવવા જવા માટેની કોઈ કુપનની વ્યવસ્થા રાખવામાં આવી છે કે કેમ ? અને જો કુપન વ્યવસ્થા રાખવામાં આવી હોય તો રાજય સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો છે ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ભરતી મેળા રાખીએ છીએ એમાં રોજગારવાંચ્છું જે છે એ ભરતી મેળામાં આવે છે ત્યારે એમને આવવા જવા માટે ટિકિટ ભાડા માટે કુપન આપીએ છીએ, અને છેલ્લા બે વર્ષમાં ૨૦૦૫-૦૬માં ૬૭૨૦ ઉમેદવારોને કુપનો આપ્યા છે એની પાછળ ૩૬૮૪૫ રૂપિયાનો ખર્ચ થયો છે અને ૨૦૦૬-૦૭માં ૩૧મી જાન્યુઆરી સુધીમાં ૨૧૬૮ ઉમેદવારોને કુપન આપવામાં આવ્યા છે અને એની પાછળ ૬૬૫૪ રૂપિયાનો ખર્ચ થયો છે એટલે કુલ ૮૮૮૮ ઉમેદવારોને બે વર્ષમાં કુપન આપેલ છે અને એની પાછળ ૪૩૪૯૯ રૂપિયાનો ખર્ચ થયેલ છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ત્રીજા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, ૧૦૭૩૫ ઉમેદવારોને નોકરી આપવામાં આવી છે તો હું એ જાણવા માગું છું કે, ૧૦૭૩૫ પૈકી કેટલાને સરકારી નોકરી આપવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : એનો તો જવાબ આવી ગયો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : એ જવાબ આવી ગયો તો બીજો પ્રશ્ન મારો એ છે કે, અનામતનો રેશિયો છે શિક્ષિત, અર્ધ શિક્ષિત અને પ્રાઇવેટમાં એ ત્રણેમાં એ રેશિયો જળવાયો છે કે કેમ ?

**શ્રી મુળુભાઈ હ. બેરા** :માનનીય અધ્યક્ષશ્રી, જે નોકરી આપવામાં આવી છે એ ઔદ્યોગિક ભરતી મેળા દ્વારા આપવામાં આવી છે.

### વિજયનગર તાલુકા મામલતદારને રસ્તાના દબાણ દૂર કરવાની ફરિયાદ

***૨૧૩૬૬ શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા મામલતદારને તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રસ્તાના દબાણ દૂર કરવાની કેટલી ફરિયાદો મળી,
(૨) આ પૈકીની કેટલી ફરિયાદોમાં દબાણ દૂર કરવાના હુકમો કરવામાં આવ્યા,
(૩) જે હુકમ કરવામાં આવ્યા તે પૈકીના કેટલા કેસોમાં હુકમોનો અમલ કરાવી દબાણ દૂર કરાવવાના બાકી છે અને કેટલા સમયથી,
(૪) જે હુકમોનો અમલ બાકી છે તેનો અમલ ન કરાવવાના તથા દબાણ દૂર ન કરાવવાના શા કારણો છે,
(૫) હુકમનો અમલ કરાવવામાં વિલંબ કરનાર જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ, અને
(૬) કેટલા સમયમાં હુકમોનો અમલ કરાવી દબાણો દૂર કરાવવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) ૪ (ચાર).
(૨) ૨ (બે),
૨ (બે) કેસોમાં સમજૂતીથી દબાણ દૂર કરાયેલ હોઈ, હુકમ કરવાની જરૂરિયાત જણાયેલ નથી.
(૩) જે બે કેસોમાં દબાણ દૂર કરવાના હુકમો કર્યા છે તેના દબાણ દૂર કરવામાં આવ્યા છે.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ આપ્યો છે એ • (xxxx) છે, મામલતદાર સાહેબનો હુકમ થયેલ છે.

**અધ્યક્ષશ્રી .** : આવું ન બોલી શકાય, પ્લીઝ, આવું તમે ન બોલી શકો, પ્લીઝ, આ શબ્દો હું દૂર કરું છું.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, આ દબાણો અત્યાર સુધી ખસેડાયા નથી તો કેટલા સમયમાં એ ખસેડવા માગો છો અને મામલતદારનો

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

ઑર્ડર એક વર્ષ પહેલાં થઈ ગયેલ છે, અને હજુ સુધી એ ઑર્ડરનો અમલ કર્યો નથી, તો એમાં તલાટી અને સર્કલ અધિકારીની સામે પગલાં લેવા માગો છો કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી એ અમદાવાદના ધારાસભ્ય છે છતાં સાબરકાંઠા પહોંચ્યા છે, એનો મને વાંધો નથી (અંતરાય) એટલા માટે કે એ કદાચ ત્યાંની પરિસ્થિતિથી વાકેફ ન હોય એટલા માટે હું ધ્યાન દોરું છું કે, ચાર દબાણો બાબતની ફરિયાદ આવી છે, જે બે દબાણો છે એ કાયદેસરની કાર્યવાહી કરીને દૂર કરવામાં આવ્યા છે અને બીજા બે દબાણો છે એ ત્યાંના સ્થાનિક લોકોની સમજૂતી કરીને બે દબાણો દૂર કરવામાં આવ્યા છે. એટલે ચાર દબાણોની ફરિયાદ છે એ તમામ ચારેય દબાણો દૂર કરવામાં આવ્યા છે, અને માનનીય ધારાસભ્યશ્રીની ચિંતા છે અને રાજય સરકાર પણ ચિંતા કરે છે, ખાનગી જમીનમાં સરવે નંબર ૪(૧)માં દબાણ છે અને ખાનગી જમીનમાં દબાણ હોય એમાં મહેસૂલ વિભાગે કોઈ કાર્યવાહી કરવાની ન હોય અને એમને તા. ૧૪-૨-૦૭થી અરજદારને લેખિત પત્રથી જાણ કરવામાં આવી છે કે ખાનગી જમીનમાં દબાણ છે અને ખાનગી જમીનમાં દબાણ માટેનો કોઈ પ્રશ્ન હોય તો કાયદેસરની કાર્યવાહી કોર્ટમાં કે ત્યાં કરો. કોર્ટમાં અથવા ત્યાં કરે તો ત્યાંથી એમને દાદ મળી શકે. સરકારનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી ચારે ચાર દબાણો જ્યાં સરકાર હસ્તક્ષેપ કરીને દૂર કરી શકે એમ છે અને પોતાની માલિકીના હોય એવા દબાણો દૂર કર્યા છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં એક દબાણમાં મામલતદાર રૂબરૂ તપાસ કરવા ગયા હતા અને મામલતદારશ્રીએ રૂબરૂ સ્થળ ઉપર જઈને તપાસ કરી હતી અને દબાણો દૂર થયેલ ન હતા એટલે અરજદાર નારાજ થઈને કલેકટરશ્રીને મળવા પણ ગયા હતા અને કલેકટરશ્રીએ કહેલું કે દબાણ દૂર કરી દેવું અને તે પછી ટી.ડી.ઓ. એ બારોબાર હુકમ કરી દીધો કે દબાણ દૂર થઈ ગયું છે. વાસ્તવમાં આ સ્થળ ઉપરનું કોઈ જમીનનું દબાણ નથી આ ઢોરને આવવા-જવા માટેનું દબાણ છે. એટલે આ દબાણ માનનીય મંત્રીશ્રી કેટલા સમયમાં સ્થળ ઉપર ખરેખર દૂર કરવા માગે છે? કારણ કે, હુકમ થયો છે પણ સ્થળ ઉપર દૂર થયું નથી. એટલે જવાબ ખોટો ન કહી શકાય પણ જવાબમાં ક્ષતિ લાગે છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે સ્પષ્ટ જવાબ છે. મેં પૂરતી ખાતરી કરી છે બે દિવસ પહેલા એ મુજબ ખોખરા-કરોવાનું દબાણ હતું એ ૨-૩-૦૬ના રોજથી મામલતદાર કોર્ટ એકટ કલમ-૫ અનુસાર દબાણ દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે અને આજની તારીખે ખુલ્લું કરવામાં આવ્યું છે. બીજો કેસ કોડિયા-પાડાનો છે એ પણ મામલતદાર કોર્ટ એકટ કેસ દાવા નંબર-૬૦૬, ૧૮-૧૨-૦૬થી દબાણ દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આજની તારીખમાં દબાણ ખુલ્લું છે. એમનો પ્રશ્ન છે એ ખાનગી રોડ ઉપર ખાનગી માલિકમાં દબાણ કર્યું છે ત્યાં સરકાર કે મહેસૂલ વિભાગ જઈ શકે એમ નથી. એટલા પૂરતું જે દબાણ હોય અને લોકોને અડચણ પડતી હોય તો મહેસૂલી રાહે નહીં પણ બીજી દાદની માગણી કરી શકે છે. મેં ખાતરી કરાવી છે આજની તારીખે સરકારી જમીન ઉપર દબાણ છે એ દૂર કરવામાં આવ્યા છે. (અંતરાય) ચાર દબાણો હતા એમાં મેં બે દબાણો દૂર કર્યાની વાત કરી છે. કાયદેસરની કાર્યવાહી મામલતદારે કરીને દૂર કર્યા છે. બે દબાણો સમજૂતીથી દૂર કર્યા છે એટલે હવે સ્પેસિફિક ચારમાંથી કયા દબાણની વાત કરે છે? જે સરકારે કરવાનું છે એ તો સરકારે મામલતદાર કોર્ટના હુકમ અનુસાર દૂર કર્યા છે અને બે સમજૂતીથી કર્યા છે. તો મને સ્પેસિફિક કહે તો જવાબ આપી આપી શકું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ દબાણનો પ્રશ્ન છે એમાં ત્રણ વર્ષનો પ્રશ્ન બતાવે છે આ વિધાનસભામાં પૂછ્યા પછી દબાણ દૂર કર્યું હોય એવું લાગે છે એટલે માનનીય મંત્રીશ્રી સ્પષ્ટતા કરે, અને ફારૂકભાઈએ બનાસકાંઠાનો પ્રશ્ન પૂછ્યો એમાં માનસિક દબાણ એના ઉપર લાવ્યા તો મહેસાણાનો પ્રશ્ન પણ પૂછી શકે છે ફારૂરભાઈ.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી ખોખરાની વાત કરી છે. એમાં કાયદેસરનો હુકમ કરીને ૨-૩-૦૬થી દબાણ દૂર કરવામાં આવ્યું છે એટલે આજની તારીખે સરકારી દબાણ દૂર કરવામાં આવ્યું છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, દબાણોના પ્રશ્નમાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે, બે દબાણો દૂર કરવામાં આવ્યા છે, બે ખાનગી દબાણો છે. જે ગામડાંમાં ખેતરમાં જવા માટેના રસ્તાના દબાણ છે એના કારણે અનેક ગુના બને છે, માનનીય મંત્રીશ્રી બહુ સારી રીતે જાણે છે. એટલા માટે અમારા સભ્યશ્રીનો અને બધાનો ભાવ એવો છે કે આ પ્રકારના રસ્તાઓમાં ખાનગી દબાણો હોય કે સરકારી દબાણો હોય કાનૂન મુજબ તાત્કાલિક પગલાં લઈને આ પ્રકારના દબાણો દૂર કરી પોતાના ખેતર સુધી પહોંચી શકે, પોતાની મિલકત સુધી પહોંચી શકે એના માટે કોઈ સક્રિય કાર્યવાહી કરીને આ દબાણો અને બીજા દબાણો દૂર કરવા માગો છો કે કેમ? આ બધાનો ભાવ છે એ ભાવના સદર્ભમાં જવાબ આપે. ખરેખર આના કારણે ઘણા ગુનાઓ બનતા હોય છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીની રજૂઆત પ્રત્યે સંમત છું. જ્યાં જ્યાં મારી પાસે, સરકારી અધિકારીને ફેરણીમાં જાય છે ત્યાં દબાણો ધ્યાનમાં આવે છે અથવા કોઈ ફરિયાદ આવે છે ત્યાં રાજય સરકાર ત્યાં એવી વિગતો કે એવા કિસ્સામાં ચલાવી લેવાના મતની નથી. જે પણ ફરિયાદ આવે છે ત્યાં ચોક્કસ વહેલામાં વહેલીતકે દબાણ દૂર કરવાની કોશીશ કરીએ છીએ.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે, તેમણે એમ કહ્યું કે આ સરકારી દબાણ અમે ખસેડ્યું છે અને ખાનગી દબાણ કરી શક્યા નથી. તો મારો પાડોશી જિલ્લો છે એટલે મારે કહેવું છે કે, આ દબાણ દૂર કરવા માટેની મામલતદારશ્રી પાસે સત્તા છે, રસ્તાનું દબાણ જે છે તે દૂર કરવા માટેની સરકારની સત્તા છે અને તે દૂર કરવું જોઈએ તે બાબતમાં વહેલામાં વહેલી તકે આ દબાણ દૂર કરવા માટે કોઈ ખાસ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,આ વિસનગર તાલુકાનો સવાલ છે ત્યાં સુધી મેં જવાબ આપ્યો છે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પણ વાત કરી અને સરકાર આમાં વહેલામાં વહેલી તકે દબાણ દૂર કરવા માટે પ્રયત્ન કરશે.

**અધ્યક્ષશ્રી** : નો, મને એવું લાગે છે કે આપે દબાણ દૂર કર્યુ હશે પરંતુ ખેડૂતો પોતાની ગાય, ભેંસ હોય તે રસ્તામાં બાંધતા હોય એટલે ફરીથી કદાચ બાંધી હોય તો છોડી નાંખે એવો આપ પ્રયત્ન કરી લેજો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપની વિનંતી ધ્યાને લઈને ચોક્કસ કાર્યવાહી કરાવીશું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, માનનીય મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નોના જવાબમાં બે વખત ઉલ્લેખ કર્યો કે ખાનગી દબાણો. તો મારે એ જાણવું છે કે ખાનગી દબાણોની વ્યાખ્યા શું ? કોઈ પણ અરજદારે દબાણ કરેલું હોય તો પોતાની માલિકીમાં હોય તેને તો કાંઈ દબાણ કહેવાય જ નહીં. હવે માલિકી સિવાયનું જો કાંઈ પણ દબાણ હોય તો જ દબાણ કહી શકાય. તો દબાણ કાં સરકારી જમીન હોય, કાં ગોચરની જમીન હોય, કાં ગામતળની જમીન હોય. તો આ દબાણો કયા પ્રકારના છે અને ખાનગી એટલે શું? કયા પ્રકારની ખાનગી?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં વિગતવાર જવાબ આપ્યો છે. સર્વે નંબર.૪/૧ની અંદર ઓરડી અને પંપનું બાંધકામ કર્યુ છે તે ખાનગી જમીનમાં કર્યુ છે. જ્યાં સુધી તેની આગળના રોડનો સવાલ છે તે દબાણ દૂર કરવામાં આવ્યું છે. તે ખાનગી જમીનમાં છે તેને તે દૂર કરાવવાની માગણી કરે છે.

## ભાવનગર જિલ્લામાં ભળતી જમીનની માંગણીઓ

***૧૯૧૧૦ શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર ભળતી જમીનની કેટલી માંગણીઓ આવી,

(૨) કેટલી માગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો, અને

(૩) સ્વીકાર કરાયેલ માંગણીઓ પૈકી કેટલા માંગણીદારોએ નિયમ મુજબ પ્રીમિયમ ભરી સ્વીકાર કર્યો?

**મહેસૂલ મંત્રીશ્રી**

| | | |
|---|---|---|
| (૧) | ભાવનગર સીટી - | શૂન્ય |
| | ભાવનગર ગ્રામ્ય - | ૦૫ |
| | શિહોર | ૨૯ |
| | વલ્લભીપુર- | શૂન્ય |
| | ઘોઘા | ૦૧ |
| | પાલીતાણા | ૦૪ |
| | ગારિયાધાર | શૂન્ય |
| | ગઢડા | ૦૩ |
| | બોટાદ | ૦૪ |
| | ઉમરાળા | ૦૩ |
| | મહુવા | ૦૫ |
| | તળાજા | શૂન્ય |

(૨) એકેય નહિ

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લામાં તારીખ:૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર ભળતી જમીન અંગેની અરજીઓ કયા કારણોસર મંજૂર કરવામાં આવી નથી ? અને બીજો પ્રશ્ન એ છે કે, આ અરજીઓ કેટલા સમયથી પેન્ડીંગ છે અને કયા કારણોસર ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ભળતી જમીન આપવા માટેનો સરકારના બે જી.આર. છે. એક ૨૩-૯-૮૭નો રહેઠાંણ માટે ભળતી જમીન આપવાનો જી.આર. છે ૨૫-૯-૯૭નો ખેતીની જમીન માટે ભળતી જમીન આપવાનો જી.આર. કરેલો છે. આ જી.આર.ની જે કાંઈ જોગવાઈઓ છે તે સરકારી જમીન જ્યારે

કોઈને આપવાની હોય તો સરકારી માલિકીની જમીન આપતાં પહેલાં અમુક ધોરણો જે નક્કી કર્યા છે તે ધોરણો અનુસાર અરજદારની અરજીમાં તે ફૂલફિલ ના થતાં હોય તો લાગુ જમીન કે ભળતી જમીન આપી શકાતી નથી. તેમનો જે પ્રશ્ન છે તેમાં ભાવનગર જિલ્લામાં અત્યાર સુધી ૫૪ અરજીઓ આવી છે તેમાં ૪૩ અરજીઓ તે દફતરે કરી છે. એટલે જે ધોરણો નક્કી કર્યા છે રહેઠાંણ અને ખેતીની જમીન લાગુ તરીકે આપવાનાં તે ધોરણોમાં અરજી ફીટ થતી નથી એટલે ૪૩ દફતરે કરી છે અને ૧૧ અરજીઓ બાકી છે તે વિવિધ સ્થળે ચકાસણી અર્થે બાકી છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : લાગુ જમીન આપવાના નિયમો બહાર પાડવામાં આવ્યા છે, એવી મંત્રીશ્રીએ વાત કરી. તો આ જમીન આપવાના નિયમો શું છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: મેં અગાઉ કહયું એમ લાગુ જમીન રહેઠાણના પર્પઝ માટે આપવામાં આવે છે. એનો જી.આર. સરકારે ૮૭માં કરેલો છે. બીજો ૯૭નો જી. આર. છે એ ખેતીની જમીન માટેનો છે. મકાન માટે જમીન આપવાના નિયમોમાં વધુમાં વધુ ૫૦ ચોરસ મીટરની મર્યાદામાં આપી શકાય. રસ્તાની પહોળાઈ ૧૫ ફૂટ કરતાં ઘટે નહીં તે રીતે આપવાની રહે. નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે, જિલ્લા કક્ષાના રસ્તાઓ પરની જમીન આપી શકાશે નહીં. અનિયમિત આકારનો પટ્ટો કે જે જમીનનો સ્વતંત્ર રીતે નિકાલ ન થઈ શકે એવી જમીન આપી શકાશે. આડોશી-પાડોશીના વાંધા સાથે નિર્ણય લેવાનો રહેશે. ગામતળની જમીન માટે ૫ હજાર ચોરસમીટર સુધી ડેપ્યુટી ડી.ડી.ઓ. અને ૫ હજારથી વધુ જમીન માટે ટી.ડી.ઓ.ને સત્તા રહેશે. આ માટે નોર્મ્સ ફૂલફીલ થતા હોય તો બજાર કિંમતે આપવામાં આવશે. ખેતી વિષયક જમીન માટે ૯૭નો જી.આર. છે. નાના કદના ઢંગધડા વગરના આકાર કે સ્થાનને કારણે ટૂકડા પ્રકારની જમીન કે જેનો સ્વતંત્ર નિકાલ થઈ શકશે નહીં એવી જમીન આપી શકાશે. જમીન માલિકનું પોષણક્ષમ ખાતું વધે નહીં તે રીતે બજાર કિંમતે આપી શકાશે. રાષ્ટ્રીય ધોરી માર્ગ, રાજય ધોરી માર્ગ, મુખ્ય જિલ્લા માર્ગ કે રોડની તદ્દન નજીક આવેલી જમીન નહીં આપી શકાય. શહેરી વિકાસ સત્તા મંડળ કે શહેરી વિકાસના કામમાં એક કે બે કિલોમીટરની ત્રિજયામાં આપી શકાશે. આ ૫૪ માંથી ૪૩ અરજીઓ દફતરે કરવામાં આવી છે એના કારણોમાં રહેઠાણ અને ખેતીવાડી માટેના ધોરણો પૂરા થઈ શકતા નથી. એટલા માટે લાગુ જમીનના લાભાર્થીઓને નિયમ બહારની અરજી હોવાથી લાભ આપી શકાયો નથી.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સીધો પ્રશ્ન કરું છું કે ખેડૂતની ૧૦ વીઘાની ખેતીની જમીન હોય અને પડખે જમીન પડી હોય તો એ જમીન મેળવવા માટે એના ખરેખર નિયમ શું છે? અને એ નિયમોમાં કોઈ છૂટછાટ આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ખેતી માટે જમીનના નિયમોની મેં વિસ્તૃત વાત કરી છે. માહિતી આપી છે. અત્યારે હાલ સરકારના જે કાંઈ નિયમો છે એ પ્રમાણે જ કાર્યવાહી ચાલે છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : ઉદ્યોગકારોને સામેથી બોલાવીને જમીન આપો છો, તો આ ૧૧ કેસ પેન્ડિગ પડયા છે એ કયા કારણોસર પડયા છે? અને કેટલા સમયમાં એનો નિકાલ કરવા માગો છો? ૨૫/૯/૯૭ના જી.આર.માં કોઈ છૂટછાટ આપીને લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ સરકારમાં ઉદ્યોગોને પણ નિયમો અનુસાર જ જમીન આપવામાં આવે છે, એટલે માનનીય ધારાસભ્યશ્રીને કહેવા માગું છું કે દરેક વખતે એ ઉદ્યોગકારોની વાત લાવવાની જરૂર નથી. એમને પણ નિયમો અનુસાર જ કાર્યવાહી થાય છે. બીજું કે રહેઠાણ અને ખેતીવાડી માટેની જમીન નિયમો અનુસાર આપવામાં આવે છે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : હમણા જે નોર્મ્સ કહ્યાં એમાં આકાર વગરની, ભળતી ન હોય તેવી, સરકારે નિર્દિષ્ટ કરેલી આદેશોને અનુલક્ષીને જ કરવામાં આવે છે. રાજયમાં કેટલાયે ખેડૂતો એવા છે કે આસપાસની જમીન ખરાબાવાળી અને બિનઉપજાઉ છે, એમાં મહેનત કરીને પથ્થરમાંથી પાણી કાઢે અને શેઢાની બાજુમાં આવેલી જમીન નિયમિત કરવા માટે અરજી કરે તો મંત્રીશ્રીને વિનંતી છે કે નોર્મ્સમાં એવો સુધારો કરીએ કે ખરાબાની જમીન આમાં લઈ શકાશે તો ઉપજ વધશે અને ઉપજાઉ અને ફળદ્રુપ બનશે. તેથી હું મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ કાયદામાં સુધારો કરીને માનનીય મંત્રીશ્રી ખેડૂતને લાગત બિન-ઉપજાઉ જમીન છે એમાં મહેનત કરી શકે એવો અવકાશ આપવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીનું સૂચન છે, પરંતુ તેમણે જે ચિંતા વ્યકત કરી છે એ આ રાજય સરકારની બીજી બે એવી યોજનાઓ છે જે લેન્ડ સિલિંગ એકટની જમીનો ફાજલ પાડી છે એમાં પણ ગરીબ અને ખેતમજૂરોને આપવામાં આવે છે, સાંથણી દ્વારા પણ પૂરતા પ્રમાણમાં અરજદારોની અરજીઓને સંતોષ આપવામાં આવે છે.

**મહેસાણા જિલ્લામાં લેન્ડ કચેરી ભરવા બાબત**

***૨૧૧૨૩ શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલાના કયા કયા તાલુકાઓમાં લેન્ડ કચેરી ભરવામાં આવી,
(૨) આમાં ખેરાલુ તાલુકામાં કેટલા જરૂરતમંદોને કેટલી જમીન ફાળવવામાં આવી, અને
(૩) આ ફાળવણીમાં કોઈ ગેરરીતિ થયાની ફરિયાદો મળેલ છે, તો કેવા પ્રકારની?

**મહેસૂલ મંત્રીશ્રી:**

(૧) તાલુકાનું નામ

| | |
|---|---|
| ૧. મહેસાણા | ૫.વડનગર |
| ૨. બેચરાજી | ૬. ખેરાલુ |
| ૩. કડી | ૭. ઉંઝા |
| ૪. વિસનગર | ૮. સતલાસણા |

(૨) ૧૬૭ જરૂરતમંદોને હે.૧૦૨-૧૮-૪૨ ચો.મી. જમીન ફાળવી.

(૩) ના,જી.

**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ** :માનનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે શું આ લેન્ડ કચેરી ભરીને જે નિકાલ કરેલ જમીનમાં ઠાકોર અને રબારી વસાહતોની જમીનો કે જે ૧૯૩૯ માં ગાયકવાડ સરકાર અને ૧૯૬૩ માં ગુજરાત સરકારે ઠાકોર અને રબારીઓને જમીનો આપી હતી ખેડવા માટે એવી જમીનો ખાલસા જમીનો, શરતભંગની જમીનો કે ટૂકડાધારાની લેન્ડની જમીનોનો લેન્ડ કમિટીમાં સમાવેશ કરીને જાહેરનામું કરવામાં આવેલ છે કે કેમ અને મારો બીજો પ્રશ્ન એ છે કે એ વાત સાચી છે કે લેન્ડ કચેરીમાં ફાળવણી કરવાની જમીનો વર્જીન લેન્ડ એટલે કે કુંવારી જમીનો અને સરકારશ્રીના તા.૧-૧૧-૦૩ ના જી.આર.મુજબ આખરી યાદી એટલે કે ફાઈનલ યાદીમાં કલેકટર દ્વારા સમાવેશ કરવામાં આવ્યો હોય, એટલે આખરી યાદી એટલે કે એવી જમીનો કે સ્થાનિક સંસ્થાને પૂછવામાં આવ્યું હોય કે ગૌચર માટે, ગામતળ માટે,ગામ તળાવ માટે, ખરાવાડ માટે, સ્મશાન માટે આ જમીનની જરૂર છે કે કેમ? ગૌચર માટે સો ઢોરોએ ૧૦૦ હેકટર જમીનનો નો સમાવેશ કરવામાં આવે પછી જ એનો નિકાલ કરવામાં આવ્યો છે કે બારોબાર નિકાલ કરવામાં આવ્યો છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે કે મહેસાણા જિલ્લાના કયા કયા તાલુકામાં લેન્ડ કચેરી ભરવામાં આવી અને આ લેન્ડ કચેરી દ્વારા કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો? તો આગલા પ્રશ્નમાં મેં જેમ વાત કરી હતી એમ આ રાજય સરકાર ગરીબો માટે, પછાતો માટે, એના મંડળો માટે, માજી સૈનિકો માટે, અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી કહેતા હતા કે માજી સૈનિકોનું નામ નથી. તો અગાઉ વર્ષો સુધી તમારી સરકારમાં ભૂતકાળમાં સાંથણી કરી નથી અને આ સરકારે રાજયમાં તમામ જિલ્લાઓમાં અને તાલુકાઓમાં સાંથણીનો કાર્યક્રમ હાથ ધર્યો છે અને એ અહીંયાં મારા જવાબમાં જોઈ શકાય છે. મહેસાણા જિલ્લામાં ૮ એ ૮ તાલુકાઓમાં સાંથણી ભરાઈ છે, તેમના ખેરાળુમાં ૨૬૭...(અંતરાય) પણ આ ખેતમજૂરોની વાત કરી છે, બક્ષીપંચની વાત કરી છે, માજી સૈનિકોની વાત કરીને આ સાંથણીનો કાર્યક્રમ રાજય સરકારે હાથમાં લીધો છે અને ભૂતકાળમાં કોઈ જમીન અપાતી નહોતી અને રાજય સરકારે નર્મદાનો જે બાન હતો એ ઉઠાવીને આ ગરીબો અને સામાન્ય લોકાને સાંથણીની યોજના નીચે જમીન મળે એના માટેનો આ કાર્યક્રમ છે અને મહેસાણા જિલ્લામાં આ કાર્યક્રમ નીચે ૫૪૧ લાભાર્થીઓને ૩૬૩.૪૮ હેકટર જમીન આપી છે એમાં ૧૯૬ માજી સૈનિકોને આપી છે, એની અંદર ૨૪૬ અનુસૂચિત જાતિના લોકોને આપી છે અને ૯૯ સમાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના લોકોને આખા જિલ્લામાં સાંથણીની યોજના નીચેના કાર્યક્રમના ભાગરૂપે આપી છે. તેમાં ખેરાળુની તેમણે વાત કરી તો ૧૬૭ લોકોને ૧૦૨.૧૮ હેકટર જમીન આપી છે એની અંદર પણ ૪૯ સૈનિકોને, ૧૭૫ ઈસમો અનુસૂચિત જાતિના અને ૪૩ જમીન વિહોણા લોકોને આપી છે. એટલે આ સાંથણીમાં ભૂતકાળમાં કોઈ પણ જમીન બક્ષીપંચના લોકોને કે માજી સૈનિકોને જમીન આપતા નહોતા અને આ રાજય સરકારે આખા રાજયમાં પ્રાયોરિટીને ધ્યાનમાં રાખીને આ કામગીરી હાથ ઉપર લીધી છે.

**શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ** : પ્રાયોરિટી ધ્યાનમાં રાખીને માજી સૈનિકોને જે જમીન આપી છે તો મારે આ ગૃહમાં જણાવવું છે કે મારો દીકરો પણ માજી સૈનિક છે, તો ભલે એ માજી સૈનિકોને મળી એમાં મારો વિરોધ નથી, પરંતુ મારા વિસ્તારમાં ઠાકોરોને અન્યાય થયો છે તેમને મળેલ ગાયકવાડ વખતની ૧૯૬૬ ના જી.આર. મુજબની જમીનો તેમની પાસેથી લઈને ફાળવવામાં આવે છે તો આવો અન્યાય થયેલ છે કે કેમ? (અંતરાય)

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી કોઈ ફરિયાદ નથી અને એની સ્પેસિફિક ફરીયાદ આપશે તો તપાસ કરીશું. આવી કોઈ ફરિયાદ ધારાસભ્યશ્રીએ કયારેય પણ કરી નથી. (અંતરાય)

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા :** માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે માજી સૈનિકોને સાંથણીની જમીન આપવામાં આવે છે તે માજી સૈનિકો રાજયના છે કે રાજયની બહારના સૈનિકો છે. અને રાજયની બહારના માજી સૈનિકોને આ જમીન આપી શકાય કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ :** માજી સૈનિકોને જમીન ફાળવવા માટેના ધોરણો હાલમાં અત્યારે મારી પાસે ઉપલબ્ધ નથી, પણ જે કોઈ સાંથણીની જમીન આપી છે તેમાં ૫૦ કરતાં વધારે નિયમોમાં કોનો કોનો માજી સૈનિકોમાં સમાવેશ થાય તેનું આખું લીસ્ટ છે અને તે પ્રમાણે જ જમીન આપેલી છે.

**ડૉ. સી. જે. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, સાંથણીમાં જે જમીન આપવામાં આવે છે તે સરકારી પડતર અને વર્જીન જમીન આપવામાં આવે છે. આ જમીન સરકારના વખતો વખતના પરિપત્રના અનુસંધાને આપવામાં

આવે છે. પણ શરતભંગથી સરકારી પડતરમાં દાખલ થયેલી હોય અને ૮૪(ક) લાગુ થઈ હોય, જે માનનીય મંત્રીશ્રી જાણે છે, અને એમાં લીટીગેશન ચાલુ હોય અને ખેડૂતે કબજો છોડયો નથી એવી જમીનની પણ સાંથણી કરવામાં આવે છે, તો આ લીટીગેશન અને ઝગડા થાય છે, તેથી આવી શરત ભંગ થયેલ જમીનની સાંથણી કરવામાં આવે છે તે વાત સાચી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં જે લેન્ડ કચેરી ભરાય છ એમાં આ મુદ્દો ધ્યાનમાં લેવામાં આવે છે. સરકારી ચોખ્ખી પડતર જમીન હોય અને અરજદારોની જે સંખ્યા હોય એ સંખ્યા મુજબ ફાળવવામાં આવે છે. એટલે જ્યાં તકરારની બાબત હોય એવી જમીનનો લેન્ડ કચેરીમાં સમાવેશ કરવામાં આવતો નથી.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે ગોપાલક મંડળની બરોડા સ્ટેટ વખતથી જે જમીન અપાઈ છે તે પછી ગુજરાત રાજયની સ્થાપના થઈ પછી તે જમીન સતત ચાલુ રાખી છે. તે ગોપાલક મંડળને કેટલાકને ફડચામાં લઈ જઈ ને તેની અંદર જમીન ગેરકાયદેસર કરી અને સરકાર પોતાને હેડે લઈ લે છે અને તેની સાંથણી કરવામાં આવે છે અને વર્ષોથી ગોપાલકો કામ કરતાં હતાં તેને વંચિત કરવામાં આવે છે. બીજો પ્રશ્ન એ છે કે એકસ આર્મી મેનને જે જમીન આપો છો તે ખોટું નથી. પરંતુ એમાં જે જમીન આપો છો તે નાના નાના ટૂકડામાં આપો છો અને તે માણસ તે ગામમાં રહેતો નથી દૂરના વિસ્તારમાંથી આવીને જમીન લે છે અને તેનો સદઉપયોગ કરી શકે તેમ નથી, એટલે મારે એટલું જાણવું છે કે જે નોર્મ્સ પ્રમાણે પછાત વર્ગ, ઓ.બી.સી. અને પશુપાલકોના લોકો સ્થાનિક છે, અને નાના ટૂકડા છે તે તેમને પ્રથમ અગ્રતા આપીને આપવા માગો છો કે કેમ? અને ગોપાલક મંડળ અંગેની સ્પષ્ટતા માનનીય મંત્રીશ્રી કરે એટલી વિનંતી છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : જે લેન્ડ કચેરી ભરાય છે તેમાં ગામમાં જાહેર હેતુ માટે ઉપયોગી હોય તેવી જગ્યા અલગ કઢાય છે, ભવિષ્યમાં સરકારને કે પંચાયતને કામમાં લાગે તેવી હોય તેવી જમીન અલગ કઢાય છે, અને તેના પછી જે ચોખ્ખી જમીન ઉપલબ્ધ થાય તે અને લાભાર્થીઓ કેટલા છે તે બન્નેનું બેલેન્સ કરીને વધુમાં વધુ સંતોષ આપી શકાય તે મુજબ જમીન કેટલી ઉપલબ્ધ છે તેનું બેલેન્સ કરીને આપવામાં આવે છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે એમણે માજી સૈનિકોને જમીન ફાળવી છે. પણ હું એ જાણવા માગું છું કે જે સૈનિકોએ વર્ષો સુધી જુદી જુદી જગ્યાએ રષ્ટ્રની સેવા કરી હોય અને અનેક સ્થાનો ઉપર ફરતા હોય, ત્યારે તે નિવૃત્ત થઈને આવે છે ત્યારે ખેડૂત હોતા નથી, તેથી એવા સૈનિકો જે ખેડૂત નથી તેમને માર્કેટ રેટથી જમીન વેંચાતી આપીને તેવા સૈનિકોને ખેડૂત બનાવવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**જામ જોધપુર તાલુકામાં વારસાઈ એન્ટ્રીઓની પડતર અરજીઓ**

***૨૦૮૯૦ શ્રી ચીમનલાલ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ જામ જોધપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીન અને વારસાઈ એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવેલ છે,
(૨) તે પૈકીની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે,
(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવા માગો છો, અને
(૪) નામંજૂર કરેલ અરજીઓના શું કારણો છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧)

| ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની આવેલ અરજીઓ | વારસાઈ એન્ટ્રીઓ પાડવાની આવેલ અરજીઓ |
|---|---|
| ૧૪૦૦ | ૫૯૮ |

(૨)

| ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પૈકી મંજૂર કરેલ અરજીઓ | વાસરઈ એન્ટ્રીઓ પૈકી મંજૂર કરેલ અરજીઓ |
|---|---|
| ૯૦૫ | ૪૦૬ |

(૩) સત્વરે
(૪) ખાતેદાર ખેડૂત હોવાનો આધાર રજૂ ન થવાના કારણે એક નોંધ નામંજૂર કરવામાં આવેલ છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામજોધપુર મામલતદાર કચેરીમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની ૧૪૦૦ અરજીઓ માટે જે રજુઆત આવેલ તેમાંથી ૯૦૫ એન્ટ્રીઓ મંજૂર કરેલ છે. અને ૪૯૫ દફતરે કરેલ છે, જયારે વાસરઈ માટેની જે ૫૯૮ અરજીઓ આવેલ તેમાંથી ૪૦૬ મંજૂર કરેલ છે અને ૧૯૫ પડતર રહેલી છે. તો હું એ જાણવા માગું છું કે આમાંથી ૬ મહિના કરતાં વધારે સમયનો વિલંબ થયો હોય તેવી એન્ટ્રીઓ વારસાઈ માટેની અને ખરીદેલી જમીનની કુલ કેટલી બાકી છે અને એક વર્ષથી વધારે સમયની પડતર હોય તેવી કેટલી અરજીઓ બાકી છે. અને બીજો પ્રશ્ન એ છે કે ૧૩૫ (ડી) ની નોટિસ સમયસર બજતી નથી તો તે અંગે સરકાર શું કરવા માગે છે? વિલંબ સમયસર કરતાં વધારે થયો હોય તો એની તપાસ કરી કર્મચારી, અધિકારીઓ સામે પગલાં ભરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં જમીનની લે વેચ થઈ હોય એની એન્ટ્રીઓ પાડવાનો છે. એમાં ૧૪૦૦ અરજીઓ આવી હતી એમાંથી ૬૫ ટકા એટલે કે ૯૦૫ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. ૨૧૩ અરજીઓ રદ કરવામાં આવી છે અને ૨૮૧ અરજીઓ પડતર છે. આ રદ કરેલ હોય, પડતર હોય એના ચોક્કસ કારણો હોય છે. જે રેકર્ડ આધારિત હોય છે. જે લોકો દસ્તાવેજો કરે છે એની પાસે સપોર્ટીંગ ડોકયુમેન્ટ ન હોય તો એન્ટ્રી રદ કરવામાં આવે છે. અથવા તો પડતર રાખવામાં આવે છે. બીજું સપોર્ટીંગ દસ્તાવેજોની માગણી કરી હોય અને એ સમય મર્યાદામાં લઈને આવે તો એનો નિકાલ કરવામાં આવે છે.

વારસાઈની એન્ટ્રીઓની વાત કરવામાં આવી છે એમાં ૬૮ ટકાનો નિકાલ કરવામાં આવ્યો છે. ૪૧ અરજીઓ રદ કરવામાં આવી છે જ્યારે ૧૫૧ અરજીઓ પડતર છે. આ પડતર અરજીઓ છે એમાં ૩૦ દિવસનો સમય હોય છે. એમાં ૧૩૫(ડી)ની નોટિસ એન્ટ્રી પડ્યા પછી ઓટોમેટિક જનરેટ થાય છે. એ નાયબ મામલતદાર ઈ ધરા જે તે ગામના તલાટીને આપે છે અને એ તલાટી ગામમાં બજાવવા જાય છે.. એમાં તલાટી કેટલીક વખત મેલાફાઈડ ઈન્ટરેસ્ટથી જે તે અરજદારને એ નોટિસ ન બજાવે એવા કિસ્સા પણ ધ્યાને આવ્યા હતા. તેથી હવે આ ૧૩૫(ડી) ની નોટિસ અન્ડર પોસ્ટલ સર્ટિફિકેટથી મોકલવામાં આવે છે. જેથી આપણી પાસે એનો ચોક્કસ પુરાવો રહે. અરજદારને જો વાંધો હોય તો એ ૩૦ દિવસમાં કહી શકે. આપણે બીજી સિસ્ટમ સોફટવેરમાં દાખલ કરી છે. કર્ણાટક અને આંધ્રપ્રદેશમાં આપણા પછી એ લોકોએ આ સિસ્ટમ દાખલ કરેલ છે. એ ફીફો સિસ્ટમ છે. જેમાં ફસ્ટ ઈન ફસ્ટ આઉટ જેની એન્ટ્રી વહેલી થઈ હોય એની ૧૩૫(ડી) ની નોટિસ પહેલી બહાર નીકળે અને એન્ટ્રી સર્ટિફાઈડ પણ પહેલી થાય. પહેલા લાગવગવાળા લોકો ૧૩૫(ડી) ની નોટિસ પહેલા કઢાવી જતાં હતા સર્ટિફાઈડ પણ પહેલા કઢાવી જતાં હતા એટલે એ ન થાય એના માટે આ ફીફો સિસ્ટમ દાખલ કરી છે. માનનીય ધારાસભ્યશ્રીની ચિંતા છે એમાં કોઈ અરજીનો નિકાલ થાય, કોઈ અરજી મંજૂર થાય અથવા પડતર થાય અથવા તો રદ થાય એટલે ૩૦ દિવસમાં કૉમ્પ્યુટર સિસ્ટમમાં આ કાર્યવાહી થાય છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : એન્ટ્રી પાડવામાં ૧૩૫ (ડી)ની નોટિસની વાત છે. વેચનાર માલિક જમીન વેચે પછી લેનાર એ જમીનનો દસ્તાવેજ કરાવે છે. આમાં લેનાર અને વેચનાર બંનેના દસ્તાવેજની અંદર ફોટો ચોટાડવામાં આવે છે. લેનાર વેચનારને પૈસા આપે પછી દસ્તાવેજ થતો હોય છે. ૧૩૫(ડી) ની નોટિસ છે એ તલાટી કમ મંત્રી દ્વારા કે પોસ્ટ દ્વારા વેચનાર માલિક પાસે જાય ત્યારે એ ના પાડે છે એના કારણે આ અરજી રદ થાય છે. એટલે લેનારે વેચનારને બીજા વધારાના પૈસા આપીને સહી કરાવવી પડે છે. દસ્તાવેજમાં લેનાર અને વેચનારના ફોટા હોય છે તેથી ૧૩૫(ડી)ની જરૂર નથી. તો આ નોટિસ રદ કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : કૉમ્પ્યુટરની અંદર ડેટા એન્ટ્રી થઈ ગયા પછી એમાં ફેરફાર કરવો હોય તો કૉમ્પ્યુટર એન્ટ્રી તો પાડે છે પરંતુ એને ૩૦ દિવસ આપવા પડે છે. એના વારસદારો હોય, જમીનને લગતા સબંધિત લોકો હોય એને ૩૦ દિવસ ફન્ડામેન્ટલ રાઈટ છે એને સમય આપવો પડે. જો આ ૩૦ દિવસમાં કોઈ વાંધો ન આવે તો એ એન્ટ્રી સર્ટિફાઈડ થઈ જાય છે. એટલે ૩૦ દિવસનો ફન્ડામેન્ટલ રાઈટ આપવો જ પડે એનો ખુલાસો મંગાવવો પડે પછી જ એ કરી શકાય. એટલે ૩૦ દિવસ તો રાહ જોવી જ પડે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : વારસાઈ એન્ટ્રીનો પ્રશ્ન છે જે અતિ મહત્ત્વનો પ્રશ્ન છે. જે લોકો સીધી લીટીના વારસદારો છે એની પાસે પૂરતા પુરાવા હોવા છતાં જે ડિલે પ્રોસેસ થાય છે એના કારણે હક્કદાર માણસો એટલા બધા અકળાય છે, તેઓ વારંવાર ધક્કા ખાય છે. એ ન થાય એના માટે સહેલી પદ્ધતિ દાખલ કરવી જોઈએ. જે સીધી રીતના વારસદાર છે એને તરત જ કરી આપવું જોઈએ. પરંતુ જે કોમ્પ્લીકેટેડ છે એમાં સમય પસાર કરો એનો વાંધો નથી. મારે મારા દીકરાને જમીન ફાળવવી હોય તો એની એન્ટ્રી તરત જ પડી જવી જોઈએ. તેમાં કોઈ બીજાં વાંધા વચકા હોતા નથી છતાં પણ એમાં એટલો બધો સમય પસાર કરવામાં આવે છે કે જેના કારણે હકકદાર ખેડૂત માલિક પણ એટલો બધો અકળાય છે. આ વસ્તુને સીધી રીતે કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આખી સિસ્ટમ કોમ્પ્યુટરાઈઝ કરી છે. કદાચ તેમનું જે સૂચન છે એ કઈ રીતે આમાં જોઈ શકાય એ પણ અમે ધ્યાને લઈશું.

**મહેસૂલ ક્ષેત્રિય અધિકારીઓના માર્ગદર્શન અંગે પગલાં**

***૨૧૪૫૬ શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં વહીવટ સુધારણાના ભાગ રૂપે મહેસૂલ ક્ષેત્રિય અધિકારીઓના માર્ગદર્શન માટે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા પગલાં લીધા છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા.

(૨) (૧) મહેસૂલ વહીવટ સાથે સંકળાયેલ અધિકારી/કર્મચારીઓને મહેસૂલી તાલીમ.

(૨) જિલ્લા કલેકટરોની મહેસૂલી કામગીરીની પ્રાદેશિક ત્રિમાસિક સમીક્ષા.

(૩) સમયાંતરે મામલતદાર/પ્રાંત અધિકારીશ્રીઓનો સૅમિનાર.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે એટલા માટે કે આ જમીનના મૂળભૂત પ્રશ્નોમાં દસ્તાવેજ..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ઉપર આવો તો સારું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : તેમણે ખૂબ ક્રાંતિકારી પગલાં ભર્યા છે. મારા પ્રશ્નનો જવાબ મને સંતોષકારક મળ્યો છે પણ આપના દ્વારા એક પ્રશ્ન પૂછવા માગું છું. પાવર ઑફ એટર્નીમાં ફોટોગ્રાફી કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : હજુ પાવર ઑફ એટર્ની અત્યારે રજિસ્ટ્રેશન થાય તેમાં ફરજીયાત ફોટોગ્રાફી અને થમ્પ ઈમ્પ્રેસન છે. પાવર ઑફ એટર્ની ઉપર સરકાર વિચારી રહી છે.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલી સુધારણા માટે ક્ષેત્રિય અધિકારીઓને માર્ગદર્શન માટે માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે કે જિલ્લા કલેક્ટર અને તાલુકા મામલતદાર અને પ્રાંત અધિકારીઓને સમયાંતરે ત્રણ મહિને આ કામગીરીના અન્વેષણ અંગે મિટિંગો મળે છે તો હમણાં આગલા પ્રશ્નમાં જોયું કે બે-બે વર્ષ સુધી ૩૦૦ એન્ટ્રીનો નિકાલ ન થયો હોય તો આ મુદ્દો પણ તેમાં ચર્ચવામાં આવશે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ**: આ મહેસૂલ વિભાગમાં વર્ષોથી અવારનવાર નાની મોટી ફરિયાદો, ગેરરીતિઓની ફરિયાદો, સમયસર કામ નહીં થવાની ફરિયાદો, આ બધી ફરિયાદો વર્ષોથી મહેસૂલ વિભાગ એક મોટા ફલકવાળો વિભાગ છે. આ રાજય સરકારે ઘણા બધા આવા સુધારા કર્યા છે. જ્યારે મારી માગણીઓ આવશે ત્યારે ડિટેઈલમાં વાત કરીશ. પણ મેજર બે સુધારા આ પ્રશ્નના જવાબને લાગુ પડે છે. એક તો મહેસૂલ સાથે સંકળાયેલા મામલતદારથી માંડીને કલેક્ટર સુધીના તમામ અધિકારીઓને તાલીમ આપવાનો મોટો કાર્યક્રમ રાજય સરકારે ત્રણ વાર કર્યો છે. અત્યાર સુધીમાં ૪૧૮૮ કર્મચારીઓને તાલીમ આપવામાં આવી છે. એ જ રીતે પહેલી વખત આખા રાજયના ઝોન વાઈઝ ત્રણ ઝોનમાં જિલ્લા કલેકટરોની મિટિંગ દર ત્રણ મહિને ૩૫ પત્રક બનાવ્યા છે. તેમાં રોજબરોજની કામગીરી, દબાણની કામગીરી, નવી શરત અને જૂની શરતની કામગીરી, સરકારની પ્રિમિયમની કામગીરી આ બધી કામગીરી સમયસર થાય તે માટે ૩૫ પત્રકો બનાવ્યા છે અને આ ૩૫ પત્રકોને આર.આઈ.સી. ઝોન વાઈઝ ત્યાં જઈને ઝોનના કલેકટરોની દર ત્રિમાસિક મિટિંગ લે છે અને તેમાં રીવ્યુ થાય છે. તેમાં કામગીરી નબળી જણાય તો તેમાં જે કંઈ રીમાર્કસ પાસ કરવામાં આવે છે તે રીમાર્કસ પણ તેમાં કરવામાં આવે છે. મહેસૂલ વિભાગે Integrated work for document management ststem દાખલ કરી છે. એટલે તમામ રૅકૉર્ડ અહીં ઈ-મેઈલથી ગાંધીનગર કક્ષાએ આવે છે અને ઈ-મેઈલથી તેમનો ખુલાસો પણ પૂછવામાં આવે છે કે આ ૩૫ આઈટમમાંથી કઈ કઈ આઈટમમાં નબળી કામગીરી થઈ છે? એટલે આ રીતે પેપરલેસ કામગીરી પણ મોટા પ્રમાણમાં રાજયમાં ચાલે છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસૂલ વિભાગની કામગીરી સરળતાથી થઈ શકે તે માટે અનેકવિધ સુધારા કર્યા છે. એ બદલ ખૂબ ખૂબ અભિનંદન, પણ મારે એ જાણવું છે કે રાજય સરકારે રાજયની અંદર રાજાશાહીના વખતમાં રાવડા હક્ક, તળ હક્ક, કરામા હક્ક, જેવા જે વર્ષો જૂના પ્રશ્નો હતા તેનું નિરાકરણ કરીને રાજયના લગભગ ત્રણ લાખથી વધારે ખેડૂતોને ફાયદો મળે છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. પણ ઝુંબેશના રૂપમાં એને નિયમિત કરવા માટે સરકારશ્રી કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ રાજયની સરકારે ઐતિહાસિક નિર્ણય ૯૦ વર્ષ પછી આ નિર્ણય લેવાયો છે. આ રાજયની અંદર આ નિર્ણય લીધા પછી એમાં ઝડપથી લાભાર્થીઓને લાભ મળે એવું આયોજન કર્યુ છે અને વહેલામાં વહેલી તકે આ લાભાર્થીને કેમ લાભ મળે એની માટે સરકાર ચિંતા કરશે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ઘણી વખત એવું બને છે કે ખોટા દસ્તાવેજો ઉભા કરીને પણ ઘણા માણસો જમીન પડાવી લેતા હોય છે તો આવું પાટડી તાલુકામાં

હિંમતપુર ગામમાં કોઈ ખોટા દસ્તાવેજ ઉભા કરીને કોઈ ધારાસભ્યશ્રીએ સરકારમાંથી આવી જમીન લીધી હોય એવું સરકારના ધ્યાનમાં આવ્યું છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** :ના, જી., સ્પેસિફિક વિગત આપશે તો તપાસ કરાવીશું.

**કેન્દ્ર સરકાર દ્વારા મળેલ સહાય**

***૧૯૦૦૭ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જાન્યુઆરી, ૨૦૦૭ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ કેટલી રકમોની સહાય જુદી જુદી કુદરતી આપત્તિઓ માટે કરી, અને

(૨) કયારે કયારે અને કઈ કઈ આપત્તિઓ માટે?

**મહેસુલ મંત્રીશ્રી :**

(૧) જાન્યુઆરી ૨૦૦૭ સુધીમાં

| ક્રમ | વર્ષ | રકમ રુ. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૫-૦૬ | રુ. ૪૮૮.૮૧૦૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | રુ. ૭૯૨.૫૫૫૦ |
| | **કુલ :** | **રુ.૧૨૮૧.૩૬૫૦** |

(૨) **વર્ષ :૨૦૦૫-૦૬**

તા:૨૮-૧૧-૨૦૦૫, તા:૪-૭-૨૦૦૫, તા:૨૩-૩-૨૦૦૬

**વર્ષ : ૨૦૦૬-૦૭**

તા:૨૧-૬-૨૦૦૬, તા:૨૪-૮-૨૦૦૬ ના (ત્રણ પત્રો) તા.૧૪-૭-૨૦૦૬.

**કેલેમીટી રીલીફ ફંડના નિયમોમાં દર્શાવેલ જુદી જુદી આપત્તિઓ માટે.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કેન્દ્ર સરકારે ૨૦૦૫-૦૬માં જે ૪૮૮ કરોડ આપ્યા એમાં કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલી છે? બીજું ૨૦૦૬-૦૭ની અંદર મને જવાબમાં જણાવવામાં આવ્યું છે કે ૭૯૨ કરોડ રુપિયા કેન્દ્ર સરકારે આપ્યા છે તો આ ૭૯૨માંથી કેટલી રકમ વપરાઈ અને કેટલી વણવપરાયેલી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આ સભાગૃહ દ્વારા સમગ્ર ગુજરાતની જનતાનું ધ્યાન દોરવા માગું છું કે, ભારત સરકારે વખતોવખત ગુજરાતની ઉપર જયારે આપત્તિ આવે છે ત્યારે બીજી બાબતોમાં તો અન્યાય કરે છે પણ આ વખતે કુદરતી આપત્તિની પણ મોટી મોટી જાહેરાતો કરી છે. (અંતરાય) હું કહેવા માગું છું શાંતિથી સાંભળો ( સતત અંતરાય) માનનીય વિરોધ પક્ષના દંડકશ્રીએ જે પ્રશ્ન ઉભો કર્યો છે હું એની આંકડાકીય માહિતી આપવા માગું છું (સતત અંતરાય) ૨૦૦૬-૦૭ના વર્ષમાં આ ગુજરાતની અંદર જે આવી ભયાનક આપત્તિ આવી, આખું ગુજરાત જાણે છે, ગુજરાતની પ્રજા જાણે છે, બીજા રાજયો જાણે છે. ભારત સરકારશ્રી જાણે છે. (સતત અંતરાય) જવાબદાર તરીકે કહુ છું એક પૈસો ૨૦૦૬-૦૭માં આ કેન્દ્ર સરકારે આપ્યો નથી. હું આકડાકીય માહિતી આપુ છું શાંતિથી સાંભળો, , આ ગુજરાતની પ્રજાને કેવી રીતે અન્યાય કર્યો છે ભારત સરકારે (સતત અંતરાય) હું આકડાકીય માહિતી આપવા માટે તૈયાર છું. શાંતિથી સાંભળો ( અંતરાય) તમે સાંભળો , આકડાકીય માહિતી સાંભળો પછી મને પ્રશ્ન કરો. (અંતરાય) એક પણ પૈસો આપ્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે પૈસા નથી આપ્યા પણ હૅલિકૉપ્ટરની જે મદદ આપી ( સતત અંતરાય) એનું પણ બીલ મોકલાવવાના છે. (સતત અંતરાય)

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે (સતત અંતરાય) શેનો જવાબ (અંતરાય) આપે મને કહ્યું છે.

**અધ્યક્ષશ્રી .** : જવાબ બાકી છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : હા, જી.

**અધ્યક્ષશ્રી .** : એમણે પ્રશ્ન પૂછયો એનો જવાબ આપે છે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬-૦૭માં આ ગુજરાતના હિતનો સવાલ છે. ધારાસભ્યશ્રીઓને વિનંતી કરીશ કે શાંતિથી આકડાકીય માહિતી મારી પાસેથી મેળવી અને પછી જે પેટા પ્રશ્ન પૂછવો હોય એ પૂછે. આપને હું વિનંતી કરીશ કે આ સાચી બાબત ગુજરાતની પ્રજાને આ હાઉસ દ્વારા જાય એ જરૂરી છે. ૨૦૦૬-૦૭માં જે ભયાનક આપત્તિ આવી ગુજરાતમાં, એમાં ગુજરાત સરકારે ૨૨,૧૭૧.૬૦ કરોડનું મેમોરેન્ડમ આપ્યું. આ મેમોરેન્ડમની અંદર સી.આર.એફ. (અંતરાય) જવાબ સાંભળો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આવા પ્રશ્ન પૂછો એટલે જવાબ તો આપે.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપને ફરીથી વિનંતી કરું છું કે એમની જે માગણી છે કે કેટલો ખર્ચ કર્યો એ હું આપવા તૈયાર છું. રૂપિયા ૨૨,૧૭૧.૬૦ કરોડનું મેમોરેન્ડમ આપ્યું હતું. સી.આર.એફ. નોર્મ્સ મુજબ જે ૨૭૨૫.૪૪ કરોડ કેન્દ્ર સરકારના લેવાના થાય. એમણે પૈસા આપ્યા છે, વર્ષ ૨૦૦૬-૦૭માં ૭૯૨ કરોડ. (અંતરાય) લખીને પછી પ્રશ્ન પૂછો. (અંતરાય) વર્ષ ૨૦૦૬-૦૭માં ૭૦૨ કરોડ આપ્યા એની વિગતો આપું છું. ૧૯૫.૬૯ કરોડ રૂપિયા લોન્ગ ટર્મ રિસ્ટોરેશન માટે જે વર્ષ ૨૦૦૫-૦૬માં આપ્યા હતા એ વખતે જે વાત કરી હતી અને એ આપ્યા વર્ષ ૨૦૦૬-૦૭માં લોન્ગ ટર્મ રિસ્ટોરેશન માટે. આજની તારીખે ક્યાં વાપરવા એનો કોઈ ઉલ્લેખ નહિ. ખાલી ચેક તિજોરીમાં પડ્યો છે એ જોવાનો. (અંતરાય) ૩૫૦ કરોડ રૂપિયા એન.સી.સી.એફ.માંથી વડાપ્રધાનશ્રી અહીંયા આવ્યા ત્યારે ૫૦૦ કરોડ આપીશું એવી વાત હતી. તેની સામે ૩૫૦ કરોડ રૂપિયા આપ્યા. આ ૩૫૦ કરોડનો હમણાં તા. ૧૫-૨-૦૭ના રોજ એક પત્ર આવ્યો છે જે આપના દ્વારા સભાગૃહના ધ્યાને મૂકું છું. કહેવું છે કે ૩૫૦ કરોડ રૂપિયા આપ્યા અને આ પત્રમાં સૂચના આપી છે કે આ ૩૫૦ કરોડ રૂપિયા ભવિષ્યમાં જે આફત આવશે એમાં તમે વાપરજો. આ લેખિતમાં રેકર્ડ છે. (અંતરાય) સાંભળો, સાંભળવું પડે. ત્રીજી બાબત (અંતરાય) બળવંતભાઈ, આ જવાબ સાંભળવો પડશે. ગુજરાતની પ્રજાને તમારે જવાબ આપવો પડશે. ૧૯૩.૭૩ કરોડ વર્ષ ૨૦૦૬-૦૭માં સી.આર.એફ.નીચે. પાંચ વર્ષનું નાણાપંચ છે એમાં દેશના તમામ રાજ્યોને જે પૈસા મળે છે એ પૈસા આપણા હક્કના આપ્યા છે અને ૫૩ કરોડ રૂપિયા વર્ષ ૨૦૦૭-૦૮ ના એડવાન્સ આપ્યા. (અંતરાય) આ ૭૯૨ કરોડ છે એમાંથી એક પણ પૈસો વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં ભારત સરકારે આપ્યો નથી. આ ગુજરાતનું અપમાન છે. ૫૦૦ કરોડ આપ્યા છે એવી અહીંયા આવીને વાતો કરો છો?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બલવંતસિંહનો જે સવાલ હતો એ માત્ર જે ફાળવણી કરી છે કે વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૮૮ કરોડ રૂપિયા આપ્યા અને વર્ષ ૨૦૦૬-૦૭માં ૭૯૨ કરોડ રૂપિયા આપ્યા એની સામે ખર્ચ કેટલો થયો? વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૮૭ કરોડનો ખર્ચ થયો છે એમ અગાઉના પ્રશ્નમાં એમણે જવાબ આપ્યો હતો. ૨૧૩ કરોડ રૂપિયા વણવપરાયેલા રહ્યા. મારો બીજો પ્રશ્ન છે વર્ષ ૨૦૦૬-૦૭માં એમ કહ્યું કે ૭૯૨ કરોડ રૂપિયા મળ્યા. માનનીય સભ્યશ્રીનો સવાલ એટલો જ છે કે એમાઉન્ટ આ બંને વર્ષમાં લોકોની રાહતમાં કેટલા વપરાયા? કારણ કે લોંગટર્મની વાત કરે છે. લોંગટર્મની આપણે માગણી કરી, અમે વાપરી શક્યા નથી, એટલે અમે લોંગટર્મ મેજરમેન્ટમાંથી (અંતરાય) મારી વાત સાંભળો.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : આ નહિ, મેં તેમને સાંભળ્યા છે, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)ના, નથી આપ્યા.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : લોંગટર્મ માટે આપે પ્રજાની રાહત માટે કેટલા વપરાયા? ૨૨૦૦ કરોડની વાત કરી છે, મેમોરેન્ડમ મેં મારી રીતે મેળવેલ, એમાં એમ કહેવામાં આવ્યું હતું કે ૧૫૦૦ કરોડ રૂપિયાનો રાજ્યને ખર્ચ થવાનો છે એના માટે મને મદદ કરો.(અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીમાં ભાષણના હોય, આ બધુ કાઢી નાખવું જોઈએ.(અંતરાય) કાંઈ ના હોય. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૧૫૦૦ કરોડની સામે ૭૯૨ કરોડ આ વખતે વાપર્યા એમાંથી ખર્ચ કેટલો એની માનનીય સભ્યશ્રીને માહિતી આપવી જોઈએ. એ લાંબુ કહે, (અંતરાય) અમારો પ્રશ્ન જે છે, પાછા મોકલ્યા, વાપરી શક્યા નથી. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન નથી પૂછતા કેન્દ્ર સરકારનો બચાવ કરે છે. પ્રશ્ન પૂછોને. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન ક્રમાંક : ૧૩ (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પ્રશ્ન તો પૂછવા દો. ( સતત અંતરાય, સેઈમ, સેઈમના પોકારો)

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્ન ક્રમાંક : ૧૪

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : પ્રશ્ન તો પૂછવા દો.

## ગીર પૂર્વ વન વિભાગ દ્વારા દિપડા ગણતરીની કામગીરી

***૨૧૫૫૭ શ્રી બેચરભાઈ વી. ભાદાણી (લાઠી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સન ૨૦૦૬ના વર્ષમાં ગીર પૂર્વ વન વિભાગ લાઠીના ડી.એફ.ઓ. દ્વારા વાઈલ્ડ લાઈફ વોર્ડન અમરેલીને દિપડાની ગણતરીની કામગીરીમાં સામેલ ન કરવા અંગેની કેટલા ફરિયાદો સરકારને મળેલ છે, અને

(૨) આવી ગંભીર બાબતે તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી?

**વન મંત્રીશ્રી** :

(૧) એક ફરિયાદ સરકારને મળેલ છે.

(૨) આ ફરિયાદ અંગે ધારાસભ્યશ્રીએ જિલ્લા સંકલન સમિતિમાં પણ આ પ્રશ્ન ઉપસ્થિત કરેલ જેમાં તેમને તા.૧૭-૬-૦૬ની બેઠકમાં સંતોષજનક જવાબ આપવામાં આવેલ છે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : મંત્રીશ્રીના જવાબથી મને સંતોષ છે, પ્રશ્ન પૂછવાનો રહેતો નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : અગિયાર મિનિટ થઈ પ્રશ્નમાં, પ્લીઝ, (અંતરાય)

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : મંત્રીશ્રીના જવાબથી મને સંતોષ છે, પ્રશ્ન મૂવ કરવાનો રહેતો નથી.

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : કેન્દ્ર સરકારને કહોને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક : ૧૫ (અંતરાય)

**હક્ક પત્રકને કોમ્પ્યુટરથી નોંધણી કરવાની યોજના**

***૨૧૪૬૦ શ્રી કાંતિભાઈ રા. લકુમ (બાવળા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં નમૂના ૭/૧૨ની જેમ હક્ક પત્રકને પણ કોમ્પ્યુરથી નોંધણીની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) આ યોજના અન્વયે કેટલા જિલ્લામાં કેટલી નોંધોને કોમ્પ્યુટરથી હક્ક પત્રકની નોંધો પાડવામાં આવી છે?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) નીચે મુજબ

| | | |
|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ૧૦૩૫૪૨ |
| ૨ | આણંદ | ૫૭૮૭૫ |
| ૩ | ગાંધીનગર | ૪૮૪૬૧ |
| ૪ | ભરુચ | ૪૧૭૩૦ |
| ૫ | જામનગર | ૭૬૩૩૪ |
| ૬ | પાટણ | ૪૮૬૮૫ |
| ૭ | નવસારી | ૩૦૦૨૬ |
| ૮ | ભાવનગર | ૫૩૦૪૮ |
| ૯ | દાહોદ | ૧૫૨૦૯ |
| ૧૦ | જુનાગઢ | ૧૪૪૨૮૪ |
| ૧૧ | ગોધરા | ૨૬૩૪૧ |
| ૧૨ | વલસાડ | ૧૮૮૩૩ |
| ૧૩ | સુરત | ૮૯૯૮૯ |
| ૧૪ | કચ્છ | ૪૯૬૭૪ |
| ૧૫ | સુરેન્દ્રનગર | ૮૫૮૦૬ |
| ૧૬ | વડોદરા | ૭૬૯૨૩ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૫૫૫૩૬ |
| ૧૮ | પોરબંદર | ૨૨૧૫૧ |
| ૧૯ | મહેસાણા | ૪૮૧૫૮ |
| ૨૦ | નર્મદા | ૧૨૨૯૭ |
| ૨૧ | રાજકોટ | ૭૯૨૬૨ |
| ૨૨ | ડાંગ | ૪૭૬ |
| ૨૩ | અમરેલી | ૫૭૧૫૫ |
| ૨૪ | ખેડા-નડિયાદ | ૫૪૭૦૬ |
| ૨૫ | અમદાવાદ | ૬૭૮૩૩ |
| | કુલ | ૧૪૬૪૩૩૪ |

**શ્રી કાંતિભાઈ રા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસે મારે જાણવું છે કે પ્રમોલગેશન અને નોંધ થયેલ ૭/૧૨ તથા ૮-અ નું તે કરવામાં આવે છે તેનું શું છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીએ જે રજૂઆત કરી છે તે મુજબ અગાઉનાપ્રશ્નમાં જે ચર્ચા થઈ હક્કપત્રક, જે ફેર નોંધો છે એ સમયસર પડવી જોઈએ. ૧૩૫/જી ની નોટિસથી માંડીને તકરારી, તાત્કાલિક મંજૂર, નામંજૂર આ બધી જ વિગતો નાયબ મામલતદારશ્રી ઈ-ધરા મારફતેકરવામાં આવે છે. રાજ્ય સરકારે છેલ્લા દોઢ વર્ષથી સમગ્ર રાજ્યની અંદર પ્રમોલગેશન કાર્યક્રમ હાથમાં લીધો છે. એટલે મેળાવણાપણું, ૬-હક્કપત્રક, ૭-અ, ૮-અ ની અંદર અલગ અલગ પ્રકારની જે એન્ટ્રી પાડવાની હોય છે એ પ્રમાણે ચોક્કસાઈ, ખરાઈ કરી પ્રમોલગેશન કાર્યક્રમના ભાગરૂપે રેકર્ડ ચોખ્ખા કરવાનો કાર્યક્રમ હાથમાં લીધો છે. અત્યાર સુધી ગુજરાત રાજ્યની અંદર લગભગ ૨૪૦૦ જેટલા ગામડામાં પ્રમોલગેશનની પૂરી કરી છે, એટલે ભવિષ્યમાં આ કામગીરીના આધારે કોમ્પ્યુટરમાં જે ડેટા ફીડ થયો છે એની સાબિતી થવી જોઈએ અને ભવિષ્યની અંદર એ ડેટામાં ખામીના કારણે કોઈ પ્રશ્ન ના ઊભો થાય એટલા માટે આ પ્રમોલગેશન સિસ્ટમ આ રાજ્ય સરકારે હાથ ધરી છે.

**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોના એકાઉન્ટ છે એ કોમ્પ્યુટરમાં હક્કપત્રકનોંધ મૂકવાનું રાજ્ય સરકારે આ મહત્વનું કામ હાથમાં લીધું એ માટે હાર્દિક અભિનંદન આપું છું, સાથે સાથે મારે એ વાતની સ્પષ્ટતા કરવાની છે કે ગ્રામીણક્ષેત્રે ખેડૂતો આ યોજના સમજી શક્યા નહિ એના કારણે જ્યારે આ કોમ્પ્યુટરમાં હક્કપત્રકની નોંધ થતી હતી ત્યારે કેટલાક નામોમાં શરતચુકથી બીજા નામ આવી ગયા છે. જેમ કે રણછોડભાઈના બદલે મગનભાઈ આવી ગયું છે તો એવો સુધારો ઝડપથી કરવા માગો છો કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી.

**અધ્યક્ષશ્રી**: પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રોજગારી આપવાના મુદ્દે રાજ્યનો ક્રમ

૨૦૮૯૫ **શ્રી ભરતભાઈ પંડયા** (ધંધુકા) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રોજગારી આપવાના મુદ્દે રાજ્યની રોજગાર કચેરીઓ પ્રથમ ક્રમાંકે છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો સને ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬માં કેટલા ઉમેદવારોને રોજગારી આપવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| વર્ષ | ઉમેદવારોને આપવામાં આવેલ રોજગારી |
|---|---|
| ૨૦૦૪ | ૬૪૯૦૦ |
| ૨૦૦૫ | ૯૨૯૦૦ |
| ૨૦૦૬ | ૧,૧૧,૫૨૧ |

-----------

### આદિજાતિ વિકાસ માટે વણવપરાયેલ ગ્રાન્ટ

૨૧૬૦૬ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે આદિજાતિના વિકાસ માટે સને ૨૦૦૫-૦૬ ના વર્ષ માટે કેટલા રૂપિયાની ગ્રાન્ટ ફાળવી,

(૨) તે પેકી કેટલી ગ્રાન્ટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ માટે વાપરવામાં આવી,

(૩) કેટલી ગ્રાન્ટ વણવપરાયેલી રહી, અને

(૪) ગ્રાન્ટ વણવપરાયેલી રહેવાના શા કારણો છે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષ માટે કુલ ૧૩૮૭.૪૧ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી.

(૨) આ પેકી ૧૪૩૫.૩૩ કરોડ રૂપિયા ટ્રાયબલ ડેવલોપમેન્ટ માટે વાપરવામાં આવેલ છે.

(૩) ફાળવેલ ગ્રાન્ટ કરતાં વધુ રકમ વપરાયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### બનાસકાંઠા જિલ્લામાં રણ આગળ વધતુ અટકાવવા અંગે

૨૧૩૩૫ **શ્રી હેમાજી દ. રાજપૂત** (વાવ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં બનાસકાંઠા જિલ્લામાં રણ આગળ વધતું અટકાવવા માટે

**જવાબ**

(૧) બોર્ડર એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ (કે.પુ.યો.) હેઠળ ૨૮૬૫૫ રનીંગ મીટર બાઉન્ડ્રી ટ્રેન્ચ અને

સરકારે શા પગલાં લીધા, અને

૩૩૯૬૧ ઘનમીટર આડબંધની કામગીરી કરવામાં આવેલ છે તેમજ ભૂમિ અને ભેજ સંરક્ષણ યોજના હેઠળ ૨૦૦ હેક્ટર વિસ્તારમાં ૮૦,૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

(૨) રણ વિકાસ માટે ૨૦૦૬-૦૭ ના વર્ષના બજેટમાં કેટલી રકમ ફાળવી છે ?

(૨)

| | યોજનાનું નામ | ફાળવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|
| (૧) | બોર્ડર એરીયા ડેવલપમેન્ટ પ્રોગ્રામ (કે.પુ.યો.) | રૂા. ૨૭.૬૫ |
| (૨) | ભૂમિ અને ભેજ સંરક્ષણ (ડીએલએફ-૯ મોડલ) | રૂા. ૧૫.૨૭ |
| | કુલ :- | રૂા. ૪૨.૯૨ |

-----------

**મોરબી, માળીયા, ટંકારા, વાંકાનેર તાલુકામાં મિલ્કત અંગેના ૩૨-ક હેઠળના પડતર દસ્તાવેજોની પરત સોંપણી**

૨૦૬૨૨ **શ્રી કાંતિભાઇ શી. અમૃતિયા** (મોરબી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) મોરબી, માળીયા, ટંકારા તથા વાંકાનેર તાલુકામાં વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ માં મિલ્કત હસ્તાંતરના કેટલા દસ્તાવેજો રજીસ્ટર થયા,

(૧)

| **મિલ્કત હસ્તાંતરના દસ્તાવેજો** | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **સને ૨૦૦૪-૦૫** | **સને ૨૦૦૫-૦૬** |
| મોરબી | ૩૨૭૦ | ૩૪૩૩ |
| માળીયા | ૭૫૧ | ૯૫૩ |
| ટંકારા | ૧૭૨૯ | ૧૮૫૦ |
| વાંકાનેર | ૧૭૭૮ | ૧૯૩૫ |
| **કુલ -** | **૭૫૨૮** | **૮૧૭૧** |

(૨) આ દસ્તાવેજો પેકી વર્ષવાર તાલુકાવાર કેટલા દસ્તાવેજો ૩૨-ક હેઠળ મુલ્યાંકન માટે પડતર છે, અને

(૨)

| **૩૨ (ક) હેઠળ મૂલ્યાંકન માટે પડતર મિલ્કત હસ્તાંતરના દસ્તાવેજો** | | |
|---|---|---|
| **તાલુકાનું નામ** | **સને ૨૦૦૪-૦૫** | **સને ૨૦૦૫-૦૬** |
| મોરબી | ૬૮૧ | ૩૭૧ |
| માળીયા | ૨૦૭ | ૯૭ |
| ટંકારા | ૩૭૮ | ૧૯૩ |
| વાંકાનેર | ૮ | ૮ |
| **કુલ -** | **૧૨૭૪** | **૬૬૯** |

(૩) આ દસ્તાવેજો ક્યારે મૂળ માલિકને પરત મળશે ?

(૩) મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૩૨ (ક) હેઠળ રજુ થયેલ દસ્તાવેજો પર જરૂરી કાર્યવાહી હાથ ધર્યા બાદ વસૂલાતપાત્ર રકમ ભરપાઇ થયેથી.

-----------

**નિવાસી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ઘટ**

૨૧૧૧૩ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) વલસાડ જિલ્લાની નિવાસી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની તાલુકાવાર તા. ૩૧-૧-૦૭ની

(૧) ૪-આચાર્ય અને ૧૫-શિક્ષકોની ઘટ છે. (પત્રક સામેલ છે)

સ્થિતિએ કેટલી ઘટ છે  અને કેટલા સમયથી, અને
(૨) આ ઘટ પુરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) આ ઘટ પૂરવા અંગેની કાર્યવાહી ચાલુ છે.

**પત્રક**

**વલસાડ જિલ્લા/તાલુકામાં ચાલતી આદર્શનિવાસી શાળાઓમાં તા.૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ આચાર્ય અને શિક્ષકની ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક :**

| અ.નં. | તાલુકાનું નામ | આદર્શ નિવાસી શાળાનું સ્થળ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ધરમપુર | ધરમપુર (કુમાર) | આચાર્ય | ૧ | ૧ જગ્યા-૦૭ વર્ષથી |
| | | | ઉચ્ચત માધ્યમિક શિક્ષક | ૩ | ૩ જગ્યા-૦૩ વર્ષથી |
| | | | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૮ | ૪ જગ્યા-૦૩ વર્ષથી<br>૧ જગ્યા-૦૭ વર્ષથી<br>૩ જગ્યા-૧૮ વર્ષથી |
| | | | **કુલ : -** | **૧૨** | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨ | પારડી | વાપી(કન્યા) | આચાર્ય | ૧ | ૧ જગ્યા-૦૬ વર્ષથી |
| | | | મદદનીશ શિક્ષક(માધ્યમિક) | ૧ | ૧ જગ્યા-૦૩ વર્ષથી |
| | | | **કુલ : -** | **૨** | |
| ૩ | વલસાડ | વલસાડ (કન્યા) | આચાર્ય | ૧ | ૧ જગ્યા-૦૬ વર્ષથી |
| | | | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૨ | ૧ જગ્યા-૦૩ વર્ષથી |
| | | | **કુલ :-** | **૩** | |
| ૪ | ઉમરગામ | ઉમરગામ (કન્યા) | આચાર્ય | ૧ | ૧ જગ્યા-૦૬ વર્ષથી |
| | | | મદદનીશ શિક્ષક (માધ્યમિક) | ૧ | ૧ જગ્યા-૦૩ વર્ષથી |
| | | | **કુલ :-** | **૨** | |
| | | | **એકંદરે કુલ :-** | **૧૯** | |

-----------

**જૂનાગઢ જિલ્લાના દેવડીયા કેન્દ્રને સંગીન બનાવવા અંગે**

૧૯૬૪૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં સિંહ સંરક્ષણ કાર્યક્રમ અન્વયે દેવડીયા ખાતે કેન્દ્રને સંગીન બનાવવાની યોજના વિચારણા હેઠળ છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો તેમાં શું પ્રગતિ થયેલ છે અને તેનું ભાવિ આયોજન શું છે ?

(૨) દેવળીયા ગીર પરિચય ખંડમાં વિકાસને લગતા કામો જેવાં કે વન્ય પ્રાણીઓના ખોરાકની સુવિધા, હયાત પ્રાણીઓના પાંજરાઓમાં સુધારા-વધારા કરવા, રસ્તામાં સુધારા-વધારા કરવા અને તાત્કાલિક અસરથી વન્ય પ્રાણીઓને સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી તથા ઓરીએન્ટેશન સેન્ટરની જાળવણી કરવી વિગેરે કામો પ્રગતિ હેઠળ છે. આ સેવાઓને ચાલુ રાખવા તથા બહેતર બનાવવાનું આયોજન છે.

-----------

**રાજ્યમાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણ્યો**

૨૧૪૫૪ **શ્રી યોગેશભાઈ ના. પટેલ** (રાવપુરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં કેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો અને કેટલા અભ્યારણ્યો આવેલા છે, અને

(૨) તેનો વિસ્તાર કેટલા ચોરસ કિલોમીટર છે ?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં ૨૨ અભ્યારણ્યો અને ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો આવેલા છે.

(૨) રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણ્યોનો કુલ વિસ્તાર ૧૬૯૨૧.૦૬ ચોરસ કિલોમીટર છે.

-----------

**રાજ્યમાં લઘુત્તમ વેતનનો દર**

૨૦૮૭૪ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ લઘુત્તમ વેતનનો દર પુરૂષ કામદાર અને મહિલા કામદાર માટે કેટલા રૂા. અમલમાં છે,

(૨) લઘુત્તમ વેતનનો ભંગ કરતી કેટલી ફરિયાદો રાજ્યને છેલ્લા એક વર્ષમાં મળી અને તેમાં શી કાર્યવાહી કરવામા આવી, અને

(૩) આવા લઘુત્તમ વેતનના દરો છેલ્લે ક્યારે નક્કી કરવામાં આવ્યા હતા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં પુરૂષ અને મહિલા કામદાર માટે સમાન લઘુત્તમ વેતન નક્કી થયેલ છે. જે ઓછામાં ઓછા રૂા. ૫૦/- અને વધારેમાં વધારે રૂા. ૧૧૨-૪૦ પૈસા છે,

(૨) છેલ્લા એક વર્ષમાં રાજ્યને કુલ ૪૦૭૪ ફરિયાદો મળેલ છે. જે પૈકી ૩૮૮૧ ફરિયાદોનો નિકાલ કરેલ છે. તથા લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ના ભંગ બદલ કસુરવાર સંસ્થા સામે ૪૧૦૯ કેસો નામદાર અદાલતમાં દાખલ કરવામાં આવેલ છે.

(૩) સરકારશ્રીના તા. ૨૫-૪-૯૭ના જુદા જુદા જાહેરનામાઓથી ૪૮ રોજગારીઓના, તા. ૨૫-૦૮-૨૦૦૪ના જાહેરનામાથી અગરબત્તી રોજગારીના તથા તા. ૧૪-૦૮-૦૬ના જાહેરનામાંથી પ્રાઈવેટ સીક્યુરીટી ગાર્ડઝના તથા ૩૦-૦૩-૦૨ના બે અલગ અલગ જાહેરનામાથી ખેત વ્યવસાયના લઘુત્તમ વેતનના દરો નક્કી કરવામાં આવ્યા હતા.

-----------

**નવસારી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ**

૨૦૮૯૨ **શ્રી છનાભાઈ કો. ચૌધરી** (ધરમપુર) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ તાલુકાવાર આદર્શ નિવાસી શાળાઓમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ ખાલી જગ્યાઓ સત્વરે ભરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧) વાંસદા, ચીખલી અને નવસારી તાલુકાઓની આદર્શ નિવાસી શાળાઓમાં સંવર્ગવાર કુલ ૫૬ જગ્યાઓ ખાલી છે સંવર્ગવાર ખાલી જગ્યાઓની માહિતી પત્રક-૧ મુજબ.

(૨) આ ખાલી જગ્યાઓ પૈકી શિક્ષકોની જગ્યા માટેની જાહેરાત આપી મળેલ અરજીઓની ચકાસણી ચાલુ છે જે પુર્ણ થયે સત્વરે જગ્યાઓ ભરવામાં આવશે.

અને અન્ય સંવર્ગોમાં સેવાઓ આઉટ સોર્સીંગથી મેળવવામાં આવે છે.

**પત્રક-૧**

**નવસારી જિલ્લાના વાંસદા, ચીખલી અને નવસારી તાલુકાઓમાં ચાલતી આદર્શ નિવાસી શાળાઓમાં તા.૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકાનું નામ | આ.નિ.શા.નું સ્થળ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાનો સમય |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | વાંસદા | વાંસદા(કુમાર) | આચાર્ય | ૧ | ૧ જગ્યા ૧૫ વર્ષથી |
| | | | ઉ.મા.શિક્ષક | ૭ | ૧ જગ્યા ૧૯ વર્ષથી<br>૬ જગ્યા ૦૩ વર્ષથી |
| | | | એકાઉન્ટન્ટ | ૧ | ૧ જગ્યા ૦૨ વર્ષથી |
| | | | પટાવાળા | ૨ | ૧ જગ્યા ૦૯ વર્ષથી<br>૧ જગ્યા ૧૮ વર્ષથી |
| | | | રસોયા | ૪ | ૨ જગ્યા ૦૩ વર્ષથી<br>૧ જગ્યા ૧૩ વર્ષથી<br>૧ જગ્યા ૧૮ વર્ષથી |
| | | | રસોડા કામદાર | ૪ | ૧ જગ્યા ૦૩ વર્ષથી<br>૧ જગ્યા ૦૯ વર્ષથી<br>૧ જગ્યા ૧૮ વર્ષથી<br>૧ જગ્યા ૧૯ વર્ષથી |
| | | | હમાલ | ૧ | ૧ જગ્યા ૦૬ વર્ષથી |
| | | | ચોકીદાર | ૩ | ૩ જગ્યા ૧૯ વર્ષથી |
| | | | પ્ર.મ.પટાવાળા | ૧ | ૧ જગ્યા ૧૯ વર્ષથી |
| | | | કુલ | ૨૪ | |
| ૨ | ચીખલી | ચીખલી (કન્યા) | આચાર્ય | ૧ | ૧ જગ્યા ૧૭ વર્ષથી |
| | | | ઉ.મા.શિક્ષક | ૨ | ૨ જગ્યા ૧૭ વર્ષથી |
| | | | મદદ. શિક્ષક(મા.વિ.) | ૬ | ૨ જગ્યા ૦૩ વર્ષથી<br>૧ જગ્યા ૦૫ વર્ષથી<br>૧ જગ્યા ૦૨ વર્ષથી<br>૨ જગ્યા ૦૧ વર્ષથી |
| | | | આ.લે.સુ. | ૧ | ૧ જગ્યા ૦૯ વર્ષથી |
| | | | એકાઉન્ટન્ટ | ૧ | ૧ જગ્યા ૦૭ વર્ષથી |
| | | | સી.ક્લાર્ક | ૧ | ૧ જગ્યા ૦૨ વર્ષથી |
| | | | પટાવાળા | ૨ | ૧ જગ્યા ૦૮ વર્ષથી<br>૧ જગ્યા ૦૧ વર્ષથી |
| | | | રસોયા | ૪ | ૧ જગ્યા ૦૪ વર્ષથી |
| | | | રસોડા કામદાર | ૨ | ૧ જગ્યા ૦૯ વર્ષથી<br>૧ જગ્યા ૧૭ વર્ષથી |
| | | | હમાલ | ૧ | ૧ જગ્યા ૦૯ વર્ષથી |
| | | | ચોકીદાર | ૨ | ૧ જગ્યા ૧૨ વર્ષથી<br>૧ જગ્યા ૧૭ વર્ષથી |
| | | | પ્ર.મ.પટાવાળા | ૧ | ૧ જગ્યા ૧૭ વર્ષથી |
| | | | કુલ | ૨૧ | |
| ૩ | નવસારી | નવસારી (કન્યા) | આચાર્ય | ૧ | ૧ જગ્યા ૦૩ વર્ષથી |
| | | | મદદ. શિક્ષક(મા.વિ.) | ૧ | ૧ જગ્યા ૦૩ વર્ષથી |
| | | | સી.ક્લાર્ક | ૧ | ૧ જગ્યા ૦૧ વર્ષથી |
| | | | જુનિયર ક્લાર્ક(ફી. પ.) | ૧ | ૧ જગ્યા ૦૩ વર્ષથી |

| અ.નં. | તાલુકાનું નામ | આ.નિ.શા.નું સ્થળ | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ખાલી જ્ગ્યાનો સમય |
|---|---|---|---|---|---|
| | | | પટાવાળા (ફી.પ.) | ૧ | ૧ જ્ગ્યા ૦૩ વર્ષથી |
| | | | રસોયા (ફી.પ.) | ૧ | ૧ જ્ગ્યા ૦૩ વર્ષથી |
| | | | હમાલ (ફી.પ.) | ૧ | ૧ જ્ગ્યા ૦૩ વર્ષથી |
| | | | સફાઈ કામદાર (ફી.પ.) | ૧ | ૧ જ્ગ્યા ૦૩ વર્ષથી |
| | | | ચોકીદાર | ૨ | ૧ જ્ગ્યા ૦૩ વર્ષથી<br>૧ જ્ગ્યા ૦૩ વર્ષથી |
| | | | પ્ર.મ.પટાવાળા (ફી.પ.) | ૧ | ૧ જ્ગ્યા ૦૩ વર્ષથી |
| | | | કુલ | ૧૧ | |
| | | | એકંદરે કુલ | ૫૬ | |

-----------

**ખેડા તાલુકામાં પ્રદૂષિત પાણી વળતર, ફંડ, ખર્ચ કરેલ કામો વણ વપરાયેલ રકમ તેમજ સમિતિમાં નિમણૂંક અંગે**

૨૦૬૨૩ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ ખેડા તાલુકાના કલમબંધી ગામોમાં ના. ગુજરાત હાઇકોર્ટના આદેશ મુજબ પ્રદૂષિત પાણીના વળતરની જમા થયેલી રકમ પેટે પર્યાવરણ વિભાગ પાસે હાલ કેટલું ફંડ જમા છે, તથા તેમાંથી કેટલું ફંડ વાપરવામાં આવ્યું છે, અને

(૨) ના. હાઇકોર્ટે નિર્દેશ કરેલા વિકાસના કામો તાત્કાલિક હાથ ધરવાના બદલે ક્યા કારણોસર આ ફંડ વણવપરાયેલ પડ્યું છે ?

**જવાબ**

(૧) નામદાર હાઇકોર્ટના આદેશ મુજબ પ્રદૂષિત પાણીના વળતરની જમા થયેલ રકમ પેટે પર્યાવરણ પ્રભાગ પાસે એકલા ખેડા તાલુકાના કલમબંધી ગામો માટે અલગ ફંડ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના દબાણો દૂર કરવા અંગે**

૨૦૬૩૦ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના વિજયનગર અને ભિલોડા તાલુકા મામલતદારને તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રસ્તાના દબાણો દૂર કરવાની કેટલી ફરિયાદો મળી,

(૨) આ પૈકીની કેટલી ફરિયાદોમાં દબાણ દૂર કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૩) જે હુકમ કરવામાં આવ્યા તે પૈકીના કેટલા કેસોમાં હુકમનો અમલ કરાવી દબાણ દૂર કરાવવાના બાકી છે અને કેટલા સમયથી,

(૪) જે હુકમોનો અમલ બાકી છે તેનો અમલ ન કરાવવાના તથા દબાણ દૂર ન કરાવવાના શા કારણો છે,

(૫) હુકમનો અમલ કરાવવામાં વિલંબ કરનાર જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે પગલાં લેવા માંગો છો, અને

**જવાબ**

| | વિજયનગર | ભિલોડા |
|---|---|---|
| (૧) | ૪(ચાર) | ૮(આઠ) |
| (૨) | ૨(બે), ૨(બે)કેસોમાં સમજુતીથી દબાણ દૂર કરાયેલ હોઈ, હુકમ કરવાની જરૂરિયાત જણાયેલ નથી. | ૪(ચાર) ૨(બે) કેસો દફતરે કરેલ છે ૨(બે)કેસોમાં સુનાવણી ચાલુ છે. |
| (૩) | દબાણ દૂર કરવાના હુકમો થયા છે તેવા બે કેસોમાં દબાણ દૂર કર્યા છે. | દબાણ દુર કરવાના હુકમો થયા છે તેવા ચાર કેસોમાં દબાણ દૂર કર્યા છે. |
| (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૫) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

(૬) કેટલા સમયમાં હુકમોનો અમલ કરાવી દબાણો દૂર કરાવવામાં આવશે ? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-----------

**ઉભડ હક્ક, ચવહક્ક, કબજા હક્ક વગેરેની સનદો આપવા બાબત**

૨૧૧૧૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે સોરાષ્ટ્રમાં આવેલ ગામતળના જૂના વખતના ઉભડ હક્ક, ચવહક્ક, કબજા હક્ક વગેરે પ્રકારોના મકાનોની સનદ આપીને તેના માલિકોને માલીકી હક્ક આપવાનું નક્કી કર્યાની વાત ખરી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો જૂનાગઢ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાં વર્ષ ૨૦૦૫ તથા વર્ષ ૨૦૦૬ દરમ્યાન કુલ કેટલી અરજીઓ સરકારને મળી, અને | (૨) જૂનાગઢ જિલ્લાના તાલુકાઓમાં વર્ષ ૨૦૦૫માં ૮૫૧ અરજીઓ તથા વર્ષ ૨૦૦૬માં ૫૬૩૫ અરજીઓ મળી કુલ ૬૪૮૬ અરજીઓ મળેલ છે, (તાલુકાવાર/વર્ષવાર વિગતોનું પત્રક સામેલ છે.) |
| (૩) તે પેકી કેટલી સનદો આપવામાં આવી ? | (૩) વર્ષ ૨૦૦૫માં ૩૭૯ સનદો તથા વર્ષ ૨૦૦૬માં ૪૪૫ સનદો મળી કુલ ૮૨૪ સનદો આપવામાં આવેલ છે. |

**પત્રક**

**જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર વર્ષ-૨૦૦૫ અને વર્ષ-૨૦૦૬ દરમ્યાન ઉભડ હક્ક, ચવહક્ક, કબજા હક્ક વગેરેની આવેલ અરજી અને આપવામાં આવેલ સનદોની માહિતી દર્શાવતું પત્રક**

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓની સંખ્યા | | આપેલ સનદોની સંખ્યા | |
|---|---|---|---|---|---|
| | | વર્ષ-૨૦૦૫ | વર્ષ-૨૦૦૬ | વર્ષ-૨૦૦૫ | વર્ષ-૨૦૦૬ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | જૂનાગઢ | ૧૦૮ | ૭૨૫ | ૩૫ | ૨૩ |
| | સી.સ. જુનાગઢ | ૩૪ | ૭૪૫ | - | - |
| ૨ | ભેંસાણ | ૧૭ | ૧૫૮ | ૧૭ | ૭ |
| ૩ | વંથલી | ૧૮૦ | ૬૪૮ | ૬૦ | ૭૮ |
| ૪ | માણાવદર | ૨૦૮ | ૫૫૭ | ૮૩ | ૯૩ |
| ૫ | વિસાવદર | ૦ | ૭૭૭ | ૦ | ૦ |
| ૬ | કેશોદ | ૩૯ | ૨૮૭ | ૩૯ | ૧૪૭ |
| ૭ | માંગરોળ | ૭ | ૪૩ | ૭ | ૮ |
| ૮ | માળીયા હાટીના | ૬૭ | ૮૮ | ૫૭ | ૩૧ |
| ૯ | મેદરડા | ૪૦ | ૪૯૦ | ૨૨ | ૧૪ |
| ૧૦ | વેરાવળ | ૧૫ | ૭૧ | ૧ | ૫ |
| | સી.સ. વેરાવળ | ૫ | ૧૮૨ | - | - |
| ૧૧ | તાલાળા | ૯ | ૨૬ | ૯ | ૨૬ |
| ૧૨ | સૂત્રાપાડા | ૫ | ૨૨૪ | ૪ | ૦ |
| ૧૩ | કોડીનાર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ઉના | ૧૧૭ | ૬૧૪ | ૪૫ | ૧૩ |
| | **કુલ** | **૮૫૧** | **૫૬૩૫** | **૩૭૯** | **૪૪૫** |

----------

**ખાસ સચિવશ્રી મહેસૂલની કચેરીમાં પડતર કેસો**

૨૧૬૭૩ **શ્રી નારાયણભાઈ લ. પટેલ** (ઉંઝા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખાસ સચિવશ્રી (વિવાદ) મહેસૂલની કચેરીમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ અપીલ તથા રીવીઝનના કેટલા કેસો પડતર છે, અને | (૧) ૯૬૮૨ કેસો |
| (૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે કોઈ વિશેષ વ્યવસ્થા ગોઠવવા માંગો છો કે કેમ? | (૨) પડતર કેસોના ઝડપી નિકાલ માટે જે તે જીલ્લામાં સુનાવણી રાખીને સત્વરે નિકાલ થાય તેવી કાર્યવાહી કરવામાં આવશે. |

---------

**નવી આદર્શ નિવાસી શાળા મંજૂર કરવા બાબત**

૨૦૮૮૮ **શ્રી ગણપતભાઈ વે. વસાવા** (માંગરોળ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરપાડા તાલુકો અને માંગરોળ તાલુકો નવો બનેલ હોઈ આદર્શ નિવાસી શાળા અને આશ્રમ શાળા સરકાર નવી મંજૂર કરવા માગે છે કે કેમ, અને<br>(૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૧) અને (૨) ઉમરપાડા અને માંગરોળ તાલુકામાં ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ ૫૫ જેટલી શાળાઓ કાર્યરત છે આથી આ બંને તાલુકામાં હાલમાં કોઈ આયોજન કરવામાં આવેલ નથી. |

-----------

**સુરત જિલ્લામાં દસ્તાવેજોની નોંધણી**

૧૯૭૦૭ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં સુરત જિલ્લા અને શહેરમાં કેટલા દસ્તાવેજોની નોંધણી થયેલ છે,

**જવાબ**

(૧) ૧,૫૫,૯૯૫.

**પ્રશ્ન**

(૨) જે પેકી તાલુકાવાર કેટલી નોંધણીની સરકારને આવક પ્રાપ્ત થઈ, અને

**જવાબ**

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધણી ફીની આવક |
|---|---|---|
| ૧ | સુરત | ૩૩૦૫૪૨૩૪૫ |
| ૨ | માંગરોળ | ૮૧૯૬૧૧૬ |
| ૩ | ઉમરપાડા | ૫૭૩૮૦ |
| ૪ | બારડોલી | ૧૦૩૧૬૫૩૦ |
| ૫ | ઓલપાડ | ૭૭૩૨૨૬૫ |
| ૬ | પલસાણા | ૮૦૩૬૯૪૦ |
| ૭ | વ્યારા | ૩૪૧૫૭૪૦ |
| ૮ | સોનગઢ | ૪૭૦૩૯૦ |
| ૯ | નિઝર | ૪૧૮૭૦૩ |
| ૧૦ | ઉચ્છલ | ૨૭૬૮૫ |
| ૧૧ | મહુવા | ૧૭૫૦૨૨૫ |
| ૧૨ | વાલોડ | ૧૮૨૩૭૯૫ |
| ૧૩ | માંડવી | ૧૭૧૯૯૦૦ |
| ૧૪ | કામરેજ | ૧૩૦૭૪૧૦૪ |
| **કુલ** | | **૩૮૭૫૮૨૧૧૮** |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) દસ્તાવેજોની રેવન્યુ દફતરે નોંધ પાડવામાં આવેલ છે કેમ ? | (૩) નોંધાયેલ દસ્તાવેજો પેકી રેવન્યુ દફતરે નોંધ કરવા પાત્ર દસ્તાવેજોની નોંધણીની કામગીરીનો અંશતઃ અમલ થયેલ છે. |

-----------

**રાજકોટ શહેરમાં ફાજલ જમીન પર ગૃહ નિર્માણ યોજના**

૧૮૭૮૯ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં શહેરી જમીન ટોચ મર્યાદા કાયદા તળે જે જમીન ફાજલ જાહેર થયેલ છે તે ખુલ્લી જમીન ઉપર શહેરી ગરીબો માટે મોટા પાયે ગૃહનિર્માણ યોજના હાથ ધરવાનું સરકારનું આયોજન છે કે નહીં, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજકોટમાં ફાજલ જમીન ઉપર કેટલા આવાસો બાંધવામાં આવ્યા ?

**જવાબ**

(૧) નાજી.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ આવાસો બાંધવામાં આવેલ નથી.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષોના ઉછેર કરવા અંગે**

૨૧૬૭૨ **શ્રી ધારશીભાઈ લ. ખાનપુરાM#>** (કાંકરેજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ૨૦૦૬-૦૭ ના વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષોના તાલુકાવાર કેટલા રોપાનો ઉછેર કરવામાં આવેલ?

**જવાબ**

(૧) નીચે મુજબ રોપા ઉછેરવામાં આવેલ છે.

(લાખમાં)

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | | **તાલુકાનું નામ** | **ઉછેરેલ રોપાની સંખ્યા** |
|---|---|---|---|---|
| (૧) | બનાસકાંઠા | (૧) | પાલનપુર | ૧૧.૪૯ |
| | | (૨) | અમીરગઢ | ૧૨.૮૩ |
| | | (૩) | દાંતા | ૨૧.૭૯ |
| | | (૪) | દાંતીવાડા | ૮.૧૦ |
| | | (૫) | વડગામ | ૧૦.૬૯ |
| | | (૬) | ડીસા | ૭.૯૪ |
| | | (૭) | ધાનેરા | ૫.૩૨ |
| | | (૮) | કાંકરેજ (શિહોરી) | ૬.૪૩ |
| | | (૯) | દિયોદર | ૫.૩૫ |
| | | (૧૦) | ભાંભર | ૫.૬૧ |
| | | (૧૧) | થરાદ | ૪.૩૯ |
| | | (૧૨) | વાવ | ૪.૫૫ |
| | | | કુલ | ૧૦૪.૪૯ |

-----------

**દૈનિક વેતનમાં લઘુતમ વેતનનો ભંગ કરવા બાબત**

૨૧૧૦૬ **ડૉ. અતુલ કે. પટેલ** (બારડોલી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ખેતમજૂરોને આપવામાં આવતા દૈનિક વેતનમાં સરેઆમ લઘુતમ વેતન ધારાનો ભંગ કરવામાં આવી રહેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેતમજૂરોને લઘુતમ વેતન ધારા મુજબ દૈનિક વેતન ચુકવવા શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ખેડૂતોને ૭/૧૨ તથા ૮/અ જમીનની નક્લો ગ્રામ્ય કક્ષાએથી મળવા બાબત**

૨૧૫૫૪ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લાના ખેડૂતોને ૭/૧૨ તથા ૮-અ વિગેરે જમીનના દસ્તાવેજોની નક્લો ગ્રામ્ય કક્ષાએથી મળતી નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યારથી બંધ કરેલ છે અને ક્યા કારણોસર, અને

(૩) ખેડૂતોને પોતાની જમીનના દસ્તાવેજોની નક્લો ગ્રામ્ય કક્ષાએથી જ મળે તેવું કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ?

**જવાબ**

(૧) ના, જી, ગ્રામ્ય કક્ષાએ ૭/૧૨ તથા ૮-અ વગેરે જમીનના દસ્તાવેજોની નક્લો તલાટી પાસે વેચાણ માટે ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) (૧) ઉપર ખંડ (૧)માં જણાવ્યા મુજબ.
(૨) પંચાયત વિભાગની ઈ-ગ્રામ યોજના અંતર્ગત ગામે ક્નેકટીવિટી ઉપલબ્ધ થયેથી ગ્રામ્ય કક્ષાએથી નક્લ મળી શકશે.

-----------

**૧૦૦ કરોડ કરતાં વધારે વેચાણવેરાની વસુલ લેવાની બાકી રકમ**

૧૮૯૮૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસે. ૨૦૦૬ અંતિત ક્યા ક્યા એકમો પાસેથી સેલ્સટેક્ષની ૧૦૦ કરોડ કરતાં વધારાની રકમ વસુલ કરવાની બાકી છે, તે કેટલા સમયથી બાકી છે,

(૨) આ રકમ વસુલ કરવા સરકાર દ્વારા શાં શાં પગલાંઓ લેવામાં આવ્યા છે, અને

(૩) બાકી રહેતી રકમ જે તે એકમો પાસેથી ક્યાં સુધીમાં વસુલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| એકમનું નામ | ક્યારથી બાકી છે. |
|---|---|
| ગુજરાત સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ કોર્પો. લી. | ૩૧-૩-૦૫ |
| મીનલ ઓઈલ એગ્રો ઈન્ડસ્ટ્રીઝ | ૧૮-૧૦-૦૪ |
| ઓ.એન.જી.સી. | ૧૫-૧-૦૪ |
| એસ્સાર સ્ટીલ-૧-૨ | ૨૨-૭-૦૫ |
| રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ | ૩૧-૧૨-૦૩ |
| બી. જી. એક્સ્પ્લોરેશન | ૯-૧-૦૩ |
| આઈ.ઓ.સી. | ૨૭-૬-૦૧ |
| બી.પી.સી.એલ. | ૨૮-૩-૦૩ |

(૨) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

(૩) પડતર કાયદાકીય કાર્યવાહી પૂર્ણ થયેથી વસુલાત કરવામાં આવશે.

-----------

**દાહોદ જિલ્લા ખાતે પુનિત વન બનાવવા બાબત**

૨૧૨૭૯ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા** (લીમડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા દાહોદ જિલ્લા ખાતે પુનિત વન બનાવવામાં આવેલ છે,

(૨) જો હા તો તેનો કુલ કેટલો ખર્ચ થયેલ છે,

(૩) પુનિત વન ક્યારે કેટલા હેક્ટરમાં બનાવવામાં આવેલ છે, અને

(૪) તેમાં ક્યા ક્યા પ્રકારના વૃક્ષો વાવવામાં

**જવાબ**

(૧) હા, જી, દાહોદ જિલ્લામાં ૪ સ્થળે પુનિત વન બનાવવામાં આવેલ છે.

(૨) કુલ રૂા. ૮.૩૮ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) પુનિત વન બનાવવા અંગેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | પુનિત વનનો વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૦૫ | ૧૩.૫૦ ત્રણ સ્થળે |
| ૨૦૦૬ | ૦૨.૦૦ એક સ્થળે |
| કુલ :- | ૧૫.૫૦ |

(૪) આ પુનિત વનોમાં ખાખરો, ઉમરો, ખેર,

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| આવેલ છે? | પિપળો, આંબો, ઘાવડો, આમળા, કાશીદ, લીમડો, મહુડો, ક્લમ, બીલી, જાંબુ વગેરે વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. |

-----------

**ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ**

૨૧૪૪૧ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** (ગોધરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ કરવાની રાજ્ય સરકારની યોજના ક્યારથી અમલમાં આવી છે, | (૧) તા. ૧-૪-૧૯૯૯ થી. |
| (૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા જિલ્લામાંથી કેટલી સંસ્થાઓ દ્વારા ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ કરવામાં આવે છે, અને | (૨) ૨૦ જિલ્લાઓમાં<br>૫૬ સંસ્થાઓ (બેન્કો) દ્વારા. |
| (૩) આ યોજનાને વધુ વિસ્તૃત બનાવવા સરકાર શાં પગલાં લેવા માંગે છે? | (૩) આ યોજનાને વધુ વિસ્તૃત બનાવવા વધુ બેન્કો, પોસ્ટ ઓફીસો વિગેરેને આ કામગીરીમાં આવરી લેવા અંગેનું આયોજન કરવામાં આવેલ છે. |

-----------

**ગણવેશના બદલે રોકડા રૂપિયા આપવા બાબત**

૨૧૨૮૪ **શ્રીમતી રમીલાબેન બે. બારા** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં સન ૨૦૦૫-૨૦૦૬ માં અનુસૂચિત જન જાતિના ધોરણ ૧ થી ૭ સુધીના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની યોજના ફેરફાર કરીને રૂા. ૧૫૦/- રોકડા આપવામાં આવે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જિલ્લાના દરેક તાલુકામાં કેટલા કેટલા વિદ્યાર્થીઓને રોકડા રૂપિયા ચુકવવામાં આવ્યા છે ? | (૨) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૦૬માં ગણવેશ પેટે રૂપિયા ૧૫૦/-લેખે અપાયેલ તાલુકાવાર લાભાર્થી વિદ્યાર્થીની સંખ્યા નીચે મુજબ છે. |

| ક્રમ | તાલુકાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભિલોડા | ૧૪,૯૯૦ |
| ૨ | વિજ્યનગર | ૧૧,૪૦૫ |
| ૩ | મેઘરજ | ૦૭,૪૫૦ |
| ૪ | ખેડબ્રહમા | ૨૯,૨૮૯ |
| ૫ | હિંમતનગર | ૦૧,૧૮૬ |
| ૬ | ઇડર | ૦૨,૧૪૬ |
| ૭ | મોડાસા | ૦૧,૪૦૩ |
| ૮ | પ્રાંતિજ | ૦૦,૨૪૪ |
| ૯ | તલોદ | ૦૦,૩૦૮ |
| ૧૦ | વડાલી | ૦૦,૮૨૭ |
| ૧૧ | માલપુર | ૦૦,૪૯૫ |
| ૧૨ | ધનસુરા | ૦૦,૭૨૩ |
| ૧૩ | બાયડ | ૦૦,૬૪૬ |
| | કુલ :- | ૭૧,૧૧૨ |

-----------

**ખોટ કરતા બોર્ડ/નિગમોને સહાય**

૧૯૦૬૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૩-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારના | (૧) કુલ ૯ બોર્ડ-કોર્પોરેશનોને રૂા. ૫૩૨૦૬.૯૩ |

ખોટ કરતા કેટલા બોર્ડ-કોર્પોરેશનોને છેલ્લા એક વર્ષમાં કેટલી આર્થિક સહાય સરકાર તરફથી આપવામાં આવી છે, અને

(૨) ખોટ કરતા બોર્ડ-કોર્પોરેશનોને કરકસર કરવા તથા બિનજરૂરી ખર્ચા ન કરવા શા આદેશો આપવામાં આવ્યા છે ?

લાખની આર્થિક સહાય આપવામાં આવી.

(૨)

- નવી જગ્યાઓ ભરવા પર પ્રતિબંધ
- કરાર આધારિત નિમણૂંક
- નવા વાહનો ખરીદવા પર પ્રતિબંધ
- જુના વાહનોમાં સી.એન.જી. કિટ લગાવવી
- કેલેન્ડરો - ડાયરીઓ છપાવવા પર પ્રતિબંધ
- સખાવતી જાહેરાતો પર પ્રતિબંધ
- વહીવટી ખર્ચમાં ઘટાડો કરવા વધારાના સ્ટાફને સ્વૈચ્છિક નિવૃત્ત કરવા /અન્યત્ર સમાવવા.

-----------

## વડોદરા જિલ્લામાં જમીન પર વનીકરણ

૨૧૬૦૦ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા ગ્રામ્ય) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી જમીન પર વનીકરણ કરવામાં આવ્યું, કેટલો ખર્ચ થયો,

(૨) તે પેકી વડોદરા તાલુકામાં કેટલી જમીન પર વનીકરણ કરવામાં આવ્યું ખર્ચ કેટલો થયો, અને

(૩) આ રોપાઓમાં જીવંત ટકાવારી કેટલી ?

**જવાબ**

(૧) ૩૧-૦૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વડોદરા જિલ્લામાં ૭૪૨૪.૯૮ હેકટર જમીન ઉપર વનીકરણ કરવામાં આવ્યું, તેના માટે રૂા. ૭૮૯.૨૨ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) તે પેકી વડોદરા તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧૮૧ હેકટર જમીન ઉપર વનીકરણ કરવામાં આવ્યું, તેના માટે રૂા. ૨૫.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

(૩) છેલ્લા ત્રણ વર્ષની જીવિત રોપાઓની ટકાવારી સરેરાશ ૮૪ ટકા છે. જ્યારે વડોદરા તાલુકામાં જીવિત રોપાઓની ટકાવારી સરેરાશ ૮૧ ટકા છે.

-----------

## ભરૂચ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની પડતર અરજીઓ

૨૦૮૭૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર નવી શરતની જમીનો જુની શરતમાં ફેરવવા અંગેની કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, કેટલી પડતર છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| જંબુસર | ૭૭ |
| આમોદ | ૧૫૧ |
| વાગરા | ૧૮૦ |
| ભરૂચ | ૯૦ |
| અંકલેશ્વર | ૭૨ |
| હાંસોટ | ૮૪ |
| ઝઘડીયા | ૨૦ |
| વાલીયા | ૧૮ |
| કુલ | ૬૯૨ |

(૨)

| તાલુકાનું | મંજુર કરેલ | પડતર |
|---|---|---|
| જંબુસર | ૧૭ | ૬૦ |
| આમોદ | ૧૫૧ | ૦૦ |
| વાગરા | ૧૮૦ | ૦૦ |
| ભરૂચ | ૬૭ | ૨૩ |

| | | |
|---|---|---|
| ભરુચ | ૬૭ | ૨૩ |
| અંક્લેશ્વર | ૭૨ | ૦૦ |
| હાંસોટ | ૮૪ | ૦૦ |
| ઝઘડીયા | ૨૦ | ૦૦ |
| વાલીયા | ૧૮ | ૦૦ |
| કુલ | ૬૦૯ | ૮૩ |

-----------

**ગ્રામવન હેઠળ વાવેતર**

૨૧૨૯૦ **શ્રી વેચાતભાઈ હ. બારિયા** (પાવી જેતપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગ્રામ વન હેઠળ કઈ કઈ જમીનમાં વાવેતર કરવામાં આવે છે, અને

(૨) ગ્રામ પંચાયતને એનાથી કેટલો લાભ મળે છે ?

**જવાબ**

(૧) ગ્રામ વન વાવેતર ગ્રામ પંચાયત હસ્તક્ની ગોચર જમીનમાં કરવામાં આવે છે.

(૨) પરીપક્વ ગ્રામવનના આખરી કપાણ પછી તેમાંથી નીકળેલ માલની ઉપજેલ રક્મમાંથી વાવેતર પાછળ કરેલ ખર્ચ બાદ કરી, બાકી રહેતી ચોખ્ખી ઊપજની રક્મના ત્રણ ભાગ ગ્રામ પંચાયતને અને એક ભાગ પુનઃ વનીકરણ માટે રાખવામાં આવે છે.

-----------

**રાજ્યમાં જિલ્લાવાર બંધ થયેલ આશ્રમશાળા પુનઃ ચાલુ કરવા અંગે**

૧૯૧૯૨ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ૩ વર્ષમાં કેટલી આશ્રમશાળા બંધ પડેલ છે,

(૨) તેમાં જિલ્લાવાર સ્થિતિ કેટલી, અને

(૩) તેને ચાલુ કરવા માટે વિભાગે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા વિચારે છે કે કેમ ?

**જવાબ**

(૧) બે.

(૨)

| ક્રમ | જિલ્લાનું નામ | બંધ આશ્રમશાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સૂરત | ૧ |
| ૨ | નર્મદા | ૧ |

(૩) એક કેસમાં કોર્ટ કેસના નિર્ણયના આધારે કાર્યવાહી કરવાની રહે છે, બંધ આશ્રમશાળા સામે નિયમાનુસાર નવી સંસ્થાને આશ્રમશાળાની ફાળવણી કરવાની નીતિ અમલમાં છે.

-----------

**વારસાઈ એન્ટ્રીઓના પેન્ડીંગ કેસો**

૨૧૮૬૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શહેરા અને લુણાવાડા તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વારસાઈ એન્ટ્રીઓના કેટલા કેસો પેન્ડીંગ છે,

(૨) આ કેસો પેન્ડીંગ રહેવાના શાં કારણો છે, અને

(૩) આ કેસોનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | વારસાઇ એન્ટ્રીઓના પેન્ડીંગ કેસો |
|---|---|
| શહેરા | ૨૨૬ |
| લુણાવાડા | ૧૦૭ |
| કુલ.... | ૩૩૩ |

(૨) મુદ્દત થવા ઉપર બાકી.

(૩) સત્વરે.

-----------

**ગાંડા બાવળના કોલસા અને લાકડાના પાસ માટે**

૨૧૪૪૬ **શ્રી પરસોત્તમભાઈ ભોજાણી** (જોડીયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંડા બાવળના કોલસા અને લાકડાના વાહતુક પાસ મેળવવાના નિયંત્રણો દૂર કરવામાં આવેલ છે, અને | (૧) કેટલીક શરતોને આધીન આ નિયંત્રણો મુક્ત કરેલ છે. |
| (૨) આ નિયંત્રણો ક્યારથી દૂર કરવામાં આવેલ છે ? | (૨) સરકારશ્રીના તા. ૧૩-૧૨-૨૦૦૪ના ઠરાવથી આ નિયંત્રણો દુર કરેલ છે. |

-----------

**ભારે વરસાદ પુરના કારણે કેન્દ્ર સરકારે કરેલ સહાય**

૨૧૨૦૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં પડેલ ભારે વરસાદ અને પુરના કારણે થયેલ વ્યાપક તારાજીને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકારે કેટલી રકમ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ
ફાળવી ?

**જવાબ**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ.

| ક્રમ | વર્ષ | રકમ રૂા. (કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૦૬-૦૭ | રૂા. ૭૯૨.૫૫૫૦ |
| | **કુલ :** | **રૂા. ૭૯૨.૫૫૫૦** |

-----------

**ચેરના વાવેતર કરવા અંગે**

૨૧૪૩૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ચેરના વૃક્ષોનું વાવેતર ક્યાં કરવામાં આવે છે, અને

(૨) ચેરના વાવેતરથી શું ફાયદો થાય છે ?

**જવાબ**

(૧) રાજ્યમાં જામનગર, કચ્છ, રાજકોટ, ભાવનગર, આણંદ, ભરૂચ, સુરત અને નવસારી જિલ્લાના દરિયા કાંઠેના યોગ્ય વિસ્તારોમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવામાં આવે છે.

(૨) રાજ્યમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવાથી નીચે મુજબના ફાયદા થાય છે.

(૧) તે વિસ્તારની જમીનનું ધોવાણ અટકાવી શકાય છે.

(૨) તે વિસ્તારની ઉત્પાદક્તામાં વધારો થાય છે.

(૩) દરિયા કિનારાની ખેતીની જમીન અને ઉભા પાકોને દરિયાના ખારા પવનોથી થતું નુક્સાન અટકે છે.

(૪) દરિયા કિનારાની ખારાશને આગળ વધતી રોકી શકાય છે.

(૫) દરિયાઇ તોફાનથી થતી નુક્સાનીમાં પણ ઘટાડો થાય છે.

-----------

**સુરત જિલ્લામાં વેચાણવેરો વસુલ લેવાના બાકી એકમો**

૨૧૧૦૯ **શ્રી મનીષ ન. ગીલીટવાલા** (સુરત શહેર- પૂર્વ) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના કાંઠા વિસ્તાર હજીરા ઓદ્યોગિક ક્ષેત્રમાં ચાલતા ક્યા ક્યા ઓદ્યોગિક ગૃહો પાસેથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વેચાણવેરાની કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

**જવાબ**

(૧)

| ઓદ્યોગિક ગૃહનું નામ | બાકી રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| ઓ.એન.જી.સી. | ૨૨૧.૧૫ |
| એસ્સાર સ્ટીલ યુનિટ-૧-૨ | ૧૨૨૫.૧૫ |
| એસ્સાર પ્રોજેક્ટ | ૧.૪૫ |
| લાર્સન ટુબ્રો લી. | ૨૨.૯૧ |

| | |
|---|---|
| ઇન્ડિયન ઓઇલ કોર્પો. | ૧૧.૮૪ |
| રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, સુરત | ૧૧૧.૨૦ |

(૨) જે એકમો પાસેથી આ રકમ વસુલ કરવાની બાકી છે, તેમની સામે ક્યા પ્રકારના પગલાંઓ લેવામાં આવ્યા ?

(૨) સ્ટે સહીત કાયદાકીય કેસોને કારણે વસુલાતના પગલાં લઇ શકાયેલ નથી.

-----------

**કચ્છ અને જામનગર જિલ્લામાં ચેરના જંગલો**

૨૧૫૯૦ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દરીયાકાંઠાના કચ્છ અને જામનગર જિલ્લામાં ચેરના જંગલોમાં ૪૦૦ કી.મી. સુધીનું જંગલ નાશ પામ્યું છે તેવો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઈ અહેવાલ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો આ માટે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વ્યારા તાલુકાના ટીચકપુરા ગામે આશ્રમ શાળાનું મકાન તૂટી જવા અંગે**

૨૦૮૮૯ **શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ** (કામરેજ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તાજેતરમાં ટીચકપુરા ગામે કન્યા આશ્રમ શાળાનું મકાન તૂટી ગયેલ છે તેમાં જે નુકસાન થયેલ છે તે માટે જવાબદાર વ્યક્તિ સામે સરકાર શું પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

ટીચકપુરા ગામે (આશ્રમશાળા નહિ) આદર્શ નિવાસીશાળાના આદિજાતિ કન્યા છાત્રાલયનો કેટલોક ભાગ તૂટી જવા બાબતે સરદાર વલ્લભભાઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ટેક્નોલોજી, સુરતને તપાસ સોંપેલ છે, જેના તપાસ અહેવાલના આધારે જવાબદાર વ્યક્તિ સામે નિયમોનુસાર પગલાં લેવામાં આવશે.

-----------

**ડાંગ જિલ્લાના નાંદપેડા ગામના આદિવાસીઓને ખેતીની જમીનના હકક આપવા અંગે**

૧૯૫૩૫ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લાના નાંદપેડા ગામે ડાંગી આદિવાસી વણઝારા સમાજના ૧૬૫ કુટુંબો અંગ્રેજ શાસન પહેલાંથી સ્થાયી થઈ ખેતી કરવા આવ્યા છે, છતાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં તેમને ખેતીની જમીનમાં તથા રહેઠાણના પ્લોટના હકકો આપવામાં આવતા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) કેટલા સમયમાં તેમના હક્કો આપવા માંગો છો ?

**જવાબ**

(૧) નાંદનપેડા ગામે રહેતા મુસ્લીમ વણઝારાનો ડાંગી આદિવાસીમાં સમાવેશ થતો ન હોઇ ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**ચોટીલા તાલુકામાં દિપડાના મૃત્યુ અને રંજાડની ફરિયાદ અંગે**

૨૧૩૩૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં તારીખ ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા દીપડાના મૃત્યુ થયા,

(૨) દીપડાની રંજાડ માટે કેટલી ફરિયાદ આ ત્રણ વર્ષમાં મળેલ છે, અને

**જવાબ**

(૧) ઉપરોક્ત સમય દરમ્યાન બે (૨) દીપડાના મૃત્યુ થયા.

(૨) આ સમય દરમિયાન નીચે મુજબની ફરીયાદ મળેલ છે :-

| | |
|---|---|
| તા. ૧-૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ | શૂન્ય |
| તા. ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૫ | શૂન્ય |

તા. ૧-૧-૦૬ થી ૩૧-૧૨-૦૬ ૮ (આઠ)

(૩) દીપડાની રંજાડ અટકાવવા કઈ કઈ કાર્યવાહી કરવામાં આવી ?

(૩) દીપડાની રંજાડ અટકાવવા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે :-
(૧) દીપડો હોવાની બાતમી/અરજી મળેલ હોય તેવા સ્થળે દીપડો પકડવા માટે પાંજરૂ મુકવામાં આવેલ અને દીપડાને પકડવાના પ્રયત્નો કરેલ છે.
(૨) સ્થાનિક સ્ટાફને આવા વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગ કરવા અને દીપડા વિશે માહિતી મેળવવા સતત સૂચનાઓ આપવામાં આવેલ છે.
(૩) દીપડાનું અસ્તિત્વ ધરાવતા ગામોમાં ગામલોકોને તથા આજુબાજુના ગામના સરપંચશ્રીઓને લેખિત પત્ર દ્વારા તે વિસ્તારમાં દિપડો હોવાની શક્યતાની જાણ કરી/વિનંતી કરીને ગામ લોકોને સાવધ રહેવાની તથા એકલા અટુલા કામ પર નહિ જવાની સલાહ આપવામાં આવેલ છે અને
(૪) જો કોઈ ગામલોકોને દીપડો જોવા મળે તો ચોટીલા ફોરેસ્ટ ખાતાના અધિકારીઓને જાણ કરવા તેમના ટેલીફોન નંબરની પણ માહિતી આપવામાં આવેલ છે અને આ કામે ગામ લોકોનો સહકાર મળે તે માટે વિનંતી કરવામાં આવેલ છે.

-----------

**કચ્છ ભૂજ સીમની જમીન દલીત સમાજને રીગ્રાન્ટ કરવા બાબત**

૨૦૮૯૭ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ ભૂજ સીમની સર્વે નં. ૧૧૨ની ખેતીની સરકાર દાખલ થયેલ જમીન ખેતીના હેતુ માટે જ અનુ. જાતિના ખેડુતને રીગ્રાન્ટ થયા હોવા છતાં આ જમીન અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવા સરકારે બીનખેતી પ્રીમીયમ નકકી કરી જમીન વેચાણની મંજૂરી આપેલ છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ જમીન માત્ર ખેતીના ઉપયોગ માટે જ રીગ્રાન્ટ થયા છતાં અન્ય હેતુ માટે ઉપયોગમાં લેવાની શરત ભંગ ગણી ફરી સરકાર દાખલ કરવામાં આવશે કે નિયમની ચકાસણી કરાશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સવાલવાળી ખેતીના હેતુસરની જમીનને બીનખેતીના હેતુ માટે વાપરવા દેવા પ્રવર્તમાન જોગવાઈ અનુસાર પરવાનગીથી શરતફેર કરવામાં આવેલ હોઈ, શરતભંગ ગણી સરકાર દાખલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ શહેર અને જિલ્લામાં સામાજિક વનીકરણની યોજનાથી જમીનનું વનીકરણ**

૨૧૬૮૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર અને જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું,

(૨) કેટલા અને ક્યા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા, અને

(૩) કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ૪૯૫-હેકટર જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું.

(૨) અમદાવાદ જિલ્લાના દસ તાલુકામાં આવેલ રોડ સાઈડ વિસ્તારોમાં ગોચરની જમીનો, સરકારી તથા શૈક્ષણિક સંસ્થાઓ, ગ્રામ પંચાયત/નગર પંચાયતની જમીનો તથા ખેડુતોની જમીનો વગેરે વિસ્તારો આવરી લેવામાં આવ્યા છે.

(૩) કુલ રૂા. ૫૯.૯૪ લાખ ખર્ચ કરવામાં આવેલ

છે.

## રાજ્ય સરકારનું દેવું

૨૧૨૬૭ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારનું દેવું કેટલું છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તેમાં કેટલો વર્ષવાર વધારો થયેલ છે, અને

(૩) દર વર્ષે આ દેવા માટે કેટલું વ્યાજ ચૂકવવામાં આવે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું અંદાજે રૂા. ૭૧૬૬૪.૮૦ કરોડ છે.

(૨)

(રૂપિયા કરોડમાં)

| નાણાક્યિ વર્ષ | જાહેર દેવામાં વર્ષ અંતિત થયેલ વધારો |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૭૬૨૩.૭૬ |
| ૨૦૦૫-૦૬ | ૯૪૧૫.૪૪ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૦૧-૦૭ સુધી) | ૪૪૨૮.૧૯ |

(૩)

(રૂપિયા કરોડમાં)

| નાણાક્યિ વર્ષ | જાહેર દેવા પેટે વર્ષવાર ચૂકવવામાં આવેલુ વ્યાજ |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૫૪૩૨.૩૨ |
| ૨૦૦૫-૦૬ | ૫૪૫૨.૦૯ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૦૧-૦૭ સુધી) | ૪૪૨૬.૨૨ |

-----------

## કોર્પોરેટ ફાર્મીંગ માટે જમીન ફાળવણી

૨૧૪૩૫ **શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** (અબડાસા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં કોર્પોરેટ ફાર્મીગ માટે તારીખ ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી, અને

(૩) બાકી રહેલ માંગણીદારોને ક્યારે જમીનની ફાળવણી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૫૫

(૨) એકપણ નહીં.

(૩) ઠરાવેલ કાર્યપધ્ધતિ કર્યા બાદ જે તે નિર્ણય મુજબ

## શહેરી અને ગ્રામ્ય જમીન મોજણી

૨૧૫૮૦ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં શહેરી અને ગ્રામ્ય જમીન મોજણી ક્યારે કરવામાં આવશે,

(૨) અગાઉ છેલ્લે કઈ સાલમાં આ મોજણી કરવામાં આવેલ હતી, અને

(૩) સરકારે આ અંગે ક્યા ક્યા પ્રયાસ હાથ ધરેલ છે?

**જવાબ**

(૧) મોટા શહેરો / નગરોની મૂળ ગામતળની શહેરી મોજણી તથા ગ્રામ્ય વિસ્તારની મોજણી પૂર્ણ કરાયેલ છે. વિકાસ પામેલા શહેરી વિસ્તારોની મોજણી, મહેકમ અને ફંડની ઉપલબ્ધતા મુજબ કરવામાં આવે છે.

(૨) શહેર મોજણી સને : ૧૯૨૧ થી સને : ૨૦૦૦ સુધીમાં અને ગ્રામ્ય મોજણી સને : ૧૮૮૬ થી સને : ૧૯૭૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવેલ હતી.

(૩) ટી.પી. સ્કીમોવાળા વિસ્તારોમાં શહેર મોજણી કરી રેકર્ડ અમલમાં લાવવા આગામી પંચવર્ષીય યોજનામાં આયોજન કરેલ છે. તેમજ રાજ્યના આદીજાતિ વિસ્તાર માટે સને : ૧૯૭૫ થી રીસરવે

અને રીવીઝન સરવેની કામગીરી ચાલુ છે.

**દાહોદ જિલ્લામાં ગણવેશને બદલે રોકડા રૂપિયા આપવા બાબત**

૨૧૩૭૯ **શ્રી બચુભાઈ ખાબડ** (દેવગઢ બારીયા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૦૬માં ધોરણ ૧ થી ૭માં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ગણવેશ આપવાની ચાલતી યોજનામાં ફેરફાર કરી વિધાર્થીઓને રૂા. ૧૫૦ રોકડા આપવામાં આવે છે શું આ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો જિલ્લાના દરેક તાલુકામાં કેટલા વિદ્યાર્થીઓને રોકડા રૂપિયા ચૂકવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ""હા, જી.""

(૨) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૦૫-૦૬માં તાલુકાવાર ગણવેશ પેટે રૂપિયા ૧૫૦/- લેખે અપાયેલ લાભાર્થી વિદ્યાર્થીઓની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વિદ્યાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | દાહોદ | ૪૩૧૭૫ |
| ૨ | લીમખેડા | ૨૬૫૫૧ |
| ૩ | ગરબાડા | ૨૨૦૩૪ |
| ૪ | દેવગઢબારીયા | ૯૦૯૨ |
| ૫ | ધાનપુર | ૧૬૫૯૩ |
| ૬ | ઝાલોદ | ૬૧૪૨૨ |
| ૭ | ફતેપુરા | ૩૧૨૮૯ |

-----------

**કડી તાલુકાના સિરામીકલ ઉત્પાદકોમાં બાકી વેચાણવેરાની રકમની વસુલાત**

૨૧૬૫૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કડી તાલુકાના મધુસુદન સિરામીક્સ, સ્વસ્તિક સિરામીક્સ, સિધ્ધાર્થ સિરામીક્સ, સોમાની પિલ્કીંગટન્સ નામના સિરામીકલ ઉત્પાદકોએ છેલ્લા ત્રણ વર્ષમાં વેચાણવેરાની કેટલી રકમ ભરી, કેટલી રકમ ભરવાની બાકી નીકળે છે, આ રકમ પૈકી કેટલી રકમની માફી આપવામાં આવી,

(૨) બાકી વેચાણવેરાની રકમની વસુલાત માટે સરકારે શાં પગલાં ભર્યા, અને

(૩) આ એકમો ધ્વારા કરચોરી કરાતી હોવા અંગેની સરકારને કેટલી ફરિયાદો છેલ્લા ત્રણ વર્ષમાં મળેલ છે, સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧)

| એકમનું નામ | વેચાણવેરા/વેટ પેટે ભરેલ રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| મધુસુદન સીરામીક્સ | ૮.૧૧ |
| સ્વસ્તીક સીરામીક્સ | ૦.૯૧ |
| સિધ્ધાર્થ સીરામીક્સ | ૦.૬૫ |
| સોમાની પિલ્કીંગટન્સ | ૧૦.૧૫ |

બાકી રકમ - શૂન્ય
માફી આપેલ રકમ - શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) શૂન્ય
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સિમેન્ટ કંપનીઓ પાસેથી લેવાનો થતો વેચાણવેરો**

૧૯૯૩૦ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : તા. ૨૪-૨-૦૬ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૪૩૦૩ (અગ્રતા-૪૨)ના અનુસંધાને **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સિમેન્ટ કંપનીઓ પાસેથી ક્યારથી વેચાણવેરાની રકમ વસુલ કરવાની થાય છે, તે અન્વયે કઈ કઈ કંપનીઓ પાસેથી બાકી રહેતી વેરાની રકમ તા. ૩૧-૧-૦૭ સુધીમાં વસુલ કરવામાં આવી, અને

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) બાકી રહેતી રકમ વસૂલ કરવા કઈ કઈ સીમેન્ટ કંપનીઓ સામે વેચાણવેરા કાયદા અને જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં ભરવામાં આવ્યા ?

(૨) પત્રક-૨ મુજબ.
(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**ખેતીની જમીન જુની શરતમાં ફેરવવાની નીતિ અંગે**

૧૯૯૦૧ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવી શરતની ખેતીની જમીન જુની શરતમાં ફેરવવા માટેની સરળ નીતિ સરકારે જાહેર કરેલ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ નવી નીતિ ક્યારથી અમલમાં આવેલ છે, અને | (૨) તા. ૨૦-૧૨-૨૦૦૬ થી |
| (૩) આ નવી નીતિનો લાભ વધુમાં વધુ ખેડૂતો લે તે માટે શું આયોજન કરેલ છે ? | (૩) મહેસૂલ વિભાગના તા. ૨૦-૧૨-૨૦૦૬ ઠરાવ તથા પરિપત્રના સંદર્ભમાં તા. ૨૮-૨-૨૦૦૭ના રોજ રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ખાતેદારોનો ૧૫ વર્ષ કે તેથી વધુ સમયનો સળંગ કબજો હોય અને શરતભંગ અથવા જૂની શરતમાં ફેરવવા અંગે કોઈ બાધક કારણો ન હોય તો તેવી તમામ નવી શરતની જમીનો ખેતીના હેતુ માટે એક ઝુંબેશના ભાગરૂપે જૂની શરતમાં ફેરવવામાં આવે તે માટે સંબંધિતોને જરૂરી સુચના આપવા તમામ કલેકટરશ્રીઓને જણાવવામાં આવેલ છે. |

-----------

**રાવળા હકકના મકાન અને વાડાઓને જૂની શરતમાં ફેરવવા બાબત**

૨૦૮૮૫ **શ્રી શિવાભાઈ ગોહિલ** (તળાજા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહુવા અને તળાજા તાલુકામાં જુના ગામતળના રાવળા હકકના મકાન અને વાડાઓને જુની શરતમાં (લીઝવર્ડ)માં ફેરવવાનો રાજ્ય સરકારે તાજેતરમાં નિર્ણય લીધો તે હકીક્ત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો ઉપરોક્ત નિર્ણય મુજબ આ બન્ને તાલુકામાંથી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને કેટલી અરજીઓ મળેલ છે, | (૨) ૧૩૪૬ |
| (૩) આ અંગે સરકારે કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને | (૩) આ અંગે અરજદારો દ્વારા જરૂરી આધાર-પુરાવાઓ રજુ ન કરતાં ૧૩૨૫ અરજીઓ નામંજૂરીના સ્વરૂપમાં નિકાલ થયેલ છે. |
| (૪) કેટલી અરજી પડતર છે, અને પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૪) ૨૧<br>અરજદારો દ્વારા આધાર પૂરાવા રજુ થયેથી નિકાલ કરવામાં આવશે. |

-----------

**સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત સમિતિઓ**

૨૧૨૯૯ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** (મેઘરજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સહભાગી વન વ્યવસ્થા હેઠળ સાબરકાંઠા જિલ્લામાં કેટલી સમિતિઓ કાર્યરત છે, અને | (૧) ૨૬૯ સમિતિઓ કાર્યરત છે. |
| (૨) આ સમિતિઓ દ્વારા કેટલા હેકટરમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું ? | (૨) આ પૈકી ૫૫ સમિતિઓ દ્વારા ૨૦૦૩--૦૪ થી ૨૦૦૬-૦૭ દરમ્યાન ૨૫૦૦ હેકટર વિસ્તારમાં ૧૨.૮૫ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. |

-----------

**ગાંધીનગર જિલ્લામાં જમીન દબાણ નિયમિત કરી ખેડૂતોને જમીન આપવા બાબત**

૨૧૩૩૭ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારની ખેડૂતો ધ્વારા ખેતી માટે કરવામાં આવેલ જમીન દબાણ નિયમિત કરી ખેડૂતોને જમીન આપવામાં આવી છે, તે હકીક્ત સાચી છે, અને | (૧) ના., જી. |
| (૨) જો હા, તો તે પેકી ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા દબાણો નિયમિત કરી આપવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કચ્છ જિલ્લાના ઉદ્યોગોમાં સ્થાનિકોને રોજગારી**

૨૦૧૩૩ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ઉદ્યોગોમાં સ્થાનિકોને રોજગારી ન મળતી હોવા અંગેની કેટલી ફરિયાદો છેલ્લા એક વર્ષમાં સરકારને મળી છે, | (૧) ૦૯ |
| (૨) સ્થાનિકોને રોજગારી મળી રહે તે માટે સરકારે શાં શાં પગલાં ભર્યા છે, અને | (૨) સ્થાનિક ભરતીના ઠરાવની જોગવાઈ મુજબ સ્થાનિકોની નિયત ટકાવારી ન જાળવતા ખાનગી ક્ષેત્રના ઉત્પાદનલક્ષી એકમોની યાદી ઉદ્યોગ કમિશ્નરશ્રીને મોકલી પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી કરવામાં આવેલ છે. |
| (૩) ક્યા ક્યા ઉદ્યોગગૃહ દ્વારા સ્થાનિકો તરીકે ખોટી યાદી રજૂ કરવામાં આવી હતી ? | (૩) આવો કોઈ કિસ્સો અત્રેના ધ્યાને આવેલ નથી. |

-----------

**વ્યારા તાલુકાના આમણીયા આસોપાલવ કલમકુઈ રસ્તાનું અધુરું કામ**

૧૯૪૬૬ **શ્રી પુનાભાઈ ધે. ગામીત** (વ્યારા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના વન હસ્તકની આમણીયા આસોપાલવ કલમકુઈ રસ્તાનું કામકાજ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૧) સુરત જિલ્લાના વ્યારા તલુકાના આમણીયા-આસોપાલવ-કલમકુઈ રસ્તા પેકી ૩.૮ કિ.મી. રસ્તાને ડામર સપાટી કરવાની બાકી છે. |
| (૨) આ રસ્તાનું ખાતમુર્હુત ક્યારે કોના હસ્તક થયું, અને | (૨) આ રસ્તાનું ખાતમુર્હુત સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૧૦-૨-૨૦૦૫ના રોજ માન. મંત્રીશ્રી, વન અને પર્યાવરણના વરદ હસ્તે થયેલ છે. |
| (૩) કામ અધુરું રહેવાના કારણો શાં છે ? | (૩) આ કામે પર્યાવરણ સંરક્ષણ ધારા હેઠળની અગાઉની સુચનાઓ મુજબ જરૂરી જુરી મુળવવાની કાર્યવાહી થઈ હતી, જે દરમિયાનમાં ભારત સરકારના તા. ૧૪-૯-૦૬ના જાહેરનામાથી આવા રસ્તાઓ માટે પર્યાવરણ અધિનિયમ હેઠળની મંજૂરી લેવાની જોગવાઈ કાઢી નાખેલ હોવાથી હવે આ રોડની બાકી કામગીરી ગ્રાન્ટની ઉપલબ્ધતા અનુસાર ઝડપથી પૂરી કરવામાં આવશે. |

-----------

**સાવરકુંડલા તાલુકાના મીતીયાળા અભ્યારણના વિકાસ તેમજ ખર્ચ**

૧૯૧૭૮ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકાના મીતીયાળા જંગલમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં વિકાસના કાર્યો માટે કેવા કેવા વિકાસના કામ માટે કેટલી રકમનું ખર્ચ કરેલ છે, અને | (૧) સાવરકુંડલા તાલુકાના મીતીયાળા જંગલમાં બે વર્ષ એટલે કે ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ માં કુલ રૂા. ૩૦.૪૩ લાખ અને ૨૦૦૬-૦૭માં તારીખઃ ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં કુલ રૂા. ૧૪.૧૩ લાખનો ખર્ચ થયેલ છે. આ ખર્ચ પથ્થરની વંડી, ફાયર લાઈન, રસ્તા રીપેરીંગ, ઉપદ્રવી વનસ્પતિના નિકાલ, વન્ય પ્રાણીની પીવાના પાણીની સગવડ, પ્રકૃતિ શિક્ષણ શિબિર, આજુબાજુના ગામોમાં ઈકો ડેવલપમેન્ટને લગતા કામો જેવા કે કુવા પર પેરાપેટ વોલ, ગામના રસ્તાઓની સુધારણા, મકાન, સુધારણા, સ્વરોજગારી વિકાસ જેવા કામો માટે ખર્ચ કરેલ છે. |
| (૨) કરેલ ખર્ચના આધારે વિકાસના કાર્યોથી જંગલમાં અને આજુબાજુના ગામોને કેવા ફાયદાઓ થયેલ છે ? | (૨) મીતીયાળા અભયારણ વિસ્તારમાં કરવામાં આવેલ કામગીરીથી જંગલમાં અને આજુબાજુના ગામોમાં નીચે મુજબ ફાયદા થયેલ છે :-<br>(૧) ઘાસ સુધારણાના કામોના હિસાબે તૃણભક્ષી વન્ય પ્રાણીઓને ઘાસ સારા પ્રમાણમાં મળી રહે છે જેથી તેમનો વિકાસ થયો છે.<br>(૨) મીતીયાળા અભયારણની પરિસ્થિતિ સુધારતાં તે વન્ય પ્રાણીઓ માટે વધુ અનુકૂળ બનેલ છે.<br>(૩) કુવા તથા તળાવના સ્તર ઊંચા આવેલ છે.<br>(૪) આસપાસના લોકોને રોજગારીની તકો ઉભી થઈ શકેલ છે.<br>(૫) પર્યાવરણની જાળવણીમાં લોકોનો સાથ અને સહકાર મળેલ છે.<br>(૬) લોકોમાં વન્ય પ્રાણીઓ તથા અભયારણની જાળવણી વિશે જાગૃતિ આવેલ છે. |

-----------

**ખાનપુર તાલુકામાં વન વિસ્તાર**

૨૧૩૦૭ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ** (લુણાવાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકામાંના વન વિસ્તારમાં ઘણાં કોતર નાળા આવેલ છે જેમાં સરકાર પાણીના સ્તર ઉંચે લાવવા ચેકડેમ બનાવવા માંગે છે, કે કેમ, | (૧) જંગલ વિસ્તારમાં વિવિધ ખાતાકીય કામગીરીઓમાં ભુમિ ભેજ સંરક્ષણના કામો લેવામાં આવે છે. જેમાં ચેકડેમ પણ બનાવવામાં આવે છે. |
| (૨) આ અંગે સરકારે નાણા ફાળવણી કરેલ છે કે કેમ, અને | (૨) ખાતાકીય કામગીરીઓ માટે સરકારશ્રી તરફથી નાણાંની ફાળવણી કરવામાં આવે છે. |
| (૩) આવા કેટલા ચેકડેમ બનાવી શકાય તેમ છે ? | (૩) પંચમહાલ જિલ્લાના ખાનપુર તાલુકાના વન વિસ્તારોમાં જુદા જુદા કોતરો ઉપર જરૂરિયાત પ્રમાણે ભુમિ ભેજ ના કામો લઈ શકાય છે. |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં જંગલની જમીનના હક્કદાવાની ચકાસણી અંગે**

૧૯૯૬૩ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ જંગલ વિસ્તારમાં ગામોમાં જંગલની | (૧) હા, જી. ૧૯૮૦ પહેલાં જંગલમાં રહેતા લોકોના જંગલ જમીન પરના હક્ક દાવાઓની ચકાસણી |

જમીન ધરાવતા આદિવાસી તેમજ જંગલમાં રહેતા અન્ય લોકોના હક્ક દાવા ચકાસવા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે,

કરવા માટે વિવિધ સમિતિઓની રચના કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી અપીલો ગ્રામ સમિતિને મળી અને કેટલા દાવાનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે :-

| | **તાલુકાનું નામ** | **હક્કદાવા અરજીની કુલ સંખ્યા** | **માન્ય રાખેલ અરજીની સંખ્યા** | **અમાન્ય કરવામાં અરજીની સંખ્યા** |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૨૯૫૪ | ૭૬૫ | ૨૧૮૯ |
| ૨ | વડગામ | ૧૮ | ૦ | ૧૮ |
| ૩ | પાલનપુર | ૪૩૨ | ૭૭ | ૩૫૫ |
| ૪ | અમીરગઢ | ૧૧૧૩ | ૭૪ | ૧૦૩૯ |
| ૫ | દાંતીવાડા | ૨ | ૨ | ૦ |
| ૬ | ધાનેરા | ૨ | ૨ | ૦ |
| ૭ | ડીસા | ૦ | ૦ | ૦ |
| ૮ | થરાદ | ૦ | ૦ | ૦ |
| ૯ | વાવ | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૪૫૨૧** | **૯૨૦** | **૩૬૦૧** |

(૩) પોતાના દાવાની ફરીયાદ કરવા અંગેની જાણ સંબંધિતોને કેવી રીતે કરવામાં આવી હતી,

(૩) સરકારશ્રીના તા. ૧૯-૧૨-૦૫ના ઠરાવ અન્વયે હક્કદાવા ગ્રામ સમિતિ સમક્ષ રજુ કરવા માટે ઉક્ત ઠરાવની નક્લને ગ્રામ પંચાયત, ગામના ચોરે તથા જાહેર જગ્યાએ બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે.

(૪) સંબંધિતોને દાવાની રજૂઆત કરવાની પૂરતી જાણકારી મળી નથી તેથી ફરીયાદ કરી શક્યા નથી તે સરકાર જાણે છે, અને

(૪) આવી કોઈ ફરીયાદ મળેલ નથી.

(૫) જો હા, તો પૂરતી જાણકારી મળી રહે તે અંગે સરકારે કેવી જોગવાઇ કરી છે ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરની કચેરીનું સંવર્ગવાર મહેકમ**

૨૦૮૮૧ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા કલેક્ટર કચેરીમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લા કલેક્ટર કચેરીમાં સંવર્ગવાર નીચે પ્રમાણે મહેકમ મંજૂર કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **સંવર્ગ** | **મંજૂર થયેલ જગ્યાઓ** | | |
|---|---|---|---|---|
| | | **કાયમી** | **હંગામી** | **કુલ** |
| ૧ | મામલતદાર | ૧૫ | ૧ | ૧૬ |
| ૨ | નાયબ | ૬૨ | ૬૮ | ૧૩૦ |
| ૩ | ક્લાર્ક | ૧૧૪ | ૧૯ | ૧૩૩ |
| ૪ | ક્લાર્ક કમ | ૧૨ | ૫ | ૧૭ |
| ૫ | ગુજરાતી | ૧૨ | ૧ | ૧૩ |

| | | | | |
|---|---|---|---|---|
| | ટાઈપીસ્ટ | | | |
| ૬ | અંગ્રેજી ટાઈપીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૭ | ડ્રાયવર | ૧૨ | ૧ | ૧૩ |
| ૮ | પટાવાળા | ૭૨ | ૨ | ૭૪ |

(૨) કેટલી જ્ગ્યાઓ, ક્યારથી ખાલી છે, અને

(૨) નીચે પ્રમાણેની જ્ગ્યાઓ ખાલી છે.

| ક્રમ | જ્ગ્યાનું નામ | ક્યારથી ખાલી |
|---|---|---|
| ૧ | ચીટનીસ ટુ કલેક્ટર | તા. ૩૦-૪-૦૫ થી |
| ૨ | મામલતદાર ડીઝાસ્ટર | તા. ૩૦-૧૧-૦૫ થી |
| ૩ | મામલતદાર હક્કપત્રક | તા. ૧૧-૭-૦૫ થી |
| ૪ | કારકુન ૫૬<br>કારકુન ક્મ ટાઈપીસ્ટ ૧૦<br>ગુજરાતી ટાઈપીસ્ટ ૧<br>અંગ્રેજી ટાઈપીસ્ટ ૧<br>ડ્રાઈવર ૨ | આ જ્ગ્યાઓ એકાદ વર્ષથી ખાલી છે. |
| ૫ | પટાવાળા ૨૫ | |

(૩) ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

(૩) આ જ્ગ્યાઓ તબક્કાવાર ભરવામાં આવશે.

-----------

**કેન્દ્ર સરકાર દ્વારા મળેલ અનુદાન તેમજ વ્યાજ અંગે**

૨૦૬૨૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧ જાન્યુઆરી ૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી યોજના બહારનું અનુદાન અન્ય આયોજન અનુદાન ઉચ્ચક અનુદાન અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે કુલ કેટલી રકમો મંજુર થઇ અને કેટલી રકમો તે પેકી પ્રાપ્ત થઇ,

(૨) તે પૈકી લોનો પેટે કેટલી રકમ હતી, અને

(૩) આ લોનો કેટલી રકમના વ્યાજ દરે લેવામાં આવી છે ?

**જવાબ**

(૧) મંજુર થયેલ તેમજ પ્રાપ્ત થયેલ રકમ (પત્રક મુજબ.)

(૨) રૂા. ૨૩૯.૩૨ કરોડ.

(૩) તા. ૩૧-૩-૨૦૦૫ પહેલાં કરાર થયેલ લોન ઉપર ૯ ટકા વ્યાજ દર છે. જ્યારે તા. ૧-૪-૨૦૦૫ પછી થયેલ કરારની લોનની વ્યાજની રકમનો દર સીંગલ કરંસી લાયબોર મુજબ છે.

**પત્રક**

**રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી મંજુર થયેલ તેમજ પ્રાપ્ત થયેલ અંદાજીત અનુદાન**

**વર્ષ ૨૦૦૬-૦૭ માં**

| યોજના | તા. ૩૧-૧-૦૭ સુધી મળેલ રકમ. (રૂા. કરોડમાં) |
|---|---|
| ૧. આયોજન બહારનું અનુદાન | ૯૮૩.૬૩ |
| ૨. અન્ય આયોજન અનુદાન.<br>(૧) રાજ્યની આયોજન યોજનાઓ માટે અનુદાન<br>(૨) કેન્દ્રિય આયોજન યોજનાઓ માટે અનુદાન. | <br>૮૩૦.૩૧<br>૩૩૮.૫૬ |
| ૩. ઉચ્ચક અનુદાન | ૦૦.૦૦ |
| ૪. કેન્દ્ર પુરસ્કૃત આયોજન યોજનાઓ માટે અનુદાન | ૨૫૬.૨૬ |

-----------

**વિરમગામ, માંડલ અને પાટડી તાલુકામાં રોઝ દ્વારા પાકને નુક્સાન**

૧૯૦૪૭ **શ્રી વજુભાઈ પ. ડોડિયા** (વિરમગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વિરમગામ, માંડલ તેમજ પાટડી તાલુકાના ગામોમાં રોઝના ટોળાથી ખેડૂતોના ઉભા પાકને નુક્સાન કરવામાં આવતું હોઇ રોઝની સંખ્યા ઘટાડી પાકનું નુક્સાન અટકાવી શકાય તેમ હોઇ તે માટે સરકારનું કોઇ આયોજન છે ? | હા, જી.<br>વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને થતું નુક્સાન રોકવા તથા વન્ય પ્રાણીઓના નિયંત્રણ માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.<br>૧. ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦% રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.<br>૨. ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને તેના અવાજો કરીને હલન ચલનવાળા ચાડિયા રાખીને તથા રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.<br>૩. ખેતીના પાકને થતા નુક્સાન સામે પાકના રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.<br>૪. રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા ખસીકરણ કરવામાં પૂરતી સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુક્સાની જણાય છે તેવા વિરમગામ, માંડલ તેમજ પાટડી તાલુકાના ગામોના ૩૧ સરપંચશ્રીઓને વન્ય પ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ રોઝના નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલી છે. જેમાં, માંડલના-૧૧, વિરમગામના-૧૩, અને પાટડી (દશાડા)ના-૭ ગામોનો સમાવેશ થાય છે. |

-----------

**વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને નુક્સાન**

૨૦૮૭૦ **શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** (હળવદ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૫ અને ૨૦૦૬માં રાજ્યમાં ખેડૂતોના ઉભા પાકને ખચ્ચર, ગધેડા અને નીલગાયથી નુક્સાન કરતા હોવાનું સરકારની જાણમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબતે સરકારે કોઇ પગલાં લીધા છે, અને | (૨) વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને થતું નુક્સાન રોકવા તથા વન્ય પ્રાણીઓના નિયંત્રણ માટે નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે.<br>૧. ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ દ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.<br>૨. ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને તેના અવાજો કરીને, હલન ચલનવાળા ચાડિયા રાખીને રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.<br>૩. ખેતીના પાકને થતા નુક્સાન સામે પાકને |

રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામસભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

૪. રોઝડાઓને પકડીને અન્યત્ર ખસેડવા તથા ખસીકરણ માટેની યોજના અમલમાં મુકવા માટે એનીમલ ટ્રેપીંગ નેટ ખરીદી તેના વડે રોઝડાઓને પકડી ખસીકરણ કરીને છોડી દેવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં જોઇએ તેટલી સફળતા મળેલ ન હતી.

૫. રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા ખસીકરણ કરવામાં પૂરતી સફળતા ન મળતાં, રોઝના નિકાલ માટે ગુજરાત સરકાર દ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુક્સાની જણાય છે તેવા જુદા જુદા વિસ્તારોમાં ૧૫૪૫ ગામના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ નીલગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલ છે.

(૩) આ બાબતે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલીવાર મિટિંગો યોજવામાં આવી અને તે અન્વયે કોઇ પરિણામ આવ્યું કે કેમ ?

(૩) આ બાબતે છેલ્લા બે વર્ષમાં તા.૨-૩-૦૫ તથા તા.૧૪-૩-૦૫ તથા તા.૨૯-૩-૦૫, તા.૨-૮-૦૫ ના રોજ માન. મંત્રીશ્રી કૃષિ અને માન. મંત્રીશ્રી વનની અધ્યક્ષતામાં મીટીંગો યોજવામાં આવી હતી. તા.૧૪-૨-૦૫ ના માન. મુખ્ય મંત્રીશ્રીની અધ્યક્ષતામાં આ બાબતે મીટીંગ યોજવામાં આવેલ હતી. તથા તા.૧૩-૨-૨૦૦૬ના રોજ મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં એક મીટીંગ યોજવામાં આવી હતી. જેમાં રોઝડાના ત્રાસવાળા વિસ્તારના ગામોના સરપંચોને માનદ્ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિયુક્ત કરવા અને રોઝડાઓનો નિકાલ કરવા માટે સરપંચશ્રીઓને સત્તા આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

-----------

**સહભાગી વન વ્યવસ્થા**

૨૧૨૮૭ **શ્રી દિપસિંહ શં. રાઠોડ** (પ્રાંતિજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સહભાગી વન વ્યવસ્થા એટલે શું, | (૧) સ્થાનિક લોકોના સહયોગથી વનોનું પુનઃનિર્માણ અને સંરક્ષણ કરવાની વ્યવસ્થા. |
| (૨) સહભાગી વન વ્યવસ્થા ક્યારથી અમલમાં આવી, અને | (૨) ગુજરાત રાજ્યમાં સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગનાં તા.૧૩-૩-૧૯૯૧ના ઠરાવથી અમલમાં છે. |
| (૩) સહભાગી વન વ્યવસ્થા વન સમિતિના સભ્યોને કઇ રીતે લાભ આપવામાં આવે છે ? | (૩) સહભાગી વન સમિતિના સભ્યોને નીચે મુજબના લાભો આપવામાં આવે છે. |

- સુકી-પડી ગયેલ ડાળીઓ તથા ગોણ વન પેદાશ પર સભ્યોનો કરાર મુજબ હક્ક રહે છે.
- સભ્યોને ઘાસ લઇ જવાનો પૂરો અધિકાર છે.
- કટબેંક્ની કામગીરી કરવામાં આવે ત્યારે તેમાંથી નીકળતું બળતણ ગ્રામ સમિતિના સભ્યોને વિનામૂલ્યે, સરખે હિસ્સે આપવામાં આવે છે. જો ઇમારતી માલ નીકળે તો તે ગામ લોકોની જરૂરીયાત મુજબ શિડયુલ દરની અડધી કિંમતે આપવામાં આવે છે.
- ક્લીનીંગની કામગીરી કરવાથી નીકળતું નાનુ ઇમારતી લાકડું સમિતિનાં જે સભ્યો ક્લીનીંગ કરે તેમને વિનામૂલ્યે, સરખે ભાગે આપવામાં આવે છે.
- વર્કિંગ સ્કીમની જોગવાઇ પ્રમાણે વખતોવખત

કરવાના થતાં થીનીંગ અને ક્લીનીંગમાંથી નીકળનાર ૧૦૦ ટકા બળતણ અને ૫૦ ટકા વળીઓ ગ્રામ મંડળીઓના લોકોને તેમના ઉપયોગ માટે કાપણી ખર્ચ વસૂલ કરી આપવામાં આવે છે.

- જ્યારે વૃક્ષો પાકા થાય અને કાપવામાં આવે છે ત્યારે વન ઉત્પન્નમાંથી ગ્રામ સમિતિ અને સરકાર વચ્ચે ચોખ્ખી આવકમાંથી ૫૦ ટકાના ધોરણે લાભની વહેંચણી કરવામાં આવે છે.
- રાષ્ટ્રીય વનીકરણ યોજના (NAP) અંતર્ગત કરવાની થતી કામગીરીઓમાં સ્થાનિક લોકોને રોજી પૂરી પાડવામાં આવે છે.

-----------

**બાલાશિનોર મામલતદાર કચેરીનું જર્જરીત મકાન**

૨૦૮૮૯ **શ્રી રાજેશભાઈ પાઠક** (બાલાશિનોર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બાલાશિનોર મામલતદાર કચેરી ખૂબ જૂના જર્જરીત મકાનમાં બેસે છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો નવી કચેરી બનાવવાનું આયોજન છે કે કેમ ? | (૨) બાલાશિનોર મામલતદાર કચેરી બનાવવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ છે. |

**રોજગાર વાંચ્છુઓને સારી સેવાઓ પૂરી પાડવા બાબતે સર્ટીફીકેટ**

૨૧૨૯૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** (અંકલેશ્વર) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં રોજગાર વાંચ્છુઓને સારી સેવાઓ પૂરી પાડવા માટે કેટલી રોજગાર કચેરીને આઇ.એસ.ઓ. સર્ટીફીકેટ આપવાની કામગીરી અમલમાં મૂકવામાં આવેલ છે ? | ૧૨ (બાર)<br>આ ૧૨ (બાર) રોજગાર કચેરીઓને એપ્રિલ-૨૦૦૭ સુધીમાં સર્ટીફીકેટ મળવાની શક્યતા છે. |

-----------

**ગામ ચોરાઓમાં ૭/૧૨ના નવા નામો દાખલ કરવા બાબત**

૨૧૨૦૯ **શ્રી મોહંમદફારુક હુ. શેખ** (કાળુપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ગામચોરાઓમાં ૭/૧૨ના નવા નામો દાખલ કરવાની કાર્યવાહી છેલ્લા ઘણા સમયથી કોમ્પ્યુટરાઇઝેશન કામ પૂર્ણ ન થવાને કારણે અટકી પડી છે તે હકીક્ત સાચી છે, અને<br>(૨) જોહા, તો તમામ ગામ ચોરાઓનું કોમ્પ્યુટરાઇઝેશન કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૧) અને (૨) અમદાવાદ શહેરના ૪૫ ગામડામાં ૭/૧૨ની ડેટા એન્ટ્રી અને અપડેશન થઈ ગયું છે તે પૈકી ૪૨ ગામડાઓમાં ઓનલાઈન મ્યુટેશન પણ શરૂ થઈ ગયું છે. ૩ ગામોમાં ઓન લાઈન કરવાની કાર્યવાહી ગતિમાં છે. |

-----------

**સુરત જિલ્લામાં ૧૯૮૦ અગાઉથી ખેડૂતોને ખેતી કરવા માટે જમીનનો કબજો સોંપવા બાબત**

૨૧૬૦૭ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ સન ૧૯૮૦ અગાઉથી સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નીઝર તાલુકાના વન વિસ્તારમાં ખેડૂતોને ખેડાણ કરવામાં આવતી જમીનનો કબજો આપવામાં આવ્યો એ વાત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તાલુકાદીઠ કેટલા ખેડૂતોને | (૨) તાલુકા દીઠ નીચે મુજબ ખેડૂતોને કબજો |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કબજો સોંપવામાં આવ્યો છે, અને | સોંપવામાં આવ્યા છે.<br>(૧) માંડવી તાલુકો ૦૪ ખેડૂતો<br>(૨) ઉચ્છલ તાલુકો ૮૭ ખેડૂતો<br>૯૧ ખેડૂતો |
| (૩) બાકી રહેલા ખેડૂતોને કેટલા સમયમાં કબજો સોંપવામાં આવશે ? | (૩) આગામી ચોમાસા પહેલાં કબ્જા સોંપી દેવાય તેવા પ્રયત્નો કરવામાં આવશે. |

-----------

**બનાસકાંઠામાં આદિવાસી ભીલોની વસ્તી અંગે**

૨૧૩૩૬ **શ્રી હેમાજી દ. રાજપૂત** (વાવ) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં આદિવાસી ભીલોની વસ્તી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ભીલોને આદિવાસીઓને મળતા લાભો આપવા સરકાર માંગે છે કે કેમ ? | (૨) ભીલ આદિવાસીઓને નિયમ મુજબ મળતા લાભો તેમને આપવામાં આવે જ છે. |

-----------

**જમીનોને ટોકનરેટથી જુની શરતમાં ફેરવવા બાબત**

૨૦૮૯૧ **શ્રી ચીમનભાઈ ધ. સાપરિયા** (જામજોધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાવળા હકક, ચવહકક અને કબજા હકક જેવા પ્રકારની જમીનોને ટોકન રેટથી જૂની શરતમાં ફેરવવાનો નિર્ણય કરેલ છે તે વાત સાચી, | (૧) હા. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ જામજોધપુર શહેર અને તાલુકાની કેટલી અરજીઓ મળેલ છે,<br>(૩) અને તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવેલ છે, અને<br>(૪) નામંજૂર થયેલ હોય તો તેના શાં કારણો છે ? | (૨), (૩) અને (૪) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામજોધપુર શહેર અને તાલુકાની કુલ ૧૨૮૩ અરજીઓ મળેલ પરંતુ આ અરજીઓની ચકાસણી દરમિયાન આ અરજીઓ પૈકી ૯૮૮ અરજીઓ બિનઅધિકૃત કબજાવાળી, જમીન પટે આપેલ હોઈ, ધાર્મિક હેતુ માટે આપેલ હોઈ અને વાડા તરીકેના હક્કવાળી હોઈ તથા વેચાણ હક્કવાળી હોઈ, નામંજૂર કરવામાં આવેલ છે. |

-----------

**સદર વાઇઝ યોજનાઓ**

૨૧૧૧૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આદિજાતિ કલ્યાણ વિભાગમાં યોજનાના સદર વાઇઝ કેટલી યોજનાઓ તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ ચાલુ છે ?

**જવાબ**

રાજ્યમાં આદિજાતિ કલ્યાણ હેઠળ તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ નીચે દર્શાવ્યા મુજબ કુલ ૬૫ યોજનાઓ ચાલુ છે.

| ક્રમ | સદરનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | શિક્ષણ | ૩૧ |
| ૨ | આર્થિક ઉત્કર્ષ | ૧૩ |
| ૩ | આરોગ્ય અને આવાસન | ૧૬ |
| ૪ | નિર્દેશ અને વહીવટ | ૦૫ |
| | કુલ :.. | ૬૫ |

-----------

**સિધ્ધપુર તાલુકામાં ગામતળ નીમ કરવાની પડતર અરજીઓ**

૧૯૦૦૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુર તાલુકામાં ગામતળ નીમ કરવા અંગેની કુલ કેટલી અરજીઓ રાજ્ય સરકારને મળી, | (૧) ૪ અરજીઓ. |
| (૨) આ અરજીઓ અંગે રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) ૨- મંજૂર<br>૧-ના મંજૂર |
| (૩) આ સ્થિતિએ કુલ કેટલી અરજીઓ પડતર છે, ક્યા કારણસર ? | (૩) ૧-અરજી પડતર<br>ચકાસણી હેઠળ હોવાથી |

-----------

**ધારીના ગોડાઉનમાં આગ લાગવાની ફરિયાદો**

૨૧૫૫૮ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી** (લાઠી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬ ના વર્ષના સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે ધારીના ગોડાઉનમાં આગ લાગવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળેલ છે, | (૧) એક. |
| (૨) આ બાબતે તા. ૩૧-૧-૦૭ સુધીમાં શી હકીક્ત વિભાગ દ્વારા જાણવા મળેલ છે, અને | (૨) બાઢડા ગોદામમાં તા. ૧૦-૫-૦૬ના રોજ સાંજના ૭-૧૫ ક્લાકે આકસ્મિક આગ લાગવા અંગે પરિક્ષેત્ર વન અધિકારી સાવરકુંડલાને જાણ થતાં તેઓએ ફાયર ફાઇટરો બોલાવી આગ પર કાબુ મેળવવાની કાર્યવાહી કરેલ છે. આગથી ૨,૦૦,૧૧૨ કિ.ગ્રા. ઘાસ બળી જવા પામેલ છે જેની નુકશાની રૂા. ૪,૮૪,૩૯૩ તથા ગોદામની નુકશાની રૂા. ૫૦.૦૦૦/- મળી કુલ રૂા. ૫,૩૪,૩૯૩/- નુક્શાન થયેલ છે. |
| (૩) તેઓની સામે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૨) આગ લાગવા બાબતે પરિક્ષેત્ર વન અધિકારી દ્વારા સાવરકુંડલા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવવામાં આવેલ છે. |

-----------

**રાજ્યની સ્થાનિક એન.જી.ઓ.ને કામો આપવા અંગે**

૨૦૮૯૩ **શ્રી છનાભાઈ કો. ચૌધરી** (ધરમપુર) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આદિજાતિ વિભાગની યોજનાના કામો જે તે એન.જી.ઓ.ને ફાળવવામાં આવે છે તે પૈકી મોટાભાગની એન.જી.ઓ. જિલ્લા બહારની હોય છે તે હક્કિતથી સરકાર વાકેફ છે, અને<br><br>(૨) જો હા, તો જે તે જિલ્લામાં સ્થાનિક એન.જી.ઓ. ને જ આવા કામો આપવામાં આવે તે માટે સરકાર શાં પ્રયાસો કરવા માગે છે ? | (૧) અને (૨) ના, જી.<br>યોજનાનો હેતુ, સંસ્થાની કામગીરીનો અનુભવ, સંસાધનિક ક્ષમતા, વગેરે પાસાઓ તેમજ સંસ્થા મંજૂર કરવાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં રાખી એન.જી.ઓ.ને કામો ફાળવવામાં આવે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સાથેના અત્યાર સુધીના કામના અનુભવો અને સૂચનોને ધ્યાનમાં લઇ માપદંડ નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ છે. |

-----------

## ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત સહાય

૨૧૧૦૭ **ડૉ. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં વ્યક્તિગત સહાય માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) કેટલા કેસોમાં સહાય ચૂકવવામાં આવી, અને

(૩) બાકી કેસોમાં સહાય ન ચૂકવવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાંથી વ્યક્તિગત સહાય માટેની કુલ-૫૫ અરજીઓ મળેલ છે.

(૨) ૪૯ કેસોમાં સહાય ચૂકવવામાં આવી.

(૩) ૬ કેસો પૂર્તતા હેઠળ છે.

-----------

## તબીબી સહાય માટેની શ્રમયોગીઓની અરજીઓ

૨૧૧૨૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭ માં તા.,૩૧-૧-૦૭ સુધીમાં રાજ્ય સરકારને તબીબી સહાય માટેની શ્રમયોગીઓની કુલ કેટલી અરજીઓ જૂનાગઢ જિલ્લાના ક્યા ક્યા તાલુકામાંથી મળેલ છે, અને

(૨) મળેલ અરજીઓ ઉપર સરકારે શી કામગીરી કરી છે ?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તારીખ ૩૧-૧-૨૦૦૭ સુધીમાં, સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૦૭માં તાલુકાવાર મળેલ તબીબી સહાય માટેની અરજીઓની વિગત નીચે મુજબ છે.

| વર્ષ ૨૦૦૪-૦૫ | | |
|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
| ૧ | મેંદરડા | ૦૧ |
| ૨ | કોડીનાર | ૦૧ |
| ૩ | માણાવદર | ૦૧ |
| ૪ | જૂનાગઢ | ૦૧ |
| ૫ | કેશોદ | ૦૩ |
| ૬ | માળીયા હાટીના | ૦૧ |
| ૭ | ઉના | ૦૧ |
| | કુલ... | ૦૯ |
| વર્ષ ૨૦૦૫-૦૬ | | |
| ૧ | કેશોદ | ૦૩ |
| ૨ | માંગરોળ | ૦૩ |
| ૩ | વિસાવદર | ૦૨ |
| ૪ | માળીયા હાટીના | ૦૧ |
| ૫ | તલાલા | ૦૧ |
| ૬ | સુત્રાપાડા | ૦૧ |
| | કુલ... | ૧૧ |
| વર્ષ ૨૦૦૬-૦૭ | | |
| ૧ | કોડીનાર | ૦૧ |
| ૨ | ઉના | ૦૧ |
| ૩ | માળીયા હાટીના | ૦૧ |
| ૪ | મેંદરડા | ૦૧ |
| | કુલ... | ૦૪ |

(૨) તબીબી સહાય મંજૂર કરવા માટેની કુલ-૨૦ (વીસ) અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને ૪(ચાર) અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

-----------

## ઓલપાડ અને ચોયાર્સી તાલુકામાં સરકારી જમીનની ફાળવણી

૧૯૭૦૮ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ** (ઓલપાડ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓલપાડ તથા ચોર્યાસી તાલુકામાં તારીખ ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીના સમયગાળામાં જુદા જુદા હેતુ માટે કેટલી સરકારી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૨) તે પેકી જે હેતુ માટે ફાળવવામાં આવેલ તે હેતુનો ઉપયોગમાં લેવાય છે કે કેમ ?

**જવાબ**

(૧)

| તાલુકો | હે.આરે.ચો.મી. |
|---|---|
| ઓલપાડ | ૧૩૨-૬૯-૮૨ |
| ચોર્યાસી | ૮૪-૧૬-૨૬ |
| કુલ... | ૨૧૬-૮૬-૦૮ |

(૨) હા

-----------

## સુરત જિલ્લામાં આશ્રમ શાળાના ભયજનક અને જોખમી મકાનો

૨૧૬૦૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ભયજનક અને જોખમી હોય એવા કેટલા આશ્રમશાળાના તથા આદર્શ નિવાસી શાળાના મકાનો આવેલ છે,

(૨) તે પેકીના કેટલા મકાનો બારડોલી તથા માંડવી તાલુકાના ક્યા ક્યા ગામે આવેલ છે, અને

(૩) આવા જોખમી મકાનોને નવા બનાવી આપવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

**જવાબ**

(૧) એકપણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

-----------

## આણંદ અને ખેડા જિલ્લામાં વન વિભાગને ગ્રાન્ટ અંગે

૨૧૫૫૫ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આણંદ અને ખેડા જિલ્લામાં વન વિભાગને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે જે તે વર્ષમાં ક્યા ક્યા હેતુસર કેટલી રકમ ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રૂા. ૧૦૪૯.૬૩ લાખ

વર્ષ ૨૦૦૫-૦૬ અને વર્ષ ૨૦૦૬-૦૭ તારીખ : ૩૧-૧-૦૭ સુધીમાં કરવામાં આવેલ ફાળવણી અને ખર્ચની અનુક્રમે આણંદ અને ખેડા જિલ્લાની વિગતો પત્રક-અ અને પત્રક-બ મુજબ સામેલ છે.

(૨) વનીકરણ, વન સંરક્ષણ, લોકજાગૃતિ, વૃક્ષ ઉછેર અને વેકલ્પિક ઉર્જાના સાધનો જેવા કેઃ સ્મશાન સગડી, સોલારકુકર, નિર્ધુમ ચૂલા પુરા પાડવાના હેતુ માટે સબંધિત યોજના હેઠળ કુલ રૂા. ૧૦૨૧.૨૩ લાખની રકમ ખર્ચ કરવામાં આવેલ છે.

**પત્રક-અ**

(રૂા. લાખમાં)

| જિલ્લો | નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં કરવામાં આવેલ ફાળવણીની રકમ | વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચની રકમ | વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધી રજૂ કરેલ ફાળવણી | વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન તા.૩૧-૧-૦૭ સુધીમાં થયેલ ખર્ચ |
|---|---|---|---|---|
| આણંદ | ૧૯૮.૨૪ | ૨૦૨.૨૦ | ૧૪૭.૨૧ | ૧૪૫.૦૦ |
| ખેડા | ૪૩૨.૩૪ | ૪૩૯.૩૨ | ૨૭૧.૮૪ | ૨૩૪.૭૧ |
| કુલ | ૬૩૦.૫૮ | ૬૪૧.૫૨ | ૪૧૯.૦૫ | ૩૭૯.૭૧ |

**પત્રક-બ**

(રૂા. લાખમાં)

| આણંદ અને ખેડા જીલ્લામાં ક્રરાયેલ કુલ ફાળવણીની રક્મ | | આણંદ અને ખેડા જીલ્લામાં ક્રવામાં આવેલ કુલ ખર્ચ |
|---|---|---|
| વર્ષ ૨૦૦૫-૦૬ | ૬૩૦.૫૮ | ૬૪૧.૫૨ |
| વર્ષ ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૨૦૦૭ સુધી) | ૪૧૯.૦૫ | ૩૭૯.૭૧ |
| કુલ : (રૂા. લાખમાં) | ૧૦૪૯.૬૩ | ૧૦૨૧.૨૩ |

-----------

**પંચમહાલ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત**

૨૧૪૪૨ **શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** (ગોધરા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષ દરમ્યાન કેટલા વૃક્ષોનું વાવેતર ક્રવામાં આવ્યું છે, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ ૨૬.૮૩ લાખ વૃક્ષ/રોપાનું વાવેતર ક્રવામાં આવ્યું છે.

(૨) રૂા. ૫૫૨.૬૫ લાખનો ખર્ચ થયેલ છે.

-----------

**અમદાવાદ શહેરમાંથી વેચાણવેરાની થયેલ આવક તેમજ બાકી વસુલાત અંગે**

૧૯૦૬૫ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧૨-૦૬ સુધી અમદાવાદ શહેરમાંથી વેચાણવેરાની કેટલી આવક થઇ છે,

(૨) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ બે કરોડથી વધુ રક્મ વસુલ ક્રવાની બાકી છે, તે હકીક્ત સાચી છે, અને

(૩) જો હા, તો આ બાકી વસુલાત ઝડપી બનાવવા સરકારે શાં પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) વેચાણવેરા/વેટની આવક (રૂા. કરોડમાં)

| ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧૨-૦૬ સુધી) |
|---|---|
| ૨૦૩૪.૫૯ | ૧૭૭૮.૬૧ |

(૨) હા, જી.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા અને જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

-----------

**ભરુચ જિલ્લામાં ગામતળની જમીન જાહેર હેતુ માટેની માંગણીઓ**

૨૦૮૮૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરુચ જિલ્લામાં તાલુકાવાર ગામતળની જમીનો જાહેર હેતુ માટે માંગણી કરતી કેટલી અરજીઓ વિવિધ સંસ્થાઓએ કે પંચાયતોએ કરી,

(૨) ગામતળની જમીનમાં જાહેર હેતુ માટે જાહેર હરાજીથી નિકાલ કરવા માટેની કેટલી અરજીઓ આવી, તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ થયો, કેટલી પડતર છે, અને

(૩) જિલ્લા મુલ્યાંક્ન સમિતિની બેઠક કઇ કઇ તારીખે મળી, અને નિકાલ ન થવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | અરજીની સંખ્યા |
|---|---|
| (૧) ભરૂચ | ૪ |
| (૨) આમોદ | ૧ |

(૨) ભરૂચ તાલુકાની બે અરજીઓ
- નિકાલ ૧
- પડતર ૧

(૩) તા. ૧૦-૧-૦૫, ૧૪-૨-૦૫, ૨૧-૩-૦૫, ૧૧-૪-૦૫, ૯-૫-૦૫, ૨૭-૬-૦૫, ૧૮-૭-૦૫, ૨૨-૮-૦૫, ૧૪-૧૧-૦૫, ૧૬-૧-૦૬, ૧૩-૨-૦૬, ૨૨-૩-૦૬, ૧૨-૪-૦૬, ૧૦-૫-૦૬, ૧૪-૬-૦૬, ૧૨-૭-૦૬, ૧૩-૯-૦૬, ૧૬-૧૦-૦૬, ૧૭-૧૨-૦૬.
સમિતિમાં કેસ રજુ થયેલ ન હોવાથી.

**વન મહોત્સવ દરમ્યાન રોપાનું વાવેતર**

૨૧૨૯૧ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં ૨૦૦૬ના વર્ષમાં વન મહોત્સવ દરમ્યાન કુલ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું ?

**જવાબ**

કુલ ૧૦૬૧.૯૦ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું.

-----------

**અન્ય રાજ્ય સરકાર ધ્વારા અભ્યાસક્રમ ચલાવવા માંગણી**

૨૧૨૯૪ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) **: માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગુજરાત સરકાર સંચાલિત રોજગાર અને તાલીમ ખાતા દ્વારા ચલાવાતાં એર હોસ્ટેસ / ફ્લાઇટ સ્ટુઅર્ડ તાલીમ અભ્યાસક્રમની સફળતાથી પ્રેરાઇને અન્ય રાજ્ય સરકાર દ્વારા આવા અભ્યાસક્રમ ચલાવવા માંગણી કરેલ છે, તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો ક્યા ક્યા રાજ્યમાંથી આવી માંગણી આવેલ છે, અને

(૩) તેના માટે સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સિક્કીમ રાજ્ય

(૩) તાલીમ આપવા સંમતિ આપેલ છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં રોપાનું પ્લાન્ટેશન**

૨૧૮૬૩ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) **: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષ દરમિયાન પંચમહાલ જિલ્લામાં જંગલ ખાતા દ્વારા કેટલા રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી શહેરા અને લુણાવાડા તાલુકામાં કઇ કઇ જગ્યાએ,

(૩) જેમાંથી કેટલા રોપા જીવતા છે, અને

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં જંગલ ખાતા દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫માં ૨૭.૪૩ લાખ અને ૨૦૦૫-૦૬માં ૧૮.૭૭ લાખ રોપાનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

(૨) **શહેરા તાલુકામાં :**

તાડવાથી ઝાંઝ રેલવે સાઈડ, ભુરખલ, મલવાડા, હાંસેલાવ, મંગલીયાણા, મોરવા પાલીખંડા, રણા, તાડવા, વાંટા વછોડા, ખોજલવાસા, નાંદરવા, નાકુડી, ઝાંઝ, મરડેશ્વર મહાદેવ, પાલીખંડા, લાલસરી પ્રા. શાળા, રેણા હાઈસ્કૂલ, મીઠાપુર, મોરવા તળાવ, ખાંડીયા થી હાંસોલાવ રોડ સાઈડ, ડેમલી, સાજીવાવ, માતરીયા, ગમન બારીયાના મુવાડા, ભોટવા, માતરીયા વ્યાસ, ખોજલવાસા, બામરોલી, નાડા, સ્વામીનારાયણ આર્ટસ કોલેજ, વાઘજી, ધામણોદ હાઈસ્કૂલ, બાહી, ખાડીયા, મોર, શહેરા, ગુણેલી.

**લુણાવાડા તાલુકામાં :**

ભાયસર, છાપોરા, રાયણના મુવાડા, સુવા, નાના ડોકવા, સાધકપુર, ટાંક્ના મુવાડા, ઉકરડી, રાજગઢ, મોટી ઝાંઝરી, નાની ઝાંઝરી, લીંબોદરા, સાત તળાવ, છાંયણા, ટીંબા, વીરણીયા, મોટા ડોકવા, મેડજીના મુવાડા, રાઘવના મુવાડા, લીબર્ટી હાઈસ્કૂલ, ખારોડ, પ્રાથમિક શાળા-કોઠંબા, આઈડીયલ હાઈસ્કૂલ, કોઠંબા, દાઉદી વ્હોરા કબ્રસ્તાન, લુણાવાડા, શેખ મુસ્લીમ કબ્રસ્તાન, લુણાવાડા, એસ. કે. હાઈસ્કૂલ, લુણાવાડા, કાકાના ભેસા વાડા, કોઠંબા, હવેલી, સીગલી.

(૩) વર્ષ ૨૦૦૪-૦૫ના વાવેતર પૈકી ૧૯.૯૧ લાખ રોપા તથા વર્ષ ૨૦૦૫-૦૬ના વાવેતર પૈકી

(૪) પ્લાન્ટેશન માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

૧૫.૯૦ લાખ રોપા જીવીત છે.
(૪) વર્ષ ૨૦૦૪-૦૫માં રૂા. ૪૩૬.૪૧ લાખ તથા વર્ષ ૨૦૦૫-૦૬માં રૂા. ૨૪૩.૮૧ લાખ ખર્ચ કરવામાં આવેલ છે.

-----------

**ગીર વન પૂર્વ તેમજ પમિ વિભાગમાં ફાળવેલ રકમ અને ખર્ચ અંગે**

૨૧૨૦૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર વન પૂર્વ વિભાગ તથા ગીર પમિ વિભાગમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા હેતુઓ માટે વર્ષવાર કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી,

**જવાબ**

(૧) ગીર વન પૂર્વ વિભાગ તથા ગીર પમિ વિભાગમાં તારીખ : ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જંગલ તથા જંગલમાં વસતા વન્ય પ્રાણીઓના સંરક્ષણ-સંભાળ તથા ગીર અભયારણ્યના વિકાસ અને વ્યવસ્થાના હેતુસર ગ્રાન્ટની નીચે મુજબ વિભાગવાર ફાળવણી કરવામાં આવી.

| અ.નં. | વર્ષ | વિભાગનું નામ | ફાળવેલ બજેટ ગ્રાન્ટ |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૪-૦૫ | ગીર (પૂ) ધારી | ૨૩૯૮૩૦૦૦ |
| | | ગીર (પ) જૂનાગઢ | ૨૮૯૩૫૦૦૦ |
| | | **કુલ ..** | **૫૨૯૧૮૦૦૦** |
| ૨. | ૨૦૦૫-૦૬ | ગીર (પૂ) ધારી | ૨૦૭૯૬૦૦૦ |
| | | ગીર (પ) જૂનાગઢ | ૨૪૧૪૭૦૦૦ |
| | | **કુલ ..** | **૪૪૯૪૩૦૦૦** |
| ૩. | ૨૦૦૬-૦૭ | ગીર (પૂ) ધારી | ૨૩૮૯૪૦૦૦ |
| | (૩૧-૧-૦૭ ની સ્થિતિએ) | ગીર (પ) જૂનાગઢ | ૨૨૭૩૩૦૦૦ |
| | | **કુલ ..** | **૪૬૬૨૭૦૦૦** |

(૨) તે પૈકી રેન્જવાર ક્યા ક્યા પ્રકારના કેટલી રકમના કામો કરવામાં આવેલ છે, અને
(૩) આ કામો પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) તે પૈકી રેન્જવાર કરવામાં આવેલ જુદી જુદી કામગીરીની વિગત આ સાથેના *પત્રક-૧માં સામેલ છે.
(૩) આ કામો પાછળ વર્ષવાર કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં | વર્ષ | ખર્ચ (રૂા.માં) |
|---|---|---|
| ૧. | ૨૦૦૪-૦૫ | ૫૨૩૦૬૬૭૧ |
| ૨. | ૨૦૦૫-૦૬ | ૪૪૭૮૨૧૪૨ |
| ૩. | ૨૦૦૬-૦૭ | ૩૨૫૨૫૬૭૩ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**જમીન દફતરની નકલો કમ્પ્યુટરથી આપવા બાબત**

૨૧૪૩૯ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જમીન દફતરની નકલો કમ્પ્યુટરથી આપવાની યોજના અંતર્ગત તા. ૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં રાજ્યને કેટલી આવક મળી છે,

**જવાબ**

(૧) રૂા. ૭૯,૯૮,૫૭,૧૩/-

(૨) આ પ્રોજેક્ટ માટે રાજ્યને કોઇ એવોર્ડ મળ્યા છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) ક્યા ક્યા એવોર્ડ મળ્યા છે ?

(૩) ૧. માઈક્રોસોફ્ટ એવોર્ડ-૨૦૦૬ ફોર બેસ્ટ સિટિઝન સર્વિસ ડીલિવરી સીસ્ટમ (૨૦૦૬), અને
૨. કમ્પ્યુટર સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા બેસ્ટ ઈ-ગવર્નન્સના પ્રોજેક્ટ એવોર્ડ (૨૦૦૬)

-----------

**સુરત શહેરમાં સાઉથ ગુજરાત મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટને જમીન આપવા બાબત**

૨૧૧૨૫ **શ્રી મનીષ ન. ગીલીટવાલા** (સુરત શહેર પૂર્વ) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરના જહાંગીરપુરા ખાતે સાઉથ ગુજરાત મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ કાર્યરત છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ ટ્રસ્ટને ક્યા ભાવે કેટલી જમીન આપવામાં આવી, અને આ જમીન આપતા પહેલા જરૂરી ચકાસણીઓ કરવામાં આવી છે કે કેમ ? | (૨) પ્રતિ ચો.મી ના રૂા. ૩૭/- લેખે કુલ ૧,૭૨,૮૦૩ ચો.મી. જમીન આપવામાં આવેલ છે. અને જરૂરી ચકાસણી કરવામાં આવેલ છે. |

-----------

**આઇ. ટી. પાર્ક કરવા માટે જમીન આપવા બાબત**

૨૧૫૯૧ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આઇ. ટી. ના અંતર્ગત આઇ. ટી. પાર્ક કરવા માટે રાજ્ય સરકારે કેટલી જમીન અમદાવાદ અને ગાંધીનગરમાં આપી, | (૧) મહેસૂલ વિભાગે ગાંધીનગરની જમીન હે.આરે ૩૭-૬૫-૮૧ ચો.મી. આપી અમદાવાદમાં આપેલ નથી. |
| (૨) આઇ. ટી. ના પ્રોજેક્ટ માટે આ જમીન ક્યા ભાવે અને કુલ કેટલી ક્યા ક્યા પ્રોજેક્ટ કરનારા લોકોને આપી અને કઇ શરતોને આધીન આપી, અને | (૨) મેસર્સ કે. રાહેજા કોર્પો. પ્રા.લી. મુંબઈને આઈ. ટી. ના અભ્યાસલક્ષી, વિકાસલક્ષી અને રોજગારલક્ષી પ્રોજેક્ટ માટે જમીન હે.આરે ૩૭-૬૫-૮૧ ચો.મી.પ્રતિ ચો.મી.એ રૂા. ૪૭૦/- લેખે નવી, અવિભાજ્ય અને વિક્રિયાદિ નિયંત્રિત શરતે તેમજ અન્ય નિયત શરતોને આધીન ફાળવેલ છે. |
| (૩) ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ જમીનમાં કેટલું કામ થયું ? | (૩) જમીન ખાડા, ટેકરાવાળી હોવાથી સમતળ કરવાની કામગીરી ચાલે છે. |

----------

**વન અધિનિયમના અમલીકરણ અંગે**

૧૯૫૩૬ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન અધિનિયમન-૨૦૦૬ બીલ કેન્દ્ર સરકારશ્રીએ પસાર કરેલ છે જેના અલમ માટેની પ્રક્રિયા બાબતે વિગતવાર માર્ગદર્શક રેખાઓ ગુજરાત સરકારને ઉપલબ્ધ થઇ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના અમલીકરણ માટે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં નિલ ગાયના ત્રાસ અંગે**

૨૧૩૩૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૫થી તા. ૩૧-૧૨-૦૬ સુધીના સમયગાળામાં નિલ ગાયના ત્રાસ-રંજાડની કેટલી ફરિયાદ મળેલ છે,

(૨) ખેતીવાડીના ઉભા પાકને નુકશાન અટકાવવા નિલગાય અભ્યારણ વાડાની માંગણી મળેલ છે, અને

(૩) રંજાડ અને નુકશાની અટકાવવા માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં એક પણ ફરીયાદ મળેલ નથી. જ્યારે સાયલા તાલુકામાં એક ફરીયાદ મળેલ છે.

(૨) આવી કોઈ માંગણી આવેલ નથી.

(૩) રંજાડ અને નુકશાની અટકાવવા માટે :-

૧. ખેડૂતને પોતાના ખેતરમાં કાંટાળા તારની વાડ બનાવવા માટે સરકારશ્રીના નિયમોનુસાર મંજૂર કરવામાં આવેલ એસ્ટીમેટની ૫૦% રકમ સહાય તરીકે આપવામાં આવે છે. આ યોજનાઓની વિસ્તૃત જાણકારી ખેડૂતોને વન વિભાગ ધ્વારા ખેડૂત શિબિરોમાં આપવામાં આવે છે.

૨. ઉપદ્રવવાળા વિસ્તારોમાં ફટાકડા ફોડીને, હલન ચલનવાળા ચાડિયા રાખીને તથા રોઝડાઓને હાંકો કરીને દૂર કરવામાં આવે છે.

૩. પાકને રક્ષણ આપવાની ખેડૂત શિબિરો અને ગ્રામ સભાઓમાં ખેડૂતોને સમજ આપવામાં આવે છે.

૪. રોઝની વધતી વસ્તીના નિયંત્રણ માટે તેને પકડવા, ખસીકરણ કરવામાં પુરતી સફળતા ન મળતાં, ગુજરાત સરકાર ધ્વારા જ્યાં રોઝથી પાકને વધુ નુકશાની જણાય છે તેવા સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકાના બે ગામોના સરપંચશ્રીઓને વન્યપ્રાણી સંરક્ષણ ધારા-૧૯૭૨ હેઠળ નીલગાયોનો નિકાલ કરવાની પરવાનગી આપવાની સત્તા આપવામાં આવેલી છે.

-----------

**ઓદ્યોગિક એકમોને અપાયેલ સેલ્સટેક્ષ માફી**

૨૦૮૯૯ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એક્મોને અપાયેલ રાજ્ય સરકારની સેલ્સટેક્ષ માફી કે વિલંબીત ચુકવણી અન્વયે મળેલ રાહત રકમ પર ગ્રામીણ વિકાસ માટે ચુકવવાની રકમ ભરવામાં આવેલ નથી તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો નિયમ અનુસાર આવા એકમોએ ભરવાની રકમ કેટકેટલી અને ક્યા ક્યા એકમોએ ભરવાની થાય છે અને તેની વસુલાત માટે શી કાર્યવાહી થઇ, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર તા.

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી

(૩) પત્રક મુજબ.

૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા ઓદ્યોગિક એક્મો દ્વારા કેટલી સેલ્સટેક્ષ કે વેટની રાહત કે વિલંબીત રકમ પર કેટલો ગ્રામીણ વિકાસ સેસ કે ટેક્ષ ક્યારે ચુક્વ્યો ?

**પત્રક**

| ક્મ | એકમનું નામ | વર્ષ | ચૂક્વેલ ગ્રામીણ વિકાસ સેસ/ટેક્ષ | |
|---|---|---|---|---|
| | | | રકમ (રૂા. લાખમાં) | તારીખ |
| ૧ | અંતાઈ બાલાજી લી., નાની ચિરાઇ, તા. ભચાઉ | ૨૦૦૪ | ૩.૯૪ | ૨૨/૪/૦૪ |
| | | ૨૦૦૫ | ૯.૧૧ | ૩૦/૬/૦૫ |
| | | ૨૦૦૬ | ૨.૨૪ | ૧૫/૭/૦૬ |
| ૨ | આશાપુરા વોલક્લ પ્રા. લી., લહેર, તા. ભુજ. | ૨૦૦૪ | ૨.૨ | ૩૦/૬/૦૪ |
| | | ૨૦૦૫ | ૨.૯૧ | ૩૦/૬/૦૫ |
| | | ૨૦૦૬ | ૧.૨૨ | ૨૬/૬/૦૬ |
| ૩ | સાંઘી ઈન્ડસ્ટ્રીઝ મોટી બેર, તા. અબડાસા | ૨૦૦૪ | ૩૪.૮૫ | ૨૪/૬/૦૪ |
| | | ૨૦૦૫ | ૬૭.૩ | ૨/૭/૦૫ |
| | | ૨૦૦૬ | ૭૨.૮૨ | ૩૦/૬/૦૬ |
| ૪ | પી.એસ.એલ.લી., નાની ચિરાઈ, તા. ભચાઉ | ૨૦૦૪ | ૧.૭૪ | ૧૭/૬/૦૪ |
| | | ૨૦૦૫ | ૦.૩૭ | ૩૦/૬/૦૫ |
| ૫ | સો. પાઈપ લીં., મુન્દ્રા. | ૨૦૦૪ | ૩૬.૨૭ | ૨૪/૪/૦૪ |
| | | ૨૦૦૫ | ૩.૩૬ | ૩/૭/૦૫ |
| ૬ | ૨૦ માઈક્રોન્સ લી. મમુઆર, તા. ભુજ | ૨૦૦૪ | ૧.૪૩ | ૨૪/૫/૦૪ |

-----------

**નીલગાયના સંરક્ષણ માટે તારની વાડ**

૨૧૨૫૫ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં નીલગાયના સંરક્ષણ માટે તારની વાડ માટે તાલુકાવાર તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરી, કેટલી પડતર છે, અને

**જવાબ**

(૧) ગાંધીનગર જિલ્લામાં નીલગાયથી સંરક્ષણ અંગે કાંટાળા તારની વાડ બનાવવા માટે તારીખ ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ, મંજૂર કરેલ અરજીઓ અને પડતર રહેલ અરજીઓની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

**૨૦૦૫-૦૬**

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઅ** | **મંજૂર કરેલ** | **નામંજૂર કરેલ** | **પડતર રહેલ** |
|---|---|---|---|---|
| ક્લોલ | ૨૯ | ૩ | - | ૨૬ |
| દહેગામ | ૩૨ | ૧ | - | ૩૧ |
| માણસા | ૩ | - | - | ૩ |
| ગાંધીનગર | ૫ | ૧ | - | ૪ |
| **કુલ** | **૬૯** | **૫** | - | **૬૪** |

**૨૦૦૬-૦૭**

| **તાલુકાનું** | **મળેલ** | **મંજૂર** | **નામંજૂર** | **પડતર** |
|---|---|---|---|---|
| ક્લોલ | ૮ | - | - | ૮ |
| દહેગામ | ૯ | - | - | ૯ |
| માણસા | ૩ | - | - | ૩ |
| ગાંધીનગ | ૩ | - | - | ૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ગાંધીનગ ાર | ૩ | - | - | ૩ |
| **કુલ** | **૨૩** | - | - | **૨૩** |

(૨) તાલુકાવાર કેટલું ખર્ચ થયું ?

(૨) તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| **અનુક્રમ નંબર** | **તાલુકાનું નામ** | **થયેલ ખર્ચ (રૂા. હજારમાં)** |
|---|---|---|
| ૧ | ક્લોલ | ૮૪ |
| ૨ | દહેગામ | ૨૬ |
| ૩ | માણસા | - |
| ૪ | ગાંધીનગર | ૪૨ |
| | **કુલ** | **૧૫૨** |

-----------

**કડી તાલુકાના ખાદ્યતેલના ઉત્પાદકો પાસે વેચાણવેરાની બાકી લેણી રકમ**

૨૧૬૫૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કડી તાલુકાના એન.કે. પ્રોટીન્સ તેમજ અંબુજા પ્રોટીન્સ નામના ખાદ્યતેલના ઉત્પાદકો પાસે વેચાણવેરાની કેટલી બાકી લેણી રકમ નીકળે છે,

(૨) છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં આ એકમો પાસેથી કેટલી વસુલાત કરવામાં આવી, કેટલી રકમમાં માફી આપવામાં આવી, અને

(૩) બાકી રકમ વસુલ કરવા સરકારે શાં પગલાં ભર્યા ?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) વસુલાત રૂા. ૩.૮૨ કરોડ.
માફી રકમ શૂન્ય.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કેન્દ્રીય કરવેરા પેટે મળેલ આવક**

૧૯૯૩૧ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કેન્દ્રીય કરવેરા પેટે રાજ્ય સરકારને સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ અન્વયે તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ સુધીમાં કેટલી આવક ક્યારે ક્યારે મળી ?

**જવાબ**

કેન્દ્રીય કરવેરા પેટે રાજ્ય સરકારને સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ અન્વયે તા. ૩૧ જાન્યુઆરી-૨૦૦૭ સુધીમાં થયેલ આવક આ સાથેના પત્રક મુજબ છે.

**પત્રક**
**કેન્દ્રીય કરવેરા પેટે મળેલ આવક**
**વર્ષ ૨૦૦૫-૨૦૦૬**

| **ક્રમ** | **તારીખ** | **રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૧-૪-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૨ | ૧-૫-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૩ | ૧-૬-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૪ | ૧-૭-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૫ | ૧-૮-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૬ | ૧-૯-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૭ | ૩-૧૦-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૮ | ૨-૧૧-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૯ | ૧-૧૨-૨૦૦૫ | ૨૪૨.૨૪ |
| ૧૦ | ૨-૧-૨૦૦૬ | ૨૪૨.૨૪ |

| | | |
|---|---|---|
| ૧૦ | ૨-૧-૨૦૦૬ | ૨૪૨.૨૪ |
| ૧૧ | ૧-૨-૨૦૦૬ | ૨૪૨.૨૪ |
| ૧૨ | ૧-૩-૨૦૦૬<br>૧૪-૩-૨૦૦૬<br>૨૧-૩-૨૦૦૬ | ૨૪૨.૨૪<br>૨૩૨.૭૬<br>૨૩૨.૭૯ |
| | **એકંદરે કુલ** | **૩૩૭૨.૪૩** |

**પત્રક**

**વર્ષ ૨૦૦૬-૨૦૦૭ (૩૧ જાન્યુઆરી-૨૦૦૭ સુધી)**

| **ક્રમ** | **તારીખ** | **રકમ (રૂા. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | ૩-૪-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૨ | ૧-૫-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૩ | ૧-૬-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૪ | ૩-૭-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૫ | ૧-૮-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૬ | ૧-૯-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૭ | ૩-૧૦-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૮ | ૧-૧૧-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૯ | ૧-૧૨-૨૦૦૬ | ૨૮૯.૫૫ |
| ૧૦ | ૨-૧-૨૦૦૭ | ૨૮૯૫.૫૦ |
| | એકંદરે કુલ : | ૨૮૯૫.૫૦ |

-----------

**ઇક્રો-ડેવલપમેન્ટ હેઠળ કરેલ કામગીરી**

૧૯૯૦૨**શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના શિવરાજપુર તેમજ જાંબુઘોડા રેન્જ જે વાઇલ્ડ લાઇફ વડોદરા ડિવિઝન હેઠળ આવે છે. તેમાં તા. ૩૧-૧૨-૦૬ની પરિસ્થિતિએ કેટલા ગામોમાં ઇક્રો-ડેવલપમેન્ટ હેઠળ ક્યા પ્રકારની કામગીરી છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ છે.

**જવાબ**

(૧) નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

**(અ) શિવરાજપુર રેન્જ**

| **વર્ષ** | **કામગીરીની વિગત** | **ગામોની સંખ્યા** |
|---|---|---|
| ૨૦૦૫-૦૬ | કુવાના મથાળા બાંધવા, મરઘા ઉછેરની કામગીરી, હોમ સ્ટેટ ફાર્મિગ, એગ્રીહોર્ટીકલ્ચર, | (૪)ચાર |
| ૨૦૦૬-૦૭ (૩૧-૧૨-૦૬ | મરઘા ઉછેરની કામગીરી, ફલોરી કલ્ચર, એગ્રીહોર્ટીકલ્ચર, હોમ સ્ટેટ | ૫(પાંચ) |

**(બ) જાંબુઘોડા રેન્જ**

| | | |
|---|---|---|
| ૨૦૦૫- | કુવાના મોઢીયા, કેટલ કેમ્પ, | ૫ |
| ૨૦૦૬- | મંડપ, રસોઈના સાધનો, | ૮(આઠ |

| | | |
|---|---|---|
| ૦૭ (૩૧-૧૨-૦૬ સુધી) | એગ્રીહોર્ટીકલ્ચર, હોમ સ્ટેટ ફાર્મિંગ, ફ્લોરીકલ્ચર | ) |

(૨) આ કામગીરીથી આ વિસ્તારોને ક્યા પ્રકારના ફાયદાઓ થવાના છે, અને

(૨)
(૧) લોકોને ખેતીમાં રાહત થશે.
(૨) સ્થાનિક ખેડૂતો પગભર થશે
(૩) કુવાના મથાડા બાંધકામથી જમીનનું ધોવાણ અટકશે.
(૪) કુવામાં વન્યપ્રાણી તેમજ પાલતુ પ્રાણી પડી ન જાય તેની કાળજી લેવાશે.
(૫) અભયારણ્ય વિસ્તારના લોકોને રોજગારીના સાધનો મળવાથી તેઓ વન વિસ્તાર તથા અભયારણ્યો અને વન્ય પ્રાણીઓને નુક્સાન કરવાને બદલે તેના વિકાસમાં તેમનો ફાળો આપશે.

(૩) આ સિવાયની બીજી ક્યા પ્રકારની કામગીરી આ વિસ્તારમાં હાથ ધરવા માંગો છો ?

(૩) અભયારણ્ય અને તેના સંલગ્ન વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ લોકોના અને પરિસ્થિતિનો વિકાસ માટે યોગ્ય કામગીરી હાથ ધરવામાં આવશે.

-----------

**સાબરકાંઠા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર**

૨૧૩૦૦ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** (મેઘરજ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વન વિભાગ દ્વારા સન ૨૦૦૬-૨૦૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કુલ-૩૩.૬૭ લાખ રોપા (વૃક્ષો) નું વાવેતર કરવામાં આવ્યું છે.

(૨) રૂા.૪૧૯.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

-----------

**કચ્છ જિલ્લામાં દસ્તાવેજોમાં રહી ગયેલ ભૂલો સુધારવા અંગે**

૨૦૧૩૪ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ખેડૂતોના ૭/૧૨ સહિતના દસ્તાવેજો કોમ્પ્યુટરાઇઝ કરાયા બાદ તેમાં રહી જવા પામેલ ભૂલો સુધારવા કચ્છ જિલ્લામાં કેટલી માંગણીઓ પડતર છે, તાલુકાવાર કેટલી છે,

(૨) લાંબા સમયથી આ ભૂલો ન સુધારવાના કારણો શાં શાં છે, અને

(૩) કેટલા સમયમાં ભૂલો સુધારવામાં આવશે ?

**જવાબ**

(૧) કુલ ૧૪૧૭ માંગણીઓ પડતર છે, જેની તાલુકવાર સંખ્યા નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| માંડવી | : | ૪૮૧ |
| મુંદ્રા | : | ૯૨૮ |
| ભચાઉ | : | ૪ |
| ગાંધીધામ | : | ૪ |

(૨) અરજીઓ પરત્વે આધાર-પુરાવા રજૂ કરવા અરજદારોને જણાવેલ હોવાથી, તેમ જ, રેકર્ડ ખરાઇના તબક્કે હોવાના કારણે.

(૩) કાર્યવાહી ચાલુ હોઇ, શક્ય તેટલી જલ્દીથી.

-----------

**વ્યારા તાલુકાના ધામણદેવી સરાકેવડીનો રસ્તો પાકો બનાવવા અંગે**

૧૯૪૬૭ **શ્રી પુનાભાઈ ધે. ગામીત** (વ્યારા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના વ્યારા તાલુકાના ધામણદેવી સરાકેવડીનો રસ્તો વન વિભાગ હસ્તક છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રસ્તો પાકો બનાવવા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) આ રસ્તા પેકી ૧ કિ.મી. લંબાઇનો રસ્તો પાકો કરવા માટે જરૂરી વહીવટી મંજૂરી મેળવવામાં આવેલ છે. આ રસ્તો પાકો કરવા માટે પર્યાવરણ સંરક્ષણ ધારા હેઠળની અગાઉની સૂચનાઓ મુજબ જરૂરી મંજૂરી મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી. |
| (૩) આ રસ્તો પાકો ક્યારે કરવામાં આવશે ? | (૩) ભારત સરકારના તા.૧૪-૯-૦૬ના જાહેરનામાથી આવા રસ્તાઓ માટે પર્યાવરણ સંરક્ષણ અધિનિયમ હેઠળની મંજૂરી લેવાની જોગવાઇ કાઢી નાખવામાં આવી હોવાથી પ્રાયોજના વહીવટદાર સોનગઢ પાસેથી ગ્રાન્ટ મેળવી રસ્તાની કામગીરી કરવામાં આવશે. |

-----------

**સાવરકુંડલા તાલુકામાં ઘાસની વીડીઓ તેમજ થયેલ ખર્ચ અંગે**

૧૯૧૭૯ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાવરકુંડલા તાલુકામાં ઘાસની વીડીઓ આવેલ છે. જેમાં મીતીયાળા, ભેંકરા, નાનીવડાળ વગેરે વીડીઓમાંથી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલું ઘાસનું ઉત્પાદન કરવામાં આવેલ છે, | (૧) સાવરકુંડલા તાલુકામાં આવેલી ભેંકરા તથા નાનીવડાળ વીડીઓમાંથી તા.૩૧-૧૨-૦૬ સુધીમાં વન વિભાગ દ્વારા ૨૫,૦૦૦ કિ.ગ્રા. ઘાસ સંગ્રહ કરેલ છે. જ્યારે મીતીયાળા જંગલ અભ્યારણ્યમાં આવે છે. |
| (૨) ઉત્પાદન થયેલ ઘાસની પાછળ છેલ્લા બે વર્ષમાં કેટલું ખર્ચ થયેલ છે અને ઉત્પાદન ઘાસને રાખવા માટેની વ્યવસ્થા શું છે, અને તેનો ઉપયોગ કઇ રીતે કરવામાં આવે છે, અને | (૨) સંગ્રહ કરેલ ઘાસ પાછળ રૂા.૫૦,૩૯૭/- ખર્ચ કરેલ છે. આ ઘાસ ગિરધરવાવ ગંજીમાં સંગ્રહ કરાયેલ છે. સંગ્રહ કરેલ ઘાસ અછતની પરિસ્થિતિમાં મહેસૂલ વિભાગ મારફત અસરગ્રસ્ત વિસ્તારમાં વિતરણ કરાય છે. અન્યથા સાચવણીની મુદ્દત વિત્યા બાદ જાહેર હરાજીથી નિકાલ કરાય છે. |
| (૩) અને વ્યવસ્થિત ઉપયોગ થતો ન હોય તો તેના શા કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પાલનપુર કસ્બાના બીન અધિકૃત બાંધકામ**

૧૯૯૬૫ **શ્રી દોલતભાઈ પરમાર** (વડગામ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૨૦૦૭માં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર કસ્બાના ક્યા ક્યા રેવન્યુ નંબરોમાં બીન અધિકૃત બાંધકામ થયેલ છે, અને | (૧) પાલનપુર કસ્બાના ખાનગી સર્વે નંબર ૧૨૪૪/પેકી/૧, ૨૫૭/૨ અને સરકારી સર્વે નંબર-૧૪ પેકી, ૮૫ પેકી, ૨૫૧ પેકી, સ.નં. ૭૫ પેકીમાં બિનઅધિકૃત બાંધકામ થયેલ છે. |
| (૨) આ અંગે શાં પગલાં ભરવા માગો છો ? | (૨) ખાનગી જમીનના કેસમાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૬ હેઠળ અને સરકારી જમીનમાં જમીન મહેસૂલ કાયદાની કલમ-૬૧ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

-----------

**ઓદ્યોગિક ભરતી મેળા યોજવા બાબત**

૨૧૨૯૬ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ** (અંકલેશ્વર) : **માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૩૧ ડિસેમ્બર-૦૬ સુધીમાં રાજ્યમાં ખાતા દ્વારા કેટલા ઓદ્યોગિક ભરતી મેળા યોજવામાં આવ્યા, અને | (૧) ૩૨૦ |
| (૨) તેમાં કેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી ? | (૨) ૪૫૭૭૨ |

-----------

**પુરને કારણે સુરત જિલ્લામાં કેન્દ્ર સરકારે આપેલ સહાય**

૨૧૫૯૩ **શ્રી મોહંમદફારુક હુ. શેખ** (કાલુપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૦૬માં આવેલ પૂરને કારણે સુરત જિલ્લામાં કેટલા વ્યક્તિઓના મૃત્યુ થયા, અને | (૧) ૧૭૪ |
| (૨) કેન્દ્ર સરકાર તરફથી કેટલી સહાય મળી ? | (૨) કેન્દ્ર સરકાર તરફથી કુલ રૂપિયા ૪૪૨.૫૫ કરોડની સહાય રાજ્ય સરકારને મળેલ છે. |

-----------

**કમેલેશ્વરના ડેમમાં સિંહના મૃત્યુ**

૨૧૫૫૯ **શ્રી બેચરભાઇ વિ. ભાદાણી** (લાઠી) : **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક મહિનામાં કમેલેશ્વર ડેમમાં પુખ્ત વયનો સિંહ મૃત હાલતમાં મળેલ, આ હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો મૃત્યુનું શું કારણ હતું અને ત્યારબાદ શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) સિંહના મૃતદેહનું વેટરનરી ડોકટરની પેનલ દ્વારા પોસ્ટ મોર્ટમ કરવામાં આવેલ. જેના તારણ મુજબ સિંહને બાહ્ય ઈજાના કોઈ ચિન્હ જોવા મળેલ નથી. સિંહના વિષેરા ચકાસણી માટે ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને મોકલવામાં આવેલ છે, જેના પરિક્ષણ અહેવાલ પ્રમાણે રાસાયણિક ઝેરની હાજરી મળેલ નથી.<br>આ બનાવ અંગે મદદનીશ વન સંરક્ષકશ્રીની કક્ષાએ તપાસ હાથ ધરાયેલ છે જેના તારણો આવવાના બાકી છે. |

-----------

**કેન્દ્ર સરકાર તરફથી કુદરતી આપત્તિ માટે સહાય**

૨૧૧૦૮ **ડૉ. અનિલ જોષીયારા** (ભીલોડા) : **માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કુદરતી આપત્તિ માટે સહાય પેટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ.

| ક્રમ | વર્ષ | રકમ રૂા. (કરોડમાં) |
| --- | --- | --- |
| ૧ | ૨૦૦૫-૦૬ | રૂા. ૪૮૮.૮૧૦૦ |
| ૨ | ૨૦૦૬-૦૭ | રૂા. ૭૯૨.૫૫૫૦ |
| કુલ | | રૂા. ૧૨૮૧.૩૬૫૦ |

### વિકલાંગ કર્મચારીઓ માટે પ્રોત્સાહિત યોજના

૨૧૨૯૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) **: માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વિકલાંગ કર્મચારીઓ તથા તેઓને રોજગારી પૂરી પાડતાં નોકરી દાતાને પ્રોત્સાહિત કરવા ખાતાની કોઇ યોજના અમલમાં છે, અને

(૨) જો હા, તો વર્ષ ૨૦૦૫માં કેટલી વ્યક્તિઓને પ્રોત્સાહિત કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) ૨૫.

-----------

### આણંદ જિલ્લાની મહેસૂલી આવક

૨૧૫૫૬ **શ્રી અમીતભાઈ ચાવડા** (બોરસદ) **: માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ તા. ૩૧-૧-૦૭ સુધીમાં આણંદ જિલ્લાની મહેસૂલી આવક કેટલી છે, અને

(૨) તે અન્વયે આવક સામે આણંદ અને ખેડા જિલ્લાને કેટલી રકમની ફાળવણી આપવામાં આવી ?

**જવાબ**

(૧) આણંદ જિલ્લાની સને ૨૦૦૫-૦૬ના વર્ષની મહેસૂલી આવક તથા ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષની તા. ૩૧-૧-૨૦૦૭ સુધીની મહેસૂલી આવક નીચે મુજબ છે.

| | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|
| ગ્રામ્ય વિસ્તાર | ૨,૭૧,૪૬,૦૦૦/- | ૧૩,૭૯,૦૦૦/- |
| શહેરી વિસ્તાર | ૬૭,૩૩,૦૦૦/- | ૧૪,૦૮,૦૫૩/- |
| કુલ : | ૩,૩૮,૭૯,૦૦૦/- | ૨૭,૮૭,૦૫૩/- |

(૨) આણંદ જિલ્લાને સને ૨૦૦૫-૦૬ તથા ૨૦૦૬-૨૦૦૭ ના વર્ષની તા. ૩૧-૧-૨૦૦૭ સુધીની મહેસૂલી આવકની ફાળવણી નીચે મુજબ છે.

| મહેસૂલી આવકની ફાળવણી | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| આણંદ | ગ્રામ્ય વિસ્તાર | ૩૬,૯૬,૬૦૦/- | ગ્રાન્ટ ફાળવેલ નથી. |
| આણંદ | શહેરી વિસ્તાર | ૭,૦૫,૦૦૦/- | |
| | કુલ : | ૪૪,૦૧,૬૦૦/- | -- |

આણંદ જિલ્લાની મહેસૂલી આવકમાંથી ખેડા જિલ્લાને ફાળવણી કરવામાં આવેલ નથી. પરંતુ ખેડા જિલ્લાની મહેસૂલી આવક અને ફાળવણી નીચે મુજબ છે.

| મહેસૂલી આવક | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ખેડા | ગ્રામ્ય વિસ્તાર | ૪,૧૧,૧૧,૦૦૦/- | ૯૯,૨૬,૦૦૦/- |
| ખેડા | શહેરી વિસ્તાર | ૭૪,૫૦,૦૦૦/- | ૧૪,૧૯,૦૦૦/- |
| | કુલ : | ૪,૮૫,૬૧,૦૦૦/- | ૧,૧૩,૪૫,૦૦૦/- |

| મહેસૂલી આવકની ફાળવણી | | ૨૦૦૫-૦૬ | ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ખેડા | ગ્રામ્ય વિસ્તાર | ૧૨,૭૩,૦૦૦/- | ફાળવેલ નથી |

| | | | |
|---|---|---|---|
| ખેડા | શહેરી વિસ્તાર | ૧૧,૭૬,૯૨૦/-| ૧૩,૫૯૩/- |
| | કુલ : | ૨૪,૪૯,૯૨૦/- | ૧૩,૫૯૩/- |

-----------

**રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને વેચાણવેરામાં રાહત**

૧૯૦૭૭ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** (સાબરમતી) : **માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કેટલા અને ક્યા ઉદ્યોગોને સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં વેચાણવેરામાં રૂા. ૧૦ કરોડથી વધારે રાહત આપવામાં આવી, અને

(૨) આવી રાહતો આપવાના કારણો શા છે ?

**જવાબ**

(૧) અને (૨) રાજ્ય સરકાર ધ્વારા ઉદ્યોગોને ભરવાપાત્ર થતાં વેચાણવેરામાં કોઈ રાહત આપવામાં આવતી નથી પરંતુ રાજ્ય સરકારની વિવિધ ઓદ્યોગિક પ્રોત્સાહનની નીતિ અન્વયે ઓદ્યોગિક એકમો ધ્વારા રાજ્યમાં કરવામાં આવતા ઓદ્યોગિક રોકાણોની મર્યાદા અનુસાર પાત્ર એકમોને વેચાણવેરા અન્વયે વેરામુક્તિ/ વિલંબીત કર ચૂકવણીના લાભો મળવાપાત્ર થાય છે. ઓદ્યોગિક પ્રોત્સાહનની યોજના અન્વયે જે પાત્ર એકમોએ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન રૂા. ૧૦ કરોડની વધુ વેચાણવેરાની સવલત ભોગવેલ છે, તેની યાદી સામેલ પત્રક મુજબ છે.

**પત્રક**

**સવલત ભોગવેલ એકમનું નામ**

| ક્રમ | ૨૦૦૪-૦૫ | ક્રમ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧ | શાહ એલોઈઝ લી., સાંતેજ | ૧ | શાહ એલોઈઝ લી., સાંતેજ |
| ૨ | બનાસકાંઠા જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. | ૨ | બનાસકાંઠા જિલ્લા દુધ ઉત્પાદક સંઘ લી. |
| ૩ | નીરમા લી., ભાવનગર | ૩ | નીરમા લી., ભાવનગર |
| ૪ | ગુજરાત અંબુજા સીમેન્ટ, કોડીનાર | ૪ | ગુજરાત અંબુજા સીમેન્ટ, કોડીનાર |
| ૫ | લાર્સન એન્ડ ટુબ્રો લી. (અલ્ટ્રાટેક સીમેન્ટ), કોવાયા, તા. રાજુલા (નવો પ્રોજેક્ટ) | ૫ | લાર્સન એન્ડ ટુબ્રો લી. (અલ્ટ્રાટેક સીમેન્ટ), કોવાયા, તા. રાજુલા (નવો પ્રોજેક્ટ) |
| ૬ | લાર્સન એન્ડ ટુબ્રો લી. (અલ્ટ્રાટેક સીમેન્ટ), કોવાયા, તા. રાજુલા (એક્સ્પાન્સન પ્રોજેક્ટ) | ૬ | એક્વાઝેલ કેમીકલ્સ લી., ગાંધીધામ |
| ૭ | એક્વાઝેલ કેમીકલ્સ લી., ગાંધીધામ | ૭ | પી.એસ.એલ.લી., ગાંધીધામ |
| ૮ | પી.એસ.એલ.લી., ગાંધીધામ | ૮ | સો. પાઈપ્સ લી. (આઈપી) મુન્દ્રા |
| ૯ | ગુજરાત એન. આર.આઈ., ગાંધીધામ | ૯ | ગુજરાત એન. આર.આઈ., ગાંધીધામ |
| ૧૦ | પાર્લે પ્રોડકટસ પ્રા. લી, ભૂજ | ૧૦ | પાર્લે પ્રોડકટસ પ્રા. લી, ભૂજ |
| ૧૧ | વેલસ્પન ઈન્ડિયા લી., ગાંધીધામ | ૧૧ | વેલસ્પન ઈન્ડિયા લી., ગાંધીધામ |
| ૧૨ | વેલસ્પન ગુજરાત સ્ટહલ રોહરેન લી. ગાંધીધામ | ૧૨ | વેલસ્પન ગુજરાત સ્ટહલ રોહરેન લી. ગાંધીધામ |
| ૧૩ | સાંધી ઈન્ડસ્ટ્રીઝ, ભૂજ | ૧૩ | સાંધી ઈન્ડસ્ટ્રીઝ, ભૂજ |
| ૧૪ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (પેટ્રોકેમ ડીવીઝન) મુ. પડાણા, મેઘપર | ૧૪ | તાતા કેમીકલ્સ, મીઠાપુર. |
| ૧૫ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (રીફાઈનરી ડીવીઝન) મુ. પડાણા, મેઘપર | ૧૫ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (પેટ્રોકેમ ડીવીઝન) મુ. પડાણા, મેઘપર |
| ૧૬ | રામા ન્યુઝ પ્રિન્ટ એન્ડ પેપર્સ લી., સુરત | ૧૬ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. (રીફાઈનરી ડીવીઝન) મુ. પડાણા, મેઘપર |
| ૧૭ | એસ્સાર સ્ટીલ-૧, સુરત | ૧૭ | રામા ન્યુઝ પ્રિન્ટ એન્ડ પેપર્સ લી., સુરત |
| ૧૮ | એસ્સાર સ્ટીલ-૨, સુરત | ૧૮ | એસ્સાર સ્ટીલ-૨, સુરત |

| ક્રમ | ૨૦૦૪-૦૫ | ક્રમ | ૨૦૦૫-૦૬ |
|---|---|---|---|
| ૧૯ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મુ. પો. ભાઠા, તા.ચોર્યાસી, જિ. સુરત | ૧૯ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, મુ. પો. ભાઠા, તા.ચોર્યાસી, જિ. સુરત |
| ૨૦ | જે. સી. ટી. ઈલેક્ટ્રોનીક્સ, વડોદરા | ૨૦ | જે. સી. ટી. ઈલેક્ટ્રોનીક્સ, વડોદરા |
| ૨૧ | મોર્ડન પેટ્રોફીલ્સ, વડોદરા | ૨૧ | મોર્ડન પેટ્રોફીલ્સ, વડોદરા |
| ૨૨ | નિરમા લી., વડોદરા | ૨૨ | નિરમા લી., વડોદરા |
| ૨૩ | જનરલ મોટર્સ પ્રા. લી., પંચમહાલ | ૨૩ | જનરલ મોટર્સ પ્રા. લી., પંચમહાલ |
| ૨૪ | રેમી મેટલ્સ (ગુજ.) લી. | ૨૪ | રેમી મેટલ્સ (ગુજ.) લી. |
| ૨૫ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ, ભરૂચ | ૨૫ | ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ, ભરૂચ |
| ૨૬ | હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લી., તા. વાગરા | ૨૬ | હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લી., તા. વાગરા |
| ૨૭ | વિડીયોકોન ઈન્ડસ્ટ્રીઝ લી., ભરૂચ (એક્સ્પાન્સન પ્રોજેક્ટ) | ૨૭ | વિડીયોકોન ઈન્ડસ્ટ્રીઝ લી., ભરૂચ (નવો પ્રોજેક્ટ) |
| ૨૮ | ઈન્ડીયન પેટ્રોકેમીકલ્સ કોર્પો. લી. ભરૂચ | ૨૮ | વિડીયોકોન ઈન્ડ્રસ્ટ્રીઝ લી., ભરૂચ (એક્સ્પાન્સન પ્રોજેક્ટ) |
| ૨૯ | રાજશ્રી પોલીફીલ, ભરૂચ | ૨૯ | ઈન્ડીયન પેટ્રોકેમીકલ્સ કોર્પો. લી. ભરૂચ |
| ૩૦ | વેલસ્પન ગુજરાત સ્ટહલ રોહરેન લી. ભરૂચ | ૩૦ | રાજશ્રી પોલીફીલ, ભરૂચ |
| ૩૧ | બી.એ.એસ.એફ. સ્ટાઈનીક્સ પ્રા.લી. ભરૂચ | ૩૧ | વેલસ્પન ગુજરાત સ્ટહલ રોહરેન લી. ભરૂચ |
| ૩૨ | ગુજરાત ગાર્ડીયન લી., ભરૂચ | ૩૨ | બી.એ.એસ.એફ. સ્ટાઈનીક્સ પ્રા.લી. ભરૂચ |
| ૩૩ | સર્ચકેમ ઈન્ડસ્ટ્રીઝ, ભરૂચ | ૩૩ | ગુજરાત ગાર્ડીયન લી., ભરૂચ |
| ૩૪ | ડી.સી.એમ. શ્રીરામ કોન્સો લી., ભરૂચ | ૩૪ | સર્ચકેમ ઈન્ડસ્ટ્રીઝ, ભરૂચ |
| ૩૫ | બીરલા સેલ્યુલોઝ, કોસંબા. | ૩૫ | ડી.સી.એમ. શ્રીરામ કોન્સો લી., ભરૂચ |
| | | ૩૬ | બીરલા સેલ્યુલોઝ, કોસંબા. |

-----------

**રાજ્યમાં અનામત પ્રકારના વૃક્ષો**

૨૧૩૦૨ **શ્રી વેચાતભાઈ હ. બારિયા** (પાવી જેતપુર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં અનામત પ્રકારના ક્યા ક્યા વૃક્ષો છે, અને

(૨) અનામત વૃક્ષોની કેટેગરીમાં સરકાર વધારો કે ઘટાડો કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં ખેર, ચંદન, મહુડો, સાગ અને સીસમના વૃક્ષો અનામત જાહેર કરેલ છે.

(૨) હાલમાં કંઇ પણ વિચારણા નથી.

-----------

**રાજકોટની રણછોડવાડીની જમીનનો હેતુભંગ**

૨૧૫૯૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટની રણછોડવાડીની ૧૦ એકર જમીન હેતુભંગ કરી બારોબાર વેચાણ કરવા સબબ જિલ્લા કલેકટરે ખાલસા કરવાનો હુકમ કરેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો હેતુભંગના શાં કારણો છે, અને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શું સ્થિતિ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જમીન રાહતદરથી સર્જીકલ હોસ્પિટલના કામે ફાળવેલ હતી. આ જમીન રહેઠાણના હેતુ માટે રણછોડવાડી હાઉસીંગ સોસાયટીના નામે બિનકાયદેસર વેચાણ થયેલ છે. તેમજ બિનકાયદેસર રહેણાંક હેતુના બાંધકામ થયેલ છે. જમીન ખાલસા કરવાના હુકમ સામે અગ્ર સચિવશ્રી (વિવાદ) સમક્ષ રીવીઝન અરજી થયેલ તે તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ અગ્ર સચિવશ્રી (વિવાદ) સમક્ષ પડતર છે.

-----------

**ડાંગ જિલ્લાના ગામોને ગામતળ હેઠળ માલિકી હક્ક આપવા અંગે**

૧૯૫૩૭ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૭ સુધીમાં રાજ્ય સરકારે ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોમાં રેવન્યુ ગામતળ જાહેર ર્ક્યા છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. ૩૧૦ ગામોમાં રેવન્યુ ગામતળ જાહેર ક્રવામાં આવેલ છે. સાપુતારા ગિરીમથક નોટીફાઇટ એરીયા છે. |
| (૨) જો હા, તો ગામતળમાં રહેઠાણ માટે આપવામાં આવેલ પ્લોટની માલિકી હક્ક આપવામાં આવતા નથી તે સરકાર કેટલા સમયમાં આપવા માગે છે ? | (૨) ડાંગ જિલ્લાના બધા જ ગામોમાં ગામતળમાં રહેણાંક્ના પ્લોટોની માલિકી હક્ક આપવામાં આવેલ છે. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રહેમરાહે નોકરી માટેની પડતર અરજીઓના નિકાલ અંગે**

૨૧૩૩૩ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા ક્રશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વન વિભાગ સમક્ષ તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં રહેમરાહે નોકરી માટે કેટલી માંગણીઓ આવી, | (૧) વન વિભાગ સમક્ષ તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં રહેમરાહે નોક્રી માટે કુલ-૧૨૯ માંગણીઓ આવી. |
| (૨) તે પૈકી સુરેન્દ્રનગર-રાજકોટ રેન્જની કેટલી છે, અને | (૨) તે પૈકી સુરેન્દ્રનગર રેંજની ૧(એક) અને રાજકોટ રેંજની શૂન્ય છે. |
| (૩) પડતર માંગણીઓ કેટલા સમયમાં નિકાલ ક્રવામાં આવશે ? | (૩) પડતર માંગણીઓનો બનતી ત્વરાએ નિકાલ ક્રવામાં આવશે. |

-----------

**સુરત જિલ્લામાં જમીનની ફાળવણી**

૨૧૨૬૮ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી સંસ્થાઓ, વ્યક્તિગત કિસ્સાઓ અને વેપારી પેઢીઓને ક્યા ક્યા હેતુ માટે જમીનની ફાળવણી ક્રવામાં આવી, | (૧) ૩૩ સંસ્થાઓને-મંડળી ગોડાઉન, સબ-સ્ટેશન, દૂધ ઘર, ગેસ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ઓદ્યોગિક, ટ્રેડ સેન્ટર, શૈક્ષણિક હેતુ તથા પાણીના બોર માટે<br>૩૪ વ્યક્તિગત કિસ્સાઓ<br>મત્સ્યોદ્યોગ, રહેઠાણ, બોર, વગેરે માટે- |
| (૨) આ જમીનની કટેલી કિંમત વસૂલ લઇને ક્રવામાં આવી, અને | (૨) રૂા. ૩૦,૭૩,૭૭,૯૭૪/-<br>ભાડા પટ્ટા સિવાયની આવક |
| (૩) જિલ્લાવાર આ સ્થિતિએ પડતર અરજીઓ કેટલી કઇ કઇ અને કેટલા સમયથી છે ? | (૩) ૧૨૬<br>કઇ કઇ અને કેટલા સમયથી છે તે *પરિશિષ્ટ-અમાં જણાવ્યા મુજબ |

*(પત્રકો સચિવશ્રીની ક્ચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**રાજ્યમાં ગ્રામ કક્ષાએ જમીન દફ્તરની નક્લો ઓન લાઇનથી મળવાની યોજના**

૨૧૪૬૨ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** (મેઘરજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ગ્રામ કક્ષાએથી જમીન દફ્તરની નક્લો ઓન લાઇન મળવાની સરકારની કોઇ યોજના છે કે કેમ, | (૧) ઇ-ગ્રામ અંતર્ગત ઓનલાઇન પદ્ધતિથી ૭/૧૨ના ઉતારા આપવા મહેસુલ વિભાગે તા. ૧૯-૬-૨૦૦૬ના પત્રથી સુચનાઓ પ્રસારીત કરેલ છે. |
| (૨) જો હા, તો આ યોજનાની શી વિગતો છે, અને | (૨) ઇ-ગ્રામ યોજના હેઠળ જે ગામે ક્નેક્ટીવીટી ઉપલબ્ધ ક્રાયેલ હોય તે ગામેથી માંગણી થયેથી, ઇ- |

(૩) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલા ગામોને ગ્રામ્ય કક્ષાએથી નક્લો મળે છે ?

ધરા અંતર્ગત જમીન દફતરની નક્લો ઓનલાઇન મળી શકશે.

(૩) હાલ ૫૦૦ ઉપરાંત ગામોમાં ગ્રામ્ય કક્ષાએથી નક્લો મળે છે.

-----------

**અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા ખેતીના પાકને નુક્સાન**

૧૯૧૮૦ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં ખેડૂતો દ્વારા જંગલી પ્રાણી રોઝ વગેરેનો ખેતીવાડીમાં નુક્સાન અટકાવવા માટે ખેતરની તારની વાડ કરવા માટે છેલ્લા બે વર્ષમાં ખેડૂતો દ્વારા કેટલી માંગણી કરવામાં આવેલ છે,

(૨) જો હા, તો જંગલ વિભાગ દ્વારા સમગ્ર અમરેલી જિલ્લામાંથી ખેડૂતોની આવેલ માંગણીમાંથી કેટલા ખેડૂતોને તારની વાડ કરવા માટે રક્મ ચૂક્વવામાં આવી તેમાંથી કેટલી અરજી પડતર છે, અને

(૩) ન ચૂક્વવામાં આવેલ હોય તેના શાં કારણો છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં ૪૯૨ ખેડૂતો દ્વારા કાંટાળા તારની વાડની માંગણી કરવામાં આવેલ છે.

(૨) અમરેલી જિલ્લામાં ખેડૂતોની આવેલી માંગણીમાંથી ૧૪૩ ખેડૂતોને કાંટાળા તારની વાડ કરવા માટે રૂા. ૭,૫૬,૧૦૪/- ની રક્મ ચૂક્વવામાં આવી છે અને ૩૪૯ અરજીઓ પડતર છે.

(૩) યોજનાના નિયમોનુસાર આવેલ અરજીઓને અગ્રતાક્મ આપી વર્ષવાર ઉપલબ્ધ ગ્રાન્ટના પ્રમાણમાં અરજીઓ મંજૂર કરવામાં આવે છે. કાંટાળા તારની વાડની કામગીરી બજેટ મર્યાદામાં કરાવવામાં આવતી હોઇ, પડતર રહેવા પામેલ છે અને અધૂરાશવાળી કે ક્ષતિપૂર્ણ અરજીઓ નામંજૂર કરવામાં આવેલ છે.

-----------

# ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન, નિયમ-૪૪

### અંજાર સબ સ્ટેશનમાં ફાટી નિકળેલ આગ અંગે

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોરપોરેશન લી.ના ૨૨૦ કે.વી. અંજાર સબ સ્ટેશનમાં તા. ૮-૩-૨૦૦૭ના રોજ ૧૯:૫૦ કલાકે ૧૩૨/૬૬ કે.વી.ના ૪૦ એમ.વી.એ.ના ટ્રાન્સ્ફૉર્મરમાં આગળ ફાટી નીકળતાં અંજાર સબ સ્ટેશન સલામતીના કારણોસર સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવેલ. આના કારણે અંજાર સબ સ્ટેશનમાંથી નીકળતાં ફીડરો પર માઠી અસર થઈ, અને ભૂજ, કંડલા, ગાંધીધામ વગેરે વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. તાકીદના ધોરણે પગલા લઈ, ભૂજ વિસ્તારને ૨૦:૧૦ કલાકે અન્ય સબ સ્ટેશનો મારફતે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો.

આગને કાબૂમાં લેવા માટે તુરત ફાયર ફાયટરોને કામે લગાડી, યુદ્ધના ધોરણે કામ શરૂ કર્યુ અને આગ સંપૂર્ણ રીતે ૨૩:૧૦ કલાકે કાબૂમાં આવેલ. ત્યાર બાદ જરૂરી સફાઈ-સમારકામ કરી અને કંડલા, ગાંધીધામ, ઈફકો વગેરે વિસ્તારને તા.૯-૩-૦૭ના રોજ સવામે ૨:૪૫ કલાકે જ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવેલ. આ ઉપરાંત ક્રમશઃ સમગ્ર અંજાર વિસ્તારમાં સવારે ૬:૫૦ કલાકે વીજ પુરવઠો સંપૂર્ણ રીતે ચાલુ કરી દેવામાં આવ્યો.

આ ટ્રાન્સ્ફૉર્મર ટેલ્ક કંપનીની બનાવટનું છે અને સને ૧૯૭૩માં કાર્યરત કરેલ. આ આગને કારણે રૂા.૩૦ લાખ જેટલી કિંમતના સાધનોને નુકસાન થયેલ છે. આગ આગવા અંગેના કારણોની તપાસ કરવા માટે જરૂરી સૂચના અપાયેલ છે અને તપાસ ચાલુ છે. આ ટ્રાન્સ્ફૉર્મરના નુકસાનથી અંજાર સબ સ્ટેશનમાં અત્યારે ૨૪૦ એમ.વી.એ. કેપેસિટીના ટ્રાન્સ્ફૉર્મરો ઉપલબ્ધ હોવાના કારણે પુરવઠો આપવા બાબતે કોઈ મુશ્કેલી પડશે નહીં.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત રાજય મૂડી રોકાણ નિગમનો વાર્ષિક અહેવાલ.**

**શ્રી વજુભાઈ વાળા ( નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# દાખલ કરવાનાં સરકારી વિધેયકો

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક.**

**ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત વિધેયક, ૨૦૦૭**

**રાજયની વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કૉલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા બાબત વિધેયક.**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( શિક્ષણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમ અને ફી નિર્ધારણ) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમ અને ફી નિર્ધારણ) બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી** : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**સન ૨૦૦૭નું ગુજરાત વિધેયક.**

**ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમ અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭**

રાજયની વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં પ્રવેશ નિયમન અને આવી કૉલેજો અથવા સંસ્થાઓમાં ફી નિર્ધારણ માટે અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટે ખાસ જોગવાઈ કરવા બાબત વિધેયક.

**શ્રી અશોક ભટ્ટ (આરોગ્ય અને પરિવાર કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૭નું ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓમાં (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ) બાબત વિધેયક દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી . :** વિધેયક દાખલ કરવામાં આવે છે.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

**ગૃહ વિભાગ**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા.૯,૯૫,૯૩,૬૯,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.**

## માગણી નં.૪૪

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના જેલમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ અંગેની સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૨૯,૭૧,૫૧,૦૦૦ની માગણી ક્રમાંક- ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૭ રજૂ કરવામાં આવી.**

## માગણી નં. ૪૬

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહ (પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહરક્ષક દળ)મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩૩,૬૧,૨૯,૦૦૦ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૨૯,૫૫,૯૫,૦૦૦ની માગણી ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માંગણી ક્રમાંક : ૭૪**

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહન સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૮૬,૫૦,૪૮,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧,૯૧,૭૫,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંકઃ ૭૪ રજૂ કરું છું.

**માંગણી ક્રમાંક : ૭૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.**

**માંગણી ક્રમાંક - ૭૫**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (બંદરો અને વાહન વ્યવહારમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર અને અન્ય સેવા ખર્ચને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૮,૦૬,૦૦૦/- ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૭,૦૦,૦૦૦/- ની માંગણી ક્રમાંક : ૭૫ રજૂ કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૮ રજૂ કરવામાં આવી.**

# સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની સોમવાર, તા.૧૨–૩–૨૦૦૭ (બીજા દિવસ)ના રોજ ચર્ચા ને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૩** | | | |
| * ૧. | ૨૦૫૫–પોલીસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>૦૧ પોલીસ.....મહા નિરીક્ષક<br>રૂા.૫,૮૫,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૬ થી ૨૮ | ૧૦૦ | બાહોશ અધિકારીઓને યોગ્ય જગ્યાએ પોસ્ટીગ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨. | -- " -- | ૧૦૦ | સરકારી કામગીરીમાં થતી રાજકીય દખલગીરી બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩. | -- " -- | ૧૦૦ | પોલીસ દળમાં પ્રમોશનો આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪. | -- " -- | ૧૦૦ | વારંવાર બદલીઓના કારણે પ્રામાણિક પોલીસ અધિકારીઓને થતી હેરાનગતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| * ૫. | -- " -- | ૧૦૦ | બળાત્કારની ફરિયાદ ન લેતા જવાબદાર અધિકારીઓ સામે સખતાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬. | ૨૦૫૫–પોલીસ<br>૦૦૩–શિક્ષણ અને તાલીમ<br>૦૧પોલીસ તાલીમ શાળાઓ<br>રૂા.૬,૮૧,૮૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૨૯ થી ૩૧ | ૧૦૦ | પોલીસ તાલીમ શાળામાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| * ૭. | -- " -- | ૧૦૦ | પોલીસોને પ્રજાજનો સાથે કુનેહપૂર્વક વર્તવાની તાલીમ આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૮. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૧–ગુનાશોધ તપાસ અને તકેદારી<br>૦૧ છૂપી પોલીસ ખાતું<br>રૂા.૧૪,૧૪,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૩૨ – ૩૩ | ૧૦૦ | ગુનાઓનો ભેદ ઉકેલવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૯. | -- " -- | ૧૦૦ | અશ્લીલ સાહિત્ય/ વિડીયો સીડી વેચનાર ઈસમો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૦. | -- " -- | ૧૦૦ | ગુના શોધ તપાસની કામગીરી વધુ ચેતનવંતી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૧૧. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૧–ગુના શોધ તપાસ અને તકેદારી<br>૦૪ ગુના......ગાંધીનગર<br>રૂા.૬૬,૯૦,૦૦૦ | ૧૦૦ | વિવિધ ગુનાઓની સાચી આંકડાકીય માહિતી સમયાંતરે પ્રસિધ્ધ કરી કાયદો અને વ્યવસ્થાનું વાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૩૮ – ૩૯ | | | |
| ૧૨. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૧–જિલ્લા પોલીસ ખુદ<br>રૂા.૪,૯૦,૭૮,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૨ – ૪૪ | ૧૦૦ | ચોરી,લૂંટ,બળાત્કાર તથા ધાડના વધતા જતા બનાવો અટકાવવામા તંત્રની ઉદાસીનતા | શ્રી દોલતભાઈ પરમાર |
| ૧૩. | –– " –– | ૧૦૦ | ગુનાઓને અટકાવવા રાત્રીના સમયે પેટ્રોલીંગ વધારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૧૪. | –– " –– | ૧૦૦ | ધાર્મિક સ્થાનોમાં લૂંટફાટ તથા ખૂનની બનતી ઘટનાઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| *<br>૧૫. | –– " –– | ૧૦૦ | દિવાળીના તહેવારોમાં વગર પરવાનગીએ ફટાકડાનું થતું વેચાણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૩–રાજય ટ્રાફિક શાખા<br>રૂા.૧૩,૧૯,૪૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૪૭ – ૪૮ | ૧૦૦ | હાઈવે ઉપર પૂરતું પેટ્રોલીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ભીખાલાલ જોષી |
| *<br>૧૭. | –– " –– | ૧૦૦ | નિર્દોષ વાહનચાલકો સામે ખોટા કેસો કરી દંડ ઉઘરાવતા પોલીસ કર્મચારીઓ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૮. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૬–અમદાવાદ.....<br>પોલીસ<br>રૂા.૧,૧૧,૦૩,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૫૩ – ૫૪ | ૧૦૦ | અમદાવાદ શહેરમાં વધતા જતા ચોરી, ખૂન અને બળાત્કારના કિસ્સાઓમાં સમયસર કાર્યવાહી કરવામાં દાખવવામાં આવતી ઉદાસીનતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૧૯. | ૨૦૫૫–પોલીસ<br>૧૦૯–જિલ્લા પોલીસ<br>૦૯–પોલીસ....ઉપયોગ<br>રૂા.૧૯,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૫૭ | ૧૦૦ | ચોરી અને ધાડના વધતા જતા બનાવો રોકવા રાત્રી પેટ્રોલીગમાં હોમગાર્ડ જવાનોના ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુનાભાઈ ગામીત |
| | | | **<u>માગણી નં.૪૪</u>** | |
| ૨૦. | ૨૦૫૬–જેલ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧ જેલ મહા નિરીક્ષક<br>રૂા.૩,૫૨,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૭૪–૭૫ | ૧૦૦ | જેલોનું આંતરિક ઓડિટ નિયમિત કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૨૧. | –– " –– | ૧૦૦ | જેલમાં માથાભારે તત્વોને અપાતી સુવિધાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૨૨. | –– " –– | ૧૦૦ | માથાભારે કેદીઓને બિમારીના બહાને સરકારી હોસ્પિટલોમાં દાખલ થઈ સુખ સાહયબી ભોગવતા રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૨૩. | –– " –– | ૧૦૦ | કેદીઓને સારવારના બહાને દવાખાના માંથી ભાગી જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૨૪. | –– " –– | ૧૦૦ | કેદીઓ વચ્ચે થતા મારામારી–ખૂનના બનાવો | શ્રી છનાભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૨૫. | ૨૦૫૬–જેલ<br>૧૦૧–જેલ<br>૦૧ મધ્યસ્થ જેલ<br>રુા.૯,૪૫,૮૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૭૬–૭૭ | ૧૦૦ | સાબરમતી જેલમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવા સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૨૬ | –– " –– | ૧૦૦ | મધ્યસ્થ જેલમાં ખૂંખાર કેદીઓને ગેરકાનૂની સુવિધાઓ પૂરી પાડતા જેલ સ્ટાફ સામે કડક પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૨૭. | –– " –– | ૧૦૦ | મધ્યસ્થ જેલમાં સમયાંતરે કર્મચારી / અધિકારીઓની બદલીઓ કરવામાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| | | | **<u>માગણી નં.૪૬</u>** | |
| ૨૮. | ૨૦૭૦–અન્ય વહીવટી સેવાઓ<br>૧૦૪–તકેદારી<br>૦૧–તકેદારી આયોગ<br>રુા.૧,૫૦,૮૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૮૪–૮૫ | ૧૦૦ | તકેદારી આયોગ ધ્વારા કરવામાં આવતી ભલામણોનો ચુસ્તપણે અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| * ૨૯. | –– " –– | ૧૦૦ | પડતર કેસોના ઝડપી નિકાલ માટે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૦. | ૨૨૩૫–સામાજિક સુરક્ષા અને કલ્યાણ<br>૦૨–સમાજ કલ્યાણ<br>૧૦૫–નશાબંધી<br>૦૧ એસસીડબલ્યુ ૩૦ રાજયમાં ...... ઝુંબેશ<br>રુા.૧,૧૯,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં.૧૦૧–૧૦૨ | ૧૦૦ | દારૂના વેચાણને સદંતર અટકાવી નશાબંધી પ્રવૃત્તિને સુદ્રઢ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગૌતમભાઈ ઝાલા |
| * ૩૧. | –– " –– | ૧૦૦ | દારૂના અડ્ડાવાળાઓથી આમજનતાને થતી હેરાનગતિ દૂર કરવા યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૩૨. | –– " –– | ૧૦૦ | પોલીસ સ્ટેશનોની સામે જ આવેલા દારૂના અડ્ડાઓનો નાશ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૩૩. | –– " –– | ૧૦૦ | નશાબંધી ખાતાને માહિતી આપનાર નાગરિકોને પોલીસો ધ્વારા થતી હેરાનગતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩૪. | –– " –– | ૧૦૦ | દારૂ વેચવાની પ્રવૃત્તિ કરતા ઈસમો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| | | | **<u>બંદરો અને વાહન વ્યવહાર વિભાગ</u>**<br>**<u>માગણી નં.૭૪</u>** | |
| * ૩૫. | ૨૦૪૧–વાહનો પર કર<br>૧૦૨–મોટર વાહનોનું નિરીક્ષણ<br>રુા.૨૯,૧૧,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૬–૭ | ૧૦૦ | ખાનગી બસોના ભાડામાં નિયંત્રણ માટે વ્યવસ્થા તંત્ર ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૩૬. | –– " –– | ૧૦૦ | ગેરરીતિની ફરિયાદો છે તેવા અધિકારી/કર્મચારીઓ સામે યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭. | -- " -- | ૧૦૦ | વાહન ખરીદનારાઓને આર. સી. બુક સત્વરે મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૩૮. | -- " -- | ૧૦૦ | ખાનગી બસોના માલિકો ધ્વારા થતી વાહન કરની ચોરી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૩૯. | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં કર્મચારી/ અધિકારીઓને ઓળખપત્ર આપવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનીલ જોષીયારા |
| * ૪૦. | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં બેસતા એજન્ટો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૪૧. | -- " -- | ૧૦૦ | આર.ટી.ઓ.ની ચેકપોસ્ટોની આવકોને ઘટતી અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪૨. | ૨૦૪૧–વાહનો પર કર<br>૧૦૨–મોટર વાહનોનું નિરીક્ષણ<br>રૂા.૨૯,૧૧,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૬–૭ | ૧૦૦ | આર.ટી.ઓ. કચેરીઓમાં એજન્ટ કે ઓળખાણ વગર પ્રજાનું કામ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુનાભાઈ ગામીત |
| ૪૩. | ૩૦૫૫–માર્ગ પરિવહન<br>૧૯૦–જાહેર……સહાય<br>રૂા.૩,૫૬,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં.૫૫ | ૧૦૦ | એસ. ટી. બસ સ્ટેશનોમાં થતી ગંદકી દૂર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહરાજપૂત |
| ૪૪. | -- " -- | ૧૦૦ | એસ.ટી. ડેપોના મેનેજરોને રુટો બદલવાની બાબતમાં મનમાની કરતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૪૫. | -- " -- | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી.ની અપૂરતી સુવિધાને કારણે જનતાને પડતી હાડમારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| ૪૬. | -- " -- | ૧૦૦ | એસ.ટીના કર્મચારીઓના પડતર પ્રશ્નો તેમજ તેમના હકકના બાકી રકમના લેણાં સત્વરે ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૪૭. | -- " -- | ૧૦૦ | બસોની અનિયમિતતાને કારણે પ્રવાસીઓને ખાનગી બસો તરફ આકર્ષાતા અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૪૮. | -- " -- | ૧૦૦ | એસ. ટી. બસોમાં નિયમિત રીતે સ્વચ્છતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૪૯. | -- " -- | ૧૦૦ | કરકસરના નામે ગ્રામ્ય વિસ્તારોના એસ. ટી. રુટો બંધ કરી દેવાથી પ્રજાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનિલકુમાર પટેલ |
| ૫૦. | -- " -- | ૧૦૦ | સચિવાલય – અમદાવાદની પોઈન્ટની બસોને વારંવાર વર્ધીઓમાં મૂકી દેવાતાં કર્મચારીઓને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| * ૫૧. | -- " -- | ૧૦૦ | નિગમને લોન સહાય આપતા અન્ય બોર્ડ કોર્પોરેશનના કર્મચારીઓને પોઈન્ટની બસોમાં માસિક પાસમાં નિયત મર્યાદા કરતાં વધુ રાહત આપતાં, ખોટમાં જતા નિગમને ઉગારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫૨. | -- " -- | ૧૦૦ | ખાનગી બસો સામેની સ્પર્ધાત્મક હરિફાઈમાં ટકવા માટે એસ.ટી. તંત્રની કામગીરી | શ્રી માલજીભાઈ દેસાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સુધારવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૫૩. | –– " –– | ૧૦૦ | પૂરતા આયોજનના અભાવે ખાનગી ટ્રાવેલ્સના સંચાલકોને તહેવારોમાં પ્રવાસીઓ પાસેથી વધુ ભાડાં લેતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૫૪. | –– " –– | ૧૦૦ | ડીઝલ–પેટ્રોલના ભાવો ઘટવા છતાં બસ ભાડામાં ઘટાડો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દોલતભાઈ પરમાર |
| | | | **માગણી નં.૭૫** | |
| ૫૫. | ૩૪૫૧– સચિવાલય આર્થિક સેવાઓ ૦૯૦–સચિવાલય ૦૧–બંદરો અને વાહનવ્યવહાર વિભાગ રૂ. ૯૮,૦૫,૦૦૦ અં.પ.નં ૨૦ પા.નં ૬૪–૬૫ | ૧૦૦ | ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા કર્મચારીઓનું થતું શોષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| * ૫૬. | –– " –– | ૧૦૦ | બંદરો ઉપરથી આયાત– નિકાસને વેગ મળે તે માટે જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| * ૫૭. | –– " –– | ૧૦૦ | બંદરોનો વિકાસ કરવાના નામે બંદરોને ખાનગી કંપનીઓને વેચી મારવાની ચાલતી પ્રવૃત્તિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫૮. | –– " –– | ૧૦૦ | બંદરોના સમારકામ પાછળ થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| * ૫૯. | –– " –– | ૧૦૦ | બંદરો ઉપર સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી**: હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ કરવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા (પોરબંદર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગૃહ, પરિવહન અને બંદરોને લગતી જે માંગણી લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું. ગૃહ વિભાગ છે એ આપણા સૌના જીવન સાથે જોડાયેલ વિભાગ છે. આપણા સૌની સલામતી સાથે જોડાયેલ છે. કદાચ બીજા વિભાગો બરાબર કામ ન કરતાં હોય તો કદાચ આપણે બે પાંચ પોઇન્ટ બીજા રાજ્ય કરતાં પ્રગતિમાં પાછળ જઈશું, એની પૂર્તિ કરી શકાશે, પરંતુ જો ગૃહ વિભાગ છે એ જો નબળું પુરવાર થાય તો આપણા સૌની સલામતી તો જોખમાય જ, પણ સાથે સાથે આ રાજ્યનો વિકાસ કરવા માટે જે મહત્વનું પરિબળ ચાલક બળ છે, તે ચાલકબળ પણ અવરોધરૂપ પરિબળ બની જાય. આ જે ગૃહ વિભાગ છે, એટલે એની અંદર બજેટ કેટલું ફાળવ્યું, એની અંદર કેટલી બધી સફળતા મળી. આધુનિકરણ કેટલું થયું તે સૌના કરતાં તે મહત્ત્વનું છે કે આપણે ગુનાઓ રોકવામાં કેટલા સફળ થયા. તે બધા કરતાં મહત્ત્વનું છે. ગુનાખોરી આજની છે તે હું નથી કહેતો. ગુનાઓ જે વધતા હોય છે અને તેમાં ક્યારેક આકસ્મિક કારણોસર ગુનાઓ થતા હોય છે. બે પડોશીઓ ઝગડો કરે, બે ખેતર પડોશીઓ ઝગડો કરે, બે સહાધ્યાયીઓ જોડે કામ કરતા હોય અને ઝગડો થાય તે સ્વાભાવિક પ્રક્રિયાઓ છે. વર્ષોથી ચાલતી આવે છે. પણ જે ગુનાઓ ઓર્ગેનાઈઝ ક્રાઈમ છે અને તે ગુનાઓને વ્યવસાયિક તરીકે અપનાવવામાં આવે છે તે છેલ્લા વર્ષોમાં વધ્યા છે. આવી ગુનાખોરીને રાજયાશ્રય આપવાનું છેલ્લા વર્ષોમાં ખૂબ વધ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડાક આંકડા આપવા માગું છું. છેલ્લા વર્ષોમાં આપણા રાજયની આ સ્થિતિ રહી છે. ૩૧-૧-૯૭ની સ્થિતિએ સામૂહિક હત્યાના બનાવો ૨૦ બન્યા છે, વ્યકિતગત આત્મહત્યાના બનાવો ૫૨૮૮ બન્યા છે, ૧૨ હજાર અપમૃત્યુ થયાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત પાકિસ્તાન અને ભારત ચીન વચ્ચે કુલ ત્રણ યુદ્ધ થયા. તેમાં ફક્ત દસ હજાર સૈનિકો નાગરિકો સહિત શહીદ થયા છે. ત્યારે અહીં એક જ વર્ષમાં ૫૨૮૮ આત્મહત્યાના બનાવો થયા છે અને ૧૨ હજાર અપમૃત્યુના બનાવો બન્યા છે. આપણે સલામતીની આલબેલ

પોકારીએ છીએ. આ કેવી માનસિકતા થઈ હશે કે આટલા બધા અપમૃત્યુ થયા છે. ૩૧-૨-૯૭ની સ્થિતિએ ગુજરાતમાં ૧૨૧૬ ખૂન થયા છે. ૪૨૩ બળાત્કાર થયા છે, ૯૮૦ લૂંટ થઈ છે અને ૧૧૭૧ અપહરણ થયા છે. આ અપહરણ અને લૂંટ છે તે રાજયમાં છેલ્લા પાંચ વર્ષમાં ગતિમાં આવ્યા છે. આ આંખ ખોલનારા છે. આપણે એમ કહીએ કે અમે આટલા લોક દરબાર કર્યા, આટલા કેસો કર્યા પણ આ આંખ ઉઘાડે તેવા આંકડા આપણી પાસે આવ્યા છે. અત્યાર સુધી ગુજરાતની અંદર લૂંટ કે અપહરણની ઘટનાઓ ભાગ્યેજ બનતી હતી. અત્યારે સાહેબ પૈસા માટે થઈને વેપારીઓ અને બાળકોના અપહરણોના બનાવો ઉભા થયા છે. રાજકોટની અંદર બે બાળકોના અપહરણ થયા પછી તેની હત્યા થઈ. જેતપુરની અંદર ડૉકટર દંપતીના બાળકનું અપહરણ થયું અને તેની હત્યા થઈ, પોરબંદરની અંદર અડવાણા ગામની અંદર બાળકની હત્યા થઈ. સુરતની અંદર ૧ જાન્યુઆરી થી ૭ જાન્યુઆરી દરમ્યાન સાત બાળકોના અપહરણ થયા છે. બાળકો અને વેપારીઓના અપહરણ થાય આ ઘટનાઓ આંખ ખોલનારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મંદિરોની વાતો બહુ કરીએ છીએ. માર્ચ-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ૬૬ મંદિરોમાં લૂંટ થઈ છે. ૬૯૯ મંદિરોમાં ચોરી થઈ હતી અને ૫૨ મંદિરોમાં ધાડ પડી હતી. આની અંદર સાહેબ દરવર્ષે ૧૦ થી ૧૫ ટકાનો વધારો થતો રહ્યો છે. જાન્યુઆરી-૦૭ની વાત કરું તો તેની સ્થિતિએ બે વર્ષમાં ૧૧ સાધુ સંતો અને ૧૫ કરતાં વધુ પૂજારીઓ એમ ટોટલ ૨૬ મંદિર મહંતો, પૂજારીઓની હત્યાઓ થઈ છે. આ આંકડો આગલા વર્ષના આંકડા કરતાં લગભગ સો ટકા જેટલો વધ્યો છે. છેલ્લા એક વર્ષની વાત કરું તો જાન્યુઆરી-૦૭ની સ્થિતિએ ૧૮૭ મંદિરોમાં ચોરી થઈ છે અને ૧૨ મંદિરોમાં લૂંટ થઈ છે. ૬ મંદિરોમાં હત્યાઓ થઈ છે. સાત મંદિરોમાં ધાડ પડી, ૧૧ સાધુ-સંતોની હત્યાઓ થઈ, આટલા બનાવો એક વર્ષમાં બન્યા છે, મંદિર અને ભગવાનને રક્ષણ આપવા માટે આ સરકાર નિષ્ફળ નીવડી છે, જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ, આ ચાર શહેરોની હું વાત કરું છું, એમાં ૯૨ ખૂન થયા, ૧૩૦ લૂંટ કેસ થયા, ૪૫૪ ચોરીના કેસ થયા, ૫૪ બળાત્કારના કેસ થયા, અને ૧૭૯ અપમૃત્યુના કેસ થયા, આ કેસોના ગુનેગારો પકડાયા? અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી ચૂંટણી પ્રચારમાં નીકળ્યા હતા ત્યારે પ્રજાને વચન એવું આપ્યું હતું કે, તમે મારા માટે એક દિવસ જાગો, હું તમારા માટે પાંચ વર્ષ જાગીશ પણ આજે માનનીય મુખ્ય મંત્રીશ્રી રહે છે એની આજુબાજુ ૫૦ મીટરની અંદર ચોરીઓ થઈ છે, લૂંટ થઈ છે અને એનાથી વિશેષ આજુબાજુ ખુલ્લેઆમ અમદાવાદ હોય, ગાંધીનગર હોય, મણીનગર હોય, સરખેજ હોય ત્યાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે અને આ દારૂ વેચનારા અને પીનારા લોકોને કારણે આજુબાજુની પ્રજા સૂઈ શકતી નથી, આજે પાંચ કરોડ ગુજરાતની જનતા જાગે છે અને વહીવટી તંત્ર અને માનનીય મંત્રીશ્રીઓ વાતો કરીને સૂઈ ગયા છે અને એનો હિસાબ આવનારા દિવસોમાં આ સરકારે આપવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક વાત કરવી છે કે આ રાજયમાં જે ગુનેગારોને રાજયાશ્રય આપવામાં આવે છે, અત્યાર સુધી કયાંય સાંભળ્યું ન હતું કે જેલોમાં ખંડણી ઉઘરાતી હોય, ગુજરાતમાં જે નામચીન જેલો કહેવાય, એ નામચીન જેલોમાં ગુનેગારો દરબાર ભરે છે, અને આ ગુનેગારો છે એમને માગ્યા મુજબ કોઈના હાથ ભીના કરે એટલે માગ્યા મુજબ જેલોની ટ્રાન્સફરો મળે છે અને ક્યાંક કયાંક એકાદ પ્રસંગમાં બતાવવું હોય કે ઝાંબાઝ અધિકારીઓએ આ સાબરમતી જેલમાં દરોડો પાડી આ ખંડણી વસૂલ કરનારા અમુક લોકોને પકડ્યા અને આ નૅટવર્ક છે એટલા વખતમાં દરેક જેલોમાં એ ચાલ્યું આવ્યું છે એ બધાને ખ્યાલમાં છે અને જે નામચીન કેદીઓ છે, જે ઓર્ગેનાઈઝ ક્રાઇમ ચલાવે છે એ ઓર્ગેનાઈઝ ક્રાઈમ ચલાવનારા તમામ લોકો છે એ એની જે નજીકની જેલ હોય એમાં જ એને જેલમાં વ્યવસ્થા કરી આપવામાં આવે છે, માનનીય અધ્યક્ષશ્રી, કયાંય સાંભળ્યું નહીં હોય કે જે કેદીઓ છે, એમાંય જે નામચીન કેદીઓ છે એ મહિનો, બે મહિના, ચાર મહિના, છ મહિના, એક એક વર્ષ સુધી દવાખાનામાં રહ્યા હોય અને દવાખાનામાં રહીને એ પોતાનો તમામ કારોબાર ચલાવતા હોય, આ બધું જ ચાલે છે. ગુનેગારો હોય એને જેલ ટ્રાન્સફરના, દવાખાનામાં રહેવાના, પેરોલના એ બધા ભાવ નક્કી કરેલા છે અને એના કારણે જે આખું ગુનેગારોનું નૅટવર્ક છે એ રાજયાશ્રય હેઠળ વ્યવસ્થિત ચાલે છે અને ક્યારેક આ બધું ઢાંકવું હોય એટલે નવા, નવા, નવા, નવા તુક્કાઓ લઈને રાજય સરકાર આવે છે અને એમ કહે કે અમારી એન્ટી ટેરરિસ્ટ સ્કવૉર્ડે આ જગ્યાએ જઈ અને આટલા ત્રાસવાદીઓના ઢીમ ઢાળી દીધા, માનનીય અધ્યક્ષશ્રી, મારે તો માનનીય ગૃહ મંત્રીશ્રીએ આ ગૃહમાં ગયા અઠવાડિયે જે જવાબ આપ્યો છે એની વાત કરવી છે, બહુ સારી વાત છે અને કદાચ સાચી વાત કરી હશે કે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં એક જ ત્રાસવાદી બનાવ બન્યો છે અને આ ગૃહના રેકર્ડ ઉપર એમણે કહ્યું છે અને આખા દેશમાં ૨૦૦૨થી ૫૪૬ ત્રાસવાદી હુમલાઓ થયા અને એમાંય ગુજરાતમાં જે એક જ હુમલો થયો અને એમ કહ્યું કે એ અક્ષરધામમાં થયો છે, સાચી વાત છે કે અક્ષરધામમાં હુમલો થયો હતો અને આ સરકારે જ એમ કહ્યું છે, કોર્ટની અંદર કેસો એવા કર્યા છે કે સાબરમતી ટ્રેનનો જે

એસ-૬ ડબો સળગાવ્યો એ ટેરરિસ્ટ એકટીવીટી હતી. સરકારે કેસ કર્યો છે, પોટા હેઠળ કેસ કર્યા છે અને એમ કહ્યું કે આ આઈ.એસ.આઈ.ની મદદથી થયેલ છે. પણ ગૃહ મંત્રીએ અહીંયા કહ્યું છે. (અંતરાય) આપ ગૃહમાં બોલ્યા છો, તમે મને જવાબ આપ્યો છે એમાં કહ્યું છે કે, ટેરેરીસ્ટ એકટીવિટી ન હતી. મારે તમને જ પૂછવું છે. એના પછી બીજો કેસ બન્યો ત્યારે કદાચ આપ સાચું બોલ્યા હશો તો મને ખબર નથી. માનનીય હરેન પંડયા હત્યા કેસ થયો એમાં પણ પોટો લગાવાયો. એમ કહ્યું કે, આમાં પણ આઈ.એસ.આઈ.ની લિંક હતી. કોણે ભગાડી દીધા મુફતી સૂફયાને? કઈ ગૅન્ગ હતી? કઈ ગૅન્ગ સૌરાષ્ટ્રની સંડોવાયેલ હતી મારે એમાં પડવું નથી. મને શરમ આવે છે કે આપના સૌનો સાથી મિત્ર હતો અને આપ અહીંયા એમ કહો કે હરેન પંડયા હત્યા કેસ ટેરેરીસ્ટ એકટીવિટી ન હતી. મારે આપને જ પૂછવું છે કે, ૨૦૦૨ પછીની જ ઘટના છે એનો આ ગૃહમાં જ તમે જવાબ આપ્યો છે અને કદાચ આપનો ઈરાદો શું હતો, કોને સંડોવવાનો અને કોને મુક્ત કરવાનો એ મારે કહેવું નથી. પણ તમે જ ગૃહમાં જવાબ આપ્યો છે. (અંતરાય) હું સાંભળવા બેસીશ. મારી વિનંતી છે કે, હરેન પંડ્યાના પરિવારના સભ્યોને પણ આપ સાંભળજો તો ક્યારેક કોઈની આંતરડી ખુશ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ખૂન અને હત્યાનું રાજકારણ છે એ કયારેય કોઈને ન્યાય અપાવી શકતું નથી. આ જગ્યાએ બેસીને આ સરકારને સમય આવ્યે મેં બિરદાવી પણ છે. ૧૯૯૫ થી ૨૦૦૦ પોરબંદરમાં પોલીસ અધિકારી આવ્યા ત્યારે અહીંયા મંત્રી હતા એમણે જે તે વખતે પોરબંદરમાં અધિકારી મૂક્યા કદાચ મુખ્ય મંત્રી શ્રી બદલાયા હશે પણ એ વખતે જે કામ કર્યું ૧૯૯૫-૨૦૦૦માં એના માટે પોરબંદરની પ્રજા આજે પણ એ અધિકારીઓને આશીર્વાદ આપે છે અને એને કારણે જ પોરબંદરમાં ભારતીય જનતા પાર્ટી મજબૂત થઈ હતી. પણ એના પછી જે રાજ્યાશ્રય આપવામાં આવ્યો, અધિકારીઓ કહ્યાગરા આપે મોકલ્યા અને માણસનું મનોબળ તોડી નાંખવામાં આવ્યું અને ગુંડાઓનું મનોબળ વધારવામાં આવ્યું એના કારણે પોરબંદરમાં હત્યાનું રાજકારણ ફરી પાછું શરૂ થયું છે. મેં માનનીય મુખ્ય મંત્રીશ્રીને કહ્યું હતું, માનનીય રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રીને પણ કહ્યું હતું કે જ્યારે સમય આવ્યો છે ત્યારે કોઈ અધિકારીએ સારી કામગીરી કરી હોય તો મેં હંમેશા એના વખાણ કર્યા છે. તમે એમ માનતા હોય કે આ હત્યાના રાજકારણથી સત્તા ઉપર આવી શકાય છે તો દીવાલ ઉપર લખેલા અક્ષર વાંચી લો કે જેણે આ રાજકારણ શરૂ કર્યું છે એનો અંત પણ એ રીતે આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયતની ચૂંટણીઓ થઈ જિલ્લા પંચાયતની ચૂંટણી વખતે જે દિવસે જાહેરાત થઈ એજ દિવસે પોરબંદરના એક મજબૂત અધિકારીની બદલી કરવામાં આવી. એના પછી ચૂંટણી જીત્યા, મેં કહ્યું હવે તમે ચૂંટણી જીતી ગયા છો અને હવે જો સારા અધિકારી નહીં મૂકો તો તમારે જ બધા લોકોને પસ્તાવાનો વારો આવશે અને મારા જેવા લોકોને ક્યારેક રડવાનો વારો આવશે. થયું એવું એના પછી હત્યાનું રાજકારણ થયું, મારા સાથીની હત્યા થઈ, મેં તો રડી લીધું પણ આ લોકોને પસ્તાવો નથી થયો. મારે કહેવું છે બધાને તમે ગોરધનભાઈને ભલે રડાવ્યા હોય પણ આવનારા દિવસોમાં તમારે રડવાનો વારો આવવાનો છે. ગોરધનભાઈ જેવા મજબૂત માણસ શા માટે રડયો હશે ડરને કારણે? આ સફોગેશન છે, જે તંત્રનો દુરુપયોગ થયો છે એની વાત છે. મારે પોરબંદરની વાત નીકળી છે તો કહેવું છે વિરપ્પન નામના ગુનેગારે ચાર રાજયોમાં ૪૦૦ કરોડના લાકડા ચોર્યા હતા અને ચાર રાજયોની સરકારોએ એને પકડવા માટે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. પોરબંદરમાં અમારે ત્યાં એક લાઈમ સ્ટોન ચોર એવો છે કે, જે રાજ્યાશ્રય સાથે ત્યાં હજુ રહે છે અત્યારે પણ એને પકડી શકાતો નથી. આ એક જ ગુનેગારે ૫૦૦ કરોડ રૂપિયાના લાઈમ સ્ટોનની ચોરી કરી છે. આ લાઈમ સ્ટોન માફિયા સામે એક કંપનીએ ફરિયાદ કરી, એફ.આઈ.આર.માં નામ નોંધાયા પણ આજની તારીખમાં એને પકડી શકાયો નથી. આ વિરપ્પન છે એ રાજ્યાશ્રયથી ઊભા થાય છે. કારણ કે આવા લોકોનો ઉપયોગ કોઈકનું મોઢું દબાવવા માટે, કોઈકનું ગળું દબાવવા માટે, કોઈકને રાજકીય દબાણ કરવા માટે ભૂતકાળમાં અને આજે પણ થાય છે. અને આનો અંત તો જરૂર આવવાનો પણ સમાજને વેર વિખેર કરી નાખવાના છે.

મારે અમદાવાદની વાત કરવી છે. અમદાવાદની અંદર એક વર્ક પ્રોપર્ટીની જમીન લેવાઈ. તો વર્ક પ્રોપર્ટીની જમીન ગમે તેમ કરીને ૯ હજાર ચોરસ મીટર શાહીબાગની બાજુમાં બિપીન સોની નામના એક બિલ્ડરે લીધી. તે લીધા પછી કોઈએ કોર્ટની અંદર જઈ તે જમીનની સામે વાંધો રજૂ કર્યો. પછી જે વાંધો રજૂ કરનાર લોકો હતા તેમની સાથે પેલા બિલ્ડરે ચર્ચા કરી. ટેલિફોનમાં રેકૉર્ડ કરાવ્યું અને પછી Anti-Terrorist Squad પાસે જઈ અને ફરિયાદ કરી કે અમારી પાસે ખંડણી મંગાય છે. હકીકત એ હતી કે કાયદા મુજબ તેને સીટી સિવિલ કોર્ટની અંદર દાવો કરેલો હતો અને તેમાં સ્ટે આપેલો હતો અને આ બહાદુર Anti-Terrorist Squad જઈ આ ચાર જેણે વાંધો રજૂ કર્યો હતો તેને પકડ્યા અને ખંડણીના નામે, ખંડણી ઉઘરાવે છે તેને નામે તેને પકડી અને જેલમાં ધકેલી દીધા. પણ કોર્ટ હજુ જીવે છે. એટલે હાઈકોર્ટે આ એફ.આઈ.આર.ઉપર સ્ટે આપ્યો કે આ તો સિવિલ પ્રકારનો દાવો છે. તેની અંદર Anti-Terrorist Squad કયાંથી આવી? મેં આ વાત હજુ એક અઠવાડિયા પહેલાં કરી. તો Anti-Terrorist Squadનાં અધિકારીએ મને કાગળ લખીને મોકલ્યો કે તમે આ અધિકારીનું નામ

આપો. મારી સ્પીચ જે અધિકારીઓ હોય તે લઈ લે, મને કોઈ વાંધો નથી અને તેના ઉપરથી જે ગુન્હો બનતો હોય તે બનાવે પણ આ ઘટનાઓ એવી બને કે કોઈ નાનું માછલું પકડીને મગરમચ્છ દેખાડવાની કોશિશ થાય છે.

તા.૨૨ નવેમ્બર, ૨૦૦૫ના રોજ એક સોહરાબુદ્દીન અને કૌશરબિન આ સોહરાબુદ્દીન એક નાનકડો ગુન્હેગાર હતો બીજા રાજયમાં અને આપણાં રાજયમાં કદાચ આવતો હશે. તે હૈદરાબાદથી બેલગામ જવાની બસમાં બેઠો અને તેને સાંગલી પાસે આંતરી અને એવી ઓળખાણ આપવામાં આવી કે અમે Anti-Terrorist Squad ગુજરાત અને રાજસ્થાનના અધિકારીઓ છીએ. એટલે ૨૯, ૩૦ અને ૩૧ નંબરમાં જે પેસેન્જરો બેઠા હતા તેને ઉઠાવી ગયા. ૨૬મી તારીખે એક બનાવ બન્યો અને છાપામાં Anti-Terrorist Squad એવી જાહેરાત કરી કે સોહરાબુદ્દીન નામનો માણસ આવ્યો હતો તે એલ.ઈ.ટી.નો ટેરરીસ્ટ હતો, આતંકવાદી હતો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનું મર્ડર કરવા આવેલો હતો. વિશાલાની બાજુમાં છે ત્યાં તેનું એન્કાઉન્ટર કરી નાંખવામાં આવ્યું. તેમની સાથે સાથે બીજા પેસેન્જર પણ હતા પણ વાત આપણે તો ગુજરાતની પ્રજાને આવા બહાદુર પોલિસ ઓફિસરો છે આવું કામ કરે છે તે બતાવવા માટે આપણે કહી દીધું અને પછી આ સોહરાબુદ્દીનના ભાઈ સુપ્રીમ કોર્ટમાં ગયા. સુપ્રીમ કોર્ટમાં આપણે પોલીસ તપાસ કરવાનું કહ્યું અને એક બહાદુર બહેન પોલીસ ઑફિસર હતા તેણે જે આખો રિપોર્ટ આપ્યો તે આંખો ખોલી નાંખનારો છે. તે તપાસમાં એવું આવ્યું કે આ બસમાં ઉઠાવવાની ઘ ટના છે તે તો ત્યાં બની હતી પણ હકીકત એ બની હતી કે આપણી Anti-Terrorist Squad પોતે પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવાને બદલે ગુન્હો જાતે જ નોંધી લીધો અને તેમ કહ્યું કે સુરતથી ટ્રેનમાં આવતો હતો અને અમે તેને પકડ્યો અને ભાગવા ગયો મોટર સાઈકલની અંદર અને મારી નાંખ્યો. હકીકત એ હતી કે ૨૯, ૩૦ અને ૩૧ નંબર ઉપર જે બેઠા હતા તેમાં સોહરાબુદ્દીન તેની પત્ની કૌશરબીન હતી અને બીજો એક નાનો ગુન્હેગાર તુલસીરામ. આ ત્રણેયને પકડી લેવામાં આવ્યા અને તેને તેમાંથી પતિ- પત્ની બે હતાં તેને ગાંધીનગરની બાજુની એક ફાર્મ હાઉસમાં લાવવામાં આવ્યા અને ત્યાંથી કોઈનું મોટર સાઈકલ લઈ આવી તે મોટર સાઈકલ મૂકીને ત્યાં તેનું ઢીમ ઢાળી દેવામાં આવ્યું. કૌશરબીન નામની જે બહેન હતી તેને ત્યાં બીજી જગ્યાએ જઈને મારી નાંખવામાં આવી અને બારમા મહિનાની અંદર આ જે તુલસીરામ આઈ વીટનેશ હતો તેને પણ મારી નાખવામાં આવ્યો. (અંતરાય ) અરે, કોઈકની બહેન હશે અશોકભાઈ, તેણે કોઈ ગુન્હો નહોતો કર્યો, કાલે તો તમને પણ આના નામે મારી નાંખશે અને મને પણ મારી નાંખશે. આ બધી બાબતો છે તે આંખ ખોલી નાખે છે કે Anti-Terrorist Squad છે તેણે અત્યાર સુધીમાં કેટલા એન્કાઉન્ટર આવી રીતે કર્યા. ગયે વખતે એક દયા નાયક નામના જે ઓફિસર હતા, જે આ એન્ટી ટેરેરીસ્ટ સ્કવોર્ડ માટેનો નકલી માલ મોકલતા હતા. અસલી હોય તો વાંધો નહીં. લતીફ જેવાનું એન્કાઉન્ટર થાય તો એનો વાંધો નથી, પણ નકલી માલ મોકલતા હતા. રફીક નામનો ભાવનગરનો મજૂર દયા નાયકે અહીં મોકલ્યો. એનું ઢીમ ઢાળી દીધું. પછી કહેવામાં આવ્યું કે મુખ્યમંત્રીને મારવા આવેલો અને આઈ.એસ.આઈ.નો એજન્ટ હતો. દર મહિને આ એ.ટી.એસ. છે એ આવો નકલી માલ લઈ આવીને એનું ઢીમ ઢાળી દે છે. ટેરેરીસ્ટ એકટીવીટી, રાજય કક્ષાના મંત્રીશ્રી એમ કહે છે કે અમારે ત્યાં તો એક જ બની છે. તો ૧૨, ૧૫, ૨૦ લોકોનું ઢીમ ઢાળી દીધું એ કયાંથી લાવ્યા? એમાંયે હું કહું છું કે ત્રાસવાદીઓના એન્કાઉન્ટર થાય એનો વાંધો નથી. પરંતુ અમારા ઝાંબાઝ મુખ્યમંત્રી ત્રાસવાદીઓનું નિશાન છે, અમારી ઝાંબાઝ પોલીસ ત્રાસવાદીઓનું નિશાન છે, અરે, તમારા મુખ્યમંત્રી એ ત્રાસવાદીઓનું નહીં, ગુજરાતની પ્રજાનું નિશાન છે અને આવતી ચુંટણીઓમાં એ નિશાન પ્રજા પાર પાડી દેવાની છે, એટલે કોઈ ચિંતા કરતા નહીં. (સતત અંતરાય) અહીંયા આ પ્રકારની પ્રવૃત્તિઓ ગુજરાતની અંદર ચાલે છે. કોને ફીટ કરી દેવા, કોને છોડી દેવા.

મારા ઉપર પણ જિલ્લા પંચાયતની ચુંટણીઓ વખતે છત્રસિંહ મોરીને ઘરે ગયો. હું તો કેમેરામેનને સાથે લઈને ગયેલો અને આખી ઘટનાની સી.ડી. ઉતારી છે. મારા ઉપર આરોપ મૂકાયો કે અર્જુનભાઈએ ૫ હજાર રૂપિયાની લૂંટ કરી. ગેરકાયદેસર ગૃહપ્રવેશ કર્યો. તોડફોડ કરી. તો પકડી લો ને. એને એક વર્ષ થવા આવ્યું. તમારી પોલીસ તો છે જ. હું તો હમણા જ બહાર નીકળવાનો છું. પકડી લો. અમારા ભરતભાઈ ઉપર પણ ફરિયાદ કરવામાં આવી. આ બધું થઈ શકે. ૫ હજાર રૂપિયાની લૂંટ. માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૧નો ગુનો પણ મારા ઉપર લાગ્યો નથી. રાજકીય પ્રવૃત્તિમાં પણ ૧૫૧ થયેલ નથી. મારા નામે ૫ હજાર રૂપિયાની લૂંટ થઈ ગઈ. પછી બધા લોકોને દબાણ કર્યુ કે સ્ટેટમેન્ટ આપો, પણ કોઈ સ્ટેટમેન્ટ આપવા તૈયાર નથી. એક કોન્સ્ટેબલની બદલી કરી નાંખવામાં આવી, સ્ટેટમેન્ટ ન આપ્યુ એટલે. રાજ આ રીતે ચાલતુ નથી. રાજ તો ન્યાયથી ચાલે છે. આ ખુરશી ઉપર બેઠા હોઈએ તો ન્યાયથી ચાલવું જોઈએ. પણ, રાજકીય રીતે સામેના માણસને કેવી રીતે દબાવવો. સરકારનું સારું લગાડવા માટે ધારાસભ્ય પાસે ડી.એસ.પી.ને મોકલીને પ્રશ્નપત્રમાં સહી કરાવવી, ગુજરાતની અંદર જ નહીં, ભારતના ઈતિહાસમાં આવું બન્યું નથી. છતાં કહે છે કે અમે સારા, અમારી પોલીસ સારી, બધું જ સારું.

માનનીય અધ્યક્ષશ્રી, એન્ટી ટેરેરીસ્ટ સ્કવોર્ડના જે અધિકારી છે એણે પોરબંદરથી મમુમીયાં પંજુમીયાં સાથે ટેલિફોન ઉપર વાત કરી હતી. અને ગુજરાતના એક સિનિયર પ્રતિષ્ઠિત અધિકારીને બદનામ કરવા માટે એમની વાતચીત રેકોર્ડ કરી પ્રજાની વચ્ચે લીક કરવામાં આવી. એના બદલામાં એને એ.ટી.એસ.નું પ્રાઈમ પોસ્ટીંગ કરવામાં આવ્યું. એ અધિકારીએ મને પણ કહ્યું હતું કે તમને જોઈ લઈશ. જોઈ લેવાવાળા તો પોરબંદરમાં ઘણા છે. ડરી જઈએ એવા માણસ અમે નથી. ગોળીઓથી પણ ડરીએ એવા માણસ અમે નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીની સલામતિ રહેવી જોઈએ, હું એમ કહું છું કે ગૃહમંત્રીની સલામતિ પણ રહેવી જોઈએ. સલામતિ ગમે તેટલી આપે. એનો વાંધો નથી. પરંતુ સલામતિના અધિકારી એ ગોરધનભાઈ ઝડફિયા છે, અર્જુન મોઢવાડિયા છે, ગુજરાતની ૫ કરોડની જનતા પણ છે. એને ડરાવીને રાજ નહીં થઈ શકે.(અંતરાય) રમીલાબેન તો મહિલા છે, વીરાંગના છે, એમણે મને કહ્યું છે કે હું કોઈથી ડરવાવાળી નથી. જીવતી રહીશ તો બધાને બતાવી દઈશ. (અંતરાય) ગુજરાતમાં આ ઘટનાઓ શું કામ આકાર લે છે? મને નિષ્ઠાવાન પોલીસ અધિકારીઓ મળે છે, એ કહે છે કે સાહેબ, ગુજરાતમાં કેટલા ગુના ડીટેકટ કર્યા, કેટલા ગુનેગારોને નશ્યત કરી, કેટલાને જેલમાં મોકલ્યા એના આધારે સી.આર.નકકી થતા નથી, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રીના કાર્યક્રમમાં વ્યવસ્થા કેવી રીતે કરી, કેટલા લોકોને લાવ્યા, એના ઉપર એના સી.આર.થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે રેકર્ડ છે કે આણંદના કલેકટરે નર્મદાના હાઈડ્રો પાવરનું ઉદ્‌ઘાટન કરવાનું હતું ત્યારે સાડાચાર હજારનો કવોટા લઈ આવવાની અધિકારીઓને સરકયુલર કરીને જવાબદારી સોંપી હતી. જો આ જ અધિકારીઓ પાસેથી કામ લેવાનું હોય તો ગુજરાતની હાલત કેવી થવાની અને આપના લોકોની હાલત કેવી થવાની એ મને ખબર છે. ચૂંટણીઓ આવશે ત્યારે કાર્યકરો ટોળાં લઈ આવશે, અધિકારીઓ લઈ આવવાના નથી અને એટલા માટે આ જે પોલીસ તંત્રનો દૂરુપયોગ ગુજરાતમાં થાય છે એની તો હદ કરી નાંખી છે. કોઈપણ સારો માણસ હોય ત્યાં જી.ઈ.બી.ના દરોડા પડાવવાના, પોલીસ મોકલીને, ધમકી આપીને ખુલ્લા પાડી નાંખવાની સૂચના આપવી એ બધી જ કાર્યવાહી થાય છે અને બધાએ યાદ રાખવાનું છે કે એમાં કદાચ હું પણ આવી જાઉં છું કે આ ખુરશી એ 'યાવદ્‌ચંદ્ર દિવાકરૌ' સુધી કોઈ આ ખુરશી ઉપર બેસી શકવાના નથી અને એટલા માટે જે લોકો ગયા છે એ બહાર સ્વમાનભેર રહે છે એમાં સ્વ. શ્રી અમરસિંહ ચૌધરી, માનનીય શ્રી કેશુભાઈ પટેલ, શ્રી માધવસિંહ સોલંકી અને શ્રી સુરેશભાઈ મહેતા એ આજે સ્વમાનભેર રહયા છે અને તમારી હાલત કેવી થવાની એ તમારે નકકી કરવાનું છે અને એટલા માટે હું કહું છું કે "યાવદ્‌ચંદ્ર દિવાકરૌ" કોઈ નથી. એના માટે તમારે બધાએ તૈયારી રાખવાની છે કે જેલ સુધારણા કાર્યક્રમમાં વી.આઈ.પી. જેલો તૈયાર થઈ જાય, નહીંતર સાબરમતી અને પોરબંદરની જેલોમાં મવાલીઓ ભેગા બેસવાનો વારો આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ તંત્ર કેવી રીતે કામ કરે છે કે પંચની પાસે જુબાની લેવાની હોય, આપવાની હોય, કોર્ટમાં જુબાની આપવાની હોય તો અધિકારીઓને ટયુટર કરાય કે ખોટું કેવી રીતે બોલવું, પંચની સામે ઓન ઓથ કેવી રીતે ખોટું બોલવું એના માટે ટયુટર કરાય અને એમ કહેવાય કે અમારા ઉપર ઉપરથી સૂચનાઓ છે. કાઈના ઉપર કેસ થાય અને એમ કહીએ કે શું કામ આમ કરો છો આ તો લૂંટનો કેસ ના બની શકે તો કહે કે ઉપરથી સૂચના આપી છે તો આ રામ રાજય છે કે રાવણ રાજય છે એનો જવાબ તમારે પ્રજાને આપવાનો છે. ગુજરાતમાં જે સ્થિતિ અત્યારે નિર્માણ થઈ છે એ સ્પષ્ટપણે અસલામતીની સ્થિતિ છે. મારે સામે બેઠેલા બધા મિત્રો પાસેથી તેમની છાતી ઉપર હાથ મૂકીને એટલા માટે જવાબ માગવો છે કે આપનામાં મુખ્યમંત્રીશ્રી પાસે આ પ્રકારની વાત કરવાની હિંમત તમે દર્શાવી શકો છો ખરા અને જો દર્શાવી શકતા હોય તો મુખ્યમંત્રીશ્રી આપની વાત સાંભળવા તૈયાર છે? અને જો આવી જ તૈયારી હોય તો તો જાહેરમાં તમારા પક્ષના સભ્યો છે તેમણે પણ આ વાત ઉચ્ચારવી ના પડે. મુખ્યમંત્રીશ્રી સામે કોઈ આંગળી ચિંધી શકતું નથી એટલા માટે મારે કહેવું છે કે ગૃહ ખાતુ હજુપણ ૬ થી ૮ મહિના બાકી છે તો સુધરો, અને પ્રજાને આ સામા પક્ષના લોકોને એમના પક્ષના લોકોને દિલમાં એવું થાય કે અમને પણ ન્યાયની પ્રતિતિ થવાની છે અમને પણ ન્યાય મળવાનો છે. દરેક ચૂંટણી આવે અને મીયાં મુશરફના નામે ચાલ્યું હતું અને બુશ અને મારી મુહીમ એક છે એમ ચાલ્યું હતું અને આ વખતે મીયાં મુશરફ નહીં આવે, બુશ નહીં આવે, પરંતુ તમારી મદદે મહમંદ અલી ઝીણા જરૂર આવશે કારણ કે તમારા કોઈ આગેવાન સાથે કદાચ જે હોય એ મને ખબર નથી, પરંતુ એ જરૂર આવશે આ વખતે એટલે આપ બધા ગયા વખતે બોલતા હતા એ આ વખતે બોલવાનું ના થાય અને દર વખતે કોમી હુલ્લડો થઈ શકતાં નથી અને કોમી હુલ્લડને નામે મત માંગી શકાતા નથી એટલે એ સમય પણ પૂરો થઈ ગયો છે

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપશ્રી મારફતે મારા સાથી મિત્રોને એટલું જ કહેવું છે કે જે ડી.એસ.પી. અને જે અધિકારી મૂકાય છે એને માત્રને માત્ર એની અસરકારકતા જોઈ હોય તો આજે ગુજરાતની આ હાલત થઈ ના હોત અને એટલા માટે કે આવનાર દિવસોમાં ગુજરાતમાં જે પ્રકારે આ ઘટનાઓ આકાર લઈ રહી છે એ ગુજરાતને બિહાર બનાવવાની દિશામાં આ સરકાર જઈ રહી છે એટલે ગૃહ ખાતુ સંપૂર્ણપણે નિષ્ફળ ગયું છે એટલે મારી તો વિનંતી છે કે આ ગૃહ ખાતું મુખ્યમંત્રીશ્રી પોતે પણ એ છોડી દે અને પોતાના કોઈ કાર્યક્ષમ સાથી મિત્રને શોધીને એમને એ ખાતું આપે અને પ્રજાને સલામતીનો અહેસાસ કરાવે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક એસ.ટી. અને બંદરો અંગે બે મિનિટ વાત કરવી છે કે એસ.ટી. ગુજરાતમાં એટલા માટે શરૂ થઈ હતી ગુજરાતનાં ગામડાંની પ્રજા માટે જયાં પરિવહનનું એકપણ વાહન નહોતું અને આજે તો લાંબા રૂટની બસો શરૂ કરીને ગામડાંના ૫ હજાર રૂટો કાપી નાખ્યા છે. આ કઈ જાતની એસ.ટી. સેવા છે? કોની સેવા કરવા માગો છો? મોટા બસ ઓપરેટરોની કે પછી ગામડાંના લોકોની? આ રૂટ ચાલુ થાય તે ખૂબ જ જરૂરી છે. એમણે બંદરો માટે એમ કહ્યું કે ૧૩ હજાર કરોડના એમ.ઓ.યુ. કર્યા છે. પાંચ વર્ષ ગયા તમે કામ શું કર્યુ કે શું નથી કર્યુ તે મારે નથી પૂછવું, પણ ૯ કરોડ મેટ્રીક ટનનો ટ્રાફિક હતો આ સરકાર આવી ત્યારે, અને હવે ૧૨ કરોડ મેટ્રીક ટન થયો, બે કરોડ ૫૦ લાખ ટનનો વધારો થયો, મને મારા સાથી મિત્રોએ કહ્યું કે આ માત્ર રિલાયન્સની કેપેસિટી વધી તેના કારણે થયો છે, બાકી એક પણ ટનનો વધારે બંદરોની કેપેસિટીમાં કર્યો નથી. પાંચ વર્ષમાં કેટલું કર્યુ તે તો બતાવો, છેલ્લા વર્ષોમાં તો તમારે કોથળા ને કોથળા ભરીને વચનો આપવા પડશે. એટલા માટે કે પછી એમાં અમે આ કરવાના છીએ એમ કહેવું પડે છે. પણ કર્યુ તો કંઈ નથી, તમારા રેકોર્ડમાં છે. (અંતરાય) આ નગરપાલિકા નથી, આ સાઈનિંગ ઈન્ડિયા પાછું આવવાનું છે માનનીય આઈ.કે., ધ્રાંગધ્રામાં ધ્યાન રાખવાનું છે. મત વિસ્તાર બદલતા નહીં, આ આગલી હરોળમાં બેઠા છે તે મોટા ભાગના મત વિસ્તાર બદલવામાં હોંશિયાર છે, મત વિસ્તાર બદલીને માંડલ અને માંડલથી પાટણ અને પછી પાટણથી અમદાવાદ ન કરતાં, હું તો તમારી ચિંતા કરું છું. એટલે આ પ્રજા તો તૈયાર બેઠી છે, તેના મત વિસ્તારના લોકો તો એમને ઓળખી ગયા છે. અને એટલા માટે જે પરિસ્થિતિ ગુજરાતની આ ક્ષેત્રમાં થઈ છે તેના માટે આ રાજય સરકારનું ગૃહ ખાતું છે તે લોકોના જીવન સાથે જોડાયેલું ખાતું છે, તેની અંદર મંદિરો સલામત નથી, ભગવાન સલામત નથી, માણસ સલામત નથી, અને લોક પ્રતિનિધિ પણ સલામત નથી, અને પૂર્વ મુખ્ય મંત્રી માનનીય કેશુભાઈએ સાચું જ કહ્યું હતું કે ગુજરાતમાં મીની ઈમરજન્સી ચાલી રહી છે. એટલા માટે હું આ માગણીઓ સાથે સંમત થઈ શકતો નથી.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગૃહ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૪૩, ૪૪, ૪૬ અને ૪૭ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેના સમર્થનમાં મારી વાત રજૂ કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આજે ૧૨મી માર્ચે ધોરણ દસ અને બાર ની પરીક્ષા દસેક લાખ વિદ્યાર્થીઓ આપનારા છે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ પરીક્ષાર્થીઓ માટે ઉત્તમ વ્યવસ્થા પૂરી પાડી છે તે બદલ અને સૌ સરસ્વતીના સાધકોને આ સન્માનનીય ગૃહ દ્વારા સફળતા માટે હું શુભેચ્છા વ્યક્ત કરું છું. આજ દાંડી યાત્રાને ૭૭ વર્ષ પુરા થયા. માનનીય અર્જુનભાઈ મોઢવાડિયા પોરબંદરથી આવે છે. પોતે કોંગ્રેસ પક્ષના આગેવાન છે, મને એવું હતું કે આજે ક્યાંક એ મહાત્મા ગાંધીજીને યાદ કરીને, ક્યાંક એમના જન્મ સ્થાને પોરબંદરમાં અથવા ક્યાંક આ રાજયના પાટનગર ગાંધીનગર જે એન.યુ.આર.એમ. માં સમાવેશ નથી કર્યો, ક્યાંક એવી સરસ વાત કરશે. પણ આજની એમની આખી વાતમાં કયાંય આત્મવિશ્વાસ જણાતો નહોતો. ભૂતકાળના આ સભાગૃહના અનેક પ્રોસિડિંગ્ઝ મેં જોયા છે, અને તે પ્રોસિડિંગ્ઝમાં રાજયની ગૃહ વિભાગની ચર્ચા જ્યારે હોય ત્યારે આ સભાગૃહમાં બદલીઓમાં થતા ભ્રષ્ટાચારની વાતો હોય, તે વખતના દિવસોના હપતા રાજની ચર્ચા હોય, માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઈ એક પણ શબ્દ તે અંગે કહી શક્યા નથી, તે આ રાજયસરકારનું ગૃહ વિભાગનું ભ્રષ્ટાચાર વિરોધી શાસનનું ઉત્તમ નમૂનાનું ઉદાહરણ પૂરું પાડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ૨૦૦૨ના ડિસેમ્બરની અંદર પ્રજા જીવનની વિધાનસભાની ચૂંટણીમાં વિજય બન્યા પછી નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો તથા તાલુકા પંચાયતો આવી અનેક ચૂંટણીઓ આવી પણ રાજય સરકારે રાજયની પ્રજાને આપેલી સુરક્ષા, સલામતી અને તેના આધાર ઉપર રાજયનો થયેલ વિકાસ એ અમારા માટે નવી ચૂંટણીનો સફળતાનો મંત્ર બનવાનો છે. નાગરિકોની સેવા અને સુરક્ષા અને પ્રજા પ્રેમ એ અમારો ધ્યેય છે. જ્યાં આ વસ્તુ હોય ત્યાં માણસો વસવાટ અને વ્યવસાય કરે કે જ્યાં એને સલામતી જણાતી હોય, હમણાં

વાયબ્રન્ટ ગુજરાત, ઈન્ફરમેશન ટૅક્નૉલૉજી સમીટ, તથા અર્બન ડેવલપમેન્ટ સમીટ થયા જેમાં ૬ લાખ ૬૦ હજાર કરોડના એમ.ઓ.યું થયા. માણસ નાણાં ત્યાં રોકે કે જ્યાં એને પોતાના નાણાંના વળતરની અપેક્ષા હોય અને જ્યાં નાણાં અંગેની સલામતી મળે. આજે રાજય દ્વારા સલામતી અને સુરક્ષાના વિકાસના કારણે સમગ્ર દેશ ભરના ઉદ્યોગપતિઓ આજે ગુજરાતની અંદર પોતાના ઉદ્યોગ ધંધા કરવા માટે આકર્ષાય છે. મને યાદ છે કે એક જમાનો હતો ૧૯૮૦ થી ૧૯૯૫ની વચ્ચેનો જેમાં મોટા ભાગના સમયમાં કોંગ્રેસની સરકાર આ રાજયમાં રહી હતી. ૨૦૦૨ ની જે દસમાં બારમાંની પરીક્ષા હતી એ પરીક્ષાર્થીઓને પરીક્ષાના કેન્દ્રો ઉપર જતાં રોકવા માટે આ કોંગ્રેસના આગેવાનો કોર્પોરેટરો અને એના કાર્યકર્તાઓ પ્રયાસ કરતા હતા. દરિયાપુરના પોપટીયાવાડની અંદર લતીફનું સામ્રાજ્ય હતું. એ સામ્રાજ્યના જૂના દિવસો માનનીય ફારુકભાઈ યાદ કરું છું. એમના સમયનો લતીફ અને એની ટોળકી ખુલ્લા વાહનોની અંદર એ.કે. ૪૭ લઈને ગીતા ગૌરી સિનેમા પાસે આવેલ રાધિકા જિમખાનામાં એ.કી. ૪૭ રાઇફલમાંથી જાહેરમાં ગોળીબાર કરીને દસ દસ માણસોને ઢાળી દઈને જાહેર રસ્તા ઉપર થઈને પાછા એ પોપટીયાવાડની અંદર પહોંચી જાય આ પરિસ્થિતિ તમારા વખતમાં હતી. દાઉદ ઇબ્રાહીમના દુબઈના ઇશારે લતીફની ગેંગ શાહી બાગમાં આવેલ અગ્રવાલ હોટલ પર અડધી રાતે આવી ગોળીબાર કરીને હોટલમાં જે ઊતર્યા હતા એની કત્લેઆમ કરે અને પોલીસ એને પકડે નહિ. તમારા એક વખતના પૂર્વ મંત્રી મહંમદ સુરતી એને શા માટે વડોદરા જેલના હવાલે કરવામાં આવ્યા હતા. શા માટે પિરઝાદાના ઘરની અંદર બોંબધડાકામાં એમનું મૃત્યું થયું હતું શસ્ત્રોના સોદાગરોને કોંગેસ સરકારે રાજયાશ્રય આપ્યો હતો. હમણાં રસુલ પાર્ટીએ તમારા એક વખતના નાયબ મુખ્યમંત્રીને ત્યાં લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી. આ કોંગ્રેસ વખતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ હતી. રથયાત્રા હોય, દિવાળી હોય, ઉતરાયણ હોય, નવરાત્રી હોય ત્યારે ગુજરાતની પોલીસ ફફડતી હતી. પ્રજા પણ પારેવાની જેમ ફફડતી હતી. માત્રને માત્ર આ રાજકારણના કોંગ્રેસે કરેલા અપરાધીકરણના કારણે. ગુજરાતની સ્થિતિ તે દિવસોમાં અત્યંત ખરાબ થઈ ચૂકી હતી. આજે સમય બદલાયો છે. આજે નવા સ્વરૂપની અંદર ગુજરાતની શાંતિ હણવા માટે પ્રયત્ન કરે છે. ભુજ પાસે થોડા દિવસ પહેલા બે આંતકવાદી આઈ.એસ.આઈ.ના પકડાયા હતા. ગુજરાતના સરહદી સ્થાનો ઉપર મદરેસાઓ વધી ગયા છે. જેનાથી કેન્દ્ર સરકાર પણ ચિંતિત છે. ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો લાંબો દરિયાકાંઠો છે. મુંબઈ અને ગોવાની અંદર ત્રાસવાદીઓ ત્રાટકવાના એંધાણ મળ્યા છે તેવા સંજોગોમાં ગુજરાતનો દરિયાકાંઠો પણ આપણા માટે સાચવવો જરૂરી છે. હમણાં જ માનનીય અર્જુનભાઈ વાત કરતા હતાં કે દયા નાયક નકલી માલ મોકલે અને અહીંયા એનકાઉન્ટર થાય.

માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય ગૃહ મંત્રીશ્રીને વિનંતી કરું છું કે થોડા સમય પહેલાં વટવા અને વીંઝોલમાં જે ચાર આતંકવાદીઓ પકડાયા હતા તેમાંનો હરકત ઉલ મુજાહીદનો કમાન્ડર આઝાન જે જમ્મુ કાશ્મીરની પોલીસ માટે મોસ્ટ વોન્ટેડ હતો એ ઠાર મરાયો. શું આ દયા નાયકે મોકલેલો માલ હતો? બાંગ્લાદેશી ઘૂસણખોરોને અટકાવવા માટે સુપ્રીમ કોર્ટે જે આઈ.એમ.ટી.ટી. એકટ રદ કર્યો એ આઈ.એમ.ટી.ટી. એકટને કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે ભળતા નવા કાયદાથી ફરી એકવાર આ દેશની સરહદો બાંગ્લાદેશી ઘૂસણખોરો, આતંકવાદીઓ માટે ખુલ્લી કરીને આપણાં સૌને માટે ચિંતા ઉભી કરાવી છે. આ બધા જ તત્ત્વો સામે લડવા માટે આ વહીવટી તંત્ર, આ પોલીસ તંત્રનું મોર્ડનાઈઝેશન કરવું પડશે. ૨૦૦૩થી આજ સુધીમાં ૨૭૦ કરોડ અને ચાલુ સાલે ૧૩૫ કરોડ રૂપિયા રાજય સરકારના ગૃહ વિભાગે બજૅટમાં ફાળવીને પોલીસ તંત્રનું આધુનિકરણ કરવા માટેનો પોતાનો દૃઢ નિર્ધાર બનાવ્યો છે. આ વાહનો, કોમ્યુનિકેશનના સાધનો, શસ્ત્રો, કોમ્પ્યુટરાઈઝેશન અને ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીના માધ્યમથી આના આધુનિકરણથી આગામી દિવસોમાં પોલીસ તંત્ર સજાગતાથી કામ કરી શકશે. મારે તો હમણાં અર્જુનભાઈ નીકળી ગયા. તેમને એટલું જ કહેવું છે કે ગુજરાત સરકાર આ પોલીસતંત્રનું આધુનિકરણ એટલા માટે કરવા માગે છે કે અર્જુનભાઈ હોય કે એહમદભાઈ હોય, મહમ્મદ હોય કે મોહન હોય બધાને સલામતીની પૂરતી સુરક્ષા આપવાનો અમારો સંકલ્પ છે. યુ.પી.એ.ની કોંગી સરકાર સુપ્રીમ કોર્ટે જેને ફાંસી આપી છે એવા અફઝલને જીવાડવા માટેની ચિંતા કરે છે. (અંતરાય) ગોવાભાઈ, રાષ્ટ્રપતિએ કૅબિનૅટને રેફરન્સ કર્યો છે. કૅબિનૅટ એ રેફરન્સનો જવાબ આપે એટલે તુરત રાષ્ટ્રપતિ નિર્ણય લઈ શકે. માત્ર રાષ્ટ્રપતિના નામ ઉપર ઢોળીને તમારી લઘુમતી તુષ્ટિકરણની નીતિને ન પંપાળો.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર ગુજરાતમાં પોલીસની ભરતી માટે સજાગ છે. ૩૦૦૦ લોકરક્ષકની ભરતી પૂર્ણ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ૧૦૬૪ લોકરક્ષકની ભરતી પ્રક્રિયા ચાલુ છે અને ૪૨૨૨ ભરતી પત્રકો માટેનું માગણી પત્રક તૈયાર કરવામાં આવ્યું છે. રાજયમાં ૧૮૬ જેટલા પી.એસ.આઈ.ની ભરતી પ્રક્રિયા પ્રગતિમાં છે અને ૧૮૯ પોલીસ સબ ઇન્સ્પેક્ટરના માત્ર ઈન્ટરવ્યુ લેવાવાના બાકી છે. ૩૪ પૈકી ૧૩ આઈ.પી.એસ.ની કેન્દ્ર સરકારે સીધી ફાળવણી કરી છે અને ૨૦૦૭-૦૮માં એ.સી.પી.થી માંડીને કૉન્સ્ટેબલ સુધીની ૨૯૦૩ માટેની દરખાસ્તો તૈયાર કરી છે. આમ ૧૨,૦૦૦ જેટલા પોલીસ દળની ભરતી પ્રક્રિયામાં રાજય સરકાર આગળ વધી રહી છે. પહેલાંનો સમય એવો હતો કે પોલીસ તંત્રમાં શિક્ષણની મર્યાદાના કારણે ભરતી માટે યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા વ્યકિત નહોતા મળતા. આજે આપણને લાયકાતવાળા ઉમેદવારો મળે છે. પણ તેની સાથે સાથે પોલીસ તંત્ર સુદ્રઢ બને, સતર્ક બને અને તેની અંદર ચપળતાવાળા ઉમેદવારોને સમાવી શકાય તેના માટે

રમતગમત, સ્પૉર્ટસ અને યોગની સ્પર્ધામાં જે ફર્સ્ટ, સૅકન્ડ, થર્ડ આવ્યા હોય તેને પ્રાયોરિટી આપવાનું રાજય સરકારે નક્કી કર્યું છે. એન.સી.સી.માં સી સર્ટિફિકેટ લેવાની અગ્રિમતા અને સાથે સાથે કોમ્પ્યુટર સબ્જેકટના નૉલેજને કમ્પલસરી બનાવ્યું છે. પહેલાં ૧૦મા ધોરણ પાસવાળાને લેતા હતા. હવે ૧૨મા ધોરણ પાસવાળાનો આ ભરતીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એસ.આર.પી. માટે ૧૦ ધોરણ પાસની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે. રાજય સરકારના વહીવટ માટે, રાજયની સલામતી અને સુરક્ષા માટે એસ.આર.પી. બટાલિયનો કેવડિયા કૉલોની ખાતે, ઓ.એન.જી.સી. ખાતે, દાહોદ ભૂટોડી ખાતે અને ૨૦૦૭-૦૮માં નવી એસ.આર.પી.ની બટાલિયનની દરખાસ્ત રજૂ કરીને ૬,૦૦૦ કરતાં વધુ કર્મચારીઓ સલામતી માટે એસ.આર.પી. દળની અંદર ઉમેરવા માટેનો નિર્ધાર કર્યો છે. રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ પોલીસ તંત્રના આધુનિકરણ માટે, અને જે રીતે એમાં નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ થયો છે, એ દેશભરની અંદર નહીં પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીનું એક આગવું સ્થાન છે. આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીમાં અત્યાર સુધીમાં ૨૪ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે અને ચાલુ વર્ષે ૧૨ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીની અંદર રાજયના અને રાજયની બહારના ન્યાયાધીશોને પણ તાલીમ આપવાનું કામ આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી કરે છે. ૭ રાજયોના સી.બી.આઈ. એકમ અને ૧૦ રાજયોની પોલીસે પોતાના જુદા જુદા અઘરા કેસોના નિકાલ માટે રાજયની આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીનો ઉપયોગ કર્યો છે. આપણે જાણીએ છીએ કે એક બહુ ચર્ચિત અમર મણિ મધુમતી ખૂન કેસ, નિઠારી હત્યાકેસ કે નોઈડા હત્યા કેસ કે અજમેરમાંથી પકડાયેલો મુજાહીદીન જુથના ત્રાસવાદીનો કેસ આ બધા જ કેસોની અંદર ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ ઇન્વૅસ્ટીગેશનના આધારે ન્યાયતંત્રને મદદરૂપ થવાની ભૂમિકા ભજવી છે. આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી એટલા માટે ઉપયોગી છે કે એમાં નારકો એનાલીસીસ, ઑપરેશન થિયેટર જે વિશ્વકક્ષાનું છે, અહીંયા સાઈકોલોજીકલ પ્રોસ્વોલીંગ 'ડી.એન.એ. ફીંગર પ્રિન્ટીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વોઈસ આઈડેન્ટીફીકેશન લાઈવ ડીટેકટર અને સાઈબર ક્રાઈમ સંબંધિત ગુનાઓની તપાસ માટે ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરી માર્ગદર્શન પૂરું પાડે છે. સૌથી આનંદની વાત તો એ છે કે આ ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીનું ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ કરીને એમ.એસ.સી. ફોરેન્સીક સાયન્સનો પ્રોફેશનલ કોર્સ ચાલુ શૈક્ષણિક વર્ષથી શરૂ કર્યો છે. ફોરેન્સીક સાયન્સ લૅબૉરૅટરીના જુદા જુદા ઈકવીપમેંટ જુદા જુદા ઉપયોગ માટે લેવાય છે એમાં પણ ખાસ કરીને એનું ડી.એન.એ. સીકવન્સર જે વ્યકિતની ઓળખના નમૂનાને ચકાસીને વ્યકિતની ઓળખ માટે મદદરૂપ થાય છે. લાઈ ડીટેકટર તહોમતદારો કે સાક્ષીઓ દ્વારા અપાતા નિવેદનો સાચા છે કે ખોટા તેની ચકાસણી કરી શકે છે. બ્રેઈન ફિંગર પ્રિન્ટીંગ સિસ્ટમ જે વ્યકિતના મગજમાં સંગ્રહાયેલી માહિતી વૈજ્ઞાનિક રીતે બહાર લાવવાનું કામ કરે છે. ઑટોમૅટીક ફિંગર પ્રિન્ટ આઈડેન્ટીફીકેશન સિસ્ટમ એ ૧૬ જિલ્લા અને મુખ્ય ગાંધીનગરની ડેટાબેંક સાથે સાંકળીને ગુનેગારની ઓળખ પૂરી પાડવા માટે દેશનું પ્રથમ રાજય છે.

બેલેસ્ટીક ડેટા ઈકવીલાઈઝેશન સિસ્ટમની મદદથી fire arms, angle of firing વગેરેનું ચોક્કસ આધુનિક પરીક્ષણ કરવા માટે આનો ઉપયોગ છે. રાજયના ૧૪૬ અને રાજય બહારના કુલ ૧૩૬ જેટલા ન્યાયાધિશોને આના માધ્યમથી માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. અમદાવાદ શહેર જે ૫૫ લાખની વસ્તી ધરાવતો વિસ્તાર છે જેમાં ૪૫૦ ચોરસ કિલોમિટરનો આ વિસ્તાર શહેરનો વિકાસ વધતો જાય છે અને વિકસતા વિસ્તારની સાથે ટ્રાફિક, આર્થિક સમસ્યા, સાઈબર ક્રાઈમ અને નાની મોટી ઘરફોડ ચોરી જેવા અનેક ગુનાઓનું પ્રમાણ વધવાનું હોય ત્યારે દરેક પોલીસ સ્ટેશનમાં મોર્ડનાઈઝેશન કરવા માટે ઈગવર્નન્સ જીસ્વાન કનેકટીવીટી, ડેટાબેંક જેવા અનેક સુધારાઓ સાથે મેગાસીટી પોલીસીંગ પ્લાનમાં રાજય સરકારે ચાલુ વર્ષે ૧૦ કરોડની ફાળવણી કરી છે. માનનીય અર્જુનભાઈ પોતાના પ્રવચનમાં ગુજરાત સરકારના સમાજ સુરક્ષા અને કાયદાના સંદર્ભમાં વાત કરતા હતા. રાજયની વસ્તી અગાઉ હતી એના કરતા ૧૦ ટકા વસ્તી વધી છે છતાં પણ એક હમણાં એક નેશનલ ક્રાઈમ સરવે પ્રમાણે એક લાખની વસ્તીદીઠ ભારત સરકારની અંદર ૧૮.૩ ટકા જયારે ગુજરાતની અંદર આ ગુનાનું પ્રમાણ એ ૧૧.૫ ટકા છે. મહારાષ્ટ્ર ૧૮ ટકા, હિમાચલ ૧૮ ટકા, કેરાલા ૨૮ ટકા હરિયણા ૧૮ ટકા જ્યારે ગુજરાત આ બધાની અંદર ગુનાની દૃષ્ટિએ સૌથી પાછળનું રાજય છે. જે ખૂનના ગુનાઓ છે એ ગુના ભારતમાં ૩ ટકા છે અને ગુજરાતમાં માત્ર ૧.૯ ટકા છે. ૩૦૭ની કલમ (અંતરાય) મારા વિસ્તારમાં તમે આવીને જોઈ લો, ગોવાભાઈ. માનનીય અધ્યક્ષશ્રી, ૩૦૭ની કલમ સબબના ગુનામાં દેશમાં ૩ ટકા અને ગુજરાતમાં .૮ ટકા છે. હંગામા અને તોફાનો ૧૯૯૧માં ૩૨૧૪ ગુનાઓ નોંધાયા હતા અને ૨૦૦૬માં ૧૬૬૬ ગુનાઓ. આ નોંધપાત્ર ઘટાડો થયો છે. ગુજરાત આખા દેશમાં એક એવું રાજ્ય છે કે જ્યાં મધ્યરાત્રિએ પણ એક્સપ્રેસ હાઈવે ઉપર કોઈપણ મહિલા પોતે એકલી સવારી કરીને બરોડા સુધી પહોંચી શકે છે. બળાત્કારમાં ભારતમાં કુલ ૧.૬ ટકા છે જ્યારે ગુજરાતમાં એ દર .૬ ટકા છે. કોઈપણ રાજ્યના વહીવટનો આધાર એના સરકારી કર્મચારીઓ એની નીતિઓનો કેટલો સારી રીતે અમલ કરાવી શકે છે એના ઉપર હોય છે. ૧૯૯૧માં સરકારી કર્મચારીઓ ઉપર ૧૦૨૭ હુમલાઓ થયા હતા જે ૨૦૦૬માં ૩૯૭ થયા છે. એ રાજ્ય સરકાર પ્રત્યે પ્રજાની સંતોષની લાગણી વ્યક્ત કરાવે છે. સમગ્ર દેશમાં મહિલાઓના અત્યાચાર ૧૯૯૩માં ૩.૫ ટકા કોંગ્રેસના શાસનમાં હતા જે આજે ૨.૫ ટકા ભારતીય જનતા પક્ષના શાસનમાં થયા છે. મહિલાઓ ઉપરના અત્યાચારનું પ્રમાણ ઘટ્યું છે. અનુસૂચિત

જાતિઓના વિરુદ્ધના ગુનાઓ ૧૯૯૦-૧૯૯૪માં ૯૨ જેટલા ખુનો કરવામાં આવ્યા હતા. ભારતીય જનતા પક્ષની સરકારમાં આ વખતના વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૬માં અર્જુનભાઈ, માત્ર ૩૨ જેટલા ખૂનના ગુનાઓ નોંધાયા છે. નશાબંધીની વાત લઈને જે અત્યારે કાગારોળ મચાવે છે, એમના શાસનમાં ૧૯૯૦ થી ૧૯૯૪ માં લઠ્ઠાકાંડના કુલ ૨૩ ગુનાઓ, ૬૫ લોકોના મરણ અને ૯૪ લોકો અસરગ્રસ્ત થયા હતા. વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૬માં ગુજરાતની અંદર એક પણ લઠ્ઠાકાંડનો કેસ નોંધાયો નથી. છેલ્લે મારે એટલું જ કહેવું છે કે, "જુલ્મે યહાં કમ હૈ, ક્યોંકી ગુજરાતમેં દમ હૈ, સી.એમ. નંબર વન હૈ."

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની અંદર જ્યારે ગુનાઓની અંદર આટલો કન્ટ્રોલ હોય પણ ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રપતિ ચંદ્રક માટે ૧૮ આઈ.પી.એસ.ના ફોર્મ મોકલવા છતાં આ કેન્દ્રની યુ.પી.એ.ની સરકારે હજુ સુધી એક પણ આઈ.પી.એસ.ને રાષ્ટ્રપતિ ચંદ્રક માટે સિલેક્ટ કરવામાં આવ્યા નથી. ગુજરાત ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં શ્રેષ્ઠ છે એમ કોસ્ટલ પેટ્રોલિંગ દ્વારા અનિચ્છનીય પ્રવૃત્તિઓ ઉપર નિયંત્રણ રાખે છે. વિશ્વમાં આતંકવાદ એ સૌથી મોટો પડકાર છે. દેશમાં લડાઈમાં જેટલા સૈનિકો નથી મરાયા એના કરતા વધારે સૈનિકો અને પ્રજાજનો ભારત અને પાકિસ્તાન વચ્ચેની લડાઈમાં મરાયા છે. આ દેશમાં બનતી આતંકવાદી ઘટના ઉપર નજર કરીએ તો દિલ્હીમાં ભર બજારમાં બૉમ્બ ધડાકા, બેંગલોરમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑફ સાયન્સમાં બૉમ્બ ધડાકા, ઉત્તર પ્રદેશ વારાણસી ટેન્ટમાં બૉમ્બ ધડાકા, મુંબઈ સિરિયલ બૉમ્બ બ્લાસ્ટ, માલેગાંવમાં બૉમ્બ ધડાકા, સંસદમાં હુમલો. દુઃખ અને ચિંતાની વાત એ છે કે હિન્દુ ધર્મના શ્રદ્ધાકેન્દ્ર, જ્યાં હિન્દુઓ માથું શ્રદ્ધાથી ઝુકાવે છે એ જગ્યાએ આતંકવાદીઓ માથું ઊંચકીને શ્રદ્ધાકેન્દ્રો સાથે છેડછાડ કરે છે. અયોધ્યાના રામલલ્લાનું મંદિર, સંકટ મોચન મંદિર, જમ્મુમાં ઋગનાથ મંદિર ઉપર હુમલો. સવાલ એ છે કે જે પાકિસ્તાન આપણને યુદ્ધમાં પહોંચી શકતું નથી એ દેશને આંતરિક રીતે ખોખરો કરવા માટે દેશની અંદર આતંકવાદના નામે દેશની સલામતી અને સુરક્ષામાં સમસ્યાઓ ઊભી કરે છે. આતંકવાદ એ વિચારમાંથી ઊભો થાય છે અને આતંકવાદને ખતમ કરવા માટે પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિ જોઈએ. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના આધારે આજે આતંકવાદનો ગુજરાતમાંથી સફાયો કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર છેલ્લા દિવસોમાં કેટલીક ઘટના બની. ગુજરાત પોલીસની સર્તકતા અને જાબાંજ કડકાઈના કારણે આતંકવાદીઓને સફળ થવા નથી દીધા. ૨૯મી માર્ચ ૨૦૦૨ ટિફિન બૉમ્બના કારણે શહેરની શાંતિ હણવાનો પ્રયત્ન કર્યો, ૧૨મી જુલાઈ ૨૦૦૨ રથયાત્રામાં હુમલો કરવા માટે આવેલી ટોળકી પકડાણી, જેના પાસેથી ૨૫ રાઈફલ-રિવોલ્વર, ૨૪ બૉમ્બ, ૧૧ રૉકેટ લોંચર જેવા હથિયારો પકડાયા. તારીખ ૧૨/૧૧/૨૦૦૩ નહેરુનગર ઉપર બૉમ્બ બ્લાસ્ટ કરાવી શહેરની શાંતિ હણવાનો પ્રયત્ન કર્યો. હમણાં જ અર્જુનભાઈના ભાષણની અંદર પોલીસને ગર્ભિતરૂપી ધમકી આપી એના તંત્રની અંદર અવરોધ ઊભો કરવાનો પ્રયત્ન કરતા હતા. હું રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીના માધ્યમથી પોલીસતંત્રને એટલું જણાવવા માગું છું કે તમે જે જવામર્દીથી ફરજ બજાવો છો એજ જવામર્દીથી ફરજ બજાવો ગુજરાતની સરકાર આપની પડખે છે. હું એક કિસ્સો આપના ધ્યાન પર મૂકવા માગું છું મૌલાના નસરૂદ્દીન જે હરેન પંડ્યાના હત્યા કેસમાં સંડોવાયેલો હતો. ગુજરાતની ક્રાઈમ બ્રાંચ એને પકડવા માટે હૈદ્રાબાદમાં આવેલા આતંકવાદીના અડ્ડાની અંદર જઈ ગુજરાતના જવામર્દ પોલીસ અધિકારીઓએ એ મૌલાના નસરૂદ્દીનને પકડીને જ્યારે જીપમાં બેસાડતા હતા ત્યારે ટોળાએ હુમલો કરીને એને છોડાવી ગયા, પણ ગુજરાતના પોલીસ અધિકારીએ ફાયરિંગ કરીને મૌલાના નસરૂદ્દીનને પકડીને ગુજરાતની જેલના હવાલે કર્યો. આ ગુજરાતની પોલીસ છે કે આતંકવાદીઓના જડબામાંથી પણ ગુનેગારને પકડીને જેલને હવાલે કરવાનું જેનું સામર્થ્ય છે. ગોળીબારની અંદર એક મુજાહીર સલીમ હાસમી મૃત્યુ પામ્યો એ હતો કે જેણે અડવાણીજીની સભાની અંદર બૉમ્બ બ્લાસ્ટ કર્યો હતો, જેને તામિલનાડુ, કર્ણાટક અને હૈદ્રાબાદની પોલીસ શોધી રહી હતી. આતંકવાદીઓ સામેની લડાઈમાં N.D.A.ની સરકારે પોટા લાવી, દેશની સેનાના ત્રણેય પાંખના વડા, સલામતી તંત્રના વડાનો અભિપ્રાય હતો કે આ દેશની સલામતી માટે પોટો આવશ્યક છે પણ માત્ર અને માત્ર લઘુમતિ તૃષ્ટિકરણ માટે અને આતંકવાદીઓને આવકારવા માટે U.P.A.ની કોંગ્રેસની સરકારે સૌથી પહેલું કામ આ પોટાને રદ કરવાનું કર્યુ છે. આ માનનીય સભાગૃહે જે ગુજકોકનો કાયદો પસાર કર્યો હતો એના સુધારા કર્યા પછી પણ કેન્દ્રની સરકાર દ્વારા હજુ એ ગુજકોકના કાયદાને પરવાનગી નથી આપતા.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર આતંકવાદી ઘટના ૨૦૦૩થી ૨૦૦૬ની અંદર કુલ ૧૧,૬૨૮ના મરણ થયા. જ્યારે ગુજરાતની અંદર ૧૫ બનાવો થયા અને માત્ર એકનું મરણ થયું અને આતંકવાદી ૧૬ મરાયા. આ પ્રબળ ઈચ્છાશકિતનું પરિણામ છે. કેન્દ્ર તો ગુજરાતના વિકાસને થંભાવી દેવા અને ગુજરાતની પ્રગતિમાં અવરોધરૂપ થવા માટે લઘુમતિ તૃષ્ટિકરણ અને મુસ્લિમોના મત લેવા માટે થઈને ગુજરાતની સરકારને મદદ કરવાની કોઈ માનસિકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ચેતક કમાન્ડો ફોર્સની રચના કરી. જ્યાં જ્યાં સર્જનાત્મક પરિબળો પ્રગતિ કરે ત્યાં ત્યાં વિધાતક પરિબળોનો ઓછાયો દેખાય છે. પૌલાદી મનોબળ, શારીરિક, માનસિક રીતે જબરજસ્ત ખડતલ એવા ચેતક કમાન્ડોના માધ્યમથી ત્રાસવાદીનું આધુનિકીકરણ અને એના સશસ્ત્ર સરંજામ સામે લડવા માટે આપણી કટિબદ્ધતા માટે ક્રાઈમ બ્રાંચનું અપગ્રેડેશન માટે, લો ઑર્ડરના કંટ્રોલ માટે ક્રાઈમ બ્રાંચ અપગ્રેડેશન યોજના

આપણે કરી છે અને ક્રાઈમ બ્રાંચના આ અપગ્રેડેશન સાથે આર્થિક ગુના, ઘરફોડ ચોરી, મિસિંગ પર્સન, ધાડપાડુ સામેની સ્કવોર્ડ આવી વ્યવસ્થા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પેશ્યલ ઑપરેશન ગૃપની રચના કરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ બનતી આતંકવાદી ઘટનાને ધ્યાનમાં લઈને વિવિધ intelligence inputsના માધ્યમથી લોકોના જાનમાલની સલામત કરવા માટે, રાજ્યની વિકાસ યાત્રા અવિરતપણે ચાલે એના માટે રાજ્યની જાંબાજ અધિકારી સાથે રાખીને, આતંકવાદની લડાઈ સામેનો એકશન પ્લાન બનાવ્યો. ગુજરાત રાજયનું પોલીસ આવાસ નિગમ છે જેણે રહેણાંક ક્ષેત્રે જે પ્રગતિ સાધી છે અને એનો Satisfaction રેટ આખા દેશમાં પોલીસોના રહેણાંકનો satisfaction રેટ ૪૦ ટકા છે જ્યારે ગુજરાતમાં ૭૪.૫ ટકા છે. પાંચ વર્ષમાં ૯૫૫૬ અને ચાલુ વર્ષે ૧૨૫ કરોડની ફાળવણી સાથે ૨૫૦૦ મકાનો બનાવવાનો રાજયના પોલીસ તંત્રનો લક્ષ્યાંક છે. માનનીય અધ્યક્ષશ્રી, જેલ, જેમાં કેદી તરીકે માણસને જેલમાં ધકેલાય છે, એ આખરે તો એક માણસ હોય છે પરંતુ ગુનાની સજા રૂપે એને જેલની સજા થાય છે, ભારતીય પરંપરા અને કાયદાના સિદ્ધાંતોને અનુસાર જેલોમાં સજા ભોગવતા એનું પ્રાયશ્ચિત થાય અને પોતાની સજા પુરી થઈને જ્યારે બહાર આવે ત્યારે પોતાનું પુનઃસ્થાપન કરી શકે એ માટે જેલોનો સુધારણા કાર્યક્રમ હાથ ધર્યો છે. ૫૫૮૬ની સામે જેલોના overcrowding, ૧૨૦૦ કેદીઓની જે સમસ્યા છે એમાં ભુજ જેલ શરૂ થઈ ચૂકી છે, આગામી દિવસોમાં વડોદરા અને સુરત માટે ૮ કરોડની ફાળવણી કરી છે.

**અધ્યક્ષશ્રી** : સુનીલભાઈ તમારી જગ્યા ઉપર જાઓ હમણાં આપને બોલવાનું છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કેદીઓની તબીબી સુવિધા વધે અને દાહોદ, રાજપીપળા, પાટણ અને અંકલેશ્વર માટે સબ જેલોની વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યની વાત એ વી.ડી.ઓ. conferencing જેલમાં કરી કે જેના કારણે પોલીસ એસ્કોર્ટમાં ઘટાડો થશે, વાહનોનો ખર્ચ ઘટે અને આરોપીઓની સુરક્ષા વધે અને કેદી ભાગી જવાના બનાવો ઘટે. રાજયના વાહન વ્યવહાર વિભાગને હું એટલા માટે અભિનંદન આપું છું કે, અમદાવાદ એક જમાનામાં પ્રદૂષિત શહેર ગણાતું, જ્યાં Suspended Particles Metals ૨૦૦ કરતાં,( સમયસૂચક ઘંટડી ) એક જ લીટી સાહેબ,એક જ મિનિટ સાહેબ.

**અધ્યક્ષશ્રી** : નો. નો. સુનીલભાઈ.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી ગૃહ, ગૃહ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગની જે માગણીઓ આજે રજૂ થઈ છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી કોઈ વાત શરૂ કરું એ પહેલાં અહીંયાથી માનનીય વિપક્ષના આગેવાન જ્યારે વાત કરી રહ્યા હતા ત્યારે હું ધ્યાનથી સાંભળતો હતો. હમણાં હમણાંથી જે સમાચાર આવે છે અને અહીંયા એમણે પ્રગટ સ્વરૂપમાં ધારાસભામાં, વિધાનસભામાં રજૂ કર્યા છે એ કેટલા મહત્ત્વના છે અને સાથો સાથ કેટલા ગંભીર છે, કેટલા ભયંકર છે એ આપના મારફતે આ ગૃહના ધ્યાન ઉપર પહેલાં મૂકવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, એમણે એક મામૂલી ગુનેગારની વાત કરી, એ બહુ નાનો ગુનેગાર, એક બહુ મામૂલી ગુનેગાર એણે કાંઈ બહુ મોટા ગુના કર્યા નથી, માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર કૉંગ્રેસ પક્ષ અને એમના નેતા જેમને મામૂલી ગુનેગાર ગણાવે છે, એની નાની ઝલક આપવા માગું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે શૌરાબુદ્દિનની વાત કરી એ કુલ ૧૨ ગુનાઓમાં સંડોવાયેલો છે આજ સુધીમાં. માનનીય અધ્યક્ષશ્રી, આ જે શૌરાબુદ્દિનની વાત કરી એ શૌરાબુદ્દિન ૧૯૯૯ના National Security Act નીચે એની ધરપકડ થયેલી છે, ૧૯૯૯માં ધરપકડ થયેલી છે એ unlawful activity હેઠળ મધ્યપ્રદેશ અને રાજસ્થાન, આ મામૂલી ગુનેગાર એનું ક્ષેત્ર એ ખૂબ નાનું છે, એ રાષ્ટ્રીય કે આંતર રાષ્ટ્રીય ગુનેગાર નથી, આંતર રાજયનો ગુનેગાર છે, એનું કાર્યક્ષેત્ર મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત આ ત્રણ છે. મામૂલી ગુનેગાર જે વિપક્ષના નેતાની આંખમાં મામૂલી ગુનેગાર છે એ શૌરાબુદ્દિનનું કાર્યક્ષેત્ર અને એ ખાલી ગુના છે એટલું જ નહીં પણ આ ત્રણેય રાજયોના ક્રાઈમ રેકર્ડ ઉપર એ wanted છે. આ મામૂલી ગુનેગાર પાસે ખાલી દારૂની બૉટલો, ખાલી ચોરી કરેલા પાકીટો, ક્યાંકથી લૂંટ કરે, ક્યાંકથી ચોરી કે ક્યાંકથી છુપાવીને લીધેલી વસ્તુઓ, મોબાઈલ કાંઈક એ ચોરી કરી હોય એટલું નાનું હશે એ માનતા હશે અને એટલે હું એ વર્ણન કરું છું ૧૯૯૪-૯૫માં એમની પાસેથી એ.કે.૫૬ રાયફલો નંગ ૨૪ પકડાઈ હતી. ખાલી ૨૪ જ. વિપક્ષના આગેવાનના કહેવા મુજબ. એમની પાસેથી ૨૨ રાઈફલ પકડાઈ હતી. આ એકલો કેટલો મોટો શિકાર કરતો હશે કે ૨૨ રાઈફલ, ૮૧ મેગેઝીન, ૨૪ એકે.૫૬ રાખવી પડે. હવેની વાત આંખો ખોલનારી છે. ચાર આંકડાની કાર્ટ્રીજ ૫૨૫૨ ગુજરાતની એ.ટી.એસે. જપ્ત કરી છે સૌરાબુદ્ધિન પાસેથી. આ મામૂલી ગુનેગાર છે. તો મારે કહેવું પડે કે ઈશરત જહાન છે એ લશ્કરે તોઈબાના જે લોકોને એરપોર્ટ ઉપર ખતમ કરી નાખવામાં આવ્યા એ ગુનેગારો પણ એમની સામે મામૂલી હશે. હરકતઅલી, આઝાન એનો કમાન્ડર હતો. જમ્મુ કાશ્મીરની સરકાર કહે છે એ કમાન્ડર હતો એ આઝાન વટવા વિસ્તારમાં પકડાય. એનું એન્કાઉન્ટર થાય તો એ મામૂલી ગુનેગાર હશે એમની નજરમાં. એ જયારે વાત કરે છે એ ભાવનગરનો મામૂલી નોકર જે જમ્મુ કાશ્મીરમાંથી પકડાયો એની વાત કરે છે ત્યારે હું કહુ છું કે ભાવનગરના મદ્રેસામાંથી પકડાયો એનું નામ અન્સારી હતું. કંદહારમાં અપહરણના ગુનામાં

ઝડપાયેલો એ ભાવનગરની મદરેસામાંથી પકડાયો. ભાવનગરની મદ્રેસામાં ગોળીબાર થાય, ફાયરીંગ થાય હજી હમણાં એનું જજમેન્ટ આવ્યું. એ નથી સાંભળવું. એ તો જયારે અહીંથી મંદિરની વાત કરતા હતા અને અમે તો જયારે મંદિરની વાત કરીએ ત્યારે જય સોમનાથ, જય દ્વારકેશ, જય જય ગરવી ગુજરાત, સુવર્ણ ગુજરાતની વાત કરીએ. સોમનાથનું જયોતિર્લિંગ રાજા ભીમદેવે જે શ્રદ્ધાથી, હિંમતથી અને પરિશ્રમથી સોમનાથના મંદિરની બચાવવા મહેનત કરી હતી એટલી જ તાકાતથી, એટલી જ મહેનતથી, નિષ્ઠાથી સોમનાથની ભગવી ધજા ફરકે એનો ખ્યાલ રાખ્યો છે, કાળજી લીધી છે. ભગવાન કૃષ્ણ, દ્વારકાધીશનું મંદિર સાગરકાંઠે આવેલું છે જેની પર ગજની ધજા સતત ફરકતી રહે, આતંકવાદીઓનો ડોળો એની ઉપર ન રહે, એનું ધ્યાન રાખ્યું છે. મને વાંધો નથી, અંબાજી, બહુચરાજી, સોમનાથ, દ્વારકાની વાત કરે છે એની સાથેસાથે એમના કેન્દ્ર સરકારના ગૃહ સચિવ આવીને ચિંતા કરે છે કે ગુજરાત, પંજાબ અને રાજસ્થાનની આંતરરાષ્ટ્રીય સરહદે મદ્રેસા અને મસ્જિદોમાં નાપાક પ્રવૃત્તિ, અસામાજિક પ્રવૃત્તિ, આ દેશને આતંકવાદમાં લઈ જવાની પ્રવૃત્તિ ચાલે છે. એવું જયારે આ દેશના ગૃહ સચિવે આવીને ચિંતા વ્યકત કરી હોય ત્યારે એની સાથે સાથે એમણે ચિંતા વ્યકત કરી હોત તો? મારે કહેવું પડે કે ધાર્મિક સ્થાનમાં દેશ વિરોધી પ્રવૃત્તિ ચલાવવાની વાત કરી છે ત્યારે એ જમ્મુ કાશ્મીરથી માંડીને સમગ્ર દેશમાં જે પ્રવૃત્તિઓ ચાલે છે એને અટકાવવા માટે જયારે રાજયનું ગૃહ ખાતુ સક્રિય છે, એની પીઠ થાબડી હોત તો અમે વધારે રાજી થાત. આ તો કેવી વાત છે કે કોઈના હાથ પગ બાંધીને એને તરવા નાખે અને કહે કે હવે તર. આ સભાગૃહે ગુજકોકનો કાયદો પસાર કરીને ઉપર મોકલ્યો એ આતંકવાદ સામે કામ લેવા, આતંકવાદીઓ સામે કામ લેવા કાયદો પસાર કરીને મોકલ્યો. પછી રાષ્ટ્રપતિએ સુધારો કરવાનું કહ્યું એ સુધારો કરીને આ ગૃહે ફરીથી મોકલ્યો છે. એ એમની કેન્દ્ર સરકારે આ રાજયના પોલીસ તંત્રના હાથ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. કાયદાનો હાથ બાંધવાનો પ્રયત્ન કર્યો છે. વિધાનસભાગૃહનું સન્માન ન જળવાય એવી રીતે પ્રયત્ન કર્યો છે એની વચ્ચે અમે જે કામ કર્યું છે, એમાં નવાઈ નથી. જે રીતે એમને સૌરાબુદ્દીન નાનો ગુનેગાર લાગ્યો.

આ લોકો તો એક એવી પરંપરામાંથી આવેલા છે. એમને આ દેશના લોકશાહીનું મંદિર, સંસદ ઉપર હુમલો કરનાર મહમ્મદ અફઝલ ગુરુ નાનો ગુનેગાર લાગ્યો છે, કારણ કે એને ન્યાયના મંદિરની દેવડીએ કરેલી સજા એ ડિસ્ટ્રિક્ટ કોર્ટ, હાઈકોર્ટની અપીલ એ સુપ્રીમ કોર્ટમાં હારી ગયા પછી એમના જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી એમ કહે કે આને ફાંસીની સજા થશે તો આ દેશમાં તોફાનો ફાટી નીકળશે, એટલે કેન્દ્ર સરકાર બચાવવા માટે મહેનત કરે, એ પરંપરાના આવેલા લોકો એના માટે શું વધારે કહેવાનું? એટલું જ કહી શકાય કે અત્યારે હમણા એમના વિપક્ષના આગેવાન બોલી રહ્યા હતા, ત્યારે એમના આકાએ, ગોડફાધર છે, કેન્દ્રમાં બેઠા છે, એ પાર્ટીમાં બેઠા છે. એમણે અહીંયા હાકલ કરી છે કે આ વિભાગની માંગણી ઉપર એને અનુમોદન આપતી વખતે એ પણ ઉલ્લેખ કરવા માગું છું, કારણ કે એમણે એમના કોંગ્રેસના કાર્યકર્તાઓને આ ચૂંટણી આઝાદીના જંગની જેમ લડવાની વાત કરી. આઝાદીનો જંગ આ દેશના યુવાનો, આ દેશના લોકોએ બ્રિટિશરો સામે લડ્યા હતા. મને લાગે છે કે એમના આકા, આગેવાન, ગોડફાધર આ ઈટાલીનું શાસન છે, એનાથી કોંગ્રેસને આઝાદ કરવાની હાકલ કરી રહ્યા છે. એવું મને લાગે છે.(અંતરાય) મહિલાની હાકલ કરી. એતો સારું થયું ચંદ્રિકાબેન બહુ સારું યાદ કર્યુ (અંતરાય) એ વખતે નહિ અટાણે, અટાણે. કોંગ્રેસની જે સંસ્કૃતિ રહી છે. સાંભળો ચંદ્રિકાબેન, સાંભળો ચંદ્રિકાબેન. આ ગૃહમાં બોલી ન શકાય, પણ માફ કરજો. બીન સંસદીય શબ્દ નહિ બોલું, પણ બારડોલીના કોંગી આગેવાન તમે મીડિયામાં વાંચ્યું હશે કાદવમાં રતિક્રિડા કરતા પકડાય. અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના દેવળીયામાં એમનો એ.પી.એમ.સી. નો પ્રમુખ, માર્કેટ યાર્ડનો પ્રમુખ એનો દીકરો સોજિત્રા અદિતી ત્રિવેદી નામની દીકરી એને છડેઆમ ગોળીબાર કરીને બાબરા તાલુકાના દેવળીયા ગામના જંગલમાં એને ઉતારીને ગોળીબાર કરી મારી નાખે છે, એટલું જ નહિ એના ઉપર પોતાનો લોહી વેરાયેલ શર્ટ એના ઉપર નાખી એને બાળી નાખે છે. આ ૩ દિવસ પહેલાની ઘટના છે. શું જોઈને સૌરાષ્ટ્રની વાત કરો છો? આ ગુજરાતના ગુનેગાર, અરે આ તમારા કોંગેસની વાત સાંભળો. હજુ બાકી છે. તમને સૌરાબુદ્દીન સારો લાગતો હોય તો અમને વાંધો નથી. હું આટલું કહું આ ગુજરાતના ગુનેગાર હાર્ડકોર ક્રિમિનલને ભગાડી જવામાં વિપક્ષના આગેવાન જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરે છે, એ વિસ્તારના એન.એસ.યુ.આઈ. ના પ્રમુખ એની અંદર પકડાય. આ મામૂલી ગુનેગારની લાઈન બહુ લાંબી. આ મહિલાની વાત છે. બહેનના ગુનાઓ સાથેના ગુનેગાર ઝડપાય. પોતાની ભાભીને મારી નાખે. એને પકડાય (અંતરાય) આ મનુશર્માની આવૃત્તિઓ કોંગ્રેસ એનું કલ્ચર એ તંદુરીકાંડના મનુશર્માનું કલ્ચર છે અને બાબરા દેવળીયાના કોંગ્રેસના આગેવાનનો દીકરો કરે એ મને નવાઈ નથી લાગતી, કારણ કે વિપક્ષના આગેવાન આ બધાને મામૂલી ગુનેગાર ગણે છે. સૌરાબુદ્દીનથી માંડીને સોજિત્રા સુધીનાને. મને ખબર નથી પડતી.

**અધ્યક્ષશ્રી .** : વિરામનો સમય થયો છે. વિરામ પછી સભાગૃહ ૩-૧૫ કલાકે મળશે. સુનીલભાઈ આપનું પ્રવનચ ચાલુ રહેશે.

**(અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને )**

**શ્રીસુનીલ બા. ઓઝા:(ક્રમશ:)** માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો તે મામૂલી ગુનેગાર સૌરાબુદ્દીનથી સોજીત્રા સુધી અને અફઝલથી અબુ સાલેમ સુધીની હતી. આ લોકોને તે મામૂલી ગુનેગાર લાગે છે. એટલે કદાચ દિલ્હીથી આવીને આ પ્રકારનું પ્રવચન કરવામાં પ્રેરણા આપી હશે. હવે હું આ વાતમાં નથી પડતો.

શું કામ આ રાજયમાં ઓછા ગુનાઓ થાય છે, શું કામ આ રાજયમાં ઔદ્યોગિક સામ્રાજ્ય સ્થપાય છે. ૬,૬૬,૦૦૦ કરોડ રૂપિયાના મૂડી રોકાણો આવે છે તેનું કારણ આ રાજયની ઔદ્યોગિક શાંતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વખતે જી.ઈ.બી.ની પૅરેલલ જી.ઈ.બી. ચલાવનારા લોકો અત્યારે ઠેકાણે પડી ગયા છે. ૨૦૦૦ કરોડની ખોટની અંદર આજે ૨૦૦ કરોડ રૂપિયાનો નફો થયો છે તેનું કારણ પોલીસ તંત્ર છે. તે અધિકારીઓની માનસિકતા બદલી છે. જે લોકો બીતા હતા, ક્રિમિનલથી અને ગુનેગારોથી તે અધિકારીઓની માનસિકતા બદલાણી છે. તે માનસિકતા કોણ બદલી શકે તે સાંભળી લો. આ લોકોને હું કહેવા માગું છું જ્યારે પાકિસ્તાન સાથે આવડી મોટી સરહદ છે અને આપણા તેની અંદર મોટા બંદરો, વીજ મથકો, ઔદ્યોગિક સામ્રાજય આ બધાની સલામતી જાળવીને ગુજરાતને આગળ વિકાસના પંથે લઈ જવાની હામ ભીડી છે અને તે સિદ્ધ કરી છે. આપણો સમુદ્રકાંઠો મોટો છે. બી.એસ.એફ. તેના કોસ્ટલ ગાર્ડ સાથે જોઈન્ટ હાઈ સી પેટ્રોલિંગ કરે છે. આવી હિંમત કોણ કરી શકે? શું કામ ગુજરાતની અંદર અક્ષરધામ પછી અને ગોધરાકાંડ પછી તોફાનો નથી થયા?

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે પંચવર્ષીય યોજનાઓના આંકડાઓનું આંકલન  થાય છે, વિશ્લેષણ થાય છે તે રીતે ચાર પાંચ વર્ષનું વિશ્લેષણ થવું જોઈએ. અમે ગૌરવ યાત્રામાં, આ રાજયના મુખ્યમંત્રી ગૌરવ યાત્રાના લોકનાયકે તે દિવસે કહ્યું હતું કે હું હવે આ રાજયમાં ખૂનની હોળ ખેલવા નહીં દઉ અને તે સિદ્ધ કરીને મૂક્યું છે. વિપક્ષના આગેવાને જોયું પણ નહીં હોય. તે દૃઢ મનોબળથી  શું કામ આ થઈ શકે છે. એટલા માટે કે આતંકવાદની સાથે જે દિવસે બાથ ભીડવામાં આવી, જે દિવસે જમ્મુ કાશ્મીરમાં શ્રીનગરના લાલચોકમાં બૉંબમારાની વચ્ચે રાષ્ટ્રધ્વજ  આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ફરકાવ્યો હતો. તેને મોતની બીક નથી. અત્યારે પણ આતંકવાદીઓનું મેઈન ટાર્ગેટ પણ શ્રી નરેન્દ્ર મોદી છે.  શું કામ છે? તમે કેમ નથી? આ વાત થાય ત્યારે એમ કહે કે એક રાત તમે જાગો અમે પાંચ વર્ષ જાગીશું. અરે, તે જાગીને સિદ્ધ કર્યુ છે. તમે શું વાત કરો છો? અને હજી તમને કહું ૧૯૯૩ની અંદર તમારું શાસન હતું રાજયની છ પેટા ચૂંટણી હતી ત્યારે એલિસબ્રિજની અંદર તમારા એક વખતના એમ.એલ.એ. અમદાવાદ શહેરના પ્રમુખ મૅટાડોર લઈને, હા,  તેમની ચૂંટણીમાં મૅટાડોર લઈને તમારા [*] *** (xxxxxx)** ફાયરીંગ કરીને ભાગે છે તેની પાછળ દોડવાવાળો કોઈ દિવસ મુખ્યમંત્રી નથી થવાનો.

**અધ્યક્ષશ્રી** :  પ્લીઝ નામ નહીં લો. નામ નહીં લો.  નામ કાઢી નાંખો.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, નામ કાઢી નાંખો. અરે, નામ કાઢી નાંખો. તમારા આગેવાને ચૂંટણીમાં ટાઉન હોલ પાસે એલિસબ્રિજ મતદાન મથક ઉપર ફાયરીંગ કર્યુ હતું. ત્યારે પોલીસે અને એક અદના કાર્યકર તરીકે આ રાજયના મુખ્યમંત્રીએ તેમનો પીછો કર્યો અને કોંગ્રેસ કાર્યાલયમાં ઘાલી દીધા હતા. આ તાકાત તેની છે. તે જ કહી શકે  અને તે જ રાજયમાં શાંતિ અને સલામતિ લાવી શકે. તે વૈભવ અને વિકાસ લાવી શકે. અરે, સંઘર્ષમાં, કટોકટીની અંદર નહી ગુજરાતમાં પણ સમગ્ર દેશના યુવાનોને રાહ ચીંધ્યો છે અને જે માણસ કમિટમૅન્ટથી આ કામ કરતો હોય ત્યારે વારેઘડીએ એકની એક વાત મામૂલી ગુનેગાર કરીને કરવી ઠીક નથી.

આ ગૃહ વિભાગ જે પ્રકારે કામ કરે છે અને જે પ્રકારે રાજયમાં શાંતિ સ્થાપી છે,  જ્યારે સમગ્ર દેશમાં ખૂનની હોળી ખેલાય છે ત્યારે ગુજરાતમાં  જે પ્રકારે શાંતિ સ્થાપી છે ત્યારે આ માગણીઓને  અનુમોદન આપું છું. નર્મદાની જેમ કોંગ્રેસ પક્ષની પાટલી ઉપર બેઠેલા મિત્રાએ પણ આને અનુમોદન આપવું જોઈએ એટલો હું એમને અનુરોધ કરું છું અને આ ગૃહ વિભાગની માગણીઓને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બંદર વિભાગની માગણીઓ ઉપર બે વાત કરવા માગું છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટ વધારે સમય આપજો, બંદરો માટેની માગણીઓ ઉપર હું ઝડપથી કહી દઈશ. આપણો ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કાંઠો છે જ્યારે  ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ  આ દરિયા કિનારાના બંદરો આધારિત વિકાસવ્યુહ  સફળ થતો હોય ત્યારે સાગરખેડુઓને સાથે લઈને ચાલવાની જે વાત કરી છે એમાં  બાર મુદ્દાનો ૧૧૦૦૦ કરોડની યોજના, આ વર્ષે ૧૭૦૦ કરોડ રૂપિયા વાપરવા સાથેની યોજના લઈને આવ્યા છે, અને

[*] *** (xxxxxx)** માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

બંદરોની જ્યારે વાત કરું છું ત્યારે ગુજરાતના વિકાસનો ટર્નિંગ પૉઈન્ટ એ એસઈઝેડથી આવે છે ત્યારે સૌથી વધારે જો ભાગ હોય તો આ બંદરોનો છે. બંદરો અને પૉર્ટ ડૅવલપમેન્ટ. એ ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટમાં એનો પહેલો ભાગ લીધો છે, મરીન ટૅક્નૉલૉજી અને મરીન એન્જિનીયરીંગના અભ્યાસક્રમોની આ રાજયમાં શરૂ કરવાની શરૂઆત એ આ ભાજપના શાસને કરી છે. પાંચ વર્ષમાં ૬૩૩૪ કરોડ રૂપિયાનું નવું મૂડીરોકાણ આવ્યું છે. એમાં મુંદ્રા, દહેજ, હજીરા, પીપાવાવ, જખૌ આ બધાએ વિકાસ કર્યો છે. સાગર ખેડુ તો હતા જ, પણ વિકાસની નવી ક્ષિતિજો સર કરી છે ત્યારે મારે ખાલી ભાવનગર અને એની સાથે સાથે ૧૬ કિલોમીટરનો દરિયાકિનારોના શીપ બ્રેકિંગ જે ડેવલપ થઈ રહ્યો છે અને થયો છે ત્યારે હું એક વિનંતી કરીશ કે, કોંગ્રેસ પક્ષની પાટલીઓ ઉપર બેઠેલા મારા મિત્રો અલંગના શીપ બ્રેકિંગ યાર્ડના લોકો વર્ષોથી માગણી કરે છે (સમયસૂચક ઘંટડી) ત્યારે તેઓ ત્યાંથી સેન્ટ્રલ ડ્યૂટી માફ કરાવે તો પણ ઘણું છે, આ બંદર વિભાગની માગણીઓને અનુમોદન આપીને હું મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય મંત્રીશ્રી ગૃહ વિભાગને લગતી અને બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતી માગણીઓ લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો અને મારી વાત કરવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો હું ગૃહવિભાગની વાત કરવાને બદલે બંદરોને લગતી વાત કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ૧૬૦૦ કિલોમીટરનો સાગર કાંઠો એ માત્ર ફરવા માટે નહીં પણ યાતાયાત માટેનો અને આપણું પરંપરાગત ગુજરાતનું વહાણવટું અને ૮૪ બંદરો ગુજરાતના કહેવાતા પણ એ જમાનામાં આ બંદરોની પ્રવર્તતી, મહા બંદર આવતાં વાત નામશેષ થઈ ગઈ હતી ત્યારે ૧૯૮૧માં આ ગૃહમાં મેરીટાઈમ બોર્ડનું બિલ પસાર કરવામાં આવેલું, આ બિલનો સૌથી પહેલો વિચાર અગાઉ પણ મેં કહ્યું છે એ પ્રમાણે માનનીય મકરંદભાઈ દેસાઈ કે જે સ્વપ્નદૃષ્ટા નેતા હતા એમનો હતો. ૧૯૮૧માં આ બિલ પસાર થયું ત્યારે ગુજરાતના બંદરો ઉપર માત્ર બે લાખ ટનનો ટ્રાફિક હતો અને આજે એ ૧૧ કરોડ ટન ટ્રાફિકને આંબી ગયો છે ત્યારે એનું શ્રેય, ૧૯૯૦ પછીની સરકાર માનનીય કેશુભાઈ પટેલ અને માનનીય ચીમનભાઈ પટેલની સંયુક્ત સરકાર જ્યારે બની ત્યારે એની બંદર નીતિ ઘડવામાં આવી, એનું કોઈએ જો શ્રેય લીધું હોય તો ત્યારે ચીમનભાઈ પટેલ સાહેબને જાય છે. આ ગૃહના ૧૯૯૩ પછી 'વાપરે તેનું બંદર' એ બુટ્સની નીતિ આવી, બિલ્ટ ઓપરેટ એન્ડ ટ્રાન્સફર અને એને અંતર્ગત ૧૯૯૪માં આ બંદરો ઉપરના ભાવો ફરીથી નક્કી કરવામાં આવ્યા, ગુજરાત મૅરી ટાઈમ બોર્ડના એકટ પ્રમાણે દર પાંચ વર્ષ એના ભાવ નક્કી થાય. બુટ્સ ઉપરાંત બીઓએમના પણ બંદરો કૅપ્ટિવ બંદરો બિલ્ટ ઓપરેટ એન્ડ મેન્ટેનન્સ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૧૯૯૪ના અંદર જે ભાવ હતા એ ૧૯૯૮માં એકા એક ઓછા કરી દેવાયા અને બિલ્ટ ઓપરેટ અને મેન્ટેઈન કેપ્ટીવ જે.ટી. હતા એના માટે કરી દેવામાં આવ્યા આજે રાજયની તિજોરીમાં વર્ષે ઓછામાં ઓછા ૩૦૦ કરોડનું નુકસાન થઈ રહ્યું છે. આ સૌરાષ્ટ્ર અને કચ્છનો દરિયા કિનારો બંદરો માટેનો અનુકૂળ દરિયા કિનારો છે ત્યાં એની ઉંડાઈ કેટલેક ઠેકાણે તો મોટા જહાજો લાંગરી શકે એવી છે શોધી શોધીને એ બંદરો બનાવવામાં આવ્યા પણ એ કોના લાભાર્થે આ કરવામાં આવ્યું? રાજયને ટને ૨૫ રૂપિયા આપવા હોય તો એ સહન નથી થતું. આંતરરાષ્ટ્રિય ક્રુડના ભાવ એક બેરલે ૪૦ ડોલરમાંથી ૮૦ થાય એટલે ૮ થી ૯ હજાર કરોડ રૂપિયા વધી જાય એ રીફાઈનરીઓ એબ્સોર્બ કરી લે છે પણ મેરી ટાઈમ બોર્ડને બંદરો ઉપર ઈજારો આપવામાં આવેલ છે તે બંદરો ઉપર ૫૦ રૂપિયાથી ૧૨ રૂપિયા થાય પછી સરકારને ભૂલ સમજાઈ ત્યારે ૬૦ રૂપિયા કરવામાં આવે એમાં પણ રજૂઆતને આધારે કોઈ કમિટી રચાઈ હતી એ એમાંથી ૨૪ રૂપિયા ઓછા કરી આપે આ બધું કોના લાભાર્થે આ સરકાર કરી રહી છે? આ બધું આપના મારફત આ ગૃહના ધ્યાન ઉપર મૂકવું છે. આજે ૧૧ કરોડ ટન ટ્રાફિક છે એમાંથી ૭ કરોડ ટન ટ્રાફિક આ કૅપ્ટિવ જે.ટી. ઉપર છે અને એના ઉપર આ સરકાર મહેરબાન શા માટે છે એ સમજાતું નથી. બોટ નીતિ પ્રમાણે આપણે કન્સેશનલ ધોરણે એગ્રીમૅન્ટ કરીએ

અને એમને પૉર્ટ ડેવલપમેન્ટ માટે જગ્યા આપીએ અને આ જગ્યાનો બીજો કોઈ ઉપયોગ થતો હોય તો એની પાસેથી આપણે પૈસા લઈ શકીએ નહીં. સૌરાષ્ટ્રના પીપાવાવમાં ભારત સેલ્સ કોરપોરેશનને ૮.૯ હેકટર જમીન ૪ કરોડ ૪૫ લાખ રૂપિયે આપવામાં આવી અને પાછું ૪.૫૦ લાખ પ્રતિ વર્ષ ભાડું ઉઘરાવે એ ખાનગી પોર્ટ, એજ રીતે સેન્ટ્રલ વેર હાઉસીંગ કોરપોરેશનને ૮ હેકટર જમીન ૨૨ લાખ પ્રતિ એકરના ભાવે આપવામાં આવી, એજ રીતે ઈન્ડિયન ઑઈલ કોરપોરેશનને ૨૮ લાખ રૂપિયે એકર આપવામાં આવી અને ૧૦૧ રૂપિયા પ્રતિ મીટર વર્ષે ભાડું એની પાસેથી પણ ઉઘરાવવામાં આવે. આ પૈસા મેરીટાઈમ બોર્ડ કે રાજયની તિજોરીમાં ગયા છે ખરા? ના. કારણ કે એમણે એક સ્પષ્ટતા કરી છે કે ૨૦૦૬માં સરકારે કહ્યું છે કે કન્સેશનલ પોર્ટ ઉપરની જમીનનો આવો ઉપયોગ થશે તો એમાંથી ૫૦ ટકા રકમ રાજયની તિજોરીમાં જમા કરવામાં આવશે પણ એ હવે પછી થનાર કરારમાં. ગયા કરારોનું શું? ગયા કરારમાં લાણી કરી છે. આ રાજયની નાણાકીય જે શિસ્ત છે એના અનુસાર કોઈ પણ સરકારી જમીન વેચાતી હોય એના ઉપર ઊંચા ભાવો લેવાતા હોય ત્યારે ઓછામાં ઓછા ૫૦ ટકા એમણે સરકારમાં જમા કરાવવાના છે એ પણ અનુમતિ લઈને આપી હોય તો. અનુમતિ લઈને ન આપી હોય તો સરકાર એ જમીન સરકારી ચોપડે દાખલ કરી શકે છે. એમાંનું કંઈ કરવામાં આવ્યું છે ખરું? આ રાજયમાં મેરી ટાઈમ બોર્ડની રચના એક સ્વપ્ન દ્રષ્ટા આગેવાન અને પછી આ રાજયના મુખ્યમંત્રીશ્રી ચીમનભાઈ પટેલ અને આપણા વરિષ્ઠ કેશુભાઈ પટેલે કરી હતી. એમાં શ્રી સનત મહેતાનું નામ પણ છે. એણે ૧૯૮૦ના દાયકામાં અલંગ અને સંચાણામાં શીપ બ્રેકીંગ યાર્ડ કરેલા. આ યાર્ડ હજારો લોકોને રોજી આપી છે પણ એના વેલ્ફર પ્રોગ્રામમાં કંઈ ખર્ચીએ છીએ ખરા? આ સન્માનીય ગૃહમાં નાણામંત્રીશ્રીએ જવાબ આપતા કહ્યું હતું કે, રાજયની ૬૫ કરોડ રૂપિયાની માત્ર સેલ્સની જે આવક છે એ બંદરો ઉપરથી થતી હોય તો એ બંદર ઉપર આ પેટ્રોલિયમ જહાજોમાં જહાજો તોડતા હોય ત્યારે આગ લાગે અને મજૂરો જીવતા ભૂંજાય જાય એવી પરિસ્થિતિમાં ત્યાં આજે એ બર્ન્સને સારવાર આપવા માટેની કોઈ હોસ્પિટલ ઉભી થઈ છે ખરી? માત્ર આ ગુજરાત મેરી ટાઈમ બોર્ડનો નફો વધતો જાય છે એટલા માટે એને ત્રણ ભાગમાં વિભાજન કરવાની વાત સરકાર વિચારી રહી છે,(સમયસૂચક ઘંટડી) હજી તો શરૂઆત જ થઈ છે અને મારે ગૃહ વિભાગની પણ વાત કરવી છે. એટલા માટે કે આ જી.એમ.બી. જે પ્રકારે એની કાર્યવાહી થાય છે એમાં પારદર્શિકતા હોવી જરૂરી છે અને ગૃહમાં આ મુદ્દા રજૂ કરેલા છે, પરંતુ કરોડો રૂપિયાની આવકો જે વધવી જોઈએ એના બદલે એ કોઈની ઉપર નવાજી શામાટે જાય છે અને ખાસ કરીને ૧૯૯૩ ના રેઈટ શેડયુલ, ૧૯૯૮ ના રેઈટ શેડયુલ, ૨૦૦૩ નો સુધારો અને એ પછી ૨૦૦૫ માં સમિતિએ સુધારો સૂચવ્યો છે. તો સમિતિને ભાવ ઓછા કરવાનો શું અધિકાર હતો. ૨૦૦૩ માં ભાવ નકકી કર્યા હતા અને એના ઉપરવટએ સમિતિ કેવી રીતે કરી શકે એ તમામ તપાસ માગી લે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ ખાતાની માગણીઓ ઉપર આવું તો એક વરિષ્ટ પોલીસ અધિકારી પાસેથી તપાસ લઈ લેવામાં આવે કોઈ સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા માટે અને એ તપાસ નવા બીજા અધિકારીને સોંપેલ એની પાસેથી પણ તપાસ લઈ લેવાનું ચાલે છે અને નવા અધિકારીને સોંપવામાં આવે છે એના માટે પણ ગૃહમંત્રીશ્રી સ્પષ્ટતા કરે અને મારા વિસ્તારમાં કચ્છમાં આજે જયારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળેલ છે ત્યારે નવા પોલીસ સ્ટેશનો સરહદી વિસ્તાર માટે આપ્યાં છે એમાંના બે પોલીસ સ્ટેશનો મારા વિસ્તારમાં આદેસર અને સામખીયાળીમાં આપવામાં આવે એવી આપશ્રી મારફત રજૂઆત કરું છું કારણ કે ભૂકંપ પછી આધોઈ અને ભીમાસર પોલીસસ્ટેશનો અત્યારે આદેસર અને સામખીયાળીમાં ચાલે છે એ મૂળ ગામમાં લઈ જવાની લોકોની વાત માનનીય ગૃહમંત્રીશ્રી જાણે છે. તો નવા પોલીસ સ્ટેશનો મળેલ છે અને પોલીસ ઉપરનું કામનું દબાણ વધ્યું છે એ દ્રષ્ટિએ આદેસર અને સામખીયાળીમાં નવું મહેકમ આપે. ......(અંતરાય)

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ અને સરહદી સુરક્ષા અને બંદરોના વિભાગના માનનીય મંત્રીશ્રીઓ એમની માગણીઓ લઈને આવ્યા છે તે માગણીઓને હું મારું સમર્થન એટલા માટે કરું છું કે આપણે વિધાનસભામાંથી ગૃહ ખાતાને જે પૈસા આપીએ છીએ એ પૈસા રાજયની પ્રજાની સુરક્ષા માટે વપરાય છે અને જે અત્યારે ગુજરાતની પ્રજાની સુરક્ષા મને દેખાય છે એના આધારે મને એટલો આનંદ થાય છે કે હજુપણ વધારે પૈસાની માગણીઓ જો આવે તો પણ ગૃહ એની સાથે સો ટકા સંમત થાય, પરંતુ હું માનું છું કે આજે સંતોષ થાય એ પ્રકારની આ માગણીઓ છે. આ રાજય સરકાર જે પ્રમાણે કામ કરી રહી છે એમાં એક તો પોલીસ સુરક્ષાનું કામ કરે છે એ પોલીસ ટેન્શનમાં હોય, મુશ્કેલીમાં હોય તો બીજાની મુશ્કેલી એ કઈ રીતે દૂર કરી શકે? એટલા માટે રાજય સરકારે સૌથી પહેલાં એક એવું કામ કર્યુ છે કે પોલીસ અને એના પરિવારમાં કોઈને ગંભીર બિમારી હોય, એ પોતે કોઈ બિમારીથી પીડાતો હોય, બાકીની કોઈ મુશ્કેલી હોય તો એનું હેલ્થ ચેકિંગ કરીને હેલ્થ કાર્ડ આપવાનું કામ કર્યુ છે, પોલીસ કર્મચારીને માનસિક તણાવમાંથી મુકત કરવાનું એક સારું કામ કર્યુ છે એના કારણે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરી રહી છે એમાં બળ મળી શકે છે.બીજું કામ સરકારે એ કર્યુ છે કે જો રાજયમાં પોલીસ હોય જ નહીં અને પોલીસની મોટા પ્રમાણમાં ઘટ હોય તો કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું કામ કોના દ્વારા આપણે કરી શકીએ? તો એના માટે આ રાજય સરકારે આવીને પોલીસ કર્મચારીઓની મોટા પાયા ઉપર ભરતી કરી અને એમાં પણ ટેલેન્ટ, પ્રમાણિકતા, એફીશીયન્સી હોય એમની ભરતી કરી છે અને જે અત્યારે હાલ તાલીમ લઈ રહયા છે અને આ જે પોલીસમાં ભરતી થઈને તાલીમ

લઈ રહયા છે એ કરાઈ ખાતે તાલીમ લઈ રહયા છે. એમને આપણે આધુનિક તાલીમ આપી રહયા છીએ. કોમ્પ્યુટરના જાણકાર અને પ્રમાણિક લોકોની આપણે ભરતી કરી છે એના કારણે હજુ પણ આજે જે છે એના કરતાં પણ વધારે સુધારો થવાની ખૂબ શકયતાઓ રહેલી છે અને એ માટે રાજય સરકારને હું ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી વાત કરતા હતા ત્યારે મને લાગતું હતું કે આદરણીય અર્જુનભાઈ હોંશિયાર માણસ છે તેવી મારી સમજ હતી. પરંતુ એમણે જે વિષયો મૂકયા, અને તેઓ જ્યારે વાત કરતા હતા ત્યારે કોઈ પણ જાતનો • * (xxxxxx) કોઈ પાયો ન હોય, પૂરાવો ન હોય, અને કોઈ ચોરા ઉપર ઊભા રહીને ભાષણ આપતા હોય અને બાકીના લોકોને સંભળાવતા હોય તેવું મને દેખાતું હતું. આવી અપેક્ષા માનનીય અર્જુનભાઈ પાસે સ્વાભાવિકપણે ન હોય કારણ કે તેઓ વિરોધપક્ષના નેતા છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બહુ સારું ભાષણ કરે છે, પણ વિરોધ પક્ષના નેતા માટે એમ કહેવું કે તેઓ * (xxxxxx) બોલે છે તે શબ્દો બરાબર નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, આવા શબ્દો તેઓ બોલ્યા છે તે રેકોર્ડ ઉપર થી દૂર કરવા જોઈએ.

**અધ્યક્ષશ્રી** : એવું બોલ્યા છો ?

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : ના, સાહેબ નથી બોલ્યો, એવું બોલ્યો હોઉં તો કાઢી નાખજો.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે વાતની વિશ્વસનીયતા તરફ પણ આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. આખા દેશમાં જેને માન્યતા મળી છે તેવી બે વિશ્વસનીયતા છે, એક તો ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી ને માન્યતા મળી છે અને આખા દેશમાં કોઈપણ દૂર્ઘટના બને તો તેની ચકાસણી ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીમાં કરાવવા માટેની એને માન્યતા મળી છે, અને બીજી વિશ્વસનીયતા છે એ ગુજરાતની પ્રજાને જે પ્રમાણે સુરક્ષા આપી છે તે પ્રમાણે આખા દેશના એક મોડેલ રૂપે કોઈ વ્યકિત ઉપસ્યા હોય અને પ્રજાની સુરક્ષા માટે જેમનું નામ હોય, અને દેશના કોઈપણ ખુણે જઈને પૂછીએ તો એમ કહેશે કે સલામતી ગુજરાત જેવી, અને આતંકવાદ સામે લડવા માટે ખુલ્લો પડકાર ફેંકી અને દૃઢ ઈચ્છા શકિત વાળું કોઈ નેતૃત્વ અને કોઈ વ્યકિત હોય તો તે ગુજરાતના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી છે. એટલે ગુજરાતની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, બન્નેની એક ઈમેજ દેશભરમાં બનેલી છે.

હું સરહદી વિસ્તારમાંથી આવું છું. મારો વિસ્તાર આખો રણ પ્રદેશ છે. જેમાં ૧૮ હજાર કિલોમિટર જેટલું રણ આવેલું છે તેવો આ વિસ્તાર છે અને પાકિસ્તાનને અડીને આવેલો છે. અને ૫૦ કિલો મિટર જેટલી જમીનની સરહદ પાકિસ્તાન સાથે આવેલી છે. એ વિસ્તારમાં પહેલા મોટા પ્રમાણમાં ઘૂસપેઠ થતી હતી. મોટા પ્રમાણમાં આર.ડી.એકસ અને શસ્ત્રો પણ ત્યાંથી આવતા અને પકડાતા હતા. દસ-પંદર વર્ષ પહેલા અહીં ગુજરાત સરકારનું કોઈ શાસન નહોતું. પણ ત્યાં એવું લાગતું કે શાસન જાણે મહેબુબ રાણાનું હોય, સુલેમાન ચીત્રાનું હોય, રેનુબાવાનું હોય, ઉસ્માન બાટલીનું શાસન હોય તેવું દેખાતું હતું. સરકારના મોટા મોટા નેતાઓ હોય તેમની બાજુમાં ગુનેગારો બેસતા હતા અને તેને કારણે મોટા મોટા પોલીસ અધિકારીઓનું મનોબળ પણ ઘટી ગયું હતું. બહારથી ઘૂસપેઠ કરવા વાળાને તે વખતે રક્ષણ મળતું અને ઘૂસપેઠ જબરજસ્ત હતી, આજે એ સરહદી વિસ્તારના લોક પ્રતિનિધિ તરીકે હું ગૌરવ લઈ શકું છું કે આ સરહદી વિસ્તારમાંથી એક પણ ઘૂસપેઠીયો ઘૂસી શકે નહીં તેવી જડબેસલાક વ્યવસ્થા ત્યાં આજે ઊભી થઈ છે. સૂઈ ગામના પોલીસ સ્ટેશનમાં આંતરે દિવસે પાકિસ્તાની ઘૂસ પેઠ કરનારા પકડાતા હતા, ખાવડા અને સાંતલપુરમાં પણ પકડાતા હતા, અને જ્યારે પકડવામાં આવતાં ત્યારે એવું બધાને કહેતા કે અમે તો સિનેમા જોવા, ભારતીય હીરો, હીરોઈનને જોવા માટે આવ્યા છીએ. અને ક્યારેક પછી તેને છોડી પણ મૂકવામાં આવતા હતા. અને આજે ત્યાં જડબેસલાક વ્યવસ્થાને કારણે એ ઘૂસપેઠ બંધ થઈ છે. સરહદી વિસ્તારોમાં જે પ્રમાણે કામ થઈ રહ્યું છે તેના માટે પણ હું સરકારને અભિનંદન આપું છું.

બીજો એક વિષય પણ આજે મારે ધ્યાન ઉપર મૂકવો છે, દેશની અંદર પોલીસની તાકાત જે પ્રમાણે શસ્ત્રો હોય છે તે જ પ્રમાણે પોલીસને કાયદાની પણ તાકાત આપવી જોઈએ. અને કાયદાની તાકાત આપવાનું આખી દુનિયામાં ચાલે છે. ૧૧મી સપ્ટેમ્બર ૨૦૦૧ના દિવસે અલ કાયદાના હુમલામાં પાંચ હજાર લોકો મૃત્યુ પામ્યા ત્યારે યુ.એન.ના પ્રતિનિધિ જોન ડી નીગો પોન્ટેએ પત્ર લખી અને યુ. એન. ને મોકલ્યો કે અમે અમારા દેશમાં બહુ કડક કાયદો બનાવી રહ્યા છીએ. તારીખ ૨૬-૧૦-૨૦૦૧ના રોજ અમેરિકાએ કાયદો બનાવ્યો, કેનેડાએ કાયદો બનાવ્યો, ૩૧-૧૦-૨૦૦૧ના રોજ ફ્રાન્સે પણ કાયદો ઘડ્યો, જાપાન, બ્રિટન અને આપણે હિન્દુસ્તાન પણ ૧૬-૧૦-૨૦૦૧ના રોજ કાયદો વટહુકમથી લાવ્યા. આખી દુનિયાએ આ બે મહિનાની અંદર કાયદો બનાવ્યો. આખી દુનિયાએ આ આતંકવાદ સામેનો કાયદો બનાવ્યો જ્યારે એક માત્ર હિન્દુસ્તાન નામનો દેશ છે જેણે આ કાયદો રદ કર્યો છે. દુનિયા આતંકવાદ સામે લડી રહી છે ત્યારે એની સામે લડવા માટે વધારે મજબૂત કાયદો બનાવવો

---

• * (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

જોઈએ એના બદલે આપણે એ કાયદો રદ કરીને આતંકવાદીઓને કહીએ કે અમારા દેશમાં આવો, અમે તમારા ઉપર રાજી છીએ, તમને મદદ કરીશું, તમને કાયદો કંઈ નહિ કરે. કાયદો પોલીસ પાસે ન હોય ત્યાં સુધી કંઈ ન થઈ શકે. આપણે ત્યાં હાલ ચેતક કમાન્ડો ફોર્સની રચના કરવામાં આવી છે. એને બુલેટ પ્રૂફ જેકેટ, ટેલીસ્કોપીક વિઝન, નાઈટ વિઝન ગોગલ્સ આપ્યા છે. પરંતુ એનું મનોબળ વધારવા માટે ગુજકોકનો કાયદો આપવો જોઈએ. માત્ર બંદૂકના આધાર ઉપર પોલીસ કયાં સુધી લડી શકે એને કાયદાનું રક્ષણ આપવું જોઈએ, કલમની તાકાત આપવી પડે. તેથી હું મારા મિત્રોને વિનંતી કરીશ કે આ ગુજકોકનો કાયદો ગુજરાતની પ્રજાની સલામતી માટે જરૂરી છે. ગુજરાતની પ્રજાની સલામતી ઇચ્છતા હોય તો આ કાયદો સત્વરે મંજૂર કરવો પડે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય રમેશભાઈ મિસ્ત્રી...

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરૂચ)** : માનનીય મંત્રીશ્રી ગૃહ અને વાહનવ્યવહાર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના સમર્થનમાં બોલવા માટે ઊભો થયો છું.

રાજકારણને શકયતાની કળા કહેવામાં આવે છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના સતત માર્ગદર્શન અને દોરવણીના કારણે ગુજરાતમાં એ સાધ્ય કરી બતાવ્યું છે. ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીના છ આઠ મહિના પહેલાથી સમગ્ર ગુજરાતમાં ગૌરવયાત્રાના નામથી રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગઈ વિધાનસભાની ચૂંટણીનું પ્રચાર અભિયાન શરૂ કર્યુ હતું ત્યારે સમગ્ર ગુજરાતની જનતા તે સમયે અને છેલ્લા ૩૫ વર્ષમાં આ ગુજરાતમાં કોંગ્રેસે આપેલા શાસનમાં અને જે પ્રકારે ગુજરાત આર.ડી.એકસ, એ.કે. ૫૬, અસામાજિક તત્ત્વો તથા દેશ વિરોધી તત્ત્વોથી બારૂત ઉપર બેઠું હતું તેવા સંજોગોમાં આ ગુજરાતની પ્રજા એવી અપેક્ષા સાથે રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આગામી પાંચ વર્ષ માટે રાજયની શાસનધૂરા સંભાળવા માટે આપી ત્યારે રાજયની જનતાને એમને આપેલા વચનો કે આ ગુજરાતમાં ગુજરાતની ધરતી ઉપર મોતના સોદાગરો માટે એક ઈંચ પણ જમીન હશે નહિ. એ વાતને આ ચાર વર્ષ દરમિયાન રાજયના મુખ્યમંત્રીશ્રી, ગૃહ મંત્રીશ્રી અને ગૃહ વિભાગે સાર્થક કરી બતાવેલ છે જે આપણે જોઈ રહ્યા છીએ.

ગુજરાતનું સંપૂર્ણ જીવન એક ઉત્સવ છે, એ ગુજરાતમાં પ્રત્યેક દિવસ ઉત્સવ, શોભાયાત્રાઓ અને પરીક્ષાઓ જે છેલ્લા ચાર પાંચ વર્ષથી આપણે સૌ જોઈ રહ્યા છીએ. ભૂતકાળમાં એવી સ્થિતિ હતી કે ગુજરાતમાં રથયાત્રા હોય કે ગણેશ વિસર્જન યાત્રા હોય, ચાર-પાંચ-છ દિવસ પહેલાં છાપામાં હેડીંગ સાથે આવતું હોય કે આટલા હજાર પોલીસ કર્મચારીઓ, ઈવન હૅલિકૉપ્ટર, રથયાત્રાઓની સુરક્ષા માટે તેનું પેટ્રોલીંગ કરવામાં આવે. આ પ્રકારની સ્થિતિમાં ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું. આજે મને જણાવતાં આનંદ થાય છે કે રથયાત્રા હોય કે ગણેશ વિસર્જન યાત્રા હોય, આ ગુજરાતમાં ક્યારે આ ઉત્સવો આવે છે અને ક્યારે પૂરા થઈ જાય છે, સલામતીની દૃષ્ટિએ ગુજરાતની જનતા બેફિકર છે. લોકો આનંદથી આ ઉત્સવોમાં ભાગ લઈ રહ્યા છે. મને કહેતા કંપારી છૂટે છે કે જે સ્થિતિમાં ૧૯૯૫માં ૧૦ વર્ષથી રાજય સરકારના હાથમાં શાસન આવ્યું તે પહેલાં ગુજરાતમાં વલસાડથી કચ્છ સુધી લઈ લો તો એકેએક નમૂનાઓ ગુજરાતમાં આપણે જોયા છે કે એક એક જિલ્લાઓને, સમગ્ર રાજયને બાનમાં લેતા ફરતા હતા. વલસાડમાં ઈજ્જુ શેખ, સુરતમાં મોહમ્મદ સુરતી, ભરૂચમાં ઈસ્માઈલ ડેકા, અમદાવાદમાં આખી લતીફની વહાબ ગેંગ, ગજજુખાન પઠાણ, કચ્છમાં ઈભલા શેખ. આજે જ આ વિધાનસભામાં ચર્ચા થતી હતી. આમના જ સાથીઓ આમના જ કાકા-મામાઓની જાણે વકીલાત થતી હોય એ પ્રકારે આજે ગૃહમાં ચર્ચા થાય છે. મને એમ લાગે છે કે આજે ગૃહમાં જે પ્રકારની ચર્ચા થઈ છે, જે પ્રકારે કેન્દ્રની સરકારે યુ.પી.એ.ની સરકાર બની કે તરત જ પોટાનો કાયદો લોકસભામાં લાવીને તેને નાબૂદ કરવા માટેની જે પહેલ કરી, જે પ્રકારે પોટાનો કાયદો નાબૂદ કરવા માટે યુ.પી.એ. સરકાર બની અને ત્યારથી જ ક્યારે લોકસભાનું સેશન મળે અને પોટાનો કાયદો નાબૂદ કરવા માટેનું બિલ લાવવામાં આવે. આટલી અધિરાઈ કોંગ્રેસના અને યુ.પી.એ. સરકારના નેતાઓના ચહેરા ઉપર તેના નિવેદનમાં વર્તાતી હતી એ જ પ્રકારની અધિરાઈ અને એ જ પ્રકારનો જોશ મને લાગે છે કે આજે ગૃહમાં જે આતંકવાદીઓ માટે, સમાજ વિરોધી તત્ત્વો માટે જે પ્રકારના શબ્દોનું ઉચ્ચારણ થયું, મને લાગે છે કે પોટાની નાબૂદી પછી સૌથી ખુશ થવા માટેનું જો કોઈ પ્રવચન હોય અને જો કોઈ નિર્ણય હોય, કોઈ કામ કર્યું હોય તો આજે ગૃહમાં થયેલું નિવેદન છે. મને લાગે છે કે આતંકવાદીઓને, આ સમાજવિરોધી તત્ત્વોને કદાચ આજે તેમને બળ પૂરું પાડે તેવી શક્યતા અમે જોઈ રહ્યા છીએ અને એટલા માટે ફરીથી આજે આ ગૃહમાં આગામી પાંચ વર્ષ માટે જ્યારે આ વર્ષમાં ઇલૅક્શન આવી રહ્યું છે ત્યારે હું ચોક્કસ ગંભીરતાપૂર્વક કહું છું કે આ રાજયના મુખ્યમંત્રી અને રાજયના પોલીસ વિભાગે ફરીથી ગુજરાતની પાંચ કરોડની જનતાને એક મેસેજ આપવો પડશે કે આ પ્રકારની કોઈ પણ પ્રવૃત્તિ ગુજરાતમાં જો કોઈ કરવાની હિંમત કરશે કે તેને પરોક્ષ રીતે પ્રોત્સાહન આપવા માટેના ઉચ્ચારણ કરશે તો ગુજરાતની જનતા કોઈ પણ સંજોગોમાં સાંખી લેશે નહીં અને ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાતનો પોલીસ વિભાગ આ માટે સતર્ક છે.

ગુજરાતમાં જે પ્રકારની ઔદ્યોગિક ક્રાંતિ આવી રહી છે, પ્રદિપસિંહભાઈએ કહ્યું એ પ્રમાણે ૧૨,૧૩ જાન્યુઆરીએ જે ૪ લાખ ૬૧ હજાર કરોડના મૂડીરોકાણ થયા છે, મને એમ લાગે છે કે આ ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિના વાતાવરણમાં, ગુજરાતમાં સંપૂર્ણ શાંતિના વાતાવરણમાં આ મૂડીરોકાણો એ તરફ નિર્દેશ કરે છે કે ગુજરાત એ દેશનું સૌથી શાંત અને પ્રગતિશીલ રાજય છે. સતત સતર્કતા એ આઝાદીની કિંમત છે. આવું

આપણાં રાજકીય ચિંતકો કહી ગયા છે અને મને લાગે છે કે ગુજરાતના પોલીસ તંત્રએ આ સતર્કતા દાખવવામાં ગુજરાતમાં કોઈ કસર બાકી રાખી નથી. આપણી એફ.એસ.એલ., આખા વિશ્વમાં અને આખા દેશમાં આવી અનેક વ્યવસ્થાઓ આપણી એફ.એસ.એલ.માં છે. જે દેશના અન્ય રાજયોમાં નથી. સાઈકોલોજીકલ પ્રોફાઈલીંગ, ફોરેન્સીક રીહેબીલીટેશન, ફૅમિલી કોર્ટોના કેસોનું રીકન્સીલેશન, મૅન્ટલ હેલ્થ ઓથોરિટીની સહાય, નાર્કોએનાલીસીસ ઑપરેશન થિયેટર વિશ્વમાં માત્ર એક ગુજરાતમાં છે. એફ.એસ.એલ. દ્વારા કાર્યરત મોબાઈલ ઇન્વૅસ્ટીગેશન વાન એ સમગ્ર દેશમાં ગુજરાતમાં એક માત્ર પ્રથમ છે. એફ.એસ.એલ. નેશનલ રિસોર્સ સૅન્ટર તેને કેન્દ્ર સરકારે ગુજરાતના આ સીસોર્સ સૅન્ટરને જાહેર કર્યું છે. ઉચ્ચ કક્ષાની નિપૂણતા, વિશ્વાસનીયતા, એના કારણે આજે ગુજરાતમાં એવી સ્થિતિ થયેલી છે કે દેશના ન્યાયાધીશો એ દેશભરના એફ.એસ.એલ.ની મદદ લેવા માટે તત્પર છે. ગુજરાતમાં જે પ્રકારે એસ.ટી.નો અદ્યતન વિભાગ બનાવવામાં આવ્યો છે એ પ્રકારે રાજયમાં વિવિધ પ્રકારની લગઝરી સુવિધા સાથે એસ.ટી. બસો એ લોકોની સુવિધા માટે ઉતારવામાં આવી છે. રાજયમાં લગભગ ૨૪૭૫૫ સી.એન.જી. ઓટોરીક્ષા રજીસ્ટર કરવામાં આવી. ૫૩૭૬૭ જેટલી એલ.પી.જી. લાઈટ મોટર વીહીકલ એનું રૂપાંતર કરવામાં આવ્યુ છે. રાજયના પર્યાવરણને ધ્યાનમાં લઈને સી.એન.જી.ની ઝુંબેશ જે આખા રાજયમાં શરૂ થઈ રહી છે એનાથી રાજયના વાતાવરણમાં પણ મોટો ફર્ક આવી રહ્યો છે. સમગ્ર ચેકપોસ્ટોનું કોમ્પ્યુટરાઈઝેશનનો પ્રોજૅકટ હાથ ધરવામાં આવી રહ્યો છે. નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત આ વાહન વ્યવહાર વિભાગ એ સી.એન.જી. આંતરરાજ્ય સંચાલન કરતુ દેશનું પ્રથમ નિગમ એ ગુજરાત રાજયમાં સ્થાપિત કર્યુ છે. નિગમની તમામ વિભાગીય અને મધ્યસ્થ કાર્યાલયને કોમ્પ્યુટરાઈઝેશનથી લીંક કરેલ છે. ઈંધણ કાર્યદક્ષતા મેડલ અને સંખ્યાબંધ એવોર્ડ અને સીલ્ડ આ રાજયના વાહનવ્યવહાર નિગમને મળ્યા છે. ગુજરાતમાં જે પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે, જે પ્રકારે ગુજરાત સરકાર, ગુજરાતનો ગૃહ અને વાહન વ્યવહાર વિભાગ દેશના અન્ય રાજયોની તુલનામાં જે પ્રકારે ઝડપથી આગળ વધી રહ્યો છે એ જોતા મને લાગે છે કે આ રાજય સરકાર એ આગામી ૨૦૦૭-૦૮ના વર્ષમાં જે લક્ષ્યાંક સેવેલ છે એ આગામી દિવસોમાં પૂરું કરીને રહેશે. નિર્મળ ગુજરાત અંતર્ગત તાલુકાના બસસ્ટેશનનું રંગરોગાન કરી પ્રાથમિક સુવિધા સહિત અપડેટ કરવાનું આયોજન છે.

**ડૉ. ચંદ્રિકા બેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં માનનીય મંત્રીશ્રી ગૃહ વિભાગ, કલ્પસર વિભાગ અને વાહન વ્યવહારની માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે. માગણીઓ ખૂબ મોટા પાયા પર વધારો કરી, એમાં ગૃહ વિભાગમાં જે માગણીઓ કરવામાં આવી એમાં જૂદી જૂદી માગણીઓ ગણીએ અને આખી માગણી ગણીએ તો દર વર્ષ કરતાં ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭એમાં વધતી જાય છે. સ્વાભાવિકપણે ગુજરાતનો વિકાસ કરવો હોય તો કાયદો અને વ્યવસ્થા સંગીન બનાવવી જોઈએ અને આટલા બધા એમ.ઓ.યુ. કર્યા ત્યારે જો કાયદો અને વ્યવસ્થા ન હોય તો એમ.ઓ.યુ. કાગળ ઉપર રહે અને કાર્યરત ન થાય એટલે માગણીઓ લઈને આવ્યા, માગણીઓ આવે, મંજૂર પણ કરે પણ મારે એ પૂછવું છે કે ગયા વર્ષે આ જ વિભાગની અંદર આપણે માગણીઓ મૂકી અને આપણે શું કાર્યવાહી કરી?

ઘણીબધી વાતો થઈ, મારા સન્માનનીય ભાઈશ્રીઓએ કાયદો અને વ્યવસ્થાની વાતો કરી, કોઈએ ગોડફાધરની વાત કરી, કોઈએ બીજી વાત કરી, મારે તો એટલું જ કહેવું છે કે અમારા ગોડફાધરે તો હાકલ કરી કે જેમ આઝાદીની અંદર મહિલાઓ લડવા નીકળી હતી એમ જયાં રાવણનું રાજય હોય ત્યાં મહિલાઓ લડવા નીકળે એમાં કંઈ વાંધો નથી પણ આપના ગોડફાધરે શું કર્યુ એમણે તો શસ્ત્રોની દલાલી કરી અને એમાં ૨ લાખ જેવી રકમ લેતા મીડીયામાં, દુનિયાએ જોયા, મને એમ લાગે છે કે આનાથી વધારે મારે કંઈ કહેવાનું નહીં હોય, ગત વર્ષોની મારે આ વાત નહોતી ઉચ્ચારવી પણ ગત વર્ષોની ઘણીબધી વાતો અહીંયા થઈ, મોહમદીને આમ કર્યુ, ફલાણાએ આ કર્યુ, ફલાણાએ પેલું કર્યુ, કાયદો વ્યવસ્થામાં મારે બહુ સ્પષ્ટ કહેવું છે કે સગો બાપ હોય તો પણ એની સામે કાર્યવાહી થવી જોઈએ. ગુનેગારને કોઈ પક્ષ, કોઈ જ્ઞાતિ કે કોઈ આગેવાન નથી હોતો, કાયદો કાયદાનું કામ કરે, માનનીય સુનિલભાઈએ કહ્યું કે અમરેલી જિલ્લામાં આ થયું, હું આજે પડકાર ફેંકીને કહુ છું કે એની સામે તપાસ થાય અને એની સામે ગુનો સાબિત થાય તો એને ફાંસીના માંચડે ચડાવી દો. એમાં અમારે કંઈ કહેવાનું નથી પણ સવાલ એ આવીને ઉભો રહે, કોઈક કરે એ કંઈક અને આપણે કરીએ એ લીલા. એ વાતનો મેળ નહિ પડે અને એટલે જ હમણાં ઊંચા વ્યાજે નાણા ધીરનાર એક વ્યવસાયકારે દિનેશ મહેતા નામના વેપારીને ધોળા દિવસે ભર બજારમાં મારી નાખ્યો. એટલું જ નહિ, પણ અહીંના સન્માનનીય ધારાસભ્યના દવાખાના પાસે લાશ રાખી અને એ લાશ ચાર કલાક સુધી પડી રહી. આ બીજા કોઈની વાત નથી કરતી પણ અહીંયા બેઠેલા માનનીય ધારાસભ્યની હૉસ્પિટલ પાસે ચાર કલાક લાશ પડી રહી. શું થયું? ફરિયાદ થઈ શકી? એની સામે તપાસ થઈ? અને તપાસ થઈ તો આ મરનાર વેપારી કે બીજા એમ.ઓ.યુ. કરી ઉદ્યોગો માટે આવનાર વેપારી સલામત નથી. લાશ ક્યાં મૂકે તો ભારતીય જનતા પક્ષના ધારાસભ્યના દવાખાના સામે. રાજકારણમાં એક બીજા પ્રત્યેની હરીફાઇ હોય, ક્યાંક સુરેશભાઈ હોય, ક્યાંક કેશુભાઈ હોય કે ક્યાંક અમારા હોય. રાજકારણમાં આવું ચાલે પણ પોલીસ વિભાગમાં રાજકારણ આવ્યું એ આ છેલ્લા વર્ષોની દેન છે. એટલા માટે કે ભાઈ વાત કરતા હતા આતંકવાદની અને ત્રાસવાદની. મારે સ્પષ્ટપણે કહેવું છે કે, દેશમાં અને રાજ્યમાં રાષ્ટ્રદ્રોહ કરનાર વ્યકિત હોય એને જે સજા કરવી હોય એ કરે. કારણ કે કાયદો, સુપ્રિમકોર્ટ અને હાઈકોર્ટ એનું કામ કરે છે. શોરાબુદ્દીનની વાત

અહીં ઘણા બધાએ કરી પણ એક મહિલા તરીકે ગૃહ વિભાગના ઝાંબાઝ અધિકારી ગીતા જોહરીને મારે ધન્યવાદ આપવા છે. એટલા માટે ધન્યવાદ આપવા છે કે આખી તપાસનો રિપોર્ટ એણે સબમિટ કર્યો. તાત્કાલિક પેટમાં દુખ્યું, તાત્કાલિક તકલીફ પડી એટલે એ તપાસ પાછી ખેંચાઈ અને કોઈ બીજા સારા અધિકારીને અપાઈ. એ તપાસ પણ પાછી ખેંચાઈ. એ તપાસનું શું થયું? પણ સુપ્રિમ કોર્ટ છે એટલે વાત નહિ રહે. એ રિપોર્ટ જોઈતો હોય તો આપના ટેબલ ઉપર આવીને આપી જઈશ. (અંતરાય) હું ગૃહમાં કહું છું કે આ રિપોર્ટ હું આપીશ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : જીભ છે, ક્યાંક વળી જાય.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપની ઑફિસમાં આવીને આપીશ. (અંતરાય) હું માનનીય અધ્યક્ષશ્રીના ટેબલ ઉપર મૂકીશ. હું સ્પષ્ટ કહું છું કે હું જેમાં બોલું છું ત્યારે એક પણ શબ્દ આઘોપાછો નહિ બોલું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના ટેબલ ઉપર નહીં મૂકાય. ગૃહના ટેબલ ઉપર મૂકાય.

**અધ્યક્ષશ્રી .** : મારા ટેબલ ઉપર નહીં, ગૃહના ટેબલ ઉપર. (અંતરાય) સચિવશ્રીની ઑફિસમાં મૂકાય.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : હું મૂકીશ. હું ગૃહમાં મૂકીશ. નહિ મૂકું તો રાજીનામું આપી દઈશ. આ ગૃહ વિભાગના એક ડી.સી.પી. પટેલે આપઘાત કરવો પડ્યો. એણે શા માટે આપઘાત કરવો પડ્યો? કયું કામ કરવાથી, કયા ગુનામાં એનું નામ આવતું હતું કે એણે આપઘાત કર્યો? એમાં પણ અધિકારીઓનું રાજકારણ. પોલીસમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા વ્યક્તિએ આપઘાત કરવો પડે તો બીજાની શું દશા? રક્ષક જ ભક્ષક બને? આજની વાત કહું તો આજે ઘાટલોડિયામાં જે બનાવ બન્યો છે એમાં પી.એસ.આઈ. કોની સાથે પકડાયા? જેની સાથે પકડાયા છે એનું નામ આપી શકું પણ નહિ આપું. એનો રિપોર્ટ તપાસી લેજો. એ પી.એસ.આઈ. જે ગેસ્ટ હાઉસમાંથી પકડાયા છે એની તપાસ કરો. ગૃહ વિભાગનો અધિકારી એ મહત્ત્વનો અધિકારી છે. ગૃહ વિભાગના ઘણા અધિકારીઓ છે કે જેને હૃદયપૂર્વક અભિનંદન આપવાનું મન થાય. પોતાની જાન ઉપર ખેલીને એ રાજ્યની કાયદો અને વ્યવસ્થાને સંભાળે છે. પણ એવા અધિકારીઓ કે જે ચાંપલુસી કરે, કોઈકની આગળ-પાછળ ફરે, એમને ક્યાંક સારી જગ્યાએ મૂકે એ માટે એ કહે એમ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત વાહનવ્યવહાર વિષે કરવી છે. આ વિભાગ ખાડે ગયો છે એટલા માટે અકસ્માતોની વણજાર વધી છે. ગામડામાં એસ.ટી.ના રૂટો બંધ થયા છે અને માનનીય મંત્રીશ્રીને મારે કહેવું છે કે છકડોરીક્ષા સીટીબસની જેમ ચાલે છે એમાં ગૃહવિભાગ બેફામ હપતા લે છે એ બંધ કરો નહિતર ગામડાના માણસ એકેય રોડ ઉપર નહિ આવી શકે. સીટીબસ એ માત્ર શહેરની અંદર ચાલતી બસ છે પણ એ રોડ પર ચાલે છે. જુનાગઢ-પોરબંદર, પોરબંદર-ઊંઝા અથવા બીજા વિસ્તારમાં પણ ચાલતી હશે એને અકસ્માત્ થાય અને એમાં જ્યારે માણસ મૃત્યુ પામે છે ત્યારે એને વીમો પણ મળતો નથી તો આમાં આપે જે જોગવાઈ કરવી હોય એ કરો અને ગામડામાં બસ નથી મળતી પણ આ રાજ્યમાં, આ સરકારમાં જુદા જુદા ૧૫ રાજકીય કાર્યક્રમો થયા. મારી અગાઉના ધારાસભ્યશ્રીએ કહ્યું કે આ સરકાર ઉત્સવપ્રિય સરકાર છે મને ગમે છે, ઉત્સવ કરે પણ સવાલ એટલો જ છે કે ૧૫ રાજકીય કાર્યક્રમોમાં ૫૫૬૯ બસોનો ઉપયોગ કરાયો. આ રાજકીય કાર્યક્રમમાં માણસોને લાવવામાં અધિકારીઓ લાવે કાંઈ વાંધો નહિ. બસના ઉપયોગમાં ૨ કરોડ ૧૯ લાખનો રાજ્ય સરકારે ખર્ચ કર્યો. એકબાજુ ગામડામાં બસ મળતી નથી અને ૨ કરોડ ૧૯ લાખ જેટલો ઉપયોગ રાજકારણમાં સતત થયા કરે એ બાબત બહુ ગંભીર છે અને હું આ માગણી સાથે સંમત નથી.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યાં છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે કાયદો અને વ્યવસ્થાના ઝડપી અમલીકરણ માટે સંદેશા વ્યવહારની અત્યંત આધુનિક બનાવે. કોમ્પ્યુટરમાં જીસ્વાન નેટવર્ક એ બધી જુદીજુદી આધુનિક સેવાથી જોડવાનો પ્રયત્ન કર્યો છે, પણ જે પાયાનો માણસ કામ કરે છે, જે કોન્સ્ટેબલ કહેવાય એની જગ્યા લગભગ ૫૮૦૦ ખાલી છે એ સરકાર પૂરે તો કદાચ ગામડામાં ચોરી થાય છે એ ચોરી અટકે. કારણ કે પરિસ્થિતિ એ છે કે ધાડ, લૂંટ, ખૂન એ કેસોમાં સતત વધારો થતો જાય છે. વસ્તી વધારો થયો છે પણ આજે નાગરિક સૂઈ શકતો નથી. આજે એક માણસ બહારગામ જાય ત્યારે મકાન ભૂલથી ખુલ્લુ રહી ગયું હોય તો ચોરી અવશ્ય થાય છે. એટલે મંત્રીશ્રીને વિનંતી છે કે આ ગુના જે વધતા જાય છે એમાં માનનીય મંત્રીશ્રી વિચારે.

બીજી એક વાત મારે એ કહેવી છે કે આ ગુનેગારોને છાવરવાનું કામ આ સરકાર કરતી હોય, ગુનાઓને દબાવતા હોય એવા કામ કરે છે. મારા વિજયનગર તાલુકામાં ગયા વર્ષે બોદર એક છોકરાનું ખૂન થયું. છોકરાના વાલીએ રજૂઆત કરી, મેં પણ રજૂઆત કરી, આજની તારીખે એક વર્ષ થયું હોવા છતાં એ લેટરનો જવાબ શુદ્ધાં નથી મળ્યો આ તંત્રની કામગીરી છે? આગલા દિવસે ખૂન થયું અને ડોગ સ્કવોર્ડ બીજા દિવસે રાત્રે કુતરા લઈને અધિકારી આવે અને તે પણ અંધારું થયા પછી, કામગીરીમાં જીસ્વાનથી જોડવાની વાત કરે છે. આ રસ્તો સવા

કલાકનો રસ્તો છે છતાંય પોલીસના માણસો એક ગુનો ના શોધી શક્યા અને પત્રકારને પણ ધમકી આપવામાં આવે કે તમે છાપશો નહિ. આ સરકાર દબાવવાની કોશિશ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહારમાં અત્યારે ગામડામાં બસ ઓછી થઈ જાય. દર વર્ષે હજારેક બસો ખરીદાય છે. ગામડામાં મોટા પ્રમાણમાં બસ રોડ સાઈડે પડેલ હોય, પાટો તૂટી ગયો હોય કાં તો પંચર પડેલું હોય છે. આ સરકારમાં જેમ પ્રજાને વિશ્વાસ નથી રહ્યો એમ બસમાં બેસવાનો પણ પ્રજાને વિશ્વાસ નથી રહ્યો કારણ કે એસ.ટી.નું તંત્ર ખાડે ગયું હોઈ કોઈ માણસ બેસવાનો નથી એટલે એસ.ટી.નિગમની આવક ઘટી ગઈ છે. સરકારનો આશય ધીરે ધીરે ખાનગીકરણ તરફ લઈ જવાનો દેખાય છે. સરકાર એમ વિચારે છે કે બસના થોડાક સ્ટેન્ડો ખાનગી સંસ્થાઓને સોંપવા.થોડી બસો પણ ખાનગી સંસ્થાઓ દ્વારા ચાલે એ પ્રમાણે સરકારનું આયોજન હોય એ દેખાઈ રહયું છે.

હોમ ગાર્ડ માટે એક વાત કરવાની છે, એ રોજ હાજરી પૂરાવવા આવે છે, એને ૧૪ રૂપિયા રોજ મળે છે અને એના માટે એ બે થી ત્રણ કિલો મિટર દૂરથી આવે છે, એ એને પોષાય નહીં તો મંત્રીશ્રીને વિનંતી છે કે, હોમ ગાર્ડનું ભથ્થું વધારે, આજના જમાના પ્રમાણે શકય હોય એટલું એનું ભથ્થું વધારે. માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે કહેવું છે કે, જે આ હોમ ગાર્ડો ગમે તે સરકાર જે જવાબદારી સોંપે એ જવાબદારી એ સ્વીકારતા હોય છે પણ ચૂંટણી આવે, નગરપાલિકાની ચૂંટણી હોય, તાલુકા પંચાયતની ચૂંટણી હોય, જિલ્લાની ચૂંટણી હોય, વિધાનસભાની ચૂંટણી હોય કે લોકસભાની ચૂંટણી હોય કોઈપણ ચૂંટણી આવે તો એ ચૂંટણીમાં કયારેય પણ એમને મત આપવાનો અધિકાર રહેતો નથી. કારણ કે, એમને ખબર જ નથી હોતી. હું દર વખતે એમને પૂછું કે તમારો મત? તો એ કહે કે, એમને ડી.એસ.પી.એ કોઈ જાણ નથી કરી. તો હવે પછીની ચૂંટણીઓમાં એમને મત માટે વ્યવસ્થા કરશો તો એ લોકો એમના અધિકારથી વંચિત ન રહે.

માનનીય અધ્યક્ષશ્રી, નશાબંધી માટે મારે કહેવું છે, સરકાર નશાબંધીની વાત જરૂર કરે છે. ગયા વખતે ૨૨ કરોડ રૂપિયા એના માટે ફાળવ્યા હતા, આ વખતે ૧ કરોડ ૨૩ લાખ રૂપિયા જ ફાળવ્યા છે. નશાબંધી માટે કેટલા જાગૃત છો? દારૂ ઘુસાડવાનું કામ પોલીસ જ કરે છે, અમારા શામળાજી ખાતે ટ્રકો ભરી ભરીને દારૂ આવે છે. પોલીસ ખાતું પણ જાણે છે પણ કોઈ દિવસ પોલીસ ખાતું આ દારૂની ટ્રકો પકડતી નથી. હા એકાદ બોટલ કે અડધી બોટલ દારૂ પીવા ગયો હશે એને જરૂર પકડે છે, પણ પેલા ટ્રકોના ટ્રકો દારૂ આવે છે એ દારૂ કયારેય નથી પકડાયો. એ દારૂ કાં તો અમદાવાદમાં કયાંક ભૂલથી પકડાય, મહેસાણામાં કયાંક પકડાય, આખુ તંત્ર જાણે છે છતાં પકડતા નથી. આર.ટી.ઓ.કચેરી ખાતે પોલીસ જ, પી.એસ.આઈ. જે અમારા શામળજીના છે એ લોકો હેરાફેરી કરાવે છે, ત્યાંના લોકોએ મને રજૂઆતો કરી, એટલે હું રૂબરૂ ગયો, ત્યારે આ પી.એસ.આઈએ લોકોને પેલા જે ગલ્લાવાળા ૧૫૦ ગલ્લાનો માલસામાન તોડી નાખ્યો, આ સાચી વાત છે, હું રૂબરૂ ગયો હતો. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આપ તપાસ કરો, પી.એસ.આઈ.એ ખુદે એ જે ૧૫૦ ગલ્લાવાળાના માલસમાન તોડી નાખ્યા અને કોઈપણ એના વિરુધ્ધ ફરિયાદ કરે તો એમના વિરોધીઓની મારઝૂડ કરતા હોય છે. આમ તો પોલીસનું કામ તો રક્ષણનું છે ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આની ઉંડી તપાસ કરે આ લોકો માલસામાનની હેરાફેરી જાતે કરાવે છે અને પ્રજાને હેરાન ન કરે એટલી મારી વિનંતી છે. બીજું ગામડામાં બસો આવે છે એ બસો પાછળ ધુમાડા બહુ કાઢે છે, તો એમાં કયું ડિઝલ વપરાય છે એની ખબર નથી? તો આ ગામડાની બસોમાં સી.એન.જી.ની જોગવાઈ એના માટે પણ છે કે કેમ ? ( સમય સૂચક ઘંટડી )

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ, બંદરો અને વાહનવ્યવહારની માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા સૂચનો કરું છું અને માગણીમાં સંમત થાત પણ પોલીસના જે મિત્રો છે એમના માટે કાંઈક લાવ્યા હોત. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા પ્રદિપસિંહ બાપુ જતા રહયા, બધા એ વખાણ જ કર્યા છે, બધા અમારા સામાવાળા મિત્રોએ, એક માણસ એવો નથી બોલ્યો કે આ પોલીસ તંત્રમાં ચોવીસ કલાક કામ, કોઈ એમની લિમિટ છે ખરી? દરેક વિભાગનાં આઠ કલાક છે, આપણા કાયદામાં પણ આઠ કલાક છે. પોલીસ વિભાગને કોઈ કલાક જ નથી, ચોવીસ કલાક, એના માટે કોઈએ વિચાર્યુ છે ખરું, એક સૂચન કર્યુ છે ખરું કે એમાં એક જમાદાર જાય તો બીજો જમાદાર આઠ કલાકમાં આવે, તો એનું પણ ઘર છે, એ પણ માણસ છે. પોલીસની સ્વાતંત્રતા દબાવી દીધી છે. આ ગુના, ચોરી, લૂંટ, અપહરણ, ઘાડ કેમ બને છે? કારણ કે, સરકારે પોલીસની સ્વતંત્રતા દબાવી દીધી છે એમની રીતે એ કામ કરી શકતા નથી, એમની જાતે નિર્ણય લઈ શકતા નથી માટે જ આ બધું થયું છે. ભલે આ બધા ગૌરવ લેતા હોય પણ ધોળે દિવસે લૂંટો, બળાત્કારો, અપહરણો એની કોઈ લિમિટ નથી પરંતુ એકલા વખાણ જ કરવાથી કાંઈ વહીવટ સારો નથી થતો. તો પોલીસ માટે પણ જેમ બીજા વિભાગો છે એ રીતે એમના વિભાગમાં પણ તમે આઠના બાર કલાક કરો બીજે આઠ હોય તો પણ બાર-બાર કલાકમાં બીજો માણસ આવે અને પૂરતા રહે. આપણે કહીએ છીએ કે, ચાલો આઠ-આઠ કલાકની ડયૂટી પણ ત્યાં ૧૧ની જગ્યાએ ચાર જ હોય, સાતની ઘટ હોય તો એમ ન ચાલે. તમામ વિભાગમાં ડબલ કામ થઈ શકશે પણ પોલીસમાં નહીં થઈ શકે. માટે પ્રથમ તો સો ટકા ભરતી કરવી જોઈએ. એના વિભાગના તમામ વર્ગ-૧ થી માંડીને વર્ગ-૪ સુધી તમામ કેડરના માણસો ભરવા જોઈએ તો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુધરશે. બાકી તો વાત અને વખાણ સિવાય કશું નથી.

ડીસાની અંદર ધોળા દિવસે લગભગ ૩૫ લૂંટ થઈ. એક પણ ચોરી પકડાઈ નથી. કોઈના પેટનું પાણી હલતું નથી. મંત્રીશ્રીને વાત કરી, ફરિયાદ કરી. એની સાથેસાથે અપહરણ પણ એટલા જ થયા છે. ૧૦ દિવસ પહેલાની વાત કરું મારા જિલ્લામાં સુઈ ગામની અંદર પાદર ગામની અંદર એક દીકરીને ઉપાડી ગયા છે. સરકારના પેટનું પાણી હલતું નથી. દરેક મા-બાપને દીકરી વહાલી હોય છે. મોટા માણસની મોટી ઈજ્જત હોય છે. નાના માણસની નાની પણ ઈજ્જત હોય છે. એ ગરીબ છે, અહીં સુધી આવી શકતા નથી. રજૂઆત કરી શકતા નથી એને ધકેલીને બહાર મોકલે છે. એક પણ માણસ તપાસ કરતા નથી. મારા ભાઈને ત્યાં ચોરી થઈ છે. મેં મંત્રીશ્રીને આવીને વાત કરી છે. મેં એને નામ આપ્યું છે કે આ ચોરી ગયો છે. બીજાની કયાં વાત કરું મારો પોતાનો દાખલો આપું છું. ઘણીબધી ક્ષતિ છે. ખામી છે એને સુધારવા માટે કાંઈક લાવો તો અમે સંમત થઈએ. તમારા માટે વાહવાહ કરીને પાટલી થપથપાવીએ પરંતુ એક દીકરીનું અપહરણ થાય, કેસ થાય નહીં, લૂંટ થાય ધોળે દહાડે અને છતાં પેટનું પાણી હલતું ન હોય તો પણ વખાણ કરો. પેલા છાપીને આપે અને એ વાંચે. મંત્રીશ્રી વાસ્તવિકતાની વાત કરે. ગુના ઓછા નોંધાય છે પણ તમે પૂછો વિભાગ ગુના નોંધતા નથી. કોઈ મારા જેવા બાથોડા લે તો નોંધે. બાકી પટાવી દે જા અહીંથી. ગરીબ માણસ શું કરે? જે તે વિસ્તારમાં જઈને પૂછો તો ખબર પડે. ચોરની ગાડી ભાગે એના કરતા વધારે ઝડપથી પોલીસની ગાડી ભાગે એવી વ્યવસ્થા હોવી જોઈએ. ચોરની ગાડી સવાસોની ઝડપે ભાગે અને પોલીસની ગાડી ૬૦ની ઝડપે ભાગે. જૂના જમાનાની ઠોઠિયું જીપ આપેલી છે. કયાંક ચોર પકડાય એના માટે કાંઈક વિચારો. આધુનિક સાધનો આપો, વ્યવસ્થા આપો તો ચોર પકડાય. કોમ્પ્યુટર મૂકીને ડેટા ફીટ કરવાથી ચોર ન પકડાય. ગુના ન પકડાય એટલે આ બધી વ્યવસ્થા કરવી પડે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે પોલીસ કેડરની તમામ જગ્યા ભરી દો. એક પણ જગ્યા ખાલી ન રહે. બીજા વિભાગની અંદર પણ ૮ કલાક, ૧૨ કલાકની વ્યવસ્થા આપે. ગામડાંનું ઈન્ટીરીયર પોલીસ સ્ટેશન હોય ત્યાં રહેવાની વ્યવસ્થા કરે તો કામ કરી શકે. છોકરા ભણતા હોય તો એક પગ પોલીસ સ્ટેશનમાં હોય અને એક પગ દ ારે હોય. ચોરી થાય, ગુનો થાય, આગ લાગે તો પોલીસે હાજર રહેવાનું. એના છોકરાઓને ભણવાનું ઠેકાણું નથી. એની કોઈ ચિંતા કરતું નથી. એની જવાબદારી સરકારની છે. એને પૂરેપૂરી વ્યવસ્થા આપે તો ડબલ કામ થશે એ મંત્રીશ્રી જોશે. સાથેસાથે એસ.ટી.ની વાત છે. એસ.ટી.ની અંદર જાહેરાત આપી."વગર કન્ડકટરની બસ", "હાથ ઊંચો કરો અને બસ ઉભી રહે'.

**શ્રી દોલતભાઈ પરમાર (વડગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ગૃહવિભાગની માગણીઓ લઈને આવ્યા છે, ત્યારે એ માગણી ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું. કોઈપણ ટીકા-ટિપ્પણ વિના ગૃહ ખાતાની નફીકરી કામગીરીનો મારે માત્ર આછો ખ્યાલ આપવો છે.

રાજ્યમાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઈ છે, કથળી ગઈ છે. એ ફિગર સાથે ફેક્સ આપવા માગું છું. રાજ્યમાં જાન્યુઆરી ૨૦૦૬ થી જાન્યુઆરી ૨૦૦૭ ના અંતે છેલ્લા ૧૩ માસમાં સામૂહિક આત્મહત્યા ૨૦ અને વ્યક્તિગત આત્મહત્યાના ૫,૨૮૮ બનાવો બન્યા છે. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં ૬ માસમાં ૯૭૨ બાળકો ગુમ થયાં છે અને તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં છેલ્લા ૧૩ માસમાં ૧,૨૧૬ ખૂન, ૯૮૦ લૂંટ, ૪૨૩ બળાત્કાર, ૧,૧૭૧ અપહરણ અને ૫,૩૦૮ આત્મહત્યાના બનાવો બન્યા છે. રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખૂન-૧,૧૮૯, લૂંટ-૯૭૭, ચોરી ૧૮,૪૭૬, બળાત્કાર-૩૮૮, અપહરણ ૧,૧૨૭ અને આત્મહત્યાના ૪,૮૩૦ બનાવો બન્યા છે. તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ રાજ્યમાં સ્ત્રી આત્મહત્યાના ૫૨૬ બનાવો બન્યા છે. તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ બનાસકાંઠામાં પોલીસ સબ ઈન્સ્પૅક્ટર-૧૭, આસિ.સબ ઈન્સ્પૅક્ટર / હેડ કૉન્સ્ટેબલ-૫૦, પોલીસ કૉન્સ્ટેબલ-૧૧૯, લોકરક્ષકની ૬૨ જગ્યાઓ ખાલી છે. તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ દરમ્યાન અનુસૂચિત જાતિના લોકોના મૃત્યુ, ખૂન, વ્યથા, મહાવ્યથા તથા બળાત્કારના કુલ ૫૧૭ કિસ્સાઓ નોંધાયા છે. તા. ૨૬-૧૦-૨૦૦૬ થી તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં મહિલાઓ ઉપરના ઘરેલું હિંસા અત્યાચારના ૨૧૩ બનાવો બન્યા છે. ડિસેમ્બર ૨૦૦૬ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ૧,૫૭૯ જગ્યા ખાલી અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૨૮ જગ્યા વિવિધ પોલીસ સ્ટેશનોમાં ખાલી છે. તા. ૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અપમૃત્યુના ૧૨,૪૦૨ કિસ્સા નોંધાયા છે. તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં ૨૦૭ અને પાટણ જિલ્લામાં ૧૬૩ પોલીસ કર્મચારીઓની જગ્યાઓ ખાલી છે. ડાંગમાં ૩૨ પોલીસ આવાસોની ઘટ છે. તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ વલસાડમાં ૧૫૨ પોલીસની ઘટ છે. અમદાવાદ મધ્યસ્થ જેલમાં તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ ૪,૨૪૭ કેદીઓ છે, જ્યારે જેલમાં કેદીઓને રાખવાની ક્ષમતા ૧,૬૭૧ ની છે. તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં ૫,૮૧૧ કૉન્સ્ટેબલની જગ્યા ખાલી છે. તા. ૨૪-૧૧-૨૦૦૩ થી લોકાયુક્ત ખાતે જજની જગ્યા ખાલી છે. તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ૨૭૯ પોલીસ કર્મચારીઓની ઘટ છે. તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ૩૭૧ બાળકોનાં અપહરણ બનાવો બન્યાં છે. તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ બે વર્ષના ગાળામાં રાજ્યમાં અસ્પૃશ્યતા ધારા હેઠળ અત્યાચારના ૧૨ બનાવોની ફરિયાદો મળી છે. તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ૨૪૦ પોલીસ કર્મચારીઓની જગ્યા ખાલી છે. તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ૨ વર્ષમાં સ્કૂલમાંથી બાળકોનાં અપહરણનાં ૪ અને અન્ય જથ્થાએથી અપહરણનાં ૬૧૮ મળી કુલ ૬૨૨ બાળકોનાં અપહરણનાં કિસ્સા નોંધાયાં છે. ડિસેમ્બર-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્યમાં સ્ત્રીઓના

અપમૃત્યુના ૫,૪૨૬ કિસ્સા નોંધાયા છે. આ બધા ફિગર આપવાની સાથે ગઈ તા. ૮ મી માર્ચના રોજ અમે દલિત ભાઈઓની શાંત અને અહિંસક રેલી કાઢી હતી. એ શાંત અને અહિંસક રેલીની બહેનો ઉપર અમાનુષી રીતે વોટર કેનનો મારો, ટિયર ગેસના બેસુમાર ટોટાનો આડેધડ ઉપયોગ, બેફામ લાઠીચાર્જ અને પોલીસ દ્વારા પથ્થરમારો કરીને સેંકડોની સંખ્યામાં દલિત કાર્યકર ભાઈ-બહેનોને જંગલિયાતભરી રીતે રેલીને વિખેરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, એટલું જ નહિ અંગ્રેજોના શાસનની યાદ અપાવતા ઘોડાઓને દલિતો ઉપર દોડાવીને (અંતરાય) ભયંકર અત્યાચાર થયો હતો. ( સમય સૂચક ઘંટડી) એક બનાવ નોટિસ ઉપર લાવવા માગું છું. ગયા વર્ષે સાબરકાંઠાના મેઘરજના ફાધર હતા, એ ભણવાનું કામ કરતાં હતાં, તેઓ ગાડી લઈને જતા હતા એમને પોલીસે રોક્યા.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આઈ.કે. જાડેજા

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (બંદરો અને મત્સ્યોદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, બંદરો વિભાગની જે માગણીઓ આજે ગૃહમાં લઈને આવ્યો છું અને આમ તો સામાન્ય રીતે બંદરો વિભાગનો કોઈ ખર્ચ તે રાજય સરકારના તંત્રમાંથી સીધો થતો નથી. મહદ્‌અંશે મેરીટાઈમ બોર્ડ દ્વારા આ પ્રકારની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે અને તેના દ્વારા ખર્ચ કરવામાં આવે છે. આ વખતે બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો સંયુકતરીતે કર્મચારીઓના પગારના ખર્ચની માગણી લઈને આવવાનું બન્યું છે. આમ છતાં માનનીય સભ્યશ્રીઓએ જે વિચારો વ્યક્ત કર્યા છે ત્યારે બંદરો વિભાગના વિકાસની કેટલીક બાબતો ટૂંકમાં રજૂ કરીશ. રાષ્ટ્રના કુલ દરિયાકાંઠામાંથી ૧/૩ જેટલો ભાગ એટલે કે ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકાંઠો આપણું રાજય ધરાવે છે. આ સંપત્તિનો યોગ્ય ઉપયોગ થાય અને આ સંપત્તિ દ્વારા રાજયનો યોગ્ય વિકાસ હાથ ધરીશકાય તે માટે આ સરકારે વિવિધ કાર્યો સાથે બંદરો વિભાગની પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ મૂકી છે.

મારા મુરબ્બી મિત્ર બાબુભાઈ કહેતા હતા. ૧૯૮૧,૧૯૮૫, ૧૯૯૦, ૧૯૯૫ ની જે વાત કરી ત્યારે હું કહીશ કે ૧૯૯૫માં જ્યારથી ભારતીય જનતા પાર્ટી ગુજરાતમાં શાસનમાં આવી ત્યારથી બંદરો માટેના આગવા વિકાસની અને પ્રાઈવેટાઈઝેશન માટેની યોગ્ય પદ્ધતિની અમલવારી શરૂ થઈ છે અને તે દિશામાં જે પ્રકારે બંદરો માટેનો વિકાસ થયો છે તેણે ગુજરાતની સમૃદ્ધિના નવા દ્વાર ખોલ્યા છે. અત્યાર સુધીમાં ૧૩ હજાર કરોડ જેટલું ખાનગી રોકાણ બંદરો દ્વારા હાથ ધરાયું છે. વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા બંદરો ઉપરના ટ્રાફિકના ઘટાડાની વાત કરતા હતા અથવા તો વધારો થયો છે તો સામાન્ય થયો છે તેની વાત કરતા હતા. ત્યારે દેશના બંદરોનો ટ્રાફિક ૫૬૮.૯૪ મિલિયન મૅટ્રિક ટન રહેલો છે ત્યારે આજના દિવસે રાજયના બંદરોનો ટ્રાફિક ૧૦૮.૩૭ મિલિયન મૅટ્રિક ટન રહેલો છે. તેમાં માનનીય બાબુભાઈ કંડલા કે.પી.ટી.નો સમાવેશ થતો નથી. ફક્ત રાજયના બંદરોનો ટ્રાફિક ૧૦૮.૩૭ મિલિયન મૅટ્રિક ટન રહેલો છે. દેશના બંદરોના ટ્રાફિકની તુલનામાં ૧૯ ટકા ટ્રાફિક આજે આપણે ધરાવીએ છીએ. દેશના જે રાજયો દરિયાઈ સંપત્તિ ધરાવે છે તે દરિયાઈ રાજયોની તુલનામાં એકલા ગુજરાતનો આ પ્રકારનો ટ્રાફિક ૭૫ ટકા જેટલો થાય છે. જે સમગ્ર દેશમાં સૌથી વધારે છે. ૧૯૯૫માં બંદર નીતિ બન્યા પછી જે ૪૧ જેટલા નાના અને મધ્યમ કક્ષાના બંદરોના વિકાસ માટેની કાર્ય પદ્ધતિ હાથમાં લીધી તેમાં ૧૯ જેટલી કૅપ્ટિવ જેટીઓ અને ૧૦ જેટલી ખાનગી જેટીઓ માટે જે પ્રકારની કાર્યપદ્ધતિ હાથ ધરાઈ છે તેના કારણે એક વિશેષ પ્રકારનો લાભ ગુજરાતના બંદરીય ક્ષેત્રે પ્રાપ્ત થયો છે. ૧૯૯૫માં બંદરોની ક્ષમતા ગુજરાતની ૨૩ મિલિયન મૅટ્રિક ટન હતી તે ૨૦૦૬ના અંતમાં ૧૮૦ મિલિયન મૅટ્રિક ટન પહોંચી છે. તે બતાવે છે કે દૂરંદેશી વિકાસ લક્ષી નીતિ અને યોજનાઓની ત્વરિત અમલવારી માટેની કાર્યપદ્ધતિ અને બંદરો માટેની સ્પષ્ટ નીતિ સમગ્ર દેશ માટે ઉત્તમ માધ્યમ ગુજરાત બને, બંદરીય ક્ષેત્રે ઉત્તમ માધ્યમ બને તે પ્રકારના રાજય સરકારે પ્રયત્નો કર્યા છે. ૧૧મી પંચવર્ષીય યોજનામાં આ ટ્રાફિક ૪૦૦ મિલિયન મૅટ્રિક ટન થાય તે પ્રકારની કાર્યપદ્ધતિ સાથે આગળ વધી રહ્યા છીએ. સમગ્ર દેશમાં ૪૦ ટકા જેટલો હિસ્સો એકલા ગુજરાતનો રહેશે. તે બતાવે છે કે આગામી દિવસોમાં ગુજરાતમાં બંદરોના ક્ષેત્રમાં કયા પ્રકારનો વિકાસ થવાનો છે? કયા પ્રકારની કાર્ય પદ્ધતિની અમલવારી થવાની છે? બંદરોના આયાત નિકાસની જે પ્રકારની નીતિ રહેલી છે તેમાં ૧૯૯૫માં ગુજરાતના નાના અને મધ્યમ કક્ષાના બંદરો ઉપરથી ૧૭ મિલિયન મૅટ્રિક ટન ટ્રાફિકની આયાત નિકાસની હેરાફેરી થતી હતી. ત્યારે ૨૦૦૬ના અંત સુધીમાં ૧૭ મિલિયન મૅટ્રિક ટનમાંથી ૧૦૮ મિલિયન મૅટ્રિક ટન સુધી પહોંચી શક્યા છીએ. એ ટૂંકાગાળાના વર્ષોમાં ૫૩૫ ટકા જેટલો વધારો આપણે કરી શક્યા છીએ. છેલ્લા પાંચ વર્ષમાં રાજયના નાના બંદરો ૨૦૦૦માં ૪૮ મિલિયન મૅટ્રિક ટનની કાર્યપદ્ધતિ અમલમાં હતી અને ૨૦૦૬માં ૧૦૮ મિલિયન મૅટ્રિક ટન થયેલું છે. જે બતાવે છે કે પાંચ વર્ષમાં નાના બંદરોની અંદર ૧૨૫ ટકાનો વધારો આપણે કરી શક્યા છીએ. રાજયમાં ટ્રાફિકનો વધારો એ દેશના ટ્રાફિક વૃદ્ધિ કરતાં બમણો છે, સારાય દેશમાં ટ્રાફિક વધારો જે દર વર્ષે થાય છે એના કરતાં ગુજરાતનો ટ્રાફિક વધારો ભારતના દેશની સરેરાશ એવરેજ કરતાં બમણા દરે થાય છે અને ગુજરાત મૅરી ટાઇમ બોર્ડની આવક ૨૦૦૦ની સાલમાં ૧૦૩.૧૮ કરોડની હતી, ૨૦૦૬માં ૩૦૩.૩૨ કરોડ રૂપિયા સુધી આવકને આપણે પહોંચાડી શક્યા છીએ. પાંચ વર્ષમાં ૫૭ ટકા જેટલો વધારો થયો છે એ બતાવે છે કે મૅરી ટાઇમ બોર્ડની આવક ત્યારે વધે કે જ્યારે યોગ્ય દિશામાં બંદરોની નીતિની પદ્ધતિની અમલવારી સાથે યોગ્ય દિશામાં કાર્ય કરવાની આપણે શરૂઆત કરી હોય. રાજય સરકારને પણ વોટર ફંડ રૉયલ્ટીના લગભગ ૧૦૦ કરોડ રૂપિયા જેટલા આ કાર્યમાંથી પ્રાપ્ત થાય છે. પાંચ વર્ષમાં, મારા મિત્ર માનનીય સુનીલભાઈએ કહ્યું એ

મુજબ મુંદ્રા, પીપાવાવ, દહેજ, હજીરા બંદરોના વિકાસનું કાર્ય આપણે હાથ ધરી શક્યા છીએ. દહેજ બંદર એ દેશનું પ્રથમ એલ એન્ડ ટી ટર્મીનલ વિકસાવી શક્યા છીએ. દેશનું પ્રથમ કૅમીકલ ટર્મીનલ દહેજ ખાતે આપણે પ્રસ્થાપિત કરી શક્યા છીએ. દેશની પ્રથમ બ્રોડગેજ રેલવે લાઈન ખાનગી મૂડી રોકાણથી મુંદ્રાનું ૫૭ કિલોમીટરનું કાર્ય પૂર્ણ થયું છે. પીપાવાવનું ૨૮૨ કિલોમીટરના કામની શરૂઆત કરેલી છે, જે દેશમાં પહેલો પ્રોજૅક્ટ આ પ્રકારનો લઈને આપણે ચાલીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭માં જે પ્રકારનો ગુજરાત વિશ્વ ક્ષેત્રે ઔદ્યોગિક માટે થઈને પ્રસ્થાપિત થઈ રહ્યું છે, એકલા બંદર ક્ષેત્રે ખાનગી કંપનીઓ સાથે ૨૪ સમજૂતી કરારો સાથે ૧૩૬૫૪ કરોડના મૂડીરોકાણ માટેના સમજૂતી કરારો થયેલા છે. આ રાજય જે પ્રકારની બંદર નીતિ માટેની એક અલગ પ્રકારની આગવી કાર્યપદ્ધતિ અપનાવી રહ્યું છે ત્યારે રાજયમાં શીપ બિલ્ડીંગ યાર્ડની શરૂઆત થાય એના માટેની કાર્યવાહી આપણે નક્કી કરેલી છે. મુંદ્રા ખાતે ૧૫૦૦ કરોડના મૂડી રોકાણથી વિશ્વ કક્ષાનું શીપ બિલ્ડીંગ યાર્ડ સ્થાપવા સૈદ્ધાંતિક મંજૂરી અપાઈ ગયેલી છે અને દહેજ ખાતે પણ આ પ્રકારની એક મંજૂરી અપાયેલી છે જે આગામી દિવસોમાં સમગ્ર દેશમાં શીપ બિલ્ડીંગ યાર્ડ માટેની એક નવી પ્રવૃત્તિ ગુજરાત દ્વારા અલગ સ્વરૂપે શરૂ થવાની છે. અલંગ શીપ બ્રેકિંગ ઉદ્યોગોને પૂર્વવત કરવા માટે આ માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ દ્વારા વારંવાર વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા અને એ માટે થઈને રાજય સરકારે નવી નીતિની જાહેરાત કરી અને નવી નીતિના કારણે અગાઉ જે વાહનો આવતાં હતા, શીપ જે આવતા હતા એમાં ચાર પાંચ ઘણો વધારો આપણે કેટલાક મહિનાઓમાં કરી શક્યા છીએ. કેન્દ્ર દ્વારા કસ્ટમ એકસાઈઝ ડ્યૂટી માફ કરવા માટેની આ ગુજરાત રાજયની શીપ બ્રેકિંગ અલંગના બધા જ જે આમાં સંકળાયેલા છે એ બધા જ ઉદ્યોગકારોની ઘણા લાંબા સમયની માગણી રહેલી છે કે જો આ એક્ષસાઈઝ ડ્યૂટી માફ કરવામાં આવે કેન્દ્ર સરકાર દ્વારા તો આ ઉદ્યોગને, આ ઉદ્યોગોની અંદર જીવતા બધા જ લોકોને એક અલગ પ્રકારનું જીવનદાન પ્રાપ્ત થાય. આ વખતે પણ અફસોસ છે કે કેન્દ્ર સરકારે એના બજૅટમાં આ માગણી સ્વીકારી નથી. મૅરી ટાઇમ ઇન્સ્ટિટ્યૂટ માટેનો વિચાર આપણે વ્યક્ત કરેલો છે. ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ દ્વારા પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમા ઈન પૉર્ટ મેનેજમેન્ટ આપણે શરૂ કર્યો છે એની સાથે સાથે મરીન ક્ષેત્રે તાલીમ સંકુલ વાયબ્રન્ટ ગુજરાત, અર્બન વાયબ્રન્ટ ગુજરાતની જે ગ્લોબલ સમીટ યોજાઈ એ વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમમાં આ વખતે જુદા જુદા શૈક્ષણિક બાબતોનો પણ ઉમેરો થયેલો છે અને ચાર જેટલા સમજૂતી કરાર શૈક્ષણિક જુદી જુદી સંસ્થાઓ સાથે આ પ્રકારના મરીન ક્ષેત્રે તાલીમો પ્રાપ્ત થાય એ માટેની કાર્યપદ્ધતિ અપનાવવામાં આવી છે. મત્સ્યદ્યોગના વિકાસ માટે થઈને ધોલાઈ બંદરને આધુનિકતાથી વિકસાવવાનું હાથ ધરેલું છે. અને ઓખા બંદરનું પણ આયોજન હાથ ધરાયેલું છે. છેલ્લે હું ૨૦૦૭-૦૮માં જે પ્રકારની વિશેષ બાબતો આગામી દિવસે ગુજરાતમાં બંદરીય ક્ષેત્રે હાથ ધરવાની છે એની એક મિનિટમાં વાત કરીને મારી વાણીને વિરામ આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૭-૦૮માં અલંગ ખાતે ઑઈલ રિસેપ્શન જેટી, ઓખા ખાતે પેસેન્જર જેટી, પોરબંદર ખાતે વધારાની જેટી, નવલખી બંદરે સ્ટોર પ્રોટકશન બેડી, ઓખા, નવલખી બંદર ખાતે સ્ટોરેજની વિશેષ સુવિધાઓ જુદા જુદા બંદરોને રાજયના અને દેશના ધોરી માર્ગ સાથે જોડવા રસ્તાઓના કામો, જાફરાબાદ, નવલખી, પોરબંદર અને ઓખામાં વહીવટી સંકુલો, ઓખા મત્સ્ય બંદર વિકસાવવાના વગેરે કામો હાથ ધરવાનું ૨૦૦૭-૦૮નું આયોજન છે. મારા વિસ્તારમાં બગસરા ખાતે મીઠાંની નિકાસ માટે જે.ટી. બાંધવાનું આયોજન છે, નર્મદા અને તાપી નદીમાં આંતરદેશી જળમાર્ગ અને દરિયા કિનારાના બંદરો ફરતી કોસ્ટલ શીપીંગની શકયતા ચકાસવા માટે તજજ્ઞોની નિમણૂક કરવામાં આવી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત બે નવી ટગો, બે એસ.પી.બાઝ, મોબાઈલ ક્રેઈન વગેરે સાધનો સાથે એક આધુનિકતાનું આયોજન હાથ ધરાયેલું છે. આ પ્રકારે જ્યારે સમગ્ર ઉત્તર ભારત માટેનું વ્યાપારનું કેંદ્ર ગુજરાતનું બંદરીય ક્ષેત્રો બનવાનું છે ત્યારે આગામી વર્ષોમાં જે પ્રકારનું આયોજન હાથ ધરાયેલ છે એના કારણે ગુજરાતનું બંદરીય ક્ષેત્ર એ ગુજરાત માટે સમૃદ્ધિના નવા દ્વાર ખોલશે.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહ અને વાહન-વ્યવહાર વિભાગની માગણીઓ લઈને હું ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું એના ઉપર આ સન્માનીય ગૃહના લગભગ આઠ જેટલા સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધ પક્ષના નેતાનું ભાષણ હું બરાબર ધ્યાનથી સાંભળતો હતો અને હું પેન અને કાગળ પણ લઈને બેઠો હતો. પરંતુ એમાં સૌરાબુદીનના નામ સિવાય કશું લખવા જેવું ન હતું. એની

એજ ચવાયેલી વાતો અને એની ગૃહમાં અનેક વાર ચર્ચા થઈ છે અને સાબિત થયેલ છે એવી હકીકતો ગૃહના રેકર્ડ ઉપર મૂકી અને સતત જાણે એક વાત એમને કોઠે પડી ગઈ છે કે એક જૂઠ સો વાર બોલીએ એટલે સત્ય બની જાય એવું એમણે માની લીધું લાગે છે અને એટલે જ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળી છે, કથળી છે એમ સતત છેલ્લા ત્રણ મહિનાથી એક જ રેકર્ડ વગાડે છે. ગૃહમાં પણ એમણે આજ વાત કરવાનું ચાલુ રાખ્યું. આમ તો મને હતું કે પ્રશ્નોત્તરીના સમયમાં ઘણી બધી વાતો ગૃહના ટેબલ ઉપર આવી ગઈ છે એટલે આ વાતનો કદાચ ઉલ્લેખ નહીં કરે. પરંતુ એમણે કર્યો એટલે મારે જવાબ આપવો પડે છે. એટલે માનનીય અધ્યક્ષશ્રી, કદાચ કોઈ રિપિટેશન થતું હોય તો આપ જરા મન મોટું રાખશો એવી વિનંતી  છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના સભ્યશ્રઓએ કહ્યું કે, ગુજરાતની અંદર ખૂન, ખૂનની કોશિશ, લૂંટ, ધાડ, બળાત્કાર, અપહરણ આ બધી ઘટનાઓ ખૂબ વધી છે અને ગુજરાત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં પાછળ પડતું જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક આંકડા હું આપવા માગું છું. જે ભારતની યુ.પી.એ. સરકારે કાઢેલા આંકડા છે, ગુજરાતની મોદી સરકારે કાઢેલા આંકડા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હિંસક ગુનાઓ જેને કહેવાય જેનો આગળ મેં ઉલ્લેખ કર્યો એમાં ભારતની વસતિના પ્રમાણમાં દર લાખે ભારતમાં ૧૮.૩ છે. સમગ્ર ભારતની વસતિના પ્રમાણમાં આ રેટ નોંધાયેલો છે અને ગુજરાતમાં દર લાખે ૧૧.૫ ગુનાઓ નોંધાયા છે, અને મને જણાવતાં આનંદ થાય છે કે, આમ સમગ્ર ભારતમાં આપણે નીચામાં નીચી જગ્યાએ છીએ. સૌથી ઓછો હિંસક ગુનાઓનો દર ગુજરાતમાં છે. રાજસ્થાનમાં લાખે ૧૬.૫, હિમાચાલ પ્રદેશમાં ૧૮.૧, મહારાષ્ટ્રમાં ૧૮.૧, હરિયાણામાં ૧૮.૨, ઓરિસ્સામાં ૧૮.૮, કર્ણાટકમાં ૧૮.૯, મધ્યપ્રદેશમાં ૨૨.૪, કેરલમાં ૨૮.૨ અને ઝારખંડમાં ૨૮.૨ છે. આ બધા રાજયો કરતા ગુજરાતની અંદર ગુજરાતનો આંક સૌથી નીચો છે. આમ છતાં વિપક્ષને એવું લાગતું હોય કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળેલી છે તો એમની નજરમાં કોઈ દોષ છે, ગુજરાતની ગૃહ વિભાગની કામગીરીમાં દોષ નથી. ખૂનની વાત કરું તો દર એક લાખે ૩ ખૂન ભારતમાં થાય છે જયારે ગુજરાતનું એનું પ્રમાણે ૧.૯ નું છે અને સમગ્ર દેશમાં ગુજરાતનો ક્રમ ૨૪ મો છે. ખૂનની કોશિશમાં સમગ્ર દેશમાં દર લાખે ૨.૫ ખૂનની કોશિશ થાય છે જયારે ગુજરાતમાં દર લાખે ૦.૮ થાય છે અને સમગ્ર દેશમાં ગુજરાતનો ક્રમ ૨૭ મો એટલે કે નીચેથી બીજો છે. ધાડનો સવાલ છે ત્યાંસુધી સમગ્ર દેશનો દર ૧.૫ છે અને પ્રોસ્પેરિટીનો વધારો છે એટલા માટે ધાડમાં ૧.૫ છે અને આપણે ત્યાં વધારો થયો નથી. બળાત્કારના સંદર્ભમાં કહેતા હતા અને મહિલાઓની વાત કરતા હતા કે મહિલાઓ અસલામત બની છે તો મારે કહેવું છે કે સમગ્ર દેશમાં દર લાખે ૧.૬ બળાત્કારનો દર છે એની સામે ગુજરાતમાં કેવળ ૦.૬ છે અને સમગ્ર દેશમાં ઓછામાં ઓછા બળાત્કારનો દર ગુજરાતમાં નોંધાયો છે. છતાંય તેમને એવું લાગે છે કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરાબર નથી. આવા તો ૧૮ જેટલા ગુનાઓની યાદી મારી પાસે છે અને જો એ વાંચવા જાઉં તો મારાં રચનાત્મક સૂચનોની વાત છે એ રહી જાય એટલે આ હું ટોકન સમજાવવાનો પ્રયત્ન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્નોત્તરીમાં પણ અનેકવાર આ ચર્ચાઓ નીકળી છે. માનનીય વિરોધપક્ષના દંડકશ્રીએ વાત કરી હતી કે ગુજરાતની સરખામણી બિહાર સાથે ના થાય, ગુજરાતની સરખામણી રાજસ્થાન સાથે ના થાય, ગુજરાતની સરખામણી મધ્યપ્રદેશ સાથે ના થાય, તો માનનીય બલવંતસિંહભાઈ,  ગુજરાતની સરખામણી કોની સાથે ના થાય? અહીં સારામાં સારી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ છે, પરંતુ મારે તો ગુજરાતની જ ગુજરાત સાથે સરખામણી કરવી છે કે કોંગ્રેસ શાસિત ગુજરાત અને ભાજપ શાસિત ગુજરાત આ બે ગુજરાતની મારે સરખામણી કરવી છે. તો આ રાજયમાં ૧૯૯૧ થી ૧૯૯૪ દરમ્યાન કોંગ્રેસનું શાસન હતું અને ૨૦૦૩ થી ૨૦૦૬ માં ભાજપની સરકારનું શાસન રહયું હતું એની સરખામણી હું આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું અને વિરોધપક્ષના સભ્યશ્રીઓને પણ જણાવવા માગું છું કે જેથી અહીં કમસે કમ બોલતા હોય એ બોલે, પરંતુ પ્રજા આગળ ના બોલે નહીંતર પ્રજા તો સત્ય જાણે જ છે. તો ૧૯૯૧ થી ૧૯૯૪ માં આ રાજયમાં ૫૯૪૩ ખૂન નોંધાયાં હતાં અને એ પછી વસતિ વધી છે તેમ છતાંય ૨૦૦૩ થી ૨૦૦૬ માં ૪૫૧૩ ખૂન નોંધાયાં છે, એટલે કે ૧૪૩૦ ખૂન તેમના ૪ વર્ષના શાસન કરતાં વસતિ વધવા છતાં અમારા ૪ વર્ષના શાસનમાં ઓછાં થયાં છે અને ખૂનના ગુનામાં ગુજરાતમાં ૨૪ ટકાનો ઘટાડો નોંધાયો છે. ખૂનની કોશિશ ૧૯૯૧ થી ૧૯૯૪ માં ૩૨૫૩ થઈ હતી અને ૨૦૦૩ થી ૨૦૦૬ માં વસતિ વધવા છતાં ૧૮૬૪ થઈ છે એટલે કે ૧૩૮૯ ખૂનની કોશિશમાં ઘટાડો થયો છે અને ૪૨ ટકા જેટલો ઘટાડો થયો છે, ધાડમાં ૧૯૯૧ થી ૧૯૯૪ માં ૧૪૪૮ ધાડ નોંધાઈ હતી અને

૨૦૦૩ થી ૨૦૦૬ માં ૧૩૦૯ નોંધાઈ છે એટલે કે એમાં પણ ૧૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. ઘરફોડી ચોરી તમામ ૧૯૯૧ થી ૧૯૯૪ માં ૨૩૨૫૯ થઈ હતી એ ૨૦૦૩ થી ૨૦૦૬ માં વસતિનું પ્રમાણ અને પ્રોપર્ટીનું પ્રમાણ વધવા છતાં ૨૧૭૩૧ થયું છે અને એમાં પણ ૬.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. ચોરીઓ તમામ એની અંદર પણ ૧૯૯૧ થી ૧૯૯૪ માં ૮૫૭૦૮ થઈ હતી એ ૨૦૦૩ થી ૨૦૦૬ માં ૭૪૧૭૧ થઈ હતી એટલે એમાં પણ ૧૧ હજારનો ઘટાડો નોંધાયો છે એટલે કે ટકાવારીમાં ૧૩ ટકાનો ઘટાડો થયો છે. હંગામામાં ૧૯૯૧ થી ૧૯૯૪ માં ૭૫૧૯ હંગામા થયા હતા એની સામે ૨૦૦૩ થી ૨૦૦૬ માં ૫૩૬૦ થયા હતા એટલે કે ૨૮ ટકાનો ઘટાડો થયો છે, ઈજાઓમાં ૧૯૯૧ થી ૧૯૯૪માં ૬૦૪૦૩ હતા એ ૨૦૦૩ થી ૨૦૦૬ માં ૪૨૮૩૪ એટલે કે એમાં પણ ૧૭૬૦૦ નો ઘટાડો થયો છે. એ ગુનામાં પણ ૨૯ ટકાનો ઘટાડો થયો છે, કુલ ગુનામાં જોઈએ તો વસતિમાં લગભગ ૨૦ ટકાનો વધારો થયો હોવા છતાં ગુનાઓની સંખ્યામાં લગભગ ૨૨ ટકા જેટલો ઘટાડો થયો છે. એ બતાવે છે કે તમારા શાસન કરતાં અમારા શાસનમાં, મોદી સાહેબના શાસનમાં ગુજરાત શાંત છે, સલામત છે, સમૃદ્ધ છે. એટલે ગુજરાતની ચિંતા કરવાની જગ્યાએ (અંતરાય) આત્મ હત્યાના આંકડા પણ આપું છું.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હવે પછી લક્ષ્યાંક આપવો પડશે કે કેટલા ખૂન થવાના છે કેટલા થયા છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ગમે તેમ બોલે તે ન ચાલે, સાહેબ..

**શ્રી દોલતભાઈ પરમાર** : તેઓ જે મુદ્દા મુકે છે તે લોજીકલ નથી, તર્કસંગત નથી.

**અધ્યક્ષશ્રી** : માનનીય દોલતભાઈ, માનનીય મંત્રીશ્રીએ તમારી બધાની વાત શાંતિથી સાંભળી, સભ્યોને પણ વધારે બોલવા દીધા, અને કોઈ વાત બીજી ન હોય ત્યારે આપણે શાંતિથી સાંભળવું પડે. પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ અવલોકનો બંધ જ નથી કરતાં. માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના માનનીય દંડકશ્રીએ વારે ઘડીએ આત્મહત્યાની વાત કરી છે. આત્મહત્યાને કાયદો વ્યવસ્થા સાથે ખરેખર સીધો કોઈ સંબંધ નથી. આત્મહત્યા અનેક પ્રકારના કારણોને લીધે થતી હોય છે. છતાં એમણે વારં વાર આ પ્રશ્ન ઉઠાવી અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સાથે જોડવાનો પ્રયત્ન કર્યો છે. એટલે તેનો હું જવાબ આપવા માગું છું. સમગ્ર દેશમાં આત્મ હત્યાનો રેટ ૧૦.૫ નો છે, જ્યારે ગુજરાતની અંદર ૮.૯ નો રેટ છે. સમગ્ર દેશના બીજા રાજયો ત્રીપુરા, કર્ણાટક, ગોવા, છત્તીસગઢ, તામિલનાડુ, સિક્કીમ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, આસામ, હરિયાણા, આ બધા એમના શાસન વાળા રાજયો આ ગુનામાં અમારા કરતાં ઉપર છે. એટલે આત્મ હત્યામાં પણ એમના શાસન વાળા રાજયો આગળ છે. અને આ આંકડા ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદી સરકારના નથી, આ આંકડા મનમોહનસિંહની ભારત સરકારે આપેલા આંકડા છે. એ જ રીતે લઠ્ઠાકાંડની વાત કરે છે. કાયમ કહે છે, હમણાં ઘણા બધા સભ્યોએ કહ્યું કે અહીં દારૂ મળે છે ત્યાં દારૂ મળે છે. પણ હું માનું છું કે આવા રાજકીય અવલોકનો કરવા ખૂબ સહેલા છે, પરંતુ સત્ય તો આંકડાના આધાર ઉપર અને ઘટનાઓના આધાર ઉપર મૂલવવું પડે. તેના આંકડા પણ હું આપવા માગું છું. ૧૯૯૦ થી ૧૯૯૪ માં આ રાજયમાં ઝેરી શરાબ પીવાના ૨૩ કેસો થયા હતા અને ૬૫ વ્યકિતઓ મરી ગઈ હતી. ૯૧ વ્યકિતઓને ઈજા થઈ હતી, જ્યારે ૨૦૦૩ થી ૨૦૦૬ માં નરેન્દ્ર મોદીના શાસનમાં એક પણ ઘટના નથી બની, એક પણ વ્યકિતનું મૃત્યું નથી થયું, એક પણ ઈજા નથી થઈ, શું આરોપો કરો છો તમે? આરોપો કરતાં પહેલાં તમારા પોતાના આંકડા તો જુઓ. માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે અનુસૂચિત જાતિ વિરુદ્ધના ગુનાઓની સરખામણી પણ હું એ જ રીતે કોંગ્રેસના શાસન સાથે કરવા માગું છું. અનુસૂચિત જાતિ વિરુદ્ધના ૧૯૯૦ થી ૧૯૯૪ દરમિયાન ૧૧૨ ખૂન થયા હતા તેની સામે ૨૦૦૨ થી ૨૦૦૬ માં ૭૧ ખૂન થયા છે. ગંભીર ઈજાઓ ૩૭૬ થઈ હતી તેની સામે અમારા શાસનમાં ૨૭૨ થઈ છે. આર્થિક નુકસાનના ૯૫ કેસો હતા એ અમારા સમયમાં ૬૧ થયા છે. તમારા શાસનમાં અન્ય ગુનાઓ ૬૨૦૦ હતા એ અમારા સમયમાં ૪૧૮૮ થયા છે. નાગરિક અધિકારના ગુનાઓ તમારા વખતમાં ૬૭૬ હતા એ અમારા વખતમાં ૧૦ થયા છે. આ રીતે દલિતો ઉપરના કુલ ગુનાઓમાં ૩૭.૯૫ એટલે કે ૩૮ ટકાનો ઘટાડો અમારા શાસનમાં થયો છે. બહેનોને સુરક્ષિત કરી છે. દલિતોને સુરક્ષિત કર્યા છે. આદિવાસીઓને પણ સુરક્ષિત કર્યા છે. ખૂન આદિવાસીઓના ૧૯૯૦ થી ૧૯૯૪માં ૮૨ થયા હતા. એ ૨૦૦૨ થી ૨૦૦૬ના અમારા સમયમાં ૩૨ થયા છે એટલે એમાં ૬૦ ટકાનો ઘટાડો થયો છે. ગંભીર ગુનાઓ તમારા શાસનમાં ૧૬૦ હતા જે અમારા શાસનમાં ૭૪ થયા છે. બળાત્કારના ગુનાઓ તમારા શાસનમાં ૧૩૫ હતા એ અમારા શાસનમાં ૯૯ થયા છે. આર્થિક નુકસાન તમારા શાસનમાં ૨૦ બનાવો હતા એ અમારા શાસન દરમિયાન ૧૦ થયા છે. અન્ય ગુનાઓ તમારા વખતમાં ૧૦૪૨ થયા હતા એ અમારા આ ચાર વર્ષના શાસનમાં ૫૨૫ થયા છે. આદિવાસી પરના અત્યાચારમાં કુલ ૪૮.૫૮ ટકા એટલે કે ૪૯ ટકાનો ધરખમ ઘટાડો માનનીય નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં નોંધાયો છે. આ ગૃહના રેકર્ડ માટે આપું છું. ગુજરાતની જનતા તો એનાથી વાકેફ છે જ.

ગૃહ વિભાગની ચર્ચા વિરોધપક્ષના નેતા અર્જુનભાઈએ ચાલુ કરી હતી. માનનીય અર્જુનભાઈ તમે આરોપ તો કરો છો પરંતુ એનો જવાબ સાંભળવા માટે બેસતા નથી. પરંતુ આ સતત ત્રીજી ઘટના છે.

**અધ્યક્ષશ્રી .** : કંઈ એમને કામ હોય તો અહીંયા ન પણ બેસી શકે. પરંતુ આપે સુંદર આંકડાઓ મૂક્યા છે.

**શ્રી અમિત અ. શાહ** : આપ તો સાહેબ દયાળુ છો. હું આપની ભાવના સ્વીકારી લઉં છું. પરંતુ એમણે ગંભીર આરોપો લગાવ્યા હતા કે આ ગુજરાતની પોલીસે એનકાઉન્ટરમાં ખોટા માણસોને માર્યા છે. હું આરોપોને ગંભીર એટલા માટે કહું છું કે જ્યારે એનકાઉન્ટર થતું હોય છે ત્યારે બંને બાજુથી મરણ થતાં હોય છે. કાં તો આતંકવાદી મરે છે કાં તો પોલીસનો જવાન મરે છે. પરંતુ આ પોલીસના જવાનો પોતાનો જીવ જોખમમાં નાખીને લડતો હોય છે એ ઘટનાને આવી હળવાશથી રાજકીય અવલોકનોના ઉપયોગમાં લે અને વિરોધપક્ષના નેતા જેવી જવાબદાર વ્યકિત લે એ અત્યંત દુ:ખની વાત છે. એમણે એવા શબ્દ પ્રયોગ કર્યા છે કે સોરાબુદ્દીન ચોર હતો, સોરાબુદ્દીન નામનો મામૂલી ગુનેગાર પોલીસના એનકાઉન્ટરમાં મરી ગયો. તો આ મામૂલી ગુનેગારે શું કર્યુ એ આપની સમક્ષ વાચવા માગું છું. આ મામૂલી ગુનેગાર પાસેથી ૨૪ એ.કે.૫૬ રાઈફલો પકડાઈ છે. ૨૨ રાઇફલો પકડાઈ છે. ૨૩ મેગેઝીન, ૫૨૫૨ કારતૂસ પકડાયા છે. એની ઉપર નેશનલ સિક્યોરિટી એકટનો ગુનો નોંધાયો છે. એની ઉપર જુદા જુદા કુલ ૧૪ ગુનાઓ નોંધાયા છે. આ મામૂલી ગુનેગારને ગુજરાત પોલીસે એનકાઉન્ટરથી માર્યો તે વખતે વિરોધપક્ષના નેતાએ અહીંયા રાજકીય અવલોકન કર્યુ કે પોલીસ નિર્દોશને મારે છે. મને એ ખબર નથી પડતી કે તેઓ કોનું ઉપરાણું લે છે. જેને ત્યાંથી એ.કે. ૫૬ રાઇફલો પકડાઈ, જેને ત્યાંથી કારતૂસ મેગેઝીન પકડાયા તો શું આખી પાકિસ્તાની આર્મી લાવવી છે? આથી વધારે જંગી જથ્થો કોઈની પાસેથી ન પકડાયો હોય એવી વ્યકિતને જ્યારે ગુજરાત પોલીસના જાબાઝ જવાનોએ ઠાર માર્યો એના અંગે રાજકીય અવલોકનો કરે છે, એની ટીકા કરી છે ત્યારે આ ગૃહ તો કદાચ તેમને માફ કરી દે પરંતુ ગુજરાતની પાંચ કરોડની જનતા તેમને માફ નહિ કરે. મારા શબ્દો યાદ રાખજો. ગુજરાતની પાંચ કરોડની જનતા તમને માફ નહિ કરે. (અંતરાય) એ પણ તમને કહું છું. તપાસના રિપોર્ટની વાત કરી છે. તપાસના રિપોર્ટ બાબતે મારે ઉલ્લેખ નથી કરવો એ સબજયુડીશ મેટર છે. મેં આ ગૃહને નિયમો પ્રમાણે વક્તવ્ય આપવા માટે શપથ લીધેલા છે. હું કાયદાથી બંધાયેલો છું એટલે એમની વાતનો જવાબ નથી આપતો નહિ તો એમની એ વાતનો જવાબ આપત તો અહીંયા બેસી ન શકત એવી હકીકત મારી જોડે છે. પરંતુ આ કેસ સુપ્રીમ કોર્ટમાં અત્યારે અન્ડર ટ્રાયલ છે. સબજયુડીશ છે એટલે એનો ઉલ્લેખ કરવા નથી માગતો. આ રાજયની અંદર જ્યારે અર્જુનભાઈએ સોરાબુદ્દીન વાળી વાત કરી.ત્યારે હું થોડો ઉદાસ થયો કે આવું હોય? રાજયની સુરક્ષાના મામલે આ પ્રકારના રાજકીય અવલોકનો? પછી મેં આખો ઈતિહાસ જોયો. ત્યારે મારું આશ્ચર્ય જતું રહ્યું અને ઉદાસીનતા જતી રહી. કારણ કે આ અર્જુનભાઈ જે પક્ષનું પ્રતિનિધિત્વ કરે છે તેમનું કોઈ રાજકીય કમિટમૅન્ટ આતંકવાદને રોકવા માટેનું નથી. એ પાર્ટીની સરકાર દેશમાં આવી. યુ.પી.એ.ની સરકાર આવી, આવતાંની સાથે સૌથી પહેલું કામ કર્યું આતંકવાદને અટકાવવા માટે અમે બનાવેલો પોટાનો કાયદો રદ કરી નાખ્યો. સમગ્ર દુનિયા આતંકવાદને રોકવા કડક કાયદા બનાવવા તરફ છે. સમગ્ર દુનિયા આતંકવાદને રોકવા કડક કાયદા બનાવી રહી છે એ વખતે એમનામાં હિંમત તો ન હોય, પોટાનો કાયદો બનાવવાની, પણ અમારી સરકારે બનાવેલો કાયદો તેમણે રદ કરી નાખ્યો અને આતંકવાદીઓની હિંમત વધારી છે અને તેની સામે તેની અવેજીમાં ગુજરાતને સુરક્ષિત રાખવા માટે આ વિધાનસભા ગૃહમાં ગુજકોકનો કાયદો લઈને આવ્યા. ઓર્ગેનાઈઝ ક્રાઈમને કંટ્રોલ કરવા માટે ગુજકોકનો કાયદો લઈને આવ્યા. ગુજકોકના કાયદા વખતે એ લોકો અહીંથી બહિષ્કાર કરી ગયા. તેની ઉપર ચર્ચામાં ભાગ ન લેતા બહિષ્કાર કરી ગયા. તેમને ડર લાગતો હતો કે આ ગુજકોકના કાયદાનું સમર્થક કરવાથી લઘુમતીઓના મતો કોંગ્રેસને નહીં મળે. એટલે ગુજરાતની સુરક્ષાને નેવે મૂકીને ગૃહ છોડી જતા રહ્યા અને છતાંય આ ગૃહે આપની અધ્યક્ષતામાં આ કાયદાને પસાર કર્યો, પસાર કર્યે ત્રણ-ત્રણ વર્ષ થઈ ગયા પણ કેન્દ્ર સરકાર ગુજરાતની પ્રજાના રક્ષણ માટેના કાયદાને મંજૂરી નથી આપતી. તેમને ડર છે કે ગુજકોકને મંજૂરી મળશે તો ગુજરાત વધુ સુરક્ષિત થશે. એટલા માટે એ લોકો ગુજકોકને મંજૂરી નથી આપતાં. ગુજકોકને મંજૂરી આપે તો ગુજરાત વધુ સલામત થવાનું છે. ગુજકોકને મંજૂરી આપે તો ગુજરાતને આતંકવાદીઓથી બચાવનારા પોલીસ કર્મીઓના હાથ મજબૂત થવાના છે. તેમાં કોઈ મીનમેખ નથી, પરંતુ(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, જીતુભાઈ, તમે ન બોલતા પ્લીઝ. જેઠાભાઈ, પ્લીઝ. ચાલો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોકને ભલે એ લોકો મંજૂર ન કરે પણ ગુજરાત પોલીસના જવાનો આતંકવાદને રોકવા માટે સક્ષમ છે અને ગુજકોકને મંજૂર નહીં કરે તો દેશની જનતા તેમને મંજૂરી ન આપવા માટે સક્ષમ નથી રાખવાની એ યાદ રાખજો. આ જ ગુજરાતની જનતા આ ડિસૅમ્બરમાં તમારો હિસાબ માગવાની છે કે કેમ ગુજકોકને રોકીને બેઠાં છો? કોનું ઉપરાણું લેવા માટે ગુજકોકને રોક્યો છે? તેમ છતાંય આ ગૃહના માધ્યમથી હું સમગ્ર ગુજરાતની જનતાને આશ્વસ્ત કરવા માગું છું કે નરેન્દ્રભાઈ મોદીની સરકારની અંદર આતંકવાદના ભયથી પીડાવાની ગુજરાતની જનતાએ જરૂર નથી. મારી પાસે આંકડાઓ છે. ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫ અને ૨૦૦૬માં સમગ્ર દેશમાં આતંકવાદની ૫૪૬ ઘટનાઓ થઈ છે. ૪૦૯૦ નાગરિકો મર્યા છે. ૧૫૨૯ સિક્યોરિટીના જવાનો મર્યા છે. તેની સામે ગુજરાતમાં ૧૫ બનાવો બન્યા છે. એક નાગરિક મર્યો છે અને ૧૬ આતંકવાદીઓ મર્યા છે. એ બતાવે છે કે ગુજરાતની પોલીસે કેવી રીતે કામ કર્યું છે? રાજકીય ભાષણો કરવાથી કે ગુજકોકના કાયદા અટકાવવાથી તમે રાજય સરકારને રાજયની સુરક્ષા કરતા નહીં રોકી શકો. હું નાનો હતો, પ્રાથમિક શાળામાં ભણતો હતો તે વખતે એક બાપ-દીકરાની વાત આવતી હતી. ખભા ઉપર એક બાપ-

દીકરો બકરું લઈને જતા હતા અને ચાર ચોર રસ્તામાં મળ્યા કે કૂતરું કેમ છે, કૂતરું કેમ છે અને બાપ-દીકરાએ બકરાંને કૂતરું સમજીને ફેંકી દીધું. તેમ આ બધાં જ વિપક્ષના મિત્રો ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બરાબર નથી, બરાબર નથી, બરાબર નથી તેમ કરીને બકરાંને કૂતરાંમાં ખપાવવા માગે છે. મારે કેટલીક હકીકતો આ ગૃહના ધ્યાન ઉપર મૂકવી છે. આ રાજયમાં એક જમાનો હતો કે અનેકાનેક માફિયા ગેંગો આ રાજયની પ્રજાને ડરાવતી હતી. આ રાજયની પ્રજાને શાંતિથી ઉંઘવા નહોતી દેતી, આજે આ રાજયમાં છેલ્લા ૪ વર્ષના મોદી શાસન પછી એક પણ માફીયા ગેંગ નથી એ કહેતા મને રાજયના ગૃહમંત્રી તરીકે ગૌરવ થાય છે. આ રાજયની અંદર ઓર્ગેનાઈઝેશન ક્રાઈમનો જડમૂળથી અમે નાશ કર્યો છે. આ રાજયમાં છેલ્લા ૪ વર્ષમાં એક પણ લઠ્ઠાકાંડ નથી થયો. આ રાજયમાં ૪ વર્ષમાં (અંતરાય) ભાઈ દારુ વેચાય એટલે લઠ્ઠાકાંડ ન થાય એવું નથી. ઝેરી દારુ પીને માણસો મરે. જોષીયારા સાહેબ છેલ્લા ૪ વર્ષમાં આ રાજયની અંદર દેશમાં સૌથી ઓછા કોમી તોફાનો થયા છે. છેલ્લા ૪ વર્ષની અંદર આ રાજયમાં એકેય છાત્ર આંદોલન થયાં નથી. છેલ્લા ૪ વર્ષની અંદર આ રાજયમાં એકેય ખેડૂત આંદોલન નથી થયા. છેલ્લા ૪ વર્ષમાં આ રાજયમાં એકેય મજૂર આંદોલનો નથી થયા. (અંતરાય) સાહેબ હવે તમે દોલતભાઈને રોકો તો સારું (અંતરાય) સાહેબ, આ રાજયની અંદર મહિલાઓ સામે ઓછામાં ઓછો ક્રાઈમ રેટ સમગ્ર ભારતની અંદર આ રાજયમાં છે. ગંભીર ગુનાઓની અંદર સારું ડિટૅક્શન રેટ આ રાજયનો છે. અક્ષરધામના બનાવ પછી કોઈ જગ્યાએ મોટી આતંકવાદી ઘટના નથી થઈ. આ રાજયની અંદર સરહદી સુરક્ષા માટે અનેકે અનેક પ્રકારના કામો થયા છે. અને એટલે સરહદ પરથી શસ્ત્રો અને માણસોની ઘૂસણખોરી પૂર્ણતઃ નાબૂદ કરી શકાય છે. એટલા માટે હું કહુ છું કે તમે ગમે તે કહો ગુજરાત શાંત છે, ગુજરાત સલામત છે અને ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કાબુ હેઠળ છે. આજે રીઝલ્ટ આવ્યું છે એ રીઝલ્ટ એ એમનેમ નથી આવ્યું. આ રીઝલ્ટ લાવવા માટે રાજય સરકારે એક વૈજ્ઞાનિક વ્યૂહરચના અપનાવી વર્ષોથી પોલીસની ભરતીના નિયમોની અંદર કોઈ ફેરફારો કરવામાં નહોતા આવ્યા અને આ રાજયની સરકારે પોલીસની ભરતીના નિયમોમાં ફેરફાર કર્યા. એન.સી.સી. પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારોને અગ્રિમતા આપવાની જાહેરાત કરી, કોમ્પ્યુટરનું જ્ઞાન કોન્સ્ટેબલ લેવલની ભરતીમાં પણ ફરજિયાત કર્યુ. શૈક્ષણિક લાયકાત ૧૦ થી વધારી ૧૨ની કરી. હોમગાર્ડ, નાગરિક સંરક્ષણમાં રહેનારને પ્રાયોરીટી આપી. એથ્લેટીકસ અને રમતગમતમાં જેણે સારા દેખાવો કર્યા હોય એને અગ્રતાક્રમ આપવામાં આવ્યો. હમણાં ચંદ્રિકાબેને બેઠા બેઠા કહ્યું પણ મારા કાનમાં પડી ગયું કે ભરતી તો કરતા નથી. છેલ્લા ૪ વર્ષની અંદર કુલ ગૃહ વિભાગ હેઠળ જુદા જુદા સંવર્ગની ૧૮૭૫૩ જગ્યાઓ મંજૂર કરી ભરતી કરવાની શરૂઆત કરી છે અને રાજયની સ્થાપના પછી ૪ વર્ષની અંદર આ ભરતીની મંજૂરી મળેલો આકડો એ સૌથી મોટો છે. નરેન્દ્ર મોદીના શાસનની અંદર ૧૮૭૫૩ લોકોની જગ્યા મંજૂર કરી એમની ભરતીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. એસોસિએશનની રચનાની વાત હું પછી કરુ છું એના માટેની પણ જુદી ભરતીની પ્રક્રિયા ચલાવવાની છે. પરંતુ એસ.આર.પી. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા માટે ૫ જગ્યાએ જુદી જુદી એસ.આર.પી. ગૃપની બટાલિયન ઉભી કરવાની આ રાજય સરકારે મંજૂરી આપી છે અને એમાં લગભગ ૬ હજાર જવાનોને આપણે સમાવ્યા છે. વર્ષોથી ક્રાઈમ બ્રાંચ નીગલેકટેડ પડી હતી. લગભગ ૬૦૦ જેટલી જગ્યાઓ ઉભી કરીને શહેરની અને જિલ્લાઓની ક્રાઈમ બ્રાંચને એક નવી તાકાત આપવાનું કામ આ રાજયની સરકારે કહ્યું છે. મને કહેતા આનંદ થાય છે કે છેલ્લા ૭ વર્ષની અંદર લગભગ ૫૭૦ કરોડ જેટલો ખર્ચ આ રાજયને આધુનિક કરવા માટે કરવામાં આવ્યો છે. તમે ગાડીઓની વાત કરતા હતા. પોલીસના આધુનીકરણ પાછળ માનનીય ગોવાભાઈ, ૫૭૦ કરોડ જેટલો ખર્ચ કર્યો છે. આ એક જ વર્ષમાં ૧૩૫ કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે. પોલીસ હાઉસીંગ માટે બીજા રાજ્યોની સરખામણીમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. દેશમાં ૪૦ ટકા સેટીસફેક્શન રેશિયો છે. જ્યારે ગુજરાતમાં ૮૦ ટકા સેટીસફેકશન રેશિયો ક્રોસ કરવા જાય છે. એના પરિણામે આ રાજ્યની પોલીસનું મોરલ ઊંચું આવ્યું છે અને એના લીધે ગુનાઓ ઉકેલવામાં, ગુનાઓ રોકવામાં અને ગુનેગારો ગુનો કરે એ પહેલા ઝડપવામાં રાજ્યની પોલીસને સફળતા મળી છે. આપણા ગુજરાતની એફ.એસ.એલ. એ સમગ્ર દેશમાં એક ઘરેણું બની રહી છે. દેશમાં કોઈપણ મોટી ઘટના થાય એ જો ના ઉકેલાતી હોય અને એના માટે વૈજ્ઞાનિક પ્રકારના વિશ્લેષણની જરૂર પડે તો સમગ્ર દેશનું ધ્યાન ગુજરાતની એફ.એસ.એલ. ઉપર જાય છે. નીઠારી કાંડ હોય, પી.એમ.ની સિક્યોરિટી જોડે લેપ્સીસના પ્રશ્નો હોય, અનારા ગુપ્તાની કૅસેટ હોય, કોઈપણ વાત હોય એ ઉકેલવા માટે આપણી એફ.એસ.એલ.માં કેસ મોકલવો પડે. આપણી એફ.એસ.એલ.માં અનેક એવી સુવિધાઓ ઊભી કરી છે કે જે દેશમાં ક્યાંય નથી. સાયકોલોજીકલ પ્રોફાઈલીંગ, ફોરેન્સિક રીહેબિલિટેશન, ફૅમિલી કોર્ટમાં રીકન્સીલેશન, મેન્ટલ હેલ્થ ઓથોરિટીને સહાય, નાર્કો એનાલિસિસ ઑપરેશન થિયેટર, ઑટોમૅટીક ફિંગર પ્રિન્ટ આઈડેન્ટિફિકેશન, ડી.એન.એ. ફિંગર પ્રિન્ટીંગ, બ્રેઈન ફિંગર પ્રિન્ટીંગ, નાર્કો એનાલિસિસ વોશ આઈડેન્ટિફિકેશન, ઓડિયો-વિડિયો ઓથેન્ટીકેશન, લાઈ ડીટેક્ટર, સાયબર ક્રાઈમની આખી લેબ ઊભી કરી છે. ફુડ પોઈઝનીંગના કેસો, કમ્પ્યુટરાઈઝડ ફાઈરીંગ રેન્જ, ફુટ પ્રિન્ટ આઈડેન્ટિફિકેશન અને પૅટ્રોલિયમ તપાસ માટેના કેસો. દેશની અંદર કોઈ એવી સુવિધા નથી કે જે આપણા એફ.એસ.એલ.માં ઊભી ન કરી હોય. એના માટે રાજ્ય સરકારે મોટુંમસ બજેટ વાપરીને આપણી એફ.એસ.એલ.ને સુસજ્જ કરી પોલીસના

હાથ મજબૂત કર્યા છે. કેવળ ગુજરાતની પોલીસના નહીં, સમગ્ર દેશની પોલીસ માટે કોઈ ગુંચવાડો ઊભો થાય, વૈજ્ઞાનિક સહાયની જરૂર પડે તો આપણી એફ.એસ.એલ. તરફ નજર દોડાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના બધા જ પોલીસ સ્ટેશન અને પોલીસ વિભાગનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું ભગીરથ કાર્ય રાજ્ય સરકારે હાથમાં લીધું છે. ૪૬૮ પોલીસ સ્ટેશનોમાંથી ૪૩ પોલીસ સ્ટેશનો એવા છે કે જેને જોડાણથી જોડ્યા નથી. બધા જ પોલીસ સ્ટેશનોને આ વર્ષના અંત સુધીમાં આપણે કનેક્ટિવિટીથી જોડવાના છીએ. દરેક પોલીસ સ્ટેશનને કૉમ્પ્યુટરની સુવિધા, સ્કેનીંગ મશીનની સુવિધા, ફેકસની સુવિધા, સ્ક્રીનીંગ મશીનની સુવિધા આમ દરેક પ્રકારની વ્યવસ્થાઓ આ કોમ્પ્યુટરાઈઝેશનની આપણી યોજનામાં આવરી લીધી છે. એટલેથી આપણે અટક્યા નથી. એમનું જોડાણ કર્યા પછી ટી.સી.એસ. કંપનીને ટોટલ સોલ્યુશન પ્રોવાઈડરનું એક સોફ્ટવેર બનાવવાનું કામ આપ્યું છે. એ લગભગ મે મહિના સુધીમાં આવી જશે. એ પછી સમગ્ર રાજ્યના દરેક પોલીસ સ્ટેશનો કોમન સોફ્ટવેરથી ચાલશે. એનાથી દરેક નાગરિકોને સુવિધા મળશે. ઓન લાઈન ફરિયાદ લેવાશે. પોતાની ફરિયાદનું સ્ટેટસ જાણી શકાશે. પાસપોર્ટનું રિમાઈન્ડર ઑટોમૅટીક થશે. વિઝા જેવો પતે એવો તુરત જ પોલીસ સ્ટેશનમાં રીમાઈન્ડર જવાનો છે. જેલમાંથી કેદી છૂટે એટલે જે પોલીસ સ્ટેશનમાંથી પકડાયો હોય તે પોલીસ સ્ટેશનમાં એલર્ટ થવાનું છે. ટ્રાફિકના ગુના આમાં આવરી લીધા છે. એટલે દરેક પ્રકારથી આ ગુજરાતની પોલીસને કોમ્પ્યુટરાઈઝડ કરી મેન પાવર ઓછો થાય અને વધુને વધુ સગવડો ગુજરાતની પ્રજાને આપી શકાય એ પ્રકારની વ્યવસ્થા ટી.સી.એસ. ના ટોટલ સોલ્યુશન પ્રોવાઈડરમાં કરી છે. મેગાસિટી પોલીસ સ્ટેશન માટે લગભગ ૯ કરોડની યોજના બનાવી છે જેના કારણે અમદાવાદ શહેરના નાગરિકોની ખૂબ સારી રીતે ગુજરાત પોલીસ સેવા કરી શકશે. ડેઝર્ટ એરિયા પોલીસીંગ માટે લગભગ ૧૦ કરોડ કરતા વધુ રકમની જોગવાઈ કરી છે. એનાથી ગુજરાતના રણની સલામતી થાય એના માટેની વ્યવસ્થા છે. આ બધામાં કેન્દ્ર સરકારનો પણ સહયોગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યંત દુ:ખ સાથે મારે આ ગૃહના ધ્યાન ઉપર એક વાત મૂકવી છે. સૌથી લાંબો દરિયાકાંઠો ગુજરાત પાસે છે. ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકાંઠો કુદરતે ગુજરાતને આપેલો છે. અને પડોશમાં જમીનની સરહદથી પણ આપણું રાજ્ય પડોશી રાજ્યો સાથે જોડાયેલું છે એ વખતે દરિયાકાંઠાની સુરક્ષા આપણા માટે ખૂબ અગત્યની બની જાય છે અને ભૂતકાળમાં કોંગ્રેસના શાસનની અંદર અનેક વખતે અહીંથી લેન્ડીંગ થયા છે, શસ્ત્રો ગયા છે. પરંતુ આ રાજ્ય સરકારની રચના થયા પછી તુરત જ અમે દરિયાઈ સલામતની સુરક્ષા માટે એક મોટો પ્રોગ્રામ બનાવીને કેન્દ્ર સરકારને મોકલ્યો હતો અને કેન્દ્ર સરકારે એની અંદર તે વખતે એવું કહ્યું કે એકલા ગુજરાતનો કોસ્ટલ સિકયોરિટી પ્લાન મંજૂર ના થઈ શકે. બધા કોસ્ટલ સ્ટેટસને લેવા પડે એમાં અમને વાંધો નથી. પરંતુ ગુજરાતે જે પ્લાન મોકલ્યો હતો એ પ્લાન ઉપરથી બીજા રાજ્યોએ પ્લાન બનાવ્યા એ મંજૂર થયા પણ આપણા પ્લાનની અંદર ૬૦ ટકા ઘટાડો કરી ગુજરાતની દરિયાઈ સુરક્ષાને અસલામત કરવામાં આવી છે. આ બહુ ગંભીરતાપૂર્વક ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. આપણે જે રકમ માગી હતી એની ૧/૩ રકમ જ આપી છે. પરંતુ જે આપી છે એનું અમે સ્વાગત કરીએ છીએ. જે કોસ્ટલ પોલીસ સ્ટેશન બનાવવાના, જે મોટર બોટ આપવાની છે આ તો ગુજરાતની પ્રજાની રક્ષાની વાત છે. (અંતરાય) તમે મિત્ર છો બલવસિંહભાઈ સમય લંબાવી આપજો. ઓવર એકટિંગ નથી.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટમાં પૂરું કરો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે હજુ તો મારે એક વિભાગ આખું બાકી છે. પાંચ મિનિટમાં તો નહિ પતે. હું આપના સૂચનને ધ્યાનમાં રાખીને ઝડપ કરું છું.

પોલીસ કર્મચારીઓના વેલ્ફેર માટે ખૂબ મોટી ઝૂંબેશ ઉપાડી છે. પોલીસ કર્મચારીઓ અને એના પરિવારજનોની તબિયતની ચકાસણી માટે કાર્ડ આપવાની યોજના બનાવી છે. કેન્દ્ર સરકારે જે અન્યાય કર્યો છે એની વાત હું ફરી કોઈવાર કહીશ. કારણ કે આપે સમયની પાબંધી કરી છે અને મારા મિત્રોને પણ ગમશે નહિ પાછા રાજકીય અવલોકનો કરશે એના કરતા ફરી કોઈકવાર પ્રશ્નોત્તરીમાં જ્યાં જ્યાં સમય મળશે ત્યાં કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષની અંદર આ વર્ષના બજેટમાં ફાળવેલ રકમ ગણી લઈએ તો ૩૭૦૦ બસો નવી ગુજરાતની જનતાની સેવામાં એસ.ટી.નિગમે મૂકી છે અને એસ.ટી. નિગમની સ્થાપના પછી ૩૭૦૦ ડૉકટર સાહેબ? બીજી એક વાત એ મૂકું છું કે, એસ.ટી. નિગમની સ્થાપના પછી પહેલા એવા ૧૮ મહિના છે કે જેમાં એસ.ટી.ની આવક અને પેસેન્જરની અંદર સતત વધારો થયો છે, એક રૂપિયાનો ઘટાડો નથી થયો. (અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : આ વિભાગ નફો કરવા માટે નથી, ગામડાની સુવિધા માટે છે. ગામડામાં કોઈ સુવિધા નથી. ગામડામાં રૂટો બંધ કરી દીધા છે એને રૂટો આપો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીયશ્રી ૩૭૦૦ બસ લીધી છે ગોવાભાઈ એ સેવા માટે જ લીધી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : ૫૦ ટકા રૂટો બંધ કરી દીધા.

**શ્રી અમિત અ. શાહ** : આ ઉપરાંત રાજ્યની અંદર C.N.G. રીક્ષા રાજ્ય સરકારે ઈન્ટ્રોડ્યુસ કરી જેનાથી પ્રદૂષણમાં અમદાવાદ શહેરની અંદર ૫૦ ટકાથી વધારે ઘટાડો કરવામાં સફળતા મેળવી છે અને હું એવું ચોક્કસ

માનું છું કે અમદાવાદના નાગરિકોની આટલી મોટી સેવા કોઈ રાજ્ય સરકારે નહિ કરી હોય. જે ઝેરી તત્વો હવામાં હતા એમાં ૫૦ ટકા ઘટાડો થયો છે. એસ.ટી.ની ખાદ્યની અંદર સતત ઘટાડો થયો છે. R.T.O.માં જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી અનેક લોકોપયોગી પગલા લીધા છે. કોમ્પ્યુટરાઈઝ શિખાઉ લાઇસન્સની નવી પદ્ધતિ અપનાવી છે. તાલુકા મથકે શિખાઉં લાઈસન્સ આપવાની શરૂઆત કરી છે. સ્માર્ટકાર્ડ આધારિત રજિસ્ટ્રેશન બુકની શરૂઆત કરી છે. સ્માર્ટકાર્ડ ડ્રાઈવિંગ લાઇસન્સની શરૂઆત કરી છે. I.T.I.માં મોટર ડ્રાઈવિંગ ટ્રેનિંગ સ્કૂલની શરૂઆત કરી છે. પ્રદૂષણ નિયંત્રણ માટે મેં કહ્યું એ પ્રમાણે પગલા ભર્યા છે. નોટ કાઉન્ટિંગ, કરન્સી વેરીફાઈંગ મશીન લીધું છે. R.T.O.Tax બેંકની અંદર બારોબાર ખાતેદાર ભરી શકે એ માટેની વ્યવસ્થા પણ અમે આગામી વર્ષથી કરવાના છીએ અને મને કહેતા ગૌરવ થાય છે કે R.T.O. Inspectorની માથાદીઠ આવક સમગ્ર ભારતની અંદર વધારેમાં વધારે કોઈ રાજ્યની અંદર હોય તો એ ગુજરાતની અંદર છે. અને ગુજરાત આર.ટી.ઓની આવકમાં સતત વધારો થયો છે એ આ રાજયની આ બધી યોજનાઓ છે અને જુના બધા રેકૉર્ડ આર.ટી.ઓ.ની આવકના આ રાજય સરકારે તોડી નાખ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, જેલોની થોડી ઘણી વાતો કરી લઉં, ભુજ ખાતે ૫૦૦ કેદીઓની ક્ષમતાની નવી જેલનું નિમાર્ણ કર્યુ છે, ગોંડલ ખાતે ૧૦૦ કેદીઓની ક્ષમતાવાળી જેલનું નિમાર્ણ કર્યુ છે, અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે ૧૦૦૦ની ક્ષમતા વધારી છે, મોડાસા ખાતે ૧૦૦ કેદીઓની ક્ષમતાની સબ જેલ ચાલુ કરી છે, સુરત ખાતે ૨૫૦૦ જેલના કેદીઓની ક્ષમતાવાળી નવી જેલ બાંધવાની શરૂઆત કરી છે, વડોદરા ખાતે ૨૫૦૦ કેદીઓની ક્ષમતાવાળી નવી જેલ બાંધવાની શરૂઆત કરી છે, આ સિવાય પાંચ વર્ષમાં ૬૦ કરોડ રૂપિયા જેલોના આધુનિકીકરણ માટે વાપરવાની યોજના છે. કોર્ટ અને વી.ડી.ઓ, કોન્ફરન્સીંગ ચાલુ કર્યુ છે એના હેઠળ લગભગ ૧૨૦૦૦ કરતાં વધુ કેદીઓને વી.ડી.ઓ. કોન્ફરન્સીંગના માધ્યમથી કોર્ટમાં અમે રજૂ કર્યા છે. એનાથી અનેક ગણા ફાયદા થયા છે. જેલમાં પણ લગભગ ૪૬૧ નવી જગ્યાઓ મંજૂર કરી એની ભરતી ચાલુ કરી છે, જેલોમાં ઓવર ક્રાઉડિંગ ઘટાડવા માટે મેં કહ્યું એ પ્રમાણે જુદી જુદી કક્ષાએ લગભગ ૯૦૦૦ નવા કેદીઓ રાખી શકાય એ પ્રકારે રાજય સરકારે વ્યવસ્થા કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સૌથી છેલ્લે હું એક અગત્યની વાત આ ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું. દેશ આઝાદ થયો ત્યારથી

## સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે.

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ (દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય, જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : પાંચ જ મિનિટ, જલદી પૂરું કરજો.

**અધ્યક્ષશ્રી** : સભાગૃહનો સમય પાંચ મિનિટ માટે લંબાવવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : વાંધો નહીં સાહેબ, બળવંતસિંહ સમજી ગયા છે, સાહેબ મારું તો હજી અડધું જ પત્યું છે આખી ભાગવત બેસાડે એટલું બધું છે પણ આટલામાં એ બધા સમજી ગયા છે એટલે ટૂંકમાં હું પૂરું કરું છું. સાહેબ સમગ્ર દેશમાં આઝાદી પછી, આ દેશની જનતાની એક આકાંક્ષા હતી કે આ દેશની અંદર ગૌ-હત્યા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ આવવો જોઈએ અને આલી ગાય નહીં, ગૌ-વંશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ આવવો જોઈએ, ઈરિસ્પેકટિવ ઑફ એઈજ અને માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતાં ગૌરવ થાય છે કે, આ રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈના પ્રયત્નથી સુપ્રીમ કોર્ટની કૉન્સ્ટીટ્યુશનલ બૅન્ચે ગુજરાત સરકારે ઘડેલા ગૌ-હત્યાના કાયદાને માન્યતા આપી છે અને આ બહુ મોટો વિજય છે. ( અંતરાય ) સાહેબ, મારે બે મિનિટ જ વાત કરવી છે ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર અને ભારતીય જનતા પાર્ટી, સંપૂર્ણ ગૌ-વંશને વરેલા છીએ અમે, સિદ્ધાંતોને વરેલા છીએ અને વિપક્ષના મિત્રોની જો ગૌ-હત્યા માટે આટલી જ તીવ્ર લાગણી હોય તો આ રાજયના મુખ્ય મંત્રીશ્રીએ બધા મુખ્ય મંત્રીશ્રીઓને પત્ર લખ્યો છે કે આ કાયદો દરેક રાજયોમાં પસાર કરવામાં આવે, કૉન્ગી શાસિત રાજયો પણ ગૌ-હત્યા ઉપર પ્રતિબંધ મૂકે, મતોની લાલચમાં ન આવતાં ગાયોની હત્યાને રોકો અને ગૌ-હત્યા પર પ્રતિબંધ મૂકી આ સમગ્ર દેશને ગૌ-હત્યા પ્રતિબંધિત કરે એટલી જ વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું કે, આજે હું જે માગણીઓ લઈને આવ્યો છું એ માગણીઓ ગુજરાતી પ્રજાના રક્ષણ માટેની છે, ગુજરાતની સરહદના રક્ષણ માટેની છે, ગુજરાતની શાંતિ અને સલામતી માટેની છે એટલે એમાં વિપક્ષના મિત્રો કાપ દરખાસ્તો પાછી ખેંચે અને સર્વાનુમતિથી ગુજરાતના પોલીસ દળનું મનોબળ વધારે એટલી વિનંતી સમગ્ર ગૃહને કરી મારી વાત પૂરી કરું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, જે ખરેખર અમે જે પ્રશ્નો પૂછયા હતા એનો જવાબ પણ નથી આપ્યો, અમે પાંચ હજાર રૂટો બંધ કર્યા હતા એની વાત કરી અને આઈ.કે.જાડેજા સાહેબ ત્યાં કહેવાનું પણ ભૂલી ગયા આ પાછુ ખેંચવાનું સાહેબ અમને આ દુઃખદ બાબત છે એટલે અમે આ કાપ દરખાસ્તો પાછી ખેંચી શકતા નથી.(અંતરાય)

કાપ દરખાસ્ત ક્રમાંક: ૨, ૪, ૬, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૩૦, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫ અને ૫૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૪૩, ૪૪, ૪૬, ૭૪ અને ૭૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૬ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૦૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૧૩મી માર્ચ, ૨૦૦૭,**
**ફાલ્ગુન ૨૨, ૧૯૨૮ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૬,૩૬,૬૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૨ રજૂ કરું છું. :

**માગણી ક્રમાંક : ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૨૧,૮૧,૯૦,૯૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ.૪,૨૯,૧૪,૮૧,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૩ રજૂ કરું છું. :

**માગણી ક્રમાંક : ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૬ રજૂ કરું છું.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે**: માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું **છું.**

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ. ૫,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂ. ૧૩,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક ૧૪ રજૂ કરું છું. :

**માગણી ક્રમાંક : ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ :** માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક :૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી મંગળવાર, તા.૧૩–૩–૨૦૦૭ (પહેલી બેઠક) (ત્રીજો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણી નં. ૧૨** | | | |
| ૧.* | ૨૦૪૫–ચીજવસ્તુઓ.....શુલ્ક<br>૧૦૩–વસુલાત.....શુલ્ક<br>૦૧–વિજળી....નિરીક્ષક<br>રૂા.૪,૮૦,૮૫,૦૦૦ | ૧૦૦ | મોટા ઉદ્યોગોને અપાતી વીજ રાહતોની ખોટ સરભર કરવા મધ્યમવર્ગની જનતા પાસેથી કરાતી શુલ્ક પેટેની વસૂલાત રોકવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૫<br>પા.નં.૬ | | તંત્રની ઉદાસીનતા | |
| ૨.* | —— " —— | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં સંપૂર્ણ માફી આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૩.* | —— " —— | ૧૦૦ | મોટા ઉદ્યોગો પાસેથી વીજ શુલ્કની બાકી રકમો સમયસર વસૂલ કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪. | ૨૦૪૫—ચીજવસ્તુઓ.....શુલ્ક<br>૧૦૩—વસૂલાત.....શુલ્ક<br>૦૨—રાજયના......યોજના<br>રૂા.૧,૨૧,૨૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૭ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં જૂના વીજ વાયરો બદલવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૫.* | —— " —— | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ભયજનક રીતે લટકતા વીજવાયરોને દુરસ્ત કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **માગણી નં.૧૩** | | |
| ૬. | ૨૮૦૧—વીજળી શકિત<br>૮૦—સામાન્ય<br>૧૦૧—વિદ્યુત બોર્ડને સહાય<br>રૂા.૧૧,૮૨,૮૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૧૨—૧૩ | ૧૦૦ | સિંચાઈ માટે વીજળીની ખરેખર જરૂર હોય ત્યારે જ ઉભી થતી વીજ કટોકટી નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૭.* | —— " —— | ૧૦૦ | વીજ ભારના બહાને લોકો પાસેથી કરાતી વસૂલાત અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૮.* | —— " —— | ૧૦૦ | વીજદર વધારા માટે વીજ કંપનીઓ ધ્વારા વીજ નિયમન પંચનો વારંવાર આશરો લેવાતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૯. | —— " —— | ૧૦૦ | કૃષિના ઉભા પાક બચાવવા સમયસર વીજ પુરવઠો પૂરો પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ<br>(છનાભાઈ ચૌધરી) |
| ૧૦.* | —— " —— | ૧૦૦ | ખડૂતોને સમયસર વીજ કનેકશનો આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૧.* | —— " —— | ૧૦૦ | ક્રુડ ઓઈલના ઘટતા ભાવો સાથે વિજળીના ભાવો ઘટાડવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૧૨. | —— " —— | ૧૦૦ | ઈન્ડિયન ઈલેકિટ્રસીટી એકટમાં વીજ ગ્રાહકો પોતાનું મીટર લગાવી શકે તેવી જોગવાઈ હોવા છતાં પોતાનાં વીજ મીટરો મૂકી ગ્રાહકોને છેતરતી કંપનીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૧૩. | —— " —— | ૧૦૦ | વીજ કંપનીઓ ધ્વારા લગાવાતાં ખામીયુકત વીજ મીટરોને કારણે વીજ ગ્રાહકોને થતો દંડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ<br>(પરેશભાઈ વસાવા) |
| ૧૪.* | —— " —— | ૧૦૦ | વીજચોરીના નામે વીજ ગ્રાહકોને આપવામાં આવતો ત્રાસ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં.૧૪** | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫.* | ૨૮૫૨–ઉદ્યોગો<br>૦૪–પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગો<br>૦૧–હાઈડ્રોકાર્બન નિયામકની કચેરી<br>રૂા.૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૫<br>પા.નં.૨૧ | ૧૦૦ | હાઈડ્રોકાર્બન નિયામકની કચેરીની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૬. | –– " –– | ૧૦૦ | પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગોના વિકાસ માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૧૭. | –– " –– | ૧૦૦ | ક્રુડતેલના ભંડારો શોધી ઉત્પાદન પ્રક્રિયા શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** :માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયમાં દેશની અંદર માથાદીઠ સૌથી વધારે વીજળીની ખપત છે પણ પાવર ઉત્પાદનમાં આપણે જે ઝડપ લાવવી જોઈએ એ ઝડપ લાવી શકયા છીએ ખરા? આ સન્માનનીય સભાગૃહમાં વિદ્યુત વિભાગે જયારે જયારે ગેરન્ટી માગી ત્યારે મોટા ભાગની જે ગેરન્ટી આપેલ છે એ વીજ બોર્ડને આપેલ છે. માનનીય ઉર્જા મંત્રીશ્રીએ કલમ ૪૪ નીચે નિવેદન કર્યું એમાં એમણે કચ્છમાં બધું સમુસૂતરું છે એવી વાત કરી. એક આકસ્મિક બનાવ અંજારમાં ડિસ્ટ્રીબ્યુશનનું ૧૩૨નું સબ સ્ટેશન છે ત્યાં થયેલો પણ આ અંગે ગઈ કાલે સાંજે જ મને ફોન આવ્યો કે રાપર અને ભચાઉમાં ખેડૂતોને બે કલાક પણ વીજળી મળતી નથી. આજે ગ્રિડ છે પરંતુ પરિસ્થિતિ એવી છે કે, ત્યાં લાકડિયાની બાજુમાં એમણે જે ૪૪૦નું ડિસ્ટ્રીબ્યુશન કર્યું એમાંથી વીજળી ભચાઉને ન આપી શકાય આ પરિસ્થિતિમાં આટલો આટલો ખર્ચ કર્યા છતાં પણ આજે કોઈ સંતોષ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગયે વખતે કોઈ બિલ ઉપરની ચર્ચામાં મેં કહેલું કે, આપણે ઉત્પાદન કરીએ છીએ એના કરતાં વધુ વીજળી લઈએ છીએ પણ એ વીજળી કંઈ સ્ટોર નથી કરી શકતા. એક વખતના માનનીય ઉર્જા મંત્રીશ્રીએ એમ કહ્યું હતું કે, આપણે કોથળામાં નાંખીને વીજળી વેચવા જવું પડશે. પણ એ રીતે વીજળીને વેચવા જઈ શકાય નહીં.. એમાં જે ખપત છે એ અને એમાં લોસ આવે છે એમાં જે ડિફરન્સ બોલે છે એટલે મેં કહ્યું કે, આ દર વર્ષે ઘટાડો છે એ વધતો જાય છે તમે આટલી વીજ ચોરી પકડવાના પ્રયત્નો કરો છો તેમ છતાં આ ઘટાડો થાય છે તો હોશિયારીપૂર્વક માનનીય વીજ મંત્રીશ્રીએ જવાબ એવો આપ્યો કે, 'આ તો લાઈન લોસ છે એને કેમ ચોરી ગણાય.' ઘટાડો એ ઘટાડો છે. લાઈન લોસ હોય કે ચોરી હોય. ૧૯૮૦-૧૯૮૫માં ગુજરાત વિદ્યુત બોર્ડનું જે ઉત્પાદન હતું એમાંથી એ વખતે માત્ર ૯ ટકાનો જ લાઈન લોસ કે ઘટાડો હતો, આજે આ લાઈન લોસ કે ઘટાડો લગભગ ૩૦ ટકાએ પહોંચ્યો છે અને ખાનગી ઉત્પાદકો, જૂની અમદાવાદ ઈલેકિટ્રસિટી કંપની અને ટોરેન્ટ પાવર કંપની છે એનો લાઈન લોસ માત્ર ૯ ટકા છે અને આપણો ૩૦ ટકા શા માટે છે? આપણે ૬૬ કે.વી.ના સબ સ્ટેશનોને ૧૩૨, ૨૪૦, ૪૪૦ના કર્યા પછી આ વીજળી કયાંથી ડ્રેઈન આઉટ થાય છે કે એની ઘટ થાય છે એની ખબર પડે છે? પણ એની કોઈ ચિંતા નથી. આપણું વીજ ઉત્પાદન વધતું નથી.

આ રાજયના સ્વપ્ન દ્રષ્ટા આગેવાન મકરંદભાઈને યાદ કરવા જોઈએ કે ૧૯૭૫માં તેઓ વીજ મંત્રી હતા ત્યારે કેંદ્રીય વીજ ઓથોરિટી પાસેથી ગુજરાતની જે યોજનાઓ મંજૂર કરાવી આવેલા એમાંની હજુ કેટલીક યોજનાઓ શરૂ થઈ શકી નથી. એ પીપાવાવનું ગેસ બેઝ પાવર સ્ટેશન હોય, એના માટેનું એલોકેશન હોય, ગેસનું એલોકેશન માટે કેટલીય સરકારો બદલાય ગઈ તેમ છતાં એ થતું નથી. પરંતુ આપણા માનનીય શંકરસિંહજી વાધેલાની સરકાર હતી ત્યારે આપણું એક ડેપ્યુટેશન કતાર ગયેલું અને ત્યાંથી ગેસ પ્રોકયુ કરી આવેલા અને એમાં પીપાવાવમાં ગેસ લાવવાનો હતો અને એને આધારિત પાવર સ્ટેશન કરવાનું હતું. પીપાવાવનું એ ગેસનું ટર્મિનેશન ન થયું એનો છેદ ઉડાડી દેવામાં આવ્યો અને એમ કહેવામાં આવ્યું કે અહીં ઈલેકટ્રો ઈકોનોમી વાયેબલ નથી. એના માટે થઈને હવે નેશનલ પાવર સ્ટેશન કરવાનું છે એવી કંઈ વાત ચાલે છે. મિથાઈલ ગેસ બેઝ એના માટે મેળવવાની હંમેશા વાત કરીને એમાંથી પાવર ઉત્પાદન કરવાની વાત કરીએ છીએ એમાં કેટલો પ્રોગેસ કર્યો? આજે એમ.ઓ.યુ.ની વાઈબ્રંટ ગુજરાતમાં મોટી મોટી વાતો ચાલે છે કે, પવન ચકી આધારિત વીજ ઉત્પાદન કરવાનું છે ત્યારે મારે કહેવું છે ક આપણું ટોટલ વીજ ઉત્પાદન છે એમાંનું એક ટકો પણ વીજ ઉત્પાદન આ વીન્ડ મિલ પાવર મારફતે થાય છે ખરું? અગાઉની જે વીન્ડ મિલ પાવરની સ્કીમ હતી એમાં રાજય સરકારને સેલ્સ ટેકસમાં કેટલો

મોટો ઘાટો પડેલો, પણ અત્યારે તો એ સ્કીમ નથી અત્યારે તો કેંદ્રીય સ્કીમના આધારિત જઈ રહ્યાં છીએ. જે પાવર રાજયની જે જરૂરિયાત છે તેને માટે આ સરકારની ઉદાસીનતા છે. આ સરકાર આવ્યાને દશ વર્ષ થવા આવશે. નવ વર્ષ થઈ ગયા. આ નવ વર્ષની અંદર તમે ૨૦૦ મેગાવોટ પાવરનું એકસ્ટ્રા જનરેશન સરકાર મારફતે કર્યુ છે ખરું ? આપણે વણાંકબોરી હોય કે ગાંધીનગર હોય કે પાનેન્ધ્રોનું એક નાનકડું ૭૫ મેગાવોટનું લીગ્નાઇટ આધારિત જે પાવર જનરેટીંગ સિસ્ટમ છે ૭૫ મેગાવોટનું તેની વાતો કરી પણ આ લીગ્નાઇટ આધારિત પાવર સ્ટેશનની અંદર પણ જે સપ્લાયરો છે તે કોઈ દિવસ સમયસર સપ્લાય કરે છે? અને ખામીયુકત સપ્લાયરોને આપણે શા માટે એન્કરેજ કરીએ છીએ? એક કંપની કે જેના ગાંધીનગર વણાંકબોરીની અંદર તેમની સિસ્ટમ જે છે Ash handling તેની અંદર ડિલે થવાને કારણે આપણે આ પ્રદૂષણ આજુબાજુના ગામડાંને તેનું ભોગ બનવું પડે છે અને તેમ છતાં આપણે દિલ્હીની કંપનીને આપણે કોન્ટ્રેકટ આપીએ. આજે આ રાજયની અંદર પાનન્ધ્રોના લિગ્નાઈટસ પાવરના પેલા બે પ્લાન્ટસ છે તેનું રીપેરીંગ કામ આપ્યું ૧૧૦ કરોડનું. આજે ૧૬૦ કરોડ ખર્ચાઈ ગયા તેમ છતાં હજુ તે કામ પૂરું થઈ શક્યું છે ખરું? તે કામ પાવર જનરેશન બરાબર કરે છે ખરાં? આ વખતની જે માગણીઓ આવેલી છે તેમાં નવી માગણીની અંદર ભાવનગરની અંદર જે નેવેલી લીગ્નાઇટની સાથે મળીને ૧૫૦૦ મેગાવોટનો પાવર સ્ટેશન આપણે કરવાના છીએ. આપણી પોતાની ખાણ હોય, જમીન હોય, આપણી પોતાની જાણકારી હોય ત્યારે નેવેલી લીગ્નાઇટને શા માટે આપણે લઈએ છીએ? અને નેવેલી લીગ્નાઇટ પણ કેન્દ્રએ મંત્રાલય પાસેથી assistance મેળવીને આગળ વધતું તે યુનિટ છે. નેવેલી લીગ્નાઇટ એક જમાનાની અંદર ખૂબ મોટી ખોટ કરતું હતું. તેમની પાસે પોતાની ખાણ છે અને આ દેશની અંદર તે લીગ્નાઇટ તે સૌથી પાવર લીગ્નાઇટ આધારિત આ દેશમાં કર્યો છે પરંતુ તેના કરતાં પણ આજે જે નવી ટેકનીકસ છે.

આ સન્માનીય ગૃહમાં મેં કહેલું ત્યારે ૧૯૮૩માં પણ જે ભૂલ નેવેલીએ કરી હતી તે આપણે અત્યારે કરી રહ્યાં છીએ. ૭૫ મેગાવોટના પાવર સ્ટેશનો આજે કેટલાં ખર્ચાળ છે તેનું રીપેરીંગ છે તેની અંદર ૧૧૦ કરોડનો અંદાજ હતો ૧૬૦ કરોડ ખર્ચાઈ ગયા તે છતાં હજુ તેનું તે રીપેરીંગ થયુ નથી. તેનું જીર્ણોધ્ધાર થયો નથી. જીર્ણોધ્ધાર શબ્દ એટલા માટે, તે પછી આપણે ત્રીજો પાવર સ્ટેશન ત્યાં પોલેન્ડના આધારિત પણ કર્યો. અને ચોથો થઈ રહ્યો લીગ્નાઇટ આધારિત જી.એમ.ડી.સી.એ જે યુનિટો ઉભાં કર્યા છે આ ખૂબ લાંબા સમયની યોજના હતી અને ૫૦૦ મેગાવોટ કરતાં આજે જી.એમ.ડી.સી.ત્યાં પાવર જનરેશન કરી રહ્યું છે. થોડાંક સમયની અંદર આ grid ની અંદર પણ પાવર આપણને મળતો થઈ જશે. પણ મારે કહેવાનું છે કે આ પાવર જનરેશન કોના માટે છે? આ ખેડૂતોને સયમસર જે સરકાર વીજળી આપી શકતી ના હોય જવાબદારી સરકારની છે. તે વીજ કંપનીઓનું આપણે ચાર કંપનીમાં વિભાજન કર્યુ પણ તેનો સીધો લાભ તે ઉપભોગતાને મળે છે ખરોં ? ઉપભોગતાને તો મોંઘી વીજળી લેવી પડે અને બધીજ જે લાઈન લોસ હોય કે ચોરી હોય બધી ખેડૂતોને નામે નાખી દેવાની. અગાઉ પણ આ ગૃહમાં મેં કહ્યું છે કે આપણાં એગ્રીકલ્ચરનાં જે કનેકશનો છે તેનાં ગ્રાહકો કેટલાં અને આ ખેડૂતો જે છે તે વધુમાં વધુ પાણી વાપરે એક ક્રોપ માટે અને તેને ત્રણ વર્ષની અંદર તેનું પિયત થઈ જાય એટલે એક ક્રોપ માટે તે ૨૧ દિવસ જોઈએ અને વર્ષના ૩ ક્રોપ લે તો ૬૩ દિવસ જાય. આ ૬૩ દિવસ અને ૧૪ કલાકનો હિસાબ ગણો તો ૮૦૦ કલાકનું કન્ઝમશન હોય પરંતુ આપણે તો ૧૨૦૦ કલાક વીજળી આપીએ છીએ. જી.ઈ.બી. દ્વારા બધી જ ચોરી કે લાઈન લોસ ખેડૂતોના નામે નાંખી દેવાય અને આ વિકૃત માનસ છે, એના માટેનું શ્વેતપત્ર બહાર પાડે અને ટ્રાન્સપરન્સી બતાવે કે ખેડૂતોને વીજળી કેટલી જાય છે? આ બધી ચોરી ખેડૂતોના નામે શા માટે કહેવામાં આવે છે? ખેડૂતોને મોજશોખ માટે વીજળી જોઈતી નથી. એને એરકન્ડિશન ચલાવવા માટે કે મિડિયાના કાર્યક્રમો જોવા માટે વીજળી જોઈતી નથી. એ તો રાતદિવસ ગમે ત્યારે તમે વીજળી આપો ત્યારે કયારા વાળવા જશે અને એ પરિસ્થિતિમાં આ દેશનો અને આ ગુજરાતનો કિસાન એ મહામૂલું અનાજ પકવે છે. જે આપણી જરૂરિયાત પૂરી કરે છે.

ગુજરાતનો કિસાન જયારે આ અનાજ નહીં પકવે ત્યારે આપણા જઠરાગ્નિની આગને કોઈ શાંત કરી શકશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે જ મહારાષ્ટ્રે મફત વીજળી આપવાની વાત કરી, આંધ્રમાં પણ કરી, હું એ મળે છે કે નહીં એની વાત નહીં કરું, પરંતુ ગુજરાતમાં તો આ વીજળી ૬૦૦ રૂપિયે મેગાવોટ હોર્સપાવર દીઠ નકકી થઈ હતી અને એમાં ૧૦૦ રૂપિયા માનનીય આત્મારામભાઈ પટેલની સૂચનાથી અને શંકરસિંહજી વાઘેલા વખતે ઓછા કર્યા હતા. આજે ૧૨૦૦ થી ૧૪૦૦ રૂપિયાના ભાવ લેવામાં આવે અને આપણે એશિયન ડેવલપમેન્ટ બેંકની લોનમાં શરત હતી કે રી-સ્ટ્રકચર કરો. ખેડૂતોને ઓછા ભાવે વીજળી આપો છો, એમાં. પણ તમારી સલાહ સાચી હશે, પણ અમે એ મુજબ કરવા માગતા નથી. અમારી શાખ ઉપર લોન આપવી હોય તો આપો. એમ કહી શકાય. એશિયન ડેવલપમેન્ટ બેંકની ૩ પ્રકારની લોન હતી. એક વીજ બોર્ડના પરિવહન અને એને માટેની હતી. બીજી રી-ફોર્મ માટે હતી અને રી-સ્ટ્રકચર, રાજય સરકારના બધા ખાતાઓને લઈને રી-ફોર્મથી લઈને સેલસટેકસ વગેરેમાં સ્લેબ ઓછા કર્યા. અને આ લોન નાણાકીય તજજ્ઞ મનુ શ્રોફ અને એમના રીપોર્ટ પ્રમાણે આપણે લીધેલી હતી. પરંતુ એ પછી એશિયન ડેવલપમેન્ટ બેંકની લોન લીધી પછી આપણે એમાંથી શું કર્યુ? એ લોનના કારણે આપણે એમની સલાહ પ્રમાણે વર્ત્યા. એ તો સારું છે કે આપણે ત્યાં એનર્જીની એક સમિતિ છે. એને કારણે આજે

ગુજરાત એનર્જીની જે પ્રાઈસ કમિટી છે એને આધારે આપણે વીજળી લેવી પડે છે. એના ભાવમાં કયાંક નિયંત્રણ આવશે નહીં, તો આ રાજયમાં રૂપિયા ૫.૫૪ પૈસાના ભાવે એસ્સારની વીજળી ૨૦૦૩-૦૪માં લીધેલી. ૨૦૦૪-૦૫માં એ ઘટીને રૂપિયા ૩.૮૯ કર્યા અને ૨૦૦૫માં રૂપિયા ૨.૩૧ કર્યા. તો એસ્સારની રૂપિયા ૫.૫૪ ના ભાવે વીજળી લેવાઈ, એ કરાર કોણે કર્યા હતા? એક વખત આઈ.કે.જાડેજા અને સૌરભભાઈએ નિવેદન કર્યુ હતુ કે આ કરાર રાજપાની સરકાર વખતે કરવામાં આવેલા. મેં તારીખો આપી અને મારે કહેવું જોઈએ કે સૌરભભાઈએ એ તારીખોનો સ્વીકાર કર્યો, પરંતુ મજબૂરી હતી એટલે કરવું પડયું એવું પણ કીધું. માનનીય અધ્યક્ષશ્રી, એવી મજબૂરી શું હોય કે રાજયના હિતોના ભોગે એનો સ્વીકાર કરવો પડયો?

આ રાજયમાં આપણે આપણું પોતાનું વીજ ઉત્પાદન શા માટે વધારી શકતા નથી? આપણને આપણું ઉત્પાદન વધારવામાં શું રૂકાવટ આવે છે? કેન્દ્ર સરકાર ૪ હજાર મેગાવોટનો મેગા પાવર પ્રોજેકટ ગુજરાત માટે મંજૂર કરતી હોય તો આપની પોતાની કેન્દ્ર સરકાર હતી ત્યારે આપે કેમ નહીં કર્યુ? દેશમાં ગુજરાત સહિત ૫ જગ્યાએ ૪ હજાર મેગાવોટના મેગા પાવર સ્ટેશન થયેલા છે અને એ પાવર સ્ટેશનની વીજળી કેન્દ્ર સરકાર આપશે એવી અપેક્ષા રાખીએ. પરંતુ એ પાવર સ્ટેશનોનું પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ થયું છે એ અને એની બાજુમાં જે પાવર સ્ટેશન થયું છે એના પાવર પરચેઈઝ એગ્રીમેન્ટનો ભાવનો તફાવત છે કે કેમ એ મંત્રીશ્રી જણાવે જેથી ખબર પડે કે આપણે ત્યાં પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ છે એ ઉંચા ભાવે શામાટે થાય છે? એની બાજુમાં જ જારે ટાટા પાવર કંપની આ કોન્ટ્રાકટ લઈ લે એનું પાવર પરચઈઝ એગ્રીમેન્ટ જે નેશનલ થર્મલ પાવર કંપની જે કેન્દ્રીય મંત્રાલય સાથે થયું છે એના ભાવમાં અને આપણા ભાવમાં કેટલો ફરક છે. અમે પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ રિલાયન્સ સાથે કર્યુ હતું, પરંતુ એ અમલમાં આવી શકયું નહોતું કારણકે એની અંદર બોંધેલા હતા પેટકોકમાંથી પાવર ૫૦૦ એમ.જી. કરવા માટે, પરંતુ એમાંથી આ કંપની બેક આઉટ થઈ ગઈ છે. આજે એના કારણ આ પાવર પરચેઈઝ એગ્રીમેન્ટનું અમલીકરણ થયું હોત તો ૫૦૦ મેગાવોટનો પાવર વધારો થઈ શકયો હતો. તો એને શામાટે કમ્પેલ ના કર્યુ. એમાં જો પેટકોકનું ઉત્પાદન એ કંપનીમાં ના હોય અને પાવર સ્ટેશન ન કરતા હોય તો વાત સમજી શકાય, પરંતુ આજે પેટકોક તો ઓપન માર્કેટમાં ઉંચા ભાવે વેચાતો હોય એટલે સરકાર સાથે જે પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ અત્યારે તો માત્ર એમ.ઓ.યુ. થાય છે, પરંતુ પેલા તો પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ થઈ ગયાં હતાં અને એ પણ પાવર પરચેઈઝ એગ્રીમેન્ટ એ ભારતીય જનતા પાર્ટીની સરકાર વખતે થયાં હતાં અને એનું અમલીકરણ ના થયું તેમ છતાં કારણ કે સમર્થકો ન દોષ ગેહાઈ એક નાનો કોન્ટ્રાકટર સમયસર કામ ના કરે ને એને બ્લેક લિસ્ટ કરે અને કામ ના કરવા દે, પરંતુ અહીં મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકીશ કે તેમની ટેન્ડર પરચેઈઝ કમિટી છે એ કોઈના માટે માર્ક કરે તેમ છતાં એમનું ટેન્ડર કન્સીડર કરીને કામ આપવામાં આવે, ભૂતકાળમાં કામ થયું ના હોય તો પણ એને વહાલાં દવલાંની રીતે કામ આપવામાં આવે છે એના લીધે આખરે નુકસાન તો ગુજરાતની પ્રજાને થઈ રહયું છે જેથી પાવર જેટલો સસ્તો મળે એટલું સસ્તું ડિસ્ટ્રિબ્યુશન થઈ શકે. હવે તો પાવરમાં પણ નફાખોરી થઈ શકે તેમ નથી કારણ કે પ્રાઈઝ રેગ્યુલેટરી કમિટી આવ્યા પછી એ થઈ શકતું નથી. ભૂકંપ પછી કચ્છના વિસ્તારમાં કામ કરવાનું હતું અને આ વખતના બજેટમાં એની કોઈ જોગવાઈ નથી કારણ કે કામ બધાં પૂરાં થઈ ગયાં છે, કેટલીક જગ્યાએ વીજ રેસાઓ બદલવાના હતા જયાં નીચે વસાહતો આવી ગઈ છે તેમછતાં એ બદલાતા નથી અને પૈસા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીમાંથી મળી ગયા છે અથવા મળવાના છે, પરંતુ પ્રજા ભયના ઓથાર નીચે જીવતી હોય ત્યારે એ બદલવાની જરૂર છે. મારા જ વિસ્તારમાં કકરવા ગામમાં જયપ્રકાશ એન્ડ કંપનીએ ગામ વસાવ્યું, પરંતુ એના ઉપરથી વીજળીની લાઈન પસાર થાય છે ૬૬ કે.વી.ની અને એ વીજ રેસાઓ દૂર થતા નથી અને એનો ખર્ચ કોણ કરે, સરકારનું કોઈપણ ખાતું કરે એની સામે અમારો વાંધો નથી, પરંતુ એ વીજ રેસાઓ બદલાય એ મારી મંત્રીશ્રીને ભલામણ છે.

ખાસ કરીને ડાર્ક ઝોનની વાત કરું તો માનનીય કૃષિ મંત્રીશ્રીએ વાત કરી છે કે અમે ખૂબ ખેતતલાવડીઓ કરી, સિંચાઈ મંત્રીશ્રીએ કહયું કે અમે ખૂબ જળસંચયનાં કામો કર્યા છે અને એના કારણે આપણે ત્યાં જમીનનાં પાણીનાં તળ ઉંચાં આવી ગયાં છે. તો આ ડાર્ક ઝોનને આગળ કરીને શામાટે વીજ કનેકશન આપવામાં આવતાં નથી? આ અગાઉ પણ મેં કહયું હતું કારણ કે આ ડાર્ક ઝોન દૂર કરવાનું કામ કેન્દ્ર સરકારનું છે અને એના માટે રૂરલ ઈલેકટ્રીફીકેશન કોરપોરેશન જે છે એ વીજ કનેકશન માટે પૂરતી આસિસ્ટન્ટ ના આપે તો રાજય સરકાર એટલી જવાબદારી ખેડૂતો માટે થઈને ઉપાડી શકે છે. અગાઉ ૧૯૯૭ માં પણ રાજય સરકારે એ જવાબદારી ઉપાડીને ડાર્ક ઝોનમાં ખેડૂતોને કનેકશન આપ્યાં હતાં તો આ બાબતમાં વીજળી મંત્રીશ્રી સ્પષ્ટતા કરે અને ખાસ કરીને કચ્છમાં પાવરની પરિસ્થિતિ આકસ્મિકતાના કારણે થઈ છે તો આ માટે ગમે ત્યાંથી ખાનગી કંપનીઓ પાસેથી લઈને કારણ કે આજે કેપ્ટિવ પાવર સ્ટેશનો કચ્છમાં છે અને તેમની ઓવર કેપેસિટી છે તો આ પાવર તાત્કાલિક લઈને એ ગ્રીડમાં નાંખીને ખેડૂતોનો ઉભો મોલ સૂકાય નહીં એવી વ્યવસ્થા કરે એટલી મારી આપશ્રીને વિનંતી છે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ઉર્જા માટેની માગણી નંબર: ૧૨, ૧૩ અને ૧૪ લઈને માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, એમાં હું મારું સમર્થન

આપવા માટે ઊભો થયો છું. ઉર્જા માટેના અભિનંદન તો સમગ્ર દેશે ગુજરાતને આપ્યા છે. ગુજરાતની અંદર વીજળી ક્ષેત્રે જે કામગીરી છેલ્લા ચાર વર્ષમાં થઈ છે તે કામગીરીની ગુજરાતે તો નોંધ લીધી જ છે. પણ સમગ્ર ભારતે અને કેન્દ્ર સરકારે પણ નોંધ લીધી છે કે ગુજરાતમાં વીજળીની જે કામગીરી છે તે નોંધનીય છે. આ જ્યોતિ ગ્રામ યોજનાથી ગ્રામ્ય વિસ્તારને કેટલો ફાયદો થયો છે તેનો મારે એક જ દાખલો આપવો છે. સુરત શહેરમાં કે અમદાવાદ શહેરમાં જે હીરા ઉદ્યોગમાં કામ કરતાં કારીગરો હતા, તેઓ આજે હજારો કારીગરો આ જ્યોતિ ગ્રામ યોજના અમલમાં આવી તેના કારણે ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, અમરેલી ગમે તે જિલ્લાનો કારીગર હોય તે તમામ કારીગરો સુરતમાં હીરા ઉદ્યોગમાં કામ કરતાં હતાં. એક નાની ઓરડીમાં ઉંચા ભાડા આપીને વસવાટ કરતાં હતા એવા લોકો આજે પોતાના ઘરે આવી અને ગામમાં કારખાના ચાલુ થયા છે એમાં કામ કરી રહ્યા છે. અને આ માત્ર અને માત્ર જ્યોતિ ગ્રામ યોજનાને આભારી છે. એટલું જ નહીં પણ ગામડાંમાં એક દરજી સીવવાનું કામ કરતો હોય તો તે પણ આજે જ્યોતિ ગ્રામ યોજનાને યાદ કરે છે, એક માણસ ઘંટી ચલાવતો હોય તો તે પણ જ્યોતિ ગ્રામ યોજનાને યાદ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ્યોતિ ગ્રામ યોજનાથી શિક્ષણનો વ્યાપ પણ વધ્યો છે. મારા ટીકર ગામની હાઈસ્કૂલમાં મારી ગ્રાન્ટમાંથી હમણાં જ અમે દસ કમ્પ્યુટર આપ્યા, એ ગામડાંએ ક્યારે કોમ્પ્યુટર માગ્યા? આ જ્યોતિ ગ્રામ યોજનાથી ૨૪ કલાક વીજ પુરવઠો મળવા લાગ્યો તેથી એ ગામડાંએ કોમ્પ્યુટર માગ્યા છે. અને તેના કારણે આજે એ બાળક ગામડાંની તેની શાળામાં કોમ્પ્યુટર શીખવાનો છે, તેથી શહેરીકરણ અને ગ્રામ્યકરણનું નજીક આવવાનું પાસુ હોય તો આ જ્યોતિ ગ્રામ યોજના છે. આ પાસાને કારણે ગામડાનો બાળક અને શહેરી બાળક નજીક આવી રહ્યા છે. એટલું જ નહીં માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના શહેરોમાં લોડ શેડીંગ એક મિનિટ પણ નથી. સમગ્ર ભારતમાં અને બીજા રાજયોમાં જ્યાં ત્રીસ ત્રીસ લાખની વસતિ વાળા શહેરો છે તેમાં પણ ૪-૪ કલાક પાંચ પાંચ કલાક લોડ શેડીંગ હોય છે. ગુજરાતમાં એક પણ શહેરમાં લોડ શેડીંગ નથી. આજે મારે એમ કહેવું છે કે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર છે. ગુજરાતના કહેવાતા કોંગ્રેસના નેતાઓ ગુજરાત માટે કેન્દ્રમાં જઈ અને રજૂઆત કરે અને ૨૦૮ મેગાવોટ વીજળી કાપી નાખવામાં આવે, તો આ વીજળી શું કામ કાપી નાખવામાં આવી? આ મતોના રાજકારણ માટે વીજળી કાપવામાં આવી અને જો આ વીજળી કપાઈ જાય તો ખેડૂતો પરેશાન થાય, અને પરેશાન થાય તો મત મળે, અને આ રીતે મતોના રાજકારણ માટે આવી રજૂઆત કરવામાં આવે તો આ રીતે વીજળી કપાવવા માટેની રજૂઆત એ ખરેખર ગુજરાતના હિતમાં નથી. હું તો એમ કહું છું કે જો આપનું કેન્દ્રમાં ઉપજતું હોય તો ગુજરાત માટે સારું કરો, બધાની જવાબદારી છે ગુજરાત માટે સારું કરવાની. તો ગુજરાત માટે કંઈ ને કંઈ સારું કરવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં પૂર આવ્યું, આપણે બધા જાણીએ છીએ કે સુરતમાં પૂર આવ્યું .એ વખતે હો-હા મચાવી દીધી કે હવે ત્યાં કોઈને ઘૂસવા નહીં દેવામાં આવે, સુરતના લોકો પત્થરો લઈને ઊભા છે. પણ માનનીય અધ્યક્ષશ્રી, એ સુરતમાં વીજળીની જે કામગીરી થઈ છે એ ખરેખર મેં જોઈ છે. તે અધિકારીઓને, વીજળીના તંત્રને, માનનીય ઉર્જા મંત્રીશ્રીને અને માનનીય મુખ્ય મંત્રીશ્રીને ધન્યવાદ છે કે જેમણે પાણી ઉતર્યુ અને તરત જ વીજળી આપી દીધી. સાહેબ એક દોરો પાણી ઊતરે એની અધિકારીઓ રાહ જોઈને બેઠા હતા. પાણી ઊતરે એની રાહ જોઈને ટ્રાન્સફોર્મરો લઈને બેઠા હતાં. આ કામગીરી વિભાગે કરી છે. એ કામગીરીને સમગ્ર રાજયે નોંધ લીધી છે.

માનનીય સભ્યશ્રી બાબુભાઈ ભૂકંપની કામગીરી અંગે વાત કરતા હતા. ભૂકંપની કામગીરી માનનીય બાબુભાઈ અમે જોઈ છે. ગુજરાત વિદ્યુત બોર્ડના અધિકારીઓએ ભૂકંપની કામગીરી કરી છે એ મને યાદ છે. કચ્છની અંદર મોકલવા માટે મારુ એક ૬૬ કે.વી.ના સબ સ્ટેશનમાથી ૧૦ એમ.વી.એ. ટ્રાન્સફોર્મર ચાર પાંચ રાતોરાત ઉપાડી ગયા હતા. અધિકારીઓએ મને એમ કહ્યું કે ત્રણ દિવસ સુધી ખેડૂતો વાપરે નહિ ત્યારે મેં કહ્યું અમને વાંધો નથી. એમણે કહ્યું કે કચ્છમાં અંધારપટ છે એના માટે અમે અહીંથી લઈ જઈએ છીએ. તમને બે ત્રણ દિવસમાં બીજા પહોંચાડી દઈશું. આ કામગીરી ગુજરાત વિદ્યુત બોર્ડે કરી છે અને એ કામગીરીને સમગ્ર ગુજરાત રાજયે જોઈ છે. એ કામગીરી કરવા બદલ બોર્ડના અધિકારીઓને ધન્યવાદ આપવા જોઈએ, વિભાગને ધન્યવાદ આપવા જોઈએ. આ કામગીરી આપણે બધાએ જોઈ છે. ખરેખર એ કામગીરીને આપણે બિરદાવીએ છીએ.

ખાનગી કંપનીઓ પાસેથી વીજળી લેવા માટેના જે કરારો થાય છે અને એ કરારોમાં કોઈ દિવસ આઘ ાપાછું ન કરી શકે છતાં આ રાજયના મુખ્યમંત્રીશ્રી, ઉર્જામંત્રીશ્રીએ આ લોકોને કાયદેસર દબાણ કરીને જે ભાવ ઘ ટાડો કર્યો છે જેના કારણે રાજયને ૫૬૦ કરોડનો ફાયદો થયો છે. આ ઘટના ફક્ત ગુજરાત પૂરતી જ નહિ હોય

પરંતુ સમગ્ર દેશમાં ઈતિહાસરૂપી હશે કે એક વખત કરાર થયેલ હોય અને જેમાં ઘટાડો કરી રાજયને ફાયદો કરાવવામાં આવે આ ઘટના ફક્ત ગુજરાત પૂરતી જ હશે.

લોનો અનેક પ્રકારની લેવામાં આવે છે. એમાં ઊંચા વ્યાજની લોનો હતી એ લોનો નીચા વ્યાજની લોનો લઈને ભરીને બોર્ડને ફાયદો કરાવ્યો છે. આ બોર્ડ આજે સદ્ધર છે. ખરેખર ગુજરાત વિદ્યુત બોર્ડ આજથી કરીને પાંચ સાત વર્ષ પહેલાની સ્થિતિ આપણે જોઈ છે. આપણે તે વખતે વિચાર કરતાં હતાં કે ગુજરાત વિદ્યુત બોર્ડ કરશે શું? લોકોને વીજળી કેવી રીતે આપશે આ પરિસ્થિતિ હતી. આજે હું પણ સ્વીકારુ છું અને સમગ્ર લોકો સ્વીકારે છે. આજે એ પરિસ્થિતિમાંથી બહાર નીકળીને બોર્ડ સદ્ધર બન્યું છે તેના લીધે એમાં જે પૈસાની બચત થશે એમાંથી આપણે રોડ બનાવવાના છીએ? એ નથી થવાના પરંતુ એમાંથી ખેડૂતોને સારી વીજળી મળે એના માટે નવા સબ સ્ટેશનો કરવા, બાયફરગેશન ફિડરો કરીને મને યાદ છે કે ૬૬ કે.વી. સબ સ્ટેશનમાં ૧૦ એમ.વી.એ નું એક ટ્રાન્સફોર્મર ઊભું કરવું હોય તો એના માટે બાર મહિના સુધી રજૂઆત કરતા હતાં. પરંતુ આજે તો કહ્યા પહેલા લોડ ફેકટરને ધ્યાને રાખીને આ ૬૬ કે.વી., દસ એમ.વી.એ. નું ટ્રાન્સફોર્મર આવી જાય છે. નહિતર તો આપણે બાર મહિના સુધી રજૂઆત કરતાં હતાં પરંતુ આજે બોર્ડ સદ્ધર બન્યું એના લીધે જે આવક થાય છે એમાંથી જુદી જુદી કામગીરી કરવામાં આવે છે. ૩૦-૪૦ વર્ષ સુધી લાઈનોના વાયરો બદલવામાં આવ્યા નહોતા. પરંતુ આજે એકે એક લાઈનના વાયરો બદલવામાં આવ્યા છે. આ કેમ બન્યું? બોર્ડ જેટલું સદ્ધર થશે એટલી બચત થશે અને એ પૈસા એની પાછળ જ વપરાશે જેનો લાભ સીધો ખેડૂતોને જ થવાનો છે.

આજે ૮ કલાક વીજળી પાવર મળે છે એ નો ટ્રીપીંગ મળે છે. નો લોડ સેટીંગ મળે છે અને ઘણા મારા મિત્રો એમ કહે છે કે ઘણી વખત ફોલ્ટ થયો હોય તો એને મજરે નથી આપતા. સાહેબ રૅકૉર્ડ સાથે કહુ છું કોઈ ફીડર ફોલ્ટમાં ગયું હોય તો એનું વળતર ૨ કલાક કે ૩ કલાક હોય તો આપે છે. એનું વળતર આપે છે. કોણ કહે છે કે નથી આપતા? આજે એક એક ફીડરમાં આપે છે. સાહેબ માલજીભાઈને મારે એ કહેવું છે કે છેલ્લા ૫ વર્ષમાં વીજળી માટેના આંદોલનો કેટલા થયા એ મને બતાવશો? આજે જે પરિસ્થિતિ છે, વીજળીની હું ખરેખર એમ કહુ છું હું પહેલા પણ કહી ચૂક્યો છું આજે પણ કહુ છું કે આ રાજયમાં, આ રાજયના મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીની સીધી દેખરેખ નીચે જો આટલું વીજળી ઉપર ધ્યાન ન આપ્યું હોત તો આજે આ ગુજરાતમાં વીજળી ક્ષેત્રે જે પરિસ્થિતિ હોત એને કંટ્રોલ ન કરી શક્ત, એટલે ધન્યવાદ આપીએ અને આપણે કહીએ છીએ કે અમુક વિભાગ એવા હોય છે, આ ઉર્જા વિભાગ છે એ જશનો નથી હોતો. અપજશનો હોય છે. એમાં ગાળો ખાવાની હોય છે. એમાં ગાળો દે. ગામડામાં માણસો પાણા લઈને દોડે, આ વિભાગે જે કામગીરી કરે છે જેના આધારે એક ધારાસભ્ય તરીકે ગૌરવભેર ગામડામાં જઈએ છીએ અને ગૌરવભેર કહીએ છીએ એનો જો કોઈ જશ હોય તો આ વિભાગને અને આ રાજયના મુખ્યમંત્રીને કે અમે ગામડામાં ગૌરવભેર જઈને ઉભા રહીને કહી શકતા હોય તો આજે અમે એની નોંધ લઈએ છીએ. ભૂલી નથી ગયા ભાઈ, તમને ખબર છે, સુરેન્દ્રનગરમાં આજે જે કંઈ હું એમ કહુ છું સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૨ કે.વી.ની લાઈનો હતી, એનું મટીરીયલ ના મળતું એ આજે ૨૨ કે.વી.ની લાઈનો છે એ ૧૧ કે.વી કરવામાં આવી છે. આની પાછળ પુષ્કળ ખર્ચ થયો પણ ખેડૂતોના ભોગે ૨૨ કે.વી.માંથી નીકળવા માટે ૧૧ કે.વી.માં કન્વર્ટ કરી, હજી પણ થોડીક છે, જાડેજા સાહેબના વિસ્તાર, ધાંગધ્રામાં જ છે. એની કામગીરી ચાલુ છે. પણ આ લાઈન શું કરવા બદલવી પડે? જેમાં મુશ્કેલી છે એ મુશ્કેલી નિવારવા માટે ૧૧ કે.વી.માં જવું પડે છે. ૨૦૦૨માં સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૦ ૬૬ કે.વી. હતા, આજે ૪૬ છે, કયાંથી મળ્યા? એક ૬૬ કે.વી.નો ૫ કરોડનો ખર્ચ થાય છે અને એ ૫ કરોડના ખર્ચને કારણે ૧૬ ૬૬ કે.વી. સુરેન્દ્રનગર જિલ્લાને આપ્યા જેના કારણે એક આંદોલન ખેડૂતોનું નથી થયું, એનું જો કોઈ કારણ હોય તો સારી ગુણવત્તાવાળી વીજળી જે મળે છે એ કારણ છે. એટલા માટે નથી થતું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઊંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી જ્યારે એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એમના સમર્થનમાં બે શબ્દો કહેવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એક સત્ય હકીકત છે, હું કોઈ પ્રશંસા કરવા માટે ઊભો થયો નથી પણ ઉર્જા મંત્રીશ્રીએ જે કામગીરી કરી છે એ અવર્ણનીય કામગીરી કરવાના કારણે બે શબ્દો બોલવાનું મન થાય એ સ્વભાવિક હોય. મારા મત વિસ્તારમાં જતો ત્યારે ગામડાના લોકો આપણને ચીસકારા કરતા હતા. શહેરમાં તમારે વીજળી જોઈએ છે, તમારે એર કન્ડીશન જોઈએ અને અમારે ગામડામાં કોઈ લાઈટ નહિ? લાઈટનો કાપ? આ પરિસ્થિતિ હતી. અરે, અમને એ લોકો કહેતા કે તમારે શહેરના લોકોને ભણવાનું છે અને ગામડાના લોકોનો અભ્યાસ બગડતો નથી? તમે પ્રતિનિધિ તરીકે ચિંતા કરતા નથી. આ વ્યથામાંથી બહાર કાઢવાનું કામ ભારતભરમાં જો કોઈએ કર્યું હોય તો એ આપણા ઉર્જા મંત્રી અને મુખ્યમંત્રીની દોરવણી નીચે થયું છે એમ કહીએ તો ખોટું નથી. જ્યોતિગ્રામ યોજના આખા ભારતમાં ક્યાંય થઈ નથી અને આજે પણ કોઈ રાજ્યની તાકાત નથી કે

જ્યોતિગ્રામ યોજના કરી શકે. એ જ્યોતિગ્રામ યોજના કરવાનું કામ કર્યું હોય તો ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ દલાલે કર્યું છે. એના કારણે બાળકોનો અભ્યાસ સુધરશે, આરોગ્ય સુધરશે, વૃદ્ધો અને અપંગોને જે સવલતો મળવી જોઈએ એ મળશે. ગામડા અને શહેર વચ્ચેની અસમાનતા દૂર કરવાનું કામ સૌરભભાઈએ કર્યું છે. જ્યારે જ્યોતિગ્રામ યોજના શરૂ થઈ ત્યારે મુખ્યમંત્રીશ્રીએ મને બોલાવ્યો અને કહ્યું કે, તમારા માર્કેટ યાર્ડમાં આટલું બધું ફંડ છે અને આ યોજના શરૂ કરવાની છે એમાં તમે સહયોગ આપો. ત્યારે મેં મુખ્યમંત્રીશ્રીને એમ કહ્યું કે તમે મારા પાસેથી શું ઈચ્છો છો? એમણે સૌરભભાઈને બોલાવીને કહ્યું, ગણતરી કરીને કહ્યું કે ૫૫ લાખનો ચેક આપી દો. ચેક આપી દીધો. સૌથી પહેલા સમગ્ર ભારતમાં જો જ્યોતિગ્રામનો તાલુકો બન્યો હોય તો એ ઊંઝા તાલુકો બન્યો છે અને એના પછી જો કોઈ પ્રથમ જિલ્લો હોય તો એ મહેસાણા જિલ્લો બન્યો છે. આ બાબતનું ગૌરવ અમે લઈએ તો ખોટું નથી. ઉર્જા મંત્રીશ્રીના હૈયે ખેડૂતો પ્રત્યે એટલો બધો પ્રેમ છે, હું કોઈ પ્રશંસા કરવા ઊભો થયો નથી પણ જ્યારે જ્યારે ખેડૂતોને લઈને અમે પ્રતિનિધિ તરીકે ગયા હોય ત્યારે જીરાના વાવેતરમાં અમારે લાઈટ ઓછી પડતી હોય અને કહીએ કે સાહેબ, અમારે ખેતી માટે ૩ મહિના માટે આ લાઈટની જરૂર હોય છે. અમારે બીજા માટે જરૂર હોતી નથી, ત્યારે એમણે બે કલાક વધારો આપવાનું સાહસ કર્યું છે. એકલા જીરું માટે નહિ, ડાંગર માટે, કપાસ માટે અને શેરડીના પાકમાં પણ એમણે કાળજી રાખી છે. આવી કાળજી રાખવાવાળા ઉર્જા મંત્રીશ્રી મળ્યા છે એ ગર્વની બાબત છે. મારા વિસ્તારમાં ૩-૪ વિદ્યુત સબ સ્ટેશનો થયાં. પહેલા ન હતા એના કારણે ટ્રીપીંગ થતા હતા, એના કારણે કેટલીક મોટરો બળી જતી હતી. પણ નવા સબ સ્ટેશનો થવાના કારણે એકધારો પ્રવાહ આવવાના કારણે આ મોટરો થોડી ઘણી બળતી હશે પણ અવાર-નવારની ફરિયાદો હતી એ ફરિયાદો દૂર કરવાનું કામ પણ આ નવા સબ સ્ટેશનો થવાના કારણે થયું છે.

દરેક સબ સ્ટેશન ઉપર મોનિટરીંગ, દરેક ફિડર ઉપર મોનિટરીંગ અને દરેક કર્મચારી ઉપર સીધી દેખરેખ હોવાના કારણે લાઈનલોસનો જે મોટો ફટકો પડતો હતો અને ખોટ જતી હતી એ ઓછી કરવાનું કામ પણ એના કારણે થયું છે. વિદ્યુત બોર્ડ પહેલા એક કંપની હતી અને વડોદરામાં એની મધ્યસ્થ કચેરી હતી. એનાથી સમગ્ર ગુજરાતનો વહીવટ બરાબર થતો ન હતો. ઘણી ફરિયાદો રહેતી હતી. ત્યારે ઉર્જા મંત્રીશ્રીએ આ વિદ્યુત બોર્ડને ૭ ડિવિઝનમાં વહેંચી નાખ્યું. એના કારણે નાના વિસ્તારના કારણે, પ્રત્યક્ષ દેખરેખ રહેવાના કારણે આજે સુદ્રઢ વહીવટ કરી શકીએ છીએ. સાહેબ, એટલું જ નહિ જ્યારે જ્યારે જઈએ ત્યારે વિદ્યુત બોર્ડની ફરિયાદ હોય ખેડૂતો અને વેપારીઓની ત્યારે વિદ્યુત બોર્ડ તરફ નફરતની દૃષ્ટિએ જોતા હતા પણ એની જગ્યાએ આજે પ્રેમની દૃષ્ટિએ જોવાનું કામ કર્યુ છે એ ઊર્જા મંત્રીએ કામ કર્યુ છે બીજા કોઈએ નહિ.

બીજુ સાહેબ, પહેલા વિદ્યુત બોર્ડ ૨૦૦૦-૨૦૦૧ સુધીમાં ૨૫૪૨ કરોડની ખોટ ધરાવતું હતું અને આ ખોટના કારણે આપણું બજેટ એ ખોટમાં વપરાતું હતું, એની જગ્યાએ અથાગ પ્રયત્નોના કારણે ૨૦૦૭ ફેબ્રુઆરી સુધીમાં ૨૦૦ કરોડનો નફો, ખોટ જતી હતી એની જગ્યાએ કરી બતાવ્યો હોય તો આ ઊર્જામંત્રીએ કરી બતાવ્યો છે. કોઈપણ ક્ષેત્રની સફળતા મહેસૂલી આવક ઉપર હોય મહેસૂલી આવક જો બરાબર ના હોય તો રાજ્યનું અર્થતંત્ર બરાબર ચાલતું નથી. આપણી પહેલા માસિક ૭૦૦ કરોડની જે મહેસૂલી આવક હતી તે વધારીને ૧,૧૯૧ કરોડની મહેસૂલી આવક અત્યારે થઈ છે. ગુજરાત વિદ્યુત બોર્ડની વાર્ષિક મહેસૂલી આવક પહેલા ૮૩૮૯ કરોડ હતી અને અત્યારે તે વધીને ૧૧,૫૦૭ કરોડની જો આવક કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. સાહેબ, બીજી વાત કરું તો જ્યારે જ્યોતિ ગ્રામ યોજના દાખલ થઈ ત્યારે મારી સામે બેઠેલા વિદ્ધવાન એવા ધારાસભ્યો તે વખતે શું ૮ કલાક આ ખેડૂતોને લાઈટ આપી શકતા નથી અને આ જ્યોતિ ગ્રામ યોજના લઈને બેઠા છે અને આ સરકાર નિષ્ફળ જાય એવા સ્વપ્ના સેવતા હતા, પણ આ જ્યોતિ ગ્રામ યોજના થવાના કારણે ચોરી જે થતી હતી અને ચોરી નિર્મૂળ કરવાનું કામ આ જ્યોતિ ગ્રામ યોજનાના કારણે થયું છે. ટ્યુબવેલની અંદર ટેટા લઈ થ્રી ફેઈઝ લાઈટ કરવાનું કામ જે થતું હતું અને ચોરીનું પ્રમાણ વધ્યું હતું એ પ્રમાણ બંધ કરવાનું કામ એ આપણી આ જ્યોતિ ગ્રામ યોજનાના કારણે થયું છે. કેટલા લાખ વીજળીના થાંભલા ઊભા કર્યા અને એના ૭ લાખ કિલોમિટર જેટલા વાયરો ખેંચ્યા અને થાંભલા ઊભા કરવાનું કામ એશિયાભરમાં કોઈએ કર્યુ નથી એ કામ ઊર્જા વિભાગે કરી બતાવ્યું છે એ કાંઈ નાનીસૂની બાબત નથી. જ્યારે M.O.U. અમારા મુખ્યમંત્રીશ્રીએ કર્યા તો લોકો હસ્યા કરે, આ નાટક છે આ કામ ર્ક્યુ છે ત્યારે આખા ભારતમાં M.O.U. કરીને જો પ્રગતિ કરી હોય તો ભારતમાં ગુજરાત રાજ્યે કરી છે. ૪૦૦૦ મેગાવોટના M.O.U. થયા. મુંદ્રાનું ૪૦૦૦ મેગાવોટનું અલ્ટ્રા મેગાવોટ પાવર પ્રોજૅકટ અત્યારે કાર્યાન્વિત થઈ રહ્યું છે.

બીજી વાત કરું તો ખેડૂતોને કેટલીક રાહતો આપી છે. ખેડૂતોને રાહતથી લાખો લોકોને ફાયદો થયો છે એ વખાણ કરવાની વાત નથી પણ તાદૃશ્ય આપણે જોઈ રહ્યાં છીએ, એના ફાયદા અત્યારે આપણને દેખાઈ રહ્યાં છે. હું પણ એક ખેડૂત અને વેપારી છું. હમણાં હું યુ.પી., પંજાબ, દિલ્હી અને મહારાષ્ટ્ર ગયો હતો. યુ.પી.માં ૨ કલાક લાઈટ આવે છે અને અહીંયા દિલ્હીમાં ક્યારે આવે અને ક્યારે જાય, ત્યારે જો ૨૪ કલાક લાઈટ મળતી હોય તો આ ગુજરાત જ એક એવું રાજ્ય છે તે બદલ એમના સમર્થનમાં બોલવા ઊભો થયો અને મારી વાત સાંભળી તે બદલ આભાર.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી, ૧૨,૧૩ અને ૧૪ની જે માગણી લઈને આવ્યા છે ત્યારે એમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારનો વહીવટ કેવો ચાલે છે, કઈ ગુણવત્તાથી ચાલે છે, એ હંમેશા આંકડાના આધાર પર કહી શકાય. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં આજ દિવસ સુધીનો જે વીજળીના ઉત્પાદનનો આંકડો હતો તો એ ૭૭૧૮. મારે ગુજરાત સરકારને પૂછવું છે કે, છેલ્લા પાંચ વર્ષોમાં આ સરકારે કેટલા યુનિટનો વધારો કર્યો? તો જવાબ આવશે કે માત્ર ૫૦૦ યુનિટનો આજે અમે વધારો કર્યો છે. દુઃખ સાથે કહી શકાય કે, ગુજરાતની જે સ્થિતિ છે, જે પ્રમાણે વીજળીની માંગ વધી રહી છે એ બાબતે માત્ર ૫૦૦થી થોડો વધારો આજે થયો છે પણ આ સરકાર, હમણાં સભ્યશ્રી જયંતિભાઈ ચિંતા કરતા હતા કે, અમારી સરકાર ઓછા ભાવે વીજળી ખરીદે છે અને અમે ફાયદો કરાવીએ છીએ. એ આંકડા મારે આપવા છે કે, આ રાજય સરકારમાં, સમગ્ર ભારતમાં જો વધુમાં વધુ વીજળીના ઊંચા ભાવો આપ્યા હોય તો આ ગુજરાત રાજયે આપ્યા છે. ૨૦૦૬-૦૭માં મારા જ પ્રશ્નોત્તરીના જવાબમાં અહીંયા આપવામાં આવ્યું છે કે, આજે ગુજરાત સરકારે જે વીજળી ખરીદી છે એ ૧૧૪૪૦ રૂપિયાની ખરીદી છે, ૧૧૦૦૦ કરોડ રૂપિયાની વીજળી બહારથી ખરીદવામાં આવે છે અને એ પણ કઈ કંપનીઓ પાસેથી? જે કંપનીઓ વીજળીનું ઉત્પાદન કરતી હોય તેની વીજળી કદાચ ખરીદે તો વાંધો નહીં પણ માત્ર એન્ટરપ્રાઈસના બોર્ડ મારવામાં આવે અને એન્ટરપ્રાઈસના બોર્ડ પાસેથી, એક અદાણી એન્ટરપ્રાઈસ છે, પાંચ રૂપિયા અડતાળીસ પૈસા, વધુમાં વધુ વીજળી આમની પાસેથી ખરીદવામાં આવી છે, અનેકના ભાવો નીચા છે, રિલાયન્સથી માંડીને ટાટાથી માંડીને અનેકના ભાવો નીચા છે. આજે ૬૦ કરોડથી વધારે એમાં ફરક પડે છે. આપણે એ જોઈ શકાય કે હમણાં જે જયંતિભાઈ જે ફાયદાની વાત કરતા હતા, આજે કરોડો રૂપિયા આ રાજય સરકાર એ વીજળીમાં વધારે આપે છે. કોને ફાયદો કરાવવાની વાત આ રાજય સરકાર કરતી હોય છે એ આજે જડતું નથી. એક બાજુ એમ કહેવામાં આવે કે, અમે વીજળી માટે ઘણું બધું ઉત્પાદન કરવાના છીએ, ખેડૂતોની ચિંતા થાય કે ખેડૂતો માટે આ વીજળી, અમને કેન્દ્ર સરકાર આપતી નથી. કેન્દ્ર માટે અનેક વખત કહેવાયું છે. મારે એ વાત એટલા માટે ચોખવટ કરવી પડે છે કે, કેન્દ્ર સરકારની જે વીજળીની વાત કરવામાં આવી એ રાજય સરકારે ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૬ સુધીમાં એલોકેટ જોગવાઈ વગરનો ક્વોટા જે હતો એ ૨૦૮ મેગાવોટ, એ વીજળીનો ઘટાડો કર્યો છે. ખેડૂતોને વીજળી આપવાની વાત થાય ત્યારે વાત કરવાની કે, કેન્દ્ર સરકાર અમને અન્યાય કરે છે પણ ખરેખર કેન્દ્ર સરકાર એના કવોટાની વીજળી આપતી હોય છે, માત્ર જે વધારો આપ્યો હોય એ વધારો ન આપે ત્યારે ખેડૂતોને વીજળી આપવાની વાત આવે ત્યારે એમ કહેવાય કે આ કેન્દ્ર નથી આપતી. ખરેખર આ રાજય સરકાર વ્યવસ્થા કરી નથી શકતી એવી સ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી આઠ કલાકની વાત થતી હતી, મારે એ કહેવું છે કે, કમ સે કમ આઠ કલાક તો આપો તો ખરા. આપની વેબ સાઈટ ઉપર આપ જોઈ શકો છો કે, ઉત્તર ગુજરાતમાં આજે સાત કલાક વીજળી મળે છે, બીજા ક્ષેત્રે છ કલાક, ક્યાંક સાડા પાંચ કલાક વીજળી મળે છે. વીજળી માટેની વાત થાય, ખેડૂતોની ચિંતા થાય પણ ખેડૂત લક્ષી જે વાત છે, અહીંયા બેઠેલા ઘણા લોકોને એમ થતું હશે કે, પાંચ વર્ષમાં ખેડૂતોને ઘણો બધો ફાયદો આ રાજય સરકારે કર્યો છે. મારે આંકડા સાથે કહેવું છે કે, ૨૦૦૧-૨૦૦૨માં આ સરકાર ૩૫૩૬ કરોડની સબસિડી ખેડૂતોને આપતી હતી, નારાયણ કાકા, કદાચ એમણે પણ સ્ટેટમેન્ટ આપ્યું હતું, મારે એમને એ વાત યાદ દેવડાવવી હતી, કે તમે જે ચિંતા કરતા હતા, આજે ૨૦૦૭-૨૦૦૮માં માત્ર ૧૫૦૦ કરોડ રૂપિયા સબસિડી આપી છે. આ સરકારે ૫૫ ટકાથી પણ વધારે છેલ્લા પાંચ વર્ષમાં જે ખેડૂતોને સબસિડી આપવામાં આવે છે એમાં આજે પણ ઘટાડો કર્યો છે. એક બાજુ આપણે ચિંતા કરીએ ખેડૂતોની અને બીજી બાજુ વાસ્તવિકતામાં એની સબસિડી આપવામાં આવે એમાં આજે ઘટાડો કર્યો છે. કેન્દ્રએ અત્યાર સુધીમાં જે વીજળી આપી છે એ ૨૦૦૫માં ૧૩૪૫૭ યુનિટ હતી, આજે ૨૦૦૬માં ૧૫૫૫૨ એટલે કેન્દ્ર સરકારે ૧૮૫૫ યુનિટ આજે ગુજરાત સરકારને વધારો આપ્યો છે એવી સ્થિતિ થઈ છે. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતની વાત વીજળીમાં થતી હોય છે કે રાજય સરકાર વધારો કરે...અને એની અંદર વીજળીનો ભાવ ઘટાડે. એક ઉદ્યોગપતિના નામે મને પણ ખબર છે કે ગેસના પ્લાન્ટ માટે ૪૦ પૈસે યુનિટ પડે છે. ગુજરાત સરકારમાં કોલસાના યુનિટ બે રૂપિયે પડે છે. ટાટાએ બે રૂપિયા છવ્વીસ પૈસે આજે પણ એમ.ઓ.યુ. કર્યા છે. કયાં ૫ રૂપિયા ૪૫ પૈસા અને કયાં બે રૂપિયા છવ્વીસ પૈસા. કેટલાય યુનિટ ભારતમાં એવા છે કે જેને આપણે અહીં બોલાવીએ તો સસ્તા દરે વીજળી આપી શકે એવી સ્થિતિ છે પણ રાજય સરકાર કેમ ચિંતા કરતી નથી અને કોને ફાયદો કરવા માટે આ થાય છે એ મને સમજાતું નથી. એક જ વ્યકિત પાસેથી આટલી બધી વીજળી મેળવે. વીસ-વીસ, પચ્ચીસ-પચ્ચીસ વર્ષના એમ.ઓ.યુ. કરવામાં આવે એમાં પણ કરોડોના ડીફરન્સ મુજબ વધારો કરવામાં આવે એ રાજય સરકાર માટે અને ગુજરાતની જનતા માટે ચિંતાનું કારણ બની જાય છે. હમણાં જ વાત કરતા હતા કે વીજળીની વાસ્તવિકતા છે એ વાસ્તવિકતા એવી છે કે ૨૦૦૫માં વીજળીનું ઉત્પાદન વધવુ જોઈએ એ ૨૭૧૪૪ મેગાવોટ હતું અને ૨૦૦૬માં ૨૭૮૪૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થયું. માત્ર ૬૯૬ મેગાવોટ વીજળીનું ઉત્પાદન એમના આંકડા પ્રમાણે આટલો જ વધારો થયો છે. એકબાજુ આપણે ઉદ્યોગોને વાઈબ્રન્ટ ગુજરાતના નામે કરોડો લોકોને બોલાવીએ. ઉદ્યોગપતિ માટે મોંઘામાં મોંઘ ી કોઈ વસ્તુ હોય તો વીજળી છે. વીજળી માટે પાછલા બારણે ઘણીવાર સરકાર એમાં ભાવવધારો કરે છે. એને

કારણે ગુજરાતમાં ઉદ્યોગપતિઓને સૌથી મોંઘું મટિરિયલ મળતું હોય તો સરકાર એને મોંઘી વીજળી આપે છે એટલે કાગળ ઉપર લાખો અને કરોડોના એમ.ઓ.યુ. કરે છે પણ આજની સ્થિતિ સરકારની છે એ વાસ્તવિક સ્થિતિમાં કેટલા રૂપિયાના પ્રોજેકટ આવ્યા એ ચિંતા કરવાની જરૂર છે. વીજળી માટેની વાત થઈ. જયોતિ ગ્રામ માટેની વાત થઈ. જયોતિ ગ્રામ માટે સારી વાત છે ૨૪ કલાક વીજળી મળે. એક જમાનામાં દીવા ઉપર ભણ્યા હશે કે મ્યુનિસિપાલીટીના થાંભલા ઉપર ભણ્યા હશે. કોંગ્રેસે વીજળીમાં વિકાસ કર્યો એને લીધે ધીમેધીમે વીજળીમાં વિકાસ થયો. ૨૪ કલાક વીજળી મળે એ સારી વાત છે પણ જયોતિ ગ્રામમાં હમણાં નારાયણભાઈએ વાત કરી હતી કે ઉંઝામાં પહેલા શરૂઆત થઈ હતી. કેટલાક પરા એવા છે, કેટલાક ખેતર એવા છે કે આજની તારીખે પણ રાજય સરકાર એને વીજળી આપી શકી નથી. ફરી માગણી કરવામાં આવે તો પણ આપી શકી નથી. મારા વિસ્તારમાં ફીડર માટે મેં માનનીય ઉર્જા મંત્રીશ્રીને વિનંતી કરી હતી (અંતરાય) નથી મળી હું દાખલા સાથે કહું છું. મારા મત વિસ્તારમાં મુડાણા ગામ છે ત્યાં ડકના ફીડર માટે ૩-૪ મહિનાથી કાગળ લખ્યો છે. મારા વિસ્તારમાં જી.આઈ.ડી.સી. આવતી હોઈ ૩ ફીડર છે એમાં વધારો થાય. હમણાં એમ કહેતા હતા કે ૨૦-૨૫ ફીડર આપ્યા છે. કઈ ગુણવત્તાના ધોરણે ફીડર આપવામાં આવે છે . જયાં ખરેખર વાસ્તવિકતામાં ફીડરનો ઘટાડો છે, વીજળીની માંગ છે એવા વિસ્તારમાં આપવામાં આવે તો સારું. મારા મત વિસ્તારમાં ફીડરની માગણી કરી છે. પરા વિસ્તારમાં પણ જલદી પૂરી કરી આપે એવી વિનંતી કરું છું મંત્રીશ્રીને. સરકારને વિનંતી છે કે આવનારો સમય ભારત માટે, ગુજરાત માટે ખૂબ સારો છે ત્યારે વીજળીનો ભાવ કેમ કરીને ઓછો કરી શકાય એનું ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. જો આવું ચિંતન કરવામાં આવ્યું હોત તો ચોકકસ  સમર્થન આપણ પણ ચિંતન કરવામાં આવ્યું નથી એને કારણે સમર્થન આપી શકતો નથી.

**શ્રી કનુભાઈ મે. ભલાળા (વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વીજ વિભાગની જે માંગણીઓ લઈને આ ગૃહની અંદર વીજ મંત્રીશ્રી આવ્યા છે, એના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

ગ્રામીણ વિકાસમાં વીજળી ખૂબ જ અગત્યનું પરિબળ હોય છે. ગામડાનો સર્વાંગી વિકાસ જો કરવો હોય તો પાણી અને વીજળી જ જોઈએ. રાજ્યની અંદર ખેતી અને ઉદ્યોગો અને નાના કારીગરો, ઘરવપરાશના ગ્રાહકોને વીજળીની જરૂરિયાત રહેતી હોય છે, એટલા માટે વીજળીનું વિસ્તરણ કેવી રીતે કરવું તે અગત્યનું છે અને આ સરકારે આ કસોટીરૂપ કામ વીજળી વિસ્તરણનું કરી સમગ્ર ગુજરાતના ઉદ્યોગપતિઓ હોય, નાના નાના કારીગરો હોય કે વેપારીઓ હોય કે ગ્રામીણ ક્ષેત્રની અંદર રહેતા ખેડૂતો હોય કે ટ્રાયબલ વિસ્તારની અંદર રહેતા લોકો હોય તે તમામને માટે સંતોષકારક વીજળીનું વિસ્તરણ આ સરકારે કર્યુ છે. વીજળી પહેલા પણ એટલી હતી કે તરત જ સરકાર આવી અને વીજળી પરબારી વધી જતી નથી. એના માટે તો ૫-૧૦ વર્ષનો સમય લાગતો હોય છે. વીજળીનું વિસ્તરણ કરવામાં આવ્યું એ મહત્ત્વનું અગત્યનું પાસું છે. આ વીજળી ગામડાની અંદર નારણકાકાએ વાત કરી ગામડામાંથી ધારાસભ્ય તરીકે આવતા હોય તો મોટામાં મોટી મુશ્કેલી જો કોઈ હોય તો વિદ્યાર્થીઓને જમવા ટાઈમે, મહેમાન આવ્યા હોય ત્યારે, લગ્ન પ્રસંગે ફોટોગ્રાફી હોય ત્યારે તેવા સમયે વીજળી ગામડામાં હતી નહિ અને જો હોય તો તે પણ પૂરા વૉલ્ટેજથી નહોતી મળતી. તો આજે મોટામાં મોટી મુશ્કેલી આ ગ્રામીણ ક્ષેત્રમાં હતી. આ માત્રને માત્ર વીજળીનું વિસ્તરણ કરવાથી આ સુધારો આ સરકાર લાવી છે, એના માટે ભારતીય જનતા પાર્ટીની સરકારને, નરેન્દ્ર મોદી સાહેબને અને સૌરભભાઈ પટેલને તેમજ અધિકારીઓને જેટલા અભિનંદન આપું એટલા ઓછા પડે. વીજળી વિસ્તરણ કરવું એ અગત્યનું પાસું છે અને આની સમગ્ર દેશે નોંધ લીધી છે. આ વીજળીનું વિસ્તરણ કરવાથી આમૂલ પરિવર્તન ગુજરાતની અંદર આવી રહ્યું છે, એની સમગ્ર જગ્યાએ નોંધ લેવામાં આવી છે. એવી જ રીતે અન્ય રાજ્યની અંદર સરખામણીમાં દિલ્હીથી લઈ બીજાં રાજ્યમાં જોઈએ તો હું હમણા કાનપુર ગયો હતો, તો ત્યાં આગળ મોટામાં મોટા સ્ટોર્સની આગળ જનરેટર ચાલતા હતા. સ્ટોર્સમાં મોટામાં મોટા વેપારીઓ પણ દિવસમાં જનરેટર ચલાવીને વેપાર કરતા હતા. આવી કાનપુરના ઉત્તરપ્રદેશના સ્ટેટની છે. દિલ્હીમાં પણ આ જ સ્થિતિ છે.

ખેતીવાડીમાં ૮ કલાક વીજળી આપવાની શરૂઆત થઈ ત્યારથી ખરેખર ખેતીવાડીમાં જબરજસ્ત પરિવર્તન આવ્યું છે. ખેતીવાડીની અંદર જે વીજળી નિયમિત ન મળવાથી અને ઓછા વૉલ્ટેજથી મળવાથી જે વીજળીના હિસાબે થ્રી ફેઈઝ મોટર વારંવાર બળી જતી હતી, એમાં ખેડૂતોને ૧૫ થી ૨૦ હજાર રૂપિયાનો ખર્ચ લાગતો હતો. હવે એમાં ખર્ચ ઘટ્યો છે. કોઈપણ ખેડૂતની આજદિન સુધી મોટર બળી ગઈ હોય તેવો ખેડૂતને અનુભવ નથી. બીજી વાત કરું તો પહેલા ખેડૂતોને ૨૪ કલાક ખેતરમાં પાણીના નાકા પાસે રહેવું પડતું હતું, પણ હવે અત્યારે  ૮-૦૦ કલાક વીજળી મળવાથી માત્રને માત્ર ખેડૂતો ૮-૦૦ કલાક વાડીએ જાય, ખેતીવાડીમાં પણ ૮-૦૦ કલાક નોકરી જેવું થઈ ગયું છે, તો એના માટે ગ્રામીણ વિસ્તારનું યુવાધન સરકારને આભાર માને છે. ગમે તેવો પ્રસંગ હોય તો પણ એને ખેતીવાડીમાં સતત ઊભા રહેવું પડતું હતું અને પિયત હોય તે પિયત પાઈ શકાતી નહોતી. પાણી ઊંડું હોવાથી જે પાણી ૮૦૦-૯૦૦ ફૂટ ઊંડેથી ખેંચવાનું થતું હતું, તે હવે ૮-૦૦ કલાક વીજળીના લીધે ૩૦૦ ફૂટે પાણી આવી ગયું છે. જે ૮-૦૦ કલાક ચલાવવાથી જેટલા ગેલન પાણી બહાર કાઢી શકતા હતા, તેટલા ગૅલન પાણી ૧૬-૧૭ કલાક ચલાવવાથી પણ પાણી બહાર નહોતું આવતું. સબસ્ટેશનની વાત

કરી તો મારા જૂનાગઢ જિલ્લાની અંદર પહેલા ૪૮ હતા. છેલ્લા ૪ વર્ષની અંદર ૫૬ સબસ્ટેશનો વિસાવદરની અંદર કાર્યરત થયાં છે. વીજ બિલ ભરવામાં પણ મોટી સમસ્યાઓ ગામડાની અંદર અને શહેરોની અંદર હતી. આજે દરેક ગામડાની અંદર પોસ્ટઑફિસમાં વીજ બિલ સ્વીકારાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે શહેરી વિસ્તારોમાં પણ પોસ્ટ ઑફિસ, કો ઓપરેટીવ સંસ્થાઓ અને બૅન્કોમાં વીજ બીલ ભરી શકાય છે. વીજ બીલ માટે પહેલાં મોટી મોટી લાઈનો લાગતી હતી તે આજે કયાંય જોવા મળતી નથી. બીજું સાહેબ કે પ્રજાજનોમાં વીજચોરીનું એક સામાજિક દૂષણ હતું તે દૂષણની અંદર સઘન પ્રયત્નો કરી, સઘન ચૅકીંગ કરી જે ઉદ્યોગગૃહો અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજચોરીની ટેવો પડી હતી તેને સઘન ચૅકીંગ કરીને, જાગૃતિ લાવીને અટકાવી શક્યા છીએ. તેના હિસાબે સાહેબ વીજળીની આવક થઈ છે. કોંગ્રેસના વખતમાં તો ભરૂચમાં માથાભારે લોકો પોતાના સબ સ્ટેશનો ઉભા કરી વીજ વિતરણ કરતા હતા તેવી સ્થિતિ હતી તેમાં ધરખમ ફેરફારો કરીને આ બંધ કરાવ્યું છે. પહેલાં સાહેબ ખેડૂતોના બળેલા ટ્રાન્સફર્મર અઠવાડિયા, દસ દિવસ સુધી બદલાતા ન હતા. ત્યારે આજે આ વીજ વિતરણમાં ફેરફાર કરવાથી ૨૪ કલાકની અંદર બળી ગયેલા ટ્રાન્સફર્મર બદલી આપવામાં આવે છે. ૫૦ વર્ષના સમયગાળામાં સ્થાપિત વીજ ક્ષમતા ૮૭૦૦ મે.વો. હતી તેમાં આગામી ત્રણ વર્ષમાં ૧૫૦૦ મે.વો.નો વધારો થયો છે. તેનું કારણ એ છે કે જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી વીજ ક્ષમતા વધે તેના માટેના પ્રયત્નો સતત ચાલુ રાખ્યા છે. સાહેબ, આ કામ એક વર્ષમાં કે એક દિવસમાં થઈ જતું નથી. ઓછામાં ઓછા ૫-૭ વર્ષનો સમયગાળો આવી પ્રક્રિયામાં લાગતો હતોય છે. વીજ વિતરણમાં ઘણા બધા સુધારા આ રાજય સરકાર લાવી છે. એવી જ રીતે ખેડૂતો વીજ બીલના નાણા અગાઉથી ભરે તો તેમાં આઠ ટકા રકમ ઓછી ભરવી પડે છે. આમાં વ્યાજની સવલત આપવામાં આવી છે.

બીજી એક મહત્ત્વની વાત કે કિસાનોને લિફ્ટ ઈરીગેશનથી સામૂહિક ખેતી કરવી હોય, અથવા વ્યકિતગત ખેતી કરવી હોય તો તેવા ખેડૂતોને અગત્યતાના ધોરણે વીજ કનૅક્શન આપી વીજ પુરવઠો આપવામાં આવે છે. પહેલાં સાહેબ વીજ ટ્રીપીંગ થવાને કારણે ખેડૂતોની મોટરો અવાર નવાર બળી જતી હતી તેમાં અત્યારે સતત આઠ કલાક વીજળી મળવાથી મોટરો પણ બળતી નથી. આમ એક ખેડૂતને વાર્ષિક પંદર-વીસ હજાર રૂપિયાનો ફાયદો થયો છે. પહેલાં સાહેબ વર્ષ દરમ્યાન ૨૦ સબ સ્ટેશનો કાર્યરત થતા હતા તેમાં અત્યારે સુધારો કરવાથી ૪૭ સબ સ્ટેશનો આપણે સ્થાપિત કરી શકીએ છીએ. ગ્રામ્ય ફીડરો ઉપર વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતોને સિંગલ ફેઈઝ વીજળી પુરવઠો પૂરો પાડવા માટે નાના નાના ટ્રાન્સફર્મર પૂરા પાડવામાં આવી રહ્યા છે. આમ ખેડૂતોને આઠ કલાક થ્રી ફેઈઝ અને ૨૪ કલાક સિંગલ ફેઈઝ પૂરો પાડવાનો પ્રયત્નો ચાલુ છે. વીજ ગ્રાહક તેની સમય મર્યાદામાં વીજ બીલ ન ભરે તો ૩૦ ટકા વિલંબિત ચૂકવણી કરવી પડતી હતી તેમાં ઘટાડો કરીને ૧૮ ટકા કરવામાં આવી છે. તેવી જ રીતે ઈલૅક્ટ્રીસીટી ડયૂટી એ રાજય સરકારનું એક આવકનું સ્ત્રોત છે. વર્ષ ૨૦૦૨ થી અત્યાર સુધીમાં તમામ ગ્રાહકોને ઈલૅક્ટ્રીસીટી ડયૂટીમાં ૨૯૦૦ કરોડથી વધારે રાહત આપી છે અને ચાલુ સાલથી તે નાબૂદ કરી છે. શહેરી વિસ્તારોમાં જે વીજ કાપ લાદવામાં આવતો હતો અને ૧૬૮ નગરપાલિકાઓમાં જે વીજ કાપ લાદવામાં આવતો હતો તે અત્યારે વીજ કાપ મૂકવામાં આવતો નથી. રાજયના દરેક ગામડાઓમાં ૨૪ કલાક વીજળી પૂરી અપાય છે અને ગ્રામ્ય વિસ્તારોમાં અત્યારે કોઈપણ સમયે વીજળી ગુમ થતી નથી. વીજળી ગુમ થવી તે ભૂતકાળ બની ગયો છે. જયોતિગ્રામ યોજના દ્વારા જુદા જુદા ફીડરો ઉભા કરી વીજ પુરવઠો અપાય છે. ગુજરાત રાજયમાં જયોતિગ્રામ યોજનાને કારણે ખેતીવાડીમાં અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો મળે છે. તેથી માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને ખરેખર દિલથી અને જે સરસ કામ થયું છે તેને હું આવકારું છું. આવી માગણીઓને સમર્થન આપવું જોઈએ અને ભારતના બીજા રાજયોમાં તેનું અનુકરણ કરવું જોઈએ. અસ્તુ, વંદે માતરમ, ભારત માતાકી જય.

**શ્રી બાલુભાઈ તંતી (ધારી) :**માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે માગણીઓના સમર્થનમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા એ સામાન્ય જનજીવનનું અતિ મહત્ત્વનું અંગ જ્યારે આધુનિક અને વિજ્ઞાન યુગમાં બની ગયું છે ત્યારે કોંગ્રેસ પક્ષની પાટલી ઉપર બેઠેલા મારા માનનીય મિત્રો આજે જ્યારે ગુજરાતમાં વીજળીની સંપૂર્ણ ક્ષમતા આ સરકાર ધરાવી રહી છે ત્યારે કેટલીક ટીકાઓ કરતા હતા ત્યારે મને ભૂતકાળના દિવસો યાદ આવે છે. હું તો ગ્રામ્ય વિસ્તાર અને ખેડૂતોના મત વિસ્તારમાંથી અહીં આવું છું ત્યારે હું કોઈ આંકડાની માયાજાળમાં પડવા માગતો નથી પણ જે સ્થાનિક લેવલે અમે અનુભવી રહ્યા છીએ, સ્થાનિક લેવલે નાના નાના ઝૂંપડામાં રહેનારા માણસોને વીજળીની સગવડોની જે ખુશી છે એની હું વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ દિવસોમાં અમે જોયું છે કે કલાકોને કલાકો, દિવસોના દિવસો સુધી વીજળી ગામડાઓમાં ઉપલબ્ધ ન હતી, આવતી ન હતી, લાઈનો ખરાબ હતી, આ સ્થિતિમાં ગામડાંનો કોઈ કક્ષાએ વિકાસ થઈ શકતો ન હતો. સામાન્ય ખેતીનું એક ઓજાર રિપેર કરાવવું હોય તો પણ ખેડૂતને દશ પંદર કિલોમીટર દૂર શહેરમાં જવું પડતું હતું. ગામડાના નાના નાના ઉદ્યોગકારો કે જે કુટિર ઉદ્યોગ કે લઘુ ઉદ્યોગ ચલાવતા હતા એ

વેલ્ડીંગનું મશીન હોય કે પંચરનું મશીન હોય એ ચલાવી શકતા ન હતા, ગામડું નિ:સહાય હતું. શાળાઓથી માંડીને આરોગ્યની સગવડતાઓમાં નજર કરીએ તો શાળાઓમાં આધુનિક સાધનો લાવી ન શકાય જ્યારે શહેરમાં વિદ્યાર્થીઓ કૉમ્પ્યુટર અને વિજ્ઞાન ટૅક્નીકલનો આધુનિક લૅબૉરેટરીથી અભ્યાસ કરી શકતા હતા જ્યારે ગામડાઓના વિદ્યાર્થીઓ એવી સેવાઓથી વંચિત રહેતા હતા. એ જ રીતે આરોગ્ય સેવાઓમાં પણ એવું જ બનતું હતું. પોલિયો અને વેકસીલેશનના ટીપાઓને લઈને આરોગ્ય વર્કરો ગામડાઓમાં આવતા હતા, એમને અમે જોતા હતા, એ ઇંજૅક્શનો આઈસબોક્સમાં એ દિવસોમાં મૂકીને આવતા હતા, ગામડાંમાં ફ્રીજ ન હતા, એના અનુસંધાને ગામડાં અને શહેરોનું અંતર વધતું જતું હતું પણ આજે એ પરિસ્થિતિ નિર્માણ થઈ છે કે, ગામડાઓમાં ૨૪-૨૪ કલાક વીજળી મળતી થઈ છે, જયોતિગ્રામ યોજના અંતર્ગત ગામડાઓના ઝુંપડા-ઝુંપડા સુધી આ વિદ્યુત મંત્રીશ્રી પહોંચ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, એ અનુસૂચિત જનજાતિનો વિસ્તાર હોય કે સામાન્ય માણસો કે ઝુંપડપટ્ટીનો વિસ્તાર હોય ત્યાં આજે ૨૪ -૨૪ કલાક વીજળી ઝબકારા મારતી દેખાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ યોજનાઓ કુટિર જ્યોત યોજના, ઝુંપડપટ્ટીમાં વીજળીકરણની યોજના હોય કે આદિજાતિ વિસ્તાર પેટાપરાંની વીજળીકરણની યોજના હોય, જે આર્થિક સધ્ધરતાની અંદર જે વર્ગ જીવતો નથી, જે વર્ગ હંમેશાં લઘુતાગ્રંથીથી પીડાતો હતો કે અમે આર્થિક રીતે સધ્ધર નથી એટલા માટે અમારી પાસે વીજળી નથીને, ત્યારે આજે આ સરકારે એમની સામે જોયું છે અને તમામ વર્ગ સુધી વીજળી કેમ પહોંચે એની ચિંતા વિવિધ યોજનાઓ દ્વારા આ સરકારે કરી છે ત્યારે મિત્રો, ખેતીની પણ એ જ દુર્દશા હતી. એ દિવસોમાં ખેડૂતો એમની માગણીઓ સબબ ગાંધીનગરમાં આવતા હતા. એ દિવસોમાં મેં પેપરમાં વાંચેલું અને અનુભવેલું કે મારા વિસ્તારમાંથી ખેડૂતો એ જ માગણી સબબ ગાંધીનગરમાં આવતા હતા કે અમને વીજળી આપો, આઠ દશ કલાક સતત પાવર આપો, આ માગણી લઈને ખેડૂતો ગાંધીનગર આવતા હતા અને રજૂઆત કરતા હતા ત્યારે ૧૮-૧૪-૧૪ ખેડૂતોને ગોળીઓ દેવામાં આવતી હતી, એ દિવસો હજુ ખેડૂતો ભૂલ્યા નથી, અને આજે તો સોનાનો સુરજ ઊગ્યો છે, આજે આપણે સન્માનનીય સભાગૃહમાં ગર્વ લઈ શકીએ છીએને કે કપાસનું વિક્રમજનક ઉત્પાદન મેળવ્યું છે, આજે આપણે દેશ લેવલે કપાસમાં સક્ષમતા પ્રાપ્ત કરી છે. વિદેશોમાં નિકાસના ક્ષેત્રે પણ અગ્રિમતા મેળવી છે, આ જ્યારે આપણે ગર્વ લઈએ છીએ એનો જો કોઈ મુખ્ય આધાર કે પાયો હોય તો ઉર્જા છે. આ સરકારે વીજ સ્થાપનની સક્ષમતાઓ વધારી છે. ભૂતકાળમાં કયારેય પણ વધતી જતી વીજ માગને પહોંચી વળવા સરકારે જે ચિંતા કરવી જોઈતી હતી એ ચિંતા કરી ન હતી. પ્રથમ વખત આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ચિંતા કરી છે અને વધુમાં વધુ વીજ મથકો સ્થપાય એની ચિંતા કરી પરિણામે સતત ૮ કલાક વીજ પુરવઠો ગામડાંમાં ખેતીવાડી ક્ષેત્રે આપવામાં આવે છે. આને પરિણામે અદ્‌ભુત ક્રાંતિ સર્જાય છે. ખેડૂત એમના ખેતરે મજૂરને પાણી વાળવા મોકલે છે ત્યારે અથવા પોતે ખેતરમાં જાય છે ત્યારે બે કલાક વીજળી આવે અને કપાઈ જાય એટલો બધો વીજ લોસ આવતો હતો અને એનાથી પાણીની મોટરો ખૂબ પ્રમાણમાં બળી જતી હતી. આજે પૂરો પાવર મળવાના કારણે ખેડૂતોને કેટલો બધો ફાયદો થયો છે કે ઘણાં વિસ્તારોમાં ખેડૂતો અમને સામેથી કહે છે કે માનનીય ધારાસભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીને કહેજો કે દસ કલાકથી વધુ વીજળી ન આપો. એનું પણ એક અર્થકારણ ખેડૂતોના મગજમાં રહેલું છે. સરકારે જે યોજનાઓ કરી છે એમાં પાણી સંચય યોજના કરી છે એમાં વરસાદનું ટીપે ટીપું જમીનમાં ઉતારી અને રીચાર્જ કરવાની પદ્ધતિ કરી છે એના લીધે તળ ઊંચા આવ્યા છે. જેથી ૮૦ થી ૧૫૦ ફૂટે પાણી હતું એ ૫૦ થી ૬૦ ફૂટે આવીને ઊભા છે ત્યારે ૧૦ કલાકમાં ખેડૂત જે ૧૨ કલાક કે ૨૦ કલાકમાં પાણી નહોતો મેળવી શકતો એટલું પાણી ૮ કલાકમાં મેળવી શકે છે અને ઓછા ખર્ચે.

માનનીય અધ્યક્ષશ્રી, એક ભંગારનો દુકાનદાર અમારા વિસ્તારમાં રહે છે જે ખેતીવાડીની મોટરો રિપેર કરવાનું કામ કરે છે. એમણે મને કહ્યું કે, મારે મહિને ૧૫ થી ૨૦ હજાર રૂપિયાની નુકસાની આવી ગઈ છે કારણ કે હવે ખેડૂતોની મોટરો બગડતી નથી. જે ભંગાર વેચવામાંથી દર મહિને ૧૫-૨૦ હજાર રૂપિયા કાઢી શકતો હતો એણે આજે કબૂલ કર્યું કે પૂરો વીજ પુરવઠો મળવાના કારણે ખેડૂતોની મોટરો બળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગમાં પણ આપણે જોઈએ છીએ કે ગાંધીનગરના દરવાજે માનનીય મંખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષપણા નીચે એમના સતત પ્રયાસોના કારણે દુનિયાના ઉદ્યોગપતિઓ ગુજરાત તરફ ખેંચાયા હોય તો એનું કારણ શું? મારી આગળના વક્તા માનનીય કનુભાઈએ વાત કરી જે ગુજરાતની બહારના પ્રદેશો છે, ભારતના અન્ય રાજયો છે દિલ્હી હોય કે મધ્યપ્રદેશ હોય, રાજસ્થાન હોય કે ઉત્તરપ્રદેશ હોય એ બધા કરતા આપણે ઉદ્યોગમાં આગળ છીએ. દિલ્હીમાં જ્યાં દેશની સંસદ બેસે છે ત્યાં પણ લોકોએ બજારમાં વીજળી માટે હડતાલ પાડવા માટે આવવું પડે છે અને એ મિત્રો આજે સામી પાટલીએ બેસીને આજે આટલી બધી સારી વ્યવસ્થા કરી છે ગુજરાત સરકારે એની ટીકા કરે છે ત્યારે મને બહું દુ:ખ થાય છે. આ દેશમાં ગુજરાત જો સર્વોપરી ઉદ્યોગ ક્ષેત્રે થઈ શક્યું હોય તો એનું મુખ્ય કારણ એ છે કે, પૂરતો વીજ પુરવઠો ઉદ્યોગોને મળી રહેશે એવો ઉદ્યોગપતિઓને વિશ્વાસ અને શ્રદ્ધા છે અને એ શ્રદ્ધા આપણે પ્રસ્થાપિત કરી શક્યા છીએ અને એના કારણે દુનિયા આજે ઉદ્યોગો સ્થાપવા માટે ગુજરાત તરફ આકર્ષાય રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વીજ સ્થાપનની વાત થઈ એમાં મેં કહ્યું તેમ ગુજરાતમાં કે દેશમાં કોઈ પણ રાજયે અગાઉ ચિંતા નહોતી કરી કે આવનારા દિવસોમાં આ ગુજરાતની વીજ માગ કેટલી હશે? ગુજરાત સરકારે

એ માગને પહોંચી વળવા માટે વીજ ક્ષેત્રે વીજળીના જે થર્મલ પાવર સ્ટેશનો ઊભા કરવા જોઈએ એ ઊભા કરવા માટેના વિવિધ પ્રયાસો કર્યા છે, એ પ્રયાસો સરાહનીય છે. સરકારે લોક ભાગીદારી વીજ ઉત્પાદન ક્ષેત્રે પણ લીધી છે અને એના કારણે વીજ ક્ષમતામાં વધારો કરવા માટે પ્રાઈવેટ સેકટરો સાથે પણ સમજૂતી કરી અને એના દ્વારા પણ જે લોકની જરૂરિયાત છે એને પહોંચી વળવા માટે આ સરકારે પૂરા પ્રયાસો કર્યા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને આ અંગે એકાદ સૂચન પણ કરવા માગુ છું. જે ખેડૂતે એક જ સર્વે નંબરમાં ૨૦ હોર્સ પાવરની મોટર લીધી હોય તો એ ખેડૂત બે ૧૦-૧૦ હોર્સ પાવરની મોટર વાપરી ન શકે એવો એક નિયમ છે. તો માનનીય મંત્રીશ્રીને અમારા ખેડૂતો વતી હું લાગણી પહોંચાડવા માગુ છું કે, એ બે ૧૦-૧૦ ની કે ચાર ૫-૫ હોર્સ પાવરની વાપરી શકે એવી જોગવાઈ પણ આ નિયમમાં કરો જેથી કરીને ખેડૂતને થ્રેશર ચલાવવું હોય કે બીજા કામમાં ઉપયોગ કરવો હોય તો કરી શકે. ક્ષમતા તો ૨૦ હોર્સ પાવરની જ રહે છે પરંતુ એનું ડિવાઈડેશન કરી અને ૨૦ હોર્સ પાવર સુધી જુદી જુદી મોટર વાપરી શકે એવી સગવડતા ખેડૂતોને આપવી એ પણ જરૂરી છે, અને બીજું જ્યારે વીજ ચેકીંગ દરમ્યાન જે કેટલાક પ્રકારે અધિકારીઓ દ્વારા વધુ પડતો અતિરેક થઈ રહ્યો છે ત્યારે પણ ખેતીને એક વેપાર નહીં સમજતા એને એક આવક કરતું સાધન ન સમજતા એને આ દેશની મુખ્ય ધારા, મુખ્ય પગથિયું જો કોઈ હોય તો એ ખેતી છે એમ સમજીને એને અનુલક્ષીને ખેડૂતોને થોડી રાહત આપવામાં આવે. આટલી વાત કરી આ માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન આપી વિરમું છું. 'ભારત માતા કી જય'

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉર્જાની માગણીઓ લઈને આવ્યા છે. માગણી નંબર ૧૨, ૧૩, અને ૧૪ તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. હું ટ્રાયબલ વિસ્તારમાંથી આવું છું એટલે ટ્રાયબલને લગતી વાતો અને રજૂઆતો પણ કરવા માગું છું.

જ્યોતિ ગ્રામ યોજના મારા સન્માનીય ગૃહમાં તમામ સભ્યો દર વખતે એમ કહે છે કે ૧૮ હજાર ગામડામાં જ્યોતિ ગ્રામ યોજના થઈ ગઈ. પણ હું ધ્યાન દોરવા માંગુ છું કે, એક ગામતળ હોય તેને જ્યોતિ ગ્રામ યોજના હેઠળ સમાવેશ કરી દો અને સરકારે જાહેરાત કરી દીધી અને મહામહિમ દેશના રાષ્ટ્રપતિ આવીને તેમનું ઉદ્‌ઘાટન કરી ગયા પરંતુ ખરેખર વાસ્તવિકતા છે ગામડાંની અને ગામડાં વિસ્તારની ત્યાં ગામતળમાં ફક્ત તેને જ્યોતિ ગ્રામ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે અને બાકીના જે પરાઓ છે, ફળિયાઓ છે તે હજુ પણ બાકી છે. ( અંતરાય ) .તમે કાયમ મારા સન્માનીય સભ્યો એમ કહે છે કે તમે જે ૬૦ વર્ષમાં કર્યુ તે અમે એક વર્ષમાં કરી નાંખ્યુ. ખૂબ સારી વાત છે. પણ તમે જે એક વર્ષમાં નવો થાંભલો નાંખ્યો તે ૬૦ દિવસમાં વાંકો વળી ગયો છે તેનું પણ ધ્યાન રાખજો. કારણકે ૬૦ વર્ષના થાંભલા હજુ નમેલા નથી. પહેલો વરસાદ આવે એટલે જ્યોતિ ગ્રામ યોજનાને ખૂબ ઝડપે કરેલી કામગીરી પેલો વરસાદ કે વાવાઝોડું આવે એટલે જી.ઈ.બી.ના તમામ અધિકારીઓ રવિવાર હોય કે રજા હોય કે પ્રસંગ હોય તેને દોડ્યા વગર ચાલતું નથી. કારણકે વાવાઝોડું આવે એટલે મોટાભાગનાં થાંભલા છે તે ઢળી પડે છે એટલે પરિસ્થિતિ આવી છે.

બીજું ટ્રાયબલ વિસ્તારના ખેડૂતોની વાત કરું કે દક્ષિણ ગુજરાતની અંદર નાના ખેડૂતો ૨ થી ૩ એકરના ખાતેદાર છે. જેમને વર્ષોથી અમારી માગણી છે કે તેનું થ્રી ફેઈઝ કનેકશન તેને ૩ એચ.પી., ૪ એચ.પી., કે ૫ એચ.પી.,થી વધારે હોતું નથી અને દક્ષિણ ગુજરાતની અંદર સીંગલ ફેઈઝ કારણકે નાના ખેડૂતોને તેને માંડ આખા દિવસમાં માંડ ૪-૫ કલાક પાણી પણ તેને પિવડાવવું હોય તો એગ્રીકલ્ચર સીંગલ ફેઈઝની પણ અમે વારંવાર માગણી સરકારને કરી છે. થ્રી ફેઈઝ કનેકશન અને ૨૪ કલાકની જે વાતો છે તે ગામડાં વિસ્તારની અંદર થ્રી ફેઈઝ ૨૪ કલાક તો નથી પણ માંડ ૭-૮ કલાક મળે છે. તેમાંય રાત્રે આપે છે., જંગલ વિસ્તારના ખેડૂતો છે, આદિવાસી વિસ્તારના ખેડૂતો છે તે કારખાના કે ફેકટરી નથી તે રાત્રેના પાણી ખેતરમાં પીવડાવી શકે. તેને પાવર દિવસના મળવો જોઈએ કે જેથી તે તેની ખેતીમાં સમયસર પાણી પીવડાવી શકે. એક તો ૩૫મી કલમમાં સુધારો કરીને ભય ઉભો કરી દીધો છે કે ગામડાં વિસ્તારમાં હથકડી મારેલાં પોસ્ટરો મારીને લોકો એમ કહે છે કે સરકાર ગમે ત્યારે આપણને અંદર કરી દેશે. પણ ધ્યાન દોરવા માગું છું કે ગરીબમાં ગરીબ માણસ જ્યારે તેનું વીજ કનેકશન લેતો હોય ત્યારે તેને તેનો પોતાનો વિશ્વાસ હોય કે મને ચોવીસ કલાક પાવર મળશે પરંતુ જે વિસ્તારમાંથી હું આવું છું ત્યાં પરા વિસ્તારમાં ભલે સીટી વિસ્તારમાં મળે છે, પરા વિસ્તારમાં મળે છે. પણ, જે બિલકુલ અંદરના અને આંતરિયાળ ગામડા છે ત્યાં હજુ પણ જે કનેકશન મળવા જોઈએ એ મળ્યા નથી. હું તો ત્યાં સુધી કહીશ કે અઢાર હજાર ગામડામાં નહીં, પણ મારા જિલ્લાની અને કપરાડાની વાત કરું તો હજુ પણ ચાર ગામ બાકી છે, જેનું કામ પ્રગતિમાં છે. આવી પરિસ્થિતિમાં સરકાર અઢાર હજાર ગામ પૂરા કરી દીધા એમ કહે છે, પણ હજુ પણ પેટા પરા અને ફળિયા પણ ઘણા બાકી છે. (અંતરાય) માનનીય સભ્યશ્રીને કહીશ કે બધાનું કામ છે, એકલાનું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક વિસ્તારમાં સામાન્ય અને ગરીબ વર્ગના ખેડૂતો જે અપેક્ષા રાખે છે કે સરકાર એને જે રાહતો આપવાની છે. ચુંટણી ઢંઢેરામાં જે વાતો કરેલી. ખેડૂતોને તો ત્યાં સુધી અપેક્ષા હતી કે ગરીબમાં ગરીબ ખેડૂત, નાનામાં નાનો ખેડૂત કે નાનામાં નાનો વીજ વપરાશકાર એને જે કુટિર યોજના હેઠળ ૧.૩ મફત

પાવર મળતો હતો અને આપવાનો હતો એ આજદિન સુધી મળ્યો નથી. એટલા માટે હું માનનીય ઉર્જામંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે ટ્રાયબલમાં એવી યોજના દાખલ કરવામાં આવે કે જેમાં સામાન્યમાં સામાન્ય માણસને, બીજા રાજયમાં જેમ વન પોઈન્ટ કક્ષાની હોય તો એને ફ્રી કનેકશન રાજયના ગરીબ ખેડૂતોને આપવામાં આવે,

માનનીય અધ્યક્ષશ્રી, થ્રી ફેઈઝ કનેકશનમાં વેઈટીંગ લિસ્ટ ૨ હજારનું ચાલે છે. થ્રી ફેઈઝ કનેકશન માટે સામાન્ય ગરીબ વર્ગનો ખેડૂત કે જે ૨ થી ૩ એકરનો ખેડૂત હોય એને લગભગ સાતેક વર્ષથી એ વેઈટીંગ લિસ્ટમાં રાહ જોઈને બેઠો છે. એના ઉપર આપણે વીજ દરોડા પાડીએ છીએ. કદાચ એ વીજચોરી કરતો પણ હોય, અને ગમે તેવો દંડ ઠોકી બેસાડવામાં આવે. એનાથી એ દુ:ખી થઈ જાય છે. આથી હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે દક્ષિણ ગુજરાતના નાનામાં નાના ખેડૂતને આવી સવલત અને આવી સુવિધા મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, કપરાડા તાલુકાનો એક દાખલો આપીશ. ઘર વપરાશના વીજ કનેકશનમાં મીટર બિલ ફાડવામાં આવે ત્યારે ગ્રાહક નંબર ખોટો હોવાથી એનો જે મિનિમમ ચાર્જ ૨૦૦ થી ૨૫૦ રૂપિયા આવતો હોય, એવા સામાન્ય માણસને દસથી પંદર હજાર રૂપિયાનું બિલ આપી દેવામાં આવે. આટલી તો એ માણસના દ ારની કિંમત પણ નથી. આવા ગ્રાહકને પંદર હજારનું બિલ આપી દેવામાં આવે. એ માણસ વારંવાર ધકકા ખાય અને છતાં ન કરી શકે અને ત્યારે મારે જાતે જવું પડે. આદિવાસી વિસ્તારના આ ગરીબ ગ્રાહકને મીટર રીડરે ગ્રાહક નંબર લખવામાં કરેલી ભૂલના લીધે ગ્રાહક નંબર ખોટો હોવાથી જે તકલીફો ઉભી થઈ છે એ દૂર થવી જોઈએ. આટલું કહીને વિરમું છું.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય ઉર્જામંત્રીશ્રી તેમની માગણી ક્રમાંક: ૧૨, ૧૩ અને ૧૪ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની લઈને આવ્યા છે, તેના અનુસંધાનમાં આ માગણીઓને અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીની ગુજરાતના વિકાસ માટેની પ્રબળ ઈચ્છામાંથી આ ઈચ્છાશકિતને પરિપૂર્ણ કરવા માટે વિકાસનું મુખ્ય અંગ વીજળી છે. આ વીજળી બાબતમાં ગુજરાત વધારેને વધારે મજબૂત થાય તો વિકાસની હરણફાળ ભરી શકાય. સાથોસાથ માનનીય ઉર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે પોતાના અભ્યાસનો ઉપયોગ કરીને મુખ્યમંત્રીશ્રીની ઈચ્છાશકિત અને ઉર્જામંત્રીશ્રીની મેનેજમેન્ટ શકિત ભેગી થઈ એટલે ગુજરાતમાં આજે વીજળીની જે સારી પરિસ્થિતિ છે, તેનું નિર્માણ થયું છે. અહીંયાં કેટલાક મિત્રો બોલી ગયા કે બહારથી ખરીદેલી વીજળી છે, કેન્દ્ર સરકારે આપેલ વીજળી છે, ફલાણી છે, ઢીંકણી છે, પરંતુ એટલું નકકી છે કે ગુજરાતની જનતાને વીજળી જોઈએ છે એ કયાંથી આવી અને કેવી રીતે આવી એ અગત્યનું નથી, પરંતુ વીજળી મળે છે એ અગત્યનું છે. ગુજરાતની જનતાને મમ મમ સાથે કામ છે ટપ ટપ સાથે કામ નથી. ગુજરાતમાં જે એક જમાનામાં ૧૯૬૦-૬૧ માં રાજયની સ્થાપિત વીજ શકિત ક્ષમતા ૩૧૫ મેગાવોટ હતી અને આજે ૨૦૦૫-૦૬ ના અંતે ૯૨૫૬ મેગાવોટ થઈ છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડે કંપનીનાં ૪૨ સબ સ્ટેશનોમાંથી આજે ૮૪૧ સબ સ્ટેશનો કર્યા છે આ જ ગુજરાતની વીજળીની પરિસ્થિતિ શું છે એ બતાવે. છે. રાજયનો માથાદીઠ વીજ વપરાશ દેશના મથાદીઠ વીજ વપરાશથી ઘણો વધારે છે એ પણ આપણી વીજળીની પરિસ્થિતિ બતાવે છે. આખા દેશમાં રાજયમાં સો ટકા વીજળીકરણ સિધ્ધ કરવાનો જે ધ્યેય છે એ સિધ્ધ થઈ ગયો છે અને ૧૧ મી પંચવર્ષીય યોજનામાં પણ ૬૩૪૩ મેગાવોટની સ્થાપિત ક્ષમતા ઉમેરવાનું આયોજન છે જે પૈકી રાજયના ખાનગી ક્ષેત્રના વીજ મથકોમાંથી ૫૯૭૦ મેગાવોટ અને કેન્દ્રીય ક્ષેત્રીય વીજમથકોમાંના હિસ્સાની ૧૩૭૬ મેગાવોટનો સમાવેશ થાય છે અને આગળ જતાં પણ ગુજરાત ઉર્જા વિકાસ નિગમનું ૭૮૬૯ મેગાવોટનાં વીજ મથકો સ્થાપિત કરવાનું આયોજન છે. અત્યારસુધી ગુજરાત વિદ્યુત બોર્ડ વર્ષોથી ખોટ કરતું હતું એ ખોટમાંથી એને કઈ રીતે બહાર લાવવું એ અંગેના મેનેજમેન્ટનો વિચાર કરીને ગુજરાત વિદ્યુત બોર્ડને વીજ કંપનીઓમાં પરિવર્તન કરીને ચાર વીજ કંપનીઓ અને બીજી ૬ કંપનીઓ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આજે ૨૦૦૪-૦૫ થી આ કંપનીઓ કાર્યરત થઈ ગઈ છે અને ગુજરાત ઉર્જા વિકાસ નિગમે ૨૦૦૫-૦૬ માં ૨૧૩ કરોડ રૂપિયાનો નફો કર્યો છે એ ઈતિહાસમાં પ્રથમવાર આ નયો કર્યો છે. તો પછી ગુજરાત સરકારને વીજ બાબતમાં શું કહેવાનું હોઈ શકે? (અંતરાય) મારા વિસ્તારમાં પણ છે, પરિસ્થિતિ ખૂબ જ સારી છે, ગામડાંમાં પણ પેટાપરાં સુધીનું વીજળીકરણ થઈ ગયું છે. ગુજરાત વિદ્યુત બોર્ડમાં ૭ કંપનીઓમાં વિભાજન થવાને કારણે નિગમ નફો કરતું તો થયું, પરંતુ આ કંપનીઓ કર્યા પછી કર્મચારી કે ગ્રાહકોમાં કોઈપણ જાતનો અસંતોષ જોવા મળતો નથી. આ કરવાથી ગામડાંમાં અમુક ભાગોમાં ગૃહ ઉદ્યોગ કે વાણિજય પ્રવૃત્તિ ચલાવતા હોય એવા કોર્મશિયલ ઉદ્યોગને બદલે એમને ઘર વપરાશનાં બિલ આપવા માંડયાં છે. આપને જાણીને આશ્ચર્ય થશે કે ૫ હોર્સ પાવરની મોટર ચલાવતા કોઈપણ ગૃહ ઉદ્યોગને ઘરવીજ વપરાશ તરીકેનું જ બિલ અપાય છે. અમારા વિસ્તારમાં ખંભાતનો અકીકનો ઉદ્યોગ ખૂબ જ જાણીતો છે. ખંભાત તાલુકાનાં નાનાં નાનાં ગામડાંમાં એ લોકોને જયારે વીજ વપરાશનાં કોર્મશિયલ બિલ અગાઉ આપવામાં આવતાં હતાં એના કારણે આ ઉદ્યોગ પડી ભાંગ્યો હતો, પરંતુ જયારથી આ ૫ હોર્સ પાવરની મોટરોનો ગૃહ વપરાશ તરીકે ગણીને એ રીતે એનાં બિલ આપવામાં આવ્યાં ત્યારથી આ અકીકનો ગૃહ ઉદ્યોગ ફરીથી ધમધમવા માંડયો છે અને ખેડૂતો ખેતીની સાથે સાથે આ ઉદ્યોગ પણ કરે છે. આ રીતે સરકારે ગામડાંના છેવાડાના

માનવીની પણ ચિંતા કરી છે, એને કોર્મશિયલના બદલે ઘરપરાશનાં બિલ આપીને એની ચિંતા કરી છે. તો અભિનંદન ના આપીએ તો શું આપીએ?

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં વર્ષોથી આ સ્કૂલો ઉપરથી વાયરો પસાર થતા હતા અને જે સ્કૂલોની આર્થિક સ્થિતિ સારી ના હોય એ આવા વાયરો ખસેડવાના પૈસા ભરી શકતી નહોતી. આ વીજ કંપનીઓ બનાવ્યા પછી વીજ કંપનીએ પોતાના ખર્ચે વાયરો ખસેડ્યા છે અને આ ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓને અકસ્માત થવામાંથી બચાવેલ છે. આ ઉપરાંત નગરપાલિકાઓ, મહા નગરપાલિકાઓમાં વીજળીના જે થાંભલાઓ નડતર રૂપ થતા હતા, જે ટ્રાન્સફોર્મર નડતર રૂપ હોય તેને પણ વીજ નિગમે પોતાના ખર્ચે ખસેડેલા છે. આ ઉપરાંત આ સરકારે જે લોકો બિલ ભરી શકતા નહોતા અને ગુજરાતમાં નગરપાલિકાઓની પરિસ્થિતિ ખૂબ ખરાબ હતી, કેટલીક નગરપાલિકાઓના વીજ બિલ બાકી રહેતા હતા. તેથી આ વીજ કંપનીએ એ નગરપાલિકાના પ્રમુખને અને તેના બોર્ડના સભ્યોને બોલાવી અને એકસ્પો એકાઉન્ટ ખોલાવીને જે બિલો ભરતા નહોતા તેના માટેની એક સમાધાન યોજના બનાવી અને પરિણામે નગરપાલીકાઓનો વિકાસ થતો નહોતો તે થવાની શરૂઆત થઈ, અમારા ખંભાતનો જ દાખલો આપું તો ખંભાતમા નગરપાલિકાના બિલના પાંચ કરોડ રૂપિયા ભરવાના બાકી હતા. ખંભાતને આ સરકારે મીઠા પાણીની દસ કરોડની યોજના આપી અને પૈસા પણ બોર્ડે ભરી આપ્યા અને આ યોજના વીજ કનેકશન સિવાય થઈ શકે તેમ નહોતી, તો એકસ્પો એકાઉન્ટ કરીને તેના હપતા કરી આપી અને ૩૬ લાખ રૂપિયાનું વીજ જોડાણ થઈ ગયું છે. અને ખંભાતમાં આવનારા દિવસોમાં એપ્રિલમાં સમગ્ર શહેર અને તાલુકાને મીઠા પાણીની સગવડ મળવાની શરુ થઈ જવાની છે. તો આ ગુજરાતની સિદ્ધિ નથી તો બીજું શું છે? તો પછી આ સિદ્ધિ શા માટે અમે ન કહીએ? મારા આ મિત્રો કહે છે કે બીજા રાજ્યોમાં અને કેન્દ્રમાંથી વીજળી આપે છે, પરંતુ મારે યાદ કરાવવું છે કે કેન્દ્રની પાર્લામેન્ટમાં પણ વીજળી બંધ થઈ જાય છે ત્યારે જનરેટર ચલાવવું પડે છે. અને એ પછી તમારા શીલા દીક્ષિત હોય કે બીજા કોઈ મુખ્ય મંત્રી હોય તે કામ કરી શકતા નથી. તમે ખેડૂતોની વાત કયા મોઢે કરો છો? આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ આ બધા રાજયોના ખેડૂતોની દશા કેવી છે તે તમે જઈને જોઈ આવો તો ખ્યાલ આવશે માલજી કાકા. અમે તો આઠ કલાક વીજળી આપવાની વાત કરી હતી અને આપીએ છીએ. આવનારા દિવસોમાં આના કારણે ગામડાંમાં પણ ઘર વપરાશના બિલોમાં ૫૦ પૈસા યુનિટ દીઠ ફેરફાર કરવાને કારણે અઢાર થી વીસ ટકાનો વીજ બિલમાં પણ ફેરફાર થયેલ છે. ગુજરાત વિદ્યુત બોર્ડે જે લોન લેવામાં આવી છે તેના વ્યાજ દરમાં કોઈ પણ જાતના ફેરફારની કામગીરી કરાતી નહોતી. તે લોન આપણા જ મિત્ર માનનીય શંકરસિંહ વાઘેલાના વખતમાં ઉંચા ભાવે લેવામાં આવેલી હતી. તેના ભાવો પલટાવી અને ગુજરાત વિદ્યુત બોર્ડે શકય નહોતું તેવી સરસ કામગીરી કરીને ઓછા દરે કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના મથકમાંથી ખરીદેલી વીજળીના બિલો સમયસર ચૂકવણી થતી નહોતી તે પણ સમયસર ચૂકવણી કરી અને ૩૧૨ કરોડનું વળતર પ્રોત્સાહન રૂપે મેળવવામાં આવ્યું છે. ગુજરાત વિદ્યુત બોર્ડની માસિક મહેસૂલી આવક ૭૦૦ કરોડથી વધુ નહોતી આજે પુનઃગઠનના કારણે મહેસૂલી આવકમાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે અને ફેબ્રુઆરી ૨૦૦૭માં ૧૧૯૧ કરોડની આવક થઈ છે એટલે આટલો વધારો થયો છે માનનીય સી.જે.ચાવડા, સાંભળી લેજો. ગુજરાત વિદ્યુત બોર્ડની વાર્ષિક ખોટ ૫૨૪૨ કરોડ ૨૦૦૧ દરમિયાન હતી. તેમાં પણ પુનઃ ગઠનના કારણે વીજ કંપનીએ નાણાંકીય વર્ષમાં ૨૦૦ કરોડનો નફો કર્યો છે. તેથી આ વીજ કંપનીઓની માગણીને અનુમોદન આપીને હું વિરમું છું.

**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઊર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રી માનનીય શ્રી સૌરભભાઈ જે ઊર્જા વિભાગની માગણી ક્રમાંક ૧૨, ૧૩ અને ૧૪ લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે એના સમર્થનની અંદર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

આપણે બધા જાણીએ છીએ કે ગૃહની અંદર લોક પ્રતિનિધિઓ ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી આવીને બિરાજમાન છે. આજથી દસ વર્ષ પહેલાં ગુજરાત રાજયની ગામડાંની હાલત કયા પ્રકારની હતી એ આપણને સૌને ખ્યાલ છે. ગામડાંમાં જઈને ખાટલા પરિષદ કે લોક સંપર્ક કરતાં ત્યારે અમારી પાસે જે પ્રશ્નો આવતા એ દસ પ્રશ્નોમાંથી સાત પ્રશ્નો ઊર્જા વિભાગ, જી.ઈ.બી. ને લગતા આવતા હતા. ગુજરાતમાં નરેન્દ્રભાઈની સરકારે ઊર્જાના વિકાસની અંદર ગુજરાતની જનતાના હિતની અંદર ક્રાંતિકારી કદમ ઉઠાવીને સમગ્ર દેશની અંદર ગુજરાતને પ્રથમ હરોળમાં મૂકયું છે. કોઈ સ્વીકારે કે ન સ્વીકારે આ દેશના પ્રથમ નાગરિક ભારતના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી અબ્દુલ કલામજીએ પણ ગુજરાતના ૧૮ હજાર ગામડાંને ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજળી આપનાર જ્યોતિ ગ્રામ યોજનાને માટે ગુજરાતને અભિનંદન આપ્યા છે અને બીજા રાજયોને અનુરોધ કર્યો છે કે ગુજરાતના પગલે તમે પણ ચાલો. આ ગુજરાતની જેવી તેવી સિદ્ધિ નથી. ગુજરાત રાજય ૨૦૦૩-૦૪ માં ૨૫૧૬ ગામો, ૨૦૦૪-૦૫ માં ૬૨૦૩ ગામો અને ૨૦૦૫-૦૬ માં ૯૨૦૦ ગામો એમ કુલ ૧૭૯૯૭ જેટલા ગામો એટલે વસતિ લાયક ગામો, વસવાટ વાળા ગામો એમ કુલ મળીને ૧૮ હજાર ગામોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપ્યો છે. વર્ષ ૨૦૦૩માં ૭૨.૧૮ કરોડ ખર્ચ કરવામાં આવ્યો છે. ૨૦૦૪-૦૫ માં ૨૫૭.૧૫ કરોડ અને વર્ષ ૨૦૦૫-૦૬ ની અંદર ૩૦૦.૪૩ કરોડની માતબર રકમ ખર્ચીને આ રાજય સરકારે ક્રાંતિકારી કદમ ઉઠાવીને

અમારુ એક સૂત્ર છે. " ચલો જલાયે દિપ વહાં, જહા અભી તક અંધેરા હૈ." એ સૂત્રને સાર્થક કરવા માટે અમારી સરકાર આગળ વધી રહી છે. પહેલા અમે ગામડાંમાં જતાં ત્યારે ખેડૂતો પોતાની કાકલૂદી ભાષામાં વાત કરતાં, વાત માત્ર એટલી કરતા હતાં કે વીજળી આખો દિવસ ન આપો તો જરૂર નથી પરંતુ અમે વાળુ કરવા બેસીએ ત્યારે અડધો કલાક તો પાવર આપો તો અમારે માટે બધું જ આવી ગયું. દિવસે અમારે કશું જોઈતું નથી. લોકોની આ યાતના હતી. આ યાતનાથી ગુજરાતની પાંચ કરોડની જનતાને મુક્ત કરવાનું કામ જો કોઈએ કર્યુ હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે. આજે ગુજરાતના લોકોને ૨૪ કલાક વીજળી મળે છે.

મારે બીજી કોઈ ટીકાટીપ્પણ કરવી નથી. પરંતુ આ દેશમાં કોંગ્રેસ શાસિત રાજયો છે વિકાસની અંદર અગ્રિમ હોવાની વાત કરે છે ત્યાં મોટા શહેરોમાં પણ લોડ શેડીંગ ચાર કલાક છ કલાક કે આઠ કલાકનો મૂકવામાં આવે છે. ભારતની રાજધાની દિલ્હીમાં પણ રાત્રીના સાત વાગ્યા પછી દુકાનો બંધ કરવી પડે છે. એરકન્ડિશન ચલાવી શકાતા નથી આ સ્થિતિ છે. ગુજરાતના શહેરો તો જવા દો પરંતુ એના એકે એક ગામમાં પણ ૨૪ કલાક વીજળી મળે છે એના કારણે ગામડાંની હિજરત અટકી ગઈ છે. ગામમાં આરોગ્યની સેવાઓ પ્રાપ્ત થઈ છે. ગામડામાં ધંધા રોજગાર તથા કુટિર ઉદ્યોગોની સ્થાપના થઈ છે. ગામડાંની અંદર આરોગ્ય સેવાઓનો વ્યાપ વધ્યો છે. ગામડાંમાંથી શહેરો તરફ હિજરતની પ્રક્રિયા ચાલુ હતી એ અટકી છે. ગુજરાતની ચાલુ વીજ માંગ છે એ વીજ માંગને ગુજરાત પહોંચી શક્યું છે. ૨૦૦૬માં વીજ ક્ષમતા ૯૨૮૮ મેગાવોટની હતી. વીજળી લગભગ ૪હજાર મેગાવોટની વીજળી આપણને અન્ય સ્ત્રોતમાંથી પણ મળવાની સંભાવનાઓ છે. આમ જોતા ગુજરાત વીજળીના ક્ષેત્રોની અંદર લગભગ જેટલી જરૂરિયાતો છે એટલી વીજળી ઉભી કરવા માટે સક્ષમ રાજય બન્યું છે. માતબર રાજય બન્યું છે એના માટે હું સમગ્ર વીજતંત્રને, ગુજરાતના ઉર્જામંત્રીશ્રીને હું ખૂબ અભિનંદન આપીશ. આ સરકારે એક ક્રાંતિકારી કદમ લીધું છે કે આજ સુધી ગુજરાતની અંદર એક માત્ર ગુજરાત વિદ્યુત બોર્ડ હતું, કોઈ જાતની વિટંબણાઓ વગર, કોઈ જાતની સમસ્યાઓ વગર કુનેહપૂર્વક કામ કરીને આ ગુજરાત ઉર્જા વિકાસ નિગમનું ૭ કંપનીની અંદર વિભાગીકરણ કર્યુ અને એક પણ મુશ્કેલી કે એક પણ સમસ્યા નહીં સાહેબ, આજે વિતરણની વ્યવસ્થા બરાબર, આજે ઉત્પાદનની વ્યવસ્થા બરાબર, આજે ફરિયાદનો તરત નિકાલ આ, વીજ માંગને પહોંચી વળવા માટે આગામી દિવસોની અંદર ધુવારણની અંદર ૧૧૨ મેગાવોટ, પાનેંન્ધ્રોની અંદર ૧૭૫ મેગાવોટ, એન.ટી.પી.સી. પાસેથી ૪૦૩ મેગાવોટ અને ખાનગી કંપનીઓ દ્વારા ૭૫૦ મેગાવોટ વીજળી પણ આપણે ઉપલબ્ધ કરવાના છીએ એટલે ગુજરાતની આગામી દિવસોની વીજ માગને પહોંચી વળવા માટે પણ આપણે આયોજન કર્યુ છે. હમણાં જ વાઈબ્રંટ ગુજરાત થયું, વાઈબ્રંટ ગુજરાત ૨૦૦૭ દરમિયાન ૧૧ કંપનીઓ સાથે ૧૪ હજાર મેગાવોટ વીજળી ઉત્પાદન માટે ૫૫હજાર કરોડ રુપિયાના મૂડીરોકાણના એમ.ઓ.યુ. કર્યા છે, આ પણ જેવી તેવી સિદ્ધિ નથી. ગુજરાત રાજય આજે આ વીજળીની અંદર આજે સધ્ધર બન્યું છે. આજે ખેડૂતોની વાત કરતા હતા, મારે મારા મિત્રોને પૂછવું છે કે ગુજરાતની અંદર સામાન્ય ખેડૂત પોતાના વીજળી ઉપકરણોનો જ્યારે ટ્રીપીંગના કારણે કે લોડશેડીંગને કારણે ખેત વપરાશ, કૂવા ઉપરના કનેકશનોમાં પૂરતી વીજળી મળતી નહોતી ત્યારે એક વર્ષની અંદર અને મોટરો બળી જાય અને બાંધવાનો, રીવાઈન્ડીંગનો ખર્ચ એવરેજ ૨૦હજાર રૂપિયા આવતો હતો. આજે આ ગુજરાતની સરકારે પાવર આપવાને કારણે આજે કયાંય પણ વીજળી ટ્રીપીંગ આવતુ નથી. આજે ગામડામાં ૮ કલાક પાવર મળવા છતાં પણ લોડ શેડીંગ કયાંય આવતુ નથી. મોટરો બળતી નથી અને રીવાઈન્ડીંગના ધંધા બંધ થઈ ગયા છે. આ કોંગ્રેસના લોકો આટલું પણ નથી જાણતા, પણ દોષ એમનો નથી, એ ગામડામાં જતા હોય તો એમને ખબર પડે, એ બિચારા ગામડામાં જતા જ નથી એટલે એમને એ પણ ખબર નથી કે ખેડૂતો ૮ કલાક વીજળીથી સુખી છે કે સંતુષ્ટ છે એવી એમને ખબર નથી એટલે ખોટી ટીકાઓ કરે છે. આજે ખેડૂતો રાજી છે. ૮ કલાકની અંદર જે ખેડૂત અત્યારે પહેલા ૧૪ કલાક કે ૧૬ કલાક વીજળી મળતી હતી અને જે ખેડૂત ૨૦ વીઘાનો ઉપયોગ કરતો હતો એ ખેડૂત આજે ૮ કલાક પાવરની અંદર ૨૫ વીઘાનો ઉપયોગ કરતો થયો છે. આજે ખેડૂતો સુખી છે. ખેડૂતો સંતુષ્ટ છે. આમજનતા આ ગુજરાતની વીજળીને કારણે સંતુષ્ટ છે. ગુજરાતની પ્રજાને આ બજેટની અંદર ધરખમ રાહતો આપી છે. ગુજરાતની પ્રજા પાસેથી ૧૮ વર્ષથી વસૂલાતો વેચાણવેરો રદ કર્યો છે. વીજળી ઉપરની ૨૨ વર્ષથી ખેડૂતો પાસેથી લેવાતી ડ્યૂટી રદ કરવામાં આવી છે. છેલ્લા ૪ વર્ષમાં વીજળીની ખાદ્ય તર્કસંગત અને સરળ બનાવી રાજયના પ્રજાજનોને ૭૫૦ કરોડ રુપિયાની માતબર રાહત આપી છે. આ સરકારે આ બજેટની અંદર શૈક્ષણિક સંસ્થા ઉપરનો હાલનો વીજકર છે એ ૧૫ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરીને ૧૩ લાખ ગ્રાહકોને મોટી રાહત આપવાની પણ દરખાસ્ત કરી છે. શહેરી વિસ્તારમાં ૬૦ યુનીટથી વધુ વિદ્યુત પ્રવાહ ઉપર ૨૩ ટકા વીજકરને બદલે ૨૦ ટકા કરવાની દરખાસ્ત કરીને રહેણાક તથા શૈક્ષણિક સંસ્થાઓના શહેરી વિસ્તારના ૬૯ લાખ ગ્રાહકોને અને ગ્રામ્ય વિસ્તારના ૧૩ લાખ ગ્રાહકોને એમ કુલ ૮૨ લાખ ગ્રાહકોને ૧૫૯ કરોડ રુપિયાની વીજ દરખાસ્તની માગણી છે. ગુજરાતના ૧ કરોડ કુટુંબમાંથી ૮૨ લાખ લોકોને એટલે કે ૮૦ ટકા લોકોને આ ઐતિહાસિક વીજ કર રાહતનો લાભ મળનાર છે. નાના ધંધાર્થીઓ, હોલ, સિનેમા હોટલ, રેસ્ટોરન્ટ વગેરે લોકોને પણ આમાં ૬૪ કરોડ રુપિયાનો ફાયદો છે. ઉપર મુજબ કુલ ૯૫ લાખ વીજ વપરાશકારોને ૨૨૩ કરોડ રુપિયાની રાહત મળશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૧૨,૧૩ અને ૧૪ લઈને આવ્યા છે એમાં મારા સૂચનો કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા મિત્રોએ વાત કરી, વખાણ કર્યા પણ વીજળી મળે છે, ઓછી મળે છે એની સાથે એમણે આગળ આપી, પાછળ આપી એનો સવાલ નથી પણ સવાલ એ છે કે એમણે ચૂંટણી ઢંઢેરામાં લોકશાહીની અંદર રાષ્ટ્રીય પાર્ટીઓ છે એમના ઢંઢેરા છે એ લોકોનો દસ્તાવેજ છે. લેખિત દસ્તાવેજ નહિ પણ એમના ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચનો એ લોકોના દસ્તાવેજો છે. ભારતીય જનતા પક્ષે એમના ચૂંટણી ઢંઢેરામાં ખેડૂતોને કહેવામાં આવ્યું હતું કે આજ સુધી કોંગ્રેસ વીજળી ખાઈ જતી હતી, બાકી કેમ ન આપે? અમે તમને ૧૬ કલાક વીજળી આપીશું. ટ્રાન્સફોર્મર બળી જાય તો રોજનું બદલી આપીશું. માગણી કરશો તો આર.ઈ.સી.ના જોડાણ (અંતરાય) હું તમારા ફાયદાની વાત કરું છું. જે આર.ઈ.સી.ની વીજળીની માગણીમાં ત્રણ-ચાર વર્ષે નંબર લાગતો હતો, કારણ કે ૧૦૦ ટકા સહાયથી વીજળી આપવામાં આવતી હતી. આ મિત્રો કહેતા હતા કે અમે શાસનમાં આવીશું તો તાત્કાલિક વીજળી આપી દઈશું. એમનું વચન, કમિટમેન્ટ છે કે જે વાયર બળી જાય એને ત્રણ-ચાર દિવસ લાગતા હતા એમાં કહે કે અમે ૨૪ કલાકમાં બદલી આપીશું. એમણે વચનો આપ્યા હતા એ મુજબ આજની તારીખે ૮ કલાક પણ પૂરી વીજળી મળતી નથી. ૮ કલાક દીવો ચાલતો રહે છે પણ મોટર ચાલતી નથી કારણ કે પૂરતા વૉલ્ટેજ મળતા નથી. પછી જાહેરાત કરી કે, ખેડૂતો સ્વેચ્છાએ લોડ વધારો માગી લે તો પૈસા નહિ લઈએ. પાછળથી ૫૦ હજાર થી લાખ રૂપિયાના બિલો આપ્યા. જે દિવસે ખેડૂતે અરજી કરી કે અમારે લોડ વધારો જોઈએ છે એ દિવસથી બિલો ચાલું થઈ ગયા. આજની તારીખે આ ખેડૂતો રોવે છે. કોઈ ટ્રાન્સફોર્મર બદલી આપ્યું નથી. એનો એ જ લોડ રહ્યો છે. ૮ કલાકમાંથી ૩ કલાક મોટર પાણી કાઢી શકતી નથી. આ આજના ખેડૂતોની વાસ્તવિકતા છે. છતાં વખાણ કરે તો ભલે કરે. લાઈન લોસ ઘટાડવા લાઈનો ખેંચવાની હોય છે. આજે ૨૫ ટકા તો લાઈનલોસ થાય છે. ઝાડ સાથે લાઈનો અથડાઈ જાય છે એમાં લોસ થાય છે અને ખેડૂતોની આટલી વીજળી વપરાઈ અને આટલી સબસિડી આપી. માનનીય મંત્રીશ્રી સબસિડીના આંકડા આપે એવી વિનંતી છે. એમની કંપનીઓ નફો કરે છે. આ કંપનીઓ નફો કરે છે પણ એ ઉદ્યોગો માટે. ઉદ્યોગો કમાય છે અને એમાંથી નફો લે છે. ખેડૂતોની વીજળીમાંથી નફો કરવાનો ન હોય. એટલા માટે કે ખેડૂતોનું ઉત્પાદન અને એના ભાવો એ ખેડૂત નક્કી કરતો નથી. એ તો નફાખોરી કરનારો પેલો વેપારી એના ભાવો નક્કી કરે છે. ૪૦૦ રૂપિયે પડતર માલ પડ્યો હોય તો પણ ૩૦૦ રૂપિયામાં ખેડૂતનો માલ લઈને જતો રહે છે.

**અધ્યક્ષશ્રી** : આજની માગણી ઉપર બોલો, પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : વીજળી ઉપર જ બોલું છું. વીજળીમાં નફો ખેડૂતો પાસેથી ન હોવો જોઈએ. એને સહાય આપવી જોઈએ. ખેડૂતની વ્યાખ્યા માનનીય મંત્રીશ્રીએ સમજવી જોઈએ. સબ સ્ટેશનોની વાત કરી. પંચવર્ષીય યોજનામાં દર વર્ષે આનો સમાવેશ કરવામાં આવે છે. જ્યાં જ્યાં લોડ કેપેસિટી હોય એના પ્રમાણમાં એ સ્થળે દર વખતે પંચવર્ષીય યોજનામાં એનું પ્રોવિઝન કરવામાં આવે છે અને એ મુજબ થાય છે. એમાં કાંઈ નવું નથી કરતા, વધારાનું નથી કરતા. એટલે ખેડૂતોની જે વાતો કરી રહ્યા છો એ બિલકુલ વાજબી નથી. સરકારે અને જી.ઈ.બી.ની કંપનીઓએ તત્કાલ યોજના માટે છાપાઓમાં જાહેરાતો આપી કે ખેડૂતોને તત્કાલ જોડાણ જોઈતા હોય એણે આટલા દિવસમાં ફોર્મ ભરી જવું. ૫૦૦ રૂપિયાનું ફોર્મ બધા ખેડૂતોએ, જે છેલ્લા ચાર-પાંચ વર્ષથી રાહ જોઈને બેઠા હતા એમણે ધડાધડ ફોર્મ ભર્યા. એ પછી બીજો ફતવો બહાર પડ્યો કે જે ખેડૂતનો બોર હોય, કૂવો હોય અને એમાં પાણી હશે એને જ જોડાણ મળશે. એક બોરના છ થી સાત લાખ રૂપિયા થતા હોય ત્યારે ખેડૂતના ઘરમાં સાત હજારની પરિસ્થિતિ હોતી નથી. એણે વ્યાજે નાણા લાવી તાત્કાલિક બોર બનાવ્યા એ પછી આજે અઢી વર્ષ થઈ ગયા, એ બોર પણ ફેઈલ થઈ ગયા હશે પણ ભગવાન જાણે કોઈના પેટનું પાણી પણ હલતું નથી. કારણ કે જે ખેડૂત છે એને ખબર છે કે શું દશા ખેડૂતની છે. જે બોર લઈને આજે બેઠા છે એને જોડાણ મળતું નથી. મારી આ સરકારને વિનંતી છે, સન્માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે એમને પૈસા આપે, બોર બન્યા છે ખેડૂતના એ બોર ફેઈલ થઈ ગયા છે એને વળતર આપો કારણ કે એમની ભૂલથી, એમની જાહેરાતથી, એમના કમિટમેન્ટથી ખેડૂતે બોર બનાવ્યાં છે એમને એમ નથી બનાવ્યાં. આ બે વર્ષ સુધીના એના વ્યાજના પૈસા અને બોર ફેઈલ થઈ ગયો હોય તો નવું કરવા માટે પણ સરકારે એને રાહત આપવી જોઈએ કારણ કે ખેડૂત બરબાદ થઈ જશે, દેવાદાર બની જશે અને આત્મહત્યા કરશે એના કરતા એને રાહત આપો. કારણ કે તમારી ભૂલથી ખેડૂતે કર્યુ છે. ખેડૂતે જો એક ભૂલ કરી નાંખી હોય, એક દીવાના બદલે બે દીવા કરી નાખે તો આપણે સીધો દંડ ફટકારી નાખીએ છીએ. ૨૦ હોર્સ પાવરના બદલે ૨૧.૫ હોર્સ પાવરની મોટર નીકળે તો પણ કેસ કરીએ છીએ અને ભૂલેચૂકે જો વાયર બગડે અને દોરડું નાખીને એક ટ્યુબલાઈટ કરે તો ૧૩૫ની કલમની અંદર સીધી એફ.આઈ.આર. ફાટે, પોલીસ કેસ થાય, એને સાબમતી જઈ ૪૦૦૦ રૂપિયા ભરે જામીન લેવાના ત્યારે એનો છુટકારો થાય છે. એ કોર્ટમાં ના જઈ શકે પણ કાયદો હોવો જોઈએ.

એસ્સાર જેવી કેટલીક કંપનીઓ પાસે પાંચ પાંચ હજાર કરોડ રૂપિયા બાકી છે, હજારો કરોડ રૂપિયા ટેકસના અને વીજળીના પણ બાકી છે એમના માટે અમલનું અમે પૂછીએ તો એ કહે છે કે રેવન્યુ રાહે નોટિસ આપી છે તો ખેડૂતનું કેમ દોરડું લઈને આવતા રહો છો? પહેલી તારીખે બિલ ભરવાનું હોય અને ખેડૂત પાસે ૬

ારમાં પૈસા ના હોય અને પાંચ દહાડા મોડું થાય તો એનું દોરડું કાપીને લઈ લેવાનું આ કઈ જાતનો ન્યાય છે? કયા મોઢે ખેડૂતની સરકારની વાત કરે છે? કયા મોઢે ખેડૂતને રાહત આપવાની વાત કરે છે? કઈ પોલિસીની વાત કરે છે? ખેડૂત તો ચારે બાજુથી વીજળીના કામમાં બરબાદ સિવાય કશું નથી. હા, ચોક્કસ ઉદ્યોગો માટે એમણે ફાયદો કર્યો છે, એને વીજળી આપી, એના બિલો બાકી રાખ્યા, એમને બધી રાહતો આપી છે એમના માટે હું કાંઈ કહેતો નથી પણ ખેડૂતની જે વાત છે એ સદંતર હળહળતી ખોટી છે. જે વીજળી કંપની પાસેથી ખરીદી કરીને વેચી પણ છે અને એમાંથી ૭૫ કરોડ જેવો નફો કર્યો છે. એક બાજુ વીજળીની ઘટ છે, એક બાજુ ખેડૂત મરે છે એને વીજળી નથી આપી શકતા. બીજી બાજુ વીજળી વેચીને ૭૫ કરોડ રૂપિયા નફો કર્યો છે. એટલું જ નહિ વીજળીની ખરીદી માટે વીજળીની કંપનીમાં ટાટાના ભાવ એકદમ નીચો હતો, ટેન્ડરમાં જી.એમ.ડી.સી.એ પણ માગણી કરી હતી, ટેન્ડર ભરાયું હતું પણ ખામી કરીને એ ટેન્ડર ખોલ્યા જ નહિ કારણ કે એ ઓછા ભાવના હતા. એમાં તપાસ કરે. એમાં પડવું નથી પણ જે ખેડૂતની વાત છે.

આજે જ્યોતિ ગ્રામની ખૂબ વાત કરે છે. જ્યોતિ ગ્રામ ૧૫ વર્ષ પહેલા તમામ ગામડાની અંદર સ્ટ્રીટ લાઈટો ચાલતી હતી. તમામ ગામમાં સીંગલ ફેઈઝ લાઈટો હતો અને તમે આવ્યા પછી બધું જતું રહ્યું. અત્યારે નવું જ્યોતિ, જ્યોતિ મત કરો. એ તો હતી જ. એ પણ ૧૫ - ૨૦ વર્ષ પહેલા. કોઈ વીજ બિલ બાકી રહી ગયું હશે તો આજે પણ પંચાયત એના વારીગૃહનું જોડાણ માગે તો વ્યાજ સાથે એક લાખ ભરે તો તને જોડાણ મળશે. ૨૦ વર્ષ પહેલા કઈ સ્ટ્રીટ લાઈટ હતી, શું હતું તે કોઈ પંચાયત જાણતી નહોતી, છતા પણ આટલા પૈસા ભરો પછી જ તમને જોડાણ મળશે. ગામમાં કકળાટ કરે, પાણી ના મળે છતાં કોઈનું પાણી હલે નહિ. જો ટ્રાન્સ્ફૉર્મરમાં ડી.પી. બળી જાય છે ત્યારે અમારા જેવા વિસ્તારમાં બટાટાનો પાક છે એને ૭-૮ દિવસ પાણી ના જાય તો એ બળીને સાફ થઈ જાયને લાખો રૂપિયાનું નુકસાન જાય. ખેડૂતની અંદર આખું કુટુંબ રોવે કારણ કે એને બીજો કોઈ એના સિવાય ધંધો નથી. ટ્રાન્સફૉર્મર આવશે ત્યારે મળશે. એમની ભૂલથી કેબલ બળી જાય છે એ આપવા વીજળી બોર્ડ અને સરકાર બંધાયેલી છે છતાં પણ નિયમની બહાર જઈને નીચે ૫૦૦ રૂપિયા આપીને કેબલ લઈને આવે આ વાસ્તવિકતા છે, મંત્રીશ્રી તપાસ કરાવે જો આમાં એક લબ્સ પણ ખોટો નથી કહેતો.

માનનીય અધ્યક્ષશ્રી, કયા ખેડૂતની વાત કરવી? ખેડૂતને જ્યારે એના ખેતર ઉપર અત્યારે ફાર્મ હાઉસ પર રહેવા ગયો છે. ફાર્મ હાઉસ પર ચોક્કસ એક દીવો હોવો જોઈએ, ૪૦ વોલ્ટનો ગોળો હોવો જોઈએ. કયાંક ૪૦ વોલ્ટની જગ્યાએ વધારે બિલ આવે છે અને ટ્યુબલાઈટમાં ૪૦ વોલ્ટના ગોળાથી ઓછું બિલ આવે છે. જો એ ટ્યુબલાઈટ ચલાવે તો તેના ઉપર સીધી ૧૩૫ની કલમની જોગવાઈ અને એફ.આઈ.આર. થાય. તમે જો આઠ કલાક પાવર ના આપો તો મજરે નહિ આપવાના? એના લોડનું વધારાનું બિલ ભરે છે, ભૂલથી એક એક વર્ષથી એ આપણે નથી આપતા તો કોઈ લેવાદેવા નહિ. એને કોઈ પણ લાઈન ફૉલ્ટમાં ગઈ હોય, પાંચ પાંચ દિવસ સુધી ખેડૂત મરી જાય કારણ કે એને જવાય નહિ જેની લાઈન હોય એને ખેંચવી હોય તો થાંભલા માટે ખેડૂત એનું ટેકટર લઈને જાય, થાંભલા માટે ખાડો ખોદે, થાંભલા ઊભા કરી આપે ત્યારે લાઈન નંખાય આ જાતની વાત છે એ બિલકુલ મિત્રો વખાણ કરે છે એમના વિસ્તારમાં પૂછશે તો કારણ કે એમને કરવા પડે એનો વાંધો નથી. (અંતરાય) સાહેબ મારું પ્રવચન બાકી રહ્યું છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે સભાગૃહ હવે બપોરના ૧૧-૦૦ વાગ્યે મળશે. આપનું પ્રવચન પૂરું થયું છે.

**વિરામ સવારના ૧૦.૩૦ થી ૧૧.૦૦**

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

**શ્રી કાંતિભાઈ રા. પટેલ (વિજાપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઊર્જા મંત્રીશ્રી જે ૧૨,૧૩ અને ૧૪ માગણી લઈને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો હું રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો હું નાણા મંત્રીશ્રીને અભિનંદન આપું કે આ પુરાંતવાળું બજૅટ અને ૪૦૦ કરોડની રાહતોવાળું બજૅટ રજૂ કરી ગુજરાતની પાંચ કરોડની જનતાનું અભિવાદન ઝીલ્યું છે. વિરોધપક્ષના સભ્યશ્રી ગોવાભાઈ એવી વાત કરતા હતા કે, ઊર્જા વિભાગમાં ખેડૂતોને પૂરતા વૉલ્ટેજ નથી મળતા અને ખેડૂતોને પૂરતી વીજળી નથી મળતી. ગુજરાતમાં ૭૦ ટકા ગામડાઓમાં વસતા લોકોને આજે વૉલ્ટેજની કોઈ બૂમ નથી. મારા જિલ્લામાં ૫૧ સબ સ્ટેશનોમાંથી ૪૭ સબ સ્ટેશનો ગામડામાં આવેલા છે. આજે ગામડાનો કોઈપણ ખેડૂત વૉલ્ટેજની કોઈ બૂમ પાડતો નથી અને આજે સળંગ આઠ કલાક વીજળી મળે છે. મારા આદરણીય વિરોધપક્ષના સભ્યશ્રી માલજીકાકા એવી વાત કરતા હતા કે, પૂરતી વીજળી નથી મળતી. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ગામડાઓમાં આઠ કલાક વીજળી આપી, એણે જે કોલ આપ્યો હતો અને આજે એ કોલ ઊર્જા વિભાગે પરિપૂર્ણ કર્યો છે. વહીવટનું સરળીકરણ, વહીવટ સારો ચાલે એના માટે ઊર્જા વિભાગે સાત વિભાગો પાડી અને આ ગુજરાતે વહીવટનું સારું દૃષ્ટાંત પૂરું પાડયું છે. છેલ્લા બે વર્ષોથી આઠ કલાક વીજળી ગામડાઓમાં સળંગ, કોઈપણ જાતના ડ્રોપ આઉટ સિવાય, સળંગ વીજળી મળે છે. શ્રી માલજીભાઈ એમ કહેતા હતા કે, વીજળી તમે ઓછી આપો છો, પરંતુ મારે માલજીભાઈને કહેવું છે કે, આઠ કલાક પાવરમાં આજે ખેડૂતને બાર કલાક પાવર મળતો હોય એટલું પાણી મળે છે અને આ સરકારનો અભિગમ છે કે, વરસાદના પાણીને જળ સિંચન દ્વારા

જમીનમાં ઉતારે અને જેના કારણે આઠ કલાકમાં બાર કલાકનું પાણી મળે એવું આયોજન થયું છે. માનનીય અધ્યક્ષશ્રી, આખા દેશના બધા રાજયોના બજેટો આપણે જોઈએ અને આ ઊર્જા વિભાગનું જો બજેટ જોઈએ તો દરેક રાજયોમાં એમાં ઘટ હોય, નવા કરવેરા નાખ્યા હોત અને સામાન્ય માણસને મુશ્કેલી ઊભી થતી હોય એવા, પરંતુ નાણા મંત્રીશ્રીએ ૨૩૦ કરોડ રૂપિયા ઊર્જા વિભાગમાં રાહતો આપી આ પાંચ કરોડ જનતાનું કરનું ભારણ ઓછું કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગમાં કોર્ટમાં ઘણાં કેસો પેન્ડિંગ હતા, પરંતુ ઊર્જા વિભાગે લોક અદાલતો મારફતે ૬૫૦૦૦ કેસોનો નિકાલ કરી અને આ ગામડાના ખેડૂતોને રાહતો આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી વાત કે કોઈપણ ખેડૂત પોતાનું બિલ એડવાન્સ ભરે તો એને આઠ ટકા વ્યાજનું પણ આ ઊર્જા વિભાગે આયોજન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ટ્રાન્સફૉર્મરની વાતો થતી હતી, અગાઉના વર્ષોમાં ખેડૂતને પોતાનો પાક બરાબર તૈયાર થયો હોય ત્યારે ટ્રાન્સફૉર્મર બળી જાય, ૧૫-૨૦ દિવસ સુધી ટ્રાન્સફૉર્મર નહતા મળતા પરંતુ માનનીય સૌરભભાઈ અને ઊર્જા વિભાગના અધિકારીશ્રીઓએ આજે ટ્રાન્સફૉર્મર બળી જાય ત્યારે ચોવીસ કલાકમાં આ ટ્રાન્સફૉર્મરને બદલી આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, બિલ ભરવા માટે ગામડાઓના ખેડૂતો જાય તો વીજ કંપનીઓની ઑફિસોમાં મોટી લાઈનો લાગી હોય, આ મુશ્કેલી દૂર કરવા માટે ઊર્જા વિભાગે આ બિલને પોસ્ટ ઑફિસોમાં, બૅન્કોમાં ભરવાની સગવડ કરી આપી. જેથી આજે સામાન્ય ખેડૂત પણ પોતાનું બીલ ભરીને ત્યાંથી તાત્કાલિક પાછો વળી શકે છે. જયોતિ ગ્રામ યોજનામાં હમણાં ગોવાભાઈ કહેતા હતા કે હજી ૨૪ કલાક વીજળી મળતી નથી પણ ૩ વર્ષ પહેલાંની વાત કરું ઉનાળાનો વૈશાખનો તાપ હોય, ૪૫-૪૬ ડીગ્રી ગરમી પડતી હોય, ૭૦-૮૦ વર્ષના બાપાને શ્વાસ ચડયો હોય અને પંખાની સ્વિચ પાડે અને વીજળી ન હોય. દસમા કે બારમા ધોરણના વિદ્યાર્થીને ભણવું હોય અને વીજળી ન હોય, ગામડાંનો ખેડૂત સાંજે દ ોર આવે અને જમવા બેસે, એની દીકરી જમવાની થાળી કાઢે અને વીજળી ન હોય, આ બધી જે મુશ્કેલીઓ હતો, ગામડાંનું દર્દ હતું.

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી એ ત્રણ વર્ષ પહેલાં આ ગૃહમાં જાહેરાત કરી હતી કે હું ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંઓને ૨૪ કલાક થ્રી ફેઝ વીજળી આપવા માગું છું. મંત્રીશ્રીને, ઊર્જા વિભાગના અધિકારીઓને પણ આ વાત બરાબર એમના મગજમાં આવતી નહોતી પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ સંકલ્પ કર્યો હતો અને એ સંકલ્પ ઊર્જા મંત્રીશ્રી અને અધિકારીઓએ સ્વીકાર્યો અને એનો પહેલો જ અવસર અમને મળ્યો મહેસાણા જિલ્લાને મળ્યો. તા.૬-૩-૦૫ના રોજ વિજાપુર તાલુકામાં ઐતિહાસિક પ્રસંગની ઉજવણી થઈ. આ દેશનું પ્રથમ ક્રાંતિકારી પગલાનું લોકાર્પણ હતું. મહેસાણા જિલ્લાના ૭૦૦ ગામડાંને ૨૪ કલાક વીજળી મળવાની શરૂઆત થઈ હોય, મારા તાલુકાનું લોકાર્પણ હોય અને મારી પ્રજા મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવા માટે આવવાની હોય ત્યારે માણસ ભેગા કરવાની મુશ્કેલી હતી પણ એ દિવસે ગામડાંના ૭૫૦૦૦ લોકો મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કરવા આવ્યા હતા અને તે દિવસે મુખ્યમંત્રીશ્રીએ આનું લોકાર્પણ કર્યું હતું. પાણીનો બચાવ થાય, વીજળીનો બચાવ થાય એના માટે સરકારે ૧૫૦૦કરોડનું ડ્રીપ ઈરીગેશન અને સિંચાઈ પદ્ધતિનું આયોજન કર્યું અને ઊર્જા વિભાગે સામૂહિક રીતે જે લોકો આ ડ્રીપ ઈરીગેશન યોજનામાં જોડાયા એને વીજળી આપવાનું આયોજન કરવામાં આવ્યું. ઘણા લોકો કહે છે સબસીડીમાં કાપ કરવામાં આવ્યો છે. અગાઉ ૧૧૦૦ કરોડ સબસીડી આપવામાં આવતી હતી આજે ૧૭૦૦ કરોડ સબસીડી આપવામાં આવે છે. એવી વાત કરવામાં આવે છે કે શહેરમાં વીજળી નથી દિલ્હી, મહારાષ્ટ્ર શહેરમાં જઈએ અને કોઈ દુકાનમાં બેઠા હોઈએ તો જનરેટર જોવા મળે છે. પાટનગરનું શહેર દિલ્હી હોય ત્યાં પણ ચાર કલાક, આઠ કલાક વીજળીનો કાપ જોવા મળે છે. ગુજરાતની કોઈપણ નગરપાલિકા, મહાનગરપાલિકા હોય, ગામડામાં કે શહેરમાં કામ કરતો માણસ હોય વીજળીનો કાપ નથી એ શહેરની સિદ્ધિ છે. ગામડાંનો નાનામાં નાનો ઉદ્યોગકાર પણ ૨૪ કલાક નાનોમોટો ધંધો કરી શકે છે. ગામડાંનો ખેડૂત ગમે ત્યારે પોતાના ઘરે આવે તો વીજળી ચાલુ કરતો જોવા મળે છે. ગામડાંમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીને આવતી કાલે પરીક્ષા હોય તો પણ ચિંતા નથી કારણકે એના ઘરે વીજળી ચાલુ છે એટલે અભ્યાસ કરી શકે છે. કોમ્પ્યુટર યુગ છે માધ્યમિક શાળા, પ્રાથમિક શાળા હોય એમાં કોમ્પ્યુટર હોય પણ વીજળી ન હોય તો? ૨૪ કલાક વીજળી મળવાને કારણે ગામડાંના વિદ્યાર્થીઓ કોમ્પ્યુટરનો અભ્યાસ કરી શકે છે. શહેરના વિદ્યાર્થીઓ સાથે હરીફાઈ કરી શકે છે. આવતા દિવસોમાં ધોરણ-૧૦ અને ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓની યાદી બહાર પડશે ત્યારે ગામડાંના વિદ્યાર્થીઓ પણ તેમાં સામેલ થયેલા જણાશે. એવી માગણી મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે એને અનુમોદન આપુ છું.

**શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ)** : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા મંત્રીશ્રી જે માંગણીઓ લઈને આવ્યા છે, એમને હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું. કોંગ્રેસની સરકાર વખતે વીજળીનું આયોજન કરવાનો કોઈ અર્થ જ નહોતો. કોઈ આયોજન જ નહોતું. વીજળીના વિકલ્પે કોંગ્રેસવાળા વીજળી બાબતે જે કહેતા કે આનો કોઈ વિકલ્પ ન નહિ અને ખેડૂતોને વીજળીના તાર આપી દીધેલા, એટલે મારે ગૌરવથી એમ કહેવું છે કે વીજળીનો વિકલ્પ એ વીજળી નહિ, પણ પાણી છે. મારા મત વિસ્તારમાં ખારીકટ કેનાલ આવેલી છે. ૪૦ ગામની અંદર આ ખારીકટ કેનાલના પાણી જાય છે. ૫૦૦ બોર આવેલ છે. આ ૫૦૦ બોરને હોર્સપાવરનું બિલ મોંઘુ પડે છે. જે મીટર માટે ગાળો ખાતા હતા, એમણે બધા જ મોટા ભાગના મીટર માંગી લીધા, કારણ કે

અહીયા પાણી આવે છે અને પાણીના લીધે ખૂબ મબલખ પાક થાય છે અને જેતલપુર, અસલાલી જેવાં ગામમાં મીટર માંગી લીધા અને બાકી હતા કે જ્યાં કેનાલના પાણી નથી જતા તેવા વિસ્તારમાં મારા વિસ્તારમાં ડાંગરનો પાક છે. આ ડાંગરના પાકની અંદર દર વર્ષે વીજળીની વધારે જરૂર પડે તો જ્યારે આ કોળિયો મોઢામાં આવ્યો હોય અને આ ડાંગર ડોડામાં આવી હોય ત્યારે હું ખેડૂતોનું પ્રતિનિધિ મંડળ લઈને ગયો ત્યારે મારે અભિનંદન આપવા છે કે જ્યારે બે-ત્રણ કલાક વીજળી માગી છે, ત્યારે મને વીજળી મળી છે. બીજી વાત હમણા બાબુભાઈ શાહ એમ કહેતા હતા કે ઝડપ કરવી જોઈએ, ઝડપ કરવી જોઈએ, પણ મારે એમને કહેવું છે કે મારા વિસ્તારમાં ૫૦ હોર્સપાવરના બે ૬૬ કે.વી. સબસ્ટેશન હતાં. મારી માંગણી પછી મારા વિસ્તારમાં છેલ્લા ૪ વર્ષમાં મારે ત્યાં કુહા અને બારેજાની અંદર બીજાં બે નવાં બનાવ્યાં.

જ્યોતિગ્રામની વાત કરીએ ત્યારે ૩૦ મહિનાના ટૂંકાગાળામાં દરેક ગામ સુધી ૨૪ કલાક લાઈટ આપી અને એના પરિણામ શાં આવ્યાં કે હું મારા વિસ્તારમાં કુહા ગામની અંદર એક માધ્યમિક શાળાની અંદર ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય આપવાનો, એમને શુભેચ્છા આપવાનો એક કાર્યક્રમ હતો. કોંગ્રેસવાળા બરાબર સાંભળજો. અહીયા ૮૫ ટકા કુહા ગામની સ્કૂલમાં બક્ષીપંચના લોકો ભણે છે અને ત્યારે ૮-૧૦ વિદ્યાર્થીઓએ એમના પોતાના પ્રવચનમાં બોલ્યા કે અહીંયા ક્યારેય ૫૦ ટકા ઉપર પરિણામ નથી આવ્યું, પણ આ જ્યોતિગ્રામ યોજના થવાથી, ૨૪ કલાક લાઈટ આવવાથી અમે ૧૦૦ ટકા પરિણામ લાવ્યાં છીએ. ગઈ સાલની અંદર આ વિદ્યાર્થીઓ ૧૦૦ ટકા પરિણામ લાવ્યા છે અને બીજા વિદ્યાર્થીઓએ પણ કહ્યું હતું કે અમે આ સાલ ૧૦૦ ટકા પરિણામ લાવીશું અને આ ૨૪ કલાક વીજળીના કારણે પરિણામ લાવવાના છે, ત્યારે જ્યારે ૫૦ ટકા પણ પરિણામ નહોતું આવતું.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં ગુજરાત વિદ્યુત બોર્ડની વાર્ષિક મહેસૂલી આવક ૮૩૭૯ કરોડ રૂપિયા હતી જે આવક આજે ૧૧૫૦૭ કરોડ જેટલી થઈ છે અને તેમાં વધારો થયો છે. તેના માટે હું ઉર્જા મંત્રીને અભિનંદન આપું છું. સાહેબ પહેલાંના વખતમાં એકપણ વીજ મથક બનાવ્યું ન હતું અને જે હતા તેને થાબડથીબડ કરીને ચલાવ્યા કર્યા છે. અત્યારે સાહેબ મુન્દ્રામાં ૪૦૦૦ મે.વો.નો વીજ પ્રોજેકટ બની રહ્યો છે અને ત્વરિત પૂરો થઈ જશે. કોંગ્રેસના શાસનમાં ખાનગી ક્ષેત્રની વીજ ઉત્પાદન ક્ષમતા ઘણી ઓછી હતી જ્યારે અત્યારે ખાનગી ક્ષેત્રે ૪૦૦૦ મે.વો. વીજ ક્ષમતા ધરાવીએ છીએ. જે હિન્દુસ્તાનમાં સૌથી વધારે છે. કૉન્ગ્રેસના વખતમાં વીજ ગ્રાહક પાસેથી વીજ ઉપજ કર લેવાતો હતો અને તમે કોંગ્રેસવાળા ખેડૂત વિરોધી હતા. ત્યારે આ સરકારે ૧૯૮૩-૮૪ના કરને નાબૂદ કરીને ૯૦ લાખ ગ્રાહકોને તેનો લાભ આપ્યો છે. તેમાં ૩ થી ૪ ટકાનો ઘટાડો કર્યો છે. કોંગ્રેસના શાસનમાં ખેડૂતોને વીજળીમાં રાહત આપવા માટે ૮૩૫ કરોડ રૂપિયાની સબસીડી અપાતી હતી તે સબસીડીમાં આજે વધારો કરીને ૧૭૧૯ કરોડ રૂપિયાની સબસીડી અપાય છે. આ સબસીડી સાહેબ દોઢાથી ડબલ થઈ ગઈ છે. કોંગ્રેસના સમયમાં ગ્રામ પંચાયતોના વોટર વર્કસના બીલ ભરાયા ન હોય તો કપાઈ જતા હતા અને ગામડાની અંદર કોઈના ઘરે અવસર આવ્યો હોય ત્યારે બળદગાડા કે ટ્રેક્ટર લઈને બીજા લોકોના બોર ઉપર પાણી ભરવા જવું પડતું હતું. ત્યારે મારે આ સરકારને અભિનંદન આપવા છે કે આ જે વોટર વર્કસના બીલ ન ભરાય અને કનૅક્શન કપાઈ જતા હતા તે બીલમાંથી મુકિત આપી છે. કોઈના ઘરે સાહેબ પ્રસંગ હોય અને વોટર વર્કસનું બીલ ભર્યુ ન હોય એટલે કનૅક્શન કપાઈ જતું હતું એટલે તે બિચારો જેઠાભાઈના બોરે પાણી ભરવા જાય અને ત્યાં ન હોય તો ત્રીજા બોરે જતો આવી સ્થિતિ હતી. આવી રીતે માણસ પરેશાન થતો હતો. ત્યારે આ પ્રશ્નની કોઈએ ચિંતા કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. કૉન્ગ્રેસના સમયમા રાજકીય દાવપેચથી ચોરી થતી હતી, તે લોકો ટેલિફોન કરે ત્યારે અધિકારીઓ ગભરાતા હતા ત્યારે આજે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં કોઈપણ રાજકીય શેહ શરમ રાખ્યા સિવાય રાજકીય ઈચ્છાશકિતથી વીજ ચોરીનો પ્રશ્ન હલ કર્યો છે. જી.ઈ.બી.એ. પાંચ નવા પોલીસ સ્ટેશનો સ્થાપ્યા છે અને ૫૦૦ કર્મચારીઓને રોક્યા છે અને આ કરીને માલજીભાઈ ૨ કરોડ ૩૦ લાખનો દંડ વસૂલ કર્યો છે. સાહેબ, કોંગ્રેસના શાસનમાં ટ્રાન્સફર્મર બળી જતા ત્યારે બે-બે મહિના સુધી તેનું ઠેકાણું પડતું ન હતું. લોકો ધક્કા ખાઈને થાકી જતા હતા અને એક જોડી ચપ્પલ બદલવા પડતા ત્યારે ટ્રાન્સફર્મર મળતું હતું. જ્યારે આજે બે-ત્રણ દિવસમાં ટ્રાન્સફર્મર મળી જાય છે. એક નાની સમજ સાહેબ વીજળીના બીલમાં આપી કે જે ખેડૂતો પોતાનું કામ છોડીને બીલ ભરવા જતો ત્યારે એક જ જગ્યાએ બીલ લેવાતાં હતા. ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને ખ્યાલ આવ્યો કે આ કરવું જોઈએ અને પોસ્ટ ઑફિસમાં બીલ સ્વીકારવાનું શરૂ કર્યુ અને ખેડૂતોને રાહત થઈ.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં મારે માનનીય વિદ્યુત મંત્રીશ્રીને અભિનંદન આપવા છે, મારા વિસ્તારના જે ૨૫ ટકા લોકો ખેતરોમાં અને કૂવાઓ ઉપર રહે છે અને સૌથી પહેલાં સીંગલ ફેઈઝ લાઈટ આપી હોય તો મારા દશક્રોઈ તાલુકાને આપવામાં આવી છે. ( સમયસૂચક ઘંટડી) : એ બદલ હું એમને અભિનંદન આપું છું અને આભાર માની મારું વક્તવ્ય પૂરું કરું છું.

**શ્રી ગૌતમભાઈ જે. ઝાલા (કઠલાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના માનનીય મંત્રીશ્રી એમના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળી એ ગુજરાતના વિકાસ માટેનું એક અગત્યનું અંગ છે, વીજળીકરણ અને પાવર એ વસ્તુ એવી છે કે, એનાથી રાજયનો વિકાસ થાય છે. હું માનું છું કે, હાલમાં માનનીય મંત્રીશ્રી બરાબર વ્યવસ્થિત રીતે વીજળીનું વિતરણ કરી શકતા નથી એટલે હું માનું છું કે, માનનીય મંત્રીશ્રીમાં જોઈએ એટલો કરંટ નથી અને એના લીધે ખેડૂતોને જોઈએ એટલી વીજળી મળતી નથી એના લીધે ખેડૂતોને બહુ તકલીફ પડે છે, એમના તંત્રમાં પણ એટલી બધી સારી વ્યવસ્થા નથી, અધિકારીઓ ઉપર પણ એટલી બધી સારી પકડ નથી એટલા માટે અમારા ગામડાઓમાં જોઈએ એટલી વીજળી મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંઓની અંદર ખેડૂતોને આઠ -આઠ કલાક વીજળી મળે છે જ્યારે શહેરોની અંદર ૧૬ કલાક વીજળી મળે છે, આટલો બધો તફાવત છે, તો આવું વર્તન રાખ્યા વગર ઉદ્યોગોને પણ વીજળી આપો એનો અમને વાંધો નથી પણ એનું સમન્વય કરીને ગામડાંઓમાં પણ વધારે વીજળી આપો એવું આયોજન કરો એવી મારી આ સરકાર પાસે માગણી છે.

ઉર્જા વિભાગ દ્વારા જે વસ્તુઓની ખરીદી કરવામાં આવે છે, પાવર સ્ટેશનો માટે કે લાઈનો માટેની જે ખરીદી કરવામાં આવે છે એ ખરીદી ખરેખર હલકા પ્રકારની હોય છે, એની ક્વોલિટી હલકી હોય છે જેના કારણે અવારનવાર વીજમથકો બળી જાય છે અને ડીપીઓ પણ બળી જાય છે અને ટ્રાન્સ્ફૉર્મર પણ બળી જાય છે માટે જો વીજળીમાં વધારો કરે તો એ અગત્યની વસ્તુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામી પાટલીવાળાઓએ એમના ચૂંટણી પ્રચારના ઢંઢેરામાં કહેતા હતા કે અમે તમને ૧૬ કલાક વીજળી આપીશું, ૧૨ કલાક વીજળી આપીશું, તાત્કાલિક કનેકશનો આપીશું અને આ વાત સાંભળીને ગામડાના ખેડૂતોએ એમના ઉપર વિશ્વાસ રાખી અને નવા બોર બનાવ્યા, અને કહેલું કે કોઈપણ ઘર અમે વીજળી વગર નહીં રહેવા દઈએ, આવી વાતો સાંભળીને ખેડૂતોએ નવા બોર બનાવ્યા એમને આજ દિન સુધી વીજ કનેકશનો મળેલા નથી. ખેડૂતોએ બૅન્કોમાંથી લૉનો લીધી છે, એમણે પોતાના ઘરેણાં ગીરવે મૂક્યાં છે અને અનેક દેવાં કરીને અને જમીનો વેચીને ૧૯૯૫થી જે ખેડૂતોએ બોર બનાવ્યા છે, અને એવા બોર તો હજારોની સંખ્યામાં આપણા ગુજરાતના ખેડૂતોએ બનાવ્યા છે પણ એવા ખેડૂતોને હાલમાં પણ વીજ કનેકશનો નહીં મળવાથી અત્યંત ગરીબીમાં સબડી રહ્યા છે, બેહાલ થઈ ગયા છે અને પાયમાલ થઈ ગયા છે, અને બીચારા થઈને સરકાર ક્યારે લાઈટ આપશે એની રાહ જોઈ રહ્યા છે અને હાલમાં એ ખેડૂતો લાચારીભર્યુ જીવન જીવી રહ્યા છે. જે ખેડૂતોએ બૅન્કોમાંથી લૉનો લીધી હતી અને શરાફો પાસેથી પૈસા લીધા હતા એ પૈસા હાલ ડબલ થઈ ગયા છે હવે એ પૈસા ભરવા માટે એ ખેડૂતો શકિતમાન નથી તો એવા સંજોગોમાં એ ખેડૂતોએ શું કરવું ? એમની પાસેથી અવારનવાર ઉઘરાણીઓ થાય છે, બૅન્કોમાંથી નોટિસો આવે છે તો એ બાબતમાં આ સરકાર કંઈ નહીં વિચારે તો એ ખેડૂતો પોતાનાં દેવા ભરવા માટે શકિતમાન નથી, એમને કોઈ ખર્ચ કરવું હોય કે બહેન-દીકરીનાં લગ્ન કરવાં હોય તો એ કરવા માટે એ શકિતમાન નથી અને એટલા બધા દેવાના ડુંગર નીચે દબાઈ ગયા છે કે હવે એમને આપઘાત કર્યા સિવાય બીજો કોઈ આરો દેખાતો નથી તો આ ખેડૂતોની ચિંતા કરો અને મારા વિસ્તારમાં ૧૯૯૨થી જે લીગલ કનેકશનો બાકી છે એ લીગલ કનેકશનો જે ખેડૂતો બોર બનાવે છે એ બોરવાળાને આપો. તાત્કાલિક કનેકશન યોજના કરી છે એનો પણ અમલ કરે અને એ રીતે ખેડૂતોને વહેલીતકે કનેકશનો આપી એમના બોર ચાલુ કરાવે એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે વચન આપ્યું હતું ચૂંટણી ઢંઢેરામાં કે તમે એક દિવસ મત આપવા માટે જાગજો અમે પાંચ વર્ષ જાગીશું. આ રીતે પ્રજાના અને ગામડાંના લોકોના મતો લીધા છે ત્યારે આજે ખેડૂતોને રાત્રે ઉંઘ આવતી નથી, ખરેખર પાક તૈયાર થયો હોય ત્યારે ખરે ટાઈમે વીજળી જતી રહે છે અને પાક બળી જાય છે છતાં વીજળી મળતી નથી. ત્યારે મારે કહેવું છે કે સરકાર ખેડૂતોના હિતોનું ધ્યાન રાખે, ખેડૂતોને ધ્યાનમાં રાખી વધારે વીજળી આપે એવી મારી આપના મારફત સરકારશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે જયોતિગ્રામ યોજના સરકારે કરી છે. જયોતિગ્રામ યોજના ૧૯૯૦-૧૯૯૫માં પણ ચાલુ હતી અને એ વખતે પણ ૧૬ કલાક વીજળી મળતી હતી અને બાકીના સમયસમાં સિંગલ ફેસ મળતી હતી એનાથી ગામડાંમાં બધાને લાઈટ થતી હતી. હાલમાં જયોતિગ્રામ યોજના કરી એમાં કોઈ વધારે પાવર લાવ્યા નથી જે ખેડૂતોને ૧૪ કે ૧૬ કલાક વીજળી મળતી હતી એમાં કાપ કરીને ૮ કલાક કરી નાંખ્યા છે અને એ વીજળી એમણે જયોતિગ્રામમાં ટ્રાન્સફર કરી દીધી એમાં આ સરકારે નવી વીજળી લાવીને કોઈ નવો અભિગમ બનાવ્યો નથી. જે ખેડૂતોને વધારે રાહત મળતી હતી એમાં કાપ મૂકયો એનાથી ખેડૂતો વધારે બરબાદ થવા લાગ્યા છે, વધારે દુઃખી થવા લાગ્યા છે. તો આ જયોતિગ્રામ યોજના જો ખરેખર કરવી હોય તો ખેડૂતોની વીજળી ચાલુ રાખો અને જયોતિગ્રામ યોજનામાં ગામડે ગામડે, ઘરે ઘરે લાઈટ કરો તો અમે ચોક્કસ એના વખાણ કરીશું. વિકાસમાં અમારા પક્ષના લોકો સાથ આપવા કાયમ તૈયાર છે એમાં અમારો અવરોધ નથી, પણ આ તો જાહેરાતો કરે અને ઢંઢેરો કરે અને વાસ્તવમાં એનો કોઈ અમલ થતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે જયોતિગ્રામ યોજનામાં જે ગામો જયોતિગ્રામ થઈ ગયા એમાં ગામની અંદર લાઈટ આવી છે પણ એમાં બાકીનો પરા વિસ્તાર બહું મોટો છે એ પરા વિસ્તારમાં વીજળી મળતી નથી. ૮ કલાક સિંગલ ફેસ મળે છે અને હાલમાં ૧૬ કલાક લોકો અંધારામાં રહે છે. મારા મિત્રો કહે છે કે જયોતિગ્રામ યોજનાથી ૨૪ કલાક લાઈટ મળે છે ત્યારે મારે કહેવું છે કે, ગામડાંમાં ફરીને જુઓ તો ખબર પડે કે ઘણાં પરા વિસ્તારોમાં ૫૦ ટકા વિસ્તારોમાં લોકોને

હાલમાં ૮ કલાક જ વીજળી મળે છે બાકીનો સમય અંધારામાં રહે છે. એમને કોઈ બીજી લાઈટની સગવડતા નથી ત્યારે એ લોકો ફાનસ લગાવીને જે રીતે જૂના જમાનામાં લોકો જીવતા હતા એવું જીવન જીવે છે. આમ તો માનનીય નાણામંત્રીશ્રીએ ઘણી યોજનાઓની જાહેરાતો કરી છે એમાં પરા વિસ્તારોમાં ઘરે ઘરે વીજળી પહોંચે એવી યોજનાનું આયોજન કરે એ બહુ અગત્યની વસ્તુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૫ પહેલા જે મીટર ચાલતા હતા એ મીટરો બંધ કરી અને કૉન્ગ્રેસની સરકારે હોર્સ પાવર ઉપર ખેડૂતોને વીજળી આપવાનું નક્કી કર્યું હતું એનાથી ખેડૂતોને ઘણો ફાયદો થયો હતો અને એ ટાઈમમાં ૧૦૦ રૂપિયા ભાવ ઘટાડી અને ૬૦૦માંથી ૫૦૦ રૂપિયા હોર્સ પાવરે ખેડૂતોને વીજળી આપી હતી. આ રીતે ખેડૂતોને ડાયરેકટ લાભ કર્યો. ગામડાંમાં વોટર હાઉસની વાત કરી હતી ત્યારે આજે એ જે વોટર હાઉસ ચાલે છે એના બિલો માફ કોણે કર્યા હતા, અને ગામડાંમાં વીજળીના ભાવનો લાભ આપ્યો હતો? એ કૉન્ગ્રેસની સરકારે આપ્યો હતો. આ રીતે જે સરકારે ૫૦૦ રૂપિયા હોર્સ પાવરનો ભાવ કર્યો હતો એમાં વધારો કરીને આ સરકારે સીધા ૧૨૫૦ રૂપિયા કરી દીધા છે આનાથી ખેડૂતોને માથે કેટલો બોજ પડયો છે એનો કોઈ દિવસ આ સરકારે વિચાર કર્યો નથી. ખેડૂત લક્ષી સરકાર કહેવડાવે છે ત્યારે ખેડૂત માથે આટલો બોજ ઉભો કર્યો છે અને કરવેરા વધારી નાંખ્યા છે એટલે ખેડૂતોએ વાંધો લીધો છે અને કેટલીક માગણી કરી છે અને હાલમાં પણ ખેડૂતો એની માગણી કરી રહ્યાં છે એ માગણી ઉપર ધ્યાન આપવામાં આવતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સબ સ્ટેશનોમાં પણ એવું થાય છે કે, ખેડૂતનું ડી.પી. બળી જાય અને ફરિયાદ કરવા જાય તો ડેપ્યુટી એંજિનિયર સાથે ઓળખાણ હોય તો જલદી મળી જાય પણ સામાન્ય માણસ વાત કરવા જાય તો એની ડી.પી. પણ જલદી બદલી આપવામાં આવતું નથી અને એમાં પણ ૧૫ દિવસ થઈ જાય છે અને ત્યાં સુધીમાં તો ખેડૂતોનો પાક બળી જાય છે.તેમાં પણ ૧૫-૧૫ દિવસ થઈ જાય છે અને ખેડૂતોનો પાક બળી જાય છે તો એવું આયોજન કરો કે ખેડૂતોને દરેક રીતે, સારી રીતે વીજળી મળી શકે તો જ આ રાજય આબાદ થશે.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઈને આવ્યા છે માગણી નં.૧૨, ૧૩ અને ૧૪ તેના સમર્થનમાં ઉપસ્થિત થયો છું.

અહીંયા બધા મિત્રોએ વાત કરી તેના અનુસંધાનમાં મારે એટલું જ કહેવાનું છે કે અગાઉની સરકારોએ શું કર્યુ અને હાલની સરકાર ગુજરાતના મુખ્યમંત્રી અને સૌરભભાઈ બેઠેલા તેણે શું કામગીરી કરી છે તેનો તફાવત છે તે અહીંયા કહેવા માટે ઉપસ્થિત થયો છું.અગાઉની સરકારોમાં એવુ હતું કે ' ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા, અંધેરી નગરી અને ગંડુ રાજા ' તેના જેવી સ્થિતિ હતી. આ સરકારોએ જે કામ કર્યુ છે, જે માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે, માનનીય સૌરભભાઈ પટેલે જે ઉર્જા ક્ષેત્રે જે કામગીરી કરી છે તે ઔતિહાસિક કામગીરી કરી છે કે આજ દિવસ સુધી આ દેશની અંદર કોઈ પણ સરકારોએ કંઈ પણ ના કર્યુ હોય એવું કામ કર્યુ છે તે બદલ ગુજરાતની પ્રજાને જે કંઈ ન્યાય આપવાનું કામ કર્યુ છે તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કોટી કોટી અભિનંદન આપું છું. અગાઉની સરકારોએ જે કંપનીઓને જે કરારો કર્યા હતા તેની આજ સુધી કયાંય સમીક્ષા કરવામાં આવી નહોતી અને તેમાંથી ઘણો બધો લોસ જતો હતો. આ હાલની સરકારે આ કરારોની સાથે ફેર વિચારણા કરીને તેની અંદરથી ઘણા બધા ઘટાડા કરી અને કરારોમાં ખૂબ બચત કરીને નફો કરતી વીજ કંપની કરવામાં આવી છે. વર્ષો સુધી જે સંસ્થાઓ સાથે વ્યાજના દરમાં પણ ઘટાડો નહોતો કર્યો તેની અંદર પણ ફેરફારો કરી વાટાઘાટો કરી અને ઉંચા વ્યાજની લોનો કે જે કંઈ લેવામાં આવી હતી તેની અંદર પણ ઘટાડો કરીને તેની ઉર્જા વિભાગને ખૂબ ફાયદો થાય એવું સરકારે કરેલું છે. જે બિલો સમયસર વીજ મથકોમાં વીજળીના બિલોના પેમેન્ટ નહોતા થતા હતા તે પણ પેમેન્ટ સમયસર કરવા માટે અને પ્રોત્સાહન રૂપે ઘણી બધી બચત કરવાનો પ્રયત્ન કર્યો છે. અગાઉની સરકારોએ કોંગ્રેસના વખતમાં શું કર્યુ હતું અને આજની સરકારોએ શું કર્યુ છે અગાઉની વીજળીની સેવા પૂરી પાડવા માટે ગુજરાત વિદ્યુત બોર્ડ હતું. હાલની સરકારે સાત સાત કંપનીઓનું વિભાજન કરી સુંદર અને સારો વહીવટ આપવા માટેનો પ્રયત્ન કરી અને ગુજરાતની પાંચ કરોડની જનતાને ખૂબ સારી રીતે સવલતો મળી રહે એવી વ્યવસ્થા કરવાનું કોઈએ કામ કર્યુ હોય તો નરેન્દ્રભાઈ મોદીની સરકારે કર્યુ છે. અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા જે લોનો આપવામાં આવી હતી તેના વ્યાજના દરમાં કોઈ ફેરફાર કરવામાં આવતો નહોતો અત્યારે તેની અંદર ફેરફાર કરીને ૧૨૦ કરોડ જેટલો ફાયદો કરવાનું કામ આ સરકારે કર્યુ છે. પહેલાં ગુજરાત વિદ્યુત બોર્ડની માસિક મહેસૂલી આવક ૭૦૦ કરોડથી વધારે નહોતી. આ નરેન્દ્રભાઈ મોદીની સરકાર, સૌરભભાઈના સમયમાં મહેસૂલી આવક ૧૧ હજાર કરોડ જેટલી થવા પામી છે. અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડ ૨૫૪૨ કરોડનું નુકસાન કરતું હતું ત્યારે હાલના પુન:ગઠન બાદ સાત વીજળી બનાવ્યા પછી નાણાંકીય વર્ષ ૨૦૦૬ની અંદર ૨૦૦ કરોડ જેટલો નફો કરતું થયું છે. ગુજરાત વિદ્યુત બોર્ડની વાર્ષિક મહેસૂલી આવક ૮૩૮૯ કરોડ હતી તેને વધીને ૧૧૫૦૭ કરોડ સુધી પહોંચાડાય છે. આ બહુ મોટી સિદ્ધિ છે. જે ખોટ કરતી કંપની હતી તેને નફો કરતી કંપની કરી હોય તો નરેન્દ્રભાઈ મોદીની સરકારમાં થઈ શકે. જે ભ્રષ્ટાચાર થતો, જે ખોટા કામો થતા હતા, જે ચોરોને બચાવવાના પ્રયત્નો થતા હતા અગાઉની સરકારોમાં તે આ સરકારમાં બંધ થયુ છે. એ નફો કરતું થયું છે અને આપણને બધાને દેખાઈ શકે છે. ખાનગી ક્ષેત્રે વીજ ઉત્પાદનની મર્યાદિત ક્ષમતા હતી. એ વધારીને ખાનગી ઉત્પાદકો તરીકે ૪ હજાર મેગાટન વીજ ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવતું દેશનું સૌ પ્રથમ વીજ

મથક ગુજરાતે બનાવ્યું. આના માટે પણ અભિનંદન આપવા જોઈએ કે ગુજરાતમાં દેશમાં સૌ પ્રથમ વખત આવું વીજમથક ઉભું થતું હોય અને એ કામ કરતું હોય તો એ નરેન્દ્ર મોદીની સરકારે કર્યુ છે.

અગાઉ ઓઈલમાં ચોરી થતી હતી, કોલસામાં ચોરી થતી હતી, ભ્રષ્ટાચાર થતો હતો, એમાંથી બધો બચાવ કરીને આ બધો બચાવ કરીને સુધારો કરીને ૨૭ કરોડની બચત કરવામાં આવી. પહેલા વીજમથકોમાં વેસ્ટકોલનો ઉપયોગ કરવામાં આવતો નહોતો. માનનીય સૌરભભાઈ અને માનનીય નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની અમારી સરકારમાં વેસ્ટકોલનો ઉપયોગ કરવાનું શરુ કરવામાં આવ્યું અને એનાથી ૧૦૩ કરોડની બચત થવા પામી છે. (અંતરાય) એમના દ્વારા જે કોલસો ખરીદવામાં આવતો હતો તે બિહારમાંથી ખરીદવામાં આવતો હતો, એનું ભાડું પણ વધી જતું હતું અને એની ગુણવત્તા નીચી કક્ષાની હતી. એની જગ્યાએ ઉંચી ગુણવત્તાવાળો કોલસો ખરીદીને ૨૨ થી ૨૩ કરોડનો ફાયદો કરી દેવામાં આવ્યો છે. એ લોકો તો કોલસાની અંદર સાવ પથરા લઈને આવતા હતા. જેને લીધે નુકસાન થતું હતું અને ભ્રષ્ટાચાર થતો હતો. એમને ફાયદો થતો હતો અને ગુજરાતના ખેડૂતોને નુકસાન થતું હતું. આ સરકારે એમાં બચત કરી છે, ઘટાડો કર્યો છે અને એમાં પારદર્શિતા લાવવાનો પ્રયાસ કર્યો છે.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરુ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, વીજળીની પડતરમાં ઘટાડો કરવાના કોઈ પ્રયાસો કરવામાં આવતા નહોતા. ૨૦૦૩માં સતત ઘટાડો કરીને ૭ કરોડ રૂપિયાની અને ૨૦૦૫-૦૬માં ૧૩૬ કરોડની બચત કરાવી છે. આ બધા આંકડા જોઈએ તો મને તો એમ લાગે છે કે આ લોકોમાંથી ૨૫ ટકા પણ આ હાઉસમાં પાછા આવે નહીં, એવી સ્થિતિ નિર્માણ થઈ છે. વીજ વેચાણ ઉપર લગાવવામાં આવતો વેરો સંપુર્ણ નાબૂદ કરવામાં આવતા ૯૦ લાખ ગ્રાહકોને એનો ફાયદો થશે. એમાં કાયમી રીતે ૩ થી ૪ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. કોંગ્રેસના વખતમાં કર લેવામાં આવતો હતો તે નાબૂદ કરવાનું કામ માનનીય નરેન્દ્રભાઈ મોદી અને માનનીય સૌરભભાઈ પટેલે કર્યુ છે.

દરેક પ્રકારના ગ્રાહકો પાસેથી લાંબા સમયથી લેણી નીકળતી રકમની વસૂલાત કરવા માટે કોઈ યોજના નહોતી. ગ્રાહકો પાસેથી લેણા નીકળતા પૈસા પાછા લેવા માટેની એમની પાસે કોઈ યોજના નહોતી. અમારા મુખ્યમંત્રીશ્રીએ આવીને આવા ગ્રાહકોના પ્રશ્નોનો ઝડપથી નિકાલ થાય એવી યોજનાનો અમલ કરીને ૨૦૦૪માં આવા લાંબા સમયના લેણા નીકળતા પૈસામાંથી ૩૧ થી ૩૨ કરોડની વસૂલાત કરી છે અને ૨૦૦૫માં ૬૫ કરોડની વસૂલાત કરવામાં આવી છે. (અંતરાય) તમારા વખતના બાકી હતા એ અમારે કરવા પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ ગ્રાહકે જાણ્યે અજાણ્યે ચોરી કરી હોય, એ લોકોને બચાવની કોઈ તક આપવામાં આવતી નહોતી. અગાઉની સરકારમાં એમને બચાવની કોઈ તક આપવામાં આવતી નહોતી. એમને ગુનેગાર તરીકે સાબિત કરીને હેરાનગતિ કરવામાં આવતી હતી. ખેડૂતોથી માંડીને નાના વીજ વપરાશકાર એ તમામને હેરાનગતિ થતી હતી. એના માટે ભારતીય જનતા પાર્ટીની નરેન્દ્ર મોદીની સરકારે સરળ યોજના બનાવી અને એમના વીજ જોડાણ નિયમિત કરી આપવાની યોજના બનાવી. આનાથી ૧ લાખ ૩૬ હજાર ગ્રાહકોને લાભ કરી આપ્યો. આના લીધે ૨૦ કરોડ ૨૬ લાખની વસૂલાત કરવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કે કોઈ બિલ ભરવા માટે સુવિધા નહોતી (અંતરાય) મારી હજુ તો શરૂઆત જ થઈ છે એટલે મને બોલવા દો. (અંતરાય)

**સભાપતિશ્રી** : માનનીય જેઠાભાઈ, પૂરું કરો.(અંતરાય)

**શ્રી જેઠાભાઈ ઘ. ભરવાડ** : ૧૬ કરોડ રૂપિયાની રાહતો આપવામાં આવી છે. ખેડૂતોના બિલની વાત કરું તો આ લોકો ખેડૂતોની વાત કરે છે, મારા કોંગ્રેસી મિત્રો ખેડૂતો માટેની વાત કરે છે તો મહારાષ્ટ્ર અને આંધ્ર પ્રદેશમાં તો ખેડૂતો આજે આત્મહત્યા કરે છે અને છતાં કાંઈ થતું નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારાં સૂચનો રહી જાય છે તો મને સૂચનો તો કરવા દો.

**સભાપતિશ્રી** : માનનીય પ્રહલાદભાઈ, આપ ચાલુ કરો.

**શ્રી પ્રહલાદભાઈ મો. પટેલ (વિસનગર)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જે માગણી ક્રમાંક ૧૨, ૧૩ અને ૧૪ લઈને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની અને એમાં પણ નરેન્દ્રભાઈ મોદીની સરકાર આવ્યા પછી ગુજરાતમાં વિદ્યુતની બાબતમાં ફેરફાર કરવામાં આવ્યો છે એમાં પહેલાં અમે ગામડાંમાં જતા હતા અને એ સમયે આપણું ભાષણ ચાલુ હોય કે ખેડતોને જમવાનો સમય હોય એ જ વખતે લાઈટો જતી રહેતી હતી. ખેડૂતોની મોટી કોઈ બૂમ હોય તો એ હતી કે બરાબર અમારા જમવાના સમયે જ લાઈટ ડુલ થઈ જાય છે. ભાષણ ચાલુ હોય અને લાઈટ બંધ થઈ જાય તો પબ્લિક ઉહાપોહ કરી મૂકતી હતી અને આ બધી વાતોને સમજીને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ઉર્જામંત્રીશ્રીએ એક ખાસ પ્લાન બનાવીને આખા ભારતમાં કોઈપણ રાજયમાં ના થયું હોય એવી જયોતિગ્રામની યોજના બનાવી અને અમારા બાજુના આખા ઉંઝા તાલુકાને સપૂર્ણ જયોતિગ્રામ બનાવ્યો છે અને ત્યાં આ યોજના પૂરી કરીને મારા વિસ્તારમાં બીજા કે ત્રીજા નંબરમાં મારે ત્યાં પણ આ જયોતિગ્રામ યોજના પૂરી કરી કરવામાં આવી છે અને મેં મારા ધારાસભ્યના ફંડમાંથી પણ આ યોજના માટે ૩૫ લાખ રૂપિયાની ફાળવણી કરી છે અને એ રીતે મારા વિસ્તારને સંપૂર્ણ જયોતિગ્રામ યોજનાનો લાભ મળ્યો છે. આ યોજનાથી ગામડાંમાંથી શહેરો તરફ લોકો જે દોટ મૂકી રહયા હતા તેમાં આ યોજનાથી ગામડાંનો વિકાસ થવાથી,

ગામડાંમાં રોજગારી વધવાથી એમાં રોક આવી ગઈ છે. ઘણા મિત્રો કહે છે કે વીજળી મળતી નથી તો તેઓ મહારાષ્ટ્રની બોર્ડર ઉપર હેતા હોય તો ત્યાં વીજળી બંધ થાય તો તેમને એમ લાગે કે અમારે ત્યાં વીજળી બંધ થઈ ગઈ છે એમ તેમને લાગતું હશે. એટલે ગુજરાતમાં સોએ સો ટકા વીજળી ગામડાંમાં મળે છે. એટલે એ પરિસ્થિતિમાં જયોતિગ્રામમાં ગુજરાત આજે નંબર વન છે. કોઈ વાવાઝોડું કે પૂરની પરિસ્થિતિ હોય અને લાઈટ જતી રહે, કેટલાય થાંભલાઓ પડી જાય તો અમારી સરકારમાં એ તાત્કાલિક થાંભલા ઉભા થઈ જાય છે અને જે રિપેરિંગ કરવાનું હોય એ તાત્કાલિક થઈને બે દિવસમાં બધું બરાબર થઈ જાય છે જયારે તમારા વખતમાં તો અઠવાડિયા સુધી વીજળી આવતી નહોતી અને વાવાઝોડું એવો શબ્દ સંભળાય તો ૨-૩ કલાક અગાઉથી જ લાઈટ બંધ થઈ જતી હતી જયારે આજે સતત એ ચાલુ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોડ શેડિંગની વાત કરું તો એના એટલા બધા પ્રશ્નો હતા કે ચાર થી પાંચ વર્ષ પહેલાં બહુ જ મુશ્કેલી હતી અને આજે પણ આખા વિસ્તામાં કોઈપણ ખેડૂત આ લોડ શેડિંગની બૂમો પાડતા નથી અને એને સતત ૮ કલાક વીજળી મળી રહે છે. ૮ એ ૮ કલાક વીજળી એને મળી જાય છે અને ૬૬ કે.વી.માંથી લીંક બનાવીને તપાસ કરવામાં આવે કે ૮ાા કે ૯ કલાક જેટલી એને વીજળી મળી જાય છે અને એના કારણે ખેડૂતોને ફાયદો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સીંગલ ફેઈઝ વીજળી આપવાની વાત હતી. તો આજે મારા વિસ્તારમાં ૫૦ ટકા ઉપર વિસ્તારને સીંગલ ફેઈઝ વીજળી મળી ગઈ છે અને અમુકમાં કામ આપવાનું ચાલે છે અને ભવિષ્યમાં એકાદ બે વર્ષમાં આખા ગુજરાતમાં સીંગલ ફેઈઝ વીજળી મળતી થઈ જશે એટલે એ બાબતમાં ચર્ચા કરવાની ના રહે, પરંતુ આ સરકારે સીંગલ ફેઈઝ યોજનામાં ખેતરો સુધી જયાં નાનામાં નાનો માણસ ખેતરમાં ઓરડી બનાવીને રહેતો હોય એને આપણે સીંગલ ફેઈઝ વીજળી મળી રહે એના માટેનો પ્રયત્ન કર્યો છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે.

મારે નગરપાલિકા વિસ્તારની પણ વાત કરવી છે, રાજયમાં ૨૦૦૫ ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું, અને ઉર્જા મંત્રીશ્રીએ પણ શહેરી વિકાસ વર્ષમાં જે જે શહેરોમાં થાંભલાઓ બદલવાની જરૂરિયાત હતી અને તેનો બહુ મોટો એસ્ટીમેટ આવતો હતો. તેવા થાંભલાઓને એ વર્ષ દરમિયાન જ્યાં જ્યાં જરૂર લાગી ત્યાં થાંભલાઓ બદલવામાં આવ્યા અને એ રીતે વગર ખર્ચે થાંભલાઓ બદલી અને નગરપાલિકાઓને ફાયદો કરાવી આપ્યો છે. એ જ રીતે ઉર્જા મંત્રી અને શહેરી વિકાસ મંત્રીએ સાથે મળી અને જે કામગીરી કરી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. અને તે રીતે શહેરોમાં જે ઘણાં પ્રશ્નો ઉદ્દ્ભવતા હતા તે પ્રશ્નો દૂર થયા છે. એ જ રીતે શાળાઓમાં જે ૧૧૦૦ કે.વી.ની લાઈનો નીકળતી હતી અને તેના કારણે શાળાઓના બાળકોને જે ભય રહેતો હતો તે માટે પણ બદલવાના પ્રયત્નો કરવા છતાં બદલવામાં આવતી નહોતી અને મોટા એસ્ટીમેટ આવતા હતા અને શાળાઓ તે ભરી શકતી નહોતી. તે લાઈનો પણ બદલવાનું કામ આ સરકારે કર્યુ છે તે ધન્યવાદને પાત્ર છે. આ રીતે આટલા બધા કામો થયા હોય, અને જ્યારે વીજળીનો ગામડાંમાં બહુ મોટો પ્રશ્ન હતો તે પણ હલ થઈ ગયો છે અને આજે તેની કોઈ ચર્ચા પણ થતી નથી. વીજળી બોર્ડની આવક પણ ૧૧૦૦ કરોડ ઉપરની મહેસૂલી આવક થઈ છે તે માટે પણ હું ધન્યવાદ આપું છું. આ રીતે મારા વિચારો રજૂ કરી અને માગણીઓને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જા મંત્રીશ્રી પોતાના વિભાગની માગણી ક્રમાંક ૧૨, ૧૩ અને ૧૪ લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. સૌ પ્રથમ હમણાં જેઠાભાઈએ જે ઉકિતનો અહીયા ઉલ્લેખ કર્યો તે સંપૂર્ણ ઉકિતને અહીંયા દોહરાવીશ નહીં પણ "અંધેરી નગરી અને ગંડુ રાજા, ટકે શેર ભાજી અને ટકે શેર ખાજા" એ ઉકિત સંપૂર્ણપણે આ સરકારને લાગુ પડે છે. માનનીય ઉર્જા મંત્રીશ્રી, વહિવટી સૂઝ સમજ, સરકારની કાર્ય નિષ્ઠા, કાર્યદક્ષતાના કારણે આ વિભાગમાં સારી રીતે સુધારો થયો છે અને નફામાં લઈ આવ્યા છીએ એવી જાહેરાતો કરે છે. પણ મારે આપના મારફત એ કહેવું છે કે અગાઉ અહીં કહેવામાં આવ્યું એ મુજબ ભાજપે તેમના ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યું હતું કે રાજયના ખેડૂતોને સોળ કલાક વીજળી આપવામાં આવશે. એ વીજળી આજે ખેડૂતોને મળતી નથી. કોંગ્રેસના શાસનમાં ૧૪ કલાક વીજળી આપવામાં આવતી હતી. આજે ઉદ્યોગ ગૃહોને પૂરતી વીજળી આપવામાં આવે છે. પરંતુ ખેડૂતોને વીજળી આપવામાં આવતી નથી. ઉદ્યોગ ગૃહોને વીજ કર ચોરીમાં રાહત આપવામાં આવે છે, અને પાછલા દરવાજેથી મદદ કરવામાં આવે છે. પણ ખેડૂતો જાણે આતંકવાદી હોય તે પ્રમાણે હાથકડીઓના ફોટાઓ છાપામાં છપાવી અને જાહેરાત કરવામાં આવે અને ખેડૂતને ત્યાં પોલીસ વિભાગને સાથે રાખી અને દરોડાઓ પાડવામાં આવે છે અને એ રીતે જે માનસિક ત્રાસ આપવામાં આવે છે તે ખેડૂતથી સહન થઈ શકતો નથી. આ સરકાર પણ માનસિક રોગથી પીડાય છે. અને એટલા માટે કે રાજયમાં ખેડૂતોને વીજળી આપવામાં આવતી નથી પરંતુ બહારના રાજયોમાં જુદા જુદા પ્રસંગોએ જાય છે ત્યારે ગુજરાતના ખેડૂતને ૨૪ કલાક વીજળી પુરવઠો આપવામાં આવે છે અને દરરોજ એક નવી મારૂતી ખરીદે છે તેવી જાહેરાતો કરે છે. પણ રાજયના ખેડૂતોની આજે જે દશા છે તે વાસ્તવીક રીતે જોઈએ તો ખ્યાલ આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય ઊર્જા વિકાસ નિગમ જે રાજય સરકારનું છે અને એ ગુજરાત રાજય ઊર્જા વિકાસ નિગમના અહેવાલ મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમને ૨૦૦૫-૦૬ના વર્ષમાં બહારના રાજયોને ૭૪૩.૫૦ મિલિયન યુનિટ વીજળી વેચીને ૭૧.૨૦ કરોડ રૂપિયાનો નફો કર્યો છે. રાજયમાં ઉત્પાદન થતી વીજળી બહારના રાજયોને વેચી નાખવામાં આવે એમાંથી રાજય સરકાર કમાણી કરે અને બીજી બાજુ રાજયના ખેડૂતોને વીજળી ન મળે, ખેડૂતો દેકારો બોલાવે ત્યારે આ સરકાર એમ કહે કે ભારત સરકાર વીજળી આપતું નથી. ભારત સરકારે વીજળી કાપી લીધી છે. આ પ્રકારની હાસ્યાસ્પદ વાતો કરવી એ કેટલા અંશે વાજબી છે. વેચીને આપણે નફો કરવો છે જ્યારે રાજયના ખેડૂતોને આપવી નથી એ માનસિકતામાંથી રાજય સરકારે બહાર નીકળવું જોઈએ. દરરોજ આઠ કલાક વીજળી આપવાની વાત કરી છે. આઠ કલાક વીજળી આપવાની હોય તો ૩૬૫ દિવસ ગણીએ તો કુલ ૨૯૨૦ કલાક થાય. પરંતુ સરેરાશ આજે ગણતરી કરવા જઈએ તો રાજયના ખેડૂતોને ચાર કલાક વીજળી મળતી નથી એટલે વરસના ૧૫૦૦ કલાક વીજળી મળે છે. એના અનુસંધાને ખેડૂતોને મુશ્કેલી પડે છે. લોડ વધારાની જાહેરાત કરી. સમગ્ર રાજયના ખેડૂતો રાજી થયા. લોડ વધારાના કારણે એક હોર્સ પાવર દીઠ ૨૦૦ રૂપિયા ડિપોઝિટ ભરીને રાજયના ખેડૂતોએ ૨૦૦ રૂપિયા લેખે માગણી કરી અને એ રીતે કરોડો રૂપિયા રાજયના ખેડૂતો પાસેથી ઉઘરાવવામાં આવ્યા તેમ છતાં આજ સુધી લોડ વધારો આપવામાં આવ્યો નહિ. બીજી બાજુ ઉદ્યોગગૃહોને લોડ વધારો આપવામાં આવ્યો અને એ કઈ રીતે કોઈપણ ઉદ્યોગકાર જે લોડ વધારો માગે એ મંજૂર કરે પછી ઉદ્યોગકાર પોતાના ઉદ્યોગની અંદર ૫૦ હોર્સ પાવર સુધી પાંચ, છ કે દસ હોર્સ પાવરની મોટર ચલાવી શકે. પરંતુ ખેડૂત લોડ વધારો માગે પાંચ હોર્સ પાવર એની પાસે હોય એને વધારાનો પાંચ હોર્સ પાવરની માગણી કરે તો દસ હોર્સ પાવર માગે તો એને પાંચ પાંચ હોર્સ પાવરની બે મોટરો ચલાવી ન શકે. ઉદ્યોગકારો બધી મોટરો ચલાવી શકે. તેથી મારે માનનીય ઊર્જા મંત્રીશ્રીને કહેવું છે કે ઉદ્યોગકારને ૪૦ હોર્સ પાવરનું કનેકશન હોય તો એને પણ એકજ થાભલાથી સર્વિસ આપવામાં આવતી હોય છે, એ જ રીતે ખેડૂતને પણ એકજ થાભલેથી સર્વિસ આપવામાં આવે છે. પરંતુ ખેડૂત પાંચ પાંચ હોર્સ પાવરની બે મોટર ચલાવી ન શકે. ઉદ્યોગકાર પાંચની, દસની કે વીસની મોટરો ચલાવી શકે એમ રીને ૫૦ હોર્સ પાવર સુધી એ કરી શકે ઉદ્યોગકાર માટે વાંધો નથી. પરંતુ ખેડૂતને ચલાવવાની વાત આવે ત્યારે નથી. તો હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે લોડ વધારો ન આપો તો કંઈ નહિ પરંતુ તમે જે કરોડો રૂપિયા ઉઘરાવેલા છે એ તો ખેડૂતોને પાછા આપી દો.

૨૦૦૧ની વસતિ ગણતરી મુજબ ૧૮૦૬૫ ગામો પૈકી ૨૨૯ ગામો એવા છે કે જેમાં વીજળીકરણ થઈ શકે તેમ નથી. ૧૭૮૩૬ ગામોમાં સંપૂર્ણપણે વીજળીકરણ થઈ ગયું છે. એમ માનનીય મંત્રીશ્રીએ, રાજય સરકારે બજેટ રજૂ કર્યુ છે એમાં વિકાસની પ્રવૃત્તિનો ભાગ છે એમાં જણાવ્યું છે. પેટા પરાઓના વીજળીકરણની વાત છે એમાં પેટા પરાની વ્યાખ્યા શું? પેટા પરાની વ્યાખ્યા છે કે ગામતળ મંજૂર થાય અને નવું ગામતળ વસે તો નવા ગામતળની અંદર વીજળીકરણ કરી આપવું જોઈએ. તો આવા રાજયના ઘણા પેટા પરાઓ વીજળીકરણથી વંચિત છે.

રાજયની અંદર ગુજરાત રાજયની સ્થાપના થઈ ત્યારથી આજ સુધીમાં ૭૫૦૦ મેગાવોટ વીજળી ઉત્પાદન કરી શકયા છીએ. તાજેતરમાં રાજય સરકારે એવા એમ.ઓ.યુ. કર્યા કે જેના દ્વારા ૧૯ હજાર મેગાવોટ વીજળી પેદા કરીશું. મારે આપની મારફત જાણવું છે કે ૧૯ હજાર મેગાવોટ વીજળી ઉત્પાદન કરવાના એમ.ઓ.યુ. કર્યા એ કેટલા સમયમાં કરવાના છો એ આ રાજયના ખેડૂતો આપની પાસેથી જાણવા માગે છે.

તત્કાલ વીજ જોડાણની અંદર જે ખેડૂતોએ નાણાં ભરી દીધા છે એને નિયમ પ્રમાણે ૩ મહિનામાં કવોટેશન ભરી દીધા પછી એનું વીજ કનેકશન કરી દેવું જોઈએ. આજે છ-છ મહિના, નવ-નવ મહિના વર્ષ દિવસ થયું હોવા છતાં કવોટેશન ભર્યા પછી એનું કનેકશન રીલીઝ કરવામાં આવતું નથી એના કારણે ખેડૂતોને પણ ઘણી વખત મુશ્કેલી થાય છે.

છેલ્લી એક વાત કરું આ સરકારની માનસિકતા છે એ ખેડૂત વધુ પાણી મેળવશે, વધુ પાણી કાઢશે તો જમીનના લેવલ, પાણીના તળ ઉંડા જશે એ માનસિકતામાંથી આ સરકારે બહાર નીકળી જવું જોઈએ અને રાજયના ખેડૂતોને ૮ કલાકને બદલે ૧૪ કલાક વીજળી આપવા માટે હું માગણી કરુ છું.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉર્જામંત્રીશ્રી, માગણી ક્રમાંક: ૧૨,૧૩ અને ૧૪ લઈને આવ્યા છે એને હું અનુમોદન આપવા માટે ઉભી થઈ છું. ગુજરાત રાજયની અંદર જયોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક વીજળી આપવા માટે યુ.પી.એ. સરકાર તરફથી રાજય સરકારને એક ગોલ્ડ મેડલ, ૫ સિલ્વર મેડલ અને ૧૪ સર્ટિફિકેટ મળ્યા છે તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઉર્જામંત્રીશ્રીને હાર્દિક અભિનંદન આપુ છું.

આપણે ભૂતકાળ તરફ દ્દષ્ટિ કરીએ, ભૂતકાળની અંદર વિદ્યુત માટે માત્ર એક જ કંપની હતી. હવે એક કંપનીથી આપણે જાણીએ છીએ વીજળી ગુજરાતની અંદર લોકોને કેવી રીતે મળતી હતી, આ ચિંતા એ સૌના માટે હતી. આ એક કંપનીનું સાત કંપનીઓની અંદર વિભાજન કરી નાખ્યું, એટલું જ નહીં આ સાત કંપનીઓના ચાર ઝોન પાડી દીધા, ઉત્તર ઝોન, મધ્યઝોન, દક્ષિણ ઝોન અને પૂર્વઝોન, આવા દરેક ઝોનની અંદર એક આઈ.એ.એસ. કક્ષાના અધિકારીની નિમણૂક કરવામાં આવી. પરિણામે પ્રજાના પ્રશ્નો હલ થયા અને તાત્કાલિક

એનો ઉકેલ આવવા મંડયો એટલા જ માટે આ જે પાંચ ઝોન હતા એ પાંચ ઝોનની અંદર અધિકારીઓ સલામત રીતે કામ કરી શકે, વીજળીના કાયદાઓનું નિરાકરણ લાવી શકાય એ માટે સ્વતંત્ર પોલીસ સ્ટેશનની પણ રચના કરવામાં આવી અને એનું આગવું મહેકમ પણ બનાવવામાં આવ્યું. એટલું જ નહીં કર્મચારીઓ સારી રીતે કામ કરી શકે, કંપનીની આગવી ઓળખ આપે એ માટે ત્રણ-ત્રણ ગણવેશ પણ કર્મચારીઓને આપવામાં આવ્યા , એટલું જ નહીં એક વખત માનનીય મુખ્યમંત્રીશ્રીએ સારી કામગીરી માટે એમણે જાહેરાત કરી હતી કે એક હજાર રૂપિયા દરેક કર્મચારીને ઈન્સેન્ટીવ આપવામાં આવશે અને એ રીતે દરેક કર્મચારીને બોનસ પેટે એક હજાર રૂપિયા પણ આપવામાં આવ્યા અને આ રીતે સરસ રીતે કર્મચારીઓ કામ કરતા થયા, એટલું જ નહીં આ કંપનીઓનું વિભાજન થયું, અમારા આદિવાસી લોકોનો જે બેકલોગનો પ્રશ્ન હતો, બઢતીનો જે અન્યાય હતો, મને કહેતા આનંદ થાય છે કે તમામ આદિવાસી જે કર્મચારીઓ હતા, એ જુનિયર એંજિનિયરને નાયબ કાર્યપાલક એંજિનિયર તરીકે બઢતી મળતા એમાં પણ ઉત્સાહ આવ્યો, આદિવાસીઓની જે વાત કરે છે, આદિવાસીઓને ફોસલાવીને જે મતો લીધા ભૂતકાળની અંદર એ ભૂતકાળ હતો. પણ જી.ઈ..બી.ની વાત કરું, ઉર્જાની વાત કરું, આદિવાસી લોકોએ દીવડો નહોતો જોયો, હું મારા ખેડબ્રહમા મત વિસ્તારમાંથી આવુ છું. એક વખત આ ગૃહના મુખ્યમંત્રી કે પ્રતિનિધિત્વ કરતા હતા પણ ત્યાં વીજળીનું નામનિશાન નહોતું, એટલું જ નહીં મારા વિજયનગરની અંદર એક સબસ્ટેશન થયું હતું, સબ સ્ટેશન બની ગયું, જંગલનો વિસ્તાર હતો એ ચાલુ નહોતું કરી શકાતું પણ આ રાજય સરકારના મુખ્યમંત્રી અને ઉર્જામંત્રીને હું ધન્યવાદ આપુ છું. મારા વિજયનગરનું સબસ્ટેશન શરૂ થયું. એના પરિણામે આજે સમગ્ર વિજયનગરની અંદર જયોતિગ્રામ હેઠળ સમગ્ર ગામડાઓ ઝળહળતા થયા છે. એટલું જ નહીં આજે છેલ્લા બે વર્ષની હું વાત કરું કે અમુક જે સબસ્ટેશનો હતા, છેલ્લા બે વર્ષની અંદર ૫૧ સબસ્ટેશનોની રચના થઈ, એમાંથી ૫૧માંથી ૪૭ સબસ્ટેશનો આદિવાસી વિસ્તારમાં થયા છે. એટલે જે લાઈનો હતી અને લાંબી લાઈનોને કારણે જે ડીમલાઈટ ૫ડી હતી, ખેડૂતોની મોટરો બળી જતી હતી અને માનનીય ધારાસભ્યશ્રી પુંજાભાઈ ખેડૂતોની વાત કરતા હતા, કોંગ્રેસ કયા મોંઢે ખેડૂતોની વાત કરે છે? ૮૩ની અંદર ઈલેકટ્રીસીટી ડયુટીવેરો લેવામાં આવતો હતો. અને એ રીતે ડયુટીવેરો લઈને ખેડૂતોને પાયમાલ કરી નાખ્યા, અમારી સરકાર આવી અને એ ઈલેકટ્રીસીટી ડયુટીવેરો માફ કરી દીધો અને એના કારણે ૬ લાખ ૫૧ હજાર ખેડૂતોને લાભ થયો અને ૧૬ કરોડ જેટલા ખેડૂતોને લાભ મળ્યો.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના ઉર્જા મંત્રીશ્રી જે ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે એના અનુસંધાને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય છે કે જુલમથી તૂટે રાજ અને જૂઠથી તૂટે વેપાર. હમણાં જેઠાભાઈ બોલી ગયા કે, 'ટકે શેર ભાજી અને ટકે ખાજા.' અરે ભાઈ, તમે ડાંગ વાપરવાવાળા આ વાત ક્યાં કરો છો? એ તમારામાં છે અમારામાં નથી. પહેલાના જમાનામાં બળદ અને ઘોડાગાડીનું ચલણ હતું અને અત્યારે મોટર-ગાડી છે. પહેલાના સમયમાં સિંચાઈ માટે કોસ કરતા હતા જ્યારે અત્યારે મોટર પંપથી પાણી નીકળે છે. જેમ જેમ સમય બદલાયો એમ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી આવી અને તેમ દેશનો વિકાસ થવા માંડ્યો. આ ટૅક્નૉલૉજી કોણ લાવ્યું? રાજીવ ગાંધી અને સામ પિત્રોડા આ ટૅક્નૉલૉજી લાવ્યા. ટૅક્નૉલૉજીમાં આપણો દેશ આગળ છે. ખેડૂતોને આ લોકો વીજળી આપતા નથી. આ લોકોએ વીજળી વેચી ખાધી છે. ગુજરાત જે વીજળી ઉત્પન્ન કરે છે એ સસ્તા દરે ઉદ્યોગપતિઓને આપે છે અને મોંઘા ભાવે પ્રાઈવેટ ઉદ્યોગો પાસેથી વીજળી ખરીદે છે. આ લોકોને જૂઠું બોલવાનું આવડે છે. વારંવાર આ લોકો જૂઠું બોલે છે. એકવાર તો સાચું બોલો. સાચું બોલતા શીખો નહિ તો કુદરત માફ નહિ કરે. હવે તમારું આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે ખેતી છે એ એક ફૅકટરી છે. બીજી ફૅકટરીઓને બંધ કરો પણ ખેતીની ફૅકટરીને બંધ ન કરો. આજે રાજ્યના ૭૦ ટકા લોકો ખેતી કરે છે. મેં આ લોકોને કહ્યું કે તમે બધી વીજળી ઉદ્યોગપતિઓને આપો છો તો ખેડૂતોને ૨-૩ હોર્સ પાવરની મોટર માટે આપો તો નાના અને સીમાંત ખેડૂતો ખેતી કરી શકે. લોકોને રોજગારી મળી રહે અને બીજે રોજગારી માટે જવું ન પડે. અમારું રાજ આવવા દો પછી જૂઓને અમે વીજળી મફત કરી દઈશું. અત્યારે વીજળીનું કનૅક્શન લેવું હોય તો લાખ રૂપિયાનું એસ્ટિમેટ આવે છે. ગરીબ માણસ આ લાખ રૂપિયા ક્યાંથી ભરવાનો છે? આ લોકોએ મફત કરવું જોઈએ. તત્કાલ યોજના હતી એ આ લોકોએ બંધ કરી દીધી. કેશુબાપાએ ચાલું કરી હતી, અમારા વખતે ચાલું હતી અને આ લોકોએ બંધ કરી દીધી. આ ખેડૂતોના હામી છે કે દુશ્મન એ જ ખબર પડતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, ફૅકટરીવાળા પાસે પૈસા બાકી હોય તો નહીં લેવાના અને અમારા ખેડૂતની પાસે બાકી હોય તો તરત જ કનૅક્શન કાપી નાખવાનું અને પછી બિચારો ખેડૂત ધક્કા ખાય તો પણ કનૅક્શન નહિ આપવાનું એ કઈ રીતે ચાલશે? આ લોકોને ખેડૂતની પડી નથી. આજે જ્યારે ૭૦ ટકા લોકો ખેડૂત છે ત્યારે હમણાં જ છેલ્લા પાણી વગર ઘઉં બળી ગયા, આઠ કલાક લાઈટ નથી આવતી. બિચારા ખેડૂતોને તો રાત્રે લાઈટ આપે. આખી રાત ઉજાગરો કરવાનો અને ક્યાંક અંધારામાં એરું આભડી જાય તો દશા બેસી જાય. દિવસે લાઈટ નથી આપતા એટલે આ સરકાર બહુ ચાલી શકે તેમ નથી. એમ કહે છે કે ભારત સરકારે વીજળી આપી નહીં. અરે, એટલા બધા રૂપિયા આપ્યા છે પણ તમે પાવર ઉત્પન્ન કરી શકતા નથી. કેન્દ્ર સરકાર પૈસા

આપે છે એના ૫૦ ટકા ઉપયોગ કરી શકતા નથી અને પાછા જાય છે. એ પૈસાનો ઉપયોગ કરો તો બહુ થઈ જાય. આ લોકોને વહીવટ કરતાં જ આવડતું નથી. વહીવટ કરતાં તો અમને જ આવડે. સાહેબ, એમને વિરોધ કરતા આવડે છે, અમને વિરોધ કરતા ના આવડે અને અમને રાજ કરતા આવડે છે. રાજ તો કોંગ્રસવાળાનું અમારું છે. (અંતરાય) બેસો હવે લોકો સ્વંભૂ અમારી જોડે છે, લખી રાખો. તમે એટલો બધો પ્રજાને ત્રાસ આપ્યો છે કે પ્રજા સહન નહિ કરી શક્તી તમે સમજો, ડિસેમ્બર આવવા દો એટલે જો જો. સામેની પાટલીના મિત્રો ધારાસભ્યોની વાતના સાંભળે. એ બહુ ખેંચાય છે, ના ખેંચાવ આ તો વારાફરતી વારો છે, કાલે અમે આવીશું એટલે ખેંચાવાનું બંધ કરો અને ધારાસભ્યોની વાત સાંભળો. આ લોકો શું કામ ચૂંટાય છે? લોકોનું કામ કરવા માટે, એમનું આવી રહ્યું છે એટલું સમજતા નથી અને સામાન્ય માણસની વાત કરે છે, અમારી વાત ના સાંભળતા હોય તો સામાન્ય માણસની વાત કે લોકોની વાત જ નથી. એટલે હવે જરા સીધા રહો, સીધા નહિ રહો તો લોકો કાઢી મૂકશે. બહુ ખેંચાશો નહિ, ખેંચાય એ તો જતા રહ્યાં. લોકોને ૨-૩ ની મોટર માટે કાંઈ કરો તો નાના ખેડૂતોને લાભ મળે. સૌરભભાઈ પટેલને પણ મેં લખ્યું હતું. નાના ખેડૂતોને માટે તમે અમલ કરો તો કહે કે નટવરસિંહ ના થાય આવું, ઉદ્યોગમાં થાય છે તો આમાં કેમ ના થાય, શું ચૂંક આવે છે? આ ખેડૂતોની સરકાર નથી, આ ઉદ્યોગપતિઓની સરકાર છે એટલે મારી વિનંતી છે કે ભાઈ સમજો નહિ તો ઘરે આવવું પડશે અને અમે સામે આવીશું, એટલે આટલી વાત અમારી સ્વીકારો નહિ તો એનું ફળ મળશે નહિ મળે એમ નહિ. કારણ કે બધું જૂઠું ચાલ્યું છે. એકજ વ્યકિતની વાહ વાહ કરો છો એના કરતા એટલી ભગવાન માટે વાહ વાહ કરો તો પણ સારું થાય.

**સભાપતિશ્રી** : માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજ્ય કે દેશે આર્થિક પ્રગતિ કરવી હોય તો ઊર્જાશકિતનો વિકાસ એ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ ઊર્જા ક્ષેત્રે એમની દીર્ઘદ્રષ્ટિ દ્વારા રાજ્ય petro capital of the nation બન્યું, પણ આવતા દિવસોમાં energy hub અને દેશમાં energy capital તરીકે કેવી રીતે ઓળખાય એના માટે કરેલું આયોજન અને શરૂ થયેલું અમલીકરણ વિષે હું આ ગૃહની અંદર સભ્યશ્રીઓને માહિતી આપવા માગુ છું. fuel security એ સૌથી અગત્યનો વિષય છે અને જે રાજ્ય કે દેશનો fuel ઉપર control હોય એ ચોક્કસ ઊર્જા ઉપર control રાખી શકશે. આ ધ્યાને રાખીને આપણી પાસે કોલસો નથી, પાણી નથી અને એના કારણે આપણે વીજળી ઉત્પાદન નથી કરી શકતા તો આપણી પાસે નથી, પણ આપણે જે ઉપલબ્ધ કરી શકવાના એ ગેસ છે. એટલે ગેસના imported coal અને domestic coalમાં આપણે જે કામ કર્યુ છે એની હું માહિતી આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશની અંદર બે LNG Terminal થયા. એ બંને LNG Terminal ગુજરાતની અંદર આવેલા છે. હાલની capacity જોઈએ તો સેલની ૨.૫ મિલિયન ટન છે, પેટ્રોનેટની ૫ મિલિયન ટન છે. આ બંને terminal આવતા ૨-૩ વર્ષની અંદર આની capacity વધારે છે. Petronet LNG ૫ મિલિયન ટનથી માંડીને ૧૨ મિલિયન ટન કરી છે. સેલની ૨.૫ મિલિયન ટનથી માંડીને ૫ મિલિયન ટન કરી છે. આનાથી આગળ વધારે દેશમાં હજુ કોઈ જગ્યાએ નવું LNG Terminalની સ્થાપનાનું કામ થયું નથી. આપણે બીજા બે નવા M.O.U. કર્યા, પીપાવાવ અને મુંદ્રામાં એકએક કરવા માગીએ છીએ. આ બંને પાંચ પાંચ મિલિયન ટનની capacityના હશે અને foreign collaborationમાં આપણે આપવા માગીએ છીએ. આમ કુલ આવતા થોડા વર્ષોમાં હાલના જે સાડા સાત મિલિયન ટનની capacity છે એ ૨૭ મિલિયન ટન આવશે આનો અર્થ શું? આનો અર્થ એ થયો કે આ Terminal દ્વારા ૧૦૦ MMTcubic meter gas import થશે. અને એનાથી આનો પચાસ ટકા પણ જો ઉર્જામાં વપરાય તો ૨૦,૦૦૦ મેગાવોટ ઓફ ઈલેકટ્રીસિટી અહીંયાથી ૧૦,૦૦૦ મેગાવોટ જનરેટ થઈ શકે. એટલે આપ કલ્પના કરી શકો કે ખાલી એલ.એન.જી. ટર્મિનલ દ્વારા કેટલું ઉત્પાદન થઈ શકે. આપ સૌ જાણો છો કે, કે.જી.બેઝીન ઉપર બે લાખ કરોડ રૂપિયાનો આપણને ગેસ મળ્યો છે, રિલાયન્સને પણ ગેસ મળ્યો છે, પાઈપ લાઈનનું કામ રિલાયન્સનું ચાલું થઈ ગયું છે અને ૨૦૦૮-૦૯માં આ ગેસ અહીંયા લાવવાનું આપણે કામ કરી રહયા છીએ. આપણે જી.એસ.પી.સી. અને રિલાયન્સ એ બે ભેગા મળીને ૫૦ મિલિયન મેટ્રિક ટન કયુબીક મીટર ઓફ ગેસ કે.જી.બેઝીનથી ગુજરાતમાં આવશે. એટલે આપ કલ્પના કરો કે, કેટલી ગેસની ઉપલબ્ધી આવતા દિવસોમાં ગુજરાતમાં થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, ગેસની આગળ વાત કરું તો નો ડાઉટ થોડો અન્યાય આપણને પી.એમ.ટી. ગેસમાં થયો છે, મારે સભ્યશ્રીઓને વિનંતી કરવી છે કે, જે કેન્દ્રએ અન્યાય કર્યો છે, એ આપણને હકક અપાવે. આપણા જ પન્ના-મુક્તા, હજીરા-તાપી ગેસ ફિલ્ડોમાં આપણને રાજીવ ગાંધીએ શેર આપ્યો હતો, રાજીવ ગાંધી પછી બાજપાઈજીએ બધા કરારો કર્યા, કેન્દ્રમાં જયારે કોંગ્રેસની સરકાર પાછી આવી ત્યારે કહયું કે, આ તો અમે બ્રિટિશ ગેસ, રિલાયન્સ અને ઓ.એન.જી.સી.ને આપી દીધો છે, તમે એમની પાસે જાઓ અને લખ્યું છે કે, એ લોકો ઓપન બીડ કરશે અને તમને ગેસ આપશે. અમે લોકોએ કહયું કે, સારું ચલો ઓપન બીડ પણ અમે મંજૂર કરીશુ. જીએસપીસીએ બીડમાં ભાગ લીધો, જીએસપીસીએ ૪.૭૫ પર એમ.એમ.બી. ટુ ડોલરનો ભાવ આપ્યો , ગેઈલે ખાલી ૪.૦૮ આપ્યો, એનટીપીસીએ ૪.૦૮ આપ્યો, માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખ સાથે કહેવું પડે છે કે, જયારે ટેન્ડરો ખુલ્યા અને જયારે સૌથી સારો ભાવ આપણો હતો, તો

કેન્દ્રની આ સરકારે એમના રાજયના મંત્રીશ્રી હોવા છતાં આ બીડ કેન્સલ કર્યુ અને સંપૂર્ણપણે ગેસ ગેઈલને આપ્યો અને ગેઈલ આ ગેસ ગુજરાતની બહાર લઈ જાય છે, આટલો બધો અન્યાય કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત કરું કે, પાઈપ લાઈન નાખવાની વાતો કરીએ છીએ અને એમાં ઘણી બધી પ્રગતિ કરી છે. હું આપને થોડી માહિતી આપું કે, પાઈપ લાઈનમાં અત્યારે આપણે રાજકોટથી જામનગરનું કામ ચાલું કર્યુ છે ૧૧૦ કિલો મિટરનું, મોરબી- મુંદ્રાનું પણ આ વર્ષે કામ ચાલું કરે છે ૨૨૫ કિલો મીટર, પીપાવાવનું કામ એટલે લીંબડીથી ભાવનગર અને પીપાવાવ ૨૧૦ કિલોમીટરનું કામ ચાલું કરીશું, વડોદરા-ગોધરા ૪૦ કિલો મીટર, મહેસાણા-પાલનપુર, ૧૧૦ કિલોમીટર, મોરબીને ગેસ આપવાનું ચાલુ કર્યુ, ૬૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આપણે ચાલું કર્યું અને વાપી સુધી આપણે પાઈપ લઈ ગયા, અત્યારે શું એ લોકો નવું તુત લાવ્યા છે કે અમારે ગેઈલથી અહીંયાથી બોમ્બે સુધીની, સુરતથી, હજીરાથી જુદી પાઈપ લાઈન નાખવી છે કારણ કે, આ જે આપણું ટર્મિનલ છે એમાંથી ગેસ લઈ અને એ લોકોને રાજય બહાર મહારાષ્ટ્રને આપવો છે, ડાભોલને આપવો છે, આટલો મોટો અન્યાય રાજયને કરવા માગે છે. માટે સભ્યશ્રીઓને વિનંતી કરું કે, ગેઈલને વિનંતી કરો કે, ગેસ બહાર ના લઈ જાય, આ ગેસ આપણા ટર્મિનલ ઉપર આવ્યો છે એ આપ રાખો એવી મારી આપને નમ્ર વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે હું વાત કરું અન્યાય, તો કેવો? માનનીય અધ્યક્ષશ્રી, પાઈપ લાઈન નાખવી હોય તો એમ કહે છે કે, અમારી મંજૂરી લો. કારણ મંજૂરી કેમ લેવા માગે છે કે આપણે વિકાસ ના કરી શકીએ એના માટે એ લોકો વચ્ચે રોડા નાખે છે. પણ હું ચોકકસ,પણે ખાતરી આપવા માગું છું કે, આવતા દિવસોમાં આપણે વીસ શહેરોને પાઈપ લાઈન દ્વારા ડોમેસ્ટિક ગેસ પણ આપીશું. આપ વિચાર કરો કે એક કુટુંબને ત્યાં એક સિલિન્ડર વપરાય અને એ સિલિન્ડર જો વાપરતો બંધ થાય અને આપણો ડોમેસ્ટિક પાઈપ લાઈનનો ગેસ વાપરે તો કેન્દ્રને પર સિલિન્ડર સો રૂપિયાની બચે છે, આટલું મોટું કામ આપણે કેન્દ્ર માટે કરીએ છીએ, દેશ માટે કરીએ છીએ, દેશના પૈસા બચે એના માટે કરીએ છીએ પણ આપણને આની પાઈપ લાઈનની મંજૂરી માટે આપણે કેન્દ્રમાં જવું પડે એવો કાયદો લઈને આપણને આપી દીધો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતની પ્રજાને ખાતરી આપું કે, આવતા દિવસોમાં આ વીસ શહેરોનો જે કર્યો છે એ સંપૂર્ણ પણે હવે પાઈપ લાઈન દ્વારા ગેસ આપીશું. એવી જ રીતે વાત કરું, સુપ્રીમ કોર્ટ જજમેન્ટ આપે કે તમે સી.એન.જી. સ્ટેશન નાખો, આપણે સી.એન.જી. સ્ટેશનની વાત કરીએ છીએ, આ હાઉસમાં આપણે સી.એન.જી.એકટ પસાર કર્યો, માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીઓને કહેવું છે કે, છેલ્લા દોઢ વર્ષથી જે સી.એન.જી. બિલ આપણે અહીં પસાર કર્યું છે એને કેન્દ્રની મંજૂરી મળી નથી અને હું વિનંતી કરું છું કે, મંજૂરી અપાવો. માનનીય અધ્યક્ષશ્રી, તો પણ આ વખતે ૨૫ નવા હાઈ વે ઉપર છેક વાપીથી માંડી પાલનપુર સુધી આપણે ૨૫ નવા સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવાના છીએ. અને પછી માર્ચ-૨૦૦૭, એપ્રિલ માસ સુધીમાં વાપી, વલસાડ, નવસારી, ભરૂચ, આણંદ, નડિયાદ, મોરબી, ચોટીલા, રાજકોટ આ દરેક જગ્યાએ સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવાના છીએ. ઓ.એન.જી.સી. કેન્દ્ર સરકારની કંપની છે. ગુજરાતની કંપની જી.એસ.પી.સી. છે. કોઈ રાજય પાસે પોતાની કંપની નથી. બીજું આપણે એકલા oil exploration માં ગયા. કેવી સફળતા મળી K.G.Basin માત્ર એક જ કંપની છે દેશની અંદર ઓ.એન.જી.સી. પછી કે જેણે દેશમાં જ નહીં પણ પરદેશમાં પણ exploration કામ કર્યું. મારે આનંદ સાથે કહેવું જોઈએ કે ઑસ્ટ્રેલિયામાં બે બ્લોક, ઈજીપ્તમાં બે બ્લોક, યેમેનમાં-૩ બ્લોક, ઈસ્ટઈમોનની અંદર એક બ્લોક આમ કરીને -oil explorationની અંદર ૮ બ્લોક એટલે ૭૩૮૭૧ કી.મી.નો exploration right મળ્યો છે. આપણે ઈન્ટરનેશનલ હરીફાઈમાં જીત્યા છીએ. એને કારણે ખૂબ લાભ મળ્યો. હું એક વાત તરફ ધ્યાન દોરું કે દેશને ઓઈલ આપીએ છીએ. ઓઈલમાં ૫૦૦ બેરલ બે વર્ષ પહેલાં ઉત્પાદન હતું આજે રોજનું ૧૫૦૦ બેરલ થયું છે. કેન્દ્ર NELP બ્લોક લાવ્યા એની અંદર ૧૯ બ્લોક બન્યા. કોઈ જગ્યાએ માઈનર પાર્ટનર, કોઈ જગ્યાએexploration ઓપરેટીંગ રાઈટ છે. આમ કરીને કેન્દ્રએ નીતિ બદલી અને ભા.જ.પા. સરકારે NELP block exploration ચાલુ કર્યા એ પછી ૪૨ બ્લોક જી.એસ.પી.સી.ને મળ્યા છે અને આજે આપણે ખૂબ મોટા પાયા પર કામ કરી રહ્યા છીએ. ગેસ ક્ષેત્રે અને ગેસ પછી પૅટ્રોલિયમ યુનિવર્સિટી, લોકોને રોજગારી મળે અને સારા ટેકનીકલ મળે અને એ કામ માટે એમ કહી શકાય કે દેશની અંદર ગુજરાત એક માત્ર રાજય છે કે જે આટલા મોટા પાયા પર exploration કરશે. એક માત્ર ગેસ ગ્રિડ રાજય છે, એક માત્ર ડોમેસ્ટીક ઘરાકોને આટલા મોટા પ્રમાણમાં પાઈપલાઈનનું કનેકશન આપ્યું છે. ગેસ પછી એનર્જી કેપીટલ કેવી રીતે મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્ન છે. આપણે ત્યાં ૯૫૬૧ મેગાવોટની ક્ષમતા આજની તારીખે છે. ૨૦૦૭-૦૮ માં ૧૦૦૨ મેગાવોટનું ઉત્પાદન થશે. એના પછી જે ટોરેન્ટ એ યુનિટ આવે એટલે ૧૫ મહિનામાં ૧૭૫૨ મેગાવોટ એડીશન કેપેસીટી વધશે. આપણે એકલા કરવા, હું જશ લેતો નથી. મુખ્યમંત્રીશ્રી કહે છે કે બધાને જશ આપો. ખાનગી કંપની હોય તો ખાનગી કંપનીનો ઉપયોગ કરો, કેન્દ્રને સત્તા હોય તો કેન્દ્રનો ઉપયોગ કરો. ગેસ સ્ટેશનની કંપનીની ક્ષમતા હોય તો સ્ટેશનનો ઉપયોગ કરો. વીજળીનું ઉત્પાદન ૪૦૦૦ મેગાવોટ થયું છે. આટલો મોટો વિચાર જયારે લાવ્યા હોય તો બધાને જોડે લઈને ચાલવું જોઈએ. કેન્દ્રની સાથે કેન્દ્ર બીલ કાઢયા. અલ્ટ્રા મેગાના સાત બીડ કાઢયા. સાત બીડમાં કેન્દ્ર સરકારે સંમતિ આપી છે કે પ્રોએકટીવને કારણે ફટાફટ મંજૂર કરીને મુંદ્રાનું ઈમીજીએટ બીડમાં આવ્યું અને ટાટા ખાનગી કંપની

છે. સભ્યશ્રી કહેતા હતા કે ખાનગી કંપની શું કામ આપો છો? એ નીતિ કેન્દ્રએ કરી. કેન્દ્રએ કેમ એન.ટી.પી.સી.ને ન આપ્યું? (અંતરાય) ખાનગી કંપની દ્વારા કેન્દ્રની નીતિ અને રાજયની બંનેની સરખી રહી. ટાટા પાવરનું બીડ હતું. એમાં ૪૦૦૦ મેગાવોટમાંથી ૧૯૦૦ મેગાવોટ લીધું છે. કોઈ રાજયે આપ્યું નથી. ૬ વર્ષમાં સંપૂર્ણપણે કામ પૂરું થયું છે. એવી જ રીતે ગુજરાત એક માત્ર રાજય હતું જેણે પોતાનું બીડીંગ કર્યું. બીડીંગમાં ત્રણ જાતના બીડીંગ કર્યા. ડોમેસ્ટિક બીડિંગ કર્યુ. ઈનપૂટ કોલની અંદર બીડિંગ કર્યુ. આપણે જે રિજેક્ટ કોલ આવતો હતો એને વોશ કોલ કર્યો અને વોશ કોલ કરીને રિજેક્ટ કોલ આપણે અહીંયા વેચતા હતા. આપણે શું કર્યુ તો રિજેક્ટ કોલ કર્યો. વોશરી જોડે આપણે એમ.ઓ.યુ. સાઈન કર્યા કે તુ જે રિજેક્ટમાંથી વીજળી બનાવ અને ત્યાં વીજળી બનાવ આપણે અહીંયા ફ્રેટ નથી કરવું અને એના દ્વારા આવતા દિવસોમાં ૨૦૦ મેગાવોટ વીજળી આપણે ગુજરાતમાં લાવીશું, એટલે એકેએક પૈસાને લીધો. એવી રીતે આપણે બીડ કર્યુ એમાં ૩૨૦૦ મેગાવોટનું જે બીડિંગ કર્યુ, એની અંદર ફિક્સ પ્રાઈસનું કોસ્ટ લીધું. આપણે ૨.૪૦ પૈસા ૨૫ વર્ષ સુધી ફિક્સ પ્રાઈસના કોસ્ટ કર્યા. મારે થોડી માહિતી આપવી છે. જે કેન્દ્રનું બીડિંગ થયું તે ૨.૨૬ પૈસે પડ્યું અને આપણું ૨.૪૦ પૈસે પડ્યું. આપણું આપણા વોશ બાર ઉપર મળ્યું, એટલે એક પૈસો વધારે ખર્ચવાનો નહિ, જ્યારે કેન્દ્રનું છે, એના વોશબાર ઉપરના બાકીના ૩૦ પૈસા આપવાના. એ ઉપરાંત કોલસાના ભાવ જે નક્કી થયેલ છે, એનાથી વધે તો આપણે આપવાના. અગર ફૉરેન એક્સ્ચેઈંજમાં ડાયલ્યુશન થાય, ફરક પડે તો કેન્દ્ર નક્કી કરેથી વધારે થાય તો આપણે આપવાના. ફ્યુઅલનું ફ્રેટ પણ આપણે વધારે થાય તો નક્કી કર્યેથી આપવાના.

મને ગૌરવ સાથે કહેવાનું મન થાય છે કે કેન્દ્રના સચિવશ્રીઓએ સંમતિ આપી તમારા ૨.૪૦ પૈસામાં કોઈ વધારો નહિ, કોઈ રિજેક્ટ નહિ એ ડિલ તમે વધારે સારી રીતે કર્યુ અને અમારા કરતા પણ સારું કર્યુ એવા અભિનંદન આપે છે. ૩૨૦૦ મેગાવોટની વીજળી આપણે કરાર દ્વારા લીધી છે. બીજી વાત કરું તો લિગ્નાઈટનો આપણે સંપૂર્ણપણે ઉપયોગ કરવા માગીએ છીએ. ૧૫૦૦ મેગાવોટ નેવીલ લિગ્નાઈટ જોડે એમ.ઓ.યુ. કર્યા. માંગરોળમાં કામ ચાલુ થયું છે. એક્સ્પ્લોરેશનને એ બધુ કામ ચાલુ થયું છે. જી.આઈ.પી.સી.એલ. ૨૫૦ મેગાવોટનું કામ ચાલે છે. ભાવનગરમાં ઘોઘામાં ૫૦૦ મેગાવોટનું કામકાજ ચાલુ થયું છે. એ ઉપરાંત કવાસ અને ગંધારમાં ૨૬૦૦ મેગાવોટ, કેન્દ્રનો બે ગેસ બેઝ યુનિટ આપણો શેર છે ૧૦૫૦ મેગાવોટનો એમાં ૨૬૦૦ મેગાવોટનું કોસ્ટ મથક આવી રહ્યું છે. આ ઉપરાંત વાત કરું તો વાઈબ્રન્ટ ગુજરાતમાં ૧૪,૯૯૪ મેગાવોટ યુનિટના વાઈબ્રન્ટની અંદર એમ.ઓ.યુ. થયા. આપ વિચાર કરો કે કેટલા યુનિટ થયા? વાઈબ્રન્ટથી ગુજરાતમાં કંપનીઓ જે કરી છે તે કેટલી સારી કંપનીઓ છે. હું આપને કહું શેના માટે કરવા માગો છો પાવર પ્રોજેક્ટ? અમે વાઈબ્રન્ટ ગુજરાતના જે એમ.ઓ.યુ. કર્યા, એની અંદર ટકોરા મારી મારીને લીધા છે. ૪ વાર પૂછ્યું છે કે તમે જમીન લો? કઈ જગ્યાએ લો છો? બધી સંમતિ કર્યા પછી એમ.ઓ.યુ. સાઈન કર્યા છે. એની અંદર આપણી સ્ટેટ ગવર્નમૅન્ટની કંપની છેઃ જી.એસ.પી.સી. અને જી.પી.સી.એલ. પીપાવાવની અંદર પોતાના ગેસથી જે કેન્દ્ર ગેસ આપવાની છે, જે ગેસ આપવાનું વચન આપીને કેન્દ્ર ફરી જાય એ નહિ, પણ પોતાના ગેસથી ૧૦૫૦ મેગાવોટનો પ્લાન્ટ કર્યો છે. અત્યારે ટેન્ડર બહાર નીકળ્યું છે. બે મહિનાની અંદર ટેન્ડર આપી, બે મહિનાની અંદર કામ ચાલુ કરશે અને આવતા ૨૪ મહિનાની અંદર કામ પૂરું થશે. એ ઉપરાંત ઉત્તરાન ટેન્ડર અપાઈ ગયા, પ્રોસેસ ખુલી ગઈ છે, એ ૩૬૦ મેગાવોટ, ઉકાઈ ૫૦૦ મેગાવોટ, ધુવારણ ૩૬૦ મેગાવોટ, સિક્કા ૫૦૦ મેગાવોટ અને ટોરેન્ટ. ટોરેન્ટે નક્કી કર્યુ છે કે બૉમ્બેની અંદર મહારાષ્ટ્રની અંદર બ્લૉક લીધા છે. એમને નક્કી કર્યુ છે કે મહારાષ્ટ્રની અંદર ભીવંડીમાં ગુજરાતને માટે વીજળી ઉત્પાદન કરીને આપવાની છે, એટલે ૨,૦૦૦ મેગાવોટનું એણે ઉત્પાદન કર્યુ છે. એવી રીતે અદાણી. અદાણીએ નક્કી કર્યુ છે કે મુન્દ્રામાં ૨૦૦૦ મેગાવોટ લાવી અને આખા દેશને અહીંયાથી વીજળી આપે. આજની તારીખમાં કહ્યું. આ ઉપરાંત એક સારા સમાચાર આપવાના છે કે આપણને એક પત્ર મળ્યો છે. ન્યુક્લિયર પાવર કૉર્પોરેશન તરફથી ન્યુક્લિયર પાવર કૉર્પોરેશને કહ્યું છે કે અમે કાંકરાપાળની અંદર ૭૦૦ X ૨ એટલે ૧૪૦૦ મેગાવોટનું એક્સ્પાન્સન કરીએ છીએ અને આ બંનેનો ઑર્ડર અપાઈ ગયો છે. It is expected to commence commercial production by ૨૦૧૨. એટલે ૮,૨૯૦ કરોડ રૂપિયા. એવી જ રીતે વાત કરું તો કેટલી પ્રોએક્ટિવ ગવર્નમૅન્ટ કહી શકાય કે ન્યુક્લિયર પાવર કૉર્પોરેશનની ૩ સાઈટ સિલૅક્ટ કરી. ત્રણેય સાઈટની અંદર આપણે પ્રોએક્ટિવ ભાવનગરમાં લઈ ગયા. મીઠીવીરડી લઈ ગયા અને બધુ બતાવ્યું. ન્યુક્લિયર પાવર કૉર્પોરેશને આપણને કાગળ આપ્યો છે કે We want to develop ૬ થી ૮, ૧૦૦૦ મેગાવોટ યુનિટના પાવર અને ૮,૦૦૦ મેગાવોટ યુનિટસના પાવર ૫૦,૦૦૦ કરોડના ખર્ચે મીઠીવીરડી છાયા એ લોકોએ સાઈટ સિલેક્શન કરી નાખી છે. આવતા દિવસની અંદર કેન્દ્રના કૅબિનૅટમાં જશે અને જો કેન્દ્ર એને મંજૂરી આપે તો ૮,૦૦૦ મેગાવોટની આપણે વીજળી ભાવનગરમાં ઉત્પાદન કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રમાણે કહેવા માગું છું કે આજે ૯૬૫૧ મે.વોટ અને તે ઉપરાંત જે એમ.ઓ.યુ. સાઈન કર્યા, કેન્દ્રના વીજ મથકો, ન્યુકલિયર પાવર આ બધુ ગણીએ તો સાહેબ ૪૫૭૫૭ મે.વોટ થાય છે. હવે કયાં તમારા ૯ હજાર ચાલીસ વર્ષમાં અને કયાં ૪૫ હજાર મે.વોટ? માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એનર્જી હબ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું ફયુઅલ સિકયુરિટીની વાત કરું. આના માટે હું એમ કહીશ કે અમે બે પગલાં આગળ વધ્યા છીએ. આપણે નક્કી કર્યુ કે કોલસો કયાંથી લાવશું? આપણા છેલ્લા બે વર્ષની મહેનત પછી મહારાષ્ટ્રને જોડે રાખ્યુ, મહારાષ્ટ્રને જોડે રાખ્યું ન હોત તો માઈન્સ ન મળી હોત. પણ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે મહારાષ્ટ્રને જોડે રાખો તો મળશે. આપણને મળશે. આપણે પડોશી ધર્મ રાખ્યો અને કેવું કર્યુ ૧૪૦૦ મિલિયન મૅટ્રિક ટનનો રિઝર્વ સ્ટૉક આપણને મળ્યો. ઓરિસ્સાની અંદર મચ્છીકટ્ટાની અંદર આપણને માઈન્સના બ્લૉક મળ્યા છે. તેમાં ૬૦ ટકા મહારાષ્ટ્રના અને ૪૦ ટકા ગુજરાતના અને આ જે કોલસો આવશે તેને માઈનીંગ કરીને સસ્તો પડશે અને તે વીજળીના કારખાનાઓમાં અપાશે. તેવી જ રીતે વાત કરું ઈમ્પોર્ટેડ કોલ માટે. આપણે ઈમ્પોર્ટેડ કોલ માટે ફીકસ કરવા માગીએ છીએ. આવતા ૨૦ વર્ષ, ૨૫ વર્ષ ભાવ વધે તો આપણને બોજો ન પડે તેના માટે નેગોસિએશન કરીએ છીએ અને કરવા માગીએ છીએ કે એક ટર્મ ફીકસ થઈ જાય તો કાલ ઉઠીને ઈમ્પોર્ટેડ પ્લાન્ટ આવે તો ભાવ વધારો ન થાય એટલા માટે આ ફયુઅલ સિકયુરિટીની ચિંતા આ સરકારે કરી છે. એટલે અમે ગૌરવ સાથે કહીએ કે ગુજરાત એનર્જી હબ બનશે. ગુજરાત આખા દેશમાં વીજળી આપી શકે તેવી પરિસ્થિતિમાં હશે. માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વાત કરું કે કેન્દ્ર એ કેટલો અન્યાય કર્યો છે વીજળીના ઉત્પાદનમાં? વીજળીના ભાવ નથી વધાર્યા. કોલસાની અંદર બે વાર ભાવ વધારો કર્યો છે. સાડા પાંચ ટકા અને ૧૫-૬-૦૪ના રોજ ૧૬ ટકા. આવી જ રીતે કોલસાનો ભાવ વધારો નૂર ભાડામાં લાલુપ્રસાદ યાદવ કહે છે કે અમે નફો કર્યો છે. તે નફો આ ગુજરાતની પ્રજાએ આપ્યો છે. હું આપને કહું કે લોડ પેટર્ન બદલવાથી અને કેટલી હોંશિયારી તે લોકો વાપરે છે. સીધો ભાવ વધારો નથી કરતા. ઉંધા કાન પકડે છે. વૅગનની અંદર, લોડની અંદર રિસ્ટ્રીકશન લાવીને. હું આપને દાખલો આપું. ૨૭-૧૧-૦૪માં ૭.૭૭ ટકા વધાર્યા છે. ૧-૪-૦૬ના રોજ ૩ ટકા વધાર્યા અને ૧-૧૧-૦૬ના રોજ ૪ ટકા વધાર્યા. આટલા બધા ભાવ વધારાથી આપણો બોજો કેટલો વધશે. કોલસાની કિંમત ૨૦૦૩-૦૪ની વાત કરું તો કોલસાની કિંમત ૭૯૩ મે.ટન પડતી હતી તે હવે ૧૦૨૯ મે.ટન પડે છે. આ ઓફિશ્યલ આંકડા છે અને જે ભાડું પહેલાં ૧૦૩૨ રૂપિયા મે. ટન પડતું હતું તે હવે ૧૧૦૦ રૂપિયા મે.ટન પડે છે. તેમ કેન્દ્રની નીતિના કારણે અને કેન્દ્રની અણઆવડતને કારણે ૧૮૨૫ રૂપિયા જે લેન્ડ કોસ્ટ પડતી હતી તે હવે ૨૧૩૯ રૂપિયા પડે છે. ૧૫ ટકા ભાવ વધારો કર્યો છે તમે લોકોએ. અમે એક પૈસાનો ભાવ વધારો નથી કર્યો. ખેડૂતોની ચિંતા આ સરકારે કરી છે. કેન્દ્રની નીતિની વાત કરે છે. રાજીવ ગાંધીના વિષય ઉપર આખા દેશની વાત કરે છે. કેટલો અન્યાય સાહેબ. રાજીવ ગાંધી પૉલિસી શું કહે છે કે તમારું થઈ ગયું છે તેમાં અમે એક પૈસા નહીં આપીએ પણ નથી થયું તેની વાત કરો. અમે કહીએ છીએ કે અમને મોર્ડનાઈઝેશન કરવા દો, અમને અમારા પાયા મજબૂત કરવા દો, કેપીસીટી વધારવા દો તો કહે ના. માત્ર આ વર્ષે ૯ કરોડ ૩૫ લાખ રૂપિયા રાજીવ ગાંધીની યોજના અંતર્ગત ગુજરાતને મળ્યા છે. ગરીબોની હકીકતમાં કેન્દ્રવાળા ચિંતા કરતા હોય તો આપણને લાભ આપે તો આપણે ઘરે ઘરે કરી શકીએ. તેની જગ્યાએ રાજય સરકારે શું કર્યુ તે કહે છે. હું બધા સભ્યશ્રીઓને કહેવા માગું છું કે ઝૂંપડપટ્ટી યોજનાની અંદર ગરીબો માટે દસ-દસ ગામ આપો. ચોક્કસપણે કહીશ કે જેઓની પાસે વીજળી નથી તેમને બે-અઢી મહિનામાં વીજળી આપીશ. માત્ર ૫૦ રૂપિયામાં ૫૦ રૂપિયા બી.પી.એલ. યાદીના લઈશ. તમે યાદી આપો. જવાબદારી મારી. દસ-દસ ગામડા આપો. કરોડો રૂપિયાનો ખર્ચ કરવા રાજય સરકાર તૈયાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે, ખેડૂતો માટેની ચિંતા કરે, મારે માનનીય સભ્યશ્રીઓને પૂછવું છે કે, તમે અહીંયાં બેઠાં બેઠાં ૧૩૫ની કલમ અંગેની વાત કરો છો તો આ ૧૩૫ની કલમ લાવ્યું કોણ? ૧૩૫ની કલમ એ તો કેન્દ્રના એક્ટ દ્વારા આવી છે અને કેન્દ્રના એકટનું અમે પાલન કરીએ છીએ, એટલે મહેરબાની કરીને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે વિનંતી કરવાની કે ભાઈ, ૧૩૫ની કલમ તમે બધા સંસદસભ્યશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ કેન્દ્રમાં જઈને કોંગ્રેસના ભાઈ બહેનોને કહો કે, આ ૧૩૫ની કલમ રદ કરો. માનનીય અધ્યક્ષશ્રી, એટલી એ ચિંતા કરે છે, આ લોકાએ Accelerated Power Development and Reforms Programme ની એક યોજના બનાવી, આ યોજના આ વર્ષે પૂર્ણ થાય છે એ પૂર્ણ કેમ કરે છે કારણ કે જે સારો વહીવટ કરે એને રૂપિયા મળે, ચોખ્ખી વાત છે અને સારો વહીવટ આપણે કર્યો એટલે આપણને ૨૨૬ કરોડ રૂપિયા પહેલાં મળ્યા અને પછી ૧૪૮ કરોડ રૂપિયા મળ્યા, આ વર્ષે ૩૬૬ કરોડ રૂપિયા મળવાના છે, આ incentives કેન્દ્રની છે, સારું કામ કરો તો incentives મળે પણ એ લોકોએ એવી અપેક્ષા નહોતી રાખી કે ભાઈ, આ ૩૬૬ કરોડ રૂપિયા કોઈક લઈ જશે એટલે અણઆવડત પણ કેવી કે એ લોકોએ એમના બજૅટમાં પ્રોવીજન જ ન કર્યુ પણ કાગળ લખ્યો કે. ભાઈ, The Claim has been accepted by the Ministry for Rs. ૩૬૬ Crores અને લખે છે કે, and the release has been deferred to next year for lack of allocation to A.P.R.C. Scheme for the next financial year. આ કઈ જાતની આવડત કહેવાય? યોજનાની અંદર મૂકે અને આપણને ૩૬૬ કરોડ રૂપિયા મળે અને કહે છે કે, આવતી સાલ આપીશું, અને અત્યારે હમણાં જ ચાર દિવસ પહેલાં જ સચિવ જોડે મીટિંગ હતી દિલ્હીમાં અને સચિવશ્રીએ કહ્યું કે આવતી સાલના ૫૯૬ રૂપિયા લેવાના છે તો તમે આયોજનમાં લઈ લીધું છે, તો સચિવશ્રી માનવા તૈયાર નથી ત્યારે એમણે ફોન

ઉપાડીને જોઈન્ટ સેક્રેટરીને ફોન કર્યો કે આ ગુજરાતને ૫૯૬ કરોડની આવતી સાલની પ્રપોજલ મળી છે ? તો કહે કે હા મળી છે, તો કહે કે કેવી લાગે છે? તો કહે કે આપવા પડશે તો કહે કે આયોજન કર્યુ છે? તો કહે કે હું જોઈ લઉં, માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને પૈસા મળે એટલે તમે આ યોજના બંધ કરી દો, આવો અન્યાય?

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં જયોતિગ્રામ વિષે ઘણી બધી વાતો થઈ, ત્યારે મારે ખાલી એટલું જ કહેવું છે કે, જયોતિગ્રામના કારણે આપણે બીજા રાજયો કરતાં પાંચ થી દશ વર્ષ આગળ નીકળી ગયા છીએ અને રાજસ્થાન અને મહારાષ્ટ્ર, મહારાષ્ટ્રના મંત્રીશ્રી છેને એમણે અમને બોલાવ્યા અને આખો દિવસ full fledged session રાખ્યું અને કેવી રીતે જયોતિગ્રામ યોજના બનાવી એની અમે માહિતી આપી અને રાજસ્થાનની એક ડઝન જેટલી વ્યકિતઓ અહીંયા દશ દિવસ રોકાઈ, માનનીય અધ્યક્ષશ્રી, કિરીટ પારીખ, મેમ્બર, પ્લાનિંગ કમિશન, અહીંથી રાજકોટ જતા હતા તો ગામોની યાદી લીધી અને પંદર ગામોની અંદર એમને એમ એ ત્રણ દિવસ ફર્યા અને મને કહ્યું કે, આ તો અદ્દભુત યોજના છે. unbelieveable planning છે. બીજા રાજયોએ આ યોજના ચાલુ કરવી હશેને તો પાંચ વર્ષે પણ એ પૂરી નહીં થાય, દશ વર્ષે પણ પૂરી નહીં થાય, એનું કારણ કહું તો આ યોજના કરવા માટે ૭૫૯૭૬ કિલોમીટરની line નાખી છે અને ૧૮૦૦૦ ટ્રાન્સફૉર્મર બદલ્યા છે, અને ૨૪ લાખ થાંભલા નાખ્યા છે, અને એ ઉત્પાદન કરવું હોય તો પહેલાં એની ફૅકટરીઓ નાખવી પડશે.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો માટેની એક વાત કરવી છે કે આવતા દિવસોમાં એક નવા પ્રકારની યોજના મૂકવા માગું છું. મિત્રો, ધ્યાનથી સાંભળો, આપણે ઉર્જાની બચત કરવા માટે આજની તારીખમાં ઘણી ચિંતાઓ કરીએ છીએ, ત્યારે આપણે એક યોજના લાવવા માગીએ છીએ કે આજની તારીખમાં જોવા જઈએ તો ખેતરે ખેતરે એસેમ્બલ મોટરો છે, હવે એ એસેમ્બલ મોટરો કેમ લાવે છે? તો ખેડૂતોને પોસાતું નથી, એસેમ્બલ મોટર પંદર થી વીસ ટકા વીજળી વધારે ખાય છે અને પાણી ઓછું ખેંચે છે, તો આપણે નક્કી કરીએ છીએ કે આવતા દિવસોમાં પંદર થી વીસ કંપનીઓ સિલૅક્ટ કરીશું. આવતા દિવસોમાં ૧૫ થી ૨૦ કંપનીઓને સિલૅક્ટ કરીશું અને એ ૧૫ થી ૨૦ કંપનીઓની મોટર લેશે તો ૩૩ ટકાના ભાવે એ ખેડૂતને મોટર આપીશું. આવી યોજના હિંદુસ્તાનમાં કયારેય કોઈ રાજયે મૂકી નથી. એનો લાભ ચોક્કસપણે ખેડૂતોને મળશે. માનનીય અધ્યક્ષશ્રી, તેઓ ખેડૂતોની ચિંતા કરે છે, ખેડૂતોને માટે અમે કેટલું અસરકારક કર્યું છે. સબસીડીની વાત કરી ફક્ત મારે ધ્યાન દોરવું છે કે, ૧૯૯૦-૧૯૯૧માં માત્ર ૫૪૪ કરોડની સબસીડી મળતી હતી આ સરકારમાં ૧૮૦૦ થી ૨૦૦૦ કરોડની સબસીડી છેલ્લા ત્રણ વર્ષથી મળતી આવી છે અને જ્યાં જરૂર પડશે ત્યાં આવતા દિવસોમાં ખેડૂતોને સબસીડી અને વીજળી આપીશું. ખડૂતોની ચિંતા અમે કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના આપઘાતની વાત કરીને કહ્યું કે ખેડૂતોને આપઘાત કરવો પડે છે. આ રાજયની નીતિ એ જાતની છે કે ફક્ત વીજળી જ નહીં પણ ખેડૂતોને વીજળી અને પાણી જોઈએ. ખેડૂતો ક્યારે સધ્ધર થાય, એને બંને વસ્તુ મળે. એટલે આ સરકારમાં કોઈએ આપઘાત કર્યો નથી કેમ કે વીજળી પણ આપી છે અને પાણી પણ આપ્યું છે. હું થોડા આંકડા આપું Eleven farmers committed suicides in two districts. આ એક મહારાષ્ટ્રના વિદર્ભ જિલ્લાના છે., ગુજરાતમાં આવું નથી થતું. ૨૦૦૬માં ૧૪૫૨ આપઘાત ત્યાં થયા છે અને ફક્ત આ વર્ષના જાન્યુઆરી ૩૦ સુધીમાં ૬૨ આપઘાત થયા હતા. એટલે ગુજરાત એક જ એવું રાજય છે જ્યાં પાણી અને વીજળી આપવાના કારણે અહીંયા કોઈને આપઘાત કરવો નથી પડતો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મોટા ઉદ્યોગોની વાત કરી કે, મોટા ઉદ્યોગોને માફી આપી છે. મારે માનનીય સભ્યશ્રીને જણાવવાનું છે કે આ સરકારે ઈલેકિટ્રસિટી ડ્યૂટી ખેડૂતો માટે સંપૂર્ણપણે માફી કરી છે. કયારેય કોઈએ કરી ન હતી. બીજું ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી પહેલું જો કોઈ બિલ લાવ્યા હોય વિધાનસભામાં તો એમાં કહ્યું છે કે માત્ર પાંચ વર્ષથી વધારે કોઈ પણ નવો ઉદ્યોગ લઈને આવે તો ઈલેકિટ્રસિટી ડ્યૂટીમાં માફી નહીં આપવામાં આવે. એ પાંચ વર્ષનો કાયદો અમે લાવ્યા છીએ. કૉન્ગ્રેસની સરકારમાં ૧૫-૧૫ વર્ષની માફી આપી હતી, મારી પાસે એની લાંબી યાદી છે તમે કહો તો એમાં નામો પણ છે એમાં ૫૨ મોટા ઉદ્યોગો છે જેમાં ટોપ ટેન ઉદ્યોગોનો પણ સમાવેશ થાય છે કે જેને ૧૫ વર્ષની માફી કૉન્ગ્રેસની સરકારમાં આપી હતી. હવે કોણે ઉદ્યોગોનો ફાયદો લીધો છે? કોણ ઉદ્યોગો જોડે વાતો કરે છે? ઉદ્યોગો સાથેના કરારમાં અમે ૫૦૦ કરોડ રૂપિયા ઘ ટાડ્યા. ખેડૂતો માટે ઘટાડ્યા છે. દેશમાં એક પણ રાજયનો એવો દાખલો તો બતાવો કે જેમાં કોઈએ ખેડૂતો માટે કરાર થયેલ ઘટાડ્યા હોય.

માનનીય અધ્યક્ષશ્રી, સારી કામગીરી અને વહીવટ વિશેની વાતો કરી અને કહ્યું કે વહીવટ બરાબર ચાલતો નથી. જ્યારે આ બોડી હાથમાં લીધી ત્યારે ૨૭૦૦ કરોડ રૂપિયાનું નુકસાન હતું, આજે અમે પ્રોફિટ કરી રહ્યાં છીએ અને આ વર્ષે પણ અમે પ્રોફિટ કરવાના છીએ આ વર્ષે કેટલો પ્રોફિટ થશે એ નક્કી નથી પણ ૨૦૦ થી ૨૫૦ કરોડ રૂપિયાની અપેક્ષા રાખીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આટલા બધા કાચામાલના ભાવ વધારા પછી પણ જે ૪ રૂપિયા ૧૫ પૈસા પર યુનિટ ભાવ હતો ટી.એન.ડી. લોસીસ ગણ્યા પછી એના ઘટાડીને ૩ રૂપિયા ૪૨ પૈસા કર્યો છે. આવક જે ૮૦૦૦ કરોડ હતી એ આ વર્ષે ૧૨૯૦૦ થી ૧૩૦૦૦ કરોડ સુધી પહોંચી જાય તો નવાઈ નહીં. આ છેલ્લા ચાર વર્ષમાં

આટલો વિકાસ થયો છે. જે તમે ચોરીની વાત કરો છો એ આંકડો ૩૫.૯ ટકા હતો એ ગઈ સાલ ૨૬.૧૯ ઉપર આવ્યા અને આ વર્ષે ૨૨ ટકા જેટલો પહોંચશે. આપણે ત્યાં ગામડાંમાં લાંબી લાંબી લાઈનો હોય છે એને કારણે ડિસ્ટ્રીબ્યુશન લોસ થાય છે. શહેરોમાં તો અમારે પણ ૭ ટકા જ લોસ છે. તમે પ્રાઈવેટ અમદાવાદની વાત કરી તો એના કરતા વડોદરામાં અમારું જી.ઈ.બી.નું તંત્ર છે એ ખૂબ સારું ચાલે છે. પરંતુ જ્યારે લાંબી લાઈનો હોય ત્યારે ટૅક્નીકલ લોસ પણ વધે છે અને ડિસ્ટ્રીબ્યુશન લોસ પણ વધે છે. એવી જ રીતે આપણે વાત કરીએ તો થોડાં થોડાં દાખલા આપવા માંગુ છું. Faulty Meter Replacement ૨૦૦૧-૦૨માં સાડા ચાર લાખ રૂપિયા વર્ષે હતું અત્યારે ૧૦ લાખ થયું છે. M.M.B. જે ૪.૫૮ હતું તે ૯.૦૩ થયું છે. Feeder Bifurcation સારામાં સારી ગુણવત્તાવાળી વીજળી જોઈતી હોય તો Feeder Bifurcation કરવું પડે છે તે બધા જાણે છે. પહેલાં વાર્ષિક ૧૫૧ થતું અત્યારે આ વર્ષે જાન્યુઆરી સુધીમાં ૪૦૧ થાય છે. પહેલાં ૭૫૦ કિલોમીટર વાર્ષિક લાઈન નંખાતી હતી અત્યારે ખાલી જાન્યુઆરી સુધીમાં અને હવે તો સીઝન આવી ચોમાસામાં બંધ હોય. જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ તો સૌથી વધારે કામ થાય. ૨૪૦૦ કિલોમીટરની લાઈન નંખાઈ છે. એવી જ રીતે H.T. Connection ગણો Installation Checking ગણો કે કોઈ પણ વિષય પકડો. સબ સ્ટેશનની વાત કરીએ એક જમાનામાં સબ સ્ટેશનો વર્ષે ૧૫-૨૦ થતાં અત્યારે ૫૦-૫૦ સબ સ્ટેશનો થાય છે અને ૪૭-૪૭ સબ સ્ટેશનો ગ્રામ્ય વિસ્તારમાં કર્યા છે કે ગ્રામિણને આપણે મજબૂત કરીશું તો આપણે ખેડૂતોને વધારે વીજળી આપી શકીશું. ખેડૂતો અને ફીડરો નવા કરી શકીશું. ગુણવત્તાવાળી આપી શકીશું. ટ્રીપીંગ ઓછું થાય તે કરી શકીશું અને તેને માટે કરી. પેટા પરા જુઓ, જયોતિ ગ્રામના ગામડાં જુઓ, ઝુંપડપટ્ટીઓ જુઓ તમે કોઈ પણ વિષયની વાત કરો તો ખૂબ મોટા પાયે ઘ ણી જગ્યાએ તો ૫-૫, ૧૦-૧૦ ટકા કામ વધ્યું છે અને વાયરો બદલવાની વાત કરી છે ઘણી વખત કે મારા વિસ્તારમાં, પહેલાં ૨૦૦૦-૨૦૦૧માં ૩૨૯ કિલોમીટર લાઈન બદલાય હતી ૨૦૦૫-૦૬ની અંદર ૩૦૪૭ બદલાઈ. આ વિચાર કરો. કચ્છ હોય, પોરબંદર હોય, જામનગર હોય આ બધાની અંદર લાઈન બદલવાનું હોય કે પછી પાનેન્ધ્રોની સભ્યશ્રીએ જે વાત કરી હતી capacity નું રીપ્લેશમેન્ટ કર્યા પછી પાનન્ધ્રો સબ સ્ટેશન ૪૦ capacity થી ચાલતું હતું તે સંપૂર્ણપણે આપણે રિનોવેશન કર્યા પછી અત્યારે ૯૦-૯૫ કેપેસીટી પર ચાલે છે. એટલે આપ જોઈ શકો છો કે કેટલો લાભ મળ્યો છે. મોર્ડનાઈઝેશનને આપણે ખૂબ અગત્યતા આપી છે. ટ્રેનીંગને આપણે ખૂબ અગત્યતા આપી છે. હું આપને કહું કોમ્પ્યુટરાઈઝેશનને અગત્યતા આપી છે. આજની તારીખમાં દરેક ૬૬ કે.વી.સબ સ્ટેશન ઉપર કોમ્પ્યુટર મીટર મૂકયા છે. ઓન લાઈન કન્ટીન્યુઝ રેકર્ડ થાય છે. જે ફીડટ ઉપર ખેડૂતોને વીજળી કેટલી ગઈ તે થાય છે. ઉદ્યોગોમાં કેટલી ગઈ તે થાય છે અને ડાયરેક રેકોર્ડીંગ એચ.ઓ.માં થશે અને મોટો ડેટા બેઝ બનાવે છે બરોડાની અંદર ડેટા સેન્ટ્રલ બનાવ્યું છે કે કોઈ પણ કરેલી કામગીરી આવતા દિવસોની અંદર એક થાંભલો લઈ જવો હશેને તો તેનું પણ રેકોર્ડીંગ કરવું પડશે અને અત્યારે તેને માટે બહુ મોટા પ્રમાણમાં ટ્રેનીંગ અપાય છે. તેની અંદર Professional T.C.M. આપણે રાખ્યાં છે અને T.C.M. અત્યારે આવતા દિવસોની અંદર એવી ફરજિયાત કરવી છે કે આના કારણે લોડ મેનેજમેન્ટ સારૂં થશે. અત્યારે આપણે ચાલે છે કે ડિસ્ટ્રીબ્યુશન કંપનીને કેટલી વીજળી જોઈશે તે રોજની નકકી કરીને આપે. Actual Generation કેટલી આપી શકે તે નકકી કરીએ અને તે બેનો રોજ તાળો મેળવે. જે ભૂલ કરે તેના ઉપર આપણે પેનલ્ટી લગાવી છે કેમ ? ડિસીપ્લીન લાવવા અને આન કારણે હિન્દુસ્તાનની અંદર પહેલું રાજય છે કે જેણે એ.બી.બી. પ્રથા ઈન્ટરનલ ચાલુ કરી છે. આપ વિચાર કરો કે ઉત્તર ગુજરાતની કંપની કહે કે મારે આટલા મિલિયન યુનિટ જોઈએ છીએ તો આ મિલિયન યુનિટમાં તે ઓછું કરે, વધારે કરે તેના પર્સન્ટેજથી વધારે પેનલ્ટી લાગશે એટલે આ પ્રમાણે વ્યવસ્થા ગોઠવીએ છીએ આ કોઈ રાજયએ ગોઠવ્યું નથી. આપ ટ્રેનીંગની વાત કરો તો Gotri ની અંદર એક નવું મોટું આખું સેન્ટર બનાવ્યું અને પહેલાં ૨૦૦૩માં માત્ર ૧૩૦૦ એમ્પ્લોઈઝને ટ્રેનીંગ અપાઈ હતી અને આ ૧૩૦૦ એમ્પ્લોઈઝને આ વર્ષે સરખામણી કરીએ તો ફેબ્રુઆરી સુધીમાં ૧૬૩૪૫ કર્મચારીઓને ટ્રેનીંગ અપાઈ છે અને બહુ સરસ રૂમ સાથે, રહેવા સાથે આપણે વ્યવસ્થા ગોઠવી છે. અને ચિંતન શિબિરનું પણ આયોજન કર્યુ છે અને ચિંતન શિબિર ત્રણ દિવસ તે લોકોએ એટલો અભ્યાસ કર્યો અને સભ્યશ્રીઓએ બધા ગુણવત્તાવાળા વિષયો લીધા કે કયાં કયાં આપણે સુધારો કરવો જોઈએ તેમાંથી કેવું નીકળ્યું કે આપણી પાસે મેઈન્ટેનન્સ કરવાની ટીમો નથી તો outsourcing કરવા માટે ૩૦૦ ઉપર જેટલાં સબ સ્ટેશન છે તે દરેકને કહયું કે તમે ૧-૧ outsourcing ની ટીમ રાખો અને તે માત્રને માત્ર મેઈન્ટેનન્સનું કામ કરશે અને તેમાંથી ૩૫૦ જેટલાં સબ સ્ટેશનોએ Private Outsourcing ની ટીમ રાખી લીધી એટલે જયાં કાંઈ તકલીફ હોય મેઈન્ટેનન્સની અને આપનાં વિસ્તારમાં એમ લાગે કે આ ફીડરને પહેલાં મેઈન્ટેનન્સ કરાવવું છે કે અહીંયા તકલીફ છે તમે લખીને આપી દેજો તમારા એકઝીકયુટીવ એન્જીનીયરને તે પહેલાં કામ લઈશું આવી ગોઠવણ કરી છે. એવી ગોઠવણ કરી છે.

લોક અદાલતની વાત કરું તો ૨૦૦૨-૦૩ માં ૧૨ હજાર કેસો થયા હતા. અત્યારે ફકત ફેબ્રુઆરી સુધીના લઈએ તો પણ બાવન હજાર કેસો કર્યા છે. વિચાર કરો કે લોક અદાલતોમાં પણ કેટલું મોટું કામ કરી રહ્યા છીએ. એવી જ રીતે સભ્યશ્રીએ એક બે વાત કરી, જેમાં એગ્રીકલ્ચર લોડની વાત કરી. રીજેકટ કોની કરીએ છીએ, કે જેણે નિયમો પ્રમાણે કામ કર્યુ નથી. આપણી પાસે ૧,૦૧,૮૪૦ અરજીઓ આવી, જે પૈકી ૮૬,૮૮૦ અરજીઓ

મંજૂર કરી દીધી. ૧૪૯૬૦ અરજીઓ જ માત્ર રીજેકટ કરી છે, કે જેણે નિયમ પ્રમાણે કામ કર્યુ નથી. એક લાખ પૈકી ૮૫ ટકા આપી દીધી છે અને ૧૪ ટકા જ બાકી રાખી છે.

ટ્રાન્સમિશનની સાઈડે જૂઓ, વહીવટની સાઈડે જૂઓ, જનરેશનની સાઈડે કે ખેડૂતોને મદદ કરવાની વાત કરીએ, સબસિડીની વાત કરીએ, ગુજરાત પ્રથમ સ્થાન મેળવવાનું છે. આપણે સાતમાં ક્રમે હતા એક ટાઈમે. ત્યાંથી ગઈ સાલ બીજા ક્રમે આવી ગયા છીએ અને આ વર્ષના આંકડા જયારે નીકળશે. મને કરેલી કામગીરી ઉપર વિશ્વાસ છે અને એના કારણે ચોકકસ આ વર્ષે આપણે પ્રથમ સ્થાન હાંસલ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાબધા સભ્યશ્રીઓએ વાત કરી. ૨૦૮ મેગાવોટની વીજળીની વિનંતી કરું. મેં અનેક વખત આ હાઉસમાં કીધું છે. અનએલોકેટેડ પાવર કયારેય કોઈ કેન્દ્રે કોઈ રાજયમાંથી છીનવી લીધો નથી. વર્ષોથી આ ૧૯ ટકા હિસ્સો મળતો હતો. મારે વિનંતી કરવી છે મારા સાથી પક્ષના મિત્રોને કે એ લઈ આવે. ૬૫૦ કરોડ રૂપિયાનો લાભ છે. ૧.૬૭ના ભાવે એ વીજળી મળે છે, એ પાછી લાવે, આપણને ખૂબ મોટો લાભ છે. મેં અનેક વખત વિનંતી કરી છે, છતાં એ થયું નથી. હું ચોકકસપણે કહું કે વીજળી જે આવશે એ સંપુર્ણપણે ખેડૂતોને આપવા માગીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વીન્ડ એનર્જીની વાત કરી. હું સભ્યશ્રીઓનું ધ્યાન દોરું કે રાજયની ખરીદ બીજા સ્ટેટ કરતા ઘણી ઓછી છે. આપણે જે ભાવ આપીએ છીએ એ અને મહારાષ્ટ્ર જે ભાવ આપે છે, એમાં ઘણોબધો ફરક છે. આપણે ફીકસ પ્રાઈસમાં આપવા માગીએ છીએ. મહારાષ્ટ્ર વધારે ભાવ આપીને દર વર્ષે ૧૫ ટકા વધારી આપે છે. એને કારણે એ વીજળી એમને મોંઘી પડે છે. છતાં એ લોકો લે છે. મારી પાસે એકઝેકટ આંકડા નથી, હમણા દેખાય એટલે કહું છું, પણ સભ્યશ્રીએ કહ્યું એમાં કહીશ કે સારામાં સારી ખરીદ, આખા દેશમાં સૌથી ઓછા ભાવે આપણે કરીએ છીએ.

એશ હેન્ડલીંગની વાત કરી. પહેલા પૈસા આપતા હતા કે આ એશ લઈ જાઓ. કેટલી તકલીફ પડતી હતી એ મથક ચલાવનારાઓને ખબર. એશ નહીં લઈ જાય તો આ મથક બંધ થઈ જશે. આજે ૨૫૦ રૂપિયા પર મેટ્રીક ટન એડમિનિસ્ટ્રેટિવ ચાર્જ તરીકે આપણે લઈએ છીએ અને ગુજરાત અંબુજાવાળા આવ્યા કે આટલું મોંઘુ? મેં કહ્યું તમે સીમેન્ટના ભાવ વધારો છો, કેન્દ્રની મદદથી તો કોઈ તમને પૂછવા આવે છે? (અંતરાય) (સતત અંતરાય) બાબુભાઈએ જે વાત કરી એ ચોકકસપણે હું જોઈ લઈશ. મારા ધ્યાનમાં એ વિગત નથી, પણ હું ચોકકસપણે જોઈ લઈશ, સારું સૂચન કર્યુ હોય એ. (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બધા જ જવાબ આપે છે, કોઈ જવાબ બાકી નથી, પ્લીઝ. (અંતરાય) સવારથી હું સાંભળું છું. (અંતરાય)

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગની વાતો જે થઈ. ગેસની, વીન્ડ એનર્જીની વાત હતી એમાં ૩.૩૭ના ફીકસ ભાવે આપણે લઈએ છીએ. આ કેન્દ્ર નીતિ લાવ્યા. કેન્દ્ર નીતિ શું લાવ્યા? કે રાજયને ૨ ટકા ફરજીયાત લેવી પડે. ફરજીયાત લેવી પડે. ગુજરાતના ભાવે ૩.૩૭, મહારાષ્ટ્રના ૩.૫૦ અને ૧૫ પૈસા દરવર્ષે વધે ૧૩ વર્ષ સુધી. આ ટાલ પડી જાય એવી પરિસ્થિતિ છે.તમે વિચાર તો કરો કે ૩.૫૦ રૂપિયાએ ખરીદે છે અને ૧૫ પૈસા ૧૩ વર્ષ સુધી આપવાના? અને આપણા ૩.૩૭ અને એવી જ રીતે આપણે જોઈએ તો એકે એક વિષયમાં આપણે ખૂબ મોટા પ્રમાણમાં સુધારા કર્યા છે. યુનિટોનો વધારો થયો છે, એમાં પણ પી.એલ.આર. ઘણો વધ્યો છે અને એ ના વધ્યો હોત તો આ વીજળી કયાંથી લાવ્યા હોત? આ પી.એલ.એફ. વધારીને લાવ્યા છીએ. એટલે જે માનનીય મુખ્યમંત્રીશ્રીનું વિઝન છે, સ્વપ્ન છે કે Not only the Petro Capital of the Nation but the Energy Hub of the Country. અને ગુજરાતના દરિયાકાંઠાથી સૌથી વધારે ઓઈલ આવે, સૌથી વધારે રિફાઈનરિંગ કેપેસિટી ઉભી થાય, સૌથી વધારે કોલસો આવે, સૌથી વધારે ગેસ આવે અને અહીયાં વીજળી મથકો ઉભાં થાય અને એ વીજ મથકો પછી અહીંથી આખા દેશને વીજળી આપે એવું આયોજન કર્યુ છે અને આવતા ૪ વર્ષમાં એ આપણે ચોકકસપણે કહી શકાય કે આપણે એ કરી શકીશું.

**અધ્યક્ષશ્રી** : અને આવા મંત્રીશ્રી પણ આવે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું વિરોધપક્ષના સૌ સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે તેઓશ્રીએ જે કાપ દરખાસ્તો રજૂ કરી છે એ પાછી ખેંચી લે અને મારી માગણીઓ મંજૂર કરે. (અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમને બે મિનિટ બોલવા દો (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હા, બોલો ત્યારે, માનનીય બલવંતસિંહ, બહુ બોલવાનો શોખ ના રાખશો. પ્લીઝ,(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં, નહીં, તેમણે પૂછવું જોઈએ કે નહીં કે પાછી ખેંચવાના છો કે નહીં? બેઠાં બેઠાં બોલી જાય, માઈકમાં બોલી જાય એ સાચું ને? (અંતરાય) આ વાજબી નથી, પાર્ટીનો મેસેજ છે એ...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે હું માગણી ક્રમાંક ૧૨, ૧૩ અને ૧૪ ઉપર....(અંતરાય)

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, અમને બોલવા તો દો કે શા માટે અમારે પાછી નથી ખેંચવી એ...(અંતરાય) ના, ના, સાહેબ એવું ના હોય, મારે બોલવું નથી, બે મિનિટ કહેવું જ છે. (અંતરાય) નથી ખેંચવી એવું બાલવા તો દો કે એમાં પણ નહીં બોલવા દો? આપણા નિયમમાં છે, સિસ્ટમમાં છે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપે જયારે એ મત ઉપર મૂકી છે ત્યારે એ પાછી ખેંચવી છે કે નહીં એટલું જ કહેવાનું છે. કાપ દરખાસ્ત ઉપર પ્રવચન ના હોય, આ તો આખું પ્રવચન થઈ ગયું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બલવંતસિંહ, તમે આટલું બધું બોલ્યા છો છતાં સંતોષ નથી?

**શ્રી અશોક ભટ્ટ** : કાપ દરખાસ્ત મત ઉપર મૂકી છે એટલે એ પાછી ખેંચવી કે નહીં એ આપનો અધિકાર છે અને એટલે એ મત ઉપર મૂકે એટલે તમારે હા કે ના જ કહેવાનું.(અંતરાય) એ તો પહેલાં કહી દીધું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : બેઠાં બેઠાં પૂછી લીધું (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : કાપ દરખાસ્ત પાછી નહીં ખેંચવાનાં કારણ ના હોઈ શકે. શામાટે નથી ખેંચવી એના કારણો ઉપર કયારેય પ્રવચન થયું નથી. એટલે હવે નવો શિરસ્તો પાડવાની કોઈ જરૂર નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : નિયમમાં હોય એ કરો, એના ઉપર પ્રશ્નો પૂછવાનો નિયમ છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપે જ આ સિસ્ટમ ચાલું કરી છે, બાકી અમે મંત્રીશ્રીને પ્રશ્નો પૂછી પણ શકીએ,તો પણ અમે બોલતા નથી, ચલાવી લઈએ છીએ.નિયમ નવા નવા ઉભા થાય છે એ વાજબી નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : સ્પષ્ટતા જોઈતી હોય તો પૃચ્છા કરે છે.

**શ્રી અશોક ભટ્ટ** : સ્પષ્ટતા એટલી જ છે કે કાપ દરખાસ્ત પાછી ખેંચવી કે નહીં અને શા માટે નથી ખેંચતા એના ઉપર પ્રવચનની પ્રથા નથી.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે તો પ્રવચન નથી કરતા, ખરેખર તો પ્રશ્નો પણ પૂછી શકાય અને એ પણ આપ આપી શકતા નથી. નહીં તો આંગળી ઉંચી કરીને પૂછી શકાય છે.

**શ્રી અશોક ભટ્ટ** : મારી વિનંતી છે કે આપે કાપ દરખાસ્ત મત માટે રેકર્ડ ઉપર મૂકી છે અને મતદાન ઉપર આપની દરખાસ્ત હેય ત્યારે પ્રવચન ના હોય એટલે એવી કોઈ નવી પ્રણાલિકા પાડવાનો સંભવ નથી. એટલે આપને મારી વિનંતી છે કે આપ આપની દરખાસ્ત ઉપર મતદાન કરાવડાવો.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમારો હકક છે (અંતરાય) નિયમમાં છે.

**અધ્યક્ષશ્રી** : એવો કોઈ નિયમ નથી. પ્લીઝ, ટાઈમ થઈ ગયો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મુળભૂત પ્રણાલિકાઓ છે તેને તો આપણે જાળવી રાખીએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : અમે જે પ્રવચનમાં કહ્યું છે તેનો મંત્રીશ્રી જવાબ ન આપે અને પછી મેસેજ એવો જાય કે અમે વિરોધ કરીએ છીએ. આમાં માનનીય અધ્યક્ષશ્રી, અમે પાછી શા માટે નથી ખેંચતા તે તો કહેવું પડે ને.

**અધ્યક્ષશ્રી** : હવે હું સૌ પ્રથમ માગણીઓ ઉપરની કાપ દરખાસ્તો એક સાથે મત ઉપર મુકીશ.

**કાપદરખાસ્ત ક્રમાંક ૪, ૬, ૯,૧૨,૧૩,૧૬ અને ૧૭ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૧૨, ૧૩ અને ૧૪ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨-૫૭ વાગ્યે પુરું થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર તા.૧૩ મી માર્ચ, ૨૦૦૭**
**ફાલ્ગુન ૨૨, ૧૯૨૮ શાકે**
**બીજી બેઠક**
**બપોરના ૨-૩૦**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# ટૂંકી મુદતનો પ્રશ્ન

**મહુવા અને તળાજા તાલુકામાં ડેન્ગ્યુ તાવથી થયેલ મૃત્યુ**

**ટૂં.મું ૨૨૨ શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં તા. ૫-૩-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા આઠ દિવસમાં ડેન્ગ્યુ તાવથી કેટલા મૃત્યું થયા,
(૨) ડેન્ગ્યુ તાવની અસર બીજા કેટલા દરદીઓને જણાઈ છે, અને
(૩) આ રોગને અટકાવવા સરકારે તાકીદના શા પગલાં લીધા?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં તા. ૫-૩-૦૭ની સ્થિતિએ છેલ્લા આઠ દિવસમાં ડેન્ગ્યુ તાવથી કોઈ મૃત્યુ થયેલ નથી.
(૨) ડેન્ગ્યુ તાવની અસર ૪ (ચાર) દર્દીને જણાયેલ છે.
(૩) રોગચાળાને ડામવા માટે અસરગ્રસ્ત વિસ્તારોમાં સરકારે નીચે મુજબનાં તાકીદના પગલાં લીધેલ છે.

- મૅડિકલ અને પેરામૅડિકલ ટીમો બનાવી રેપીડ ફીવર સર્વેલન્સ કરવામાં આવેલ છે.
- કોઈપણ તાવના કેસના નિદાન માટે સ્થળ પર લેબોરેટરી ઈન્વેસ્ટીગેશનની વ્યવસ્થા તથા સારવાર ઉપલબ્ધ કરાવેલ છે.
- ચેપી મચ્છરોના નાશ માટે ઘરોની અંદર ફોગીંગ કામગીરી કરવામાં આવેલ છે.
- ઘરની અંદર તથા આસપાસના વિસ્તારોમાં મચ્છર ઉત્પત્તિ અટકાવવા માટે ઈન્ટ્રાડોમેસ્ટીક અને પેરાડોમેસ્ટીક પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે.
- શંકાસ્પદ ડેન્ગ્યુના કેસો માટે સ્થળ પર જ સિરમ સેમ્પલ કલેકશનની વ્યવસ્થા કરી સર ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે પરીક્ષણ કરાવવામાં આવેલ છે.
- કોમ્પ્લીકેટેડ કે ઈમરજન્સી કેસની સઘન સારવાર માટે સ્થળ ઉપર રેફરલ સર્વિસ માટે વાહનની વ્યવસ્થા પણ કરેલ છે.
- જનસમુદાયમાં ડેન્ગ્યુ રોગ અટકાયતના સંદર્ભમાં વર્તન અને પરિવર્તન માટે સ્થાનિક આગેવાનોની મદદથી આરોગ્ય શિક્ષણ, સ્વચ્છતા ઝુંબેશ અને પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે.
- ઘરોની અંદર પાણીના કલોરીનેશન માટે કલોરીન ગોળીઓનું વિતરણ કરેલ છે.
- દૈનિક કામગીરીની વ્યવસ્થા અને દેખરેખ માટે સ્થાનિક મૅડિકલ ઓફિસર તથા બ્લોક હેલ્થ ઓફિસરને પ્રતિનિયુકિત કરવામાં આવેલ છે.
- ભાવનગર મૅડિકલ કોલેજ રેપીડ રિસ્પોન્સ ટીમને વિગતવાર અભ્યાસ માટે મોકલવામાં આવેલ છે.
- પ્રાદેશિક નિયામકશ્રી (ભારત સરકાર)ની કચેરી, બાપુનગર, અમદાવાદ અને એન.આઈ.એમ.આર., નડિયાદની ટીમને પણ વિગતવાર એન્ટોમોલોજીકલ અભ્યાસાર્થે મોકલવામાં આવેલ છે.
- રાજયકક્ષાએથી તબીબી અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ રોગ અટકાયત અને નિયંત્રણ પગલાંઓ લેવામાં આવેલ છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં ગયા અઠવાડિયામાં એટલે કે બે તારીખની પહેલાના અઠવાડિયામાં ડેન્ગ્યુના કારણે બે લોકો મૃત્યુ પામ્યા તેવા સમાચારો એટલે કે મૃત્યુ પામનાર પરિવારના લોકોએ કહ્યું અને એ વખતના અખબારોમાં પણ વાત આવી એટલે ત્યાંના બંને ધારાસભ્યશ્રીઓ કનુભાઈ તથા શીવાભાઈએ મારુ ધ્યાન દોર્યુ કે ટૂંકી મુદતનો સવાલ થતો હોય તો કરીએ તેથી અમે આ સવાલ પૂછ્યો છે. માનનીય મંત્રીશ્રીએ આ દરમિયાન ત્રણ ત્રણ અલગ અલગ ટીમો ત્યાં આગળ સેમ્પલો લેવા માટે મોકલી છે. અને મને જાણવા મળ્યું છે કે ૨૧ જેટલા સેમ્પલો લીધેલા છે. માનનીય મંત્રીશ્રી

મૃત્યુ થયાં નથી એમ જણાવે છે તો બે લોકોના ખરેખર એના કારણોસર મૃત્યુ થયા હોય તો બીજું કંઈ કહેવાનું નથી, પરંતુ તેઓએ અમદાવાદમાં ડેન્ગ્યુની સારવાર લીધી છે તો ખરેખર હકીકત શું છે એ જણાવે અને એટલું નક્કી થયું કે આવા પૉઝિટીવ કેસો આવેલા છે. કુલ નવ પૉઝિટીવ કેસો જે ટીમો સરવે માટે મોકલી એમાં આ જણાયા છે. ખારડી, મહુવા, ગુંદાણા, પાદરગઢ ગામોના સેમ્પલોમાં આવ્યું છે. તો આ ગામના લોકો છે એમને માટે વિશેષ સરકારે ઘણા બધા પગલાં લીધા છે તેમ છતાં આ વિસ્તારના ગામડાંના લોકોને ચિંતા ડેન્ગ્યુની છે, તો આ ડેન્ગ્યુના રોગના આવા લક્ષણો હોય એની ખબર ત્યાંના લોકોને પડે એના માટે મંત્રીશ્રી શું વ્યવસ્થા કરવા માગે છે. ખરેખર નવ કેસ છે કે ચાર જ કેસ છે એ મંત્રીશ્રી એમના જવાબમાં જણાવે.

**શ્રી અશોક ભટ્ટ** : જે બે મૃત્યુ થયા છે એ બંને મૃત્યુ ડેન્ગ્યુના કારણે થયા નથી. એક મૃત્યુ કનૈયાલાલ જાનકીદાસ કુંબાવત, સાધુ કાર્ડીયો પલ્પનરી એરેસ્ટ, ડાયાબિટિશ, એ.સી.ડી.ટી., રેનલ ફેલીયોરના કારણે મૃત્યુ થયેલ છે. બીજા જીવુબેન પાચાભાઈ કામળિયા ગુંદાણાના છે એમનું પલ્મોનરી, એમ્બોસીઝમના કારણે મૃત્યુ થયું છે. જેવી માહિતી આવી એની સાથે પગલાં એ લેવાયા છે કે ગુંદરણા ગામની અંદર ટીમોને મોકલી ૮૫૫ ઘરોની તપાસ કરી ૧૯૬ ઘરોમાં પોરા મળ્યા અને પોરાના જુદા જુદા પાત્રોમાં હતા ૧૯૮ એનો હાઉસ ઈન્ડેક્ષ ૨૨.૯ આવ્યો, બી.આઈ. ઈન્ડેક્ષ ૨૩.૧૬ આવ્યો, સી.આઈ. ઈન્ડેક્ષ કન્ટેઈનર ઈન્ડેક્ષ ૧.૮ આવ્યો. ત્યાં આગળ પગલાં લેવાયા છે.એના કારણે એક તો રાજયકક્ષાની ટીમને મોકલી મેલેરિયા નિયંત્રણ ટીમ મોકલી, ગામના લોકોને સમજાવવામાં આવ્યા અને આ નાના ગામોની અંદર ભારત સરકારની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેલેરિયા રીસર્ચ એન્ડ નડિયાદની ટીમને પણ મોકલવામાં આવી. એ વાત સાચી છે કે આ આખીય ટીમોએ જઈને કન્ટેઈનર ઈન્ડેક્ષ અને એની તપાસ કરતાં નવ જેટલા કેસો ડેન્ગ્યુના મળ્યા છે. પરંતુ કોઈના મૃત્યુ થયા નથી. ગઈ સીઝનમાં ડેન્ગ્યુનું મોટુ આક્રમણ હતું એટલે એ સમયગાળાની અંદર પહેલા જેને ડેન્ગ્યુ થયો હતો અને પૂર્ણ સારવાર ન લીધી હોય એને ઊથલો મારવાની ઘટના બની છે. પરંતુ અમે ગંભીરતાથી આ લીધું છે અને આજુબાજુના બધા ગામોમાં ડેન્ગ્યુ ન ફેલાય એટલા માટે ઘરની અંદર પેદા થતો એડીસ મચ્છર છે જે ડેન્ગ્યુને ફેલાવે છે એને મારવા માટે જન જાગરણનું અભિયાન શરૂ કર્યુ છે. આ બંને ગામોમાં ગુંદરણાની અંદર ૮૫૫ ઘરોમાં તથા દુધાણા ગામની અંદર ૨૨૯ ઘરોમાં ફોગીગ કર્યુ છે.

**શ્રી કનુભાઈ કળસરીયા :** માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એ ખરેખર સંતોષકારક છે અને ઘ ણાબધા સુદ્રઢ પગલા લેવામાં આવ્યા છે એ બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથેસાથે આ ગુંદરણા ગામમાં અને જે ગામમાં આ બનાવ બન્યા છે એ ગામમાં આજે પણ ચોમાસામાં ખાબોચિયા ભરાયા હોય એમ આજે પણ ત્યાં ભરાયા છે અને મચ્છરની ઉત્પત્તિ હોય છે તો આ બાબતની અંદર તંત્રને સજાગ કરવા માટે કોઈ પગલા લેવામાં આવ્યા છે કે કેમ અને હાઉસ ટુ હાઉસ સરવે કરી અને ખરેખર જ્યાં જ્યાં આ મચ્છરની અને રોગની અસર છે એ દૂર કરવા માટે પગલા લેવા માગો છો કે કેમ એની વિગતો જણાવવા કૃપા કરશો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આરોગ્ય વિભાગે સંપૂર્ણ પગલા ભર્યા છે અને ભરતા રહીશું પરંતુ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે સમગ્ર રાજયને નિર્મળ ગુજરાત કરવાનું અભિયાન શરૂ કર્યુ છે એટલે માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું કે ખાડા અને એ જે છે, આખું ગામ નિર્મળ ગામ બનાવવાનું નકકી કર્યુ છે અને એના દ્વારા નિર્મળ ગુજરાતનું જે અભિયાન ચાલે છે, મને લાગે છે કે આ સમગ્ર અભિયાનને કારણે રોગો સામેની લડાઈમાં મોટો વિજય પ્રાપ્ત કરી શકીશું અને નિર્મળ ગુજરાતમાંથી નિરામય ગુજરાત આપણે બનાવી શકીશું.

# તારાંકિત પ્રશ્નો

## હિમતનગર સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની આવક

***૨૧૮૯૧ ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) સાબરકાંઠા જિલ્લાની સિવિલ હોસ્પિટલ હિંમતનગરમાં, તા:૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં કેટલી આવક માસવાર રોગી કલ્યાણના નામે આવી, અને

(૨) તેમાંથી કેટલા ગરીબ દર્દીઓને કઈ કઈ સવલતો આપવામાં આવી?

**આરોગ્ય મંત્રીશ્રી :**

| | | |
|---|---|---|
| (૧) | સપ્ટેમ્બર:૦૬ | રૂા. ૪૬,૦૯૫/- |
| | ઓકટોબર:૦૬ | રૂા. ૬૫,૬૮૧/- |
| | નવેમ્બર:૦૬ | રૂા. ૬૦,૯૩૩/- |
| | ડીસેમ્બર:૦૬ | રૂા. ૫૫,૯૬૧/- |
| | જાન્યુઆરી | રૂા. ૫૭,૪૩૧/- |

(૨) દર્દીઓના હિતમાં ફીઝીયોથેરાપીસ્ટ, રેડીયોલોજીસ્ટ, મનોચિકિત્સક અને ફિઝિશિયનની ઓ.પી.ડી. ચલાવવા માટે નિમણૂક કરવામાં આવેલ છે. હોસ્પિટલમાં પીવાના પાણીના

શુદ્ધીકરણ માટે એકવાગાર્ડ મૂકવામાં આવેલ છે. દર્દીઓ/ સગાઓ માટે બેઠક વ્યવસ્થા તેમજ પગરખા સ્ટેન્ડ ખરીદવામાં આવેલ છે. એમ્બ્યુલન્સને શબવાહીનીમાં ફેરફાર કરી એક ડ્રાયવરની માસિક રૂા. ૨૫૦૦/- વેતનથી નિમણૂક આપેલ છે. તથા ડાયાલીસીસ મશીન ચાલુ કરવામાં આવેલ છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય તંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ રોગી કલ્યાણની જે અમલવારી કરવામાં આવી છે, એના લીધે ખાનગીકરણ જેવી પરિસ્થિતિ પેદા થઈ ગઈ છે. રોગી કલ્યાણના નામે દર્દીઓ જયારે દાખલ થાય છે ત્યારથી એના ઉપર ફી ચાલુ થાય છે. એના કેસ પેપરથી માંડીને એના ખાટલા ફી, એની લેબોરેટરી ફી, એક્સરે-ફી, ડાયાલીસીસ, સોનોગ્રાફી, કાર્ડિયોગ્રામ જેવી દરેક બાબતમાં ફી ચાલુ થઈ ગઈ છે જેના લીધે આ એક જ હોસ્પિટલમાં છેલ્લા પાંચ જ મહિનામાં લગભગ ૨,૮૧,૧૦૧/- સરકારને આવક થઈ છે. આના લીધે ગરીબ માણસોને સારવાર લેવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આટલી મોંઘી ફી જયારે તમે વસુલો છો અને બી.પી.એલ. કાર્ડનો આગ્રહ રાખો છો, પણ બી.પી.એલ. કાર્ડ ગરીબ માણસો પાસે હોતા નથી ત્યારે બી.પી.એલ. કાર્ડને અવગણીને આ ચાર્જ ફરજીયાતને બદલે મરજીયાત કરવા માગો છો કે કેમ અને ફકત આ પૈસાદાર વર્ગ પૂરતો સીમિત રાખવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબની અંદર જ કહ્યું છે કે જે સદ્ધર હોય, પોસાય એવા જ દર્દીઓ પાસેથી યુઝર્સ ચાર્જીસ લેવામાં આવે છે. ફી લેવામાં આવતી નથી. પરંતુ આપના દ્વારા જણાવવા માગુ છું કે ગરીબી રેખા નીચેના હોય કે ગરીબી રેખાની ઉપરના હોય એને કેટલીક સારવાર પહેલા ફ્રી મળતી હતી અને આજે પણ મળી રહી છે. એક તો ઓ.પી.ડી.માં જે દાખલ થાય છે તે તમામ દર્દીઓને તમામ દવાઓ તથા મોંઘી એન્ટીબાયોટીક્સ અને વિવિધ પ્રકારની દવાઓ નિ:શુલ્ક આપવામાં આવે છે. ખાનગી તબીબી વ્યવસ્થામાં આ પ્રકારની વ્યવસ્થા ખૂબ જ ખર્ચાળ હોય છે. રાજય સરકારના તમામ દવાખાનાઓની અંદર આ પ્રકારની વ્યવસ્થા ફ્રી આજે પણ છે એટલે રોગી કલ્યાણ સમિતિને કારણે ફી લેવાનું શરૂ કર્યુ છે અને ખાનગીકરણ થયું છે એવું માનનીય અનિલભાઈ, જેઓ આ વિભાગના જ એક અધિકારી હતા એમની પાસેથી જે સેવાઓ આપના વખતમાં મળતી એના કરતા ઉચ્ચતમ સેવાઓ અત્યારે મળી રહી છે અને એની ફી લેવાતી નથી. ગરીબ હોય કે ગરીબ સિવાયનો હોય, જનરલ વૉર્ડમાં દાખલ થયેલો હોય એનો એડમિશન ચાર્જ કેટલીક જગ્યાએ લેવામાં આવે છે અને એ કેસના લેવામાં આવે છે. કેસ કઢાવતી વખતે પણ એ પણ બધા જ દવાખાનામાં લેવામાં આવે છે એવું નથી. રોગી કલ્યાણ સમિતિ પોતે નક્કી કરે છે. જનરલ વૉર્ડની અંદર એને ચા, દૂધ, સવારે પછી એ ગરીબી રેખા વાળો હોય કે ગરીબી રેખા ઉપરનો હોય, એના ચા-દૂધ, બપોરે નાસ્તો, સવારે જમવાનું આ બધું નિ:શુલ્ક આપવામાં આવે છે. જનરલ વૉર્ડમાં દાખલ થયેલ દર્દીઓને લાંબા સમય સુધી બધી સેવાઓ રાજયની બધી હૉસ્પિટલોમાં આજે પણ ફ્રી આપવામાં આવે છે. દાખલ થયેલ તમામ દર્દીઓ ને રૂા. ૩૦૦ થી ૫૦૦ સુધીના વિવિધ પરીક્ષણો હોય તો એની અંદર પણ લેવામાં આવે છે. રોગી કલ્યાણ સમિતિ દ્વારા કોઈ ચાર્જ કરવામાં આવતો નથી. બર્ન્સ વોર્ડની અંદર બધી સેવાઓ મફત, કેટલીક વસ્તુઓ અને આપણે ત્યાં સરસ સાધનો પણ વસાવ્યા છે. વિશેષ કરીને આઈ.સી.સી.યુ. જેવી સગવડો રાજ્યની જે હોસ્પિટલોમાં છે એની અંદર કાર્ડીયાક મૉનિટર, ડીફેબ્રીકેટર, પલ્સ ઓક્સિલેટર જેવા જીવન રક્ષક સાધનો, બહાર જાય તો ૫૦૦૦ રૂપિયા જેની સેવાઓ છે એ ગરીબ હોય કે ગરીબી રેખા ઉપરનો પણ જનરલ વૉર્ડમાં દાખલ થાય ત્યારે નિ:શુલ્ક હોય છે. એટલે રોગી કલ્યાણ સમિતિની રચનાથી આ સેવાઓને ફી લાગુ પડી છે એ જેમણે આ ભ્રમણા ફેલાવવાનો પ્રયત્ન કર્યો, પણ રોગી કલ્યાણ સમિતિના કારણે એકલા હિમતનગર (અંતરાય) એમણે પ્રશ્ન પૂછ્યો છે અને આ સભાગૃહ દ્વારા એમના પૂછાયેલા પ્રશ્નનો જવાબ એટલા માટે આપું છું કે કેટલાકે આવી ભ્રમણા ફેલાવવાનો પ્રયાસ કર્યો છે એ ભ્રમણા દૂર કરવી છે. રાજ્ય સરકારે એકલા હિમતનગરમાં ૧૦ લાખ રૂપિયા ગયા વર્ષે આપ્યા છે અને આ વર્ષે ૨૦૦૬-૦૭માં ૧૮.૪ લાખ ગ્રાન્ટ આપી છે. યુઝર્સ ચાર્જીસમાં ૨.૮૬ લાખ આવ્યા છે એ હકીકત સાચી છે. એ પ્રમાણે કયો ખર્ચ કયાં કરવો, નાના નાના ખર્ચાઓ અને નાની નાની વ્યવસ્થાઓ ઊભી કરવા માટે રાજ્ય સરકારની મંજૂરીએ આવવું પડતું હતું એ ન આવે અને લોકો દ્વારા જ એનો લોકભાગીદારીથી વહીવટ થાય. એટલે ખાનગીકરણનો એક પણ અંશ લાગ્યો નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ દર્દીઓને કઈ કઈ સવલતો આપવામાં આવે છે એમાં માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે હોસ્પિટલમાં પીવાના પાણીના શુદ્ધિકરણ માટે ઈકવાગાર્ડ મૂકવામાં આવેલ છે. પગરખા સ્ટેન્ડ મૂકવામાં આવ્યા છે. બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. આ બધી વ્યવસ્થાઓ સરકારના જાહેર બાંધકામ વિભાગ દ્વારા કરવાની હોય છે અને છતાં રોગી કલ્યાણ સમિતિના નામે પૈસા ઉઘરાવ્યા એ આમાં વપરાયા છે. બીજો આશ્ચર્યકારક જવાબ એ છે કે એમ્બ્યુલન્સને શબવાહિનીમાં ફેરફાર કરી એક ડ્રાયવરને માસિક રૂપિયા ૨૫૦૦ ના પગારથી રાખવામાં આવેલ છે. આ રાજ્ય સરકારની જવાબદારી છે. એટલે બે પ્રકારના ચાર્જ રાજ્ય સરકારે લગાડ્યા છે. એક રાજ્ય સરકારના ચાર્જ ગરીબ દર્દીએ આપવાના અને બીજા રોગી કલ્યાણના નામે આપવાના. આવા બેવડા ચાર્જ ભરે એ પૈસા આવે એ રોગીઓના કલ્યાણમાં વાપરવાના

બદલે હૉસ્પિટલના ઈન્ફાસ્ટ્રકચર માટે અને કર્મચારીઓના પગારમાં વપરાય છે. આ પૈસા ગરીબ દર્દીઓ પાસેથી ઉઘરાવી અને ગરીબ દર્દીઓ માટે આપ્યા છે ખરા? આ બાબતે મંત્રીશ્રી શું કહેવા માગે છે? આમ તો સાચો જવાબ આપી દીધો છે.

**શ્રી અશોક ભટ્ટ** : ગરીબ દર્દીઓ પાસેથી કોઈ ચાર્જીસ લેવામાં આવતા નથી. આ નાણા ગરીબો માટે આવે છે અને એના માટે વપરાય છે. જેની પાસે છે એની પાસેથી લેવામાં આવે છે અને જેનાથી નથી પહોંચાતું એવા ગરીબી રેખાથી ઉપરનાને પણ મેં જે સેવાઓ કહી છે એ સેવાઓ આપવામાં આવે છે. એ વાત સાચી છે કે દર્દીઓની ખબર કાઢનાર માટે દર્દીના સગાને બે પાસ ફ્રી આપવામાં આવે છે. એ ઉપરાંત દર્દીના જો સગાઓ આવે તો એના પાસેથી ચાર્જીસ લેવાનું કારણ એ છે કે ઇન્ફેક્શન ન લાગે. એટલા માટે એ રીતે પૈસા ભેગા થાય છે. ડૉકટર અનિલભાઈ સમજશે અને અર્જુનભાઈ પણ આ વાત સમજશે. દર્દીના સગાને બે પાસ ફ્રી આપીએ છીએ. એના કરતાં વધારે આવે તો ઈન્ફેકશન કન્ટ્રોલ કરવો છે. વધારાની અવરજવરની જરૂર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : દર્દીઓ પાસેથી રોગી કલ્યાણના નામે પૈસા ઉઘરાવવામાં આવ્યા છે એના માટેના પ્રશ્નની વાત થાય છે. (અંતરાય)આજે બધા ચાર્જીસ લેવાય છે.

**શ્રી અશોક ભટ્ટ** : હિંમતનગરમાં આ પ્રકારના ચાર્જીસ નથી. જ્યાં જ્યાં લેવાય છે એની વિગતો આપવા હું તૈયાર છું. બીજો પ્રશ્ન પાછળ આવે છે. આવા કોઈ ચાર્જીસ ગરીબી રેખા નીચેના કોઈ દર્દી પાસેથી લેવામાં આવતા નથી. જેની પાસેથી લેવાય છે એ યુઝર્સ ચાર્જીસ તરીકે લેવાયા છે અને એ ગરીબો માટે વપરાયા છે.

## કલોલ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો રેલવે અંડરબ્રીજ બનાવવા બાબત

***૨૧૩૮૨ ડૉ. અતુલ કે.પટેલ(કલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) કલોલ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો રેલવે અંડરબ્રીજ બનાવવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૨) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) અને (૨) સદર કામ રેલ્વે મંત્રાલય દ્વારા મંજૂર થયેથી પશ્ચિમ રેલવે દ્વારા શરૂ કરી પૂર્ણ કરવામાં આવશે.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પ્રથમ વખત રેલવેના અંડરબ્રીજ માટે ગુજરાત સરકારે નાણા ફાળવ્યા હોય, એ પહેલી વખત કલોલ શહેરમાં રેલવે અંડરબ્રીજ પાસ કરવા માટે ગુજરાત સરકારે ૩ કરોડ ૧૫ લાખ રૂપિયા ફાળવ્યા છે એના માટે હું મુખ્યમંત્રીશ્રી અને માર્ગ અને મકાન મંત્રીશ્રીને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. કલોલ શહેરના પૂર્વ વિસ્તારમાં લગભગ ૪૦ ટકા એટલે ૬૦,૦૦૦ વસ્તી ત્યાં રહે છે અને પૂર્વ વિસ્તારમાં રહેતી વસ્તી જે ગરીબ, બક્ષીપંચ અને અનુસૂચિત જનજાતિના લોકો રહે છે. પૂર્વમાંથી પશ્ચિમમાં આવવા માટે ફકત રેલવે ક્રોસિંગ છે એ દર અડધા કલાક માટે બંધ કરવામાં આવે છે ત્યાંથી આવતા વિદ્યાર્થીઓ, દર્દીઓ, વૃદ્ધો, મહિલાઓને એટલી બધી તકલીફ પડે છે અને એમની સાથે સાથે એમને રેલવેવાળા પણ ખૂબ હેરાન કરે છે. ત્યાંથી જો ક્રોસ કરીને આવતા હોય તો એમને દંડ કરે છે, પૂરી દે છે. આ તકલીફ હોવાના લીધે ગુજરાત સરકારે અંડરબ્રીજમાં ફાળવવાનું નક્કી કર્યુ હતું. પરંતુ એક વર્ષ થયા પછી પણ આ અંડરબ્રીજ આગળ વધતો નથી તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આ અંડરબ્રીજ બનાવવા માટે ગુજરાત સરકારે કેટલા નાણા ફાળવ્યા? આ અંડરબ્રીજના નાણા ફાળવવામાં વર્ષ થવા છતાં કોઈ કામની પ્રગતિ થઈ નથી તો તેના કારણો શું? કેન્દ્ર સરકારે નાણા ચૂકવવામાં વિલંબ કર્યો છે કે તેમાં કોઈ રાજકીય કારણ છે અને આ અંડરબ્રીજનું કામ અત્યારે કયા તબક્કામાં છે અને આ કામ ક્યારે શરૂ થશે અને ક્યારે પૂરું થશે?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, કલોલ શહેરની અંદર અંડરબ્રીજ બનાવવાનું કામ સામાન્ય રીતે એ નગરપાલિકાને લગતું કામ હતુ. આમ છતાં જે પ્રકારનો પ્રશ્ન હતો એની અંદર પશ્ચિમ રેલવે અમદાવાદને રજૂઆત કરતા રાજ્ય સરકારે આ cost sharing project મંજૂર કર્યાની દરખાસ્ત રેલવે વિભાગને કરી છે કે અમે cost sharing આ કાર્ય કરીશું. રાજ્ય સરકારે એના માટે cost આપવા માટે તૈયાર છે કે કેમ? ૫૦ ટકા જે કોસ્ટ નિયત કરેલી હોય છે એ મુજબ ૫૦ ટકા આપણે cost sharing માટે હા પાડી છે, એના માટેની નાણાકીય જોગવાઈ ૨૦૦૫-૦૬ કરી અને આ વર્ષમાં પણ કરી. પરંતુ કોને કોઈ અગમ્ય કારણોસર જશ અને અપજશની જે પ્રકારની સ્થિતિ ઊભી થવાના કારણે રેલવે આ કાર્યવાહી કરવામાં ફરી ગઈ છે, એણે કહ્યું કે હવે cost sharing આપવા માગતું નથી અને સંપૂર્ણ કામ રાજ્ય સરકાર હાથ ધરે એ પ્રકારની કાર્યવાહી કરવા અને એ પછી આગ્રહ કર્યો કે cost sharing માટે તમે રજૂઆત કરી છે અને અમે તૈયારી બતાવી છે એવા સ્વરૂપે તમારે આ કાર્યવાહી કરવી જોઈએ આના વિગતવાર પત્રો પણ આપણે રેલવે વિભાગને લખ્યા અને પત્રો લખ્યા પછી રેલવે વિભાગે એવું કહ્યું કે તમે ડિપોઝિટ અમારી પાસે કરવો તો અમે આ કામ કરીએ. રાજ્ય સરકાર એમાં પણ તૈયાર છે કે ડિપોઝિટ વર્ક તરીકે કામ કરાવવાની તૈયારી છે અને cost sharing રેલવે આપે. ફરીથી રેલવે

વિભાગ ફરી ગયો અને ફરીથી એણે કહયું કે હવે એના એપ્રોચ માટેની કાર્યવાહી કરજો. તમે પૈસા આપો પછી અમે કાર્યવાહી કરીએ. રેલવેને આપણને કહયું છે કે એપ્રોચ માટે ખર્ચ કરવાનો આવતો નથી કારણ કે એપ્રોચ ત્યાં સંપૂર્ણપણે તૈયાર છે. એમાં એકપણ રૂપિયાનો ખર્ચ કરવો પડે એવી સ્થિતિ નથી. છેલ્લે આપણે રેલવેને ફરીથી લખ્યું છે કે રેલવે વિભાગ જે પ્રકારે કહે છે અને એ વિસ્તારના લોકોની લાગણી છે એ લાગણી ઘણા લાંબા સમયથી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખાસ કિસ્સામાં મંજૂરી આપવા જે કાર્યવાહી હાથ ધરી છે એ કાર્યવાહીમાં રેલવે વિભાગે cost sharing કરવું જોઈએ અને એ cost sharing કરવાની કાર્યવાહી કરશે તો ચોક્કસપણે રાજ્ય સરકાર એનો ૫૦ ટકા જે શેર નક્કી થયેલો છે એ આપવા માટે તૈયાર છે. ગત વર્ષે પણ બજૅટમાં જોગવાઈ કરી હતી. આગામી વર્ષના બજૅટ ૨૦૦૭-૦૮ નું બજૅટ છે એમાં ૩૧૦ લાખ રૂપિયાની જોગવાઈ કરેલ છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કલોલ શહેરની બહુ વિકટ પશ્ન છે. કલોલ શહેર બે ભાગમાં વહેંચાયેલું છે અને આમાં શ્રમજીવી વર્ગ, મજૂર વર્ગ જે લોકો સાઈકલ ઉપર મજૂરી અર્થે આ વિભાગમાં આવતા હોય છે. ઈતિહાસમાં ના બન્યું હોય એવી ઘટના બની છે જે ખર્ચ નગરપાલિકાએ કરવાનો હોય છે. પરંતુ નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ ના હોવાને કારણે ખાસ કિસ્સાની અંદર રાજ્ય સરકારે આની વ્યવસ્થા કરી હતી ત્યારે અને ગયા વર્ષે જ્યારે આની જાહેરાત થઈ, માનનીય અધ્યક્ષશ્રી સાક્ષી છે એક મહિના સુધી ત્યાંના રહિશો દ્વારા સતત રાજ્ય સરકારને અભિનંદન આપવામાં આવ્યાં •* (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) કેન્દ્ર સરકારે જે પૈસા આપવાના હતા એ રોકાયેલા છે મારે મંત્રીશ્રીને એટલું કહેવું છે કે, આપ સામેની પાર્ટીને એમ કહેવા માગો છો કે આપે જે રોકાઈ રાખ્યું છે એને મંજૂર કરવા કે મદદ કરવા માગો છો કે કેમ ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની આવી તો ઘણી બધી લાગણી છે કે, ગુજરાતને કેન્દ્ર દ્વારા અન્યાય અનેક બાબતોમાં થઈ રહ્યો છે એમાં વિપક્ષના સાથી મિત્રોએ ગુજરાતના વિકાસના હિતમાં સહકાર આપીને ચોક્કસપણે રજૂઆત કરવી જોઈએ, આના માટે રાજય સરકારને લાગે વળગે છે ત્યાં સુધી રાજય સરકારે એનું આયોજન કર્યુ છે, વારંવાર રેલવે વિભાગને પત્રો પણ લખ્યા છે અને કોસ્ટ શેરિંગ માટે આજે પણ રાજય સરકાર તૈયાર છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે, જે કોસ્ટ શેરિંગ છે, પચાસ ટકા, પચાસ ટકાનું એ જે નીતિ નિયમો છે એના પ્રમાણે માત્ર બ્રિજની કોસ્ટ છે એમાં કોસ્ટ શેરિંગ આવે છે, એપ્રોચની વાત કોઈ જગ્યાએ આવતી નથી. એપ્રોચ તો રાજય સરકારો વર્ષોથી કરતી આવી છે અને એણે કરવાનો છે. બીજી વાત એ છે કે, આ કોઈના પેટમાં તેલ રેડાયું નથી, આ તો જે અમારા સાંસદ શ્રી જીવાભાઈ પટેલ એમની મહેનતથી મંજૂર થવાનું છે. પચાસ ટકા કોસ્ટ નગરપાલિકા આપે કે રાજય સરકાર આપે એ આપણા રાજયનો પ્રશ્ન છે, પણ કેન્દ્ર સરકારને લાગે વળગે છે ત્યાં સુધી ગુજરાતની અંદર સમગ્ર ભારતમાં જે બ્રિજ બન્યા છે એના પ્રમાણમાં ગુજરાતે સૌથી વધારે લાભ મેળવ્યો છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી કેન્દ્ર સરકાર વતીથી જવાબ આપે છે, તો આપણે સૌ એક ઠરાવ કરીએ કે, આમને કેન્દ્રમાં મોકલી દઈએ

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ઘણાં મિત્રો બેઠા છે, તમારો વારો નહીં આવે ત્યાં બેસવાનો.

**શ્રી વજુભાઈ વાળા** : અમારો વારો આવે કે નહીં પણ અમે વારો કાઢી લેવાના છીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : તમારી બાજુમાં બેઠા છે એણે જ કટ કરી નાખ્યા.

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : વિપક્ષના નેતાશ્રીએ જે પ્રકારે વાત કરી છે એપ્રોચનો ખર્ચ આપવાનો સવાલ જ નથી. આમ છતાં રેલવે વિભાગે બે વર્ષોથી અલગ અલગ પત્રો દ્વારા બહાના ઊભા કરે રાખે છે અને એનો જવાબ આપતા નથી. પહેલાં કોસ્ટ શેરિંગ માટે રેલવે વિભાગે તૈયારી બતાવી, રાજય સરકારે ૩૧૦ લાખ રૂપિયાનું આયોજન કર્યુ, હવે આપતા નથી અને આવા એપ્રોચના અને એવા ખોટા બહાના કાઢે છે. રાજય સરકાર આજે પણ તૈયાર છે જો વિપક્ષના મિત્રની વગ વાપરવી હોય તો એ લઈ આવે.

**અધ્યક્ષશ્રી .** : નેક્સ્ટ પ્રશ્ન : ૪. (અંતરાય ) સમય થઈ ગયો છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : આવો જ પ્રશ્ન અમારા સુરત જિલ્લામાં કીમમાં છે.

**અધ્યક્ષશ્રી** : એ ના ચાલે, એ ના પુછાય (અંતરાય ) એ અલગ પ્રશ્ન છે, ના પુછાય. પ્રશ્ન ક્રમાંક: ૪.ચાલો, પ્લીઝ.

---

• * (xxxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

## એઈડ્સ નિયત્રણ માટે કરેલ ખર્ચ

***૧૯૫૬૬શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) જાન્યુઆરી, ૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એઈડ્સ નિયંત્રણ માટે રાજય સરકાર દ્વારા કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું,

(૨) આ પૈકી કેન્દ્ર સરકારની કેટલી ગ્રાન્ટ મળી હતી, અને

(૩) જાન્યુઆરી, ૦૭ની સ્થિતિએ ગુજરાતમાં એઈડ્સના કુલ કેટલા કેસ નોંધાયા છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) અને (૨) કેન્દ્ર સરકારના નેશનલ એઈડ્સ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન દ્વારા રાજયને એઈડ્સ કન્ટ્રોલ પ્રોગ્રામ માટે અગાઉના વર્ષ ૨૦૦૪-૦૫ના અંતે બચત રહેલ રકમ સાથે વર્ષ ૨૦૦૫-૦૬માં કુલ રૂા. ૩૭.૬૫ કરોડની ગ્રાન્ટ ઉપલબ્ધ થઈ હતી, જેની સામે રૂા. ૨૮.૬૯ કરોડની ખર્ચ માટે ચૂકવણી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૬-૦૭માં તેવી જ રીતે વર્ષ ૨૦૦૫-૦૬ના અંતે બચતા રહેલ રકમ સાથે કુલ રૂા. ૩૨.૯૪ કરોડની ગ્રાન્ટ ઉપલબ્ધ થયેલ છે, જેની સામે રૂા. ૩૧.૬૯ કરોડની ખર્ચ માટે ચૂકવણી કરવામાં આવી છે.

(૩) રાજયમાં સને ૧૯૮૬ થી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ એઈડ્સ ( એચ.આઈ.વી. પૉઝિટીવ)ના કુલ-૮૪૩૨ દર્દીઓ માલૂમ પડ્યા છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, એઈડ્સના દર્દીઓની સંખ્યામાં મોટો વધારો થયો છે છતાંય કેન્દ્ર સરકાર નાણા ફાળવે છે એ સરકાર વાપરતી નથી એ મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ આપ્યું છે અને આ નાણાંનો ઉપયોગ ખરેખર જો એઈડ્સ છે એને રોકવા માટે, રોગ રોકવા માટે, સારવાર માટે કેન્દ્ર સરકાર આ પૈસા મોકલાવે છે છતાંય માનનીય આરોગ્ય મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રી ફોટાઓ છપાવે છે તેના બદલે આ રકમ વાપરી એઈડ્સને કન્ટ્રોલ કરવા માગો છો કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : બીજા કોઈપણ રાજયો કરતાં ગુજરાત એઈડ્સ અને એચ.આઈ.વી.ને રોકવામાં સફળ થયું છે એમ નાકોએ પ્રસિદ્ધ કરેલું છે. ૧૯૯૪માં મિનિમમ સરવે પ્રિવિલન્સ રેટ ૬.૩૨ હતો એ ઘટીને ગુજરાતમાં ૨૦૦૫માં બે ટકા થયો છે એટલે કે, ગુજરાતના નાકોએ પ્રસિદ્ધ કરેલા નકશામાં ગુજરાત ૧૯૯૪માં લીલા રંગનું હતું એ ગુજરાતને નાકોએ ૨૦૦૫માં પ્રસિદ્ધ કરેલો રેઈટ ઘટ્યો છે એને કારણે એનો રંગ બદલાયો અને પીળા રંગનું બન્યું છે. સમગ્ર દેશમાં એઈડસના દર્દી ઘટયા છે. એનું કારણ ગુજરાતમાં જે પ્રવૃત્તિ ચાલે છે તે છે. પરંતુ સૌથી વધારે અગત્યનું ૧૯૯૮ના સરવેમાં પ્રીવેલન્ટ સેન્ટીમેન્ટલ રેટના સરવે મુજબ ગર્ભવતી માતાનો દર ૦.૫૮ માતા એઈડસ અને એચ.આઈ.વી.વાળી હતી એ ઘટીને ૨૦૦૫માં ૦.૨૫ થયો છે. સમગ્ર દેશમાં ગર્ભવતી માતાનો એચ.આઈ.વી.નો દર ઘટાડવામાં ગુજરાત એક સફળ રાજય તરીકે દેશને દિશા બતાવનારું રાજય બન્યું છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આ જ પ્રશ્નનો જવાબ મંત્રીશ્રીએ મંગળવારે, ૬ તારીખે આપ્યો હતો. એમાં સ્પષ્ટ છે કે એની સંખ્યા તા.૩૧-૭-૨૦૦૦ની સ્થિતિએ ૮૪૩૨ થાય છે અને ૨૦૦૪માં ૧૪૧૬ કિસ્સા હતા. ૨૦૦૫માં ૧૬૫૯ થયા, ૨૦૦૬માં ૩૫૫ કુલ મળીને ૪૬૮૮ થાય છે તો મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે પૈસા આપ્યા છે એ રોગ એવો છે કે સરકારી હોસ્પિટલમાં ઓછો નોંધાય છે. ખાનગી હોસ્પિટલમાં શરમના માર્યા જાય છે. સરકારી હોસ્પિટલમાં જઈ શકતા નથી. ખાનગી હોસ્પિટલમાં ચિંતા કરવાની જરૂર છે. એનું પ્રમાણ અનેકગણું છે માટે હું સરકારને કહું છું કે આ રોકવા માટે સરકાર પ્રયત્ન કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રોગના પરીક્ષણના સાધનો અને દવા બંને સરકારી હોસ્પિટલમાં મળે છે. એમાં ૧૦૩ જેટલી સામાજિક સંસ્થા દ્વારા દર્દી સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. જે સંખ્યા વધી છે એનું કારણ એ છે કે રાજયમાં એચ.આઈ.વી.દર્દીને વિશ્વાસ ઊભો થયો છે એટલે એ વાત્સાયન કેન્દ્રમાં આવે છે. લગભગ સો વાત્સાયન કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સરકારી દવાખાના અને મેડિકલ કોલેજ જોડે જોડાયેલા કેન્દ્રની અંદર જોડાયેલા છે પરંતુ વધ્યો છે કે ઘટયો છે એ જાણવું હોય તો નારકો પોતે સરવે કરે છે એટલે એ સરવેના આંકડા આપ્યા છે. એટલે પુનરોકિત કરતો નથી. દેશની માન્ય સંસ્થા કેન્દ્રની સરકારી આરોગ્ય વિભાગની સંસ્થા એમ કહે છે કે ગુજરાતમાં એચ.આઈ.વી. દર્દીનું પ્રમાણ ઘટયું છે અને હજી એને ઘટાડવાની દિશામાં રાજય સરકાર સંપૂર્ણ સહયોગ કરવા માગે છે.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અન્ય રાજયની સરખામણીમાં ગુજરાતમાં એઈડસના દર્દીનું પ્રમાણ કેટલું છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આંધ્રમાં ૧૫૦૯૯, મહારાષ્ટ્રમાં ૧૪૩૨૫, તામિલનાડુમાં ૫૨૦૩૬ છે. બીજુ લાંબુ લિસ્ટ છે એ હું ટેબલ ઉપર મૂકીશ.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એચ.આઈ.વી. પૉઝિટીવ સમાજમાં સામાન્ય રીતે સ્વીકૃત ઓછા હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આરોગ્ય વિભાગના પ્રયત્નથી લોકો પોતે બહાર આવ્યા છે. મારે મંત્રીશ્રીને પૂછવું છે કે આ વિભાગમાં કોઈ સ્વરોજગારી ઉભી થાય અને એ લોકોને સ્વરોજગારી મળી શકે એના માટે કોઈ આયોજન કરવામાં આવ્યું છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એચ.આઈ.વી. દર્દી સાથે સીધા સબંધ બાંધીને અમદાવાદમાં, ગુજરાતની અંદર પણ વિવિધ સંસ્થાઓ દ્વારા જયોતિ સંઘ, આધાર જેવી સંસ્થા દ્વારા થાય છે. પુનર્વસનની અંદર સુરત એપ્રલ પાર્કમાં તાલીમ આપીને એચ.આઈ.વી. દર્દીને રોજગારી આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે. અમદાવાદમાં સ્વરોજગારી ઉભી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એચ.આઈ.વી. દર્દી ગુજરાતમાં સ્વાભિમાનથી જીવી શકે એ પ્રકારના આ બધા પ્રયત્નો છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં કુલ ૩૭.૮૫કરોડની ગ્રાન્ટ ઉપલબ્ધ હતી એની સામે ૨૮.૬૯કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તો ૮.૯૬કરોડ જેવી રકમ વણવપરાયેલી રહી છે. ત્યારે ગંભીર પ્રકારનો આ એઈડ્સનો રોગ છે એને નિયંત્રણમાં રાખવા માટે ભારત સરકાર આટલી મોટી રકમ આપતી હોય ત્યારે ૮ કરોડ રૂપિયા જેટલી રકમ વણવપરાયેલી રકમ પડી રહેવાનાં કારણો શાં છે?

**શ્રી અશોક ભટ્ટ** : આખું પત્રક મારી પાસે તૈયાર છે. નાકા તરફથી ફાળવવામાં આવતી ગ્રાન્ટ દર વર્ષે ૧૯૯૯ ની અંદર ૭.૨૧ કરોડ આવ્યા, પછી ૫.૬૨ કરોડ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, ૮ કરોડ જેવી રકમ વણવપરાયેલ રહી છે.

**શ્રી અશોક ભટ્ટ** : ત્યારપછી ૯.૯૦કરોડ આપ્યા, પછી ૧૦ કરોડ આપ્યા, પછી ૧૧ કરોડ આપ્યા. ૨૦૦૪-૦૫ માં ૧૫.૫૭ કરોડ આપ્યા, ૨૦૦૫-૦૬ ની અંદર ૨૩.૩૩ આપ્યા, જ્યારે ૨૦૦૭ ની અંદર ૧૪.૯૦ કરોડ આપ્યા. ગયા વર્ષે ૨૩ કરોડ આપ્યા અને આ વર્ષે ઓછા આપ્યા આ બધા વર્ષોનો સરવાળો કરી, વપરાયેલ ગ્રાન્ટ ક્યુમિલેટિવ એના ૯૬.૨૧ ટકા ગ્રાન્ટ ૧૯૯૯ થી ૨૦૦૭ સુધીમાં જે ગ્રાન્ટ આપણને મળી એમાં ૧૦૩ સંસ્થાઓ જોડે હિસાબ રાખીને આપવાની છે, એટલે ટોટલ આજની તારીખ સુધીમાં ૯૬.૨૧ ટકા વપરાયેલ છે.

### ભાવનગર શહેરની ટાઉન પ્લાનિંગ સ્કીમ

***૧૯૩૫૯ શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

(૧) ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ વિસ્તારમાં કુલ કેટલી ટાઉન પ્લાનિંગ સ્કીમ કરવાપાત્ર થાય છે

(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં કેટલી સ્કીમ ડ્રાફટ લેવલે છે અને કેટલી ફાઇનલ થઈ અને

(૩) બાકી રહેલી સ્કીમ કેટલા સમયમાં પૂર્ણ કરવા ધારણા છે?

**શહેરી વિકાસ મંત્રીશ્રી :**

(૧) ૯ (નવ)

(૨) ૯ (નવ) ડ્રાફટ લેવલે છે તે પૈકી કોઈ ફાઇનલ થયેલ નથી.

(૩) બને તેટલા વહેલા.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, અહીયા જણાવવામાં આવ્યું છે કે ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળમાં કુલ ૯ ટી.પી. સ્કીમ બાકી છે અને ડ્રાફટ લેવલે છે. સૌ પ્રથમ તો ઘણા લાંબા સમયથી આ જગ્યા ખાલી હતી અને શહેરી વિકાસ મંત્રીશ્રીને અભિનંદન આપું છું. છેલ્લા બે-ત્રણ વર્ષની અંદર ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની ટી.પી. ની જગ્યા અને કૉર્પોરેશનની ટી.પી. ની જગ્યા બંને ભરી દીધી છે, એટલે આ કામ આગળ ચાલ્યું પણ સાથે સાથે આ જગ્યા ૯ જેટલી ટી.પી. સ્કીમ બાકી છે, ત્યારે એક કરતા વધારે બે કે ત્રણ ટી.પી. એક સાથે મૂકવામાં આવે તો બે કે ત્રણ વર્ષમાં ઝડપથી પૂરી થઈ જાય. એ જગ્યા ખાલી ન રહે વધારે મૂકાય એવું કરવા માગો છો કે કેમ? ટી.પી. સ્કીમની મંજૂરીનું કામ ઝડપથી બનાવવા માટે સરકાર કયા પગલાં ભર્યાં છે? છેલ્લા વર્ષમાં સરકારશ્રી દ્વારા કેટલી સ્કીમ મંજૂર કરવામાં આવી? આ સમગ્રતયા કૉર્પોરેશનની કેટલી બાકી છે? આખીએ ટી.પી. સ્કીમની કામગીરીની કન્ટીન્યુન્સી જણાઈ છે. ભાવનગરના રિંગ રોડનો વિકાસ થઈ રહ્યો છે. આ બધાનો ઝડપથી વિકાસ થાય અને કન્ટીન્યુન્સી જળવાય એના માટે રાજ્ય સરકાર પગલાં લેવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : સભ્યશ્રીની લાગણી સાથે હું સંમત છું, એટલા માટે બંને ધારાસભ્યશ્રીઓ સુનીલભાઈ ઓઝા અને મહેન્દ્રભાઈ ત્રિવેદીને સાથે રાખીને જાન્યુઆરી મહિનામાં વિભાગના અધિકારીઓ અને ટી.પી. અધિકારીઓ સાથે રાખીને ભાવનગર ટી.પી. ઝડપથી બને, સત્વરે બને એના માટેની કાર્યવાહી હાથ દ ારવાની પ્રક્રિયા ચાલુ કરેલ છે. ભૂતકાળમાં જુદી જુદી તકલીફો હતી, એના કારણે ટી.પી.માં અમલવારીમાં ઢીલાશ ઘણી બધી રહેલ હતી. પહેલા વર્ષે ૧૦ થી ૧૫ ટી.પી. સ્કીમ ફાઇનલ થતી હતી. આ સરકારે છેલ્લાં ૪ વર્ષમાં ૧૬૯ ટી.પી. સ્કીમ ફાઇનલ કરેલ છે. આ વર્ષે લગભગ ૮૬ ટી.પી. સ્કીમ અત્યાર સુધીમાં કાર્યવાહી હાથ દ

ારવામાં આવી છે. ભાવનગરમાં ભાડા શહેરમાં જુદા જુદા સ્ટાફ શોર્ટેજની બાકીની પ્રક્રિયા હતી તે સ્ટાફ માટેની કાર્યવાહી પ્રક્રિયા ચાલી રહી છે. આમ છતાં છેલ્લાં બે વર્ષથી ભાવનગર મહાનગરપાલિકા અને ભાવનગર માટે ટી.પી. સ્ટાફ ભરાતા ભાવનગર નગરપાલિકામાં ૩ ટી.પી. સ્કીમ ૭માંથી આખરી કરી રહ્યા છીએ અને ભાડા વિસ્તારની ૯ ટી.પી. સ્કીમની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. પહેલા સ્થિતિ એવી હતી કે ટી.પી. સ્કીમ લેટ ન થાય એના માટે અત્યારે નિર્ણય કર્યો છે. એમાં પહેલા સ્થિતિ એવી હતી કે માપણી કર્યા વગર ટી.પી.નો ડ્રાફ્ટ રજૂ કરવામાં આવતો હતો. હવે રાજ્ય સરકારમાં બધા જ વિસ્તારમાં સમગ્ર રાજ્યમાં નિર્ણય કર્યો છે કે માપણીનાં કામમાં સમય જે જાય છે, એના કારણે બાકીની જે માપણી થઈ ગઈ હોય, પછી ટી.પી. સ્કીમના પરામર્શની કાર્યવાહી હાથ ધરવી. જેના કારણે ડ્રાફ્ટ થઈ ગયા પછી લોકોની હાડમારી ઓછી થાય. પહેલાં ટી.પી.ની માપણી પ્લેન ટેબલ અને ચેન કાતરથી કરવામાં આવતી હતી. હાલ અદ્યતન ટૅક્નૉલૉજી ધરાવતા કોમ્પ્યુટરાઈઝ માપણી સાધનોથી કરવામાં આવે છે. સાથે સાથે છેલ્લા એક વર્ષથી આઉટ સોર્સિંગ દ્વારા માપણીની પ્રક્રિયા હાથ ધરવાનો વિભાગે નિર્ણય કર્યો છે અને તે સ્થિતિમાં રાજય સરકારે કામગીરી હાથ ધરી છે. હમણાં થોડા મહિનાઓ પહેલાં રાજય સરકારે નગર રચના અધિકારી તમામની કચેરીમાં ઓટોકેડ સોફ્ટવેર પૂરી પાડેલ છે અને તેના કારણે આધુનિકરણ સાથે ટી.પી.ની પ્રક્રિયા ઝડપથી હાથ ધરી શકાય અને સાથે સાથે ૨૬-૬-૨૦૦૬થી તેના નિયમો અને જોગવાઈઓમાં થોડાક ફેરફાર કર્યા છે. તેના કારણે ટી.પી.સ્કીમો ઝડપથી પૂરી કરી શકાય. સભ્યશ્રીની લાગણી છે તે મુજબ ટી.પી. તે વિસ્તારના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપતી હોય છે. એટલા માટે રાજય સરકાર આ દિશામાં ગતિથી ચાલવા માગે છ અને ભાવનગર મહાનગરપાલિકા અને ભાડા બંને વિસ્તારોમાં ટી.પી. સત્વરે પૂર્ણ થાય તે પ્રકારે રાજય સરકારના પ્રયત્નો ચોક્કસ રહેશે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો તેમ ભાવનગરમાં કૉર્પોરેશનની અંદર અને એરિયા ડૅવલપમેન્ટ ઓથોરિટીની અંદર ટી.પી. સ્કીમોનું કામ વર્ષોથી અટવાયેલ હતું. મેં એક પત્ર માનનીય મંત્રીશ્રીને લખેલ અને તેના આધાર ઉપર એમણે મીટિંગ બોલાવી અને અધિકારીઓને સૂચના આપી. મારે માનનીય મંત્રીશ્રીને જણાવવું છે કે આઉટ સોર્સિંગથી માપણી કરાવીને અને અધિકારીઓ અને સ્ટાફ ન હોય તો બાકીની વર્ષોથી પડેલી ટી.પી.સ્કીમોનો નિકાલ લાવવા માગે છે. તે બાબતમાં હજી વિચારણા નથી થઈ ત્યારે ભાવનગર બિલ્ડર એસોસિએશને પણ સામે ચાલીને ભાવનગર મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને મળ્યા હતા અને તેમણે કહ્યું હતું કે અમે એકપણ પાઈ પૈસો લીધા વગર આ કામમાં મદદ કરવા માટે એન્જિનિયર અને ટૅક્નીકલ સ્ટાફની સુવિદ્યા પૂરી પાડીશું. તો માનનીય મંત્રીશ્રી આ ઑફર સ્વીકારવા વિભાગને કોઈ સૂચના આપવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં ડી.એલ.આર.માં માપણી માટે સ્ટાફની શોર્ટેજ છે. તેના કારણે આ પ્રકારે પ્રાઈવેટાઈઝ બેઝ ઉપર જવાનો નિર્ણય કર્યો છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી તે મુજબ મોટા વિસ્તારોમાં અત્યારે અમદાવાદ અને સુરત વિસ્તારમાં આ પ્રકારનો પ્રાઈવેટ સ્ટાફ મળી રહે છે અને માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યુ છે તે પ્રકારે તેમના સ્થાનિક લોકોની જનભાગીદારીમાં આ કામ કરવા સંમત થશે તો ચોક્કસપણે ભાવનગર મહાનગરપાલિકામાં અને ભાડામાં તેનો ઉપયોગ કરીને ઝડપથી કાર્યવાહી હાથ ધરવાની કાર્યવાહી કરીશું.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ટી.પી. સ્કીમને મંજૂર કરવાની કાર્યવાહીના કેટલા સ્ટેજ હોય છે અને તે કેટલી સમય મર્યાદામાં મંજૂર કરવામાં આવે છે.

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ટી.પી.સ્કીમો મંજૂર કરવામાં અલગ અલગ પ્રક્રિયાઓ રહેલી હોય છે. સૌ પહેલાં જે વિસ્તારમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને સત્તા મંડળોના જે કાર્યક્ષેત્રો હોય તેના મુસદ્દારૂપ નગર રચના યોજના માટેનો ઈરાદો જાહેર કરવાનો હોય છે અને તે ઈરાદો જાહેર થઈ ગયા પછી વિભાગમાં વધુમાં વધુ બાર મહિનામાં મુસદ્દારૂપ યોજનાને સત્તા મંડળે પ્રસિદ્ધ કરવાનો હોય છે. ત્યારબાદ મુસદ્દો સરકારશ્રી પાસે આખરી મંજૂરી માટે મોકલવામાં આવે છે. તે મંજૂરી માટે મોકલ્યા પછી ડ્રાફ્ટ, પછી આખરી અને અંતિમ કાર્યવાહી થતી હોય છે. આ પ્રકારની વિવિધ પ્રક્રિયા થતી હોય છે. આમાં કેટલીક બાબતોમાં નિશ્ચિત સમય મર્યાદા નક્કી કરવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં અનેક પ્રકારની મુશ્કેલીઓ હતી તે દૂર કરીને કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ લાગુ કરીને આ કાર્યવાહી ઝડપથી થાય તે પ્રકારના પ્રયત્નો હાથ ધરેલા છે.

## નખત્રાણાથી માતાના મઢ સુધીનો રસ્તો પહોળો કરવા બાબત

***૨૧૫૩૨ શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા(અબડાસા) : માનનીય માર્ગ મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) નખત્રાણાથી માતાના મઢ સુધીના રસ્તાને પહોળો કરવાનું કામ રાજય સરકારની વિચારણામાં છે કે કેમ, અને

(૨) જો હા, તો કામ કયારે શરૂ કરવામાં આવશે?

**માર્ગ મકાન મંત્રીશ્રી :**

(૧)અને (૨) નખત્રાણાથી પાનન્ધ્રો રસ્તાને પહોળો અને સુધારણા ખાનગી ધોરણે કરવા શકયતાદર્શી અભ્યાસ હાથ ધરેલ છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને એમણે જવાબમાં કહયું છે કે નખત્રાણાથી પાનન્ધ્રો રસ્તાને પહોળો અને સુધારણાના કામ માટે ખાનગી ધોરણે કરવા શકયતાદર્શી અભ્યાસ હાથ ધરેલ છે. તો હું જાણવા માગું છું કે શકયતાદર્શી અહેવાલનું કાર્ય શરૂ કરવામાં આવેલ છે કે કેમ? તે કામ કયારે પૂર્ણ થશે. શકયતાદર્શી અહેવાલમાં ટ્રાફીકના ભારણની ગણતરી કરવામાં આવેલ છે કે કેમ, અને જો ટ્રાફીક વધારે હોય તો અગ્રતાના ધોરણે આ કામ કરવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ભુજ નખત્રાણા માતાના મઢ સુધીનો રસ્તો એ ખૂબ મહત્ત્વનો રસ્તો છે અને એને માટે રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગે વિવિધ તબક્કે કાર્યવાહી હાથ ધરી છે. અત્યારે આમાંનો કેટલોક ભાગ ખાનગીકરણની પ્રક્રિયા દ્વારા પહોળો કરવાની પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું એ મુજબ જવાબમાં જે કહેલ છે એ મુજબ શકયતાદર્શી અભ્યાસ હાથ ધરેલ છે એ ૨૪મી નવૅમ્બર, ૦૬થી શરૂ કરવામાં આવેલ છે અને આ મહિનાના અંત સુધીમાં એટલે કે માર્ચ, ૦૭ સુધીમાં એ શકયતાદર્શી અહેવાલ પ્રાપ્ત થાય એ પ્રકારનું આયોજન લઈને ચાલીએ છીએ. જે રસ્તો પહોળો કરવાની બાબત હતી એ શકયતાદર્શી અહેવાલના અભ્યાસમાં ટ્રાફિક ભારણની ગણતરી લેવામાં આવતી હોય છે. રસ્તાને પહોળો કરવા આઈઆરપીના ધોરણે પેસેન્જર કાર યુનિટ પીસીયુ ઉપર આધાર રહેલો હોય છે. built and paved માર્ગની ક્ષમતા ૧૫૦૦૦ પીસીયુ હોય તો સામાન્ય રીતે થતી હોય છે અને paved shoulder with two-lanes પી યુ સી ૧૭૨૫૦ હોય તો એ પ્રકારનું થતું હોય છે, તો આ પ્રકારના ટ્રાફિકનો જો વ્યવહાર હોય તો એને પહોળો કરવાની પ્રક્રિયા હાથ ધરતા હોઈએ છીએ. અત્યારે આનો શકયતાદર્શી અભ્યાસ શરૂ કરી રહ્યા છીએ. ઑકટોબર, ૦૬ના એક અભ્યાસમાં સામાન્ય ગણતરી મુજબ આ ૧૩૦૦૦ જેટલા પીયુસી આ રસ્તા ઉપર હતો અને અત્યારે અભ્યાસ થઈ રહ્યો છે એમાં જો કોઈ એનો અહેવાલ આવ્યા પછી બાકીની કાર્યવાહીની પદ્ધતિ નક્કી કરવામાં આવશે.

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, આ રસ્તો એ કચ્છ માટે અતિમહત્વનો રસ્તો છે, કચ્છમાં ટ્રાન્સપૉર્ટનો ઉદ્યોગ એ મહત્ત્વનો ઉદ્યોગ છે અને હજારો ગાડીઓ આ રસ્તા ઉપરથી અવરજવર કરતી હોય તો આ પ્રાઇવેટ સંસ્થા રસ્તો કરવા માગતી હોય અને શકયતાદર્શી અહેવાલ આવ્યા પછી આ રસ્તાનું કામ એ જો ન કરવા માગે તો સરકાર એ કરવા માગે છે કે કેમ અને જો સરકાર કરવા માગતી હોય તો એ કેટલા સમયમાં કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આ રસ્તો સંપૂર્ણપણે વાહનવ્યવહારયુકત છે અને સંપૂર્ણપણે જે એની સ્થિતિ હોય છે એ પ્રકારની સારી ગુણવત્તાવાળો રસ્તો છે આમ છતાં આ વર્ષની અંદર આ રસ્તા ઉપર જુદા જુદા જે મેં કહ્યા એ મુજબ એક એનો ફેજ રહેલો છે, અને ખાનગીકરણ હેઠળ કાર્યવાહી હાથ ધરેલી છે. ભુજથી નખત્રાણાની જે અત્યારના ચાલી રહી છે અને હવે જે બાકીની આગળની કાર્યવાહી છે એનો શકયતાદર્શી અહેવાલ તપાસીને એમાં માનનીય અધ્યક્ષશ્રી, એ પ્રકારની છે, ખાનગીકરણની પ્રક્રિયામાં લોકો ત્યારે સામેલ થતા હોય છે કે જ્યારે એની લાયાબિલિટી રહેતી હોય, જ્યારે લાયાબિલિટી ન રહેતી હોય તો અત્યારના જે પ્રકારનો રસ્તો, એ પ્રકારે એ રસ્તો યોગ્ય છે, ગુણવત્તાયુકત રસ્તો છે, આમ છતાં એને વિવિધ રસ્તાની સુધારાની પ્રક્રિયા હોય એ સમયાંતરે અને તબક્કા સ્વરૂપે વિભાગ હાથ ધરતો જ હોય છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, ભુજ કચ્છ જિલ્લામાં ભુજ લખતર ૧૪૦ કિલોમીટરના રસ્તા ઉપર કોઈ કામગીરી હાથ ધરવાનું આયોજન ચાલે છે કે કેમ ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ભુજ નખત્રાણા માતાના મઢ લખપત રસ્તા ઉપર મેં કહ્યું એ મુજબ ભુજથી નખત્રાણા ખાનગીકરણના બેજ ઉપર ૩૯.૪૫ કરોડનું ટેન્ડર આપેલું છે અને એ રસ્તાની કાર્યવાહી અત્યારના ચાલી રહી છે એ સિવાય જુદા જુદા તબક્કાઓમાં કુલ ૫૯૬૨ લાખ એટલે કે લગભગ ૬૦ કરોડ જેટલા રૂપિયાનો આ ખાનગીકરણ બેજ ગણીને આ એક રસ્તા ઉપર ૬૦ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

**સંખેડા તાલુકામાં હેરણ નદી ઉપરના પુલના એપ્રોચ રસ્તાનું કામ**

***૨૧૮૬૬ શ્રી કાંતિભાઈ ભા. તડવી (સંખેડા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

સંખેડા તાલુકામાં હેરણ નદી ઉપરના પુલના એપ્રોચ રસ્તાનું કામ બાકી છે તે ક્યારે પુરુ કરવામાં આવશે ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

સંખેડા તાલુકાના હેરણ નદી ઉપરના પુલના એપ્રોચ રસ્તાનું કામ બાકી છે તે તા. ૩૧-૫-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલ બે તાલુકાઓને જોડતો પુલ છે નસવાડી અને સંખેડા તાલુકાને અને અત્યારે હાલમાં માટીકામ ચાલુ છે અને આ રસ્તા ઉપર બીજો પુલ આવેલો છે જે ૭૦ વર્ષ જૂનો છે એ નુકસાનવાળો થયેલો છે એ પુલ ચોમાસામાં જો વર્ક થઈ જાય તો આ પુલની ઉપયોગીતા વધી જાય અને લગભગ ૧૦૦-૧૫૦ ગામોના લોકોને ખાતર અને બિયારણ લાવવા માટે ઉપયોગી થઈ શકે એમ છે તો આ બ્રિજના એપ્રોચ રોડનું કામ માટી કામ પછી તરત જ ડામર કામ કરીને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવા માગે છે કે કેમ ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબમાં કહ્યું છે એ મુજબ આ એપ્રોચ રસ્તાનું કામ તા. ૩૧-૫-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. પુલનું કામ પૂર્ણ થયું છે અને એપ્રોચનું કામ ચાલી રહ્યું છે, એપ્રોચના કામમાં જે ડામર કામ અને બાકીની કાર્યવાહી કરવાની છે અને એ તા. ૩૧-૫-૦૭ સુધીમાં પૂર્ણ થાય એ પ્રકારનું આયોજન છે, અને એ દિશામાં ચોક્કસપણે આપણે ચોમાસા પહેલાં એ શરૂ થાય એ પ્રકારની કાર્યવાહી શરૂ કરીશું.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છું કે, આ એપ્રોચ રોડ અને પુલના કામમાં કયા કારણસર વિલંબ થયો?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પુલ અને એપ્રોચ રોડ બંને કાર્યવાહી એક સાથે જોડાયેલ હતી. સામાન્ય રીતે પુલની કાર્યવાહી પહેલા હાથ ધરાય છે અને પછી એપ્રોચના ટેન્ડરની કાર્યવાહી હાથ ધરાતી હોય છે પણ પુલનું કામ શરૂ હતું અને એ સમય દરમ્યાન પુર આવ્યું એમાં ધોવાણ થયું એના કારણે ડિઝાઈનમાં ફેરફાર કરાતા વિલંબ થયો અને તે પછી પુલની ઊંચાઈ વધારવાનો નિર્ણય કર્યો અને એ પ્રક્રિયા હાથ ધરવામાં આવી તેમજ પુલ અને એપ્રોચ બંને ટેન્ડર એક સાથે થવાના કારણે પુલનું કામ પૂરું થયા પછી એપ્રોચનું કામ પૂરું થતું હોય છે, પણ એપ્રોચનું કામ ચાલતું હતું એ દરમ્યાન કેટલીક મુશ્કેલી પુરની ઊભી થવાના કારણે થોડું મોડું થયું છે પણ ૩૧-૫-૨૦૦૭ સુધીમાં એપ્રોચનું કામ ડામર સહિતનું આપણે પૂર્ણ કરવા માગીએ છીએ.

## સરકારી હૉસ્પિટલમાં દર્દી પાસેથી ફી લેવા બાબત

***૨૦૧૩૭ શ્રી છબીલભાઈ ના. પટેલ (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ સરકારી હૉસ્પિટલો સામૂહિક આરોગ્ય કેંદ્રો, પ્રાથમિક આરોગ્ય કેંદ્રોમાં દર્દીઓ પાસેથી ફી-દવા-સારવાર ખર્ચ લેવાનું સરકારે નક્કી કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કચ્છ જિલ્લા તેમજ અન્ય પછાત જિલ્લાઓમાં આ ધોરણો લાગુ નહીં પાડવા સરકારે કોઈ છૂટછાટ મૂકી છે કે કેમ, અને

(૩) જો હા, તો કઈ કઈ છૂટછાટ મૂકવામાં આવી છે?

**આરોગ્ય મંત્રીશ્રી :**

(૧) સરકારી હૉસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેંદ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેંદ્રોમાં ગરીબીની રેખા હેઠળ જીવતા દર્દીઓ પાસેથી કોઈ ફી વસૂલ કરવામાં આવતી નથી, પરંતુ રોગી કલ્યાણ સમિતિ દ્વારા આર્થિક રીતે પોસાય તેવા દર્દીઓ પાસેથી હૉસ્પિટલમાં અપાતી સેવના બદલામાં સ્વૈચ્છિક યુઝર્સ ચાર્જીસ સ્વીકારવામાં આવે છે.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, અત્યારે જ્યારે દર્દી હૉસ્પિટલમાં જાય ત્યારે એમને એમ પૂછવામાં આવે છે કે બી.પી.એલ.નું કાર્ડ છે કે નહીં? હું હમણા જનસંપર્ક પ્રોગ્રામ માટે એક ગામમાં ગયો હતો ત્યાં એક શિક્ષક છે એનું નામ બી.પી.એલ.ની યાદીમાં છે અને પ્લાસ્ટિકના ઝૂંપડામાં રહે છે એનું નામ બી.પી.એલ.ની યાદીમાં નથી. તો હું માનનીય મંત્રીશ્રીને એવું કહેવા માગુ છું કે પહેલા બી.પી.એલ.ની યાદી જોયા વગર અનુસૂચિત જાતિ અને ઓ.બી.સી.ને મફત સેવા આપવામાં આવતી હતી તો એ પ્રમાણે બી.પી.એલ.ની યાદી ખામીયુકત છે ત્યારે એને ધ્યાનમાં ન રાખતા આ બંને જાતિના લોકોને આરોગ્યની સેવાનો સરકારી હૉસ્પિટલોમાં ફી લીધા વગર લાભ આપવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની સેવાઓ સ્વાભાવિક કૉન્ગ્રેસના વખતમાં હતી એના કરતા વધુ સારી સેવા બી.પી.એલ. અને એ.પી.એલ. માં આવતા લોકોને મળે છે એટલે કોઈ સરકાર બદલાવાના કારણે કોઈ મુશ્કેલી ઊભી થઈ નથી. આપના વખતમાં અમદાવાદમાં એમ.આર.આઈ. થતું ન હતું, સીટી સ્કેન થતું ન હતું કેટલીય જગ્યાએ વેન્ટીલેટર મશીનો હૉસ્પિટલમાં ન હતા પણ આજે મોટા ભાગના કેંદ્રોમાં એનો ઉમેરો થયો છે અને કેંદ્રોને સારા સુદ્રઢ બનાવવા માટે જેમની પાસે પૈસા લઈ શકાય, અને જે ખર્ચી શકે એમ છે એની પાસેથી લેવામાં આવે છે પણ આ નિર્ણય સરકાર કરતી નથી એ રોગી કલ્યાણ સમિતિ કરે છે અને એમાં સભાગૃહના સભ્યશ્રીઓ છે તેઓ ત્યાં સમિતિમાં બેસીને નિર્ણય કરે છે એ પ્રમાણે લેવાય છે અને એ પણ કહું કે

કેટલા સમિતિઓમાં લેવાય છે, જિલ્લાઓમાં અત્યારે છેલ્લી પરિસ્થિતિ પ્રમાણે ૫૩ જિલ્લા કક્ષાની હૉસ્પિટલો છે એમાંથી ૧૬ જગ્યાએ ચાર્જીસ નથી. તબીબી શિક્ષણની ૬ સંસ્થાઓ મૅડિકલ સાથે જોડાઈ છે એમાં ૩ જગ્યાએ અને સામૂહિક આરોગ્ય કેંદ્રોમાં ૨૫૫ હૉસ્પિટલોમાંથી ૨૨૧ જગ્યાએ આ પ્રકારના યુઝર્સ ચાર્જીસ લેવામાં આવતા નથી. કુલ ૩૧૪ માંથી ૨૪૦ જગ્યાએ યુઝર્સ ચાર્જીસ લેવાતા નથી. એટલે જ્યાં આવા ચાર્જીસ લેવામાં આવે છે એમાં જે સેવા આપવામાં આવે છે એમાં કયાંક ઓ.પી. ડી.માં ૧ રૂપિયાથી ૫ રૂપિયા, ઈન્ડોરના ૫ થી ૪૦ રૂપિયા લૅબૉરૅટરીમાં ૫ રૂપિયા, એકસ-રેના ૧૦ થી ૪૦ રૂપિયા, સોનોગ્રાફી બહાર ૧૨૦૦ રૂપિયામાં થાય છે એના ૨૫ થી ૧૦૦ રૂપિયા, ઈ.સી.જી.મશીન જ્યાં છે એમાં ચાર્જ જ્યાં લેવાય છે ત્યાં ૫ થી ૨૫ રૂપિયા, મેજર ઑપરેશન ૧૦૦ થી ૫૦૦ રૂપિયા, માઈનોર ઑપરેશન માટે ૩૦ થી ૧૦૦ રૂપિયા લેવાય છે, ફિઝિયોથેરાપીના ૫ રૂપિયા આ પ્રમાણે સામાન્ય ચાર્જ લેવામાં આવે છે. બીજુ રિપોર્ટ દર્દી પોતાના ખાનગી ડૉકટર પાસે લઈ જઈને પણ બતાવી શકે એટલે એને ડાયગ્નોસીસ સેવાઓમાં ફકત આર્થિક રીતે પરવડતા હોય એવા લોકો પાસેથી જ લેવાય છે. ગરીબ અથવા ગરીબી રેખા ઉપરના પણ ગરીબ હોય એવા લોકો પાસેથી ચાર્જીસ લેવામાં આવતા નથી.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ઉલ્લેખ કરેલ છે કે, રોગી કલ્યાણ સમિતિ દ્વારા સ્વૈચ્છિક રીતે યુઝર્સ ચાર્જીસ લેવામાં આવે છે ત્યારે રોગી કલ્યાણ સમિતિ પાસે બીજું કોઈ ફંડ સરકાર તરફથી આપવામાં આવે છે કે કેમ ? અને રોગી કલ્યાણ સમિતિની બીજી શી કાર્યવાહી છે તે જાણવા માંગુ છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા કક્ષાની હોસ્પિટલ હોય તો ૧૦ લાખ રૂપિયા ગયા વર્ષે અપાયા હતા આ વર્ષે ૧૫ લાખ રૂપિયા, મેડિકલ કોલેજ માટે ૪૦ લાખ રૂપિયા અને બાકી ૧૫ લાખ રૂપિયા સામૂહિક આરોગ્ય કેન્દ્રને ૧૦ હજાર રૂપિયા એટલે અલગ અલગ કક્ષાની હોસ્પિટલો માટે રાજયકક્ષા તરફથી જે ફંડ આપવામાં આવે છે રાજય કક્ષાનું ફંડ આ સ્થાનિક હોસ્પિટલોનો વહીવટ સ્થાનિક લોકો દ્વારા આપવાનો થાય છે એટલે કે આ રાજયની અંદર આ રાજયના મુખ્યમંત્રી આવ્યા પછી જન ભાગીદારીની જે સંસ્કૃતિ વિકસાવી છે તેનું એક પ્રમાણ રોગી કલ્યાણ સમિતિ છે.

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માંગુ છું કે, રોગી કલ્યાણ સમિતિ દ્વારા કરારબદ્ધ સેવાઓને કારણે માનદ્ તજજ્ઞોમાં વધારો કરાવી શક્યા છે તે વાત સાચી છે ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ રોગી કલ્યાણ સમિતિઓએ કેટલાક કોન્ટ્રેકટ બેઈઝ ઉપર ફીઝીયોથેરાપીસ્ટ, કેટલીક જગ્યાએ ગાયનેકોલોજીસ્ટ, કેટલીક જગ્યાએ રેડીયોલોજીસ્ટ અલગ અલગ સેવાઓની તેમને જરૂર લાગે તો ત્યાં રોકી શકે છે અને નગરના સારા તજજ્ઞોનો લાભ પણ હોસ્પિટલોમાં મળવા લાગ્યો છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક રોગી કલ્યાણ સમિતિના અમલીકરણ પછી જે આવકો સરકારને થઈ છે તે રોગી કલ્યાણ સમિતિના અમલ પહેલાં કેવા પ્રકારની આવક હતી અને કેટલી રકમ મળતી હતી ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારને કોઈ આવક થતી નથી. કારણકે રોગી કલ્યાણ સમિતિ ચેરીટેબલ ટ્રસ્ટ ગુજરાત, નોંધાયેલી સમિતિ છે અને તે સમિતિ તે એક ટ્રસ્ટની અંદર આ આવક આવે છે અને તેનો ઉપયોગ જે તે ટ્રસ્ટ રોગીઓના, દર્દીઓની સેવા માટે વાપરે છે એટલે સરકાર તો ઉપરથી આપે છે. પોતાની પાસેના ૧૦ લાખ રૂપિયા આપે અને તેનો વહીવટ તેમના હાથની અંદર મૂકે છે. જનભાગીદારીના આ વહીવટની અંદર આ સભાગૃહના મોટાભાગના સભ્યો તે તેના સભ્ય છે. તેમને પણ હું વિનંતી કરીશ કે તે પણ રોગી કલ્યાણ સમિતિમાં અન્ય લાભોનો ઉપયોગ કરશે તો પોતાના ગામની અંદરથી સારા દાતાઓ દાન આપશે તો તેને પણ આ સમિતિ ૮૩ નીચેની હોવાના કારણે ઈન્કમટેકસમાં પણ લાભ મળશે.

## વરસાદી પાણીને ભૂતળમાં ઉતારવા જી.ડી.સી.આર.માં કરેલ જોગવાઈ

***૨૧૫૨૦ શ્રી બાબુભાઈ જ. પટેલ (દસક્રોઈ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) વરસાદી પાણીને ભૂતળમાં ઉતારવા માટે જી.ડી.સી.આર.માં સરકારે કોઈ જોગવાઈ કરેલ છે,

(૨) જો હા, તો તેની વિગતો શું છે, અને

(૩) રાજયની મહાનગરપાલિકાઓના વિસ્તારમાં આ અંગે જોગવાઈ કરવામાં આવી છે કે કેમ ?

**શહેરી વિકાસ મંત્રીશ્રી**

(૧) હા,જી.

(૨) તમામ સમુચિત સત્તામંડળોના વિસ્તારમાં વિકાસ પરવાનગી આપતી વખતે આ અંગેના વિનિયમો મુજબ કરવા શરત રાખવા અને બિલ્ડીંગ યુઝ પરવાનગી આપતી વખતે તે વ્યવસ્થાની ચકાસણી કરી લેવાની સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૩) હા, જી.

**શ્રી બાબુભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની અમલવારી કોણ કરાવે છે અને તેમાં કયા પ્રકારની જોગવાઈ છે ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જળ સંચય માટેનો જે પ્રકારનો એક આગવો અભિગમ સમગ્ર ગુજરાતમાં અપનાવ્યો, જન ભાગીદારી જોડાણી તેને માટે વિપક્ષના મિત્ર કહે છે તે મુજબ સમગ્ર ગુજરાત અભિનંદન આપી રહ્યું છે કે જળ સંચયનું શ્રેષ્ઠ કામ આ સરકારે કર્યુ છે. રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની પ્રક્રિયા નગરપાલિકા, મહાનગરપાલિકા અને ઓથોરીટીમાં પણ લાગુ કરવા માટેનો નિર્ણય શહેરી વિકાસ વિભાગે કર્યો અને જે પ્રકારે માનનીય સભ્યશ્રીએ પૂછયું છે તે મુજબ જુદા જુદા સત્તા મંડળો આ સિસ્ટમની અમલવારી કરાવે છે અને તેમાં જે પ્રકારની અમલવારી છે તેમાં પ્લાન મંજૂર કરવાના સમયે તે જોગવાઈને મૂકવાના ફરજિયાત કરવામાં આવ્યું છે અને સાથો સાથ જ્યારે બી.યુ પરમીશન આપવામાં આવે ત્યારે આ પ્રકારની રેઈન વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમની અમલવારી અંદર તેણે જોગવાઈ કરી છે કે નહીં તે પ્રકારની કાર્યવાહી ચકાસવામાં આવે છે અને સમગ્રત: આનો આશય એ રહેલો છે કે નાનું મકાન હોય કે મોટું મકાન હોય પણ ગુજરાત જેવા પ્રદેશમાં જે વરસાદી પાણીનો સંગ્રહ બધીજ જગ્યાએ કરવામાં આવે તો તેનો ખૂબ મોટા પ્રમાણમાં લાભ પ્રાપ્ત થાય અને છેલ્લાં વર્ષથી આ ચાલુ કરેલી પ્રક્રિયાના કારણે ચોક્કસપણે શહેરી ક્ષેત્રમાં તેનો લાભ પ્રાપ્ત થયો છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વરસાદી પાણી ભૂતળમાં ઉતારવાની નિયમોમાં જોગવાઈ તો કરી, પરંતુ એનું પાલન થતું નથી. દસ ટકા લોકો પણ પાળતા નથી. સારા માણસ હોય એ પાળતા હોય, બાકી તો નિયમનું પાલન કરતા નથી, એના માટે આપણે શું કરવા માગીએ છીએ? અને નગરપાલિકાને પણ આ કયારથી લાગુ કરવા માગે છે?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા:** નગરપાલિકા, મહા નગરપાલિકા અને તમામ ઓથોરિટીમાં ૨૭/૭/૨૦૦૪ની સૂચનાથી આ લાગુ કરેલું જ છે. એની અમલવારી માટેની પ્રક્રિયા હાથ ધરેલી છે. કયાંક ઓછો અમલ થતો હશે, તો ચોકકસ ગોવાભાઈ જે પ્રકારની વાત કરે છે કે અત્યાર સુધી કંઈ થતું નહોતું. આ તો બે વર્ષથી આ સરકારે જળસંચયના કામો ઉપાડયા છે અને જે પ્રકારે શહેરી વિસ્તારોમાં લાભ થયો. તમારા જેવા સભ્યશ્રીએ તો ડીસા જેવા શહેરમાં જાગૃતિ લાવવી જોઈએ. લોકોની જન ભાગીદારી જોડવી જોઈએ. વધુમાં વધુ કામગીરી કરે તો ડીસા ગામને જ ફાયદો છે.

## પ્રવાસન વર્ષની ઉજવણીના ઉદ્દેશો

***૨૧૫૨૩ પ્રો. ચંદ્રકાંત મો. પટેલ (ડભોઈ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકારે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે કયા કયા ઉદ્દેશો સિદ્ધ કરવા આયોજન કરેલ છે, અને

(૨) તે પૈકી કેટલા ઉદ્દેશો નિર્ધારીત કરવામાં આવ્યા અને કેટલા સિદ્ધ થયા છે?

**પ્રવાસન મંત્રીશ્રી (રાજય કક્ષા) :**

(૧) ઉદ્દેશો.

૧. પ્રવાસન ક્ષેત્રે રાજયમાં મૂળભૂત આંતરમાળખાકીય સુવિધાઓ અને હયાત પ્રવાસી સેવાઓ સુદ્રઢ કરવી, નવી ઉભી કરવી અને પૂરી પાડવી.

૨. ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પ્રવાસીઓને આકર્ષવા, જેથી તે દ્વારા રાજયમાં પ્રવાસન ક્ષેત્રે મૂડીરોકાણ, આવક અને રોજગારી વધારી શકાય.

(૨) ગુજરાતમાં પ્રવાસન સ્થળોની આંતરમાળખાકીય સુવિધાઓ અને સેવાની કામગીરીમાં વધારો થવાના કારણે પ્રવાસીઓની સંખ્યા જે, વર્ષ ૨૦૦૫ દરમ્યાન ૯૫,૧૩,૨૪૪ હતી, તેમાં વધારો થઈ વર્ષ ૨૦૦૬ દરમ્યાન તે ૧,૨૦,૨૯,૧૩૯ થવા પામેલ છે.

**પ્રો. ચંદ્રકાંત મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. એ ખરેખર અભિનંદનીય કાર્ય થયું છે. આ પ્રવાસન વર્ષ ઉજવવા પાછળના ઉદ્દેશો કયા કયા હતા અને તેમાંથી કયા કયા ઉદ્દેશો સિદ્ધ થયા? અને બાકી રહેતા ઉદ્દેશો સિદ્ધ કરવાનું આયોજન છે કે કેમ?

**શ્રી સી.ડી. પટેલ:** પ્રવાસન ક્ષેત્રને ઉજાગર કરવા માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યુ. તેના અનેક ઉદ્દેશો પૈકી પ્રવાસનના સ્થળની માળખાકીય સુવિધાની વ્યવસ્થા થાય, પ્રવાસન સ્થળોની જાણકારીનો લાભ રાજય, રાજય બહાર ભારત અને વિદેશ સુધી પહોંચે, સ્થાનિક લોકોને રોજગારી મળે, સ્થાનિક કક્ષાએ ધંધા રોજગાર અને ઉદ્યોગોનો વિકાસ થાય અને વિદેશી સહેલાણીઓ ગુજરાતના આંગણે આવે અને ગુજરાતની ગરિમા, સંસ્કાર, સંસ્કૃતિ અને ઉત્સવોમાં જોડાય. સમગ્ર ગુજરાતમાં આવક અને રોજગારીના સાધનો પેદા થાય એની ચિંતા અને ચિંતન કર્યુ છે. એના ભાગરૂપે આ ઉદ્દેશોને સિદ્ધ કરવા માટે સન ૨૦૦૬-૦૭માં, જે સન ૨૦૦૫માં પ્રવાસનનું ૩૦ કરોડનું બજેટ હતું, તે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વધારીને ૧૦૦ કરોડ રૂપિયા ૨૦૦૬-૦૭માં મૂકયા છે. એમાંથી ૫૦ કરોડ રૂપિયા ગુજરાતના જિલ્લાઓને, જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીઓને જિલ્લા કક્ષાના પ્રવાસન સ્થળોને ઉજાગર કરવા માટે ફાળવવામાં આવ્યા. એના પરિણામે સમગ્ર

જિલ્લા કક્ષાએથી માંડીને રાજય કક્ષા સુધીના ઉત્સવોમાં વધુ એક અનેરી ઓળખાણ અને પહેચાન થાય છે. મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કર્યુ છે, એમાં તમામ વિભાગો પણ સામેલ થાય અને એમાં આ રાજયના તમામ વિભાગો, જેમ કે પાણી પુરવઠા વિભાગ, તો એના દ્વારા ૧૬ કરોડ ૪૩ લાખ જેટલા પાણીના કામો, માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૭૮ કરોડના ૬૩ પ્રવાસી પથ અને ૫૩૯ કિલોમીટરના રસ્તાઓના કામ પ્રગતિમાં આવ્યા. નર્મદા વિભાગ દ્વારા કેવડીયા કોલોની ખાતે પ્રવાસન અર્થે ડેમ સાઈટના વિકાસ માટે ૨૦ કરોડના ખર્ચે ૫ લાખ અને ૪૦ હજારથી વધારે પ્રવાસીઓ વર્ષ દરમ્યાન આવ્યા છે. તે ઉપરાંત ડેમ સાઈટ તાપી, ઉકાઈ, કડાણા, વણાકબોરી, ધરોઈ જેવા ડેમોનો પ્રવાસનના વિકાસ સાથે સાથે ઐતિહાસિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિકાસની સાથે સાથે ગુજરાતના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાની અનુભૂતિ કરાવતા હોય છે. શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ટુરિસ્ટ કલબો જેવા અનેક ઉદ્દેશો સિદ્ધ કરવામાં આવ્યા છે. વિદેશથી આવતા મુસાફરોની સંખ્યામાં વધારો થયો છે. મારે તેમને કહેવું છે કે હવાઈ મુસાફરી સાથે વિદેશથી આવતા મુસાફરોની સંખ્યામાં એટલો વધારો થયો છે. જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૦૫ સુધીના ૧૨ માસના ગાળામાં આવા પ્રવાસીઓ ૧૨૯૪૮ હતા એ વધીને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૧,૩૬,૪૪૭ પ્રવાસીઓ આવ્યા છે.

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સમી તાલુકાના રવદ ગામ અને મરદાનગંજ ગામને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં આવરી લેવા બાબત

૧૯૨૮૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એ હકીક્ત સાચી છે કે સમી તાલુકાના રવદ ગામ અને મરદાનગંજ આ બંને ગામોને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો લાભ મળ્યો નથી, અને

(૨) જો હા, તો આ ગામોને જોડતા રસ્તા બનાવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) સમી તાલુકાના રવાદ ગામની વસ્તી-૧૨૮૧ છે. જે પાકા ડામર રસ્તાથી જોડાયેલ છે. અને મરદાનગંજ ગામની વસ્તી ૩૬૩- જે ૫૦૦ થી નીચે છે. જેથી પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના માર્ગદર્શિકા પ્રમાણે લાભ મળ્યો નથી.

(૨) હાલમાં કોઇ આયોજન નથી.

-----------

### નવસારી/વલસાડ જિલ્લામાં જૂન-૨૦૦૬ના ભારે વરસાદને કારણે માર્ગોને થયેલ નુક્સાન

૨૧૬૯૭**શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી/વલસાડ જિલ્લામાં જૂન-૨૦૦૬ થી ડીસેમ્બર-૦૬ સુધીમાં ભારે વરસાદને કારણે જિલ્લા પંચાયત અને રાજ્ય હસ્તક્ના કેટલા માર્ગોને કેટલું નુક્સાન થયેલ છે, અને

(૨) રોડ રીપેરીંગ માટે જિલ્લાવાર કેટલી સહાય મંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) નવસારી / વલસાડ જિલ્લામાં ભારે વરસાદના કારણે નીચે મુજબ નુક્સાન થયેલ

| જિલ્લો | થયેલ નુક્સાનની વિગત | |
|---|---|---|
| | માર્ગોની સંખ્યા | રકમ (રૂા. લાખમાં) |
| નવસારી | ૨૧૮ | ૧૭૨૧.૫૩ |
| વલસાડ | ૧૯૨ | ૧૭૫૧.૫૪ |

(૨) પુર મરામત સદરે ફેબ્રુઆરી-૦૭ અંતિત ફાળવેલ ગ્રાન્ટ

| જિલ્લો | ગ્રાન્ટ (રૂા. લાખમાં) |
|---|---|
| નવસારી | ૪૫૨.૨૦ |
| વલસાડ | ૨૪૧.૧૦ |

-----------

## રાજકોટની પંડિત દીનદયાળ સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની બેઠકો

૨૦૯૦૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટની પંડિત દીનદયાળ સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની મીટીંગ ક્યારે ક્યારે બોલાવવામાં આવી,

(૨) જિલ્લા રોગી કલ્યાણ સમિતિના સભ્યો કોણ કોણ છે, અને

**જવાબ**

(૧) તારીખ ૧૯-૪-૦૬ અને તારીખ ૨૧-૧૧-૦૬

(૨)

| ક્રમ | નામ |
|---|---|
| ૧ | કમિશ્નરશ્રી, આરોગ્ય |
| ૨ | તબીબી અધિક્ષકશ્રી,<br>પી.ડી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ. |
| ૩ | ક્લેક્ટરશ્રી, રાજકોટ. |
| ૪ | કમિશ્નરશ્રી, રાજકોટ. |
| ૫ | પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ. |
| ૬ | પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ. |
| ૭ | મેયરશ્રી, રાજકોટ. |
| ૮ | સંસદસભ્યશ્રી, રાજકોટ. |
| ૯ | ધારાસભ્યશ્રી, રાજકોટ. |
| ૧૦ | અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ. |
| ૧૧ | ડીનશ્રી,<br>પી.ડી.ડી.યુ. મેડીકલ કોલેજ, રાજકોટ. |
| ક્રમ | નામ |
| ૧૨ | અધિક તબીબી અધિક્ષકશ્રી,<br>પી.ડી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ. |
| ૧૩ | સર્જરી વિભાગના વડા,<br>પી.ડી.ડી.યુ. હોસ્પિટલ, રાજકોટ. |
| ૧૪ | કાર્યપાલક ઈજનેરશ્રી,<br>માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ. |
| ૧૫ | આરોગ્ય અધિકારી, રાજકોટ. |
| ૧૬ | ખોરાક અને ઓષધ નિયમન તંત્રના ઈન્સ્પેક્ટર, રાજકોટ. |
| ૧૭ | સી.ડી.એચ. ઓ. રાજકોટ. |
| ૧૮ | નિવાસી તબીબી અધિકારી, રાજકોટ. |
| ૧૯ | ડૉ. અમિત હપાણી,<br>પ્રમુખશ્રી સ્થાનિક ઈન્ડિયન મેડીકલ એસો. રાજકોટ. |
| ૨૦ | શ્રી નરેશભાઈ પટેલ,<br>પ્રેસીડેન્ટ, એન્જીનીયરીંગ એસો. રાજકોટ. |
| ૨૧ | શ્રી કિશોરભાઈ કડવાણી<br>પ્રેસીડેન્ટ, જી.આઈ.ડી.સી. રાજકોટ. |
| ૨૨ | શ્રી જીજ્ઞેશભાઈ ઉપાધ્યાય<br>પ્રમુખશ્રી, બોલબાલા એસો. ટ્રસ્ટ. |
| ૨૩ | શ્રી હરેશભાઈ લાખાણી<br>શ્રી રાજ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ. |
| ૨૪ | શ્રી માધવભાઈ દવે, સામાજીક કાર્યકર. |
| ૨૫ | શ્રી વિજયભાઈ માવજીભાઈ મેઠાણીયા,<br>સામાજીક કાર્યકર. |

| | |
|---|---|
| ૨૬ | શ્રીમતી રાબીયાબેન સરવેયા, સામાજીક કાર્યકર. |

(૩) છેલ્લી રોગી કલ્યાણ સમિતિમાં લેવાયેલ નિર્ણયોની અમલવારી ક્યારથી શરૂ કરવામાં આવી ?

(૩) તારીખ ૨૨-૧૧-૦૬ થી.

-----------

**રાજ્યમાં ચિરંજીવી યોજનાનો અમલ**

૨૧૬૮૪ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચિરંજીવી યોજના પાછળ જિલ્લાવાર કુલ કેટલો ખર્ચ થયો, અને

(૨) જિલ્લાવાર કુલ કેટલા લાભાર્થીઓને આ યોજનાનો લાભ મળ્યો ?

**જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ચિરંજીવી યોજના પાછળ જિલ્લાવાર કુલ રૂા. ૬,૮૫,૩૪,૮૯૫/- ખર્ચ થયો.

(૨) ચિરંજીવી યોજના અંતર્ગત યોજનાના અમલ પછી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કુલ ૩૮,૧૮૧ લાભાર્થીઓને લાભ મળ્યો. જે અંગે જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.

**પત્રક**
**ચિરંજીવી યોજના**

**તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક**

| અ. નં. | જિલ્લાનું નામ | થયેલ પ્રસુતિ | થયેલ ચુકવણું |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૬૬ | ૧૧૮૪૭૦ |
| ૨ | મહેસાણા | ૨૬૨ | ૪૭૦૨૯૦ |
| ૩ | પાટણ | ૪૪૦ | ૭૮૯૮૦૦ |
| ૪ | સાબરકાંઠા | ૫૦૩૨ | ૯૦૩૨૪૪૦ |
| ૫ | બનાસકાંઠા | ૬૨૭૮ | ૧૧૨૬૯૦૧૦ |
| ૬ | અમદાવાદ | ૩૦૩ | ૫૪૩૮૮૫ |
| ૭ | ખેડા | ૩૩૭ | ૬૦૪૯૧૫ |
| ૮ | આણંદ | ૨૩૨ | ૪૧૬૪૪૦ |
| ૯ | સુરેન્દ્રનગર | ૮૬ | ૧૫૪૩૭૦ |
| ૧૦ | વડોદરા | ૪૨૬ | ૭૬૪૬૭૦ |
| ૧૧ | પંચમહાલ | ૧૧૬૧૫ | ૨૦૮૪૮૯૨૫ |
| ૧૨ | દાહોદ | ૭૯૯૧ | ૧૪૩૪૩૮૪૫ |
| ૧૩ | ભરૂચ | ૨૪ | ૪૩૦૮૦ |
| ૧૪ | નર્મદા | ૪૩ | ૭૭૧૮૫ |
| ૧૫ | સુરત | ૫૨ | ૯૩૩૪૦ |
| ૧૬ | નવસારી | ૭૮ | ૧૪૦૦૧૦ |
| ૧૭ | વલસાડ | ૯ | ૧૬૧૫૫ |
| ૧૮ | આહવા-ડાંગ | ૩ | ૫૩૮૫ |
| ૧૯ | રાજકોટ | ૧૪૪ | ૨૫૮૪૮૦ |
| ૨૦ | જામનગર | ૧૦ | ૧૭૯૫૦ |
| ૨૧ | કચ્છ | ૪૪૪૭ | ૭૯૮૨૩૬૫ |
| ૨૨ | ભાવનગર | ૧૫૮ | ૨૮૩૬૧૦ |
| ૨૩ | અમરેલી | ૧૭ | ૩૦૫૧૫ |
| ૨૪ | જુનાગઢ | ૭૯ | ૧૪૧૮૦૫ |
| ૨૫ | પોરબંદર | ૪૯ | ૮૭૯૫૫ |
| | કુલ | ૩૮૧૮૧ | ૬૮૫૩૪૮૯૫ |

-----------

## ડાંગ જિલ્લામાં પાકા રસ્તાની સુવિધા આપવા બાબત

૧૯૫૩૮**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો પાકા રસ્તાઓથી જોડાયેલ નથી, અને | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ફક્ત એક ગામ પાકા રસ્તાથી જોડાયેલ નથી. |
| (૨) આવા ગામોને પાકા રસ્તાથી જોડવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) આ જિલ્લાનું એક ગામ ડોન પાકા રસ્તાથી જોડવાનું બાકી છે આ ગામને જોડતા રસ્તાનો પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કોર નેટવર્કમાં સમાવેશ થયેલ છે. પરંતુ આ રસ્તાની પથરેખા જંગલની રીઝર્વ જમીનમાંથી પસાર થાય છે. જમીન સંપાદન થયેથી રસ્તાનું કામ હાથ ધરવાનું આયોજન છે. |

-----------

## આણંદ જિલ્લામાં આર.સી.એચ. કાર્યક્રમ અંતર્ગત ગ્રાન્ટ મંજૂર કરવા બાબત

૨૧૬૯૩ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬ અને વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આર.સી.એચ. કાર્યક્રમ અંતર્ગત આણંદ જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) આણંદ જિલ્લાને આર.સી.એચ. કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં રૂા. ૧,૭૬,૫૬,૧૯૧/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવી. અને વર્ષ ૨૦૦૬-૨૦૦૭- ૩૧-૧-૦૭ સુધીમાં રૂા. ૨,૩૬,૬૫,૯૮૫/૦૦ની ગ્રાન્ટ ફાળવવામાં આવી. |
| (૨) ક્યા ક્યા હેતુસર કેટલી ગ્રાન્ટ વપરાઇ છે, અને | (૨) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ |
| (૩) બાકી ગ્રાન્ટનો કેટલા સમયમાં ખર્ચ કરવામાં આવશે ? | (૩) સદર ગ્રાન્ટનો ખર્ચ ૩૧ માર્ચ ૨૦૦૭ સુધીમાં કરવાનું આયોજન છે. |

<u>પત્રક-૧</u>

**સને ૨૦૦૫-૦૬ અને સને ૨૦૦૬-૦૭માં ક્યા ક્યા હેતુસર કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે તેની વિગત દર્શાવતું પત્રક**

| | | |
|---|---|---|
| ૧. | મેજર સીવીલ વર્ક | ૧૬,૪૫,૪૫૮/- |
| ૨. | માઈનોર સીવીલ વર્ક | ૪,૪૦,૦૦૦/- |
| ૩. | સ્ટાફનર્સ અને લેબ. ટેક. પગાર | ૧૧,૫૮,૬૨૨/- |
| ૪. | એમ.એસ.એસ./આઈ.ઈ.સી. | ૮૭,૯૬૦/- |
| ૫. | બીઈએમઓસી તાલીમ | ૪૦,૪૫૮/- |
| ૬. | પીઓએલ આર.સી.એચ. | ૨૭,૦૧૩/- |
| ૭. | કન્ટીજન્સી | ૨૮,૬૫૮/- |
| ૮. | જાહેરાત ખર્ચ | ૬૬,૬૨૮/- |
| ૯. | રસીકરણ ખર્ચ | ૮૦,૩૧૬/- |
| ૧૦. | વિટામીન એ ખર્ચ | ૩૯,૬૫૮/- |
| ૧૧. | પ્રસુતા સહાય | ૬૮,૦૦૦/- |
| ૧૨. | ડીપીએમયુ ઓફિસ ઓટોમેશન | ૧,૨૪,૨૩૯/- |
| ૧૩. | આઈપીપીઆઈ | ૧૪,૯૧,૨૫૦/- |
| ૧૪. | દાઈ વળતર વધારા માટે | ૧૨,૨૧૦/- |
| ૧૫. | આર.સી.એચ. સ્ટાફ પગાર | ૫,૮૧,૨૨૦/- |
| ૧૬. | કન્ટીજન્સી | ૩૮,૬૭૫/- |
| ૧૭. | ફ્યુઅલ ખર્ચ વાહન | ૨૭,૨૦૯/- |
| ૧૮. | દવા ખરીદી માટે | ૧,૦૦,૦૦૦/- |

| | | |
|---|---|---|
| | કુલ... | ૬૦,૫૮,૫૭૩/- |

**૨૦૦૬-૦૭માં ક્યા ક્યા હેતુસર કેટલી ગ્રાન્ટ વપરાયેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | પ્રસુતા સહાય | ૯,૫૦,૫૦૦/- |
| ૨. | જનની સુરક્ષા યોજના | ૨,૫૦,૧૦૦/- |
| ૩. | ચિરંજીવી યોજના | ૫,૬૪,૫૦૦/- |
| ૪. | કુટુંબ કલ્યાણ ઓપરેશન | ૧૨,૭૯,૪૨૧/- |
| ૫. | લેપ્રોસ્કોપી ખર્ચ | ૧૦,૦૦૦/- |
| ૬. | રસીકરણ સેશન | ૫,૮૮,૧૦૮/- |
| ૭. | બ્લોક હેલ્થ ઓફિસ ઓપરેશનલ ખર્ચ | ૬૦,૩૮૧/- |
| ૮. | બ્લોક હેલ્થ ઓફિસ ગાડી ભાડાના | ૨,૪૫,૪૦૩/- |
| ૯. | પીઓએલ પી.એચ.સી. | ૩,૨૦,૫૮૫/- |
| ૧૦. | ટી.બી.હોસ્પિટલ માઈનોર, સીવીલ વર્ક | ૨૫,૦૦૦/- |
| ૧૧. | સ્ટાફનર્સ અને લેબ. ટેક. પગાર | ૭,૫૫,૬૩૬/- |
| ૧૨. | પ્રીન્ટીંગ ખર્ચ | ૧,૦૦,૨૦૯/- |
| ૧૩. | એમ.એસ.એસ./આઈ.ઈ.સી. | ૧,૫૮,૮૨૫/- |
| ૧૪. | અર્બન હેલ્થ | ૩,૧૭,૭૮૬/- |
| ૧૫. | ક્વાલીટી ઓસોરન્સ વર્ક શોપ | ૧૦,૮૧૧/- |
| ૧૬. | ડીપીએમયુ ઓફિસ ઓટોમેશન | ૫,૬૨,૫૨૪/- |
| ૧૭. | આઈપીપીઆઈ | ૨૩,૧૨,૧૪૫/- |
| ૧૮. | સબ સેન્ટર ખર્ચ | ૧૫,૬૬૭/- |
| ૧૯. | દાઈ વળતર વધારા માટે | ૬,૭૫૦/- |
| ૨૦. | આર.સી.એચ. સ્ટાફ પગાર | ૯,૧૧,૭૮૦/- |
| ૨૧. | કન્ટીજન્સી | ૪૪,૨૦૮/- |
| ૨૨. | ફ્યુઅલ ખર્ચ વાહન | ૭૩,૦૦૨/- |
| | **કુલ....** | **૯૬,૦૪,૦૩૯/-** |

-----------

**સરકાર હસ્તક દેવસ્થાનોનો વહીવટ**

૧૯૭૧૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ અંતિત રાજ્ય સરકાર પાસે કેટલા દેવસ્થાન (મંદિરો)નો વહીવટ છે, | (૧) ૩૩૯ દેવસ્થાનો. |
| (૨) જે પેકી સુરત જિલ્લામાં કેટલા દેવસ્થાન સરકાર હસ્તક હતા, અને | (૨) નીચે મુજબ બે દેવસ્થાનો આવેલ છે.<br>(૧) શ્રી ઠાકોર મંદિર, બારિયા, તા. મહુવા<br>(૨) શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર, સરસ, તા. ઓલપાડ. |
| (૩) ઓલપાડ તાલુકામાં કેટલા દેવસ્થાનો સરકાર હસ્તક આવેલ છે ? | (૩) ઓલપાડ તાલુકાના સરસ ગામે શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર એ એક દેવસ્થાન આવેલ છે. |

----------

**શહેરા નગરપાલિકાને વિકાસના કામો માટે આપેલ ગ્રાન્ટ**

૨૧૮૮૬**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાની શહેરા નગરપાલિકા (બરો)ને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં પાણી/રસ્તા અને વિજળી તથા વિકાસના અન્ય કામો માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, | (૧) ઓક્ટ્રોય ગ્રાન્ટ સિવાયની અન્ય ગ્રાન્ટ ફાળવાયેલ નથી. |

(૨) તે પેકી કેટલા કામો મંજૂર થયા અને કેટલા બાકી છે, અને — (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) મંજૂર થયેલ કામોની પ્રગતિ શું છે ? — (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં નવા બંધાતા રસ્તાઓમાં અને મેઇન્ટેનન્સમાં નવી જોગવાઇઓ**

૨૧૪૯૫**શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં નવા બંધાતા રસ્તાઓમાં અને મેઇન્ટેનન્સ કરતા રસ્તાઓમાં કોઇ નવી જોગવાઇઓ ઉમેરાયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કઇ કઇ ? | (૨) (૧) રસ્તાના ડામરકામ સાથેના કામ માટે ૩ વર્ષ સુધી ફ્રી મેઈન્ટેનન્સ ગેરંટીનો બહોળા પ્રમાણમાં ઉપયોગ.<br>(૨) ખાસ યોજનાના કામોની ગુણવત્તા અંગે થર્ડ પાર્ટી ઈન્પેકશન.<br>(૩) થર્મો પ્લાસ્ટીક પેઈન્ટના પટ્ટા રીફલેકટીવ બોર્ડ, ક્રેશ બેરીયર.<br>(૪) જનભાગીદારીથી જંકશન સુધારણા. |

-----------

**આરોગ્ય વિભાગના ઠરાવ અનુસાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એલોપેથિક ડોકટરોની જ્ગ્યા નાબુદ કરવા બાબત**

૨૧૧૨૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૨૦-૭-૦૬ના આરોગ્ય વિભાગના ઠરાવ અનુસાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં એલોપેથિક ડોકટરોની જ્ગ્યા નાબુદ કરવામાં આવી છે તે હકીક્ત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ઇ-ગર્વનન્સની કાર્યવાહી**

૨૦૯૧૦ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ઇ-ગર્વનન્સની કાર્યવાહી હાથ ધરાયેલ છે તે હકીક્ત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) આ અંગે ક્યા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) નગરપાલિકાઓમાં તથા મહાનગરપાલિકાઓમાં વિવિધ મોડ્યુલ્સના અમલીકરણ અને રોજબરોજની વહીવટી કામગીરી કોમ્પ્યુટરાઈઝડ પધ્ધતિથી કરવામાં આવે છે. |

-----------

**ઉંઝા તાલુકામાં અતિવૃષ્ટિમાં નુક્સાન પામેલ રસ્તાઓ, પુલ અને નાળાં**

૨૧૮૯૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬ના વર્ષમાં આવેલ અતિવૃષ્ટિ દરમ્યાન ઉંઝા તાલુકામાં નુક્સાન પામેલ રસ્તા તથા પુલ નાળાંનાં કેટલા કામો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ઉંઝા તાલુકાના કુલ ૨૦ રસ્તાઓની મરામત કરી વાહન વ્યવહાર યુક્ત બનાવેલ છે. તથા ૪ નાળાં ૧ પુલનું કામ પ્રગતિમાં છે. |

(૨) જો આ કામો હાથ પર ધરવામાં ન આવેલ હોય તો સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે ?

(૨) કાયમી મરામતના ૧ કામની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**ભાવનગર જિલ્લામાં રસ્તાને આપેલ જોબ નંબરો**

૨૧૫૬૦**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા રસ્તાઓના જોબ નંબરો આપવામાં આવેલા, | (૧) ૮૬ રસ્તા. |
| (૨) આપેલા જોબ નંબરોમાંથી ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં કુલ કેટલા કિ.મી.ના રસ્તા ભાવનગર જિલ્લામાં બનાવવામાં આવ્યા છે, અને | (૨) ૨૮૦. ૧૪ કિ. મી. |
| (૩) બાકી રહેતા રસ્તાઓ ક્યાં સુધીમાં પૂરા કરવામાં આવશે ? | (૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

-----------

**તળાજા તાલુકામાં પ્રવાસન વર્ષ નિમિત્તે બનેલ રસ્તાઓ**

૨૧૧૩૫**શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત કેટલી લંબાઇના માર્ગોની સુધારણા માટે ૨૦૦૬-૦૭ ના નાણાંકીય વર્ષમાં કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૫.૦૦ કિ.મી. લંબાઇના રૂા. ૧૩૨.૦૦ લાખની રકમ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આ કામગીરી દ્વારા કેટલા પર્યટન સ્થળોને જોડતા રસ્તાઓની સુધારણા થશે ? | (૨) ત્રણ પર્યટન સ્થળો. |

-----------

**કડીના સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનની મરામત કામગીરી**

૨૧૬૫૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર કડીના મકાનની મરામત પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | શૂન્ય |

-----------

**વલસાડ તથા નવસારી જિલ્લામાં પ્રવાસન ધામો પાછળ થયેલ ખર્ચ**

૨૧૮૭૩**શ્રી છનાભાઈ કો. ચૌધરી(ધરમપુર): માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) પ્રવાસન વર્ષમાં વલસાડ તથા નવસારી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૭માં કેટલી રકમ પ્રવાસ ધામોના વિકાસ માટે ફાળવી, | (૧) વલસાડ : રૂા. ૧૫૦.૦૦ લાખ<br>નવસારી : રૂા. ૬૪૫.૨૭ લાખ |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વલસાડ : રૂા. ૫૩.૦૦ લાખ<br>નવસારી : રૂા. ૫૯.૨૨ લાખ<br>કામકાજો પ્રવગતિમાં હોઇ, માર્ચ-૦૭ અંતિત ખર્ચ થઇ જવાની સંભાવના છે. |
| (૩) ક્યા ક્યા પ્રવાસ ધામો પાછળ ખર્ચ કર્યો ? | (૩) વલસાડ ખાતે વિલ્સન હીલ, પીપરોલ અને તીથલ બીચ પ્રવાસ ધામ માટે ખર્ચ કરવામાં આવેલ છે, જ્યારે નવસારી જિલ્લામાં અજમલગઢ, ઉનાઇ, ઉભરાટ, દાંડી, ભેરવી અને કિલાદ પ્રવાસ ધામો માટે ખર્ચ કરેલ |

છે.

-----------

**ખંભાત સબ ડિવિઝનમાં રસ્તાઓની મરામત કામગીરી**

૨૦૯૧૮**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખંભાત સબ ડીવીઝન દ્વારા કેટલી રકમના રસ્તા બનાવવામાં આવ્યા તેમજ કેટલા રસ્તાઓની મરામત કરવામાં આવી, અને

(૨) આ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) રૂા.૨૮૮.૮૮ લાખનાં ખર્ચે ૨૧.૦૫ કિ.મી. લંબાઇના નવા રસ્તા બનાવવામાં આવ્યા. સદર સમયગાળા દરમ્યાન વર્ષવાર નીચે દર્શાવ્યા મુજબ રસ્તાઓની મરામત તે સામે દર્શાવેલ ખર્ચે કરવામાં આવી.

| વર્ષ | રસ્તાની સંખ્યા | ખર્ચ (રૂા.લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૩-૦૪ (તા.૧-૧-૦૪ થી) | ૫૩ | ૪૫.૬૨ |
| ૨૦૦૪-૦૫ | ७१ | ૩૮.૧૨ |
| ૨૦૦૫-૦૬ | ७८ | ૫૧.૦૪ |
| ૨૦૦૬-૦૭ (તા.૩૧-૧૨-૦૬ સુધી) | ૪૬ | ૬૬.૨૧ |

-----------

**સુરત અને અમરેલી જિલ્લામાં ૭ વર્ષથી વધારે સમયથી રોડને પેવર ન થવા બાબત**

૨૧૬૭૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સરકારે વર્ષથી વધારે સમયથી જે રોડને પેવર થયેલ ન હોય તેને પેવર રોડ કરવાની જાહેરાત કરેલ છે કે કેમ,

(૨) જો, હા, તો સુરત અને અમરેલી જિલ્લાના સાત વર્ષથી વધારે સમયથી રોડ મરામત ન થયા હોય અને પેવર કામો ન થયા હોય તેવા કેટલા રસ્તાઓ છે, અને

(૩) આ રસ્તાઓના કામો કેટલા સમયમાં શરૂ થશે?

**જવાબ**

(૧) સામાન્ય રીતે આવા રસ્તાઓને અગ્રતાક્રમ આપવામાં આવે છે.

(૨) સુરત જિલ્લાના ૨૫૬ રસ્તા અને અમરેલી જિલ્લાના ૧૪૩ રસ્તા પર છેલ્લા સાત વર્ષથી પેવરકામ થયેલ નથી.

(૩) આ રસ્તાઓ પેકી ૧૨૯ કામોનું આયોજન થયેલ છે. જે પૈકી ૩ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે બાકીના કામો વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી જેમ બને તેમ જલ્દીથી.

-----------

**વડોદરા જિલ્લામાં સોરભ કન્સ્ટ્રક્શન કંપની દ્વારા રસ્તાના કામો ન થવા બાબત**

૨૧૬૮૨ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં સોરભ કન્સ્ટ્રક્શન નામની કંપની ઘણા સમયથી રોડ રસ્તાના લીધેલ કામો કરતી નથી તે શું સરકારના ધ્યાન ઉપર છે, અને

(૨) જો હા, તો તે સામે શાં પગલાં ભરવા માંગો છો, અને ના, તો ક્યા કારણોસર?

**જવાબ**

(૧) આ કોન્ટ્રાકટર દ્વારા કામો મહદઅંશે સમય મર્યાદા બહાર કરેલ છે તે ધ્યાને આવી છે.

(૨) ટેન્ડરની શરતો મુજબ પગલાં લેવા જિલ્લા પંચાયતને જણાવેલ છે.

-----------

**વઢવાણ તાલુકામાં રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત**

૨૦૯૩૧ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ વઢવાણ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં રાજ્ય હસ્તક અને પંચાયત હસ્તકના ક્યા ક્યા રસ્તાઓને જોબ નંબર આપ્યા,

(૨) જે પૈકી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા રસ્તાઓના કામ પૂર્ણ થયેલ છે, અને

(૩) બાકીના રસ્તાઓના કામ ક્યા તબક્કે છે, અને તે સરકાર ક્યારે પુરા કરવા માંગે છે?

**જવાબ**

(૧) ૧૦ રસ્તા

(રસ્તાઓની યાદી પરિશિષ્ટ-૧ મુજબ)

પરિશિષ્ટ-૧

| ક્રમ | રસ્તાનું નામ | કામની સ્થિતિ |
|---|---|---|
| ૧ | લીમડી ધંધુકા રોડ | પુર્ણ |
| ૨ | વઢવાણ વાઘેલા રોડ | પુર્ણ |
| ૩ | સુરેન્દ્રનગર ડોડીયા રોડ | પુર્ણ |
| ૪ | મેમકા સાકળી ભડીયાદ રોડ | પુર્ણ |
| ૫ | રાઇ એપ્રોચ રોડ જોઇનીંગ ટુ વઢવાણ લીંબડી રોડ | પુર્ણ |
| ૬ | વઢવાણ જોરાવરનગર રોડ | પુર્ણ |
| ૭ | સુરેન્દ્રનગર મુળચંદ રોડ | પ્રગતિમાં |
| ૮ | વાડલા કોઠારીયા રોડ | પ્રગતિમાં |
| ૯ | બલદાણા ગોમટા ખારવા રોડ | પ્રગતિમાં |
| ૧૦ | દેદાદરા ઝાંપોદર રોડ | ટેન્ડર સ્ટેજ |

(૨) ૬ રસ્તાના કામો પૂર્ણ થયેલ છે.

(રસ્તાઓની યાદી પરિશિષ્ટ-૧ મુજબ)

(૩) ૩ રસ્તા પ્રગતિ હેઠળ છે, જ્યારે ૧ રસ્તાનું કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે જેમ બને તેમ જલદી કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં ટાઉન પ્લાનીંગની કલમ-૬બી અન્વયે નિકાલ કરેલ અપીલોની સંખ્યા**

૧૯૯૬૪ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના કલેકટરશ્રી સમક્ષ ટાઉન પ્લાનીંગ એકટની કલમ-૬બી નીચે તા. ૧-૨-૦૬ થી ૩૧-૧૨-૦૬ સુધી કેટલી અપીલો દાખલ થઈ, અને

(૨) કેટલાનો ચૂકાદો આવ્યો?

**જવાબ**

(૧) (૩) ત્રણ

(૨) (૩) ત્રણ

-----------

**ધોલાઈ બંદરને નેશનલ હાઈવે સાથે રસ્તાથી જોડાણ**

૨૧૩૭૩ **શ્રી કરસનભાઈ ભી. પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ ગણદેવી તાલુકાના ધોલાઈ બંદરને નેશનલ હાઈવે સાથે રસ્તાનું જોડાણ કરવાની વિચારણા ચાલે છે, અને

(૨) જો હા, તો તે માટે શું આયોજન કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨) ધોલાઇ બંદરને નેશનલ હાઇવે સાથે હયાત ડામર સપાટીથી જોડાણ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**પાટનગર યોજનામાં સમાવિષ્ટ ગામોના રસ્તા બનાવવા બાબત**

૨૧૭૭૪ **ડૉ. સી. જે. ચાવડા(ગાંધીનગર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટનગર યોજનામાં સમાવિષ્ટ ધોળાકુવા, ફતેપુરા, આદિવાડા, ઈન્દ્રોડા, બાસણ, પાલજ ગામોમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવીન રોડ કેટલી લંબાઈના બનાવ્યા,

(૨) કેટલા કિલોમીટરના રોડ ગામવાર બનાવવાના બાકી છે, અને

(૩) એના માટે ૨૦૦૬-૦૭ ના વર્ષમાં શું આયોજન છે?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં કુલ ૨૩૦૦ મીટરનાં નવા રસ્તા બનાવેલ છે.

(૨) ગામવાર બાકી લંબાઇના નીચે મુજબ છે.

| | |
|---|---|
| પાલજ | ૧૨૨૭ મી. |
| બાસણ | ૬૪૩ મી. |
| બોરીજ | ૧૨૦ મી. |
| ઇન્દ્રોડા | ૧૧૬૩ મી. |
| ધોળાકુવા | ૧૦૨૧ મી. |
| ફતેપુરા | ૧૧૬૧ મી. |
| આદીવાડા | ૨૪૩૯ મી. |
| કુલ : | ૭૭૭૪ મી. |

(૩) ૨૦૦૬-૦૭માં વર્ષમાં જોગવાઇ પ્રમાણે હાથ ધરવાનું આયોજન કરેલ છે.

-----------

**માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં રેસ્ટ હાઉસ બનાવવા બાબત**

૨૦૯૦૧**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંગરોળ અને નવો બનેલ ઉમરપાડા તાલુકામાં એક પણ રેસ્ટ હાઉસ સ્ટેટનું નથી તો સરકાર માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં સ્ટેટનું રેસ્ટ હાઉસ બનાવવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં?

**જવાબ**

(૧) હાલ આયોજન નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વાયુસેના ગાંધીનગરને જમીન ફાળવણી**

૧૯૨૯૪**શ્રી ચંદ્રકાંત મો. પટેલ (ડભોઇ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાયુસેના દ્વારા ગાંધીનગર ખાતે કેટલા એકર જમીન મેળવવા ક્યારે શા ભાવે માંગણી થઈ હતી,

(૨) આ વાયુસેનાને રાજ્ય સરકાર શા ભાવે જમીન આપવા માંગે છે, અને

(૩) વાયુસેનાને ઓછા ભાવે જમીન આપવા રાજ્ય સરકારે ફેરવિચારણા કરી છે કે કેમ?

**જવાબ**

(૧) ભારતીય વાયુ સેનાના દક્ષિણ-પશ્ચિમ વાયુ કમાન્ડ, મુખ્યાલય, ગાંધીનગરના તા. ૪-૫-૨૦૦૧ના પત્રથી ૧૦૦ થી ૧૫૦ એકર જમીન તા. ૨૯-૮-૦૧, તા. ૨૬-૭-૦૨, તા. ૨૯-૮-૦૨ અને તા. ૧૨-૫-૦૩ ના પત્રોથી ૧૦૦ એકર જમીનની માંગણી કરેલ. તેમાં ભાવોનો ઉલ્લેખ કરેલ ન હતો.

(૨) માર્ગ અને મકાન વિભાગના તા. ૩-૧૦-૨૦૦૩ના ઠરાવથી કુલ ૧૦૦ એકર જમીન રૂા. ૭૨૦૦/- પ્રતિ ચો. મી. ના ભાવે આપવામાં આવેલ છે.

(૩) વાયુસેનાની કિંમત ઘટાડવા અંગેની દરખાસ્ત વિચારણા હેઠળ છે.

----------

**મેંદરડા તાલુકાના જીંજીડા ગામનો રસ્તો બિસ્માર હોવા બાબત**

૨૦૯૨૬**શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના જીંજીડા ગામનો રસ્તો બિસ્માર હાલતમાં છે તેને ફરીથી ડામર સપાટી કરવા સરકારે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શું પગલાં લીધા?

**જવાબ**

રસ્તાની ચાલુ મરામત હેઠળ કામગીરી પૂર્ણ કરી, રસ્તો વાહનવ્યવહાર લાયક રાખેલ છે.

-----------

**નિર્મળ ગુજરાત ૨૦૦૭માં માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયેલ આયોજન**

૨૧૩૮૪**શ્રી બચુભાઈ ખાબડ(દેવગઢ બારિયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

નિર્મળ ગુજરાત-૨૦૦૭ વર્ષની ઉજવણીમાં માર્ગ અને મકાન વિભાગે ક્યા સંકલ્પો હાથ ધરેલા છે અને કેવા પ્રકારની કામગીરીનું આયોજન વિચારેલ છે?

**જવાબ**

આ સાથે એનેક્ષર-અ માં દર્શાવેલ બાબતો અંગે માર્ગ અને મકાન વિભાગે સંકલ્પો હાથ ધરી કામગીરી કરવાનું આયોજન કરેલ છે.

**એનેક્ષર-અ**

**મા.મ. વિભાગ ધ્વારા નિર્મળ ગુજરાત -૨૦૦૭,**
**દરમ્યાન નકકી કરેલ કામગીરી**

(૧) રસ્તાઓ ઉપરના અનઅધિકૃત દબાણો દુર કરવા અને રસ્તાના બોર્ડ પર લગાવેલ જાહેરાતના પોસ્ટરો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૨) રાજ્યમાં રાજ્ય અથવા પંચાયત હસ્તકના જે રસ્તાઓ શહેર કે નગરોમાંથી પસાર થાય છે તે રસ્તાઓની ડામર સપાટી વ્યવસ્થિત કરી સ્વચ્છ રાખવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૩) રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ ધ્વારા જે જે સર્કલોનો વિકાસ કરવામાં આવ્યો છે તેને વર્ષ દરમિયાન સ્વચ્છ અને સુંદર રાખવાની કામગીરી પણ હાથ ધરવામાં આવશે.

(૪) રસ્તાઓ ઉપરના સેન્ટ્રલ વર્જની સાફ સફાઈ કરાવી સ્વચ્છ રાખવામાં આવશે.

(૫) રાજ્યના દરેક જીલ્લાઓમાં અગત્યના ૧૦૦ કી.મી.ના રાજ્યના ધોરીમાર્ગો પરના સી.ડી. વર્કસ, ડામર સપાટી નજીકના ઝાડને, બોર્ડને રંગ રોગાન કરી અનધિકૃત બોર્ડ દૂર કરી, ડામર સપાટી નજીકના વૃક્ષો વગેરેનું રંગરોગાન કરી રસ્તાઓ સ્વચ્છ અને સુંદર રાખવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૬) રાજ્યના મુખ્ય રાજ્યધોરીમાર્ગો અને મુખ્ય જીલ્લા માર્ગના રસ્તા પરના ગાંડા બાવળ, કચરો, દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૭) વિકાસપંથોની સંપૂર્ણ સાફ રાખવામાં આવશે ઉપરાંત રંગરોગાન તથા દબાણ દુર કરી રસ્તા સ્વચ્છ અને સુંદર રાખવામાં આવશે.

(૮) માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓ શક્ય હશે ત્યાં સફાઇ અંગેના સૂત્રો/સાઇનબોર્ડ મુક્વામાં આવશે.

(૯) રસ્તા ઉપરના હોટલો, ધાબા, પેટ્રોલ પંપની આજુબાજુના વિસ્તારમાં સફાઇ અંગેની ખાસ કાળજી લેવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૧૦) રાજ્યના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના સામાન્ય સેવાના બિન રહેણાંકના મકાનો જેવા કે મધ્યસ્થ કચેરીઓ, સરકીટ હાઉસ, વિશ્રામગૃહો તેમજ સામાન્ય સેવાના રહેણાંકના કેમ્પસની સાફ સફાઇ કરી સ્વચ્છ અને સુંદર બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

(૧૧) સરકારી મકાનોમાં નાણાંકીય ઉપલબ્ધતાને ધ્યાને લઇને મકાનોમાં વ્યવસ્થિત મરામત અને સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવશે, તેમાં ખાસ કરીને હોસ્પિટલ, મધ્યસ્થ કચેરીઓ, રહેણાંકના મકાનો, સરકીટ હાઉસ, પ્રાધાન્ય આપી કામગીરી હાથ ધરવામાં આવશે.

(૧૨) દરેક સરકારી મકાનો ઉપરની ઓવરહેડ પાણીની ટાંકીઓની વર્ષ દરમિયાન પુરતી સફાઇ કરી સ્વચ્છ રાખવામાં આવશે.

(૧૩) માર્ગ અને મકાન વિભાગ હસ્તકના સરકારી મકાનોમાં રોજબરોજ પેદા થતા કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

(૧૪) સરકારી કચેરીઓમાં ઘણા લાંબા સમયથી વ્હાઇટ વોશ/કલર ન થયો હોય તે કચેરીઓને પ્રાધાન્ય આપવામાં આવશે.

(૧૫) સરકારી મકાનોમાં પાણીની પાઇપના લીકેજ દુર કરવા ડ્રેનેજ લાઇનના પણ લીકેજ દુર કરવા ડ્રેનેજની સાફ સફાઇની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૬) સરકીટહાઉસ વિશ્રામગૃહમાં ફર્નીચર તેમજ અન્ય લીનની સાફ રાખવાની પુરતી કાળજી રાખવામાં આવશે.
(૧૭) માર્ગ અને મકાન વિભાગ હસ્તકની તમામ ક્ષેત્રિય કચેરીઓમાં વધારાના રેકોર્ડનો યોગ્ય નિકાલ કરી આ કચેરીઓને સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.
(૧૮) સરકારી કેમ્પસમાં પડેલ જુની ગાડીઓ, જુનો સામાન, ફર્નીચર કે સ્ટોરમાં પડેલ બીન ઉપયોગી કોઇપણ માલ સામાનનો તાત્કાલિક નિકાલ કરવાની કામગીરી હાથ ધરી નિકાલ કરવામાં આવશે.
(૧૯) માર્ગ અને મકાન વિભાગ હસ્તકના કેમ્પસ તેમજ ગાંધીનગરમાં જ્યા જરૂરીયાત હશે ત્યાં પે એન્ડ યુઝ ટોઇલેટ લોક ભાગીદારીથી કરવામાં આવશે.
(૨૦) રસ્તા અને મકાનોની સુંદરતા વધારવાની કામગીરી.
(૨૧) સરકારી મકાનોમાં કેમ્પસમાં હરિયાળી ઉભી કરવાની કામગીરી.
(૨૨) નાળા / પુલ વગેર રેલીંગ હેડવોલ રીપેરીંગ કરી કલર કરવાની કામગીરી.
(૨૩) કચરામાંથી ખાતર (મોટા શહેરમાં) બનાવવાની કામગીરી.

-----------

**કચ્છ જિલ્લાના માર્ગો તૈયાર કરવા બાબત**

૨૧૮૭૭ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ(મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્ય સરકારે મંજૂર કરેલ રસ્તાઓ પેકી કેટલા રસ્તા કચ્છ જિલ્લામાં તાલુકાવાર બાકી રહ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ મંજુર કરેલ રસ્તાના કામો પેકી શરૂ ન થયેલ કામોની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકો | કામની સંખ્યા |
|---|---|
| ભુજ | ૧૨ |
| અબડાસા | ૩ |
| રાપર | ૧ |
| માંડવી | ૨ |
| નખત્રાણા | ૩ |
| લખપત | ૨ |
| મુંદ્રા | ૨ |

**પ્રશ્ન** (૨) બાકી રહેવાના કારણો શું છે?

**જવાબ** (૨) મંજુરી બાદ વહીવટી પ્રક્રિયા હેઠળ હોવાથી શરૂ થયેલ નથી.

-----------

**પ્રવાસન વર્ષમાં યાત્રાધામો માટે પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત**

૨૧૫૨૭**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ): માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમિયાન રાજ્યમાં કયા કયા યાત્રાધામો માટે કયા કયા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) રાજ્યમાં કુલ-૬ પવિત્ર યાત્રાધામો આવેલ છે. પ્રવાસન વર્ષ દરમ્યાન ઉક્ત યાત્રાધામો ખાતે નીચે દર્શાવેલ વિકાસ પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવ્યા.

**અંબાજી :**

(૧) કોટેશ્વર મુકામે મુક્તિધામ વિકાસ
(૨) હવન શાખા, માતાજીની યાદી કામના રીવાઇઝ મંજુરી
(૩) કલાત્મક પ્રવેશ દ્વાર
(૪) માન સરોવર કુંડ વિકાસ
(૫) અદ્યતન હોસ્પિટલ
(૬) વિશ્રામ ગૃહ તથા જગતજનની ગેસ્ટહાઉસ, રીનોવેશન
(૭) દર્શનપથ
(૮) ગબ્બર પરિક્રમા

**ગિરનાર :**

(૧) અંબાજી ટુંક પર હેલીપેડ લાઇટનું કામ
(૨) ભવનાથ પંચાયત ગેસ્ટહાઉસ રીનોવેશન
(૩) ભવનાથ સુદર્શન તળાવ રીનોવેશન
(૪) દામોદર રીઝુએશન ફેઝ-૨
(૫) ભવનાથ એરીયા ડેવલપમેન્ટ
(૬) પ્રોટેક્ષન વોલ તથા સી. ડી. રીપેરીંગ
(૭) વાઘેશ્વરી માતા મંદિર વિકાસ
(૮) ગુલાબચોક વિકાસ કાર્ય
(૯) પર્વત ઉપર વિશ્રામ કુટીર

**સોમનાથ :**

(૧) હિરણ ગોલક ઘાટ યોજના
(૨) યાત્રી સુવિધા સંકુલ

**પાલીતાણા :**

(૧) તળેટીથી ભેરવનાથ ચોક સુધીનું વિકાસ કાર્ય
(૨) તળેટી ખાતે ટોયલેટના ત્રણ બ્લોક
(૩) દિનદયાળ બાગ સર્કલ અને ડેકોરેટીવ લાઇટ પોલ
(૪) દિનદયાળ બાગ કંપાઉન્ડ વોલ કાર્ય

**ધ્વારકા :**

(૧) ટેમ્પલ સ્કવેર વિકાસ કાર્ય
(૨) સુદામા સેતુ.
(૩) પંચકુઇ બીચ ડેવલપમેન્ટ

**ડાકોર :**

(૧) ડાકોર વિજય ઘાટથી બોડાણા સ્ટેચ્યુ સુધીનો પ્રવેશ દ્વાર
(૨) શામળ બેચરનું ડેલું
(૩) ગોમતી ઘાટ ઉપર હોડીઘાટ બનાવવા બાબત.

(૨) આ યાત્રાધામો માટે કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા છે?

(૨) યાત્રાધામો ખાતે નીચે મુજબ કામો હાથ ધરવામાં આવ્યા છે.

**અંબાજી :**

**પત્રક-અ મુજબ**

**ગિરનાર :**

(૧) પર્વત યાત્રાળુઓ માટે વિકાસ કુટીરનું કામ
(૨) ગુલાબ ચોક વિકાસ કાર્ય
(૩) વાઘેશ્વર મંદિર
(૪) અંબાજી ટુંકપર હેલીપેડ લાઇટનું કામ
(૫) ભવનાથ પંચાયત ગેસ્ટ હાઉસ રીનોવેશન
(૬) ભવનાથ સુદર્શન તળાવ રીનોવેશન

**સોમનાથ :**

(૧) હિરણ ગોલખ ઘાટ યોજના
(૨) યાત્રી સુવિધા સંકુલ

**પાલીતાણા :**

(૧) તળેટીથી ભેરવનાથ ચોક સુધીનું વિકાસ કાર્ય
(૨) તળેટી ખાતે ટોયલેટના ત્રણ બ્લોક
(૩) દિનદયાળ બાગ સર્કલ અને ડેકોરેટીવ લાઇટ પોલ
(૪) દિનદયાળ બાગ કંપાઉન્ડ વોલ કાર્ય

**ધ્વારકા :**

(૧) શહેરના મુખ્ય માર્ગોની બંન્ને બાજુએ

પ્લાન્ટેશન તેમજ પાકા કુંડા બનાવવાનું કામ

(૨) સુલભ સેનીટેશન એન્ડ એજ્યુકેશન સંકુલ નિર્માણ કાર્ય

(૩) શહેરના અલગ અલગ સી. સી. રોડનું કામ

(૪) એચ.ટી.એલ.ટી.ની લાઇન ટ્રાન્સફોર્મર તથા સર્વીસ

(૫) ગોમતી ઘાટથી હાઇવે સુધીનો એપ્રોચ રોડ

(૬) નાગેશ્વર ગોપીરોડ ૬ કિ.મી.

(૭) નાગેશ્વર જ્યોતિલીંગ પંચવટી, પાર્કિંગ પ્લોટ, સોલાર લાઇટ, ગ્રામવાટીકા, આરામ ગૃહ રીનોવેશન,

(૮) બેટ દ્વારકામાં પાણી પુરવઠા ડીઝી સેટ, પંચવટી, ગ્રામ વાટીકા, સોલાર લાઇટ, રેસ્ટ હાઉસ

**ડાકોર :**

(૧) ડાકોર વિજય ઘાટથી બોડાણા સ્ટેચ્યુ સુધીનો પ્રવેશ દ્વાર

(૨) શામળ બેચરનું ડેલું

(૩) ગોમતી ઘાટ ઉપર હોડીઘાટ બનાવવા બાબત.

**પત્રક - અ**

**અંબાજી ખાતેના વિકાસ કામો**

| | |
|---|---|
| ૧ | રતનપુર મુકામે જંક્શન પર શક્તિચોક બનાવવાનું કામ |
| ૨ | માંગલ્ય વન ડેવલપમેન્ટ માટે ટ્રસ્ટ તરફથી આપેલ સહાય. |
| ૩ | હડાદથી અંબાજી તથા રતનપુર થી અંબાજી વચ્ચે પગપાળા યાત્રિકોને બેસવા માટે બાંકડાઓની વ્યવસ્થા<br>( નંગ -૨૪૩) |
| ૪ | પગપાળા યાત્રિકો માટે દાંતાથી અંબાજી રોડ ઉપર જુદી જુદી પાંચ જ્ગ્યાઓએ બનાવેલ શોચાલય બ્લોક |
| ૫ | યાત્રિકો માટે મફત સુવાની સગવડ ટેન્ટ બાંધીને કરેલ તે સ્થળ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડથી માનસરોવર કેલાશ ટેકરી એપ્રોચ રોડ સુધી સિમેન્ટ કોક્રિટ રોડ બનાવવાનું કામ. |
| ૬ | કોટેજ હોસ્પિટલનું કલર કામ |
| ૭ | ડી.કે.ત્રિવેદી સર્કલથી જુના નાકા સુધીના રસ્તાનું સમારકામ તથા દાંતા અંબાજી રોડ ઉપર આવેલ કોઝ-વે ઉપર પાઇપ રેલીંગ લગાવવાનું કામ.<br>( મા. અને મ. વિભાગ, પાલનપુરના મારફતે) |
| ૮ | ફ્લાયઓવર બ્રીજના છેડે શક્તિ દ્વારા બનાવવાનું કામ. |
| ૯ | સભાખંડના પ્રથમમાળની આચામાં પિતળની ગ્રિલ બનાવવાનું કામ |
| ૧૦ | ગબ્બર ઉપર યાત્રિકોને બેસવાના શેડ રિપેરીંગ કામ. |
| ૧૧ | ગ્રામ પંચાયતની હાઇસ્કુલમાં રીપેરીંગ કામ. |
| ૧૨ | એસ.ટી. સ્ટેન્ડના બાંકડા પર માર્બલ ફીટીંગ. |
| ૧૩ | પોરાણિક શિવમંદિરમાં (અંબાજી મંદિરને અડીને આવેલ કલામંદિર સામે)<br>યાત્રિકોને બેસવા સારૂ પતરાનો શેડ બનાવવાનું કામ. |
| ૧૪ | વી.આઇ.પી. પાર્કિંગમાં બેઠક વ્યવસ્થા તથા કોટા સ્ટોનનું ફ્લોરીંગ કામ. |
| ૧૫ | પાંડીયમમાં ભંડાર ગણતરી રૂમ. |
| ૧૬ | કેલાશ ટેકરી મહાદેવ મંદિરના ઉત્તર દિશા તરફના ભાગમાં માર્બલ ફ્લોરીંગનું કામ. |
| ૧૭ | શ્રી અંબિકા ભોજનાલયના રસોડામાં ગ્રેનાઇટનું પ્લેટફોર્મ બનાવવાનું કામ. |
| ૧૮ | જગદજનની પથિકાશ્રમ ખાતે નિયોન બોડ બનાવવાનું કામ. |
| ૧૯ | વૃધ્ધો માટે મંદિર ચાચર ચોકમાં પ્રતિક્ષાલય બનાવવાનું કામ. |
| ૨૦ | ભાદરવી પુર્ણિમાએ કલકત્તી સ્પેશ્યલ રોશનીની કામગીરી. |
| ૨૧ | ભાદરવી પુર્ણિમાએ લાઇટીંગની કામગીરી. |

| | |
|---|---|
| ૨૨ | ભાદરવી પુનમે મફ્ત સુવાની સગવડ કરવા, શૌચાલયો તથા જમવાની સગવડ કરવા માટે મંડપ તથા અન્ય વ્યવસ્થા ( ડોનેશન મેળવીને) |
| ૨૩ | ભાદરવી પુર્ણિમાએ પ્રવાસન વર્ષ નિમિતે યાત્રિકોને સુચના તથા માર્ગદર્શન માટે મોટા હોર્ડિંગ્સ બનાવવાનું કામ. |
| ૨૪ | નુત્યમંડપમાં વચ્ચેના દરવાજા આગળ ડેકોરેટીવ પિતળની ગ્રિલ બનાવવા બાબત. |
| ૨૫ | માટીંગ હોલમાં પ્રેઝન્ટેશન તથા ધાર્મિક ઉત્સવોમાં પ્રદર્શન માટે મલ્ટીમીડીયા પ્રોજેક્ટર. |
| ૨૬ | મા અંબાના ચાચર ચોકમાં હવનશાળા બનાવવાનું કામ. |
| ૨૭ | લોક ભાગીદારીથી સુવર્ણમય આંબલસારા તથા ધ્વજદંડ પ્રતિષ્ઠિત કરવાનું કામ. ( સોના સહિતની અંદાજીત કિંમત ) |
| ૨૮ | શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટની સંસ્થાઓમાં સોલર વોટર હિટીંગ સીસ્ટમ લગાડવાનું કામ ( કામ પ્રગતિમાં છે ) |
| ૨૯ | અંબાજીના ત્રણેય મુખ્ય હાઇવે રોડ ઉપર ડેકોરેટીવ સ્ટોનના મુખ્ય પ્રવેશ દ્વાર બનાવવાનું કામ (કામ પ્રગતિમાં છે) |
| ૩૦ | માન સરોવર વિકાસ- ડેકોરેટીવ સ્ટોન વર્ક (ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગર દ્વારા ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી ). |

-----------

**પાટણ તાલુકામાં વસ્તીના પ્રમાણમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આપવા બાબત**

૨૦૯૩૭ **શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પાટણ તાલુકામાં વસ્તીની સંખ્યાના પ્રમાણમાં પૂરતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો સરકાર કેટલા સમયમાં નવાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવા માગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં વસ્તીના ધોરણ અનુસાર પૂરતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ઉપલબ્ધ હોઈને નવી ફાળવણી સમયે અગ્રતાક્રમ ધ્યાને લેવામાં આવશે.

-----------

**ચોટીલા, થાન અને સાયલા નગરપાલિકાને ઓક્ટ્રોય નાબુદ થતાં ફાળવેલ ગ્રાન્ટ**

૨૧૩૪૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ઓક્ટ્રોય નાબુદ તથાં સુરેન્દ્રનગર જિલ્લાની ચોટીલા, થાન અને સાયલા નગરપાલીકાને તા. ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૬ સુધી કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે.

(૨) કેટલી ગ્રાન્ટ ચુકવી અને કેટલી ગ્રાન્ટ ચુકવવાની બાકી છે, અને

(૩) બાકી ગ્રાન્ટ કેટલા સમયમાં ચુકવવામાં આવશે?

**જવાબ**

(૧)

| નગરપાલિકાનું નામ | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|
| ચોટીલા નગરપાલિકા | રૂા. ૬૮,૩૫,૯૪૭/- |
| થાનગઢ નગરપાલિકા | રૂા. ૮૮,૩૨,૩૬૦/- |
| સાયલા ગ્રામ પંચાયત | રૂા. ૪૯,૩૫,૯૬૦/- |

(૨)

| નગરપાલિકાનું નામ | ચૂકવેલ ગ્રાન્ટ |
|---|---|
| ચોટીલા નગરપાલિકા | રૂા. ૬૮,૩૫,૯૪૭/- |
| થાનગઢ નગરપાલિકા | રૂા. ૮૮,૩૨,૩૬૦/- |
| સાયલા ગ્રામ પંચાયત | રૂા. ૪૯,૩૫,૯૬૦/- |

ઓક્ટ્રોય વળતર તરીકે કોઈ ગ્રાન્ટ ચૂકવવાની બાકી નથી.

(૩) ઓક્ટ્રોય ગ્રાન્ટ ચૂકવવાની બાકી નથી.

**સાબરકાંઠા જિલ્લામાં સ્ટેટ હસ્તકના બનેલ રસ્તાઓ**

૨૧૧૩૧**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ ના બે વર્ષમાં કેટલા સ્ટેટ હસ્તકના રસ્તાઓ બનાવ્યા અને તેમાં કેટલો ખર્ચ થયો, અને

(૨) કેટલા રસ્તાના કામો બાકીમાં છે તે ક્યારે પૂરા થશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬ દરમ્યાન રાજ્ય વિભાગ દ્વારા નવા રસ્તા બનાવવામાં આવ્યા નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**સુરત શહેર અને જિલ્લામાં બોગસ ડીગ્રીવાળા ડોકટરોને પકડવા બાબત**

૨૧૧૨૬**શ્રી મનીષ ન. ગીલીટવાલા(સુરત શહેર (પૂર્વ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બોગસ ડીગ્રી ધારક ડોકટરોને પકડવામાં આવ્યા, અને

(૨) આવા ડોકટરો સામે સરકારે શાં પગલાંઓ લીધા?

**જવાબ**

(૧) ૩૭ (સાડત્રીસ)

(૨) ધી ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ એકટ તથા ગુજરાત મેડીકલ પ્રેકટીશ એકટ મુજબ ગુન્હા દાખલ કરી તેઓની ધરપકડ કરવામાં આવેલ છે.

-----------

**વાવના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ અને સર્જનની ખાલી જગ્યા**

૨૧૩૪૨ **શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વાવ મુકામે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેન્દ્રમાં કેટલો સ્ટાફ છે,

(૨) તેમાં સર્જનશ્રીની જગ્યા ખાલી છે અથવા રદ કરેલ છે,

(૩) જો હા, તો આ જગ્યા રદ કરવાનાં કારણો શું, અને

(૪) રદ કરેલ ન હોય તો સર્જનશ્રીની જગ્યા ક્યારે ભરવા માંગો છે?

**જવાબ**

(૧) સંવર્ગવાર સ્ટાફ

| ક્રમ | સંવર્ગ | મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ-૧ | -- |
| ૨ | વર્ગ-૨ | ૧ |
| ક્રમ | સંવર્ગ | મહેકમ |
| ૩ | વર્ગ-૩ | ૮ |
| ૪ | વર્ગ-૪ | ૬ |
| | કુલ : | ૧૫ |

૧૫ (પંદર) સ્ટાફ

(૨) ના, અન્યત્ર તબદીલ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમરેલી સાવરકુંડલા સ્ટેટ હાઈવે ઉપર શેલ નદી ઉપર પુલ બાંધવા બાબત**

૨૦૬૪૧ **શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી સાવરકુંડલા સ્ટેટ હાઈવે રસ્તા ઉપર કિ.મી. ૧૭ થી ૧૮ વચ્ચે આવેલ શેલ નદીમાં ખૂબજ પાણી આવતાં સાવરકુંડલા તાલુકો જિલ્લા મથકથી ચોમાસા દરમ્યાન વિખુટો પડી જાય છે તે

**જવાબ**

(૧) હા, જી.

હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ શેલ નદી ઉપર સરકાર દ્વારા બ્રીજ બાંધવા માટે તા. ૩૧-૧-૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં કોના તરફથી કેટલી વખત માંગણીઓ આવેલ છે, અને

(૨) માન. ધારાસભ્ય શ્રી કાળુભાઈ વિરાણી દ્વારા એક વખત તા. ૧૮-૧-૦૬ના રોજ રજુઆત થયેલ છે.

(૩) આ શેલ નદી ઉપર બ્રીજ બાંધવા માંગો છો કે કેમ?

(૩) હા, જી.

-----------

**અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલ બનાવવા બાબત**

૨૧૬૮૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય દેવસ્થાન (રાજ્યકક્ષા) મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ૨૦૦ પથારીઓની અદ્યતન હોસ્પિટલ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે ત્યારે તેની સાથે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ, નર્સીગ સ્કૂલ શરૂ કરવા માંગે છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો તેની જરૂરી કાર્યવાહી કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે, અને

(૩) જો ના, તો આ હોસ્પિટલમાં નર્સીગ સ્ટાફ ભરવાનું આયોજન શું છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) નર્સીગ સ્કુલની મંજૂરી સરકારશ્રીમાં વિચારણા હેઠળ છે. મંજુરી મળેથી સત્વરે કાર્યવાહી કરવામાં આવશે.

-----------

**બગોદરા, પિપળી-ધોલેરા રસ્તાને ફેદરા-પિપળી વચ્ચેનો રસ્તો દુરસ્ત કરવા બાબત**

૨૧૮૯૭ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ-ભાવનગર વાયા બગોદરા, પિપળી-ધોલેરા રસ્તાને ફેદરા-પિપળી વચ્ચેના ખરાબ ભાગને વર્ષ ૨૦૦૬-૦૭ દરમિયાન દુરસ્ત કરવાનું શું આયોજન છે,

(૨) આજ રસ્તા પર પિપળીથી ધોલેરા વચ્ચે કુલ કેટલા વળાંક આવે છે, અને

(૩) અકસ્માતો અટકાવવા આ દરેક વળાંક ઉપર આવેલ કટીંગ અને સાઈડ વાઈડનીંગ કરવા માટે કોઈ આયોજન છે કે કેમ, ક્યારે કરાશે?

**જવાબ**

(૧) ફેદરા-પિપળી માર્ગની સાત કિ.મી. લંબાઈની સુધારણાને મંજુર કરવામાં આવેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી હાથ ધરવા આયોજન છે.

(૨) નવ વળાંકો છે.

(૩) વળાંક સુધારણાની કામગીરીને મંજુરી આપેલ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી કામગીરી હાથ ધરવા આયોજન છે.

-----------

**જૂનાગઢ જિલ્લાના રસ્તાઓ સીમેન્ટના બનાવવા બાબત**

૨૧૮૮૨**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એ વાત ખરી છે કે રાજ્ય સરકાર જૂનાગઢ જિલ્લાના ઘેડ વિસ્તારના રસ્તાઓ સીમેન્ટ કોક્રીટ કરવા માંગે છે,

(૨) જો હા, તો જૂનાગઢ જિલ્લાના ક્યા ક્યા રસ્તાના કામો આવરી લેવાનું આયોજન છે, અને

(૩) આ આયોજન ક્યાં સુધીમાં પૂર્ણ કરવા વિચાર્યુ છે?

**જવાબ**

(૧) અને (૨) સ્થાનિક પરિસ્થિતીનો તાંત્રીક અભ્યાસ કરીને કાર્યવાહી કરવામાં આવનાર છે, હાલ નીચે મુજબના બે રસ્તાઓનો કોન્ક્રીટ રોડ બનાવવાનું આયોજન કરેલ છે,

(અ) એસ.એમ. થી પંચાળા-બાલાગામ-બામણાસા-અખા રોડ

(બ) બાલાગામ-ઈન્દ્રાણા રોડ.

(૩) આ કામોની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયે બનતી ત્વરાએ પૂર્ણ કરવા આયોજન કરેલ છે.

-----------

**બાળ મહિલાઓની સંખ્યામાં થતો ઘટાડો અટકાવવા બાબત**

૨૧૫૮૮**શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં મહિલાઓની (બાળકીઓની) સંખ્યામાં થતો ઘટાડો અટકાવવા ક્યા ક્યા પગલાં લેવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં મહિલાઓની (બાળકીઓની) સંખ્યામાં થતો ઘટાડો અટકાવવા રાજ્ય સરકાર તરફથી પીએનડીટી કાયદાનું કડક/અસરકારક અમલીકરણ કરાવી નીચે મુજબના પગલાં લેવામાં આવેલા છે.

**સામાજીક પગલાંઓ**

- તા. ૫-૩-૨૦૦૬ના રોજ ટાગોર હોલ અમદાવાદ ખાતે યોજાયેલ સંમેલન કે જ્યાં સ્ત્રીઓની સંખ્યા ઓછી છે તેવા ૪૨ તાલુકાઓની પાંચ હજાર આંગણવાડી બહેનો તથા સમાજની આગેવાન બહેનોએ ભાગ લીધો હતો તેમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ સ્ત્રી ભૃણહત્યા અટકાવવા ગામેગામ જઈને લોકોમાં જનજાગૃતિ લાવવા હાક્લ કરેલ હતી.
- બીન સરકારી સ્વૈચ્છિક સંગઠનના સહયોગથી ગુજરાત વિધાનસભાના માન. અધ્યક્ષશ્રીના અધ્યક્ષતામાં અંદાજીત ૬૫ જેટલા સંસદ સભ્યોશ્રી અને વિધાનસભા સભ્યશ્રીઓની કાર્યશાળા યોજી આ પ્રશ્ન પરત્વે સેન્સટાઈઝ કરવામાં આવ્યા હતા.
- તા. ૧-૧-૨૦૦૬ના રોજ સુરત ખાતે પાટીદાર સમાજનો મેળાવડો યોજવામાં આવેલ હતો જેમાં ૧૦ લાખ પાટીદારો હાજર રહ્યા હતા અને તેઓએ સ્ત્રી ભૃણહત્યા અટકાવવાના શપથ લીધા હતા.
- તા. ૨૧-૧-૦૬ના રોજ દગાવાડીયા તા. વિજાપુર, જિ. મહેસાણા ખાતે ચોધરી સમાજનું એક લાખની મેદનીનું સંમેલન હતું જેમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કરતા જણાવેલ છે કે ""સ્ત્રી ભૃણહત્યા સમાજ અને દેશ માટે મોટુ ક્લંક છે"" તેને દૂર કરવાની આપણા સોની જવાબદારી છે તેવી હાક્લ કરેલ છે.
- ઉંઝા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જેસીસ, ઉંઝાના સંયુક્ત ઉપક્રમે મહિલા સંમેલન યોજવામાં આવેલ હતું જેમાં ૫૦૦૦ મહિલાઓ હાજર રહેલ હતી.
- આંતરરાષ્ટ્રિય દિન નિમિત્તે હિંમતનગર ખાતે મહિલાઓ માટે સેમિનાર યોજવામાં આવેલ હતો જેમાં ૫૦૦૦ મહિલાઓ અને ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

**વર્કશોપ (કાર્યશાળા)**

- ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુએનએફપીએ દ્વારા સંયુક્ત પણે પીએનડીટી અંગે રાજ્ય કક્ષાની કાર્યશાળાનું આયોજન : ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ અસ્મીતા ભવન, અમદાવાદ ખાતે થયેલ. જેમાં સરકારી, બિન

સરકારી અને શૈક્ષણિક સંગઠનની લગભગ ૧૦૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળામાં રાજ્ય કક્ષાના આરોગ્ય સેવાઓના અધિકારીશ્રીઓ, રાજ્યના તમામ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, ચૂંટાયેલા રાજકીય પ્રતિનિધિઓ, ફોગ્સીના હોદ્દેદારો / સભ્યો અને શૈક્ષણિક સંસ્થાના સભ્યોએ હાજરી આપી હતી.

- દેશના ગુજરાત સહિતના કેટલાંક રાજ્યોમાં દર હજાર પુરૂષોએ સ્ત્રીઓના ઘટતાં જતાં પ્રમાણ અંગે રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના તજજ્ઞો એક મંચ પર એકઠા થાય તે હેતુથી જેન્ડર રીસોર્સ સેન્ટર દ્વારા યુએનએફપીએના સહકારથી તારીખ : ૧૬-૧૭/૧૨/૨૦૦૩ના રોજ અમદાવાદ મેનેજમેન્ટ એશોસીએશન ખાતે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી રીટા તેવટીયા, સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, શ્રી એ. એમ. તિવારી, સચિવશ્રી, ગ્રામ વિકાસ વિભાગ અને શ્રી ડી. એન. પાંડે, સચિવશ્રી પરિવાર કલ્યાણ વિભાગ, અને શ્રીમતી જ્યંતી રવી, કમિશ્નરશ્રી, (શાળા) તથા વિવિધ એનજીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.
- રાજ્યના જે તાલુકાઓમાં ૮૦૦ કે તેથી ઓછું જાતિ પ્રમાણ હોય તેવા તાલુકા દર્શાવતા નકશા તેયાર કરવામાં આવ્યા છે. યુએનએફપીએ દ્વારા બે વસતિ ગણતરી દરમ્યાન ઘટતું જાતિ પ્રમાણ દર્શાવતી પુસ્તિકા **"Missing Girls"** તેયાર કરવામાં આવી. રાજ્યના જીલ્લાઓ પેકી નીચું જાતિ પ્રમાણ દર્શાવતું હૃદય સ્પર્શી પોસ્ટર તેયાર કરી પ્રદર્શિત કરાયું હતું.
- રાજ્ય કક્ષાના બે તાલીમ વર્ગ ""જેન્ડર ટ્રેનીંગ ઓફ ટ્રેનર્સ"" (એક અમદાવાદ અને બીજો સાયલા ખાતે) યોજવામાં આવેલ. જેમાં ૨૬ તાલીમાર્થીઓએ ભાગ લીધેલ. તાલીમ દરમ્યાન ઘ ટતાં જતાં જાતિય પ્રમાણ અંગે ચર્ચાઓ કરવામાં આવેલ.
- જીલ્લા કક્ષાએ ઘટતાં જતાં જાતી પ્રમાણની સામાજીક અસરોની ચર્ચા કરવા જુદી-જુદી માહિતી, શિક્ષણ અને પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આદિજાતિ જીલ્લાઓમાં આ સંદેશો તે લોકોની બોલીમાં પ્રસરાવવા ગ્રામ ગીતો, ગ્રામ્ય નૃત્યોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- યુએનએફપીએના સહકારથી ફોગ્સી અમદાવાદ સાથે પીએનડીટી એક્ટ અને તેની અમલીકરણની બાબતો ચર્ચવા ફોગ્સીના તમામ હોદ્દેદારો / સભ્યોને આમંત્રીત એક દિવસનો વર્કશોપ યોજવામાં આવ્યો.
- સુરત શહેરની શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય અને શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ બિન

સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ સાથે સુરત-વિર નર્મદ યુનિવર્સીટી ખાતે એક દિવસીય પીએનડીટી વર્કશોપ યોજવામાં આવ્યો હતો. જેનું ઉદ્‌ઘાટન રાજ્યના માનનીય શિક્ષણ મંત્રીશ્રી, શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવેલ.

**રાજ્યમાં યોજાયેલ ગાયનેકોલોજીસ્ટ અને રેડીયોલોજીસ્ટના સેમીનાર**

- અમદાવાદ ફોગ્સીના સહયોગથી.
- સુરત ખાતે વલસાડ, નવસારી અને સુરત જિલ્લા.
- મહેસાણા ખાતે મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા.
- ભરૂચ-જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી-પીએનડીટી
- દાહોદ-જિલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટી-પીએનડીટી
- આણંદ-ફોગ્સીના સહયોગથી.

**પીએનડીટી એક્ટનું અમલીકરણ**

- રાજ્ય સરકારે પીએનડીટી કાયદાનું કડક/અસરકારક અમલીકરણ કરાવી, કાયદાના ભંગ બદલ ૧૪૦ સોનોગ્રાફી મશીન સીલ કર્યા છે અને ૬૯ ખાનગી તબીબો સામે કોર્ટકેસ દાખલ કરવામાં આવ્યા છે. જે પૈકી હાઈકોર્ટમાં ૧૫ કેસ દાખલ કરવામાં આવ્યા છે.
- રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કુલ ૨૮૦૨ની નોંધણી થઈ છે જેમાં ૩૦૮ જીનેટીક કાઉન્સીલ સેન્ટરો, ૫૯ જીનેટીક લેબોરેટરી, ૮૬૮ જીનેટીક ક્લીનીક, ૪૧૨ અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી ધરાવતી સંસ્થાઓ, ૧૧૦૮ જોઈન્ટ રજીસ્ટ્રેશન, ૯ મોબાઈલ ક્લીનીક અને ૩૮ અન્ય પ્રકારની સંસ્થાઓનો સમાવેશ થાય છે.
- દરેક જીલ્લામાં એન્ફોર્સમેન્ટ ટીમ બનાવી સોનોગ્રાફી મશીન ધરાવતી સંસ્થાનું દર માસે અચુક ઈન્પેક્સન કરવા તમામ જીલ્લા એપ્રોપ્રીએટ ઓથોરીટીને સુચના આપવામાં આવેલ છે.
- સહારા સમય દ્વારા ગુજરાતમાં બે ડૉક્ટરોની વિરૂધ્ધમાં કાર્યવાહી કરવામાં આવેલ તે બંન્નેના કોર્ટકેસો ચાલુ છે.
- એક જિલ્લાના એપ્રોપીએટ ઓથોરીટીને બીજા જિલ્લાની મુલાકાત લઈ પીએનડીટી એક્ટ હેઠળ પગલા લેવાની સત્તાઓ આપવામાં આવેલ છે.
- પીએનડીટી એક્ટને વધારે અસરકાર બનાવવા માટે ૨૫ જિલ્લાઓ માટે મૂકેલ રાજ્ય કક્ષાના લાયઝન ઓફીસરોને સ્ટેટ એપ્રોપીએટ ઓથોરીટીએ પાવર ડેલીગેટ કરેલ છે. જેથી રાજ્ય કક્ષાના પ્રોગ્રામ અધિકારીઓ જિલ્લા કક્ષાએ જઈ પીએનડીટી એક્ટ અંગે અસરકારક પગલા લઈ શકે છે.
- રાજ્યના તમામ જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટીઓને પીએનડીટી એક્ટનું કાયદાકીય માર્ગદર્શન પુરૂ પાડવા માટે ગુજરાત હાઈકોર્ટના પ્રતિષ્ઠિત અને નામાંક્તિ સીનીયર કાઉન્સીલશ્રી તથા સીઆઈડી ક્રાઈમના ઉચ્ચ

અધિકારીઓ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવેલ હતું.

- રાજ્યના ઓષધ અને નિયમનતંત્રના સંકલનમાં રહીને રાજ્યમાં વેચાણ થયેલ એમક્રેડીલ અને વીક્રેડીલ ઈન્જેક્શનોની માહિતી મેળવી, આ ઈન્જેક્શનોનો ગેરકાયદેસર ઉપયોગ કરનાર તબીબો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- કેન્દ્રીય સરકારે પણ રાજ્ય સરકારની સ્ત્રી ભૃણહત્યા અટકાવવા અંગેની કામગીરીની સંસદમાં પ્રશંસા કરેલ છે.
- કેન્દ્રીય સુપરવાઈઝરી બોર્ડ દ્વારા પણ રાજ્ય સરકારે પીએનડીટી એક્ટના અમલીકરણની કરેલ કામગીરીની નોંધ લીધી છે.
- ગ્રામ્ય ક્ક્ષાએ આરોગ્ય કાર્યકરો દ્વારા નિભાવાતા અલગ-અલગ માતા રજીસ્ટર અને બાળ રજીસ્ટર સુધારી એક જ રજીસ્ટર કરવામાં આવેલ છે. આ નવા રજીસ્ટરમાં માતા અને બાળકની વિગત એક જ પાના પર સળંગ નિભાવવાની રહેતી હોવાથી આ રજીસ્ટર ઉપરથી "Pregnancy Loss" ની વિગત મળી શકશે. જેના આધારે વિશેષ કાર્યવાહી ચકાસણી કરવાનું શક્ય બનશે.

**સફળ સ્ટીંગ ઓપરેશન**

- રાજકોટ ખાતે એક ખાનગી તબીબ મોટા પાયે ગર્ભની જાતિનું પરીક્ષણ કરતા હોવાનું અને સ્ત્રી ભૃણહત્યા કરતા હોવાનું ધ્યાનમાં આવતા આ તબીબ ઉપર ખાનગી ડીટેક્ટીવ સંસ્થાના સહયોગથી એક ડમી પેશન્ટ મોક્લી સફળ સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલ હતું. સ્ટીંગ ઓપરેશન દરમ્યાન સગર્ભા પાસેથી રૂા. ૨૦૦૦/- લઈને ગર્ભનું જાતિય પરીક્ષણ કરીને જાતિની જાણ કરતાં રંગેહાથ ઝડપાયા હતા. આ તબીબનું સોનોગ્રાફી મશીન સીલ કરીને પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવ્યું છે આ તબીબની ધરપકડ કરી તેમની સામે કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.
- અમદાવાદ શહેરના જોધપુર વિસ્તારમાં એક ખાનગી તબીબ મોટા પાયે ગર્ભની જાતિનું પરિક્ષણ કરતા હોવાનું અને સ્ત્રી ભૃણહત્યા કરતા હોવાનું ધ્યાનમાં આવતા આ તબીબ ઉપર ખાનગી ડીટેક્ટીવ સંસ્થાના સહયોગથી એક ડમી પેશન્ટ મોક્લી સફળ સ્ટીંગ ઓપરેશન કરવામાં આવેલ છે. સ્ટીંગ ઓપરેશ દરમ્યાન સગર્ભા પાસેથી રૂા. ૪૦૦૦/- લઈને ગર્ભનું જાતિય પરીશ્રણ કરીને જાતિની જાણ કરતાં રંગેહાથ ઝડપાયા છે. આ તબીબનું સોનોગ્રાફી મશીન સીલ કરીને પોલીસ દ્વારા કબ્જે લેવામાં આવ્યુ છે આ તબીબ સામે ધોરણસરની કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**સીલ કરેલ સોનોગ્રાફી મશીન અને કોર્ટકેસ**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ પીએનડીટી એક્ટ અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં સીલ કરવામાં આવેલ સોનોગ્રાફી મશીનો અને દાખલ કરવામાં આવેલ કોર્ટકેસ-જિલ્લાવાર

| અ.નં. | જિલ્લાનું નામ | સોનોગ્રાફી મશીનની સંખ્યા | કોર્ટેક્સની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૪ | ૨૭ |
| ૨. | આણંદ | ૨ | ૧ |
| ૩. | બનાસકાંઠા | ૬ | ૦ |
| ૪. | ભરૂચ | ૨ | ૨ |
| ૫. | ભાવનગર | ૮ | ૦ |
| ૬. | દાહોદ | ૯ | ૧ |
| ૭. | ગાંધીનગર | ૯ | ૬ |
| ૮. | પંચમહાલ | ૩ | ૨ |
| ૯. | જામનગર | ૪ | ૦ |
| ૧૦. | જુનાગઢ | ૧ | ૦ |
| ૧૧. | ખેડા | ૫ | ૧ |
| ૧૨. | મહેસાણા | ૬ | ૫ |
| ૧૩. | પાટણ | ૧૪ | ૮ |
| ૧૪. | રાજકોટ | ૨ | ૦ |
| ૧૫. | સાબરકાંઠા | ૯ | ૯ |
| ૧૬. | સુરત | ૮ | ૪ |
| ૧૭. | સુરેન્દ્રનગર | ૯ | ૦ |
| ૧૮. | વડોદરા | ૬ | ૩ |
| ૧૯. | વલસાડ | ૩ | ૦ |
| | કુલ :.. | ૧૪૦ | ૬૯ |

પ્રચાર-પ્રસારની પ્રવૃત્તિઓ :

- આકાશવાણી ઉપરથી ધાર્મિક સીરીયલો તથા ગુજરાતી ફિલ્મોની શરૂઆત પહેલા ૩૦ સેકન્ડની જાહેરાતમાં સ્ત્રી ભ્રૂણ હત્યા એક સામાજીક કલંક છે તે દર્શાવી લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરેલ છે.
- પૂજ્ય ડૉ. નીરૂબહેન અમીન, દાદા ભગવાન ફાઉન્ડેશન, ત્રિમંદિર-અડાલજ, જિ. ગાંધનગર તરફથી દૂરદર્શન પર દર્શાવવામાં આવતા જ્ઞાનવાણી કાર્યક્રમમાં પોતાના પ્રવચનમાં સ્ત્રી ભ્રૂણ હત્યા એક મહાપાપ છે અને લોકોએ સમાજમાં એક જાગૃતિ લાવી આ મહાપાપને થતો અટકાવવા બધા મળીને પ્રયત્નો કરવા જોઈએ.
- ઓગસ્ટ-૦૫ માસ દરમ્યાન રાજકોટ ખાતે યોજાયેલ લોકમેળામાં આરોગ્ય પ્રદર્શન સ્ટોલમાં પી.એન.ડી.ટી. વિષે જાણકારી આપવા માગ આવેલ હતી. તેમજ પી.એન.ડી.ટી. અંગેના સાહિત્યનું વિતરણ કરવામાં આવેલ હતું.
- દીવાળીના દિવસે આર્ય સમાજ દ્વારા ટંકારાથી અમૃતસર પી.એન.ડી.ટી. જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્વામી સચ્ચિદાનંદ, સ્વામી ધર્મબંધુજી અને ૧૦૦૦૦ થી વધુ લોકોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં પી.એન.ડી.ટી. અંગેના બેનરો તથા સાહિત્યનું વિતરણ કરવામાં આવેલ હતું.
- ચેટીચાંદ નિમિત્તે વર્ષ-૨૦૦૬માં અમદાવાદ શહેરમાં

""દિકરીને જન્મવાનો અધિકાર આપો"" વિચારને કેન્દ્રમાં રાખી એક રથ તેયાર કરી સમગ્ર શહેરમાં જનજાગૃતિ માટે ફેરવવામાં આવ્યો હતો ત્યારબાદ આ રથને રાજ્યમાં સ્ત્રીઓની ઓછી સંખ્યા ધરાવતા જિલ્લાઓનાં દરેક ગામમાં ફેરવવામાં આવ્યો હતો.

**""બેટી બચાવો"" અભિયાન-જિલ્લાવાર કરેલ કાર્યક્રમો :**

| જિલ્લો | કરેલ કાર્યક્રમો |
| --- | --- |
| અમદાવાદ | • અમદાવાદ જિલ્લામાં દસક્રોઈ તાલુકાના માન. ધારાસભ્યશ્રી, બાબુભાઈ જે. પેટલના અધ્યક્ષસ્થાને તા. ૨૮-૨-૦૭ના રોજ ""બેટી બચાવો"" યાત્રા યોજવામાં આવેલ હતી. જેમાં જિલ્લાના પદાધિકારીઓ, સહકારી આગેવાનો અને સ્વેચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિતિ રહેલ હતા. |
| અમરેલી | • કુકાવાવ ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષસ્થાને ""બેટી બચાવો"" અભિયાનની શરૂઆત કરાવેલ હતી. |
| | • અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ અને આરોગ્ય સમિતિના ચેરમેનશ્રીએ રાજુલા ખાતે ""બેટી બચાવો"" અભિયાનની શરૂઆત કરાવેલી હતી. |
| આણંદ | • કરમસદ ખાતે માન.ધારાસભ્યશ્રી, શ્રી જશવંતસિંહજી સોલંકી, સારસાના અધ્યક્ષસ્થાને ""બેટી બચાવો"" અભિયાન અંતર્ગત મોટરસાઈકલ રેલી યોજી યાત્રાની શરૂઆત કરાવેલી હતી. |

| | |
|---|---|
| | માર્ગ અને મકાન, શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણે પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે ભરૂચ ખાતેના ધ્વજવંદન સમારંભમાં રાજ્યમાં ઘટતી જતી સ્ત્રીઓની સંખ્યા તરફ ઉપસ્થિતોનું ધ્યાન દોરી દિકરીઓને જન્મનો અધિકાર આપવા અને તેમને દિકરા સમાન ગણી સમાન હક આપવા અનુરોધ કર્યો હતો. |
| ભાનવગર | ● માન.શ્રી મનસુખભાઈ માંડવીયા, માન. ધારાસભ્ય, પાલીતાણા દ્વારા પાલીતાણા વિસ્તારમાં ""બેટી બચાવો"" અંગે પદયાત્રા યોજવામાં આવેલ હતી. |
| | ● માન.શ્રી સુનીલભાઈ ઓઝા, માન. ધારાસભ્ય, ભાવનગર શહેર (દક્ષિણ) દ્વારા ""બેટી બચાવો"" અભિયાન જનજાગૃતિ રથયાત્રા યોજી હતી. |
| | ● જિલ્લામાં ત્રણ દિવસના સરપંચ સંમેલનો યોજવામાં આવેલ હતા. જેમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓ અને લોક આગેવાનો હાજર રહેલ હતા. આ સંમેલનમાં ""બેટી બચાવો"" વિશે ચિંતન કરવામાં આવેલ હતું તથા સ્ત્રી ભૃણહત્યા અંગેનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ હતું. |
| દહોદ | ● માન. શ્રી મંગુભાઈ પટેલ, મંત્રીશ્રી, વન અને પર્યાવરણના અધ્યક્ષસ્થાને દેવગઢ-બારીયા ખાતે ""બેટી બચાવો"" અભિયાન અંતર્ગત યાત્રાની શરૂઆત કરવામાં ઓવલ હતી. સદરહુ યાત્રા દરમ્યાન માન. ધારાસભ્ય, દેવગઢ-બારીયા, શ્રી બચુભાઈ ખાબડ તથા માન. ધારાસભ્ય, રાજગઢ, શ્રી ફતેસિંહ ચોહાણ ઉપસ્થિત રહ્યા હતા. |
| ગાંધીનગર | ● માન.અધ્યક્ષશ્રી ગુજરાત વિધાનસભા, પ્રો. મંગળદાસ પટેલે તાજેતરમાં માણસા ખાતે યોજાયેલ જુદી-જુદી જ્ઞાતિઓના સમુહલગ્નોમાં ઉપસ્થિત રહી નવદંપતિઓને સ્ત્રી ભૃણહત્યા ન કરવા શપથ લેવડાવ્યા હતા. |
| | ● વર્ષ દરમ્યાન માન. અધ્યક્ષશ્રીએ જિલ્લામાં તેઓના અધ્યક્ષસ્થાને યોજાયેલ જુદા-જુદા કાર્યક્રમોમાં આ પ્રશ્નનો અચુક ઉલ્લેખ કરીને ભૃણહત્યા ન કરવા અને દિકરીને |

| | |
|---|---|
| | જન્મવા દેવા અપીલ કરી હતી. |
| | ● ગાંધીનગરમાં રાજપૂત સમાજના સમૂહલગ્નોમાં પણ નવદંપતિઓને સ્ત્રી ભૃણહત્યા ન કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતા. |
| પંચમહાલ | ● જિલ્લામાં કૃષિ મહોત્સવ દરમ્યાન ""બેટી બચાવો"" રથ જિલ્લામાં ફેરવવામાં આવેલ હતો. જેમાં પ્રભારી સચિવશ્રી તથા માન. મંત્રી, શ્રી પ્રભાતસિંહ ચોહાણ ખાસ ઉપસ્થિત રહેલ હતા. |
| જામનગર | ● માન. શ્રી મુળુભાઈ બેરા, માન. રાજ્યકક્ષા મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર (સ્વતંત્ર હવાલો) દ્વારા ભાણવડ તાલુકામાં જાન્યુઆરી-૦૭ દરમ્યાન માતૃવંદના યાત્રા યોજવામાં આવેલ હતી જેમાં શ્રી છત્રસિંહ મોરી, માન. રા.ક.મંત્રીશ્રી, અન્ન અને નાગરીક પુરવઠો તથા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને અન્ય લોકઆગેવાનો હાજર રહ્યા હતા. |
| | ● શ્રી રતિભાઈ સુરેજા, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, જળસંપત્તિ દ્વારા જોડીયા તાલુકામાં ત્રણ દિવસ માતૃ વંદના યાત્રા યોજવામાં આવેલ હતી. જેમાં સ્થાનિક લોક આગેવાનો હાજર રહ્યા હતા. |
| જુનાગઢ | ● શ્રી રતિભાઈ સુરેજા, માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી, જળસંપત્તિ દ્વારા માણાવદર, વંથલી તાલુકામાં માતૃવંદના યાત્રા યોજવામાં આવેલ હતી. જેમાં સ્થાનિક લોક આગેવાનો હાજર રહ્યા હતા. |
| | ● શ્રી માધાભાઈ બોરીચા, માન. ધારાસભ્યશ્રી, કેશોદ દ્વારા કેશોદ અને વંથલી તાલુકામાં માતૃ વંદના યાત્રા યોજવામાં આવેલ હતી. |
| ખેડા | ● શ્રીમતી આનંદીબેન પટેલ, માન. મંત્રીશ્રી, શિક્ષણ અને મહિલા બાળ વિકાસના અધ્યક્ષસ્થાને ડીસેમ્બર-૨૦૦૬માં ""બેટી બચાવો"" યાત્રા યોજવામાં આવેલ હતી. સદરહુ યાત્રામાં માન. ધારાસભ્યશ્રી, શ્રી વિમલભાઈ શાહ પણ હાજર રહેલ હતા. |
| કચ્છ | ● ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી, પ્રો. મંગળદાસ પટેલના અધ્યક્ષસ્થાને ભૂજ ખાતે ""બેટી બચાવો"" |

| | |
|---|---|
| | અભિયાન અંતર્ગત સેમીનાર યોજવામાં આવેલ હતો. |
| | ● જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા દરેક બ્લોકમાં ""બેટી બચાવો"" અભિયાન અંતર્ગત સેમીનારો યોજવામાં આવેલ હતા. |
| મહેસાણા | ● શ્રીમતી આનંદીબેન પટેલ, માન. મંત્રીશ્રી, શિક્ષણ અને મહિલા બાળ વિકાસના અધ્યક્ષસ્થાને ઉંઝા તાલુકામાં ""બેટી બચાવો"" અભિયાનની યાત્રા યોજવામાં આવેલ હતી |
| | ● શ્રી પ્રહલાદભાઈ પટેલ, માન. ધારાસભ્યશ્રી, વિસનગરના અધ્યક્ષસ્થાને ""બેટી બચાવો"" અભિયાન અંતર્ગત યાત્રા તાલુકાના દરેક ગામે રાત્રી સભાઓ યોજવામાં આવેલ હતી. સદરહુ યાત્રા દરમ્યાન આરોગ્ય સમિતિના અધ્યક્ષ હાજર રહેલ હતા. |
| | ● જિલ્લામાં યોજાયેલ ગ્રામ સભાઓમાં પણ જિલ્લા આરોગ્યતંત્રના પ્રતિનિધિએ આરોગ્ય પ્રશ્નની ચર્ચા ઉપરાંત સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા પર ગ્રામસભાનું ધ્યાન દોરી જાતિય પરીક્ષણ અટકાવવા અને જાતિય પરીક્ષણ ન કરવા અને તેઓને જાતિય પરીક્ષણનું ગેરકાનુની કાર્ય કરતાં તબીબની જાણકારી મળે તો તેની જિલ્લા આરોગ્યતંત્રને જાણકારી આપવા અનુરોધ કરેલ હતો. |
| | ● માન.મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી ચૂંટાયેલા સરપંચોના યોજાયેલ સંમેલનમાં ""બેટી બચાવો"" અભિયાનનો ઉલ્લેખ કરી દિકરીને જન્મવા દેવા અને સ્ત્રી ભૃણહત્યા અટકાવવા અપીલ કરી હતી. |
| નર્મદા | ● કોલેજના પ્રિન્સીપાલના અધ્યક્ષસ્થાને રાષ્ટ્રિય સેવા યોજના (એનએસએસ) અંતર્ગત યોજાયેલ શીબીરમાં ગામ લોકોને આ પ્રશ્નની સમજ આપી લોકજાગૃતિ કેળવવા સમજ આપેલ હતી. |
| નવસારી | ● નવસારી ખાતે જિલ્લા સમાહર્તા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં તથા ડિસે. ૦૬માં |

| | |
|---|---|
| | રાજ્યના અધિક નિયામક (પરિવાર કલ્યાણ) અને જિલ્લા લાયન્સના ગવર્નરની ઉપસ્થિતિમાં રાજ્યમાં સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા અંગે ગહેરી ચિંતા વ્યક્ત કરી જાતિય પરીક્ષણ અટકાવવા તથા દિકરીને જન્મવાનો અધિકાર આપવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો. |
| ડાંગ | ● પ્રભારી સચિવશ્રીના અધ્યક્ષપણા હેઠળ યોજેલ સ્થાનિક અધિકારીઓ અને પદાધિકારીઓની બેઠકમાં ""બેટી બચાવો"" અભિયાન વિશે ચર્ચા વિચારણા કરેલ હતી. ડાંગી દરબારમાં આરોગ્ય ખાતા દ્વારા આ અંગે પ્રદર્શન યોજેલ. |
| પાટણ | ● માન. શિક્ષણમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલે જિલ્લાના જુદા-જુદા ગામડાઓમાં ""બેટી બચાવો"" અભિયાન અંતર્ગત ""બેટી બચાવો"" યાત્રાઓ કાઢવામાં આવી હતી જેમાં જિલ્લાના પદાધિકારીઓ તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. |
| | ● પ્રખ્યાત ભાગવત કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાએ ડીસે. ૦૬માં ચાણસ્મા ખાતે ""બેટી બચાવો"" અભિયાન અંતર્ગત દિકરીને જન્મવા દેવા તથા તેને દિકરા જેટલો જ અધિકાર આપવા અનુરોધ કર્યો હતો. |
| પોરબંદર | ● ગુજરાત સ્થાપના દિનના રોજ માન.મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીમંડળના સભ્યો દ્વારા પોરબંદર ખાતે યોજવામાં આવેલ રેલીમાં ""બેટી બચાવો"" અભિયાનનો પ્રચાર-પ્રસાર કરવામાં આવેલ હતો. |
| | ● શ્રી કરશનભાઈ ઓડેદરા, માન. ધારાસભ્યશ્રી કુતીયાણા દ્વારા રાણાવાવ ખાતે આઈસીડીએસ અને ""બેટી બચાવો"" અભિયાનનું સંમેલન યોજવામાં આવેલ હતું. |
| રાજકોટ | ● રાજકોટ ખાતે રાજ્ય કક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ""બેટી બચાવો"" અંગેનું પ્રદર્શન ગોઠવવામાં આવેલ હતું જેમાં માન. મુખ્યમંત્રીશ્રી, માન. ધારાસભ્ય અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખશ્રી, શ્રી વજુભાઈ વાળા, માન. |

| | |
|---|---|
| | શ્રી અશોકભાઈ ભટ્ટ, માન. મંત્રીશ્રી, આરોગ્ય અને પ.ક., કાયદો અને સંસદીય બાબતો, માન. મંત્રીશ્રી, શ્રી આઈ. કે. જાડેજા, માર્ગ અને મકાન તથા માન. મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ અને સહકાર મંત્રીશ્રી તેમજ સ્થાનિક ધારાસભ્યશ્રીઓએ મુલાકાત લીધેલ હતી. |
| | ● તા. ૨૪-૧-૦૬ના રોજ ""બેટી બચાવો"" અંતગર્ત વીછીયા ગામે મહિલા શીબીર રાખવામાં આવેલ તથા ગોંડલ ખાતે ""માં બેટી સંમેલન"" મહિલા શીબીર રાખવામાં આવેલ. |
| | ● સાયક્લ રેલી ૫૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા રાજકોટ ખાતે ૨૬-૧-૦૬ના રોજ સ્ત્રીભૃણ હત્યા વિષે રેલી કાઢવામાં આવેલ. |
| | ● માતૃવંદના યાત્રા અંતર્ગત ""રાજવ્યાપી સ્ત્રીભૃણ હત્યા અટકાવી બેટી બચાવો"" અભિયાન તથા સ્કુટર-મોટર સાયક્લના માધ્યમથી યાત્રા તા. ૨૮ થી ૩૦ ડિસેમ્બર-૦૬ના રોજનું આયોજન કરવામાં આવેલ છે. |
| | ● માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સમગ્ર સોરાષ્ટ્રમાંથી ચૂંટાયેલા સંરપંચોના યોજાયેલ સંમેલનમાં ""બેટી બચાવો"" અભિયાનનો ઉલ્લેખ કરી દિકરીને જન્મવા દેવા અને સ્ત્રી ભૃણહત્યા અટકાવવા અપીલ કરી હતી. |
| | ● ઓગસ્ટ-૦૬માં રાજકોટ ખાતે યોજાયેલ સોરાષ્ટ્રના સોથી મોટા લોકમેળામાં આરોગ્ય વિભાગ જીલ્લા પંચાયત દ્વારા ""બેટી બચાવો"" અંગે પ્રદર્શન ગોઠવવામાં આવેલ હતું. |
| સાબરકાંઠા | ● માન.મંત્રીશ્રી, રમણભાઈ વોરા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષસ્થાને મે-૦૬ અને ફેબ્રુ-૦૭માં વડાલી અને ઈડર તાલુકાના જુદા-જુદા ગામડાઓમાં ""બેટી બચાવો"" ની રેલી કાઢવામાં આવેલ હતી. જેમાં સ્થાનિક લોક આગેવાનો તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા. |
| સુરત | ● સુરત ખાતે તા. ૩૧-૧૨-૦૬ના રોજ |

| | |
|---|---|
| | યોજાયેલ સરપંચ સંમેલનમાં માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રી, શ્રી મંગુભાઈ પટેલ, વન અને પર્યાવરણ હાજર રહેલ હતા. જેમાં ""બેટી બચાવો"" અભિયાન અન્વયે ઉપસ્થિતોને અપીલ કરવામાં આવેલ હતી. |
| | ● પ્રજાસત્તાક દિનની ઉજવણીના રોજ યોજાયેલ કાર્યક્રમમાં માન. શિક્ષણ મંત્રીશ્રી, શ્રીમતી આનંદીબેન પટેલે ૧૧૦૦૦ લોકોને સ્ત્રી ભૃણહત્યા ન કરવા અંગે પ્રતિજ્ઞા લેવડાવેલ હતી. |
| સુરેન્દ્રનગર | ● માન. શ્રી આઈ. કે. જાડેજા, મંત્રીશ્રી, માર્ગ અને મકાન, શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણે ધાંગધ્રાં ખાતેથી માતૃ વંદના યાત્રાની શરૂઆત કરેલ હતી. જિલ્લાના લખતર, વઢવાણ અને ધાંગધ્રા તાલુકાના તમામ ગામોમાં રેલી યોજવામાં આવેલ હતી. રેલી દરમ્યાન ""બેટી બચાવો"" નું પ્રદર્શન પણ યોજવામાં આવેલ હતું. |
| | ● જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા પ્રજાસત્તાક દિનના રોજ ""બેટી બચાવો"" ટેબ્લો બનાવવામાં આવેલ હતો. |
| | ● તરણેતરના મેળામાં જિલ્લા પંચાયત આરોગ્ય વિભાગ દ્વારા ""બેટી બચાવો"" અંગે પ્રદર્શન યોજવામાં આવેલ હતો. |
| વડોદરા | ● માન.ધારાસભ્યશ્રી, દીલુભા ચુડાસમા, વડોદરા (ગ્રામ્ય) એ ગ્રામ્ય વિસ્તારમાં અને માન.શ્રી જીતુભાઈ સુખડીયા, માન. ધારાસભ્યશ્રી, સયાજીગંજએ વડોદરા શહેરી વિસ્તારમાં મહાનગરપાલીકાના ચૂંટાયેલી પાંખના સભ્યશ્રીઓ દ્વારા માતૃ વંદના યાત્રા યોજવામાં આવેલ હતી. |
| | ● શ્રીમતી જયાબેન ઠક્કર, માન. સંસદ સભ્યશ્રી, વડોદરાએ બાજવા વિસ્તારમાં માતૃ વંદના યાત્રા યોજવામાં આવેલી હતી. |
| | ● માન. મુખ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં દક્ષિણ-મધ્ય ગુજરાતમાંથી ચૂંટાયેલા સરપંચોના યોજાયેલ સંમેલનમાં ""બેટી બચાવો"" અભિયાનનો ઉલ્લેખ કરી દિકરીને જન્મવા દેવા |

| | |
|---|---|
| | અને સ્ત્રી ભૃણહત્યા અટકાવવા અપીલ કરી હતી. |
| વલસાડ | • જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અધ્યક્ષપણા હેઠળ મમતા દિવસની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહેલ હતા. |

(૨) સરકારે આ ઘટાડો અટકાવવા કોઈ પ્રોત્સાહન યોજનાઓ દાખલ કરેલ છે કે કેમ?

(૨) હા જી, રાજ્ય સરકારે દિકરી જન્મને પ્રોત્સાહન આપવા માટે દિકરી યોજના અમલમાં મુકેલ છે આ યોજના હેઠળ જે દંપત્તિને દિકરો ન હોય અને માત્ર એક દિકરી હોય અને તે દંપતિ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે તો રૂા. ૬૦૦૦/- ના રાષ્ટ્રિય બચતપત્રો તથા બે દિકરી ધરાવતા દંપતિ કુટુંબ નિયોજનનું ઓપરેશન કરાવે તો રૂા. ૫૦૦૦/- ના રાષ્ટ્રિય બચતપત્રો આપવાની જોગવાઈ છે.

-----------

**જૂનાગઢ ડિવિઝનમાં સ્ટેટ હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી**

૨૧૨૧૦ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માર્ગ અને મકાન વિભાગ તરફથી જૂનાગઢ ડીવીઝન (સ્ટેટ) હસ્તકના રસ્તાઓની મરામત માટે ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા રસ્તાઓની કઈ કઈ એજન્સી દ્વારા મરામત કરવામાં આવી, અને

(૩) કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ચાલુ મરામત માટે નીચે મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવી.

૨૦૦૫-૦૬ : રૂા. ૧૧૨-૦૯ લાખ
૨૦૦૬-૦૭ : રૂા. ૧૧૩-૭૦ લાખ
**કુલ** રૂા. ૨૨૫-૭૯ લાખ

(૨) * પત્રક મુજબ

(૩)
૨૦૦૫-૦૬ : રૂા. ૧૫૫.૦૧ લાખ
૨૦૦૬-૦૭ : રૂા. ૧૬૨.૩૯ લાખ
**કુલ** રૂા. ૩૧૭.૪૦ લાખ

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**છોટાઉદેપુર અને ક્વાંટ તાલુકામાં પંચાયત હસ્તકના રસ્તાઓ રીપેર કરવા બાબત**

૨૦૯૧૭ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫-૦૬ માં વડોદરા જિલ્લા પંચાયત હસ્તકના રસ્તા રીપેરીંગ માટે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને ક્વાંટ તાલુકામાં કેટલા અને ક્યા ક્યા રસ્તા રીપેર કર્યા, અને

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬માં વડોદરા જીલ્લા પંચાયત હસ્તકના ક્વાંટ તાલુકાના નીચે જણાવેલ ૧૬ તથા છોટાઉદેપુર તાલુકાના ૧૮ મળી કુલ ૩૪ રસ્તા રીપેર કરવામાં આવ્યા.

| | **તા. ક્વાંટ** | | **તા. છોટાઉદેપુર** |
|---|---|---|---|
| | **રસ્તાનું નામ** | | **રસ્તાનું નામ** |
| ૧ | ચીખલી પડવાણી | ૧ | ખજુરીયા એ. રોડ |
| ૨ | મંકોડી એ. રોડ | ૨ | તેજગઢ પાલસંડા |
| ૩ | ગુગાવાડા એ. રોડ | ૩ | ટીમલા ગુનાટા હાંસડા |

| | | | |
|---|---|---|---|
| | | | રોડ |
| ૪ | સેડીવાસણ માણકા રોડ | ૪ | ધોરીસીમેલ ડુગરભીત રોડ |
| ૫ | કરજવાંટ નાની ટોકરી માટીટોકરી રોડ | ૫ | ઝોઝ જામલી મીઠીબોર રોડ |
| ૬ | પાનવડ કાવરા ચીમલી રોડ | ૬ | કાંછેલ સુરખેડા રોડ |
| ૭ | સીગલા લુણી બાડાવાવ રોડ | ૭ | કેવડી સીગલજા મીઠીબોર રોડ |
| ૮ | આરતીયા બીલધા રોડ | ૮ | કટારવાંટ રાજુવાંટ રામપુરા રોડ |
| ૯ | ઝડુલી એ. રોડ | ૯ | બોરધા એ. રોડ |
| ૧૦ | ક્વાંટ સેડીવાસણ રોડ | ૧૦ | સીમલકુવા મોટારામપુરા |
| ૧૧ | પાનવડ સિહાદા રાયછા રોડ | ૧૧ | નાલેજ પીપલેજ બોરધા |
| ૧૨ | મોટી ચીખલી રોડ | ૧૨ | રાયસીંગપુરા હરવાંટ રોડ |
| | ચાલુ મરામત સદરે રીપેરીંગ કરેલ રસ્તાઓ | ૧૩ | બંદલા એ. રોડ |
| | | ૧૪ | નાલેજ સીમલફળીયા રોડ |
| ૧૩ | ધનીવાડી પીપલધા પીપલધી રોડ | ૧૫ | મીઠીબોર દૂણ રોડ |
| ૧૪ | ગોડધા એ. રોડ | | ચાલુ મરામત સદરે રીપેરીંગ કરેલા રસ્તાઓ |
| ૧૫ | ભાખા ક્વાંટ રોડ | | |
| ૧૬ | નવાલજા વખતગઢ રોડ | ૧૬ | કોલી એ. રોડ |
| | | ૧૭ | તેજગઢ પાલસંડા રોડ |
| | | ૧૮ | ધોરીસીમેલ ડુંગરભીત રોડ |

(૨) તેમાં કેટલો ખર્ચ થયો?

(૨) સદરહુ રસ્તા રીપેરીંગમાં રૂા. ૪૩૩.૩૦ લાખનો ખર્ચ થયેલ છે.

-----------

**જુના શહેરી વિસ્તારોનું નવસાધ્યકરણ યોજના**

૧૯૬૫૯**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુના શહેરી વિસ્તારોનું નવસાધ્યકરણ કરવાની યોજના રાજ્ય સરકારની વિચારણામાં છે, | (૧) હા, જી. |
| (૨) આ અન્વયે જુનાગઢ, વેરાવળ માટે કોઈ જોગવાઈ કે યોજના થયેલ છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો તેમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શી પ્રગતિ થયેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કોર્ટોમાં સરકારી વકીલોની જ્ગ્યાઓ ખાલી હોવા બાબત**

૧૯૨૪૦**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તાલુકાની કોર્ટોમાં સરકારી વકીલોની કુલ કેટલી જગાઓ મંજૂર થઈ છે, | (૧) ૨૩૬. |
| (૨) તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં મંજુર થયેલ જ્ગ્યાઓમાં કુલ કેટલી જ્ગ્યાઓ ખાલી છે, અને | (૨) ૫૦. |
| (૩) અનુસૂચિત જાતિનો કેટલો બેક્લોગ છે? | (૩) બેક્લોગ નથી. |

-----------

**૫૩**

**નવા માર્ગો બનાવવા ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત**

૨૧૬૯૦ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકારે ડીસે. ૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા માર્ગો બનાવવા ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવી, | (૧) આ પ્રકારે જિલ્લાવાર ગ્રાંટ ફાળવવામાં આવતી નથી. |
| (૨) તેમાંથી ક્યા જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ચૂક્વાઈ, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પૂરેપૂરી ગ્રાન્ટ ફાળવવાની પ્રક્રિયા પૂર્ણ ન થવાના કારણો શા છે? | |

-----------

**સરકાર દ્વારા સ્વેચ્છિક સંસ્થાઓ, ટ્રસ્ટો દ્વારા આરોગ્ય સેવા માટે ગ્રાન્ટ વધારવા બાબત**

૨૧૮૮૮**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર દ્વારા સ્વેચ્છિક સંસ્થાઓ, ટ્રસ્ટો કે સોસાયટીઓ દ્વારા સંચાલીત આરોગ્ય સેવા આપતી હોસ્પિટલો ૧૪૧ સંલગ્ન સંસ્થાઓને અપાતી ગ્રાન્ટમાં વધારો કરવાની માંગણી આવી છે તે હકીક્ત સાચી છે, | (૧) સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના ફેડરેશન તરફથી આવી સંસ્થાઓને મળવાપાત્ર અનુદાનની પૂરતી રકમ ફાળવવા રજુઆત મળી છે અને તે પરત્વે કાર્યવાહી કરવામાં આવી રહી છે. |
| (૨) જો હા, તો આ માંગણી પરત્વે તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કઈ કઈ સંસ્થાઓની ગ્રાન્ટમાં વર્ષવાર ક્યારે ક્યારે વધારો થયો, અને | (૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જે તે વર્ષમાં આ હેતુસર ઉપલબ્ધ ગ્રાન્ટના આધારે સહાયક અનુદાનના નિયમો, ૧૯૬૪ મુજબ આવી સંસ્થાઓને સહાયક અનુદાનની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૩) જો ના, તો રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વર્ષવાર વાર્ષિક ૧૦ લાખ કરતા વધુ ગ્રાન્ટની ફાળવણી કઈ કઈ સંસ્થાઓને વર્ષવાર ફાળવવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ઉત્તર ગુજરાતમાં નવી મેડીક્લ કોલેજ શરૂ કરવા બાબત**

૨૧૬૯૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉત્તર ગુજરાતમાં નવી મેડીક્લ કોલેજ શરૂ કરવાની કેટલી દરખાસ્તો સરકારને મળી છે, | (૧) એકપણ નહીં. |
| (૨) ક્યા ક્યા સ્થળોએ મેડીક્લ કોલેજ શરૂ કરવાની દરખાસ્તો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સરકારે આ અંગે શી કાર્યવાહી કરી છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## જામનગર મહાનગરપાલિકામાં નગરસીમ વિસ્તારનો સમાવેશ કરવા બાબત

૨૧૪૯૨**ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર મહાનગરપાલિકાની હદ વધારવા તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવ્યો, | (૧) બેડી અને નવાગામ-ઘેડ. |
| (૨) આ સમાવેશ થયેલ વિસ્તારોમાં મહાનગર-પાલિકાથી વધુ નજીકનો વિસ્તાર બાકી રહી જવા પામેલ છે તે સરકાર જાણે છે, | (૨) આ અંગે રજૂઆત પ્રાપ્ત થયેલ છે. |
| (૩) આ વિસ્તારમાં નગરસીમનો સમાવેશ નહીં કરવાના કારણો શા છે, અને | (૩) પ્રવર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખી, હાલ આ વિસ્તારનો સમાવેશ કરવામાં આવેલ નથી. |
| (૪) જામનગર નગરસીમનો સમાવેશ જામનગર મહાનગરપાલિકામાં ક્યારથી કરવામાં આવશે? | (૪) યોગ્ય સમયે વિચારણા કરી શકાશે. |

-----------

## બનાસકાંઠા જિલ્લામાં એઈડ્સ અને કેન્સરના કેસ

૧૯૨૧૯**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એચ.આઈ.વી. પોઝીટીવ તેમજ કેન્સરના કેટલા કેસો તાલુકાવાર નોંધાયેલા છે, | (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં એચ.આઈ.વી. પોઝીટીવ તેમજ કેન્સરના તાલુકાવાર નોંધાયેલ કેસોની વિગત આ સાથેના પત્રક મુજબ છે. |
| (૨) આ રોગ સામે રક્ષણ આપવા સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) આ રોગની ગંભીરતાથી લોકોને વાકેફ કરવા માટે મહારેલીઓ, જાહેર સ્થળો ઉપર જાહેરાતના બોર્ડ, દિવાલો ઉપર સૂત્રો, ગ્રૃપ મીટીંગો, સ્લાઈડ શો, રોગ નિદાન કેમ્પો, આ રોગના નિષ્ણાંતો દ્વારા જાહેર વ્યાખ્યાનો વગેરે બાબતે કાર્યવાહી કરવામાં આવે છે.<br>(૨) સંસ્થા ખાતે વાત્સાયન કેન્દ્ર (આઈસીટીસી)ના કાઉન્સેલર દ્વારા એચ.આઈ.વી. પોઝીટીવ દર્દીઓને પ્રિ-ટેસ્ટ કાઉન્સીલીંગ તથા એચ.આઈ.વી. અવેરનેસ તેમજ એચ.આઈ.વી. ટેસ્ટ માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ગેરસમજ દુર કરવામાં આવે છે, માનસિક રીતે સક્ષમ બનાવવા, દર્દીના ઘરની વીઝીટ કરવી તેમજ જાતિય રોગોની સમજ આપવામાં આવે છે. પોઝીટીવ વ્યક્તિને ટી.બી. એન્જીયો તેમજ એ.આર.ટી. સેન્ટર અમદાવાદ ખાતે પણ મોકલવામાં આવે છે. પોષણયુક્ત ખોરાકની માહિતી તથા ટેલી કાઉન્સીલીંગ માટેની જાણકારી આપવામાં આવે છે.<br>(૩) મમતા ક્લીનીક (પીપીટીસીટી) દ્વારા સગર્ભા સ્ત્રીઓનું તથા પાર્ટનરનું ટેસ્ટીંગ કરવામાં આવે છે.<br>(૪) જનરલ હોસ્પિટલ, પાલનપુર ખાતે આવા દર્દીઓની સારવાર માટે રાખવામાં આવતી દવાઓની યાદી આ મુજબ છે.<br>૧. ટેબલેટ-લેઝીડ (૨) ટેબલેટ-એઝીથ્રોમાયસીન (૩) ટેબલેટ-સીપ્લોક્ષ (૪) ટેબલેટ-ટીએમપી (ટાઈમીથોપ્રીમ) (૫) ટેબલેટ-નોરફ્લોક્ષ (૬) કેપ-ડોક્ષીસાયક્લીન (૭) ટેબલેટ-મેટ્રોઝીલ (૮) કેપ-ક્લોક્ષાસીલીન (૯) સંસ્થા ખાતે એચ.આઈ.વી. પોઝીટીવ/એઈડ્સ દર્દીનું સારવાર |

દરમ્યાન કોઈ મૃત્યુ નોંધાયેલ નથી.
(૫) કેન્સરના દર્દીઓની સારવાર નિદાન થયા બાદ તેને માટેની ખાસ પ્રકારની દવાઓ આપવામાં આવતી હોય છે. તેમજ આવા દર્દીઓની નિયમિત તપાસ કેન્સર રોગના નિષ્ણાંત દ્વારા કરવામાં આવતી હોય છે. સંસ્થા ખાતે આ રોગના શંકાસ્પદ દર્દીઓને વધુ સારવાર તથા નિદાન માટે અમદાવાદ ખાતે રીફર કરવામાં આવે છે.

(૩) આવા દર્દીઓને સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે દવાઓ આપવામાં આવે છે કે કેમ ?

(૩) હા, જી.

**પત્રક**

બનાસકાંઠા જિલ્લામાં એઈડસ અને કેન્સરના તાલુકાવાર નોંધાયેલ કેસોની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | એચ.આઈ.વી. પોઝીટીવ કેસ | કેન્સરના કેસ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૬૫ | ૧૮૫ |
| ૨ | દાંતા | ૧૧ | ૧૯ |
| ૩ | વડગામ | ૧૯ | ૭૩ |
| ૪ | ડીસા | ૦૭ | ૯૧ |
| ૫ | અમીરગઢ | ૦૨ | ૦૮ |
| ૬ | દાંતીવાડા | -- | ૧૧ |
| ૭ | ધાનેરા | ૦૬ | ૪૨ |
| ૮ | કાંકરેજ | -- | ૪૭ |
| ૯ | દિયોદર | ૦૧ | ૩૪ |
| ૧૦ | ભાભર | ૦૧ | ૧૬ |
| ૧૧ | થરાદ | ૦૧ | ૪૭ |
| ૧૨ | વાવ | ૦૧ | ૪૧ |
| | કુલ : | ૧૧૪ | ૬૧૪ |

-----------

## ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય રસ્તા માટે જોબ નંબર

૨૦૯૦૦**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગ્રામ્ય રસ્તા માટે કુલ કેટલા જોબ નંબર આપવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કામ શરૂ થયા, અને

(૩) બાકીના ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ડીસેમ્બર-૨૦૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગ્રામ્ય રસ્તા માટે કુલ ૨૧ જોબનંબર આપવામાં આવ્યા.

(૨) તે પેકી એક કામ શરૂ થયેલ છે.

(૩) એજન્સી નક્કી થયેથી કામ પૂર્ણ કરવામાં આવશે.

-----------

**પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના**

૨૧૫૦૬**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે રાજ્યમાં પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના ક્યારે કરેલ છે, અને

(૨) સરકારે પ્રવાસન વિકાસ કાઉન્સીલ માટે ક્યા ઉદ્દેશો નિર્ધારિત કરેલ છે?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે કાઉન્સીલની રચના તા. ૭-૧-૨૦૦૬ના રોજ કરેલ છે.

(૨) નીચે મુજબના ઉદ્દેશો છે.

૧. રાજ્યમાં પ્રવાસનના વિકાસ અને વેગ માટેની પ્રવૃત્તિઓ સબંધે સર્વોચ્ચ મંડળ તરીકે કામ કરશે.

૨. પ્રવાસન ક્ષેત્રે અમલમાં મુકાયેલ અદ્યતન અભિગમોનો અને કાર્યક્રમોનો અભ્યાસ કરી રાજ્યમાં અમલ કરાવવા પગલાંઓ પ્રયોજવાની વિચારણા કરશે. જેથી રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધે અને પ્રવાસન થકી રાજ્યનું અર્થતંત્ર ગતિશીલ બને.

૩. કાઉન્સીલનો મુખ્ય હેતુ રાજ્યમાં, રાજ્ય બહાર તથા વૈશ્વિક કક્ષાએ ગુજરાતના પ્રવાસનો વિકાસ થાય તે જોવાનો છે. આ માટે કાઉન્સીલની વખતોવખત બેઠકો તથા કાર્યક્રમોનું આયોજન કરશે. જરૂરી જણાયે કાઉન્સીલ દેશ-વિદેશનો પ્રવાસ પણ કરશે.

-----------

**પાલ્લા-વોઠા વચ્ચે પુલ બનાવવા બાબત**

૨૦૬૩૨**શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ માતર તાલુકામાં આવેલા એતિહાસિક ગામો પાલ્લા-વોઠા વચ્ચે પુલ બનાવવાની બજેટમાં જોગવાઈ થઈ હોવાની હકીક્ત ખરી છે,

(૨) જો હા, તો તે ક્યા વર્ષમાં આ જોગવાઈ કરવામાં આવી છે,

(૩) આ પુલનું કામ ક્યા કારણોસર ખોરંભે પડેલું છે, અને

(૪) રાજ્ય સરકાર ક્યાં સુધીમાં આ પુલ બનાવી દેવા માંગે છે?

**જવાબ**

(૧) અને (૨) ૧૯૯૭-૯૮ના બજેટમાં સદર કામનો સમાવેશ કરવામાં આવેલ.

(૩) અને (૪) મોટા પુલનાં અંદાજી ખર્ચ સામે પુરતી નાણાકિય જોગવાઈ થયે કામગીરી હાથ ધરવા આયોજન છે.

-----------

**જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧-૨ની ખાલી જ્ગ્યાઓ**

૨૦૯૦૩**શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧-૨ની કેટલી જગાઓ ખાલી છે, અને

(૨) આ ખાલી જગાઓ પુરવા માટેનું શું આયોજન છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ જામનગર જિલ્લામાં નીચે દર્શાવ્યા મુજબ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧ અને વર્ગ-૨ ની ડૉક્ટરોની જ્ગ્યાઓ ખાલી છે.

| વિગત | વર્ગ-૧ | વર્ગ-૨ |
|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૩ | ૩ |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ---- | ૨ |
| કુલ : | ૧૩ | ૫ |

(૨) **અધિક્ષક, વર્ગ-૧ ની ખાલી જ્ગ્યા પૂરવા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવે છે.**

૧. ગુજરાત જાહેર સેવા આયોગને માંગણીપત્રક મોકલીને સીધી ભરતી દ્વારા

૨. દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ ગોઠવીને.
૩. મેડીક્લ કોલેજોના પોસ્ટ ગ્રેજ્યુએટ બોન્ડેડ ઉમેદવારોને નિમણૂક આપીને
૪. અનુસ્નાતક ડીગ્રી કે સુપરસ્પેશ્યાલીટીની ડીગ્રી ધરાવતા તબીબો દ્વારા.

**તબીબી અધિકારી, વર્ગ-૨ ની ખાલી જગ્યા પુરવા માટે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.**

૧. સીધી ભરતી માટે માંગણીપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલીને.
૨. આયુર્વેદ સ્નાતક તબીબોને માસિક ફીક્સ પગારથી કરારના ધોરણે નિમણૂક આપવાની કાર્યવાહી દ્વારા.

-----------

## ચિરંજીવી યોજનાનો અમલ

૨૧૬૦૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે ચિરંજીવી યોજના ક્યારથી ચાલુ કરી,

(૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આ યોજનાનો લાભ જિલ્લાવાર કેટલા લાભાર્થીઓએ લીધો,

(૩) આ લાભાર્થીઓ પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૪) આ ખર્ચ ક્યા વિભાગ તરફથી કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) ચિરંજીવી યોજના તા. ૦૯-૧૧-૨૦૦૫ થી રાજ્યના પાંચ જિલ્લાઓમાં તેમજ સમગ્ર રાજ્યમાં તા. ૦૮-૦૯-૨૦૦૬ થી ચાલુ કરવામાં આવી.

(૨) ચિરંજીવી યોજના અંતર્ગત યોજનાના અમલ પછી તા. ૩૧-૦૧-૦૭ સુધીમાં કુલ ૪૩,૨૦૬ પ્રસુતિ થયેલ છે. જે અંગે જિલ્લાવાર પત્રક આ સાથે સામેલ છે.

(૩) ચૂકવણાં અંગેનું પત્રક આ સાથે સામેલ છે.

(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ, આર.સી.એચ.-II તેમજ આદિજાતિ વિકાસ વિભાગ તરફથી કરવામાં આવેલ.

**પત્રક**

**તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ જિલ્લાવાર વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | જિલ્લાનું નામ | નોંધાયેલ સ્ત્રી રોગ નિષ્ણાંત | થયેલ પ્રસુતિ | થયેલ ચુકવણું |
|---|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૨૪ | ૧૨૨ | ૨૧૮૯૯૦ |
| ૨ | મહેસાણા | ૩૮ | ૬૦૮ | ૧૦૯૧૩૬૦ |
| ૩ | પાટણ | ૧૫ | ૬૮૫ | ૧૨૨૯૫૭૫ |
| ૪ | સાબરકાંઠા | ૪૪ | ૫૩૯૬ | ૯૬૮૫૮૨૦ |
| ૫ | બનાસકાંઠા | ૫૮ | ૬૭૫૫ | ૧૨૧૨૫૨૨૫ |
| ૬ | અમદાવાદ | ૧૦૪ | ૫૨૮ | ૯૪૭૭૬૦ |
| ૭ | ખેડા | ૨૭ | ૪૮૨ | ૮૬૫૧૯૦ |
| ૮ | આણંદ | ૨૭ | ૬૯૫ | ૧૨૪૭૫૨૫ |
| ૯ | સુરેન્દ્રનગર | ૧૯ | ૩૨૫ | ૫૮૩૩૭૫ |
| ૧૦ | વડોદરા | ૫૦ | ૫૮૩ | ૧૦૪૬૪૮૫ |
| ૧૧ | પંચમહાલ | ૨૯ | ૧૨૦૩૮ | ૨૧૬૦૮૨૧૦ |
| ૧૨ | દાહોદ | ૧૫ | ૮૯૦૬ | ૧૫૯૮૬૨૭૦ |
| ૧૩ | ભરૂચ | ૨૧ | ૧૪૮ | ૨૬૫૬૬૦ |
| ૧૪ | નર્મદા | ૨ | ૮૬ | ૧૫૪૩૭૦ |
| ૧૫ | સુરત | ૫૯ | ૮૨ | ૧૪૭૧૯૦ |
| ૧૬ | નવસારી | ૭ | ૧૪૭ | ૨૬૩૮૬૫ |
| ૧૭ | વલસાડ | ૮ | ૫૧ | ૯૧૫૪૫ |
| ૧૮ | આહવા-ડાંગ | ૨ | ૯ | ૧૬૧૫૫ |
| ૧૯ | રાજકોટ | ૪૨ | ૨૩૬ | ૪૨૩૬૨૦ |

| અ.નં. | જિલ્લાનું નામ | નોંધાયેલ સ્ત્રી રોગ નિષ્ણાંત | થયેલ પ્રસુતિ | થયેલ ચુક્વણું |
|---|---|---|---|---|
| ૨૦ | જામનગર | ૨૧ | ૪૨ | ૭૫૩૯૦ |
| ૨૧ | કચ્છ | ૨૨ | ૪૭૭૯ | ૮૫૭૮૩૦૫ |
| ૨૨ | ભાવનગર | ૧૫ | ૨૪૯ | ૪૪૬૯૫૫ |
| ૨૩ | અમરેલી | ૬ | ૩૬ | ૬૪૬૨૦ |
| ૨૪ | જૂનાગઢ | ૧૯ | ૧૨૪ | ૨૨૨૫૮૦ |
| ૨૫ | પોરબંદર | ૭ | ૯૪ | ૧૬૮૭૩૦ |
| | કુલ : | ૬૮૧ | ૪૩૨૦૬ | ૭૭૫૫૪૭૭૦ |

-----------

**વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા થી વલસાડ વચ્ચે કોસ્ટલ હાઈવેનું કામ**

૨૦૬૩૮ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) :**

**માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડાથી વલસાડ વચ્ચે કોસ્ટલ હાઈવેનું બાકી લંબાઈનું કામ અધુરૂ રહેલ છે જે સરકાર જાણે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ સરકાર ક્યારે પૂર્ણ કરવા માગે છે ? | (૨) વલસાડથી કોલક નદી સુધીના દરીયાકાંઠા ધોરી માર્ગની ખુટતી કડી અન્વયે મંજૂર થયેલ કડીની કામગીરી પ્રગતિમાં છે જે સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**અમરેલી જિલ્લાની નગર પાલિકાઓને શહેરી વિકાસ વર્ષ દરમિયાન ફાળવેલ ગોરવપથ યોજનાની ગ્રાન્ટ**

૨૦૬૩૫ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં શહેરી વિકાસ વર્ષ સને ૨૦૦૫ દરમ્યાન અમરેલી જિલ્લાની નગરપાલિકાઓને ગોરવપથ યોજના માટે કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૧) ગોરવપથ માટે જેતે નગરપાલિકાએ રસ્તાઓ નક્કી કરવાના હોય છે. ગોરવપથ માટે અલગ ફંડ ફાળવવામાં આવતું નથી. પરંતુ શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ દરમ્યાન રસ્તાના હેતુ માટે ફાળવેલ ફંડમાંથી નગરપાલિકાઓ ગોરવપથના કામ માટે ગ્રાન્ટનો ઉપયોગ કરે છે. |
| (૨) ફાળવેલ ગ્રાન્ટ પેકી કેટલા કામો તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં પૂર્ણ થયા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**રાજકોટ શહેરમાં ગેરકાયદેસર બાંધકામ રેગ્યુલર કરવા બાબત**

૧૯૫૪૨**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ શહેરમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઈમ્પેકટ ફી ના કાયદા અનુસાર ગેરકાયદેસરના બાંધકામોને રેગ્યુલર કરવા માટે કેટલા લોકોએ અરજી કરેલ હતી, | (૧) ૧૩ (તેર). |
| (૨) તે પેકી કેટલા લોકોની ઈમ્પેકટ ફી વસુલી, બાંધકામ રેગ્યુલર કરી આપવામાં આવ્યુ, અને | (૨) ૭ (સાત). |
| (૩) સરકાર ફરીથી આ કાયદા મુજબ બાંધકામો રેગ્યુલર કરવા માટે જાહેરાત કરવા માગે છે કે કેમ? | (૩) ના, જી. |

-----------

**કચ્છ જિલ્લાની કોર્ટોમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ**

૨૧૮૭૬ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં આવેલી કોર્ટોમાં જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ કેટલા ન્યાયાધીશોની જગ્યાઓ ખાલી છે, | (૧) શૂન્ય. |
| (૨) આ જગ્યાઓ ભરવા રાજ્ય સરકાર તરફથી શા પ્રયાસો થયા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**કોયલી ઉમેટા-મીની નદી ઉપરના પુલના એપ્રોચ રોડ બનાવવા બાબત**

૨૧૬૧૨ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા તાલુકામાંના કોયલી ઉમેટા-મીની નદી ઉપરના પુલ તેનો એપ્રોચ રોડ બાકી હોવાને કારણે લોક ઉપયોગી બની શકેલ નથી તે વાતથી સરકાર માહિતગાર છે ખરી, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એપ્રોચ રોડનું કામ ક્યારે શરુ કરાશે, અને | (૨) અને (૩) વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર જેમ બને તેમ જલ્દીથી. |
| (૩) ક્યારે પૂર્ણ કરાશે ? | |

-----------

**અમદાવાદ શહેરમાં મસાલા ઉત્પાદકોને ત્યાં ભેળસેળ માટે પાડેલ દરોડા**

૨૧૨૧૪ **શ્રી મોહંમદફારુક હુ. શેખ(કાલુપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૦૭ સુધીમાં ભેળસેળ કરનાર મસાલા ઉત્પાદકોને ત્યાં કેટલા દરોડા પાડયા, અને | (૧) અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં તા. ૧-૧-૨૦૦૬ થી તા. ૩૧-૧-૨૦૦૭ સુધીમાં ૫૯ ઉત્પાદકોને ત્યાં દરોડા પાડવામાં આવ્યાં. |
| (૨) ભેળસેળ કરનાર ઉત્પાદકોનો કેટલો દંડ કરવામાં આવ્યો ? | (૨) ૫૯ નમૂના પેકી ૦૯ નમૂના અપ્રમાણિત જાહેર થયેલ. જે સંબંધમાં ૦૮ કેસ કોર્ટમાં દાખલ કરેલ છે. જે હાલમાં પડતર છે. |

-----------

**બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક કેન્દ્રોમાં સવલતો વધારવા બાબત**

૨૧૩૮૫**શ્રી ભેમાભાઈ રા. પટેલ(દીઓદર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં અપુરતી સવલતો તેમજ સ્ટાફની ઘટ નિવારવા રાજ્ય સરકારે છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શાં પગલાં લીધા ? | બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પુરતી સવલતો છે. વર્ગ-૩ના સ્ટાફની ઘ ાટ નિવારવા માટે જિલ્લા પંચાયત તરફથી જુનીયર ફાર્માસીસ્ટની ૩૦ જગ્યાઓ લોબોરેટરી ટેક્નીશીયન ૩૭ જગ્યાઓ ભરવા માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને માંગણીપત્રકો મોકલી આપેલ છે.<br>વર્ગ-૪ની ખાલી જગ્યાઓની સામે પાર્ટ ટાઈમ તેમજ દૈનિક રોજમદાર કર્મચારી પાસેથી કામગીરી લેવામાં આવે છે.<br>૬૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પેકી ૫૪ પ્રાથમિક |

આરોગ્ય કેન્દ્રોના મકાનની પુરતી સુવિધા છે. જ્યારે ૧૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા બાંધકામ હેઠળ છે. તે પૈકી ૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોના બાંધકામ પૂર્ણ થયેલ છે.

૬૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પૈકી ૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ક્વાર્ટસની પુરતી સુવિધાવાળા છે. જ્યારે ૪૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સ્ટાફ ક્વાર્ટસની અપૂરતી સુવિધા છે જે પૈકી ૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ મારફતે સ્ટાફ ક્વાર્ટસનું બાંધકામ હાથ ધરેલ છે. બાકીના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તબક્કાવાર નાણાંકીય જોગવાઈ કરી પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ગાંધીનગર દ્વારા બાંધકામ હાથ ધરવામાં આવશે.

-----------

## ભરૂચની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મહેકમ

૨૦૯૨૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભરૂચ ખાતેની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલી જ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ ખાલી જ્યાઓ ભરવા શાં પગલાં લીધા ?

**જવાબ**

(૧) ભરૂચ સીવીલ હોસ્પિટલ ખાતે સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે.

| સંવર્ગ | મંજૂર થયેલ જ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૧૩ |
| વર્ગ-૨ | ૧૬ |
| વર્ગ-૩ | ૮૬ |
| વર્ગ-૪ | ૫૬ |
| કુલ.. | ૧૭૧ |

(૨)

| સંવર્ગ | ખાલી જ્યાની સંખ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૨ | ૧-- તા. ૭/૧૦/૦૨<br>૧-- તા. ૨૩/૭/૦૫ |
| વર્ગ-૨ | શૂન્ય | --- |
| વર્ગ-૩ | ૭ | તા. ૧૦/૪/૨૦૦૦ થી તા. ૩૧/૭/૨૦૦૬ દરમ્યાન |
| વર્ગ-૪ | ૬ | તા. ૩૧/૭/૦૪ થી તા. ૩૦/૯/૦૫ દરમ્યાન |

(૩) -- વર્ગ-૧ માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે તેમજ મેડીકલ કોલેજ તરફથી મોકલવામાં આવતાં પી.જી.બોન્ડેડ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવે છે. આ ઉપરાંત સીધી ભરતીથી નિમણૂંક આપવામાં આવે છે.

-- વર્ગ-૨ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-- વર્ગ-૩ બઢતીથી જગ્યા ભરવાની કાર્યવાહી ચાલુ છે.
-- વર્ગ-૪ આઉટસોર્સીંગથી જગ્યાઓ ભરવાની કાર્યવાહી ચાલુ છે.

-----------

**નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશદ્વાર માટે વિકાસપથ યોજનાના રસ્તા**

૨૦૯૧૩**શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશદ્વાર માટે વિકાસપથ યોજના લાગુ કરાયેલ તેમાં કેટલી નગરપાલિકાઓનો સમાવેશ કરાયેલ છે, અને | (૧) વિકાસપથ યોજના હેઠળ રાજ્ય હસ્તકના રસ્તાઓ પસાર થતા હોય તેવી ૧૩૧ નગરપાલિકાઓનો સમાવેશ કરેલ છે. |
| (૨) આ યોજનામાં કેટલા રસ્તાઓ મંજૂર થયા, અને કેટલા બાકી છે ? | (૨) નગરપાલિકામાંથી પસાર થતા રાજ્ય હસ્તકના રસ્તાઓના ૨૮૯ અનુભાગો મંજૂર કરેલ છે. જ્યારે કોઇ અનુભાગ બાકી નથી. |

-----------

**ભિલોડા તાલુકાના શામળાજીની ટી.પી.સ્કીમ**

૨૧૮૯૨**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા)** : **માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ ભિલોડા તાલુકાની શામળાજી ખાતેની ટી. પી. સ્કીમનું કામ ક્યા તબક્કામાં છે, અને | (૧) અમલીકરણ તબક્કામાં છે. |
| (૨) આ કામ પૂર્ણ ન થવાના કારણો શાં છે ? | (૨) વિવિધ તબક્કે કોર્ટ મેટર તેમજ રજૂઆતો થવાના કારણોસર પૂર્ણ થયેલ નથી. |

-----------

**કલોલ માણસા રોડ પર રેલ્વેના ઓવરબ્રીજનું કામ**

૨૧૩૮૩**ડૉ. અતુલ કે. પટેલ(કલોલ)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કલોલ માણસા રોડ પર બનાવવામાં આવતા રેલ્વે ઓવરબ્રીજનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને | (૧) અને (૨) : આ ઓવરબ્રીજનું કામ તા.૩૧-૧૨-૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૨) આ બ્રીજ બનાવવા માટેની સમય મર્યાદા પૂર્ણ થઇ ગયેલ છે કે કેમ ? | |

-----------

**માર્ગ અને પૂલોના વિકાસ માટે ખર્ચ**

૧૯૫૬૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં માર્ગ અને પૂલોના વિકાસ માટે કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, | (૧) રૂા.૧૮૩૭.૦૩ કરોડ. |
| (૨) આ પૈકી વિશ્વબેંક, એ.ડી.બી અને નાબાર્ડની કેટલી સહાયો હતી, અને | (૨) **સહાય/લોન**<br>રૂા.૬૫૭.૦૧ કરોડ વિશ્વ બેંકની સહાય/લોન<br>રૂા.૫૩.૫૨ કરોડ એ.ડી.બી. ની સહાય/લોન<br>રૂા.૧૧૯.૬૫ કરોડ નાબાર્ડની સહાય/લોન |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) આ સહાયો પેકી રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલું વ્યાજ ચૂકવવામાં આવે છે ? | (૩) **વ્યાજની ચૂકવણીના દર**<br>વિશ્વબેંક : ૯%<br>એ.ડી.બી. : ૯%<br>નાબાર્ડ માટે : ૬.૫% તથા ૭.૦૫%<br>(યોજના અનુસાર વ્યાજ ચુકવવાનું હોય છે.) |

-----------

## ભાવનગર શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર કતલખાના

૧૯૩૬૦ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર શહેર અને જિલ્લામાં સન ૨૦૦૬ ના વર્ષ દરમ્યાન કેટલા ગેરકાયદેસર ચાલતા કતલખાના પકડી પાડવામાં આવ્યા, અને | (૧) ભાવનગર શહેરમાં સને ૨૦૦૬ના વર્ષ દરમ્યાન ગેરકાયદેસર કતલખાના માલુમ પડેલ નથી. |
| (૨) તે બંધ કરાવવા રાજ્ય સરકારે શાં પગલાં લીધા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## દેશળપર-નળિયા રોડ પહોળો કરવા બાબત

૨૧૫૩૩**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દેશળપર-નળિયા રોડને પહોળો કરવાનું આયોજન રાજ્ય સરકારની વિચારણામાં છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ રસ્તાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

## સંખેડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો ટ્રસ્ટોને આપવા બાબત

૨૧૮૬૭ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સંખેડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના દવાખાના કેટલા છે, અને | (૧) ૨ (બે). |
| (૨) આ કેન્દ્રો સરકાર ચલાવે છે કે કોઈ ટ્રસ્ટને આપવામાં આવ્યા છે ? | (૨) ૧ (એક) સામુહિક આરોગ્ય કેન્દ્રનો વહીવટ ટ્રસ્ટને સોંપવામાં આવેલ છે.<br>જ્યારે અન્ય રાજ્ય સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. |

-----------

## કચ્છ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં મંજૂર થયેલ મહેકમ

૨૦૧૩૮ **શ્રી છબીલદાસ ના. પટેલ(માંડવી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કચ્છ | (૧) મંજૂર મહેકમ |

જિલ્લાની જનરલ હોસ્પિટલ, રેફરલ, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, જી.પં. સંચાલિત દવાખાનાઓ અને આરોગ્ય વિભાગોનું મંજૂર મહેકમ કેટલું છે,

| ક્રમાંક | કેન્દ્ર | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ | ૩૬૩ |
| ૨ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૩૫૭ |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૨૯૬ |
| ૪ | જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના | ૮૬ |

(૨) હાજર મહેકમ કેટલું છે,

(૨) હાજર મહેકમ

| ક્રમાંક | કેન્દ્ર | હાજર મહેકમ |
|---|---|---|
| ૧ | જનરલ હોસ્પિટલ | ૨૬૬ |
| ૨ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | ૧૭૬ |
| ૩ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | ૨૦૧ |
| ૪ | જિલ્લા પંચાયત સંચાલિત દવાખાના | ૨૯ |

(૩) આ જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૩) આ જ્ગ્યાઓ ક્યારથી ખાલી છે, તેની માહિતી આ સાથેના *પત્રક-૧ થી ૮ માં દર્શાવેલ છે.

(૪) લાંબા સમયથી જ્ગ્યાઓ ન ભરવાનાં કારણો શા શા છે, અને

(૪) ખાલી જ્ગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ હોય છે. લાયક ઉમેદવારો મેળવવા પ્રયાસો થવાથી.

(૫) જ્ગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૫) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, અને કાર્યભારણ તથા લાયક ઉમેદવાર ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

**નર્મદા મુખ્ય કેનાલની આજુબાજુના વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૨૧૬૯૮**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા મુખ્ય કેનાલની આજુબાજુમાં પ્રવાસન સ્થળ તરીકે ડેવલોપ કરવા માટે સરકાર વિચારણા કરી રહી છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો ક્યા ક્યા વિસ્તારને પ્રવાસન સ્થળનો લાભ મળશે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ તરફથી નર્મદા મુખ્ય નહેર સાંકળ ખાતે સૂચિત કરેલ નીચેના સ્થળોએ પ્રવાસન પ્રવૃત્તિ વિકસાવવાનું આયોજન છે.

(અ) સાબરમતી એસ્કેપના અપસ્ટ્રીમનો પ્લોટ
(બ) ગાંધીનગર એરપોર્ટ રોડ
(ક) ગાંધીનગર સાબરમતી રોડ
(ડ) ગાંધીનગર-સરખેજ રોડ
(ઇ) કરણનગર વાય જંક્શન

આ ઉપરાંત ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૧-૨-૦૭ના ઠરાવથી પ્રવાસન પ્રોત્સાહન યોજના ૨૦૦૬ હેઠળ નર્મદા કેનાલ વિસ્તારના નીચે મુજબના સ્થળોએ પ્રવાસન હોટેલ વિકસાવવા માટે જાહેર કરેલ છે.

(૧) કેવડીયા (જિ.નર્મદા)
(૨) રાધનપુર તળાવ (જિ.પાટણ)
(૩) ભાસ્કરપુરા તળાવ (તા.લખતર, જિ. સુરેન્દ્રનગર)

-----------

**ધોરણ-૧૨ વિજ્ઞાનના પરિણામ પછી મેડિક્લ કોલેજોમાં પ્રવેશ આપવાની કાર્યવાહી**

૨૧૬૮૫ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ બાદ રાજ્યની સરકારી અને ખાનગી મેડીકલ કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કાર્યવાહી તેમજ રી-સફ્લીંગ પ્રક્રિયા દર વર્ષે કાનૂની ગુંચને લીધે મોડી થતી હોવાની બાબતથી સરકાર માહિતગાર છે ખરી, અને

(૨) જો હા, તો આવી સ્થિતિના નિવારણ અંગે સરકારે લીધેલાં પગલાં અંગેની વિગતો શું છે ?

**જવાબ**

(૧) હા જી, સ્વનિર્ભર સંસ્થાઓમાં પ્રવેશના પ્રશ્ને થતા દાવાઓને કારણે વિલંબ થાય છે.

(૨) કાનૂની દાવાઓના નિકાલ માટે હાઇકોર્ટ ખાતે એડવોકેટ જનરલ તથા એડીશનલ એડવોકેટ જનરલની સેવાઓ લેવામાં આવે છે તથા સુપ્રિમકોર્ટ ખાતે સીનીયર એડવોકેટની સેવાઓ લેવામાં આવે છે. રાજ્ય સરકાર પ્રવેશનીતિના સંદર્ભમાં કાયદો ઘડવા અંગેનું પણ વિચારી રહેલ છે.

-----------

**ડાંગ જિલ્લામાં ભારે વરસાદ પછી સ્ટેટના રસ્તાઓની મરામત કામગીરી**

૧૯૫૩૯ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ-૨૦૦૬ માં ભારે વરસાદ પછી ડાંગ જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) હસ્તકના કેટલા રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કેટલા રસ્તાઓની મરામત કામગીરી હાથ ધરવાની બાકી છે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં રાજ્ય હસ્તકના ૯ રસ્તાઓની મરામત કામગીરી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં પૂર્ણ કરેલ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**રાજ્યમાં એઈડ્સ રોગના દર્દીઓ**

૨૧૬૯૪ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર એઈડ્સ રોગના કુલ કેટલા દર્દીઓ ધ્યાનમાં આવેલ છે.

**જવાબ**

(૧) રાજ્યમાં ૩૧-૧-૦૭ની સ્થિતિએ એઇડસ (એચ.આઇ.વી. પોઝીટીવ)ના કુલ ૮૪૩૨ દર્દીઓ માલુમ પડ્યા છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ૧૯૮૬ થી તા.૩૧-૧-૦૭ સુધી |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧૮૫૫ |
| ૨ | અમરેલી | ૨૩૮ |
| ૩ | આણંદ | ૧૭૫ |
| ૪ | બનાસકાંઠા | ૮૬ |
| ૫ | ભરૂચ | ૧૭૭ |
| ૬ | ભાવનગર | ૩૧૧ |
| ૭ | દાહોદ | ૭૧ |
| ૮ | ડાંગ | ૨૭ |
| ૯ | ગાંધીનગર | ૧૧૦ |
| ૧૦ | જામનગર | ૭૦૧ |
| ૧૧ | જુનાગઢ | ૨૮૮ |
| ૧૨ | ખેડા | ૧૮૮ |

| | | |
|---|---|---|
| ૧૩ | કચ્છ | ૧૫૦ |
| ૧૪ | મહેસાણા | ૧૩૮ |
| ૧૫ | નર્મદા | ૧૨ |
| ૧૬ | નવસારી | ૨૫૭ |
| ૧૭ | પંચમહાલ | ૧૦૧ |
| ક્રમ | જિલ્લાનું નામ | ૧૯૮૬ થી તા.૩૧-૧-૦૭ સુધી |
| ૧૮ | પાટણ | ૩૧ |
| ૧૯ | પોરબંદર | ૧૦૦ |
| ૨૦ | રાજકોટ | ૬૫૨ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૯૫ |
| ૨૨ | સુરત | ૧૪૯૮ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧૨૪ |
| ૨૪ | વડોદરા | ૪૮૩ |
| ૨૫ | વલસાડ | ૧૯૪ |
| ૨૬ | બીજા રાજ્યોમાંથી આવેલ | ૨૭૦ |
| | કુલ... | ૮૪૩૨ |

(૨) આ રોગ અંગે જાગૃત્તિ માટે શાં પગલાં લેવામાં આવે છે.

(૨) ૧. આ રોગની કોઇ દવા કે રસી ઉપલબ્ધ ન હોવાને કારણે લોકોને આ રોગ વિષે જાગૃત કરવા વિવિધ માધ્યમો જેવા કે ટી.વી, રેડીયો, બસ પેનલ, વર્તમાનપત્રો, લોક માધ્યમો દ્વારા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

૨. વિવિધ જોખમી વ્યવહારો ધરાવતા જૂથોમાં લક્ષિત દરમ્યાનગીરી (ટાર્ગેટેડ ઇન્ટરવેન્શન) કાર્યક્રમો દ્વારા આ વ્યક્તિઓ સલામત વ્યવહારો અપનાવે તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ કામગીરી રાજ્યની સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે કરવામાં આવી રહી છે.૧૦૩ પ્રોજેક્ટ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

૩. જાતિય રોગો તેમજ એઇડ્સ/એચ.આઇ.વી. પોઝીટીવ વ્યક્તિઓને કાઉન્સેલીંગની સેવાઓ મળી રહે તે રાજ્યની સરકારી મેડીકલ કોલેજો અને જિલ્લા હોસ્પિટલોમાં કાઉન્સેલીંગ સેન્ટરો (વાત્સાયન કેન્દ્રો) શરૂ કરવામાં આવ્યા છે.

૪. રાજ્યમાં લોકોને સલામત લોહી મળી રહે તે માટે સરકારી તેમજ સ્વેચ્છીક સંસ્થા સંચાલિત કુલ ૫૭ બ્લડ બેંકોનું આધુનિકરણ કરવામાં આવેલ છે. તેમજ રાજ્યની સરકારી અને સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ૯૪ બ્લડ બેંકોને મફત એચ.આઇ.વી. અને એચ.સી.વી. ટેસ્ટ કીટ આપવામાં આવે છે.

૫. એઇડ્સના દર્દીઓને લક્ષણ આધારીત સારવાર આપવા માટે સરકારી હોસ્પિટલમાં કામ કરતા તબીબોને તાલીમ આપવામાં આવી છે. તેમજ આ માટેની દવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

૬. જાતિય રોગોની સારવાર : સરકારી મેડીકલ કોલેજો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં ૨૯ એસ.ટી.ડી. ક્લીનીક્સને જરૂરી સાધનો, દવાઓ તથા આર્થિક સહયોગ પણ સોસાયટી મારફત પૂરો પાડવામાં આવે છે. આ સિવાય આ કાર્યક્રમ હેઠળ જાતિય રોગોની સારવાર આપવામાં આવે છે.

૭. શાળાકીય એઇડસ શિક્ષણ કાર્યક્રમ હેઠળ સરકારી તેમજ ખાનગી શાળાઓના ધોરણ-૯ અને ધોરણ-૧૧ના બાળકોને એઇડસ શિક્ષણ આપવામાં આવે છે. જેમાં રાજ્યની ૭૫૫૪ શાળાઓ આવરી લેવાઇ છે.

૮. લોકોને એચ.આઇ.વી./એઇડસ વિષયક માહિતી મળી રહે તે હેતુથી નિઃશુલ્ક ટેલીફોન હેલ્પ લાઇન-૧૦૫૧ દ્વારા સુરત, જામનગર, ભાવનગર, વડોદરા તેમજ રાજકોટ ખાતે આ સેવા શરૂ કરવામાં આવી છે.

૯. જાન્યુઆરી-૦૫ થી એઇડસના દર્દીઓને એન્ટીરેટ્રોવાયરલ દવાઓ મળી રહે તે માટે બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ અને મે-૨૦૦૬ થી ન્યુ સીવીલ હોસ્પિટલ, સુરત ખાતે એ.આર.ટી. સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે, તેમજ સરકારે આ દવાઓ ઉપરથી વેચાણવેરો પણ હટાવી લીધો છે. જેથી આ દવાઓ દર્દીઓને સસ્તી મળે.

૧૦.એચ.આઇ.વી. એઇડસ સાથે જીવતા લોકોને સક્ષમ બનાવવા અને તેમનામાં હકારાત્મક વલણ ઉભુ કરવા માટે **(GSNP+)** નેટવર્ક ઉભુ કરવામાં આવ્યું છે. જે એઇડસના રોગોની ગેરમાન્યતાઓ તેમજ ભય દૂર કરવામાં લોકોની મદદ કરે છે.

૧૧.અમદાવાદની સેક્સ વર્કસ બહેનો (સખીઓ) માટે ૨૦૦૫માં જ્યોતિસંઘ, અમદાવાદ એઇડસ કંટ્રોલ સોસાયટી, ગુજરાત સ્ટેટ એઇડસ કંટ્રોલ સોસાયટી તેમજ બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદના સહયોગથી શારીરીક તપાસ કરવામાં આવી. આ તપાસમાં ૧૯૦૦ જેટલી બહેનોએ ભાગ લીધેલ, તપાસ દરમ્યાન જેમને કોઇ જાતિય રોગ હોવાનું જણાય તો તેમને સારવાર આપવામાં આવી. સાથે સાથે આ બહેનોના લોહીની તપાસ પણ કરવામાં આવી હતી તેમાં માત્ર ૩ ટકા બહેનોમાં એચ.આઇ.વી. નો ચેપ જણાઇ આવેલ હતો. દર વર્ષે રક્ષાબંધનના દિવસે સમાજમાં આ બહેનોને સ્વિકૃતિ મળે તે માટે રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાય છે. દર વર્ષે વિશ્વ આરોગ્ય દિવસનું આયોજન પણ રાજ્ય સરકાર તેમજ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને ઉજવે છે.

(૩) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭માં રાજ્ય સરકાર દ્વારા આ માટે કેટલી રકમનો ખર્ચ કરેલ છે,

(૩) કેન્દ્ર સરકારની નાકો (નેશનલ એઇડસ સંગઠન) દ્વારા રાજ્યોને એઇડસ કન્ટ્રોલ કાર્યક્રમો માટે સહાય મળે છે. માટે રાજ્ય સરકાર દ્વારા ખર્ચ કરવામાં આવતો નથી.

(૪) એઈડ્સના દર્દીઓને સારવાર માટે સરકાર દ્વારા કોઈ સહાયની જોગવાઈ છે કે કેમ,

(૪) એઇડસના દર્દીઓની સારવાર માટે સરકાર દ્વારા કોઇ નાણાકીય સહાય ચુકવવામાં આવતી નથી. પણ મફત સારવારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

(૫) જો હા તો કેટલી, અને

(૬) જો ના તો, સહાય આપવા માંગો છો કે કેમ ?

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) ના, કારણ કે રાજ્યની મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો તેમજ જિલ્લા હોસ્પિટલોમાં લક્ષણ આધારીત સારવાર મફત આપવામાં આવે છે. એ.આર.ટી.ની સારવારની મફત વ્યવસ્થા સિવિલ હોસ્પિટલ, અમદાવાદ તેમજ સુરત ખાતે શરૂ કરેલ છે અને નજીકના ભવિષ્યમાં સિવિલ હોસ્પિટલ રાજકોટ ખાતે આ સુવિધા ઉપલબ્ધ થશે.

-----------

**ઓલપાડ તથા ચોર્યાસી તાલુકાને જોડતી તેના ખાડી પર બ્રીજ બનાવવા બાબત**

૧૯૭૧૨**શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ઓલપાડ તથા ચોર્યાસી તાલુકાને જોડતી તેના ખાડી ઉપર બ્રીજ બનાવવા માટે શું આયોજન કરવામાં આવેલ છે, અને | (૧) હાલ આયોજન નથી. |
| (૨) તેના ખાડી ઉપર બ્રીજ બનાવવાની અંદાજી કિંમત કેટલી ? | (૨) રૂ. ૨૩૦૦ લાખ. |

-----------

**લુણાવાડા-શહેર ચાર કોશિયા નાકાથી વાંસિયા તળાવ રોડનું ડામર કામ**

૨૧૩૦૮ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લુણાવાડા શહેર ચાર કોશિયા નાકાથી વાંસિયા તળાવ રોડનું ડામર કામ ક્યારે કરવામાં આવ્યું હતું, અને | (૧) વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં કરવામાં આવેલ છે. |
| (૨) આ રસ્તાને ગૌરવપથમાં બનાવવા શું આયોજન કરેલ છે ? | (૨) ના જી. |

-----------

**વલસાડ જિલ્લા ડીસ્ટ્રીક કોર્ટનું મકાન બનાવવા બાબત**

૨૧૧૩૦ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ડીસ્ટ્રીક કોર્ટનું મકાન બનાવવાની કાર્યવાહી તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૧) બાંધકામ શરૂ કરવામાં આવેલ નથી. |
| (૨) આ મકાનનું કામકાજ ક્યારે પૂર્ણ થશે ? | (૨) શક્ય તેટલી વહેલી ત્વરાએ. |

-----------

**અમદાવાદની મ્યુનિસિપલ હોસ્પિટલોમાં ગ્રાન્ટ આપવા બાબત**

૨૧૫૬૨ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ ખાતે આવેલ મ્યુનિસિપલ હોસ્પિટલોમાં કેટલી ગ્રાન્ટ કઈ કઈ મ્યુનિસિપલ હોસ્પિટલને આપવામાં આવે છે. | (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ સંચાલિત શ્રી શેઠ વી.એસ.હોસ્પિટલને માન્ય ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૨ કરોડ એ બેમાંથી જે ઓછું હોય તેટલી રકમ સહાયક અનુદાન તરીકે આપવામાં આવે છે. |
| (૨) આ હોસ્પિટલો રાહત દરની ગરીબો માટે સેવાની હોવાથી અમદાવાદ શહેર બહારનાં દર્દીઓ મોટી સંખ્યામાં આવતા હોવાથી રાજ્ય સરકાર આ ગ્રાન્ટમાં કોઈ વધારો કરવા માગે છે, અને | (૨) આવી કોઇ દરખાસ્ત નથી. |
| (૩) ડીસેમ્બર,૦૬ની સ્થિતિએ રાજ્યએ | (૩) ડીસેમ્બર-૦૬ની સ્થિતિએ શેઠ વી.એસ. |

આપવાપાત્ર ગ્રાન્ટમાંથી વર્ષ ૨૦૦૫-૦૬ માટેની દરેક મ્યુનિસિપલ હોસ્પિટલને કેટલી ગ્રાન્ટ ચુકવી છે અને બાકી રહેલી ગ્રાન્ટ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

જનરલ હોસ્પિટલ અમદાવાદને વર્ષ ૨૦૦૫-૦૬ના ઓડિટેડ હિસાબોને આધારે મળવાપાત્ર કુલ સહાયક અનુદાનની રકમ પૈકી રૂા. ૧ કરોડની ચૂકવણી કરી હતી. ફેબ્રુઆરી-૦૭ના અંતે બાકીના રૂા. ૧ કરોડની ચૂકવણી પણ કરી દીધેલ છે.

-----------

**ભાવનગર જિલ્લામાં કિસાનપથ યોજના નીચે રસ્તાના કામો**

૨૧૧૩૬ **શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં ભાવનગર જિલ્લામાં કિસાનપથ યોજનામાં કેટલા ખર્ચે કેટલા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) ભાવનગર જિલ્લામાં કિસાનપથ યોજના હેઠળ રૂા. ૧૧૯૪.૨૦ લાખની અંદાજી રકમના ૩૫ રસ્તાનાં કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા રસ્તાના કામો કેટલા ખર્ચે પૂર્ણ કર્યા ? | (૨) તમામ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |

-----------

**કડી તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે બાળકોની આરોગ્ય તપાસ**

૨૧૬૫૭**શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કડી તાલુકામાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ કેટલા બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવી, | (૧) ૭૦૪૧૭ બાળકો. |
| (૨) હૃદય રોગ, કીડની, કેન્સર, ટી.બી. રોગના કેટલા વિદ્યાર્થીઓ જણાયા, | (૨) હૃદય રોગના-૧૫<br>કીડનીના રોગવાળા-૨ |
| (૩) આ વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સારવાર ખર્ચ, સરકાર આપવા માંગે છે કે કેમ, અને | (૩) હા. |
| (૪) પોલીયો ગ્રસ્ત બાળકના તેમજ મંદબુધ્ધિના બાળકો માટે સરકાર શાળામાં કોઈ વિશેષ સગવડો કરવા માંગે છે કેમ ? | (૪) શિક્ષણ વિભાગ દ્વારા કામગીરી થતી હોય છે. |

-----------

**ઓરેટ પ્રોગ્રામ નીચે હોસ્પિટલોને સાધનો આપવા બાબત**

૨૧૬૭૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઓરેટ પ્રોગ્રામ હેઠળ રાજ્યની જિલ્લાવાર કેટલી હોસ્પિટલોમાં કેટલી રકમના સાધનો આપવામાં આવ્યા, | (૧) શૂન્ય. |
| (૨) કઈ કઈ હોસ્પિટલો અને ક્યા ક્યા શહેરની, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ પૈકીના કેટલા સાધનો કઈ તારીખથી બંધ હાલતમાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ અંગે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**શિવરાજપુર-કુંભરવાણ રોડનું ડામરીંગ કામ હલકું થવા બાબત**

૨૧૬૮૩ **શ્રી વેચાતભાઈ હ. બારિયા(પાવી-જેતપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિવરાજપુર મોટી કુંભરવાણ રોડનું ડામરીંગ કામ થયું છે જે તદ્દન હલકી ગુણવત્તાવાળું અને નિયત માપ મુજબ નથી થયું તે શું સરકાર જાણે છે, | (૧) શિવરાજપુર મોટી કુંભરવાણ રોડનું કામ નિયત સ્પેસીફીકેશન મુજબ કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ અંગે શું પગલાં લીધા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તપાસ કરવા માંગો છો કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**સુરેન્દ્રનગર નગરપાલિકાના વિકાસ નક્શામાં જોરાવરનગરને ગામતળમાં લેવા બાબત**

૨૧૧૩૩ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર નગર પાલિકા દ્વારા સને ૧૯૯૦માં તેયાર થયેલ વિકાસ નકશામાં ૧૦૦ વર્ષ જુનો જોરાવરનગર વિસ્તાર જુના ગામતળ તરીકે દર્શાવવાનું રહી ગયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) ના જી, જોરાવરનગરને ગામતળ તરીકે નીમ કરેલ ન હોઇ પુનરાવર્તિત વિકાસ યોજનામાં તે ગામતળ તરીકે દર્શાવવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો સરકારશ્રી દ્વારા આ વિસ્તારને જુના ગામતળ તરીકે સમાવવા માટે શું આયોજન કરવામાં આવેલ છે ? | (૨) સક્ષમ મહેસૂલી અધિકારીશ્રીએ સો પ્રથમ ગામતળ તરીકે નીમ કરવું જરૂરી છે. ત્યારબાદ સદર ગામતળ પ્રસ્થાપિત થયેથી પુનરાવર્તિત વિકાસ યોજનામાં દર્શાવી શકાય. |

**પ્રવાસન વર્ષમાં માર્ગોની સુધારણા માટે મંજૂર કરેલ ગ્રાન્ટ**

૨૧૩૮૭**શ્રી કરસનભાઈ ભી. પટેલ(ગણદેવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે રાજ્યમાં કેટલી લંબાઈના માર્ગોની સુધારણા માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૧) માર્ગોના અનુભાગોની કુલ ૧૮૬.૧૩ કિ.મી. લંબાઇ માટે રૂા.૩૩૯૦.૬૮ લાખ. |
| (૨) આ કામગીરી દ્વારા કેટલા પર્યટન સ્થળોને જોડતા રસ્તાઓની સુધારણા થશે ? | (૨) ૪૦ પર્યટન સ્થળોને જોડતા માર્ગોની સુધારણા થશે. |

-----------

**ઉમરપાડા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા બાબત**

૨૦૯૦૨**શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરપાડા તાલુકામાં એકપણ સામૂહિક આરોગ્ય સેન્ટર નથી તાલુકો ૧૦૦ ટકા આદિવાસી વિસ્તાર હોઈ સરકાર સામૂહિક આરોગ્ય સેન્ટર મંજૂર કરવા માંગે છે કે કેમ, અને | (૧) અને (૨) : વસ્તીના ધોરણે જે તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર હશે ત્યાં સર્વગ્રાહી વિચારણા સમયે ફાળવવામાં આવશે. |
| (૨) તે કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ? | |

-----------

**જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આંતોલીથી વડલા ફાટક મંડેરથી સરવા કડછ રસ્તો બજેટમાં લેવા બાબત**

૨૧૬૧૧**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂનાગઢ જિલ્લાના માંગરોળ અને પોરબંદર તાલુકાના આંતોલીથી વડલા ફાટક મંડેર થી સરવા-કડછથી બગસરા | (અ) આંત્રોલી થી વાડલા ફાટકનાં કામમાં અપૂરતી નાણાંકીય ફાળવણીને કારણે, |

રસ્તો બજેટ હોવા છતાં કામ શરુ ન કરવાના કારણો શાં છે ?

(બ) મંડેર-સરમાં બજેટેડ કામ નથી.
(ક) કડછ-બગસરા રસ્તામાં જમીન સંપાદન ન થવાના કારણે કામ શરૂ કરેલ નથી.

-----------

**માળીયા તાલુકાના તરસંગડા--માતરવાણીયા તથા શેરગઢનો રસ્તો બિસ્માર હોવા બાબત**

૨૦૯૨૭ **શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકાના તરસંગડા-માતરવાણીયા તથા તરસીંગડા-શેરગઢનો ડામર રસ્તો બિસ્માર હાલતમાં છે તેને ફરીથી ડામર સપાટીએ કરવા તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારે શાં પગલાં લીધા ?

**જવાબ**

તરસીંગડા-માતરવાણીયા રસ્તાને રીકાર્પેટ કરવાનું કિસાનપથ યોજના હેઠળ મંજૂર કરેલ છે, જ્યારે તરસીંગડા-શેરગઢ રસ્તો વર્ષ ૨૦૦૧-૦૨ માં ડામર થયેલ છે, જેથી હાલમાં કોઇ આયોજન નથી.

-----------

**આગાખાન ટ્રસ્ટ દ્વારા સિધ્ધપુર લક્ષ્મી માર્કેટ હેલ્થ સેન્ટરનું સોનોગ્રાફી મશીન ખસેડવા બાબત**

૨૧૮૮૧ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આગાખાન ટ્રસ્ટ દ્વારા સિધ્ધપુર લક્ષ્મી માર્કેટ હેલ્થ સેન્ટર ખાતે રાખવામાં આવેલ સોનોગ્રાફી મશીનને અન્યત્ર ખસેડવા જિલ્લા આરોગ્ય અધિકારી પાટણ પાસેથી મંજૂરી માગવામાં આવી છે, તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તે અંગે આગળની શી કાર્યવાહી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી (પીએનડીટી) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પાટણ દ્વારા અરજદારે રજૂ કરેલા દસ્તાવેજોની જરૂરી ચકાસણી ખાત્રી કરી તા.૨૬-૨-૦૭ થી સદરહું સોનોગ્રાફી મશીનને આગાખાન ડાયાગોસ્ટીક સેન્ટર, કેશોદ ખાતે ખસેડવાની મંજૂરી આપવામાં આવેલ છે.

-----------

**સાબરકાંઠા જિલ્લાના શામળાજી ""વિષ્ણુ મંદિર""ને પવિત્ર યાત્રાધામ તરીકે મંજૂરી આપવા બાબત**

૨૧૫૨૮**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર(મેઘરજ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સાબરકાંઠા જિલ્લાના ""શામળાજી વિષ્ણુ મંદિરને"" પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત પવિત્ર યાત્રાધામ પ્રોજેક્ટ તરીકે મંજૂરી આપવામાં આવી છે કે કેમ,

**જવાબ**

ના, જી.

-----------

**પાટણ તાલુકાના નાના વેલોડા ગામને રોડથી જોડવા બાબત**

૨૦૯૩૯**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ તાલુકાનું નાના વેલોડા ગામ આજદિન સુધી અન્ય ગામ સાથે રોડથી જોડાયેલ નથી, આ ગામને સરકાર રોડથી જોડવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલા સમયમાં કરવા માંગે છે ?

**જવાબ**

(૧) પાટણ તાલુકાનું વેલોડા (મોટું) વસ્તી ૧૪૬૮ પાકા ડામરવાળા રસ્તાથી જોડાયેલ છે જ્યારે વેલોડા ગામનું બીજું પરુ નાના વેલોડા વસ્તી ૩૭૮ ધરાવે છે. જે ગામ અને પરાની વચ્ચેથી પસાર થતી નદીના સામે કાંઠે હોઇને જોડાયેલ નથી.

(૨) નાણાંકીય ઉપલબ્ધતા અને આયોજન અનુસાર.

-----------

**પ્રવાસન વર્ષમાં દેવસ્થાનના વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી**

૨૧૫૨૪**શ્રી દિપસિંહ શં. રાઠોડ(પ્રાંતિજ) : માનનીય દેવસ્થાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન રાજ્યમાં દેવસ્થાનોના વિકાસ માટે કેટલી રકમની ફાળવણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે, અને

(૨) ક્યા ક્યા દેવસ્થાનોના વિકાસ માટે ક્યા ક્યા કામો હાથ પર લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) કુલ રૂા.૧૮,૧૩,૧૪૦/- ના અનુદાનની ફાળવણી કરવામાં આવી છે.

(૨) પત્રક મુજબ.

**પ ત્ર ક**

| અ.નં. | જિલ્લાનું નામ | દેવસ્થાનનું નામ | અનુદાન માટેની રકમ | હાથપર લેવામાં આવેલ કામો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | વડોદરા | શ્રી નીલકંઠેશ્વર મહાદેવ મંદિર | ૭૪૦૦૦/- | ભોયતળીએ કોટા સ્ટોન બેસાડવા તથા પાણીની ટાંકી બનાવવી |
| ૨ | વડોદરા | શ્રી સુર્યનારાયણ મંદિર | ૯૯૮૦૦/- | ભોંયતળીએ કોટા સ્ટોન બેસાડવા |
| ૩ | વડોદરા | શ્રી આનંદ મંગલ હનુમાનજી મંદિર ડભોઇ | ૧૦૦૦૦૦/- | આરસીસીની છત તેમજ હવન માટે ખંડ |
| ૪ | વડોદરા | શ્રી સિધ્ધિ વિનાયક ગણપતિ મંદિર શિનોર | ૧૦૦૦૦૦/- | ખવાઇ ગયેલાં પઢીયા-પાટીયાની જ્યાએ સ્લેબ ભરી મંદિર/સત્સંગ હોલને રીપેરીંગ કરવો. |
| ૫ | વડોદરા | શ્રી નરસિંહજી મંદિર, કડાદરા, વાઘોડીયા | ૧૦૦૦૦૦/- | મંદિરમાં ગ્રાઉન્ડ ફ્લોર પર સત્સંગ હોલ બનાવવા પાણી માટે જલધારા, બેસવા માટે બાંકડાની સુવિધા. |
| ૬ | વડોદરા | શ્રી હાંફેશ્વર મહાદેવ મંદિર, ક્વાંટ | ૯૯૦૦૦/- | મંદિરમાં સોલર સ્ટ્રીટ લાઇટ વગેરે સુવિધા. |
| ૭ | નર્મદા | શ્રી તિલકેશ્વર મહાદેવ મંદિર તિલકવાડા | ૪૮૮૫૦/- | પ્રોવાઇડીંગ એમ.એસ. બેન્ચીસ એન્ડ સોલર સ્ટ્રીટલાઇટ. |
| ૮ | નર્મદા | શ્રી મણીનાગેશ્વર મહાદેવ મંદિર વાડીયા, તિલકવાડા | ૪૮૮૫૦/- | પ્રોવાઇડીંગ એમ.એસ. બેન્ચીસ એન્ડ સોલર સ્ટ્રીટલાઇટ. |
| ૯ | નર્મદા | શ્રી રામજી મંદિર તિલકવાડા | ૪૮૮૫૦/- | પ્રોવાઇડીંગ એમ.એસ. બેન્ચીસ એન્ડ સોલર સ્ટ્રીટલાઇટ. |
| ૧૦ | મહેસાણા | શ્રી યવતેશ્વર મહાદેવ મંદિર, કડી | ૧૦૦૦૦૦/- | પીવાના પાણીની સુવિધા, ફ્લોરીંગ, પ્લાસ્ટર પેવીંગ બ્લોક એમ.એસ. બેન્ચીસ વિગેરે. |
| ૧૧ | ભરૂચ | શ્રી ચંદ્રહાસ મહાદેવ, પીચવાળ, તા. ઝગડીયા | ૧૦૦૦૦૦/- | પીવાના પાણીની સુવિધા, ફ્લોરીંગ, પ્લાસ્ટર પેવીંગ બ્લોક એમ.એસ. બેન્ચીસ વિગેરે. |
| ૧૨ | ભરૂચ | શ્રી ગંગનાથ મહાદેવ મંદિર, દહેલી, તા.વાલીયા | ૧૦૦૦૦૦/- | પીવાના પાણીની સુવિધા, ફ્લોરીંગ, પ્લાસ્ટર પેવીંગ બ્લોક એમ.એસ. બેન્ચીસ વિગેરે. |
| ૧૩ | નર્મદા | શ્રી સુરપાણેશ્વર મહાદેવ મંદિર, ગોરા | ૧૦૦૦૦૦/- | --- |
| ૧૪ | નર્મદા રાજપીપળા | શ્રી નરસિંહ ટેકરી મુરલીધર મંદિર | ૯૮૯૮૦/- | પીવાના પાણીની સુવિધા, એમ.એસ. બેન્ચીસ ઇન્ટરલોક પ્લાસ્ટર વિગેરે. |
| ૧૫ | નર્મદા વરાછા | શ્રી બાલમુકુંદેશ્વર મહાદેવ મંદિર | ૯૭૮૦૦/- | એમ.એસ. બેન્ચીસ, પાણીની સુવિધા, ઇન્ટરલોક પ્લાસ્ટર વગેરે. |
| ૧૬ | નર્મદા સીંસાદ્રા | શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિર | ૯૮૧૧૦/- | ઇન્ટરલોક બ્લોક પ્લાસ્ટરનું કામ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭ | નર્મદા ધમણાચા | શ્રી શુકદેવજી મંદિર | ૯૯૯૫૦/- | ઇન્ટરલોક પેવીંગ, બ્લોક એમ.એસ. બેન્ચીસ. |
| ૧૮ | નર્મદા ઓરી | શ્રી મારકડેશ્વર મહાદેવ મંદિર | ૯૯૯૫૦/- | ઇન્ટરલોક પેવીંગ બ્લોક. |
| ૧૯ | આણંદ | શ્રી રામનાથ મહાદેવ મંદિર | ૧૯૯૦૦૦/- | મંદિરના ચોતરા રીપેરીંગ, પગથીયા તથા ચોતરાની કામગીરી, હનુમાનજી મંદિર તથા શેડની સુધારણા, જાહેર શોચાલયની વ્યવસ્થા. |
| | | **કુલ ....** | **૧૮,૧૩,૧૪૦/-** | |

-----------

**વાવ-થરાદ તાલુકામાં હડકાયા કૂતરાની રસી ન મળવા બાબત**

૨૧૩૪૩**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વાવ-થરાદ જિલ્લામાં હડકાયા કૂતરાની રસી પૂરતા પ્રમાણમાં મળતી નથી તો આ રસી સહેલાઈથી મળી રહે તે માટે સરકારે શું આયોજન કરેલ છે.

(૨) હડકાયા કૂતરાની રસી માટે રાહતના (બી.પી.એલ)કાર્ડ સિવાયના દર્દીઓ પાસેથી રસી માટે ફી લેવામાં આવે છે, અને

(૩) જો હા, તો હડકાયા કુતરાની રસી માટે આવી અસમાનતા કેમ છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ વાવ થરાદ તાલુકાના સરકારી દવાખાનાઓને કુલ ૨૦૩૩ ટીસ્યુકલ્ચર વેક્સીનના વાયલ ફાળવવામાં આવે છે. તેમજ તમામ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીઓને અને વિભાગીય નાયબ નિયામકશ્રીઓને પ્રવર્તમાન જરૂરીયાત મુજબનો જથ્થો ખરીદવા મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) હા, જી.

(૩) ટીસ્યુકલ્ચર વેક્સીન (હડકાયા કૂતરાની રસી) નો ભાવ ખુલ્લા બજારમાં રૂા.૩૦૦/- ની આસપાસ છે. પરંતુ ગરીબી રેખા ઉપરના દર્દીઓ પાસેથી રૂા.૧૦૦/- પ્રતિ ડોઝ ચાર્જ લેવામાં આવે છે.

-----------

**સાવરકુંડલા તાલુકાનો પીઠવડી ધાર કેરાળા રસ્તાનું બાંધકામ**

૨૦૬૪૨**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાવરકુંડલા તાલુકાનો પંચાયત વિભાગનો પીઠવડી ધાર કેરાળા રસ્તાનાં બાંધકામ માટે સરકાર તરફથી વર્ષ ૨૦૦૫-૦૬માં બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોક્ત રસ્તા માટે માર્ગ-મકાન-પંચાયત વિભાગ દ્વારા રસ્તાની કામગીરી શી કરવામાં આવેલ છે, અને

(૩) રસ્તાની કામગીરી ન કરાવવામાં આવેલ હોય તો તેના શા કારણો છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) અને (૩) કુલ લંબાઈ ૧૦.૫૦ કિ.મી. પેકી ૫.૫૦ કિ.મી. લંબાઈમાં મેટલીંગ, માટીકામ અને નાળાકામ તથા બીજી ૩.૫૦ કિ.મી. લંબાઈમાં માટીકામ અને નાળાકામ કરેલ હતું.
ખેડુતો દ્વારા મેટલીંગ-માટીકામને નુકશાન કરી જમીનમાં વાવેતર કરેલ છે. હાલમાં જમીન સંપાદન પુર્વેની સ્થિતિ જેવી સ્થિતિ છે.

-----------

**આદિજાતિ વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં રસ્તા બનાવવા બાબત**

૨૧૬૮૮ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આદિજાતિ વિસ્તારોના ગામડાઓને જોડતા હયાત મેટલ રોડને પાકા રસ્તા

**જવાબ**

(૧) ના, જી.

ગણી લઈ તેનું ડામર કામ કરવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં એની દરખાસ્તો કરવામાં આવતી નથી તેના કારણે ભારત સરકારમાંથી રસ્તાનો પુરતો લાભ આ ગામડાઓને મળતો નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આવા ગામોના રસ્તા પાકા કરવા માટે સરકાર શું આયોજન કરેલ છે, અને

(૩) સરકાર આ કામગીરીને પ્રાથમિક્તા આપી કેટલા સમયમાં શરૂ કરવા માંગે છે ?

(૨) અને (૩) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગદર્શિકા અનુસાર યોગ્યતા ધરાવતા રસ્તાઓની સુધારણા યાદીમાં આવા ગામોનો સમાવેશ કરી પ્રાથમિક્તા આપવામાં આવે છે, જે અગ્રતાક્રમ પ્રમાણે હાથ ધરવામાં આવે છે.

-----------

**નેશનલ અર્બન મીશન નીચે કેન્દ્રની મળેલ ગ્રાન્ટ**

૨૧૮૯૮ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી(ભાવનગર શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જવાહરલાલ નહેરુ અર્બન રીન્યુઅલ મિશન નીચે કેન્દ્ર તરફથી રાજ્યની કઈ કઈ મહાનગર પાલિકાને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી કેટલી રકમ મળી,

(૨) શહેરી વિકાસ વિભાગ દ્વારા રજૂ થયેલ બીજી કેટલી દરખાસ્તો કઈ કઈ મહાનગરપાલિકાની મંજૂર થવા માટે પડતર છે, અને

(૩) આ યોજના નીચે જુદી જુદી મહાનગર પાલીકામાં ક્યા ક્યા કામ શરૂ કરવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧)

(૧) અમદાવાદ મહાનગરપાલિકા રૂા. ૩૮૪૪.૪૦ લાખ

(૨) સુરત મહાનગરપાલિકા રૂા.૪૬૨૦.૨૭ લાખ

(૩) રાજકોટ મહાનગરપાલિકા રૂા. ૨૧૨૧.૧૩ લાખ તથા

(૪) વડોદરા મહાનગરપાલિકા રૂા.૫૧૩.૧૩ લાખની રકમ મળેલ છે.

(૨)

(૧) અમદાવાદની અંદાજીત કિંમત રૂા. ૧૦૯૪૦૧ લાખની ૧૨ દરખાસ્તો

(૨) સુરતની રૂા. ૪૪૬૨૮ લાખની ૨૩ દરખાસ્તો

(૩) રાજકોટની રૂા. ૨૧૦૦ લાખની એક દરખાસ્ત તથા

(૪) વડોદરાની રૂા. ૧૩૦૩૫.૧૨ લાખની ૩ દરખાસ્તો મંજૂરી માટે પડતર છે.

(૩) આ યોજના નીચે જુદી જુદી મહાનગરપાલિકામાં નીચે મુજબનાં કામો શરૂ કરવામાં આવ્યા છે.

**અમદાવાદ મહાનગરપાલિકા**

૧. પાઇપલાઈન નાખવાનું કામ
૨. ૩૩૦ એમ.એલ.ડી. ની ક્ષમતાનો ઈન્ટેકવેલ
૩. અમદાવાદ બોટાદ મીટરગેજ લાઈન ઉપર રેલ્વે પુલ
૪. વાસણાથી પીરાણા નદી ઉપર ચાર લાઈનનો પુલ.
૫. બસ રેપીડ ટ્રાન્સપોર્ટ સીસ્ટમ ભાગ-૧.

**સુરત મહાનગરપાલિકા.**

૧. સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું અપગ્રેડેશન/સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ.
૨. અડાજણ, ગટર સુધારણા બાબત.
૩. પાણી પુરવઠા ડીસ્ટ્રીબ્યુશનનું કામ.
૪. ફ્લાઈ ઓવર બ્રીજનું કામ
૫. ડી.પી.આર-૧ અંતર્ગત સ્લમ રીલોકેશન નીચે આવાસો બનાવવાનું.

**રાજકોટ મહાનગરપાલિકા.**

૧. પાણી પુરવઠાનું કામ.

૨. ઘન ક્ચરાના નિકાલનું કામ.
૩. ગટર યોજનાનું કામ.
વડોદરા મહાનગરપાલિકા.
૧. પાણી પુરવઠાનું કામ.

-----------

**ચોરવાડને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા બાબત**

૨૧૮૮૩**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬-૦૭ દરમ્યાન જૂનાગઢ જિલ્લાના ચોરવાડ સહિતના ક્યા ક્યા પ્રવાસન સ્થળો વિક્સાવવાનું સરકારે નક્કી ર્ક્યું છે, અને | (૧) ચોરવાડ પ્રવાસન સ્થળને વિક્સાવવાનું હાલ કોઈ આયોજન નથી. પરંતુ પ્રવાસન વર્ષ નિમિત્તે જૂનાગઢ જિલ્લામાં સોમનાથ, ગિરનાર, જૂનાગઢ, સરસાઈ, અજાબ, તલાલા, સતાધાર, ગુપ્ત પ્રયાગ, ખોરાસા, વાંસોજ, કેશોદ, જામબાળા, અહેમદપુર માંડવી, ખડિયા, ભવનાથ, મેદરડા, વાંકીયા-ડુંગર રોડ, દેલવાડા-પ્રયાગ રોડ, સુદર્શન તળાવ, પ્રાચી સ્થળોને વિક્સાવવાનું આયોજન છે. |
| (૨) એ અંગે કુલ કેટલો ખર્ચ થનાર છે ? | (૨) રૂા. ૪૦૪.૬૫ લાખ |

-----------

**જૂનાગઢ તથા અમરેલી જિલ્લામાં ફોજદારી કોર્ટોમાં કેસનો ભરાવો**

૨૧૨૧૨**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ તથા અમરેલી જિલ્લામાં આવેલી ફોજદારી કોર્ટોમાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ કેટલા કેસોનો ભરાવો થયેલ છે, અને | (૧) ૧૨૦૮૬૬ કેસો |
| (૨) આવા કેસોનો ઝડપી નિકાલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) આવા કેસોનો ઝડપી નિકાલ લાવવા માટે વડી અદાલત શક્ય તેટલા તમામ પગલાં લઈ રહી છે. રાજ્યમાં આવેલ જિલ્લા/તાલુકા સ્તરે કુલ ૧૬૬ ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના, રાત્રી કોર્ટોની સ્થાપના તેમજ લોક અદાલત દ્વારા કેસોનો ઝડપી નિકાલ, મંજૂર થયેલ ખાલી ન્યાયાધીશની જ્ગ્યાઓ ભરીને પોસ્ટીંગ આપવું વગેરે તેમજ જુદી જુદી સંસ્થાઓ તરફથી આવતી રજુઆતો અન્વયે વડી અદાલતના પરામર્શમાં જિલ્લા/તાલુકા સ્તરે જુદા જુદા સંવર્ગની કોર્ટોની સ્થાપના રાજ્ય સરકાર દ્વારા કરેલ છે. આમ, પડતર રહેલા કેસોના ઝડપી નિકાલ થાય તે માટે વડી અદાલતે શક્ય તેટલી સુચનાઓ જારી કરેલ છે. |

-----------

**પ્રવાસન વર્ષ દરમિયાન રાજ્ય સરકારે ભારત સરકારને મોકલેલ પ્રોજેક્ટ**

૨૧૫૦૦**શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર તરફથી પ્રવાસન વર્ષ ૨૦૦૬ દરમ્યાન ક્યા ક્યા પ્રોજેક્ટ ભારત સરકારને મોકલેલ છે, અને | (૧) ભારત સરકારને સર્કીટ ટુરીઝમ યોજના હેઠળ જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને દ્વારકા માટે, પ્રવાસન સ્થળોના વિકાસ માટે આંબરડી, જિલ્લો અમરેલી, |

તરણેતર જિલ્લો સુરેન્દ્રનગર તથા દેવની મોરી જિલ્લો સાબરકાંઠા માટે તથા ગ્રામ પ્રવાસન યોજના હેઠળ નાગેશ્વર જિલ્લો જામનગર, કનકપુરા, જિલ્લો આણંદ, નવાગામ જિલ્લો ખેડા, દાંડી જિલ્લો નવસારી, ઝીંઝુવાડા જિલ્લો સુરેન્દ્રનગર, સાસણગીર જિલ્લો જૂનાગઢ, ધોળાવીરા જિલ્લો કચ્છ, સાપુતારા (નવાગામ માલગાંવ) જિલ્લો ડાંગ માટે તથા મેળા અને ઉત્સવો હેઠળ તરણેતર મેળો, શરદોત્સવ, નવરાત્રી, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ તથા ઈન્ફરમેશન ટેક્નોલોજી યોજના હેઠળ પ્રોજેક્ટો પ્રવાસન ૨૦૦૬ દરમ્યાન મોકલેલ છે.

| | |
|---|---|
| (૨) ભારત સરકાર તરફથી ક્યા ક્યા પ્રોજેક્ટો મંજૂર કરવામાં આવ્યા છે ? | (૨) ભારત સરકાર તરફથી (૧) જૂનાગઢ, વેરાવળ, પોરબંદર અને દ્વારકા પ્રવાસન સર્કીટ માટે (૨) ગ્રામ્ય પ્રવાસનમાં દાંડી ખાતે પ્રવાસી સુવિધા ઉભી કરવા તથા (૩) મેળા-ઉત્સવો માટે તરણેતર મેળા અને શરદ ઉત્સવ માટે નાણાંકીય સહાય મંજૂર કરવામાં આવેલ છે. |

-----------

**વેરાવળ રેલ્વે સ્ટેશન પર સવલતો ઉભી કરવા બાબત**

૧૯૬૫૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વેરાવળ ખાતે પ્રવાસી અને આમ જનતાને સારી સુવિધા મળી રહે તે માટે તેયાર થઈ રહેલા નવા રેલ્વે સ્ટેશનની બાકી સવલતો ઉભી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રમાં કોઈ દરખાસ્ત કરેલ છે, અને<br>(૨) જો હા, તો ક્યારે ક્યારે કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્તો કરાઈ છે ? | (૧) અને (૨) :<br>નવું રેલ્વે સ્ટેશન બનતું ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**લીંબડી તાલુકાના રોડ બનાવવા બાબત**

૧૯૨૪૧**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા રોડ બનાવવાનું આયોજન લીંબડી તાલુંકામાં છે, | (૧) ૧૫ રસ્તાઓમાં રીકાર્પેટીંગ/સ્ટ્રેન્ગ્ધનીંગનું આયોજન છે. |
| (૨) તે પેકી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલા રોડ બનાવવામાં આવ્યા છે, | (૨) ૫ રસ્તા. |
| (૩) બાકીના રોડ ક્યારે બનાવવામાં આવનાર છે, | (૩) બાકીના રસ્તા પેકી ૬ રસ્તા પ્રગતિ હેઠળ છે, ૪ રસ્તાઓ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે, જે પૂર્ણ થયેથી બનતી ત્વરાએ બનાવવામાં આવશે. |
| (૪) આ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, અને | (૪) રસ્તાવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ કુલ રૂા. ૭૧૫.૭૭ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૫) ઓછી ગ્રાન્ટ ફાળવવાના શાં કારણો છે ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**ખેડા અને આણંદ જિલ્લામાં નવીન રોડ બનાવવા બાબત**

૨૧૬૯૧**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં | (૧) કુલ-૧૧૫ નવીન રસ્તાઓ બનાવ્યા |

ડીસેમ્બર, ૦૬ની સ્થિતિએ કેટલા નવિન માટી મેટલ કામ સાથે રોડ બનાવ્યા,

(૨) કેટલાનું ફરીથી રીકાર્પેટ કરવામાં આવ્યા,

(૩) કેટલા માટી-મેટલ સાથે નવિન કામ મંજૂર કરેલ પરંતુ કામ બાકી છે, અને

(૪) ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ૩૨૫ રસ્તાઓ

(૩) કુલ-૮૦ રસ્તાઓના કામ બાકી છે. જે ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૪) વર્ષ ૨૦૦૭-૦૮ માં પૂર્ણ થશે.

-----------

**પ્રવાસન અને યાત્રાધામ માટે થયેલ ખર્ચ**

૨૧૮૮૯ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં પ્રવાસન અને યાત્રાધામ વિભાગ દ્વારા નિર્ધારીત ખર્ચ ન થયું તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો પ્રવાસન અને યાત્રાધામોમાં વિકાસ કે સંચાલન માટે જિલ્લાવાર ક્યા ક્યા કામો પૂર્ણ થયા નથી, અને

(૩) જો ના, તો છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા પ્રવાસન સ્થળો તથા દેવસ્થાન સ્થળો માટે તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં નિર્ધારિત ખર્ચ માટે કેટલી રકમ તથા ક્યા કામો માટે નક્કી કરાઈ, કેટલી રકમ ફાળવાઈ તેની વર્ષવાર વિગત ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) છેલ્લા ત્રણ વર્ષમાં પ્રવાસન સ્થળો તથા દેવસ્થાનો માટે નિર્ધારિત કરવામાં આવેલ રકમ આ સાથેના *પત્રકમાં દર્શાવવામાં આવેલ છે અને તે મુજબની રકમની ગ્રાન્ટ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-----------

**અમદાવાદમાં ઓઢવથી વસ્ત્રાલને જોડતો ટી. પી. માર્ગ, માર્ગ અને મકાન વિભાગના સ્ટોરના કંપાઉન્ડમાંથી પસાર થવા બાબત**

૨૧૭૦૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદમાં ઓઢવ વસ્ત્રાલને જોડતા ટી. પી. માર્ગ જે માર્ગ મકાન વિભાગના સ્ટોર કંપાઉન્ડમાંથી પસાર થાય છે તે ખુલ્લા કરવાની કેટલી દરખાસ્તો સરકારને ક્યારે મળી છે, અને

(૨) સરકારના વિચારણા હેઠળની આ દરખાસ્તો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ત્રણ રજૂઆતો
તા. ૧૭-૧-૨૦૦૧
તા. ૧-૬-૨૦૦૧
તા. ૧૮-૭-૨૦૦૩

(૨) ૩૧-૧-૦૭ની સ્થિતિએ વિચારણા હેઠળ રહેલ બાબતે નિર્ણય થયેલ છે.

-----------

**જામનગર તાલુકાના બેડ-રસુલનગર રોડ મંજૂર કરવા બાબત**

૨૧૪૯૩**ડૉ. દિનેશ પરમાર (જામનગર રૂરલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ જામનગર તાલુકાના બેડ ગામે બેડ-રસુલનગર રોડ ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ રોડની સ્થિતિ શું છે,

(૩) આ રોડ બનાવવામાં વિલંબના કારણો શાં છે, અને

(૪) આ રસ્તો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૨૯-૯-૦૫ થી.

(૨) રસ્તો વાહનવ્યવહાર લાયક છે.

(૩) પાંચ વખત ટેન્ડર માંગવા છતાં યોગ્ય પ્રતિભાવ મળેલ નથી.

(૪) બનતી ત્વરાએ.

-----------

**પાલનપુર શહેરને શહેરી વિકાસ વર્ષ દરમિયાન મળેલ રકમ**

૧૯૨૨૦ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેરને શહેરી વિકાસ વર્ષ ૨૦૦૫માં કેટલી રકમ ફાળવાઈ, | (૧) રૂપિયા ૪૨૫/- લાખ |
| (૨) તે પૈકી ક્યા ક્યા કામો પૂર્ણ થયા છે, અને | (૨) કુલ-૫ કામો પૂરા થયેલ છે. |
| (૩) બાકી રહેલા કામો ક્યારે પૂર્ણ કરવા માંગો છો ? | (૩) શક્ય તેટલું વ્હેલા. |

-----------

**પ્રવાસન વર્ષમાં પ્રવાસી પથ યોજનાના રસ્તાઓ**

૨૧૫૦૮**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે જાહેર કરાયેલ પ્રવાસીપથ યોજનામાં કેટલા જિલ્લાઓનો સમાવેશ કરાયેલ છે, અને | (૧) ૧૭ જિલ્લા. |
| (૨) કુલ કેટલા રસ્તા મંજૂર થયેલ છે ? | (૨) ૪૭ રસ્તાનાં અનુભાગોની સુધારણા મંજૂર થયેલ છે. |

-----------

**પ્રવાસન વર્ષમાં ખાનગી કંપની સાથે કરેલા એમ. ઓ. યુ.**

૨૧૫૦૭**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત કેટલી ખાનગી કંપનીઓ સાથે પ્રવાસનને લગતી બાબતો અંગે એમ. ઓ. યુ. કરવામાં આવ્યા, અને | (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬ અંતર્ગત ૩૩ ખાનગી કંપનીઓ સાથે પ્રવાસનને લગતા એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. |
| (૨) આ એમ.ઓ.યુ. કેટલી રકમના કરવામાં આવ્યા છે ? | (૨) આ એમ.ઓ.યુ. રૂા. ૧૦૭૮૫.૫૦ કરોડના કરવામાં આવેલ છે. |

-----------

**માતર તાલુકામાં પૂરના કારણે તૂટી ગયેલ રસ્તા અને નાળાનું રીપેરીંગ કામ**

૨૦૬૩૪**શ્રી રાકેશ રાવ(માતર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં આવેલ પૂરના કારણે તૂટી ગયેલા રસ્તા નાળાઓના રીપેરીંગ માટે કેટલી રકમ માતર તાલુકામાં ફાળવવામાં આવી છે, અને | (૧) ગ્રાન્ટ તાલુકાવાર ફાળવાતી નથી |
| (૨) માતર અને ખેડા તાલુકામાં પૂર દરમ્યાન તૂટેલા રસ્તાના નાળાના કામો હજી શરૂ થયા નથી તે હકીક્ત સાચી છે ? | (૨) ના, જી. |

-----------

**જામનગર જિલ્લા પંચાયત દ્વારા સરકારી પેવર પ્લાન્ટથી રસ્તા બનાવવાની દરખાસ્ત**

૨૦૯૦૪**શ્રી ચીમનભાઈ ધ. સાપરીયા(જામજોધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લા પંચાયત દ્વારા સરકારી પેવર પ્લાન્ટની રસ્તાઓ બનાવવા માટેની દરખાસ્ત મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા રસ્તાઓ બનાવવા માટેની દરખાસ્ત છે, અને | (૨) (૧) ભાણાવડ નવાગામ રોડ તા. ભાણવડ<br>(૨) ખજુરીયા-જુવાનગઢ રોડ તા. ખંભાળીયા |

(૩) નવાતથીયા-ટુ એસ.એચ. તા. ખંભાળીયા
(૪) બાંગા નાની વાવડી ટુ એસ.એચ. તા. કાલાવડ
(૫) નાના થાવરીયા હડમતીયા રોડ તા. જામનગર
(૬) એસ.એચ. ટુ રક્કા-ખટીયા રોડ તા. લાલપુર
(૭) મોડપર-જશાપર રોડ તા. લાલપુર
(૮) કાનવીરડી-ડબાસંગ રોડ સે. મોટી રાફુદ્દડ-ડબાસંગ રોડ તા. લાલપુર
(૯) અણોસરા-ખટીયા રોડ સે. નાના ખડબા-બાધલા-સાજડીયાળી ખટીયા રોડ તા. લાલપુર.

(૩) આ રસ્તાઓના કામો મંજૂર કરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે ?

(૩) બનતી ત્વરાએ પૂર્ણ કરવાનું આયોજન છે.

-----------

**સરકારી ડૉક્ટરોને પ્રાઈવેટ પ્રેક્ટીસ કરવાની છૂટ આપવા બાબત**

૨૧૬૦૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સરકાર દ્વારા સરકારી ડૉક્ટરોને પ્રાઈવેટ પ્રેક્ટીસ કરવાની છૂટ આપવાથી રાજ્યની આરોગ્યની સેવાઓ કથળી છે તે હકીકત સાચી છે ?

**જવાબ**

ના, જી.

-----------

**નાના, મધ્યમ અને મોટા શહેરોના વિકાસ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના યુ. આઈ. ડી. એસ. એસ. એમ. ટી. તથા જે. એન.એન. યુ. આર. એમ. જેવી યોજના માટે કેન્દ્રને કરેલ દરખાસ્તો**

૨૦૯૩૬**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાના, મધ્યમ અને મોટા શહેરોના વિકાસ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના યુ.આઈ.ડી. એસ.એસ.એમ.ટી. તથા આઈ.એચ.એસ.ડી.પી. તથા જે. એન. એન. યુ. આર. એમ. માં કેટલા શહેરોની કુલ કેટલી રકમની દરખાસ્તો કેન્દ્ર સરકારમાં કરેલ છે,

(૨) તે પૈકી કેટલી રકમની અને ક્યા ક્યા શહેરોની દરખાસ્તને કેન્દ્ર સરકારે સૈધ્ધાંતિક અથવા વહીવટી મંજૂરી આપેલ છે, અને

(૩) આ પૈકી મંજૂર થયેલ યોજનાકીય કામોના ઝડપી અમલીકરણ માટે રાજ્ય સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર પુરસ્કૃત યોજના યુ.આઈ.ડી.એસ. એસ.એમ.ટી. અંતર્ગત ૨૭ શહેરો માટે રૂા. ૨૪૬૧૭.૪૫ લાખની, આઈ.એચ.એસ.ડી.પી. યોજના નીચે શૂન્ય, તથા જે.એન.એન.યુ.આર.એમ અંતર્ગત ૪ શહેરોની રૂા. ૪,૫૯,૪૮૨.૨૨ લાખની દરખાસ્તો કરેલ છે.

(૨) જે પૈકી યુ.આઈ.ડી.એસ.એમ.ટી. અંતર્ગત ૨૭ શહેરો માટે રૂા. ૨૪૬૧૭.૪૫ લાખની તથા જે.એન. એન.યુ.આર.એમ. અંતર્ગત ૪ શહેરોની રૂા. ૨૭૮૧૮૨.૭૫ લાખની દરખાસ્તોનો કેન્દ્ર સરકારે સૈધ્ધાંતિક સ્વીકાર કરેલ છે.

(૩) ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા જરૂરી તાંત્રિક મદદ સાથે કાર્યવાહી સત્વરે કરવા આયોજન કરાયેલ છે.

-----------

**રાજકોટ શહેરની નગર આયોજનની સ્કીમો**

૧૯૫૪૩**શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં તા. ૩૧-૧૨-૦૬ની

**જવાબ**

(૧) ૩૭

સ્થિતિએ કુલ કેટલી નગર આયોજન સ્કીમો રચવામાં આવી છે,

(૨) આ પેકી કેટલી સ્કીમોને આખરી મંજૂરી આપવામાં આવી છે, અને કેટલી પેન્ડીંગ છે, અને

(૩) ટી. પી. ૧૨ અને ૧૩, ૧૧૯૨થી પેન્ડીંગ છે તે મંજૂર નહીં કરવાના કારણો શા છે ?

(૨) ૧૪ આખરી મંજૂર કરવામાં આવી અને ૨૩ પેન્ડિંગ છે.

(૩) આ યોજનાની પ્લેન ટેબલ માપણી ઘણાં વર્ષો પહેલાની હોવાથી નવેસરથી માપણી થયેલ ન હોઈ યોજના આખરી કરવાની કામગીરી થયેલ ન હતી.

-----------

**વડોદરા તાલુકામાં ગ્રામ્ય માર્ગ માટે આપેલ જોબ નંબર**

૨૧૬૧૩ **શ્રી દિલુભા ટે. ચુડાસમા(વડોદરા (ગ્રામ્ય)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા તાલુકામાં ગ્રામ્ય માર્ગ માટે કુલ કેટલા અને કેટલી રકમના જોબ નંબર આપવામાં આવ્યા,

(૨) તે પેકી કેટલા કામો શરૂ કરવામાં આવ્યા, અને

(૩) બાકીના કામો ક્યારે શરૂ કરાશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા તાલુકામાં જિલ્લા પંચાયત હસ્તકનાં કુલ ૧૪ કામોના કુલ રૂા.૩૦૨.૫૫ લાખની રકમના જોબનંબર આપવામાં આવેલ છે.

(૨) ત્રણ કામો શરુ કરેલ છે.

(૩) બાકીના કામો ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયે સત્વરે.

-----------

**બનાસકાંઠા જિલ્લામાં બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરોને પકડવા બાબત**

૨૧૩૮૬**શ્રી ભેમાભાઈ ૨ા. પટેલ(દીઓદર)** :**માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બોગસ ડીગ્રી ધરાવતા કેટલા ડોકટરોની ધરપકડ કરવામાં આવી, અને

(૨) આવા બોગસ ડીગ્રી ધારક ડોકટરોને ઝડપવા સતત ચેકીંગ ઝુંબેશ ચાલુ રાખવા સરકાર માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) ૪ (ચાર).

(૨) હા, જી.

-----------

**ડોકટરોને નોન પ્રેકટીસ એલાઉન્સ ન આપવા બાબત**

૨૦૯૨૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર સંચાલિત જુદી જુદી હોસ્પિટલો અને મેડિક્લ કોલેજોમાં કાર્યરત પ્રોફેસર ડોકટરોને એન. પી. એ. અંગેના નિર્ણય બાબતે આરોગ્ય વિભાગ અને ડોકટરો વચ્ચે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી બેઠકો યોજવામાં આવી,

(૨) એન. પી. એ. (નોન પ્રેકટીસ એલાઉન્સ) અંગે છેવટનો નિર્ણય કેવા પ્રકારનો લેવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) ૩ (ત્રણ).

(૨) આ પ્રશ્ને પીટીશનરો તેમજ પીટીશનર એસોસીયેશનો સાથે રાજ્ય સરકારે વખતોવખત બેઠક યોજીને ચર્ચા વિચારણા કરી હતી અને આ બેઠકો દરમ્યાન તેઓ તરફથી કરાયેલ રજૂઆતો પરત્વે વિચારણા કરીને,

૧. તા.૩૦-૧૧-૨૦૦૬ના રોજ રાજ્ય સરકારની સેવામાં હોય તેવા તબીબી અધિકારી પૈકીના જે અધિકારીએ ઓછામાં ઓછી ૧૫ વર્ષની સેવા પૂરી કરેલ હોય તેમને કામકાજના ક્લાકો સિવાય તેઓના મુખ્ય મથક ખાતે ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ)

કરવા અથવા વળતર ભથ્થું (એન.પી.એ.) સ્વીકારવાનો વિકલ્પ આપવાની એક વખત તક આપવી.

૨. જે અધિકારીઓએ ૧૫ વર્ષની સેવા પૂરી કરેલ નથી તેવા અધિકારીઓ પૈકીના જે અધિકારી જ્યારે ૧૫ વર્ષની સેવા પૂરી કરે ત્યારે તેમને કામકાજના કલાકો સિવાય તેઓના મુખ્ય મથક ખાતે ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરવા અથવા વળતરભથ્થું (એન.પી.એ.) સ્વીકારવાનો વિકલ્પ આપવાની એક વખત તક આપવી અને તે દરમ્યાન જો તેઓ ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરવા માંગતા હોય તો તેઓને તેમ કરવા દેવા, અને

૩. તા.૧-૧૨-૨૦૦૬ના રોજ કે તે પછીથી સરકારી સેવામાં જોડાયેલ હોય તેવા તબીબી અધિકારીઓ કામકાજના કલાકો સિવાય તેઓના મુખ્ય મથક ખાતે ખાનગી તબીબી વ્યવસાય (ખાનગી પ્રેકટીસ) કરી શકશે પરંતુ તેઓને એન.પી.એ. મળશે નહીં તેવો નિર્ણય લીધેલ છે.

આ નિર્ણયની રાજ્ય સરકારે પીટીશનરો તેમજ પીટીશનર એસોસીયેશનોને તા.૨૪-૧-૨૦૦૭ના રોજની બેઠકમાં જાણ કરેલ છે. રાજ્ય સરકાર આ નિર્ણયનો અમલ નામ. હાઇકોર્ટની પૂર્વમંજૂરી મેળવીને કરશે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) કાર્યરત ડોકટરોની સેવાઓ ઉપર આ નિર્ણયની અસરો કેવી પડી છે ? | (૩) પ્રત્યુત્તર ખંડ (૨) ધ્યાને લેતા આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**પ્રવાસન વર્ષ નિમિત્તે પ્રવાસીપથની યોજના**

૨૦૯૧૪ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| પ્રવાસન વર્ષ ૨૦૦૬ નિમિત્તે જાહેર કરાયેલ પ્રવાસીપથ યોજનામાં રાજ્યના કેટલા જિલ્લાઓનો સમાવેશ કરાયેલ છે ? | ૧૭ જિલ્લા. |

**ભિલોડા તાલુકામાં સ્ટેટ અને પંચાયતના રસ્તાઓને ડામરકામ કરવા બાબત**

૨૧૮૯૩**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં છેલ્લા એક વર્ષમાં કેટલા રસ્તાઓ સ્ટેટ અને પંચાયત હસ્તકના ડામર કરવામાં આવ્યા, | (૧) તા.૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ રાજ્ય તેમજ પંચાયત હસ્તકના નીચે મુજબના રસ્તાઓ ડામર કરવામાં આવ્યાં. |

| | | **સંખ્યા** | **લંબાઇ** |
|---|---|---|---|
| (અ) | રાજ્ય | ૧૦ | ૪૩.૧૨ કી.મી. |
| (બ) | પંચાયત | ૧૦ | ૪૪.૫૫ કી.મી. |

(૨) સાત વર્ષથી ઉપરના ડામર સપાટી ઉખડી ગયેલ રસ્તાઓ કેટલા સમયમાં પેવર કરવા માંગો છો, અને

(૩) આવા કુલ કેટલા રસ્તાઓ બાકી છે ?

(૨) અને (૩) : રાજ્ય અને પંચાયત હસ્તક સાત વર્ષથી વધારે સમયથી રીસરફેસીંગ ન થયેલ રસ્તા નીચે મુજબ છે.

(અ) રાજ્ય ૮

(બ) પંચાયત ૧૬

જે અગ્રતાના ધોરણે નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર આયોજન કરવામાં આવશે.

-----------

**સંખેડા તાલુકામાં આયુર્વેદિક દવાખાના**

૨૧૮૬૮ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સંખેડા તાલુકામાં આયુર્વેદિક દવાખાના ક્યા સ્થળે તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલા ચાલુ છે, અને

(૧)

| | **આયુર્વેદ દવાખાનાનું સ્થળ** | **ચાલુ દવાખાનાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ગાજીપુર | ૧ |
| ૨ | ગુંડીચા | ૧ |
| ૩ | ચોરંગોલા | ૧ |
| ૪ | ટીંબા | ૧ |
| | **કુલ ..** | **૪** |

(૨) કેટલા બંધ ક્યાં છે ?

(૨) ૧ (એક).

-----------

**આણંદ જિલ્લામાં નાબાર્ડ યોજનામાં મંજૂર થયેલ રસ્તાઓ**

૨૧૬૯૫ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ વર્ષ ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા અને કેટલી રકમના રસ્તા ""નાબાર્ડ યોજના"" માં મંજૂર કરવામાં આવ્યા, અને

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માટે સામેલ પત્રક-૧ મુજબ.

એચબી/૨૪૧- (૨) સદર રસ્તાઓની કામગીરી ક્યારે શરુ થશે અને કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૨) મંજૂર થયેલ ૯ કામો પૈકી ૫ રસ્તાની કામગીરી પૂર્ણ થયેલ છે. અને ૪ કામો પ્રગતિ હેઠળ છે. જે નિયત સમયમર્યાદામાં પૂર્ણ થશે અને વર્ષ ૨૦૦૬-૦૭ના ૧૭ કામો ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી સત્વરે હાથ ધરી પૂર્ણ થશે.

**પત્રક - ૧**

| **ક્રમ** | **તાલુકો** | **૨૦૦૫-૦૬** | | **૨૦૦૬-૦૭** | | **કુલ** | |
|---|---|---|---|---|---|---|---|
| | | **સંખ્યા** | **અંદાજીત રકમ** | **સંખ્યા** | **અંદાજીત રકમ** | **સંખ્યા** | **અંદાજીત રકમ** |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | આણંદ | ૦ | ૦.૦ | ૪ | ૧૦૨.૩૦ | ૪ | ૧૦૨.૩૦ |
| ૨ | ઉમરેઠ | ૨ | ૩૩.૯૮ | ૨ | ૫૮.૦૦ | ૪ | ૯૧.૯૮ |
| ૩ | બોરસદ | ૧ | ૨૬.૮૭ | ૧ | ૩૩.૦૦ | ૨ | ૫૯.૮૭ |
| ૪ | આંકલાવ | ૦ | ૦.૦ | ૨ | ૭૧.૫૦ | ૨ | ૭૧.૫૦ |
| ૫ | પેટલાદ | ૩ | ૫૧.૧૦ | ૫ | ૧૨૩.૨૦ | ૮ | ૧૭૪.૩૦ |
| ૬ | સોજીત્રા | ૧ | ૧૫.૦૦ | ૧ | ૪૨.૯૦ | ૨ | ૫૭.૯૦ |
| ૭ | ખંભાત | ૧ | ૧૯.૧૪ | ૨ | ૭૫.૪૦ | ૩ | ૯૪.૫૦ |
| ૮ | તારાપુર | ૧ | ૪૧.૮૨ | ૦ | ૦.૦૦ | ૧ | ૪૧.૮૨ |
| | **કુલ .** | **૯** | **૧૮૭.૯૧** | **૧૭** | **૫૦૬.૩૦** | **૨૬** | **૬૯૪.૨૧** |

-----------

**વડોદરા જિલ્લામાં ભારે વરસાદથી વાઘોડિયા ચોકડીથી લીમડી સુધીનો રસ્તો તુટી જવા બાબત**

૨૧૧૩૪**શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૨૦૦૬ ના વર્ષમાં થયેલ ભારે વરસાદથી વડોદરા જિલ્લામાં વાઘોડિયા ચોકડીથી લીમડી સુધીનો રસ્તો તુટી ગયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તાનું તાત્કાલિક સમારકામ તેમજ પેવરકામ કરવાનું આયોજન છે કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં આ રસ્તાનું સમારકામ તથા પેવરકામ પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી. રસ્તો વાહન વ્યવહાર લાયક છે.

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**૫૦૦ થી વધુ વસ્તીવાળા ગામોને બારમાસી રસ્તાની સગવડ**

૨૧૧૩૭**શ્રી શિવાભાઈ જે. ગોહિલ (તળાજા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તળાજા તાલુકામાં ૨૦૦૭-૦૮ ના બજેટ વર્ષમાં ૫૦૦ થી વધુ વસ્તીવાળા ગામોને બારમાસી રસ્તાઓ મળી રહે તેવું આયોજન સરકારે વિચારેલ છે, અને

(૨) ક્યા પ્રકારનું ?

**જવાબ**

(૧) અને (૨) : તળાજા તાલુકામાં ૫૦૦ થી વધુ વસ્તીવાળા તમામ ગામોને બારમાસી રસ્તા મળેલ હોઇ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશદ્વાર માટે વિકાસ પથ યોજના**

૨૧૩૮૯ **શ્રી કરસનભાઈ ભી. પટેલ(ગણદેવી) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશ દ્વાર માટે વિકાસપથ યોજના લાગુ પાડવામાં આવેલ તેમાં કેટલી નગરપાલિકાઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) આ યોજનામાં કેટલા રસ્તા મંજૂર થયા અને કેટલા રસ્તા બાકી છે ?

**જવાબ**

(૧) વિકાસપથ યોજના હેઠળ રાજ્ય હસ્તકના રસ્તાઓ પસાર થતા હોય તેવી ૧૩૧ નગરપાલિકાઓનો સમાવેશ કરેલ છે.

(૨) નગરપાલિકામાંથી પસાર થતા રાજ્ય હસ્તકના રસ્તાઓના ૨૮૯ અનુભાગો મંજૂર કરેલ છે, જ્યારે કોઇ અનુભાગ બાકી નથી.

-----------

**પાટણ તાલુકાના નોન પ્લાન રસ્તાઓને રીપેર કરવા બાબત**

૨૦૯૪૦**શ્રી જોધાજી ગ. ઠાકોર (વાગડોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ તાલુકામાં નોન પ્લાન આવેલા રોડ રીપેરીંગ થતા નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો સરકાર તે કામ કરવા માંગે છે, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

**જવાબ**

(૧) (૨) અને (૩) પાટણ તાલુકાના ગ્રામ્ય માર્ગ (નોન પ્લાન) રોડ જરૂરીયાત મુજબ રીપેરીંગ કરી વાહન વ્યવહાર યોગ્ય બનાવવામાં આવેલ છે.

-----------

**વાવ થરાદ તાલુકામાં પાકા રોડ કરવા બાબત**

૨૧૩૪૪**શ્રી હેમાજી દ. રાજપૂત(વાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વાવ થરાદ તાલુકામાં માટી કામ અને મેટલવાળા રસ્તાને પાકા રોડ કરવા સરકાર માંગે છે કે કેમ ?

**જવાબ**

હા, રસ્તાની અગત્યતા અને નાણાકીય જોગવાઈ અનુસાર આયોજન વિચારવામાં આવશે.

-----------

**સાવરકુંડલા રંઘોળા સ્ટેટ હાઈવેનું વાઈડનીંગ કામ ન થવા બાબત**

૨૦૬૪૩**શ્રી કાળુભાઇ વી. વીરાણી (કુંડલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સાવરકુંડલા રંઘોળા સ્ટેટ હાઈવે રોડ આવેલ છે જેના કિ.મી. ૦/૦ થી ૧૦/૦ સુધીનું વાઈડનીંગનું કામ ૧૯૯૫-૯૬માં કોન્ટ્રાકટરને આપવામાં આવેલ છે જે કામ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ આજદિન સુધી પૂર્ણ કરવામાં આવેલ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૧૦ વર્ષ જેવો સમય વીતવા છતાં આ કામ કરવામાં આવેલ નથી તેના શા કારણો છે, અને<br>(૩) આ સ્ટેટ હાઈવેનું વાઈડનીંગ કામ કરી પહોળો રસ્તો કરવા માંગો છો કે કેમ ? | (૨) અને (૩) નામ. હોઈકોર્ટનો સ્ટે હોવાથી જરૂરી કાર્યવાહી આગળ વધારી શકાયેલ નથી નામ. વડી અદાલતમાં કેઈસ પડતર છે જે આખરી થયે આગળની કાર્યવાહી હાથ ધરવાનું આયોજન છે. |

-----------

**જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો**

૨૧૮૮૪**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ કુલ કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, | (૧) ૧૫ (પંદર) સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ૫૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો. |
| (૨) વસતિના ધોરણે આ જિલ્લામાં કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘ ટટ છે, અને | (૨) કોઈ ઘટ નથી. |
| (૩) આ ઘટ સરકાર ક્યાં સુધીમાં પુરી કરવા માંગે છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**માર્ગ અને મકાન વિભાગે સેટેલાઈટ ધ્વારા રસ્તાના મેપનું આધુનિકરણ**

૨૧૫૦૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) માર્ગ અને મકાન વિભાગે હાલમાં સેટેલાઈટ ઈમેજથી રસ્તાના મેપ (નકશાઓ)નું આધુનિકરણ કરેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનાથી શા ફાયદાઓ થયા છે ? | (૨) આ રીતે તૈયાર કરાયેલ "રોડમેપ" માહિતી સભર હોવાથી અનેક પ્રકારે ખૂબ ઉપયોગી બની રહેશે. આ નકશાઓમાં નીચે મુજબની મુખ્ય વિગતોનો સમાવેશ છે.<br>(૧) રસ્તાઓની પથરેખા, પુલો, રેલ્વે લાઈન, નદીઓની સ્થળ/સ્થિતિ વધુ ચોક્સાઈ પૂર્વક<br>(૨) રસ્તાઓથી જોડાતા ગામોની વસ્તી જુથ<br>(૩) રસ્તાઓની કક્ષા/સપાટી<br>(૪) નકશાઓની સીડીમાં રસ્તાઓ/પુલોની આનુસાંગીક તાંત્રિક વિગતો. |

-----------

**સોમનાથ ખાતે યાત્રાળુઓને ફીલ્ટર થયેલુ પાણી આપવા બાબત**

૧૯૬૫૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સોમનાથ ખાતે દર્શનાર્થે પધારતા યાત્રાળુઓને | (૧) સોમનાથ ખાતે પધારતાં યાત્રાળુઓ માટે |

ફીલ્ટર થયેલ પીવાનું પાણી આપવા માટે સરકારનું શું આયોજન છે,

ટ્રસ્ટની પોતાની પાણી પુરવઠા યોજના છે. જેમાં ટ્રસ્ટનો પોતાનો ફીલ્ટર પ્લાન્ટ તેમજ ક્લોરીનેશન પ્લાન્ટ છે. જેથી પધારતાં યાત્રિકોને પીવાનું પાણી ફીલ્ટર થયેલ તેમજ ક્લોરીનેશનવાળું પુરૂ પાડવામાં આવે છે.

(૨) આ અંગે કોઈ યોજના હોય તો તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) જો આ અંગે કોઈ આયોજન ન હોય તો તે માટે સરકાર કે દેવસ્થાન ટ્રસ્ટમાં કોઈ વિચારણા થઈ રહી છે ?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ

૧૯૨૪૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના જિલ્લા/શહેર તાલુકાઓમાં ફોજદારી કોર્ટો અને સીવીલ કોર્ટોમાં ન્યાયાધીશોની કુલ કેટલી જગ્યાઓ તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં મંજૂર થઈ છે, | (૧) ૯૪૧ ન્યાયધીશોની જગ્યાઓ મંજૂર થયેલ છે. |
| (૨) આ જગ્યાઓમાં કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) ૧૨૪ જગ્યાઓ ખાલી છે. |
| (૩) આમાં અનુસૂચિત જાતિ-જનજાતિનો કેટલો બેક્લોગ છે, અને | (૩) ન્યાયતંત્રમાં અનામત ન હોઈ બેક્લોગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવનાર છે ? | (૪) ઉપરોક્ત ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. |

-----------

## ધોળાવીર ખાતે સગવડો ન હોવા બાબત

૨૧૮૯૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ધોળાવીરાની મુલાકાતે આવનાર પ્રવાસીઓની સગવડો વધારવામાં રાજ્ય સરકારનાં પ્રવાસન વિભાગ ધ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં નિર્ધારીત ખર્ચ થયું નથી તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ ધોળાવીર માટે રાજ્ય સરકાર ધ્વારા ક્યા ક્યા કામો માટે ખર્ચવાની હતી અને ખર્ચ ન થઈ શક્યું હોય તો શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો રાજ્યના પ્રવાસન વિભાગ ધ્વારા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ધોળાવીરમાં પ્રવાસીઓની સગવડ માટે ઉભી થયેલ સગવડો અને ત્રણ વર્ષમાં થયેલ ખર્ચની વિગતો શી છે ? | (૩) ધોળાવીર ખાતે પ્રવાસીઓની સગવડ માટે ૧૧ ભુંગા, ૬૦ વ્યક્તિની ક્ષમતા વાળો ડાઈનીંગ હોલ, કીચન, સ્ટોર, રીસેપ્સન સેન્ટર, ઓફીસ, એમ.પી. થીયેટર, જાહેર શૌચાલય, ચાર દુકાનો તેમજ સ્ટાફ ક્વાટર્સ/ડોરમેટરી તૈયાર કરવામાં આવેલ છે. જેનો કુલ ખર્ચ રૂા. ૧૦૮.૦૦ લાખ થયેલ છે. આ પ્રવાસી સંકુલ તા. ૧-૫-૦૫ના રોજ પ્રવાસીઓ માટે ખુલ્લુ મુક્વામાં આવેલ છે. વધુમાં ધોળાવીરા ખાતે ૧૩ ગાઈડોને તાલીમ આપવામાં આવેલ છે. |

-----------

## જામનગર તાલુકામાં પેવરકામ કર્યા પછી રસ્તા તૂટી જવા બાબત

૨૧૪૯૪ **ડૉ. દિનેશ પરમાર (જામનગર ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦-૬-૦૬ની સ્થિતિએ જામનગર | (૧) આ હકીક્ત સાચી નથી. |

તાલુકાના રસ્તાના ડામરકામ માત્ર એક ઈંચના પેવર કામ થતા હોવાથી ૬ મહીનામાં તૂટી જવા પામે છે તે સરકાર જાણે છે,

(૨) આ રોડ રસ્તાના ડામર કામની જાડાઈ વધારીને વધુ મજબુત રોડ બને તેમ નહીં કરવાના કારણો શું છે,

(૩) ટૂંક સમયમાં જ તુટી જતા રસ્તાઓ બાબતે તપાસ કરાવીને કોન્ટ્રાક્ટર દોષિત હોય તો તે માટે સરકારે શાં પગલાં લીધા,

(૪) નબળા કામો ઉપર સુપરવીઝન કરતા જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે સરકારે શિક્ષાત્મક પગલાં નહીં ભરવાના કારણો શાં છે, અને

(૫) હવે ક્યારે પગલાં ભરવામાં આવશે ?

(૨) તાંત્રિક જરૂરીયાત તેમજ નાણાંકીય ઉપલબ્ધતા ધ્યાને લઈ ડામરકામ માટે યોગ્ય ટ્રીટમેન્ટ લેવામાં આવે છે.

(૩), (૪) અને (૫) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## નિર્મળ ગુજરાત યોજના અન્વયે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાની સ્વચ્છતા ઝુંબેશ

૨૧૫૧૦ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિર્મળ ગુજરાત ૨૦૦૭ અંતર્ગત રાજ્યની કેટલી નગરપાલિકા તથા મહાનગરપાલિકાઓએ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરેલ છે, અને

(૨) તેમાં રાજ્ય સરકારે કેટલી સહાય આપેલ છે ?

**જવાબ**

(૧) ૧૬૧ નગરપાલિકાઓ તથા ૭ મહાનગરપાલિકાઓએ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરેલ છે.

(૨) આ તબક્કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

## રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત

૨૧૬૧૦ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો નવા ખોલ્યા ?

**જવાબ**

વસ્તી ધોરણ અનુસાર પૂરતા પ્રમાણમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપલબ્ધ હોવાથી એક પણ કેન્દ્ર નવું ખોલવાની જરૂરીયાત ઉભી થયેલ નથી.

-----------

## રાજ્યની આયુર્વેદિક હોસ્પિટલો

૨૦૬૩૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી આયુર્વેદિક હોસ્પિટલો છે,

**જવાબ**

(૧) જિલ્લાવાર સરકારી અને અનુદાન સહાયિત હોસ્પીટલો નીચે મુજબ છે.

| ક્રમ | જીલ્લાનું | સરકારી | અનુદાન | કુલ |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨ | ૧ | ૩ |
| ૨ | વડોદરા | ૧ | ૨ | ૩ |
| ૩ | ભાવનગર | ૨ | ૦ | ૨ |
| ૪ | જુનાગઢ | ૧ | ૦ | ૧ |
| ૫ | ગાંધીનગર | ૧ | ૧ | ૨ |
| ૬ | રાજકોટ | ૨ | ૦ | ૨ |

| ૬ | રાજકોટ | ૨ | ૦ | ૨ |
|---|---|---|---|---|
| ક્રમ | જીલ્લાનું નામ | સરકારી હોસ્પીટલોની સંખ્યા | અનુદાન સહાયિત હોસ્પીટલોની સંખ્યા | કુલ |
| ૭ | સુરેન્દ્રનગર | ૧ | ૦ | ૧ |
| ૮ | અમરેલી | ૧ | ૦ | ૧ |
| ૯ | જામનગર | ૧ | ૧ | ૨ |
| ૧૦ | કચ્છ | ૧ | ૦ | ૧ |
| ૧૧ | પાટણ | ૨ | ૦ | ૨ |
| ૧૨ | આણંદ | ૨ | ૦ | ૨ |
| ૧૩ | ખેડા | ૨ | ૧ | ૩ |
| ૧૪ | મહેસાણા | ૧ | ૦ | ૧ |
| ૧૫ | પંચમહાલ | ૧ | ૦ | ૧ |
| ૧૬ | દાહોદ | ૨ | ૦ | ૨ |
| ૧૭ | નવસારી | ૨ | ૦ | ૨ |
| ૧૮ | સુરત | ૦ | ૧ | ૧ |
| ૧૯ | ભરૂચ | ૦ | ૧ | ૧ |
| ૨૦ | ડાંગ | ૧ | ૦ | ૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૧ | ૦ | ૧ |
| ૨૨ | બનાસકાંઠા | ૧ | ૦ | ૧ |
| | કુલ :- | ૨૮ | ૦૮ | ૩૬ |

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી અને કઈ આયુર્વેદિક હોસ્પિટલો બંધ હાલતમાં છે, અને

(૨) કોઈ નહી.

(૩) આ હોસ્પિટલો ચાલુ કરવા સરકારે શું આયોજન કરેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વિશ્વબેંક સહાયિત ભરૂચ દહેજ માર્ગમાં આવતો રેલ્વે બ્રીજ ભરૂચના ઓવરબ્રીજની કામગીરી**

૨૦૯૩૦**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વિશ્વબેંક સહાયિત ભરૂચ દહેજ માર્ગમાં આવતા રેલ્વેના બ્રિજ અને ભરૂચ નજીકના ઓવરબ્રીજ અને ભેંસલી પાસેનો ફુટ ઓવરબ્રીજની કામગીરી તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ક્યા તબકકે છે, અને

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) થયેલ કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ભરૂચ દહેજ માર્ગ પર આવતા ચેઈનેજ ૨૦૩ પરના રેલ્વે પુલના ડ્રોઈંગ મંજુર થયેલ છે. તથા ચેઈનેજ ૨૦૭ પરના રેલ્વેના પુલના ડ્રોઈંગ મંજુરી હેઠળ છે. ફુટ ઓવરબ્રીજ બનાવવાની બાબત વિચારણા હેઠળ છે.

(૨) ભરૂચ દહેજ રસ્તાની કામગીરી તા. ૭-૧૧-૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) તા.૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં રૂા. ૧૮.૨૩ કરોડ.

### ભારતની ક્રિકેટ ટીમને વિશ્વકપમાં વિજયી થવા માટે શુભકામના પાઠવવા અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને લાગણી વ્યકત કરવાનો એક અવસર છે એટલા માટે હું ઉભો થયો છું. વિશ્વકપની શરૂઆત ભારતની ટીમ સાથે સમગ્ર દેશને બધી આશા છે, ગુજરાતના યુવાનોને પણ એમાં અવસર મળ્યો છે. આ સમગ્ર સન્માનીય સભાગૃહ વતી ભારતની આ ટીમ જે વિશ્વકપ જીતવાના મનોરથ સાથે ગઈ છે એને હૃદયપૂર્વકની અનેક શુભકામનાઓ પાઠવીએ. ગુજરાતના યુવાનો પણ એમાં જળહળતો દેખાવ કરે અને સમગ્ર ગુજરાતની જનતાની લાગણી આ સમગ્ર ગૃહના માધ્યમથી આપણે અભિવ્યકત કરીએ એવી એક નાનકડી પ્રાર્થના કરવા માટે હું ઉભો થયો છું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે લાગણી વ્યકત કરી છે એમાં હું પણ મારો સૂર પુરાવું છું અને આપણા દેશની ટીમ સફળતાપૂર્વક સફળતા મેળવીને વિશ્વકપ જીતીને પાછી આવે એવી શુભેચ્છા પાઠવું છું અને સાથોસાથ આપણી એક દીકરી સુનીતા વિલિયમ જે અવકાશમાં ગઈ છે એ પણ સફળતા પ્રાપ્ત કરીને વિશ્વ વિક્રમ કરીને પાછી આવે એ પ્રકારનો ભાવ હું અહીં વ્યકત કરું છું.

**અધ્યક્ષશ્રી** : નેકસ્ટ.

# જળસંપત્તિ મંત્રીશ્રીનું નિવેદન(નિયમ-૪૪)

### રાજયના જળાશયોમાંથી ઊનાળુ સિંચાઈ કરવા અંગે

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં કુલ ૧૪૦ મોટી અને મધ્યમ સિંચાઈ યોજનાઓ આવેલ છે, જે પૈકી ૧૮ મોટી અને ૧૨૨ મધ્યમ યોજનાઓ છે. તદ્ઉપરાંત નાની સિંચાઈ યોજનાઓ પણ કાર્યરત છે.

રાજયના દક્ષિણ ગુજરાત સિવાયના અન્ય વિસ્તારોમાં સામાન્યતઃ ઉનાળુ સિંચાઈ માટે રાજયના વિવિધ જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી.

ચાલુ સાલે માનનીય ધારાસભ્યશ્રીઓ, ખેડૂત આગેવાનશ્રીઓ, વિવિધ પિયત સહકારી મંડળીઓ તથા ખેડૂત સમાજ તરફથી ઉનાળુ ઋતુમાં સિંચાઈ કરવા માટે પાણી આપવા અંગેની રજૂઆતો મળેલ છે. આ માગણીઓ અંગે રાજયના જળાશયોમાં ઉપલબ્ધ પાણીના જથ્થાને, પીવાના પાણીના આરક્ષિત જથ્થો તથા અન્ય બાબતોને ધ્યાને લઈ, સરકાર દ્વારા ઉનાળુ ઋતુમાં ૩ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઈ કરવાનું આયોજન કરેલ છે. રાજયના દક્ષિણ ગુજરાત સિવાયના અન્ય વિસ્તારોમાં સામાન્યતઃ ઉનાળુ ઋતુમાં ૫૦ હજાર હેકટર જેટલી સિંચાઈ થાય છે, પરંતુ ચાલુ સાલે આ વિસ્તારોમાં આવેલા જળાશયોમાંથી ૧ લાખ ૫૦ હજાર હેકટર જેટલી સિંચાઈ કરવાનું આયોજન છે. આમ અગાઉના વર્ષોમાં થતી સિંચાઈ કરતાં ત્રણ ગણી સિંચાઈ કરવાનું આયોજન રાજય સરકારે કર્યુ છે, જે રાજયની સિંચાઈ યોજનાઓની કામગીરીની દ્રષ્ટિએ વિક્રમજનક કામગીરી બની રહેશે. આ રાજય સરકારની કરકસરયુકત સિંચાઈ વ્યવસ્થાપનના પરિણામે છે.

ઉત્તર ગુજરાતના મુખ્ય જળાશયો જેવાં કે ધરોઈ, દાંતીવાડા, વાત્રક અને હાથમતીમાંથી ૨ હજાર હેકટરથી માંડીને ૧૩ હજાર હેકટરમાં સિંચાઈ કરવાનું આયોજન છે.

મધ્ય ગુજરાતના મુખ્ય જળાશયો જેવાં કે કડાણા/વણાકબોરી, સુખી વગેરે જળાશયોમાં ૩ હજાર હેકટરથી ૫૦ હજાર હેકટર જેટલા વિસ્તારમાં સિંચાઈ કરવાનું આયોજન છે.

સૌરાષ્ટ્ર/કચ્છના મુખ્ય જળાશયો પૈકી શૈત્રુજી, મધુવંતી, મુંજીયાસર, મછુન્દ્રીમાંથી ૨ હજાર હેકટરથી માંડીને ૧૪ હજાર હેકટર સુધીની સિંચાઈ કરવાનું આયોજન છે.

તદ્ઉપરાંત રાજયની નાની સિંચાઈ યોજનાઓથી પણ સિંચાઈ કરવાનું આયોજન ગોઠવેલ છે.

ઉનાળુ ઋતુમાં ઉત્તર ગુજરાતમાં બાજરી, હયાત એરંડાનો પાક, રજકો અને ઘાસચારો, મધ્ય ગુજરાતમાં બાજરી, મકાઈ, મગફળી, જુવાર, ઘાસચારો, શાકભાજી, ડાંગર વગેરે તેમજ સૌરાષ્ટ્ર/કચ્છમાં મગફળી, રજકો, શાકભાજી, બાજરી, જવાર વગેરે વાવેતર ખેડૂતો કરી શકશે.

રાજય સરકારે આ ઉનાળુ ઋતુમાં સિંચાઈ વ્યવસ્થાપન ગોઠવવાના કારણે રાજયમાં સમગ્રપણે અંદાજે રૂા. ૫૦૦ કરોડના કૃષિ ઉત્પાદનમાં વધારો થશે.

આ ઉપરાંત રાજયમાં ઉનાળુ ઋતુમાં સિંચાઈ વ્યવસ્થાપન વધારવાના કારણે રાજયના પશુપાલન અને ડેરી ઉદ્યોગોને પણ આનાથી ખૂબજ મોટો ફાયદો થશે.

આમ, ઉનાળુ ઋતુમાં મહત્તમ સિંચાઈ થાય તે માટે તમામ પ્રયત્નો કરવા રાજય સરકાર કટિબધ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ જે નાનામોટા નાની સિંચાઈના ડેમો છે તેની તમામ વિગતો મારી પાસે છે. કયા વિસ્તારમાં કેટલી સિંચાઈ થશે તેની વિગતો ખૂબ લાંબી હોવાથી કોઈપણ ધારાસભ્યશ્રીને જોઈતી હશે તો હું તેમને તે આપીશ.

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## પ્રશ્નોત્તરીના સમય વેડફવાકનું કહેવા અંગે

**અધ્યક્ષશ્રી :** ગત તા. ૫-૩-૦૭ના રોજ પ્રશ્નોત્તરીનો સમય પૂર્ણ થયા પછી વિરોધ પક્ષના નેતાશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા દ્વારા પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે પ્રવર્તમાન બજેટ સત્ર દરમ્યાન એક વખત માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા અને આજે બીજા મંત્રીશ્રી દ્વારા એમ બે વખત પ્રશ્નોત્તરીનો સમય વેડફવામાં આવ્યો છે. પોતાના મુદ્દાના સમર્થનમાં તેમણે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તક ૧૯૬૦ થી ૧૯૮૪ ના નિર્ણય ક્રમાંક-૨૧૮, પાના નં.૧૩૭ અને ક્રમાંક ૩૬૧, પાના નં. ૨૪૭ તરફ મારું ધ્યાન દોર્યું હતું.

ત્યારબાદ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે પોતે કયારેય ગૃહનો સમય વેડફાય તેવો પ્રયત્ન કર્યો નથી અને ગૃહનો રેકર્ડ જોઈને નિર્ણય આપવા મને વિનંતી કરી હતી.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા, માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટ, માનનીય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા, માનનીય સભ્યો શ્રી બળવંતસિંહ રાજપુત, શ્રી દોલતભાઈ પરમાર, શ્રી ગોરધનભાઈ ઝડફીયા, શ્રી પુંજાભાઈ વંશ, માનનીય ગૃહ રાજય મંત્રીશ્રી અમિતભાઈ શાહે પોત પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતાં.

માનનીય મંત્રીશ્રી વજુભાઈ વાળા, શ્રી આઈ. કે. જાડેજા અને શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વિપક્ષના સભ્યો ગૃહમાં હાજર હોય અને પ્રશ્નો ન પૂછે તેવી પરિસ્થિતિ આજે પહેલી વખત ગૃહમાં ઊભી થઈ છે જો પ્રશ્ન પૂછવાના ન હોય તો બેલેટ થયા પહેલા તે પાછા ખેંચી લીધા હોત તો અન્ય સભ્યોના પ્રશ્નો બેલેટમાં આગળ આવી શક્યા હોત.

શ્રી પુંજાભાઈ વંશે મૂળ પોઈન્ટ ઓફ ઓર્ડરથી અલગ જઈને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૮૫(૪)નો ઉલ્લેખ કરીને જણાવેલ કે કોઈ કારણસર જે પ્રશ્નોના મૌખિક જવાબો અપાયા ન હોય તેને અતારાંકિત ગણવામાં આવશે તેવી નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ છે તેથી આનાથી ગૃહનું કોઈ અવમાન થયું છે તેમ કહી શકાય નહીં.

પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરી મારો વિગતવાર નિર્ણય પછીથી આપીશ તેમ મેં તત્સમયે જણાવ્યું હતું. આ અંગેનું સઘળું રેકર્ડ હું જોઈ ગયો છું અને મારો વિગતવાર નિર્ણય જાહેર કરું છું.

તા. ૫મીનો રેકર્ડ જોતા મને જણાયું છે કે સભ્ય શ્રી પુંજાભાઈ વંશ ઉદ્યોગ ગૃહો પાસે બાકી વસૂલાતને લગતા પૂછેલા તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૦૯૧ ના અનુસંધાનમાં પૂરક પ્રશ્ન પૂછતી વખતે રાજયના ખેડૂતો જો પાંચ હજાર રૂપિયા ન ભરે તો કનેકશન કાપી નાખવામાં આવે, ખેડૂતો માટે આત્મહત્યા કરવાની પરિસ્થિતિનું નિર્માણ થાય છે ત્યારે આ ઉદ્યોગો માટે સરકાર શા માટે વહાલા દવલાની નીતિ અપનાવે છે એ હું જાણવા માગું છું "એવા મૂળ પ્રશ્નની ક્ષેત્રમર્યાદાની બહાર જઈને જે રાજકીય અવલકનો કર્યા હતા તેને અનુરૂપ માનનીય નાણા મંત્રીશ્રીએ પ્રત્યુત્તર પાઠવ્યો હતો. પ્રશ્ન પૂછનાર સભ્ય પૂરક પ્રશ્ન પૂછતી વખતે રાજકીય રીતે પૂર્વભૂમિકા બાંધીને પૂરક પ્રશ્ન પૂછે ત્યારે સ્વાભાવિક રીતે મંત્રીશ્રીઓ પણ તેને અનુરૂપ રાજકીય પરિભાષામાં જ પ્રત્યુત્તર પાઠવતા હોય છે અને તે પરિસ્થિતિમાં ગૃહની પ્રશ્નોત્તરીનો જે સમય વેડફાય છે તેના માટે બન્ને પક્ષો જવાબદાર છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતી વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા અને મંત્રીશ્રી દ્વારા પ્રશ્નોત્તરીનો સમય વેડફવામાં આવે છે તે પ્રકારનો જે આક્ષેપ કર્યો છે તે કોઈ પણ રીતે યોગ્ય નથી. વિરોધપક્ષના નેતા જ્યારે કોઈ પણ આક્ષેપ કરે ત્યારે સ્વાભાવિક છે કે મંત્રીશ્રી પણ તે આક્ષેપને ગંભીરતાથી લઈને પ્રતિભાવ આપે. આ પોઈન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા દરમ્યાન માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પોતે કયારેય ગૃહની પ્રશ્નોત્તરીનો સમય વેડફયો નથી તે પ્રકારની જે રજૂઆત કરી છે તે હું સ્વીકારું છું અને તેથી માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતી વખતે મુખ્ય મંત્રીશ્રી તથા મંત્રીશ્રીઓ સામે પ્રશ્નોત્તરીનો સમય વેડફવામાં આવે છે એ પ્રકારના જે આક્ષેપાત્મક ઉચ્ચારણો કર્યા છે તે હું કાર્યવાહીમાંથી આથી દૂર કરું છું.

આ તબક્કે માનનીય સભ્ય શ્રી પુંજાભાઈ વંશે પૂરક પ્રશ્ન પૂછતી વખતે ખેડૂતનો દાખલો આપીને જે પ્રકારે પ્રશ્ન પૂછ્યો હતો તે મૂળ પ્રશ્ન સાથે સુસંગત નહીં હોવાથી વિધાનસભાના નિયમોના નિયમ-૩૬ હેઠળ તેને તથા ખેડૂતને લગતા આક્ષેપાત્મક અને અપ્રસ્તુત ઉચ્ચારણોને પણ હું કાર્યવાહીમાંથી દૂર કરું છું.

આ તબક્કે મારે એક બાબત ગૃહના ધ્યાન પર લાવવાની કે સંસદીય લોકશાહીમાં ગૃહના નેતા તરીકે મુખ્ય મંત્રીશ્રી ઉચ્ચ અને ગૌરવયુકત પદ ધરાવે છે. બહુમતી પક્ષના નેતા તરીકે ગૃહની કાર્યવાહીના સુચારુ સંચાલનમાં તેઓ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ તબક્કે હું કોલ અને શકધરના "પ્રેક્ટીસ એન્ડ પ્રોસિઝર ઓફ પાર્લામેન્ટ" પુસ્તકના પાના નં. ૧૩૯ અને ૧૪૦ પરના કેટલાક અવતરણો ગૃહના ધ્યાન પર મૂકું છું.

Leader of the House is an important parliamentary functionary and exercises direct influence on the course of the business. The whole policy of the government, so far as it is expressed in the inner life of the House and in measures dealing with the course of the business, is concentrated in his person. He is instrumental in setting the official business and inter-se priority among various items of government business. He is the most influential and respectable figure in the entire legislative process. He advises the House in every difficulty as it arises. He shapes the course and content of the legislation. He has the right to address the House whenever he likes. He is consulted by the Speaker in regard to the arrangement of government business and allotment of time for discussion on various parliamentary measures. He acts as the Spokesman or the representative of the whole House. "

આમ આ પ્રમાણેની પરિસ્થિતિ હોવા છતાં ભૂતકાળમાં કેટલાક પ્રસંગોએ મુખ્યમંત્રીશ્રી ચર્ચા હેઠળની કોઈ બાબત સબંધે વધુ માહિતી આપવા કે સ્પષ્ટતા કરવા ઊભા થાય છે ત્યારે વિરોધપક્ષના નેતા તથા સભ્યો દ્વારા વિરોધ કરવાનું વલણ યોગ્ય ન ગણાય. પ્રશ્નોત્તરી કાળ દરમિયાન કોચની નિમણૂક અંગેના પ્રશ્ન પરની પૂરક પ્રશ્નોત્તરી વખતે પણ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સભ્યશ્રી બાવકુભાઈ ઉંધાડના નામનો ઉલ્લેખ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી ઉપર જે પ્રકારે આક્ષેપ કર્યો હતો તે અંગે મંત્રીશ્રી, મુખ્યમંત્રીશ્રીને તથા મને અગાઉથી જાણ પણ કરી ન હતી તથા તેના સમર્થનમાં જ્યારે તેમની પાસે પુરાવા માગવામાં આવ્યા ત્યારે કોઈ પુરાવા પણ તેઓ રજૂ કરી શક્યા ન હતા. આ પરિસ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. વિધાનસભાના નિયમોના નિયમ ૩૭ આ બાબતમાં બહુ સ્પષ્ટ છે તેમ છતાં ગૃહના વિરોધપક્ષના નેતા તરીકે કોઈપણ બાબત ગૃહના કોઈપણ સભ્ય અને તેમાં ય ખાસ કરીને મુખ્યમંત્રીશ્રી સામે આક્ષેપ કરતા પહેલાં હકીકતોની પૂરતી ચકાસણી કરવી જોઈએ અને તેના સમર્થનરૂપ તેમની પાસે જે કોઈ ઉપલબ્ધ પુરાવા હોય તે રજૂ કરવા જોઈએ. ભવિષ્યમાં આ બાબતે પણ તેઓ કાળજી રાખશે તેવી હું તેમની પાસેથી અપેક્ષા રાખું છું.

તા. ૫-૩-૦૭ના રોજ જે સબંધમાં પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કર્યો છે તેમાં નિયમોની કોઈપણ જોગવાઈનો ભંગ થતો ન હતો પરંતુ સભ્ય શ્રી પુંજાભાઈ વંશે જે પ્રકારે પૂરક પ્રશ્ન પૂછ્યો અને તેમાંથી જે પરિસ્થિતિ પેદા થઈ તેમાં ગૃહનો પ્રશ્નોત્તરીનો તેમજ પ્રશ્નોત્તરી બાદનો લગભગ સવા કલાક જેટલો કિંમતી સમય વેડફાયો હતો. ભવિષ્યમાં આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે મેં અગાઉ પણ વારંવાર સહુ સભ્યોને નિયમોની મર્યાદામાં રહીને જ પૂરક પ્રશ્નો પૂછવા કે ચર્ચામાં ભાગ લેતી વખતે વિષયને અનુરૂપ જ પ્રવચનો કરવા જે ટકોર કરી છે તેનો હું ફરીથી પુનરોચ્ચાર કરું છું.

ગૃહના સહુ સભ્યો આ બાબતમાં કાળજી રાખે એવી અપેક્ષા પણ રાખું છું.

## સભાગૃહના મેજ ઉપર મુકાયેલા કાગળો

**સન ૨૦૦૫-૦૬નો ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ તથા ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૦૫-૦૬નો ગુજરાત જાહેર સેવા આયોગનો વાર્ષિક અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( સામાન્ય વહીવટમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૦૫-૦૬નો વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**ભારતના સંવિધાન અન્વયે સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા ( સામાન્ય વહીવટમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના સંવિધાન અન્વયે સામાન્ય વહીવટ વિભાગની તા: ૧૧-૧૦-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક : જીએસ-૩૩-૨૦૦૬-એસએલટી-૧૦૮૭-૭૪૫-ગ.૨ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**ખાતરી સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત**

**શ્રી રણજીતસિંહ ન.ચાવડા (ખાતરી સમિતિના પ્રમુખશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના પાંચમા અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩,૫૬,૩૨,૨૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂા. ૧,૨૦,૩૦,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ખાણ અને ખનિજમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજ સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૫,૭૩,૨૪,૦૦૦ની માગણી ક્રમાંક: ૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની પ્રવાસનને લગતી મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭૯,૬૬,૩૫,૦૦૦ ની માગણી ક્રમાંક: ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૬ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.**

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૬૦,૮૪,૧૫,૦૦૦ ની માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૪૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૫૯,૧૭,૬૯,૦૦૦ ની માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક: ૭૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બળદેવજી ચં. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૫૩ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓમાંની મંગળવાર, તા.૧૩-૩-૨૦૦૭ (બીજી બેઠક) ચોથો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રુા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | ઉદ્યોગ અને ખાણ વિભાગ<br>માગણી નં.૪૯ | |
| ૧. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૦૦૧- નિદેશ અને વહીવટ<br>૦૨-આઈ.એન.ડી.૧૧-કુટિર ...કચેરી<br>રુા.૩,૭૭,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૨૫ | ૧૦૦ | કુટિર ઉદ્યોગ અને ઔદ્યોગિક સહકારી મંડળીઓના નિયામક કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૨. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૧૦૨-લઘુ ઉદ્યોગો<br>૦૩ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો<br>રુા.૧૦,૫૫,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૨૬ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોના ઉત્પાદનને પ્રોત્સાહન આપી તેના સારા ભાવો મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| * ૩. | -- " -- | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો ધ્વારા ઘ્નડાણના વિસ્તારો સુધી પ્રચાર કરી શિક્ષિત બેરોજગારોને રોજગારીની તક મળે તેવું આયોજન ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા | |
| * ૪. | -- " -- | ૧૦૦ | લઘુ ઉદ્યોગોનો ગ્રામ્ય વિસ્તારોમાં વ્યાપ વધે અને સ્થાનિક યુવાનોને તેમાંથી રોજગારીની તકો મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૫. | -- " -- | ૧૦૦ | લઘુ ઉદ્યોગોને પૂરતી મદદ આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચાવડા |
| * ૬. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ<br>૧૦૨-લઘુ ઉદ્યોગ<br>૧૬ આઈએનડી-૧ ઉદ્યોગોને ..... સહાય<br>રુા.૨૭,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૨૮ | ૧૦૦ | લઘુ ઉદ્યોગોના વિકાસ માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૭. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગો<br>૧૦૪-હાથ ઉદ્યોગો | ૧૦૦ | ખરીદ વેચાણ ભંડાર અને વેચાણ ડેપો ઉપર પૂરતો માલ ન હોવાને કારણે | શ્રી પુંજાભાઈ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૨-આઈ.એન.ડી-૨૧-એ ખરીદ.......ડીપો રૂા.૬,૫૫,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૦ | | વેચાણમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ ૧૦૫- ખાદી અને ગ્રામોદ્યોગ ૦૧-આઈએનડી-૨૧ ગુજરાત.......બોર્ડ રૂા.૫,૦૩,૭૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૫ | ૧૦૦ | ખાદીના વેચાણમાં થતો ઘટાડો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભારતીબેન પટેલ |
| * ૯. | -- " -- | ૧૦૦ | ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | ૨૮૫૧-ગ્રામ અને લઘુ ઉદ્યોગ ૧૧૧-શિક્ષિત.....યોજના (કે.પુ.યો.) ૦૧-વડાપ્રધાન.....યોજના રૂા.૭૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પા.નં.૩૭ | ૧૦૦ | વડાપ્રધાનની રોજગાર યોજના હેઠળ સ્થાનિક શિક્ષિત બેરોજગારોને નજીકના સ્થળે રોજગારી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| ૧૧. | -- " -- | ૧૦૦ | વડાપ્રધાનની શિક્ષિત બેરોજગાર યોજનાને ફળદાયી બનાવવા અને છેવાડાના માનવીને તેનો લાભ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૨. | ૨૮૫૨-ઉદ્યોગો ૮૦-સામાન્ય ૦૦૧-નિદેશ અને વહીવટ ૦૧-આઈએનડી-૨ ઉદ્યોગ.......શાખા રૂા.૩,૬૧,૧૫,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પા.નં.૪૭ | ૧૦૦ | નવા ઉદ્યોગો સ્થાપવાની મંજૂરી આપતી વખતે સ્થાનિક યુવાન - બરોજગારોને નોકરીની પૂરતી તક મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૩. | -- " -- | ૧૦૦ | નવા ઉદ્યોગો સ્થાપવા અંગેની જરૂરી વિધિઓને ઝડપી મંજૂરી આપવામાં તંત્રની ઉદાસીનતા | ર્ડા. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૧૪. | -- " -- | ૧૦૦ | અધિકારીઓ ધ્વારા ઉદ્યોગકારોને થતી કનડગત નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દોલતભાઈ પરમાર |
| *૧૫ | ૨૮૫૨-ઉદ્યોગો ૮૦-સામાન્ય ૦૦૧-નિદેશ અને વહીવટ ૦૩-આઈએનડી-૨ ઉદ્યોગ.......બનાવવી રૂા.૬૦,૫૫,૦૦૦ અં.પ્ર.નં.૧૩ પા.નં.૪૮ | ૧૦૦ | ઉદ્યોગ કમિશનરની કચેરીને ચેતનવંતી બનાવી ઔદ્યોગિક સાહસિકોને સહાય કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૧૬ | ૨૮૫૨-ઉદ્યોગો ૮૦-સામાન્ય ૦૦૧-નિદેશ અને વહીવટ ૦૬-આઈએનડી-૧૭ કાપડ ....... કચેરી રૂા.૨,૫૦,૦૦૦ | ૧૦૦ | કાપડ ઉદ્યોગને નબળો પડતો અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૪૯ | | | |
| | **માગણી નં.૫૦** | | | |
| ૧૭. | ૨૮૫૩-બિન લોહ.....ઉદ્યોગ<br>૦૨-ખાણોનું.....વિકાસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧-આઈએનડી-૪૩<br>ભૂસ્તર.......કચેરી<br>રૂા.૧૨,૮૩,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૫૯-૬૦ | ૧૦૦ | ધારાસભ્યોની ફરિયાદ અંગેના પત્રો ઉપર સત્વરે કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૧૮ | -- " -- | ૧૦૦ | ખાણ ખનિજના ઉત્ખનનની પરવાનગી આપતા અધિકારી/કર્મચારીઓ સામે થતા આક્ષેપોની ઘડાણભરી તપાસ કરી યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૯. | -- " -- | ૧૦૦ | ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ આયુકતની કચેરીમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૨૦ | -- " -- | ૧૦૦ | ખાણોની આડેધડ અપાતી લીઝ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૧ | -- " -- | ૧૦૦ | ખનિજોની ચોરી થતી અટકાવી રોયલ્ટીની આવક વધારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૨૨ | -- " -- | ૧૦૦ | ખનીજની ચોરી કરનારઓ સામે કાનૂની રાહે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૨૩ | -- " -- | ૧૦૦ | ખાણોની લીઝ આપવામાં ચાલતી ગેરરીતિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨૪. | -- " -- | ૧૦૦ | રાજકીય વગ ધરાવતા ઈસમો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| | **માગણી નં.૫૧** | | | |
| ૨૫. | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ....સવલતો<br>૧૯૦-જાહેર ક્ષેત્ર...સહાય<br>૦૧-ગુજરાત...અનુદાન<br>રૂા.૫૧,૯૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૭૩ | ૧૦૦ | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડને સહાય કરવા છતાં બંધ હાલતના અનેક પ્રવાસન કેન્દ્રોના મકાનોને કાર્યરત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શિવજીભાઈ આહીર |
| *૨૬ | -- " -- | ૧૦૦ | પ્રવાસન સ્થળો પર થયેલા ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૭. | -- " -- | ૧૦૦ | પ્રસિધ્ધ ધાર્મિક સ્થાનોમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨૮. | -- " -- | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રો પાસેની અસહય ગંદકીના કારણે પ્રવાસીઓને પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ભીખાભાઈ જોષી |
| *૨૯ | -- " -- | ૧૦૦ | પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓને સુખ સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૦. | -- " -- | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રો વેચી દેવાની પ્રવૃતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છબીલભાઈ પટેલ. |

| | | | | |
|---|---|---|---|---|
| *૩૧ | -- " -- | ૧૦૦ | પ્રવાસન વર્ષની ઉજવણી દરમિયાન પ્રવાસન પ્રોજેકટો પડતા મૂકાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૨. | ૩૪૫૨-પ્રવાસન<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૧- પ્રવાસન .... કચેરી<br>રુા.૧૮,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં.૭૫ | ૧૦૦ | વિદેશી પ્રવાસીઓને પ્રવાસના સ્થળોએ ભોમિયા પૂરા પાડવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૩૩. | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિયામકની કચેરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હેમાજી રાજપૂત |
| ૩૪. | -- " -- | ૧૦૦ | પ્રવાસન વર્ષની ઉજવણીમાં વ્યાપક ખર્ચ કરવા છતાં પ્રવાસીઓને આકર્ષવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી રશીદાબેન પટેલ |
| ૩૫. | -- " -- | ૧૦૦ | પ્રવાસન સ્થળે પ્રવાસીઓને પ્રવાસ સંબંધી સાહિત્ય ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ શાહ |
| ૩૬. | -- " -- | ૧૦૦ | પ્રવાસન નિયામકની કચેરીમાં થતા બિનજરૂરી ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં.૭૦** | | | |
| ૩૭. | ૨૫૧૫-અન્ય કાર્યક્રમો<br>૧૦૧ - પંચાયતી રાજ<br>૧૦ દબાણ ..... અનુદાન<br>રૂા. ૮૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૫૪ | ૧૦૦ | જિલ્લા પંચાયતોને દબાણ દૂર કરવા આર્થિક સહાયમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ગોવાભાઈ રબારી |
| ૩૮. | --"-- | ૧૦૦ | પંચાયતો હસ્તકની જમીનો તથા જાહેર સ્થળો ઉપર થયેલ દબાણો દૂર કરાવવામાં ચાલતી ભેદભાવભરી નીતિ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ (માધુભાઈ ભોયે) |
| *૩૯ | ૨૫૧૫-અન્ય ....... કાર્યક્રમો<br>૧૦૨ - સમૂહ વિકાસ<br>૦૧ સીડીપી વિકાસ આયુકત<br>રૂા. ૧,૬૨,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૫૬-૫૭ | ૧૦૦ | પંચાયતોના મકાનોમાં પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૦. | --"-- | ૧૦૦ | તલાટી-મંત્રીશ્રીઓની કામગીરીનું યોગ્ય મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શિવજીભાઈ આહીર (છબીલભાઈ પટેલ અને અમીત ચાવડા) |
| ૪૧. | --"-- | ૧૦૦ | તલાટી કમ મંત્રીઓ ધ્વારા ગ્રામજનો સાથે થતો તોછડો વર્તાવ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| ૪૨. | --"-- | ૧૦૦ | ગ્રામ પંચાયતોએ સૂચવેલ વિકાસના કામોનો ઝડપી નિકાલ લાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| *૪૩ | ૨૫૧૫-અન્ય ........ કાર્યક્રમો<br>૧૦૨ - સમૂહ વિકાસ<br>૦૨ ગુજરાત ....... બોર્ડ<br>રૂા. ૩૭,૨૦,૦૦૦ | ૧૦૦ | પસંદગી પામતા ઉમેદવારોની નિમણૂકના હુકમો સત્વરે કરવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૫૮-૫૯ | | | |
| *૪૪ | -- " -- | ૧૦૦ | તુમારોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૫ | ૨૫૧૫-અન્ય ગ્રામીણ વિકાસ<br>૧૦૨ - સમૂહ વિકાસ<br>૦૪ - સીડીપી ૫ પંચાયત .....<br>અનુદાન<br>રૂા. ૯,૬૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૬૦ | ૧૦૦ | પંચાયત ધરોની રકમ સત્વરે ફાળવી તે અંગે ઝડપી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| *૪૬ | ૨૫૧૫-અન્ય ........ કાર્યક્રમો<br>૧૯૮ ગ્રામ ..... સહાય<br>રૂા. ૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૬૨ | ૧૦૦ | ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાં થતી રાજકીય દખલગીરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૪૭. | --"-- | ૧૦૦ | ગ્રામ પંચાયતોને વિકાસના કામો માટે જરૂરી નાણાકીય સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| *૪૮ | ૨૫૧૫-અન્ય ..... કાર્યક્રમો<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૧-પંચાયતોને ચૂંટણી<br>રૂા. ૧૯,૫૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૬૩ | ૧૦૦ | પંચાયતોની ચૂંટણીમાં ચાલતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| *૪૯ | --"-- | ૧૦૦ | પંચાયતોની નિષ્પક્ષ ચૂંટણી યોજવા યોગ્ય આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| | | **માગણી નં. ૭૧** | | |
| ૫૦. | ૨૫૦૧- ગ્રામીણ ...... કાર્યક્રમો<br>૦૨-અનાવૃષ્ટિ ...... કાર્યક્રમો<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૧-આરડીડી-<br>૭અનાવૃષ્ટિ...વિકાસ (કે.પુ.યો.)<br>રૂા. ૧૨,૭૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૩૧ | ૧૦૦ | ' અનાવૃષ્ટિ શકયતા વિસ્તાર ' કાર્યક્રમમાં ગ્રામ પંચાયતોની કરાતી અવગણના રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી દોલતભાઈ પરમાર |
| ૫૧. | --"-- | ૧૦૦ | ' અનાવૃષ્ટિ શકયતા વિસ્તાર ' કાર્યક્રમને પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫૨. | ૨૫૦૧- ગ્રામીણ કાર્યક્રમો<br>૦૩- રણ વિકાસ કાર્યક્રમ<br>૮૦૦ અન્ય ખર્ચ<br>૦૩-આરડીડી-૮ રણ...કાર્યક્રમ (કે.પુ.યો.)<br>રૂા. ૯,૫૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૩૩ | ૧૦૦ | ' રણ વિસ્તાર વિકાસ ' કાર્યક્રમના અમલીકરણમાં દાખવવામાં આવતી ઉદાસીનતા | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| ૫૩. | ૨૫૦૧- ગ્રામીણ ..... કાર્યક્રમો<br>૦૬-સ્વરોજગાર કાર્યક્રમો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>૦૨-સીડીપી-૧ ગ્રામ વિકાસ આયુકત<br>રૂા. ૧,૨૯,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૩૭-૩૮ | ૧૦૦ | ગ્રામ વિકાસ આયુકતની કચેરીની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રીમતી ભારતીબેન પટેલ |
| *૫૪ | ૨૫૦૧- ગ્રામીણ ...... કાર્યક્રમો | ૧૦૦ | કેન્દ્રીય પુરસ્કૃત યોજના અન્વયે ગ્રામીણ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૬-સ્વરોજગાર કાર્યક્રમો<br>૮૦૦- અન્ય ખર્ચ<br>૦૩-ડબલ્યુએસએસ-૩૩- ગ્રામીણ ........ કાર્યક્રમ (કે.પુ.યો.)<br>રૂા. ૪૨,૩૪,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ પા.નં. ૪૧ | | સ્વચ્છતા કાર્યક્રમને પૂરતી સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | |

*** આ કાપદરખાસ્ત સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી:** હવે માગણીઓ અને તેની ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૪૯, ૫૦, ૫૧, ૭૦ અને ૭૧ માગણી લઈને આવ્યા છે તેના પર બોલવા હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગની માગણી લઈને આવ્યા છે. હંમેશા કોઈ દેશ, રાષ્ટ્રની ખેતી અને ઉદ્યોગ કેવા છે તેના ઉપર બહુ આધારિત છે. ખાસ કરીને જે સ્થિતિ થઈ છે છેલ્લા ૫-૭ વર્ષમાં એમ કહી શકાય કે આર્થિક સેવા જે આપણી કહેવાય એમાં ગુજરાતમાં દિન પ્રતિ દિન ગુજરાત સરકારને રસ ઘટતો જાય છે. આજે એ બતાવે છે કે ૨૦૦૧-૦૨ થી માંડીને ૨૦૦૭-૦૮ માં જે આર્થિક સેવા છે એમાં ઉદ્યોગ પણ આવી જાય છે એની અંદર આપણું જે કુલ બજૅટ હતું એ આ વખતે ઘટાડીને છેલ્લા ૫-૬ વર્ષમાં ૩૦.૯૯ એટલે ૭ ટકાથી વધારે ઘટાડો કર્યો છે. એ બતાવે છે કે આ ગુજરાત સરકાર કઈ તરફ જઈ રહી છે? આપણે કોનો વિકાસ કરવા માગીએ છીએ? એ આ બજૅટના આંકડા ઉપરથી સાબિત થાય છે. મારે એ વાત કરવી છે કે ઉદ્યોગની અંદર આ ગુજરાત સરકાર કેટલી મોટી વાત કરતી હોય ત્યારે જાન્યુઆરી ૨૦૦૭ની સ્થિતિ મારે કહેવી છે કે ૩,૧૩,૦૨૧ નોંધાયેલા લઘુ ઉદ્યોગો હતા એ આજની સ્થિતિ છે, કેન્દ્ર સરકારે જે સરવે કર્યો એ પ્રમાણેનો અહેવાલ છે એ પ્રમાણે ૧,૭૯,૦૨૦ ઉદ્યોગો માત્ર ચાલુ છે અને ૪૪,૩૨૨ લઘુ ઉદ્યોગો આજે બંધ થયા છે એવી સ્થિતિ આ ગુજરાતની અંદર થઈ રહી છે. બીજાની હરોળમાં આપણે વાત કરતા હોઈએ ત્યારે હંમેશા ગુજરાતનો નંબર વન તરીકે કહેવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ ત્યારે વાસ્તવિકતા કાંઈ જુદી હોય છે. આજે જે દેશના લઘુ ઉદ્યોગ છે તેના અંદર તામિલનાડુનો ફાળો ૧૩.૦૯, યુ.પી. જેવા રાજ્યમાં ૧૧.૮૫, કરેલમાં ૧૦.૬૯, ગુજરાતનો ચોથો નંબર ૧૦.૦૮ આવી સ્થિતિમાં આજે ગુજરાતના લઘુ ઉદ્યોગો છે એમાં આજે ગુજરાત ચોથા નંબરે છે. દેશની અંદર જે કારખાના ક્ષેત્રની અંદર મહારાષ્ટ્ર પછી ગુજરાતની સ્થિતિ થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૩૨૭૦ જે નાના પાયાના ઉદ્યોગો છે એની અંદર કેટલો મોટો ઘટાડો છે. આ સરકારે કેટલાક મોટા લોકોની ચિંતા કરી છે. ૫- ૨૫ ઉદ્યોગપતિઓના ફાળાથી કેટલાય નાના ઉદ્યોગો આજે ગુજરાત રાજ્યની અંદર બંધ થઈ જાય છે એના આંકડા સાથે ૪૯૨ ઉદ્યોગોનો ઘટાડો થયો છે. સુરત કાપડ ઉદ્યોગની અંદર ૩૪૩નો આજે ઘટાડો થયો છે. કાગળ પેદાશ ઉદ્યોગ છે એની અંદર ૧૦૩ ઉદ્યોગો આજે બંધ થયા છે. ચામડાના ઉદ્યોગો છે એની અંદર ૪૪, રસાયણ પેદાશના ૯૭, ધાતુ પેદાશના ૧૩૦, વીજળીના સાધન બનાવવામાં ૩૪૦ આજે ઉદ્યોગો બંધ થયા છે. આજે છેલ્લા ૧૦ વર્ષની અંદર ગુજરાત સરકાર ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરેલ છે એવી વાત લોકો કરતા હોય છે. વાસ્તવિક આંકડા દેખે તો ગુજરાત કઈ સ્થિતિએ ચાલે છે તેનો ખ્યાલ આવે અને એના કારણે આજે સ્થિતિ એવી છે કે ૧૯૯૫ થી ૨૦૦૪-૦૫ સુધીમાં ૩૯૫ કારખાના મોટા મોટા બંધ થયા છે એના કારણે જે રોજગારીનો જે આંક છે, કેટલાય માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપતા હોય છે. માનનીય નાણામંત્રીશ્રી ૨૧ લાખ લોકોને રોજગારી પ્રાપ્ત થશે એવી વાત કરે છે એ વાત આંકડા સાથે બતાવીશ. ૧૯૯૫ ની અંદર ૫૫,૬૬,૬૪૪ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ હતી અને ૨૦૦૪-૦૫ ની અંદર ૮,૫૬,૬૬૪ લોકોને રોજગારી પ્રાપ્ત થઈ. આ ઉદ્યોગકારો મળ્યા છે એની અંદર દોઢ લાખ રોજગારી ઘટી છે આ ગુજરાતની વાસ્તવિક પરિસ્થિતિ છે. કાગળ ઉપરની વાતો, માનનીય અધ્યક્ષશ્રી, આ જે ઉદ્યોગો પણ ઘટ્યા છે અને સરકાર પણ મધ્યમ અને મોટા ઉદ્યોગોને સરવે કરાવે તો પણ આજે ૪૮૯ ઉદ્યોગો એટલે ૨૦૫૯ જે ઉદ્યોગો છે એમાં ૪૮૯ મોટા ઉદ્યોગો પણ આજે આ ગુજરાતની વ્યવસ્થાના કારણે આજે બંધ થાય એવી સ્થિતિ છે.

આપણે વાત ચોક્કસ કરીએ છીએ કે, વાયબ્રન્ટ ગુજરાતમાં આજે ૨૦૦૩, ૨૦૦૫, અને ૨૦૦૭ના જે એમ.ઓ.યુ. થયા છે એ સ્થિતિ ગુજરાત ગૌરવ લે, ઘણીવાર મને એમ થાય કે, ગુજરાત પ્રથમ નંબર આવે એમાં ગૌરવ હોય, હું પણ ગુજરાતી છું, સાડા પાંચ કરોડની જનતામાં હું પણ છું પણ કઈ બાબતમાં નંબર લેવાનો હોય ? ઘણીવાર મને વિચારો આવે છે કે, એકવાર આ દેશ આઝાદ કરાવવામાં મહાત્મા ગાંધીજીની કેટલી મોટી ભૂમિકા હતી એમણે કોઈ દિવસ નંબર વનની વાત નથી કરી કે હું નંબર વન છું, સરદાર વલ્લભભાઈ પટેલે આ દેશને અખંડ રાખવામાં અને સાતસોથી વધારે રજવાડાઓને એકત્ર કરી આ દેશનું કામ કર્યું છે પણ એમણે કોઈ દિવસ નંબર વનની વાત નહતી કરી, જવાહરલાલ નહેરું એ સોનાની ચમચી સાથે જન્મ્યા હતા અનન્ય સેવા દેશની કીર પણ એમણે કોઈ દિવસ નંબર વનની વાત નથી કરી, પણ વાયબ્રન્ટ ગુજરાતના નામે જે રીતે નંબર વનની વાત કરવામાં આવે છે એ ખરેખર આશ્ચર્યની વાત છે. નંબર વન પછી તો કહું હોતું જ નથી. **મારે એના**

આંકડા બતાવવા છે કે, આપણી સ્થિતિ, આપણા નંબર વનની જે સ્થિતિ છે એ સ્થિતિ આજે કેવી રીતે થઈ રહી છે. આજે સીધું મૂડી રોકાણમાં ગુજરાત પાંચમો નંબર છે અને જે વિદેશી મૂડી રોકાણ આવ્યું છે, એની જે અરજીઓ આવી હતી અને એની જે ટકાવારી છે એમાં આજે મહારાષ્ટ્રમાં ૨૬૨૬ હતી, એનું સીધું મૂડી રોકાણ હતું ૨૧,૯૬૯ કરોડ રૂપિયા એટલે ૨૨.૭૮ ટકા હતું , દિલ્હીમાં ૧૨૬૦૪ હતું, ૧૩.૭ હતું , તામિલનાડુમાં ૧૦૬૯૩ હતું, આજે ૧૧.૦૯ છે અને કર્ણાટક ૯૨૭૧ હતું એ ૯૬૧ છે અને ગુજરાતનું ૫૭૨૩ હતું એ માત્ર ૫.૯૩ છે એ રીતે આજે ગુજરાતનું આજે જે સીધું વિદેશી મૂડી રોકાણ છે એમાં આજે આપણો પાંચમો નંબર છે છતાં આપણે વાતો કરીએ છીએ કે, આપણે નંબર વન છીએ. મહારાષ્ટ્રની સરખામણીમાં આજે ૮૫ અરજીઓની જે સ્થિતિ થઈ છે અને ૧૫૦૦૦ મૂડી રોકાણોની જે દરખાસ્તો કરી છે એનો જે રિપોર્ટ છે, ડિસૅમ્બર-૦૬માં સિનિયર એમ.આઈ.ઈ.નો જે અહેવાલ છે મૂડી રોકાણનો એનો નંબર છે માટે હું તમને કહું છું અને માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે ૨૦૦૩-૦૫નો હું ભેગો સરવાળો કરું છું અને ભેગો સરવાળો કરી ૧ લાખ, ૭૨ હજાર કરોડ જેટલા મોટા મૂડી રોકાણો થયા છે એવું આ સરકાર બતાવી રહી છે. એમ કહે છે કે, ૧ લાખ ૪૦ હજાર કરોડના પ્રોજેકટો અમલીકરણ હેઠળ છે આની આખી વ્યાખ્યા બદલી નાખી છે, તેમાં એની વ્યાખ્યા શું હોય? આજે કેટલા લોકોએ જમીન ખરીદી, કેટલા લોકોએ ઉદ્યોગો બાંધ્યા, કેટલા ઉદ્યોગો ઉત્પાદનમાં આવ્યા અને કેટલા ઉદ્યોગો ચાલુ થયા એ આ રાજય સરકાર પાસે જવાબ નથી. મારી પાસે એનો જવાબ છે. છેલ્લા ચાર વર્ષોમાં માત્ર વાસ્તવિક માત્ર ૨૨ ટકા મૂડી રોકાણો ઉત્પાદનમાં આવ્યા છે, બાકી બધી કાગળ ઉપરની વાતો છે. ૨૨ ટકા જે ઉદ્યોગો આવ્યા છે આટલા બધામાં એમાં ૨૨ ટકા જ લોકો ઉત્પાદનમાં આવ્યા છે બાકી કોઈએ કાગળ લખ્યો, એની વ્યાખ્યા પણ આજે એવી કરવામાં આવે છે કે, આજે સરકાર એમાં અમલીકરણમાં છે. અમલીકરણની વ્યાખ્યાની સ્થિતિમાં કરી દીધા છે. આપણે ગમે તેટલા વખાણ કરીએ તો પણ એ સ્થિતિમાં આવી ના શકે એવી સ્થિતિ છે. આજે અહીંયા જે સ્થિતિ ઊભી થઈ છે કે, ૨૦૦૭માં ૩૬૩ એમ.ઓ.યુ. થયા એમાં ૨૦ એવા છે કે, જેના ૧ લાખથી વધારે મૂડી રોકાણો છે. વાસ્તવમાં આ ઉદ્યોગો એવા છે કે, કદાચ જો ના આવે તો કેટલું મોટું નુકસાન, જે કાગળ ઉપરની અમલીકરણની આપણી જે વાત છે નંબર વનની વાત છે આજે કઈ સ્થિતિમાં એવી સ્થિતિ છે. મારે એટલા માટે આંકડા આપવા છે કે, રાજય સરકાર આના નામે અનેક પ્રકારના આટલો ખર્ચા ભૂતકાળમાં કરી ચૂકી છે અને એ બાબતે અમે કહ્યું છે કે, ૨૦૦૩માં ૧૦ કરોડ રૂપિયા ખર્ચ્યા, ૪૭ પ્રોજૅકટો માત્ર એના સાઈન થયા હતા મોટા મોટા અને ૨૯ પ્રોજૅકટો જો આજની તારીખમાં ચાલુ છે. ૨૦૦૫ની અંદર ૧૫કરોડ રૂપિયા સરકારે ગમે તેમ ખર્ચ્યા. જાતજાતના ઉત્સવો કર્યા અને એ ૧૫કરોડ ખર્ચીને ૧૬૯ પ્રોજેકટ હતા એમાંથી માત્ર ૮૪ પ્રોજેકટ ચાલુ થયા અને ૨૦૦૭માં ૨૫કરોડ કરવાના છે અને કેવા ખર્ચ નવરાત્રી ઉત્સવ ગુજરાતની પરંપરા છે.

હજારો વર્ષનો ઈતિહાસ છે. નવરાત્રી ઉત્સવ ગુજરાતમાં થાય છે. એ અમેરિકામાં હોય કે વિદેશમાં હોય આખા વિશ્વમાં નવરાત્રી ઉત્સવનું નામ છે ત્યારે નવરાત્રીને નામે ઉત્સવ થાય, એના માટે ૨૫કરોડનું બજેટ ફાળવવામાં આવે. કેવા ખર્ચ કરવામાં આવે છે વિધાનસભામાં કહેતા શરમ આવે છે. એવા લોકોને જેને નવરાત્રીનું જ્ઞાન ન હોય એને અહીં લાવીને રાસની પરંપરા છે એના ઉપર ધબ્બો લગાડવામાં આવે છે અને ગુજરાતની પાંચ કરોડની જનતા એને દેખીને આંખ બંધ કરી દે એવી સ્થિતિ આ વાઈબ્રન્ટ ગુજરાતના નામે થઈ ગઈ છે. પતંગ ઉત્સવ થાય છે. પતંગ ઉત્સવના નામે કેટલાય લોકોને વિદેશથી બોલાવવામાં આવે છે અને કરોડો રૂપિયા ખર્ચવામાં આવે છે અને વાસ્તવિક સ્થિતિ જુદી છે. ૩૬૭કરોડના એમ.ઓ.યુ. કર્યા છે. ચાર લાખથી વધારે, છાંસઠ કરોડથી વધારે કર્યા છે. ૫૦ટકાથી વધારે અમલમાં નહીં આવે અને માત્ર કાગળ ઉપર રહેશે એવી સ્થિતિ થશે. ૨૦૦૩માં સરકાર ઘણા કમિટમૅન્ટ આપતી હોય છે. રાજય સરકાર વાઈબ્રન્ટના નામે કેટલા પ્રકારની જમીન આપી દેતી હોય છે. છતાં ઘણી વખત અમુક લોકોને મળતા નથી એને કારણે ૨૦૦૩માં ૨૬ પ્રોજેકટ પડતા મૂકીને જતા રહ્યા. ૨૦૦૫માં ૨૨૬માંથી ૫૭ પ્રોજેકટ પડતા મૂકીને જતા રહ્યા. ૨૦૦૭માં ૮૦ટકાથી વધારે પ્રોજેકટ પડતા મુકાશે એવી સ્થિતિ છે. એના ઉપરથી સ્પષ્ટ દેખાય છે કે આ પરિસ્થિતિનું નિર્માણ થશે. રોજગારીની વાત થાય. ચોકકસ આ ગુજરાતમાં અને આ દેશમાં જે નવયુવાનો છે એને રોજગારી કોઈપણ સરકાર પૂરી પાડતી હોય છે. ગુજરાત સરકારે પણ રોજગારી પૂરી પાડવાની છે પણ સ્થિતિ એવી હોય છે કે મોટા મોટા ઉદ્યોગો આવે અને એ સ્થિતિને કારણે આજે ખરેખર રોજગારી પ્રાપ્ત થવાની છે એ દિનપ્રતિદિન ઓછી થતી જાય છે. કયા લોકોને આ પોષતા હોય છે. જેને ૫૦૦૦ લોકોના નાના ઉદ્યોગ હોય એની જગ્યાએ મોટા ઉદ્યોગ આવે, મલ્ટીનેશનલ કંપની આવે અને ૪૫૦૦ લોકોને ઘેર જવું પડે અને ૫૦૦ લોકો કામ કરી શકે એવી સ્થિતિ છે. નાણામંત્રી કહે છે કે વાઈબ્રન્ટ ગુજરાત પ્રોજેકટના આધારે ૧૦લાખ લોકોને રોજગારી આપવાના છીએ. આઈ.ટી સમીટમાં ૩૨૫૦૦૦, અર્બન સમીટમાં ૮ લાખ અને એમ કરીને ૨૧ લાખ લોકોને રોજગારી આપવાનું કીધું છે. ૬૬૬૦૦૦કરોડના રોકાણની વાત કરે છે. કાગળમાં વાત થઈ શકે પણ વાસ્તવિકતામાં ૫-૭ વર્ષમાં જે આંકડા આપ્યા છે એ સ્થિતિ આજે થઈ છે પ્રશ્નોત્તરીમાં ૨૦૦૬માં અમદાવાદ, વડોદરા, સુરત ખાતે નોંધાયેલા ૧૯૨૦૦૦ શિક્ષિત બેરોજગારોમાં કેટલા લોકોને રોજગારી આપી ત્યારે સરકારે એમ કહ્યું કે ૧૧૦૪૮ લોકોએ રોજગારી પ્રાપ્ત કરી છે. એકબાજુ લક્ષ્યાંક ૨૧લાખનો રાખીએ અને પ્રશ્નોત્તરીના જવાબમાં એમ કહે છે કે ૧૦ટકાથી વધારે જે લોકો નોંધાયા છે એનાથી

૧૦ટકાથી ઓછા લોકોને રોજગારી આપી છે એ ચિંતાની વાત છે. વાઈબ્રન્ટના નામે ઉદ્યોગપતિઓને સાથે રાખે, વાઈબ્રન્ટના નામે જમીન અપાય છે. એ જમીન સેઝને આપવામાં આવશે. એસઈઝેડ આવવાને કારણે લોકોને ફાયદો થશે તો આંગળીના વેઢે ગણી શકાય એટલા લોકોને ફાયદો થશે. બાકીના અનેક લોકોને આ ઉદ્યોગ બંધ થઈ રહ્યા છે. એમના લાભના કારણે. ૫-૨૫ લોકોને આ સરકાર ઉદ્યોગપતિઓને આપણા સૌ માટે ૫-૨૫ લોકોને મદદ કરવા માટે આજે જે સ્થિતિ થઈ રહી છે, એના વિષે કહું છું. જમીન ફાળવવામાં આવી. મુંદ્રા ઈકોનૉમિક ઝોન, અદાણીને કેટલા હેક્ટર? એક ગરીબને એક ઝૂંપડા માટે જમીન જોઈતી હોય તો રાજ્ય સરકાર એના માટે કેટલી પરિસ્થિતિ ઊભી કરે. ગુજરાતની અંદર ગામડાને નેઈમ કરવાની બાબતમાં હોય, ગુજરાતમાં નેઈમ કરવા માટે જમીન નથી. ગુજરાતમાં નાના નાના લોકો રહેતા હોય અને એમની પાસે જમીન ન હોય ત્યારે માત્ર ૩૮૬૮ એકર જમીન એક વ્યક્તિને S.E.Z. માટે આ ગુજરાત સરકારે સસ્તા દરે આપી છે. એસ્સાર લીઝને ૧૧૯ એકર જમીન આપી દેવામાં આવેલ છે. રિલાયન્સને ૧૭૦૦ એકર જમીન આપી દેવામાં આવેલ છે. કચ્છ, સુરત, જામનગર, ભરૂચમાં ૪ ઉદ્યોગોને ૪૯૦૦ હેક્ટર જમીન એમાં ખેતીની ૧૧૩૯ હેક્ટર જમીન છે. આટલી મોટી ૧૧૭૦૦ એનાથી વધારે એકર જમીન માત્ર ૪ ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવેલ છે. ગુજરાતના ૫.૫ કરોડ વસ્તીમાં ગરીબ માણસ, નાનામાં નાનો માણસ ખેતી કરવા માટે જમીન માગતો હોય ત્યારે આના નામે ઉદ્યોગપતિઓને જમીન આપી દેવામાં આવે. આ સરકાર વાઈબ્રન્ટના નામે કયા પ્રકારનું ચલાવે છે, એ તો જે સ્થિતિ છે એ આ પ્રમાણે છે.

કચ્છ જિલ્લાની અંદર જમીન માગવામાં આવી છે, એ જમીન મુન્દ્રા સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનની અંદર અને બીજી જેની ફાઈલ અત્યાર સુધીમાં ૧૪ જણાની ચાલે છે એવી ૫૪૦૪, અદાણી પૉર્ટને ૧૬૨૬ બીજી એસ્સાર ઝોનને ૧૨૦, ડાયમંડ લિ.ને ૫૪, અદાણી એક્ષપૉર્ટને ફરીથી ૨૭,૪૭૧, સ્ટરલિંગ જે છે એને ૫૫૦૩, અદાણી એક્ષપૉર્ટને બીજી ૨૬૦૪, રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝ જેને ૧૩૨૮ અને એસ્સાર ઝોનને ૪૮૨ એમ કરીને કુલ જમીન છે ૫૦,૩૪૧ એમાં માત્ર એક જ કંપનીના ગૃપને ૭૪ ટકા જમીન આ રાજય સરકાર ફાળવવા જઈ રહી છે. એના આંકડા છે ૩૭૫૦૧ આટલી મોટી જમીન એક ગૃપને આપવામાં આવે, એનો મીનિંગ આ સરકાર ૭૪ ટકા એક જ ગૃપને આપવામાં આવે તો સરકાર કઈ તરફ જઈ રહી છે એ એના ઉપરથી દેખાય છે. જે આજની સ્થિતિ છે. S.E.Z. ના નામે કયા પ્રકારની માત્ર જમીનો નહિ, પણ એની અંદર સ્ટૅમ્પ ડ્યૂટી છે, એની રાહતો ઈલેક્ટ્રિસિટી ડ્યૂટી જે માફી આપવામાં આવી છે અને એનું બિલ ટૂંક સમયની અંદર અમને મળ્યું છે. બિલ મેજ ઉપર મૂકવામાં આવશે, ત્યારે મને એમ છે કે કયા ગૃપને કેટલા કરોડો રૂપિયાનો ફાયદો થવાનો છે. એ સિસ્ટમ દેખાય છે. (સમય સૂચક ઘંટડી) એવી સ્થિતિ છે અને વેટમાં એક લાખ કરોડથી વધારે રાહતો આપવાની છે, ત્યારે સરકારને કહેવું છે કે આ સરકાર ખરેખર નંબર ૧ ના બદલાની અંદર આટલા કરોડોની જમીન આપવાના બદલે, જે સ્ટૅમ્પ ડ્યૂટી, ઈલેક્ટ્રિસિટી ડ્યૂટીની કરોડો રૂપિયા ગણી ન શકાય એટલા રૂપિયાની રાહત અમુક લોકોના ગૃપને આપવાને બદલે જો સામાજિક દ્રષ્ટિએ નાના નાના ઉદ્યોગોને ઊભા કર્યા હોત તો ગુજરાતના ઉદ્યોગો બંધ થયા ન હોત અને ગુજરાતમાં જે રોજગારી ઘટી રહી છે એમાં ચોક્કસ વધારો થયો હોત. અને હું આ પ્રમાણેની માંગણી ઉપર સંમત થઈ શક્યો હોત. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે નંબર-૧ નહિ, પણ ગુજરાત આજે કયાં છે?

**અધ્યક્ષશ્રી** : શ્રી રાકેશ રાવ.

**શ્રી રાકેશ રાવ (માતર):** માનનીય પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી માગણી નંબર:૭૦ અને ૭૧ લઈને આવ્યા છે, તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું. પંચાયતી રાજ વ્યવસ્થાએ વૈદિક કાળથી આપણી રાજ વ્યવસ્થા સાથે સંકળાયેલી છે. અર્થવેદ, ઋગવેદ અને અનેક પ્રકારના ગ્રંથોની અંદર આ આખીયે રાજકીય વ્યવસ્થાનો વિચાર કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાભારતની અંદર પણ નારદમુનિ યુધિષ્ઠિરને પૂછે છે કે તારા રાજયની અંદર બહાદુર અને ફાળો એકઠો કરી અને બીજી આનુષાંગિક પ્રવૃત્તિઓ કરી લોકોના સુખમાં વધારો કરવા માટેની કોઈ વ્યવસ્થા છે? એનો મતલબ કે એ વખતે પંચાયતની વ્યવસ્થા અસ્તિત્વમાં હતી. મહાત્મા ગાંધીએ બ્રિટિશ પત્રકાર લોર્ડ ફીશરને જણાવેલ કે સત્તાનું કેન્દ્ર દિલ્હી, મુંબઈ, કલકત્તા જેવા શહેરો છે પરંતુ હું ઇચ્છું છું કે આ સત્તા ભારતના સાત લાખ ગામડાઓની વચ્ચે વહેંચી દેવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કામ કરતી સરકારે ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવાનું કામ કર્યુ છે. ગાંધીનગર સત્તાનું કેન્દ્ર નહીં પરંતુ ૧૮ હજાર ગામડા તે સત્તાનું કેન્દ્ર બને એ પ્રકારની વ્યવસ્થા ઉભી કરવા માટેનું કામ ગુજરાતમાં સૌ પ્રથમ વખત થયું છે. ગામડાઓને પંચાયતી અને લોકશાહી રાજય વ્યવસ્થાનું મૂળભૂત એકમ ગણ્યું છે, પરંતુ તેમ છતાં પણ તેની એટલી જ અવગણના થઈ છે. આઝાદીના આટલા વર્ષો પછી આપણે ગામડાઓમાં લોકોની પાસે જઈએ છીએ અને તેઓના દુ:ખ, દર્દ, વેદના અને નાગરિકોની વ્યથા સાંભળીએ છીએ ત્યારે એમ થાય છે કે વિકાસનો રૂપિયો અત્યાર સુધી આવેલો તે રૂપિયો ગયો કયાં? પરંતુ જે વ્યવસ્થા ઉભી થઈ હતી તે એટલી ખરાબ વ્યવસ્થા ઉભી થઈ હતી કે જેના કારણે આ પ્રશ્ન બાબતે યોગ્ય વિચારી શકાયું નહીં. તેના કારણે ગામડા લાંબા સમય સુધી ગંદા, ગોબરા અને અવ્યવસ્થાભર્યા રહ્યા છે.

ભારતનું બંધારણ જ્યારે બન્યું ત્યારે કોઈના કોઈ કારણસર આ વ્યવસ્થા ધ્યાન બહાર નીકળી ગઈ હતી અને પરિણામ એ આવ્યું કે બંધારણ બન્યા પછી પંચાયતી રાજ વ્યવસ્થાનો જે વિચાર કરવો જોઈએ તે વિચાર નહીં થવાના કારણે આખા ભારતમાં મોટો ઉહાપોહ થયો. આ વ્યવસ્થાને બંધારણીય વ્યવસ્થાનું સ્વરૂપ પ્રાપ્ત થાય એટલા માટે ૭૩ મો બંધારણીય સુધારો આવ્યો અને આ બંધારણીય સુધારાથી ત્રિસ્તરીય પંચાયતી વ્યવસ્થાને કાયદાકીય બંધારણીય સ્વરૂપ પ્રાપ્ત થયું. પૂર્વ ભૂમિકા એટલા માટે મૂકું છું કે આ આખી રાજકીય વ્યવસ્થા છે. તેની અંદર વિકાસ કરવો હોય તો વિકાસનું એકમ ગામડું છે. ગ્રામ પંચાયત છે. ગ્રામ વિકાસ છે અને જ્યાં સુધી ગામડું બેઠું નહીં થાય ત્યાં સુધી રાષ્ટ્રનો વિકાસ ન થાય, ભારતીય જનતા પાર્ટીની સરકાર આ નેમ લઈને ચાલે છે. જો રાષ્ટ્રનો વિકાસ કરવો હોય તો પહેલાં ગામડાનો વિકાસ કરવો જોઈએ. તે દિશામાં આપણે વાત કરી રહ્યા છીએ. આ વખતનું ગુજરાતનું બજેટ જે છે તેની અંદર ૬૧૦૩ કરોડ કૃષિ, સિંચાઈ, ગ્રામ વિકાસના પ્રયોજનો કરવામાં આવ્યા છે, ૬૨૬૫ કરોડ રૂપિયા સામાજિક સેવાઓ, આરોગ્ય, પીવાનું પાણી અને ૧૫૨૬ કરોડ રૂપિયા રોડ રસ્તા માટે મતલબ કે રાજય સરકારના બજેટના ૮૦ ટકા પૈસા ગ્રામ ગૃહનિર્માણ અને પંચાયતી રાજ વ્યવસ્થા પાછળ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ખર્ચાવવાના છે એટલા માટે આ સરકાર ગામડાના લોકોની કેટલી ચિંતા કરે છે તેની આપણને પ્રતીતિ થાય છે. ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે ગોકુળગ્રામ યોજનાના માધ્યમથી ગામડાઓનો વિચાર કરવામાં આવ્યો હતો. ત્યાં સુધી કયારેય કોઈ સરકારે ગામડાની અંદર લોકો જીવે છે એ પ્રકારનો વિચાર કર્યો નથી. પરંતુ ગોકુળગ્રામ દ્વારા સરપંચો પહેલાં હતા પણ તેમની પાસે સત્તા ન હતી. તેના માટે ગોકુળગ્રામ સમિતિ બની અને આ સમિતિના કારણે ને દુર્બળ સરપંચ હતા, લાચાર સરપંચ હતા નિ:સહાય સરપંચ હતા તેઓને અધિકાર પ્રાપ્ત થયા, સત્તા પ્રાપ્ત થઈ અને આર્થિક ફંડ પ્રાપ્ત થયું. આ અમે લાવ્યા છીએ. ૧૮ હજાર ગામડાઓમાં ગોકુળગ્રામ યોજના મૂકી. આ કર્યા પછી બંધારણના અનુચ્છેદ-૯ બંધારણની કલમ-૨૪૩માં ગ્રામસભાઓની વાત થઈ છે. આ ગ્રામ સભાઓ માત્ર (સમય સૂચક ઘંટડી ) સાહેબ હજી શરૂ જ નથી થયું. આજ સુધીમાં સાહેબ ૧,૭૧,૩૪૩ ગ્રામસભાઓ થઈ છે.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી માગણી નંબર ૪૯માં મહેસૂલી ખર્ચ માટે ૩,૫૬,૩૨,૨૦,૦૦૦ રૂપિયાની અને મૂડી ખર્ચ માટે ૧,૨૦,૩૦,૫૦,૦૦૦ રૂપિયાની માગણી લઈને આવ્યા છે એમને હું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે વિરોધપક્ષના દંડક શ્રી બલવંતસિંહજી આ સભાગૃહમાં ઉદ્યોગો વિશે વાત કરતા હતા ત્યારે મને ખૂબ ચિંતા અને દુ:ખની લાગણી થઈ કે ગુજરાતમાં જે ઉદ્યોગોનો વિકાસ થયો છે એ વિકાસના કારણે ગુજરાત કદાચ પાછળ પડી જશે, ગુજરાત ઉપર દુ:ખના ડુંગર તૂટી પડશે એવી લાગણી એ વ્યક્ત કરતા હતા અને મનમાંને મનમાં હું દુ:ખી થતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, સમસ્ત ભારતમાં ગુજરાત એક એવું રાજય છે કે જેણે ઔદ્યોગિક ક્ષેત્રે મૂડી રોકાણ કરવામાં આ દેશના મોટા મોટા ઉદ્યોગપતિઓને એક જ દિવસે, એક જ સમયે અને એક જ મંચ નીચે એકઠા કરીને ૩ લાખ ૬૦ હજાર કરોડ રૂપિયાનું મૂડીરોકાણ આ ગુજરાતમાં લઈને આવ્યા છે જેનાથી ૧૩ લાખ અને ૨૬ હજાર રોજગારીની તકો ઊભી થઈ છે એટલું જંગી મૂડી રોકાણ કરનાર દેશમાં કદાચ ગુજરાત રાજય એ પ્રથમ રાજય હશે, મને તો એમ લાગે છે કે, આટલા ઉદ્યોગપતિઓએ એક જ છત્રછાયા નીચે એકત્ર કરનારા વિશ્વમાં કે બીજા કોઈ રાજયના મુખ્ય મંત્રીશ્રી કે એમના વડા પ્રધાનશ્રી નહીં હોય, એવા આપણા ગુજરાતમાં ભારતના નંબર વન માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતને હરણફાળ ભરતું કર્યુ છે એમાં માનનીય રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી, અનિલ ભાઈ પટેલે પણ જે સાથ અને સહકાર આપ્યો છે એ સરાહનીય છે. આ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ ૨૦૦૭ દ્વારા જે ગુજરાતમાં મૂડીરોકાણ આવ્યું છે અને એ મૂડી રોકાણથી વારેવારે કોંગ્રેસના માનનીય મિત્રો એમ કહે છે કે, પાંચ કરોડની આ સરકાર નથી પણ પાંચ કરોડના ઉદ્યોગપતિઓની સરકાર છે, અર્થશાસ્ત્રમાં જેટલા નિષ્ણાતો હશે એમને ખબર હશે કે જ્યારે કોઈપણ ઉદ્યોગ સ્થપાય ત્યારે એની પાછળ પાછળ રોજગારીની તકો ઊભી થાય અને એમાંથી એમને જે કાચામાલની જરૂર હોય એ કાચો માલ બનાવતા કારખાનાં ઊભા થાય, અને ખેડૂતો જે માલ પેદા કરે એ ઉદ્યોગોમાં જ્યારે કાચામાલ તરીકે વપરાય ત્યારે ખેડૂતોને યોગ્ય અને સારા ભાવ મળે. ઉદ્યોગો એ સમસ્ત ગુજરાતની જીવાદોરી છે, ઉદ્યોગોની સાથે સાથે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એકી એક માનવીના એકેએક વર્ગને એક જ વિચાર કરીને ફક્ત ઉદ્યોગોની પાછળ નહીં રાચતાં, આ હમણાં જ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વન બંધુ કલ્યાણ યોજના અને સાગર ખેડુ સર્વાંગી વિકાસ યોજનાની જે જાહેરાત કરી છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને આ તબક્કે હું અભિનંદન આપું છું. ઔદ્યોગિક વિકાસ જ્યારે ગુજરાતમાં હરણ ફાળ ભરી રહ્યો છે ત્યારે મને એમ લાગે છે કે, આ સન્માનનીય ગૃહમાં બેઠેલા તમામે તમામ ધારાસભ્યશ્રીઓએ એકી અવાજે આ ગુજરાતના ઉદ્યોગોના વિકાસ માટે થઈને આપણે અભિનંદન આપવા જોઈએ. માનનીય મુખ્ય મંત્રીશ્રીને અભિનંદન આપવા જોઈએ, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીને પણ અભિનંદન આપવા જોઈએ.

ગુજરાતના વિકાસમાં સૌએ સાથીદાર થઈને સહિયારા પ્રયાસો કરવા જોઈએ. મને ઘણી વખત લાગણી થાય છે કે, જ્યારે જ્યારે ઉદ્યોગ વિભાગની માગણીઓ આવે છે ત્યારે શરૂઆતમાં આ ગૃહમાં હું નવો નવો આવ્યો

ત્યારે મને એમ થતું હતું કે, આ કોંગ્રેસના માનનીય મિત્રો સો રૂપિયાની મમત શા માટે રાખે છે? ઉદ્યોગોની માગણી ઉપર કે બીજી માગણીઓ ઉપર સો રૂપિયાની કાપ દરખાસ્ત લઈને આવે છે ત્યારે મને એમ થાય છે કે માનનીય અનિલ ભાઈ, આવતા વર્ષના બજેટમાં પહેલેથી જ બસો રૂપિયા ઓછા રાખી દો તો કોંગ્રેસના મિત્રોને કાપદરખાસ્ત લાવવાની જરૂરત ના પડે.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, જે નિયમોમાં જોગવાઈ હોય એ રીતે થાય.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય અધ્યક્ષશ્રી, એ મને સમજાઈ ગયું, હવે મને ખબર પડી.

**અધ્યક્ષશ્રી** : પણ એવું આપે ન કહેવું જોઈએ, પ્લીઝ.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી** : માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે, ઉદ્યોગમાં જે વિવિધ નીતિઓનો અમલ થયો એના કારણે ઔદ્યોગિક વિવાદો શમ્યા, માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ચાર પાંચ વર્ષમાં ટ્રેડ યુનિયનોની હડતાલો અને એમના વાદવિવાદો ઓછા થવાને કારણે જે ઉદ્યોગોનો વિકાસ થયો

છેલ્લા ચાર પાંચ વર્ષમાં ટ્રેડ યુનિયનોની હડતાલ અને એમના વાવ-વિવાદ ઓછા થવાના કારણે જે ઉદ્યોગોનો વિકાસ થયો છે એ ટ્રેડ યુનિયનોની શાંતિને આભારી છે. ઔદ્યોગિક વિવાદ અને તાળાબંધીના ૨૦૦૪માં ૩૬ બનાવો બન્યા હતા એના પ્રમાણમાં ૨૦૦૫માં ૨૮ બનાવો બન્યા છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે ૨૦૦૪માં કુલ ૨૩૬ ઔદ્યોગિક વસાહતો વસાવી હતી અને ૨૦૦૪માં કારખાનાની સંખ્યા ૨૧૫૩૬ હતી એ વધીને ૨૦૦૫માં ૨૨૧૫૫ને પહોંચી છે. ગુજરાતના અર્થતંત્રના વિકાસમાં અગરિયાઓ માટે કલ્યાણકારી યોજનાઓ આ સરકારે મૂકી છે. મીઠાં ઉદ્યોગમાં રોકાયેલા મજૂરો માટે નમક મજદૂર આવાસ યોજનાનો પણ આ સરકારે વિચાર કર્યો છે. નાના રોકાણકારોને છેલ્લા પાંચ વર્ષમાં ૧૧૫ કરોડની સબસીડી ચૂકવીને નાના ઉદ્યોગકારોને મહત્ત્વનું યોગદાન આ સરકારે આપ્યું છે. ૨૦૦૩માં સૌ પ્રથમ વખત આ સરકારે ઉદ્યોગ નીતિની જાહેરાત કરી છે આ ઉદ્યોગ નીતિમાં રાજયમાં ઔદ્યોગિક વિકાસ માટે સરકારે સારા અભિગમમાં વૈશ્વિકરણના હાલના માહોલમાં રાજયના ઔદ્યોગિક એકમો વધુ પ્રગતિ કરે અને વૈશ્વિક સ્તરે સ્પાર્ધાત્મક બને તેમજ રાજયમાં ઔદ્યોગિક મૂડી રોકાણ માટે સારું વાતાવરણ બની રહે તે હેતુથી રાજય સરકારે સપ્ટેંબર ૨૦૦૩માં ગુજરાત ઔદ્યોગિક નીતિ ૨૦૦૩ જાહેર કરી છે. આ ઔદ્યોગિક નીતિના ભાગરૂપે જૂન ૨૦૦૪માં વિવિધ પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરેલ છે. રાજયની ઔદ્યોગિક નીતિ અન્વયે જાહેર કરાયેલ યોજનાઓમાં મુખ્યત્વે નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે. વ્યાજ સહાય, ટૅક્નૉલૉજી અપગ્રેડેશન, ટૅક્નૉલૉજી એકવીઝીશન ફુડ, કવોલિટી સર્ટીફિકેશન, પેટન્ટ સહાય, સંશોધન અને વિકાસ સંસ્થાઓને સહાય, કોન્ટેર્કટ રીસર્ચ પ્રોજૅકટને સહાય જેમાં પ્રોજૅકટની કિંમતના ૫૦ ટકાના ધોરણે રૂા.૫ લાખની મર્યાદામાં સહાય આપવાનું રાજય સરકારનું આયોજન છે. કલસ્ટર વિકાસ માટે સહાય, માર્કેટ સહાય, કાયમી સંમેલન સહ પ્રદર્શન કેંદ્ર સ્થાપવાની સહાય, ઔદ્યોગિક પાર્ક સ્થાપવા માટે સહાય વગેરે સહાય કરીને ૨૦૦૩ની ઔદ્યગિક નીતિથી ગુજરાતના ઉદ્યોગોનો વિકાસ થાય એના માટે આ સરકારે ખૂબ ભાર આપ્યો છે અને એને પ્રોત્સાહન આપ્યું છે. રાજયમાં અત્યાર સુધી ૩૩ સ્પેશિયલ ઈકોનોમી ઝોનની સ્થાપના કરવામાં આવી છે. એના માટે સમગ્ર દેશમાં સૌથી વધારે આપણા રાજયની સ્પેશિયલ ઈકોનૉમિક ઝોનની લાક્ષણિકતા એ છે કે કોઈ સેઝની જમીન સંપાદન બાબતમાં કોઈ વિવાદ નથી કારણ કે, જે સરકારી ખરાબાની અને પડતર જમીન છે એમાં સેઝને મંજૂરી આપીને એનો ઉપયોગ કર્યો છે. એનાથી ઓછામાં ઓછા વાદ-વિવાદ થયા છે અને ઓછામાં ઓછી તકરારો થઈ છે. ભારતના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૬ ટકા છે અને ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ દર ૧૫ ટકા છે. આ જ સૂચવે છે કે ગુજરાત ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ ભરે એ માટે ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રે કેટલી તનતોડ મહેનત ઉદ્યોગ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર દ્વારા મીઠાંના અગરિયાઓને ઉદાર હાથે સહાય મળે એ માટેના પગલાં લેવાયા છે. ૨૦૦૩માં થયેલ કુલ એમ.ઓ.યુ.માં જાન્યુઆરી ૨૦૦૭ના અંતે રૂા.૨૫,૫૦૦ કરોડના રોકાણો થયા છે આ ઉપરાંત ૨૭,૬૪૬ કરોડના ૧૬ પ્રોજૅકટો હાલ અમલીકરણમાં છે. ૨૦૦૫માં થયેલા એમ.ઓ.યુ. પૈકી રૂા.૧,૩૧,૭૫૦ કરોડ રૂપિયાની રકમના રોકાણો થયેલા છે અને ૩૭, ૮૯૮ કરોડના ૧૬ પ્રોજૅકટો હાલમાં અમલમાં છે. રાજયમાં ૨૦૦૩-૨૦૦૪ થી ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન જુદા જુદા ઉદ્યોગો માટે કુલ ૨૨ હજાર કરોડના મૂડી રોકાણની મંજૂરી ભારત સરકાર દ્વારા આપવામાં આવી છે. વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૫ના આઈ.આઈ.એમ.ના રિપોર્ટ મુજબ વિગતો નીચે મુજબ છે. કુલ ૨૦૦૩ના કેલૅન્ડર વર્ષમાં .૩૯૬, ૨૦૦૪ના વર્ષમાં ૫૪૭, ૨૦૦૫ ના વર્ષમાં ૭૦૫ નાના ઉદ્યોગોને પ્રોત્સાહન માટે કુલ રૂા. ૧૧૫.૨૦ કરોડની સબસીડી ચૂકવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ ગૃહમાં માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી એમની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે હું એમાં સમર્થન આપી અને મારી વાત પૂરી કરું છું.

**વિરામ સાંજના ૪-૩૦ થી ૫-૦૦**

**સભાપતિશ્રી મહેન્દ્રભાઈ મશરૂ અધ્યક્ષસ્થાને**

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઉદ્યોગ મંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં ઉદ્યોગ મંત્રીશ્રીની માગણીને હું સમર્થન આપી શકતો નથી.

ગુજરાત રાજય પુરાતન કાળથી વેપાર ક્ષેત્રે જગ વિખ્યાત હતું. વેપારીઓનું રાજય ગણવામાં આવતુ હતું. ગુજરાતની પ્રજાને શાણી પ્રજા ગણવામાં આવતી હતી. ભારતની આઝાદી પછી ગુજરાત રાજયની સ્થાપના થયા પછી જ્યાં સુધી કોંગ્રેસની સરકાર રહી ત્યાં સુધી સુવિધાઓ ઉભી કરીને ગુજરાતના નાના કે મોટાં વેપારીઓને સુવિધાઓ આપીને સરકાર દ્વારા ઈન્ફ્રાસ્ટ્રકચરની જરૂરિયાતો જે ઉભી હતી અને નાણાંકીય ભંડોળની તે લોકોની જરૂરિયાત હતી તે પૂરી પાડીને ગુજરાતને ઔદ્યોગિક ક્ષેત્રે નંબર વન બનાવ્યુ હતું. મહારાષ્ટ્ર પછી ગુજરાતનો નંબર બીજો હતો. ગુજરાતમાં ઉદ્યોગ વિભાગ દ્વારા, જિલ્લા ઉદ્યોગ ઑફિસો દ્વારા સમગ્ર રાજયમાં નાના નાના તાલુકા, નગરો સુધી જી.આઈ.ડી.સી.ની સ્થાપનાઓ કરીને આ રાજયના નાના અને મોટાં વેપારીઓને આબાદ ગુજરાતમાં કોંગ્રેસની સરકારે કર્યા હતા. ગુજરાત સ્ટેટ ફાયનાન્સ કોર્પોરેશનની રચના કરીને નાના મોટા વેપારીઓને ૨૫-૨૫ લાખ રૂપિયા સુધીના લોન સહાય કરીને, સબસીડી આપીને સમગ્ર ગુજરાતના વેપારી આલમને કોંગ્રેસની સરકારે બેઠી કરી હતી અને ગુજરાત સાચા અર્થમાં વેપારી રાજ, એક ઔદ્યોગિક વિકાસ કરતું રાજય છે. ભારતમાં તેનો બીજો નંબર ચીમનભાઈ સાહેબની સરકાર રહી ત્યાં સુધી આવ્યો હતો પરંતુ આ સરકાર જ્યારથી આવી છે ત્યારથી જો સૌથી મોટો ઉદ્યોગ વિકસાવ્યો છે તો એમ.ઓ.યુ. ઉદ્યોગ. આને પણ ઉદ્યોગ જેવું જ સ્થાન આપવું જોઈએ. દેશનું રચાયેલું માળખું જ્યાં વેપારીઓ શાંતિથી વેપાર કરતા હતા અને સમગ્ર દેશમાં પોતાની પ્રતિષ્ઠા વધારતા હતા, રાજયની પ્રતિષ્ઠા વધારતા હતા તે વેપારીઓ, નાના વેપારીઓ, મોટા વેપારીઓ, મધ્યમ કદના વેપારીઓ, નાના મોટાં ઉદ્યોગો, લઘુ ઉદ્યોગો બધાજ નાશ પામી જાય તેને બાજુએ મૂકવામાં આવે અને પરદેશથી લોકોને બોલાવીને એમ.ઓ.યુ.ની એક પ્રથા ઉભી કરવામાં આવી. ઉદ્યોગપતિઓને, મોટા કરોડો, અબજોપતિઓને બોલાવીને એક એમ.ઓ.યુ.ની પ્રથા ઉભી કરીને જે સાચાઅર્થમાં મૂડી રોકાણ થતું હતું તે નાશ પામ્યું. આપણે સમાજમાં સાંભળ્યું છે મંદિરના ઓટલા ઉપર બેસીને પેલા ગંજેરી બાપુઓ વરલી મટકાના આંકડાઓ બહાર પાડે છે. બે હાથ ઉંચા કરે એટલે દુડી અને પંજો ઉંચો કરે એટલે પાંચ. રોજ નવા આંકડાઓ બહાર પાડે છે અને લોકોને લૂંટે છે, લોકોને પાયમાલ કરે છે. આપણાં મોટા બાપુઓ પણ આ રાજયની સરકારે પણ આંકડા જાહેર કરી દીધા કે આ વખતે આટલા એમ.ઓ.યુ.કરવાના છે. આવા આંકડાઓની જાહેરાત કરવામાં આવે છે. પાછું વળીને સરકાર કદી જોતી જ નથી. પાછળ શું થઈ રહ્યું છે આગળ જ ચાલ્યે જાય છે. વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩ ઉજવવામાં આવ્યું. મારે નવરાત્રી મહોત્સવ પાછળ ૨૫ કરોડ રૂપિયા ખર્ચી નાખ્યા છે તેની વાત જ કરવી નથી. પ્રજા વાત કરશે, જવાબ માગશે. પણ ૨૦૦૩માં ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ. થયા. ( અંતરાય ) યાદ જ નથી રહેતાં. ખોટા આંકડા હોય કયાંથી યાદ રહે. તેમાંથી રોકાણ કેટલું આવ્યું? ઉદ્યોગ મંત્રીશ્રી તેમના પ્રવચનમાં જવાબ આપે. આ ૬૬ હજાર કરોડના એમ.ઓ.યુ.માંથી ફક્ત ૧૦ કરોડના એમ.ઓ.યુ. થયા. એમ.ઓ.યુ. અને પતંગ મહોત્સવ ઉજવીને કરોડો રૂપિયાના ખર્ચે નહીં તો પણ આ રાજયમાં ૧૦ હજાર કરતાં વધારે કરોડના રોકાણો ૧૯૬૦થી થતાં આવ્યા છે. રૂપિયાની કિંમતમાં વધઘટ કરતા જઈએ તો. ૨૦૦૫ની સાલમાં ૧ લાખ, ૬ હજાર કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. આ આંકડા ઓછા પડતા હતા. આ ૨૦૦૭માં વાયબ્રન્ટ ગુજરાત ઉજવાયું અને એમાં ૪ લાખ ૫૧ હજાર કરોડના એમ.ઓ.યુ. આ ૩ વખત એમ.ઓ.યુ. થયા, એનો ટોટલ માર્યો છે? ૬ લાખ કરોડ આટલા એમ.ઓ.યુ. ગુજરાત રાજયમાં થયા. પ્રજા સમક્ષ મૂકયા કે ખરેખર કેટલા રોકાણો આવ્યા? ૧૦ હજાર કરોડ ૨૦૦૩ના અને બીજા ૧૭ હજાર કરોડ હમણા વિદ્વાન સભ્યશ્રી કહેતા હતા કે ૨૫ હજાર કરોડના. ખરેખર ૨૦૦૧થી ૨૦૦૫ વચ્ચે ૨૫ હજાર કરોડનું જ રોકાણ થયું છે. એમાં ઉર્જાની વાત ન કરી, ઈન્ફ્રાસ્ટ્રકચરની વાત ન કરી, શહેરોની વાત ન કરી. એટલે પાછી અર્બન સમિટ કરી અને એના રોકાણના આંકડાઓ. કાગળ ઉપર કાગળ કરવા માંડયા. કોણ પૂછવાનું છે? કરોને. એન.આર.આઈ. આવે દેશમાં અને હોલમાં સમિટ રાખીએ અને એની પ્રસિદ્ધિ કરીએ. કયાં કોઈને જવાબ આપવાનો છે. એમને તો એમ જ છે કે હજુ પણ એમની સરકાર આવવાની છે. પરંતુ એવી રીતે સરકારો આવતી નથી, પ્રજાના ચુકાદાઓ પર સરકારો આવતી હોય છે.

આ જે કરોડો રૂપિયાના એમ.ઓ.યુ.થયા, એમાં વીજળીના, ઉર્જાના આંકડા બહાર પાડવાનું ભૂલી ગયા. એટલે નવો આંકડો બહાર પાડયો. ૧૯ હજાર મેગાવોટ અને ૨૦ હજાર કરોડના એમ.ઓ.યુ.નો આંકડો બહાર પાડયો. એમાં મુંદ્રા ખાતે અલ્ટ્રા ૪ હજાર મેગાવોટ. (અંતરાય) ૨૦ હજાર કરોડનો આંકડો એ નહીં, એમણે જાતે બહાર પાડયો. ગુજરાતની સ્થાપનાથી આજદિન સુધીમાં ૭૯૦૦ મેગાવોટ વીજળી આપણે ઉત્પન્ન કરી શકયા છીએ. આટલા આટલા બુદ્ધિશાળી, તજજ્ઞ મુખ્યમંત્રીઓ ગુજરાતની ગાદી ઉપર આવીને રહ્યાં, તો પણ ૮ હજાર મેગાવોટ સુધીની વીજળી આપણે ઉત્પન્ન કરી શકયા છીએ. આજદિન સુધી. અને ગઈકાલે જે જાહેરાત થઈ. એ ૧૯ હજાર મેગાવોટ. ૨૫ વર્ષ સુધી મુખ્યમંત્રીને બેસાડી રાખો તો પણ શકય નથી. ૨૫, ૨૫ વર્ષના આંકડા મૂકીને કરાતી સસ્તી પ્રસિદ્ધિ સિવાય આ કંઈ જ નથી. ગુજરાતમાં કોંગ્રેસ શાસિત સરકારો રહી, ત્યાં સુધી લઘુ ઉદ્યોગો, મધ્યમ ઉદ્યોગો સિવાય રિલાયન્સ જેવા ઉદ્યોગો વિકાસ પામ્યા, એસ્સાર અને નિરમા જેવા ઉદ્યોગો વિકાસ પામ્યા. ટોરેન્ટ કે અદાણી જેવા કે કેડીલા અને જાયડસ જેવા આખા મેડિકલ ગૃપના વિશ્વ વિખ્યાત ઉદ્યોગો અને

અંકલેશ્વરની એશિયાની મોટામાં મોટી જી.આઈ.ડી.સી. થી માંડીને નાનામાં નાના મથક ઉપર જી.આઈ.ડી.સી. કરીને ગુજરાતને સમૃદ્ધ બનાવ્યુ હતું. અમે તો એમ.ઓ.યુ. કરીને સહીઓ કરીને પ્રજાના કરોડો રૂપિયા કોઈ દિવસ વેડફયા નહોતા. આ કાર્ય કોણે કર્યા છે? માનનીય અધ્યક્ષશ્રી, આટલા મોટા ઉદ્યોગપતિઓ અને નાના વેપારીઓ બધાને સાથે લઈને ચાલતી સરકારો અને આજની આ સરકાર. હમણા વિદ્વાન ધારાસભ્યશ્રી કહી રહ્યા હતા કે ૫ કરોડની જનતાની આ સરકાર, એ નથી પણ ૫ કરોડપતિઓની આ સરકાર છે એ પ્રસ્થાપિત થઈ ચૂકયુ છે અને તેનો જવાબ આગામી ચુંટણીઓમાં ગુજરાતની પ્રજા તમને આપવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે નાના અને લઘુ ઉદ્યોગ સ્થાપવા માટે લોન અને સબસિડીની યોજના હતી, એ બંધ કરી દીધી છે. સ્ટેટ ફાયનાન્સ કોરપોરેશનને મને લાગે છે ત્યાં સુધી આ મિત્રો તાળા મારશે. અમારી સરકાર આવશે એટલે વાંધો નહીં આવે. (અંતરાય) એ તો પ્રજા કહેશે. અમે આવું જ કહેતા હતા કે તમારો વારો નહીં આવે, ત્યાં તમારો વારો આવી ગયો. આ ઉદ્યોગોની વાત થઈ.

પંચાયત વિષે કે ગ્રામ વિકાસ વિશે મારે કાંઈ વિશેષ વાત કરવી નથી એટલા માટે કે એક સારા માણસ પાસે, એક સારા મંત્રીશ્રી પાસે આ સરકાર ખોટું કરાવે છે. આદર્શ ગામ વિકાસ યોજના, આદર્શ પંચાયત તો આ બધાં તો નામ બદલ્યાં છે. આદર્શ ગ્રામ વિકાસ અને આદર્શ પંચાયત અને એને સમરસ ચોકકસ કરી નાંખે, નામ બદલી નાંખે, પરંતુ અમારા વખતમાં પણ એ સમરસતા ઉભી અમે કરી હતી. આજે વિદ્યા સહાયકની વાત થાય છે અમારા વખતમાં બાલગુરુ યોજના હતી. તો આ સમરસ ગામ કરો છો એ ફકત નામ જ બદલવામાં આવ્યું છે. અમારી વખતે પણ બિનહરીફ પંચાયતો થઈને સરપંચ ચૂંટાતા હતા જયારે આજે તો પોલીસ તંત્રનો ઉપયોગ કરીને સમરસતા ઉભી કરવામાં આવે છે એ ખોટું છે. નાના માણસોને, ગામમાં વસતા માણસોને સો ચોરસવારના પ્લોટ આપીને ઘર બનાવવામાં આવતું હતું જે યોજના આ સરકારે બંધ કરી દીધી છે. સો ચોરસવારના પ્લોટની શું કિંમત હોય એ તમને અને મને નહીં સમજાય, પરંતુ એ નાના માણસને મન એની ઘણી કિંમત હોય છે. સરદાર આવાસ યોજનાનો ૨૪ હજારનો લક્ષ્યાંક મૂકાય, પરંતુ સિધ્ધિ ફકત ૮ હજારની થઈ છે. ઈન્દિરા આવાસ યોજનામાં કેન્દ્ર સરકારના પૈસા આવે છે એ પણ વપરાતા નથી. એના આંકડાની માયાઝાળમાં હું આ ગૃહને લઈ જઈને આ ગૃહનો સમય વધારે સમય લેવા માગતો નથી. આ બધું કામ થયું નથી એટલે હું આ માગણીઓને સમર્થન કરી શકતો નથી.

**શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા (રાજપીપળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૪૯, ૫૦, ૫૧, ૭૯ અને ૭૧ લઈને આવ્યા છે એને હું સમર્થન કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની ધરા આ રાષ્ટ્રમાં અને વિશ્વમાં એકમાત્ર ધાર્મિક રીતે સમૃધ્ધ છે, ઐતિહાસિક અને પૌરાણિક સ્વરૂપે પણ એટલું જ અગ્રેસર સ્થાન ધરાવે છે. જેના કારણે લોકોમાં શ્રધ્ધા અને વિશ્વાસ ધ્યાનમાં રાખીને આ ગુજરાતની રાજય સરકારે ૨૦૦૬ ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નકકી કર્યુ હતું. આ રાજયના જુદા જુદા જિલ્લાઓમાં આવેલાં પ્રવાસન સ્થળોની આંતરમાળખાકીય સુવિધા, પ્રવાસનની સુવિધા વિકસાવવાના આશયથી રાજય સરકાર દ્વારા ૨૦૦૬ માં ૧૦૦ કરોડ રૂપિયા જેટલું બજેટ ફાળવીને આ રાજયનો પ્રવાસન ક્ષેત્રે સારામાં સારો વિકાસ થાય એના માટે આ ફાળવણી કરવામાં આવી છે. એમાંથી ૫૦ કરોડ રૂપિયા જે દરેક જિલ્લા કલેકટરશ્રીને જિલ્લામાં આવતાં પૌરાણિક, ઐતિહાસિક અને જે ધાર્મિક સ્થળો છે એનો જીર્ણોધ્ધાર કરીને આ સ્થળોમાં જે અપૂરતી સુવિધાઓ હોય એ સુવિધાઓ પૂરી પાડે અને એના થકી જે આ સમાજના લોકોમાં શ્રધ્ધા અને વિશ્વાસ જાગૃત થાય અને ટકી રહે એના માટે આ સરકારે ૨૦૦૭ ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવ્યું છે ત્યારે આપણા ગુજરાત રાજયનો જે વિસ્તાર છે એ ભૌગેલિક વિસ્તાર એ પશ્ચિમ કાંઠો જોઈએ તો સમુદ્ર સાથે સંકળાયેલો છે, પૂર્વ વિસ્તાર જોઈએ તો એ ડુંગરાળ પ્રદેશો સાથે સંકળાયેલો છે. તો આ કુદરતી દ્રશ્યો અને કુદરતી પરિબળો આપણી પાસે આટલાં બધાં હોવા છતાં પણ આપણે આ રાજયના પ્રવાસન માળખાને અગાઉ જે રીતે એને પ્રોત્સાહિત કરીને પ્રવાસનનો વિકાસ કરવો જોઈતો હતો એ નહોતો થયો જેના માધ્યમથી આજે ૨૦૦૬ ના વર્ષને આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગવી સૂઝ અને એમની આગવી દીર્ઘદ્રષ્ટિને કારણે ૨૦૦૬ ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવીને આ ગુજરાતની અસ્મિતા અને પ્રવાસન ક્ષેત્રોનો વિકાસ થાય એ તરફ એ દિશામાં કામ કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું મારા જિલ્લાની વાત કરું તો નર્મદા પ્રોજેકટ મારા જિલ્લામાં મારા વિસ્તારમાં આવેલો છે. નર્મદા પ્રોજેકટમાં પ્રવાસન વિભાગ થકી વીસ કરોડના ખર્ચે ત્યાં અનેક એવા સ્થળો છે કે જ્યાં અગાઉ આપણે બધા આ ગૃહના સન્માનનીય સભ્યશ્રીઓએ જોયું હશે કે બે વર્ષ પહેલા કેવડીયા નર્મદા પ્રોજેકટની પરિસ્થિતિ કેવી હતી અને હાલ બે વર્ષ પછી પ્રવાસન વર્ષમાં સમાવેશ કર્યા પછી ત્યાં જે વિકાસ થયો છે અને તેના કારણે એક વર્ષમાં પાંચ લાખ થી પણ વધુ પ્રવાસીઓ ત્યાં આવેલા છે અને તેના કારણે જે ત્યાંના નાના નાના રોજગારલક્ષી ધંધા કરનારા લોકો છે, જે મકાઈની લારી ચલાવતા હોય, ચા-નાસ્તાનો નાનો ધંધો કરતા હોય તેવા નાના નાના ધંધાનો આ પ્રવાસન વર્ષમાં મારા જિલ્લાનો સમાવેશ કરવાથી વિકાસ થયો છે. પ્રવાસનની સાથે હું એટલું ચોક્કસ કહીશ કે આ રોજગારી પણ એની સાથે સંકળાયેલી છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને જણાવીશ કે હજુ પણ મારા વિસ્તારમાં અનેક એવી નાની-મોટી

સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તો વિકાસ થઈ શકે તેમ છે, અને બોટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો ચોક્કસ ત્યાં પ્રવાસીઓને તેનો લાભ મળી શકે તેમ છે.

ઈકો ટુરીઝમની વાત કરું તો એમાં આ સરકાર દ્વારા દસ કરોડ નું પેકેજ ઈકો ટુરીઝમમાં આપવામાં આવ્યું હતું. અને તેના કારણે ત્યાં જે મીનાઈ ધોધ છે, જેનું નામ વર્ષોથી લેવાતું હતું પણ તેનો વિકાસ થાય તેની કોઈએ ચિંતા કરી નહોતી, આ ડેડીયાપાડા વિસ્તારમાં મીનાઈ ધોધ ખૂબ જાણીતો ધોધ છે, અને સમગ્ર વિસ્તાર કુદરતી સૌંદર્યથી ભરપૂર વિસ્તાર છે. અને પ્રવાસીઓને આકર્ષી શકાય તેવો વિસ્તાર છે તેથી તેને હજુ વધારે ડેવલપ કરવામાં આવે તો ચોક્કસ પ્રવાસનની અંદર ખૂબ સારો વિકાસ થઈ શકે તેમ છે. વાયબ્રન્ટ ગુજરાતમાં વૈશ્વિક લોકોની પરિષદ ૨૦૦૭ પ્રવાસન ક્ષેત્રે ૬૮ પ્રોજેકટ માટે ૩૩ સમજુતી કરાર કરવામાં આવ્યા છે જેનાથી ૪૦ હજાર લોકોને રોજગારીની તકો ઊભી થવાની છે. આ સમજૂતી કરારોથી રાજયમાં ૧૦૭૮૫ કરોડનું મૂડી રોકાણ આ પ્રવાસન ક્ષેત્રે થવાનું છે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્રે પણ દસ હજાર કરોડના સમજૂતી કરારો થયા છે. આ ઉપરાંત રીવર બોટ ગ્લોબલ બોટ વગેરે માટે પણ ૩ હજાર કરોડના સમજૂતી કરારો થયેલા છે. જેના થકી આવનારા દિવસોમાં આપણા ગુજરાતને ખાસ કરીને જે પ્રવાસીઓ માઉન્ટ આબુ, દીવ-દમણ વગેરે તરફ જતા હતા તેને આપણે રોકી શક્યા છીએ અને વિદેશી પ્રવાસીઓ અને બીજા રાજયોના પ્રવાસીઓ પણ ગુજરાતમાં આવતા થયા છે અને એના કારણે આજે ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં લગભગ ૩૩ ટકા જેટલો વધારો થયો છે. આ વધારો બતાવે છે કે પ્રવાસન ક્ષેત્રે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યુ ત્યારે તેની સફળતાની આપણને પ્રતીતિ થઈ રહી છે. અને પ્રવાસનમાં જે સફળતા રાજય સરકારને થઈ છે તે આ પ્રવાસીઓના વધવાથી ચોક્કસ ફળીભૂત થઈ છે.

**શ્રી દિલીપસિંહ વ. પરમાર (મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગ, તથા પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ તથા ગ્રામ વિકાસ વિભાગના મંત્રીશ્રી માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

મારી સામી પાટલી ઉપર બેઠેલા માનનીય સભ્યશ્રીઓ વારંવાર એકજ વાત કરે છે કે બારમી વખત માનનીય નાણામંત્રીશ્રીએ અંદાજપત્ર રજૂ કર્યું છે. જે તેઓને ખૂબ જ ખૂંચે છે. મેં આ અંગે વિચાર કર્યો કે આ ચૂંટણી થઈ એ કઈ તારીખે થઈ હતી એની તપાસ કરી તો એ તારીખ ૧૨-૧૨-૨૦૦૨ હતી. એટલે બાર એક વખત નહિ પરંતુ બે વખત થયા. આ બાર ગયા વખતે પણ થયા અને આ વખતે પણ તમારુ બારમું થવાનું છે એની પ્રતીતિ કરાવે છે. આ જે ચૂંટણી આવી તે વખતે કોંગ્રેસના એક મારા મિત્ર છે એમને મેં પૂછ્યું કે તમે ચૂંટણીમાં શું કર્યુ? તો એમણે કહ્યું કે ચૂંટણી આવતા પહેલા હું સાધુ પાસે ગયો હતો એણે સલાહ આપી કે તમે એક કામ કરો, તમારે ચૂંટણી જીતવી હોય તો ગોધરાનો શબ્દ પ્રયોગ નહિ કરો તો તમારે બે તૃતીયાંશ બહુમતી આવશે. તમે ચૂંટણીમાં ગોધરા શબ્દ ન બોલશો પરંતુ એમણે આ સાધુ સંતની વિનંતી ન માની અને જ્યાં જૂઓ ત્યાં ગોધરા જ ગોધરા દેખાયું એના લીધે આ પરિણામ આવ્યું, હજી એમની પાસે કોઈ મુદ્દો નથી તેથી ફરી પાછું એનું એ જ પરિણામ આવવાનું છે તેવું ચોક્કસ લાગે છે. તેઓએ ગુજરાતને બદનામ કરવાની કોઈ કોશિશ બાકી નથી રાખી. માનનીય મુખ્યમંત્રીશ્રીની ચાલવાની પદ્ધતિ છે એને આપણે હાથી સાથે સરખાવીએ. હાથી ચાલતો હોય અને એની પાછળ કોઈ ભસે તો પણ એ હાથી કોઈ જાતની ચિંતા રાખતો નથી.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના મંત્રીમંડળની પસંદગી કરી છે ત્યારે સામાન્ય રીતે જ્ઞાતિવાદ આવે. આ જ્ઞાતિનો લીધો અને આ જ્ઞાતિનો ન લીધો. આ જિલ્લાનો લીધો અને આ જિલ્લાનો ન લીધો એવું જોઈ શકીએ. technocrat જે પોતાના વિષયમાં નિષ્ણાત હોય, ઉદ્યોગની બાબતમાં અનિલભાઈને લઈએ, ઊર્જા વિભાગની અંદર આપણે સૌરભભાઈને લીધા જેઓએ હિંમતપૂર્વક નિર્ણય લીધા એના માટે મૂડી રોકાણો આવ્યા છે એમને એમ નથી આવતા. મૂડી રોકાણ માટે ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમીટ કરી. તો એ એકજ દિવસમાં નથી થયું. આટલા વરસો દરમિયાન જુદા જુદા અધિકારીઓ આખા દેશમાં અને દુનિયામાં મોકલીને, મંત્રીશ્રીઓને મોકલીને આપણા દેશની અંદર તથા રાજયની અંદર લાવવા માટે આ બધા પ્રયત્નો કર્યા છે અને તેમાં તેઓ સફળ થયા છે. જે મૂડી રોકાણ ૨૦૦૩માં ૬૬ હજાર કરોડના આવ્યા પરંતુ એની અંદર હકીકતમાં રોકાણ ૨૫૪૫૦ કરોડના પૂર્ણ થયા છે અને બીજા ૨૭૨૪૬ કરોડના પ્રોજેકટો હાલમાં અમલીકરણ હેઠળ છે. જે એમ.ઓ.યુ. કરવામાં આવે છે એ ફક્ત એમ.ઓ.યુ. પૂરતા જ નહિ પરંતુ એનું અમલીકરણ પણ થાય છે. આ વખતે છેલ્લામાં છેલ્લો સમીટ થયો એમાં આપણે જાણીએ છીએ કે કોઈપણ રાજકીય પક્ષ હોય કે કેન્દ્ર સરકાર હોય અને સત્તાધારી કોઈ વ્યકિત હોય એ વ્યકિતની ખફા નજર રાખ્યા વગર, પરવા કર્યા વગર નામાંકિત ઉદ્યોગપતિઓ આવ્યા હતાં. રતન ટાટાએ કહ્યું કે you are a fool if you do not invest in Gujarat આ સમીટનું સમાપન થયું ત્યારે આપણા અનિલ અંબાણી અને મુકેશ અંબાણીએ કહ્યું I do not want to be called a fool એટલે કે જેવા તેવા લોકો શેરીઓમાં ઊભા રહીને મૂડી રોકાણ નથી કરતાં પરંતુ આખા દેશના નામાંકિત ઉદ્યોગપતિઓ છે એણે આવીને મૂડી રોકાણ કરેલા છે. એક કહેવત છે કે A sailor knows where the ship is sinking. જે પોતપોતાના ક્ષેત્રમાં નિષ્ણાંત હોય પોતે ઉદ્યોગપતિ તરીકે રહી ચૂક્યા હોય એને ખબર હોય કે ઉદ્યોગપતિને કઈ કઈ સમસ્યા નડે છે. ઉદ્યોગમંત્રીશ્રી ઉદ્યોગ બાબતે જ્ઞાની છે અમે છેલ્લા પચાસ વર્ષમાં આવા ઉદ્યોગ મંત્રી જોયા નથી. જ્યારે

અમે ઉદ્યોગ ખાતાના કોઈપણ પ્રશ્ન માટે જઈએ ત્યારે ફક્ત ઉદ્યોગ ખાતું ઉદ્યોગ વિભાગના આધારે નથી હોતું પરંતુ એ જુદા જુદા વિભાગો સાથે પણ સંકળાયેલ હોય છે. જેમ કે પંચાયત ખાતાને લગતું કે મહેસૂલ ખાતાને લગતું પણ એમાં કામ હોય છે. અને દરેક ખાતાની અંદર જયારે જયારે પણ અમારા પ્રશ્નો હોય ત્યારે અમારા ઉદ્યોગ વિશે, અમારા વકીલ બનીને, અમારા હામી બનીને અમારી સાથે આવીને અમારા પ્રશ્નો ઉકેલ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનિજ વિભાગની અંદર જે અત્યારે આપણે લીઝ રીન્યુઅલ કરીએ છીએ તે ૧૦ વર્ષના બદલે ૩૦ વર્ષ માટે રીન્યુઅલ કરીએ તેવી મારી વિનંતી છે. આપણે જે લીઝ આપીએ છીએ એ લીઝ આપવા માટે બીમ ખેતી કરવાની જરૂર જ નથી. ખરેખર અને આ બીમખેતી સિવાય જેવી લીઝની આપણે અરજી કરીએ તરત જ લીઝ મંજૂર થઈ જાય અને જે એક વખત લીઝમાંથી પથ્થર કાઢી લેવામાં આવે, ખનિજ કાઢી લેવામાં આવે એ પછી જે ખાડા નકામા પડી રહ્યા છે તે જમીન જો અમારે વેચવી હોય તો એ જમીન વેચવા માટેની જંત્રી ઓછી કરે અથવા આ જમીનનો કોઈ જ ઉપયોગ નથી તો આ જમીન અમે સરકારને સોંપી દેવા માગીએ છીએ તો જે રીતે પોરબંદર જિલ્લાની અંદર ત્યાં આગળ એક નવો અભિગમ અપનાવ્યો છે કે આ જે ખાડાઓ હોય છે તેમાંથી ખનિજ કાઢી લીધું છે તેમાં તળાવ બનાવી અને તેનો સિંચાઇ માટે રિચાર્જ કરવા માટે સુંદર ઉપયોગ થઈ શકે છે તો તેવું પણ આખા ગુજરાતમાં કરવા માટે માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરુ છું તથા અમારા જૂના પડતર પ્રશ્નો છે જેવા કે બીન ખેતીમાંથી ખેતીલાયક જમીન કેવી રીતે બનાવવી અને ખાસ કરીને અમે જે કંઈ ઉદ્યોગો કરીએ છીએ તે જમીન વેચાતી લઈને કરીએ છીએ જયારે જે સરકારી જમીન હોય અથવા ગૌચરની જમીન હોય તો તેની અંદર જ ઉદ્યોગ કરીએ તો વધુ સારું રહે. તો તે જમીનને પણ જે રીતે અમે જમીન ખરીદ કરીએ છીએ તે રીતે સરકારી જમીન ખરીદી, જંત્રી પ્રમાણે કિંમત લઈને આપે તો સરકારને પણ આવક વધે અને અમે હરીફાઈમાં ટકી શકીએ.

ધનસુરાની અંદર જી.આઈ.ડી.સી.ની માગણી ઘણા સમયથી પડતર છે તો તે માગણી મંજૂર કરે તેવી મારી માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીને વિનંતી છે. આ સિવાય પ્રદૂષણ માટે જે મંજૂરી લેવાની હોય છે તે માટે મંજૂરી એક વખત લીધી હોય અને જી.ઈ.બી.નું કનેકશન હોય એ ૫૦ હોર્સપાવર અમારા હોય, પરંતુ એ હોર્સપાવર વધારવા હોય ત્યારે ફરીથી અમારે પ્રદૂષણ બોર્ડ પાસે જવાનું થાય છે તે નહીં જતા અમારું જે કનેકશન ચાલુ હોય એમાં હોર્સપાવર વધારવા માટે ભલામણ કરે તેવી મારી વિનંતી છે. પંચાયત વિભાગમાં સમરસ પંચાયત કરવાની યોજના છે પરંતુ જે ગામની અંદર સરપંચ સમરસ થઈ ગયા હોય, સભ્યો સમરસ થઈ ગયા હોય, એક જ સભ્યની ચૂંટણી ના થઈ હોય કારણ કે તે સીટ આદિવાસીની છે અને તે ગામની અંદર એક પણ વ્યકિત આદિવાસી નથી. તો તે ગામને સમરસ જાહેર કરી તેને તેનો લાભ આપવો જોઈએ તેવી મારી વિનંતી છે. નવી ગ્રામ પંચાયતોનું પણ મહેકમ મંજૂર કરવા વિનંતી છે. જે સુંદર કામગીરી છેલ્લા ૪ વર્ષ દરમિયાન રાજય સરકારે કરી તેને હું અભિનંદન આપી અને મારી વાત પૂરી કરીશ.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માગુ છું. આ સરકારમાં પંચાયતી રાજનો જે અભિગમ હતો એ અભિગમ રહ્યો નથી. ફકત હવે કાગળ ઉપર રહ્યો હોય એવું દેખાય છે. જિલ્લા પંચાયતના પ્રમુખને જે હક્કો હતા એ હક્કો પણ રહ્યા નથી અને શિક્ષણ સમિતિના જે હક્કો હતા એ હક્કો પણ હવે રહ્યા નથી. હવે તો સત્તાનું કેન્દ્રીકરણ થઈ ગયું છે. જિલ્લા પંચાયતના પ્રમુખ અથવા શિક્ષણ સમિતિના ચેરમેન, પોતાના જિલ્લામાં કોઈ શિક્ષકને એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકી શકતા નથી. નાના શિક્ષક માટે પણ છેક ગાંધીનગર લેવલે દોડવું પડે છે, આટલું બધું સત્તાનું વિકેન્દ્રીકરણ થયું છે. દરેક પંચાયતમાં અત્યારે લગભગ ૪૦ ટકા ઉપરાંતની જગ્યાઓ ખાલી છે અને એના લીધે જિલ્લા પંચાયતનું વહીવટીતંત્ર છે. એ લગભગ ખાડે ગયું છે એવી પરિસ્થિતિ પેદા થઈ છે. તલાટી પાસે ત્રણ થી ચાર પંચાયતનો ચાર્જ હોય, તલાટી કયાંય મળતા હોતા નથી. ખેડૂતો એક પંચાયતની બીજી પંચાયત અને બીજી પંચાયતથી ત્રીજી પંચાયતમાં જાય પણ તલાટીનો કયાંય પત્તો લાગતો નથી. આ રીતે ખેડૂતો છે એ ખૂબ હેરાન થતા હોય છે. હમણાં મંત્રીશ્રી વાત કરતા હતા કે આ જગ્યાઓ અમે ભરી શકતા નથી પણ એમણે કીધું કે અમે સહાયક તરીકે ભરી પણ શકીએ તો એમાં આવી જે જગ્યાઓ છે એ ભરો તો સારું. ગયા વખત પંચાયતોની ચૂંટણીઓ હતી જે તાલુકાના અધિકારી છે એ દરેક ગામડા લેવલે ગયા, પંચાયત લેવલે અને દબાણ કરે, કે કોઈપણ રીતે ગામ સમરસ કરો. એવું દબાણથી ગામ સમરસ કરે પણ દબાણ કરી કરીને સમરસ કરે એટલે જે હક્ક છે એ હક્ક માર્યો જાય છે.આ રીતે આ સરકાર સત્તાનું કેન્દ્રીકરણ કરી રહી છે ત્યારે આમાં

ગામડાના દરેક ગરીબ માણસને રોજગારી મળે તે માટે રાષ્ટ્રીય રોજગાર ગૅરન્ટી યોજના નામે જે કાયદો આવ્યો છે. આ સરકારમાં જે મીનીમમ વેજ છે એ ૫૦ રૂપિયા હોવાના કારણે એ વેજ પૂરતું મળતું નથી અને એના કારણે આ યોજના ચાલતી નથી. સરકારને અને મંત્રીશ્રીને વિનંતી છે કે બીજા રાજ્યોની સરખામણીમાં, બીજા રાજ્યોમાં ૧૦૦ રૂપિયા મીનીમમ વેજ મળે છે તો આ મીનીમમ વેજ સુધારવામાં આવે તો ગરીબ માણસોને પૂરતી રોજગારી મળી રહે. આ સરકારને મોટા ઉદ્યોગોની સરકાર કહેવામાં આવે છે. હમણાં સભ્યશ્રી વાત કરતા હતા મોટા મોટા ઉદ્યોગપતિઓ આમ કહેતા હતા. આવા મોટા પાંચ પાંચ ઉદ્યોગની સરકાર છે. લોકમુખે પણ આ

ચર્ચા છે. આ સરકારે મોટૅલ ઉદ્યોગને ૯૮ લાખ ચોરસમીટર સરકારી પડતર જમીન આપી છે. ગરીબ અને નાના સીમાંત ખેડૂત માણસ પાંચ એકર કે તેથી ઓછી જમીન માગે તો મળતી નથી. હમણાં ગોરધનભાઈ ઝડફિયા વાત કરતા હતા કે લાગુ જમીન, ખાડા ટેકરાવાળી જમીન છે એ ખેતી કરવા માગતા હોય તો એમાં નિયમ નડે છે. આવી જમીન આપી શકાતી નથી ત્યારે ઉદ્યોગોને મફતના ભાવે મોટી જમીનો સરકાર આપે છે. કચ્છ વિસ્તારના અગરિયા છે એ અગરિયા મીઠું પકવવા જમીન માગે તો મળતી નથી પણ * (xxxxxx) *** (xxxxxx) * (xxxxxx) * (xxxxxx)** જો આ જમીન અગરિયાઓને આપી હોત તો અગરિયાઓને ફાયદો થયો હોત.

માનનીય અધ્યક્ષશ્રી સ્પેશિયલ ઈકોનોમિક ઝોન આવ્યો એટલે સરકારે દારૂની છૂટ આપી. દારૂની છૂટ બરાબર છે પણ આ ઉદ્યોગના લોકો એટલો પાવર વાપરે છે કે પંચાયતને કહે છે કે ફલાણી તારીખે ફલાણી જગ્યાએ અમે આવવાના છીએ તમે હાજર રહેજો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, *** (xxxxxx) * (xxxxxx)** એ આક્ષેપ કર્યો છે એની એમણે વિગતો આપવી જોઈએ. એની પૂરી વિગતો સાથે કહે. (અંતરાય) પહેલા મંત્રીશ્રીને જાણ કરે. (અંતરાય) મંત્રીશ્રીને જાણ તો કરવી જોઈએ ને? નહિ તો આક્ષેપો કાઢી નાખો. વિગતો હોય તો આપે.

**સભાપતિશ્રી .** : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, સેઝના કારણે દારૂની છૂટ થવા માંડી પણ આ દબાણ પંચાયતમાં કરે છે કે તમારી જમીન લેવા આ તારીખે આવવાના છીએ અને તમે હાજર રહેજો. આ માટે કિસાન સંઘે વિરોધ કર્યો. કિસાન સંઘે કહ્યું કે આ સરકાર અમારા લીધે આવી છે, એમણે કિસાનોને આગળ ધર્યા હતા અને અત્યારે ભૂલી ગઈ છે. કિસાન સંઘના શ્રી સેજલિયા નામના પ્રમુખ છે એમણે જાણ કરી અને સરકારને કહેવામાં આવ્યું કે આ રીતે ખેડૂતો પાસેથી સસ્તા ભાવે જમીન પડાવી લેવામાં આવે છે. આ જમીન ખેડૂતો પાસે રહેવી જોઈએ. સરકાર આ ઉદ્યોગોથી દબાઈ ગઈ છે. કારણ કે સરકારની પ્રસિદ્ધિના બિલો, ૮૭ લાખ જેટલા મોટા મોટા બિલો સરકાર ઉદ્યોગપતિઓ પાસેથી અપાવવા માગે છે એટલે સરકારે ઉદ્યોગોના આવા નાના મોટા કામો કરવા પડતા હોય છે. અત્યારે નાના ઉદ્યોગો છે, નવો કાયદો આવ્યો, મધ્યમ ઉદ્યોગોનો સમાવેશ થતાં ગુજરાતના ૩ લાખ જેટલા નાના અને કુટીર ઉદ્યોગો સામે ખતરો ઊભો થયો છે. ૪૪ ટકા ઉદ્યોગો બંધ થઈ ગયા છે. લઘુ એકમો છે એ ૧૫૦૦૦ જેટલા બંધ થઈ ગયા છે ત્યારે આ જે નાના ઉદ્યોગો છે એના માટે સ્પેશિયલ પ્રોત્સાહક જોગવાઈ હોવી જોઈએ. જેથી ગામડાના માણસો આવા નાના ઉદ્યોગો ચલાવી શકે અને રોજીરોટી મેળવી શકે. અમારે ત્યાં ભિલોડામાં જી.આઈ.ડી.સી.નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આજે એની એ જ પરિસ્થિતિ છે, કાંઈ આગળ વધ્યું નથી.

એમ.ઓ.યુ.ની જાહેરાત કરી છે એટલે કદાચ કોઈ ઉદ્યોગ આવશે એમ હતું પણ કોઈ દેખાતું નથી. સરકારે એમ.ઓ.યુ.ની જાહેરાત કરી અને કહ્યું કે ૨૧ લાખ લોકોને રોજગારી મળશે. આ રોજગારી ક્યાં છે? આજે શિક્ષિત બેરોજગારો કંટાળી ગયા છે. જિલ્લા વિકાસ કેન્દ્રમાં જાય છે, અરજી કરે છે અને બેંક એને ધિરાણ નથી આપતી. સરકારની જે જાહેરાત છે તે પ્રમાણે કયાંકને કયાંક નોકરી મળશે. સરકાર દૂરનું જૂએ છે, વિઝન ૨૦૧૦-૧૨ આટલા દૂરના દિવસોમાં આટલી નોકરી મળી શેક પણ આજે શું? આજની તારીખે વધારે સારા શિક્ષિત બેરોજગારોને નોકરી મળી શકે. સરકાર નવરાત્રી મહોત્સવ, પતંગ મહોત્સવ ઊજવે એનો વાંધો નથી, એની પાછળ પ્રજાનો પૈસો વપરાય છે અને ભારણ પડે છે, આંકડા છે એટલે ભારણ ઓછું કરે. એ પ્રસિદ્ધિ બંધ કરીને વિકાસ તરફ ધ્યાન આપવાની જરૂર છે. આટલો મોટો જે ખર્ચ કરવામાં આવ્યો છે એ ખર્ચ ના કરે એના કરતા જે નાના એકમો છે એ નાના એકમોમાં આ સરકાર ધ્યાન આપે તો ગુજરાતમાં ઘણા નાણા વેપારીઓને અને નાના ઉદ્યોગોને ફાયદો થાય એ પ્રમાણે સરકાર વિચારે તો વધારે સારું. આ રીતે જે એમણી માગણી લઈને આવ્યાં છે તેની સાથે હું સંમત થઈ શકતો નથી.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૪૯, ૫૦, ૫૧, ૭૦ અને ૭૧ લઈને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ ભૌગોલિક દૃષ્ટિએ, સામાજિક દૃષ્ટિએ અને ધાર્મિક દૃષ્ટિએ એક વિશિષ્ટ પ્રકારનો સ્વભાવ ધરાવતું રાજ્ય છે. ગુજરાતની અંદર ૧૬૦૦ કિલોમિટર લાંબો દરિયા કિનારો છે, કચ્છનું રણ પણ છે અને ઉત્તર ગુજરાતનો મેદાની પ્રદેશ જેવો વિસ્તાર છે. ગુજરાતની અંદર ખાસ કરીને ધોળાવીરા અને લોથલ જેવી પ્રાચીન સંસ્કૃત્તિ પણ છે, સાથે સાથે આ રાષ્ટ્રની જે ૧૪-૧૨ જ્યોર્તિલિંગ છે એ પૈકીનું સોમનાથ જ્યોર્તિલિંગ, સોમનાથ મહાદેવનું મંદિર પણ છે. એક વખતની ભગવાન શ્રીકૃષ્ણની રાજધાની એવી દ્વારિકા પણ છે. વિશ્વ પ્રસિદ્ધ પાલીતાણા શેત્રુંજી પર્વત કે જ્યાં વિશ્વ પ્રસિદ્ધ જૈન દેરાસર આવેલું છે એ પણ છે. સાથે સાથે ગુજરાતની અંદર ત્રણ શકિતપીઠ એવા અંબાજી, બહુચરાજી અને મહાકાળી માનું પાવાગઢ પણ છે. ગુજરાતની અંદર એશિયાટીક સિંહો ધરાવતું ગીર અભયારણ્ય પણ છે. કાળિયાળનું અભયારણ્ય વેળાવદર પણ છે. આ રાજ્ય સરકારે વિચાર કર્યો છે કે સમગ્ર સંપદાને એક પર્યટન તરીકે વિકાસ કરીને ગુજરાતની જનતાને,

* *** (xxxxxx)** માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

ગુજરાતના યુવાનોને વધારેમાં વધારે રોજગારી ઊભી થાય એ સંદર્ભની અંદર ગુજરાત પ્રવાસન દૃષ્ટિએ કેવી રીતે વિકાસ કરવો જોઈએ એનું પણ ખૂબ માનનીય મુખ્યમંત્રીશ્રીનું વિઝન રહ્યું છે. ગુજરાત સરકાર યાત્રાધામ સંદર્ભની અંદર કાર્ય કરવા માટે પ્રવાસન નિગમ, નાગરિક ઉડિયન વિભાગ અને પવિત્ર યાત્રાધામ આ ત્રણ સૅકટરના માધ્યમથી ગુજરાતનો પર્યટનની દૃષ્ટિએ વિકાસ થાય એ દૃષ્ટિએ ખૂબ સારું આગોતરું કાર્ય કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અત્યારે પર્યટન ક્ષેત્રની અંદર એક આગવું ગુજરાત બની રહે એ દૃષ્ટિએ વિકાસ થયો છે. ગુજરાતની અંદર અત્યારે કુલ ૧૦,૭૮૫ કરોડ રૂપિયાનું આગામી વર્ષની અંદર ગુજરાતના વિકાસના સંદર્ભમાં ગુજરાતનો પર્યટનમાં વધારેમાં વધારે વિકાસ થાય એના માટે M.O.U. થયા છે. જે દેશની અંદર ગુજરાતે વિકાસની અંદર ખૂબ સારી રીતે એક ભૂમિકા ભજવી છે. ગુજરાતની અંદર જે વાતાવરણ બન્યું છે, ગુજરાત એક વિકાસની હરણફાળ ભરી રહ્યું છે. વિદેશી લોકોને પણ ગુજરાત પ્રત્યે શ્રદ્ધા બેઠી છે. ગુજરાતની બહાર વસતા ઉદ્યોગપતિઓ આજે ગુજરાતની અંદર મૂડીરોકાણ કરી રહ્યાં છે. દહાડે-દિવસે તમામ પ્રકારના ટુરિઝમની અંદર ગુજરાત આગળ વધતું રહ્યું છે. ગુજરાતની અંદર ૨૦૦૫ માં ૫૫,૭૮૫ લોકોએ ગુજરાતની મુલાકાત લીધી હતી. ત્યાર પછી વિદેશમાંથી જે ટુરિસ્ટો આવે છે તેની સરખામણીમાં ઉત્તરોત્તર વધારો થયો છે. ૨૦૦૬ના વર્ષની અંદર ૯૨,૧૮૨ વિદેશીઓએ ગુજરાતની મુલાકાત લીધી છે અને ગુજરાતની ઘરોહળ નિહાળી છે. ગુજરાતના વિવિધ પ્રકારના જે ટુરિસ્ટ સ્થળોની મુલાકાત લઈને ગુજરાતની અંદર એના વિદેશી પૈસા વાપર્યા છે જેથી કરીને ગુજરાતના સામાન્ય લોકોને એનાથી વિશિષ્ટ પ્રકારની રોજગારી ઊભી થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ બે વર્ષમાં ૬૫ ટકા ટુરિસ્ટો વિદેશથી ગુજરાતમાં એ પછી મૅડિકલ ટૂરિઝમના પરપઝથી આવતા હોય, ધાર્મિક પરપઝથી ટુરિસ્ટો આવતા હોય, કે જે તે દૃષ્ટિએ ગુજરાતમાં આવે છે એમાં ૬૫ ટકાનો એક વિક્રમ સર્જક વધારો થયો છે. ગુજરાતમાં જે છેલ્લા બે વર્ષમાં રાજય સરકારની છેલ્લા બે-ચાર વર્ષથી નીતિ રહેલી છે એમના હિસાબે ગુજરાતમાં લોકો વિશ્વની અંદર જે ગુજરાત અને ગુજરાતની બહાર જે વસ્યા છે એમની સાથેનો જે સંપર્ક સેતુ આપણે જે ઊભો કર્યો એના ખૂબ સારા પરિણામો મળ્યા. ૨૦૦૫માં ૬૫,૯૮૧ એન.આર.આઈ. લોકોએ ગુજરાતની મુલાકાત લીધી હતી અને ૨૦૦૬ના વર્ષમાં ૧,૧૪,૨૧૭ લોકોએ મુલાકાત લીધી હતી. આ દૃષ્ટિએ ભવિષ્યમાં આંતર રાષ્ટ્રીય કક્ષાએ ટૂરિસ્ટોમાં પણ ખૂબ આગળ વધી રહ્યું છે. એન.આર.આઈ. લોકો ગુજરાતમાં આવીને ખૂબ સારું રોકાણ પણ કરી રહ્યા છે. ગુજરાતનો વિકાસ જે દૃષ્ટિએ થઈ રહ્યો છે એ જોતાં સમગ્ર ગુજરાતનું એક યાત્રાધામ વિકાસ બોર્ડ બનાવ્યું છે. આ દેશના કોઈ રાજયોમાં પોતાના યાત્રાધામોના વિકાસના સંદર્ભમાં બોર્ડ બન્યું હોય એવું નથી. યાત્રાધામ વિકાસ બોર્ડના માધ્યમથી રાજય સરકારે ગિરનાર, સોમનાથ,પાલીતાણા, ડાકોર, અંબાજી, દ્વારિકા, જેવા ધાર્મિક સ્થળો છે એમના વિકાસની દૃષ્ટિએ કારણ કે, આ યાત્રા ધામોમાં વર્ષે દહાડે ખૂબ લોકો ધાર્મિક પરપઝથી મુલાકાત લેતા હોય છે અને એ લોકો ત્યાં પહોંચે, માત્ર ત્યાં યાત્રા ધામની મુલાકાત લે, તમે યાત્રા ધામ જાવ એટલું રાજય સરકારે નથી કહ્યું એની પાછળ મોટો વિચાર કરવામાં આવ્યો છે. જે લોકો યાત્રા ધામની મુલાકાત લે તો ત્યાં યાત્રા વખતે ઈન્ફ્રાસ્ટકચર, સુખ સુવિધા મળે, એમની સગવડો સચવાય એના માટે રાજય સરકારે ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરવામાં પણ ખૂબ અગ્રેસર ભૂમિકા ભજવી છે. દરેક યાત્રાધામ સ્થળો જે નક્કી કરવામાં આવ્યા છે એમાં ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થાય, યાત્રાધામ સ્થળ સુધી પહોંચતો રસ્તો હોય, રસ્તાના કામો થયા છે, ત્યાં સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રકચર મળી રહે, રાત્રી નિવાસ કરવામાં, ધાર્મિક મેળવા હોય, ધાર્મિક ઉત્સવો હોય, મોટી સંખ્યામાં લોકો ભેગા થતા હોય એમાં કોઈ અગવડતા ના થાય એના માટે રાજય સરકારે કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, હું પાલીતાણાથી આવું છું, પાલીતાણા બારસો વર્ષ જૂનું જૈનોનું પવિત્ર યાત્રા ધામ છે, ૧૮૦૦ ફૂટની ઊંચાઈએ, ૩૭૪૭ પગથિયા ચડીને જ્યારે આપણે પહોંચીએ છીએ, આદિશ્વર ભગવાનના દર્શન થાય છે, વીસ એકર વિસ્તારમાં શૈત્રૂંજય પર્વત ઉપર ૨૦ મોટા અને ૧૦૮ નાના દેરાસરો આવેલા છે. કુલ દેરાસરોની સંખ્યા શૈત્રૂંજય પર્વત ઉપર વીસ એકરમાં ૮૭૨ આવેલા છે અને ૭૦૦૦ જેટલી જીન પ્રતિમાઓ અત્યારે શૈત્રૂંજય પર્વત ઉપર બિરાજમાન છે. અને વિશ્વના કોઈ પણ એક સ્થળ ઉપર આટલી વિશાળ સંખ્યામાં મંદિરો હોય, દેરાસરો હોય, મૂર્તિઓ હોય એવું કોઈ સ્થળ નથી. યાત્રાધામની દૃષ્ટિએ એનો વિકાસ થાય એના માટે જે રાજય સરકારે પ્રયાસો હાથ ધર્યા છે એના ભાગરૂપે ગયા વર્ષે વિધાનસભા ચાલું હતી અને ફાગણી સુદ તેરસના દિવસે ત્યાં ત્રણ ગાઉની યાત્રાનો મોટો મેળો થાય છે. રાજય સરકારે, ત્રણ ગાઉની યાત્રાને મહોત્સવ તરીકે ઉજવ્યો અને એનું જે પરિણામ જે મળ્યું છે, માનનીય અધ્યક્ષશ્રી, દર વર્ષે પાલીતાણાની મુલાકાતે આવતા લોકોની સંખ્યા એક લાખ, દોઢ લાખની હતી , આ મહોત્સવના કારણે એ સંખ્યા વધીને બે લાખને વટાવી ગઈ છે એના હિસાબે પાલીતાણાના સ્થાનિક લોકોને રોજગારી મળે છે. પાલીતાણામાં અત્યારે ૧૫૦ જેટલી ધર્મશાળાઓ છે, એમાં દેશ અને વિદેશથી ટૂરિસ્ટ લોકો આવે છે અને એમને અહીંયા રહેવાની અને તમામ પ્રકારની સારી રીતે સગવડતા આપવા માટેનું જે ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયું છે, સુવિધાઓ ઊભી થઈ છે એના હિસાબે વધારને વધારે એ યાત્રાધામ તરીકે વિકસી રહ્યું છે. આજ રીતે સોમનાથનું પણ આવું જ છે, સોમનાથ એક એવું સ્થાન છે કે જે સમુદ્ર ( સમયસૂચક ઘંટડી ) સોમનાથ એક એવું સ્થળ છે, બાર જયોર્તિલિંગો પૈકીનું એક સ્થાન છે અને લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિજ્ઞા અનુસાર એક ભવ્ય મંદિરનું નિમાર્ણ થયું છે. સોમનાથના વિકાસ માટે અને આ મંદિરની વધારેને વધારે લોકો મુલાકાત લે, ભૂતકાળમાં

એ પછી મહંમદ ગઝનવીએ તોડ્યું હોય, અલ્લાઉદ્દીન ખીલજીએ તોડ્યું હોય કે ઔરંગઝેબે તોડ્યું હોય પરંતુ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિજ્ઞાને હિસાબે આજે આ મંદિરમાં દેશ-વિદેશના અને દુનિયાભરના લોકો પોતાના મસ્તકને નમાવવા માટે ધાર્મિક ભાવથી જ્યારે આ મંદિરની મુલાકાત લે છે, ત્યારે ત્યાં તમામ પ્રકારના ઈન્ફ્રાસ્ટ્રકચર, સરસ મઝાનો સમુદ્ર કિનારો છે. આ માગણી રજૂ થઈ છે એને સમર્થન કરીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ મંત્રીશ્રી, ,પ્રવાસન મંત્રીશ્રી અને પંચાયત મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેની ઉપર બોલવા ઊભો થયો છું. ઉદ્યોગ મંત્રીશ્રી અને આખી સરકાર ભા.જ.પા.ની કચ્છનો આ સરકાર આવી એ પછી એક નવો ઉદય થયો છે. વિકાસના ક્ષેત્રે વાત કરી છે ત્યારે મારે નમ્રપણે એ જ કહેવાનું છે કે કચ્છ ઉપર કોઈ દયા ન કરે. કચ્છમાં ઉદ્યોગો આવ્યા છે પણ એ કોના લાભાર્થે આવ્યા છે? બળવંતસિંહ વાત કરતા હતા કે હું તો એક નાનકડી યાદી આપીને ઉદ્યોગ મંત્રીશ્રીને સમજ માટે રજૂ કરવા માગું છું. એક મુંદ્રાની બાજુમાં ૧૬૯ની પડતર જમીન છે બધા ત્યાં માગણી કરે છે. એમાં ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની ચકાસણી કરવા માટે માગણી આવી ત્યારે વહીવટીતંત્રે ચકાસણી કરવા માટે મોકલ્યા અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે ચકાસણી કરીને એમને જમીન આપવી જોઈએ એવી ભલામણ કરી. એમાં એક અમદાવાદના જુની હાઈકોર્ટના ક્રોસિંગ પાસે એક બ્લ્યુ સ્ટાર કોમ્પ્લેક્ષની અંદર નવજીવન સોસાયટી અને એની અંદર કોઈક ઓફિસમાંથી પંદરેક પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ જમીનની માગણી કરી અને આપણે એને ભલામણ કરી. બધાએ વીસ વીસહજાર મીટર જમીનની ભલામણ કરી. એમાં હમણાં ડો.જોષીયારા કહેતા હતા એ નમૂનો છે કે કચ્છની એક પણ ઈંચ જમીન નકામી નથી. કચ્છની જમીન નકામી છે, ઉજ્જડ છે એવી સમજપૂર્વકની ગેરસમજ ફેલાવવામાં આવે છે. મને હજી કચ્છના મોટા રણમાં મરીન કેમિકલ્સ ઉદ્યોગની શકયતાનો સ્વીકાર કરીને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ કોઈ ઉદ્યોગ આવશે તો એમાં જોઈન્ટ વેન્ચર તરીકે ગુજરાત સરકાર આવશે એવી ખાતરી આપેલી. ૧૯૮૨માં અપાયેલી ખાતરીનું અમલીકરણ ન થયું એટલે ૧૯૮૬થી ૧૯૮૮માં ખાતરી સમિતિએ ચર્ચા કરી. ખાતરી સમિતિની ભલામણ પછી આ અંગે પૂછવામાં આવતાં ઉદ્યોગપતિનું લિસ્ટ સરવે કરીને મોકલવામાં આવ્યું. ચીમનભાઈ પટેલના વખતમાં ઉદ્યોગ કમિશ્નરશ્રી કેશવ વર્મા હતા ત્યારે કચ્છના મોટા રણમાં ૧૦૦૦૦એકરની બે જમીનો, એકમાં ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ જોઈન્ટ વેન્ચરમાં આવ્યું. સરકારની કબુલાત પ્રમાણે અને બીજું સોલારીસ બેલારપુર ઈન્ડસ્ટ્રીના બે કારખાના અત્યારે કાર્યરત છે. એમણે પણ એકસપાન્સન માટે જમીનની માગણી કરી છે. એક બીજી પણ કંપની આવી છે. નાયડુ એના સંચાલક છે. •* **(xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx) * (xxxxxx)** એકલાખ એકર જમીન માગી હતી. રાડ ફાટી જાય આ નવું નથી. અગાઉ એક (અંતરાય)

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વૈંકૈયા નાયડુ એ ભા.જ.પા.ના આગેવાન છે કોઈપણ જગ્યાએ એમણે માગણી કરી હોય એવી કોઈ જગ્યા નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આક્ષેપ નથી કરતો પણ *** (xxxxxx)** એ માગણી કરી છે એમની સાથે આવેલા.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, *** (xxxxxx)** એક પણ માગણી છે નહીં. એમને બદનામ કરવાના પ્રયત્ન છે.જમીનો અપાઈ પણ નથી. માત્ર જમીનની માંગણી આવી છે અને જમીનો એટલી મળવી ન જોઈએ એવી રજૂઆત અમે કરેલી છે. *** (xxxxxx) * (xxxxxx) * (xxxxxx)**

**શ્રી અશોક ભટ્ટ** : તો પછી આપ જેવા જવાબદાર માણસ બેજવાબદાર વાત શું કામ કરે છે?

**સભાપતિશ્રી .** : નામ કાઢી નાખો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : વેલબ્રેઈન આ કંપનીના સંચાલક નાયડુ છે, એટલે.

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### વ્યક્તિગત આક્ષેપ કરવા અંગે

**શ્રી અશોક ભટ્ટ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. એ પોતે કહે છે કે નાયડુ એની અંદર છે નહિ અને એમના વિષે આક્ષેપ ન કરી શકું, તો પછી આ જાતના ગર્ભિત કોઈ રાજકીય નેતા આખા દેશના નેતા છે, એના માટે ભ્રમણા ફેલાવવાનું આ મંચ નથી. આ ગૃહ જવાબદાર માણસોની જવાબદાર વાત કરવા માટેનું છે અને એક જવાબદાર માણસે જવાબદારીપૂર્વક વાત કરવા માટેનું આ ગૃહ છે અને એટલા માટે આપણો નિયમ-૩૭નો છે (અંતરાય) બોલ્યા પછી પોતે એમ કહે કે મારું નિવેદન કાઢી નાખે. કાઢી નાખવાથી પ્રશ્ન પતતો નથી. (અંતરાય) તમે આઉટ ઑફ લાઈનથી વાત કરો એટલે મારે પરંપરા ન કહેવી. તમે બેજવાબદાર રીતે બોલો એટલે મારે બોલવાનો અધિકાર નથી. આપ સિનિયર સભ્ય છો. તમે જાણો છો. તમે પોતે સાક્ષી છો. નાયડું નહોતા

---

• *** (xxxxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

(અંતરાય) મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. મારે આપનું સ્પષ્ટ માર્ગદર્શન જોઈએ છે કે બેજવાબદાર રીતે જવાબદાર માણસ જો આ રીતે આક્ષેપ કરતા હોય અને પછી પોતે એમ કહે કે હું મારા આક્ષેપો કાઢી નાખું છું એ કેટલું વ્યાજબી છે? કાઢી નાખવા હોય તો એ આપનો અધિકાર છે. ઠપકો આપવો, શબ્દો કાઢી નાખવા કે નિર્ણય આપવો એ આપનો અધિકાર છે. આપની પાસે નિર્ણય માગું છું. એમની પાસે નિર્ણય નથી માગ્યો. આપના દ્વારા નિર્ણય માગું છું. એમણે જે શબ્દો વાપર્યા છે એ જવાબદારીપૂર્વક વપરાવવા જોઈએ, એટલું જ મારે આપની પાસે માગવું છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : અશોકભાઈ ભટ્ટ સાહેબે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. વાસ્તવમાં એ પહેલા કાઢી નાખેલ છે, બાકી રહેતો નથી.

**સભાપતિશ્રી** : નિર્ણય મારે દેવાનો છે. જ્યારે હાઉસની અંદર કોઈ વિભાગની માગણી ઉપરની ચર્ચા ચાલતી હોય ત્યારે દરેક સભ્યશ્રીઓએ કાળજી રાખવી જોઈએ. કોઈ વ્યક્તિગત બાબતોને આમાં લાવવી ન જોઈએ અને વિભાગની માગણી હોય, એના ઉપર ચર્ચા કરવી જોઈએ. માનનીય અશોકભાઈ ભટ્ટે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એ ઉપસ્થિત થયેલ મુદ્દો સાચો છે. પૉઈન્ટ ઑફ ઑર્ડર એમનો સાચો છે. હું સ્વીકારું છું અને ભવિષ્યમાં માનનીય બાબુભાઈ આપ જ્યારે સિનિયર સભ્યશ્રી છો, એક વખતના મિનિસ્ટર રહી ચૂકેલ છો. ભવિષ્યમાં આપના મુખેથી કોઈ એવી બાબતો ન આવવી જોઈએ, જેનો ઔચિત્ય ભંગ થતો હોય અને કયાંય નામનો ઉલ્લેખ ન થવો જોઈએ, એવી આપને સૂચના આપું છું.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : કચ્છની અંદર જમીનની માંગણી કોની કોની આવી છે, એટલા માટે નામ આપતો હતો. સંજય વી. નાયડુ કરીને સદગ્રહસ્થ છે એ ભ્રમભરમાં જમીન માગે, ભાડાપટમાં જમીન માગે, કોઈ ઠેકાણે એ સોલ્ટ આયોડાનાઈ માટે જમીન માગે, કોઈ ઠેકાણે વેંકૈયા કહે એ સ્થળે આયોડાનાઈ સોલ્ટ માટે જમીન માગે તો કચ્છ કોનું છે? કચ્છમાં સ્થાનિક રોજગારી માટે થઈને માનનીય વડાપ્રધાન અટલબિહારી વાજપાયીએ એક ખાસ પૅકેજ એકસાઈઝનું આપેલું, અન્ય જિલ્લાએ એ માગેલું, પણ એમને ન આપવામાં આવ્યું. કચ્છને આપવામાં આવ્યું તો કચ્છના સ્થાનિક લોકોને રોજગારી મળે એના માટેનું આ પૅકેજ હતુ. આ ગુજરાત સરકાર અર્થઘટન એ કરે કે આ સ્થાનિક રોજગારીની અંદર ગુજરાતના બધા લોકો આવી જાય. અમને વાંધો નથી, પરંતુ સ્થાનિક ડોમીસાઈલ સર્ટીફિકેટના નામે નામની ચકાસણી તો કરો? ૧૫ વર્ષથી ગુજરાતમાં રહે છે એવા ખોટા સર્ટીફિકેટ કોના આવેલા છે? જ્યાં ૮૫ ટકા રોજગારી ન હોય, એને રાજ્ય સરકાર આપતી સવલતો બંધ કરવાની ભલામણ શા માટે રાજ્ય સરકાર કરતી નથી? ઈન્ડસ્ટ્રિયલ કમિશનરને આપના મારફત કહેવા માગું છું કે સ્થાનિક રોજગારી ૮૫ ટકા આપવાની હોય એ ના આપતા હોય, કચ્છના લખપત, અબડાસા, નખત્રાણા ઉપરનો વિસ્તાર, રાપર-ભચાઉ ઉપરનો વિસ્તાર, બૉર્ડર ઉપરનો વિસ્તાર છે, ત્યાં રોજગારી માટેનું કોઈ એક પણ કારખાનું નાખેલું છે ખરું? ત્યાં ભ્રમની અંદર ૧૬૯ની જમીનની અંદર કોણે કોણે માગણી કરેલ છે ૨૦૦૨, ૨૦૦૩, ૨૦૦૪, ૨૦૦૫માં તેની ચકાસણી કરવામાં આવી છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી જે ભલામણ કરવામાં આવી છે તેના કારણે આ જમીનો પાણીના ભાવે ત્યાં આગળ સો પાઈપ્સ નામની મલ્ટીનેશનલ કંપનીને જમીન આપવામાં આવી હોય તે માત્ર સાત રૂપિયે મીટરના ભાવે આવી છે. એટલા માટે કોઈ નાનો કિસાન જે જમીન વિહોણો હોય, મજૂર જમીન વિહોણો હોય તેની માગણી હોય ત્યાં ઉદ્યોગપતિની માગણી આવે તો તેને બાજુએ મૂકી તેના માટે જમીનની ભલામણ થાય છે. પરંતુ આ જમીનના પૈસા રાજયની તિજોરીમાં તો લો. ત્યાંના ભાવો જે હોય. સાહેબ એક પેટ્રોલ પંપ માટેની ભલામણ આવી તેણે ૨૦ હજાર મીટર સરકારી જમીનની માગણી કરી છે. ૨૦ હજાર મીટર જમીન ઉપર પેટ્રોલ પંપ કોઈ ઠેકાણે જોયો છે. (સમયસૂચક ઘંટડી) મારે બોલવાનું છે. પંચાયત વિશે બોલવાનું છે, ગ્રામ ગૃહનિર્માણ વિશે બોલવાનું છે.

**સભાપતિશ્રી .** : માનનીય બાબુભાઈ આપના સભ્યશ્રીઓ બોલવાના બાકી છે. ત્રણ મંત્રીશ્રીઓ બોલવાના બાકી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગોની ટીકા નથી કરતો. ઉદ્યોગમંત્રીશ્રીનું વલણ હંમેશાં હકારાત્મક હોય છે. તેઓની સરાહના કરું છું.

**સભાપતિશ્રી .** : પ્લીઝ આટલો જ સમય ફાળવ્યો છે. બાબુભાઈ બેસો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છના ઉદ્યોગોની મુદત વધે તેના માટે રજૂઆત કરવા માટે હું પણ ગયો છું. આજે પણ રજૂઆત કરીએ છીએ. પરંતુ તેનો લાભ લેતા ઉદ્યોગપતિઓ સ્થાનિક રોજગારી આપે તે ખૂબ જરૂરી છે. માનનીય પંચાયત મંત્રીશ્રીને આ જે તલાટીની જગ્યાઓ ખાલી છે તે ભરવા માટે વિનંતી છે. તેમણે સ્વીકાર કર્યો છે કે આ જગ્યાઓ ખાલી છે. આ તલાટીઓ વગર અગિયારમા અને બારમા નાણા પંચના કેન્દ્ર સરકાર તરફથી આવેલ પૈસાનો ઉપયોગ કેવી રીતે કરી શકશો? અત્યારે જે અમલીકરણ છે તે સાચી દિશામાં

થાય તેના માટે અને બંધારણનો ૭૩મો અને ૭૪મો સુધારો આવ્યો તેની શરૂઆત થાય તે માટે કંઈક કરવું જોઈએ.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ જે માગણી ક્રમાંક- ૭૦ અને ૭૧ લઈને આવ્યા છે ત્યારે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ખાસ કરીને પંચાયત વિભાગમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થામાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને ગ્રામ પંચાયતો હોય છે. તેના દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં થતા અનેક કાર્યક્રમો અને વિકાસની યોજનાઓનો અમલ પંચાયતી રાજ મારફતે થાય છે. ગ્રામ પંચાયતની વાત કરું તો ગામડાની જે કઈ યોજનાઓ હોય તેનું અમલીકરણ ગ્રામ પંચાયત મારફતે થાય છે. મારે દુ:ખ સાથે કહેવું પડે કે આજે આખા રાજયમાં તલાટી કમ મંત્રી અને આ તલાટી એ સાહેબ ગામનો વડો કહેવાય છે. તેના મારફતે ગ્રામ પંચાયતની કામગીરી થાય છે. ત્યારે આજે આખા રાજયમાં ૨૮૧૦ જગ્યાઓ ખાલી છે. કોઈપણ નાગરિક કોઈ કામ લઈને જાય ત્યારે અને જાતિના દાખલા, જન્મ મરણના દાખલા, ૭/૧૨ અને ૮-અના ઉતારા લેવા માટે તલાટી પાસે જાય છે ત્યારે આજે સાહેબ એક એક તલાટી પાસે ત્રણ થી ચાર ગ્રામ પંચાયતનો ચાર્જ હોય છે. એટલે નાગરિક ભટકતો ભટકતો પાછો ફરે છે. તેને તલાટી મળે નહીં એટલે કોઈ લાભ મળતા નથી અને તે લોકો લાભ લઈ શકતા નથી. ત્યારે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આટલી તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ છે અને ગ્રામ્ય વિસ્તારની યોજનાઓનું અમલીકરણ સારી રીતે કરવું હોય તો આ જગ્યાઓ ભરવી જોઈએ. તે સિવાય અત્યારે ગ્રામ પંચાયતોમાં કૉમ્પ્યુટર આપ્યા છે. તેના મારફતે ગામના જે નાગરિકો છે તેમના કામો કરવાના છે. ૭/૧૨ કે ૮-અનો દાખલો લેવો હોય તો તેના માટે કૉમ્પ્યુટર સહાયકની નિમણૂક કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિમણૂકો નથી કરી ખરેખર એમને જે મૂક્યા છે કૉમ્પ્યુટર ઉપર કામ કરવા માટે, એમની પાસે કૉમ્પ્યુટર વાપરવા માટે ડિપોઝિટ લીધી છે અને એમને જે કોઈ દાખલામાંથી કે બીજામાંથી જે આવક મળે એમાંથી એમને લાઈટ બિલ ભરવાનું છે અને પંચાયતમાં અમુક પૈસા જમા કરીને બાકીના પૈસા એમની પાસે રહેશે. મોટા ગામ હોય તો એને પોસાય પણ જે કદાચ નાના નાના ગામ હોય તો આખા મહિનામાં એમને કેટલી આવક થવાની છે? ત્યારે એમને પણ કૉમ્પ્યુટર સાહસિકની જે નિમણૂક થઈ છે તો જેમ ગ્રામ મિત્રની નિમણૂક થાય છે એને એક હજાર રૂપિયાનો પગાર આપવાનું નક્કી કરવામાં આવેલું છે તો કૉમ્પ્યુટર સાહસિકને પણ કંઈક માનદ વેતન મળે એવું ગોઠવવું જોઈએ અને જે ગ્રામમિત્રોની નિમણૂકો અત્યારે કરવામાં આવી છે કે દરેક ગામમાં પાંચ પાંચ ગ્રામમિત્રો નિમણૂક કરે અને તેમાં કૃષિ, શિક્ષણ, આરોગ્ય વિકાસ અને જન કલ્યાણ, ત્યારે મારે એ કહેવું છે કે, તલાટીઓની જગ્યાઓ ખાલી હોય, ગ્રામ સેવકોની જગ્યાઓ ખાલી હોય અને એની જગ્યાએ ગ્રામમિત્રની જે નિમણૂકો કરવામાં આવે તો ખરેખર આપણે એ મિત્રોની નિમણૂકો કરીને એની પાસે કામ કરાવીએ એના કરતાં જે પંચાયતની મંજૂર થયેલી જે જગ્યાઓ છે તલાટીઓની જગ્યાઓ છે, ગ્રામ સેવકોની જગ્યાઓ છે, બીજી કોઈ તાલુકા પંચાયતની કે જિલ્લા પંચાયતની જે ખાલી જગ્યાઓ છે એ ખાલી જગ્યાઓ ભરવામાં આવે તો આજે હજારો યુવાનોને એમાંથી રોજગારી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે ગ્રામ ગૃહનિર્માણની વાત કરું તો એમાં સરદાર આવાસ યોજના અને (સમયસૂચક ઘંટડી) ઇન્દિરા આવાસ યોજના છે એનો લાભ કોને મળે? તો જે બીપીએલ છે.

**સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ.** : માનનીય મંત્રીશ્રી, અનિલભાઈ...

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ મને બોલવા દો.

**સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ.** :માનનીય દોલતભાઈ, સમયની ફાળવણી થઈ છે અને એ પૂરી થઈ છે, અને ફાળવેલા સમય કરતાં ત્રણ મિનિટ વધારે થઈ છે, માનનીય અનિલભાઈ...

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ અને ખાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની જે માગણીઓ લઈને સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું, એમાં બંને પક્ષના માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આજે ઔદ્યોગિક ક્ષેત્રે હરણ ફાળ પ્રગતિ કરી રહ્યું છે એની નોંધ માત્ર આપણા દેશના અન્ય રાજયોએ જ નહીં પણ વિશ્વના ઉદ્યોગપતિઓએ પણ લીધી છે. અહીં માનનીય વિરોધપક્ષના દંડક શ્રી અને મારા પરમ મિત્ર ડો. સી.જે. ચાવડાએ એમની રજૂઆત કરી પણ જવાબ સાંભળવા માટે તેઓશ્રી અત્યારે હાજર રહ્યા નથી પણ મારે એમને કહેવું છે કે, વાયબ્રન્ટ ગુજરાતનો જે કાર્યક્રમ થયો તેનાથી ગુજરાતમાં ૨૦૦૧ના ધરતીકંપ પછી આર્થિક સ્થિતિ અને ઔદ્યોગિક ક્ષેત્રે જે મંદીનું વાતાવરણ હતું એમાંથી બહાર લાવવા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીની દૂરંદેશીના કારણે આ કાર્યક્રમો મારફતે આપણે કોઈ દેશમાં એમઓયુ કરવા ગયા નથી કે બીજા કોઈ રાજયમાં આપણે એમઓયુ કરવા ગયા નથી પણ બીજા રાજયોના કે બીજા દેશોના ઉદ્યોગપતિઓ એ આપણા આંગણે આવ્યા છે અને વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૭ની અંદર જે સ્ટેજે જે ઉદ્યોગપતિઓ બિરાજમાન હતા. આખાય દેશના ઉદ્યોગપતિઓ, એ ઉદ્યોગપતિઓએ પોતે પોતાની મેળે મૂડી રોકાણોની જાહેરાત કરી છે અને એના માટે આપણે કોઈ એમને દબાણ કરેલ નથી. અહીંયા જે ટીકા થાય છે મૂડી રોકાણ અને એમ.ઓ.યુ.ની એ મારી દૃષ્ટિએ આ દેશના સર્વમાન્ય ઉદ્યોગપતિઓ મુકેશ અંબાણી, રતન ટાટા, બિરલા, આઈ.સી.આઈ.સી.આઈ. કે ઓ.એન.જી.સી.ના શર્માજી હોય એ

આપણા દેશના સન્માનીય ઉદ્યોગપતિઓ છે. અને એમના દ્વારા આ જાહેરાત કરવામાં આવી છે ત્યારે એમની ટીકા કરવી એ મારી દૃષ્ટિએ આર્થિક સમજનો મોટો અભાવ જણાય છે. કારણ કે, રતન ટાટા જેને દેશની કેંદ્ર સરકારે મૂડી રોકાણ માટેના કમિશનનાં-કમિટીના એક અધ્યક્ષ તરીકે જ્યારે માન આપવામાં આવ્યું છે. મુકેશ અંબાણી કે જેમના માટે એમની જ કૉન્ગ્રેસની સરકાર વાળા હરિયાણા રાજયે ૨૫ હજાર એકર જમીન ઑફર કરીને ત્યાં સ્પેશિયલ ઈકોનૉમિક ઝોન માટે આમંત્રણ આપ્યું છે. મહારાષ્ટ્રમાં બોલાવીને આપે છે ત્યારે એ એમ.ઓ.યુ.નું કામ ગુજરાત સરકાર કરે ત્યારે એની ટીકા કરવી એ કેટલે અંશે વાજબી છે? કારણ કે આના કારણે ગુજરાત આજે એવા પ્રકારના વિકાસના પંથે આવ્યું છે કે ભૂતકાળમાં કદી પણ ન બન્યું હોય એવા પ્રકારનો આર્થિક વિકાસ આવતા પાંચ કે દસ વર્ષમાં ગુજરાતમાં થવાનો છે એની પાછળનો મુખ્ય આશય રોજગારીનું સર્જન કરવાનો છે.

ગુજરાત માટે અહીંયા કહેવામાં આવે છે કે, શિક્ષિત બેરોજગારી, તો શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવી હશે તો આપણે રાજયના નાગરિકો પાસે ખરીદ શકિત મૂકવી પડશે. હવે ખરીદ શકિત મૂકવી હશે તો ઔદ્યોગિક વિકાસના આધારે જ આ થઈ શકશે. મારે ટૂંકી વાત કરવી છે કે, ગુજરાત સરકારનો અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો અભિગમ છે તેમાં ૧૨ અને ૧૩ તારીખે જ્યારે અબજો રૂપિયાના એમ.ઓ.યુ. થતા હતા અને અબજોપતિઓ સાથે મુખ્યમંત્રીશ્રી હાથ મિલાવતા હતા અને મીટિંગ કરતા હતા અને વૈશ્વિક કક્ષાનો માહોલ વાઈબ્રંટ ગુજરાત ૨૦૦૭માં બનેલો હતો ત્યારે એના બીજા જ દિવસે ૧૪મી જાન્યુઆરીના સવારે મકરસંક્રાતિના-ઉત્તરાયણના દિવસે માનનીય મુખ્યમંત્રીશ્રી ગાંધીનગરમાં એક નાનકડા કાર્યક્રમમાં ગાંધીનગરની આજુબાજુ વસતા અપંગ, નિરાધાર, અનાથ એવા યુવાનોને પતંગ અને દોરીનું વિતરણ કરતા હતા ત્યારે એમણે જે શબ્દો કહ્યાં હતા એ શબ્દો મારે આ સભાગૃહને કહેવા છે. એમણે કહ્યું કે, 'બે દિવસ આપણે વાઈબ્રંટ ગુજરાતનો પ્રોગ્રામ એટલા માટે કર્યો છે કે, એના વિકાસના જે ફળો મળે એના કારણે રાજયની જે આવક વધે એનો ઉપયોગ આ ગરીબ અને નિરાધાર લોકોના મુખ ઉપર સ્મિત રેલાવવા માટે કરવો છે, આ માટે આ કાર્યક્રમ કર્યો છે.' એટલે હું એમ માનું છું કે, આ ઉદ્યોગો ઝડપથી આવે એ માટે ટીકા કરે તો સમજી શકાય કે આ ઉદ્યોગો ઝડપી આવતા નથી, એમાં રાજય સરકાર એકટીવ નથી. એવી ટીકા કરવી હોય તો કરી શકે પણ હું એમ માનું છું કે, આ વાઈબ્રંટ ગુજરાતનાં એમ.ઓ.યુ.ની ટીકા કરવી એ રાજયનું અપમાન અને દેશના મોટા ઉદ્યોગપતિઓનું અપમાન થઈ રહ્યું હોય એવું મને લાગે છે. આપણી રાજય સરકારે જે ઔદ્યોગિક ક્ષેત્રે કામગીરી કરી છે એના માટે આછી ઝલક મારે આપવી છે. ૨૦૦૦માં જે ઉત્પાદન ૩૩૭૮૬ કરોડનું એ.એસ.ડી.પી. ગુજરાત રાજયનું ઔદ્યોગિક ઘરગથ્થું ઉત્પાદન હતું એ ૨૦૦૫-૨૦૦૬માં ૬૪ હજાર કરોડ થયું છે. એ સરેરાશ ૧૪.૫ ટકાનો વાર્ષિક ગ્રોથ દર બતાવે છે એ આખાય દેશમાં સૌથી વિશેષ છે. જે ૪ લાખ ૬૧ હજાર કરોડના મૂડી રોકાણો આવ્યા અને અગાઉની બે સમીટમાં મૂડી રોકાણો આવ્યા એમાં પણ આખા દેશમાં ગુજરાતનો ટ્રેક રેકર્ડ છે અમલીકરણની બાબતમાં કે જે એમ.ઓ.યુ. થાય છે એમાંથી ૭૦ થી ૮૦ ટકા સાચા અર્થમાં એનું અમલીકરણ થતું હોય છે. આ મૂડી રોકાણના કારણે આપણે જે સ્થિતિએ પહોંચ્યા છીએ એમાં મારે જણાવવું છે કે, કેંદ્ર સરકારે ઑગસ્ટ ૧૯૯૧ થી ડિસેમ્બર ૨૦૦૬ સુધી જે આવેદનપત્રો મૂડી રોકાણ ક્ષેત્રે સમગ્ર દેશમાં જુદા જુદા રાજયો મારફતે જે થયા છે એમાં ૩, ૬૪, ૭૧૨ કરોડના મૂડી રોકાણો સાથે ગુજરાત આજે પ્રથમ સ્થાન ધરાવે છે. આખાય દેશના કુલ મૂડી રોકાણમાં ગુજરાતનો હિસ્સો ૧૫.૪ ટકા છે અને ગુજરાત બાદ મહારાષ્ટ્ર તે બીજા નંબરે અને ત્રીજા નંબરે છત્તીસગઢ આવે છે. મહારાષ્ટ્રનું મૂડી રોકાણ ૩ લાખ અને ૩ હજાર કરોડ છે અને મે-૨૦૦૫માં અહીંયા ડો.સી.જે.ચાવડા કહેતા હતા કે ગુજરાત બીજા નંબરે હતું. સાચુ હતું જ્યારે ગુજરાત બીજા નંબરે હતું કોંગ્રેસનું રાજય હતું ત્યારે ગુજરાત બીજા નંબરે હતું આજે નરેન્દ્ર મોદી સાહેબની સરકારમાં ગુજરાત પ્રથમ નંબરે સૌ પ્રથમવાર ૫૦ વર્ષમાં તે ગુજરાત ત્યાં આવ્યું છે મારે આ સન્માનીય સભાગૃહને તે પણ જણાવવું છે કે આ જે મૂડી રોકાણો માટેની રાજય સરકારે અમલીકરણ માટેની જે કમિટી અને અમલીકરણ અંગેની કાર્યવાહી જે હાથ ધરી છે તેને કારણે આ મોટાભાગના મૂડી રોકાણો ખૂબ ઝડપથી આની અંદર આવશે. કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓએ જમીન વગેરે અંગેની ચિંતા વ્યક્ત કરી. વેસ્ટ બેંગાલની અંદર જ્યાં કોંગ્રેસને સમર્થન આપતી સરકાર છે તે સરકારની અંદર કેટલા બધા તેના કિસાનો માટેના આંદોલનો થયા અને એસ.ઈ.ઝેડની જમીન વગેરે માટેની જે મુશ્કેલી ઉભી થઈ તેની સામે ગુજરાતમાં આપણે ૩૩ એસ.ઈ.ઝેડ જે નક્કી કર્યા તેમાં કયાંય આપણને કોઈ પણ પ્રકારના આંદોલનો રાજયની અંદર થયા નથી અને તે જ બતાવે છે કે આ રાજયની પ્રજા ઉદ્યોગોને ઝંખે છે. તેમને ખબર છે કે ઉદ્યોગોના માધ્યમ મારફતે આપણે આવતી પેઢીના બાળકોને આપણે યોગ્ય રીતે તેનું જીવન ધોરણ અપ કરવા માટેની જે શક્યતાઓ છે અને આ વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતના તેમાં ૬ લાખ ૬૬ હજાર કરોડ રૂપિયાના મૂડી રોકાણો જેના મારફતે ૨૦ લાખ કરતાં પણ વધારે નવી રોજગારીનું સર્જન જે રાજયમાં થવાનું છે આ વાતની ગુજરાતની પ્રજાને પૂરેપૂરી સમજ છે અને એટલા માટે ગુજરાતની પ્રજા આ સરકારના કાર્યક્રમોને પૂરેપૂરું સમર્થન આપે છે. મારે એ પણ કહેવું છે અહીંયા લઘુ ઉદ્યોગોની ચિંતા કેટલાક માનનીય ધારાસભ્યશ્રીઓ દ્વારા કરવામાં આવી. રાજયનું ઉદ્યોગ માટેનું જે બજેટ છે તેમાં કહેવામાં આવ્યું કે પાંચ કરોડપતિ ઉદ્યોગપતિઓની આ સરકાર છે પાંચ કરોડ પ્રજાની સરકાર નથી. પણ પાંચ કરોડપતિ ઉદ્યોગપતિઓની સરકાર છે એવી જે વાત થઈ તેની સામે મારે એ કહેવાનું છે કે જે માગણીઓ લઈને આવ્યો છું તેમાં એક રૂપિયો મોટા ઉદ્યોગોની માટેની ફાળવણીનો છે

જ નહીં. બજેટની જે માગણીઓ છે તે માત્ર અને માત્ર મધ્યમ અને લઘુ ઉદ્યોગો માટેની આપણી પ્રોત્સાહક યોજનાઓ છે તેને માટેની ફાળવણી હું લઈને આવ્યો છું. જ્યારે ૧૫૫૦૦ કરોડની યોજનાકીય હોય તેમાંથી માત્ર ચાર ટકા તે ઉદ્યોગ ખાણ અને પ્રવાસન ઉદ્યોગ માટે છે અને તેમાં પણ લઘુ ઉદ્યોગો, મધ્યમ ઉદ્યોગો અને પ્રવાસન ઉદ્યોગ માટે ૧૦૦ કરોડ આ રીતની ફાળવણી છે. એટલે આ સરકાર તે કરોડપતિ ઉદ્યોગપતિઓની સરકાર છે તે વાત તદ્દન ખોટી છે અને તે પ્રકારનો પ્રચાર તે પ્રજા કદીય સ્વીકારવાની નથી. એટલે જે પ્રકારની અપેક્ષા લઈને આ વિપક્ષના સાથી મિત્રો ચાલે છે તે અપેક્ષા તેમની બર આવવાની નથી કારણકે ગુજરાતની પ્રજા તે જાણે છે ઉદ્યોગોનો વિકાસ તે સાચા અર્થમાં રાજયના વિકાસ માટે જરૂરી છે. તેમણે કહ્યું કે જી.આઈ.ડી.સી.ના પ્લોટ વેંચાતા નહોતા. આજે એવી સ્થિતિ થઈ છે કે જી.આઈ.ડી.સી.માં પ્લોટ મળતાં નથી. કેમ કે એટલો ઔદ્યોગિક વિકાસ આપણે જે રીતે ઝડપથી કરી રહ્યાં છીએ તેને કારણે મળતાં નથી. અમારા સભ્યશ્રી બલવંતસિંહ ભાઈ વાત કરતા હતા સિધ્ધપુરમાં તેમણે જી.આઈ.ડી.સી.ની માગણી કરી અને સિધ્ધપુરમાં જી.આઈ.ડી.સી.તાત્કાલિક શરૂ થઈ એટલે તે ઔદ્યોગિક વિકાસ તેના માટેનો થયો. આપણે જે અગાઉ જી.આઈ.ડી.સી.ના માધ્યમ મારફતે વિકાસ કરતા હતા તેની સામે આજના આધુનિક યુગમાં, આજના વૈશ્વિકરણના યુગમાં જે નિકાસલક્ષી ઉદ્યોગો કેન્દ્ર સરકારે જે સ્પેશ્યલ ઈકોનૉમિક ઝોન માટેની જે વ્યવસ્થા ઉભી કરવાનું વિચાર્યુ તેમાં ગુજરાતે જે લીડ લીધી છે તેને કારણે ગુજરાત આજે સમગ્ર દેશમાં ૩૩ એસ.ઈ.ઝેડ સાથે મલ્ટી પ્રોડકટ એસ.ઈ.ઝેડ હોય કે સીંગલ પ્રોડકટ એસ.ઈ.ઝેડ હોય, પ્રોડકટ સ્પેશીફીક એસ.ઈ.ઝેડ હોય તેના મારફતે તે સમગ્ર રાજયની અંદર સૌથી ઝડપી વિકાસ કરી શકે એવી શકયતાઓ આપણે ત્યાં આના કારણે ઉભી થઈ છે.અને ૩૩ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન રાજયની અંદર લાવી રહ્યા છીએ. એમાં નિકાસ જે છે એમાં છેલ્લા ૩ વર્ષની અંદર જે નિકાસ થઈ છે, એમાં પણ આપણે સતત વધારો કરી રહ્યા છીએ. હું નિકાસના થોડા આંકડા આપવા માગુ છું. ૨૦૦૨-૦૩ની અંદર ગુજરાતની નિકાસ ૨૨૨૦૯ કરોડની હતી, જે આખા દેશની નિકાસની સામે ૮ ટકાનો હિસ્સો ધરાવતી હતી. ૨૦૦૫-૦૬માં ગુજરાતની નિકાસ ૬૪૫૩૮ કરોડ થઈ અને દેશની નિકાસની અંદર એ ૧૪ ટકાનો હિસ્સો ધરાવે છે. ૮ ટકાથી વધીને ૧૪.૨ ટકાનો હિસ્સો નોંધાવી શકયા, એ જ બતાવે છે કે આ રાજયના ઉદ્યોગો આ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનનો ફાયદો ઉઠાવવા માટે, કારણ કે નિકાસલક્ષી ઉદ્યોગોનો વિકાસ કરીએ તો જ સાચા અર્થમાં રોજગારી લાવી શકાય. (અંતરાય) માનનીય બાબુભાઈ, ફકત ગાંધીધામમાં જ ૩ હજાર કરોડની નિકાસ કરી છે. અને કચ્છની બાબતમાં તો હું માનું છું કે ગુજરાત જો ભારતના ઔદ્યોગિક વિકાસનું ગ્રોથ એન્જીન છે, તો કચ્છ જિલ્લો એ ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું ગ્રોથ એન્જીન બનવાનું છે અને એ દિશામાં આગળ વધતા ગુજરાતના મુખ્યમંત્રીએ એકલા કચ્છમાં જ સૌથી વધારે એવા ૭ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન આવી રહ્યા છે. હું એમની ચિંતા સમજી શકું છું કે ત્યાંના નાગરિકોને, ત્યાંના યુવાનોને રોજગારી મળે. મારે એમને કહેવું છે કે કેન્દ્રના જે ઔદ્યોગિક સાહસો કચ્છમાં છે, એમાં પણ ૮૫ ટકા સ્થાનિક લોકોને રોજગારી કચ્છના લોકોને આપવી, એવી માગણી કેન્દ્ર સરકાર સમક્ષ કરે તો હું માનું છું કે યુવાનોને રોજગારીની તક મળશે.

આ મુખ્યમંત્રીશ્રીએ સાગરખેડૂ યોજના મારફતે કચ્છના તાલુકાઓનો કે દરિયા કાંઠાના તાલુકાઓનો આ યોજનામાં સમાવેશ કર્યો છે. એમાં આઈ.ટી.આઈ. અને પોલિટેકનિક વગેરે ઉભા કરીને એ યુવાનોની સ્કિલ અપગ્રેડ કરીને આ ઉદ્યોગોમાં એમનો સમાવેશ થઈ શકે તે માટે ૧૧ હજાર કરોડનો ખર્ચ કરવાનું આયોજન કર્યુ છે, ત્યારે ગુજરાતના સમગ્ર ઔદ્યોગિક વિકાસની સાથે કચ્છનો વિકાસ પણ ખૂબ સારી રીતે આગળ વધવાનો છે.

કુટિર ઉદ્યોગમાં સ્વ રોજગારીમાં બાજપાઈ બેંકેબલ યોજનામાં છેલ્લા ૫ વર્ષમાં ૭૪૭૨૭ લાભાર્થીઓને ૩૮૦ કરોડના ધિરાણ અને ૮૨ કરોડ રૂપિયાની સબસિડીના લાભોમાં શિક્ષિત બેરોજગારોને રોજગારી સર્જાવી આપી છે અને વડાપ્રધાનશ્રીની રોજગાર યોજનામાં ૩૮ હજાર એટલે કુલ ૧ લાખ ૧૨ હજાર લાભાર્થીઓને છેલ્લા ૫ વર્ષમાં ધિરાણ વગેરે આપેલ છે. કારીગરોને સ્વરોજગાર સહાય માટે ૧૭૦૦ રૂપિયાની સ્કિમ હતી, કીટ માટે, એ ૩ હજાર રૂપિયાની કરીને સ્વ રોજગારીની સ્કિલમાં પણ એને મહત્તમ ૨ લાખમાંથી ૩ લાખ અને સબસિડીની રકમમાં પણ વધારો કરેલો છે. રાજયના ઈન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ સારી રીતે થાય એ માટે પ્રથમવાર આ બજેટમાં વાયેબિલિટી ગેપ ફંડીગ સ્કિમ માટે ૩૬ કરોડની રકમ ફાળવીને જે નોન-વાયેબલ હોય, રો-રો સર્વિસ, બ્રીજ કે રસ્તાના પ્રોજેકટ હોય એના માટે એ કરી શકાય.

ખાણ અને ખનિજમાં પણ કેટલીક વાત મારે કરવી છે કે છેલ્લા ૩ વર્ષમાં આ ખાણ ખનિજ વિભાગમાં સંશોધનને કારણે આપણે નવા ખનિજો ૮૩૨૫૯ કરોડની કિંમતના નવા ખનિજોનો જથ્થો આપણે પ્રસ્થાપિત કરી શકયા છીએ. આ ખનિજનો ઉપયોગ જયારે આપણે એનું માઈનિંગ કરીને કરીશું ત્યારે એની સમૃધ્ધિનો આપણને લાભ મળવાનો છે. ખનિજ આધારિત ઉદ્યોગો છે તેમાં લિગ્નાઈટ આધારિત ચાર પાવર પ્લાન્ટ છે અને બીજા નવા પાવર પ્લાન્ટ આવી રહયા છે, ૮ મોટા સિમેન્ટ પ્લાન્ટ છે અને સોડા એશના ૫ પ્લાન્ટ છે. એકલા કચ્છ જિલ્લામાં પાંચ નવા સિમેન્ટ પ્લાન્ટ થઈ શકે એટલી લિગ્નાઈટ સ્ટોનની જોગવાઈ છે એટલા માટે રાજય સરકાર આગળ જઈ રહી છે. બોકસાઈટ આધારિત ઉદ્યોગો એ એલ્યુમિનિયમનો પ્લાન્ટ હોય કે રિફલે.કટરી કલ્રીસનેશન પ્લાન્ટ હોય, સિલિકા સેન્ડ આધારિત ગ્લાસ પ્લાન્ટ હોય, મારબલ અને ગ્રેનાઈટના પોલિસિંગ એકમો હોય, લિગનાઈટ અને આ રીતે નેવેલી લિગ્નાઈટ કોરપોરેશન સાથે ૧૫૦૦ મેગાવોટના એમ.ઓ.યુ. કરેલ છે,

ભાવનગરમાં લિગ્નાઈટનું ૫૦૦ મેગાવેટ અને કચ્છમાં બીજું ૨૫૦ મેગાવોટનું પાવર સ્ટેશન અને ગામડાંના લોકોને તળાવની માટીનો ઉપયોગ કરી શકે એના માટે પણ રાજય સરકારે અને મુખ્યમંત્રીશ્રીએ ખાસ અભિગમ લઈને તળાવમાંથી ખોદેલી સાદી માટી હોય એને રોયલ્ટીમાંથી મુકિત આપવાનું પ્રસંશનીય કામ કર્યુ છે અને આ રીતે જયારે કુટિર ઉદ્યોગ હોય કે બીજી વાત હોય એમાં હંમેશાં રાજય સરકારનો પોઝિટીવ એપ્રોચ રહયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગરિયાઓના કલ્યાણ માટેની વાત કરું તો ૫ વર્ષ પહેલાં ૩ કરોડ રુપિયાનું અગરિયાઓના કલ્યાણ માટેનું મીઠા ઉદ્યોગનું બજેટ હતું, એ ચાલુ વર્ષે વધારીને ૨૦ કરોડ રૂપિયા અને આવતા બજેટની જોગવાઈ છે એમાં ૩૬ કરોડ રૂપિયાની જોગવાઈ અગરિયાઓના કલ્યાણ માટે કરી છે અને ૧ લાખ અગરિયાના પરિવારો છે એ જે તેમનો મુખ્ય વ્યવસાય છે એમાંથી મુખ્ય પ્રવાહમાં લાવી શકાય એના માટે એમના બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવા એમને સ્કોલરશીપ આપવા માટેની યોજના કરીને આ અગરિયાઓના બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવીને એમનો વિકાસ થાય એ રીતે રાજય સરકારે કામ કર્યુ છે. આરોગ્ય વિભાગે એમના માટે એક ખૂબ જ સારું કામ કર્યુ છે. આરોગ્ય વિભાગની જે એમ્બ્યુલન્સ છે એ જયારે ગામડાંમાં ફરતી હોય, દરિયાઈ અગરિયાવાળા વિસ્તારમાં કે ગામડાંમાં ફરતી હોય ત્યારે એની સાથે સેટેલાઈટ સાથે જીપીએફની સિસ્ટમ કરેલી છે, જેમ મોબાઈલમાં કયા વિસ્તારમાંથી બોલે છે એ જાણી શકાય છે એ રીતે એનાથી એનું લોકેશન કઈ જગ્યાએ છે એ એના દ્વારા જાણી શકાય છે, ગાંધીનગરમાં બેઠાં બેઠાં ખબર પડે કે આ એમ્બ્યુલન્સ કયા ગામે અને કયા રોડ ઉપર છે અને અગરિયા પરિવારને કોઈને કોઈ ઈમરજન્સી આવી પડે તો એની મારફતે માહિતી આપી શકાય કે તાત્કાલિક આ જગ્યાએ પહોંચીને અગરિયાઓની દવા અને જરૂરી મેડીકલ ટ્રીટમેન્ટ આપો. આ આરોગ્ય વિભાગે એક સુંદર અભિગમ લઈને હાઈ ટેકનોલોજીનો ઉપયોગ ગરીબમાં ગરીબ પરિવારો માટે કેવી રીતે થઈ શકે એની કાળજી આ રાજય સરકાર લેતી હોય ત્યારે ઉદ્યોગ, ખાણ અને ખનીજ, કુટિર અને મીઠા ઉદ્યોગની મારી માગણીઓ છે અને ખાસ કરીને માગણી ક્રમાંક ૪૯ અને ૫૦ છે એ માગણીઓ અંગેની જે કાપ દરખાસ્તો સભ્યશ્રીઓએ રજૂ કરી છે એ પાછી ખેંચી લે એવી મારી વિનંતી છે અને સૌ સમગ્ર સભાગૃહ રાજય જયારે બીજી ઔદ્યોગિક ક્રાંતિ તરફ આગળ જઈ રહયું છે અને એની લીડરશીપ ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ એ અભિગમ સાથે ગુજરાત આગળ વધી રહયું હોય ત્યારે સભાગૃહ સર્વાનુમત્તે મારી માગણીઓ મંજૂર કરે એવી મારી વિનંતી છે.

**શ્રી સી.ડી. પટેલ (રાજય કક્ષાના પ્રવાસન અને નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગની મારી પ્રવાસન વિભાગની રૂા. ૭૯,૬૬,૩૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૧ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મેં રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં બન્ને પક્ષના સભ્યશ્રીઓએ કયાંક રચનાત્મક સૂચનો કર્યા છે એ રચનાત્મક સૂચનોને હું આવકારું છું અને કયાંક મિત્રોએ ટકોર પણ કરી છે, તો એ ટકોર સાચી અને સારી હશે તો એ સ્વીકારવા માટે હું કટિબધ્ધ છું, પરંતુ મારે કહેવું છે કે આ દેશમાં સંસ્કાર અને સંસ્કૃતિ, માતૃ દેવો ભવ, પિતૃ દેવો ભવ અને માતાની ઉપાસના કરવાવાળી આ જે આમજનતા છે એના હૃદયને દુઃખ થાય એવી વાત આ સન્માનનીય ગૃહમાં વિરોધપક્ષના દંડક શ્રી બલવંતસિંહભાઈએ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૫૧ શકિતપીઠની એક પીઠ માં જગદંબાનું હૃદય એ ગુજરાતમાં છે. અને માટે ગુજરાતનું હૃદય અને ગુજરાતના લોકોનું હૃદય ધમધમતું રહે છે. નવરાત્રીમાં નવ દિવસો, રાત અને દિવસ કન્ટીન્યુ માં ની આરાધના કરતાં હોય છે. અને શકિત આરાધનાને કોઈ એમ સમજે કે ત્યાં આગળ નાગા નાચ થઈ રહ્યા છે, તો મારે આ ગૃહને કહેવું છે અને હું એ લોકોને પૂછવા માગું છું કે નવરાત્રીમાં, આ નવરાત્રીમાં મહામહિમ રાજયપાલશ્રી નવરાત્રીના ઉદ્દઘાટન પ્રસંગે આવ્યા હતા. રાજયપાલશ્રીએ તો નવરાત્રીના ઉત્સવનું ઉદ્દઘાટન કરતાં કરતાં કહ્યું કે લાખોની મેદની માં ના ગરબામાં અહીં હિલોળે ચડી છે તેને હું આવકારું છું. આદરણીય મહામહિમ રાજયપાલશ્રીના આ શબ્દો હતા સાહેબ. ગુજરાતની મારી દીકરી, મારી બેન, મારી માતા એ ગરબે રમે અને ત્યારે કોઈ તેને વિશુદ્ધ દૃષ્ટિથી જુએ અને અહીં આગળ વ્યવહાર વર્તન કરે, એવી વાણી કરે તો સાહેબ આ ગૃહમાં એ ચલાવી લેવાય નહીં. એ સમયે પોઈન્ટ ઓફ ઓર્ડર ઊભો કરી અને હું આ ગૃહમાં વાત કરવાનો હતો, પણ માનનીય અધ્યક્ષશ્રી, નગ્ન નાચ જેવા નીચા શબ્દો વાપરી અને આ ગૃહને અપમાનિત કર્યુ છે ત્યારે હું મહાત્મા ગાંધીજીની સાક્ષીએ કેટલીક વાત કરીશ સાહેબ કે ગોસ્વામી તુલસીદાસજીએ રામચરીત માનસમાં વાત કરી છે કે બાલક ભ્રહ્મી, ન ભ્રહ્મી ગુહાદી, કહદી પરસ્પર મીથ્યા બાદી, સાહેબ બાળક ફૂદરડી ફરે ત્યારે તેને બધું ફરતું દેખાય છે. અને ખરેખર નથી તો ઘર ફરતું કે નથી કશું ફરતું, પણ ક્યાંક બાળકને અંદરો અંદર એક બીજાને ફરતા દેખાતા હોય છે. એમ અહીં આ ગૃહમાં વિરોધપક્ષના દંડકશ્રીને બધું ફરતું લાગ્યું છે. અને મા મહાશકિતનું અપમાનજનક જે કામ કર્યુ છે તેને હું કહેવા માગું છું કે આવનારા દિવસોમાં નવરાત્રી પછી તમે અહીં આવવાના છો, અને નવરાત્રીની શકિત આરાધનામાં તેનો પરચો તમને ડિસેમ્બરમાં મળી જવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના એક સામાન્ય વ્યકિત, એક ગરીબ વ્યકિત, એક દલિત વ્યકિત, એક સિમાડાનો વ્યકિત કે જે ગામડાંમાં રહે છે, પ્રવાસન સ્થળની પાસે, યાત્રાધામની પાસે રહે છે, તેને કામ મળે તેનો ધંધો ચાલે, કયાંક એ લારી વાળો ભાઈ કીટલી લઈને બેઠો હોય, અને તેને ત્યાં કોઈ પ્રવાસી આવે અને તેની પાસે

ચા માગે ત્યારે પ્રેમથી તે આવનારા પ્રવાસીનું સ્વાગત કરશે. અતિથી દેવો ભવની ભાવના સાથે સ્વાગત કરે, અને એમાંથી આર્થિક ઉપાર્જન પણ કરે અને સ્વયંભૂ ગૌરવભરી રીતે ગુજરાતમાં જીવી શકે એ દૃષ્ટિથી ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે ઘોષિત કર્યુ. ૨૦૦૫-૦૬ ના વર્ષમાં ૩૦ કરોડ રૂપિયા જેટલું બજેટ હતું તેને વધારીને સો કરોડ રૂપિયાનું, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર સો કરોડ રૂપિયા દ્વારા ગુજરાતના ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ માટે, તેના ઈન્ફ્રાસ્ટ્રકચરના ડેવલપમેન્ટ માટે ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ આ વિઝન બતાવ્યું છે. વિકાસની ચાવી એ પ્રવાસન છે, અને વિકાસની ચાવી એ પ્રવાસન છે ત્યારે મારે એ કહેવું છે કે એમાંથી ૫૦ કરોડ રૂપિયા જિલ્લા વહિવટી તંત્રને આપ્યા, કે જેના દ્વારા પ્રત્યેક જિલ્લામાં એક આંતર રાષ્ટ્રીય કક્ષાનું, એક રાષ્ટ્રીય કક્ષાનું, એક રાજય કક્ષાનું, એક જિલ્લા કક્ષાના પ્રવાસન સ્થાનનો વિકાસ થાય. ત્યાં પાણીની સુવિધા થાય, ત્યાં સેનિટેશનની સુવિધા થાય, ત્યાં સ્વચ્છતા જળવાય, ત્યાં સલામતી જળવાય, અને ત્યાં આવનારા પ્રત્યેક યાત્રાળુ આનંદ કરીને જાય, ક્યાંક એ સોમનાથના દર્શન કરવા આવ્યો હોય તો સોમનાથ દાદાના દર્શન કરીને જાય, ક્યાંક તે દ્વારકા આવ્યો હોય તો કૃષ્ણને યાદ કરીને જાય. સાહેબ આ એ ધરતી છે, કે જ્યાં આગળ મીરા રાજસ્થાન છોડીને ગુજરાતમાં આવ્યા હતા. પાંચ વર્ષની મીરાએ કૃષ્ણ કૃષ્ણ કરતી જેણે પોતાના જીવનમાં કૃષ્ણને સમાવી દીધા હતા અને તે કૃષ્ણમાં છેવટે સમાઈ ગઈ હતી આ એ જ ધરતી છે. અને એ જ ધરતીના સંસ્કાર અને સંસ્કૃતિને વિરોધપક્ષના મિત્રો તમે કયારેય બીજી રીતે વાત નહીં કરી શકો. વિકાસની આ વાતમાં ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ ગુજરાત ટુરીઝમ કોમર્શીયલ કાઉન્સિલની પણ રચના કરી છે. વર્ષોથી વણખેડાયેલા આ ક્ષેત્રમાં જ્યારે પ્રવાસનનો વિકાસ કરવો છે ત્યારે તેને આધારિત અનેક બાબતો છે, જેમ કે મનોરંજન ટેકસ જે ૫૦ ટકા હતો તે ઘટાડીને ૨૫ ટકા કર્યો. લકઝરી ટેકસમાં સરળીકરણ કર્યુ, ૨૭૦૫૦ હોટલોના સ્થળોએ ૫૦૦ રૂપિયાના રૂમના ભાડા જેમાં ટેકસ ન લેવો, અને ૫૦૦ થી ૨૦૦૦ સુધીના ભાડા હતાં ત્યાં પાંચ ટકા થી ૪ ટકા ટેકસ કર્યો. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦ થી વધારે રૂમ ભાડામાં ૨૦૦૫-૦૬માં ૧૨ ટકા હતો એ ૨૦૦૬-૦૭માં ૮ ટકા કર્યો અને ત્યાંથી ઘટાડીને ચાલુ વરસે ગુજરાતના નાણામંત્રીશ્રીએ ૮ ટકાને બદલે ૬ ટકા સુખ સુવિધા કર કર્યો છે.

ઈલેકિટ્રસિટી ડ્યૂટી ૨૦૦૧માં ૬૦ ટકા જેટલી હતી. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ વિચાર્યુ કે એક સામાન્ય માણસ એક પાનનો ગલ્લો લઈને બેઠેલો માણસ એક નાની હાટડી લઈને બેઠેલો માણસ પ્રવાસી આવે એના કપડાં ધોવે અને ઈસ્ત્રી કરનાર એક ધોબી એની પણ ચિંતા કરી છે અને એને પણ ઈલેકિટ્રસિટી ડ્યૂટીમાં રાહત આપવી એની ચિંતા કરીને આ બજૅટમાં ૨૦૦૫-૦૬માં ૪૦ ટકાથી ૩૫ ટકા અને ૩૫ ટકાથી ૩૦ ટકા અને ૨૦૦૭-૦૮માં આ ૩૦ ટકાથી ઘટાડીને માત્રને માત્ર ૨૫ ટકા વીજ કર નાખીને સામાન્ય જનતાને છેવાડાના વ્યકિતને લાભ આપ્યો છે.

સામાન્ય રીતે મારે એ વાત નથી કરવી કેમ કે કેન્દ્રની વાત કરીશ તો આ બધા વિકેન્દ્રિત થઈ જશે. આપણે ત્યાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયા કિનારો આવેલો છે. એના ઉપર કોસ્ટલ રેગ્યુલેટર ઝોનથી એક કિલોમીટરમાં ઓછામાં ઓછા ૨૦ રૂમની હોટલ બનાવવામાં આવે, દસ જેટલા રાષ્ટ્રીય અભયારણ્યની નજીકના ગામોમાં ૨૦ રૂમોની હોટલો તેમજ ૪૮ પ્રવાસન સ્થળોએ ઓછામાં ઓછા ૨૦ રૂમોની હોટલને પ્રોત્સાહન જાહેર કરેલ છે. આ પ્રોત્સાહન યોજનામાં પાંચ વર્ષ માટે વીજ કરમાંથી મુકિત. પાંચ વર્ષ માટે સુખ સુવિધા કરમાંથી મુકિત તેમજ ૧૦૦ ટકા સ્ટેમ્પ ડ્યૂટીમાંથી મુકિત આપવામાં આવી છે. સલામત ગુજરાતમાં લોકો સામેથી આવે. અહીંયા કચ્છની વાત કરતા હતા. કચ્છ છે એને મસ્ત બનાવવું છે. સાથે સાથે આર્થિક રીતે તંદુરસ્ત પણ બનાવવું છે. નારાયણ સરોવર ટુરિસ્ટ કોમ્પ્લેક્ષ ૧ કરોડ ૨૯ લાખના ખર્ચે પૂર્ણ કર્યો છે. તેરા કચ્છમાં ગ્રામીણ ટુરિસ્ટ પ્રોજેકટ દ્વારા એને પણ પૂર્ણ કરવામાં આવ્યો છે. માંડવી ટુરિઝમ પ્રોજૅકટમાં ૪ કરોડ ૪૮ લાખના ખર્ચે એ કામ ચાલુ છે. દ્વારકા રોડ ડેવલપમેન્ટ પ્રોજેકટનું કામ ૨ કરોડ ૩૦ લાખના ખર્ચે ૧૫ મી ઓગષ્ટના રોજ રીલાયન્સની ભાગીદારીથી લોકાપર્ણ થયું છે. આ ગુજરાતના વિકાસની વાત પ્રવાસન દ્વારા થઈ છે. મોઢેરા, વડનગર, અડાલજ, બાલાસિનોર, ઉદંવાડા આવા અનેક ટુરિસ્ટ સ્થાનો ઉપર કરોડો રૂપિયાનો ખર્ચો સરકારે કરીને લોક હિતને અને લોક જાગૃતિમાં આ દેશના સંસ્કાર અને સંસ્કૃતિ એ ગુજરાતના સંસ્કાર અને સંસ્કૃતિને ઉજાગર કરીએ અને ગુજરાત દ્વારા દેશનો વિકાસ થાય એની ચિંતા અને ચિંતન કરી છે.

પહેલીવાર આદિવાસી વિસ્તારમાં મારે લક્ષ્મણભાઈને કહેવું છે. મને લક્ષ્મણ ગમે છે કારણ કે એ રામના ભાઈ હતાં એટલે.

**સભાપતિશ્રી .** : માનનીય મંત્રીશ્રી, બે-ત્રણ મિનિટમાં પૂરુ કરો.

**શ્રી સી.ડી. પટેલ** : હા, જી. સાપુતારા ખાતે ટ્રાયબલ હાટ પ્રોજેકટ માટે ૧ કરોડ ૬૦ લાખની જોગવાઈ કરી છે. તો સાપુતારાના વિકાસ માટે આદિવાસીઓના વિકાસ માટે પ્રવાસન વિભાગે આ ચિંતા કરી છે અને ૩ કરોડ ૭૮ લાખના પ્રોજેકટો સાપુતારા આદિવાસીઓના ડાંગ વિસ્તારમાં જ્યારે ડાંગ મહોત્સવમાં પીવાના પાણીની યોજના સામાન્ય વ્યકિત, ગરીબ વ્યકિત પાણી કયાંથી લાવે? પાણી પાણી કરતો હોય મારો આદિવાસીભાઈ, અનેક સરકારો પાસે માગણી કરતો હતો. આ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ડાંગ મહોત્સવમાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સહયોગથી સાત કરોડ રૂપિયાની પાણી યોજનાનું ખાતમૂહર્ત કર્યુ છે અને આવનાર દિવસોમાં આ લોકો હશે કે નહિ હોય તો પણ સાહેબ એનું ઉદ્ઘાટન પણ થશે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ

જ્યારે આ વર્ષને પ્રવાસન વર્ષ ઘોષિત કર્યુ છે ત્યારે સાહેબ પ્રવાસન પ્રસારણ અને માહિતીને ઉત્તેજન આપવાનું કામ પણ કરવું પડશે. વિદેશી નાગરિકો અહીંયા ત્યારે આવશે(અંતરાય) મને આની વિગતો આપવા દો. દસ જેટલા રાજયોમાં કેટલાક મિત્રો પણ મારી સાથે આવ્યા હતા. અહીંયા કેટલાક લોકો જે અમુક બાબતોમાં વિરોધ કરે છે મારે આ ગૃહમાં કહેવું નથી બાપુ જાણે છે એટલે મારે કહેવું નથી. એમને કહેવાનો અધિકાર પણ નથી. દસ રાજયોમાં સાથે મળીને અમે ગયા. ગુજરાતના વિકાસ અને ગુજરાતના ગૌરવની વાત કરી. પરિણામ એ આવ્યું કે એના કારણે પ્રવાસીઓની સંખ્યા વધી, ૬૨ ટકા જેટલી પ્રવાસીઓ ૨૦૦૫-૦૬ની સરખામણીમાં ૨૦૦૬-૦૭માં ૬૨ ટકા પ્રવાસીઓનો વધારો થયો છે. સામાન્ય માણસનું ઘર ચાલુ થયું છે. એક બોર વેચતી માતાને રોજી મળી છે. એક મકાઈ વેચતો મારો આદિવાસી ભાઈ એને રોજી મળી છે, એની ચિંતા અને ચિંતન કરવા માટે પ્રવાસન દ્વારા રોજગારીની તકો આપવાનો સરકારે નિર્ણય કર્યો હતો એને પરિસિદ્ધ કરી શક્યા છીએ.

પ્રવાસન નિગમ દ્વારા વેબસાઈટ સાત ભાષામાં શરૂ કરવામાં આવી. ૨૦૦૬-૦૭માં સાત ભાષામાં ગુજરાતે વેબસાઈટ શરુ કરી, ટુરીઝમ કોર્પોરેશન દ્વારા ભારત સરકારને હમણાં ખબર પડી કે અન્ય ભાષામાં વેબસાઈટ મૂકી શકાય, એમણે ચાલુ વર્ષે પાંચ ભાષામાં મૂકી, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, જર્મની, સ્પેનીશ અને પોર્ટુગીઝ અને ફ્રેંચ ભાષામાં, આ સાત ભાષાઓમાં આપણે મૂકી શકયા છીએ. તો પ્રવાસન વર્ષ દરમિયાન વેસ્ટબેંગાલ, તામિલનાડુ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, કેરાલા, હિમાચલપ્રદેશ આમાં સહયોગ અને સહકાર માટે આપણે ૬ રાજયોમાં એમ.ઓ.યુ. કરી શકયા છીએ. માત્ર અને માત્ર મારે એક જ વાત કરવી છે કે અનેક કામો થયા છે અને આ કામમાં કયાંક કેટલાક મિત્રોએ પણ સહકાર આપ્યો છે. વિરોધપક્ષના એ મિત્રને મારે શાબાશી આપવી છે કે જેણે હિંમત કરી છે. કચ્છમાં ૨૫ કરોડનું એમ.ઓ.યુ. કોંગ્રેસના ધારાસભ્ય છબીલભાઈ પટેલે કર્યુ છે અને હું એમને અભિનંદન આપવા માગુ છું એટલે માત્ર તમે એમ.ઓ.યુ. , એમ.ઓ.યુ. ની વાતો કરો છો ને , સમગ્ર ગુજરાતના પ્રવાસન ક્ષેત્રે ઈતિહાસમાં પહેલી વખત ૧૦૮૭૫ કરોડના ૩૩ એમ.ઓ.યુ. અને ૬૮ પ્લાનના થયા છે. જયારે આટલી વ્યવસ્થા થઈ છે ત્યારે સૌ મિત્રો સાથે મળીને વિકાસની વાતને આગળ લઈને જયારે આપણે જઈએ છીએ ત્યારે એ જ મારે કહેવું છે કે હવે નામ સરનામા વિનાની વાતને રોકો અહીં, હવાને લાગી આવશે એ વાતને રોકો અહીં, સત્યને સમજવા કરતા એને સ્વીકારવામાં વધુ શકિત જોઈએ એ બાપુએ કહ્યું છે , આ હું નથી કહેતો સાહેબ અને એટલા માટે હું કહેવા માગુ છું કે કાળની લાકડી છે ને એ કોઈને મારતી નથી. સફરના આરંભથી જ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન વર્ષ ૨૦૦૬ને જયારે જાહેર કર્યુ ત્યારે એક નિશ્ચિત ધ્યેય સાથે આગળ વધ્યા હતા અને એમાં તમામ વિભાગના મારા વન વિભાગમાંથી, શિક્ષણ વિભાગમાંથી, પાણી પુરવઠા વિભાગમાંથી, આરોગ્ય વિભાગમાંથી, રોડ અને મકાન વિભાગમાંથી ઉર્જા વિભાગમાંથી, શ્રમ અને રોજગાર વિભાગમાંથી તમામ વિભાગોએ સાથે મળી અને ગુજરાતના જે પ્રવાસન સ્થાનો છે એને ઉજાગર કરવા માટે પ્રયત્ન કર્યા પરિણામ એ આવ્યું, કારણ કે નિયત સાફ હતી, નીતિ સાફ હતી, કામ કરવાની તમન્ના હતી, સફરના આરંભથી જ મંજિલ તો નિશ્ચિત હતી, પ્રવાસન ક્ષેત્રની વિકાસની મંજિલ તો નિશ્ચિત હતી, દૂર કરવા છે અતી ગહેરા તિમિરના આવરણને, ચોતરફ પ્રસરાવવા છે નવી આશાના કિરણને, પદચિન્હની રજકણમાં રજોટાઈને રહેવું નથી, જગ સર્જી દઈએ ચાલો પ્રવાસનના સતત વિકાસમાં રહેવું છે. ૨૦૧૦, ગુજરાતના મુખ્યમંત્રી ગોલ્ડન ગોલ સાથે ચાલે છે માટે આવનારા દિવસોમાં ૨૦૧૦માં પણ તમારે પ્રવચન સાંભળવા જ બેસવાનું છે. હું એમને વિનંતી કરુ છું કે મિત્રો આપની કાપ દરખાસ્ત પાછી ખેંચો અને વિકાસમાં સહયોગ અને સાથ આપો.

**શ્રી ભરત બારોટ (રાજય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ વિકાસની માગણી ક્રમાંક: ૭૦ અને ૭૧ ઉપર આજે ગૃહના દસ સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. હું જે માગણી લઈને આવ્યો છું, પંચાયત અને ગ્રામ વિકાસ એના સંદર્ભમાં મૂળભૂત વાત મહાત્મા ગાંધીજીએ કીધેલું અને એને હું ફરી એક વખત દોહરાવુ છું કે દેશની સ્વતંત્રતા પછી આઝાદીના આટલા વર્ષો પછી આ સ્વતંત્રતા ટકાવવી હશે, દેશને શકિતશાળી સમૃદ્ધ સ્વાભિમાની બનાવવો હશે તો ગ્રામ વિકાસ અને પંચાયત આ બન્ને જગ્યાએ રાજકારણને દૂર રાખવું પડે. જેમ શિક્ષણ અને આરોગ્ય એ વિષય પણ રાજકારણથી દૂર રહેવો જોઈએ એમ ગ્રામ વિકાસ અને પંચાયત, આને પણ જો આપણે રાજકારણથી દૂર રાખીએ તો આપણા આ ગાંધીના ગુજરાતને ખરેખર આખા દેશમાં આદર્શ ગુજરાત બનાવી શકીએ.

મહાત્મા ગાંધીએ આદર્શ ગામ માટે જે વાત કરી છે એની હું એક નાની વાત સાથે હું વાતની શરૂઆત કરીશ અને મારા પ્રતિપક્ષના બધા મિત્રોએ એમની જે લાગણીઓ વ્યક્ત કરી છે એના અનુસંધાનમાં સમગ્ર પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગના સંદર્ભમાં વિધાયક રૂપે આગામી દિવસોમાં સામૂહિક ગ્રામ વિકાસમાં મન બને અને ગામડાઓને પગભર બનાવી શકીએ, શક્તિશાળી બનાવી શકીએ એ આખા ગુજરાતના વિકાસનો પાયો છે. મોટા શહેરો, નગરપાલિકાઓ એ કુલ કરતાં આ ગુજરાતના ૧૮૦૦૩ ગામોને જો આપણે મજબૂત કરી શકીશું તો સાચા ગુજરાતનો વિકાસ થયો ગણાશે. એટલે હું માનું છું કે પ્રતિપક્ષના બધા મિત્રોએ ગ્રામ વિકાસ અને પંચાયતના સંદર્ભમાં પૉઝિટીવ- વિધાયક રહીને રાજકારણથી ઉપર ઊઠીને સામૂહિક વિકાસ માટે સાથ અને સહકાર આપવો જોઈએ. ગુજરાતના વિકાસને રાજકારણથી દૂર રાખવાનું સામૂહિક મન બનાવવું જોઈએ. મહાત્મા ગાંધીએ આદર્શ ગામની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે હિન્દુસ્તાનનું દરેક ગામે તેની જીવન જરૂરિયાતની ચીજ માટે

પાડોશી ગામ ઉપર આધાર નહિ રાખતાં, સ્વાવલંબી બનવું જોઈએ. એટલા માટે તે દરેક ગામની નિર્વાહની ચીજો, અનાજ અને જરૂરી કાપડ માટે રૂની પેદાશ સૌ પ્રથમ કરી લેવી જોઈએ. તેમજ દરેક ગામે ખેતીનો ઉદ્યોગ ઉપરાંત ખાદી જેવી હાથ કારીગરીનો ઉદ્યોગ અને પશુપાલનની સુવિધા ઊભી કરવી જોઈએ. ગામમાં બાળકો અને યુવકો માટે વ્યાયામ માટેનું ચોગાન, શિક્ષણ માટેનું મકાન અને સાધનો, રહેવા માટે સુઘડ મકાન, સ્વચ્છ જળાશય, તબીબી સગવડ અને સુંદર રમ્ય ધર્મસ્થાન હોવું જોઈએ. ગામની સ્વચ્છતા જાળવવા અને નાના નાના ઝઘડા પતાવવા એક પ્રતિભાશાળી પંચાયત હોવી જોઈએ જે સામુદાયિક સૌના સહકારથી ગામના ભલા માટે ચાલતી હોવી જોઈએ. ગામનો સંપ અને સહકાર ગ્રામવાસીઓના કોઠે પડેલ હોવો જોઈએ અને પડોશી ગામ સાથેનો આર્થિક અને સામાજિક વહેવાર સુલેહભર્યો અને નીતિસભર હોવો જોઈએ. જે ગામમાં ઉપર જણાવેલી સુવિધાઓ હોય અને વ્યક્તિ સ્વાવલંબી, સહકાર અને શાંતિથી રહેતો હોય તેને જ આદર્શ ગામ ગણાય એવું મહાત્મા ગાંધીનું કહેવું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૨માં માનનીય નરેન્દ્રભાઈ ફરીવાર આ શાસનમાં જ્યારે આવ્યા ત્યારથી આજ દિન સુધી આ મહાત્મા ગાંધીના આદર્શોને મધ્યમાં રાખીને ગ્રામ વિકાસ અને પંચાયતના વિકાસનું જે મધ્યબિંદુ માનવામાં આવે છે, જેના આધારે ગામ, પ્રાંત, તાલુકો કે દેશનો વિકાસ શક્ય બને છે એને મધ્યબિંદુ બનાવ્યું. મહાત્મા ગાંધીએ ગામ સાથે ખેતીના અને ખેતી સાથે ખેડૂતોના વિકાસ માટેની વાત કરી હતી આ ત્રણેયને પ્રાથમિકતા આ રાજ્યમાં મળે, મહાત્મા ગાંધીએ તો ૧૯૪૭ પહેલાં કહેલી વાત છે એનો અમે આજે અમલ કરીએ છીએ અને પ્રમાણિકતાથી, પારદર્શિતાથી, જવાબદારીથી એનો અમલ કરીએ છીએ. એના પરિણામે વર્ષ ૨૦૦૫માં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં અમે લોકો આવ્યા. અમે જો વહીવટ યોગ્ય ન કર્યો હોત, પ્રમાણિક અને પારદર્શી વહીવટ ન કર્યો હોત તો આટલો મોટો જનાદેશ ૨૦૦૨ની ચૂંટણી પછી ૨૦૦૫ની ચૂંટણીમાં ન મળે. કોઈપણ મુખ્યમંત્રી ત્રણ વર્ષ સત્તામાં રહ્યા પછી ગામડાની નાની ચૂંટણી, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ શાસનમાં અઢી-ત્રણ વર્ષ પછી સત્તાની એન્ટી ઈન્કમ્બન્સી વેવમાં જતી રહેતી હોય છે. એનાથી ઊંધું થયું. ત્રણ વર્ષ પછી તાલુકા અને જિલ્લા પંચાયતની, કોરપોરેશનની ચૂંટણીઓમાં (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું ભીખાભાઈ સાથે દલીલમાં નથી ઊતરવા માગતો, કારણ કે પ્રજાએ આ જવાબ આપ્યો છે મેં તો નથી આપ્યો. પ્રજાની ઇચ્છા ચૂંટણીમાં વ્યકત થઈ હતી. આજે પણ હજુ હું આ બધા મિત્રોને, પ્રતિપક્ષોને રાજકારણથી ઉપર ઊઠીને સાચા વિકાસના કામો તરફ ટીકા કરે તો અમે વિધાયક લેવા માગીએ છીએ. જે સારું થયું છે એને સારું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે સત્તા નહિ સેવાનો અભિગમ રાખ્યો છે. અધિકાર નહિ કર્તવ્ય ભાવનાથી અમે બધા કામ કરીએ છીએ. અમને બધાને સફળતાનો નહિ સેવાનો અભિગમ રાખ્યો છે. અમારી નહિ આપણી બધાની આ સિદ્ધિઓ છે. સમૃદ્ધિ સાથે સંસ્કારની સુવાસ પણ વહીવટમાં છે. વિકાસની પ્રક્રિયામાં અમે બધા જન ભાગીદારીના માર્ગે આગળ વધીએ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કુલ મળીને ગ્રામ વિકાસના સંદર્ભની અંદર N.R.E.G. યોજનાના સંદર્ભમાં ડૉકટર જોષીયારાજીએ બે-ત્રણ ઉલ્લેખ્ કર્યા એમાં મારે એટલું જ જણાવવું છે કે N.R.E.G. યોજના સેન્ટ્રલની U.P.A.ની સરકારે ગયા વર્ષે અમલમાં એ લાવ્યા. આ યોજના ગયા વર્ષે ચાલુ થઈ. આપણા ગુજરાત રાજ્યની અંદર ૬ જિલ્લામાં એનો અમલ થયો. બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, દાહોદ, નર્મદા અને ડાંગ આ ૬ જિલ્લામાં ગુજરાતની કુલ વસ્તીના ૧૫ ટકા આદિવાસી વિસ્તાર છે, ગુજરાતની કુલ વસ્તીના ૭ ટકા દલિતભાઈઓ છે, વસ્તીના ૫૦ ટકા જેટલા બક્ષીપંચના લોકો છે. ખેતમજૂરો, જમીન, આ બધા જે મિત્રો જાણે છે કે આપણે ત્યાં ખેતમજૂરો સૌથી વધારે છે. પછાત જિલ્લો કચ્છથી માંડીને સૌરાષ્ટ્રની અંદર, સુરેન્દ્રનગરથી માંડીને, અમરેલીથી માંડીને અનેક જેમાં પાણીની તંગી છેલ્લા ૫૦ વર્ષ સુધી રહી હોય, દુષ્કાળ વારે ઘડીએ પડ્યો હોય એવા સૌરાષ્ટ્રના અનેક તાલુકાઓ પછાત છે અને આ બધાને ધ્યાનમાં લઈને ૨૦૦૬ના માર્ચમાં મેં સેન્ટ્રલના રઘુવંશ પ્રસાદજીને એક પત્ર લખીને ખાસ માગણી કરી કે તમે જે આ ૬ જિલ્લા પસંદ કર્યા છે એની સાથે મારે વાંધો નથી પણ ગુજરાતની આટલી બધી વસ્તી પછાત છે, આટલા બધા તાલુકા પછાત છે એનો રિપૉર્ટ છે. ૫૦ તાલુકાના અનેક કમિટીના રિપૉર્ટ છે તો ગુજરાતને આ અન્યાય છે અને મારી માગણી છે કે તમે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, કચ્છ, અમરેલી, રાજકોટ અને આ બાજુના આદિવાસી બધા જ નવસારી, ભરૂચ, વલસાડ અને આ આખા વડોદરા જિલ્લાના આદિવાસી, આ બધા આદિવાસી જિલ્લાને તમારે આમાં લેવા જોઈએ એમ કરીને મેં કુલ ૧૧ જિલ્લાની માગણી કરી છે, એની સાથે એમ કીધું કે કોઈપણ જિલ્લાને યુનિટ કરતા તાલુકાને યુનિટ બનાવવો જોઈએ. કારણ કે કેટલાય અગ્રેસર જિલ્લા વિકસિત જિલ્લા હોય છે, એમાં પછાત તાલુકામાં હોય છે અને કેટલાક પછાત જિલ્લાની અંદર અગ્રેસર તાલુકા પણ હોય છે એટલા માટે એનું યુનિટ કોઈ પણ જિલ્લા માટેનું ના બનાવતા તાલુકા માટે બનાવવું જોઈએ એવી માગણી સાથે પછાત તાલુકાનું લિસ્ટ પણ મોકલી આપ્યું હતું. પરંતુ કમનસીબે હમણાંજ એ લોકોએ નવા જિલ્લાની જાહેરાત કરી એમાં માત્ર ત્રણ આદિવાસી જિલ્લા લીધા. બે આદિવાસી જિલ્લા બાકી રાખ્યા. સુરત જિલ્લો અને પાછો વડોદરા જિલ્લો પણ બાકી રાખ્યો. હવે આદિવાસી જિલ્લાના સંદર્ભમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર કેટલી બધી ચિંતા કરે છે. એમના કેન્દ્રના નેતાએ આદિવાસીના

સંદર્ભમાં રેલી કરી ગયા. એ રેલી કર્યા પછી આ જાહેરાત થઈ. કારણ કે મને એમ હતું બધા આદિવાસી જિલ્લા આવી જશે. એમાં પણ બે આદિવાસી જિલ્લા બાકી રાખ્યા, એની સામે બીજા પણ સૌરાષ્ટ્રમાંથી વિરોધપક્ષના નેતા સૌરાષ્ટ્રના છે, સૌરાષ્ટ્રનો એક જિલ્લો સાહેબ, સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છના બાબુભાઈ મેઘજીભાઈ શાહનું કચ્છ પણ બાકી, આખું સૌરાષ્ટ્ર પણ બાકી. મારી લાગણી એ છે કે આ ગુજરાત સાથે સીધો, સરળ દેખીતો અન્યાય છે. આપ બધા પ્રતિપક્ષના લોકોએ ગુજરાતની જનતાના લાભાર્થે એમની લાગણી સાથે જોડાઈને. સૌરાષ્ટ્રને અને કચ્છને થતા અન્યાય અને આદિવાસીઓને થતા અન્યાયની સામે એમણે કેન્દ્ર સરકારની સાથે મળીને રજૂઆત કરવી જોઈએ. ગુજરાત રાજય સરકાર તરફથી માનનીય મુખ્ય મંત્રીશ્રી પણ લખવાના છે, અમે બધા રજૂઆતો કરવાના છીએ, આવો અન્યાય ન થાય. બાકીના ૧૦૩ જેટલા વધારે જિલ્લાઓ જ્યારે તમે કર્યા હોય તો ગુજરાતને પણ સપ્રમાણ એમના પછાતપણાના આધારે જે આદિવાસી જિલ્લાઓ પછાત છે, કચ્છ અતિ પછાત છે, આટલી બધી તીવ્ર લાગણી હોય બધાની તો એના અનુસંધાનમાં સમગ્ર સૌરાષ્ટ્રના બધા ધારાસભ્યશ્રીઓ, બધા સંસદસભ્યોશ્રીઓ આ બધાએ ગુજરાત- સૌરાષ્ટ્રના અન્યાયના સંદર્ભમાં માગણી ઊભી કરવી જોઈએ. કચ્છની લાગણી સૌથી વધારે તીવ્ર હોય છે એ નર્મદાનું પાણી હોય કે બાકી બધાના સંદર્ભમાં, તો આ માગણીનો પડઘો પણ લોકસભામાં પડે, એમની સરકારમાં પડે એવી હું એમના માટે લાગણી વ્યક્ત કરું છું. (અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, હું વિધાયક ચર્ચા કરવા માગું છું, એમને બીજી જે ચર્ચા કરવી હોય એ મારી સાથે કરે હું સાચી વાત કરું છું, આમાં સૌરાષ્ટ્રનો એક જિલ્લો ન હોય તો એ સૌરાષ્ટ્રને અન્યાય નથી? એ પૂછી લે એમના મનને સાહેબ. આખા સૌરાષ્ટ્રમાંથી એક જિલ્લો પણ નથી. એમને કોઈ સમજણ નથી, એક ધારાસભ્ય પણ ન બોલે અને વિરોધપક્ષના નેતા પોતે સૌરાષ્ટ્રના છે એ ન બોલે? આ તો કઈ રીતે ચાલે ? સૌરાષ્ટ્રને આવી રીતે અન્યાય થાય અને મૂંગા મોઢે એ સાંભળી લે એ કઈ રીતે ચાલે? ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, અમે બધાએ આ ગરીબોની રોજગારી વધારે મળે, આ ડિમાન્ડ બેઈઝ છે સાહેબ. આપણે બધાને જોબ કાર્ડ આપી દીધા, છ લાખ કરતાં વધારે, છએ છ જિલ્લામાં જેટલા કુટુંબો છે એ બધાને જોબ કાર્ડ આપ્યા, પછી એમને કામની માગણી કરવી પડી, કામ માગે ત્યારે કામ મળે, આ જેને કામ મળે એને પૂરતી રોજગારી મળે એના માટે ૨૦૦૬માં સેપ્ટની સાથે નવા એસ.ઓ.આર. કરવામાં આવ્યા અને એ એસ.ઓ.આર.ના પરિણામે, આજે હમણાં જોષીયારાજીએ કહ્યું એના કરતાં હું અનેક જિલ્લાઓ, અનેક લોકોના નામો વાંચી શકું. જિલ્લો: દાહોદ, ગામ: મુવાડીયા, નામ: ધનસુખભાઈ મનીયા, એક દિવસની એની રોજગારી ૧૪૯ રૂપિયા, દાહોદ, બીજું મુવાડીયા, નામ: જેથા દિપિયા, એની એક દિવસની રોજગારી ૧૩૧ રૂપિયા, ઝાલોદ, ગામ: ધાલશીંગલ, નામ: ગીતાબેન કોળું, રોજગારી ૧૨૦ રૂપિયા, ઝાલોદ, ગામ: ધાલશીંગલ, નામ: રેશમા જેતા, રોજગારી ૧૨૦ રૂપિયા, લીમખેડા, ગામ: વલુંદી, નામ: રજનીબેન કાળુ , રોજગારી ૧૨૦ રૂપિયા, એ ગામમાં બીજા આઠ લોકોને પણ એટલા જ મળ્યા છે, બીજું લીમખેડાના વલુંદીના સીમાબેન સોમાભાઈ એમને પણ ૧૪૨ રૂપિયા, દેવગઢબારીયા, મેધામુવાડીના શારદાબેન અમરસિંહ, એમને પણ ૧૬૬ રૂપિયા, બીજા દેવગઢબારીયાના મેધામુવાડીના કુવરીબેન, એને પણ ૧૬૬ રૂપિયા, ધાનપુરા, ગામ મંડોળાના કરસનભાઈ જમાભાઈ, ૧૨૬ રૂપિયા, એવા ૩૦ નામો મારી પાસે છે, અનેક લોકોને ગામડે એ કામ કરે એ કામની સામે એને રોજગારી મળે છે કામ વધારે કરવા અને આ ખાલી હાજરી ભરવાથી એને રોજગારી નથી મળવાની. આ કેન્દ્ર સરકારના એકટ પ્રમાણે જેટલા કલાક કામ કરે એને આપણે કામ મળી રહે એવા એસ.ઓ.આર. કર્યા, આવા એસ.ઓ.આર કયાંય પણ થયા નથી, કોઈ રાજયોમાં થયા નથી ( અંતરાય ) ડાંકટર સાહેબ હું તમને ખાતરી આપું છું, અમે બધા તમારી જેમ આદિવાસીઓના, આખા ગુજરાતના માટે આદિવાસીઓના ઉત્કર્ષ માટે, ગરીબ લોકોના ઉત્કર્ષ માટે કેન્દ્ર સરકારની આ યોજનાનો લાભ લેવા માટે રાજય સરકાર કટિબદ્ધ છે. મીનીમમ વેઈજ એ મારા વિભાગનો વિષય નથી, મારા વિભાગમાં છતાં પણ મીનીમમ વેજ જ્યાં આવે છે ત્યાં મેં, અમારા બધાની રજૂઆત છે છતાં પણ જે મીનીમમ વેઈજ એને ( અંતરાય )

**સભાપતિશ્રી .** : ભરતભાઈ પૂરું કરજો, પ્લીઝ.

**શ્રી ભરત બારોટ** : હજુ તો છ મિનિટમાં પૂરું કરીશ, પાંચ મિનિટ લંબાવી આપજો સાહેબ. સાહેબ આ એન.આર.ઈ.જી. યોજનાની ચર્ચા કરતો હતો (અંતરાય)

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ પૂરો થાય અને મતદાન થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : સમયમર્યાદામાં પૂરું કરો.

**સભાપતિશ્રી .** : બે મિનિટમાં પૂરું કરો.

**શ્રી ભરત બારોટ** :(ક્ર): માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની અંદર આ વખતે (અંતરાય) ટેબલ પર મૂકીએ પણ તમે મારી સાથે જોડાઓ. અમે નિર્મળ ગુજરાત બનાવવા માટે પ્રયત્ન કરીએ છીએ. આ વખતે સ્વચ્છ ગુજરાત, સ્વસ્થ ગુજરાત યોજના અમે લાવ્યા છીએ. એની સાથે નિર્મળ ગુજરાત માટેની યોજના લાવ્યા છીએ. મહાત્મા ગાંધીજીની યોજનાને અનુરૂપ આખું ગુજરાત નિર્મળ ગુજરાત બનાવવા માગીએ છીએ. ગયા વખતે કેન્દ્ર

સરકારની આ યોજના નિર્મળ ગામની હતી. ગયા વર્ષે એક ગામ, બે ગામ નિર્મળ થયા હતા. ૨૦૦૬-૦૭માં ૧૬૫૦ ગામ માટે અમે અહીંથી દરખાસ્ત કરી છે. ગયા વખતે બે હતા આ વખતે ૫૦૦થી ૧૦૦૦ની વચ્ચે ગુજરાત નિર્મળ ગામ બનશે. કેટલો મોટો જમ્પ છે. એની કલ્પના છે. આખા દેશમાં મહારાષ્ટ્ર કરતા પણ વસ્તી વધારામાં નંબર-૧ છીએ. આમાં સાચું ગુજરાત નંબર-૧ બનશે. આ વખતે મુખ્યમંત્રીશ્રીએ ગ્રામ સચિવાલયની યોજના જાહેર કરી. એના નીચે ગ્રામ મિત્રની નિમણૂક કરી. ૨૪૦૦૦ કરતા વધારે ગ્રામ મિત્રની નિમણૂક થઈ છે. ગુજરાતની અંદર ૮૦૦૦ કરતા વધારે કોમ્પ્યુટર સાહસિકોની નિમણૂક થઈ ગઈ છે. હમણા એક ધારાસભ્યશ્રીએ વિચાર વ્યકત કર્યો હતો. મારી પાસે આવશો ત્યારે હું સમજાવીશ. આ પબ્લિક અને સરકારની ભાગીદારીથી બનતી યોજના છે. એને માનદ વેતન નથી સરકારી વિવિધ યોજનામાંથી મળતા લાભ છે. મારો આખો જવાબ ટેબલ પર મૂકવાની રજા લઉં છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૫, ૭, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૭, ૧૯, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૭, ૫૦, ૫૧, ૫૨, ૫૩, એક સાથે મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક : ૪૯, ૫૦, ૫૧, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૦૭ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા.૧૪મી માર્ચ, ૨૦૦૭,**
**ફાલ્ગુન ૨૩, ૧૯૨૮ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## રાજયમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિ અંગે

***૨૧૪૮૮ શ્રી કાળુભાઈ હી. માલીવાડ (લુણાવાડા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

સન ૨૦૦૬-૨૦૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજયમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ગ્રાહકોને મળેલ અધિકારોની સુરક્ષા તથા તેમના અધિકારોની જાણકારી મળી રહે તે માટે રાજય સરકાર શાં પગલાં લઈ રહી છે?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી (રાજય કક્ષા) :**

સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજયમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૧૯૮૬ હેઠળ ગ્રાહકોને મળેલ અધિકારોની સુરક્ષા તથા તેમના અધિકારોની જાણકારી મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા નીચે મુજબ પગલાં લીધેલ છે.

(અ) રાજયમાં ગ્રામ્ય, તાલુકા જિલ્લા કક્ષાએ ગ્રાહક સુરક્ષા અધિકારીઓ, ગ્રાહક સુરક્ષા મંડળો અને કાપાગ (કન્ઝયુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત) દ્વારા ગ્રાહક જાગૃતિ અંગે પ્રદર્શન, તાલીમ, શિબિર સ્પર્ધા, સેમીનાર યોજવામાં આવે છે.

(બ) યોજવામાં આવતા તાલીમ, શિબિરો સેમીનારોમાં, ગ્રાહક જાગૃતિ અંગેના સાહિત્યનું વિતરણ કરવામાં આવે છે.

(ક) વર્ષ દરમ્યાન ૧૫મી માર્ચ વિશ્વગ્રાહક દિન તથા ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની સપ્તાહિક ઉજવણી કરવામાં આવે છે. આ ઉપરાંત ૨૫મી જૂન તથા ૧૫મી સપ્ટેમ્બરએ ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો ઉજવવામાં આવે છે.

(ડ) રાજયમાં આવેલ ૨૫૦ કન્ઝયુમર્સ કલબો દ્વારા ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે.

(ઈ) આકાશવાણીમાં જુદા જુદા તજજ્ઞોના પ્રવચનો પ્રસારણ કરી ગ્રાહકોના અધિકારોની જાગૃતિ માટે કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી કાળુભાઈ હી. માલીવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૦૬-૨૦૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજયમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ હેઠળ ગ્રાહકોને મળેલ અધિકારોની સુરક્ષા તથા તેમના અધિકારોની જાણકારી મળી રહે તે માટે રાજય સરકાર શાં પગલાં લઈ રહી છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી :** માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર ગ્રાહકોની જાગૃતિ માટે દેશમાં આ રાજયે જેટલા પગલાં લીધા છે એમાં શ્રેષ્ઠતમ પગલાં છેલ્લા બે-ત્રાણ વર્ષમાં લેવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે ત્યારે જણાવવું છે કે, અમે તાલીમ શિબિરો, પ્રદર્શનો, ગ્રાહક જાગૃતિ અને ચોપાનિયા-પોસ્ટરો, ધોરણ ૩-૬-૯ અને કૉલેજો, ઈન્દિરા ઓપન યુનિવર્સિટીનો ૬ મહિનાનો ડિગ્રી કોર્સ તે ઉપરાંત ૨૫૦ કન્ઝયુમર્સ કલબો દ્વારા ગ્રાહક જાગૃતિના કાર્યક્રમો યોજવામાં આવે છે. તા.૧૬-૭-૦૪ના ઠરાવથી ૨૦ લાખ રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરીને શાળા કૉલેજોનાં બાળકોને બચપણથી જ આની જાગૃતિ મળે એના માટે આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૦૬-૨૦૦૭માં આના માટે ૩૩,૬,૩૮૧ નો ખર્ચ કરવામાં આવ્યો છે એમાં પ્રથમ ઇનામ આપ્યું છે એમાં ગ્રાહક મંડળને મળ્યું છે. અને રાજયમાં ૫૨ જેટલા ગ્રાહક મંડળો કામ કરે છે. દરેક જિલ્લામાં ઓછામાં ઓછું એક મંડળ કામ કરે છે એમાં પ્રથમ, બીજુ અને ત્રીજું એમ ઈનામ આપવામાં આવે છે. તાલુકા કક્ષાએ ૬૦ હાજાર, જિલ્લા કક્ષાએ ૮૦ હજાર અને મહાનગરપાલિકાઓ જે મોટા મોટા શહેરો છે ત્યાં ૧ લાખ સુધીનું ઈનામ આપીએ છીએ. આમાં કોર્ટ ટાઈપના કન્ઝયુમર્સ ફોરમ, રાજય કમિશન ચાલે છે, એમાં બે ટાઈપના છે એક જિલ્લા કક્ષાનું હોય છે એમાં જિલ્લા ફોરમ હોય છે અને રાજય કક્ષાએ રાજય કમિશન કામ કરે છે. એમાં પ્રમુખ અને સભ્યો આજ સુધી નિમણૂક થતી ન હતી પણ આપણે એમાં બધા જિલ્લાઓમાં નવા જિલ્લા બન્યા છે ત્યાં પણ બધી જ જગ્યાએ કોર્ટ ચાલુ કરવામાં આવી છે. એના માટે જમીન ખરીદીને ચાલુ વર્ષે ભવનો બનાવવા માટેનું બજેટેડ આયોજન કરવામાં આવ્યું છે. આ રીતે અદ્યતન ગ્રાહક સુરક્ષા જાગૃતિ માટે કેટલાક કેસો પણ કર્યા છે એમાં કેટલીક ખોટી જાહેરાતો આપતા હોય, ઝીરો વ્યાજની ખોટી જાહેરાતો આપતા હોય, સેલ અંગેની ખોટી જાહેરાતો આપતા હોય, મોટા મોટા મોલ છે એની કોઈ ખોટી જાહેરાતો આપતા હોય એમ અનેક જગ્યાએ અમે લોકોએ એના ઉપર કાર્યવાહી કરી છે

અને એમાં ૨૪૩૮ જેટલા સેમીનારો અને પ્રદર્શનો યોજ્યા છે અને એમાં અધિકારીઓ દ્વારા ૩૧૬ જેટલા જુદા જુદા કાર્યક્રમો કર્યા છે અને લગભગ ૩૩૨૯ જેટલી ફરિયાદો થઈ છે એ તમામ ફરિયાદોનો તાત્કાલિક ધોરણે નિકાલ થાય એ પ્રકારની અદ્યતન વ્યવસ્થા કરવામાં આવી છે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રાજયના કેટલા જિલ્લાઓમાં જિલ્લા ગ્રાહક ફોરમની રચના થઈ છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય સભ્યશ્રીને કહેવા માગુ છું કે, જિલ્લા ફોરમ જેટલા જિલ્લા છે એમાં ૨૫ જિલ્લા છે, પણ અમદાવાદમાં અમદાવાદ શહેર અને જિલ્લા એમ બે અલગ કર્યા છે એટલે કુલ ૨૬ જગ્યાએ જિલ્લા ફોરમો આજે કાર્યરત છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વાહનો પ્રદૂષણ ફેલાવે છે એના કરતા ખાદ્ય વસ્તુમાં ભેળસેળ થાય છે એનાથી વધુ નુકસાન થાય છે. તો એના માટે રાજયમાં કેટલી તપાસણી કે ચકાસણી માટેની લૅબૉરૅટરી છે, અને કયાં કયાં આવેલી છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, લેબોરેટરીનો સવાલ છે ત્યાં સુધી અલગ અલગ પ્રકારની અલગ અલગ લેબોરેટરીઓ છે. કેન્દ્ર પુરવઠા નિગમની અલગ હોય છે, રાજય પુરવઠાની અલગ હોય છે, ફુડ અને ડ્રગ્સની અલગ હોય છે તે ઉપરાંત ગાંધીનગર, વડોદરા અને રાજકોટ અલગ અલગ લેબોરેટરી છે ત્યાં તમામ પ્રકારની ચકાસણી કરી શકાય છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫નો આ ગ્રાહક સુરક્ષાનો કાયદો આવ્યો તે ખરેખર આપણા બધા ગ્રાહકો માટે ખૂબ જ એક પ્રગતિકારક કાયદો છે. આપણને રક્ષણ મળે છે. તે ગ્રાહક ક્લબો માટે જાગૃતિ લાવવાનું ખૂબ સરસ કાર્ય થઈ રહ્યું છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ ગ્રાહક કલબો અને ગ્રાહક સુરક્ષા અધિકાર મંડળો તાલુકા અને ગ્રામ કક્ષાના જે બનાવીએ છીએ તેમના દ્વારા સામાજિક રીતે કોઈ એક રેન્ડમ સેમ્પલીંગ અથવા ફરિયાદો શોધવા માટે કે ગ્રાહકની ફરિયાદ આવે કે ના આવે તેમને અધિકાર મળે કે ગ્રાહક સુરક્ષા કલબો સામે ચાલીને સુઓમોટો કોઈ આવા સેમ્પલો લીધા હોય, ચેકીંગ કર્યુ હોય અને તેની કોઈ ફરિયાદો આવી હોય તો તેની વિગતો માનનીય મંત્રીશ્રી જણાવે, અને અલગ અલગ લેબોરેટરીઓની વાત કરી તો જ્યારે હવે આ કાયદામાં બાંધકામ અને ડોકટર તે વ્યવસાયને પણ જ્યારે આવરી લેવાયો છે ત્યારે આપણે જાણીએ છીએ કે આ બધામાં ખૂબ જ મોટા પાયે આપણને ગ્રાહકોને છેતરવાનું બને છે ત્યારે તેમને માટે આ બધા દા.ત. બાંધકામની અંદર છેતરપિંડી થતી હોય તો તેને લગતા એકસપર્ટ લોકો એ રીતે ડોકટરના વ્યવસાયમાં તે રીતે બાકીના ફૂડસની અંદર ભેળસેળ થાય તો એ વ્યવસાયમાં આ અધિકાર મંડળો સાથે પણ એવા તજજ્ઞોને જોડવા માગે છે કે કેમ જેનાથી ગ્રાહકોને ખરેખર રક્ષણ મળે

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે ૨૯-૫-૨૦૦૬નો એક ઠરાવ કરીને આખા દેશમાં પહેલી વખત પુરવઠા ઈન્સ્પેકટરો અને મામલતદારશ્રીઓ તાલુકા કક્ષાએ બે ટીમો બનાવી છે અને તેમાં એક જિલ્લા કક્ષાએ પણ બનાવી છે. બે તાલુકા કક્ષાએ તેમાં એક પુરવઠા ઈન્સ્પેકટર અને મામલતદારશ્રીની ટીમ છે.બીજી નાયબ મામલતદાર અને તોલમાપ ઈન્સ્પેકટર તેની સાથે જિલ્લા પુરવઠા અધિકારી અને આને નામાભિધાન કર્યા છે. નવું નામકરણ કરીને આને આની જવાબદારી આપીને કાયદાકીય જોગવાઈ કરીને આની વ્યવસ્થા નાના નાના ગામડાંના લોકોને ફરિયાદ કરવી હોય તો કોઈ અધિકારી નહોતા, કોઈ ઓફિસ નહોતી, કચેરી નહોતી એટલે ત્યાં સુધી પણ તમે ફરિયાદ કરી શકો અને ગ્રાહક મંડળોમાં જાય તો ગ્રાહક મંડળો પણ પોતાની મદદ કરે છે અને આ પ્રકારના કેસો અમારી પાસે કલેકટીવલી અધિકારી ગ્રાહક મંડળો આ દ્વારા અમને ફરિયાદ મળે છે તે કુલ ૨૬૮ ફરિયાદો આખા રાજયમાં મળી છે. તેમાંથી ૨૩૩ નિકાલ કર્યો છે અને ૩૧નો નિર્ણય આવવા પર બાકી છે. આમ ૨૦૨નો નિકાલ થઈ ગયો છે અને ૩૧ થવો બાકી છે તેમાં ૨૬૮નો નિકાલ કરવામાં આવ્યો.

**શ્રી કાંતિભાઈ ભા. તડવી** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ વ્યકિતને કોઈ ચીજ-વસ્તુની ખરીદીમાં કે સેવામાં અસંતોષ હોય તો કયાં અને કેવી રીતે ફરિયાદ કરી શકે અને આ ફરિયાદમાં ફીનું ધારા-ધોરણ શું છે ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં સામાન્ય ફરિયાદ હોય તો ગ્રાહક મંડળો મેં કહ્યું આગળ, અધિકારીઓને મળે તો ત્યાં પણ ફરિયાદ કરી શકે. તે સિવાય જિલ્લામાં ફોરમ છે ત્યાં પણ ફરિયાદ કરી શકે છે અને જિલ્લા ફોરમમાં જો તે હારી જાય તો સ્ટેટ કમિશનમાં અપીલમાં આવે એવી જોગવાઈ છે. ફીનું ધોરણ તેમાં રાજય કમિશનની અંદર તેમાં ૨૦ લાખ કરતાં વધુ અને એક કરોડ કરતાં વધુ ના હોય એવી ફરિયાદો રાજય કમિશનમાં કરવાની હોય છે અને તેમાં ૨૦ લાખથી ૫૦ લાખ સુધી ૨ હજાર રૂપિયા ફી છે. ૫૦ લાખથી એક કરોડ રૂપિયા સુધી ચાર હજાર છે અને ૧ કરોડથી ઉપરના હોય તેને માટે પાંચ હજાર છે અને રાજય કમિશન જે છે જિલ્લા ફોરમ છે. અને રાજય કમિશન છે, તેના માટે બી.પી.એલ. અને અંત્યોદય, અતિ ગરિબ છે તેના માટે એક લાખ સુધીની ફરિયાદ કરે તો કોઈ ફી નથી, બીજા બધા માટે સો રૂપિયા ફી છે. જ્યારે જિલ્લા ફોરમમાં જવા માટે એક લાખ થી પાંચ લાખ સુધીની ફરિયાદ કરવી હોય તો ૨૦૦ રૂપિયા, પાંચ લાખ થી

દસ લાખ સુધીની ફરિયાદ કરવી હોય તો ૪૦૦ રૂપિયા અને દસ લાખ થી વીસ લાખ સુધીની ફરિયાદ કરવાની હોય તો ૫૦૦ રૂપિયા આ રીતે મીનીમમ દર આખા દેશમાં આપણે કર્યા છે અને આ રીતે કામ ચાલી રહ્યું છે.

## રાજયમાં સ્વાયત્ત યુનિવર્સિટીઓ

***૨૧૭૧૧ શ્રી અમિત અ. ચાવડા (બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬, વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજયમાં કઈ કઈ સ્વાયત્ત (ડિમ્ડ) યુનિવર્સિટીઓને મંજૂરી આપેલ છે,

(૨) સ્વાયત્ત યુનિવર્સિટીઓને કારણે રાજય સરકારને કોઈ આર્થિક ભારણ પડે છે કે કેમ, અને

(૩) જો હા, તો તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬, ૨૦૦૬-૦૭માં યુનિવર્સિટી વાર કેટલું આર્થિક ભારણ પડેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) એક પણ નહીં.

(૨) ના, જી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી અમિત અ. ચાવડા** : માનીય અધ્યક્ષશ્રી, હું આપશ્રી મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજયમાં હાલ કેટલી યુનિવર્સિટી આવેલી છે અને તે પૈકી કઈ કઈ યુનિવર્સિટી સેલ્ફ ફાઈનાન્સ અને સ્વાયત્ત છે, અને નિરમા તથા ધરમસિંહ દેસાઈ જેવી યુનિવર્સિટીને રાજય સરકાર તરફથી કોઈ નાણાંકીય સહાય કરવામાં આવે છે કે કેમ અને આવતી હોય તો ગયા બે વર્ષમાં કઈ કઈ રીતે કેટલી નાણાંકીય મદદ કરવામાં આવી છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન એ છે કે ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં ૩૧-૧-૦૭ની સ્થિતિએ કઈ કઈ સ્વાયત્ત (ડિમ્ડ) યુનિવર્સિટીને મંજૂરી આપી છે. જ્યારે ધારાસભ્યશ્રી કોઈ બાબતને જાણવા માગે છે ત્યારે એ સ્વાયત્ત અને ડિમ્ડ યુનિવર્સિટીને ભેગી કરે ત્યારે જવાબ આપવાની મુશ્કેલી થતી હોય છે. ગુજરાતમાં સ્વાયત્ત યુનિવર્સિટીઓ પણ છે અને ડિમ્ડ યુનિવર્સિટી પણ છે. અને પ્રાઈવેટ યુનિવર્સિટી પણ છે. એટલે આ પ્રશ્નમાં ધારાસભ્યશ્રી કઈ બાબત જાણવા માગે છે તે ધ્યાનમાં નથી આવ્યું. પણ જ્યારે તેમણે મદદ આપવાનો સવાલ પૂછ્યો છે તો એમ.એસ. યુનિવર્સિટીમાં ૨૦૦૬-૦૭ માં ૩૧,૮૩,૫૧,૦૦૦ અને ૨૦૦૫-૦૬ માં ૩૫ કરોડ આપવામાં આવ્યા છે. ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં ૨૦૦૫-૦૬ માં ૧,૮૪,૫૦,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૨,૨૪,૦૨૦૦૦ નું બજેટ ફાળવવામાં આવેલ છે.

**શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે બહારની ડિમ્ડ યુનિવર્સિટીઓ મારફત કયા કયા અભ્યાસક્રમો બોગસ સ્ટડી સેન્ટરો ખોલીને ચાલતા હતાં અને તે બંધ કરવા માટે રાજય સરકારે શું પગલાં લીધા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં માત્ર એક ગુજરાત વિદ્યાપીઠ ડિમ્ડ યુનિવર્સિટી છે. બીજી કોઈ ડિમ્ડ યુનિવર્સિટીને ગુજરાતમાં ડિમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો મળેલ નથી. તેમ છતાં બીજા રાજયોમાં જે ડિમ્ડ યુનિવર્સિટીઓ હતી તે યુનિવર્સિટીઓએ જ્યારે પોતાના રાજયની બહાર કોઈ ઈન્સ્ટીટયૂટ ઊભી કરવી હોય તો તેમણે મંજૂરી લેવી પડે છે. યુ.જી.સી.ની મંજૂરી લેવી પડે અને પોતાના રાજયની પણ લેવી પડે. પરંતુ વગર મંજૂરીએ ગુજરાતમાં અનેક નવા નવા કોર્સીસ વગેરે જે ચલાવતા હતા એમાં બી.એ., બી.એસ.સી., એમ.બી.એ. ફીઝીયોથેરપી જેવા અનેક જુદા જુદા કોર્સીસ અહીં ચલાવતા હતા અને ૭૦ હજાર થી સવા લાખ રૂપિયા સુધીની ફી ઉઘરાવતા હતા. જ્યારે રાજય સરકારના ધ્યાનમાં આવ્યું ત્યારે ૩૭ જેટલા સ્થળો પર આકસ્મિક દરોડાઓ પાડી અને તેને બંધ કરાવવામાં આવેલ છે. અને જાહેરાત આપી અને બીજી રીતે વિદ્યાર્થીઓને અને વાલીઓને પણ જણાવવામાં આવેલ છે કે આ બધી યુનિવર્સિટીઓ બોગસ છે તે બંધ કરવી જોઈએ. તેની સાથે યુ.જી.સી. ને પણ લખવામાં આવેલ છે કે આ બધી બોગસ યુનિવર્સિટી જે દેશભરમાં ચાલે છે તે બંધ કરાવવી જોઈએ. કારણ કે જે વિદ્યાર્થીઓ તેમાં અભ્યાસ કરતાં હતાં તેમને માત્ર બે મહિનાનો અભ્યાસ ક્રમ કરાવી અને દસમું ધોરણ નાપાસ હોય તેને સર્ટિફિકેટ આપવામાં આવતાં હતાં. બારમું ધોરણ નાપાસ થયા હોય તેમને બે મહિનાનો અભ્યાસ કરાવીને બારમાંનું સર્ટિફિકેટ આપી દેવામાં આવતું હોય અને પછી બે મહિના પછી કોલેજમાં તે દાખલ થઈ જાય. પણ આ બધા અમાન્ય સર્ટિફિકેટ હતાં અને વિદ્યાર્થીઓ ગેરમાર્ગે દોરવાતા હતા એટલે રાજય સરકારે આ દરોડાઓ પાડી અને બંધ કરાવેલ છે.

**પ્રો. ચંદ્રકાંત મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ડિમ્ડ યુનિવર્સિટી પોતાના કેમ્પસની બહાર ચલાવી શકે કે કેમ અને તેના માટે કોઈ એજન્સીની મંજૂરી લેવી પડે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહયું તેમ ડીમ્ડ યુનિવર્સિટી જે રાજયને મળી હોય એ રાજયમાં જ ચલાવી શકે અને બીજા રાજયમાં ચલાવવી હોય તો યુ.જી.સી.ની પરમિશન લેવી પડે અને ડિસ્ટન્ટ લર્નિંગ એજયુકેશન કાઉન્સિલની પણ મંજૂરી લેવી પડે છે.

**ડૉ. અતુલ કે.પટેલ** : મારે જાણવું છે કે ડીમ્ડ યુનિવર્સિટીમાં જે કોર્સ ચાલતો હોય અને બીજી ગુજરાત સરકારના કંટ્રોલમાં યુનિવર્સિટી છે એમાં એક જ કોર્સમાં જુદા જુદા નિયમો લાગુ પડી શકે ખરા અને આ સ્વાયત્ત યુનિવર્સિટી આપવાનાં સરકારનાં કયાં ધારાધોરણો છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : સ્વાયત્ત યુનિવર્સિટીને રાજય સરકાર કાયદાકીય સ્વરૂપ આપીને વિધાનસભામાં કાયદો પસાર કરીને મંજૂર કરે છે જયારે ડીમ્ડ યુનિવર્સિટી એ કેન્દ્ર સરકારની એચ.આર.ડી. મિનિસ્ટ્રી દ્વારા અને યુ.જી.સી.ના નિયમો દ્વારા એની જાહેરાત થતી હોય છે.

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ હતો કે રાજયમાં કઈ કઈ સેલ્ફ ફાઈનાન્સ યુનિવર્સિટી છે અને કઈ કઈ સ્વાયત્ત યુનિવર્સિટી છે અને એને રાજય સરકાર તરફથી કોઈ મદદ થાય છે કે કેમ અને થતી હોય તો છેલ્લા ૨ વર્ષમાં કેટલી મદદ કરી?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ**: માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં સ્વાયત્ત યુનિવર્સિટીઓમાં ગુજરાત યુનિવર્સિટી, કચ્છ યુનિવર્સિટી, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ભાવનગર યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી અને ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી છે અને એમને રાજય સરકાર તરફથી જે ગ્રાન્ટ આપવામાં આવે છે એ મેં અહીંથી કહેવાનું શરૂ કર્યુ હતું, પરંતુ અહીંથી એમ કહેવાયું કે ધર્મસિંહ દેસાઈની જ માહિતી માગી છે એટલે મેં એ માહિતી આપી હતી. તો હવે હું જણાવું કે એમ.એસ. યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૩૫ કરોડ અને ૨૦૦૬-૦૭ માં ૩૧,૮૩,૫૧,૦૦૦ મળ્યા છે, સરદાર પટેલ યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૧૦,૬૩,૧૫,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૬,૮૬,૧૭,૦૦૦, ગુજરાત યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૯,૨૪,૨૬,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૮,૬૪,૧૬,૦૦૦, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૂરતને ૨૦૦૫-૦૬ માં ૯,૧૭,૮૪,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૮,૫૫,૪૫,૦૦૦, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૧૧,૩૨,૧૨,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૧૦,૪૦,૯૫,૦૦૦, ભાવનગર યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૧૩,૫૦,૦૦,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૧૨,૯૦,૯૫,૦૦૦, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને ૨૦૦૫-૦૬ માં ૩,૦૭,૮૩,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૨,૪૩,૯૮,૦૦૦, ક્રાંતિકારી ગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ યુનિવર્સિટી,ભૂજને ૨૦૦૫-૦૬ માં ૭૮,૭૪,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૪૬,૬૬,૦૦૦, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૫૫,૦૦,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૩૩,૪૭,૦૦૦, ડો. બાબાસાહેબ આંબેડર ઓપન યુનિર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૧,૩૮,૬૫,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૧,૩૯,૯૭,૦૦૦, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડીયાદને ૨૦૦૫-૦૬ માં ૧,૮૪,૫૦,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૨,૨૪,૦૨,૦૦૦ અને સેપ્ટ યુનિવર્સિટીને ૨૦૦૫-૦૬ માં ૯૪,૨૫,૦૦૦ અને ૨૦૦૬-૦૭ માં ૯૨,૨૦,૦૦૦ આપવામાં આવ્યા છે. ખાનગી યુનિવર્સિટીઓમાં કોઈ યુનિવર્સિટીને રાજય સરકાર ગ્રાન્ટ આપની નથી, ખાનગી યુનિવર્સિટીઓમાં નિરમા યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી છે આ યુનિવર્સિટીઓને રાજય સરકાર એકપણ રૂપિયો ખર્ચ આપતી નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : હું જાણવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહયું કે જે યુનિવર્સિટીઓ કોર્સ ચલાવીને બોગસ સર્ટિફિકેટો આપતી હતી તેમના ઉપર દરોડા પાડીને બંધ કરવામાં આવેલ છે. તો કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ દાખલ કરીને પગલાં લીધાં છે?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : વિદ્યા ભારતી એજયુકેશન એકેડેમી, આશ્રમરોડ, અમદાવાદ ખાતે દરોડો પાડીને સંસ્થાના સંચાલક અને અન્યની સામે ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ ખાતે પોલીસ ફરિયાદ કરી હતી અને અત્યારે એ કોર્ટમાં લડાઈ લડી રહયા છે, રાજસ્થાન જનાર્દનરાય ડીમ્ડ યુનિવર્સિટીના વી.સી.સામે અને અલ્હાબાદ એગ્રીકલ્ચર ડીમ્ડ યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર તેમજ સંબંધિત અધિકારીઓ સામે વોરન્ટ ઈસ્યુ કરેલ છે.

રાજયમાં વિદ્યા સહાયકોની ભરતીમાં અલગ-અલગ મેરિટ લિસ્ટ બનાવવા અંગે

***૨૧૧૪૯ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ એક વર્ષમાં વિદ્યા સહાયકોની ભરતીમાં સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ અને સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ મેરિટ બનાવવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

આવી કોઈ જોગવાઈ ન હોવાથી, કાર્યવાહી કરવાની રહેતી નથી.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી:** માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે વર્તમાન સંજોગોમાં ગણિત, વિજ્ઞાનના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને પી.ટી.સી. વિજ્ઞાન પ્રવાહ સાથેના વિદ્યા સહાયકો માટે જોગવાઈ કરવા માગે છે કે કેમ અને બીજો પ્રશ્ન છે કે ધોરણ ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળાઓમાં સાયન્સ પ્રવાહના શિક્ષકોને દરેક ૧ થી ૭ ધોરણની પ્રાથમિક શાળામાં શિક્ષણનું સ્તર ઉંચું લાવવા માટે જોગવાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે છેલ્લા ૭-૮ વર્ષમાં ૮૨૧૪૮ વિદ્યા સહાયકોની ભરતી કરી છે અને આ વર્ષે પણ ૧૨૫૩૧ વિદ્યા સહાયકોની ભરતી કરવાની શરૂઆત થઈ ચૂકી છે અને ૬ થી ૭ જિલ્લામાં તો ભરતી થઈ પણ ચૂકી છે. એવી કોઈ જોગવાઈ નથી કે વિજ્ઞાન પ્રવાહની અલગ મેરીટ યાદી હોય અને સામાન્ય પ્રવાહની અલગ મેરીટ યાદી હોય અને વ્યવસાય લક્ષીની અલગ મેરીટ યાદી હોય, માત્ર મેરીટના આધારે જ યાદી બનાવવામાં આવે છે અને તે પ્રમાણે જ ભરતીની પ્રક્રિયા કરવામાં આવે છે. મારે જણાવવું છે કે અત્યાર સુધીમાં જે કોઈ ભરતી થઈ છે એમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને પણ સર્વિસ મળેલી છે. ૨૦૦૦ ના વર્ષમાં એક હજાર વિદ્યાર્થીઓને, ૨૦૦૧-૦૨ ના વર્ષમાં ૧૦૫૦ વિદ્યાર્થીઓને, ૨૦૦૨-૦૩ ના વર્ષમાં ૧૭૭૭ વિદ્યાર્થીઓને અને ૨૦૦૩-૦૪ ના વર્ષમાં ૨૨૩૫ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને વિદ્યા સહાયક તરીકેની નોકરી મળેલ છે. અને અત્યારે ભરતીની જે પ્રક્રિયા ચાલુ છે એમાં છ જિલ્લાઓમાં જે ભરતી થઈ છે એમાં ૨૫૭ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને વિદ્યા સહાયક તરીકેની નોકરી મળેલ છે. જ્યાં સુધી ગણિત અને વિજ્ઞાનનો સવાલ છે ત્યાં સુધી પાંચમાં, છઠ્ઠા અને સાતમાં ધોરણમાં વિજ્ઞાન અને ગણિત અને અંગ્રેજી જેવા વિષયો શીખવી શકે તેવા શિક્ષકો હાલમાં ઉપલબ્ધ છે અને શાળામાં સારી રીતે અભ્યાસ કરાવી રહ્યા છે. કોમ્પ્યુટરનું શિક્ષણ પણ આપી રહ્યા છે. અને એમને ટ્રેઈનિંગ પણ આપી છે. પી.ટી.સી.ના બે વર્ષના કોર્ષમાં પણ વિજ્ઞાન અને ગણિત ના વિષયો પાંચમાં, છઠ્ઠા અને સાતમાં ધોરણમાં જે આવે છે તે જ ભણાવવામાં આવે છે. એટલે બધા જ વિદ્યા સહાયકોને કવોલિટી વાળું એજ્યુકેશન આપીને પછી જ શિક્ષક તરીકે તેઓ જાય છે એટલે સારી રીતે શિક્ષણ આપી શકે છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જાણવા માગું છું કે વિદ્યા સહાયકોની ભરતીમાં જે મેરીટ લીસ્ટ બનાવવામાં આવે છે એમાં કઈ કઈ પદ્ધતિ પ્રમાણે મેરીટ લીસ્ટ બનાવવામાં આવે છે. એમાં અપંગ ઉમેદવારને એના અનામતના ધોરણે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓ.બી.સી.ના લોકોને ભરવામાં આવે છે એમાં પદ્ધતિમાં ઓપન મેરીટમાં સીધી ભરતીનો લાભ આપે છે કે તેને અનામત કક્ષામાં લઈ જવામાં આવે છે? એટલે કઈ પદ્ધતિએ મેરીટ લીસ્ટ બનાવવામાં આવે છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી. ના જે વિદ્યાર્થીઓ પહેલાં મેરીટ લીસ્ટમાં આવી જતા હોય તો તેને મેરીટમાં પહેલી ગણતરી કરવામાં આવે છે અને ત્યાર પછી છેલ્લામાં છેલ્લી કક્ષાનું મેરીટ આવે ત્યાર પછીની મેરીટ યાદી વખતે એસ.સી., એસ.ટી. અને ઓ.બી.સી.ની બનાવવામાં આવે છે. એટલે બન્ને જગ્યાએ તેમને લાભ મળતો હોય છે. જે લોકો હાઈએસ્ટ પરસન્ટેજ લાવ્યા હોય તેમને તો જનરલ યાદીમાં જ લાભ મળી જતો હોય છે અને પછી બાકીની યાદી બનાવવામાં આવે છે. એટલે કોઈપણ પ્રકારનું એમને નુકસાન ન થાય તેની કાળજી રાજય સરકાર લે છે.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ મેરીટ લીસ્ટ જે વિદ્યા સહાયકોનું બનાવવામાં આવે છે એમાં નેશનલ ગેમ્સમાં રમી આવ્યા હોય તેમને પાંચ માર્કસ આપવામાં આવે છે. દર વર્ષે નેશનલ ગેમ્સ વાળા પહેલા, બીજા અને ત્રીજા નંબર લઈને આવ્યા હોય તેવા પચ્ચીસ ત્રીસ વિદ્યાર્થીઓ હોય છે. પણ આ વર્ષે હજારો વિદ્યાર્થીઓ આવા ખોટા પ્રમાણપત્રોના આધારે આવી ભરતી થઈ ગયા છે તે વાત સાચી છે? અને જો સાચી હોય તો તેની સામે શું પગલાં લેવામાં આવ્યા છે?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો જે સ્પોર્ટસના માર્ક્સ છે તે બધા જ વિદ્યાર્થીઓને મળતા નથી. મેરીટ યાદીમાં સૌથી છેલ્લે જે વિદ્યાર્થી આવતો હોય તે વિદ્યાર્થીના માર્કસ અને તેના પછીના વિદ્યાર્થીના માર્કસ સરખા હોય તો કોને ઓર્ડર આપવો તે જોવા માટે જ સ્પોર્ટસના માર્કસ ગણવામાં આવે છે. અને તે રીતે મેરીટ યાદી બને છે. જ્યારે આ વર્ષે વિદ્યાર્થીઓને ખબર ન હોવાને કારણે ગમે ત્યાંથી આવા સ્પોર્ટસ સર્ટિફિકેટ લઈ આવ્યા છે અને તેની જ્યારે જાણ થઈ છે ત્યારે કઈ કઈ સંસ્થા કે એજન્સી પાસેથી આવા સર્ટિફિકેટ લઈ આવ્યા છે તેની યાદી પણ આપણે મેળવી લીધી છે. અને ઘણા વિદ્યાર્થીઓને તો ખબર પડી કે આની તપાસ થઈ રહી છે તેથી તેમણે રજૂ કરેલા એવા પ્રમાણ પત્રો એ લોકો પાછા લઈ આવ્યા છે. એટલે જે વિદ્યાર્થીઓએ સર્ટિફિકેટ આપ્યા છે તે સાચા હશે તો જરૂર તેનો લાભ તેમને મળશે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માજી સૌનિકોના આશ્રિતોના છોકરાઓએ પી.ટી.સી. કરેલ છે એમને વિદ્યા સહાયકની ભરતીમાં રાજય સરકાર સ્પેશ્યલ વિચાર કરી લેવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : આપનું સૂચન છે.

### રાજયની સ્વનિર્ભર શાળા કૉલેજોમાં મફત કન્યા કેળવણી

***૨૦૯૫૩ શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજય સરકારે કન્યા કેળવણી અન્વયે મફત શિક્ષણ આપવાની નીતિ અમલમાં મૂકી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ખાનગી સ્કૂલો કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં આ નીતિ લાગુ પાડવા સરકાર વિચારે છે?

**શિક્ષણ મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) ના, જી.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : સૌ પ્રથમ હું રાજયમાં કન્યાઓના અભ્યાસ માટે સહાય કરવા માટે કન્યા કેળવણી નિધિની રચના કરવામાં આવી છે તે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેન પટેલનો આભાર માનું છું.

હું માનનીય શિક્ષણ મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કન્યા કેળવણી અંગે નવી નીતિ ઘડવા માગે છે કે કેમ? બીજો પ્રશ્ન છે કે ખાનગી સ્કૂલો અને કોલેજોમાં કન્યાઓને મફત શિક્ષણ આપવા માટે કોઈ રજૂઆતો મળેલ છે કે કેમ અને સરકાર દ્વારા શું વિચારણા કરવામાં આવેલ છે.

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક વિભાગ, માધ્યમિક વિભાગ, ઉચ્ચતર માધ્યમિક વિભાગ અને કૉલેજ આ બધામાં કન્યાઓને ટયુશન ફીમાંથી મુકિત આપવામાં આવેલ છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : રાજયમાં કન્યા કેળવણી માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ ગામડાંમાં ફરી મને ભિક્ષા આપો અને દીકરીને ભણાવો તેવી વાત કરી તેનાથી મને આનંદ થયો. અત્યારે ચોરેને ચૌટે જ્યાં જૂઓ ત્યાં શિક્ષણનો વેપાર ઊગી નીકળ્યો છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો, નિરમા યુનિવર્સિટીથી માંડીને જે પ્રાઈવેટ છે એમાં મારે માનનીય મંત્રી આનંદીબહેનને પૂછવું છે કે કન્યા કેળવણી માટે આ ફાઈનાન્સ કોલેજોમાં અથવા પ્રાઈવેટ કોલેજોમાં, સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ગુજરાત સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ કન્યાઓ માટે ઉદારતા બતાવી છે ત્યારે ગુજરાત સરકાર જે ફાઈનાન્સ કોલેજો છે એમાં કન્યાઓની ફી કન્યા કેળવણી નિધિમાંથી આપવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કન્યા કેળવણી યોજનાની ૧૧ કરોડની જાહેરાત કરી એ સમયે આ વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સાંભળ્યું હોત તો એમાં આ જોગવાઈ કરવામાં આવી છે. એમાં જે બહેનો વ્યવસાયલક્ષી કોર્ષોમાં અભ્યાસ કરતી હોય એની ફી અમે આપીશું.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : આ રાજય સરકાર કન્યા કેળવણી માટે સતત ચિંતા કરે છે ત્યારે રાજય સરકાર અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. સાથે સાથે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજયમાં કન્યા કેળવણી નિધિમાં કેટલી રકમ જમા થઈ અને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ નિધિમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : ૧૧ કરોડ રૂપિયા આ નિધિમાં જમા થયા છે. અને મેં હમણાં વિધાનસભામાં જાહેરાત કરી છે કે કઈ રીતે એનો ઉપયોગ કરવાનો છે અને આવતા દિવસોમાં એનો પૂરેપૂરો ઉપયોગ કરી લેવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ વાત કરી કે ૧૧ કરોડમાંથી સેલ્ફ ફાઈનાન્સ કૉલેજની ફી આપવા માગીએ છીએ. આ ૧૧ કરોડમાંથી સામાન્ય રીતે એવરેજ એક લાખ રૂપિયા એક વર્ષની ફી થતી હોય છે. તો આમાંથી કેટલા વિદ્યાર્થીઓને આપી શકાય? (અંતરાય) અમારા વખતે સેલ્ફ ફાઈનાન્સ કોલેજો હતી નહિ. * • (xxxx) આપ લઈ આવ્યા, અમારા વખતે હતા જ નહિ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં ગમે તે શબ્દો વાપરવાના? (xxxxx) શબ્દ વાપર્યો છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં એમ કહ્યું કે આ* (xxxxx) આપ લઈ આવ્યા. એ શબ્દ કાઢી નાખો. (અંતરાય) *(xxxxx) તમને નથી કીધા ભાઈ, બંધબેસતી પાઘડી પાઘડી શું કરવા પહેરો છો? (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : આ ગૃહ છે. ગૃહની અંદર ગમે તેવા શબ્દો વપરાય?

**અધ્યક્ષશ્રી** : એ શબ્દો હું દૂર કરું છું પ્લીઝ.

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, શબ્દ કાઢી નાખવા કરતાં આપ એમને કહો કે..(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : સાંભળો તો ખરા.

**શ્રી અશોક ભટ્ટ** : ગમે તે બોલે.(સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બેસો આપ પ્લીઝ. અહીંયાં શબ્દ પ્રયોગો સારા થાય. અસંસદીય અથવા તો કોઈને દુઃખ લાગે એવા એવા શબ્દો નહીં વાપરીએ. (સતત અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓ અને બાકીના બધા જે ચાલે છે તેને (~~xxxxxx~~) કહેવું તે કોઈ રીતે યોગ્ય નથી. સમાજની સેવા કરવા માટે નીકળ્યા છે. (~~xxxxxx~~) શબ્દ વાપરે, આ હાઉસ માટે..(અંતરાય) (આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા " શિક્ષણનો વેપાર બંધ કરો "ના સુત્રોચ્ચાર કરવામાં આવ્યા.) હવે બંધ કરો શું? બંધ થઈ જશો બોલતાં હવે. પાછળ એકેય વધવાના નથી. બંધ કરો શું?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : બંધ તો કરી દેશે. બંધ કરી દેવાના છે. ચિંતા ન કરો.(અંતરાય)

---

• (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**શ્રી વજુભાઈ વાળા** : અહીંથી ચાલુ થશે તો એકેય બેસી નહીં શકો. આ કોઈ રીતે યોગ્ય નથી. આ વિરોધપક્ષના નેતા માટે થઈને.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ પ્લીઝ. (સતત અંતરાય)

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા " શિક્ષણનો વેપાર બંધ કરો "ના સુત્રોચ્ચાર કરવામાં આવ્યા.)(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્ન માત્ર એટલો જ પૂછયો છે કે ૧૧ કરોડ રૂપિયા જે છે. મેં કહ્યું તેમ એવરેજ ફી એક દીકરીની એક લાખ રૂપિયા થતી હોય તો ૧૧ કરોડમાં તો આખી કન્યા કેળવણી નીતિ બનાવી છે. તો તેમાંથી તમામ દીકરીઓ જેટલી ભણે છે, સેલ્ફ ફાયનાન્સ કૉલેજોમાં અને સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોમાં તેને સરકાર આપવા માગે છે કે કેમ?

**શ્રીમતી આનંદીબેન મ.પટેલ** : ભૂતકાળની સરકારે નથી કર્યું ત્યારે અમે આટલું કરીએ છીએ એ મહત્ત્વનું છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન ક્રમાંક-૫.

**જામજોધપુર અને લાલપુર તાલુકામાં રાંધણગેસ સમયસર આપવા અંગે**

***૨૦૯૪૩ શ્રી ચીમનલાલ ધ. સાપરિયા (જામજોધપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે-

(૧) જામજોધપુર અને લાલપુર તાલુકાઓમાં આવેલ ગેસ એજન્સીઓમાં સમયસર ગ્રાહકોને ગેસના બાટલા મળતા નથી તે હકીકત સાચી છે અને

(૨) જો, હા તો તેના માટે સરકારે શું આયોજન કરેલ છે?

**નાગરિક પુરવઠા મંત્રીશ્રી :**

(૧) હા,જી. શિયાળાની સીઝનના વપરાશ વધવાને કારણે ગેસ બૉટલોની માંગમાં વધારો થવાથી તેમ જ ગ્રાહકો જલ્દીથી ગેસ નહીં મળે તેવી માનસિકતાથી વધારે પ્રમાણમાં બુકીંગ કરાવતા હોવાથી ગેસ બૉટલોની માંગમાં અસાધારણ વધારો થવા પામેલ છે તેમજ જાહેર ક્ષેત્રની ઑઈલ કંપનીઓ પણ સબસિડીનું ભારણ વધે નહીં તે હેતુથી તેઓના ડીસ્ટ્રીબ્યુટર મારફતે છેલ્લી ડિલિવરી બાદ ૨૧ દિવસ પછી નોંધણી અગ્રતાક્રમના ધોરણે ગેસ બૉટલોની ડિલિવરી આપતા હોવાથી ગેસનો બેકલોગ રહેવા પામેલ છે.

(૨) (અ) ગેસનો બેકલોગ ઘટાડવા માટે ઑઈલ કંપનીઓના અધિકારીશ્રીઓ સાથે અવારનવાર બેઠકો યોજી ગેસના બેકલોગની સમીક્ષા કરવામાં આવે છે. વાપરનાર ગ્રાહક વર્ગને સરળતાથી ગેસ ઉપલબ્ધ થઈ શકે તે માટે પૂરતો ગેસનો જથ્થો પૂરો પાડવા સંબંધિત ઑઈલ કંપનીઓને સૂચનાઓ આપવામાં આવે છે. તેમજ તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલો, રેસ્ટોરન્ટો જેમાં વાણિજયક રીતે ઔદ્યોગિક એકમોની સઘન તપાસણી કરવામાં આવે છે તેમજ કસૂરવારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જામજોધપુર અને લાલપુરમાં નિયમિત ગ્રાહકોને ગેસની બૉટલો મળતી નથી. તો તેના માટે વિશેષ બેકલોગ દૂર કરવા માટે વિભાગ શું કાર્યવાહી કરવા માગે છે? અને બીજો પ્રશ્ન ગ્રાહકો પાસે સીંગલ બૉટલ હોય અને જેના કારણે નિયમિત ગેસ ન મળતો હોય તેને કારણે મુશ્કેલી ઉભી થતી હોય તો આવા ગ્રાહકોને ડબલ બૉટલ આપવા માગે છે કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી નિયમિત ગેસ માટે વાત કરે છે તે માટે રાજય સરકારે અવારનવાર એલ.પી.જી. ગેસ અંગે ઑઈલ કંપનીના અધિકારીઓ સાથે છેલ્લા બે વર્ષમાં પાંચ-સાત કરતાં વધારે વખત તેમની સાથે બેઠકો કરીને નિયમિત ગેસ મળે તેના માટેનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય સભ્યશ્રીની લાગણી છે કે આ માટે શું આયોજન કરે છે તો છેલ્લે ૨૩-૨-૦૭ના રોજ ઑઈલ કંપની સાથે બેઠક થઈ, તેમાં સીંગલ બૉટલને ડબલ બૉટલ ન આપે તો પણ તરત નોંધી શકે અને ૨૧ દિવસ પ્રાયોરિટીમાં સીંગલ બૉટલને ગેસ મળી જાય. ડબલ બૉટલ છે અને ૧૫ દિવસ પછી નોંધાવી શકે અને તેને પણ ૨૧ દિવસના પ્રાયોરિટી લિસ્ટ મુજબ ૨૧ દિવસનો ગાળો રાખીને સમયસર બૉટલ મળે તે માટે રાજય સરકારે વ્યવસ્થા કરી છે. માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકવુ છે કે ઑઈલ કંપનીઓ દ્વારા મિટિંગ કરવાને કારણે અત્યારે દર માસે ગેસ પુરવઠો સપ્લાય કરે છે તેમાં હું કમ્પેરીઝન કરવા માગું છું કે ગયા વર્ષે જાન્યુઆરીમાં કેન્દ્રમાંથી જે સપ્લાય મળવો જોઈએ, તેનું જે કમિશન હતું.એ વધારે થઈ ગયું છે અને પહેલા ટોટલ કેન્દ્ર સરકાર ભોગવતી હતી. હવે ઓઈલ કંપનીઓને જાતે,એમને ભોગવવાનો વારો આવ્યો છે એટલે એનું સપ્લાયનું જે ડી.એન.એ. સરકારમાં હતુ, મુકત બજારમાં મુકત રીતે આ ગેસના બાટલા મળતા હતા પણ જાન્યુઆરી ૨૦૦૬ માં ૩૪,૦૨,૦૪૨ ગેસના બાટલા મળ્યા છે અને જાન્યુઆરી -૨૦૦૭ની અંદર ૩૫,૯૭,૯૩૫ એમ કુલ ૧,૯૫,૮૯૩ વધારાના બોટલો મેળવવા

માટે રાજય સરકારે મીટિંગ કરી અને સમયસર આયોજન કર્યુ છે. ઓઈલ કંપનીઓના અધિકારીઓ પણ કહે છે કે બીજા રાજયો છે ત્યાં આ રાજય સરકાર જે રીતે અમને સપોર્ટ કરે છે તે રીતે બીજા રાજયોમાં મળતો નથી અને એનું કારણ એ છે કે હવે ગેસ જે છે એની સ્કુટરની અંદર કીટ બનાવે છે, સ્કૂટરની અંદર પણ ગેસ વપરાય છે. ઘરની અંદર ગીઝરમાં વપરાય છે અને ગાડીઓમાં ખાવાનો ગેસ છે, ડોમેસ્ટીક ગેસ છે એ ગાડીમાં વપરાય છે. એના માટે અમે સઘન વ્યવસ્થા તપાસ ચાલુ કરી છે અમે ૧૨૦૮ તપાસો માત્ર આ ગેસ દ્વારા કરવામાં આવી છે અને ૬૯૨૨ નંગ બાટલાઓ પકડયા છે. ૩૭,૮૨૫ કિલો ગેસ પકડયો છે. ૭૭,૦૫,૯૦૧ એટલી કિંમતનો જથ્થો કબજે લીધો છે અને રાજયસાત જથ્થો ૨૩,૭૮,૦૩૬ રુપયાનો કર્યો છે. એની સાથેસાથે વાહનોનું પણ ચેકીંગ કર્યુ છે. અને ૧૦૮૨ વાહનોનું ચેકીંગ કરેલ છે એમાં પણ ૧,૨૨,૭૦,૫૧૯ રૂપિયાનો જથ્થો પકડી પાડીને વાહનો પણ જપ્ત કરેલ છે અને રાજયસાત ૬,૪૦,૭૪૬ કરેલ છે. હોટલોમા પણ કોમર્શિયલ ગેસ ઈઝીલી મળી રહે એવી રીતનું માર્કેટ છે છતાં પણ આ ડોમેસ્ટિક ગેસ હોટલોમાં વપરાય છે. એના માટે પણ અમે તપાસ આદરી છે અને ૨૨૬૩ તપાસ કરી છે એમાંથી ૩૮૫૯ સિલિન્ડરો અમે જપ્ત કર્યા છે. ૫૧૯ કુલ ગેસ જપ્ત કર્યો છે. ૩,૪૭,૩૪૭ લાખ રૂપિયાની રાજય સરકારે કુલ તપાસ કરી અને આ રાજય સરકાર કડક રીતે હાથ ધરી પ્રત્યેક ગ્રાહકને સમયસર ગેસ મળી રહે એ રીતે આયોજન કર્યુ છે.

**ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને માત્ર બે જ પ્રશ્નો પૂછવા છે કે રાંધણ ગેસની મુશ્કેલી જે થાય છે એમાં ગેસ કંપની ગેરરીતિ કરે તો સરકાર શું પગલા લે છે અને બીજું મારે જાણવું છે કે છ માસથી વધારે કોઈ ગેસ એજન્સી સસ્પેન્ડ રહી હોય તો એનું લાયસન્સ કાયમી રીતે રદ થાય છે એ વાત સાચી છે?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની ફરિયાદ જે છે કે ગેસ કંપનીઓ કોઈ ગેરરીતિ કરે એવી ફરિયાદ આ રાજય સરકારના ધ્યાનમાં આવી નથી. એજન્સીઓ જે છે એના અલગ અલગ કેન્દ્રના નિયમો છે એના નિયમો જે પણ હોય છે એની કાર્યવાહી રાજય સરકાર કરે જ છે અને એ નિયમો હેઠળ જો પાત્રતા કેન્સલ કે રદ કરવાની હોય તો આ રાજય સરકાર ઓઈલ કંપની દ્વારા કાર્યવાહી કરાવે છે.

**શ્રી યોગેશભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગેસ એજન્સી બોટલમાંથી ગેસ કાઢી લે છે એવી અનેક ફરિયાદો મને મળી છે તો એનું સતત ચેકીંગ કરવા માગો છો કે કેમ અને બીજો પ્રશ્ન એ છે કે ગેસ એજન્સી એ ઘેરબેઠા ગેસ આપવાનો હોય છે પરંતુ ગ્રાહકોને એ ગોડાઉન મારફતે આપે છે અને ગોડાઉન ઘણા દુર હોય છે તથા ઘરાકોને નાણાકીય અને સમયની મુશ્કેલી પડે છે તો એમાં કંઈ કડક પગલા લેવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, દરેક સભ્યશ્રી આ પુરવઠાના સભ્યશ્રીઓ હોય છે. જિલ્લા કક્ષાએ દર ત્રણ ત્રણ મહિને મીટિંગો મળતી હોય છે તો આવી જો ફરિયાદ હોય તો આજ સુધી કોઈ સંકલન સમિતિ દ્વારા અમને એક પણ ફરિયાદ મળી નથી. એમનો સવાલ છે કે ગ્રાહકોને ઘેરબેઠા ગેસ આપવાનો એજન્સીનો નિયમ જ છે. એણે ઘેર બેઠા ગેસ પૂરો પાડવાનો હોય છે. એના માટે એને કમિશન મળે છે. એમના ધ્યાને કોઈ ફરિયાદ હોય તો મને લેખિતમાં જણાવશે તો હું એજન્સી સામે કાર્યવાહી કરીને તેમને ઘેર બેઠા ગેસ પહોંચાડવાની વ્યવસ્થા કરી આપીશ.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : જેમ આની અંદર જણાવવામાં આવ્યું છે કે હોટૅલ અને રેસ્ટોરન્ટની ચકાસણી કરવામાં આવે છે. મારો પ્રશ્ન એ છે કે જે સ્વૈચ્છિક સંસ્થાઓ આશ્રમો, વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો કે કન્યા છાત્રાલયો ચલાવતી હોય એવી સંસ્થાઓને ગેસ આપવા માટેની કોઈ પોલિસી છે કે નહિ? અને ના હોય તો બનાવવા માગે છે કે કેમ? કારણ કે એમને ગેસની ખૂબ તકલીફ પડતી હોય છે. મારો બીજો પ્રશ્ન એ છે કે લગ્ન પ્રસંગ હોય અને એણે કોઈ કેટરીંગનો કોન્ટ્રાકટ ન આપ્યો હોય અને લગ્ન કે સગાઈનો નાનો કાર્યક્રમ હોય તો આજુબાજુના ગેસના બાટલા ભેગા કરીને રસોઈ બનાવતા હોય છે. આ લોકોને ત્યાં રેડ પાડીને પ્રસંગ બગાડતા હોય છે. આના માટે કોઈ નિયમ બનાવવા માગો છો કે કેમ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે શૈક્ષણિક સંસ્થાઓ છે એમાં કોને ડોમેસ્ટીક આપવો કે કોને કોમર્શીયલ આપવો એ નક્કી કરવાનું કામ રાજ્ય સરકારનું નથી. કેન્દ્ર સરકાર આ બાબત નક્કી કરે છે. મિત્રોને વિનંતી કરું છું કે ત્યાંથી પોલિસી બનાવી લાવો કે બધી શૈક્ષણિક સંસ્થાઓને અને લગ્નપ્રસંગમાં આપી શકાય. ખરેખર ઘરનો ગેસ આપવાનો નથી હોતો. લગ્નમાં વાપરે, સંસ્થામાં વાપરે અને ઘરના લોકોને વાપરવા માટે તંગી પડે છે. એટલા માટે રાજ્ય સરકારે જે કાયદાકીય રીતે કાર્યવાહી કરવાની હોય એટલી કરેલ છે. આમ, આ જવાબદારી રાજ્ય સરકારની નથી.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : આ રાંધણ ગેસને ૧૫ દિવસ પછી નોંધવાની સૂચના સરકારે આપી છે કે ૨૧ દિવસની પછી? જો ૧૫ દિવસ પછી હોય તો ૨૧ દિવસ સુધી નોંધતા નથી.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : હું સ્પષ્ટ આ ફ્લોર ઉપરથી કહું છું કે છેલ્લી મિટિંગમાં પ્રેસ નોટ પણ કંપની દ્વારા આપવામાં આવી છે કે સિંગલ બોટલ લીધા પછી ગમે ત્યારે નોંધાવી શકાશે. ૨૧ દિવસે મળી જશે. ડબલ

બૉટલ હશે તો એને ૧૫ દિવસ પછી નોંધણી કરાવી શકશે પણ બૉટલ મેળવ્યાના ૨૧ દિવસના ગાળા પછી મળશે એને આપીશું. જેના કારણે ગેરરીતિ નહિ થાય, વાહનોમાં ગેરકાયદેસર ઉપયોગ ન થાય.

**વલસાડ જિલ્લાની પ્રાથમિક શાળાઓની મરામત અંગે**

***૨૨૦૭૫ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લાની તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓની મરામત કરવા માટેની અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી પ્રાથમિક શાળાઓ રીપેરીંગ કરવામાં આવી, અને

(૩) આ મરામત માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) તાલુકાવાર મળેલ અરજીઓ નીચે પ્રમાણે છે.

| ક્રમ | તાલુકો | અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૫૮ |
| ૨ | પારડી | ૧૦૦ |
| ૩ | ઉમરગામ | ૯૭ |
| ૪ | ધરમપુર | ૭૩ |
| ૫ | કપરાળા | ૫૬ |
| | કુલ... | ૩૮૪ |

(૨) ૧૨૪ શાળાઓ રીપેરીંગ કરવામાં આવી છે.

(૩) રૂા. ૫૬,૫૭,૪૫૪/-

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શાળાઓના રીપેરીંગ માટે ૩૮૪ જેટલી અરજીઓ આવી હતી તેમાંથી ફક્ત ૧૨૪ શાળાઓનું રીપેરીંગ કરવામાં આવ્યું તો બાકી રહેતી ૨૬૦ અરજીઓનો નિકાલ ક્યારે કરવા માગે છે, આ કામ ક્યારે થશે?? મારો બીજો પ્રશ્ન છે કે ૧૨૪ શાળાઓ જે રીપેર કરવામાં આવી તેમાં એકંદર કેટલો ખર્ચ થયો? ૩૮૪ શાળાઓ માટે રીપેરીંગની અરજીઓ આવી તેમાં એલ.એન્ડ ટી.ના કેટલા ઓરડાઓનો સમાવેશ થયેલ છે?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૪ શાળાઓમાં ૫૯૩ ઓરડાઓની સંખ્યા છે એ રિપેર કરવામાં આવ્યા એમાં ૫૬,૫૭,૪૫૪ રૂપિયાનો ખર્ચ થયો છે અને એમાં એલ.એન્ડ ટી.ના પારડી તાલુકામાં ૬૦ ઓરડાઓ છે એમાંથી ૪૦ ઓરડાઓ મરામત માટે મૂકવામાં આવ્યા છે અને એ રીપેર થઈ જશે. બીજો પ્રશ્ન હતો કે ૩૮૪ શાળાઓના ૧૦૪૨ ઓરડાઓની દરખાસ્ત આવી છે એમાંથી ૧૨૪ શાળાઓની કામગીરી અમે પૂરી કરી છે અને ૫૯૩ ઓરડાઓના મરામતની કામગીરી પૂરી કરી છે. ૨૬૦ શાળાઓના ૪૪૯ ઓરડાઓની કામગીરી ગતિમાં છે અને તા. ૩૧-૧૨-૨૦૦૬ની સ્થિતિએ આ કામ ચાલુ છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે શાળા રિપેરિંગ કરવા રાજ્ય સરકારે ખર્ચ બતાવ્યો છે એમાં શાળા જલદી રિપેર થતી નથી અને બાંધકામ બરોબર થતું ના હોવાના કારણે વ્યારાની અંદર ૧૧ આદિવાસી દીકરીઓ મરણ પામી છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માધુભાઈ, એ પ્રશ્ન આમાં નહિ આવે, આગળ પૂછો, કારણ કે પ્રશ્ન આટલા બધા છે. જીતુભાઈ. (અંતરાય)

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : એમની પાસે નથી એટલા માટે. (અંતરાય)

**શ્રી માધુભાઈ જે. ભોયે** : રિપેરિંગ થયું નથી ત્યારે આવી પરિસ્થિતિ ઊભી થઈ છે એટલા માટે હું મંત્રીશ્રીને પૂછું છું કે વલસાડ જિલ્લામાં આવી શાળાઓ જલદી રિપેર થાય અને સારું બાંધકામ થાય તો આવા બનાવો ના બને એના માટે સરકાર કાળજી લેવા માગે છે કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, જે જે શાળાના ઓરડાઓ રિપેરેબલ છે એ શાળાના ઓરડા રિપેરિંગમાં લીધા છે. એ માટે ૨૦૦૫-૦૬ માં ૨૧ કરોડના બજૅટનું આયોજન કર્યુ હતું. ૨૦૦૬-૦૭ માં ૨૪ કરોડના બજૅટનું આયોજન કર્યુ છે અને કામગીરી ગતિમાં છે.

**આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ**

***૨૧૬૨૧ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, -

(૧) રાજ્યના અંતરિયાળ આદિવાસી વિસ્તારોમાં આવેલ પ્રાથમિક શાળાઓના બાળકોને કૉમ્પ્યુટર શિક્ષણ મળી રહે તે માટે કોઈ યોજના દાખલ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકારે સન ૨૦૦૬-૦૭ ના વર્ષ માટે કેટલી રકમની જોગવાઈ કરેલ છે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) આદિજાતિ વિસ્તાર હેઠળ ૪૮૦ શાળાઓ માટે રૂ.૯૬૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આદિવાસી વિસ્તારોમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં કૉમ્પ્યુટર ફાળવેલ છે તે પ્રાથમિક શાળાના શિક્ષકોને કૉમ્પ્યુટર અંગેની તાલીમ ગોઠવવામાં આવેલ છે કે કેમ? બીજું, ચાલુ સાલે કેટલા આદિવાસી વિસ્તારમાં પ્રાથમિક શાળાને કૉમ્પ્યુટર આપેલ છે? ત્રીજું, આવતા વર્ષમાં આદિવાસી પ્રાથમિક શાળાઓમાં કેટલા કૉમ્પ્યુટર આપવા રાજ્ય સરકારનું આયોજન શું છે?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટેલ સંસ્થા દ્વારા ૮૦૦૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી છે અને એમાં ખાસ કરીને જે આદિવાસી વિસ્તાર છે એ વિસ્તારમાં ૩૦૭ શાળાઓને અમે કૉમ્પ્યુટર દ્વારા શિક્ષણથી આવરી લીધી છે. ધોરણ ૫, ૬, ૭ ના વિદ્યાર્થીઓ છે એમને કૉમ્પ્યુટર શિખવાડવાની કામગીરી પણ શરૂ કરી છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જે શાળાઓને કૉમ્પ્યુટર ફાળવવામાં આવ્યા છે એ શિક્ષકોને કૉમ્પ્યુટર અંગેની કોઈ તાલીમ આપવા માગો છો કે કેમ?

**શ્રી ભૂપેન્દ્રભાઈ ગ. લાખાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટેલ સંસ્થા દ્વારા શિક્ષકોને અમે ૧૦ દિવસની અમે તાલીમ આપેલ છે.

## ઉંમરગામ તાલુકાની સરકારી કૉલેજના મકાન અંગે

***૨૨૦૨૭ શ્રી શંકરભાઈ મં. વારલી(ઉંમરગામ)** : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ભીલાડ/સરીગામ તા. ઉંમરગામ જિલ્લો વલસાડ હાલ ભાડાના મકાનમાં બેસે છે, તે હકીકત સાચી છે,

(૨) તે દર મહિને કેટલું ભાડું ચૂકવે છે, અને

(૩) સરકારે જે નવા મકાન માટે ભૂમિ પૂજન કરેલ છે તેનું તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ બાંધકામ કયા તબક્કે છે અને કેટલા સમયમાં તે પૂર્ણ કરવામાં આવશે?

**શિક્ષણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) માસિક રૂા. ૧૭,૫૯૫/

(૩) નકશા-અંદાજો તૈયાર થયેલ છે. નાણા વિભાગની મંજૂરી મળતાં મા. અને મ. વિભાગ દ્વારા મકાન બાંધકામની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા પ્રશ્ન નં.૮ માં આ અંગેના નકશા અને અંદાજો ક્યારે તૈયાર કરવામાં આવ્યા હતા? માર્ગ મકાન વિભાગ દ્વારા નાણા વિભાગને ક્યારે ફાઈલ મોકલવામાં આવી? ત્રીજું, આ કૉલેજનો અંદાજિત ખર્ચ કેટલો થનાર છે અને કેટલા સમયમાં બાંધકામ શરૂ કરવામાં આવશે? ચોથો પ્રશ્ન, હાલ ઈન્ચાર્જ પ્રિન્સિપાલ છે એ બિનઅનુભવી હોય તો કાયમી અનુભવી પ્રિન્સિપાલની જગ્યા અને અધ્યાપકો પૂરતા નથી તો એ ક્યારે ભરવા માગો છો?

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સરીગામ ભીલાડ તાલુકો-ઉંમરગામ, જિલ્લો-વલસાડમાં આટર્સ અને કોમર્સ કૉલેજ શરૂ થનાર છે. આ કૉલેજ જ્યારે શરૂ થઈ ત્યારે એને પોતાનું મકાન બાંધવા માટે રાજ્ય સરકારે જમીન સંપાદિત કરવા માટે પ્રયત્ન કર્યા અને અત્યારે હાલ કૉલેજને જમીન મળી ગઈ છે, એનો કબજો પણ લેવામાં આવેલ છે, એનો પ્લાન થઈ ગયો છે અને વહીવટી મંજૂરી પણ મળી છે અને ટેન્ડર બહાર પાડીને એનું મકાન બને એના માટે પ્રયત્ન કરવામાં આવ્યો છે અને પહેલા એનું પ્લાનિંગ ચાર કરોડ રૂપિયા હતું પરંતુ ભાવ વધવાના કારણે હવે નવું જે બજેટ આવશે એ ૬ કરોડ રૂપિયાનું આવશે અને આવતા એક વર્ષમાં આ મકાન તૈયાર થઈ જાય એના માટે રાજ્ય સરકારે વ્યવસ્થા કરી છે.

**જિલ્લા તકરાર નિવારણ ફોરમોની માળખાકીય સુવિધાઓ વધારવા અંગે**

***૨૧૪૮૫ શ્રી કાંતિભાઈ ૨ા. લકુમ(બાવળા) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી (રાજ્ય કક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમો તથા રાજ્ય કમિશનની આંતર માળખાકીય સુવિધાઓ વધારવા રાજ્ય સરકાર દ્વારા કોઈ આયોજન વિચારેલ છે?

**ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી (રાજ્ય કક્ષા):**

"હા" સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમો તથા રાજ્ય કમિશનની આંતર માળખાકીય સુવિધાઓ વધારવા વર્ષ ૧૯૯૫ થી ૨૦૦૦ દરમ્યાન કેન્દ્ર સરકારશ્રી દ્વારા અપાયેલ વન ટાઈમ ગ્રાન્ટ પ્રોજેકટ હેઠળ રૂા.૨૦૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. જે અંગેના વપરાશ પ્રમાણપત્ર કેન્દ્ર સરકારશ્રીને મોકલી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬-૦૭ માં આ હેતુ માટે કેન્દ્ર સરકારશ્રી દ્વારા કુલ રૂપિયા ૮ કરોડ ૫૨ લાખની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી કેન્દ્ર સરકારશ્રી દ્વારા નૉન બિલ્ડીંગ એસેસ્ટ માટેની રૂા.૮૩ લાખ ૯૨ હજારની ગ્રાન્ટ રીલીઝ કરવામાં આવેલ છે. બિલ્ડીંગના બાંધકામના હેતુ માટેની જમીન રાજ્ય સરકારશ્રી દ્વારા તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવેલ છે.

**શ્રી કાંતિભાઈ ૨ા. લકુમ** : માનનીય અધ્યક્ષશ્રી, ૮૩ લાખ ૯૨ હજારની ગ્રાન્ટ રિલિઝ કરવામાં આવેલ છે પણ મારે મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, જે જિલ્લાકક્ષાએ અને જિલ્લા ફોરમ, રાજય ફોરમ અને જિલ્લા ફોરમ.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : પ્રશ્ન પૂછવા દેતા નથી (અંતરાય)

**અધ્યક્ષશ્રી**: ચાલો (અંતરાય) ભીખાભાઈ પ્રશ્ન તમે પૂછો, ચાલો ઊભા થાવ પૂછો, પ્રશ્ન-૯માં ભીખાભાઈ પૂછે, પ્લીઝ

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : પણ પ્રશ્ન એમનો છે.

**અધ્યક્ષશ્રી .**: તમે પૂછો.

**શ્રી કાંતિભાઈ ૨ા. લકુમ** : એટલે રાજય ફોરમની રચના કરેલી છે, જિલ્લાકક્ષાએ પણ આ વિસ્તાર કરવામાં આવેલ છે પણ તાલુકાકક્ષાએ અને ગ્રામકક્ષાએ આ ફોરમોની રચના અને ગ્રાહકો છેતરાય નહીં એના માટે વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ ?

બીજો મારો પ્રશ્ન એ છે કે, જે માલ ઉત્પાદન થાય છે એના તમે સરખો ટેક્સ એ બધા કરતાં એની કિંમત છાપવામાં આવે અને પછી વેચાણ કિંમત છાપવામાં આવે, માલ ઉપર વેચાણ કિંમત છાપવામાં આવતી નથી, તો આ ગ્રાહક છેતરાય છે એના માટે સરકાર શું કરવા માગે છે ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ ફરિયાદો થાય અને નીચે સુધી એના માટે શું કાર્યવાહી કરવાની થાય છે, દરેક સ્કૂલ સુધી, ગામડાઓ સુધી આનો પ્રચાર અને પ્રસાર થાય એના માટે ૨૫૦ કાઉન્સિલિયર ક્લબની આ રાજયમાં રચના કરવામાં આવી છે, ૨૬-૫૨ જેટલા જુદા જુદા મંડળો છે એ પણ દરેક તાલુકા વાઈસ એની કાર્યવાહી થાય છે, તાલુકાની બે-બે ટીમો બનાવી છે એ દરેક ગામડામાં પચાસ- પચાસ ટકા ફાળવી એ પણ ગામડાના લોકો સુધી જઈને સૅમિનાર કરે છે અને આના દ્વારા ફરિયાદ કયાં આપવી, ફરિયાદ કેવી રીતે લેવી, એની ફી કેટલી એ બધી જ જાણકારી ચોપાનિયા અને પ્લેમફલેટ છાપીને આપણે આપીએ છીએ, કયો કૉન્ટૅક્ટ કરવો એ કૉન્ટૅક્ટ નંબર સાથે આપીએ છીએ આ બધા જાગૃતિની પ્રવૃત્તિઓ થાય છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : આ ફોરમ વિશે કેટલી ફરિયાદો મળી ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : સાહેબ આમાં જિલ્લાવાર અને તાલુકાવાર ફરિયાદ ના આવે, આમાં ફોરમ હોય છે, કહે તો હું વાંચી જાઉં પચ્ચીસ જિલ્લાઓની છે, માનનીય સભ્યશ્રી કહે તો હું વાંચું, એની ફૂલ માહિતી આપી દઉં, આખા રાજયની કુલ માહિતી આપી દઉં?

**અધ્યક્ષશ્રી .** : ભીખાભાઈ હાઉસમાં પ્રશ્ન પૂછે છે.

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : ફરિયાદના આંકડા આપે.

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : આખા રાજયની એની કુલ માહિતી આપી દઉં, રાજય કમિશનમાં દાખલ થયેલા કેસો ૨૫૦૯૧ છે એમાંથી નિકાલ થયેલ ૨૧૨૯૯, ૩૬૯૨ કેસો ૫ડતર છે, ૮૪.૮૮ ટકાનો નિકાલ થયો છે અને જિલ્લા ફોરમોમાં સાહેબ, ૧,૧૮,૯૮૬ કેસો દાખલ થયા છે, ૯૯,૯૮૫ કેસોનો નિકાલ થયો છે, ૧૯,૦૦૦ પડતર છે, એમાં ૮૪.૩ ટકા આ કેસોનો નિકાલ થયો છે.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, ગ્રાહક તકરાર નિવારણ એ દરેક જિલ્લા કક્ષાએ આવેલ આ ફોરમ છે અને ગ્રાહકોને પોતાના પ્રશ્નો રજૂ કરવા માટે અને ન્યાય મેળવવા માટે આ સૌથી મહત્ત્વનું માધ્યમ છે ત્યારે મંત્રીશ્રી પાસેથી એ માહિતી મેળવવા માગું છું કે, ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસોના નિકાલની સમય મર્યાદા નક્કી કરવામાં આવેલ છે કે કેમ ?

**શ્રી છત્રસિંહ પૂં મોરી** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય, જિલ્લાનું જે ફોરમ છે એમાં વધુમાં વધુ ૩ માસમાં આનો નિકાલ કરવાનો હોય છે. કોઈ તપાસનો કેસ હોય અથવા નમૂનાનું પૃથક્કરણ કરવાનું હોય તો પાંચ મહિના સુધીમાં એનો નિકાલ કરવાનો હોય છે.

**મહેસાણા અને પાટણ જિલ્લામાં વિધવા સહાય માટે અરજીઓ અંગે**

***૨૨૨૬૨ શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઊંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં નિરાધાર વિધવા સહાય માટે કેટલી અરજીઓ આવી,

(૨) કેટલી અરજી મંજૂર થઈ અને કુલ કેટલી રકમ ચૂકવાઈ અને

(૩) પડતર અરજીઓનો નિકાલ કરવા માટે સરકારનું શું આયોજન છે?

**મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી:-**

(૧) મહેસાણા જિલ્લામાં ૬૮૩ અને પાટણ જિલ્લામાં ૧૦૪૨ એમ કુલ મળીને ૧૭૨૫ અરજીઓ આવી.

(૨) મહેસાણા જિલ્લામાં ૬૮૩ અરજીઓ પૈકી ૩૬૧ અરજીઓ મંજૂર થઈ તેમજ માહે ઓકટો-૦૬ સુધી કુલ રૂ.૪૩૨.૫૭ લાખની સહાય ચૂકવાઈ અને પાટણ જિલ્લામાં કુલ ૧૦૪૨ અરજીઓ પૈકી ૫૯૬ અરજીઓ મંજૂર થઈ તેમજ માહે નવેમ્બર-૦૬ સુધી કુલ રૂ.૨૯૪.૫૯ લાખની સહાય ચૂકવાઈ.

(૩) પડતર અરજીઓના તાકીદે નિકાલ કરવા પ્રાંત અધિકારીઓને સૂચના આપેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૧૭૨૫ અરજીઓ બંને જિલ્લાની આવી એમાં ૫૦ટકાના રેશીયાનો નિકાલ કરવામાં આવ્યો છે તો બાકીની પડતર અરજીઓનો કેટલા ચોકકસ સમયમાં નિકાલ કરવામાં આવશે?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ૧૩૫ અરજીઓ પડતર હતી એમાંથી ૬૨ અરજીઓ મંજૂર થઈ, ૧૨ અરજી નામંજૂર થઈ, ૬૧ પડતર છે એનો નિકાલ વહેલી તકે કરવામાં આવશે. પાટણમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ ૮૩ અરજીઓ પડતર હતી એમાંથી તા.૧૨-૩-૦૭ સુધીમાં ૫૮ મંજૂર થઈ, ૧૭ નામંજૂર થઈ, ૮ અરજીઓ બે માસ સુધીની ચકાસણી હેઠળ પડતર છે. વહેલી તકે એનો નિકાલ કરવામાં આવશે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા સહાય અરજી માટે ઘણા જિલ્લામાં

**અધ્યક્ષશ્રી** : ઘણા જિલ્લામાં નહીં મહેસાણા કે પાટણમાં જ પૂછો.

**શ્રી ધનરાજભાઈ કેલા** : માનનીય અધ્યક્ષશ્રી, વિધવા સહાયની અરજી માટે મહેસાણા જિલ્લામાં કે બીજા કોઈપણ જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ માગવામાં આવે છે. વિધવા થઈ જાય, સરકાર સહાય આપે છે, એ બી.,પી.એલ.હોય છે છતાં ઘણી જગ્યાએ બી.પી.એલ.કાર્ડ માગે છે. તો મંત્રીશ્રી સૂચના આપવા માગે છે કે કેમ કે બી.પી.એલ.કાર્ડ ન માગે. કાળઝાળ મોંઘવારીમાં ખરેખર વિધવા સહાય ૫૦૦ રૂ. છે એમાં વધારો કરવા માગો છો કે કેમ?

**શ્રીમતી જસુબેન સ. કોરાટ** : માનનીય અધ્યક્ષશ્રી, એવું એમના ધ્યાન ઉપર આવ્યું હશે, કોઈ પાસે બી.પી.એલ.કાર્ડ માગ્યું હશે તો મારા ધ્યાન ઉપર મુકશે તો એમાં પૂરેપૂરી ચકાસણી કરવામાં આવશે.

**વડોદરામાં પૂરથી ક્ષતિગ્રસ્ત શાળાઓનું પુનઃઃસ્થાપન**

***૨૧૬૧૮ શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૨૦૦૬ના વર્ષના પૂર અને અતિવૃષ્ટિને કારણે નુકસાન થયેલ હોય તેવી શાળા-શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા વડોદરા શહેરમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી,

(૨) આ પૈકી કેટલી શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ પુનઃસ્થાપિત થઈ, અને

(૩) અન્ય શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ સ્થાપિત કરવા સરકારે લીધેલ કે લેવા ધારેલ પગલાંની વિગતો શું છે?

**શિક્ષણ મંત્રીશ્રી:-**

(૧) પ્રાથમિક શાળાઓ - શૂન્ય
માધ્યમિક શાળાઓ- ૨

(૨) ૨

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પૂરગ્રસ્ત વિસ્તારની શાળાઓના પુનઃસ્થાપન માટે સરકારે અથવા સંસ્થાઓએ કરેલ પ્રયાસોની વિગત શું છે?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની ૧૨૯૧ શાળાને પૂરને લીધે નુકસાન થયુ હતું. એમાં રાજય સરકારે ખાસ કરીને પ્રાથમિક શાળામાં જે કાંઈ કીચડ આવ્યો હોય કે શાળાનું ફલોર ખલાસ થઈ ગયું હોય, કમ્પાઉન્ડ વોલ તુટી ગઈ હોય એ બધી કામગીરી રાજય સરકારે હાથ પર લીધી છે. એ કામગીરી જિલ્લાવાર પૂરી કરવામાં આવી છે.

**શ્રી દોલતભાઈ પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે આ જે કામગીરી પૂર્ણ થઈ એ કઈ ગ્રાન્ટમાંથી પૂરી કરવામાં આવી છે? રાજય સરકારની કે કેન્દ્ર સરકારની ગ્રાન્ટમાંથી?

**શ્રી ભૂપેન્દ્ર ગ. લાખાવાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે કામગીરી પૂર્ણ થઈ છે એ જિલ્લા પંચાયતના વિસ્તારમાં ક્ષતિગ્રસ્ત થઈ હોય તો જિલ્લા પંચાયત એની ગ્રાન્ટની ફાળવણી કરે છે. રાજય સરકારે ૮૪લાખ રૂપિયા પૂરથી નુકસાન થયું હોય એ શાળાને ફાળવ્યા છે અને શિક્ષણ વિભાગે પણ પોતાની રીતે

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થયો છે.

# અતારાંકિત પ્રશ્નો

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

## સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોથી અપાતો અખાદ્ય નાગરિક પુરવઠો

૨૨૦૦૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા** (સુરત શહેર ઉત્તર) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સુરત જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ સસ્તા અનાજની દુકાનો દ્વારા આપવામાં આવેલ ઘઉં, ચોખા, ખાંડ, તેલ વગેરેમાં ભેળસેળ અથવા નહીં ખાવાલાયક પુરવઠો આપ્યાની ફરિયાદ કેટલી મળી છે ? | સુરત જિલ્લામાં છેલ્લા ૩ વર્ષમાં તા.૩૧-૧૨-૦૬ની સ્થિતિએ બી.પી.એલ. ઘઉંનો જથ્થો ખાવા માટે ઉપયોગમાં ન લઇ શકાય તેવી ૧ (એક) ફરિયાદ માન. ધારાસભ્યશ્રી મનીષભાઇ ગીલીટવાળાની મળેલ હતી. |

-----------

## કચ્છ જિલ્લામાં રમતગમતના વિકાસ માટે પગલાં

૨૦૧૩૯ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા કઇ કઇ રમતો માટે સરકારે સ્ટેડિયમ/મેદાનો વિકસાવવાનું આયોજન કર્યુ છે, અને | (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા માટે ગાંધીધામ ખાતે નિર્માણ પામનાર રમત સંકુલમાં ૪૦૦ મી. એથ્લેટીક્સ ટ્રેક (વચ્ચેના ભાગે ફુટબોલનું મેદાન), સ્વીમીંગ પુલ, ઇન્ડોર સ્ટેડીયમ, બાસ્કેટ બોલ, વોલીબોલ, ટેનીસ કોટ, હેન્ડ બોલ, કબડ્ડી અને ખો-ખો જેવી રમતની સુવિધાઓ વિકસાવવાનું સરકારે આયોજન કર્યુ છે. |
| (૨) છેલ્લા એક વર્ષમાં ક્યા ક્યા સ્ટેડિયમ/મેદાનો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૨) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીધામ રમત સંકુલ પાછળ રૂા. ૧૨.૬૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

-----------

## રાજકોટ મહાનગરમાં અભ્યાસગૃહો

૨૧૯૦૦ **શ્રી ટપુભાઇ લીંબાસીયા** (રાજકોટ-૧) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના તા.૨૫-૫-૯૪ના પરિપત્ર અનુસાર પછાત વિસ્તારના ગરીબ વિદ્યાર્થીઓને માટે અભ્યાસગૃહો શરૂ કરવા માટે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન | (૧) એકપણ નહીં. |

રાજકોટ મહાનગરમાં કેટલા અભ્યાસગૃહો ખોલવામાં આવ્યા,

(૨) ક્યા ક્યા વિસ્તારમાં અભ્યાસગૃહો ખોલવામાં આવેલ છે અને તેમાં કેટલા વિદ્યાર્થીઓએ શિક્ષણનો લાભ લીધો, અને

(૩) જો ના, તો અભ્યાસગૃહો નહીં ખોલવાનાં કારણો શાં છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા.૧૦-૭-૯૭ના પત્રાંક : વ-૧/ઇડીએન-૨૦/૯૭-૯૮/૯ ા/૮૨૯૭/૮૩૧૬, અન્વયે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે ખાસ ઉપચારાત્મક શિક્ષણ વર્ગો મૂલત્વી રાખવાની સૂચના આપેલ હોવાથી.

-----------

## રાજ્યની પોલીટક્નિકોમાં આચાર્યની જગ્યાઓ

૨૦૯૪૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલી પોલીટેકનિક કોલેજમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલી આચાર્યની જગ્યાઓ કેટલી છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે અને આવી જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) ૨૫ જગ્યાઓ.

(૨) ૨૦ જગ્યાઓ.
સન ૨૦૦૦ થી ૨૦૦૬ના ગાળામાં અલગ અલગ સમયથી ખાલી થવા પામેલ છે.
ગુ.જા.સેવા દ્વારા ઉમેદવારો ઉપલબ્ધ ન થતાં

(૩) ગુ.જા.સેવા આયોગને માંગણીપત્રકો મોકલવામાં આવેલા છે આયોગ દ્વારા નિમણૂંક માટે ઉમેદવારની ભલામણ થયે. આ જગ્યાઓ પર નિમણૂકની કાર્યવાહી સત્વરે કરવામાં આવશે.

-----------

## આંગણવાડી કાર્યકર બહેનોના પગાર વધારા અંગે

૨૧૬૬૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના આંગણવાડી કાર્યકર બહેનોના પગાર વધારા તેમજ નોકરીમાં કાયમી કરવા અંગેની કેટલી માંગણીઓ સરકારને મળી ?

**જવાબ**

તા.૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના આંગણવાડી કાર્યકર બહેનોના પગાર વધારા અંગે કુલ ૨ રજૂઆતો મળેલ છે.

જ્યારે તેઓને કાયમી કરવા અંગેની ૧ રજૂઆત મળેલ છે.

-----------

## દિયોદર તાલુકામાં કેરોસીનની ફાળવણી

૨૧૩૯૭ **શ્રી ભેમાભાઈ રા. પટેલ(દીઓદર) :માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ દિયોદર તાલુકામાં છેલ્લા એક વર્ષમાં માસવાર કેરોસીનનો પુરવઠો કાર્ડ ધારકોને કેટલો આપવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) દિયોદર તાલુકામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માસવાર કાર્ડધારકોને નીચેની વિગતે કેરોસીનનો જથ્થો આપવામાં આવેલ છે.

| માસનું નામ | આપેલ જથ્થો |
|---|---|
| ફેબ્રુઆરી-૦૬ | ૨૦૬ કિ. લી. |
| માર્ચ-૦૬ | ૨૦૬ કિ. લી. |
| એપ્રિલ-૦૬ | ૨૦૬ કિ. લી. |
| મે-૦૬ | ૨૧૮.૮ કિ. લી. |
| જુન-૦૬ | ૨૧૫.૩ કિ. લી. |
| જુલાઇ-૦૬ | ૨૧૭.૧ કિ. લી. |

| | |
|---|---|
| જુલાઇ-૦૬ | ૨૧૭.૧ કિ. લી. |
| ઓગસ્ટ-૦૬ | ૨૨૫.૯ કિ. લી. |
| સપ્ટેમ્બર-૦૬ | ૨૨૦.૦ કિ. લી. |
| ઓકટોબર-૦૬ | ૨૨૫.૮ કિ. લી. |
| નવેમ્બર-૦૬ | ૨૧૯.૪ કિ. લી. |
| ડીસેમ્બર-૦૬ | ૨૧૮.૯ કિ. લી. |
| જાન્યુઆરી-૦૭ | ૨૨૧ કિ. લી. |

(૨) અપૂરતો કેરોસીનનો પુરવઠો અપાય છે તે અંગે સરકાર શાં પગલાં ભરવા માંગે છે ?

(૨) કેન્દ્ર સરકારશ્રી તરફથી રાજ્યની જરૂરીયાત સામે ઓછો કેરોસીનનો જથ્થો ફાળવે છે. રાજ્યને મળતી ફાળવણીની મર્યાદામાં રહી તમામ નોનગેસ કાર્ડધારકોને પૂરતા પ્રમાણમાં કેરોસીન ઉપલબ્ધ કરાવી શકાય તેવા આશયથી માહે મે-૦૬ થી જનસંખ્યા આધારીત નવી કેરોસીન વિતરણ નિતી નક્કી કરેલ છે તે મુજબ ૩ વ્યક્તિ સુધીના કુટુમ્બને કાર્ડદીઠ ૫ લીટર અને ૪ કે તેથી વધુ વ્યક્તિના નોનગેસ કાર્ડધારકોને કાર્ડદીઠ માસિક ૧૦ લીટર મુજબ વિતરણ પ્રમાણ નક્કી કરવામાં આવેલ છે જે મુજબ દિયોદર તાલુકાને જરૂરીયાત મુજબનો પુરેપુરો જથ્થો ફાળવવામાં આવેલ છે.

-----------

**મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ખાનગી ટ્યુશન કરતા શિક્ષકો**

૨૦૯૬૪ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** (મહુધા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડીસેમ્બર-૦૬ની સ્થિતિએ મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા શિક્ષકો ખાનગી ટ્યુશન કરતા પકડાયા ?

**જવાબ**

મહેસાણા - ૦૩
બનાસકાંઠા - ૦૮
પાટણ - ૦૩

કુલ :- ૧૪ શિક્ષકો ખાનગી ટ્યુશન કરતા પકડાયા

-----------

**માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવા અંગે**

૨૨૨૯૪ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરી ?

**જવાબ**

| તાલુકો | સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૧ |
| ક્લોલ | ૧ |
| કુલ :- | ૨ |

-----------

**અમદાવાદ આંતરરાષ્ટ્રિય વિમાની મથકની વિમાની સેવાઓ**

૨૦૬૪૬ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ અમદાવાદ આંતરરાષ્ટ્રિય હવાઇ મથકેથી રાજ્યના પ્રવાસીઓને અન્ય દેશો સાથે સીધી વિમાની સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ શાં પ્રયત્નો કરેલ છે ?

**જવાબ**

અમદાવાદ આંતરરાષ્ટ્રીય હવાઇ મથકેથી ન્યુયોર્ક, સીંગાપુર, કુવેત, લંડન, શારજાહ, મસ્કત જવા માટે સીધી વિમાની સેવાઓ ઉપલબ્ધ છે. આ ઉપરાંત અમેરીકાના શિકાગો અને લોસ એન્જેલસ માટે મુંબઇને સાંકળતી વિમાની સેવાઓ પણ ઉપલબ્ધ છે. આમ હાલમાં સીધી વિમાની સેવાઓ ઉપલબ્ધ હોઇ હાલના તબક્કે કેન્દ્ર સરકારશ્રી સમક્ષ રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

### નિરાધાર વિધવા સહાય અંગે

૨૧૪૭૭ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** (મેઘરજ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નિરાધાર વિધવા સહાય લાભાર્થી બહેનોને પ્રતિમાસ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી રકમની સહાય આપવામાં આવે છે, અને

(૨) આ બહેનો સ્વનિર્ભર બની રહે તે માટે શું યોજના બનાવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નિરાધાર વિધવા સહાય યોજનાના લાભાર્થીઓને પ્રતિમાસ રૂા.૫૦૦/- તથા લાભાર્થી ઉપર આધારિત બાળકોને (બે બાળકોની મર્યાદામાં) બાળકદીઠ રૂા. ૮૦/- મુજબ સહાય આપવામાં આવે છે.

(૨) આ બહેનો સ્વનિર્ભર બની શકે તે માટે યોજના હેઠળ ૧૮ થી ૪૦ વર્ષની વયજુથની વિધવા બહેનોને સાનુકૂળ સ્વરોજગારલક્ષી તાલીમ આપી તાલીમબાદ સ્વનિર્ભર બનાવવા રૂા. ૩૦૦૦/-ની મર્યાદામાં સાધન સહાય અથવા માર્જીનમની આપી પુનઃસ્થાપિત કરવામાં આવે છે.

-----------

### સુરેન્દ્રનગર જિલ્લામાં સીમ શાળાઓ

૨૧૩૪૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર તારીખ ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી સીમ શાળાઓ કાર્યરત થઇ,

(૨) તે પૈકી ચોટીલા અને સાયલામાં કેટલી કાર્યરત થઇ છે, અને

(૩) ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલી સીમ શાળાની માંગણીઓ બાકી રહેલ છે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ચોટીલા-૧૧
સાયલા-૦૪.

(૩) એક પણ નહીં.

**પત્રક-૧**

**સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૧-૦૫થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કાર્યરત સીમશાળાઓની તાલુકાવાર માહિતી**

| ક્રમ | તાલુકાનું નામ | કાર્યરત સીમ શાળાનું નામ | સીમ શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વઢવાણ | નીલ | ૦ |
| ૨ | લીંમડી | નીલ | ૦ |
| ૩ | ચુડા | નીલ | ૦ |
| ૪ | મુળી | ગઢાદ વાડી વિસ્તાર પ્રા. શાળા | ૧ |
| | મુળી | રાણીપાટ વાડી વિસ્તાર પ્રા. શાળા | ૧ |
| | મુળી | વગડીયા વાડી વિસ્તાર પ્રા. શાળા | ૧ |
| | મુળી | ઉમરડા વાડી વિસ્તાર પ્રા. શાળા | ૧ |
| ૫ | સાયલા | કાનપર સીમ પ્રા. શાળા | ૧ |
| | સાયલા | સોખડા સીમ પ્રા. શાળા | ૧ |
| | સાયલા | રંગપરા વાડી વિસ્તાર પ્રા. શાળા | ૧ |
| | સાયલા | ટીંટોડા નવા પરા પ્રા. શાળા | ૧ |
| ૬ | ચોટીલા | વિજળીયા વાડી વિસ્તાર પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | મોરથળા-૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | તરણેતર-૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | આણંદપુર (થાન) -૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | લાખામાચી-૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | જાનીવડલી-૩ પ્રા. શાળા | ૧ |

| | | | |
|---|---|---|---|
| | ચોટીલા | રાજપરા-૫ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | મોકોસર-૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | કાબરણ-૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | ભિમોરા-૨ પ્રા. શાળા | ૧ |
| | ચોટીલા | ગુંદા-૩ પ્રા. શાળા | ૧ |
| ૭ | હળવદ | નીલ | ૦ |
| ૮ | ધ્રાંગધ્રા | નીલ | ૦ |
| ૯ | લખતર | નીલ | ૦ |
| ૧૦ | પાટડી | નીલ | ૦ |
| | કુલ | | ૧૯ |

-----------

## વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ

૨૧૪૭૦ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં રાજ્યમાં વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ કરવા કોઇ યોજના અમલમાં મુકેલ છે, અને

(૨) હાલ વાજબી ભાવની દુકાનના સંચાલકોને કેટલું કમિશન મળે છે ?

**જવાબ**

(૧) હા જી, એફ.પી.એસ. મોડલ સેન્ટર યોજના

(૨) વાજબી ભાવનીદુકાનના દુકાનદારોને ગોડાઉનથી તેઓની દુકાનના અંતર મુજબ તથા ઘઉં, ચોખાના છૂટક વિતરણ ભાવના ૪.૫૦ ટકાથી ૬.૦ ટકા સુધી કમિશન મળે છે.

**<u>કમિશન રૂા. પ્રતિ ક્વિન્ટલ</u>**

| | |
|---|---|
| ઘઉં (એપીએલ) સરેરાશ | રૂા. ૩૫/- |
| ચોખા (એપીએલ) સરેરાશ | રૂા. ૫૦/- |
| ઘઉં (બીપીએલ) સરેરાશ | રૂા. ૨૬/- |
| ચોખા (બીપીએલ) સરેરાશ | રૂા. ૨૬/- |
| ઘઉં (એએવાય) સરેરાશ | રૂા. ૨૬/- |
| ચોખા (એએવાય) સરેરાશ | રૂા. ૨૬/- |
| ખાંડ | રૂા. ૧૬.૭૯ |

-----------

## ગ્રાહક સુરક્ષા કામગીરીમાં લોક ભાગીદારી

૨૨૦૯૪ **શ્રી શિરીષકુમાર મ. શુકલ** (ખંભાત) **: માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ગ્રાહક સુરક્ષાની કામગીરીમાં લોક ભાગીદારીનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકારે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

ગ્રાહક સુરક્ષાની કામગીરીમાં લોક ભાગીદારીનો વ્યાપ વધે તે માટે રાજ્ય સરકારે નીચે મુજબ પગલાં લીધેલ છે.

(અ) રાજ્ય કક્ષાએ કાપાગ (કન્ઝયુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત) નામની સંસ્થાની રચના કરવામાં આવેલ છે.

(બ) ૫૮ ગ્રાહક સુરક્ષા મંડળોની માન્યતા આપવામાં આવી છે.

(ક) આ માન્ય મંડળો નાણાંકીય સહાય ચુકવવામાં આવે છે.

(ડ) રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક સુરક્ષા પરિષદ તથા જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદની રચના કરવામાં આવેલ છે.

(ઈ) રાજ્યમાં ૨૫૦ કન્ઝયુમર કલબોની રચના કરવામાં આવી છે. અને વધુ ૨૫૦ કન્ઝયુમર કલબોની રચના

કરવામાં આવી રહેલ છે.

-----------

## પ્રાથમિક શાળાઓમાં રૂમ દીઠ વિજળી ચાર્જ

૨૨૨૫૫ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને રૂમ દીઠ વિજળી ચાર્જના કેટલા પેસા પ્રતિ વર્ષ અપાય છે,

**જવાબ**

(૧) રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને રૂમ દીઠ નીચેની વિગતે વિજળી ચાર્જના પેસા પ્રતિ વર્ષ અપાય છે.

| **રૂમની સંખ્યા** | **મહત્તમ વિજળી બીલની રકમ (વાર્ષિક રૂા.)** |
|---|---|
| ૧ | ૩૫૦ |
| ૨ | ૭૫૦ |
| ૩ અને ૪ | ૯૦૦ |
| ૫ | ૧૨૦૦ |
| ૫થી વધુ હોય તો ઓરડા દીઠ વધારાના | ૨૦૦ |

**પ્રશ્ન**

(૨) આ રકમ છેલ્લે ક્યારે નક્કી કરવામાં આવી, અને

**જવાબ**

(૨) તા. ૧૧-૬-૯૭ના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/ ૧૯૯૨/૨૪૭૮/ક થી

**પ્રશ્ન**

(૩) વિજળી વપરાશ માટે અપાતી હાલની રકમ વાસ્તવિક બિલ પ્રમાણે પૂરતી છે કે નહિ ?

**જવાબ**

(૩) કેટલીક શાળાઓમાં પુરતી નથી.

-----------

## ભરૂચ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો

૨૦૯૫૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ** (વાગરા) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજની દુકાનો કેટલી છે,

**જવાબ**

(૧) તાલુકાવાર નીચે મુજબ

| તાલુકાનું નામ | દુકાનોની સંખ્યા |
|---|---|
| ભરૂચ | ૧૫૪ |
| જંબુસર | ૭૨ |
| વાગરા | ૩૨ |
| આમોદ | ૩૮ |
| અંક્લેશ્વર | ૮૫ |
| હાંસોટ | ૨૮ |
| ઝગડીયા | ૭૮ |
| વાલીયા | ૫૦ |
| કુલ :- | ૫૩૭ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે કેટલી દુકાનોનો ચાર્જ અન્યને સોંપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૨) ૨૮ (અઠ્ઠાવીસ) દુકાનોનો ચાર્જ અન્યને સોંપવામાં આવેલ છે.

**પ્રશ્ન**

(૩) આ ચાર્જમાં અપાયેલી દુકાનોને કાયમી ધોરણે આપવાની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૩)

| ક્રમ | દુકાનોની સંખ્યા | વિગત |
|---|---|---|
| (૧) | ૦૭ | જાહેરનામા પર બાકી |
| (૨) | ૦૮ | અપીલ કે કોર્ટ મેટર |
| (૩) | ૦૩ | અન્ય કારણસર |
| (૪) | ૧૦ | માર્ચ-૨૦૦૭માં શરૂ |
| કુલ | ૨૮ | |

| :- | | |
|---|---|---|

-----------

## સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા જાગૃતિ શિબિરોનું આયોજન

૨૧૧૪૬ **શ્રી ધનરાજભાઈ કેલા** (વઢવાણ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે કેટલી મહિલા જાગૃતિ શિબિરોનું આયોજન કર્યુ હતું, અને | (૧) ૨૧. |
| (૨) આ શિબિરોમાં કુલ કેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો અને કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું ? | (૨) ૨૩૪૧ લાભાર્થીએ, રૂા. ૩૫૫૬૧/- ખર્ચ. |

-----------

## અમદાવાદ શહેરમાં રેશનીંગની દુકાનો શરૂ કરવા બાબત

૨૧૨૧૮ **શ્રી મોહંમદફારુક હુ. શેખ** (કાલુપુર) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષમાં તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ રેશનીંગની દુકાન શરુ કરવા કેટલા નવા પરવાના આપ્યા ? | ૪૦ (ચાલીસ). |

-----------

## ભાવનગર તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાઓનું બાંધકામ

૨૨૨૯૭ **શ્રી સુનીલ બા. ઓઝા** (ભાવનગર શહેર દક્ષિણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં ભાવનગર તાલુકાના સીદસર ખાતે પ્રાથમિક શાળાના ૧૭ ઓરડાઓ બનાવવા માટે રાજ્ય સરકારે ગ્રાન્ટ ફાળવી હોવા છતાં ઓરડાઓનું બાંધકામ શરુ થયેલ નથી તે રાજ્ય સરકાર જાણે છે, અને | (૧) હા, જી.<br>૧૫ નવા ઓરડાઓ બનાવવાના થાય છે. |
| (૨) જો હા, તો તે શરુ કરવા રાજ્ય સરકારે શા પગલાં લીધેલ છે ? | (૨) શાળાના ઓરડાઓ બનાવવા માટે જમીન ઉપલબ્ધ નથી. જમીન ફાળવવા અંગેની કાર્યવાહી ચાલુમાં છે. |

-----------

## કલોલ તાલુકાની નોન ગ્રાન્ટેબલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવા અંગે

૨૧૩૯૩ **ડૉ. અતુલ કે. પટેલ** (કલોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૦૬ માં કલોલ તાલુકાની નોન ગ્રાન્ટેબલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ગ્રાન્ટેબલ કરવા કેટલી અરજીઓ આવેલ છે, અને | (૧) ૦૫ (પાંચ). |
| (૨) તે પૈકી કઈ કઈ શાળાઓને વર્ષ ૨૦૦૫-૦૬ માં ગ્રાન્ટેબલ કરેલ છે ? | (૨) એક પણ નહિ. |

-----------

## અમરેલી જિલ્લામાં નાગરિક ઉડ્ડયન વ્યવસ્થા અંગે

૨૧૯૧૪ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમરેલી જિલ્લાને વિમાની સેવાઓ મળે તે માટે | અમરેલી જિલ્લાને વિમાની સેવાઓ મળે તે માટે |

રાજ્ય સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

હાલના તબક્કે રાજ્ય સરકારે કોઈ આયોજન કરેલ નથી. પરંતુ અમરેલી એરસ્ટ્રીપનો પાયલોટ તરીકેની તાલીમ આપવા માટેનો ઉપયોગ કરવા ખાનગી સંસ્થાને મંજૂરી આપેલ છે અને તે માટેના એરસ્ટ્રીપના વિકાસ અંગેના જરૂરી કામો આગામી વર્ષમાં હાથ ધરવામાં આવનાર છે.

-----------

**આદિજાતિ કલાઓનું જતન**

૨૧૪૭૮ **શ્રી વેચાતભાઈ હ. બારિયા** (પાવી જેતપુર) **: માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પારંપરિક આદિજાતિ કલાઓનું જતન કરવા માટે કોઈ આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) આદિજાતિ કલાઓનું જતન કરવા માટે નીચે મુજબના કાર્યક્રમો યોજવામાં આવે છે.

૧. આદિજાતિ મહોત્સવ
૨. વસંતોત્સવ
૩. રાજ્ય બહાર કાર્યક્રમો રજુ કરવાની યોજના અન્વયે આદિજાતિ કલાકારોને કલકત્તા, ગોવા અને પોંડીચેરી ખાતે મોકલવામાં આવ્યા.
૪. પતંગોત્સવ દરમ્યાન આદિજાતિ કલાકારોને નૃત્યશૈલી રજુ કરવાની તક આપી.
૫. ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમોમાં આદિજાતિ કલાકારોએ નૃત્યશૈલી રજૂ કરી.
૬. દિલ્હી ખાતે ""આંતરરાષ્ટ્રીય વેપાર મેળા""માં નૃત્યશૈલી રજૂ કરી.
૭. ધરમપુર, છોટાઉદેપુર, સાપુતારા અને શામળાજી ખાતેના સંગ્રહાલયોમાં આદિજાતિ કલા અને સંસ્કૃતિને લગતા નમૂનાઓ રજુ કરવામાં આવ્યા છે.

-----------

**સુરત જિલ્લામાં રાંધણ ગેસ સમયસર આપવા અંગે**

૨૧૧૪૩ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) **:માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ છેલ્લા છ માસ ઉપરાંતથી રાંધણગેસ લોકોને સમયસર નથી મળી રહ્યો તે બાબત સરકારશ્રીની જાણમાં છે કે કેમ,

(૨) જો હા, તો રાંધણગેસ લોકોને સમયસર મળે તેવી વ્યવસ્થા સરકાર ગોઠવવા માંગે છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨)

(અ) ઓઈલ કંપનીઓના અધિકારીશ્રીઓ સાથે અવારનવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી અને સમયસર વાપરનાર વર્ગને ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ થઈ શકે, બુકીંગ પેકી બેક્લોગ ઘટાડવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સંબંધિતોને સૂચના આપવામાં આવે છે અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણ ગેસનો દુરૂપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલો-રેસ્ટોરન્ટો જેવા વાણિજ્ય અને ઓદ્યોગિક એકમોની સઘન તપાસણી કરવામાં આવે છે અને કસુરવારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

(૩) ક્યાં સુધીમાં રાંધણગેસ લોકોને સમયસર મળતો થઈ શકશે ?

(૩) હાલમાં રાંધણ ગેસના ગ્રાહક સીલીન્ડર માટે ગમે તે સમયે નોંધણી કરાવી શકે છે, પરંતુ સબસીડીનું ભારણ વધે નહિ તે માટે સામાન્ય રીતે ઓઈલ કંપનીઓ તેમના ડીસ્ટ્રીબ્યુટરો મારફતે અગાઉ મળેલ સીલીન્ડર અને બીજા સીલીન્ડરની ડીલીવરી વચ્ચે ૨૧ દિવસ ગણતરીમાં લઈ સીલીન્ડર ઈસ્યુ કરે છે. તે દ્દષ્ટિએ હાલમાં રાંધણ ગેસની પરિસ્થિતિ સામાન્ય છે.

-----------

## ડાંગ જિલ્લામાં રમત ગમત પ્રવૃત્તિ પાછળ ખર્ચ

૨૧૪૦૧ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) **: માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રમત ગમત પ્રવૃત્તિઓ માટે વર્ષવાર તાલુકાવાર કેટલો ખર્ચ કઈ કઈ પ્રવૃત્તિ પાછળ કરવામાં આવ્યો ?

**જવાબ**

ડાંગ જિલ્લાના આહવા તાલુકા માટે છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નીચે દર્શાવેલ રમત ગમત પ્રવૃત્તિઓ માટે વર્ષવાર ખર્ચ કરવામાં આવેલ છે :-

| ક્રમ | પ્રવૃત્તિનું નામ | વર્ષ ૨૦૦૫-૦૬ | વર્ષ ૨૦૦૬-૦૭ |
|---|---|---|---|
| ૧. | શાળાકીય રમતો | ૨૧૦૫૦ | ૨૧૦૫૦ |
| ૨. | બાળ રમતો | ૨૦૫૫૦ | ૨૦૩૫૦ |
| ૩. | ગ્રામીણ રમતો | ૫૦૦૦ | ૫૦૦૦ |
| ૪. | મહિલા રમતો | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૫. | રાજ્યકક્ષા ગ્રામીણ ટગ ઓફ વોર | ૨૧૦૯૮૭ | -- |
| ૬. | રાજ્યકક્ષા ગ્રામીણ કબડ્ડી | -- | ૩૪૧૨૧૭ |
| ૭. | પ્રતિભાશોધ કસોટીઓ | ૧૮૪૮ | ૨૩૦૦ |
| ૮. | આદિવાસી પ્રતિભાશોધ કસોટીઓ | ૩૯૭૩ | ૭૮૦૦ |
| ૯. | ક્રિકેટ કસોટીઓ | ૨૯૭૩ | ૫૦૦ |
| ૧૦. | ઉનાળુ વેકેશન કેમ્પ | ૧૩૬૬૪ | -- |
| ૧૧. | હાઈઓલ્ટીટયુડ કેમ્પ | ૧૧૬૩૫૧ | ૯૮૦૮૪ |
| ૧૨. | ગ્રીષ્મ મહોત્સવ | -- | ૪૭૧૬૩૨ |
| ૧૩. | પ્રિનશનલ કોચીંગ કેમ્પ ફેન્સીંગ | -- | ૩૭૦૦૦ |
| | **કુલ રૂા.** | **૪૦૦૩૯૬** | **૧૦૧૩૪૩૩** |

-----------

**રમતવીરોને પ્રોત્સાહિત કરવા અંગે**

૨૨૦૭૯ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ખેલાડીઓને પ્રોત્સાહન આપવા કઈ કઈ રમતો માટે સરકારે શું આયોજન કર્યું, અને

(૨) છેલ્લા એક વર્ષમાં આ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રમતગમત ક્ષેત્રે ગાંધીનગર જિલ્લામાં તમામ પ્રકારની રમતગમત પ્રવૃત્તિઓમાં ખેલાડીઓને પ્રોત્સાહન આપવા નીચે પ્રમાણેની પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું :-

૧. શાળાકીય રમતોત્સવ
૨. બાળ રમતોત્સવ
૩. મહિલા રમતોત્સવ
૪. અન્ય રમતોત્સવ
૫. સી. કે. નાયડુ, વીનુ માંકડ પસંદગી સ્પર્ધા
૬. રાજ્ય રમતવીર એવોર્ડ/સરદાર પટેલ એવોર્ડ
૭. ઉનાળુ વેકેશન શિબિર
૮. એસ.પી.ડી.એ./એન.એસ.ટી.સી. ક્સોટીઓ
૯. હીલ શીલ્ડ ક્રિકેટ ટુર્નામેન્ટ

(૨) છેલ્લા એક વર્ષમાં આ માટે કુલ રૂા. ૧૫,૦૯,૦૫૬/-નો ખર્ચ કરવામાં આવેલ છે.

-----------

**કન્યા કેળવણી નિધિ**

૨૨૨૫૮ **શ્રી જોધાજી ગ. ઠાકોર** (વાગડોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કન્યા કેળવણી નિધિમાં કેટલી રકમ જમા છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ નિધિમાંથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રૂા. ૧૧,૦૫,૨૯,૯૩૪-૦૦

(૨) છેલ્લા બે વર્ષમાં કરેલ ખર્ચ
૨૦૦૪-૦૫ -- રૂા. ૩૬,૬૦૯/-
૨૦૦૫-૦૬ -- રૂા. ૩૪,૧૬,૫૮૫/-

-----------

**જૂનાગઢ જિલ્લામાં ગ્રંથાલયો**

૧૯૬૬૬ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) : **માનનીય રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૧-૨-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારની તાલુકા અને જિલ્લા કક્ષાએ ગ્રંથાલયોની યોજના અન્વયે જૂનાગઢ જિલ્લાના કેટલા તાલુકાઓમાં ગ્રંથાલયો નથી, અને

(૨) જે તાલુકા મથકે સરકારી ગ્રંથાલયો નથી તેના માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૧-૨-૨૦૦૭ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં સરકારી ગ્રંથાલયો નથી.

(૨) પ્રવર્તમાન સમયમાં સરકારશ્રી તરફથી તાલુકા મથકે સરકારી ગ્રંથાલયો શરૂ કરવાનું હાલમાં કોઈ આયોજન નથી.

-----------

**અમરેલી જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે અરજીઆ**

૧૯૮૭૮ **શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૧-૧-૦૬ થી તા. ૧-૨-૦૭ સુધીમાં કુટિર ઉદ્યોગ માટે કુલ કેટલી અરજીઓ આવેલ,

**જવાબ**

(૧) આવેલ અરજીઓ

| અ.નં. | યોજના | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાજપાઈ બેન્કેબલ | ૧૩૬૬ |
| ૨ | પી. એમ. આર. વાય. | ૪૬૪ |
| | કુલ | ૧૮૩૦ |

(૨) તેમાંથી કેટલા કુટિર ઉદ્યોગ શરુ કરવામાં આવેલ છે, અને

(૨) શરૂ કરવામાં આવેલ ઉદ્યોગો (મંજૂર થયા બાદ બેન્કો દ્વારા ધિરાણ ચુકવવામાં આવેલ હોય તે એકમો)

| અ.નં. | યોજના | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાજપાઈ બેન્કેબલ | ૬૬૦ |
| ૨ | પી. એમ. આર. વાય. | ૧૭૯ |
| | કુલ | ૮૩૯ |

(૩) આ કુટિર ઉદ્યોગમાં લોન અને સહાય તાલુકાવાર કેટલી આપવામાં આવેલ છે ?

(૩) તારીખ ૧-૧-૦૬ થી ૧-૧-૦૭ દરમ્યાન નીચે મુજબ લોન અને સહાય ચૂકવેલ છે.

**લોન** **(રૂા. લાખમાં)**

| અ. નં. | તાલુકાનું નામ | બેન્કેબલ | | પી.એમ.આર.વાય | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૧ | અમરેલી | ૧૭૨ | ૮૭.૨૭ | ૪૪ | ૨૦.૪૫ | ૨૧૬ | ૧૦૭.૭૨ |
| ૨ | બાબરા | ૩૯ | ૧૫.૩૩ | ૧૬ | ૧૦.૦૦ | ૫૫ | ૨૫.૩૩ |
| ૩ | બગસરા | ૪૬ | ૨૩.૭૮ | ૧૭ | ૬.૩૫ | ૬૩ | ૩૦.૦૯ |
| ૪ | ધારી | ૧૩૪ | ૫૭.૨૨ | ૨૯ | ૯.૩૦ | ૧૬૩ | ૬૬.૫૨ |
| ૫ | જાફરાબાદ | ૭ | ૩.૧૯ | -- | -- | ૭ | ૩.૧૯ |
| ૬ | ખાંભા | ૪૮ | ૨૪.૬૭ | ૧૬ | ૬.૨૮ | ૬૪ | ૩૦.૯૫ |
| ૭ | સાવરકુંડલા | ૬૭ | ૩૫.૭૯ | ૧૬ | ૧૨.૬૯ | ૮૩ | ૪૮.૪૮ |
| ૮ | કુકાવાવ | ૩૨ | ૧૩.૨૩ | ૧૪ | ૫.૭૩ | ૪૬ | ૧૮.૯૬ |
| ૯ | લાઠી | ૫૨ | ૨૦.૫૦ | ૧૫ | ૫.૯૯ | ૬૭ | ૨૬.૪૯ |
| ૧૦ | લીલીયા | ૩૮ | ૧૮.૨૮ | ૮ | ૪.૩૪ | ૪૬ | ૨૨.૬૨ |
| ૧૧ | રાજુલા | ૨૫ | ૧૫.૧૭ | ૪ | ૧.૭૬ | ૨૯ | ૧૬.૯૩ |
| | કુલ : | ૬૬૦ | ૩૧૪.૪૩ | ૧૭૯ | ૭૭.૬૫ | ૮૩૯ | ૩૯૨.૦૮ |

| | **સહાય** | | | | | | **(રકમ રૂા. લાખમાં)** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૦૧ | ૧૮.૪૭ | ૬૯ | ૨.૭૭ | ૨૭૦ | ૨૧.૨૪ |
| ૨ | બાબરા | ૫૩ | ૩.૨૫ | ૮૬ | ૦.૧૨ | ૧૩૯ | ૩.૩૭ |
| ૩ | બગસરા | ૩૦ | ૨.૪૯ | ૮ | ૦.૨૫ | ૩૮ | ૨.૭૪ |
| ૪ | ધારી | ૧૪૫ | ૭.૬૯ | ૪૦ | ૧.૨૨ | ૧૮૫ | ૮.૯૧ |
| ૫ | જાફરાબાદ | ૭ | ૦.૭૧ | ૨ | ૦.૧૩ | ૯ | ૦.૮૪ |
| ૬ | ખાંભા | ૪૫ | ૩.૭૪ | ૫ | ૦.૦૬ | ૫૦ | ૩.૮૦ |
| ૭ | સાવરકુંડલા | ૭૭ | ૫.૬૭ | ૩૪ | ૧.૩૮ | ૧૧૧ | ૭.૦૫ |
| ૮ | કુકાવાવ | ૪૬ | ૪.૨૩ | ૪ | ૦.૧૦ | ૫૦ | ૪.૩૩ |
| ૯ | લાઠી | ૬૫ | ૪.૩૬ | ૮ | ૦.૩૬ | ૭૩ | ૪.૭૨ |
| ૧૦ | લીલીયા | ૨૮ | ૨.૦૯ | ૫ | ૦.૧૦ | ૩૩ | ૨.૧૯ |
| ૧૧ | રાજુલા | ૧૮ | ૧.૦૧ | ૧ | ૦.૧૮ | ૧૯ | ૧.૧૯ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | કુલ : | ૭૧૫ | ૫૩.૭૧ | ૧૮૨ | ૬.૬૭ | ૮૯૭ | ૬૦.૩૮ |

-----------

**ઉચ્છલ તાલુકામાં કેરોસીન વિતરણ અંગે ફરિયાદો**

૨૧૭૮૦ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકાની તમામ સસ્તા અનાજની દુકાનો તરફથી રેશન કાર્ડ ધારકોને તેમને મળવાપાત્ર કેરોસીન કરતાં ઓછું કેરોસીન વિતરણ કરવામાં આવે છે એવી લોક ફરિયાદો તાલુકા મથકે અને જિલ્લા મથકે થઈ છે એ હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો એવી ગેરરીતિ કરતી સસ્તા અનાજની દુકાનમાં કેટલા દરોડા પાડવામાં આવ્યા, અને

(૩) ગેરરીતિ કરનાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

(૧) જિલ્લા મથકે ઉચ્છલ તાલુકામાં બે અનામી મોખિક ફરિયાદો મળેલ છે.

(૨) પત્રક-૧ મુજબ સસ્તા અનાજની બે દુકાનોમાં દરોડા પાડવામાં આવ્યા.

(૩) ઉક્ત ખંડ-૨ના પત્રક-૧ મુજબ
૧. એક કેસમાં ૬૦ દિવસ માટે તાત્કાલિક અસરથી પરવાનો મોકુફ કરેલ છે.
૨. બીજા કેસમાં કેસ સુનાવણી ઉપર ચાલુમાં છે.

**પત્રક-૧**

**તાલુકા મથકે તથા જિલ્લા મથકે ફરિયાદો મળ્યા બાદ ઉચ્છલ તાલુકાની સસ્તા અનાજની દુકાનો પર પડાયેલા દરોડાની વિગત દર્શાવતું પત્રક**

| અ.નં. | તાલુકા મથકે | જિલ્લા મથકે | વ્યાજબી ભાવની દુકાનનું નામ/સરનામું | તપાસની તારીખ | તપાસમાં જોવા મળેલ ગેરરીતિઓ | ૬/એ પગલાં | | | | ખાતા રાહે પગલાં | | | | | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કબજે લીધેલ જથ્થો (લી) | રકમ ( રૂા. પૈ.) | રાજ્યસાત કરેલ જથ્થો (લી) | રકમ (રૂા. પૈ.) | પરવાના અનામત રાજ્યસાત | પરવાનો રદ | પરવાનો મોકુફ | કોર્ટ કેસ | પી.બી.એમ. | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ |
| ૧ | - | ૧ | નિરંજનાબેન જીતુભાઈ વળવી રહે. લાલરઘાટ, તા. ઉચ્છલ. | ૧-૮-૦૬ | ૧.કેરોસીન કાર્ડ રજીસ્ટર અલગ નિભાવેલ નથી. ૨. કેરોસીન ૧૮૫ લીટર વગે કરેલ છે. | | - | - | - | - | - | - | - | - | હાલ કેસ તા. ૧૨-૩-૦૭ની સુનાવણી ઉપર છે. |
| ૨ | - | ૧ | શ્રી જ્યવંતભાઈ છેડીયાભાઈ ગામીત મું. ભીનમુર્દ, તા. ઉચ્છલ | ૧૨-૧૦-૦૬ | કેરોસીનનો જથ્થો વગે કરવામાં આવેલ છે. | - | - | - | - | - | - | ૧ | - | - | તા. ૨૧-૨-૦૭ના હુકમથી ૬૦ દિવસ માટે પરવાનો તાત્કાલિક અસરથી મોકુફ કરેલ છે. |
| કુલઃ- | - | ૨ | | | | - | - | - | - | - | - | ૧ | - | - | - |

**ભાવનગર જિલ્લામાં મોડલ રેશન શોપની સંખ્યા**

૨૨૩૩૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા** (પાલીતાણા) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મોડલ રેશન શોપની કુલ કેટલી સંખ્યા છે ?

**જવાબ**

કુલ-૨૧ (એકવીસ) મોડલ રેશન શોપની સંખ્યા છે.

-----------

**શહેરા અને લુણાવાડા તાલુકામાં નિરાધાર વિધવા સહાય યોજનાનું અમલીકરણ**

૨૧૯૨૧ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ શહેરા અને લુણાવાડા તાલુકામાં કેટલી નિરાધાર વિધવાઓની અરજીઓ સમય મર્યાદા બહારની આવી અને કેટલી વિધવાઓની વિધવા સહાય બંધ કરી, અને

(૨) તે પૈકીની વિધવા મહિલાઓને સહાય ચૂકવવા સરકાર વિચારણા કરવા માંગે છે કે કેમ ?

**જવાબ**

(૧) શહેરા તાલુકામાં ૨ (બે) અને લુણાવાડા તાલુકામાં ૨ (બે) મળી કુલ ૪ અરજીઓ સમયમર્યાદા બહારની આવી, અને શહેરા તાલુકામાં ૨૫ અને લુણાવાડા તાલુકામાં ૭૪ મળી કુલ ૯૯ વિધવાઓની વિધવા સહાય બંધ કરી.

(૨) નિયમો મુજબ પાત્રતા ધરાવતા ન હોવાથી સહાય ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**વડોદરા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે અરજીઓ**

૨૦૯૫૦ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૦૫ સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ માં તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીમાં વડોદરા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ આવી, અને

(૨) તેમાંથી કેટલી અરજીઓ મંજૂર થઈ, કેટલી નામંજૂર થઈ ?

**જવાબ**

(૧) આવેલ અરજીઓ

| અ. ન. | યોજનાનું નામ | ૦૪-૦૫ | ૦૫-૦૬ | ૦૬-૦૭ (૩૧-૧૨-૦૬)સુધી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના | ૨૭૩૭ | ૨૫૬૬ | ૨૧૦૫ | ૭૪૦૮ |
| ૨ | વડાપ્રધાન-શ્રીની રોજગાર યોજના | ૧૩૯૨ | ૭૯૭ | ૭૧૫ | ૨૯૦૪ |
| | **કુલ :** | **૪૧૨૯** | **૩૩૬૩** | **૨૮૨૦** | **૧૦૩૧૨** |

(૨) **બેન્ક દ્વારા મંજૂર અરજીઓ**

| અ. ન. | યોજનાનું નામ | ૦૪-૦૫ | ૦૫-૦૬ | ૦૬-૦૭ (૩૧-૧૨-૦૬)સુધી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના | ૧૧૮૬ | ૧૪૦૦ | ૮૦૦ | ૩૩૮૬ |
| ૨ | વડાપ્રધાશ્રીની રોજગાર યોજના | ૬૩૪ | ૩૩૨ | ૧૮૯ | ૧૧૫૫ |
| | **કુલ :** | **૧૮૨૦** | **૧૭૩૨** | **૯૮૯** | **૪૫૪૧** |

**બેંક દ્વારા નામંજૂર અરજીઓ**

| અ. ન. | યોજનાનું નામ | ૦૪-૦૫ | ૦૫-૦૬ | ૦૬-૦૭ (૩૧-૧૨-૦૬)સુધી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના | ૬૫૯ | ૪૬૦ | ૨૨૧ | ૧૩૪૦ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૩૨૨ | ૨૩૩ | ૧૮૦ | ૭૩૫ |
| | **કુલ :** | **૯૮૧** | **૬૯૩** | **૪૦૧** | **૨૦૭૫** |

-----------

**ગ્રામ રમતોત્સવ, શાળાકીય રમતોત્સવ અને બાળ રમતોત્સવ માટે ખર્ચ**

૧૯૫૭૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** (સિધ્ધપુર) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુ. ૦૭ની સ્થિતિએ ગ્રામીણ રમતોત્સવ માટે, શાળાકીય રમતોત્સવ માટે અને બાળ રમતોત્સવ માટે છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલું ખર્ચ કરવામાં આવ્યું, અને

(૨) આ પેકી પાટણ જિલ્લામાં અને સિધ્ધપુર તાલુકામાં કેટલાં કાર્યક્રમો કરવામાં આવ્યા, કેટલા ખર્ચે ?

**જવાબ**

(૧) જાન્યુઆરી-૨૦૦૭ની સ્થિતિએ ગ્રામીણ રમતોત્સવ, શાળાકીય રમતોત્સવ, અને બાળ રમતોત્સવ માટે છેલ્લાં બે વર્ષમાં કુલ રૂા. ૨,૮૪,૪૪,૬૦૮/- નો ખર્ચ કરવામાં આવ્યો.

(૨) તે પેકી પાટણ જિલ્લામાં ૧૧૭ કાર્યક્રમો કરવામાં આવ્યા અને તેના આયોજન પાછળ રૂા. ૮,૧૮,૦૩૯/- નો ખર્ચ કરવામાં આવ્યો. સિધ્ધપુર તાલુકામાં ૩૦ કાર્યક્રમો કરવામાં આવ્યા અને તેના આયોજન પાછળ રૂા.૧૩,૪૪૩/- નો ખર્ચ કરવામાં આવ્યો.

-----------

**રાજકોટ જિલ્લામાં અગરિયાઓ માટે આવાસ યોજના**

૨૦૧૭૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા** (ટંકારા) : **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં મીઠામાં કામ કરતાં મજૂરો માટે મકાન બનાવવાની યોજના કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો સન ૨૦૦૬-૦૭માં તાલુકાવાર કેટલા આવાસો બનાવવાનું આયોજન છે, અને

(૩) તે પેકી તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ તાલુકાવાર કેટલા આવાસો બનાવવામાં આવ્યા અને બાકીના આવાસો કેટલા સમયમાં બનાવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) માળીયા-મિયાણા તાલુકામાં કુલ ૫૪૦ આવાસો બનાવવાનું આયોજન છે.

(૩) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કુલ ૫૪૦ આવાસો પેકી ૧૯૮ આવાસોનું બાંધકામ પુર્ણ થયેલ છે. બાકીના ૩૪૨ આવાસોનું બાંધકામ વિવિધ તબક્કે ચાલુ છે. જે તા. ૩૦-૪-૦૭ સુધીમાં બાંધવાનું આયોજન છે.

-----------

**અમદાવાદ શહેરમાં બાજપાઈ બેન્કેબલ યોજના અંતર્ગત અપાયેલ લોન તથા સબસીડી**

૨૧૯૯૯ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** (અસારવા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ અમદાવાદ શહેરમાં સને ૨૦૦૫-૦૬ અને ૨૦૦૬-૦૭ ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ વ્યવસાયને અનુરૂપ તાલીમ પામેલ કેટલા લોકોને ઉદ્યોગ, સેવા અને વેપાર માટે કેટલી લોન અને કેટલી સબસીડી આપવામાં આવી,

**જવાબ**

(૧)

(અ) ચૂકવેલ લોન ( રકમ રૂા. લાખમાં )

| અ.નં. | પ્રકાર | વર્ષ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૦૫-૦૬ | | ૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ અંતિત) | | કુલ | |
| | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૧ | ઉદ્યોગ | ૫૪૪ | ૩૩૭.૨૯ | ૩૭૫ | ૨૩૮.૪૪ | ૯૧૯ | ૫૭૫.૭૩ |
| ૨ | સેવા | ૧૨૪૯ | ૯૯૯.૨૬ | ૮૭૬ | ૮૧૮.૮૦ | ૨૧૨૫ | ૧૮૧૮.૦૬ |
| ૩ | વેપાર | ૪૫૪ | ૨૬૭.૬૮ | ૧૫૬ | ૮૧.૮૭ | ૬૧૦ | ૩૪૯.૫૫ |
| | **કુલ :** | ૨૨૪૭ | ૧૬૦૪.૨૩ | ૧૪૦૭ | ૧૧૩૯.૧૧ | ૩૬૫૪ | ૨૭૪૩.૩૪ |

(બ) ચૂકવેલ સબસીડી (રકમ રૂા. લાખમાં)

| અ.નં. | પ્રકાર | વર્ષ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ૦૫-૦૬ | | ૦૬-૦૭ (તા.૩૧-૧-૦૭ અંતિત) | | | કુલ |
| | | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ | સંખ્યા | રકમ |
| ૧ | ઉદ્યોગ | ૫૫૫ | ૭૩.૦૨ | ૧૯૨ | ૨૬.૫૨ | ૭૪૭ | ૯૯.૫૪ |
| ૨ | સેવા | ૫૭૪ | ૫૭.૧૧ | ૬૨૧ | ૬૧.૭૫ | ૧૧૯૫ | ૧૧૫.૮૬ |
| ૩ | વેપાર | ૪૦૮ | ૨૯.૮૩ | ૭૬ | ૫.૩૩ | ૪૮૪ | ૩૫.૧૬ |
| | **કુલ :** | ૧૫૩૭ | ૧૫૯.૯૬ | ૮૮૯ | ૯૩.૬૦ | ૨૪૨૬ | ૨૫૩.૫૬ |

(૨) હજુ કેટલી વ્યક્તિઓને લોન-સબસીડી ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી રાખવાનાં કારણો શાં છે ?

(૨) ૧૨૨૮ વ્યક્તિઓને રૂા.૧૦૮.૪૦ લાખ સબસીડી ચૂકવવાની બાકી છે.

(૩) બેન્કોને સબસીડી ક્લેઇમ નિયત નમુનામાં રજૂ કરેલ ન હોવાથી.

-----------

**મોરબી તથા માળિયા તાલુકામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર**

૨૦૬૪૫ **શ્રી કાંતિભાઇ શી.અમૃતિયા** (મોરબી) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મોરબી તથા માળિયા(મિ)તાલુકાના કેટલા ગામોમાં તથા મોરબી શહેરમાં કેટલા વિસ્તારમાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર ચાલુ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મોરબી તથા માળિયા (મિ) વિસ્તારમાં નીચે મુજબ પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર ચાલુ છે.

| | શહેરી વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર | કુલ |
|---|---|---|---|
| મોરબી તાલુકો | ૩૭ | ૪૦ | ૭૭ |
| માળીયા મીયાણા તાલુકો | ૫ - | ૨૫ - | ૩૦ - |

| કુલ | ૪૨ | ૬૫ | ૧૦૭ |
|---|---|---|---|

(૨) જે ગામો વિસ્તારોમાં આ સુવિધા નથી ત્યાં ઉપલબ્ધ કરાવવા સરકાર ચિંતીત છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) ભૂકંપ બાદ એક જ ગામથી અલગ થયા હોય, દૂર હોય અને પ્રમાણમાં પૂરતી વસ્તી હોય તેવા ગામોમાં નવા ગ્રાહક ભંડાર શરૂ કરવા અંગે સરકાર વિચારણા કરે છે કે કેમ ?

(૩) હા, જી.

-----------

**ચીખલીની સરકારી વિજ્ઞાન કોલેજમાં ઇલેક્ટ્રોનિક્સ વિષય ફરી ચાલુ કરવા અંગે**

૨૧૨૧૭ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ** (ચીખલી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લાના ચીખલીમાં સરકારી વિજ્ઞાન કોલેજમાં ઇલેક્ટ્રોનિક્સ વિષયનો સપ્ટેમ્બર, ૦૬ થી અભ્યાસ બંધ છે તે ચાલુ કરવા રાજ્ય સરકારને છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ફરિયાદો મળી, અને

(૨) આ વિષયના અભ્યાસ માટે પૂરતા સાધનો નથી તેમજ અન્ય સુવિધાઓ નથી તે સુવિધાઓ સત્વરે પૂરી પાડવા અને જે વિષય બંધ કરેલ છે તેને તાકીદે ચાલુ કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) ૦૧ (એક) ફરિયાદ મળેલ છે.

(૨) જરૂરીયાત મુજબ હાલમાં સાધનો પૂરાં પાડવામાં આવે છે. અન્ય કોલેજના વ્યાખ્યાતાઓ દ્વારા અધ્યાપન કાર્ય ચાલુ છે.

--------------

**ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં પ્રાથમિક શિક્ષકો માટે આવાસો**

૨૨૧૦૦ **શ્રીમતી રમીલાબેન બે. બારા** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષકોના રહેઠાણ માટે કેટલા આવાસ બનાવવામાં આવેલ છે, અને

(૨) હજી કેટલા આવાસ બનાવવાની માંગણી છે અને ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | બનાવેલ આવાસની સંખ્યા |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૧૦ |
| ૨ | વિજયનગર | ૧૦ |
| | કુલ.... | ૨૦ |

(૨) ૬૪ આવાસ બનાવવાની માંગણી છે, અને જેમ બને તેમ જલ્દીથી.

--------------

**બનાસકાંઠા જિલ્લાની નોન-ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેબલ કરવા અંગે**

૨૧૯૦૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નોન-ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓમાંથી કેટલી શાળાઓને ગ્રાન્ટેબલ કરી, અને

(૨) તેના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| તાલુકો | સંખ્યા |
|---|---|
| ડીસા | ૧ |
| પાલનપુર | ૧ |
| દાંતીવાડા | ૧ |
| કુલ : | ૩ |

(૨) ફંડ ઉપલબ્ધતા, જરૂરીયાત અને ગ્રાન્ટ નીતિના ધોરણ ધ્યાને લઇ.

**જામનગર એરપોર્ટનો વિકાસ**

૨૧૪૯૦ ડૉ. **દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જામનગરના વિકાસ સાથે તાલ મીલાવવા એરપોર્ટ સુવિધામાં અને એરોપ્લેનની સંખ્યામાં વધારો કરવા તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્રમાં કેટલી વખત રજુઆત કરી છે ?

**જવાબ**

જામનગર એરપોર્ટ એરફોર્સ હસ્તક છે જે, નાગરિક વિમાની સુવિધાઓ માટે હાલમાં, જરૂરી સુવિધાઓ સાથે કાર્યરત છે. આ સંજોગોમાં આ એરપોર્ટ ખાતે સુવિધા વધારવા કે એરોપ્લેનની સંખ્યા વધારવા માટે રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------------

**ડૉ. આંબેડકરના અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ**

૧૯૨૫૮ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** (લીંબડી) : **માનનીય રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરના અંગ્રેજી પુસ્તકોના અનુવાદ કરવામાં તારીખ ૩૧-૧૨-૦૬ના રોજ કેટલા પુસ્તકોના અનુવાદ બાકીમાં છે, અને

(૨) કેટલા પુસ્તકોનું પ્રકાશન બાકીમાં છે ?

**જવાબ**

(૧) અને (૨) : ડૉ. બાબાસાહેબ આંબેડકરના કુલ- ૧૫ અંગ્રેજી પુસ્તકો પેકી ૧૩ પુસ્તકોનો અનુવાદ થઈ ગયેલ છે. જે પૈકી ૧૧ પુસ્તકોનું પ્રકાશન થઈ ગયેલ છે. બે પુસ્તકોના પ્રકાશનની કાર્યવાહી ચાલુ છે. જ્યારે બાકીના બે પુસ્તકોના અનુવાદની કામગીરી ચાલુ છે.

-----------

**રાજ્યમાં નિરંતર શિક્ષણ કાર્યક્રમો**

૨૧૫૮૭ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ** (કાલાવડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૭ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન રાજ્યમાં "નિરંતર શિક્ષણ કાર્યક્રમ" હેઠળ ક્યા ક્યા કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે, અને

(૨) તેમાં કેટલી રકમનું ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) નિરંતર શિક્ષણ કાર્યક્રમ હેઠળ નીચેના કાર્યક્રમો હાથ ધરેલ છે.

- નિરક્ષરોને સાક્ષર કરવા
- સાક્ષરતા દિનની ઉજવણી
- જીવન ગુણવત્તા સુધારણાના કાર્યક્રમો
- વ્યક્તિગત રુચિવર્ધક કાર્યક્રમ
- કૌશલ્ય વિકાસ કાર્યક્રમ
- વ્યક્તિલક્ષી કાર્યક્રમ વગેરે કાર્યક્રમ હાથ ધરવામાં આવેલ છે.

(૨) કુલ રૂા. ૨૪,૯૪,૫૪,૧૩૦/-

-----------

**રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્રિય સહાય**

૨૦૬૪૮ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** (અમરેલી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કુલ કેટલી રકમ કેન્દ્ર સરકારમાંથી મંજૂર થયેલ છે, અને

(૨) તે પેકી જિલ્લાવાર કેટલી રકમો ફાળવી ?

**જવાબ**

(૧)

| વર્ષ | ભારત સરકારે ૭૫ ટકા લેખે ફાળવેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૫-૦૬ | ૧૫૨૮૪.૭૧ |
| ૨૦૦૬-૦૭ (તા. ૩૧-૧-૦૭ સુધી | ૧૪૮૦૬.૯૭ |

(૨) ભારત સરકારની ૭૫ ટકા રકમ, આગળના વર્ષની બચત રકમ તથા વ્યાજની રકમમાંથી નીચે મુજબ ફાળવણી કરેલ છે.

| વર્ષ | |
|---|---|
| ૨૦૦૫-૦૬ | પત્રક-બ મુજબ |
| ૨૦૦૬-૦૭ | પત્રક- ક મુજબ |

**પત્રક-બ**

**જિલ્લા કો. ઓર્ડીનેટરશ્રીઓને એસએસએ પ્રોજેક્ટ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૫-૨૦૦૬ (૭૫ ટકા લેખે ફાળવેલ ગ્રાન્ટ)**

| નં. | જિલ્લાનું નામ | એસએસએ | એનપીઈજીઈએલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૫૫૭.૨૫ | ૯૩.૭૫ | ૬૫૧.૦૦ |
| ૨ | અમદાવાદ કોર્પો. | ૧૩૧.૨૨ | ૦.૦૦ | ૧૩૧.૨૨ |
| ૩ | અમરેલી | ૪૬૫.૦૦ | ૨૮.૫૦ | ૪૯૩.૫૦ |
| ૪ | આણંદ | ૫૧૧.૫૦ | ૧૪.૨૫ | ૫૨૫.૭૫ |
| ૫ | બનાસકાંઠા | ૮૦૫.૨૨ | ૨૭૭.૫૦ | ૧૦૮૨.૭૨ |
| ૬ | ભરૂચ | ૪૨૬.૦૦ | ૦.૦૦ | ૪૨૬.૦૦ |
| ૭ | ભાવનગર | ૬૭૭.૨૫ | ૧૩૫.૭૫ | ૮૧૩.૦૦ |
| ૮ | દાહોદ | ૬૪૮.૦૦ | ૨૮૦.૮૮ | ૯૨૮.૮૮ |
| ૯ | ડાંગ | ૧૫૬.૦૦ | ૦.૯૯ | ૧૫૬.૯૯ |
| ૧૦ | ગાંધીનગર | ૩૮૭.૭૫ | ૧૧.૨૫ | ૩૯૯.૦૦ |
| ૧૧ | જામનગર | ૪૪૫.૫૦ | ૬૦.૦૦ | ૫૦૫.૫૦ |
| ૧૨ | જૂનાગઢ | ૫૧૮.૨૫ | ૮૬.૨૫ | ૬૦૪.૫૦ |
| ૧૩ | ખેડા | ૭૩૧.૨૫ | ૨૫.૫૦ | ૭૫૬.૭૫ |
| ૧૪ | કચ્છ | ૪૩૦.૫૦ | ૨૧૬.૦૦ | ૬૪૬.૫૦ |
| ૧૫ | મહેસાણા | ૫૨૧.૨૫ | ૪૨.૦૦ | ૫૬૩.૨૫ |
| ૧૬ | નર્મદા | ૨૬૦.૨૫ | ૫૪.૦૦ | ૩૧૪.૨૫ |
| ૧૭ | નવસારી | ૩૩૪.૫૦ | ૩.૭૫ | ૩૩૮.૨૫ |
| ૧૮ | પંચમહાલ | ૭૫૯.૦૦ | ૩૦૦.૭૫ | ૧૦૫૯.૭૫ |
| ૧૯ | પાટણ | ૪૦૨.૭૫ | ૬૦.૦૦ | ૪૬૨.૭૫ |
| ૨૦ | પોરબંદર | ૧૫૦.૦૦ | ૦.૦૦ | ૧૫૦.૦૦ |
| ૨૧ | રાજકોટ | ૬૦૭.૮૮ | ૬૧.૫૦ | ૬૬૯.૩૮ |
| ૨૨ | રાજકોટ કોર્પો. | ૧૩.૩૧ | ૦.૦૦ | ૧૩.૩૧ |
| ૨૩ | સાબરકાંઠા | ૬૭૨.૭૫ | ૮૫.૫૦ | ૭૫૮.૨૫ |
| ૨૪ | સુરત | ૭૧૪.૭૫ | ૨૬.૨૫ | ૭૪૧.૦૦ |
| ૨૫ | સુરત કોર્પો. | ૪૪.૭૧ | ૦.૦૦ | ૪૪.૭૧ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૪૭૪.૭૫ | ૧૬૭.૨૫ | ૬૪૨.૦૦ |
| ૨૭ | વડોદરા | ૯૬૬.૭૫ | ૦.૦૦ | ૯૬૬.૭૫ |
| ૨૮ | વડોદરા કોર્પો. | ૪૮.૪૦ | ૦.૦૦ | ૪૮.૪૦ |
| ૨૯ | વલસાડ | ૫૩૨.૫૦ | ૦.૦૦ | ૫૩૨.૫૦ |
| | કુલ : | ૧૩૩૯૪.૨૪ | ૨૦૩૧.૬૨ | ૧૫૪૨૫.૮૬ |

**પત્રક-ક**

**જિલ્લા કો. ઓર્ડીનેટરશ્રીઓને એસએસએ પ્રોજેક્ટ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટની વિગત દર્શાવતું પત્રક**
**વર્ષ-૨૦૦૬-૨૦૦૭ (૭૫ ટકા લેખે ફાળવેલ ગ્રાન્ટ)**

| નં. | જિલ્લાનું નામ | એસએસએ | એનપીઈજીઈએલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ | ૪૩૫.૦૦ | ૧૮.૭૫ | ૪૫૩.૭૫ |
| ૨ | અમદાવાદ કોર્પો. | ૧૪૫.૬૫ | ૦.૦૦ | ૧૪૫.૬૫ |

| નં. | જિલ્લાનું નામ | એસએસએ | એનપીઈજીઈએલ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | અમરેલી | ૩૪૫.૦૦ | ૭.૫૦ | ૩૫૨.૫૦ |
| ૪ | આણંદ | ૩૭૮.૭૫ | ૦.૭૫ | ૩૭૯.૫૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૮૨૭.૦૦ | ૩૦.૦૦ | ૧૮૫૭.૦૦ |
| ૬ | ભરૂચ | ૭૮૦.૦૦ | ૦.૦૦ | ૭૮૦.૦૦ |
| ૭ | ભાવનગર | ૪૨૭.૫૦ | ૩૭.૫૦ | ૪૬૫.૦૦ |
| ૮ | દાહોદ | ૧૨૩૩.૭૫ | ૩૦.૦૦ | ૧૨૬૩.૭૫ |
| ૯ | ડાંગ | ૨૧૭.૫૦ | ૦.૦૦ | ૨૧૭.૫૦ |
| ૧૦ | ગાંધીનગર | ૩૧૫.૦૦ | ૦.૭૫ | ૩૧૫.૭૫ |
| ૧૧ | જામનગર | ૩૨૬.૨૫ | ૨૨.૫૦ | ૩૪૮.૭૫ |
| ૧૨ | જૂનાગઢ | ૧૨૭૫.૦૦ | ૧૫.૦૦ | ૧૨૯૦.૦૦ |
| ૧૩ | ખેડા | ૫૬૨.૫૦ | ૩.૭૫ | ૫૬૬.૨૫ |
| ૧૪ | કચ્છ | ૯૬૩.૭૫ | ૭.૫૦ | ૯૭૧.૨૫ |
| ૧૫ | મહેસાણા | ૪૭૬.૨૫ | ૪.૫૦ | ૪૮૦.૭૫ |
| ૧૬ | નર્મદા | ૩૩૦.૦૦ | ૧૫.૦૦ | ૩૪૫.૦૦ |
| ૧૭ | નવસારી | ૨૪૦.૦૦ | ૦.૭૫ | ૨૪૦.૭૫ |
| ૧૮ | પંચમહાલ | ૧૧૪૦.૦૦ | ૬૦.૦૦ | ૧૨૦૦.૦૦ |
| ૧૯ | પાટણ | ૩૫૬.૨૫ | ૧૧.૨૫ | ૩૬૭.૫૦ |
| ૨૦ | પોરબંદર | ૧૦૧.૨૫ | ૦.૦૦ | ૧૦૧.૨૫ |
| ૨૧ | રાજકોટ | ૧૦૨૭.૫૦ | ૧૮.૭૫ | ૧૦૪૬.૨૫ |
| ૨૨ | રાજકોટ કોર્પો. | ૩૩.૭૫ | ૦.૦૦ | ૩૩.૭૫ |
| ૨૩ | સાબરકાંઠા | ૬૭૫.૦૦ | ૭.૫૦ | ૬૮૨.૫૦ |
| ૨૪ | સુરત | ૬૯૭.૫૦ | ૭.૫૦ | ૭૦૫.૦૦ |
| ૨૫ | સુરત કોર્પો. | ૫૨.૫૦ | ૦.૦૦ | ૫૨.૫૦ |
| ૨૬ | સુરેન્દ્રનગર | ૪૨૩.૭૫ | ૩૦.૦૦ | ૪૫૩.૭૫ |
| ૨૭ | વડોદરા | ૫૨૧.૨૫ | ૨૨.૫૦ | ૫૪૩.૭૫ |
| ૨૮ | વડોદરા કોર્પો | ૬૦.૦૦ | ૦.૦૦ | ૬૦.૦૦ |
| ૨૯ | વલસાડ | ૬૫૨.૫૦ | ૦.૦૦ | ૬૫૨.૫૦ |
| | કુલ : | ૧૬૦૨૦.૧૫ | ૩૫૧.૭૫ | ૧૬૩૭૧.૯૦ |

-----------

**જુનાગઢ જિલ્લામાં રહેમરાહે નોકરી આપવાના કેસો**

૨૨૧૦૨ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં સન ૨૦૦૫-૦૬ અને સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ શિક્ષણ વિભાગમાં રહેમરાહે નોકરી આપવાના કેટલા કેસો કેટલા સમયથી પડતર છે, અને

(૨) આશ્રીતોને સત્વરે નોકરી મળે તે માટે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) સરકારશ્રીની સ્થાયી સૂચનાનુસાર ઝડપી કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ**

૨૨૦૮૭ **શ્રી નરેશકુમાર મી. કનોડિયા** (કરજણ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭માં રાજ્યમાં વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ કરવા સરકારે કઈ યોજના અમલમાં મૂકી છે,

**જવાબ**

(૧) એફ. પી. એસ. મોડેલ સેન્ટર યોજના

(૨) વ્યાજબી ભાવની દુકાનની એફ.પી.એસ. મોડેલ સેન્ટરની યોજનાથી વાજબી ભાવની દુકાનના સંચાલકોને કેટલી માસિક આવક થશે, અને

(૨) રૂા. ૧૦,૦૦૦/-સુધી માસિક આવક થઈ છે એમ જાણ થયેલ છે.

(૩) એફ.પી.એસ. મોડેલ સેન્ટર ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં કેટલા થવાના છે ?

(૩) ૧૦૨૦

-----------

**શાળાકીય રમતોમાં રાષ્ટ્રિય કક્ષાએ ચંદ્રકો**

૨૧૭૧૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળાકીય રમતોમાં રાજ્યના કેટલા બાળકોને રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રકો પ્રાપ્ત થયા છે,

(૨) કઈ કઈ રમતોમાં ચંદ્રકો પ્રાપ્ત થયા છે, અને

(૩) રમતોમાં પ્રોત્સાહન માટે સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સને ૨૦૦૫-૦૬માં ૧૫૩ ખેલાડીઓને તથા સને ૨૦૦૬-૦૭માં ૧૨૩ ખેલાડીઓને શાળાકીય રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રકો પ્રાપ્ત થયા છે.

(૨) સ્વીમીંગ, ટેનિસ, સ્કેટીંગ, બેડમિંન્ટન, જુડો, યોગાસન, કુસ્તી, ટેબલ ટેનિસ, વોલીબોલ, હેન્ડ બોલ, જિમ્નાસ્ટીક અને આર્ચરી રમતોમાં ચંદ્રકો પ્રાપ્ત કરેલ છે.

(૩) આ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા હાઈઓલ્ટીટયુડ કોચીંગ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જેમાં નિવાસ, ભોજન અને પ્રવાસ ખર્ચની સુવિધા વિના મુલ્યે પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય રમતવીર એવોર્ડ અને સ્કોલરશીપ રકમ આપીને તેઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

વિવિધ વયજૂથ પ્રમાણેની રમત સ્પર્ધાઓનું તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ આયોજન કરવામાં આવે છે.

રમતોમાં વિજેતા થતા ખેલાડીઓ માટે કલ્યાણકારી યોજનાઓ પણ છે.

-----------

**રાજ્યમાં આવશયક ચીજોનો ભાવવધારો રોકવા અંગે**

૨૧૭૦૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** (જસદણ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ રાજ્યમાં જીવનજરૂરી ચીજોના વધતા ભાવો રોકવા માટે રાજ્ય સરકારે ક્યારે ક્યારે શાં પગલાં લીધા ?

**જવાબ**

ફેબ્રુઆરી-૨૦૦૬ થી જાન્યુઆરી-૨૦૦૭ દરમ્યાન રાજ્યમાં જીવન જરૂરી ચીજોના વધતા ભાવો રોકવા માટે (એટલે કે છેલ્લા એક વર્ષ દરમ્યાન) રાજ્ય કક્ષા તથા જીલ્લા કક્ષાએ નીચે મુજબ પગલા લીધા.

(૧) કુલ ૩૭,૪૫૪ તપાસો કરી.

(૨) રૂા. ૫૪,૬૭,૧૩,૨૯૯/-નો જથ્થો કબજે કર્યો.

(૩) રૂા. ૨,૮૪,૪૨,૫૬૬/-ની કિંમતનો માલ રાજ્યસાત કર્યો.

(૪) રૂા. ૪૫,૨૯,૮૮૪/-ની કિંમતની પરવાના અનામત રાજ્યસાત કરી.

-- ૩૦૧ પરવાના મોકુફ કર્યા.

-- ૧૪૩ પરવાના રદ કર્યા.

-- ૧૪૫ કોર્ટ કેસ કર્યા.

-----------

**જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ વર્ગખંડો**

૨૧૯૦૩ **શ્રી કનુભાઇ મે. ભાલાળા** (વિસાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શિક્ષણના કેટલા વર્ગખંડ વર્ષ ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મંજૂર થયા,

(૨) કેટલાને વર્ક ઓર્ડર આપવામાં આવ્યા, અને

(૩) મંજૂર થયેલા ઓરડાઓ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૩૧-૧-૦૭ની સ્થિતિએ નીચે મુજબ વર્ગખંડો મંજૂર કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૧૦ |
| ૨ | જુનાગઢ | ૫૨ |
| ૩ | કેશોદ | ૬૭ |
| ૪ | કોડીનાર | ૧૧૪ |
| ૫ | માળીયા-હાટીના | ૧૪૯ |
| ૬ | માંગરોળ | ૮૦ |
| ૭ | માણાવદર | ૩૩ |
| ૮ | મેંદરડા | ૨૬ |
| ૯ | સુત્રાપાડા | ૧૧૦ |
| ૧૦ | તલાલા | ૭૮ |
| ૧૧ | ઉના | ૩૮૩ |
| ૧૨ | વંથલી | ૧૮ |
| ૧૩ | વેરાવળ | ૧૫૯ |
| ૧૪ | વિસાવદર | ૫૧ |
| | **કુલ** | **૧૩૩૦** |

(૨) ૧૦૮૦.

(૩) જેમ બને તેમ જલ્દી.

-----------

**સુરત જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની ચૂકવણી**

૨૧૧૪૪ **શ્રી મનીષ ન. ગીલીટવાલા** (સુરત શહેર પૂર્વ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૨) કેટલી વિધવા બહેનોને હજુ સહાય ચૂકવવાની બાકી છે અને તે કેટલા સમયમાં ચૂકવાશે ?

**જવાબ**

(૧) રૂા. ૮૪૯.૬૬ લાખ.

(૨) ૮૫૪૯ વિધવા બહેનોને માહે નવેમ્બર-૦૬ થી જાન્યુઆરી-૦૭ સુધીની સહાય ચુકવવાની બાકી છે, જે ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી તુર્તજ ચુકવવામાં આવશે.

-----------

**રાજ્યમાં પુરુષ- સ્ત્રીનો સાક્ષરતા દર**

૨૧૫૬૩ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** (રખિયાલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬માં રાજ્યમાં પુરુષો અને સ્ત્રીઓનો સાક્ષરતા દર શું હતો,

(૨) ગ્રામ્ય વિસ્તારમાં સાક્ષરતા દર પુરુષો અને સ્ત્રીઓમાં કેટલો હતો અને શહેરી વિસ્તારોમાં

**જવાબ**

(૧) વસ્તી ગણતરી ૨૦૦૧ મુજબ રાજ્યમાં પુરૂષોનો સાક્ષરતા દર ૭૯.૬૬% અને સ્ત્રી સાક્ષરતાનો દર ૫૭.૮૦% છે. વસતિ ગણતરી દશ વર્ષમાં એક વાર થાય છે. વસતિ ગણતરી સને ૨૦૦૧માં થયેલ હોઈ, વર્ષ ૨૦૦૫-૦૬માં સાક્ષરતા દરની માહિતી ઉપલબ્ધ બને નહીં.

(૨) વસ્તી ગણતરી ૨૦૦૧ મુજબ રાજ્યમાં પુરૂષ સાક્ષરતા દર ગ્રામ્ય વિસ્તારમાં ૭૪.૧૧% અને શહેરમાં

કેટલો હતો, અને

૮૮.૩૪% છે. જ્યારે સ્ત્રી સાક્ષરતાનો દર ગ્રામ્ય વિસ્તારમાં ૪૭.૮૪% અને શહેર વિસ્તારમાં ૭૪.૫૦% છે. વસતિ ગણતરી દશ વર્ષમાં એક વાર થાય છે. વસતિ ગણતરી સને ૨૦૦૧માં થયેલ હોઈ, ૨૦૦૫-૦૬માં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સાક્ષરતા દર પુરૂષો અને સ્ત્રીઓમાં કેટલો હતો તેની માહિતી ઉપલબ્ધ બને નહીં.

(૩) રાજ્યમાં એવા કેટલા તાલુકાઓ છે જેમાં સ્ત્રી સાક્ષરતાનો દર ૫૦% કરતાં ઓછો છે અને તે ક્યા ક્યા તાલુકાઓ છે?

(૩) ૮૦ તાલુકાઓ (વસતિ ગણતરી ૨૦૦૧ મુજબ)

| | | |
|---|---|---|
| ૧. ધાનપુર | ૨૯. વાગડોદ | ૫૭. જાફરાબાદ |
| ૨. ગરબાડા | ૩૦. સમી | ૫૮. રાજુલા |
| ૩. દેવગઢબારીયા | ૩૧. ડેડિયાપાડા | ૫૯. વિરપુર |
| ૪. લીમખેડા | ૩૨. સાગબારા | ૬૦. કપરાડા |
| ૫. ફતેપુરા | ૩૩. રાપર | ૬૧. ધરમપુર |
| ૬. ઝાલોદ | ૩૪. ભચાઉ | ૬૨. ક્વાંટ |
| ૭. દાહોદ | ૩૫. લખપત | ૬૩. છોટાઉદેપુર |
| ૮. અમીરગઢ | ૩૬. અબડાસા | ૬૪. પાવીજેતપુર |
| ૯. વાવ | ૩૭. સાયલા | ૬૫. નસવાડી |
| ૧૦. થરાદ | ૩૮. ચોટીલા | ૬૬. સતલાસણા |
| ૧૧. ધાનેરા | ૩૯. મુળી | ૬૭. ઉચ્છલ |
| ૧૨. ભાભર | ૪૦. દસાડા | ૬૮. નિઝર |
| ૧૩. દીયોદર | ૪૧. ચુડા | ૬૯. ઉમરપાડા |
| ૧૪. દાંતીવાડા | ૪૨. લખતર | ૭૦. સોનગઢ |
| ૧૫. કાંકરેજ | ૪૩. હળવદ | ૭૧. માળીયા |
| ૧૬. દાંતા | ૪૪. લીંબડી | ૭૨. જસદણ |
| ૧૭. ડીસા | ૪૫. આહવા | ૭૩. વાંકાનેર |
| ૧૮. ઘોઘંબા | ૪૬. ખેડબ્રહ્મા | ૭૪. રાણપુર |
| ૧૯. મોરવા-હડફ | ૪૭. મેઘરજ | ૭૫. સાણંદ |
| ૨૦. કડાણા | ૪૮. માલપુર | ૭૬. બાવળા |
| ૨૧. શહેરા | ૪૯. તળાજા | ૭૭.રામપુરા દેત્રોજ |
| ૨૨. જાંબુઘોડા | ૫૦. મહુવા | ૭૮. વિરમગામ |
| ૨૩. ખાનપુર | ૫૧. ઘોઘા | ૭૯. માંડલ |
| ૨૪. સંતરામપુર | ૫૨. કલ્યાણપુર | ૮૦. બરવાળા |
| ૨૫. હાલોલ | ૫૩. ખંભાળીયા | |
| ૨૬. સાંતલપુર | ૫૪. ઓખા | |
| ૨૭. રાધનપુર | ૫૫. ઉના | |
| ૨૮. હારીજ | ૫૬. સુત્રાપાડા | |

-----------

## ભુજની સરકારી પોલીટેકનિક/એન્જીનીયરીંગ કોલેજમાં અપૂરતો સ્ટાફ

૨૨૨૬૬ **શ્રી બાબુભાઈ મે. શાહ** (રાપર) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં ભૂજની સરકારી પોલીટેકનિક અને એન્જીનીયરીંગ કોલેજમાં પૂરતો સ્ટાફ ન હોવાની હકીકત સાચી છે, અને

(૧) મહત્તમ જગ્યાઓ ભરાયેલ છે અને બાકીની જગ્યાઓ ચાર્જ આપી કાર્યવાહી કરવામાં આવે છે.

(૨) જો હા, તો તેના કારણો શા છે ?

(૨) નિવૃત્તિ, રાજીનામા, બદલી, સ્વેચ્છિક નિવૃત્તિ જેવા વહીવટી કારણે.

-----------

**વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ**

૨૨૦૮૯ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** (શહેર કોટડા) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭માં વ્યાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ કરવા સરકારે કઈ યોજના અમલમાં મૂકી છે,

(૨) વ્યાજબી ભાવની દુકાનની એફ.પી.એસ. મોડેલ સેન્ટરની યોજનાથી વ્યાજબી ભાવની દુકાનના સંચાલકોને કેટલી માસિક આવક થશે, અને

(૩) એફપીએસ મોડેલ સેન્ટર ૨૦૦૬-૦૭ના નાણાકીય વર્ષમાં કેટલા થવાના છે ?

**જવાબ**

(૧) એફ.પી.એસ. મોડેલ સેન્ટર યોજના

(૨) રૂા. ૧૦,૦૦૦/-જેટલી માસિક આવક વધી શકે તેમ છે.

(૩) ૧૦૨૦.

-----------

**રાજ્યની પી.ટી.સી. કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અનામત**

૨૦૦૨૯ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા** (હળવદ) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પી.ટી.સી. કોલેજોમાં વિદ્યાર્થીઓની ભરતી કરવામાં સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓની હાલ અનામત છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા ટકા, અને

(૩) શિક્ષકની ભરતી દરમ્યાન સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓને અલગ ટકાવારી આપવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩૦ ટકા

(૩) વિદ્યાસહાયકોની ભરતીમાં બંધારણીય જોગવાઈઓનો અમલ કરવામાં આવે છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં રમતગમત સંકુલ બનાવવા અંગે**

૨૨૦૩૪ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) **: માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રમતગમત સંકુલ (સ્પોર્ટસ કોમ્પલેક્ષ) બનાવવા અંગે શી કાર્યવાહી થયેલ છે,

(૨) આ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આની પાછળ કુલ કેટલો ખર્ચ થશે ?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ ગોધરા ખાતે જીલ્લા રમતગમત સંકુલના નિર્માણ અંતર્ગત વોલ અને વેસ્ટવિયરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. ત્યાં ૪૦૦ મી. એથ્લેટીક્સ ગ્રાસી ટ્રેક (વચ્ચેના ભાગે ફુટબોલ/હોકી મેદાન), સ્વીમીંગ પુલ, ઈન્ડોર સ્ટેડીયમ, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, બાસ્કેટબોલ કોર્ટ, હેન્ડબોલ અને ટેનીસ કોર્ટ જેવી રમતગમત સુવિધા તૈયાર કરવા માટે રૂા. ૨,૬૬,૪૦/-લાખના અંદાજો તૈયાર કરવામાં આવેલ છે. અને તેની સામે ૨૦૦૬-૦૭ના વર્ષમાં રૂા.૯૭.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. અને માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રસ્તુત કામનાં બાંધકામ માટે ઈજારદાર નક્કી કરી વર્કઓર્ડર આપવામાં આવેલ છે અને સંકુલના નિર્માણની કામગીરી શરૂ થયેલ છે.

(૨) માર્ગ અને મકાન દ્વારા નક્કી કરાયેલ ઈજારદારને આપવામાં આવેલ વર્કઓર્ડરની શરતોનુસાર તા. ૧૫-૧૨-૨૦૦૭ સુધીમાં આ બાંધકામ પૂર્ણ થવાની ધારણા છે.

(૩) આ સ્પોર્ટસ કોમ્પલેક્ષના બાંધકામ સંબંધમાં ટેન્ડર એગ્રીમેન્ટ મુજબ રૂા. ૨,૩૪,૬૦,૯૭૬-૧૫ જેટલો

કુલ અંદાજીત ખર્ચ થશે.

-----------

**ટેક્નિકલ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે સરકાર ધ્વારા પગલાં**

૨૨૦૯૮ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ** (માંડલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યમાં ટેકનીકલ શિક્ષણમાં ગુણવત્તા સુધરે તે માટે સરકાર શું શું પ્રયત્ન કરી રહી છે ?

**જવાબ**

ટેકનિકલ શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે રાજ્ય સરકાર નીચે મુજબના પ્રયત્નો કરી રહી છે.

(૧) ૩૨ વ્યાખ્યાતાઓને લાંબાગાળાની તાલીમ માટે મોકલવામાં આવ્યા તથા ટૂંકાગાળાની ૧૪ તાલીમી કાર્યક્રમોનું આયોજન કરેલ છે.
(૨) અદ્યતન સાધન સામગ્રી સંપાદીત કરવા માટે અંદાજીત રૂા. ૪ કરોડનો ખર્ચ કરેલ છે.
(૩) ડીજીટલ લાયબ્રેરી, નેટવર્કીંગ સીસ્ટમ માટે રૂા. ૧.૫૦ કરોડનો ખર્ચ થયેલ છે.
(૪) રીસોર્સ શેરીંગ તથા ટેક્સેટ પધ્ધતિથી વ્યાખ્યાનમાળાનું આયોજન કરેલ છે.
(૫) અભ્યાસક્રમમાં માંગ આધારિત નિરંતર સુધારણા કરવામાં આવેલ છે.
(૬) અભ્યાસ દરમ્યાન તાલીમની જોગવાઈ અને ઓદ્યોગિક ગૃહોની મુલાકાત
(૭) તજજ્ઞોના વ્યાખ્યાનોનું આયોજન
(૮) ટેકનિકલ શિક્ષણ ગુણવત્તા સુધારણા પ્રોજેકટ હેઠળ વિશ્વ બેંક દ્વારા છ સંસ્થા પસંદગી પામેલ છે.

-----------

**રાજ્યની શાળાઓમાં યોગનું શિક્ષણ**

૨૦૯૪૭ **શ્રી ભરતભાઈ પંડયા** (ધંધુકા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકારે રાજ્યમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં યોગનું શિક્ષણ આપવા વિચારે છે કે કેમ ?

**જવાબ**

- રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં યોગ શિક્ષણ આપવા વિચારેલ છે.

- રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ""યોગ શિક્ષણ"" ને અલગ વિષય તરીકે નહિ પરંતુ ""સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ"" વિષયના એક ભાગ તરીકે તેનો સમાવેશ કરવામાં આવેલ છે. અને તે રીતે વિદ્યાર્થીઓ યોગ શિક્ષણ મેળવે છે.

-----------

**રાજ્યમાં જાહેર ગ્રંથાલયોને અદ્યતન સુવિધા**

૨૧૪૭૩ **શ્રી દિપસિંહ શં. રાઠોડ** (પ્રાંતિજ) : **માનનીય રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં આવેલ જાહેર ગ્રંથાલયોને અદ્યતન સુવિધાયુક્ત બનાવવા માટે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કોઈ સહાય આપવામાં આવે છે કેમ ?

**જવાબ**

હા, જી.

-----------

**ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ**

૧૯૧૨૬ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ** (ગઢડા) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ.ના કાર્ડ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ રદ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૮૪૭ બી.પી.એલ.ના રેશનકાર્ડ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ રદ કરવામાં આવ્યા છે.

અને

(૨) નવી યાદીમાં કેટલા નામો વધારવામાં આવ્યા ?

(તાલુકાવાર પત્રક સામેલ છે.)

(૨) નવી યાદી બનાવવાનું કામ વિભાગનું નથી.

**પત્રક**

| **તાલુકાનું નામ** | **ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રદ કરેલ બીપીએલ કાર્ડની તાલુકાવાર વિગત.** |
|---|---|
| ભાવનગર સીટી ઝોનલ-૧ | ૦ |
| ભાવનગર સીટી ઝોનલ-૨ | ૦ |
| ભાવનગર ગ્રામ્ય | ૦ |
| ઘોઘા | ૦ |
| તળાજા | ૬૧ |
| મહુવા | ૭૬૨ |
| પાલીતાણા | ૦ |
| ગારીયાધાર | ૦ |
| ગઢડા | ૨૪ |
| બોટાદ | ૦ |
| ઉમરાળા | ૦ |
| વલ્લભીપુર | ૦ |
| શિહોર | ૦ |
| કુલ : | ૮૪૭ |

-----------

**કચ્છ જિલ્લામાં રાંધણગેસના પુરવઠા અંગેની ફરિયાદ**

૨૧૯૧૦ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભૂજ) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી રાંધણ ગેસના બાટલાનો પુરવઠો અનિયમિત મળી રહયો છે તે હકીક્ત સરકાર જાણે છે,

(૨) તેનાં શાં કારણો છે, અને

(૩) આ ફરિયાદ દૂર કરવા સરકારે શા પગલાં લીધા છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકારની જાહેર સાહસોની ઓઈલ કંપનીઓ દ્વારા રાંધણગેસનો દુરુપયોગ અટકાવવાના હેતુસર અને બિન જરૂરી સબસીડીનું ભારણ વધે નહિ તે માટે ગેસ ધારકોને ખરેખર જરૂરીયાતને લક્ષમાં લઈ બે સીલીન્ડરોની ડીલીવરીનો સમયગાળો ૨૧ દિવસમાં લેવાનું વલણ અપનાવતા સીલીન્ડર મોડુ મળવાની દહેશતથી તુર્તજ સીલીન્ડરનું બુકીંગ કરવાની ગેસ ધારકોની માનસિક્તાના લીધે તેમજ શિયાળામાં વપરાશ વધવાના કારણે ગેસની માંગમાં નોંધપાત્ર વધારો થવાથી.

(૩) (અ) ઓઈલ કંપનીઓના અધિકારીશ્રીઓ સાથે અવારનવાર બેઠકો યોજી સતત સંપર્કમાં રહી સરળતાથી અને સમયસર વાપરનાર વર્ગને ગેસ સીલીન્ડરોની ઉપલબ્ધિ થઈ શકે, બુકીંગ પેકી બેક્લોગ ઘટાડવા તથા વિતરણ પ્રણાલી સુવ્યવસ્થિત કરવા સબંધિતોને સૂચના આપવામાં આવે છે અને તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

(બ) રાંધણગેસનો દુરુપયોગ ન થાય તે માટે ગેસ વિતરકો, વાહનો, હોટલો - રેસ્ટોરન્ટો જેવા વાણિજ્ય અને ઓદ્યોગિક એકમોની સઘન તપાસણી કરવામાં આવે

છે અને કસુરવારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

-----------

**વલસાડ જિલ્લામાં બાજપાયી બેન્કેબલ યોજનાનો લાભ**

૨૧૧૫૧ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી** (મોટાપોંઢા) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલસાડ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બાજપાઈ બેન્કેબલ યોજનાનો લાભ તાલુકાવાર કેટલા લાભાર્થીઓને તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આપવામાં આવ્યો ?

**જવાબ**

વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ તારીખ ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીચે મુજબના લાભાર્થીઓને તાલુકાવાર લાભ આપવામાં આવ્યા છે.

| અ.નં. | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨૩૫ |
| ૨ | પારડી | ૨૦૧ |
| ૩ | ઉમરગામ | ૦૬૯ |
| ૪ | ધરમપુર | ૦૪૯ |
| ૫ | કપરાડા | ૦૩૦ |
| | કુલ : | ૫૮૪ |

-----------

**સુરત શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા અંગે**

૨૦૯૫૪ **શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા(** (સુરત શહેર **પશ્ચિમ**) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત શહેરમાં કેટલા બોગસ રેશનકાર્ડ અસ્તિત્વમાં છે, | (૧) તારીખ ૩૧-૧-૦૭ની સ્થિતિએ સુરત શહેરમાં બોગસ રેશનકાર્ડ અસ્તિત્વમાં નથી. |
| (૨) કેટલા દુકાનદારો પાસેથી આવા બેનામી કાર્ડ મળી આવ્યા છે, | (૨) ૧૧ (અગિયાર) દુકાનદારો પાસેથી. |
| (૩) તેની સાથે અધિકારી, કર્મચારીઓ સંકળાયેલા હતા કે કેમ, | (૩) હા, જી. |
| (૪) આ બોગસ રેશનીંગ કાર્ડની બદી કાયમી રીતે બંધ કરવા સરકારે શાં પગલાં લીધા છે, | (૪) બોગસ રેશનકાર્ડની બદી દૂર કરવા માટે બોગસ રેશનકાર્ડ નાબૂદી સઘન ઝૂંબેશ હાથ ધરવામાં આવે છે. તેમજ મામલતદાર ઝોનલ કચેરીએ બોક્ષ રાખવામાં આવે છે અને જેમાં સ્વેચ્છિક રીતે બોગસકાર્ડ જમા કરાવવા જાહેરાત કરવામાં આવે છે. |
| (૫) બોગસ રેશનકાર્ડ અટકાવવા કાર્ડ ધારકોનો ફોટોગ્રાફ રાખવાનું સરકાર વિચારે છે તે વાત સાચી છે, અને | (૫) ના, જી. |
| (૬) જો હા, તો આ અંગેનો અમલ સરકાર ક્યારથી શરુ કરવા માંગે છે ? | (૬) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ તાલીમ સંસ્થા અંગે**

૨૨૦૭૭ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** (પારડી) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કુટીર ઉદ્યોગ તાલીમ સંસ્થા, વલસાડ (હનુમાન ભાગડા) બંધ થયેલ છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો આ તાલીમ સંસ્થા ફરીથી ક્યારે ચાલુ થશે ? | (૨) પારડી, વાપી, ધરમપુર કે વલસાડ ખાતે સરકારી મકાન અથવા ભાડાનું મકાન મેળવવાની |

કાર્યવાહી ચાલુ છે જે મળ્યે આ તાલીમ કેન્દ્ર ચાલુ કરવામાં આવશે.

-----------

**રાજ્યમાં કન્યા કેળવણી નિધિ**

૨૧૬૨૨ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** (મુંદ્રા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્યમાં કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે કન્યા કેળવણી નિધિની રચના કરી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) તેના ઉદ્દેશો ક્યા છે, | (૨) પત્રક-૧ મુજબ |
| (૩) આવી નિધિ અગાઉ રચાઈ હતી કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) ઉક્ત સ્થિતિએ આ નિધિમાં કેટલું ભંડોળ જમા થયેલ છે ? | (૪) રૂા. ૧૧,૦૫,૨૯,૯૩૪ |

**પત્રક-૧**

**કન્યા કેળવણી નિધિની રચના કરવાના ઉદ્દેશો**

| | |
|---|---|
| ૧. | રાજ્યમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવું અને સ્ત્રી સાક્ષરતાનો દર વધારવો. |
| ૨ | રાજ્યની કોઈપણ પ્રકારની શાળાઓની વિદ્યાર્થીનીઓને શિક્ષણની સુવિધાઓ પુરી પાડવી અને બાળાઓના શાળા છોડી જવાના દરમાં ઘટાડો કરવો. |
| ૩. | ૧૦૦ ટકા નામાંકન અને કન્યાઓના શાળા પ્રવેશ માટે શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવી અને ધો. ૧ માં પ્રવેશ મેળવતી કન્યાને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવા. |
| ૪. | વિદ્યાર્થીનીઓને નાણાકીય સહાય કે ઈનામ પુરસ્કાર આપવા. |
| ૫. | કન્યા કેળવણી સબંધિત કાર્યક્રમો માટે યોગ્ય તે વ્યક્તિ કે સંસ્થાને અનુદાન કે સહાય આપવી. |
| ૬. | વિદ્યાર્થીનીઓ માટે શાળાઓમાં સેનીટેશન સુવિધા પુરી પાડવી, કોઈપણ પ્રકારના યાંત્રિક કે વિજાણુ સાધનો પુરા પાડવા, ફર્નિચરની સુવિધા પુરી પાડવી. |
| ૭. | શાળાઓમાં કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તેવા બાંધકામો કરવા તથા નિધિ હસ્તકની અસ્ક્યામતો યોગ્ય તે સરકારી કે બિનસરકારી સંગઠન/સંસ્થાને કન્યા કેળવણી માટે ઉપલબ્ધ કરાવવી. |
| ૮. | વિદ્યાર્થીનીઓને પુસ્તકો, નોટબુકો, ઈતર સાહિત્યના પુસ્તકો, ફી, ગણવેશ, તબીબી સહાય અને લોન શિષ્યવૃત્તિ કે તે પ્રકારની અન્ય સવલતો પુરી પાડવી. |
| ૯. | વિદ્યાર્થીનીઓના સામાજિક અને શૈક્ષણિક વિકાસને ઉત્તેજન આપે તેવી સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ હાથ ધરવી. |
| ૧૦. | વિદ્યાર્થીનીઓના સાંસ્કૃતિક, સાહિત્યક, અભ્યાસિક, સ્પર્ધાત્મક ગુણોના વિકાસ માટેના કાર્યક્રમો સ્પર્ધાઓ આયોજીત કરવા. |
| ૧૧. | નિધિની વહીવટી/હિસાબી કામગીરી માટે જરૂરી સાધન સામગ્રી ખરીદવી. |
| ૧૨. | નિધિને સબંધિત કાનુની પ્રવૃત્તિ કે કાર્યવાહી કરવી. |

-----------

**પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની અસરકારકતા**

૨૨૧૧૦ **શ્રી કાંતિલાલ ૨ા. લકુમ** (બાવળા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં સરકારે શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમો ર્ક્યા પછી પ્રાથમિક શાળામાં એડમીશનની ટકાવારી વધી કે ઘટી, | (૧) વધી. |

(૨) જો વધી હોય તો કેટલી, અને

(૨) ૨૦૦૩-૦૪ને પાયાનું વર્ષ ગણતાં વર્ષ ૨૦૦૬-૦૭ સુધીમાં નીચે મુજબનો ટકામાં વધારો થયેલ છે.

ગ્રોસ એન્રોલમેન્ટ રેશિયોમાં
કુમાર : ૧૫.૧૬
કન્યા : ૧૭.૧૧
કુલ : ૧૬.૧૪

નેટ એન્રોલમેન્ટ રેશિયો
કુમાર : ૨૨.૫૦
કન્યા : ૨૧.૪૩
કુલ : ૨૧.૯૬

(૩) આના કારણે ડ્રોપ આઉટ રેશીયો વધ્યો કે ઘટયો ?

(૩) ઘટ્યો.

-----------

## રાજ્યમાં રમતોને પ્રોત્સાહન આપવા અંગે

૨૧૬૧૯ **શ્રી દિલુભા ટે. ચુડાસમા** (વડોદરા-ગ્રામ્ય) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કરાટે, ચેસ અને કેરમની રમતોને પ્રોત્સાહન મળે તે માટે હાથ ધરાનાર આયોજનની વિગતો શું છે ?

**જવાબ**

(૧) આવી રમતોમાં ગુજરાતના ખેલાડીઓએ આંતરરાષ્ટ્રીયકક્ષાએ અને રાષ્ટ્રીયકક્ષાએ વિશિષ્ટ સિધ્ધિ મેળવી હોય તેવા ખેલાડીઓને એવોર્ડ પુરસ્કૃત કરવામાં આવે છે.

(૨) અત્યાર સુધી ચેસની રમતમાં ૧૧ ખેલાડીને પુરસ્કૃત કરવામાં આવેલ છે. જ્યારે કેરમ અને કરાટેની રમતમાં સિધ્ધિ હાંસલ કરનારને પણ પુરસ્કૃત કરવાની યોજના અમલમાં છે.

-----------

## કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં બાકી કેસો

૨૦૧૪૧ **શ્રી છબીલદાસ ના. પટેલ** (માંડવી) : **માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ગ્રાહકોના કેટલા કેસ તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ નિકાલ વગરના બાકી છે,

(૨) આ કેસો પૈકી બે વર્ષથી વધુ સમયના બાકી હોય તેવા કેટલા કેસો છે, અને

(૩) આ કેસોનો સત્વરે નિકાલ કરવા માટે સરકાર શું વિચારે છે ?

**જવાબ**

(૧) ૨૭૨

(૨) ૫૨

(૩) જિલ્લા ફોરમના પ્રમુખની જગ્યા ખાલી હતી. તે જાન્યુઆરી માસમાં ભરવામાં આવેલ છે. જેથી હવે પડતર રહેલ ફરિયાદોનો તાત્કાલિક નિકાલ કરવા સારું લોક અદાલત યોજી તેમજ પક્ષકારો અને વકીલશ્રીઓને ન્યાયના હિતમાં વધુ મુદતો ન આપી કેસોનો ઝડપી નિકાલ કરવા જણાવેલ છે.

-----------

## રાજ્યની પોલીટેકનિકોમાં એચ.ઓ.ડી.ની ખાલી જગ્યાઓ

૨૦૯૪૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં આવેલી પોલીટેકનિક કોલેજમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ મંજૂર થયેલ એચ.ઓ.ડી.ની જગ્યાઓ કેટલી છે,

(૨) તે અન્વયે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) ૯૩ જગ્યાઓ.

(૨) ૫૮ જગ્યાઓ
અલગ અલગ સમયથી ખાલી રહેવા પામેલ છે. જેના પર ચાર્જ આપવામાં આવેલ છે.

(૩) આ ખાલી જગ્યા સત્વરે ન ભરવાના કારણો શા છે અને કેટલા સમયમાં આ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે ?

(૩) બઢતી માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ ન થતાં તથા સીધી ભરતી માટે ગુ.જા.સેવા આયોગને માંગણી પત્રક મોકલેલ છે. આયોગ તરફથી ઉમેદવારો ફાળવવામાં આવ્યે તુરત જગ્યાઓ ભરી શકાશે.

-----------

**કડી તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકો**

૨૨૧૦૭ **શ્રી બળદેવજી ચં. ઠાકોર** (કડી) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કડી તાલુકામાં કુલ કેટલા બી.પી.એલ. કાર્ડ કાઢવામાં આવ્યા તેમજ તાલુકામાં કુલ બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે,

(૨) નવી બી.પી.એલ. યાદીમાં નામ ધરાવતા કુટુંબોને એ.પી.એલ. કાર્ડ આપવાના કારણો શા છે,

(૩) આ લાભાર્થીઓને સરકાર બી.પી.એલ. કાર્ડ આપવા માંગે છે કે કેમ, અને

(૪) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં કોઇ નવીન બી.પી.એલ. કાર્ડ કાઢવામાં આવેલ નથી. કડી તાલુકામાં નીચે મુજબના બી.પી.એલ. કાર્ડ છે.

| | **કાર્ડ સંખ્યા** | **જનસંખ્યા** |
|---|---|---|
| બી.પી.એલ. | **૯૧૭૬** | **૪૪૯૮૦** |

(૨) નવી બી.પી.એલ. યાદી અત્રે મળેલ નથી. જેથી એ.પી.એલ. કાર્ડ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**દિયોદર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ**

૨૧૩૯૮ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર) :માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ દિયોદર તાલુકામાં કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સેનીટેશન અને પીવાના પાણીની વ્યવસ્થા નથી, અને

(૨) આ સુવિધાઓ સત્વરે પૂરી પાડવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) **સેનીટેશન સુવિધા વિનાની -**

પ્રાથમિક શાળા ૮૪ : માધ્યમિક શાળા એક પણ નહીં.

**પીવાના પાણીની સુવિધા વિનાની -**

પ્રાથમિક શાળા ૩૬ : માધ્યમિક શાળા એક પણ નહીં.

(૨) **પ્રાથમિક શાળા માટે** ૮૪ પ્રાથમિક શાળાઓમાં સેનીટેશન તથા પાણીની સુવિધા પૂરી પાડવા માટેની કાર્યવાહી ચાલુમાં છે.

-----------

**પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગે**

૨૨૨૯૫ **ડૉ. સી. જે. ચાવડા** (ગાંધીનગર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પ્રાથમિક શિક્ષકોની બદલીઓના અદ્યતન નિયમો મુજબ પતિ-પત્ની બંને પ્રાથમિક શિક્ષક હોય તો એક સ્થળે બદલી કરવામાં આવે છે કે કેમ ?

**જવાબ**

હા, જી.

-----------

**રાજ્યના કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા બાબત**

૨૨૨૫૪ **શ્રી રાકેશ રાવ** (માતર) : **માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ૧લી ફેબ્રુઆરી, ૨૦૦૭ની સ્થિતિએ રાજ્યના કુટિર ઉદ્યોગને પ્રોત્સાહીત કરવા માટે કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અને વડાપ્રધાનશ્રી રોજગાર યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

- શ્રી વાજપાઇ બેંકેબલ યોજનામાં ઉદ્યોગ અને સેવા પ્રકારના ધિરાણની મર્યાદા રૂા.૨.૦૦ લાખથી વધારીને

રૂા.૩.૦૦ લાખ સુધી કરવામાં આવેલ છે.
- ઉદ્યોગ, સેવા અને વેપારમાં સબસીડીની મહત્તમ મર્યાદા અનુક્રમે રૂા.૧૫૦૦૦/-, રૂા.૧૦૦૦૦/- અને રૂા.૭૫૦૦/- થી વધારીની અનુક્રમે રૂા.૩૦૦૦૦/-, રૂા.૧૫૦૦૦/- અને રૂા.૧૦૦૦૦/- કરવામાં આવેલ છે.
- વડાપ્રધાનશ્રી રોજગાર યોજનામાં સબસીડીની મહત્તમ મર્યાદા રૂા.૭૫૦૦/- હોઇ રાજ્યની યોજનાના ધોરણે સબસીડી તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવે છે.

(૨) કુટિર ઉદ્યોગ શરૂ કરવા માંગતા લોકોને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા શું મદદ કરવામાં આવે છે,

(૨) શ્રી વાજપાઇ બેંકેબલ યોજના તથા વડાપ્રધાનશ્રી રોજગાર યોજના હેઠળ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ભલામણ થયેલ અરજીઓમાં બેંક દ્વારા ધિરાણ આપવામાં આવે છે. ધિરાણ ઉપર મળવાપાત્ર સહાય જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા ચૂકવવામાં આવે છે.
- જુદા જુદા કુટિર ઉદ્યોગની ૩૮૯ પ્રોજેક્ટ પ્રોફાઇલ બનાવવામાં આવી છે જેનો લાભાર્થીની ધિરાણ અરજી સાથે પ્રોજેક્ટ રીપોર્ટ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.
- વડાપ્રધાનશ્રી રોજગાર યોજના અંતર્ગત ૨૦ દિવસ સુધીની તાલીમ આપવામાં આવે છે.

(૩) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા બેંકોને ભલામણ કરાતી અરજીઓ ઉપર બેંકો ધ્વારા લોનની ભલામણ જેટલી જ રકમની ફીક્સ ડીપોઝીટો કરવાનો આગ્રહ બેંકો ક્યા નિયમો હેઠળ કરે છે, અને

(૩) આવા કોઇ નિયમો જાણમાં નથી.

(૪) અરજદારોને થતી આવી હેરાનગતી રોકવા સરકારે શું કાર્યવાહી કરી છે ?

(૪) સ્ટેટ લેવલ બેંકીગ કમિટિ, જિલ્લા કક્ષાએ સંકલન સમિતિ, બ્લોક લેવલ સંકલન સમિતિની બેઠકોમાં યોગ્ય રજૂઆત કરવામાં આવે છે.

-----------

**ચોટીલા અને સાયલા તાલુકાના દિન દયાળ ગ્રાહક ભંડારોની તપાસ**

૨૧૩૪૬ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં દિનદયાળ ગ્રાહક ભંડારોમાં તા. ૧-૧-૦૫ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં કેટલી ઓચિંતી તપાસણી કરી અને તે પૈકી

**જવાબ**

(૧)

| | તાલુકો | ૨૦૦૫ | ૨૦૦૬ | દિનદયાળ ગ્રાહક ભંડારોની કરાયેલ કુલ તપાસણીઓ |
|---|---|---|---|---|
| ૧. | ચોટીલા | ૨૯ | ૩૮ | ૬૭ |
| ૨. | સાયલા | ૨૨ | ૨૭ | ૪૯ |
| | **કુલ :** | **૫૧** | **૬૫** | **૧૧૬** |

(૨) કેટલા ગ્રાહક ભંડારોમાં ગેરરીતિઓ મળી, અને

(૨)

| | તાલુકો | ગેરરીતિવાળા દિનદયાળ ગ્રાહક ભંડારોની કુલ સંખ્યા |
|---|---|---|
| ૧. | ચોટીલા | ૨૮ |
| ૨. | સાયલા | ૨૩ |
| | **કુલ :** | **૫૧** |

(૩) ક્યા ક્યા પગલાં લેવામાં આવેલ છે ?

(૩) ૧. રૂા.૧,૧૧,૫૩૦/- ની કિંમતનો જથ્થો

કબજે લેવામાં આવ્યો.
૨. રૂા.૯૬,૬૮૦/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
૩. રૂા.૬૧,૨૫૦/- અનામત રાજ્યસાત.
૪. ૩ (ત્રણ) પરવાના મોકુફ
૫. ૩ (ત્રણ) પરવાના રદ
૬. ૨ (બે) કાળાબજાર નિવારણ ધારા હેઠળ અટકાયત.

-----------

**વાજબી ભાવની દુકાનોના નવીનીકરણ અંગે**

૨૧૯૧૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા** (કેશોદ) :**માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં વાજબી ભાવની દુકાનનું નવીનીકરણ કરવા સરકારે કોઈ યોજના અમલમાં મૂકી છે,

(૧) હા જી, એફ.પી.એસ. મોડેલ સેન્ટર યોજના.

(૨) હાલમાં વાજબી ભાવના દુકાનકારોને કેટલું કમીશન મળે છે, અને

(૨) વાજબી ભાવની દુકાનના દુકાનદારોને અનાજ ગોડાઉનથી તેઓની દુકાનના અંતર મુજબ તથા ઘઉં, ચોખાના છૂટક વિતરણ ભાવના ૪.૫૦ ટકાથી ૬.૦ ટકા સુધી કમિશન મળે છે.

| | |
|---|---|
| ઘઉં (એપીએલ) સરેરાશ | રૂા.૩૫/- |
| ચોખા (એપીએલ) સરેરાશ | રૂા. ૫૦/- |
| ઘઉં (બીપીએલ) સરેરાશ | રૂા.૨૬/- |
| ચોખા (બીપીએલ) સરેરાશ | રૂા.૨૬/- |
| ઘઉં (એએવાય) સરેરાશ | રૂા.૨૬/- |
| ચોખા (એએવાય) સરેરાશ | રૂા.૨૬/- |
| ખાંડ | રૂા.૧૬.૭૯ |

(૩) આ મોડેલ દુકાનોથી દુકાનદારોની આવકમાં કોઈ વધારો થશે કે કેમ ?

(૩) હા જી, રૂા.૧૦,૦૦૦/- સુધીની આવક વધી શકે તેમ છે.

-----------

**રાઈટ ટુ એજ્યુકેશન બિલ અંગે રાજ્ય સરકારની કાર્યવાહી**

૨૨૨૫૬ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) કેન્દ્ર સરકારે વિચારણા માટે મોકલેલ "રાઈટ ટુ એજ્યુકેશન"ના બિલ અંગે તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ રાજ્ય સરકારે કોઈ વાંધા સૂચનો મોકલેલ છે,

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકાર ધ્વારા કોઈ સમય મર્યાદા નકકી કરાઈ છે, અને

(૨) ના, જી.

(૩) કરાઈ હોય તો ક્યાં સુધીમાં આ બિલ મંજૂર કરી મોકલવાનું થાય છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમદાવાદ શહેરમાં મહિલા હેલ્પ લાઈન અંગે**

૨૧૬૬૩ **શ્રી મોહંમદફારુક હુ. શેખ** (કાલુપુર) : તા. ૨૩મી માર્ચ, ૨૦૦૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા તા.પ્ર. ક્રમાંક ૧૭૭૫૦ (અગ્રતા-૭૨)ના અનુસંધાને **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમદાવાદ શહેરમાં રાજ્યની

(૧) હા, જી.

મહિલાઓના પ્રશ્નો અંગે કેન્દ્ર સરકારની યોજના હેઠળ અમદાવાદ ખાતે ભુદરપુરા અને જુહાપુરા ખાતે બે હેલ્પ લાઈનો કાર્યરત છે તે હકીક્ત સાચી છે,

(૨) જો હા, તો આ બન્ને જગ્યાએ કેટલો સ્ટાફ ફરજ બજાવે છે, અને તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિલાઓના કેટલા પ્રશ્નો મલ્યા, અને

(૩) તે પ્રશ્નો અંગે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૨) (અ) ભુદરપુરા હેલ્પલાઇન ખાતે ૩ ટેલીફોન ઓપરેટર અને જુહાપુરા હેલ્પલાઇન ખાતે ૩ ટેલીફોન ઓપરેટરનો સ્ટાફ ફરજ બજાવે છે.
(બ) છેલ્લા એક વર્ષમાં મહિલાઓના ૯૮૨ પ્રશ્નો મળ્યા.

(૩) પ્રશ્નો રજૂ કરનાર મહિલાઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ છે.

-----------

**એમ. એડ. અભ્યાસક્રમ ચાલુ કરવા માટે અરજીઓ**

૨૧૩૯૪ ડૉ. **અતુલ કે. પટેલ** (ક્લોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ વર્ષ ૨૦૦૭-૦૮માં ગુજરાત અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કઈ કોલેજોએ એમ. એડ. અભ્યાસક્મ ચાલુ કરવા અરજીઓ કરેલ છે, અને

(૨) તેમાંથી કેટલી કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) એમ.એડ. અભ્યાસક્મ ચાલુ કરવાની માન્યતા N.C.T.E ભોપાલ દ્વારા અપાય છે. અરજીઓ સીધેસીધી N.C.T.E ભોપાલને કરવાની હોય છે. તેથી રાજ્ય સરકારને એકપણ અરજી મળેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**અમરેલી જિલ્લામાં મીઠા ઉદ્યોગનો વિકાસ**

૨૧૯૧૫ **શ્રી કાળુભાઇ વી. વીરાણી** (કુંડલા) : **માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૬ સુધીમાં અમરેલી જિલ્લામાં રાજુલા અને જાફરાબાદ તાલુકામાં મીઠાના ઉદ્યોગો કેટલી સંખ્યામાં ચાલે છે, અને

(૨) મીઠા ઉદ્યોગને વધારે વિકસિત બનાવવા માટે સરકાર ધ્વારા કેવા કેવા પગલાં લેવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) રાજુલા તાલુકો - ૧૭૮ એકમો
જાફરાબાદ તાલુકો - ૩ એકમો

(૨) મીઠા ઉદ્યોગને વિકસિત બનાવવા માટે સોલ્ટ વર્ક્સમાં કામ કરતાં અગરિયાઓ માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે ૧ એપ્રિલ ૨૦૦૧ થી જાન્યુ-૨૦૦૭ અંતિત નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે :-

| અ.નં. | યોજના | રકમ |
|---|---|---|
| ૧ | પીવાના પાણીની સુવિધા | ૧૫૨૧.૫૧ |
| ૨ | આરોગ્ય વિષયક | ૨૬૧.૯૧ |
| ૩ | રક્ષણાત્મક કીટ પૂરી પાડવા | ૨૧૭.૦૦ |
| ૪ | રેશનીંગનું અનાજ પૂરૂં | ૬૫.૦૦ |
| ૫ | નમક મજદૂર આવાસ | ૩૧૨.૫૮ |
| ૬ | શૈક્ષણિક સુવિધા પૂરી | ૧૩૬.૮૭ |
| ૭ | એપ્રોચ રસ્તાની સુવિધા | ૬૩૮.૩૬ |
| ૮ | અગરિયાઓને સાયક્લોના | ૧૫૭.૦૦ |

| | | |
|---|---|---|
| | વિતરણ માટે | |
| ૯ | અગરિયાઓને ઓળખકાર્ડની સુવિધા પૂરી પાડવા | ૧૮.૦૦ |
| ૧૦ | અન્ય સુવિધાઓ માટે | ૨૨૫.૪૬ |

વધુમાં રાજ્યમાંથી મીઠાની નિકાસ વધે તે માટે પ્રતિષ્ઠિત કન્સલટન્સી ફર્મ મારફતે વિગતવાર સર્વે રીપોર્ટ તૈયાર કરાવવામાં આવેલ છે.

-----------

**બારડોલી અને માંડવી તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ**

૨૧૬૨૪ **શ્રી અનિલકુમાર મો. પટેલ** (બારડોલી) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ બારડોલી અને માંડવી તાલુકામાં સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજનો જથ્થો બારોબાર વગે થતો હોવાની બાબતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આવા પરવાનેદારો સામે સરકારે શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) ગરીબોને સસ્તા અનાજની દુકાનેથી પૂરેપરું અનાજ મળી રહે તે માટે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| તાલુકો | કુલ પરવાનેદારોની તપાસોની સંખ્યા | ગેરરીતિ વાળા પરવાનેદારોની સંખ્યા | ગેરરીતિ વગરના પરવાનેદારોની સંખ્યા | ગેરરીતિ વાળા કેસોમાં પરવાના અનામત રાજ્યસાત (રૂ.) | ગેરરીતિ વાળા કેસોમાં દંડ (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧. બારડોલી | ૯ | ૮ | ૧ | ૩,૩૫૦ | ૧૫,૯૪૦ |
| ૨. માંડવી | ૧ | ૧ | - | ૫૦૦ | ૩,૯૯૮ |
| કુલ : | ૧૦ | ૯ | ૧ | ૩,૮૫૦ | ૧૯,૯૩૮ |

(૩) ૧. સસ્તા અનાજની દુકાનોનું સઘન ચેકીંગ
૨. કસુરવારો સામે કડક શિક્ષાત્મક પગલાં
૩. ગ્રામ્ય તકેદારી સમિતિની રચના
૪. ભુતિયા રેશનકાર્ડ નાબુદી ઝુંબેશ.

-----------

**ડાંગ જિલ્લામાં આંગણવાડીઓના મકાન**

૨૧૪૦૨ **શ્રી માધુભાઈ જે. ભોયે** (ડાંગ-વાંસદા) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે અન્વયે કેટલી આંગણવાડીઓ ખાનગી મકાનમાં કાર્યરત છે, અને

(૩) ખાનગી મકાનમાં કાર્યરત આવી આંગણવાડીના પોતાના મકાન માટે સરકારે શી

**જવાબ**

(૧) આહવા - ૧૫૭
વઘઇ - ૧૨૩

(૨) આહવા - ૨૩
વઘઇ - ૪
**૨૭**

(૩) તાલુકા પંચાયત આહવા ડાંગ દ્વારા બાંધકામ ચાલુમાં છે.

કાર્યવાહી કરી ?

-----------

**પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

૨૨૦૮૦ **શ્રી જગદીશ ઠાકોર** (દહેગામ) **: માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં સન ૨૦૦૬-૦૭ના વર્ષમાં પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે શું આયોજન છે, | (૧) પ્રાથમિક શાળાઓમાં સ્થાનિક કક્ષાએ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. |
| (૨) આ પ્રવૃત્તિઓના પ્રોત્સાહન માટે સરકાર તરફથી કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૨) સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે અલગ કોઇ ગ્રાન્ટ આપવામાં આવતી નથી. |
| (૩) જો હા, તો કઈ કઈ સહાય આપવામાં આવે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-----------

**જૂનાગઢ જિલ્લામાં બહુહેતુક મહિલા કલ્યાણ કેન્દ્રો**

૧૯૬૬૭ **શ્રી જેસાભાઈ ભા. બારડ** (સોમનાથ) **: માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહિલા સશક્તિકરણ યોજના અન્વયે જૂનાગઢ જિલ્લામાં કેટલા તાલુકાઓમાં બહુહેતુક મહિલા કલ્યાણ કેન્દ્રો શરૂ કરવાનું રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતું, | (૧) તમામ ૧૪ તાલુકાઓમાં |
| (૨) તા. ૩૧-૧-૨૦૦૭ની સ્થિતિએ તેમાં શું પ્રગતિ થયેલ છે, અને | (૨) જૂનાગઢ શહેરી-૧ તથા ૬ તાલુકા સાથે કુલ ૭ કેન્દ્રો ફાળવેલ છે :-<br>૧. જૂનાગઢ શહેરી<br>૨. જૂનાગઢ તાલુકા મથક<br>૩. કેશોદ<br>૪. માંગરોળ<br>૫. ભેંસાણ<br>૬. માળિયા (હાટીના)<br>૭. માણાવદર |
| (૩) જો પ્રગતિ થયેલ ન હોય તો તે માટેનું આગામી આયોજન શું છે ? | (૩) બાકી રહેતા તાલુકા માટે જાહેરાત આપેલ છે અને સંસ્થાઓ મારફત મળેલી દરખાસ્તો ચકાસણી હેઠળ છે. |

-----------

**રાજ્યમાં અગરિયાઓ માટે આવાસો**

૧૯૮૭૯ **શ્રી બાવકુભાઈ ઉંધાડ** (બાબરા) **: માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૧-૧-૦૬ થી તા. ૧-૨-૦૭ સુધીમાં અગરિયાઓના કલ્યાણ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલા આવાસો બનાવવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં ૩૦૫૮ આવાસો બનાવવાનું આયોજન છે. જેમાંથી ૪૯૬ આવાસોનું બાંધકામ પુર્ણ કરવામાં આવેલ છે. અને ૨૫૬૨ આવાસોનું બાંધકામ વિવિધ તબક્કામાં ચાલુ છે. |
| (૨) આ આવાસો ક્યા વિસ્તારોમાં અને કેટલી રકમના બાંધવામાં આવેલ છે ? | (૨) આ આવાસો કચ્છ, રાજકોટ, સુરેન્દ્રનગર, અમરેલી, પાટણ, ભરૂચ, વલસાડ અને ભાવનગર જિલ્લાઓમાં બાંધવામાં આવેલ છે. પ્રતિ આવાસ રૂા. ૬૦,૦૦૦/-ની મર્યાદામાં બાંધવામાં આવે છે. |

-----------

**માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ આપવા અંગે**

૨૧૭૮૧ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૫-૦૬માં સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો હતા,

(૨) તેઓને રેશનકાર્ડ મળેલ નથી તે હકીક્ત સાચી છે, અને

(૩) રેશનકાર્ડ મળ્યા નથી તે કુટુંબોને કેટલા સમયમાં તેમના કાર્ડ આપવામાં આવશે ?

**જવાબ**

(૧) સને ૨૦૦૫-૦૬માં સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં ગરીબીરેખા નીચે જીવતા કુટુંબો નીચે મુજબ હતા.

| અ.નં. | તાલુકાનું નામ | ગરીબીરેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા |
|---|---|---|
| (૧) | માંડવી | ૨૮૫૮૭ |
| (૨) | સોનગઢ | ૨૨૧૧૭ |
| (૩) | ઉચ્છલ | ૧૨૨૭૭ |
| (૪) | નિઝર | ૧૬૪૪૯ |
| | કુલ | ૭૯,૪૮૦ |

(૨) ઉપરોક્ત પ્રશ્ન ૧ સંદર્ભના તમામ કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવેલ છે.

(૩) સુરત જિલ્લાના માંડવી, સોનગઢ, ઉચ્છલ તથા નિઝર તાલુકાના તમામ કુટુંબોને રેશનકાર્ડ આપવામાં આવેલ છે. તેમ છતાં બીપીએલ રેશનકાર્ડ માટે નવી અરજી મળ્યેથી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગનો પત્રઃ ક્રમાંક કટક/૧૦૨૦૦૪/મં-૪/ક તા. ૧૭/૪/૦૬માં આપેલ જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરી બીપીએલ રેશનકાર્ડ આપવામાં આવે છે.

-----------

**પંચમહાલ જિલ્લામાં વાજબી ભાવની નવી દુકાનો શરૂ કરવા અંગે**

૨૧૯૨૨ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** (શહેરા) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર બે વર્ષમાં નાગરિક પુરવઠાની વ્યાજબી ભાવની નવી દુકાનો શરૂ કરવા માટે કેટલી માંગણીઓ આવી,

(૨) કેટલી અરજીઓ મંજૂર થઈ અને કેટલી બાકી, અને

(૩) બાકી અરજીઓનો ક્યારે નિકાલ કરવા સરકાર માંગે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બે વર્ષમાં નાગરિક પુરવઠાની વ્યાજબી ભાવની ૫૬ નવી દુકાનો શરૂ કરવા માટે કુલ ૪૩૯ માંગણીઓ આવી
(તાલુકાવાર માહિતીનું પત્રક સામેલ છે.)

(૨) ૫૧ અરજીઓ મંજૂર થઈ અને બાકીની ૫૫ અરજીઓ બાકી છે.

(૩) બાકી રહેલ ૫૫ અરજીઓ પેકી
૨૮ અરજીઓનો નિકાલ માહે-જાન્યુઆરી-૦૭માં થયેલ છે. જ્યારે
૨૭ અરજીઓ ૨ (બે) દુકાન શરૂ કરવા સામે કોર્ટ/સરકારશ્રીમાં સ્ટે હોઈ તેનો નિકાલ થયેથી નિકાલ કરવામાં આવશે.

**પત્રક**

વાજબી ભાવની દુકાન શરૂ કરવા માટે આવેલ અરજીઓ તથા મંજુર અને નામંજૂર કરેલ અને બાકી અરજીઓની વિગતો.

| અ. નં. | તાલુકાનું નામ | જાહેરાત પાડેલ દુકાનો | મંજુર થયેલ દુકાનો | આવેલ અરજીઅ ોની | મંજૂર કરેલ અરજી | નામંજૂર અરજી ઓ | બાકી અરજીઓ | શરૂ ન થયેલ દુકાનોની વિગત | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સંખ્યા | ઓ | | | | |
| ૧ | કાલોલ | ૬ | ૫ | ૫૮ | ૫ | ૩૭ | ૧૬ | દેલોલ સરકારશ્રીમાં સ્ટે | |
| ૨ | હાલોલ | ૬ | ૫ | ૩૯ | ૫ | ૩૪ | ૦ | શિવરાજપુર પુનઃ જાહેરાત | |
| ૩ | શહેરા | ૭ | ૭ | ૪૨ | ૭ | ૩૫ | ૦ | -- | |
| ૪ | લુણાવાડા | ૯ | ૮ | ૬૩ | ૮ | ૫૫ | ૦ | વેરામાં પુનઃ જાહેરાત | |
| ૫ | ઘોઘંબા | ૪ | ૩ | ૩૭ | ૩ | ૨૩ | ૧૧ | વાંગરવા કોર્ટમાં સ્ટે | |
| ૬ | મોરવા (હ) | ૩ | ૩ | ૨૬ | ૩ | ૨૩ | ૦ | -- | |
| ૭ | ખાનપુર | ૬ | ૬ | ૩૦ | ૬ | ૨૪ | ૦ | -- | |
| ૮ | સંતરામપુ ર | ૪ | ૪ | ૨૭ | ૪ | ૨૩ | ૦ | -- | |
| ૯ | કડાણા | ૬ | ૬ | ૪૪ | ૬ | ૩૮ | ૦ | -- | |
| ૧૦ | ગોધરા | ૫ | ૪ | ૭૩ | ૪ | ૪૧ | ૨૮ | જાફરાબાદ ૨૯.૦૧.૦૭માં શરૂ | |
| કુલ | | ૫૬ | ૫૧ | ૪૩૯ | ૫૧ | ૩૩૩ | ૫૫ | -- | |

-----------

**સંસ્કૃત ભાષાના વિકાસ અંગે**

૨૧૪૮૧ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી હેઠળ કેટલી સંસ્કૃત પાઠશાળાઓને જોડવામાં આવી, અને

(૨) સંસ્કૃત ભાષાના વિકાસ અર્થે અનુસ્નાતક કક્ષાએ કોઈ નવા અભ્યાસક્રમો શરુ કરવા વિચારેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) જોડાણ- એકપણ નહિં.
માન્યતા-૨૪ પાઠશાળાઓને આપેલ છે.
(અ) સરકારી ...૦૨
(બ) બિનસરકારી ...૧૭
(ક) સ્વનિર્ભર ...૦૫
કુલ... ૨૪

(૨) હા, આગામી શૈક્ષણિક વર્ષથી અનુસ્નાતક કક્ષાએ વેદ વિભાગ, દર્શન વિભાગ અને એમ.એડના અભ્યાસક્રમો તબક્કાવાર શરૂ કરવા વિચારેલ છે.

-----------

**ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડા**

૨૨૧૦૧ **શ્રીમતી રમીલાબેન બે. બારા** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલા પ્રાથમિક શાળાના ઓરડા બનાવવામાં આવ્યા,

(૨) હવે કેટલા ઓરડાની જરૂરિયાત છે, અને

(૩)આ જરૂરિયાત ક્યારે પૂરી પાડવામાં આવશે ?

**જવાબ**

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **બનાવેલ ઓરડાની સંખ્યા** |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૬૭ |
| ૨ | વિજયનગર | ૯ |
| | કુલ.. | ૭૬ |

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **ઓરડાની જરૂરિયાત** |
|---|---|---|
| ૧ | ખેડબ્રહ્મા | ૨૦૭ |
| ૨ | વિજયનગર | ૧૩ |
| | કુલ.. | ૨૨૦ |

(૩) જેમ બને તેમ જલ્દી.

-----------

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને અપાયેલ શિક્ષણ સહાય**

૨૧૯૦૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી** (ડીસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભારત સરકાર તરફથી રાજ્યના શિક્ષણ માટે સને ૦૫-૦૬ અને ૦૬-૦૭ના વર્ષમાં તા.

**જવાબ**

(૧) ૨૦૦૫-૦૬--રૂા. ૮૯૭૪.૩૨ લાખ
૨૦૦૬-૦૭--રૂા. ૧૩૨૩૪.૪૭ લાખ

૩૧-૧-૦૭ સુધીમાં કેટલી રકમ ફાળવી, અને
(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(તા. ૩૧-૧-૦૭ સુધીમાં)
(૨) ૨૦૦૫-૦૬--રૂા. ૮૫૬૧.૨૮ લાખ
૨૦૦૬-૦૭--રૂા. ૪૯૭૩.૪૨ લાખ
(તા. ૩૧-૧-૦૭ સુધીમાં)

-----------

**જામનગર જિલ્લામાં વાજબી ભાવની દુકાનોની ચકાસણી**

૨૨૧૦૩ **ડૉ. દિનેશ પરમાર** (જામનગર ગ્રામ્ય) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાજબી ભાવની દુકાનોની કુલ કેટલી વખત ચકાસણી કરવામાં આવી,

(૨) આ ચકાસણી બાદ મોટા પ્રમાણમાં કેટલા કિસ્સાઓમાં ગેરરીતિઓ પકડાઈ, અને

(૩) તે માટે કયા પ્રકારના પગલાં લીધા ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાજબી ભાવની દુકાનોની કુલ ૧૫૭૩ વખત ચકાસણી કરવામાં આવી.

(૨) ચકાસણી બાદ મોટા પ્રમાણમાં ૫૬ કિસ્સાઓમાં ગેરરીતિઓ પકડાઈ.

(૩) (૧) રૂા. ૪૮,૭૬૯/- ની કિંમતનો જથ્થો કબજે લેવામાં આવ્યો.
(૨) રૂા. ૩૭,૩૮૬/- ની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો.
(૩) ખાતારાહે પગલાં લઈ રૂા. ૧,૦૪,૯૪૯/- અનામત રકમ રાજ્યસાત કરવામાં આવી.
(૪) ૫ પરવાના મોકુફ કરવામાં આવ્યા.
(૫) ૩ પરવાના રદ કરવામાં આવ્યા.
(૬) ૧ કેસમાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યો.
(૭) ૧ કેસમાં પી.બી.એમ. હેઠળ અટકાયત કરવામાં આવી.

-----------

**કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને ફાળવવામાં આવતો નાગરિક પુરવઠો**

૨૨૧૦૫ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ઘઉં-ચોખા-ખાંડનો કેટલો જથ્થો તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ફાળવવામાં આવ્યો, અને

(૨) ફાળવેલ જથ્થામાંથી રાજ્ય સરકાર દ્વારા કેટલો જથ્થો ઉપાડવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને માહે ફેબ્રુઆરી-૦૬ થી જાન્યુઆરી-૦૭ સુધીમાં છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ જથ્થો ફાળવવામાં આવેલ છે.

(આંકડા મે-ટન)

| જાત | BPL | AAY | APL |
|---|---|---|---|
| ઘઉં | ૨,૯૬,૬૭૬ | ૧,૭૫,૧૩૦ | ૬,૨૮,૦૮૮ |
| ચોખા | ૨,૫૫,૫૮૨ | ૧,૨૪,૦૯૦ | ૧૦,૫૬,૯૪૮ |
| ખાંડ | ૭૫,૪૦૭ | | |

(૨) કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને માહે ફેબ્રુઆરી-૦૬ થી જાન્યુઆરી-૦૭ સુધીમાં ફાળવેલ જથ્થા પૈકી નીચે મુજબ જથ્થો ઉપાડવામાં આવેલ છે.

(આંકડા મે-ટન)

| જાત | BPL | AAY | APL |
|---|---|---|---|
| ઘઉં | ૨,૭૫,૪૪૪ | ૧,૩૬,૯૪૫ | ૧,૦૫,૦૬૫ |
| ચોખા | ૨,૩૪,૦૯૭ | ૯૮,૭૭૧ | ૨૬,૭૬૦ |
| ખાંડ | ૬૭,૬૨૬ | | |

-----------

## રાજ્યમાં પી.ટી.સી. શિક્ષણનું માધ્યમ

૨૧૭૧૩ **ડૉ. માયાબેન સુ. કોડનાની** (નરોડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાતી-હિન્દી-અંગ્રેજી સિવાયના ક્યા ક્યા માધ્યમોમાં પી.ટી.સી. કોલેજો ચલાવવામાં આવે છે.

(૨) આ માધ્યમોમાં દર વર્ષે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો છે, અને

(૩) એ પેકી કુલ કેટલાની વિદ્યાસહાયક તરીકે નિમણૂંક કરવામાં આવી છે?

**જવાબ**

(૧) મરાઠી, સિન્ધી અને ઉર્દુ માધ્યમોમાં પણ પી.ટી.સી. કોલેજો ચલાવવામાં આવે છે.

(૨)

| | કુલ | ૨૦૦૪-૦૫ | ૦૫-૦૬ | ૦૬-૦૭ |
|---|---|---|---|---|
| મરાઠી | ૮૭ | ૨૭ | ૩૦ | ૩૦ |
| સિંધી | ૧૦ | ૦૩ | ૦૭ | - |
| ઉર્દુ | ૯૭ | ૨૮ | ૩૨ | ૩૭ |
| | ૧૯૪ | | | |

(૩) આ પેકીના ક્યા વિદ્યાર્થીને વિદ્યાસહાયક તરીકે નિમણૂંક મળી છે. તે અલગથી તારવી શકાય નહી.

----------

## ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ ક્ષેત્રે નવા કોર્સ

૨૨૦૯૧ **શ્રી કનુભાઇ મે. ભાલાળા** (વિસાવદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૬-૦૭માં તા. ૩૧-૧-૦૭ સુધીમાં રાજ્યમાં ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણક્ષેત્રે સમયની માંગને કારણે કેટલા નવા કોર્સ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) ક્યા ક્યા ?

**જવાબ**

(૧) ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે કુલ ૧૯ નવા કોર્ષ શરૂ કરવામાં આવ્યા છે, જ્યારે ટેક્નીકલ શિક્ષણક્ષેત્રે કોઈ નવા કોર્સ શરૂ કરેલ નથી.

(૨) ઉચ્ચ શિક્ષણના કોર્સ પરિશિષ્ટ- અ મુજબ છે.

**પરિશિષ્ટ- અ**

**ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે નવા કોર્સ (૧૯)**

**કોમર્સ ફેકલ્ટી :-**
૧. પોસ્ટ ડીપ્લોમા ઈન ઈન્ટરનલ ઓડીટ.
૨. એમ.ફીલ કોમર્સ એકાઉન્ટન્સી અને સ્ટેટીસ્ટીક્સ

**આર્ટસ ફેકલ્ટી :-**
૧. બેચલર ઓફ ફાઈન આર્ટસ.
૨. બેચલર ઓફ ઈન્ટીરીયર ડીઝાઈન.

**સાયન્સ ફેકલ્ટી :-**
૧. પી.જી.ડીપ્લોમા ઈન CAD/CAM અને
પી.જી.ડીપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન.
૨. એમ.એસ.સી એપ્લાઈડ સ્ટેટેસ્ટીક્સ.
૩. એમ.એસ.સી (બાયો ટેક્નોલોજી)
૪. એમ.એસ.સી બાયોઈન્ફોર્મેટીક્સ.

**અનુસ્નાતક (એમ.એસ.ડબલ્યુ) :-**
૧. એમ.એસ.ડબલ્યુ.
૨. એમ.એલ.ડબલ્યુ.

**સ્નાતક :-**
૩. સ્પેશ્યલ બી.એડ.

**સ્નાતક/અનુસ્નાતક :-**
૧. એમ.એલ.ડબલ્યુ.
૨. બી.એ.બી.કોમ લો (ઈન્ટીગ્રેટેડ)

**સ્નાતક અને સ્પેશ્યલ કોર્સ :-**
૧. સર્ટીફીકેટ કોર્સ ઈન ટેક્સેશન.
૨. નેટ અને સ્લેટ પ્રોપ્રાઈટરી પ્રોગ્રામ.

**ડીપ્લોમા :-**

૧. પી.જી.ડીપ્લોમા ઈન માર્કેટીંગ મેનેજમેન્ટ.
૨. પી.જી.ડીપ્લોમા ઈન બેંકીંગ ઈન્સ્યુરન્સ.
૩. પી.જી.ડીપ્લોમા ઈન સર્વિસ મેનેજમેન્ટ.
૪. પી.જી.ડીપ્લોમા ઈન એકાઉન્ટ એન્ડ ફાયનાન્સ મોનીટરીંગ રેગ્યુલર. ( હાયર પેમેન્ટ બેઝીક )

-----------

## સુરત શહેરમાં સસ્તા અનાજની દુકાનોની ફાળવણી

૨૧૧૪૫ **શ્રી મનીષ ન. ગીલીટવાલા** (સુરત શહેર પૂર્વ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં દિનદયાળ સસ્તા અનાજની દુકાનો છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧-૦૭ની સ્થિતિએ કેટલી ફાળવવામાં આવી, અને | (૧) કુલ ૫ (પાંચ) દિનદયાળ સસ્તા અનાજની દુકાનો ફાળવવામાં આવેલ છે. |
| (૨) આવી દુકાનોની ફાળવણીમાં ગેરરીતિઓ થઇ છે કે કેમ ? | (૨) ના, જી. |

-----------

## અમદાવાદ શહેરમાં બી.પી.એલ. કાર્ડ ધારકો

૨૦૯૯ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** (શહેર કોટડા) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ કેટલા બી.પી.એલ. કાર્ડ છે, અને | (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ ૮૬,૫૨૯ બી.પી.એલ. કાર્ડ છે. |
| (૨) બી.પી.એલ. કાર્ડ નવા બનાવવાની કોઇ યોજના સરકાર દ્વારા વિચારણા થયેલ છે કે નહિ ? | (૨) હા, જી. |

-----------

## પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હેન્ડપંપ સુવિધા અંગે

૨૨૦૩૫ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૬ ની પરિસ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓ એવી છે કે જ્યાં હેન્ડપંપની સુવિધા ઉપલબ્ધ નથી, | (૧) ૭૯૦. |
| (૨) જે પ્રાથમિક શાળાઓમાં હેન્ડપંપની સુવિધા ઉપલબ્ધ નથી, ત્યાં નવીન હેન્ડપંપ બનાવવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, | (૨) હા, જી. |
| (૩) આવી પ્રાથમિક શાળાઓમાં મેચીંગ ગ્રાન્ટમાં હેન્ડપંપો મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો કેટલા સમયમાં નવીન હેન્ડપંપ બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે ? | (૪) જેમ બને તેમ જલ્દીથી. |

-----------

## કચ્છ જિલ્લામાં કેરોસીનના જથ્થાની ફાળવણી અંગે

૨૧૯૧૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર** (ભુજ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કચ્છ | (૧) માહે જુલાઈ-૦૬ થી સપ્ટેમ્બર-૦૬ સુધી માહે |

જિલ્લામાં નક્કી કરવામાં આવેલ ક્વોટા કરતાં છેલ્લા છ માસથી કેરોસીનનો ઓછો જથ્થો ફાળવવામાં આવી રહેલ છે તે હકીક્ત સાચી છે, અને

જાન્યુઆરી-૨૦૦૬ ના નોન ગેસ કાર્ડ પ્રમાણે ૧૦૦ ટકા કેરોસીનની ફાળવણી કરવામાં આવેલ છે. તથા માહે ઓકટોબર-૨૦૦૬ થી ડીસેમ્બર-૨૦૦૬ સુધી માહે એપ્રિલ-૨૦૦૬ નાં નોનગેસ કાર્ડ પ્રમાણે ૧૦૦ ટકા કેરોસીનની ફાળવણી કરવામાં આવેલ છે. જેથી ઓછો જથ્થો ફાળવવામાં આવતો હોવાની હકીક્ત સાચી નથી.

(૨) ક્વોટા કરતાં ઓછો જથ્થો ફાળવવાના શાં કારણો છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**કચ્છ જિલ્લાને રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ**

૨૧૯૮૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** (મુન્દ્રા) : **માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાને સન ૨૦૦૫-૦૬ ના વર્ષ દરમ્યાન રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેટલી રકમ ફાળવવામાં આવી હતી,

(૨) તેમાંથી કેટલી રકમ વપરાઇ,

(૩) કેટલી રકમ વણવપરાયેલી છે, અને

(૪) રકમ વણવપરાયેલી રહેવાના કારણો શાં છે?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાને સન ૨૦૦૫-૦૬ના વર્ષમાં રમતગમત પ્રવૃત્તિઓ માટે રૂા.૮,૬૧,૩૦૬/- તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂા.૪૧,૦૦૦/- ની રકમ ફાળવવામાં આવી હતી.

(૨) તેમાંથી રમતગમત પ્રવૃત્તિઓ પાછળ રૂા.૮,૬૧,૩૦૬/- અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ પાછળ રૂા.૪૧,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**જૂનાગઢ જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ**

૨૧૨૧૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ** (ઉના) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા કેટલી,

**જવાબ**

(૧) આ સાથે સામેલ પત્રક-અ મુજબ.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રાન્ટેડ શાળાઓ | નોન ગ્રાન્ટેડ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | જૂનાગઢ | ૫૦ | ૩૧ | ૮૧ |
| ૨ | વંથલી | ૨૪ | ૦૩ | ૨૭ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | માણાવદર | ૩૧ | ૦૩ | ૩૪ |
| ૪ | કેશોદ | ૩૭ | ૦૪ | ૪૧ |
| ૫ | માંગરોળ | ૩૫ | ૦૯ | ૪૪ |
| ૬ | માળીયા હાટીના | ૨૪ | ૦૮ | ૩૨ |
| ૭ | વિસાવદર | ૨૧ | ૦૬ | ૨૭ |
| ૮ | ભેંસાણ | ૧૩ | ૦૩ | ૧૬ |
| ૯ | મેંદરડા | ૧૫ | ૦૦ | ૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | સુત્રાપાડા | ૦૭ | ૦૮ | ૧૫ |
| ૧૩ | કોડીનાર | ૨૧ | ૧૩ | ૩૪ |
| ૧૪ | ઉના | ૨૦ | ૧૬ | ૩૬ |
| **કુલ** | | **૩૩૯** | **૧૩૪** | **૪૭૩** |

(૨) તાલુકાવાર ગામોની સંખ્યા મુજબ આ સંખ્યા પૂરતી છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) ન હોય તો સરકાર આ અન્વયે શું આયોજન કરવા માગે છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

**દિયોદર તાલુકાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓની મરામત કામગીરી અંગે**

૨૧૩૯૯ **શ્રી ભેમાભાઈ રા. પટેલ (દીઓદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દિયોદર તાલુકામાં આવેલ પ્રાથમિક શાળાઓના કેટલા ઓરડાઓની મરામત કામગીરી તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ બાકી છે, અને

(૨) આ મરામત કામ ક્યારે હાથ ધરવામાં આવશે અને ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ૬ શાળાના ૧૨ ઓરડાઓ.

(૨) જેમ બને તેમ જલ્દી કામો પૂર્ણ કરવામાં આવશે.

-----------

**ચોટીલા અને સાયલા તાલુકામાં કેરોસીનની ફાળવણી**

૨૧૩૪૭ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા** (ચોટીલા) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા. ૧-૧-૦૬ થી તા. ૩૧-૧૨-૦૬ સુધીના એક વર્ષમાં કેરોસીનનો કેટલો જથ્થો ફાળવેલ છે,

(૨) નિયત જથ્થા કરતાં કેટલો જથ્થો ઓછો ફાળવેલ છે, અને

(૩) પૂરતો જથ્થો કાયમી રીતે મળે તે માટે કયા કયા પગલાં લીધેલ છે ?

**જવાબ**

(૧) ચોટીલા અને સાયલા તાલુકામાં તા.૧-૧-૦૬ થી તા.૩૧-૧૨-૦૬ સુધીના એક વર્ષના સમયગાળામાં ફાળવેલ કેરોસીનના જથ્થાની વિગત દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

(૨) સરકારશ્રીમાંથી હાલમાં એપ્રિલ-૦૬ અંતિત ગેસ વગરના રેશનકાર્ડને ધ્યાને લઇ કેરોસીન ફાળવવામાં આવે છે. જે મુજબ ૧ થી ૩ સંખ્યાવાળા રેશનકાર્ડવાળાને ૫ લિટર તથા ૪ કે તેથી વધુ સંખ્યાવાળા રેશનકાર્ડવાળાને ૧૦ લિટર મુજબનું વિતરણ પ્રમાણ ધ્યાને લઇ તે મુજબ સાયલા તથા ચોટીલાના રેશનકાર્ડની સંખ્યાને ધ્યાને લઇ પુરેપુરું કેરોસીન ફાળવવામાં આવે છે.

(૩) પુરતો જથ્થો ફાળવવામાં આવતો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ ત્ર ક**

સુરેન્દ્રનગર જિલ્લાની કેરોસીનની જરૂરિયાત અને તેની સામે સરકારશ્રી દ્વારા મળેલ ફાળવણીની વિગત દર્શાવતું પત્રક.

જાન્યુઆરી-૨૦૦૬ થી ડિસેમ્બર-૨૦૦૬ સુધી. (આંકડા કિલો લીટરમાં)

| ક્રમ | તાલુકાનું નામ | જાન્યુ-૦૬ | ફેબ્રુ-૦૬ | માર્ચ-૦૬ | એપ્રિલ-૦૬ | મે-૦૬ | જૂન-૦૬ | જુલાઇ-૦૬ | ઓગ-૦૬ | સપ્ટે-૦૬ | ઓકટો-૦૬ | નવે-૦૬ | ડિસે-૦૬ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| ૧ | સુરેન્દ્રનગર (શહેર) | ૨૯૭ | ૩૦૪ | ૩૦૧ | ૩૦૬ | ૩૦૨ | ૩૨૫ | ૩૦૨ | ૩૦૭ | ૩૨૪ | ૩૬૬ | ૩૧૯ | ૩૧૯ | ૩૭૭૨ |
| ૨ | વઢવાણ | ૩૦૯ | ૩૧૩ | ૩૧૩ | ૩૧૩ | ૩૦૪ | ૩૧૩ | ૩૦૩ | ૩૦૭ | ૩૧૩ | ૩૨૩ | ૩૧૬ | ૩૧૬ | ૩૭૪૩ |
| ૩ | લીંબડી | ૨૮૪ | ૨૮૮ | ૨૮૯ | ૨૯૬ | ૨૭૭ | ૩૦૫ | ૨૭૯ | ૨૮૪ | ૨૭૯ | ૨૭૬ | ૨૭૮ | ૨૭૮ | ૩૪૧૩ |
| ૪ | ચુડા | ૧૭૩ | ૧૭૪ | ૧૭૦ | ૧૭૫ | ૧૭૦ | ૧૯૦ | ૧૬૮ | ૧૬૮ | ૧૭૩ | ૧૭૭ | ૧૮૭ | ૧૮૭ | ૨૧૧૨ |
| ૫ | મુળી | ૧૯૨ | ૧૯૪ | ૧૯૫ | ૧૯૫ | ૧૮૯ | ૧૮૯ | ૧૮૯ | ૧૯૦ | ૧૯૪ | ૧૮૨ | ૧૭૯ | ૧૭૯ | ૨૨૬૭ |
| ૬ | સાયલા | ૨૦૧ | ૨૦૩ | ૨૦૪ | ૧૯૮ | ૧૯૬ | ૨૦૦ | ૧૯૭ | ૨૦૨ | ૨૦૨ | ૨૦૯ | ૧૯૬ | ૧૯૬ | ૨૪૦૪ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ચોટીલા | ૨૭૮ | ૨૮૧ | ૨૮૧ | ૨૮૨ | ૨૭૪ | ૨૯૨ | ૨૭૨ | ૨૭૨ | ૨૭૮ | ૨૯૦ | ૨૯૦ | ૨૯૦ | ૩૩૮૦ |
| ૮ | ધ્રાંગધ્રા | ૩૪૯ | ૩૫૩ | ૩૫૪ | ૩૫૪ | ૩૪૩ | ૩૮૯ | ૩૪૨ | ૩૪૨ | ૩૫૨ | ૩૬૬ | ૩૫૬ | ૩૫૭ | ૪૨૫૭ |
| ૯ | હળવદ | ૨૪૫ | ૨૪૮ | ૨૪૯ | ૨૫૦ | ૨૪૧ | ૨૫૯ | ૨૪૦ | ૨૩૮ | ૨૪૬ | ૨૫૪ | ૨૫૫ | ૨૫૫ | ૨૯૮૦ |
| ૧૦ | પાટડી | ૩૪૧ | ૩૪૫ | ૩૪૩ | ૩૩૫ | ૩૨૯ | ૩૪૯ | ૩૩૪ | ૩૩૮ | ૩૪૪ | ૩૩૫ | ૩૨૨ | ૩૨૨ | ૪૦૩૭ |
| ૧૧ | લખતર | ૧૭૨ | ૧૭૪ | ૧૬૯ | ૧૭૫ | ૧૬૯ | ૧૮૩ | ૧૬૮ | ૧૬૮ | ૧૭૪ | ૧૭૯ | ૧૮૦ | ૧૮૦ | ૨૦૯૧ |
| | કુલ :- | ૨૮૪૧ | ૨૮૭૭ | ૨૮૬૮ | ૨૮૭૯ | ૨૭૯૪ | ૨૯૯૪ | ૨૭૯૪ | ૨૮૧૬ | ૨૮૭૯ | ૨૯૫૭ | ૨૮૭૮ | ૨૮૭૯ | ૩૪૪૫૬ |

-----------

## પ્રાથમિક શિક્ષકોને કોમ્પ્યુટર તાલીમ અંગે

૨૨૨૫૭ **શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** (ભાવનગર શહેર ઉત્તર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં પ્રાથમિક શિક્ષકોને હાયરગ્રેડ મેળવવા કોમ્પ્યુટરની કઇ ખાસ તાલીમનું પ્રમાણપત્ર આપવાનું ઠરાવ્યું છે, | (૧) કોમ્પ્યુટર કૌશલ્ય પ્રમાણપત્ર (C.C.C.). |
| (૨) આવો હુકમ ક્યારે કરવામાં આવ્યો, | (૨) તા.૩૦-૯-૦૬. |
| (૩) આવી ચોક્કસ પ્રકારની તાલીમ લેવા માટેની વ્યવસ્થા રાજ્યના બધા તાલુકા મથકે ઉપલબ્ધ છે, અને | (૩) ના, જી. |
| (૪) ન હોય તો રાજ્ય સરકાર કોઇ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવશે કે કેમ ? | (૪) રાજ્ય સરકારે તાલીમ માટે ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ સંચાલિત આઇ.ટી.આઇ. કેન્દ્રો, સરદાર પટેલ વહીવટી સંસ્થાના કેન્દ્રો તેમજ ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લીમીટેડના ટ્રેનીંગ સેન્ટરમાં વ્યવસ્થા કરેલ છે. |

-----------

## માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકો

૨૧૭૮૨ **શ્રી કાંતિલાલ રે. ગામીત** (સોનગઢ) : **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં તાલુકાવાર બી.પી.એલ. કાર્ડ ધારકોની સંખ્યા કેટલી છે, અને | (૧) માંડવી ૨૩૫૬૦<br>સોનગઢ ૧૯૨૭૪<br>ઉચ્છલ ૧૧૮૪૨<br>નિઝર ૧૪૪૭૨<br>કુલ ૬૯૧૪૮ |
| (૨) આ કાર્ડ ધારકોની સમીક્ષા કરીને નવી યાદી ક્યારે બહાર પાડવામાં આવશે ? | (૨) વિભાગ આવી યાદી બહાર પાડતું નથી. |

-----------

## રાજ્યના પછાત વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ

૨૧૪૮૨ **શ્રી શંકરભાઈ વી. રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં સન ૨૦૦૬-૦૭ ના વર્ષમાં પછાત અને આદિવાસી વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ વધે તે માટે સરકારે કોઇ આયોજન કરેલ છે ? | હા, જી. |

-----------

## ખાનગી ટ્યુશન કરતા શિક્ષકો સામે કાર્યવાહી

૨૨૧૦૬ **ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (માંગરોળ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૭ ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ખાનગી ટ્યુશન કરતા કુલ કેટલા શિક્ષકો પકડવામાં આવ્યા ? | ૩૪, (જિલ્લાવાર યાદી પત્રક-અ માં સામેલ છે.) |

**પ ત્ર ક - અ**

| ક્રમ | જિલ્લાનું નામ | કેટલા શિક્ષકો ટ્યુશન કરતા પકડાયા |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ શહેર | ૩ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૩ |
| ૩ | અમરેલી | ૦ |
| ૪ | ભૂજ-કચ્છ | ૦ |
| ૫ | ખેડા | ૦ |
| ૬ | ગાંધીનગર | ૦ |
| ૭ | જૂનાગઢ | ૦ |
| ૮ | જામનગર | ૦ |
| ૯ | આહવા-ડાંગ | ૦ |
| ૧ | ૨ | ૩ |
| ૧૦ | પંચમહાલ | ૦ |
| ૧૧ | બનાસકાંઠા | ૮ |
| ૧૨ | ભરૂચ | ૩ |
| ૧૩ | ભાવનગર | ૦ |
| ૧૪ | પાટણ | ૦ |
| ૧૫ | રાજકોટ | ૦ |
| ૧૬ | વડોદરા | ૩ |
| ૧૭ | વલસાડ | ૨ |
| ૧૮ | સુરત | ૧ |
| ૧૯ | સાબરકાંઠા | ૦ |
| ૨૦ | સુરેન્દ્રનગર | ૦ |
| ૨૧ | નર્મદા | ૦ |
| ૨૨ | આણંદ | ૦ |
| ૨૩ | નવસારી | ૨ |
| ૨૪ | મહેસાણા | ૩ |
| ૨૫ | પોરબંદર | ૩ |
| ૨૬ | દાહોદ | ૩ |
| | **કુલ :-** | **૩૪** |

-----------

**હાલોલ તાલુકામાં કેરોસીનની ફાળવણી અંગે**

૨૨૦૩૬ **શ્રી જયદ્રથસિંહ ચં.પરમાર** (હાલોલ) **: માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સન ૨૦૦૬-૦૭ માં હાલોલ તાલુકાને કેરોસીનનો જથ્થો તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ રેશનકાર્ડના પ્રમાણ કરતાં ઓછો ફાળવવામાં આવે છે તેવી ફરિયાદ સરકારને મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) હાલોલ તાલુકામાં તા. ૩૧-૧૨-૦૬ ની સ્થિતિએ કુલ કેટલા રેશનકાર્ડ ઇસ્યુ થયેલા છે, અને | (૨) ૪૦૯૪૦. |
| (૩) આ પેકી કેટલા એ.પી.એલ. અને બી.પી.એલ. છે ? | (૩) ૨૬૮૧૪ એ.પી.એલ. અને ૧૪૧૨૬ બી.પી.એલ. કાર્ડ છે. |

-----------

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## અસંસદીય શબ્દ અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે જે અંગે ખૂબ જ ગંભીરતાપૂર્વક આપનું માર્ગદર્શન માગું છું તો આ સભાગૃહની સંસદીય શબ્દોની યાદી એની અંદર જે લૂંટારા શબ્દ કાઢી નાખવામાં આવેલ છે. આ • *(xxxxx) શબ્દ જેના માટે વપરાયો, એ સંસ્થાઓ કડી સર્વ વિદ્યાલય જેવી અનેક સંસ્થાઓમાં જે લોકો જાહેર જીવનની અંદર કામ કરે છે. એવી સ્વનિર્ભર સંસ્થાઓ આપણે ત્યાં કૉલેજ ચલાવે છે. એ સંસ્થાઓ અહીંયા આવીને જવાબ આપી શકતી નથી, એટલે એવી હાજર ન હોય એના માટે આવું ન વપરાય. ત્રીજી વસ્તુ એવી છે કે આપણી બાબતો સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિના પાન નં. ૩૮૩ ઉપર સંસદીય શબ્દ ઉપર ખૂબ સારી વ્યાખ્યા આપી: શાંત, પ્રકૃતિ અને વિવેક એ સંસદીય બાબતના લક્ષણ છે. જ્યારે સભ્ય ચર્ચા દરમ્યાન તેમના વિરોધીઓના મતની લાગણી કરતા હોય તે પ્રસંગ કરતા બીજા પ્રસંગોએ અસંસદીય ભાષા વધુ ઇચ્છનીય નથી અને એટલા માટે જ મારો મુદ્દો એ છે કે આ સભાગૃહમાં વિરોધ પક્ષના નેતા આ સભાગૃહના સભ્ય બન્યા ત્યારે પ્રાથમિક જરૂરિયાત એ હતી કે આ સભાગૃહનો કોઈપણ સભ્ય બને ત્યારે કયા શબ્દો વપરાય અને કયા ન વપરાય એની યાદી જોઈ લે. યાદીમાં શબ્દ પ્રગટ કર્યા હોય તો તે શબ્દ કોઈ સંજોગોમાં ન વપરાય. બીજું આપનું દ્વારા માર્ગદર્શન એ જોઈએ છીએ કે એમણે સંસ્થાની વાત કરી. માનનીય મંત્રીશ્રી જવાબ આપતા હતા સ્વનિર્ભર સંસ્થા કડી વિદ્યાલય અને એવી અનેક યુનિવર્સિટીઓ છે. આ યુનિવર્સિટી જેવી સંસ્થાઓને માટે એમ કહો કે આ *(xxxxxx) તમે લાવ્યા હતા.. સમાજ જીવનની પ્રતિષ્ઠિત સંસ્થાઓ માટે વપરાય તે પણ આ સભાગૃહના સભ્ય માટે યોગ્ય નથી, એટલા માટે ખૂબ જ ગંભીરતાપૂર્વક આપના દ્વારા વિરોધ પક્ષના નેતાશ્રીને કહું છું આપની પાસે માર્ગદર્શન માગું છું કે પરંપરા ન સર્જાય (અંતરાય) કાઢી નાખ્યા તે અલગ વસ્તુ છે. આ શબ્દ વપરાય જ નહિ. એવા આપના નિયમો કહે છે. એવા શબ્દો વપરાય એના માટે કાર્યરીતિ કહે છે. જે હાજર ન હોય (અંતરાય) વાત નથી પૂરી થઈ. વિરોધ પક્ષના નેતા સામાજિક સંસ્થાઓ માટે આવા શબ્દો વાપરે અને કેવા શબ્દો ન વાપરી શકે કેમ કે શાંત, પ્રકૃતિ અને વિવેક એ સંસદીય ભાષાના લક્ષણ છે. જ્યારે સભ્ય ચર્ચા દરમ્યાન તેમના વિરોધીઓના મતની લાગણી કરતા હોય તે પ્રસંગ કરતા બીજા કોઈ પણ પ્રસગે અસંસદીય ભાષા વધુ ઇચ્છનીય નથી, એટલા માટે હું આપનું માર્ગદર્શન માગું છું કે વિરોધ પક્ષના નેતાશ્રીએ જે શબ્દ વાપર્યા તે આ સભાગૃહ માટે ઇચ્છનીય નથી. એ આપણી કાર્યરીતિ કહે છે, એટલા માટે વધારે ઇચ્છનીય એટલા માટે નથી કે જે અહીંયા હાજર નથી એ સંસ્થા માટે વપરાયેલ શબ્દ છે, એટલે જવાબ નહિ આપી શકે. ત્રીજી વાત એ છે કે આ પુસ્તિકા જેમાં ભૂતકાળના અધ્યક્ષોએ જે શબ્દ કાઢી નાખ્યા હોય તે શબ્દ ન જ વપરાય, એટલા માટે હું આપના દ્વારા આપે શબ્દ કાઢી નાખ્યા અને આપે દરમ્યાનગીરી કરી એ યોગ્ય છે, પરંતુ વારંવાર આ પ્રકારે ન બને એટલા માટે માર્ગદર્શન માગું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, એક તો આપે આ બાબતમાં નિર્ણય કરી દીધો છે. બીજી વાત મારો તો પ્રશ્ન ૧૧ કરોડમાંથી કેટલી વિદ્યાર્થિનીઓને ફી આપી શકાય? એ પ્રશ્ન પૂછ્યો અને એ પૂછવા જઈ રહ્યો, ત્યારે માનનીય મંત્રીશ્રીએ મને પ્રોવોક કર્યો કે તમારા વખતમાં કરવું જોઈતું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે મેં કહ્યું કે અમારા વખતે નહીં આ જે પ્રકારે ડોનેશન લઈ લુટારા જે કરે છે તે તે વખતે ન હતા. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત માનનીય અશોકભાઈએ કરી, જે હું બોલ્યો તે વાત કરી છે. બીજી વાત કરું કે કડીની સંસ્થાનું નામ આપી, નિરમા યુનિવર્સિટીનું નામ આપી આવું નિરૂપણ ન કરી શકે. નિરમા યુનિવર્સિટીનું બીલ આવ્યું ત્યારે સૌથી પહેલાં સપોર્ટ કરવાવાળા અમે હતા. ગણપત યુનિવર્સિટીના સંચાલકોને અમે સપોર્ટ અમે કર્યો હતો તેવા લોકોનું નિરૂપણ કરે તે વ્યાજબી નથી. એટલા માટે કે આ બધી સંસ્થાઓ રાજયનું અને દેશનું પણ ગૌરવ છે. બંધ બેસતી પાઘડી પહેરાવી દે તે વ્યાજબી નથી. મેં તો જે સંસ્થાઓ ભ્રષ્ટાચાર કરીને વિદ્યાર્થીઓની પાસેથી ફીના નામે, ડોનેશનના નામે લૂંટ કરે છે તેના પરિપ્રેક્ષ્યમાં કહ્યું છે. તે સંસ્થાઓને તમે જાણો છો. તમારે લિસ્ટ જોઈતું હશે તો બહાર ચર્ચા કરી લઈશું. અહીં ચર્ચા કરવાનો મોકો નથી અને છતાં હું એમ કહું છું કે આ બાબતમાં પ્રોવોક કરવામાં આવ્યો એટલે આ શબ્દો આવા લોકોને માટે વાપરેલા છે અને આપે દૂર કરેલા છે. બીજું આ લૂંટ શબ્દો જે શબ્દોની સૂચિ છે તેમાં પેજ નં.૪૮ અને ૪૯માં આપી છે. તે તમામ જગ્યાએ લૂંટ શબ્દ છે કે લૂટારા શબ્દ છે તે કોઈ સરકાર કે સભ્ય માટે વાપરેલો છે. ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪ અને ૨૮૫ આટલી જગ્યાએ, તમામ જગ્યાએ સરકાર અને સભ્યો માટે શબ્દો વાપર્યા છે એટલા માટે કાઢી નાંખ્યા છે અને છતાં ડોનેશન લેવાવાળા લોકો માટે વાપર્યા હતાં છતાં આપે કાઢી નાંખ્યા છે અને વધુ આગળ વધી હું કહું છું કે મારા સાથી મિત્ર અશોકભાઈ અને મુખ્યમંત્રીશ્રી ચર્ચાઓ કરતા હતા આ મુદ્દો ઉઠાવવા માટે પણ હું જાહેરમાં કહું છું કે અને હજી પણ કહું છું કે આ શબ્દો મેં એવા શૈક્ષણિક ભ્રષ્ટાચાર કરી વિદ્યાર્થીઓ અને

• *(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

વાલીઓને લૂંટવાવાળા લોકો ઉપર કરેલા છે. છતાં સાથી મિત્રોને આટલું બધું એમનું દુ:ખ થતું હોય, કારણકે નાજુક હ્દયના છે, આરોગ્ય મંત્રી છે અશોકભાઈ એટલે દિલગીરી વ્યકત કરવા સિવાય બીજું કઈ કહી શકું તેમ નથી. મને દિલગીરી છે કે આવા લોકોને પક્ષ અહીંયાં લેવો પડે છે. પક્ષ લેવા માટેની વાત નથી. મને દુ:ખ છે કે આવાનો પક્ષ ન લેવો જોઈએ. છતાં તેમને દુ:ખ થતું હોય તો હું દિલગીરી વ્યકત કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, થોડા આગળ જઈએ તો મારા શબ્દો સ્પષ્ટ છે. પાના નં.૪૯ ઉપર

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એવા લોકો માટે શબ્દો વાપર્યા છે છતાં નાજુક હ્દયના છે અને આવા મિત્રો માટે દુ:ખ થતું હોય તો હું દિલગીરી વ્યકત કરું છુ. તેનાથી વિશેષ કંઈ નહીં કરી શકું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, નહીં આખું વાકય સાંભળો. હું આપનું માર્ગદર્શન અને રક્ષણ માગું છું.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં એવા લોકો માટે શબ્દો વાપર્યા છે છતાં તેમની પડખે રહેવું હોય તો(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તે સ્પષ્ટ છે. શું કહયુ? શા માટે દિલગીરી વ્યક્ત કરે છે. આખું વાક્ય સાંભળો. વ્યંગ છે. પ્રશ્ન એટલો છે કે

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક ભ્રષ્ટાચાર કરતા હોય તેના માટે વાપર્યો છે છતાં દુ:ખ થતું હોય તો દિલગીરી વ્યકત કરું છું.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન શાના માટે શબ્દો વાપર્યા છે એ નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું સ્પષ્ટતા કરું કે નિરમા યુનિવર્સિટી, ગણપત યુનિવર્સિટી, કડી સંસ્થા આ રાજયનું ગૌરવ છે. તેના નામ ઉપર લઈને મારા નામે ન ચલાવે. તેમને જે ચલાવવું હોય તે ચલાવે. મેં તો ભ્રષ્ટાચાર કરી વિદ્યાર્થીઓને લૂંટનારા લોકો માટે શબ્દો વાપર્યા છે. હું એમ કહું છું કે તેના માટે સાથી મિત્રોને દુ:ખ થતું હોય તો દિલગીરી વ્યકત કરવા સિવાય બીજું કંઈ કરી શકું તેમ નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આખા પ્રશ્નની અંદર મારો મુદ્દો એ છે કે (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માફી માગી છે. મારી પાસે તમારે શું કહેવડાવવું છે?

**અધ્યક્ષશ્રી** : માફી માગી છે. પ્લીઝ બેસો. ઓ.કે. અશોકભાઈ પ્લીઝ બેસો. પૂરું થાય છે. માફી માગી છે. બરાબર છે. અશોકભાઈ પ્લીઝ. ઓ.કે. નેકસ્ટ.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડના અહેવાલ, હિસાબો, તેમજ સમીક્ષા

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : હું ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**

### ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડના અહેવાલ, હિસાબો, તેમજ સમીક્ષા

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)**: હું ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૫-૨૦૦૬નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઑડિટ અહેવાલ, ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અહેવાલ, નાણાકીય પત્રક તેમજ નિવેદન

**શ્રી અનિલભાઇ ત્રિ. પટેલ (રાજય કક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી)** : હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૩-૨૦૦૪નો વાર્ષિક અહેવાલ અને સન ૨૦૦૭-૨૦૦૮નું વાર્ષિક નાણાકીય પત્રક (અંદાજપત્ર) તથા સન ૨૦૦૩-૨૦૦૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, નાણાકીય પત્રક તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબતના અધિનિયમ હેઠળ વીજળી ઉત્પાદન કરતા અથવા વીજ પ્રવહન અથવા જાહેર જનતાને

વિતરણ કરતા હોય તેવા ઉદ્યોગોમાં તમામ રોજગારને આવશ્યક સેવા તરીકે જાહેર કરતી ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની તા. ૬-૩-૨૦૦૭ની અધિસૂચના ક્રમાંક : જીએચયુ - ૨૦૦૭(૩૫)-જીઈબી-૧૦૦૫-૭૦૯-ક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૨૦૬૯૪ના અનુસંધાને વધારાની માહિતી**

**શ્રીમતી જશુબેન સ. કોરાટ (રાજય કક્ષાના મહિલા અને બાળ વિકાસમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૭-૩-૨૦૦૭ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા માનનીય સભ્યશ્રી શંકરભાઈ રાઠવાના "રાજયમાં મહિલાઓને માર્ગદર્શન આપવા માટે કેન્દ્રો" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : -૨૦૬૯૪ (અગ્રતાક્રમ-૬)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અધ્યક્ષશ્રીનો નિર્ણય

## તા. ૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ મુલતવી રાખેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો નિર્ણય

**અધ્યક્ષશ્રી** : તા. ૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ માન. મુખ્યમંત્રીશ્રી (ગૃહ)ના વારામાં દાખલ થયેલ સભ્યશ્રી જીતેન્દ્રકુમાર વાઘેલાના અમદાવાદ જિલ્લામાં લોક દરબાર યોજવા બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૮૮૩૭ (અગ્રતાક્રમ :૫) ઉપરની પૂરક પ્રશ્નોતરી દરમ્યાન સભ્યશ્રી પુંજાભાઈ વંશે 'રાજયમાં વધતા ગુનાઓનું પ્રમાણ ઘ ટાડવા માટે રાજય સરકાર શું કરવા માગે છે?' આ પ્રકારના પૂરક પ્રશ્નના પ્રત્યુત્તરમાં માન.મંત્રીએ અન્ય રાજયોની સરખામણીએ રાજયમાં ગુનાઓનું પ્રમાણ ઘટ્યું છે તેવો પ્રત્યુત્તર પાઠવ્યો હતો તેના કારણે અગ્રતાક્રમમાં પાછળના ક્રમે રહેલા અન્ય સભ્યશ્રીઓના પ્રશ્નો ચર્ચામાં આવી શકતા નથી અને તેને પરિણામે અન્ય સભ્યશ્રીઓના અધિકાર ઉપર તરાપ મારવામાં આવે છે. આ સંબંધમાં પ્રશ્નોતરી પૂરી થયા પછી તરત જ પ્રશ્નોત્તરી બાબતે વિધાનસભાના નિયમોના નિયમ-૮૯ તરફ મારું ધ્યાન દોરીને પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કરેલ હતો અને મારું સ્પષ્ટ માર્ગદર્શન માગવામાં આવ્યું હતું.

માન. સભ્યશ્રી પુંજાભાઈ વંશે ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરની ચર્ચામાં માન. નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા, માન. રાજય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ તેમજ માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી અશોકભાઈ ભટ્ટે ભાગ લઈ આ પૉઈન્ટ ઑફ ઑર્ડરની વિરુદ્ધમાં પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા, જ્યારે વિપક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂત અને સભ્યશ્રી પ્રવિણભાઈ મારૂએ પૉઈન્ટ ઑફ ઑર્ડરની તરફેણમાં પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા. આ પૉઈન્ટ ઑફ ઑર્ડર સંબંધમાં બંને પક્ષોના મંતવ્યો સાંભળીને આ પૉઈન્ટ ઑફ ઑર્ડર અંગેનો નિર્ણય મેં તે દિવસે જ ગૃહમાં આપી દીધો હતો. આ સંબંધમાં હું વિગતવાર નિર્ણય હવે પછી જાહેર કરીશ તેમ મેં જણાવ્યું હતું.

તા. ૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ સભ્યશ્રી પુંજાભાઈ વંશે સભાગૃહમાં ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડરના અનુસંધાને હું અગાઉની વિધાનસભાઓના પ્રશ્નોત્તરી દરમ્યાન કયા કયા દિવસોએ ઓછામાં ઓછા કેટલા તારાંકિત પ્રશ્નો ઉપર મૌખિક ચર્ચા થઈ હતી તેવા પ્રસંગો તેમજ આ સત્રના તા.૨૩-૨-૨૦૦૭ થી તા.૨-૩-૨૦૦૭ સુધીના તમામ કામકાજના દિવસની સભાગૃહની કાર્યવાહીની નોંધ હું જોઈ ગયો છું. તદનુસાર, તા. ૨૩ ફેબ્રુઆરી થી તા.૧લી માર્ચ, ૨૦૦૭ દરમ્યાનની પ્રશ્નોત્તરી દરમ્યાન ૬ થી ૧૪ તારાંકિત પ્રશ્નો ગૃહમાં ચર્ચાયા છે, જ્યારે તા. ૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ ૯ જેટલા તારાંકિત પ્રશ્નોની ચર્ચા થઈ છે. આ સંબંધમાં મારે વધુમાં સ્પષ્ટતા કરવાની કે તા. ૨૩-૨-૨૦૦૭ના રોજના તારાંકિત પ્રશ્ન ક્રમાંક :૧૮૮૩૫ (અગ્રતા-૧) ઉપર લગભગ ૧૦ મિનિટ સુધી ચર્ચા થઈ હતી. તે જ રીતે તા. ૧-૩-૨૦૦૭ના રોજ તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૯૧૨૩ (અગ્રતા-૧૦) ઉપર પણ લગભગ ૧૦ મિનિટ સુધી ચર્ચા થયેલ છે. આ ઉપરાંત આ સત્રમાં તા. ૨-૩-૨૦૦૭ સુધીમાં ૮ જેટલા તારાંકિત પ્રશ્નો ઉપર ૮ મિનિટ કરતા વધુ સમય સુધી ચર્ચા થયાના પ્રસંગો રેકર્ડ થયેલ છે. તે જ રીતે ૮ જેટલા તારાંકિત પ્રશ્નો ઉપર ૭ મિનિટ કરતા વધુ સમય સુધી ચર્ચા થયાના પ્રસંગો રેકર્ડ થયેલ છે. એટલું જ નહીં પરંતુ તા. ૨૩-૨-૨૦૦૭ થી ૨-૩-૨૦૦૭ સુધીના સમગ્ર સમયગાળા દરમ્યાન સરેરાશ ૧૦ તારાંકિત પ્રશ્નો ઉપર મૌખિક ચર્ચા થયેલ છે. તે આ સત્રના અગાઉના દિવસોની પ્રશ્નોત્તરી દરમ્યાન ચર્ચાયેલ કુલ સરેરાશ પ્રશ્નોની નજીક જ છે.

ત્રીજી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૨-૧૦-૧૯૭૦ના રોજ ૨ તારાંકિત પ્રશ્નોના મૌખિક જવાબ ગૃહમાં અપાયેલ હતા. પાંચમી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૧૪-૭-૧૯૭૭ના રોજ ૬ તારાંકિત પ્રશ્નો ઉપર પૂરક પ્રશ્નોતરી થઈ હતી. છઠ્ઠી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૧૯-૩-૧૯૮૨ના રોજ ૨ તારાંકિત પ્રશ્નો ઉપર મૌખિક ચર્ચા થઈ હતી. સાતમી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૧૫-૩-૧૯૮૯ના રોજ ૫ તારાંકિત પ્રશ્નો ઉપર મૌખિક પ્રશ્નોત્તરી થઈ હતી. આઠમી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૧૦-૩-૧૯૯૨ના રોજ તથા તા. ૭-૭-૧૯૯૪ના રોજ ત્રણ ત્રણ તારાંકિત પ્રશ્નો ઉપર મૌખિક ચર્ચા થઈ હતી. નવમી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૨૭-૬-૧૯૯૫ના રોજ ૩ તારાંકિત પ્રશ્નો ઉપર પૂરક પ્રશ્નોત્તરી થઈ હતી. દસમી ગુજરાત વિધાનસભા

દરમ્યાન તા. ૨૬-૭-૨૦૦૧ના રોજ ૨ તારાંકિત પ્રશ્નોની મૌખિક ચર્ચા થઈ હતી. જ્યારે વર્તમાન અગિયારમી ગુજરાત વિધાનસભા દરમ્યાન તા. ૯-૩-૨૦૦૬ના રોજ ૪ તારાંકિત પ્રશ્નોની મૌખિક ચર્ચા થઈ હતી.

આમ, ત્રીજી ગુજરાત વિધાનસભાથી આજ સુધીના સમગ્ર સમયગાળા દરમ્યાન તારાંકિત પ્રશ્નો ઉપરની મૌખિક ચર્ચા સંબંધિત હકીકતો અને આંકડાઓ જોતા, નિયમ-૮૯ અંતર્ગત એક તારાંકિત પ્રશ્નની મૌખિક ચર્ચા માટે પાંચ મિનિટ આપવાની જે સમય મર્યાદા મૂકવામાં આવેલ છે તે પ્રશ્નનું સ્વરૂપ, પ્રશ્નમાં સમાવિષ્ટ વિગતો, પૂરક પ્રશ્નોનો વ્યાપ, પૂરક પ્રશ્ન પૂછતી વખતે સભ્યશ્રીઓએ બાંધેલ પૂર્વભૂમિકા, પ્રશ્ન પૂછતી વખતે કરેલ રાજકીય અવલોકન અને વક્રોકિત ઉચ્ચારણો તેમજ તેવા પૂરક પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે સંબંધિત મંત્રીશ્રી તરફથી પણ બાંધવામાં આવતી પૂર્વભૂમિકા વગેરે પાસાઓ પર આધાર રાખે છે. આ તમામ પાસાઓને નજર સમક્ષ રાખતાં દરેક પ્રશ્ન માટે પાંચ મિનિટની સમય મર્યાદા જાળવવાનું વ્યવહારિક રીતે કોઈ પણ અધ્યક્ષ માટે મુશ્કેલ છે.

જો સભ્યશ્રીઓ તરફથી પૂરક પ્રશ્નો નિયમોની જોગવાઈઓને સુસંગત રહીને પૂછવામાં આવે તથા મંત્રીશ્રી તરફથી પણ પૂછેલ પૂરક પ્રશ્નને સુસંગત માહિતી સંક્ષિપ્તમાં રજૂ કરવાના ધોરણોનું પાલન કરવામાં આવે તો મહદ્ અંશે નિયમથી અપેક્ષિત વધતા જતા પાંચ મિનિટની સમય મર્યાદાનું પાલન થઈ શકે. સભ્યશ્રી પુંજાભાઈ વંશે રાજયમાં ગુનાઓનું પ્રમાણ ઘટાડવા માટે રાજય સરકાર શું પગલાં લેવા માગે છે તે પ્રકારના પૂરક પ્રશ્નમાં રાજકીય અવલોકન અભિપ્રેત હોવાનું માનનીય મંત્રીશ્રીને જણાતાં તે પૂરક પ્રશ્નના પ્રત્યુત્તર રૂપે મંત્રીશ્રીએ રાજયમાં ગુનાખોરી વધી નથી તેવું પ્રતિપાદિત કરવા અન્ય રાજયોની સરખામણીએ ગુજરાત રાજયમાં ગુનાખોરીનું પ્રમાણ અગાઉ જે હતું તેમાં ઘટાડો થયો છે તેવો પ્રત્યુત્તર આપ્યો હતો. માનનીય સભ્યશ્રી પુંજાભાઈ વંશ તેમનો પૂરક પ્રશ્ન ક્ષેત્રાધિકારની બાબત છે અને તે અંગે ગૃહના કોઈ સભ્ય વાંધો લે તો તે અધ્યક્ષના અધિકારના અનાદર સમાન છે. વિધાનસભાના નિયમોના નિયમ-૫૬ હેઠળ કોઈ પણ બાબતના નિયમન સંબંધમાં અધ્યક્ષને સર્વ સામાન્ય અધિકારો જ્યારે પ્રાપ્ત થયેલા છે ત્યારે સભ્યશ્રી પુંજાભાઈ વંશે તારીખઃ ૨જી માર્ચ, ૨૦૦૭ના રોજ પ્રશ્નોત્તરી અંગે પ્રશ્નોત્તરી બાદ સભાગૃહમાં ઉપસ્થિત કરેલ પૉઈન્ટ ઑફ ઑર્ડર મેં ત્યારે જ નામંજૂર કરેલ હતો. આજે વિગતવાર નિર્ણયના રૂપમાં ઉપરોક્ત તમામ હકીકતોને સભાગૃહ સમક્ષ મૂકું છું.

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલની રજૂઆત**

**શ્રી ભગવાનસિંહ ૨ા. ચૌહાણ (સમિતિના સભ્યશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન- સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિનો સોળમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રીનો પ્રસ્તાવ**

**શ્રી ભગવાનસિંહ ૨ા. ચૌહાણ ( સમિતિના સભ્યશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( નર્મદામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજના સેવાને લગતી, નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૩૩,૭૫,૦૦,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૬૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૬૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠો અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪,૨૪,૩૦,૭૪,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૨,૩૮,૮૧,૯૫,૦૦૦ની માગણી ક્રમાંક ૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૬ રજૂ કરવામાં આવી.**

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી ભીખાભાઈ ગ. જોષી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (પાણી પુરવઠામંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાની સેવાને લગતી નર્મદા જળ સંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૦૨,૫૫,૫૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૭,૪૬,૩૦,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક ૬૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી જેસાભાઈ ભા. બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિત અ. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી હેમાજી દ. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા તથા કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૫,૦૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની ૨,૪૦,૨૦,૦૦૦ની માગણી ક્રમાંક ૬૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૭–૨૦૦૮ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી બુધવાર, તા.૧૪–૩–૨૦૦૭ (પાંચમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|

| | | રૂા. | | |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૫** | | | |
| ૧. | ૪૭૦૦–મોટી .... જોગવાઈ<br>૩૨ નર્મદા પરિયોજના એકમ–૨<br>૧૯૦–જાહેર ..... રોકાણ<br>૦૧ – સરદાર ..... ફાળો<br>રૂા. ૬,૮૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૭૯ અને ૧૮૦ | ૧૦૦ | નર્મદા યોજનાની મુખ્ય કેનાલના કામો સમયસર પૂર્ણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| ૨. | --"-- | ૧૦૦ | મુખ્ય કેનાલોમાં ભરાયેલ માટી/કાંપને દૂર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શિવજીભાઈ આહીર |
| ૭ ૩. | ૪૭૦૦–મોટી .... જોગવાઈ<br>૩૩ નર્મદા પરિયોજના જૂથ–૪<br>૧૯૦–જાહેર ..... રોકાણ<br>રૂા. ૮,૯૫,૦૬,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૮૦ | ૧૦૦ | નાની કેનાલોના કામોનું સમયસર મોનીટરીંગ કરી નબળા બાંધકામની ફરિયાદો દૂર થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | |
| ૪. | --"-- | ૧૦૦ | નાની–સબ કેનાલોના કામો સત્વરે પૂર્ણ કરી ખેતી માટે સમયસર પાણી મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૫. | --"-- | ૧૦૦ | નાની કેનાલોના કામો માટે જરૂરી નાણા સમયસર ફાળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૬. | ૪૮૦૧– વીજળી .... જોગવાઈ<br>૩૫–નર્મદા.....એકમ–૩<br>(વીજળી)<br>૧૯૦–જાહેર ..... રોકણ<br>રૂા. ૧,૯૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૩૩૮ | ૧૦૦ | નર્મદા જળવિદ્યુત યોજનાની કામગીરી પેટે અન્ય રાજયો પાસેથી લેવાની થતી બાકી રકમ સમયસર મેળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| | **માગણી નં. ૬૬** | | | |
| ૭. | ૨૭૦૧– મધ્યમ સિંચાઈ<br>૮૦–સામાન્ય<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૮૪–મરામત અને નિભાવ<br>રૂા. ૨૫,૮૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૭૯ અને ૮૦ | ૧૦૦ | નહેરોની સમયસર મરામત / સફાઈ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. સી. જે. ચાવડા |
| ૮. | ૨૭૦૧– મધ્યમ સિંચાઈ<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂા. ૫૨,૪૪,૭૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૮૧ થી ૧૧૫ | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં સિંચાઈની સુવિધાઓ વધારી ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| ૭ ૯. | --"-- | ૧૦૦ | રાજયમાં ગ્રામ્ય વિસ્તારોને કેનાલ ધ્વારા સિંચાઈની સુવિધાઓ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૦. | --"-- | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લામાં સિંચાઈ યોજનાઓને અસરકારક બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી ભીખાભાઈ જોષી |
| *૧૧. | --"-- | ૧૦૦ | સિંચાઈ યોજનાઓને સમયસર મંજૂરી આપવામાં અને પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૨. | ૨૭૦૨–નાની સિંચાઈ<br>૦૧–સપાટી જળ<br>૧૦૧–તળાવો | ૧૦૦ | તળાવોની મરામત કરી ચોમાસાના વહી જતા પાણીનો સંગ્રહ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧૧-કૂવા .... કરવા<br>રૂા. ૨૯,૩૬,૧૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧) પાનં.૧૨૧<br>અં.પ્ર.નં. ૧૮ (૨) પા.નં.૫ થી ૧૨ | | | |
| ૧૩ | --"-- | ૧૦૦ | કૂવાઓને ઉંડા કરી વધુ પાણી મેળવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી કુંવરજીભાઈ બાવળીયા |
| ૧૪. | --"-- | ૧૦૦ | કૂવા-તળાવો બાંધવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | ભીખાભાઈ જોષી |
| ૧૫. | --"-- | ૧૦૦ | દર વર્ષે તળાવો/કૂવાઓમાં ભરાતા કાદવ/કચરાનો નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| *૧૬. | ૨૭૧૧-પૂર નિયંત્રણ અને પાણી નિકાલ<br>૦૧-પૂર નિયંત્રણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂા. ૧૯,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૫૪ થી ૧૫૫ | ૧૦૦ | ચોમાસામાં પૂરથી થતો વિનાશ અટકાવવામાં અગમચેતીના પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૧૭. | --"-- | ૧૦૦ | ચોમાસામાં અગમચેતીનાં પગલાં લીધા સિવાય ડેમના પાણી છોડાતાં સર્જાતી તારાજી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૧૮. | --"-- | ૧૦૦ | પૂર નિયંત્રણની કામગીરીમાં બેદરકારી દાખવનાર કર્મચારીઓ સામે સખ્તાઈથી પગલાં લેવા તંત્રની નિષ્ફળતા. | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૧૯. | --"-- | ૧૦૦ | ચોમાસામાં પૂરના પાણીથી થતી તારાજી અંગે આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ડૉ. અનીલ જોષીયારા |
| | | **માગણી નં. ૬૭** | | |
| ૨૦. | ૨૨૧૫-પાણી પુરવઠા અને સ્વચ્છતા<br>૦૧- પાણી પુરવઠો<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>(૧)-ડબલ્યુડબલ્યુએસ -૭ ગુજરાત ... બોર્ડ<br>રૂા. ૨૦,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(૧)<br>પા.નં. ૧૫ | ૧૦૦ | રાજયના નાના ગામોને પીવાનું પાણી નિયમિતપણે મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જેસાભાઈ બારડ |
| ૨૧. | --"-- | ૧૦૦ | બોર્ડની કામગીરીનું નિયમિત મૂલ્યાંકન કરી તેને સુદ્દઢ બનાવવા માટે તંત્રની ઉદાસીનતા | શ્રી અમીત ચાવડા |
| ૨૨. | --"-- | ૧૦૦ | ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરી જરૂરી પગલાં સમયસર લેવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી હેમાજી રાજપૂત |
| ૨૩. | --"-- | ૧૦૦ | પીવાના પાણી માટેની યોજનાઓમાં હલકી ગુણવત્તાવાળી પાઈપોની ખરીદી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી જીતુભાઈ ચૌધરી |
| | | **માગણી નં. ૬૮** | | |
| ૨૪. | ૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ<br>૧૦૫-ખાસ તપાસ પંચ<br>૦૧- ઓગષ્ટ-૨૦૦૬......પંચ<br>રૂા. ૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮ (૧)<br>પા.નં. ૧૨-૧૩ | ૧૦૦ | ઓગષ્ટ-૦૬માં સુરતમાં પૂરથી સર્જાયેલ તારાજી અંગે નિમાયેલ તપાસ પંચ પાસે સમયસર તટસ્થ રીતે કામગીરી કરાવી તેનો અહેવાલ સમયસર રજૂ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી ફારુખ શેખ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નહીં.**

**અધ્યક્ષશ્રી** : હવે માગણીઓ તથા રજૂ થયેલી કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે. માનનીય અર્જુનભાઈ...

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

નર્મદા યોજના માત્ર ગુજરાતની જ નહિ પણ સમગ્ર દેશની અત્યારે ચાલતી જે ગૌરવપૂર્ણ યોજનાઓ છે એમાની એક માત્ર યોજના કહી શકાય તેવી આ નર્મદા યોજના છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની જે શ્રેષ્ઠ યોજનાઓ અત્યારે બની રહી છે અને જે બની છે એની સૂચિમાં કોઈ નામ લખાવાનું હોય આ રાજયની યોજનાનું તો એ નર્મદા યોજનાનું નામ લખાવાનું છે અને આ નર્મદા યોજના માટે સમગ્ર રાજયની જનતા ગૌરવ તો અનુભવે છે, પરંતુ એક મોટી આશા લઈને આ નર્મદા યોજનાનો લાભ તેને પોતાના ખેતરો અને ઘર સુધી કયારે પહોંચશે એની રાહ જોઈને બેઠી છે. આ યોજના માત્ર આપણા રાજયની એકની યોજના નથી, પરંતુ તમામ ચાર લાભાર્થી જે રાજયો છે એ રાજયોની આંતર રાજય મલ્ટી સ્ટેટ યોજના છે એટલા માટે એના આડે અવરોધો ઘણા આવ્યા, ટ્રિબ્યુનલ આવી, એનો એવોર્ડ આવ્યો એના પછી યોજના માટેનું પ્લાનિંગ થયું, નાણાકીય આયોજન થયું અને આજે આ યોજના આ બંધ પૂરો થવાના વર્જ ઉપર ઉભી છે.

આપણે કલ્પસર યોજનાની વાત કરીએ છીએ, એ સાકાર થશે કે નહીં એ આવનાર દિવસો કહેવાના છે, પરંતુ આપણે આશા રાખીએ કે એ કલ્પસર યોજના પણ સાકાર થાય, પરંતુ આ યોજનાનો હજી ફિઝિબિલિટી રિપોર્ટ આજે ૧૦ વર્ષ પછી પણ બની શકયો નથી. એમ કહે છે કે પ્રિ-ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર થવામાં છે, તૈયાર થાય છે, આની પાછળ હજુ દસકાઓ જતા રહેશે, અને આ યોજના સાકાર કરવાની શરૂઆત કરવા માટે જયારે આ યોજના તો મલ્ટી સ્ટેટ યોજના છે, એકબાજુ ૩-૪ રાજયોની વીજળીની વહેંચણીનો પ્રશ્ન, એના લાભાર્થી રાજયોને પાણીની વહેંચણી, એના પુનઃવસનનું કામ, એના પર્યાવરણની મંજૂરીનું કામ, આ બધું ખૂબ જ અઘરું કામ હતું, પરંતુ આ રાજયના શાસકો અને આ દેશના શાસકો સાથે મળીને પ્રજાની ભાગીદારીથી આ યોજના આજે પૂર્ણ થવાની એની જે મર્યાદા છે ત્યાં સુધી એને લઈ આવ્યા છે. ડેમનું કામ મોટાભાગનું એમ કહી શકાય કે પૂરું થવામાં છે. આ યોજનામાં કેટલાક અવરોધો આવ્યા, ટ્રિબ્યુનલનો એવોર્ડ આવ્યો, એના પછી એના અમલીકરણ તરફ આપણે ગતિ લઈ આવ્યા, વિશ્વબેંકની સહાય છે એના માટેનું આપણને કમિટમેન્ટ મળ્યું, પરંતુ જે વિશ્વના પર્યાવરણવાદીઓ છે અને જે મિલિટન્સ પર્યાવરણવાદીઓ છે જે પ્રજાને ભોગે આ યોજના બંધ રહે એમ ઈચ્છતા હતા. એટલે એ લોકો વિશ્વબેંક ઉપર દબાણ લાવ્યા અને એ વખતે વિશ્વબેંક ખસી ગઈ છતાં એ વખતના જે મુખ્યમંત્રીશ્રી હતા, એ વખતના સિંચાઈ મંત્રીશ્રી હતા એ બધાએ સાથે મળીને અને પ્રજાની ભાગીદારીથી આ યોજના ચાલુ રાખવાનું નકકી કર્યુ. માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણની મંજૂરી બાકી હતી, દિલ્હીમાં પણ એવી લોબી હતી કે આ યોજનાને મંજૂરી ના મળે, છતાં સ્વ. રાજીવ ગાંધીએ આ યોજનાને પર્યાવરણની મંજૂરી અપાવી. ત્યાંથી શરૂ કરીને સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ હતા ત્યાંથી શરૂ કરીને એમના પછીના જેટલા મુખ્યમંત્રીશ્રીઓ આવ્યા એ તમામે એમાં સ્વ. બાબુભાઈ હોય, આદરણીય માધવસિંહભાઈ સોલંકી હોય, સ્વ. અમરસિંહ ચૌધરી હોય, સ્વ. ચીમનભાઈ પટેલ હોય, મુરબ્બી શ્રી કેશુભાઈ પટેલ હોય, મુરબ્બી શ્રી શંકરભાઈ વાઘેલા હોય, મુરબ્બી શ્રી સુરેશચંદ્ર મહેતા હોય અને આજના આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી હોય, પણ હું એટલું તો ચોકકસ કહીશ કે આ તમામે તમામે આ નર્મદા યોજનાને આગળ વધારવાનું કામ કર્યુ છે અને એના કારણે આજે આ યોજના માટેના જે જે પડકારો આવ્યા હતા એનો બરાબર સામનો કર્યો છે, એ પડકારોમાં સૌથી પહેલો વલ્ડબેંકનો પડકાર આવ્યો એનો આપણે સામનો કર્યો અને બાબા આમ્ટે જેવા એક સન્માનનીય વ્યકિત ગેરમાર્ગે દોરાયા અને જે આપણી યોજનાને રોકવા માટે પદયત્રા લઈ આવ્યા ત્યારે ફેરકુવા આગળ તમામ રાજકીય સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ અને એન.જી.ઓ.એ આદરણીય ઉર્મિલાબેનની આગેવાની હેઠળ સત્યાગ્રહ કર્યો અને એ પદયાત્રાને રોકીને એને પ્રવેશ કરવા દીધો નહીં. યોજના આગળ વધી, ફરી પાછી વિસ્થાપિતોના નામે વાત થઈ, વિસ્થાપિતોની પીડા પણ એ વખતે જાણવી જોઈએ, એ વિસ્થાપિતોની પીડા બહારના લોકો જાણે તેના કરતાં આપણે સૌથી વધારે જાણવી જોઈએ. અને તે પીડા પણ હું જે જગ્યા ઉપર બેઠો છું તે જગ્યા ઉપર બેસનાર અને સામેની જગ્યા ઉપર બેસનાર સ્વર્ગસ્થ અમરસિંહભાઈ ચૌધરીએ જાણી હતી અને વિશ્વમાં નમુનેદાર કહી શકાય તેવું મોડેલ પેકેજ વિસ્થાપિતો માટે આપ્યું હતું અને તેના કારણે સફળતાપૂર્વક ગુજરાતે વિસ્થાપિતોના પુનઃવસવાટ કરાવવાનું કામ કર્યુ છે. આપણા રાજયનું કમિટમેન્ટ હતું. બીજા રાજયોના પ્રશ્નો પણ હતા, મહારાષ્ટ્રના પ્રશ્નો હતા, તેનું નિરાકરણ આવ્યું. પણ સૌથી મોટો પ્રશ્ન મધ્ય પ્રદેશનો હતો, આ સરકાર કે તે સરકારની વાત નથી કરતો. પણ ત્યાં કમિટમેન્ટ નહોતું. તેના કારણે નહોતું થયું. ત્યારે આપણા રાજયએ ત્યાંના વિસ્થાપિતોના પુનઃવસન માટેની જવાબદારી લીધી અને તેના માટે એડવાન્સ પૈસા આપી અને

ત્યાંના વિસ્થાપિતોનો પ્રશ્ન હલ કરવાની આપણા તરફથી કોશીશ કરવામાં આવી. પણ તે પ્રશ્ન ફરી ઉભો થયો અને તે વખતે આ વિસ્થાપિતોના નામે દિલ્હીમાં મેઘા પાટકર અને બીજા સાથીઓ આમરણાંત ઉપવાસ ઉપર બેઠા, અને કોઈ પણ માણસ વિસ્થાપિતોના નામે કે પર્યાવરણના નામે ઉપવાસ ઉપર બેસે ત્યારે ખુબ સેન્સીટીવ મુદ્દો બની જતો હોય છે. વડાપ્રધાનશ્રીએ પોતાના મંત્રીશ્રીને મોકલી અને સમજાવવાની કોશીશ કરી પણ આ મીલીટન્ટ કહેવાય તે જેઓ પોતાની વાતનો કક્કો સાચો રાખવા વાળા લોકો માન્યા નહીં. સુપ્રિમ કોર્ટમાં ગયા, આપણને બધાને ડર હતો કે આ સુપ્રિમ કોર્ટ આની અંદર કંઈક નિર્ણય જુદો લેશે તો? બધાને આ ડર હતો. એ વખતે મારી સાથે સતત માનનીય ભૂપેન્દ્રસિંહ બેઠા હતા અને એમણે વાત કરી હતી કે આપણે સાથે રહીને કામ કરવાનું છે. અમારી જોડે વાત કરી છે. અમારા નેતા આદરણીય એહમદભાઈ બેઠા છે એમની સાથે પણ વાત કરી. અને ગુજરાત એક બનીને દિવાલ બનીને ઉભું રહેશે તે વાત પ્રસ્થાપિત કરી. અને આ રાજયના ચૂંટાયેલા તમામ સંસદ સભ્યો વડાપ્રધાનને મળવા ગયા બધા એન.જી.ઓ. અને બધા ધારાસભ્યો અમારા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખની આગેવાની હેઠળ મળ્યા અને વડાપ્રધાનને મળી અને તેમની પાસેથી ખાતરી મેળવી કે આ યોજનાનું કામ બંધ કરવામાં આવ્યું નથી. અને યોજનાનું કામ બંધ થવાનું પણ નથી. આટલી ખુલ્લી ખાતરી અપાઈ, અને આદરણીય અરૂણ જેટલી અને આદરણીય ભરતભાઈ સોલંકી બન્નેએ ત્યાંના મીડીયામાં કહ્યું કે આ યોજનાનું કામ ચાલુ રાખવાની વડાપ્રધાનશ્રીએ ખાતરી આપી છે. બધે આનંદ થઈ ગયો, અહીં પણ ફટાકડા ફૂટયા, ગમે તે થયું, પણ એ વખતે માનનીય મુખ્ય મંત્રીશ્રીને કદાચ શું લાગ્યું મને ખબર નથી. પણ પહેલી વખત એમણે ઉપવાસ કરવાની જાહેરાત કરી, ત્યાં સુધીની વાત બધાની સાથે અમારી સાથે કરતા હતા, પણ આ મુદ્દા ઉપર એમ થયું કે મારા હાથમાંથી મુદ્દો નીકળી રહ્યો છે એટલે ઉપવાસ ઉપર ઉતરવાની જાહેરાત કરી અને નર્મદા યોજનાનું કામ બંધ થયું હોત તો ૫૧ કલાક નહીં, ૫૧ દિવસના આમરણાંત ઉપવાસ કરવાની અમારી તૈયારી હતી. પણ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ૫૧ કલાકના ઉપવાસ કર્યા, માનનીય અધ્યક્ષશ્રી, આપની પાછળ મહાત્મા ગાંધીનો ફોટો છે. પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી ઉપવાસ પર બેઠા હતા તે ફાઈવ સ્ટાર ઉપવાસની પાછળ નરેન્દ્ર મોદીનો ફોટો હતો. માનનીય મુખ્ય મંત્રીશ્રી ૫૧ કલાકના ફાઈવ સ્ટાર ઉપવાસમાં નરેન્દ્ર મોદીના નામની વ્યકિતમાંથી પ્રેરણા મેળવતા હતા. સુપ્રિમ કોર્ટમાં પણ વડાપ્રધાને પોતે જઈ અને એફિડેવીટ કરાવી કે આ યોજનાનું કામ પૂર્ણ થવું જોઈએ અને વિસ્થાપિતોની જવાબદારી હું લઈશ, અને એમાં મોનિટરીંગ માટેની કમિટી બનાવીશ અને મોનિટરીંગ કમિટી કહેશે કે વિસ્થાપિતોના કામમાં કોઈ કચાશ રહી ગઈ છે તો તે પણ પુરું કરાવીશ. સુપ્રિમ કોર્ટે મેઘા પાટકરની રીટ કાઢી નાખી. યોજનાનું કામ ૧૨૧.૯૨ મીટર લઈ જવાનું હતું તે સફળતાપૂર્વક થયું, અને મારે કહેવું છે કે લગભગ ડેમને લાગે વળગે છે ત્યાં સુધી ૯૮ ટકા કોંક્રિટનું કામ પૂર્ણ થયું છે. એમાંથી ૮૦ ટકા કામ કોંગ્રેસ સરકારોએ કર્યુ છે અને માત્ર ૧૫ થી ૧૮ ટકા જેટલું જ કામ આપે કર્યુ છે. એ બદલ આપને પણ ધન્યવાદ આપું છું. અમને કયારેય ફાઈવ સ્ટાર ઉપવાસ કરવાની જરૂર નહોતી પડી અને એના પછી માત્ર પુનઃવસન માટે આમીરખાન નામનો કલાકાર મેઘા પાટકરને મળવા ગયો એના લીધે એની ફિલ્મ ગુજરાતમાં ચાલવા ન દીધી. પરંતુ આજે મેઘા પાટકર પશ્રિમ બંગાળમાં ઉપવાસ કરવા ગઈ અને ભાજપના પ્રમુખ રાજનાથસિંહ એમની સાથે ઉપવાસમાં જોડાય અને એ બંનેની ધરપકડ થાય. મેં આ અંગેની કોઈ ટીકા નથી કરી. સારુ થયું પરંતુ મારે કહેવાનું છે કે આવા મુદ્દાઓ ગુજરાતમાં પણ છે તેમ છતાં ઉપવાસ ઉપર કોઈ નહોતું બેઠું. આ બધી વાત થઈ અને છતાં ડેમનું કામ, ડેમનું કોંક્રિટનું સીલ લેવલનું કામ પુરુ થયું છે. હવે તો માત્ર દરવાજા બેસાડવાના બાકી છે. આ દરવાજા ચડયા વગર ગુજરાતના હક્કનું પાણી આજે પણ ૧૮ લાખ હેકટર જમીનને આપી શકીએ તેટલું પાણી નર્મદા બંધની અંદર ઉપલબ્ધ છે. છતાં આજે માત્ર ૨.૫ લાખ હેકટર જમીનમાં પાણી અપાય છે. એનું કારણ શું? ૮૫ હજાર કિલોમીટર લંબાઈની કેનાલોનું નેટવર્ક છે એમાંથી મારા મિત્રો બાર વર્ષમાં ૧૨ હજાર કિલોમીટર લંબાઈનું નેટવર્ક તૈયાર કરી શક્યા નથી. નર્મદાના નામે રાજ નીતિ કરી શકાય પરંતુ નર્મદાના નામે પાણી આપવું હોય એમાં રાજ નીતિની જરૂર નહોતી, એમાં ટ્રિબ્યુનલના એપ્રુઅલની જરૂર નહોતી, વિસ્થાપિતોના પુનઃવસનની જરૂર નહોતી. એના માટે તો રાજકીય ઇચ્છા શકિત અને એ કામ માટે પૂરતા નાણાં ફાળવવાની જરૂર હતી, જે ન ફાળવાયા એટલે આપણે ૧૮ લાખ હેકટરમાંથી અત્યારે માત્ર ૨.૫ લાખ હેકટરમાંજ પાણી આપી શક્યા છીએ.

માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ અંદાજપત્ર ઉપર પ્રવચન કરતાં હતાં ત્યારે કહ્યું કે અમે પાંચ લાખ હેકટરમાં પાણી આપીશું. તો પછી ૧૮ લાખ હેકટરમાં ક્યારે પાણી આપશો? ૨૦૦૨માં આ યોજના પૂર્ણ કરવાની હતી પરંતુ એ કરી શક્યા નહિ એનું કારણ શું? અગાઉના મુખ્યમંત્રીશ્રીઓએ કયારેય આવું કહ્યું નથી કે આ યોજના મારા કારણે થઈ છે. તેઓએ કયારેય ફોટા છપાવ્યા નથી, ઉપવાસ કર્યા નથી અને અત્યારે સુધીની પરંપરાઓ રહી છે. જોડિયાની પેટા ચૂંટણીમાં અમે ગયા હતા. અમરસિંહભાઈ અમારી સાથે પ્રચારમાં હતાં અને સુપ્રીમ કોર્ટે સ્ટે વેકેટ કર્યો એ વખતે મારી હાજરીમાં મુરબ્બી કેશુભાઈનો અમરસિંહભાઈ ચૌધરી ઉપર ફોન આવ્યો કે ડેમ ઉપર બકેટ દ્વારા કોંક્રિટ નાખવાની છે તમે તાત્કાલિક આવી જાવ. ત્યારે અમરસિંહભાઈએ કહ્યું કે હું પહોંચી શકું નહિ ત્યારે માનનીય કેશુભાઈએ કહ્યું કે હું હૅલિકૉપ્ટર મોકલું. પરંતુ તેઓએ કહ્યું કે મારી શુભેચ્છા છે હું નહિ આવી શકું. તે વખતે ન કેશુભાઈએ રાજનીતિ કરી કે ન અમરસિંહભાઈએ રાજનીતિ કરી. આ ફાઈવ

સ્ટાર રાજનીતિનું કલ્ચર ઊભું થયું એના કારણે નર્મદા જે આપણી મા છે, સમગ્ર રાજયની મા છે એ માના ભાગ પાડવા નીકળ્યા હોય એના દીકરા એવી પરિસ્થિતિ આપણા લોકોએ કરી છે. આ માની સેવા અગાઉ મેં કહ્યું તેમ અગાઉના બધા મુખ્યમંત્રીશ્રીઓએ કરી છે. માની સેવા આ રાજયના અધિકારીઓએ કરી છે. માની સેવા દેશની અંદર રહેલા વડાપ્રધાનોએ કરી છે. સંસદસભ્યશ્રીઓએ કરી છે, ધારાસભ્યશ્રીઓએ કરી છે, એન.જી.ઓ.એ ભકિત કરી છે. કબજો લેવાની કોશિશ નહિ કરવી જોઈએ એ દુ:ખદ ઘટના છે. મારે એ વાત કરવી છે. એક વખત ભૂપેન્દ્રસિંહ જે વાત કરતા હતા. એ આ સરકારની અંદર એમનું ધાર્યુ થતું નથી એમ કહેતા હતા. મને ખબર છે કોઈક જગ્યાએ બેનરો લાગતા હતા કે નર્મદાનું પાણી ફલાણાભાઈ લાવે તાણી. ત્યારે એમણે કહ્યું હતું કે આવું નહિ કરવું જોઈએ. એ આ રાજયમાં કરી શક્યા છે. એ ચેરમેન હતા ત્યારે હું એની હાજરીમાં કહી રહ્યો છું. મેં અત્યાર સુધી આની ઉપર કોઈ દિવસ કયારેય રાજકીય ટીકા કરી નથી. આ યોજના થવી જોઈએ, બધા માને છે પણ આજે હાઈડ્રો પાવરનું ઉદ્દઘાટન કર્યુ અને એમ થયું કે આ તો બધા લોકો મારી ટીકા કરશે કારણ કે અગાઉ પણ આ માત્ર વોટર રીસોર્સીસ ડિપાર્ટમેન્ટના સેન્ટ્રલના મિનિસ્ટરે રીવ્યુ કમિટી બોલાવી એના લીધે હો હા અને દેકારો થઈ ગયો. પણ મારી પાસે તો માનનીય મુખ્યમંત્રીશ્રીનો કાગળ છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ માગણી કરી હતી કે આ રીવ્યુ કમિટી તાત્કાલિક બોલાવવી જોઈએ એટલું જ નહિ પરંતુ વારંવાર બોલાવવી જોઈએ. અને છતાં આ રીવ્યુ કમિટિના નામે રાજનીતિ બહુ મોટી શરૂ થઈ. જેટલી ગાળો દેવાય એટલી ત્યાંના વોટર રીસોર્સીસ મંત્રીશ્રી છે તેને દેવાઈ અને છતાં વડાપ્રધાને આ યોજનાને બચાવી લીધી. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એટલી જ વાત કરવાની છે કે હાઈડ્રોપાવરનું ઉદ્દઘાટન-લોકાર્પણ કરવાની વાત હતી. તેમાં હમણાં જ જવાબ અપાયો કે માત્ર ને માત્ર બસની વ્યવસ્થા કરવામાં, એસ.ટી. બસોને ભાડુ ચૂકવવામાં ૭૮ લાખ રૂપિયાનો ખર્ચ થયો. માણસોને લઈ જવામાં. બધા કલેક્ટર, ડી.એસ.પી.ને કોટા અપાયો. બસો ખાલી ગઈ. વાત એવી હતી કે ત્યાં આદિવાસી રેલી થાય કોંગ્રેસની, તેની પહેલાં આ મોટો દેખાવ અમારે કરવો છે. પણ ૧૮-૨૦ હજારથી વધારે માણસો ન થયા અને છતાં ૭૮ લાખ રૂપિયા તો માત્ર તેમાં ખર્ચ થયો અને અઢી-ત્રણ કરોડ રૂપિયાનો બીજો ખર્ચ થયો અને છતાં વીજળી કેટલી મળવાની? ટોટલ જે ઉત્પાદન થાય છે તેના ૧૬ ટકા અને ટોટલ ઉત્પાદનના અત્યારે જે વીજળીનું પ્રોડક્શન થાય છે તેનું માંડ-માંડ કરીને ૧૦ ટકા મળવાનું છે. પાણીની ચિંતા ન કરી કયારેય અને મુખ્યમંત્રીશ્રી બહાર જાય છે ત્યારે એમ કહે છે કે ગુજરાતનો ખેડૂત દર વર્ષે નવી મારુતિ લે છે. ગુજરાતનો ખેડૂત નવી મારૂતિ જરૂર લેવાનો છે એક વખતે, પણ અત્યારે તો ગુજરાતનો ખેડૂત આપઘાત કરે છે કારણ કે નર્મદા નદીનું પાણી ત્યાં તેના ખેતર સુધી પહોંચ્યું નથી. મારે આપના મારફત એટલું જ કહેવાનું છે કે ગુજરાતના ખેડૂતોને જો તમારે મારુતિ લઈ આવવી હશે તો ફાઈવસ્ટાર ઉપવાસોથી નહીં, ચૂંટણીઓમાં ભાષણોથી નહીં, કૃષિ રથોથી નહીં આ પાણી પહોંચે એટલા માટે કેનાલોનું નૅટવર્ક જ્યાં સુધી નહીં કરીએ ત્યાં સુધી કયારેય આ પાણી ત્યાં પહોંચવાનું નથી.. (અંતરાય) ફેરવો, ફેરવો. કૃષિ રથ ફેરવો, બધું ફરી જશે. નર્મદા યોજના અમે પૂરી કરીશું. તમે ચિંતા ન કરો. કૃષિ રથ ફેરવે રાખજો. કેટલાય રથો છે. બધા ફેરવવાના છે અત્યારે. હજી આઠ મહિના છે. ૮૦૦ રથ ફેરવી નાખજો. આ મારૂતિ લેતા કરવા હશે તો પાણી ત્યાં છેવાડાના ગામ સુધી પહોંચાડવું પડશે. એ ન કરીએ અને એટલા માટે આજે ગુજરાતમાં જે નર્મદા યોજનામાં એક પ્રશ્નાર્થ ઉભો થયો છે કે કેનાલોનું કામ આપણે ક્યારે પૂરૂં કરીશું?(સમયસૂચક ઘંટડી)

માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ મિનિટમાં વાત પૂરી કરીશ. સુજલામ્-સુફલામ્ યોજનાઓ બનાવી. સંસદ પહેલાં એવા વચનો આપ્યા અને સુજલામ્-સુફલામ્‌ના નામે સરકારે કરોડો રૂપિયા વાપરીને સંમેલનો કર્યા, ડી.એસ.પી.-કલેકટરોને એમ કહ્યું કે સંખ્યા લઈ આવજો. વચન એ આપ્યું કે ૬૨૦૦ કરોડ રૂપિયાની યોજના ત્રણ વર્ષમાં પૂરી કરવાની છે. આજે ત્રણ નહીં, ચોથું વર્ષ જાય છે. આજે ૨૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ ત્રીજા ભાગનો થયો નથી અને તેમાંથી હવે કોઈ ના નહીં પાડી શકે. કારણ કે બધી જે •* (કમિટીઓ) હતી, ૧૫ જણાની તેણે બધાએ સહી કરી છે. ખબર આ લોકોને મોડી પડી નહીં તો સહી ન કરવા દેત. એટલે તેમાં કહ્યું છે એ પ્રમાણે ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે અને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી,

## પૉઈન્ટ ઑફ ઑર્ડર

### સુજલામ્-સુફલામ્ યોજનામાં થયેલ ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે

**શ્રી વજુભાઈ વાળા (નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, (કમિટીનો) જે રિપૉર્ટ છે તે આપની પાસે છે. અહીં કોઈ વસ્તુ જાહેર નથી થઈ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : મેં કોઈ *(કમિટીનો) ઉલ્લેખ નથી કર્યો.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો છે એ પાછા ખેંચી લેવા જોઈએ અને આપે સૂચના આપવી જોઈએ. આવી કોઈ ઓથોરિટી વગરની વાત ન કરવી જોઈએ.

• (***) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

**અધ્યક્ષશ્રી** : શબ્દો પાછા ખેંચી લો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં એવું કહ્યું જ નથી. આપ રેકૉર્ડ જોઈ લો. મેં એમ કહ્યું છે કે આ યોજનામાં ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, એ કહે એટલે માની લેવાનું?

**અધ્યક્ષશ્રી** : સમિતિના બધા સભ્યોએ સહી કરી છે એવું બોલ્યા આપ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં *(સમિતિનું )નામ નથી આપ્યું. *(સમિતિનું)નામ આપ્યું હોય તો આપ રદ કરાવી દો. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : સમિતિના બધા સભ્યોએ સહી કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : નહીં, મેં *(સમિતિનું) નામ નથી આપ્યું.

**શ્રી વજુભાઈ વાળા** : આ કોઈ ઓથેન્ટીક વાત નથી. છાપાના આધારે વાત કરે છે.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : મેં કોઈ (સમિતિનો) ઉલ્લેખ નથી કર્યો અને ઉલ્લેખ કર્યો હોય તો આપ રદ કરી શકો છો. હું આ શબ્દો પાછો ખેંચું છું.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, કોઈ વેગ આક્ષેપ કરી ના શકે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : અરે સરકાર ઉપર તો વેગ આક્ષેપ થાય.

**શ્રી વજુભાઈ વાળા** : એ તો છાપાના આધારે કહે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : ૫૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. આક્ષેપ થાય.. (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો છે એ કાઢી નાખવા જોઈએ અને ફરીથી સૂચના આપવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : બધા બેસો પ્લીઝ, નો નો એવું નહીં જુઓ (સતત અંતરાય) માનનીય સભ્યશ્રીઓ પ્લીઝ, પ્લીઝ બેસો હવે આ ગૃહમાં (સતત અંતરાય) પ્લીઝ, પ્લીઝ હવે અહીં સભ્યશ્રીઓને એક નવી ટેવ પડી છે કે બોલતી વખતે ગમે તેમ આક્ષેપો કરવા, પ્લીઝ ભીખુભાઈ પ્લીઝ, પછી એ આક્ષેપો માટે આપણે કોઈ પુરાવા રજૂ ના કરી શકીએ એટલે પછી હું પાછો ખેંચી લેવાનો છું અથવા તો આ શબ્દો દૂર કરો એવું કહે છે આ સ્થિતિ બહુ સારી નથી. પ્લીઝ બધા સભ્યશ્રીઓ માટે છે. તમામ સભ્યશ્રીઓ એ કોઈપણ આક્ષેપ કરતા હોય તો એના માટે પુરાવા આપવા જોઈએ. હોય તો રજૂ કરવા પડે અને પહેલાથી કહેવું પડે મંત્રીશ્રીને અને પછી એ આક્ષેપો કરાય અને બીજી વાત અહીંયા જે સમિતિ છે એ સમિતિઓ જયાં સુધી એનો રિપોર્ટ અહીં ના મૂકાય જાય ગૃહમાં ત્યાં સુધી એ અંગેની કોઈ વાત કરી શકાય નહીં એટલે અર્જુનભાઈ આપે કોઈ વાત કરી હોય તો એના માટે એ શબ્દો પાછા ખેંચી લો પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં *(સમિતિનો) કોઈ ઉલ્લેખ કર્યો નથી.

**અધ્યક્ષશ્રી** : નામ ભલે ના બોલ્યા હોવ પણ (સમિતિ) બોલ્યા છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : *(સમિતિ) હું બોલ્યો હોવ તો હું *(સમિતિ) પાછો ખેંચુ છું. મને ખબર છે કે હું *(સમિતિ) નથી બોલ્યો.

**અધ્યક્ષશ્રી** : (સમિતિના) બધા સભ્યોએ સહી કરી છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : હું એ શબ્દો પાછા ખેંચુ છું. (સતત અંતરાય) મેં શબ્દો પાછા ખેંચી લીધા (સતત અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એમણે શબ્દો પાછા ખેંચી લીધા, પ્લીઝ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) એમાં બહુ બોલો નહીં તો સારું , તમારું સારું દેખાશે. માનનીય અધ્યક્ષશ્રી, સુરતની અંદર પુર આવ્યું આખા રાજયે એમ કહ્યું (અંતરાય) બહુ બોલોમાં આઈ.કે. જાડેજા સાહેબ, પુરાવા આપીશ માનનીય અધ્યક્ષશ્રી પાસેથી તો તકલીફ પડશે. પુરાવા આપીશ તો તકલીફ પડશે. હું આપીશ તો તકલીફ પડશે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસેથી પુરાવાની માગણી કરે છે.

•*(xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં બનાવો બન્યા અને જે રાજ્ય સરકાર પ્રેરિત, રાજ્ય સરકાર સર્જિત ફ્લડ આવ્યું અને તબાહી મચી ગઈ. જેના માટે આપણે ગૌરવ અનુભવતા હતા એ તમામ વ્યવસ્થાઓ તૂટી ગઈ. સૌરાષ્ટ્રની યોજનાઓ આ સરકાર આવી એ પહેલા ગામડે

• * (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.

ગામડે નદીઓની અંદર જ્યાં જ્યાં શક્ય હતું ત્યાં ખાતમુહૂર્ત કર્યા. અમુકમાં તો માનનીય મુખ્યમંત્રીશ્રી પણ ગયા. આજે પાંચ વર્ષ થવા આવ્યા છે. વજુભાઈ જે ભાષા બોલતા હતા એ મારાથી નહિ બોલાય પણ (અંતરાય)

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું કોઈ દિવસ અનપાર્લામેન્ટરી ભાષા બોલતો નથી. જે બોલું છું એ સાચું બોલું છું એટલે એમાં કદાચ બળતરા થતી હોય તો એનો મારી પાસે કોઈ ઉપાય નથી.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) (ક્રમશ:)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : એમના શબ્દો છે કે ઘણી તકતીઓ હતી ત્યારે કૂતરાઓ છે એ અમુક કૃત્ય કરતા હતા એ આજે પણ કરે છે. વજુભાઈનું આખું નહિ બોલું ભલે પાર્લામેન્ટરી હોય પણ નથી બોલતો. યોજનાઓના ખાતમુહૂર્તો કરેલ છે એ યોજના ચાલું કરાવો. ભલે કેશુભાઈ પટેલના મત વિસ્તારમાં હોય, સૌરાષ્ટ્રમાં જે પ્રજા વસે છે અને સૌરાષ્ટ્રમાંથી કેટલાય ધારાસભ્યો આવે છે એટલે એમની થોડી ચિંતા કરી તમે ખાતમુહૂર્ત કરાવ્યા છે એને તમે જ પૂરી કરાવો. નર્મદા વિભાગની એમાંય ખાસ કરીને નર્મદાની જે માગણી લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું. બાકીમાં સૂર પૂરાવી શકતો નથી.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા(ટંકારા)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી જે માગણી ક્રમાંક: ૬૫,૬૬,૬૭ અને ૬૮ લઈને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યનો પાણી અને સિંચાઈ વિભાગ છે એ ખરા અર્થમાં ગુજરાતનું અંગ છે. હમણાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી નર્મદા યોજનાની વાત કરતા હતા. ખરા અર્થમાં અમે પણ એમ જ કહીએ છીએ કે નર્મદા યોજનાનો અમે એકલો જશ લેવા માગતા નથી. દરેક વખતે અમારાં મુખ્યમંત્રીશ્રીએ પણ કહ્યું છે કે નર્મદા યોજના આ ગુજરાતના પાંચ કરોડ માનવીઓની યોજના છે. આમાં અમારી કોઈ જશ લેવાની નીતિ પણ નથી. નર્મદા યોજનાનું જે પાણી સૌરાષ્ટ્ર અને કચ્છમાં પહોંચાડ્યું હોય તો ભારતીય જનતા પાર્ટીના મંત્રીઓએ અને મુખ્યમંત્રીએ પહોંચાડ્યું છે. નર્મદા યોજનાનું જ્યારે કામ અધૂરું પડ્યું હતું અને ગૂંચમાં પડ્યું હતું ત્યારે ભારતીય જનતા પાર્ટીએ યોજનાના આ મંત્રીને યાદ આવ્યું કે આ પાણીને બહાર કઈ રીતે કાઢી શકાય? આ પહાડની અંદર ટનલ, કેનાલ બનાવીને આ નર્મદાના પાણીને કેનાલ દ્વારા કચ્છ, માળિયા અને જામનગર સુધી આ સરકારે પહોંચાડ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ પાણી વલ્લભીપુર-ભાવનગર અને માળિયા કેનાલ સુધી પહોંચાડ્યું અને ત્યાંથી જ્યારે પાઈપ લાઈન દ્વારા આ પાણી કચ્છ, રાજકોટ અને જામનગર લઈ જવામાં આવ્યું ત્યારે નર્મદા પાઈપ લાઈન અંગે સ્વર્ગસ્થ અમરસિંહભાઈ વિરોધપક્ષના નેતા હતા ત્યારે કોંગ્રેસના મિત્રો એમ કહેતા આ નર્મદા પાઈપ લાઈન દ્વારા શું વહેવડાવાના છો? આમાં હવા જાશે કે શું જાશે? જ્યારે અમે ગુજરાતના કચ્છ, રાજકોટ અને ભાવનગર અને જામનગર જિલ્લાના ગામડામાં આ પાણી પીતા કર્યા છે. હમણા જ્યારે વિરોધપક્ષના નેતા એમ કહેતા હતા કે ગુજરાતના મુખ્યમંત્રી નર્મદાના આધારે ફાઈવસ્ટાર ઉપવાસ ઉપર ઊતર્યા હતા. આ ઉપવાસ ઉપર ઊતરવા માટે એમની સાથે આપણા સ્વામી સચ્ચિદાનંદજી પણ બેઠા હતા અને એક તંબુની અંદર ૫૨ કલાક ઉપવાસ કરનાર સાથે સ્વામી સચ્ચિદાનંદજી જો બેઠા હોય અને આપણે એને ફાઈવસ્ટાર ઉપવાસ કહેતા હોય તો આ ગુજરાતના ગામે ગામની જનતા અને એકેએક ટ્રસ્ટ, એન.જી.ઓ.એ આવીને અભિનંદન પાઠવ્યા હતાં. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, ગોળીબારની વાત કરોમાં, એ આપે કરાવ્યા હતા. કેમ કે સ્વામી સચ્ચિદાનંદજી આ મુખ્યમંત્રીની વહારે આવ્યાં હતાં, આ ગુજરાતની જનતા માટે નર્મદા વ્હારે આવ્યા, એના કારણે આપે ગોળીબાર કરાવ્યા હતા. વિરોધપક્ષના નેતા હમણા કહેતા હતા કે, સૌરાષ્ટ્રની યોજના માટે મારે વાત કરવી છે. આ સૌરાષ્ટ્રની જો આપણે વાત કરીએ તો સૌરાષ્ટ્રની ૧૭ નદીઓમાં નર્મદાના પાણી લઈ જવાના ભાગરૂપે સુરેન્દ્રનગર જિલ્લાની અંદર ૯૦ ચેકડેમોના કામ પૂર્ણ થયા છે અને ૧૭ ચેકડેમોના કામ ચાલુ છે. કચ્છની અંદર ૪૪ ચેકડેમોના કામ પૂર્ણ થયા છે અને ૨૯ ચેકડેમોના કામ અત્યારે ઝડપભેર ચાલી રહ્યાં છે.

જ્યારે સિંચાઈ યોજનાની વાત કરું તો આજ મહી-ખેડા જિલ્લો, ભાદર-૨ રાજકોટ, ડેમી-૩ જામનગર, લીંબડી-ભોગાવો સુરેન્દ્રનગર, મચ્છુ-૩ રાજકોટ, ઓઝત-૨ જુનાગઢ, ઊંડ-૨ જામનગર, જામનગર વર્તુળ-૨ જામનગર, બ્રાહ્મી-૨ સુરેન્દ્રનગર, ધાતરવાડી-૨ અમરેલી, થાંભલી જુનાગઢ, શેરડી જુનાગઢ, વિરાડી-૨ જામનગર, ધારતવાડી જામનગર, બડોદર-ફાગલી જુનાગઢ, ભાખરવડ જુનાગઢ, કથા જુનાગઢ, ઊંડ-૪ જામનગર, રેટાકાલાવાડ જામનગર, ઉમિયા સાગર સીખસર, ઊંડસર જામનગર, વીરાડી-૧ જામનગર, મીરર વળાકબારા જામનગર. સાખર-સીદપુર- જામનગર, ક્રાણુંકી-રાજકોટ, સરસોઈ-૨,-જામનગર, અમરનગર-રાજકોટ, મહાદેવીયા -જામનગર, કંડોરણા- જામનગર, પીંગલી- ભાવનગર, વીડી -અમરેલી, વીનયગઢ,ફાટસર-રાજકોટ, મેઘપર- કચ્છ, દાંડી- રાજકોટ, અડવાણા- પોરબંદર,ગઢકી- જામનગર, મનમોરી- જામનગર, કોલકી,નાગવદર -રાજકોટ, ઓજત,ટીકર-જુનાગઢ અને ફૂલઝર -જામનગર, માનનીય અધ્યક્ષશ્રી, આ જેટલી સિંચાઈ યોજનાઓના મેં નામો આપ્યા એ તમામે તમામ સિંચાઈ યોજનાઓના કામો ચાલું છે અને કામો પ્રગતિમાં છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણો જે આ ૧૬૦૦ કિલોમીટરનો જે દરિયો છે એ આ ભા.જ.પ. આવ્યા પછી નથી આવ્યો. આ કોંગ્રેસ વખતે

પણ આ દરિયો હતો. આ દરિયાના ખારા પાણી, માંગરોળથી અહીંયા આવે છે બહેનશ્રી એમને ખબર છે કે, માંગરોળ વિસ્તાર એ લીલીનાઘેર કહેવાતો, આ લીલીનાઘેરને ખારીધુધવા કરનારા કોંગ્રેસી મિત્રો હતા. કારણ કે પહેલાં સૂઝયું નહીં આવું કે દરિયાના પાણીને આપણે રોકીએ, અને આ લીલીનાઘેરને કાયમ લીલી રાખવા માટે, આ દરિયાના ખારા પાણીને રોકવા માટે આ ભા.જ.પ.ની સરકારે ( અંતરાય ) ભા.જ.પ.ની સરકારે સૌરાષ્ટ્રના ભેરાઈ બંધારા, જોગડવડ બંધારા, માલવણ બંધારા, બેડા બંધારા, સમઢીયાળા બંધારા, હરણિયા બંધારા, મોટી જાગવદર, આ રિચાર્જ કેનાલોમાં આ ક્ષારના પાણી રોકવા માટે કરોડો રૂપિયા આ ભા.જ.પ.ની સરકારે આપ્યા. અમે ગામડામાં હમણાં એક આ તમામ સરપંચોનું એક સંમેલન બોલાવ્યું હતું, એમાં તમામે તમામ સરપંચો આવ્યા હતા, એમાં કોંગ્રેસના મિત્રો પણ હતા, એમાં બધા સરપંચોને કહ્યું કે તમારે કાંઈ કહેવું હોય તો કહો, તો એમાં એક કોંગ્રેસના સરપંચ મિત્ર ઊભા થયા, બેનશ્રી સાંભળજો, એણે એમ કહ્યું કે, મોહનભાઈ હું પહેલીવાર આ સરપંચ બન્યો છું, આ જેમ ભા.જ.પ.માં બજૅટ બને એમ કોંગ્રેસની સરકાર વખતે બનતું કે નહીં ? મેં કહ્યું તમારે પણ બનાવવું પડશે, ત્યારે પણ બજૅટ બનતું, તો રૂપિયા જાતા કયાં ? કયાંય રસ્તા ન થયા, કેનાલો ન થઈ, ચેક ડૅમો ન થયા, શાળાના ઓરડાઓ ન થયા, આંગણવાડીઓ ન થઈ, આ કાંઈ ન થયું તો એ પૈસા જતા કયાં ? મને કહે કે મારા ગોતીડા ચોપડા ઉપર જ, બાકી તો ખિસ્સા જ ભરાતા હતા. આ તમારા સરપંચના શબ્દો હું તમને કહું છું. ખરા અર્થમાં આ સરકારે ખાલી ખેડૂતો જ નહીં, સાગર ખેડૂતોની પણ ચિંતા કરી, અત્યારે ૧૧ હજાર કરોડ રૂપિયાનું પૅકેજ આ મુખ્ય મંત્રીશ્રીને લાખ-લાખ અભિનંદન આપું છું અને વિરોધપક્ષના નેતા પોરબંદરના છે અને કાલે પોરબંદરના આ સાગર ખેડૂતો આ મુખ્ય મંત્રીશ્રીનું સન્નમાન કરવા ગાંધીનગરમાં આવ્યા હતા, આ પોરબંદરના સાગર ખેડુઓ, વિરોધપક્ષના નેતાના મત વિસ્તારમાંથી હજ્જારો સાગર ખેડૂઓ કાલે આવ્યા હતા અને ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીનું સન્નમાન પણ કર્યુ અને સરકીટ હાઉસમાં જઈને એમ કહેતા હતા કે, આજ સુધી આ સાગર ખેડૂતો કોંગ્રેસને યાદ નહતા આવ્યા, આપણી પાસે કાયમ એણે ભાગલા પાડી અને રાજ કર્યુ અને ગરીબ છે એ વધારેમાં વધારે ગરીબ કેમ બને અને તો જ એ કોંગ્રેસની સાથે રહે, આ નીતિ આજસુધી હતી દોલતકાકા. માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ વસ્તુની કિંમત ન હોય, આટલા રૂપિયાના આપણે ખોટા હિસાબ માંડી, કોઈપણ વસ્તુમાં આપણે એમ કહીએ કે, ચેક ડૅમ તૂટી ગયો. જ્યારે પાણી વસ્તુ એવી છે કે, પુર આવે, અમારા મચ્છુ બંધ આપે બાંધેલો હતો એમાં પુર આવ્યું અને ડૅમ તૂટી ગયો અને હજ્જારો માણસો મૃત્યું પામ્યા હતા એટલે એમાં ભ્રષ્ટાચાર કર્યો હતો એ નક્કી થાય છે ? આ સહભાગી યોજના કે લોકોને ભાગીદાર બનાવવાની જો કોઈપણ યોજના આવી હોય તો એ ભા.જ.પ.ની સરકારમાં આવી છે. આ ૮૦/૨૦ની યોજના અમે લાવ્યા છીએ. તો આનો અર્થ એ થાય કે સરકારના ૮૦ પૈસામાંથી અમે સો ટકા કામ કરાવીએ છીએ. તો તે દિવસે તમે ૨૦ટકા આઈ ગયા હતા એ નક્કી થાય છે. ૨૦ ટકા લેખે આપણે હિસાબ કરી નાખીએ કે આ કોગ્રેસવાળા ખાઈ ગયા. આ સીધી સાદી જ વાત તમને કરું છું. પહેલાના વખતમાં મને ખબર છે દોલતકાકા. કે, સિંચાઈ યોજનાના ટેન્ડરો ૧૫૦ટકા, ૧૫૦ટકા on માં જતા હતા, આ ભા.જ.પ.ની સરકાર આવી ત્યાર પછી આ below, પહેલું વહેલું આવ્યું. નહીંતર તમને ખબર ન હોય બીલ કોને કહેવાય. આજે કોઈપણ યોજનાનું કોઈપણ કામ હોય એક પણ ટેન્ડર સો ટકામાં જતું નથી. તમામ ટેન્ડર એના રૂપિયા કરતા નીચા ભાવે ૮૦-૯૦ટકામાં આ યોજના ભા.જ.પા. સરકારે પૂરી કરી. તમે ૧૦૦ રૂપિયાનું કામ ૧૫૦માં કરતા હતા અમે ૧૦૦ રૂપિયાનું કામ ૮૦ રૂપિયામાં કર્યું. અજુનભાઈએ હમણાં વાત કરી હતી કે ગુજરાતનો ખેડૂત, ગામડાંનો ખેડૂત પાણી દેખે તો એના હાથ પગ બાંધી દીધા હોય તો પણ અડબોટીયા ખાતોખાતો ખેતરમાં જાય. ખરા અર્થમાં ધોરાજી, ઉપલેટા સૌરાષ્ટ્રના શેરડીના ઘર હતા ત્યાં ખાંડસરીના મોટા મોટા ઉદ્યોગો હતા. આપના આશીર્વાદથી છેલ્લા ૧૫ વર્ષથી બંધ થઈ ગયા હતા. પાણીના તળ ઊંડા ગયા હતા. શેરડી વવાતી બંધ થઈ ગઈ હતી. મંત્રીશ્રીએ જાહેરાત કરી કે ઉનાળુ પિયત કરવા માટે સૌરાષ્ટ્રની અને તમામ યોજનાઓમાંથી પાણી આપવાના છીએ. ધોરાજી, ઉપલેટામાં વાડ જોવા મળે છે. ધોરાજી, ઉપલેટામાં શેરડી વવાવા માંડી. એનું કારણ પાણીના તળ ઊંચા આવ્યા. સૌરાષ્ટ્રના ખેડૂતોને પાણી પૂરું પાડયું, વીજળી પૂરી પાડી, સુવિધા પૂરી પાડી ત્યારે શેરડી વવાઈ. જે ચેકડેમ યોજના સૌરાષ્ટ્રની અંદર બનાવી અને ચેકડેમ યોજનામાં ૫૮૦૦૦ ચેકડેમ સૌરાષ્ટ્રમાં બનાવવામાં આવ્યા. ૫૮૦૦૦ ચેકડેમમાંથી દરેક નદી ઉપર, આપણે એકેએક નદી ઉપર ચેકડેમ બનાવ્યા, ભાદર નદીમાં, ઉંડ નદીમાં, મચ્છુ નદીમાં, ડેમી નદીમાં ઉનાળામાં લીફટ ઈરીગેશન કરીને સૌરાષ્ટ્રના ખેડૂતો પિયત કરે છે. એ પરિસ્થિતિ જોઈ શકીએ છીએ. સામે બેઠેલા ધારાસભ્યોને પણ ખબર છે. ગામડાંમાં જઈએ છીએ નદીમાં પાણી છે કે નહીં? હોળી પછી નદીમાં પાણી હોય એ અમે પહેલીવાર જોયું. ભા.જ.પા.ની સરકારને વિચાર આવ્યો કે ખેતરનું પાણી ખેતરમાં, ગામનું પાણી ગામમાં રોકવા માટે સરકારે પ્રયત્ન કર્યો છે. ઉનાળુ વાવેતરમાં ૧૪ વર્ષ તો મને અહીં થયા તે પહેલાં કોઈ દિવસ યાદ નથી કે ઉનાળુ પિયતને પાણી મળી શકે. જે સિંચાઈ યોજના, નવી યોજનાઓ, નવા કામ શરૂ કર્યા એના નામ આપું. દહેગામ તાલુકાનું હિલોલ, બનાસકાંઠા વાંસડા ડેઈલ, વણાકબોરી ડેમ નીચે હથુજીના વડા સુધીનું કામ, વાંસડા વરાડાપુરના સંરક્ષણનું કામ, કેરોલનું કામ આવે તો હજારો કામ નવા પણ મંજૂર કર્યા એટલે ખરા અર્થમાં અત્યારે જે કામ થઈ રહ્યું છે અને સિંચાઈના અને પાણી પુરવઠાના કામો થયા એ પાણી પુરવઠામાં ઉત્તર ગુજરાતમાં છે. ઉત્તર ગુજરાતમાં ત્યાંના યુવાનો ખારવાળું પાણી પીવાને કારણે હાડકાના સાંધા જકડાઈ જતા હતા. સવારે કોઈ ઊભા કરે તો ઊઠે.

આપણા કોંગ્રેસના મિત્રોને સુઝયું નહીં કે આપણે અહીંથી નર્મદાનું પાણી લઈ જઈએ અને ખરા અર્થમાં ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના દ્વારા દરેક ગામડાંને પીવાના પાણી, ખેતરમાં સિંચાઈનું પાણી આપવાનું કામ ભા.જ.પા. સરકારે કર્યું હતું.

કચ્છના છેવાડાના ગામડાં સુધી નર્મદાનું પાણી ગયું. નર્મદાની પાઈપલાઈનની અંદર પાણી ભર્યા પછી કોઈપણ જાતની તકલીફ પડયા સિવાય કચ્છના છેવાડાના, જામનગરના, ભાવનગરના, અમરેલીના, જુનાગઢના, ઓખાના, દ્વારકાના છેવાડાના ગામો સુધી પાણી જાય છે તો આ યોજના નાનીસૂની યોજના નથી. ફિલ્ટર પાવર સ્ટેશન જોઈએ. બીજી નદીમાં ૨૦ તારીખે અમારા મુખ્યમંત્રીશ્રી ઉદઘાટન કરવાના છે. મોટામાં મોટા પમ્પીંગ સ્ટેશનનું ઉદઘાટન ૨૦ તારીખે છે. આપને પણ આમંત્રણ મળશે. જોવા આવશો તો આ ફળશ્રુતી માટે ગુજરાતની ભા.જ.પા. સરકાર. અને આ સરકારે જે કર્યુ છે, એને પણ લાખ લાખ ધન્યવાદ આપું છું. ભ્રષ્ટાચારની વાત કરતા હોય તો નરેન્દ્ર મોદી જ્યાં સુધી મુખ્યમંત્રી હોય ત્યાં સુધી કોઈની ભ્રષ્ટાચાર કરવાની તાકાત નથી. એક પણ પૈસાનો ભ્રષ્ટાચાર થવા દે તેમ નથી. કોઈ દિવસ ભ્રષ્ટાચાર બાબતે વાત ન કરવી. અને કંઈ ન સૂઝે તો કહો કે નરેન્દ્ર મોદીના ૨૫૦ જોડ કપડાં, ૫૦ જોડ બૂટ છે, આટલી જોડી ચંપલ છે. મારા મિત્રો, આ કપડાં આ સિવાય તમારી પાસે કોઈ મુદો નથી, એટલે ખરા અર્થમાં જે માગણી લઈને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું અને આ કોંગ્રેસનો ડિસેમ્બરમાં સફાયો થવાનો છે તેવી શુભેચ્છા પાઠવું છું.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૬૫, ૬૬, ૬૭ અને ૬૮ લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઊભો થયો છું. આ નર્મદા યોજના એ ગુજરાતની જીવાદોરી છે. આ નર્મદા યોજનાની અંદર અનેક હર્ડલ્સ આવ્યા. હમણા માનનીય વિરોધપક્ષના નેતા એમનું ઉદ્‌બોધન કરી રહ્યા હતા, એની અંદર એમણે બધા જ મુખ્યમંત્રીશ્રીઓનાં નામ લીધાં કે આની પાછળ આ બધાનું યોગદાન છે એવી વાત કરી. જેના જેના યોગદાન છે, એના માટે કોઈ ના નથી કહેતું, પણ મને એ વાતનું આશ્ચર્ય થયું કે આ યોજનાનો પાયો નાખનાર ભાઈ કાકાના નામનો ઉલ્લેખ સુદ્ધા ન કર્યો કે જેમનું આ નર્મદા યોજના માટે બહું મોટું યોગદાન છે. એમના નામનો ઉલ્લેખ સુદ્ધા એમના પ્રવચનની અંદર ક્યાંય જાણવા ન મળ્યો. સરદાર સરોવર યોજના ટ્રિબ્યુનલનો ચુકાદો ૧૯૭૯ની અંદર આવ્યો અને ત્યારપછી આ બંધનું કામ શરૂ થવાનું હતું અને પર્યાવરણવાદીઓના નામે ઘણી બધી અડચણ આ યોજના સામે આવી અને એનો સામનો કરતા કરતા આ યોજનાનું આજે ૧૨૧.૯૨ મીટરની ઊંચાઈ સુધી આ બંધનું કામ થયું છે અને આજે આ ગુજરાત જેની વર્ષોથી રાહ જોતું હતું, એ ગુજરાતની જનતાની અંદર એક ખુશીની લહેર પહોંચી છે, આજે આશા બંધાઈ છે અને ઘણી જગ્યાએ તો કેનાલની અંદર પાણી પહોંચી ગયા છે અને કેનાલનાં કામ પણ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યાં છે. ઘણાં બધાં કામ પૂર્ણતાનાં આરે પણ છે. ૧૦૧ કિ.મી.નું કેનાલનું કામ બાકી છે. આ બધાં કામ પૂર્ણ થયાં છે, ત્યારે ગુજરાતની આપણે સૌએ કલ્પના કરી અને આ યોજના માટે સૌ લોકોનું આને સમર્થન પ્રાપ્ત થયું, ત્યારે એ યોજના સાકાર થતા આપણે આપણી નજર સમક્ષ જોઈ છે, એની ખુશી સમગ્ર ગુજરાતની પ્રજા અનુભવી રહી છે. આ નર્મદા યોજના આધારિત પીવાના પાણીની યોજના.

માનનીય અધ્યક્ષશ્રી, જે તે વખતે એમ કહેવાતું હતું કે આ પાઈપ લાઈનો દ્વારા પાણી કેમ પહોંચશે? પાણી પહોંચવાનું નથી. આવી કોંગ્રેસના મિત્રો દ્વારા તે વખતે વાત કરવામાં આવતી હતી. પણ આજે આ નરી આંખે જોઈ શકાય તેમ છે કે નર્મદા યોજનાની પાઈપલાઈન દ્વારા અને થોડાક દિવસ પહેલાં આ હાઉસની અંદર માનનીય બાબુભાઈ પાણી માટેની ચિંતા કરતા હતા. કચ્છની ચિંતા કરતા હતા. મારે ચોક્કસ સરકારને જે સૂરજબારી પૂલ ઉપરથી પાઈપલાઈન નાંખીને આવા પુલનું જ્યારે નિર્માણ થતું હતું ત્યારે તે તે પુલની અંદર તેના ઉપરથી પાઈપ લાઈન કઈ રીતે કચ્છની અંદર જઈ શકે તેમના માટે જે આયોજન કર્યુ તેના માટે પાણી પુરવઠા વિભાગને અને રાજય સરકારને અભિનંદન આપું છું. આ પાણીનો પહેલો પ્રવેશદ્વાર માનનીય બાબુભાઈના મત વિસ્તારથી શરૂ થાય છે અને સૌથી પહેલું પાણી તેમણે ત્યાં મળશે. એમણે ત્યારે ટકોર કરી હતી કે તમે નલિયાની અંદર પાણીથી ન્હાઓ છો. મારા નલિયામાં નર્મદાનું પાણી નથી પહોંચ્યું પણ તેના માટે આયોજન કર્યુ છે અને તેના માટેની કામગીરી આજની તારીખમાં ચાલું છે. કચ્છના એકેએક ગામ સુધી આ પાણી પહોંચવાનું છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. કચ્છનું એકપણ ગામ બાકાત રહેવાનું નથી તેના માટેનું આયોજન કર્યુ છે અને તેના માટેની તમામ નાણાકીય ફાળવણી કરવામાં આવી છે. સાથે સાથે મારે વિભાગને એક વાત કરવાની કે આના માટેની જે ડિસ્ટ્રીબ્યુશન લાઈનો જે જૂની છે તે લાઈનો નર્મદા યોજનાનું પાણી આવશે ત્યારે તેની જગ્યાએ નવી ડીસ્ટ્રીબ્યુશન લાઈનો માટે નાણાંકીય વ્યવસ્થા કરી તે કામ તાત્કાલિક શરૂ થાય એટલું રાજય સરકારને સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના દ્વારા રિવરબેડ પાવર સ્ટેશન શરૂ થતાં વીજ ઉત્પાદનમાં વધારો થયો છે. સાથે સાથે મુખ્ય નહેર અને શાખા નહેરની ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમ છે તેના સંલગ્ન કામો પ્રગતિમાં છે. ૧૧૦.૬૪ મીટરની હાઈટ હતી તે વધીને આજે ૧૨૧.૯૨ મીટર વધારવાની કામગીરી આપણા ઈજનેરોએ પૂરી કરી છે તેના માટે આપણા આ કુશળ ઈજનેરોને અભિનંદન આપું છું. આવા મોટા બંધની સરસ રીતે કામગીરી ઝડપથી પૂર્ણ કરી છે. નર્મદા યોજનાની મુખ્ય નહેર ૪૫૮ કિ.મી. છે તે પૈકી ૩૫૮ કિ.મી. સુધીના કામો આજે પૂર્ણ થયા છે. હવે ૧૦૧ કિ.મી.ના કામો બાકી છે. તે પણ જલદી પૂરા થશે. ૧૦ શાખા નહેરોના કામોનું કામ ઝડપથી ચાલી

રહ્યું છે. આ શાખા નહેરોના કામો ચાલી રહ્યા છે ત્યારે હું કચ્છ જેવા સૂકા વિસ્તારમાંથી આવું છું તો મારી રાજય સરકારને વિનંતી છે કે કચ્છની અંદર શાખા નહેરોના કામો ખૂબ ઝડપથી થાય અને કચ્છની પ્રજાને, કચ્છની ધરતીને, જે તરસી ધરતી છે તે તરસી ધરતીને તાત્કાલિક ભીંજવવામાં આવે એવી રાજય સરકાર પાસે માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઈ ક્ષેત્રે અગર હું વાત કરું તો કચ્છ જિલ્લાની અંદર નર્મદા યોજનામાંથી સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતને એક મિલિયન એકર ફીટ પાણી ફાળવવામાં આવ્યું છે, આ એક મિલિયન એકર ફીટ પાણીને સંગ્રહવા માટે આયોજનો થઈ રહ્યા છે, રાજય સરકાર એના માટે આયોજનો કરે છે (સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, પાંચ મિનિટમાં હું મારી વાત પૂરી કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ આયોજનની અંદર એની સંગ્રહશકિત થઈ શકે એ માટે કચ્છમાં એટલી ક્ષમતા નથી તો એ ક્ષમતા માટે બીજા ડૅમોનું આયોજન તાત્કાલિક થાય અને એ ડૅમોના પાણીના કારણે કચ્છ લીલુનંદનવન થઈ શકે એમ છે તો એ માટેની પણ વ્યવસ્થા થાય એ માટે હું રાજય સરકારને વિનંતી કરું છું. રાજય સરકારે એના માટે ચોક્કસ આયોજન કર્યા છે,

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૩૦૦૦ ચેકડેમોના કામો આપવામાં આવ્યા છે જેમાંથી ૧૦૦૦ ચેકડેમો કચ્છ જિલ્લામાં છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માગણીઓ લઈને આવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર : ૬૬ છે એ સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ, માગણી નંબર : ૬૭ છે એ પાણી પુરવઠો અને ૬૮ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટેની છે. આ ત્રણેય થઈને ૭૨૭ કરોડ ૧૧ લાખ ૨૪ હજાર રૂપિયા મહેસૂલી ખર્ચ માટે અને ૧૯૮૭ કરોડ પર લાખ ૬૫ હજાર રૂપિયા મૂડી ખર્ચ માટે છે એમ કુલ ૨૭૧૪ કરોડ ૬૩ લાખ ૮૯ હજાર રૂપિયાની માગણીઓ આજે આ સભાગૃહ સમક્ષ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જળ સંપત્તિ સિંચાઈ યોજનામાં ૨૦૦૫-૦૬માં ૨૨૫૧૩૯નો ખર્ચ, ૨૦૦૬-૦૭માં, માનનીય મોહનભાઈ, શાંતિથી સાંભળજો, ૩૫૨૪.૦૦નો ખર્ચ મૂકવામાં આવ્યો છે અને આ ૫૦૦ કરોડની ગ્રાન્ટની સીધી ઘટ જો કોઈ વિસ્તારોમાં થવાની હોય તો એ સૌરાષ્ટ્ર અને કચ્છમાં થવાની છે. માનનીય મોહનભાઈ, રૂપરેખા જોજો.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૯.૧૦ કરોડનો ખર્ચ નર્મદા, પાણી પુરવઠાનું આયોજન, નર્મદા માટે ૩૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ, એમાં ૯૬૦ કરોડ રૂપિયા આયોજન બહારના છે. એનો અર્થ એ થયો કે, વાર્ષિક આયોજન ૧૫.૫૦૦ કરોડનું બતાવે છે તે હકીકતે ૧૪.૫૦૬ કરોડ રૂપિયાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સભાગૃહમાં મહત્ત્વની માગણીઓ ઉપર ચર્ચા થાય છે, ત્યારે રાજયમાં વરસાદનું એકેએક ટીપેટીપું પાણી દરિયામાં ન જાય અને એ સંગ્રહ થાય અને એ થયેલું પાણી ગામડાંમાં બહેનોને, ગામડાના લોકોને પીવાનું પાણી મળે અને ખેતી કરતો ખેડૂત સમૃદ્ધ બને પણ કરોડો રૂપિયાના બજેટો મંજૂર કર્યા પછી આ હેતુ સિદ્ધ થયો છે ખરો? આ પરિણામલક્ષી વાત પહોંચી છે ખરી? મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, કરોડો રૂપિયાના ખર્ચ પછી પણ જે પરિણામ જોઈએ છે, જે લોકોને મળવાનું છે, જે લોકોની અપેક્ષાઓ છે, કદાચ આ સન્માનનીય સભાગૃહમાં બેઠેલા લોકોની પણ એ અપેક્ષા હશે, જ્યારે યોજનાઓ થાય ત્યારે સારા હેતુથી થાય પણ મારે આજે અહીં બે ત્રણ જે વાતો કરવી છે એ વાતો એ છે કે, રાજય સરકારે સુજલામ સુફલામ યોજનાને ૨૦૦૪-૦૫ના અંદાજપત્રમાં ૨૦૦૫ સુધીમાં પૂરી કરવાનો નિર્ણય કર્યો હતો અને એની જાહેરાત કરી હતી. ૨૦૦૭-૦૮માં આજે પણ જે વિકાસ કાર્યક્રમમાં મૂક્યું છે એમાં સુજલામ સુફલામની આઈટેમ નંબર ૨૦૦૪માં પાંચ- છના ભેગા કરીને ખર્ચના આંકડા માગ્યા છે, બજૅટમાં મંજૂર કરીએ પણ બજૅટ મંજૂર થાય ત્યારે એના ખર્ચના....

## વિરામ: બપોરના ૨.૩૦ થી ૩.૧૫
## સભાપતિશ્રી મહેન્દ્ર મશરૂ અધ્યક્ષ સ્થાને

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** (ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ મંજૂર આપણે કરીએ, બજેટમાં કરોડો રૂપિયા આપણે અહીંથી આપીએ એ એટલા માટે આપીએ કે આખરે આ પ્રજાના પૈસા છે અને પ્રજાના પૈસા પ્રજા સુધી પહોંચવા જોઈએ. પણ હમણા હમણા એક નવા સમીકરણની નીતિ અપનાવાય છે અને એમાં એવું થાય છે કે, કરોડો રૂપિયાનું બજેટ મંજૂર થાય અને રાતો રાત નિગમો-બોર્ડોની સ્થાપના કરી દેવામાં આવે અને એ પછી આ પ્રક્રિયાનો જવાબ કોઈ ન માગી શકે, કોઈ ન પૂછી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ-સુફલામ યોજના એ ઉત્તર ગુજરાત માટેનું એક સ્વપ્ન હતું. અને એ બહું સારી યોજના હતી. ૧૯૭૫-૮૦ વચ્ચે માનનીય કેશુભાઈ પટેલ (અંતરાય) હું કોઈનામાં ઈન્ટ્રપશન નથી કરતી મહેરબાની કરીને મારામાં ન કરો, ચેલેન્જ ફેંકવી હોય તો મારી તૈયારી છે. ૧૯૭૫-૮૦ વખતે માનનીય કેશુભાઈ ઈરિગેશન મંત્રીશ્રી હતા ત્યારે ક્ષાર નિવારણ યોજનાના નામે યોજના મૂકી હતી એનું જ નામ બદલીને સુજલામ-સુફલામ યોજના રાખવામાં આવ્યું હતું. આ બધી જ યોજનાઓ જુદા જુદા પ્રકારે કયાંકને કયાંક વણાયેલી છે.

એમાંની મુકતેશ્વર ડેમની યોજના અત્યારે નવી સ્કીમમાં છે ૧૯૮૦ વખતે એ યોજના આ વિધાનસભાના બજેટમાં પણ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બે-ત્રણ વાતો કરવી છે. ઘણી બધી વાતો અહીંયા થાય છે, પણ મને એ નથી સમજાતું કે, કરોડો-અબજો રૂપિયાની યોજના •* (કોઈક અધિકારીને છાવરવા, કોઈક સમાજનો અધિકારી હોય) એને મદદ કરવા માટે આખી સરકાર કેમ તલપાપડ છે? મારે બે ત્રણ વાત કરવી છે કે આ યોજના આવી ત્યારે આ જ વિધાનસભામાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમ કહ્યું હતું કે આ યોજના લોકભાગીદારીથી કરીશું. (અંતરાય)

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, * ('કોઈ સમાજના અધિકારીને છાવરવા')એ શબ્દો માનનીય સભ્યશ્રી બોલ્યા છે એ પાછા ખેંચવા જોઈએ. પાછા ખેંચવા જોઈએ.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ શબ્દો પાછા ખેંચું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ આ યોજના લોક ભાગીદારીથી કરવાની વાત કરી હતી. લોકોને જોડીને આ યોજના કરવાની વાત કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાને મંજૂરી આપી ત્યારે બહું આનંદ થયો, નાણાં વિભાગે પણ મંજૂરી આપી અને નાણાં વિભાગે મંજૂરી આપ્યા પછી, નાણાં વિભાગની મંજૂરી મળ્યા પછી શું થયું? લોક ભાગીદારી આવી ખરી? લોકોને જોડવામાં આવ્યા ખરા? આમાં રેટ યુનિટ પ્રમાણે ૨૧૦ કરોડના માટી કામ થયાં દસ ઈજારદારને આ કામ આપવામાં આવ્યાં આ ઈજારદારને અપ્યા એમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે નીતિ નકકી કરી હતી એ નીતિમાં ફેરફાર થયો અને ૪૨ કરોડ રૂપિયાનું નુકસાન સરકારને ગયું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના લાબીસણા ગામે સ્થપાનાર એગ્રો ફુડ પ્રોસેસિંગ ઝોનમાં બોર મંજૂર કરવામાં આવ્યા. એ માટે ગ્રાઉન્ડ વોટર રીચાર્જ ઓથોરિટીની મિટિંગમાં ૭૦ લાખ રૂપિયા લેવાનો નિર્ણય લેવાય ગયો અને પછી કોઈ મિટિંગ ન મળી, કોઈ મિનિટસ ન લખાય અને તે વખતના સચિવશ્રીએ માત્ર ૭૦ લાખના બદલે ૧૦ લાખ રૂપિયાનો નિર્ણય કર્યો અને ૬૦ લાખ રૂપિયાનું સરકારને નુકસાન કરીને પ્રજાનો દ્રોહ કર્યો. વિગતો છે તપાસજો અને તપાસતા આ વિગતો ખોટી છે, આવું નથી થયું એવું નિકળશે તો અભિનંદન આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે હાથમતિ-ગુહાઈ પાઈપ લાઈન યોજનામાં આ કામગીરી હાથ ધરવામાં આવી. ખૂબ આનંદ થયો. આ કામમાં પંપીગ સ્ટેશનના ત્રણ કામના ભાવ કવર પધ્ધતિથી માગવામાં આવ્યા અને ત્યારે સૌથી ઓછો ભાવ ભરનાર વ્યકિત હતી એ વ્યકિતને મંજૂર કરવામાં આવ્યું અચાનક શું સ્વપ્ન આવ્યું ખબર નથી પણ અચાનક તેને કેન્સલ કરી દેવામાં આવ્યું કે તું નહીં હાલ. એટલું જ નહીં ટેન્ડરો રદ કરી દીધા અને પછી શું થયું તે જ ટેન્ડરો પાછા આપવામાં આવ્યા. ઉંચા ભાવ લેવામાં આવ્યા અને ઉંચા ભાવ લઈને કોને આપવામાં આવ્યા તેની વાતમાં મારે પડવું નથી. મારે આગળ વધીને વાત કરવી છે પીયઝ ધરોઈ સુધીની પાઈપ લાઈન તેમાં પણ તે જ સ્થિતિ. સંત સરોવર ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે થયેલ. સંત સરોવરની હાલત શું છે તે અત્યારે તમે જુઓ તો ખબર પડશે. માનનીય ગૃહ મંત્રીશ્રી મને પૂછતા હતા ( સમય-સૂચક ઘંટડી ) મારે એક જ વાત કરવી છે કે તમામ લોકો આ વાત કરે છે મુખ્યમંત્રીશ્રીએ આની તપાસ નીમી છે અને તપાસને એક વર્ષ થયું છે માટે એટલું જ કહેવું છે કે જો તપાસ થઈ ગઈ હોય આ બાબતે તો અમે નથી કહેતા પણ તપાસનો જે રિપોર્ટ આવે તે અહીંયા ટેબલ ઉપર મૂકે અથવા માનનીય મુખ્યમંત્રી જાહેર કરે નહીંતર એક વિનંતી કે આટલુ બધું કર્યા પછી પણ જો માનનીય મંત્રીશ્રીના• (xxxxx) તો માનનીય મંત્રીશ્રીની જગ્યાએ હું હોઉં તો હું રાજીનામું આપું.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી (રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા અને માનનીય મંત્રીશ્રી સિંચાઈ આ બન્ને મંત્રીશ્રી તેમના વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું, સમર્થન આપું છું.

આ માગણીઓ ઉપર બોલતા અમને ગૌરવ થાય છે અને વિશેષ ગૌરવ એટલા માટે થાય છે કે ગઈકાલે મંત્રીશ્રી સિંચાઈએ રાજયના જળાશયોની અંદરથી ૩ લાખ હેકટર જમીનની સિંચાઈ ઉનાળું સિઝનની અંદર થઈ શકે તે માટેનો જે નિર્ણય રાજય સરકારે કર્યો છે તે માટે ગુજરાત રાજયના કિસાનો વતી હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

જળ સમસ્યા તે આપણાં રાજયની વર્ષો જૂની સમસ્યા છે. એક બાજુ દક્ષિણના ભાગની અંદર વધારે પડતું પાણી જેને કારણે વોટર લોગીંગનો પ્રશ્ન હોય અથવા તો વધારે પડતી નદીઓની અંદર પૂર આવતું હોય, સમુદ્ર કિનારે દરિયાનું ખારાશવાળું પાણી અંદર ઘૂસી જવાની સમસ્યા હોય કે ઉત્તર ગુજરાતની અંદર આંતરા વર્ષે દુષ્કાળ પડી અને પાણી માટે વલખાં મારતી પ્રજા હોય જળ સમસ્યા તે વર્ષો જૂની સમસ્યા છે અને વોટર મેનેજમેન્ટના માધ્યમથી રાજય સરકારે એક ઉદાહરણરુપ આખા દેશમાં કામ કર્યુ છે અને તે છે નદીઓનું જોડાણ કરવું. દેશની અંદર અનેક વખતે કેટલાંય વર્ષોથી આ કલ્પનાઓ થતી હતી કે દેશની નદીઓને જોડવામાં આવે.

---

• *( *** ) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આદરણીય અટલ બિહારી બાજપાઈ જ્યારે વડાપ્રધાન તરીકે આવ્યા ત્યારે તેમણે વારંવાર આ વિષયને મૂક્યો હતો તેને માટે આખું મંત્રાલય પણ અલગ બનાવ્યું હતું. રાજયના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈ મોદીએ આ કલ્પનાને આ ગુજરાતની અંદર સાકાર કરી છે અને જેને કારણે આખું ગુજરાત ગૌરવ લઈ શકે. નર્મદા માટે વાત કરતા હતા માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી ત્યારે મને લાગતું હતુ કે જો ગૌરવ લેવા જેવી બાબત છે સર્વ સંમતિથી આખા ગુજરાતનો એજન્ડા જ્યારે નર્મદા બન્યો હોય ત્યારે ૧૨૧ મીટરનું કામ નર્મદા ડેમનું પૂરું થાય ત્યારે આપણે ગૌરવ લેવું જોઈએ સ્વભાવિક રીતે પણ તેમના મનમાં કંઈ બીજા વિચારો હોય એવું મને લાગ્યું. આ નર્મદા યોજનાનું કામ, ડેમનું કામ ૧૨૧ મીટરનું પૂરું થતાંની સાથે માત્ર નર્મદાનો જળ પ્રવાહનો ધોધ ખેડૂતોના ખેતર સુધી પહોંચે એટલું જ નહીં પરંતુ વીજળીનો મોટો ધોધ ગુજરાતની પ્રજા માટે અને આ દેશ માટે વહી રહ્યો છે. આ ચોમાસાની સિઝનની અંદર સાત કરોડની વીજળી એક દિવસે આ નર્મદા ડેમના કારણે પ્રાપ્ત થઈ છે. કેનાલોનું કામ પૂર ઝડપે ચાલી રહ્યું છે. અત્યારે જોઈએ તો કેવડિયા કોલોનીથી કરીને બનાસકાંઠા સુધીનું ૩૫૭ કિલોમીટરનું કામ પૂરું થઈ ગયું છે. તેના રસ્તાનું કામ બધું પૂરું થયું. બનાસ નદીની અંદર પાણી પણ નર્મદાનું વહેવડાવ્યું. ત્યાંથી કરી રાજસ્થાન સરહદ સુધીનું ૪૫૮ કિલોમીટરનું કામ તે પણ પૂર ઝડપે ચાલે છે. માત્ર એક બે મહિનામાં મોટાભાગનું કામ પૂરું થઈ જવું જોઈએ એ સ્થિતિ છે. એટલું જ નહીં, પરંતુ કસગામ કેનાલનું કામ પણ ૭૬ કિલોમિટરના શરૂઆતના તબકકાનું જબરજસ્ત રીતે ચાલી રહયું છે. ત્રણ પંપીંગ સ્ટેશનો જે કચ્છને કેનાલના માધ્યમથી પાણી આપવાનું છે એનાં પણ ટેન્ડરો ઈન્વાઈટ થઈ ગયાં છે. ૧૫ જેટલી શાખા નહેરોનાં કામ પૂરાં થઈ ગયાં છે અને બાકીની ઘણી શાખા નહેરોનાં કામ તડામાર રીતે ચાલી રહયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખતે વાત કરતા હતા કે કેનાલોનાં કામ જોઈએ એટલા પ્રમાણમાં થયાં નથી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ૧૨ હજાર કિલોમિટરનાં કેનાલનાં કામ થયાં છે એ પહેલાં તમારી સરકારમાં માત્ર ૪ હજાર કિલોમિટરનાં જ કામ થયાં હતાં. વિશાળ પ્રમાણમાં આ સરકારે એમનાથી ૪ ગણાં કેનાલોનાં આવ્યા પછી કામ કર્યા છે. એટલે અત્યારે હાલ (અંતરાય) આ આંકડા બોલે છે, મારા ઘરની વાત કરતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદાની કેનાલ અમારા વિસ્તાર માટે સુખ સમૃધ્ધિની નહેર બનીને રહેવાની છે ત્યારે ગૌરવ અને આનંદ થાય છે આ નર્મદાની કેનાલોનું કામ ચાલી રહયું છે ત્યારે અમારા વિસ્તારમાં આજથી બે ચાર વર્ષ પહેલાં ૫૦ એકર જમીન ધરાવતો ખેડૂત હોય એ મજૂર બનીને બહારના વિસ્તારોમાં હિજરત કરીને મજૂરી કરવા જતો હતો ત્યારે આ નર્મદા કેનાલથી જે સિંચાઈ થઈ, બાકી રાજય સરકારે જે આડબંધો અને માઈક્રો લેવલ ઉપર ચેકડેમ કર્યા એના કારણે અત્યારે એ માલિકમાંથી મજૂર બનેલ ખેડૂત એ પાછો મજૂરમાંથી માલિક બની ગયો છે. પહેલાં અમારા વિસ્તારમાં એક એકરના ૪ હજારથી ૫ હજાર રૂપિયા જમીનની કિંમત હતી એ માત્ર ૪-૫ વર્ષના ગાળામાં ૫૦ હજાર રૂપિયાની કિંમતે પણ કોઈ ખેડૂત એક એકર જમીન આપવા તૈયાર નથી. આ આ જળસંચય માટેનું સરકારે જે અભિયાન ઉપાડયું છે જેના કારણે ખેડૂતોની આવક વધી છે જેના કારણે આ સ્થિતિ નિર્માણ આજે થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને ઉત્તર ગુજરાત સાથે શું છે એ જ મને સમજણ પડતી નથી. જયારે જયારે ઉત્તર ગુજરાતની વાત આવે છે ત્યારે વિરોધપક્ષના નેતાશ્રીને એ નહીં ગમતો વિષય આવતો હોય એમ મને લાગે છે. મારે કહેવું છે કે ઉત્તર ગુજરાતની પાણીની સમસ્યા એ જાણે છે ખરા? આજથી ૫-૧૦ વર્ષ પહેલાં ટીંપે ટીંપા પાણી માટે આ વિસ્તારની પ્રજા વલસતી હતી, અમારી બહેન-દીકરીઓ ૧॥ કિલોમિટર સુધી પીવાના પાણી માટે માથે બેડાં લઈને પાણી ભરવા માટે જતી હતી, દર આંતરે વર્ષે દુષ્કાળની સ્થિતિ નિર્માણ થતી હતી, માત્ર વરસાદ ઉપર જીવવાની પરિસ્થિતિ હતી, વરસાદ ના આવે એટલે આખાં ગામોનાં ગામો હિજરત કરીને બહાર મજૂરી કરવા જાય, ૫૦-૫૦ એકર જમીન હોય એવા ખેડૂત પણ હિજરત કરીને બહાર મજૂરી કરવા જતા હતા, પાણી ખારાં થઈ ગયાં હતાં, ૧ હજાર ફૂટ સુધીનાં પાણી ખેંચાઈ ગયાં, કચ્છનું રણ ઉત્તર ગુજરાતને ભરખી લેશે એવી સ્થિતિ આવી હતી ત્યારે એમાંથી બચવાનો એકમાત્ર આધાર આ સુજલામ્ સુફલામ્ યોજના છે અને એ આવે તો ચોમાસા દરમ્યાન નદીઓમાં વહી જતું પાણી, નર્મદા યોજનાનું પાણી હોય એના કરતાં વધારાનું ડબલ પાણી ગણી શકાય એટલું પાણી દરિયામાં અને ખાડીમાં વહી જતું હતું અને બીજી રીતે દરિયયામાં અને બીજે વહી જતું પાણી એને માઈક્રો ચેકડેમ કરીને, બંધારા કરીને, આડબંધો બાંધીને, સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલ કરીને, બાકીની વ્યવસ્થા કરીને એને રોકીને ઉત્તર ગુજરાતની ધરતી છે એને સજલામ્ સુફલામ્ બનાવવા માટેનું આ રાજય સરકારે એક અભિયાન શરૂ કર્યુ અને એ જ દિવસથી પહેલા દિવસથી જ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આનો વિરોધ ચાલુ કર્યો છે અને કઈ રીતે "હવનમાં હાડકાં નાંખવા" એ જાતના એમના પ્રયાસો ચાલી રહયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે સુજલામ્ સુફલામ યોજના જે નર્મદા કેનાલના ઉપરના પટનો વિસ્તાર જે જળાશય સુધીનો એનો વિશાળ પ્રમાણમાં આખા વિસ્તારમાં ૧ હજાર ફૂટ સુધી પાણી નીચે ઉતરી ગયાં હતાં અને આ વર્ષે જયાં જયાં પાણી નાંખવામાં આવ્યું એનાથી વોટર લેવલ ઉપર આવ્યા અને એના કારણે

હિજરત કરીને બહાર જે લોકો જતા હતા એ સ્થાયી થઈ ગયા છે એના કારણે વિશાળ પ્રમાણમાં આટલો લાભ થતો હોય ત્યારે કોઈપણ રીતે વિઘ્ન નાંખવાનો પ્રયાસ થઈ રહયો છે એ ઠીક નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ચેકડેમો અને આડબંધો કર્યા છે એ અભિનંદન આપીએ તેવું કામ છે. નર્મદાનું પાણી બીજી નદીઓની અંદર એમાં સાબરમતી, બનાસ, સરસ્વતી, રૂપેણ અને સૌરાષ્ટ્રની બાકીની નદીઓમાં નાંખીને સૂકી નદીઓને ફરી પાછી પુનઃજીવીત કરવાનું કામ કર્યુ છે. આનથી પણ ડબલ કહી શકાય એવાં ચેકડેમોનાં કામ અને તળાવોની બાબતમાં લાંબાગાળાના ફાયદાકારક કામો થયાં છે. વરસાદનું પાણી એ કુદરતે આપણને આપેલ વરદાન છે, એ પાણી સમુદ્રમાં વહી જતું હોય તેને રોકવું જોઈએ, આ વરસાદ આજ કાલથી પડે છે એવું નથી, વર્ષોથી વરસાદ તો પડતો જ રહે છે. પણ આજ સુધી તેને રોકવા માટે કંઈ થયું નહીં, આ સરકાર આવ્યા પછી ૩૦૫૮ જેટલા તળાવો બન્યા, ૮૭૧૮૧ જેટલા ચેક ડેમો બન્યા, મારા વિસ્તારમાં આઠ જેટલા આડ બંધો રાજય સરકારે ગત મહિના પહેલા મંજૂર કર્યા અને અઠવાડિયા દસ દિવસમાં આ આઠ આડ બંધો (૧) વૌવા (૨) જાખોત્રા (૩) મઢુત્રા (૪) પીપરાળા (૫) ગરાબડી (૬) ફાંગલી (૭) ગડસઈ (૮) પેદાશપુર આ આઠ બંધો પુરા થશે ત્યારે હું માનું છું કે આવતી સીઝનથી લાખો રૂપિયા ત્યાંના ખેડૂતો કમાઈ શકશે. રાજય સરકારને અભિનંદન આપીને આ માગણીઓમાં મારો સૂર પુરાવું છું

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૬૫,૬૬,૬૭ અને ૬૮ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળ એ જ જીવન છે, દરેક પ્રાણીઓને જળની જરૂરિયાત હોય છે, પરંતુ આ મારા કોંગ્રેસના મિત્રોએ કોઈ દિવસ જળ માટે અને જળના સંગ્રહ માટે કોઈ દિવસ વિચાર ન કર્યો. આ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ જળની ચિંતા કરી છે. કોંગ્રેસની નીતિના કારણે પાણી ઊંડા થતાં ગયા, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં એટલી હદે પાણી ઊંડા ગયા કે ઉત્તર ગુજરાતમાં તો એમની સરકારોના વખતમાં એક હજાર ફૂટ સુધી પાણી ઊંડા જતા રહ્યા. સૌરાષ્ટ્રમાં ઘણાં કૂવાઓ પાણી વગર ખાલી પડ્યા, આ રાજયના મુખ્ય મંત્રીશ્રીની દીર્ઘ દૃષ્ટિને કારણે એમણે વિચાર કર્યો અને પાણીના જ્યારે ફાંફા પડતા હતા ત્યારે આ ભૂગર્ભ જળ માટે રીચાર્જની યોજના કરી, અને ૫૧ હજાર જેટલા પાણીના ચેક ડેમો કર્યા, માનનીય ભીખાભાઈ, આપની સરકારે આજ સુધીમાં પાંચ હજાર કર્યા હતા, જ્યારે આજે ૫૧ હજાર ચેક ડેમો થયા છે. અને તેને કારણે ઉત્તર ગુજરાતમાં જે પાણી એક હજાર ફૂટ સુધી ઊંડા ગયા હતા તે જગ્યાએ આજે ૩૦૦ થી ૪૦૦ ફૂટથી પાણી મળવા લાગ્યા છે. હું હમણાં જ મારા વતનમાં ગયો હતો. લોકો આજે પોતાના ઘરના કૂવા બૂરી દેવા માંડયા છે, એક ભાઈએ તો દસ થી પંદર ફૂટ કૂવો બૂરી દીધો છે, અને આજે તેના ઉપર પણ વીસ ફૂટ પાણી છે. આ તેનું પરિણામ છે. અમારા માનનીય મુખ્ય મંત્રીશ્રી કહેતા કે ખેડૂતોને પાણીની જરૂરિયાત છે કે વીજળીની? તો ખેડતોને પાણીની જરૂરિયાત છે અને તેના કારણે આ રાજય સરકારે જળ સંગ્રહને મહત્ત્વ આપી અને સંગ્રહ શકિતમાં અને સિંચાઈની સગવડોમાં વધારો કરી રાજયના ખેડૂતોને આર્થિક ફાયદો થાય તેવી કાર્યવાહી કરી છે તે બદલ આ રાજયના મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

મારા વિસ્તારમાં મહિસાગર છે, એમાં ખારા પાણી આગળ વધવા માંડયા હતા., અને એ ખારાશને અટકાવવા માટે ૩૧ કરોડના ખર્ચે મહી વીયરની યોજના કરી અને (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે વખતે આ યોજના ચાલુ થઈ અને તરત જ લોકસભાની ચૂંટણી આવી એ વખતે આ યોજના ચાલુ થઈ અને તે અરસામાં ગઈ લોકસભાની ચૂંટણી આવી અને કોંગ્રેસના મિત્રોને ખબર પડી કે જો મહી વિયર થઈ જશે તો આપણા સૂપડાં સાફ થઈ જશે. તેથી આ સ્થળ ઉપર ટ્રેકટરો ભરી ભરીને કોંગ્રેસના મિત્રો આવ્યા અને કામ અટકાવ્યું. ત્યારપછી લોકસભાની ચૂંટણી પૂરી થઈ ત્યાં સુધી કામને આગળ વધવા ન દીધું. લોકસભાની ચૂંટણી પૂરી થઈ પછી કામ પુરુ થયું. જો આ કામ ન રોક્યું હોત તો અત્યારે લોકોને પાણી મળતું હોત, શુદ્ધ પીવાનું પાણી લોકોને મળતું હોત. કોંગ્રેસના મિત્રોએ એક વખત આ કામ અટકાવ્યું તેમ છતાં આ સરકારની કેટલી વિશાળતા, આનો વિરોધ કરવા છતાં મહી વિયરના નીચેના ભાગમાં બીજો મોટો મહી વિયર બાંધવાની યોજના આ સરકારે કરી છે. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આના કારણે વડોદરા અને સામે આણંદ જિલ્લામાં શુદ્ધ પીવાનું પાણી મળશે અને ખેતીને પણ પાણી મળશે. આ મહી વિયર બંધાઈ જશે પછી લગભગ ૨૦ કિલોમીટરમાં પાણી ભરાવાનું છે. તેના લીધે ભૂગર્ભના જળ રીચાર્જ થવાના છે અને જમીનની પણ ફળદ્રુપતા વધવાની છે. આ મહી વિયરના કારણે ૧૧૨૦૦ હેકટર જમીનમાં સિંચાઇની ખાસ સુવિધા પણ થવાની છે એટલું જ નહિ વડોદરા શહેર અને જિલ્લાને પણ શુદ્ધ પીવાનું પાણી પણ મળી રહેવાનું છે ત્યારે હું આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને તથા માનનીય નરોત્તમભાઈને અભિનંદન આપું છું.

મારા વિસ્તારમાં ઉદ્યોગો આવેલા છે એના લીધે ભૂગર્ભ જળ બગડ્યા છે. ભૂગર્ભ જળને પ્રદૂષણની અસર થવા માંડી ત્યારે કોઈની પણ માગણી ન હોવા છતાં આ સરકારે સામે ચાલીને ધ્યાન આપ્યું છે. અગાઉની સરકારોમાં તો રજૂઆત કર્યે વરસો જાય તો પણ કોઈ ધ્યાન ન આપે. અમારી સરકારે તાત્કાલિક અમારી જે મીની નદી છે એના ઉપર એક કરોડના ખર્ચે વિયર બાંધ્યો એના લીધે પાણીની ગુણવત્તા વધી છે. આના કારણે

આજુબાજુના ખેડૂતોના ભૂગર્ભ જળ તેમજ ચેક ડેમમાંથી સીધું પાણી સિંચાઇ માટે મળવાનું છે. આ પ્રકારની દીર્ઘ દ્દષ્ટિ દાખવનાર આ સરકારને અભિનંદન આપું છું.

હમણાં કવાંટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીનો પોગ્રામ હતો. હું પણ ત્યાં ગયો હતો. હું બોડેલી પહોંચ્યો ત્યાં આગળ મારા એક મિત્ર મને મળ્યો. તેઓ ભારતીય જનતા પાર્ટીના કાર્યકર નહોતા, કોંગ્રેસ વિચારધારાના કાર્યકર હતા છતાં મને કહ્યું કે આઝાદી પછી પહેલા મુખ્યમંત્રીશ્રી આપણને મળ્યા છે. ચેકડેમો અને પાણી સંગ્રહવાના કારણે ખેતીનું ઉત્પાદન વધ્યું છે. વિક્રમજનક ઉત્પાદન થયું છે. આજ સુધીનો રેકોર્ડ છે એટલું ઉત્પાદન થયું છે. એ મારા મિત્ર અને કોંગ્રેસના કાર્યકરનો એટલો ભાવ થયો અને મારી સાથે ત્યાં કવાંટ આવ્યા અને કહેવા લાગ્યા કે મારે માનનીય મુખ્યમંત્રીશ્રીને સાંભળવા છે અને તેમના દર્શન કરવા છે. આ એમના શબ્દો હતા. આ ભાઈએ કહ્યું કે આ મુખ્યમંત્રીશ્રી માટે મને ગૌરવ છે અને એમને જેટલાં અભિનંદન આપું એટલાં ઓછાં છે.

હમણાં અહીંયા વાત થતી હતી. અગાઉની સરકારોએ પીવાના પાણીની સગવડ ન કરી એના કારણે મને ખબર છે ઉનાળો આવે એટલે માલધારીઓ સૌરાષ્ટ્રમાંથી નીકળીને રોડ ઉપર કેટલા બધા નીકળતા હતા. તેઓને અમારે ત્યાં મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં જઈને રખડવું અને ભટકવું પડતું હતું. તેને બદલે આજે એક પણ માલધારીને પોતાને સ્થળાંતર કરવું પડતું નથી. એ આ ભારતીય જનતા પાર્ટીની દેણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નર્મદાના પાણી આ બધા કહે છે, કેવડીયાથી કચ્છ સુધી પહોંચાડ્યા હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે પહોંચાડ્યા છે. તો(અંતરાય) તમે તો બધી વાતો જ કરી. કંઈ કર્યું જ નથી. કચ્છ સુધી પાણી પહોંચાડીને તૃપ્ત કર્યા છે. આના કારણે લોકોના આશીર્વાદ મળવાના છે અને આવનારી ૧૨મી ચૂંટણીમાં ૧૨મી તારીખે આ કોંગ્રેસના ૧૨-૦૦ વાગવાના છે.

**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં સરદાર સરોવર માટેની જે ૩૦૧૦ કરોડની ચાલુ વર્ષે જોગવાઈ કરી છે તેમાં જે સિંચાઈની કેનાલોના કામ છે જે બહુ મોટા પ્રમાણમાં બાકી છે. એ કામ તાત્કાલિક કરે અને બધા પૈસા જે બજૅટમાં ફાળવ્યા છે તે બધાનો ઉપયોગ થાય. જળ સંસાધન વિકાસ માટે ૧૫૫૯ કરોડની જે જોગવાઈ આ બજૅટમાં કરી છે તેમાં ચેકડેમો, ખેત તલાવડીઓ અને અન્ય કામગીરી છે એ પૂરેપૂરા પૈસા તેમાં વપરાય તેમજ ૧૨૨૦ કરોડ જે સુજલામ્-સુફલામ્ યોજનામાં જેમાં ટપક સિંચાઈ પ્રમાણે અને ૧૫૦૦ કરોડ સાથે મેળવીને જોગવાઈ કરી છે તેમાં કેટલા ખેડૂતોએ લાભ લીધો અને પૂરેપૂરી કામગીરી થાય.

મારે વિશેષ અવલોકન નથી કરવું પણ મારે માનનીય પાણી પુરવઠા અને સિંચાઈ મંત્રીને એક વાત કરવી છે કે છેલ્લા ૧૦ વર્ષમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં જે પાણી પુરવઠા અને ખેતી આધારિત અર્થતંત્ર આ દેશનો અને ગુજરાતનો પાયો છે, ખેતીવાડી તેમાં ૨૫ ટકા જેટલી જે બજૅટમાં જોગવાઈ થાય છે તેમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૧૦ વર્ષમાં મારે આંકડા સાથે જોઈએ છે કે કેટલા પૈસાનો ખર્ચ કરવામાં આવ્યો? એ સૌરાષ્ટ્ર કચ્છમાં મારે વાત કરવી છે. કોઈ અવલોકનની વાત નથી. ભૂતકાળમાં પણ ખેતી અને ખેડૂત દેશ અને દુનિયાનો પાયો રહ્યો છે. દેશના વિકાસમાં પાયાના પથ્થર તરીકે આર્થિક, સામાજિક અને ધંધાર્થી જે તમામ આયોજન છે એ ૭૦ ટકા ખેડૂત આધારિત, ખેતી આધારિત છે. જ્યારે સૌરાષ્ટ્રમાં મેં કહ્યું તેમ જૂના ઘણાં ડૅમો બન્યા છે. તેમાં હું એમ કહેવા માગું છું કે મચ્છુ ડૅમ હોય મોરબીમાં, વીલીંગ્ટન જુનાગઢમાં, આજી-ન્યારી રાજકોટ, હિરણ-૧, હિરણ-૨ જુનાગઢ, કચ્છમાં વિજયસાગર, બધેડા અને કંકાવટી, મથવાઈ, ફતેહગઢ અને અન્ય જે ડૅમો બન્યા છે જે કરોડો રૂપિયાની યોજના દ્વારા આજે પણ તે ડૅમોમાં ખેડૂતોને સિંચાઈ અને કેનાલના પાણી મળે છે. મારે વાત એટલા માટે કરવી છે કે જુનાગઢ જિલ્લામાં મારા મતવિસ્તારમાં માળિયા તાલુકાનો અમુક ભાગ આવે છે. તેમાં મેઘલ નદી છે, એ મેઘલ નદીમાં કેનાલનું કામ એક વર્ષ પહેલાંનું ચાલુ કરેલું. મારે એ જ વાત કરવી છે કે એક વર્ષથી જે કામ ચાલુ હતું એ કામ ત્રણ તબક્કે બંધ થઈ ગયું. મેં ભાઈશ્રી રતિભાઈ અમારા જુનાગઢના મંત્રી છે તેને વાત કરી. તેમણે સાધનો અઠવાડિયા પહેલાં મોકલ્યા. અને જે કામ ચાલુ કરાવ્યું છે એ પણ મારે કહેવું છે કે એ જૂના ડેમ ૧૯૭૨-૭૫માં બનેલ ડેમનું કામ છે એમાં માની લો કે એક હજાર ખેડૂતોને એનો લાભ થતો હોય અને એમાં ખર્ચ ૫૦ લાખનો હોય, આ કેનાલની વાત નથી કરતા, સીડોકર ગામથી આદરી સીમાર વડોદરા ડોડીયા બાજુનો જે ૧૦ ગામોને અને ઓછામાં ઓછા ૨ હજાર ખેડૂતોને અસર કરતી એક કેનાલ જો કરવામાં આવે તો આ જૂનો ડેમ જરૂર છે પણ ૧હજાર ખેડૂતોને ફાયદો થાય. માત્ર અને માત્ર એનો એસ્ટીમેટ અને પ્રાથમિક સરવે કર્યો છે એમાં ૭૦-૮૦ લાખ રુપિયા છે તો મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ એકાદ હજાર ખેડૂતને ફાયદો થાય અને આ બજેટમાં એની જોગવાઈ કરે. મારે મેઘલ નદીમાં ત્રણ વર્ષ પહેલા નરોત્તમકાકાએ ૨૦ દરવાજા કાઢયા અને કાઢયા પછી ૧૪ દરવાજા બાકી હતા ત્યારે મેં કહ્યું કે બધા દરવાજા હટાવી લેવા જોઈએ અને સ્લોપ આપી અને પાણીનો જે ભરાવો છે તે ૧૫ ગામોને લાગુ પડે છે ત્યારે એમણે ૨૦ દરવાજા કાઢી અને ત્યાં સ્લોપ આપ્યો એનું પરિણામ સારું આવ્યું છે. હજી ૧૨ દરવાજા જે રહ્યા છે એનો આ બજેટમાં સરવે થયો છે.

માનનીય મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે કે આ ૧૨ દરવાજા કાઢી અને ત્યાં સ્લોબ આપે તો આ વિસ્તારના ૧૦ ગામના ખેડૂતોને મોટો ફાયદો થઈ શકે એમ છે. જૂનો ડેમ જરૂર છે. તળીયામાંથી પાણી જતુ રહે છે. ત્યાંના અધિકારીને મેં કહ્યું એટલે એમણે એસ્ટીમેટ કરીને મોકલ્યો છે. જો સંપૂર્ણપણે આ ડેમને રિપેર કરવામાં આવે તો ભવિષ્યમાં આ વિસ્તાર, જ્યાં દરીયાકીનારાની બાજુમાં જ પાણીના એક એક ટીપાની કિંમત છે ત્યારે એ વિસ્તારના ૧૭ થી ૧૮ ગામડાને લીલી જે નાઘેર કહેવાતી એ નાઘેર ફરી થાય એ માટે હું એમને વિનંતી કરું છું.

મારો મતવિસ્તાર સોમનાથ, સોમનાથ ત્રિવેણી સંગમ છે. કપીલા, સરસ્વતી, હિરણ આ ત્રણ નદી ભેગી થાય છે. ભારત સરકારની યોજના અને વિભાગ મારફત જે તે વખતે માનનીય લાલકૃષ્ણ અડવાણીજી ત્યાં આવેલા અને એમણે નકકી કર્યુ કે અહીં એક મોટો બંધારો બનાવવામાં આવે. ૨ લાખની વસ્તીને પીવાના પાણીની સગવડતા થાય અને આજુબાજુના આ ૨ તાલુકાને વેરાવળ અને સુત્રાપાડા તાલુકાને ફાયદો થાય એવી યોજના એના મનમાં અને કલ્પનામાં મૂકી એના ટેન્ડરો નીકળી ગયા. ટેન્ડરો ફાઈનલ થયા પણ કામ નથી થયા. આ સોમનાથ ૧૨ જયોર્તિલિંગમાં પહેલું જયોર્તિલીંગ છે. આ વિસ્તારમાં પીવાના પાણીની આ બંને તાલુકાની એક જબરજસ્ત યોજના છે. જો એની કલ્પના ન હોય બજેટમાં તો એ ૧૦૦ ટકા લવાય અને જે સોમનાથ બંધારાના નામે છે એ પૂરું થાય એવી હું આપના દ્વારા વિનંતી કરું છું. વડોદરા-જાલાગામ જે મારું વતનનું ગામ છે ત્યાં ૧૯૬૮-૧૯૬૯માં જે ભરતી નિયંત્રણને કારણે એક નાનો ડેમ બનાવ્યો એના હિસાબે ૧૦ થી ૧૨ ગામો રોઢવ, ધામેજ, સુત્રાપાડા સુધીના તમામ ખેડૂતોને મોટો ફાયદો થાય. પાણી અને વરસાદની અનિયમિતતાને કારણે મારે એ કહેવું છે કે સરસ્વતી, નદીને લીંક કેનાલથી જોડી અને આ કામ કરવા માટે ૪ વર્ષ પહેલા નરોત્તમભાઈ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉદ્દઘાટન કર્યુ છે એ કામ ૫૦ ટકા હજી બાકી છે તો એ કામ માટે આવતા બજેટમાં જોગવાઈની લાંબી જરૂરિયાત નથી. ૫ લાખ કે દસ લાખ કે ૧૫ લાખનું કામ છે એ તાત્કાલિક પૂરું થાય, તો એ વિસ્તારની શકલ બદલવામાં સફળતા મળશે.

કોઈની ટીકા ટિપ્પણ કરતા મારે એક વાત કરવી છે કે આ દેશની અંદર કોઈ નવી યોજના અને ખેડૂતલક્ષી યોજના જેણે કરી છે એનો ઈતિહાસ લખાણો છે. મારે આપના દ્વારા વાત કરી છે કે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીથી માંડી સિંચાઈના પાણીના એક એક ટીપા માટે જયારે ખેડૂતો તલપાપડ થાય છે ત્યારે ૧૯૯૮માં પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ જે ખેડૂતના દીકરાને નાતે એમણે એક કલ્પના કરી, હું આખા ગુજરાતની વાત નથી કરતો, હું હિન્દુસ્તાનભરની વાત કરું છું.કે હિન્દુસ્તાનભરમાં કલ્પસર યોજના એક નર્મદા યોજના જેવી જ યોજના સાકાર લઈ રહે એવી કલ્પના તેમણે કરેલી. મારે વાત કરવી છે કે કલ્પસર યોજનામાં જ્યારે ૧૯૯૮માં ફિઝિબિલિટી રિપોર્ટની વાત થઈ કે ૨૦૦૭ સુધીમાં કામ પૂરું થશે. પણ મારે કહેવું છે કે આજે ૨૦૦૭નું વર્ષ ચાલે છે, હજુ ફિઝિબિલિટી રિપોર્ટ આવ્યો નથી. ૨૦૧૦માં આવવાનું કહેતા દર્શાવાય છે. તો આ યોજનાનો ઈતિહાસ લખાશે. આવનારા દિવસોમાં સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડૂતો તમને ખુશખુશાલ કરશે જો તમે આ કલ્પસર યોજનાની આવતા દિવસોમાં કામગીરી શરૂ કરશો. માત્ર પ્રાથમિક સરવેથી આ કામગીરી ચાલે તેમ નથી. આ કલ્પસર યોજના એક ઉમદા અને વિશ્વમાં એની નામના રહે એવી યોજના છે એનું કામ થાય એના માટે કામ શરૂ કરો એવી કલ્પના કરું છું. ભગવાન મહાવીરે પણ કહ્યું છે કે પાણીને ઘીની જેમ વાપરો. આવતા દિવસોમાં કલ્પસર યોજના સાકાર કરવામાં આવે એવી આપના દ્વારા વિનંતી કરું છું.

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પાણી પુરવઠા અને જળસંપત્તિ અને નર્મદા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયા છે એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનો ઈતિહાસ જેટલા સમયથી ઉપલબ્ધ છે એ સદીઓથી ગુજરાત પરંપરાગત રીતે પાણીની અછતવાળો વિસ્તાર રહ્યો છે. પાણીની અછતવાળા વિસ્તાર એવા આપણા પ્રદેશમાં જળ એ જીવન છે અને ગુજરાતના વિકાસને સમગ્ર દેશના વિકાસના નકશા ઉપર ટોચના ક્રમે જો ગુજરાતને મૂકવું હોય તો પાણીનું સુનિયોજીત આયોજન થવું ખૂબ જ જરૂરી છે. સુનિયોજીત આયોજન આ ભારતીય જનતા પક્ષની સરકારના શાસનમાં આવ્યા પછી એની શરૂઆત કરી છે. આ રાજ્યની સ્થાપના વખતથી જો આ સુનિયોજીત આયોજન થયું હોત તો અત્યારે જે પ્રશ્નો આપણે ફેસ કરવા પડે છે એ ન કરવા પડતા. આ રાજ્યની રચના પછી જ્યાં સુધી ભારતીય જનતા પક્ષ શાસનમાં આવ્યો (અંતરાય) જે લોકો અત્યારે વિક્ષેપ કરે છે એમને ખબર છે કે હું શું બોલવાનો છું એટલે વિક્ષેપ કરે છે. ભારતીય જનતા પક્ષના શાસનમાં આવ્યા પછી આ પાણીનું સુનિયોજીત આયોજન ચાલું થયું. ગુજરાતના ભાગ પ્રમાણે પાણીની ઉપલબ્ધી જોઈએ તો સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત આ ત્રણ વિસ્તારમાં ગુજરાતની ૬૦ ટકા વસતિ રહે છે અને લગભગ ૨૫ ટકા પાણી ત્યાં ઉપલબ્ધ છે. મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ૪૦ ટકા વસતિ રહે છે અને ૭૫ ટકા પાણી ઉપલબ્ધ છે. આ અસંતુલિત પાણીની વહેંચણી કુદરતે આપણને આપી છે. પરંતુ જેની દ્રષ્ટિમાં વિકાસની સમજણ છે એ લોકો કુદરતે આપેલ આ અસંતુલિત પાણીની વહેંચણીને માનવીના પુરુષાર્થ અને પ્રયત્નોથી, માનવને ઈશ્વરે આપેલ બુદ્ધિથી સંતુલિત કરી સમગ્ર ગુજરાતનો સંતુલિત વિકાસ થાય એના માટે પ્રયાસ કરવો જોઈતો હતો. મારે કહેવું પડે છે કે રાજ્યની

સ્થાપના પછી અનેક વર્ષો સુધી વિપક્ષના મિત્રો ટ્રેઝરી બૅન્ચ ઉપર બેઠા હતા. આ અસંતુલિત પાણીની વહેંચણીને સંતુલિત કરવા માટે કોઈ પુરુષાર્થ કામે ના લગાડ્યો, ના કોઈ યોજના વિચારી લાવ્યા કે ના કોઈ વિચારનો અમલ કર્યો અને એના પરિણામે અનેક વર્ષો સુધી ગુજરાત અસંતુલિત પાણીના લીધે વિકાસથી વંચિત રહ્યું. વિકાસથી વંચિત રહ્યો અને કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત એની અંદર વિશેષ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છમાં સ્થિતિ એવી ઊભી થઈ કે પાણીના તળ ૧૦૦૦ ફૂટ, ૧૨૦૦ ફૂટ ઊંડે ગયા અને પાણીની અંદર ફ્લોરાઈડ આવવા માંડ્યું, પાણી પીવા લાયક કે ખેતી લાયક ના રહ્યું, પશુ ના પી શકે એવું પાણી જમીનમાંથી નીકળવા માંડ્યું ત્યાં સુધી આ સમસ્યાના નિવારણ માટે કોઈ પ્રયત્ન કરવામાં ના આવ્યાં. અમારાં ઉત્તર ગુજરાતની અંદર બોરમાંથી નીકળે તો એક ટાંકી બનાવી હોય એમાંથી આખા ખેતરમાં પાણી જાય. એક દિવસ એવો આવ્યો કે એકની જગ્યાએ બે ટાંકી બનાવવી પડી. એક ટાંકીમાં પાણી પડે, બીજી ટાંકીમાં પાણી ઠંડુ થાય પછી ખેતરમાં જાય નહિ તો એટલું ગરમ પાણી આવે કે પાક બળી જાય એવી સ્થિતિ ઉત્તર ગુજરાતની થઈ ગઈ અને ઉત્તર ગુજરાત ધીરે ધીરે કચ્છનું રણ ખસતું ખસતું સમી-હારીજ સુધી આવી ગયું. કોઈએ એની ચિંતા ના કરી. કોઈના પેટનું પાણી ના હાલ્યું અને ઉત્તર ગુજરાત જો બીજું કોઈ ભારતીય જનતા પાર્ટીનુ શાસન ના આવ્યાં હોત, માનનીય નરેન્દ્રભાઈ સત્તા પર ના આવ્યા હોત અને માનનીય નરેન્દ્રભાઈ આ રાજ્યના મુખ્યમંત્રી ના બન્યા હોત, એમણે જો આ યોજના ના લીધી હોત તો સમગ્ર ઉત્તર ગુજરાત ૫૦ વર્ષની અંદર રણમાં તબદીલ થઈ જાય. અત્યારે જે માનનીય વિપક્ષના નેતાએ અને માનનીય ચંદ્રિકાબેને આરોપો કર્યા. હું એક જ વાત પર મારો વિચાર વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૂજલામ્ સુફલામ્ યોજના પર મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું. સૂજલામ્ સૂફલામ્ યોજના એટલે પાણીની અછતથી પીડિત ૧૦ જિલ્લા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર અને કચ્છ, મધ્ય ગુજરાત, પંચમહાલ, ઉત્તર ગુજરાતના ૬ જિલ્લા, આ ૧૦ જિલ્લાની કાયમી પાણીની સમસ્યા નિવારણ યોજના છે. આ કોઈ એક પક્ષની યોજના નથી. એ રીતે જો કોંગ્રેસ પાર્ટી, વિપક્ષના મિત્રો આ યોજનાના સમગ્ર ૧૦ જિલ્લાના લાભાર્થે છે એમ માનીને એનું સ્વાગત કર્યુ હોત તો મને આનંદ થાત. પરંતુ એની અંદર એમણે રાજકીય રોટલા શેકવાનો પ્રયત્ન કર્યો છે. પરિણામ સ્વરૂપ મારે બહુ જવાબદારીપૂર્વક કહેવું પડે છે કે આ યોજના આજે મોડી પડી છે. હું બહુ જવાબદારીપૂર્વક કહું છું કે એના માટે કોઈ જવાબદાર હ ોય તો એકને એક માત્ર કોંગ્રેસના મિત્રો અને કોંગ્રેસ પાર્ટી જવાબદાર છે. આ ૧૦ જિલ્લાની (અંતરાય સતત ઘોંઘાટ )

**સભાપતિશ્રી** : પ્લીઝ, માધુભાઈ બેસો. પ્લીઝ. સાંભળવું તો પડે ને.

**શ્રી અમિત અ. શાહ** : હવે સાંભળો એનો જવાબ આપું છું ચંદ્રિકાબહેન (અંતરાય)

**સભાપતિશ્રી .** : પ્લીઝ, પુંજાભાઈ કોઈ સભ્ય બોલતા હોય ત્યારે શાંતિ રાખો.

**શ્રી અમિત અ. શાહ** : મેં અગાઉ કહ્યું એ મુજબ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત (અંતરાય) ચંદ્રિકાબહેન જોરથી બોલવાથી જૂઠ્ઠું સત્ય ના થઈ જાય. તમે મને શાંતિથી સાંભળો ચંદ્રિકાબહેન. તમારા એકે એક આરોપના હું

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ મુજબ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત આ બધા ગુજરાતના વિભાગ વધુ પાણીની ઉપલબ્ધતાવાળા હતા અને ઉત્તર ગુજરાત, કચ્છ, સૌરાષ્ટ્ર એની અંદર પાણીની અછત હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અને શ્રીમાન નરેન્દ્રભાઈ મોદી આ રાજ્યના મુખ્યમંત્રીએ સૂજલામ્ સૂફલામ્ યોજનાનો વિચાર કર્યો અને એને અમલમાં મૂકવાનો નિર્ણય કર્યો. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, શું થઈ ગયું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : નહિ, ડૉકટર પ્લીઝ શાંતિ રાખો. નહિ પ્લીઝ. ચાલો.

**શ્રી અમિત અ. શાહ** : શું થઈ ગયું? આ યોજનાથી કડાણાના પૂરનું પાણી અને નર્મદાના પૂરનું પાણી આ ૧૦ જિલ્લાની તરસી ધરતીને નવપલ્લવિત કરવા વપરાવાનું છે. હું કેટલાંક આંકડા આ ગૃહના ધ્યાન ઉપર મૂકવા માગું છું. કડાણાની કુલ સ્ટોરેજ કેપેસીટી ૧૨૪૯ મેઘામીટર છે. લાઈવ સ્ટોરેજ ૧૧૯૧ મેઘામીટર છે. અને એની સામે છેલ્લા ચાર વર્ષોમાં કડાણામાંથી ૮,૭૮,૯૮૧ M.C.F.T. જેટલું પાણી દરિયામાં વહી ગયું છે, એમણે જો સુજલામ્ સુફલામ્ યોજના પહેલાં કરી હોત તો આ ૮,૭૮,૯૮૧ M.C.F.T. પાણી ઉત્તર ગુજરાતની ધરતીની તરસ છીપાવવા માટે વપરાયું હોત. એ એમને ના સૂઝયું અને અમને સૂઝયું એટલે રાજકીય અવલોકનો કરે છે. આ સુજલામ્ સુફલામ્ યોજનાના ચાર component છે એમાં પહેલું ખેત તલાવડી, બીજું ચેક ડૅમો, ત્રીજું નર્મદાનું પુરનું પાણી પાઈપ લાઈનથી ઉત્તર ગુજરાતના ડૅમોને પહોંચાડવું અને ચોથું કડાણા ડૅમથી ૭ જિલ્લાને વીંઝતી એક મોટી કેનાલ બનાવવી. આ ચાર વિભાગોમાં આ સુજલામ્ સુફલામનું કામ વહેંચાયેલું છે. આ સુજલામ્ સુફલામ્ યોજના પૂરી થાય તો શું થાય ? ૨ લાખ, ૯૩ હજાર હેકટર સિંચાઈ ગુજરાતના ખેડૂતો વધારે કરી શકે, ૨ લાખ, ૯૩ હજાર હેકટર. ગુજરાતની આ સૂક્કી ભઠ્ઠ થયેલી ૨૧ નદીઓ નવપલ્લવિત થવાની છે, ૨૧ નદીઓમાં નર્મદાનું અને કડાણાના પુરનું પાણી નાખવામાં આવવાનું છે. ૯ ડૅમો જે પોતાની પૂર્ણ કેપેસીટીથી સિંચાઈના ઉપયોગમાં નથી આવતા આ ૯ ડૅમોમાં ( અંતરાય ) પાણી નાખવાનું છે અને આ ડૅમો દ્વારા સિંચાઈ થવાની છે

વધારાની. ૨૨૪ તળાવોમાં પાણી નાખવાનું છે, ૩૫૭ ગામોને પીવાનું પાણી મળવાનું છે, ૭ શહેરોને પીવાનું પાણી મળવાનું છે અને આ યોજનામાં ૧૦ જિલ્લાઓના નાગરિકો અને ખેડૂતો લાભાર્થી છે અને આ યોજના માટે ૬ હજાર કરોડ કરતાં વધુ રકમનો ખર્ચ થવાનો છે અને આ ૬ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરી ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના એકે એક ખેડૂતને એને સિંચાઈ માટે પાણી મળે, આપણી ભાવી પેઢીને ફ્લૉરાઇડ રહિત પીવાનું પાણી મળે એની વ્યવસ્થા થવાની છે. આ આખી યોજના જ્યારથી અમે શરૂ કરી ત્યારથી વિપક્ષના મિત્રો એને જુદી જુદી રીતે રોકવાના પ્રયત્નો કરે છે. સૌથી પહેલો પ્રયત્ન કર્યો આ યોજના જ્યારે મંજૂર થઈ ત્યારે કેન્દ્રમાં NDAની સરકાર હતી અને એ વખતે આપણા માનનીય મુખ્ય મંત્રીશ્રી દિલ્હી ગયા હતા અને નાયબ વડાપ્રધાન અને નાણા મંત્રીશ્રી એ બંન્ને સાથે મિટિંગ કરી હતી અને **૩૧૭૩** કરોડ રૂપિયા લોક નારાયણ જયપ્રકાશ નારાયણ ફંડમાંથી મેળવવાનું આયોજન હતું અને જેવી NDAની સરકાર ગઈ અને UPAની સરકાર આવી અને ગુજરાત વિરોધી વલણ લીધું અને **૩૭૧૩** કરોડ રૂપિયા ગુજરાતને ફાળવવાના બંધ કર્યા. માનનીય ચંદ્રિકાબેન કહેતા હતા કે, ( અંતરાય ) માનનીય અધ્યક્ષશ્રી, ચંદ્રિકાબેન જ્યારે અહીંયા વક્તવ્ય આપતા હતા એ વખતે એમણે કહ્યું કે ૨૦૦૭ તો આવ્યું અને જવા પણ આવ્યું પરંતુ યોજના પૂરી નથી થઈ. માનનીય અધ્યક્ષશ્રી, યોજના પૂરી ના થવાનું કારણ  કેન્દ્ર સરકારે આ ૩૭૧૩ કરોડ રૂપિયા આપવાના બંધ કર્યા એ છે. ( અંતરાય )

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : આ બધા ખોટી માહિતી આપે છે. (અંતરાય )

**અધ્યક્ષશ્રી** : તમે તમારા પ્રવચનમાં જવાબ આપજો, વચ્ચે નહીં બોલવાનું, આપ જવાબ આપજો, લખી નાખો પૉઈન્ટ, જવાબ આપજો ( અંતરાય ) ચાલો પ્લીઝ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગૃહને બહું જવાબદારીપૂર્વક કહેવા માગું છું કે, કેન્દ્ર સરકારને પૈસા આપવા હોય તો આપે, ના આપવા હોય તો ના આપે, ગુજરાતની સરકાર અને શ્રી નરેન્દ્રભાઈ આ યોજના પૂરી કરવાના છે. આ ૧૦ જિલ્લાઓને પાણી મળવાનું છે એમાં કોંગ્રેસ પાર્ટી અમને રોકી નહીં શકે. માનનીય અધ્યક્ષશ્રી, પહેલો પ્રયત્ન એમણે કર્યો, અમારા પૈસા જે અમને ફાળવ્યા હતા, કેન્દ્ર સરકારે વચન આપ્યું હતું એ આપવાના બંધ કર્યા, બીજો પ્રયત્ન એમણે કર્યો કે પી.એ.સી.ના અધ્યક્ષા માનનીય ચંદ્રિકાબેન હતા એ વખતે ( અંતરાય ) એમણે જાણી જોઈને આ વાત  જયારે ચંદ્રિકાબહેન પબ્લીક એકાઉન્ટ કમિટીના ચેરમેન હતા એ વખતે (અંતરાય) અમે કયારના શાંતિથી સાંભળીએ છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ બેસો, પ્લીઝ. શું વાત હતી?

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમતી ચંદ્રિકાબેન પબ્લીક એકાઉન્ટ કમિટીના ચેરમેન હતા અને જાણી જોઈને એ વાતને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એ તમારા વખતે જવાબ આપજો.(અંતરાય)

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, બિલકુલ નહીં.

**શ્રી અમિત અ. શાહ** : ચંદ્રિકાબહેન, મને સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, પબ્લીક એકાઉન્ટ કમિટીના કામકાજના નિયમો બનેલા છે. એ નિયમ પ્રમાણે આ કમિટી ચાલવી જોઈએ (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : એના રિપોર્ટની વાત ન થઈ શકે. નિયમની વાત થઈ શકે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પબ્લીક એકાઉન્ટ કમિટી ચલાવવા માટે અને એના માટેના નિયમો બનેલા છે. એ નિયમોમાં સ્પષ્ટ એવો ઉલ્લેખ છે કે કેગે જે અહેવાલ રજૂ કર્યો હોય, એ.જી.એ જે અહેવાલ રજૂ કર્યો હોય એ અહેવાલ ઉપર પબ્લીક એકાઉન્ટ કમિટી ચર્ચા કરી શકે. આ યોજના તો બહાર છે, યોજના ચાલુ  છે, પતી નથી. એનું એ.જી.નું ઓડિટ થયું નથી. આ યોજના હજી પૂરી થઈ નથી. કેગનું ઓડિટ થયું નથી. ઓડિટ પેરા આવ્યો નથી અને એ પહેલા જ પબ્લીક એકાઉન્ટ કમિટીએ આ યોજના ઉપર વિચારણા ચાલુ કરી દીધી. મારે એ પૂછવું છે કે પબ્લિક એકાઉન્ટ કમિટી એના નિયમ મુજબ ચાલે કે રાજકીય આશય પ્રમાણે ચાલે?

**શ્રી અર્જુનભાઈ દે.  મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે કે પબ્લીક એકાઉન્ટ કમિટીનું માત્ર મેં નામ લીધું હતું આપે કમિટીના શબ્દો પણ મારી પાસે પાછા ખેંચાવ્યા હતા. અહીં સભ્યશ્રી માર્ગદર્શન આપી રહયા છે. એવું માર્ગદર્શન આપે છે કે પબ્લીક એકાઉન્ટ કમિટીએ કામ કેવી રીતે કરવાનું? આજે એણે તો રિપોર્ટ તૈયાર કરી દીધો, આપી દીધો. તમારામાં હિંમત હોય તો રજૂ કરવા દો. જે સત્ય છે એ બહાર આવવા દો અને એમાં  અમારા તો પાંચ સભ્યો હતા. ૧૦ સભ્યો તમારા હતા.

**અધ્યક્ષશ્રી** : બહેન હું નહોતો પણ મને માહિતી છે કે ચંદ્રિકાબહેને હમણાં વિગતો આપી છે.(અંતરાય) પ્લીઝ આ વાત બરાબર નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : કોઈ પૉઈન્ટ ઑફ ઑર્ડર નથી. (અંતરાય) પ્લીઝ બેસો. (અંતરાય) નિયમોની વાત કરી શકાય. નિયમોની વાત છે અને એ કરી શકે. નિયમની વાત.

**શ્રી અમિત અ. શાહ** : મેં અગાઉ કહ્યું તેમ આ યોજનાને પહેલા કેન્દ્ર સરકાર તરફથી જે ભંડોળ મળતું હતું, તે અટકાવ્યું, પછી એ યોજના ઘોંચમાં પડી. આ યોજના આગળ (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રી અમિતભાઈ કમિટીના નિયમોની જ વાત કરે છે.

**શ્રી અમિત અ. શાહ** : પહેલા યોજનાને મળવાનું ભંડોળ બંધ કર્યુ, પછી યોજના ઉપર વેગ આરોપ કર્યા કે આ યોજનાની અંદર ભ્રષ્ટાચાર થયો છે. હું આ ગૃહની અંદર જવાબદારીપૂર્વક કહેવા માગું છું કે જે વ્યક્તિ વિપક્ષના સભ્યશ્રી એવું માનતા હોય કે આ યોજનાની અંદર ભ્રષ્ટાચાર થયો છે. એમણે ચોક્કસ વિગતો એમના વ્યક્તવ્ય વખતે મૂકવી જોઈતી હતી. કોઈ ચોક્કસ વિગતો એમણે મૂકી નથી. આમ છતાય હું કેટલીક વાત આ ગૃહને (અંતરાય) અમે શાંતિથી સાંભળ્યા છે. અમે શાંતિથી સાંભળતા હતા. આપે મને રક્ષણ આપવું જોઈએ. (અંતરાય) આપે મને રક્ષણ આપવું જોઈએ. અમે તો કડવી વાત શાંતિથી સાંભળી છે.

**અધ્યક્ષશ્રી** : તમે બોલો.

**શ્રી અમિત અ. શાહ** : આવા સૂત્રોચ્ચારમાં કેમ બોલાય. અમે કડવી વાત સાંભળી હતી. સત્યને ઘોંઘાટ કરીને નહિ દબાવી શકાય.

**અધ્યક્ષશ્રી** :પ્લીઝ, પ્લીઝ બેસી જાઓ. (અંતરાય) પ્લીઝ નો, નો.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ પહેલા એ લોકોએ આ યોજનાને કેન્દ્ર સરકાર તરફથી મળતું ભંડોળ અટકાવ્યું, પછી યોજના સૂચારૂરૂપે આગળ ન વધે એટલા માટે આરોપો લગાવ્યા. આરોપો વેગ લગાવ્યા. એ આરોપો ઉપર ઊંડો ઊતરવા માગું છું, પરંતુ આરોપો લગાવી ગૃહને આ રીતે બાનમાં લેવું ઠીક નથી.(અંતરાય) ભ્રષ્ટાચારનો જવાબ આપું છું. સાંભળો તો ખરા. તમારા આરોપોનો જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપે મને રક્ષણ આપવું જોઈએ.

**અધ્યક્ષશ્રી .** : પ્લીઝ, તમે પ્રવચન ચાલુ રાખો.

**શ્રી અમિત અ. શાહ** :બોલું એટલે સૂત્રોચ્ચાર કરે છે.

**અધ્યક્ષશ્રી** : ટાઈમ આપું છું. પ્લીઝ નો. નો. અમીતભાઈ આપ બોલો. (સતત અંતરાય) અમિતભાઈ બોલો. આપ ચાલુ રાખો.

**શ્રી અમિત અ. શાહ** : અર્જુનભાઈ આપે કરેલા આરોપોનો જવાબ આપું છું. શાંતિથી સાંભળો. માનનીય અધ્યક્ષશ્રી, તેમણે કરેલા આરોપોનો જવાબ આપું છું. (સતત અંતરાય) (આ તબક્કે કોંગ્રેસના સભ્યો દ્વારા ભ્રષ્ટાચાર બંધ કરો, ભ્રષ્ટાચાર બંધ કરો તેવા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા)

**અધ્યક્ષશ્રી .** :સાંભળવું પડે. સાંભળવું પડે. અમીતભાઈ નિયમોની વાત કરે છે. (સતત અંતરાય) હું ગૃહને પંદર મિનિટ માટે એડજોન કરું છું. (સાંજના ૪.૧૭)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સાંજના ૪-૩૨ કલાકે ફરી મળી**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

## વિધાનસભાની સમિતિના કાર્યક્ષેત્ર પર ટિપ્પણી અંગે

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે.

**અધ્યક્ષશ્રી** : કઈ નથી. તમને તક આપું છું.

**શ્રી અમિત અ. શાહ** : સાહેબ પહેલાં પૉઈન્ટ ઑફ ઑર્ડર લઈ લો. પછી મને સમય આપજો.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર એ છે કે વિધાનસભાના નિયમોના નિયમ-૧૭૪ ઉપર મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપસ્થિત કરવાના મુદ્દા માટે ઉપસ્થિત થયો છું. રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહ પબ્લિક એકાઉન્ટસ કમિટીના ચેરમેન જાણી જોઈને તે બાબતે જે વાત ઉપસ્થિત કરી અને પબ્લિક એકાઉન્ટસ કમિટી નિયમો પ્રમાણે ચાલે છે તેવા શબ્દો ટાંકી જે ઉલ્લેખ કર્યો છે તો વિધાનસભાની પબ્લિક એકાઉન્ટસ કમિટી અથવા કોઈપણ સમિતિઓ વિધાનસભાએ કરેલા નિયમો પ્રમાણે ચાલે છે અને નિયમોની બહાર સમિતિ કામકાજ કરી શકે નહીં. પબ્લીક એકાઉન્ટસ કમિટી જે કામગીરી કરે છે અને તેને જે સત્તાઓ છે તે સત્તાને અમિતભાઈ શાહ નિયમ પ્રમાણેની જે વાત કરે છે તેના સંદર્ભે આપનું માર્ગદર્શન માગું છું અને આપનું ધ્યાન દોરવા માગું છું. નિયમ-૧૭૪માં જણાવ્યું છે કે જો સમિતિને યોગ્ય લાગે તો જે બાબત તેના કામકાજ દરમ્યાન ઉપસ્થિત થાય અને કોઈપણ સમિતિ જયારે તપાસ કરે તે તપાસ દરમ્યાન કોઈપણ બાબત ઉપસ્થિત થાય અથવા ધ્યાનમાં આવે અને અધ્યક્ષશ્રી અથવા સભાગૃહના ધ્યાનમાં લાવવા જેવી લાગે તે બાબત પોતાને સોંપેલ કામ અને સત્તાની રૂએ સંકળાયેલ તેના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય અથવા તેને આનુષાંગિક ન હોય તે છતાં સમિતિની તપાસ દરમિયાન કોઈપણ રેકર્ડ ઉપર બાબત ધ્યાનમાં આવે, એ કેગમાં શું દર્શાવ્યું છે એ મહત્ત્વનું નથી, એ હોય કે ન હોય, છતાં સમિતિની તપાસ દરમિયાન ધ્યાન ઉપર આવે અને તે છતાં સમિતિ ખાસ અહેવાલ તૈયાર કરી શકશે. જાહેર હિસાબ સમિતિના ચેરમેન ડો.ચંદ્રિકાબેન ચુડાસમા ચેરમેન હતા ત્યારે સમિતિની તપાસ

દરમિયાન જે બાબતો ધ્યાન ઉપર આવી છે એ સરકારના જાહેર હિતની અંદર સમિતિની પ્રાથમિક જવાબદારી હતી કે પ્રજા સમક્ષ આ બાબત મૂકવી અને એટલા માટે જાહેર હિસાબ સમિતિએ ખાસ અહેવાલ રજૂ કરી અને આપને એ સબમીટ કર્યો છે વિધાનસભા ગૃહમાં મૂકવા માટે, એટલા માટે માનનીય અમિતભાઈ શાહે અહીંયાં પીએસીને ધ્યાનમાં રાખીને સમિતિ નિયમો પ્રમાણે ચાલતી નથી, કેગમાં આવ્યું નથી, અને ઑડિટ થયું નથી એ માનનીય અમિતભાઈ શાહનો મુદ્દો સંપૂર્ણપણે અપ્રસ્તુત છે, જાહેર હિસાબ સમિતિને પોતાનો અધિકાર છે અને માનનીય અમિતભાઈએ આ શબ્દપ્રયોગ કરી આ ગૃહનું અપમાન કર્યુ છે, અવમાન કર્યુ છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવા જોઈએ અને માનનીય અમિતભાઈ શાહને જાહેર હિસાબ સમિતિને જે અધિકારો મળ્યા છે એ અધિકારો ઉપર જે રીતે તરાપ મારવાની કોશિશ કરી છે એ કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં ત્યારે હું આપની પાસે સ્પષ્ટપણે માર્ગદર્શન માગું છું.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો તે નિયમ ૧૭૪ સ્પષ્ટ છે અને આજે જે પરિસ્થિતિ છે ત્યારે પહેલી વસ્તુ એ છે કે જે સમિતિએ જે તે વખતે જે કોઈ કામ કર્યુ એ માનનીય અધ્યક્ષશ્રી, આપના સચિવાલય અને સમિતિની વચ્ચે વિચારાધીન છે, જે વસ્તુ વિચારાધીન હોય એ મુદ્દો અહીંયા ઉપસ્થિત કરીને એના ઉપર એ નથી પણ માનનીય અમિતભાઈ શાહે જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, એમણે તો એટલું જ કહ્યું છે કે સમિતિ સમક્ષ જે મુદ્દાઓ ઑડિટના હોય એના ઉપર એ નિર્ણય કરી શકે અને એ ઉપરનો નિર્ણય એ ટાંકી રહ્યા હતા, સમિતિના સંચાલનના આંતરિક નિયમો જે છે એ સંચાલનના નિયમો માનનીય અમિતભાઈ શાહ ટાંકતા હતા અને એ ટાંકીને કહ્યું અને માનનીય અધ્યક્ષશ્રી, આપણી પરંપરાઓમાં છે કે સમિતિની કાર્યવાહી કેવી રીતે કરવી? એટલે સમિતિના ઑડિટ રિપોર્ટની વાત નહતી, એવી વાત એમણે તપાસી છે અને એ તપાસેલી વાત આપની પાસે વિચારાધીન છે એટલા માટે આ માનનીય પુંજાભાઈએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો એ મુદ્દો બહુ સૂક્ષ્મ રીતે જોઈએ, વધારે જીણવટથી જોઈએ તો પણ એમનો મુદ્દો રહેતો નથી કારણ કે સમિતિએ જે મુદ્દાઓ ઉપસ્થિત કરીને અહેવાલ તૈયાર કર્યો છે એ અહેવાલ અત્યારે ચર્ચામાં નથી. માનનીય અમિતભાઈ એ અહેવાલ ઉપર કહેતા નથી, અને મુદ્દો એ છે કે જે વસ્તુ આપની વિચારાધીન હોય અને વિચાર થઈને અહેવાલ આવે નહીં ત્યાં સુધી સમિતિના પ્રમુખશ્રી તરીકે રહી ગયેલી વ્યકિતએ તો એનો ઉલ્લેખ પણ નહીં કરવો જોઈએ અને વિરોધપક્ષના નેતાશ્રીએ એનો આડકતરો ઉલ્લેખ કર્યો છે એ પણ નહીં થવો જોઈએ પણ અત્યારે એ ચર્ચાનો વિષય નથી, ચર્ચાનો વિષય એટલો જ છે કે માનનીય અમિતભાઈ જે વાત કરતા હતા એ સાચી છે, યોગ્ય છે અને સંસદીય પ્રણાલીને અનુરૂપ છે કારણ કે એમણે તો સમિતિના સંચાલનના એ આંતરિક નિયમો છે એ નિયમો પ્રમાણે ચાલે છે કે ચાલી નથી એની વાત કરતા હતા, જે રિપોર્ટ છે એની વાત કરતા ન હતા અને માનનીય પુંજાભાઈએ જે મુદ્દો અહીંયા ઉપસ્થિત કર્યો છે એ મુદ્દો એટલા માટે નથી ચાલતો કે પ્રસ્તુત રહેતો નથી કેમકે એ વસ્તુ આપની વિચારાધીન છે, અને જે વસ્તુ વિચારાધીન હોય એની ચર્ચા હોઈ શકે નહીં.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, સવારના મારા પ્રવચનમાં પણ, માનનીય અધ્યક્ષશ્રી, મેં તો માત્ર એક સમિતિનો ઉલ્લેખ કર્યો અને મારી એ સમિતિના ઉલ્લેખ માત્રથી, સમિતિ તો બે છે, એક રાજય સરકારે આ ભ્રષ્ટાચાર માટે સચિવશ્રીઓની સમિતિ બનાવેલી છે અને બીજી જાહેર હિસાબ સમિતિની વાત છે, છતાં સમિતિનો ઉલ્લેખ આપે રેકર્ડમાંથી દૂર કરાવ્યો છે. સવારે એ મેં સ્પષ્ટતા કરી હતી કે મેં જાહેર હિસાબ સમિતિનો ઉલ્લેખ નથી કર્યો અને છતાંય વાત સાંભળવામાં આવી ન હતી, જ્યારે અહીંયા માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહને જાહેર હિસાબ સમિતિએ શું કરવું જોઈએ અને શું નથી કર્યુ. એણે ચર્ચાની શરૂઆત કરી કે આ કરી શકે નહીં, અને આમ કરીને માનનીય રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રીએ સમિતિની અવમાનના કરી છે અને ગૃહની પણ અવમાનના કરી છે. આમ કરીને બીજા સભ્યોને રોકવા અને પોતે એ સમિતિનો ઉલ્લેખ કરીને સમિતિએ બરાબર કામ નથી કર્યું, સમિતિએ કામકાજ બરાબર કર્યું છે કે નહીં એ તો સમિતિનો અહેવાલ આપણે બધા સાથે મળીને ઠરાવીએ અને સમિતિના અહેવાલની ચર્ચા કરીએ નિખાલસપણે, બીજી ચર્ચા પૂરી કરીને પછી કરીએ તો પણ મને વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી પાસે આપણે બધા સાથે મળીને વિનંતી કરીએ કે એના અહેવાલને અહીં આવવા દો, ટેબલ ઉપર આવવા દો અને ટેબલ ઉપર આવ્યા પછી નૈતિકતાથી આપણે બધા ચર્ચા કરીએ. સાચું શું છે, બરાબર છે કે નહીં, એ ૧૫ સભ્યોએ બરાબર કામ કર્યું છે કે નહીં? એની ચર્ચા કરીએ. આ તો એ અહેવાલ અહીં મૂકવા દેવો નહીં અને પછી પોતે એના ઉપર ટીપણીઓ કરવી કે એના પાસે આ નથી આવ્યું, આ નથી આવ્યું. નિયમ બહું સ્પષ્ટ છે કે, એને આવા વિશેષ અહેવાલ રજૂ કરવાના અધિકારો મળેલા છે. એટલે મારી માનનીય અધ્યક્ષશ્રી, આપને વિનંતી એટલી જ છે કે, માનનીય રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રીએ ગૃહનું અવમાન કર્યું છે અને એ અવમાનના સંદર્ભમાં આ અહેવાલ મેળવવા માટે વિશેષાધિકાર સમિતિમાં સોંપવામાં આવે અને વિશેષમાં આ જે સમિતિનો અહેવાલ છે એની આપણે બધા સાથે મળીને અહીંયા ચર્ચા કરીએ. એવી આપના મારફત મારી બધાને વિનંતી છે.

**શ્રી અમિત અ. શાહ (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુંજાભાઈ વંશે જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો અને એમાં માનનીય અર્જુનભાઈ મોઢવાડિયાએ એમના વિચારો વ્યકત કર્યા છે

એમાં એવું કહ્યું કે મેં વિધાનસભાની સમિતિનું અવમાન કર્યું છે અથવા વિધાનસભાની સમિતિના કામકાજ બાબતમાં મેં અવમાન કર્યું છે. ત્યારે મારે કહેવું છે કે, મેં તો કેવળ વિધાનસભાની સમિતિના બંધારણની અંદર ટાંકેલ નિયમ વાચ્યો છે એનાથી વિશેષ મેં બીજી કોઈ વાત કરી નથી. (અંતરાય) અર્જુનભાઈએ બીજો નિયમ વાચ્યો છે, નિર્ણય આપે કરવાનો છે એમાં અવમાનનો નિર્ણય અર્જુનભાઈ કેવી રીતે કરી શકે? માનનીય અધ્યક્ષશ્રી, હજુ હું નિયમ ૧૭૪ ફરી એક વાર વાચવા માગુ છું. જે માનનીય પુંજાભાઈએ ઉપસ્થિત કર્યો છે. ' જો સમિતિને યોગ્ય લાગે તો જે બાબત તેના કામકાજ દરમ્યાન ઉપસ્થિતિ થાય અથવા ધ્યાનમાં આવે ' આ વાકયથી નિયમ બનાવનારે સમિતિનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, એટલે કે 'જો સમિતિને યોગ્ય લાગે તો જે બાબત તેના કામકાજ દરમ્યાન ઉપસ્થિત થાય અથવા ધ્યાનમાં આવે' આ વાકયથી નિયમની અંદર સમિતિનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરવામાં આવ્યું છે કે જે બાબત સમિતિ સમક્ષ વિચારણામાં આવી હોય એનાથી ઉપસ્થિત થયેલ બાબત, અત્યારે જે ઘટનાની ચર્ચા ચાલે છે એમાં ૨૦૦૨નો એ.જી.નો રિપોર્ટ ચર્ચામાં હતો અને આ બાબત ૨૦૦૫ની છે એ કઈ રીતે ઉપસ્થિત થઈ શકે? (અંતરાય) તમે રિપોર્ટ પ્રેસમાં લીક કરાવ્યો એટલે ખબર પડી.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરવા માગું છું આપ ૧૭૪ના નિયમ ઉપર ધ્યાન આપો એવી મારી વિનંતી છે. તે બહુ સ્પષ્ટ છે જો સમિતિને યોગ્ય લાગે તો જે બાબત તેના કામકાજ દરમિયાન ઉપસ્થિત થાય અથવા ધ્યાનમાં આવે આનાથી, આ વાક્યથી સમિતિનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરેલું છે. સમિતિએ સોંપેલો રિપોર્ટમાંથી ઉપસ્થિત થતી બાબતો આ બહુ સ્પષ્ટ થાય છે એટલે તેના બહારની કોઈ વાત સમિતિ ના લઈ શકે. અને આ વાત સમિતિના પોતાના બંધારણની અંદર પણ વ્યવસ્થિત રીતે વ્યાખ્યાહીત કરેલી છે એટલે માનનીય પુંજાભાઈએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો નિયમ ૧૭૪નો તે આમાં લાગુ પડતો જ નથી. સમિતિ આગળ ૨૦૦૨નો એ.જી.રિપોર્ટ છે અને વિચારણા તેના પછીના વર્ષની થઈ છે એટલે આમાં ના લાગુ થાય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૨નો રિપોર્ટ હતો, તે સમિતિના અહેવાલમાં તે હતો તે માનનીય સભ્યશ્રીને કઈ રીતે ખ્યાલ આવ્યો અને તેમને આ ખ્યાલ આવ્યો તો આ રિપોર્ટમાંથી જ છે તો મારી પાસે બીજા રિપોર્ટની માહિતી પણ છે. તો હું આપી શકું ? તેમની પાસે જે માહિતી હતી તે મારી પાસે ઘણી છે મને આપ એલાઉ કરશો ? તેણે એમ કહ્યું માનનીય સભ્યશ્રીએ કે ૨૦૦૨ના રિપોર્ટ ઉપર સમિતિ વિચારણા કરતી હતી. તો મારી પાસે બીજી શું વિચારણા કરતી હતી તે બધી માહિતી છે હું આપી શકું ? આપની પરવાનગી માંગુ છું. તેમની પાસે માહિતી છે તો મારી પાસે પણ છે. તેમણે કહ્યું કે મારી પાસે માહિતી છે તે આપે છે. હું બોલ્યો ગૃહની અંદર તે આજે માહિતી હતી તેને આધારે બોલ્યો છું તેમ કહી શકું.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો તેમાં માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી ગૃહે જે વાત કરી કે આ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. મારો પહેલો સવાલ એ છે કે, રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રીને આ સમિતિ ૨૦૦૨નો રિપોર્ટ તપાસતી હતી તે કયાંથી ખબર પડી છે તે જાણવું અતિ જરૂરી છે અને એટલા માટે જાણવું જરૂરી છે કે આ રેકર્ડ ઉપર આ ગુપ્તતા છે. તેની ચર્ચા છે અને તેની ચર્ચા અહીંયા ના થઈ શકે. છતાં સમિતિએ આની તપાસ કરી છે તે માહિતી રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રી પાસે કયાંથી આવી તે બાબત સ્પષ્ટ થવી જોઈએ અને આ મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે તે રાજય કક્ષાના ગૃહ મંત્રીશ્રીએ જે પબ્લિક એકાઉન્ટ કમિટીને નિયમો પ્રમાણે ચાલવા માટેનું જે માર્ગદર્શન આપતા હતા તેમાંથી જ આ બાબત ઉપસ્થિત થાય છે અને તેમણે જે વાંચી તે મારા સમર્થનમાં જ લાગુ પડે છે અને ફરી વખત તે શબ્દ પ્રયોગો હું દોહરાવું છું કે પોતાને સોંપેલા કામ સાથે સીધી રીતે સંકળાયેલી અથવા તેના ક્ષેત્રમાં આવતી ના હોય અથવા તેને આનુષંગિક ના હોય તે છતાં સમિતિ અહેવાલ રજૂ કરી શકશે. સમિતિનો આ અબાધિત અધિકાર છે અને ત્યારે રાજય કક્ષાના મંત્રી એમ કહે કે આ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થતો નથી, આ નિયમ લાગુ પડતો નથી તે ઉચિત નથી. ત્યારે મારો પોઈન્ટ ઓફ ઓર્ડર સંપૂર્ણપણે સાચો છે, વાજબી છે, નિયમાનુસાર છે ત્યારે સંપૂર્ણપણે આપનું માર્ગદર્શન મળે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, મારું આખું પ્રવચન જેમાં માનનીય ગૃહમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો કે ચંદ્રિકાબહેને આ વાત કરી. મારે તમામ સભ્યશ્રીઓને અને આપને વિનંતી છે કે આખું રેકર્ડ જોવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, એકપણ શબ્દ મેં કોઈ વાત કરી નથી. જે અહેવાલ અહીં ટાંકયો એ માનનીય મંત્રીશ્રીએ તેમના પ્રશ્નોના જવાબોમાં આપવામાં આવ્યો છે એ હું રજૂ કરવા તૈયાર છું. બીજું કે જે વિગતો મેં આપી એ માહિતી અધિકાર હકકના એકટ મુજબ વિગતો મને આપવામાં આવી છે અને એ વિગતો મેં અહીં મૂકી છે અને બીજી વાત કરી નથી. માનનીય ગૃહમંત્રીશ્રી કે ગૃહને કેમ ચલાવવું, શું ચલાવવું, અધ્યક્ષશ્રીનો નિર્ણય અમને શિરોમાન્ય છે, પણ માનનીય ગૃહમંત્રીશ્રી સલાહ આપે કે આ કરવું અને આ ના કરવું એ મને લાગે છે કે બરાબર નથી. ખરેખર મારી વિનંતી છે કે ફરીથી હું રિપીટ કરું કે એકલા કોંગ્રેસની વાત નહોતી, કોઈ પક્ષની વાત નહોતી, ગુજરાતના ઈતિહાસમાં સમિતિ ઉપર પહેલી વખત શંકાની સોય મૂકી છે. ૧૦ ભાજપના ધારાસભ્યો અને ૫ કોંગ્રેસના ધારાસભ્યો છે, અમારા મનમાં કોઈ જ કટૂતો નહોતી અને કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોય ત્યારે ઓડિટ આવે અને ઓડિટ ભાગી જાય ત્યારે આ વાત કરવાનો હકક નથી ? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ચાલો, પ્લીઝ, હવે હું પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય કરું છું. ગૃહની સમક્ષ નિયમ ૧૮૬ સહજ આપસૌની સામે મૂકું છું. જે નિયમ ૧૭૪ ની વાત માનનીય સભ્યશ્રી પૂંજાભાઈએ કરી એની સામે નિયમ ૧૮૬ હું આપસૌના ધ્યાન ઉપર મૂકું છું. આ નિયમોમાં કોઈપણ સમિતિ સંબંધમાં કરવામાં આવેલ ખાસ જોગવાઈને આધીન રહીને આ ભાગમાંના સામાન્ય નિયમો બધી સમિતિઓને લાગુ પડશે, એટલે બીજી સમિતિઓ છે એના વહીવટ માટેના આંતરિક નિયમો છે એ અલગ છે એ પ્રમાણે બધું થઈ શકશે.

હવે હું અહીં ઉપસ્થિત થયેલ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપર નિર્ણય આપું છું કે નિયમ ૧૭૪ ની જોગવાઈ ખાસ અહેવાલ સંબંધેની છે. એ જોગવાઈ દરેક સમિતિ માટેના સામાન્ય નિયમો હેઠળની છે, નિયમ ૧૭૪ ની ખાસ અહેવાલ અંગેની જોગવાઈઓ  નિયમ ૧૮૬ ની જોગવાઈઓને આધીન છે. નિયમ ૧૮૬ ની જોગવાઈ મુજબ કોઈપણ સમિતિના સંબંધમાં સામાન્ય નિયમો હેઠળ કરવામાં આવેલ જોગવાઈ કે જે નિયમ ૧૭૪ હેઠળ દર્શાવી છે તે નિયમ ૧૮૬ ની જોગવાઈને આધિન છે. તેથી સમિતિઓ માટે સમાન્ય નિયમો હેઠળ કરવામાં આવેલ જોગવાઈ એ જે તે સમિતિઓ માટે કરવામાં આવેલ ખાસ જોગવાઈઓને આધીન છે. જાહેર હિસાબ સમિતિ માટેની ખાસ જોગવાઈ નિયમ  ૧૯૭ હેઠળ થયેલ છે. તેથી  નિયમ ૧૭૪ ની જોગવાઈ, નિયમ ૧૮૬ મુજબ નિયમ ૧૯૭ ની જોગવાઈને આધીન છે. તેથી નિયમ ૧૭૪ હેઠળ સમિતિ ખાસ અહેવાલ નિયમ ૧૯૭ ની જોગવાઈને આધીન જ કરી શકે. તેથી પોઈન્ટ ઓફ ઓર્ડર હું નામંજૂર કરું છું. આ બાબતમાં મેં કાયદાકીય અભિપ્રાય લઈને અહેવાલ સંબંધે જે નિર્ણય કર્યો હતો તે હું ફરીથી ગૃહના ધ્યાન ઉપર મૂકું છું. (અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે.  મોઢવાડીયા :** •*(xxxxxxxxxxxxxxxxxx xxxxxxxxxxxxxxx xxxxxxx xxxxxx xxxxxxxxx xxxxxxxxxxxxxxx xxxxxxxxxxxx xxxxxxxxxxxx xxxxxxxxxxxxxxxxx xxxxx
xxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxxx
)

**અધ્યક્ષશ્રી** :  ના, ના, આ બધું રેકર્ડ ઉપર ન લેતા. પ્લીઝ, (અંતરાય) બધાએ કહી દીધું છે, ઓ.કે., આગળ ચાલો. (અંતરાય)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૂઝલામ સૂફલામ યોજના બાબતમાં વાત કરતો હતો (ઘોંઘાટ)

**અધ્યક્ષશ્રી**  : મેં રૂલિંગ નિયમો પ્રમાણે આપ્યું છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)  (ક્રમશઃ)

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું સૂઝલામ સૂફલામ યોજનાની વાત કરતો હતો. આ યોજના દસ જિલ્લાની તરસી ધરતીની જરૂરિયાત વાળા ખેડૂતો માટે અને પીવાના પાણી માટે તરસતી પ્રજા માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી લઈને આવ્યા છે. મેં અગાઉ કહ્યું એમ આ યોજનાના ૪ મુખ્ય પાસાઓ છે. એમાંનું એક પાસું કેનાલનું છે.

***(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ સતત સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.)***

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એક પરંપરા ઉભી થઈ છે. કે પહેલા આરોપો કરવા અને આરોપોનો વિગતે જવાબ...

**શ્રી જીતેન્દ્ર સુખડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અમીતભાઈ એમની ચર્ચા પૂરી કરે અને ત્યારપછી માનનીય મંત્રીશ્રીઓના જવાબ પૂરા થઈ જાય અને મતદાન પુરું થાય ત્યાંસુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે તેવી હું વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રી .** : સભાગૃહનું આજનું કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની અવધી લંબાવવામાં આવે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના મિત્રો પહેલા આરોપો કરવા અને આરોપોનો જવાબ આપવા માટે ટ્રેઝરી બેંચ તરફથી સત્તાધારી પક્ષના સભ્ય ઉભા થાય ત્યારે કોઈ ને કોઈ બહાના હેઠળ મુદ્દા ઉભા કરવા અને બહાર નીકળી જવું, માનનીય ચંદ્રિકાબહેને કહ્યું કે માહિતી માગવાના અધિકાર હેઠળ માહિતી  મેળવી છે, માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીના જવાબમાંથી માહિતી મેળવી છે પણ..

**અધ્યક્ષશ્રી**  : મને એવું લાગે છે કે આપના પ્રવચન પહેલા કેટલીક ગેરસમજો આ અહેવાલ અંગે છે તેથી તે અંગેની સહેજ મારે વાત કરી લેવી જોઈએ. જાહેર હિસાબ સમિતિએ સન ૯૩-૯૪ના સી.એ.જી.ના અહેવાલ પરનો મને જે અહેવાલ રજૂ કર્યો હતો તે અહેવાલમાં સન ૯૩-૯૪ના વર્ષના સી.એ.જી.ના અહેવાલમાં સમાવિષ્ટ ઓડિટ ફકરાઓ પરની કોઈ બાબતનો સમાવેશ થયો નહોતો. પરંતુ  એ અહેવાલમાં સૂઝલામ સુફલામ  યોજના સંબંધે નિયમ ૧૯૭ની જોગવાઈઓનો ભંગ કરીને સમિતિએ કરેલ તપાસને લગતી ભલામણો હતી. જે સુસ્થાપિત થયેલ પ્રણાલિકા અને નિયમ ૧૯૭ના ભંગ સમાન હતી. જાહેર હિસાબ સમિતિની  તપાસનું  કાર્યક્ષેત્ર નિયમ

• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ ચર્ચા અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવી છે.

૧૯૭ થી નિયત થયેલ છે અને તે મુજબ સી.એ.જી.ના ઓડિટ અહેવાલમાં સમાવિષ્ટ ઓડિટ ફકરાઓ પર સમિતિ તપાસ કરી અહેવાલ રજૂ કરી શકે છે. સી.એ.જી.ના સન ૯૩-૯૪ના વર્ષના ઓડિટ અહેવાલમાં આ યોજનાને લગતો કોઈ ઓડિટ ફકરો નથી, ત્યારે સમિતિએ રજૂ કરેલ તપાસ અહેવાલ નિયમની જોગવાઈ સાથે સુસંગત નહીં હોવાથી અહેવાલને મેં મંજૂરી આપી નથી. અને સમિતિને સી.એ.જી.ના તે વર્ષના અહેવાલમાં સમાવિષ્ટ ઓડિટ ફકરાઓ પરની તપાસનો અહેવાલ મને રજૂ કરવા મેં સમિતિને પરત કર્યો હતો. આમ ૧૯-૬-૨૦૦૬ના રોજ મેં આ નિર્ણય કરી અને તેનો અમલ કરેલ છે.

**શ્રી અમિત અ. શાહ (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મે અગાઉ કહ્યું તે પ્રમાણે આ સૂઝલામ સૂફલામ યોજના આ રાજયના દસ જિલ્લાઓની તરસી ધરતિ પાણી માટે વલખા મારતા ખેડૂતો અને પીવા લાયક ન હોય તેવું પાણી પીતી પ્રજાના લાભાર્થે કરવામાં આવી છે. આ યોજના ૩ ભાગમાં વહેંચાયેલી છે. એક તો કડાણા થી બનાસકાંઠા સુધીની કેનાલ અને બીજી નર્મદાના પૂરના પાણી નર્મદા કેનાલથી ઉત્તર ગુજરાતના જુદા જુદા ડેમમાં પહોંચાડવા. ત્રણ, મોટી નદીઓ ઉપર ચેકડેમો, ચાર, ખેત તલાવડીઓ. માનનીય ચંદ્રિકાબહેન જ્યારે વાત કરતા હતા તે વખતે એમણે કહ્યું કે મેં માહિતી અધિકારના આધાર પર અથવા નરોત્તમભાઈના જવાબોમાંથી આ બધી વિગતો લીધી છે અને એના આધારે કહું છું કે આની અંદર ભ્રષ્ટાચાર થયો છે. માનનીય ચંદ્રિકાબહેને ભ્રષ્ટાચાર થયો હોય અને આરોપો કરવા હોય તો વાંધો ન હોય શકે, પરંતુ આ બાબતની કોઈ કોંક્રિટ વિગતો નથી મૂકી. હું આ ગૃહને જણાવવા માગું છું, એમણે ભ્રષ્ટાચારના આરોપો કર્યા છે એ કયા પ્રકારના છે. એમણે આરોપ એ કર્યો કે કેનાલો ખોદવામાં મોટી ખાયકી થઈ છે. એમની ખાયકીનો અર્થ કઈ રીતનો કર્યો છે એ સાંભળશો તો ખાયકીને નવી પદ્ધતિ અને એમની સમજણ એ બંને ગૃહના ધ્યાન ઉપર આવશે.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાનું ઉદ્દઘાટન કર્યુ ત્યારે પ્રવચન કર્યુ હતું અને કહ્યું હતું કે આ યોજનાની અંદર લોક ભાગીદારીનો પણ સમાવેશ કરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રવચન કરતા હતાં ત્યારે બહુ સ્પેસિફિક વાત કરી હતી કે ખેત તલાવડી બનાવવાનો કમ્પોનન્ટ છે સુજલામ સુફલામનો એ લોક ભાગીદારીથી પૂરો કરવામાં આવશે. બે ટ્રક ચાલે તેવી કેનાલો કોઈ દિવસ કોદાળી પાવડાથી ન ખોદાય, એ લોક ભાગીદારીથી ન ખોદાય. ૯૦૦ કરોડની કેનાલ દેશના ઈતિહાસમાં દુનિયાના ઈતિહાસમાં કોઈ લોકભાગીદારીથી ન થાય. જેના રેઈટમાં ગેરરીતિ થઈ હોય તો સરકાર એનો જવાબ આપવા માટે વિપક્ષની બંધાયેલી છે. પરંતુ રેઈટ કયા નક્કી થયા છે. આ સુજલામ સુફલામ યોજનાની અંદર માટી કામના ભાવો નક્કી થયા એ ૨૯ રૂપિયાનો ભાવ નક્કી કરેલ હતો. મારે આ ગૃહના સન્માનનીય સર્વે સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવું છે. વારે ઘડીએ પ્રેસમાં મુદો ઉઠાવીને વિરોધ પક્ષના સભ્યો આરોપ કરે છે. ૨૯ રૂપિયા ઘન મીટરનો ભાવ છે. આંધ્ર અને મહારાષ્ટ્ર એમના રાજયો છે. ત્યાં ભાવ નીકળ્યા છે તે ૬૦ અને ૭૫ રૂપિયાના નીકળ્યા છે અને આ રાજય સરકારે એનાથી અડધા રૂપિયાથી ઓછા ભાવે કામ કરાવ્યું છે. કયાં ૭૫ રૂપિયા અને કયાં ૬૦ રૂપિયા અને કયાં ૨૯ રૂપિયા ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ૨૯ રૂપિયા ઘન મીટરનો ભાવ. ચાર કરોડ ઘન મીટર માટી કામ કરાવ્યું છે અને હું કહેવા માગું છું કે આ ભાવ ૨૯ ને બદલે ૬૦ રૂપિયા હોત તો આપણને ૧૨૩ કરોડ રૂપિયાનો વધારે ખર્ચો થયો હોત. તેથી ૧૨૩ કરોડ રૂપિયાની બચત થઈ છે. શ્રીમાન ચંદ્રિકાબહેન કયાંય ભ્રષ્ટાચાર નથી થયો. એ ભ્રષ્ટાચાર કઈ રીતે કહે છે. લોક ભાગીદારીથી કરવાનું, લોક ભાગીદારીથી કર્યુ હોત તો આની અંદર આટલા લોકોના પૈસા આવવા જોઈતા હતા. આટલી મોટી કેનાલ, આ કેનાલ ઉપર હું આટો મારી આવ્યો છું કે જેમાં બે ટ્રકો જાય તેવી કેનાલો. બે ટ્રકો ઉપરા ઉપરી ચડાવો તો પણ કેનાલ ઉપરથી દેખાય નહિ તેટલી ઊંડી કેનાલો બનાવી છે. આ કેનાલો કોઈ દિવસ લોક ભાગીદારીથી થાય? આ રીતના વેગ આરોપો કરીને એમણે ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર આરોપો કર્યા છે. એમણે દસ જિલ્લાની તરસી પ્રજાની હિતની આડે રોડા નાખ્યા છે. દસ જિલ્લાના ખેડૂતોના ખેતરમાં પાણી પહોંચતા અટકાવ્યા છે. આ દસ જિલ્લાના બાળકોને ફલોરાઈડવાળા પાણીમાંથી મુકિત આપવાથી અટકાવ્યા છે. આ દસ જિલ્લાના ખેડૂતોના ખેતરની અંદર લીલોછમ પાક લહેરાતો અટકાવ્યો છે અને જો રાજકીય જ આરોપો કરવા હોય ચંદ્રિકાબહેન તો ઘણા આરોપો છે. એ સાંભળવા નથી બેસતા એનું મને દુ:ખ છે. પરંતુ એમણે બીજા આરોપો કર્યા છે. બીજો આરોપ કર્યો છે કે પાઈપ લાઈનના કામોની અંદર ગેરરીતિ થઈ છે. મારે એની પણ વિગતો આપવી છે. પાઈપ લાઈનના કામોમાં કોઈ ગેરરીતિ થઈ નથી. એમણે ઉલ્લેખ કર્યો છે ભારત સરકારના નોટિફિકેશનનો. ભારત સરકારનું પહેલું નોટિફિકેશન હતું એની અંદર ઉલ્લેખ હતો કે પીવાના પાણી માટે વપરાતી પાઈપો પર એકસાઈઝ ડ્યૂટી નહિ લાગે. એ પછી ભારત સરકારે બીજું નોટિફિકેશન બહાર પાડ્યું કે આની અંદર કહ્યું કે સિંચાઈના પાણીના ઉદ્વહન માટે પણ જે પાઈપો વપરાશે એની અંદર એકસાઈઝ ડ્યૂટી નહિ લાગે. જ્યારે કામ નક્કી થયું એ વખતે ખાલી પીવાના પાણીનો ઉલ્લેખ હતો અને નર્મદા કેનાલથી ડેમની અંદર જે પાઈપ લાઈનો નાખવાની છે એ પાણી નાખવા માટેની પાઈપ લાઈનો છે. એ સિંચાઈના કામની ગણાય એની અંદર એકસાઈઝનો ફાયદો ન મળે. એમ છતાંય જ્યારે બીજુ નોટિફિકેશન બહાર પાડ્યું એકસાઈઝની ચોખવટ થઈ એ પછી એના ફાઈનલ બિલની અંદરથી એ રકમ કાપી લેવામાં આવી છે. એટલે કોઈ ગેરરીતિનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આરોપો કરવા જ હોય તો તેમણે પુરાવા સાથે કરવા જોઈએ. હજી હું કહું છું કે ગૃહનો ઘણો સમય બાકી છે, પુરાવા રજૂ કરી ગૃહના ટેબલ ઉપર મૂકે આ રાજયની અંદર લોકાયુકતની

રચના થયેલી છે. ચંદ્રિકાબેન લોકાયુકતમાં પૈસા ભરીને ફરિયાદ કરે અને ફરિયાદ ખોટી નીકળે તો લોકાયુકતમાં સજાની જોગવાઈ છે એટલે કોઈ લોકાયુકતમાં ફરિયાદ નથી કરતું. પ્રેસનોટો આપે છે. ગૃહની અંદર વેગ વાત કરે છે અને જવાબ સાંભળવાનો સમય આવે ત્યારે નીકળી જાય છે. મારે આ ગૃહના સર્વે સભ્યોના ધ્યાન ઉપર લાવવું છે કે મુખ્ય જે કામો હતા તેની અંદર ચેકડેમોના કામો હતા. આ પણ ટેન્ડર બહાર પાડીને લોએસ્ટ લોકોને જ આપવામાં આવ્યા છે. એક પણ ટેન્ડર એવું નથી કે જે ફર્સ્ટ લોએસ્ટ વગરના કોન્ટ્રાકટરને આપવામાં આવ્યા હોય અને જો વિપક્ષના મિત્રો એવું માનતા હોય કે કચ્છની નદીઓ, સૌરાષ્ટ્રની નદીઓ અને ઉત્તર ગુજરાતની નદીઓ ઉપર મોટા મોટા ચેકડેમ જેની કિંમત કરોડોમાં થવા જાય. તેનો ૨૦ ટકા કે ૪૦ ટકા ભાગ ખેડૂતો કાઢે તો મને તેમની સમજ ઉપર દયા આવે છે. ગુજરાતના ખેડૂતો પાસેથી રાજય સરકાર અને એ નરેન્દ્ર મોદીની રાજય સરકાર આ ૪૦ ટકા પૈસા માગે? ખેડૂતોના કલ્યાણ માટે આ રાજય સરકાર પાસે ખૂટે નહીં એટલું બજૅટ છે. ૬૫૦૦ કરોડ રુપિયા અમે સુજલામ્-સુફલામ્ યોજના માટે આપ્યા છે. શેની લોક ભાગીદારીની વાતો કરે છે? લોક ભાગીદારીથી આખા સૌરાષ્ટ્રમાં ચેકડેમોની ગૂંથણી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. તમારી સરકારોમાં નથી થઈ પણ તમને એટલી સામાન્ય સમજ હોવી જોઈએ કે નદી ઉપર બનતો ચેકડેમ અને ગામના ઓવારા પર બનતો ચેકડેમ આ બેની અંદર અંતર હોય. ગામના નાકે ચેકડેમ બનાવીએ એ બે લાખ, ચાર લાખ, આઠ લાખ, દસ લાખનો હોય અને આ ચેકડેમ બનાવીએ એ બે કરોડ, પાંચ કરોડ, આઠ કરોડ, દસ કરોડના ચેકડેમ હોય. ૧૦ કરોડ રૂપિયામાં એ ગામના ખેડૂતો પાસેથી, તેના લાભાર્થી પાસેથી પૈસા લેવા એ ભારતીય જનતા પાર્ટીની નીતિ નથી. ભગવાન કરે અને કોઈક દિવસ સત્તા ઉપર આવે તો લે, તેમને ખેડૂતો પાસેથી પૈસા લેવા હોય તો, અમે ખેડૂતો પાસેથી પૈસા લેવા માગતા નથી. આ પ્રકારના વેગ આરોપો તેમણે કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તેમને ચોખવટથી વાત કરવી છે. આ રાજયની અંદર તેમણે શાસન કર્યું છે. અમેય શાસન કર્યું છે. એક પણ કૌભાંડનું નામ લોકજીભે નથી ચડ્યું અને તેમના શાસનમાં રફાળેશ્વર હોય કે વ્યારાના જંગલો હોય કે ધોવાયેલા ચેકડેમો હોય કે મહેશ સિમેન્ટનું કૌભાંડ હોય અનેકાનેક કૌભાંડો લોકજીભે ચડેલા છે. કૌભાંડોની વાતો તમે શું કરો છો? કૌભાંડોની વાત કરવી હોય તો આ રાજયમાં અનેક ફોરમ છે. ત્યાં અરજી કરો, અરજીમાં કૉંક્રિટ આરોપો મૂકો. એ અરજીની તપાસ કરાવો અને તપાસની કોન્સીક્વન્સીસ ફેસ કરવા માટે તૈયાર રહો. કોન્સીક્વન્સીસ શું ફેસ કરે સાહેબ, અહીં આરોપો કરીને મારો જવાબ પણ સાંભળવા માગતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એ લોકો સત્તા ઉપર હતા ત્યારે આ જ ઈરીગેશન ડિપાર્ટમૅન્ટની એક વાત મારા ધ્યાન ઉપર આવેલી છે. અહીં કેશુભાઈની સરકાર હતી. ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. એ સરકાર ઉથલી, પછી કોંગ્રેસ અને રાજપાની સંયુક્ત સરકાર આવી. અમારી સરકારના સમયમાં સિંચાઈની યોજનાઓ જે નક્કી થઈ હતી. એ લગભગ એસ.ઓ.આર.ના ભાવોભાવ નક્કી થઈ હતી. એક દોઢ ટકો ઉંચે નીચે. તેમની સરકાર આવી, તેની અંદર ૪૦ ટકાનો ભાવવધારો રાતોરાત મંજૂર કરી દીધો. ૪૦ ટકાનો ભાવવધારો અને જેવી તેમની સરકાર ગઈ, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, બીજાં ટેન્ડર આવ્યા, ૧૬ ટકા બીલૉ ટેન્ડર આવ્યા. મારે તેમને કહેવું છે કે આને ભ્રષ્ટાચાર કહેવાય. આને ભ્રષ્ટાચાર ન કહેવાય. ૨૯ રૂપિયા ઘન મીટરના માટીકામ કરાવ્યું છે. તેમની સરકારે ૭૦ રૂપિયા આપ્યા છે. તેમની સરકારે ૬૫ રૂપિયા આપ્યા છે. ડિપાર્ટમૅન્ટલી કામ કરે એ તો ૬૦ રૂપિયા થાય. કયાં ભ્રષ્ટાચાર રહ્યો? શેનો ભ્રષ્ટાચાર રહ્યો? પરંતુ એવો તર્ક કે આ કામ જો લોક ભાગીદારીથી કર્યું હોત તો આટલા રૂપિયા બચ્યા હોત અને સરકારના આટલા રુપિયા વધારે થયા. આવડી મોટી કેનાલો, બે ટ્રક ઉપરાઉપરી ચાલે એવડી મોટી કેનાલો કોઈ દિવસ લોક ભાગીદારીથી ન થાય. આખેઆખી નદીઓના બંધાતા ડૅમ લોક ભાગીદારીથી ન થાય. એક વસ્તુ માટે કરેલી વાત બીજી વસ્તુ માટે લાગુ કરીને ભ્રષ્ટાચારનો હાઉ ઉભો કરવો હોય, ભ્રષ્ટાચારનો ભ્રમ ઉભો કરવો હોય તો મારે વિપક્ષના સભ્યોને કહેવું છે કે ગુજરાતની પાંચ કરોડની જનતા એટલી ભોળી નથી. એ તમને ઓળખે છે. એ અમને ઓળખે છે. આ પાંચ કરોડની જનતાને ખબર છે. તેમના ખેતરમાં પાણી પહોંચાડવા માટેની આ યોજનાઓ છે. તેમના લીધે જ આ ૬૫૦૦ કરોડ રૂપિયાની યોજના ઉત્તર ગુજરાતના, સૌરાષ્ટ્રના અને મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાઓને સાંકળતી યોજના મોડી પડી છે. ૩૦૦૦ કરોડ રૂપિયા કેન્દ્રથી મળવાના હતા એ અટકી ગયા. ખોટા આરોપો કર્યા, તપાસો નીમાવડાવી. પ્રેસમાં આ મુદ્દા ચગાવ્યા અને ખેડૂતોને પાણી મળતું અટકાવ્યું છે. અહીંથી તો જતા રહ્યા છો તેનો વાંધો નહીં, પણ જ્યારે ચૂંટણીમાં મત માગવા જશો ત્યારે આ ૧૦ જિલ્લાની જનતા તમારો હિસાબ-કિતાબ ચૂકતે કરી નાખવાની છે તેની મને શ્રદ્ધા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બન્ને મંત્રીશ્રીઓ માગણી લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું મારો સૂર પુરાવીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા (નર્મદામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિકાસની માગણીઓ લઈને. હું આવ્યો છું. મારી શરૂઆત નર્મદાઅષ્ટકમથી કરવા માગું છું.

*સુધીર સિંધુ ગુર્જરી, તુ ભારતી ઉરેશ્વરી, તુમ વિધૃમ ઉગથી સ્વરી અમૃત્યુમ કંઠ ઉર્ધ્વરી,*
*સમુદ્ર પશ્ચિમે જરી સુરાષ્ટ્ર જાનવી સદા, સુરમ્ય ભવ્યદા સર્વદા નમામી દેવી નર્મદે.*

માનનીય અધ્યક્ષશ્રી, એક લોખંડી પુરુષ હતા જેમણે આ યોજનાનું સ્વપ્ન જોયું હતું જયારે સ્વપ્ન જોયું ત્યારે આ દેશમાં, આ રાજયમાં પાણીની કોઈપણ પ્રકારની તંગી નહોતી પરંતુ એમને ચોકકસ અંદેશો હતો જ કે અત્યારે કોઈપણ પ્રકારે પાણીની તંગી નથી. ગામે ગામ પાદરમાં નદીઓ વહે છે, કૂવા ઉભરાય છે પરંતુ ભવિષ્યમાં આ રાજયમાં પાણીની તંગી ઉભી થવાની છે, એ દીર્ઘદ્રષ્ટા લોખંડી પુરુષે આ યોજનાની કલ્પના કરેલી અને સ્વપ્ન સેવેલું હતું. આ યોજનાના મુખ્ય ત્રણ કામો છે. બંધ, નહેરો અને પાવર હાઉસ. મને કહેતા આનંદ છે, ગૌરવ છે એ વાતનો કે જે એક લોખંડી પુરુષે સ્વપ્ન સેવેલું એવા લોખંડી માનસ ધરાવતા બીજા નરેન્દ્રભાઈ મોદીએ આ ત્રણ કામોમાંથી એક કામ પાવરહાઉસનું પૂર્ણ કર્યુ છે. ૧૯-૧-૨૦૦૭ના દિવસે એની લોકાર્પણની વિધિ કરવામાં આવ્યો અને જયારે લોકાર્પણ કર્યુ એ પહેલા માનનીય મુખ્યમંત્રીશ્રીના કહેવાથી એમના આગ્રહથી એમના વિચારો મુજબ કે આ યોજનામાં અત્યાર સુધીમાં જેમણે જેમણે પણ યોગદાન આપ્યું છે જેમણે જેમણે સહકાર આપ્યો છે, રાજય સરકારમાં જેઓ ચેરમેન તરીકે કે મુખ્યમંત્રી રહ્યા છે એ બધાનો આભાર તો એ માને જ છે પરંતુ આ ૧૯-૧-૨૦૦૭ના કાર્યક્રમમાં બધા જ પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ, હાજર રહે અને સંબંધિત રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ પણ હાજર રહે. મારે બધાનું અભિવાદન કરવું છે. બધાનો આભાર માનવો છે. એમના કહેવાથી હું અને માનનીય શ્રી અશોકભાઈ ભટ્ટ, કોંગ્રેસના બધા પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓને રૂબરૂ મળવા ગયા હતા ત્યારે અભિવાદન, ખૂબ સરસ, આપણા સૌનું સ્વપ્ન નરેન્દ્રભાઈ મોદીએ પૂરું કર્યુ છે. અમે ચોક્કસ આવીશું અને આવવા માટે અસમર્થ રહ્યા હોય તો પણ શુભેચ્છા પાઠવી, એ વખતે કોઈએ ના ન પાડી, પરંતુ અમે કોઈ દિવસ આ યોજના માટે રાજકીય લાભ ખાટ્યો નથી. લાભ ખાટવાનો પ્રયાસ પણ કર્યો નથી. અમે તો સૌનો આભાર માનીએ છીએ. આજે પણ હું બધાનો આભાર માનુ છું. માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે પણ કોઈ સમારંભમાં પ્રવચન કરવા ઉભા થાય એ પહેલા બધાનો આભાર માને છે. એ સ્વૈચ્છિક સંસ્થાઓ હોય, સાધુ સંતો, મહંતો હોય બધા પક્ષો હોય અને ગુજરાતની ૫ કરોડની જનતા હોય બધાનો માનનીય મુખ્યમંત્રીશ્રી આભાર માને છે.

રાજકીય લાભ તો ખાટવાનો એમણે પ્રયત્ન કર્યો છે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવે સમયે અપવાસ કરવાની જરૂર પડી કે જો અપવાસ ન કર્યા હોત તો ગુજરાતની પ્રજા અને ગુજરાત છેતરાઈ ગયું હોત. એન.ડી.એ.ની મિટિંગમાં ૮-૩-૨૦૦૬ના રોજ ૧૨૧.૯૨ મીટરની ઉંચાઈની મંજૂરી આપવામાં આવી. ૮-૩ના રોજ મંજૂરી આપ્યા પછી રાજકીય દાવપેચ અને નર્મદા બચાવ આંદોલનના ગેરમાર્ગે દોરાઈને કેન્દ્રીય મંત્રીશ્રી સૈફુદીન સોઝે સંસદમાં તા. ૧૧-૩-૨૦૦૬ના રોજ નિવેદન કર્યું કે મધ્યપ્રદેશ અને ગુજરાતમાં પુનઃવસનનું કામ બરાબર થયું નથી. નર્મદા બચાવ આંદોલને ભૂતકાળમાં આ દેશને અને આ રાજ્યને જે નુકસાન પહોંચાડ્યું છે એ ભવિષ્યમાં ક્યારેય ભરપાઈ ન થઈ શકે એટલું નુકસાન કર્યું છે. એવા નર્મદા બચાવ આંદોલનને એમણે સમર્થન આપીને એમણે નિવેદન કર્યું. જેના કારણે આ વિકાસની યાત્રામાં રોડા નખાયા, આ નિવેદનને કારણે નર્મદા બચાવ આંદોલનવાળા એટલા બધા મૂડમાં આવી ગયા, પ્રોત્સાહિત થઈ ગયા, ગેલમાં આવી ગયા અને એમણે એનું ઉપવાસ આંદોલન દિલ્હીમાં શરૂ કર્યું. વડાપ્રધાનશ્રીએ ના પાડી છતાં સૈફુદીન સોઝ અને બીજા મંત્રીશ્રીઓ એની ખબર કાઢવા ગયા. મેઘા પાટકર પ્રત્યે સહાનુભૂતિ બતાવી. એમની અટક કરવામાં આવી અને પછી એમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. આ સમય દરમિયાન સૈફુદીન સોઝે ત્રણ મંત્રીશ્રીઓની એક કમિટીની રચના કરી. આ ત્રણ સભ્યો માત્ર એક જ દિવસમાં, કોંગ્રેસ કેવી રીતે આ યોજનાની આડે આવી છે એનો પુરાવો છે કે એક જ દિવસમાં ત્રણ કેન્દ્રીય મંત્રીઓએ મધ્યપ્રદેશમાં જઈને ઉપરછલ્લી મુલાકાત લઈ અને હકીકતદોષવાળો અહેવાલ આપ્યો. આ હકીકતદોષવાળા અહેવાલના આધારે સૈફુદીન સોઝે તા. ૧૫-૪-૨૦૦૬ના રોજ આર.સી.એમ.સી.ની મિટિંગ રાખી. માનનીય મુખ્યમંત્રીશ્રી ૧૧ તારીખે દિલ્હી ગયા અને દિલ્હી જઈને આ વાત ધ્યાન ઉપર મૂકી કે એક દિવસની ઉપરછલ્લી તપાસના અહેવાલના આધારે તમે નિર્ણય ન કરશો. એ મિટિંગ કરવામાં આવી અને મિટિંગમાં શું થયું? મધ્યપ્રદેશ, રાજસ્થાન અને આપણા મુખ્યમંત્રીશ્રીએ આ કામ ન અટકે એટલા માટે રજૂઆત કરી. મારે દુઃખ સાથે કહેવું છે કે જળ સંસાધન મંત્રી, પર્યાવરણ મંત્રી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રીએ સ્ટે આપવા માટેનો ઠરાવ માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂ કર્યો. આના કારણે ટાઈ પડી. નિર્ણય થઈ શક્યો નહિ અને પરિણામે સિંચાઈ મંત્રીશ્રીએ ટી.વી. ચેનલમાં કહ્યું કે આ કામ રોકવામાં આવે છે. કામ રોકવામાં આવે છે એવી જાહેરાત થયા પછી કોંગ્રેસે ગુજરાતમાં એક દિવસ બંધ આપ્યો. આજે સાંભળવા બેઠા નથી. એમણે એવું કહ્યું કે અમે ક્યાંય આડા નથી આવ્યા. કેન્દ્રીય મંત્રીશ્રીએ જ્યારે ટી.વી.માં કહ્યું કે કામ રોકવામાં આવે છે ત્યારે કોંગ્રેસે ગુજરાતમાં બંધ આપ્યો. મારે અર્જુનભાઈને પૂછવું છે કે તમે બંધ શેના વિરોધમાં આપ્યો હતો? કયા નિર્ણયના વિરોધમાં આપ્યો હતો? બંધ દરમિયાન જે રીતે ગુજરાતનું વાતાવરણ ડહોળાવા લાગ્યું, ગુજરાતનું અહિત થાય એવા પ્રકારના એંધાણ મળવા લાગ્યા એટલા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગુજરાતના હિતમાં કેન્દ્રના મંત્રીશ્રીના નિવેદનના વિરોધમાં ૫૨ કલાકના ઉપવાસની જાહેરાત કરી. એને એટલું પ્રબળ સમર્થન મળ્યું કે કોંગ્રેસના પેટમાં તેલ રેડાયું. આખા રાજ્યમાંથી, જિલ્લા, તાલુકા મથકોમાંથી હજારોની સંખ્યામાં લોકો આવ્યા અને જો આ ઉપવાસ ન કર્યા હોત તો મેં કહ્યું તેમ ગુજરાત કદાચ છેતરાઈ ગયું હોત. ફાઈવ સ્ટારની વાત કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી બેઠા હતા તેની બાજુમાં આદર્શપુરુષ, લોખંડીપુરુષ સરદાર સાહેબનું સ્ટેચ્યુ હતું. ઉપવાસ આંદોલનની વાત કરતા હોય તો ભૂતકાળમાં ચીમનભાઈએ પણ દિલ્હીમાં જઈને ઉપવાસ કર્યા હતા.

રાજકીય સ્ટંટ તો ચીમનભાઈએ કર્યો હતો. મારે સ્વર્ગસ્થ વિશે બોલવું વાજબી નથી પણ આજે મારે સ્પષ્ટતા કરવાની જરૂર એટલા માટે પડી કે ભૂતકાળમાં આ ફ્લોર ઉપર જ્યારથી નર્મદા યોજના શરૂ થઈ છે ત્યારથી આજ સુધી ઉભયપક્ષે ક્યારેય આ યોજનાનું રાજકીય અવલોકન થયું નથી. પહેલીવાર અર્જુનભાઈએ આ પ્રણાલિકા તોડી છે અને રાજકીય અવલોકનો ખૂબ ખોટા અને ખરાબ રીતે કર્યા છે એટલા માટે મારે આટલી સ્પષ્ટતા કરવાની જરૂર પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાના જે કામો થયા છે એ કામો વિષે મારે થોડી વાત કરવી છે. છેલ્લા ચૌદ વર્ષમાં જે કામો થયા અને ચાર વર્ષમાં આ યોજના થયા. ૧૯૯૦માં ૩૪૫૦ કિલોમિટરના કામો ચૌદ વર્ષમાં થયા. ચાર વર્ષમાં ૧૨,૦૧૫ કિલોમિટરના થયા. પીવાના પાણીમાં અગાઉ ચૌદ વર્ષમાં સાત જિલ્લામાં ૧૨૦૮ ગામોમાં અને ૩૮ શહેરોમાં ચાર વર્ષમાં ૧૧ જિલ્લામાં ૨૭૦૦ ગામોમાં અને ૫૮ શહેરોમાં આ યોજનાના કારણે સિંચાઈ થઈ એના કારણે જે કૃષિ ઉત્પાદન થયું છેલ્લા ચૌદ વર્ષની અંદર ૨,૧૭,૮૯૯ મે.ટન થયું અને માત્ર ચાર વર્ષની અંદર ૨૮૬ ટકા વધારો થયો. ૮,૪૦,૭૭૨ મે.ટન આ અગાઉના ૨૩ વર્ષના ગાળામાં કુલ ખર્ચ ૧૪,૩૬૧ કરોડનો થયો. માત્ર ચાર વર્ષમાં જ ૮,૫૯૨ કરોડનો ખર્ચો થયો. ચાર વર્ષમાં ભાગીદાર રાજ્યો પાસેથી ૧,૪૮૫ કરોડ રૂપિયા આપણે મેળવી શક્યા. છેલ્લા ચૌદ વર્ષમાં આપણે ૧,૪૦૮ કરોડ રૂપિયા મેળવી શક્યા. અગાઉના ચૌદ વર્ષમાં અંદાજપત્રની જોગવાઈ જે હતી એ કુલ મળીને ૮,૩૪૭ કરોડ હતી. માત્ર અને માત્ર ચાર વર્ષમાં ૧૦,૨૧૩ કરોડની થઈ છે.

વિદ્યુત ઉત્પાદન જે થયું છે કેનાલ હેડ પાવર હાઉસમાં ૨૫૦ મેઘાવોટ ઉત્પાદન થઈ રહ્યું છે. રિવર બેડમાં ૧૨૦૦ મેઘાવોટ ઉત્પાદન થઈ રહ્યું છે. ૬ વર્ષ સુધી જે રીતે મેઘા પાટકરે કરેલા આંદોલનના કારણે સુપ્રીમ કોર્ટમાં સ્ટે મળવાના કારણે ૫-૬ વર્ષ સુધી જે કામ અટક્યું એના કારણે આ રાજ્યને ૯૦૦ કરોડની વીજળીનું અને ૧૦૦૦ કરોડનું કૃષિ નુકસાન થયું છે. મુખ્ય નહેર ૪૫૮ કિલોમિટરની કુલ લંબાઈ ધરાવતી રાજસ્થાન સુધીની મુખ્ય કેનાલ એમાંથી ૩૫૭ કિલોમિટરનું કામ હારીજ તાલુકાના માસાગામ સુધી પૂરું થયું છે. બાકી ૧૦૧ કિલોમિટરનું કામ ચાલુ કરી દેવામાં આવ્યું છે. આ વર્ષના ૨૦૦૭-૦૮ના નાણાકીય વર્ષ દરમ્યાન પૂરું કરવામાં આવશે. ૧૦૧ કિલોમિટરનું કામ છેલ્લા ૧૧ વર્ષમાં એક વિક્રમ સમાન સાબિત થવાનું છે. આ કેનાલના કામમાં ૨૧ વર્ષમાં ૧૪૪ કિલોમિટરનું કામ થયું, ૧૧ વર્ષમાં ૧૧૯ કિલોમિટરનું કામ થયું અને છેલ્લા ૬ વર્ષમાં ૯૪ કિલોમિટરના કામ થયા છે.

શાખા નહેરોમાં કુલ ૩૮ શાખા નહેરોમાંથી ૨,૫૮૫ કિલોમિટરમાંથી ૧,૫૫૫ કિલોમિટરની લંબાઈના કામો અત્યાર સુધીમાં પૂર્ણ કરવામાં આવ્યાં છે અને છેલ્લા ચાર વર્ષમાં ૫૩૬ કિલોમિટર લંબાઈના કામો પૂરા કરવામાં આવ્યાં છે. બીજા શબ્દોમાં કહીએ તો ૩૮ શાખા નહેરોમાંથી ૨૪ શાખા નહેરોના કામો પૂર્ણ કર્યા છે. બાકીના ચાલુ કરી દેવામાં આવ્યાં છે. અન્ય આઠ નહેરના કામો ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે. સમગ્રતઃ વધુ ૪૦૧ કિલોમિટર લંબાઈની શાખા નહેરના કામ એકજ વર્ષમાં, ૨૦૦૭-૦૮ના વર્ષ દરમ્યાન પૂર્ણ કરવાનું આયોજન છે. વિશ્વના સૌથી મોટું પમ્પિગ સ્ટેશનનું ૨૦મી તારીખે, તા.૨૦/૩/૨૦૦૭નાં રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી લોકાર્પણ કરવાના છે. સૌરાષ્ટ્ર શાખા નહેર ઉપર આ યોજના જેવી રીતે આ પમ્પિગ સ્ટેશન એ વિશ્વનું સૌથી મોટું છે એવી રીતે મહી એકવાડટ, સાબરમતી સાયફન, ઓર્સન એકવાડટ, કુલ એકવાડટ, વાત્રક સાયફન. અને વાત્રક સાયફન આ બધા જ સ્ટ્રકચરો આખા દેશમાં અને વિશ્વમાં આટલાં મોટા સ્ટ્રકચર કયાંય નથી. બીજા બે પમ્પીંગ સ્ટેશનો પણ ચાલું કરવાની અમે તૈયારી શરૂ કરી છે. ડિસ્ટ્રીબ્યુટરી અને વિસ્તરણના કામો પણ અત્યાર સુધીમાં ૧૫૪૨૧ કિલોમીટરની નહેરો દ્વારા ખેતરોમાં સિંચાઈ થઈ રહી છે, બધું મળીને ૭૪૬૨૭ કિલો મીટર લંબાઈના કામો કરવાના છે, વધુ ને વધુ વિસ્તારમાં યોજનાનો લાભ પહોંચે એ માટેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં ૨ લાખ૪ હજાર હેકટરમાં ખેતીલાયક પાણી આપ્યું છે અને આ ૨૦૦૭ જુન સુધીમાં કુલ ૫ લાખ હેકટર કમાન્ડ વિસ્તારમાં પાણી આપવાનું આયોજન છે. ૨૦૧૦માં આ રાજયને પચાસ વર્ષ પૂરા થાય છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ પચાસ વર્ષ પૂરા થાય છે ત્યારે ગોલ્ડન ગોલ નક્કી કરવાનું નક્કી કર્યુ છે અને નર્મદા નિગમ અને નર્મદા વિકાસ વિભાગે પણ નક્કી કર્યુ છે કે, ગુજરાતને એક મોટી ભેટ એ ૨૦૧૦માં આપવી, અને ૨૦૧૦માં આ પચાસ વર્ષ નિમિત્તે આ યોજનાનું કામ સંપૂર્ણ પૂરું કરવું. આમ થતાં ૧૮ લાખ હેકટરને પાણી મળવાનું છે. અત્યાર સુધીમાં ખેડૂતોની આવક છસ્સો કરોડની છે, નર્મદા યોજના પૂર્ણ થશે ત્યાં સુધી આ કમાન્ડ વિસ્તારના ખેડૂતોની આવક ૪૨૦૦ કરોડ થવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના મારફતે અન્ય યોજનાઓને પણ પાણી આપેલું છે અને એ યોજનાઓમાં મહી, મેશ્વો, ખારીકટ અને ફતેહવાડી એમ કુલ મળી ૧ લાખ ૩૬ હજાર ૪૯૦ હેકટરમાં પાણી આપ્યું છે. અત્યાર સુધીમાં ૨૧ નદીઓમાં પાણી આપ્યું છે, ૬૧૬ તળાવોમાં પાણી આપ્યું છે. નર્મદા યોજના પૂર્ણ થશે ત્યારે ૬૨ નદીઓ અને ૨૭૪૩ તળાવોમાં પાણી આપવાનું આયોજન છે. આ બધું જ પાણી જે આપવાના છીએ એ પિયત સહકારી મંડળીઓ દ્વારા આપવાના છીએ. અહીંયા સૌ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આપના વિસ્તારમાં પિયત સહકારી મંડળીઓ જો ન થઈ હોય તો એનું આયોજન કરવામાં આવે અને પૂરેપૂરી સહકારી મંડળીઓ થાય અને વહેલી તકે આપણે પાણી આપી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, પીવાના પાણીનો લાભ પણ આ યોજના દ્વારા આપવામાં આવ્યો છે. ૨૦૦૨-૨૦૦૩માં ૭

જિલ્લાઓના ૧૨૦૮ ગામો અને ૩૮ શહેરોને , ૨૦૦૩-૦૪માં, ૭ જિલ્લાના ૯૪૪ ગામોને ૩૩ શહેરોને, ૨૦૦૪-૦૫માં ૮ જિલ્લાના ૧૮૨૬ ગામો અને ૫૩ શહેરોને, ૨૦૦૫-૦૬માં ૮ જિલ્લાના, ૨૦૪૪ અને ૫૭ શહેરોને આનો લાભ આપવામાં આવ્યો છે. આ આખી યોજનામાં કેવડિયાને અને બીજી અનેક જગ્યાઓએ પ્રવાસન સ્થાન તરીકે પણ વિકસાવવાનું આયોજન છે. અત્યાર સુધીમાં કેવડિયા ખાતે ૯ લાખ ઉપરાંત પ્રવાસીઓ અત્યાર સુધીમાં આવી ગયા છે અને એ સ્થળો ઉપર હોટેલો, કોટેજો, કેમ્પીંગ માટેના સ્થળો, રમતગમત, આનંદપ્રમોદના સાધનો પ્રાકૃતિક ઉદ્યાન, સરોવરનો વિકાસ, ટેકરીઓ ઉપર ટ્રેકીંગ, યોગ યુનિવર્સિટી આ બધા પ્રકારની સુવિધાઓ કરવા માટે સરકારે વિસ્તાર વિકાસ મંડળની સ્થાપના પણ કરી છે. અહીંયા કડી પાસે Y જંક્શન ઉપર પણ એક પ્રવાસન સ્થાનનું વિકાસ કરવાનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, મૂળ આયોજન આ યોજનાનું ૧,૧૭૪ કરોડ રૂપિયાનું હતું પછી ૧૯૮૧-૮૨માં ૪,૨૮૩નું થયું, પછી ૧૯૮૬-૮૭માં ૬,૪૦૬નું થયું. મારે સામેવાળાને પૂછવું છે, અમારા ઉપર જ્યારે દોષ દે છે કે રાજકીય તમે લાભ ઉઠાવે છો, માનનીય અધ્યક્ષશ્રી, આ બધા વર્ષો દરમિયાન કોણ સત્તા ઉપર હતું? કોંગ્રેસ સત્તા પર હતી. પર્યાવરણનો રિપોર્ટ એ ૧૯૭૯-૮૭ સુધી, તે વખતના વડાપ્રધાનશ્રીને એ ફાઈલ કલીયર કરવાનો સમય પણ નહતો.

**૨૦૦૭-૦૮ દરમિયાન જે અમે કામ કરવાના છીએ. એમાં મુખ્ય નહેર પૂરી કરીશું. શાખા નહેર પૂરી કરીશું. વિસ્તાર વિકાસના કામો આગળ વધારીશું. આ વખતે પહેલી વાર, રાજય સરકાર દ્વારા ૨૦૩૩કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ભૂતકાળમાં આટલી જોગવાઈ કયારેય કરવામાં આવી નથી. અમે જે કમિટમેન્ટ કર્યું છે કે ૩ મીલીયન એકર ફીટ પાણી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને આપવાના છીએ. એ કમિટમેન્ટ હું દહોરાવું છું. આ યોજનાથી ચાર રાજયના લોકોને ફાયદો થવાનો છે. કૃષિ ઉત્પાદનમાં વર્ષે ૯૫લાખ ટનનો વધારો થશે. દેશને ૮૫૦૦કરોડની આવક થશે. ૧૪૫૦ મેગાવોટ વીજ ઉત્પાદન થશે. ૧૦લાખ લોકોને રોજગારી મળશે. ૮૨૧૫ ગામ, ૧૩૫ શહેરને પાણી મળશે. રાજયના ૧૮લાખ હેકટરને પાણી મળશે. આ આખો વિસ્તાર છે એમાં ૭૫ટકા વિસ્તાર અછતગ્રસ્ત છે. મેં અગાઉ કહ્યું તેમ ૬૨ નદી અને ૨૭૪૩ તળાવ ભરવાનું આયોજન છે. અત્યાર સુધી જે ગતિથી આ યોજના આગળ વધી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાની હેઠળની આ યોજના ખૂબ ઝડપથી આગળ વધી છે. ૨૦૧૦માં યોજના પૂર્ણ કરવાનું આયોજન છે. હું એમની જ હસ્તલિખિત, એમના દ્વારા લખાયેલી કૃતિ કચ્છી ભાષામાં વાંચીને મારી વાત પૂર્ણ કરીશ. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની કચ્છી રચના છે આ.**

" હે મા નર્મદા તુ તો કે પ્રણામ
રણની રતુડી રજ બની મોતીડા મહાલે
જળથી સજળ આજ આંખડી જળને વધાવે
ધરતી ઉપર ઊગ્યું છે અંબર ને ઉગી છે સોનેરી સવાર
હે મા નર્મદા તો કે પ્રણામ
નર્મદા પૂરે આશ, હાશ, મુઝો કચ્છડો બારે માસ"

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌ સભાસદોને વિનંતી કરું છું કે સર્વાનુમતે મારી માગણી મંજૂર કરે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ (જળસંપતિમંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ હેઠળના પાણી પુરવઠા પ્રભાગની વર્ષ ૨૦૦૭-૦૮ની માગણી ગૃહ સમક્ષ રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. રાજયમાં પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા માટે સરકાર અને મારો વિભાગ હંમેશા અગ્રેસર રહ્યો છે. સૌરાષ્ટ્રનો અંતરિયાળ વિસ્તાર હોય કે ઉત્તર ગુજરાતનો ફ્લોરાઈડવાળો વિસ્તાર હોય, સૌરાષ્ટ્રની સૂકી ધરતી હોય કે કચ્છનો વિસ્તાર હોય, દરિયાનો ખારો પટ હોય એ બધાને પાણી પહોંચાડવા માટે સરકારે નિર્ણય કર્યો છે. એની સામેના પક્ષના લોકો કોઈ અહીં હાજર નથી એટલે એ સમજી શકશે પણ મારે ગૃહના ધ્યાન પર

**અધ્યક્ષશ્રી** : સમજયા છે, ઘણું સમજયા છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સમજીને ચાલ્યા ગયા છે કે ઘણું સાંભળવાનું આવવાનું છે. સરકારે આગોતરું આયોજન વિચાર્યું કે ગુજરાતને આજે નહીં તો આવતીકાલે ધરતીના પેટાળમાં પાણી નથી એટલે એક દિવસ ગુજરાતના લોકોને પીવાના પાણીની મુશ્કેલી પડવાની છે અને અમારી સરકારે આમાં સમજી વિચારીને આયોજન કર્યું છે. સામેના મિત્રો છે નહીં નહીંતર મારે ઉલ્લેખ કરવો હતો. એમની જન્મોત્રી હું લઈને આવ્યો છું. પણ ગૃહના રેકર્ડ ઉપર મૂકવા માગું છું કે પાણી પુરવઠા મંત્રીએ એમને શું કહ્યું. એમણે કદી કલ્પના કરી નહોતી કે ગુજરાતના લોકોને પીવાના પાણીની મુશ્કેલી પડશે. એમને અંદાજ પણ નહોતો. સમજ પણ નહોતી એટલે ઈતિહાસ લઈને આવ્યો છું. પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવી હોય તો આયોજન જોઈએ, નિર્ણય જોઈએ અને છપ્પનની છાતી જોઈએ. બજેટ આપવા માટે. હું મારા મિત્રોના ધ્યાન ઉપર મૂકું છું. કોઈ દિવસ કહેવા થાય. મારા સાથી મિત્રોના ધ્યાન ઉપર મૂકવા માગું છું. એ કોંગ્રેસના લોકો હતા, જેમણે પીવાના પાણી માટે ગુજરાતના લોકો માટે શું કર્યુ હતું. ૧૯૭૮-૭૯ માં જે દિવસે કોંગ્રેસનો સૂર્ય તપતો હતો, ત્યારે એમણે ૨૦ કરોડ રૂપિયાનું પીવાના પાણી માટે આયોજન કર્યુ હતું. ૨૦.૭૨ કરોડનું. ૧૯૭૯-૮૦ માં ૨૩.૧૪ લાખનું આયોજન કર્યુ હતું. એમ કરતા કરતા ૧૯૭૮-૭૯ થી શરૂ કરી ૧૯૯૪-૯૫ ના આ ૧૭ વર્ષના ઇતિહાસમાં ૮૮૭ કરોડ રૂપિયાનું આયોજન ટોટલ કર્યુ છે, આમ ૧૦૮૮ કરોડનું ટોટલ આયોજન ૨૦ વર્ષમાં કોંગ્રેસે કર્યુ છે. અમારા મુખ્યમંત્રીશ્રીએ

પીવાના પાણી માટે એક જ સાલમાં ૧૨૨૦ કરોડ રૂપિયા આપ્યા છે, એટલું જ નહિ આપના દ્વારા કોઈક વખત જાણવા મળે તો શાસનમાં આવ્યા પછી ભારતીય જનતા પાર્ટીની સરકારે પીવાના પાણીની મુશ્કેલી દૂર કરવા માટે ૮૨૨૪ કરોડ રૂપિયાનું આજસુધીનું આયોજન પીવાના પાણી માટેનું આયોજન કરી ગુજરાતની સેવા કરી છે. એ ૨૦ કરોડ કે ૨૫ કરોડથી શું થશે? આપણે સૌ સમજી શકીએ છીએ એમણે શું કામ કર્યુ. એમના દ્વારા ૧૭ યોજના બનાવી આજસુધીમાં ૫૩૭ ગામોની. અમે ૧૫૩ યોજના બનાવી ૫૦૭૦ ગામોને આવરી લીધા હતા. એમણે ટોટલ જમીનમાં કેટલી પાઈપલાઈન નાખી એ સમજવા જેવું છે. ૨૭૦૦ કિ.મી.ની પાઈપલાઈન કુલ જન્મોત્રી દરમ્યાન, એની સામે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧,૦૬,૦૦૦ કિ.મી.ની પાઈપલાઈન નાખી છે. મોટી ટ્રંકલાઈન ૬૦૦ મિલિમિટર ૨ ફૂટની ડાયામિટરથી મોટી એ એમણે કેટલી નાખી? તો ઝીરો. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૧૬૮૧ કિ.મી. નાખી છે. બીજી ૩૫૦ કિ.મી. નાખી રહ્યા છીએ. એટલા માટે ધ્યાન ઉપર મૂકું છું કે આ લોકો એમ સમજે છે કે પીવાનું પાણી એ જાદુથી થતું હશે. આપણી ટીકા કરવામાં ઊંચા આવતા નથી. મારે મિત્રોનું એ ધ્યાન દોરવું છું કે પીવાના પાણી માટેનું આયોજન આ સરકારે ખૂબ મેથોડીકલ અને વૈજ્ઞાનિક પદ્ધતિએ કર્યુ છે. એમાં આપણે આગળ વધતા જઈએ છીએ. જો અગાઉની સરકાર ગંભીરતા સમજી હોત તો અત્યારે આ તકલીફ આપણને ન પડી હોત. એની જોગવાઈની વાત આપને કરી, એની સાથે સાથે ૧૯૯૨ માં લગભગ ૯,૦૦૦ ગામોને પીવાના પાણીની તકલીફ પડી હતી, જ્યારે ફ્લૉરાઇડવાળો વિસ્તાર વધતો જતો હતો, ત્યારે એ સંજોગોમાં એમણે કાંઈ કર્યુ નહિ અને ભગવાનના ભરોસે પ્રજાને છોડી દીધી, એના કારણે મુશ્કેલી પડવાની શરૂ થઈ છે. અમારો અભિગમ છે, તે મુજબ ગુજરાતના જે વિસ્તારમાં પાણી ન હોય ત્યાં પાણી પહોંચાડવાનું આખું આયોજન થયું છે. આ સરકારે રાજ્યના કુલ ૧૮૬૨૨ ગામો છે, એમાંથી ૧૪૦૦૦ ગામોને પાઈપલાઈનથી પાણી આપવાનું આયોજન છે. સરફેસ વોટર આપવાના છીએ. અત્યાર સુધીમાં ૫૫ ટકા ગામડાને પાણી પહોંચાડ્યું છે અને પહોંચાડી રહ્યાં છીએ. આયોજન પૂરું થતાની સાથે ૭૫ ટકા ગુજરાતની વસ્તીને આપણે આવરી લઈ શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક બાબતનું ધ્યાન દોરવું છે કે કેન્દ્ર સરકાર આયોજન કરીને સમાચાર આપે છે કે આ વોટર ઈયર છે. પાણી માટે વોટર ઈયર તરીકે કેન્દ્ર સરકારે જાહેર કર્યુ છે. હું રાહ જોતો હતો કે વોટર ઈયર છે એટલે ત્યાંથી પાઈપ લાઈનમાં અહીંયાં ફંડ આવશે. પણ એમને અમોને ખૂબ સારું મોકલી આપ્યું છે. સાહેબ, આશિર્વાદ મોકલ્યા છે. તેમણે પાણી બચાવવાની સલાહ મોકલી છે. નાણા તો મોકલ્યા નથી પણ પાણી બચાવવાની સલાહ મોકલી છે. એમણે કહ્યું છે કે કર સિંચાઈમાં કરકસર કરજો. મેં હમણાં મારા અધિકારીઓને પૂછયું કે કોઈ ફંડ આવ્યું છે? તો મને કહ્યું કે આ બે મુદ્દા મળ્યા છે. બાકી હજી રાહ જોઈએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, સૅકટર રિફોર્મની યોજના સફળતાપૂર્વક થઈ તેના આધારે માનનીય અટલબિહારી બાજપાઈના વખતમાં સ્વજલધારા યોજના જાહેર કરવામાં આવી હતી. તેના પછી સાહેબ એન.ડી.એ.ની સરકાર ગઈ અને યુ.પી.એ.ની સરકાર આવી. આશ્ચર્ય થશે કે રોજ આ લોકો, સામેના મિત્રો કહે છે કે સ્વજલધારા કેન્દ્ર સરકારની મોટી યોજના છે. હું રોજ રાહ જોઉં છું કે સ્વજલધારામાં કેટલું ફંડ મોકલે છે. મેં મારા અધિકારીઓ જોડેથી સમાચાર લીધા તો એમણે આપણા ગુજરાતના કરોડો રૂપિયાના ખર્ચની સામે આ જે સ્વજલધારા યોજના મોકલી તેમાં ટોટલ વર્ષમાં ૧૬ કરોડ રૂપિયા આપ્યા છે. તેની સામે આપણી ગુજરાત સરકારે ૧૧૬ કરોડ રૂપિયા સ્વજલધારાની ટાંકીઓ અને આંતરિક વ્યવસ્થા કરવા માટે તેમાં મૂકયા છે. આ રીતે જો એ લોકો કામ કરતા હોય તો મને લાગે છે કે તેમાં ગુજરાતનો કોઈ •*(xxxxx) આવવાનો નથી.

**અધ્યક્ષશ્રી** : કયો શબ્દ બોલ્યા? શું આવવાનું નથી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, * (xxxxx).

**અધ્યક્ષશ્રી** : આ શબ્દ વપરાય નહીં. અસંસદીય શબ્દ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો આ શબ્દ પાછો ખેંચું છું. સાહેબ, આદિજાતિ વિસ્તારમાં ૫૦ માણસે એક હેન્ડપંપ આયોજન હતું તે અમે પૂરું કર્યુ છે. ગુજરાતને પાણી આપવા માટે આપણે મુખ્યત્વે બે યોજનાઓ હાથ પર લીધી છે. એક સરદાર સરોવર નર્મદા નહેર આધારિત ૯૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને પાણી આપવાની અને બીજી સુજલામ સુફલામ યોજના દ્વારા પાણી આપવાની યોજના હાથ પર લીધેલ છે. આ યોજનાઓ બે વર્ષમાં પૂરી થશે. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પાણી પહોંચાડવા માટે ઈવન સૌરાષ્ટ્રના જામનગર વિસ્તારને પાણી આપી શક્યા ન હતા ત્યારે જામનગરને પાણી આપવા માટે ૫૦૦ ગામો કવર કરતી યોજના હાથમાં લીધી છે. તેમાં લગભગ ૪૦૦ કરોડ રૂપિયાનું આયોજન કર્યુ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી ૧૭ તારીખે તેનું ખાતમૂર્હુત કરવાના છે. મુખ્ય પાઈપ લાઈન સાથે ડીસ્ટ્રીબ્યુશન લાઈનો સમગ્ર ગુજરાતમાં અત્યારે નંખાઈ રહી છે. કોઈ કોઈ જગ્યાએ કામ ચાલુ છે ત્યારે જ્યાં પાણી ન પહોંચ્યું હોય ત્યારે સામેના મિત્રો ઘણી વખત એમ કહે છે કે પાણી અમારે ત્યાં નથી આવ્યું. પણ વર્ષ બે વર્ષમાં ગુજરાતના લગભગ મોટા ભાગના વિસ્તારો કવર કરી શકાશે. સુજલામ સુફલામ યોજનાનો ભાગ તે એકલા પાણી પુરવઠાનો નથી તે

• *(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

એક જાણવા જેવી બાબત છે. કારણકે સુજલામ સુફલામ એક વિભાગની યોજના નથી. તેની અંદર સિંચાઈ વિભાગ છે, કૃષિ વિભાગ છે અને પીવાના પાણી માટે પાણી પુરવઠા વિભાગ તેમાં આવી જાય છે. તેમાં દસ જિલ્લાઓનો ૪૯૦૪ ગામો કવર કરતી તથા ૩૨ શહેરોમાં પાણી આપવા માટે ૧૯૪૬ કરોડ રૂપિયાનું આયોજન છે. તે પૈકી દસ જિલ્લાઓના કામ અમે હાથમાં લીધા છે તેમાં ૩૧૩૦ ગામો આવરી લીધા છે અને ૨૨ યોજનાઓ લગભગ પૂર્ણતાના આરે છે. ૧૫૪૨ કરોડ રૂપિયાનો ખર્ચ આપણે સુજલામ સુફલામ યોજનામાં કરી રહ્યા છીએ. મહેસાણા, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, પાટણ, સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ જિલ્લાના કુલ ૩૧૩૦ ગામો આવરી લીધા છે. સાથે સાથે સાહેબ રિચાર્જીંગનું કામ પણ સરકાર કરી રહી છે. આ વિભાગ દ્વારા રિચાર્જીંગના નાના મોટા કામ થાય છે. વાસ્મો અને સ્વજલધારા યોજના આધારે અને વાસ્મો દ્વારા અમે ગામેગામ પાણીના ડીસ્ટ્રીબ્યુશનનું કામ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લો એક આદર્શ જિલ્લો બન્યો છે, ત્યાંના લોકોએ ખૂબ સારો સહયોગ આપ્યો છે, અત્યારે અમે લગભગ દરેક ગામમાં પાણી, ગામના લોકો મેનેજમેન્ટ કરે, એના ખર્ચનું આયોજન એ કરે અને વેરો પણ એ પોતે લે આ રીતના આયોજન કર્યા છે અને મને કહેતાં આનંદ થાય છે કે, વાસ્મો દ્વારા ચાલતી આ યોજના છે અને ૬૫૦૦ ગામોમાં આપણે પાણી સમિતિઓ બનાવી છે અને ૬૫૦૦ ગામો અમારી આ યોજના પોતાના હસ્તક લેવા તૈયાર થઈ છે, અને માનનીય અધ્યક્ષશ્રી, એક દિવસ એવો હતો કે ગુજરાતમાં લગભગ ૫૦૦૦ ટૅન્કરો ફરતા હતા અને એ ૫૦૦૦ ટૅન્કરોથી ગામોમાં પીવાનું પાણી આપવામાં આવતું હતું, ગઈ સાલે મેં જાહેર કર્યું હતું કે અમે ૩૯૮એ ટૅન્કરો લાવ્યા છીએ અને હમણાં જ મારા અધિકારીઓને મેં પૂછ્યું કે ગુજરાતમાં કેટલા ટૅન્કરોથી પીવાનું પાણી આપવું પડે છે? તો માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત નવ ગામોને ટૅન્કરોથી પાણી આપીએ છીએ અને હવે તો આપણે જીરો ટૅન્કર તરફ જઈ રહ્યા છીએ. વી ટેન્ડ ટુ '0' ટૅન્કર, જીરો ટૅન્કર તરફ આપણે જઈ રહ્યા છીએ અને માનનીય મુખ્ય મંત્રીશ્રીનું એક સ્વપ્ન છે કે એકને એક દિવસ જીરો ટૅન્કર ગુજરાતમાં કરી દેવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિસ્તારોમાં પણ પીવાના પાણીની વ્યવસ્થા કરી છે. પાવાગઢ જેવા વિસ્તારમાં પ્રવાસીઓ જાય છે અને તેની ઊંચાઈ હજાર મીટર કરતાં વધારે છે છતાંય ત્યાં આગળ સાત સાત વાર પંપીંગ કરીને પણ ગમે તેટલા ખર્ચે આપણે પાણી ઉપર ચડાવ્યું છે. એ જ રીતે અંબાજીની સ્થિતિ છે, અંબાજીમાં પણ પ્રવાસીઓને પૂરતું પીવાનું પાણી મળે, સાપુતારામાં પણ ગમે તેટલી ઊંચાઈ હોય તો પણ ત્યાં અમે પીવાનું પાણી પંપીંગ કરીને આપી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત માનનીય મિત્રોના ધ્યાને મૂકવા માગું છું કે, જ્યારે જ્યારે તમે યોજના માગો કે અમારા ગામમાં જોઈએ છે પણ ત્યારે એક ગામનો ખર્ચ રૂલ્સ પ્રમાણે લગભગ ૭૦ લાખથી ૧ કરોડ ખર્ચ આવે છે ત્યારે એક ગામમાં પાણી પહોંચે છે. એ બાબત સૌએ ખ્યાલમાં રાખવી જોઈએ, અને એટલા માટે આજે આઠ હજાર ગામોની આઠ હજાર કરોડ રૂપિયાની યોજના નીચે પાણી આપ્યું છે, આ સરકાર આટલો એફર્ટ કરે છે અને કોંગ્રેસના મિત્રોએ વીસ વીસ કરોડ રૂપિયા કાઢેલા, અને ૮૦૦ કરોડ રૂપિયા ટોટલ કરેલા છે અને એ પણ વીસ વર્ષમાં, એ વાત સાંભળવા માટે આજે તેઓ અહીં બેઠા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એનર્જીની વાત કરીએ તો જે પાવર વપરાય છે પાવરમાં પણ અમે એનર્જી ઑડિટ કરીને લગભગ વીસ પચ્ચીસ ટકા જેટલો આપણે સેવિંગ્સ કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા પણ બે વિભાગો છે એટલે હું બહુ લાંબો સમય લેતો નથી, પણ કાપદરખાસ્તો તો સામેની પાટલીના મિત્રો મૂકીને ગયા છે એટલે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ વિભાગની પણ હું માગણીઓ લઈને સન્માનનીય સભાગૃહ સમક્ષ આવ્યો છું. જે વિસ્તારમાં, જે રાજયમાં કે દેશમાં જળ નથી અગર તો પાણી નથી ત્યાં આગળ કોઈ દિવસ વિકાસ શકય નથી. માનનીય અમિતભાઈ શાહ કહેતા હતા કે ગુજરાતમાં ઈમ્બેલેન્સ છે. આખી જે ભૌગોલિક પરિસ્થિતિ હોવાના કારણે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં પાણી ૭૨ ટકા છે અને બાકીનું ૩૮ ટકા સમગ્ર ગુજરાતમાં છે, જે વસતિથી ઊલટું છે. જ્યાં પાણી વધારે છે ત્યાં વસતિ ઓછી છે અને જ્યાં પાણી ઓછું છે ત્યાં વસતિ વધારે છે અને એના કારણે ઈમ્બેલેન્સ સરખું કરવા માટે આપણે પાણીની વ્યવસ્થાઓને ગોઠવી રહ્યા છીએ. આ પાણીનું કેવી રીતે નૅટવર્ક કરવું, જળ ક્રાંતિ કેવી રીતે કરવી, સમગ્રતયા જળ વ્યવસ્થાપન કેવી રીતે ગોઠવવી એ આ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ નીચે ગોઠવણી કરી રહ્યા છીએ. રાજયમાં સંપૂર્ણ જળ ક્રાંતિ થાય એ માટે ઈન્ટગ્રેટેડ એપ્રોચ અમે વિચાર્યો છે, પાણીની વ્યવસ્થા કેવી રીતે કરવી એ આ રાજય સરકાર પાસે વિવિધ રાજયોના લોકો જોવા અહીં આવે છે.

મારે આપનું ધ્યાન દોરવું છે કે, ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળે, ગામડાંના લોકોને પોતાના ગામના તળમાં પાણી મળે એ માટેના અત્યારે આયોજન અને અભિગમ લીધા છે એમાં લોકભાગીદારીથી ચેકડેમો, વરસાદનું પડતું પાણી ટીપેટીપું બચાવીએ, માનનીય અધ્યક્ષશ્રી, વાતો તો સૌ કરે પણ પોથીમાંના રીંગણાની શાકભાજી ન થાય અને એટલા માટે એમાં જે આખી કામગીરી છે કે પડતા પાણીને નદીમાં કે દરિયામાં ન પહોંચવા દેવા માટે ચેકડેમોનો અભિગમ આ સરકારે મોટા પાયે લીધો છે. ચેક ડેમો, ખેત તલાવડીઓ, બોરીબંધો

આ બધા મળીને જે અમે નાના સંગ્રાહકો બનાવ્યા છે એ મારે ગૃહ સમક્ષ મૂકવું છે. લગભગ ૨ લાખ ૯૪ હજારના ૬૦ જળ સંગ્રાહકો બનાવ્યા છે એમાં ચેક ડેમો, બોરીબંધો અને ખેત તલાવડી આવી જાય છે. ૨ લાખ ૯૪ હજાર ૬૦ યુનિટો અમે બનાવ્યા છે એમાં લગભગ ૮૭ હજાર ચેક ડેમો છે. માનનીય અધ્યક્ષશ્રી, લોક ભાગીદારી દ્વારા ચેક ડેમો, બિન સરકારી સંસ્થાઓ, એન.જી.ઓ. દ્વારા ચેક ડેમો, મોટા ઉદ્યોગો દ્વારા ચેક ડેમો અને મોટી નદીઓ ઉપર પણ ચેક ડેમો બાંધ્યા છે. નદીઓનું જોડાણ કરવાનું એક નદીથી બીજી નદીમાં પાણી લઈ જઈને સ્ટોર કરવું, રીચાર્જીંગ કરવું, તળાવોને-કાંસને જોડવા, ક્ષાર દરિયાના પાણી દ્વારા કિનારાને આભડતું હોય તો એ ખારાશને દૂર કરવા માટે ટાઈડલ રેગ્યુલેટ, પૂર સંરક્ષણના કામો, હયાત બંધો જે છે એની વિશ્વસનીયતા વધારવા માટે કમાન્ડ એરિયા વધારવો, રાજયમાં મોટી નદીઓ ઉપર સિરીઝ ઑફ ચેક ડૅમો બનાવવા આ બધું કામ અમારી સરકારે હાથ ઉપર લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્રના ભાઈઓ અને માનનીય અર્જુનભાઈ એમ કહેતા હતા કે અમારા વિસ્તારમાં કામ થયું નથી ત્યારે મારે એમના ધ્યાન ઉપર મૂકવું હતું કે અમારા સમયમાં કેટલું કામ થયું છે. એમણે આરોપ કર્યો હતો સરકાર ઉપર ત્યારે હું રેકર્ડ ઉપર જવાબ આપવા માગુ છું કે, એમણે એમ કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે ખાતમુહૂર્ત કર્યા છે એ ડૅમો બંધાયા નથી. ત્યારે મારે આપના ધ્યાન ઉપર મૂકવું છે કે, જે ડૅમ અને બંધારા બાંધ્યા છે એમાં ૧૩ બંધારા હતા એમાંથી લગભગ ૮ બંધારા ચાલુ કર્યા છે એમાંથી બેડ બંધારા ૭૦ ટકા પૂરો થયો છે. માલણ બંધારો ૫૦ ટકા પૂરો થયો છે સારંગપુર ૧૫ ટકા પૂરો થયો છે, મચ્છુ ૧૮.૬૨ કરોડના ખર્ચવાળો ૧૫ ટકા પૂરો થયો છે, ઉંડ-૪ ૧૦ ટકા પૂર્ણ થયો છે, વાગડિયા ૬૦ ટકા પૂર્ણ થયો છે, સરસઈ અને કંડોરણા ત્યાં ટેન્ડર મંગાવ્યા છે એટલા માટે કે જમીન મળી ન હતી અને જે લોકો આ સન્માનીય ગૃહ સમક્ષ જૂઠું બોલી શકે છે એ ગમે તેટલું બોલી શકે છે એટલા માટે આઈ ફીલ પીટી ફૉર ધેમ. મને એમ લાગે છે કે એમણે શું કહેવું છે સમજી શકાતું નથી. કારણ કે માન.મુખ્યમંત્રીશ્રીએ જેનું ખાતમુહૂર્ત કર્યું હતું એ જમીન હજુ પણ સંપાદન કરી શક્યા નથી. એ ખેડૂતોના હાથની વાત હોય છે. જ્યાં અમે ડૅમ નથી બાંધી શકતા, બંધ નથી બાંધી શકતા ત્યાં અમે સિરીઝ ઑફ ચેક ડૅમ બનાવીએ છીએ. જ્યાં ડૅમ બાંધ્યા નથી એની વાત કરું તો સૌરાષ્ટ્રમાં્ શેત્રુંજી ઉપર ૧૨ ચેક ડૅમો બાંધ્યા છે, ભાદર ઉપર ૧૧ ચેક ડૅમો બાંધ્યા છે. એક ચેક ડૅમ પાછળ ૫૦ લાખ રૂપિયાથી વધારે કિંમતનો ખર્ચ થતો હોય છે.. વાત્રક ઉપર ૧૨ ચેક ડૅમ, ઘેલો ઉપર ૧૧ ચેક ડૅમ, ઉંડ ઉપર ૯ ચેક ડૅમ આ પ્રમાણે સિરીઝ ઑફ ચેક ડૅમ સૌરાષ્ટ્રમાં કરવાના કારણે આજે બધી જ નદીઓ બે કાંઠે ભરેલી છે. મેં આપને કહ્યું તેમ ૮૭ હજાર ચેક ડૅમ બાંધ્યા છે. આ ચેક ડૅમોને કારણે રીચાર્જીંગ મળ્યું છે એ અદંભૂત છે. જે લોકોએ એને જોયું છે એને ખબર છે. સૌરાસષ્ટ્રના લોકો જે પોતાના ખેતરમાં હરિયાળી ક્રાંતિ થઈ રહી છે એ માટે આ ચેક ડૅમોને શ્રેય આપે છે એ શ્રેય છે એ ભારતીય જનતા પાર્ટીનો શ્રેય છે. આ ચેક ડૅમો દ્વારા ૪,૫૦ લાખ હેકટર જમીન ઉપર સિંચાઇ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, તળાવો ખોદવાની બાબતમાં મારે અભિનંદન આપવા જોઈએ માનનીય મુખ્યમંત્રીશ્રીને, અમારું આયોજન હતું ૭૦૦ તળાવો ખોદવાનું પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું નહીં, ૨૦૦૦ તળાવો ખોદવાના છે. અને એ પણ ચોમાસા પહેલા, એટલે તમામ ધારાસભ્યશ્રીઓને મારે ધ્યાને મૂકવું છે કે, ૨૦૦૦ તળાવો આ સરકારે ચોમાસા પહેલા ખોદવા માટેનું આયોજન કર્યું છે અને એના માટે ૩૦ કરોડ રૂપિયાનું બજૅટ મૂક્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજના વિશે થોડીક જાણકારી આપવા માંગુ છું. ૩૩૨ કિલોમીટર લાંબી કેનાલ આપણે ખોદી છે. આદિવાસી વિસ્તારમાં જે કામો આપણે હાથમાં લીધા છે તેમાં કડાણા ડાબા કાંઠા હાઈ લેવલ કેનાલ આદિવાસીઓ માટે બનાવી છે. તેનું કામ ચાલુ છે અને પાંચ હજાર હેકટર જમીન ઉપર સિંચાઈ થઈ શકશે તેમજ પાનમ હાઈ લેવલ કેનાલ તે ૫૭.૫૦ કરોડનું બજેટ આપણે રાખ્યું છે તેમાંથી ૧૮ હજાર હેકટર સિંચાઈ થઈ શકશે. સૌરાષ્ટ્રમાં સુરેન્દ્રનગરમાં ૧૭ નદીઓ માટે જે આયોજન કર્યુ છે તેમાં ૧૦૭ ચેક ડેમ છે તે પૈકી ૯૦ ચેક ડેમ પૂરાં થયા છે અને ૧૭ ચેક ડેમોનું બાંધકામ ચાલુ છે. ચોમાસાં પહેલાં તે પૂર્ણ થઈ જશે. કચ્છની અંદર ટાઈડલ રેગ્યુલેટર જે નદીઓ ૪૪ છે અને તે દરિયા સાથે જોડાઈ જાય છે તેની અંદર ૨૯ ટાઈડલ રેગ્યુલેટર આપણે બનાવીએ છીએ અને તેને માટે ૧૬૦ કરોડ રૂપિયાનું આયોજન હતું. આ સાલે અમે ૯૦.૪૮ કરોડ રૂપિયાનું બજેટ રાખ્યું છે અને આ સાલે લગભગ ૨૯ ટાઈડલ રેગ્યુલેટર પૂરાં કરીશું. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનો દરિયા કાંઠો ત્યાં આગળ ખારાશનો પ્રશ્ન છે. સૌરાષ્ટ્રમાં વેરાઈ બંધારા, જોગવાડ બંધારા, માલણ બંધારા, બેડ બંધારા, સમઢીયાળા બંધારા, હડીયાળા બંધારા, મોટી જાગદળ, દાઢીયાળા, દાઢીયાળી રીચાર્જ જળાશય, ઓઝત, મધુવંતી, નોલી, નેત્રાવતી વગેરે સ્પ્રેડીંગ કેનાલના કામોનો પણ સમાવેશ થાય છે. ૨૦૦૭-૦૮માં સૌરાષ્ટ્ર ગેડ વિસ્તાર તથા દક્ષિણ ગુજરાતની ક્ષાર પ્રવેશ નિયંત્રણ યોજનાઓ માટે ૮૮.૯૭ કરોડ રૂપિયાનું આયોજન રાખવામાં આવ્યું છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા દ્વારા ગુજરાતે સમગ્ર દેશને માર્ગદર્શન આપ્યું છે. ૧ લાખ હેકટર ઉપર પી.આઈ.એમ. સહભાગી સિંચાઈ વ્યવસ્થા દ્વારા કામ આપણે પૂર્ણ કર્યુ છે અને બીજું ૧ લાખ હેકટર સિંચાઈ માટે પી.આઈ.એમ.ની સહભાગી સિંચાઈ વ્યવસ્થા આપણે ગોઠવી રહ્યાં છીએ તેને માટે ૨૧.૬૧ કરોડ રૂપિયાનું બજેટ પણ આપણે રાખ્યું છે. ભૂકંપગ્રસ્ત સિંચાઈ વ્યવસ્થાઓ જે છે જે વિસ્તારોમાં ભૂકંપ હતો ત્યાં

આગળ પણ પૂરતી વ્યવસ્થા રાખીને લગભગ ૪૯ કરોડની જોગવાઈ રાખી છે. સુરતમાં ફલડ આવ્યું, મારે અભિનંદન આપવા છે, આભાર વ્યક્ત કરવો છે માનનીય મુખ્યમંત્રીશ્રીનો કે તેઓએ મને ૧૪૬ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે અને તેને કારણે અમે તાપીના બંધારા, તેના પાળા બાંધવા માટે અમોને વ્યવસ્થા આપી છે. ૬૦ કરોડ રૂપિયાની અમે બજેટમાં જોગવાઈ કરી છે. વાવો જેવી સામાન્ય બાબત કે જેને કોઈની દ્રષ્ટિ હતી નહીં. વાવ માટે તેને રીનોવેશન કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ કામ હાથમાં લીધું છે અને આ પહેલું વર્ષ છે અને તેને માટે પણ ૫ કરોડ રૂપિયાનું બજેટ, નિર્મળ ગુજરાતના કાર્યક્રમ હેઠળ અમે આ કામગીરી કરવાના છીએ અને પાંચ કરોડ રૂપિયાની જોગવાઈ આ સાલે રાખી છે.

સિંચાઈ યોજનાઓ અન્ય પણ ઘણી છે તેની અંદર સોનગઢ વ્યારાની આદિજાતિ વિસ્તારની ઉકાઈ પૂર્ણ હાઈ લેવલ કેનાલ જેની અંદર પણ ૧૩ હજાર હેકટરના આદિવાસી વિસ્તારને સિંચાઈ મળશે અને તેને માટે ૧૦ કરોડની વ્યવસ્થા અમે બજેટમાં પ્રોવિઝન રાખ્યું છે. ઘણા બધા મિત્રો એમ કહે છે કે સૌરાષ્ટ્રમાં અમુક કામો બંધ પડી ગયા છે. થોડુંક મારે રેકર્ડ ઉપર મૂકવું છે આ ખૂબ જરૂરી છે. સામે પક્ષમાંથી એમ કહેતા હતા કે સૌરાષ્ટ્રની યોજનાઓ બંધ પડી છે અને બજેટ નથી. હું આપનું ધ્યાન દોરવા માંગુ છું કે, આજી-૪ જામનગરમાં સાડા ચાર કરોડનું બજેટ અમે રાખ્યું છે. મહી પીકઅપ વિયર (જિલ્લો ખેડા) રૂા. ૪.૦૦ કરોડ, ભાદર-૨ (જિલ્લો રાજકોટ) માટે રૂા. ૫.૫૦ કરોડ, ડેમી-૩ (જિલ્લો જામનગર) માટે રૂા. ૨.૫૦ કરોડ, ગુંદા(ઉતાવળી) (જિલ્લો ભાવનગર) માટે રૂા. ૦.૭૫ કરોડ, લીમડી-ભોગવો-૨ (જિલ્લો સુરેન્દ્રનગર) રૂા. ૧.૫૦ કરોડ, મચ્છુ-૩ (જિ.રોજકોટ) માટે રૂા. ૩.૦૦ કરોડ, ઓઝત-૨ (જિ.જૂનાગઢ) માટે રૂા. ૫.૦૦ કરોડ, ઉંડ-૨ (જિ. જામનગર) માટે રૂા. ૩.૭૮ કરોડ, વર્તુ-૨ (જિ. જામનગર) માટે રૂા. ૧.૯૯ કરોડ, કોલિયારી (જિ. પંચમહાલ) માટે રૂા. ૧.૦૦ કરોડ, વારાણસી (જિ. સાબરકાંઠા) માટે રૂા. ૦.૫૦ કરોડ, ચિંચાઈ ઉદ્વહન સિંચાઈ યોજના (જિ. વલસાડ) માટે રૂા. ૭.૦૦ કરોડની જોગવાઈ રાખવામાં આવી છે જે નાની સિંચાઈના છે.

બ્રાહ્મણી-૨ (જિ. સુરે.ન્દ્રનગર) રૂા. ૬ કરોડ, શીંગોડા-૨ પીક અપ વીયર (જિ. જૂનાગઢ) રૂા. ૪.૫૦ કરોડ, ચંદ્રાણા (જિ. સાબરકાંઠા) રૂા. ૪.૦૦ કરોડ, ગોરઠીયા (મોટા ચેખલા) (જિ. સાબરકાંઠા) રૂા. ૪.૦૦ કરોડ, ઓઝત પીક અપ વીયર (ટીકર) (જિ. જૂનાગઢ) રૂા. ૪.૦૦ કરોડ, ધાતરવાડી-૨ (જિ. અમરેલી) રૂા. ૩.૦૦ કરોડ, સાબલી (જિ.જૂનાગઢ) રૂા. ૩.૦૦ કરોડ, શેરડી (માણાવદર)(જિ. જૂનાગઢ) રૂા. ૩.૦૦ કરોડ, વેરાડી-૨ (જિ. જામનગર) રૂા. ૩.૦૦ કરોડ, વાઘડીયા (જિ. જામનગર) રૂા. ૩.૦૦ કરોડ, બડોદર ફાગલી (જિ. જૂનાગઢ) રૂા. ૨.૫૭ કરોડ, તીથોર વિયર (જિ. ખેડા) રૂા. ૨.૫૦ કરોડ, ભાખરવડ મેધલ (જિ. જૂનાગઢ) રૂા. ૨.૨૫ કરોડ, કાલી-૨ (જિ. પંચમહાલ) રૂા. ૨.૦૦ કરોડ, કત્રાસા (જિ. જૂનાગઢ) રૂા. ૨.૦૦ કરોડ, ઉંડ-૪ (જિ. જામનગર) રૂા. ૨.૦૦ કરોડ, રેટા કાલાવડ (જિ. જામનગર) રૂા. ૧.૯૦ કરોડ, જસાપર માંડવા (જિ. ભાવનગર) રૂા. ૧.૭૫ કરોડ, ઉમિયાસાગર (સીદસર) (જિ. જામનગર) રૂા. ૧.૭૫ કરોડ, ઉંડ-૩ (જિ. જામનગર) રૂા. ૧.૭૫ કરોડ, વેરાડી-૧ (જિ. જામનગર) રૂા. ૧.૭૫ કરોડ, કોજન (જિ. સાબરકાંઠા) રૂા. ૧.૫૪ કરોડ, મીનસર (વાણાવડ) (જિ. જામનગર) રૂા. ૧.૫૦ કરોડ, સારણ (સિધ્ધપુર) (જિ. જામનગર) રૂા. ૧.૫૦ કરોડ, કરણુંકી (જિ. રાજકોટ) રૂા. ૧.૪૦ કરોડ, સસોઈ-૨ (જિ. જામનગર) રૂા. ૧.૪૦ કરોડ, અમરનગર (જિ. રાજકોટ) રૂા. ૧.૨૫ કરોડ, લાંક (જિ. સાબરકાંઠા) રૂા. ૧.૨૫ કરોડ)સારંગપુરગાલા (જિ. ભાવનગર) રૂા. ૧.૨૫ કરોડ...(અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત ધ્યાન ઉપર મૂકવા માગું છું કે ઘણા માનનીય સભ્યશ્રીઓ એમ કહે છે કે સૌરાષ્ટ્રનાં કામ ચાલતાં નથી, એનો હું જવાબ આપી રહયો છું. આ બધાં જ કામો આ રીતે છે અને હજુ ઘણાં કહેવાનાં બાકી છે જે હું રેકર્ડ ઉપર મૂકું છું જે આપ જોઈ શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, હું થોડુંક ધ્યાન ઉપર એ મૂકવા માગું છું કે ગઈ વખતે પૂર આવ્યું ત્યારે વરસાદનું પાણી ઉભરાવાથી ખેડા જિલ્લામાં, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં પાણીથી તબાહી થઈ હતી અને એ સંજોગોમાં આ વખતે કાંસ સાફ કરવા માટે લગભગ ૧૨.૩૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૧૫૫ કરોડ રૂપિયાનું આયોજન ડ્રેનેજ સાફ કરવા માટે આ સરકારે કર્યુ છે અને ચોમાસા સુધીમાં તમામ ડ્રેનેજ સાફ કરવાનું આયોજન થઈ ગયું છે. બીજી યોજનાઓ છે જરૂર પડે તો ટેબલ ઉપર મુકી દઈશ.

**અધ્યક્ષશ્રી** : ના, આમાં ટેબલ પર નહીં મુકી શકાય પ્લીઝ.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : કરજણ ડેમમાં જુના વખતનું જે આયોજન હતું તેના કારણે ત્યાં કોઈ સિંચાઈ થતી નહોતી. અને કરજણમાં આજ સુધીમાં ૮ હજાર હેકટરથી વધારે કદી સિંચાઈ થતી નહોતી. આ વખતે ત્યાં ૪૦ હજાર હેકટર સિંચાઈ થાય એ રીતનું રીનોવેશન કરી અને ડેમનું રિપેરીંગ કરવામાં આવ્યું છે. વોટર ટેરીફ મેનેજમેન્ટ દ્વારા ગુજરાતના ખેડૂતોને રાહત આપી છે અને ખેડૂતોના હિતમાં જેટલું કરી શકાય તેટલું બધું આ સરકારે કર્યુ છે. ટૂંકમાં પાંચ મિનિટમાં કલ્પસર માટે પણ વાત કરી દઉં જેનું બજેટ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાના પાણી જળ વિદ્યુત ઉત્પન્ન કર્યા બાદ નર્મદા મુખ્ય નહેર દ્વારા ગુજરાતના વિવિધ વિસ્તારોમાં સફળતા પૂર્વક પહોંચાડી લાંબા ગાળાની જળ અને ઉર્જા ની ખાતરી પૂર્વકની સલામતી માટે કલ્પસર યોજનાને નક્કર સ્વરૂપ આપવાનો નિર્ણય કરેલ છે. આ કલ્પસર યોજના તે હાંસોટ અને ઘોઘા, ખંભાતના

અખાતમાં હાંસોટ અને ઘોઘા માટે ૬૪.૧૬ કિલો મીટર લંબાઈનો બંધ બનાવાનો છે અને આ યોજનાની ૧૯૮૯માં કલ્પના કરવામાં આવી હતી અને તેનો રેકગ્નાઈઝેશન રિપોર્ટ તૈયાર કરવાનું વિચાર્યુ હતું. પણ ૧૯૯૯માં જ્યારે ખ્યાલ આવ્યો કે હવે પ્રી ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવાની જરૂરિયાત છે અને શકયતાઓ છે ત્યારે ઓકટોબર ૧૯૯૯ માં તેના માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને અભ્યાસ માટે કમિટીની નિમણૂક કરવામાં આવી. ગુજરાત રાજયની સમગ્ર પાણીની ઉપલબ્ધતા અને વ્યવસ્થાપન માટે કલ્પસર યોજના સાથે એકત્રિકરણ કરવાનું છે. કલ્પસર યોજના માટે પ્રી ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવા માટે એક એકસ્પર્ટ કમિટી નીમવામાં આવી છે અને તે કમિટીના આધારે પ્રી ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર થાય છે. તેમાં ૬ પ્રકારનો અભ્યાસ કરવામાં આવશે. એમાં ગુજરાત રાજયની સમગ્ર પાણીની ઉપલબ્ધતા જોવામાં આવશે, વ્યવસ્થાપન જોવામાં આવશે. કલ્પસર યોજનાના મીઠા પાણી ઉપર પ્રદૂષણની આડ અસરો શું થાય તે ચેક કરવામાં આવશે. નદીના મુખ સરોવર અને ખંભાતના અખાતના કાંઠાના વિસ્તારોમાં ભૌગોલિક ફેરફારો અંગે અભ્યાસ કરવામાં આવશે. કલ્પસર યોજનાની આસપાસના નીચાણ વાળા વિસ્તારોમાં થતી અસરોનો અભ્યાસ કરવામાં આવશે. સરોવર અને આસપાસના વિસ્તારમાં ક્ષાર સમતોલન અંગેનો અભ્યાસ, આર્થિક અને તાંત્રીક દૃષ્ટિએ ભરતી અને વીજ ઉત્પાદનનું મૂલ્યાંકન, આ અભ્યાસ માનનીય મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપણા હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિમાં ૨૦૦૦ માં સ્વીકારવામાં આવ્યો છે. અને પૂર્ણ શકયતાદર્શી રિપોર્ટ અને છ વિશિષ્ઠ અભ્યાસના તારણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે કલ્પસર યોજના તાંત્રિક રીતે શકય છે અને તેથી પૂર્ણ શકયતાદર્શી અહેવાલ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આના માટે ૩ એકસ્પર્ટ નિષ્ણાંતોની સમિતિ નીમવામાં આવી છે. એમાં ચેરમેન તરીકે મીસ્ટર બી.એન.નવલાવાળા, જે કેન્દ્ર સરકારના નિવૃત્ત સચિવ, જળ સંશાધન, બીજા નેધરલેન્ડના સુટમુલન અને આશિષ વિશ્વાસ મેકસીકાના સભ્ય છે. આ ત્રણ સભ્યોની સમિતિ બે વર્ષમાં શકયતાદર્શી અભ્યાસ કરીને અહેવાલ આપશે. આ વર્ષે ૨૦ કરોડ રૂપિયાનું આયોજન પણ બજેટમાં રાખેલ છે.

**કાપદરખાસ્ત ક્રમાંક ૧,૨,૪,૫,૬,૭,૮,૧૦,૧૨,૧૩,૧૪,૧૫,૧૭,૧૮,૧૯,૨૦,૨૧,૨૨,૨૩ અને ૨૪ મત પર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૬૫,૬૬,૬૭ અને ૬૮ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની સામાન્ય સભા અંગે

**/અધ્યક્ષશ્રી** :મારે એક જાહેરાત કરવાની છે કે આજરોજ ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભા બુધવાર, તા. ૧૪મી માર્ચ, ૨૦૦૭ના રોજ સભાગૃહની બેઠક પૂરી થયા પછી દસ મિનિટે વિધાનસભાના મકાનમાં ચોથા માળે આવેલા સમિતિ ખંડ-૧માં રાખવામાં આવેલ છે. જેમાં સૌ સભ્યશ્રીઓએ અચૂક હાજર રહેવા વિનંતી છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૧૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૧૫મી માર્ચ, ૨૦૦૭ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અંબાલાલ આ.રોહિત** | | |
| | એસ. આર. પી.ની સ્ટ્રેન્થ વધારવા બાબત | ૨૭ |
| **અતુલ કે.પટેલ** | | |
| | ક્લોલ તાલુકાની નોન ગ્રાન્ટેબલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવા અંગે | ૩૭૫ |
| | ક્લોલ તાલુકામાં નર્મદાનું પીવાનું પાણી આપવા બાબત | ૪૪ |
| | ક્લોલ માણસા રોડ પર રેલ્વેના ઓવરબ્રીજનું કામ | ૨૯૯ |
| | ક્લોલ શહેરના પંચવટી વિસ્તારમાં પોલીસ ચોકી બનાવવા બાબત | ૮૯ |
| | કલોલ શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારને જોડતો રેલવે અંડરબ્રીજ બનાવવા બાબત | ૨૫૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષોના ઉછેર કરવા અંગે | ૧૪૦ |
| | એમ. એડ. અભ્યાસક્રમ ચાલુ કરવા માટે અરજીઓ | ૪૦૦ |
| | મીટર પધ્ધતિ અને હોર્સ પાવર પધ્ધતિનું આયોજન | ૭૨ |
| **અનિલ જોષીયારા** | | |
| | અનામત નીતિ પ્રમાણે સુધારેલ હુકમો બહાર પાડવા બાબત | ૭૬ |
| | કેન્દ્ર સરકાર તરફથી કુદરતી આપત્તિ માટે સહાય | ૧૭૨ |
| | ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત સહાય | ૧૬૦ |
| | ભિલોડા તાલુક્માં સ્ટેટ અને પંચાયતના રસ્તાઓને ડામરકામ કરવા બાબત | ૩૧૮ |
| | ભિલોડા તાલુકાના શામળાજીની ટી.પી.સ્કીમ | ૨૯૯ |
| | મેશ્વા ડેમમાં નર્મદા નદીનું પાણી નાખવા બાબત | ૪૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૨ |
| | રાજ્યનું કુલ વીજ ઉત્પાદન | ૧૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં રસ્તાના દબાણો દૂર કરવા અંગે | ૧૩૭ |
| | હિમતનગર સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની આવક | ૨૪૯ |
| **અનિલકુમાર મો.પટેલ** | | |
| | બારડોલી અને માંડવી તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ | ૪૦૧ |
| | સુરત જિલ્લામાં આશ્રમ શાળાના ભયજનક અને જોખમી મકાનો | ૧૬૧ |
| | સુરત જિલ્લામાં રાંધણ ગેસ સમયસર આપવા અંગે | ૩૭૬ |
| **અનિલભાઈ ત્રિ. પટેલ** | | |
| | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અહેવાલ, નાણાકીય પત્રક તેમજ નિવેદન | ૪૧૩ |
| | ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડના અહેવાલ, હિસાબો, તેમજ સમીક્ષા | ૪૧૩ |
| | ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડના અહેવાલ, હિસાબો, તેમજ સમીક્ષા | ૪૧૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૨૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૨૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૮ |
| **અમિત અ. ચાવડા** | | |
| | આણંદ જિલ્લામાં આર.સી.એચ. કાર્યક્ર્મ અંતર્ગત ગ્રાન્ટ મંજૂર કરવા બાબત | ૨૬૩ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અમિત અ. ચાવડા** | | |
| | આણંદ જિલ્લામાં નાબાર્ડ યોજનામાં મંજૂર થયેલ રસ્તાઓ | ૩૧૯ |
| | આણંદ-ખેડા જિલ્લામાં લઘુ ઉદ્યોગો | ૩૨ |
| | જિલ્લાવાર તળાવો ઊંડા કરવા અંગેની કામગીરીની માહિતી | ૮૪ |
| | પેટા પરાના વીજળીકરણ અંગેની માહિતી | ૬૪ |
| | રાજયમાં સ્વાયત્ત યુનિવર્સિટીઓ | ૩૫૯ |
| | રાજ્યમાં એઈડસ રોગના દર્દીઓ | ૩૦૨ |
| **અમિત અ. શાહ** | | |
| | તારાંકિત પ્રશ્નના જવાબમાં સુધારો કરતું નિવેદન | ૧૦૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૩૧ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૩૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૭૯ |
| | વિધાનસભાની સમિતિના કાર્યક્ષેત્ર પર ટિપ્પણી અંગે | ૪૩૫ |
| | સન ૨૦૦૩-૨૦૦૪નો ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૧૦૨ |
| **અમીતભાઈ ચાવડા** | | |
| | આણંદ અને ખેડા જિલ્લામાં વન વિભાગને ગ્રાન્ટ અંગે | ૧૬૧ |
| | આણંદ જિલ્લાની મહેસૂલી આવક | ૧૭૩ |
| | ખેડૂતોને ૭/૧૨ તથા ૮/અ જમીનની નક્લો ગ્રામ્ય ક્ક્ષાએથી મળવા બાબત | ૧૪૧ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડીયા** | | |
| | અગાઉથી જાણ કર્યા સિવાય સભાગૃહમાં આક્ષેપ કરવા અંગે | ૯૬ |
| | અસંસદીય શબ્દ અંગે | ૪૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૫ |
| | સુજલામ્-સુફલામ્ યોજનામાં થયેલ ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે | ૪૨૨ |
| **અશોક ભટ્ટ** | | |
| | અગાઉથી જાણ કર્યા સિવાય સભાગૃહમાં આક્ષેપ કરવા અંગે | ૯૧ |
| | અસંસદીય શબ્દ અંગે | ૪૧૨ |
| | ગુજરાત વ્યાવસાયિક તબીબી શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ ( પ્રવેશ નિયમ અને ફી નિર્ધારણ) બાબત વિધેયક, ૨૦૦૭ | ૧૭૮ |
| | વિધાનસભાની સમિતિના કાર્યક્ષેત્ર પર ટિપ્પણી અંગે | ૪૩૫ |
| **આનંદીબેન મ.પટેલ** | | |
| | ગુજરાત વ્યાવસાયિક ટૅક્નીકલ શૈક્ષણિક કૉલેજો અથવા સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી નિર્ધારણ)બાબત વિધેયક, ૨૦૦૭ | ૧૭૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૭ |
| **આર.સી. પટેલ** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **આર.સી. પટેલ** | | |
| | નર્મદા મુખ્ય કેનાલની આજુબાજુના વિસ્તારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત | ૩૦૧ |
| | નવસારી/વલસાડ જિલ્લામાં જૂન-૨૦૦૬ના ભારે વરસાદને કારણે માર્ગોને થયેલ નુકસાન | ૨૬૦ |
| **ઇશ્વરભાઇ ધ.મકવાણા** | | |
| | સ્પેશીયલ ઓપરેશન ગૃપની રચના | ૪૪ |
| **ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** | | |
| | ભારતના સંવિધાન અન્વયે સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના | ૩૨૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૮૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૫ |
| | સન ૨૦૦૫-૦૬નો ગુજરાતશહેરી વિકાસ કંપની લિમિટેડનો વાર્ષિકઅહેવાલ | ૩૨૭ |
| **ઈશ્વરભાઈ ધ. મકવાણા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૧ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | | |
| | ઓદ્યોગિક ભરતી મેળા યોજવા બાબત | ૧૭૨ |
| | પ્રવાસન વર્ષમાં પ્રવાસી પથ યોજનાના રસ્તાઓ | ૩૧૫ |
| | પ્રવાસન વિકાસ કાઉન્સીલની રચના | ૨૯૪ |
| | ભરૂચ જિલ્લામાં ગ્રામ્ય રસ્તા માટે જોબ નંબર | ૨૯૩ |
| | ભરૂચ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી | ૧૨૦ |
| | રોજગાર વાંચ્છુઓને સારી સેવાઓ પૂરી પાડવા બાબતે સર્ટીફીકેટ | ૧૫૭ |
| | રાજ્યના શહેરો પાઇપ લાઇન ગ્રીડથી જોડવા બાબત | ૫૧ |
| | નિર્મળ ગુજરાત યોજના અન્વયે નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાની સ્વચ્છતા ઝુંબેશ | ૩૨૩ |
| | વિજળીના ઉત્પાદન બાબત | ૧૬ |
| **કનુભાઈ મે. ભલાળા** | | |
| | ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ ક્ષેત્રે નવા કોર્સ | ૪૦૬ |
| | જુનાગઢ જિલ્લામાં પોલીસ આવાસની કામગીરી | ૧૧ |
| | જૂનાગઢ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં મંજૂર થયેલ વર્ગખંડો | ૩૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૩ |
| **કરસનભાઈ ભી. પટેલ** | | |
| | ધોલાઈ બંદરને નેશનલ હાઈવે સાથે રસ્તાથી જોડાણ | ૨૬૮ |
| | નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશદ્વાર માટે વિકાસ પથ યોજના | ૩૨૦ |
| | પ્રવાસન વર્ષમાં માર્ગોની સુધારણા માટે મંજૂર કરેલ ગ્રાન્ટ | ૩૦૭ |
| **કાંતિભાઈ ભા. તડવી** | | |
| | પાણીની ગુણવત્તા સુધારવા માટે પ્રયોગ શાળાઓ | ૪૫ |
| | વાયબ્રન્ટ ગુજરાતમાં પાવર પ્રોજેક્ટના એમ.ઓ.યુ. | ૭૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **કાંતિભાઈ ભા. તડવી** | | |
| | સંખેડા તાલુકામાં આયુર્વેદિક દવાખાના | ૩૧૯ |
| | સંખેડા તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો ટ્રસ્ટોને આપવા બાબત | ૩૦૦ |
| | સંખેડા તાલુકામાં હેરણ નદી ઉપરના પુલના એપ્રોચ રસ્તાનું કામ | ૨૫૬ |
| **કાંતિભાઈ રા. લકુમ** | | |
| | જિલ્લા તકરાર નિવારણ ફોરમોની માળખાકીય સુવિધાઓ વધારવા અંગે | ૩૬૭ |
| | જ્યોતિગ્રામ યોજનાથી ગામડાના લોકોને ફાયદા | ૪૭ |
| | જ્યોતિગ્રામ યોજનાની નવી લાઇન ઉભી કરવા બાબત | ૭૫ |
| | પ્રવાસન વર્ષમાં ખાનગી કંપની સાથે કરેલા એમ. ઓ. યુ. | ૩૧૫ |
| | પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની અસરકારક્તા | ૩૯૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૧ |
| | હક્ક પત્રકને કોમ્પ્યુટરથી નોંધણી કરવાની યોજના | ૧૩૧ |
| **કાંતિભાઈ રે. ગામીત** | | |
| | આદિજાતિ વિકાસ માટે વણવપરાયેલ ગ્રાન્ટ | ૧૩૨ |
| | ઉચ્છલ તાલુકામાં કેરોસીન વિતરણ અંગે ફરિયાદો | ૩૮૦ |
| | માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ આપવા અંગે | ૪૦૩ |
| | માંડવી, સોનગઢ, ઉચ્છલ અને નિઝર તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકો | ૪૧૦ |
| | સુરત જિલ્લામાં ૧૯૮૦ અગાઉથી ખેડૂતોને ખેતી કરવા માટે જમીનનો કબ્જો સોંપવા બાબત | ૧૫૭ |
| **કાંતિલાલ ધ. કચોરિયા** | | |
| | દાંતીવાડા તાલુકામાં જ્યોતિગ્રામ યોજનાનું કામ | ૧૪ |
| | પાલનપુર શહેરને શહેરી વિકાસ વર્ષ દરમિયાન મળેલ રકમ | ૩૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં એઈડસ અને કેન્સરના કેસ | ૨૯૨ |
| **કાંતિલાલ શી. અમૃતિયા** | | |
| | મોરબી તથા માળિયા તાલુકામાં પંડિત દીનદયાલ ગ્રાહક ભંડાર | ૩૮૩ |
| | મોરબી, માળીયા, ટંકારા, વાંકાનેર તાલુકામાં મિલ્કત અંગેના ૩૨-ક હેઠળના પડતર દસ્તાવેજોની પરત સોંપણી | ૧૩૩ |
| | માળિયા તાલુકામાં ક્ષાર પ્રવેશ નિયંત્રણની કામગીરીનું આયોજન | ૨૦ |
| **કાન્તિભાઈ રા. લકુમ** | | |
| | ક્રાઈમ બ્રાન્ચ સુદ્રઢ બનાવવાનું આયોજન | ૭ |
| **કાળુભાઇ હી. માલીવાડ** | | |
| | ખાનપુર તાલુકામાં વન વિસ્તાર | ૧૫૨ |
| **કાળુભાઇ હી.માલીવાડ** | | |
| | કારંટા જૂથ પાણી પુરવઠા યોજનાથી બાકી ગામોને પીવાના પાણીની સગવડ | ૬૪ |
| | ભાદર નદી પર ચેકડેમ બનાવવાનું આયોજન | ૩૨ |
| | રાજ્યમાં નવા બંધાતા રસ્તાઓમાં અને મેઇન્ટેનન્સમાં નવી જોગવાઇઓ | ૨૬૫ |
| | રાજ્યમાં એલ. એન.જી. ટર્મીનલ સ્થાપવાની કાર્યવાહી | ૮૫ |
| | લુણાવાડા-શહેર ચાર કોશિયા નાકાથી વાંસિયા તળાવ રોડનું ડામર કામ | ૩૦૫ |
| **કાળુભાઈ વી. વીરાણી** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **કાળુભાઈ વી. વીરાણી** | |
| અમરેલી જિલ્લામાં નાગરિક ઉડ્ડયન વ્યવસ્થા અંગે | ૩૭૫ |
| અમરેલી જિલ્લામાં મીઠા ઉદ્યોગનો વિકાસ | ૪૦૦ |
| અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ દ્વારા ખેતીના પાકને નુકસાન | ૧૭૭ |
| અમરેલી જિલ્લામાં સરદાર સહભાગી યોજનાની માહિતી | ૨૦ |
| અમરેલી સાવરકુંડલા સ્ટેટ હાઈવે ઉપર શેલ નદી ઉપર પુલ બાંધવા બાબત | ૨૭૫ |
| સાવરકુંડલા તાલુકાનો પીઠવડી ઘાર કેરાળા રસ્તાનું બાંધકામ | ૩૧૦ |
| સાવરકુંડલા તાલુકાના મીતીયાળા અભ્યારણના વિકાસ તેમજ ખર્ચ | ૧૫૨ |
| સાવરકુંડલા તાલુકામાં ઘાસની વીડીઓ તેમજ થયેલ ખર્ચ અંગે | ૧૭૧ |
| સાવરકુંડલા તાલુકામાં ટપક પધ્ધતિનું જોડાણ મેળવવા બાબત | ૭૯ |
| સાવરકુંડલા તાલુકામાં મહી પરીએજ યોજનાની કામગીરી | ૫૬ |
| સાવરકુંડલા રંધોળા સ્ટેટ હાઈવેનું વાઈડનીંગ કામ ન થવા બાબત | ૩૨૧ |
| **કાળુભાઈ હી. માલીવાડ** | |
| રાજયમાં ગ્રાહક સુરક્ષા પ્રવૃત્તિ અંગે | ૩૫૭ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | |
| ઉદ્યોગોને આપવામાં આવેલ કર રાહતની માહિતી | ૮૦ |
| રાજકોટ જિલ્લામાં દારુની પરમીટ આપવા બાબત | ૫૬ |
| રાજકોટ જિલ્લામાં સ્વજલધારા યોજનાની માહિતી | ૨૧ |
| રાજકોટની પંડિત દીનદયાળ સરકારી હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની બેઠકો | ૨૬૧ |
| રાજ્યમાં આવશ્યક ચીજોનો ભાવવધારો રોકવા અંગે | ૩૮૮ |
| **કેશુભાઈ હી. નાકરાણી** | |
| ભાવનગર જિલ્લામાં પોલીસ આવાસની કામગીરી | ૫૯ |
| ભાવનગર જિલ્લામાં લોક દરબાર બાબતે | ૨૬ |
| **ગણપતભાઈ વે. વસાવા** | |
| ઉમરપાડા તાલુકામાં પોલીસ સ્ટેશન આપવા બાબતે | ૧૧ |
| ઉમરપાડા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા બાબત | ૩૦૭ |
| નવી આદર્શ નિવાસી શાળા મંજૂર કરવા બાબત | ૧૩૯ |
| માંગરોળ અને ઉમરપાડા તાલુકામાં રેસ્ટ હાઉસ બનાવવા બાબત | ૨૬૯ |
| **ગોપાલભાઈ ગા. ધુઆ** | |
| આગાખાન ટ્રસ્ટ દ્વારા સિધ્ધપુર લક્ષ્મી માર્કેટ હેલ્થ સેન્ટરનું સોનોગ્રાફી મશીન ખસેડવા બાબત | ૩૦૮ |
| આદિવાસી વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર શિક્ષણ | ૩૬૬ |
| કચ્છ જિલ્લાને રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ફાળવેલ રકમ | ૪૦૮ |
| કચ્છ જિલ્લાના માર્ગો તેયાર કરવા બાબત | ૨૭૧ |
| કચ્છ જિલ્લામાં જ્યોતિ ગ્રામ યોજનાની માહિતી | ૬૩ |
| કચ્છના જિલ્લામાં ખૂન, લૂંટ, ચોરીના કેસો | ૨૯ |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભૂપેન્દ્રસિસિંહજી ગજસિસિંહજી જાડેજાના અવસાન અંગે | ૯૦ |
| રાજ્યમાં કન્યા કેળવણી નિધિ | ૩૯૫ |
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | | |
| | ૧૦૦ કરોડ કરતાં વધારે વેચાણવેરાની વસુલ લેવાની બાકી રકમ | ૧૪૧ |
| | અમદાવાદની મ્યુનિસિપલ હોસ્પિટલોમાં ગ્રાન્ટ આપવા બાબત | ૩૦૫ |
| | દારૂબંધીમાંથી છૂટ અને તે અંગેની પરમીટો બાબત | ૪ |
| | નર્મદા નદીમાંથી સરસ્વતી નદીમાં પાણી નાંખવા અંગે | ૪૭ |
| | નર્મદા યોજના આધારીત માઇનોર કેનાલો બનાવવા અંગે | ૭૪ |
| | ભાવનગર જિલ્લામાં રસ્તાને આપેલ જોબ નંબરો | ૨૬૬ |
| | રાજ્યમાં પુરુષ- સ્ત્રીનો સાક્ષરતા દર | ૩૮૯ |
| **ગોવાભાઈ હ. રબારી** | | |
| | કડી તાલુકાના ખાદ્યતેલના ઉત્પાદકો પાસે વેચાણવેરાની બાકી લેણી રકમ | ૧૬૮ |
| | કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને અપાયેલ શિક્ષણ સહાય | ૪૦૪ |
| | બનાસકાંઠા જિલ્લાની નોન-ગ્રાન્ટેબલ માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેબલ કરવા અંગે | ૩૮૪ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૩ |
| | વિદ્યુત શુલ્ક માફ કરવા અંગે | ૪૫ |
| | સિમેન્ટ કંપનીઓ પાસેથી લેવાનો થતો વેચાણવેરો | ૧૪૯ |
| **ગોવિંદભાઈ વ.પરમાર** | | |
| | જૂનાગઢ આર.ટી.ઓ. ની આવક | ૪૦ |
| **ગૌતમભાઈ જે. ઝાલા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૩ |
| **ચંદ્રકાંત મો. પટેલ** | | |
| | પ્રવાસન વર્ષની ઉજવણીના ઉદ્દેશો | ૨૫૯ |
| | વડોદરા આર. ટી. ઓ. કચેરીની આવક બાબત | ૧૫ |
| | વાયુસેના ગાંધીનગરને જમીન ફાળવણી | ૨૬૯ |
| | સુખી જળાશય ઉપર અવર-જવર માટે પુલ બાંધવા અંગે | ૫૦ |
| | સ્વજલધારા કાર્યક્રમને મળેલ પ્રતિસાદ | ૭૭ |
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | | |
| | આઇ. ટી. પાર્ક કરવા માટે જમીન આપવા બાબત | ૧૬૫ |
| | કચ્છ અને જામનગર જિલ્લામાં ચેરના જંગલો | ૧૪૫ |
| | કેન્દ્ર સરકાર તરફથી રાજ્યને ફાળવવામાં આવતો નાગરિક પુરવઠો | ૪૦૫ |
| | ખાનગી ટ્યુશન કરતા શિક્ષકો સામે કાર્યવાહી | ૪૧૦ |
| | ઘેડ વિકાસ સમિતિની બેઠકો બાબત | ૮૦ |
| | જુનાગઢ જિલ્લામાં રહેમરાહે નોકરી આપવાના કેસો | ૩૮૭ |
| | જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના આંતોલીથી વડલા ફાટક મંડેરથી સરવા કડછ રસ્તો બજેટમાં લેવા બાબત | ૩૦૭ |
| | જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકામાં પીવાના પાણીની સમસ્યા | ૫૬ |
| | પોરબંદર જિલ્લામાં લાઈમ સ્ટોન ચોરીના કેસો | ૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૨૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૧ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ચંદ્રિકાબેન કા. ચુડાસમા** | |
| રાજકોટની રણછોડવાડીની જમીનનો હેતુભંગ | ૧૭૫ |
| **ચીમનલાલ ધ. સાપરિયા** | |
| જોડિયા તાલુકામાં લખતર ગામ પાસે ઉંડ-૨ સિંચાઇ યોજનાની પેટા કેનાલો | ૭૦ |
| જમીનોને ટોક્નરેટથી જુની શરતમાં ફેરવવા બાબત | ૧૫૮ |
| જામ જોધપુર તાલુકામાં વારસાઈ એન્ટ્રીઓની પડતર અરજીઓ | ૧૨૬ |
| જામજોધપુર અને લાલપુર તાલુકામાં રાંધણગેસ સમયસર આપવા અંગે | ૩૬૩ |
| જામનગર જિલ્લા પંચાયત દ્વારા સરકારી પેવર પ્લાન્ટથી રસ્તા બનાવવાની દરખાસ્ત | ૩૧૫ |
| જામનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં વર્ગ-૧-૨ની ખાલી જગ્યાઓ | ૨૯૪ |
| જિલ્લાકક્ષાના અને તાલુકા કક્ષાના આયોજનની રકમ | ૪૨ |
| નર્મદા આધારિત પાઈપ લાઈન દ્વારા પીવાનું પાણી | ૮૮ |
| **છનાભાઈ કો. ચૌધરી** | |
| ઝૂજ સિંચાઇ યોજનાના ક્માન્ડ એરીયામાં આવતા ગામોમાં બાકી કામો | ૪૧ |
| નવસારી જિલ્લામાં આદર્શ નિવાસી શાળાઓમાં સંવર્ગવાર ખાલી જગ્યાઓ | ૧૩૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૮ |
| રાજ્યની સ્થાનિક એન.જી.ઓ.ને કામો આપવા અંગે | ૧૫૯ |
| વલસાડ તથા નવસારી જિલ્લામાં પ્રવાસન ધામો પાછળ થયેલ ખર્ચ | ૨૬૬ |
| વાંસદા તાલુકાની કેલીયા પાણી પુરવઠાની કાર્યવાહી | ૭૦ |
| **છબીલભાઈ ના. પટેલ** | |
| કચ્છ જિલ્લાના ઉદ્યોગોમાં સ્થાનિકોને રોજગારી | ૧૫૧ |
| કચ્છ જિલ્લાની સરકારી હોસ્પિટલોમાં મંજૂર થયેલ મહેકમ | ૩૦૦ |
| કચ્છ જિલ્લામાં દસ્તાવેજોમાં રહી ગયેલ ભૂલો સુધારવા અંગે | ૧૭૦ |
| કચ્છ જિલ્લામાં રમતગમતના વિકાસ માટે પગલાં | ૩૬૯ |
| કચ્છ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમોમાં બાકી કેસો | ૩૯૬ |
| માંડવી, નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાને નર્મદા યોજનાનું પાઈપ લાઈન આધારિત પાણી આપવા અંગે | ૧૬ |
| સરકારી હૉસ્પિટલમાં દર્દી પાસેથી ફી લેવા બાબત | ૨૫૭ |
| સુજલામ સુફલામ યોજનામાં થયેલ ગેરરીતિની તપાસ | ૫૧ |
| **જગદીશ ઠાકોર** | |
| ગાંધીનગર જિલ્લામાં જમીન દબાણ નિયમિત કરી ખેડૂતોને જમીન આપવા બાબત | ૧૫૧ |
| ચિરંજીવી યોજનાનો અમલ | ૨૯૫ |
| પ્રાથમિક શાળાઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | ૪૦૨ |
| રમતવીરોને પ્રોત્સાહિત કરવા અંગે | ૩૭૮ |
| રાજ્યમાં ગેરકાયદેસર ખનીજ ખોદાણના કેસો | ૪૯ |
| રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખોલવા બાબત | ૩૨૩ |
| સરકારી ડૉક્ટરોને પ્રાઈવેટ પ્રેક્ટીસ કરવાની છૂટ આપવા બાબત | ૩૧૬ |
| સરદાર સરોવર યોજના દ્વારા વિજળીનું ઉત્પાદન શરૂ કરવા અંગે | ૧૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **જગદીશ ઠાકોર** | |
| હાલોલ તાલુકાના લીફ્ટ ઈરીગેશનના કામનું ચુકવણું | ૫૦ |
| **જયંતિલાલ ર. કવાડિયા** | |
| ઉદ્યોગો માટે ફ્રી ઝોનની સ્થાપના | ૨૧ |
| બ્રાહ્મણી - ૨ સિંચાઇ યોજના હેઠળ ડૂબમાં ગયેલ ગામો | ૫૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૧૯ |
| રાજકોટ શહેરની સિંચાઈ કચેરીની કામગીરી | ૮૦ |
| રાજ્યની પી.ટી.સી. કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે અનામત | ૩૯૧ |
| વન્ય પ્રાણીઓથી ખેડૂતોના પાકને નુક્સાન | ૧૫૫ |
| **જયદ્રથસિંહજી ચં. પરમાર** | |
| ઇકો-ડેવલપમેન્ટ હેઠળ કરેલ કામગીરી | ૧૬૯ |
| ખેતીની જમીન જુની શરતમાં ફેરવવાની નીતિ અંગે | ૧૫૦ |
| નર્મદાની મુખ્ય કેનાલ માટે સંપાદિત કરવામાં આવેલ જમીન અંગે | ૧૫ |
| પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હેન્ડપંપ સુવિધા અંગે | ૪૦૭ |
| પંચમહાલ જિલ્લામાં પોલીસ અધિકારી /કર્મચારીના આરોગ્ય તપાસ બાબત | ૭૬ |
| પંચમહાલ જિલ્લામાં રમતગમત સંકુલ બનાવવા અંગે | ૩૯૧ |
| હાલોલ તાલુકામાં કેરોસીનની ફાળવણી અંગે | ૪૧૦ |
| **જશુબેન સ. કોરાટ** | |
| તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૬૯૪ના અનુસંધાને વધારાની માહિતી | ૪૧૪ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | |
| આરોગ્ય વિભાગના ઠરાવ અનુસારપ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં એલોપેથિક ડોક્ટરોની જગ્યા નાબુદ કરવા બાબત | ૨૬૫ |
| નિવાસી શાળાઓમાં આચાર્ય અને શિક્ષકોની ઘટ | ૧૩૩ |
| પોલીસ સબ ઇન્સ્પેક્ટરની ભરતી બાબત | ૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૬ |
| રાજયમાં વિદ્યા સહાયકોનીભરતીમાં અલગ-અલગ મેરિટ લિસ્ટ બનાવવા અંગે | ૩૬૦ |
| વલસાડ જિલ્લા ડીસ્ટ્રીક કોર્ટનું મકાન બનાવવા બાબત | ૩૦૫ |
| વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના | ૨૯ |
| વલસાડ જિલ્લામાં બાજપાયી બેન્કેબલ યોજનાનો લાભ | ૩૯૪ |
| સદર વાઇઝ યોજનાઓ | ૧૫૮ |
| સરકારી ગાડીઓ ઉપર લાલ લાઇટ લગાડવા બાબત | ૬૨ |
| **જીતેન્દ્રકુમાર ઉ.વાઘેલા** | |
| અમદાવાદ શહેરમાં બી.પી.એલ. કાર્ડ ધારકો | ૪૦૭ |
| ભુજની સરકારી પોલીટેકનિક/એન્જીનીયરીંગ કોલેજમાં અપૂરતો સ્ટાફ | ૩૯૧ |
| **જીતેન્દ્રભાઈ બા. પટેલ** | |
| અમદાવાદ શહેરમાંથી વેચાણવેરાની થયેલ આવક તેમજ બાકી વસુલાત અંગે | ૧૬૨ |
| ખોટ કરતા બોર્ડ/નિગમોને સહાય | ૧૪૨ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **જીતેન્દ્રભાઈ બા. પટેલ** | | |
| | ધોરણ-૧૨ વિજ્ઞાનના પરિણામ પછી મેડિકલ કોલેજોમાં પ્રવેશ આપવાની કાર્યવાહી | ૩૦૨ |
| | નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યો પાસેથી બાકી રકમ | ૧૭ |
| | એફ.એસ.એલ. ના બાકી કેસો | ૫૩ |
| | રાજ્ય સરકાર દ્વારા ઉદ્યોગોને વેચાણવેરામાં રાહત | ૧૭૪ |
| | રાજ્યમાં ચિરંજીવી યોજનાનો અમલ | ૨૬૧ |
| | સ્પેશિયલ ઈકોનોમિક ઝોનને પ્રોત્સાહન | ૭૮ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | પંચમહાલ જિલ્લામાં બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ મળેલ અરજીઓ | ૩૧ |
| | પંચમહાલ જિલ્લામાં રોપાનું પ્લાન્ટેશન | ૧૬૩ |
| | પંચમહાલ જિલ્લામાં વાજબી ભાવની નવી દુકાનો શરૂ કરવા અંગે | ૪૦૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૫ |
| | વારસાઈ એન્ટ્રીઓના પેન્ડીંગ કેસો | ૧૪૪ |
| | શહેરા અને લુણાવાડા તાલુકામાં નિરાધાર વિધવા સહાય યોજનાનું અમલીકરણ | ૩૮૧ |
| | શહેરા નગરપાલિકાને વિકાસના કામો માટે આપેલ ગ્રાન્ટ | ૨૬૪ |
| **જેસાભાઈ ભા. બારડ** | | |
| | જિલ્લા આયોજન સમિતિઓની રચના | ૮૧ |
| | જુના શહેરી વિસ્તારોનું નવસાધ્યકરણ યોજના | ૨૯૦ |
| | જૂનાગઢ જિલ્લાના તાલુકાઓને પીવાના પાણીની યોજના આપવા અંગે | ૨૬ |
| | જૂનાગઢ જિલ્લાના દેવડીયા કેન્દ્રને સંગીન બનાવવા અંગે | ૧૩૪ |
| | જૂનાગઢ જિલ્લામાં ગ્રંથાલયો | ૩૭૮ |
| | જૂનાગઢ જિલ્લામાં બહુહેતુક મહિલા કલ્યાણ કેન્દ્રો | ૪૦૨ |
| | દરિયા કિનારામાં ભરતી નિયંત્રણ યોજનાની કામગીરી | ૫૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૩૦ |
| | વેરાવળ રેલ્વે સ્ટેશન પર સવલતો ઉભી કરવા બાબત | ૩૧૩ |
| | સોમનાથ ખાતે યાત્રાળુઓને ફીલ્ટર થયેલુ પાણી આપવા બાબત | ૩૨૧ |
| **જોધાજી ગ. ઠાકોર** | | |
| | કન્યા કેળવણી નિધિ | ૩૭૮ |
| | દાંતીવાડા જળાશય યોજનામાં નર્મદાનું પાણી નાંખવા બાબત | ૨૬ |
| | પાટણ તાલુકાના દાંતીવાડા જળાશયની સિંચાઇનો લાભ મળવા બાબત | ૫૯ |
| | પાટણ તાલુકાના નોન પ્લાન રસ્તાઓને રીપેર કરવા બાબત | ૩૨૦ |
| | પાટણ તાલુકાના નાના વેલોડા ગામને રોડથી જોડવા બાબત | ૩૦૮ |
| | પાટણ તાલુકામાં વસ્તીના પ્રમાણમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આપવા બાબત | ૨૭૪ |
| **જ્યોત્સનાબેન જી. સોમાણી** | | |
| | રાજકોટ જિલ્લામાં લોકદરબાર બાબતે | ૩૯ |
| **ટપુભાઈ લીંબાસિયા** | | |
| | રાજકોટ જિલ્લામાં સહભાગી જળ સંચય યોજનાના ચેકડેમની અરજીઓ | ૩૭ |
| | રાજકોટ મહાનગરમાં અભ્યાસગૃહો | ૩૬૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ટપુભાઈ લીંબાસિયા** | |
| રાજકોટ શહેરની નગર આયોજનની સ્કીમો | ૩૧૬ |
| રાજકોટ શહેરમાં ગેરકાયદેસર બાંધકામ રેગ્યુલર કરવા બાબત | ૨૯૬ |
| રાજકોટ શહેરમાં ફાજલ જમીન પર ગૃહ નિર્માણ યોજના | ૧૪૦ |
| સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં નાની અને મધ્યમ સિંચાઇ યોજનાના કામો બાબત | ૬૭ |
| સ્વજલધારા કાર્યક્રમ | ૮૬ |
| **દિનેશ પરમાર** | |
| જામનગર જિલ્લામાં વાજબી ભાવની દુકાનોની ચકાસણી | ૪૦૫ |
| જામનગર તાલુકાના બેડ-રસુલનગર રોડ મંજૂર કરવા બાબત | ૩૧૪ |
| જામનગર તાલુકામાં પેવરકામ કર્યા પછી રસ્તા તૂટી જવા બાબત | ૩૨૨ |
| જામનગર નાઘેડી બાયપાસ પાસે આર.ટી.ઓ. ચેક પોસ્ટમાં ગેરરીતિ | ૩૮ |
| જામનગર મહાનગરપાલિકામાં નગરસીમ વિસ્તારનો સમાવેશ કરવા બાબત | ૨૯૨ |
| જામનગર એરપોર્ટનો વિકાસ | ૩૮૫ |
| જામનગર શહેરના પોલીસ આવાસોની જર્જરીત હાલત | ૬૭ |
| દારુબંધી નીતિમાં ફેરફાર | ૮૬ |
| **દિપસિંહ શં. રાઠોડ** | |
| ધરોઈ સિંચાઈ યોજનામાં સહભાગી સિંચાઈ વ્યવસ્થા | ૮૮ |
| પ્રવાસન વર્ષમાં દેવસ્થાનના વિકાસ માટે ગ્રાન્ટની ફાળવણી | ૩૦૯ |
| રાજ્યમાં જાહેર ગ્રંથાલયોને અદ્યતન સુવિધા | ૩૯૨ |
| સહભાગી વન વ્યવસ્થા | ૧૫૬ |
| સાબરકાંઠા જિલ્લામાં સ્ટેટ હસ્તકના બનેલ રસ્તાઓ | ૨૭૫ |
| સાબરકાંઠામાં હાથમતિ જલાગાર | ૪૨ |
| સ્વજલધારા કાર્યક્રમ હેઠળ ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓ | ૭૧ |
| **દિલીપસિંહ વ. પરમાર** | |
| પોલીસ મહેકમમાં ભરતી કરવા બાબત | ૪૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૨ |
| **દિલુભા ટે. ચુડાસમા** | |
| કોયલી ઉમેટા-મીની નદી ઉપરના પુલના એપ્રોચ રોડ બનાવવા બાબત | ૨૯૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૨૯ |
| રાજ્યમાં રમતોને પ્રોત્સાહન આપવા અંગે | ૩૯૬ |
| વડોદરા જિલ્લામાં જમીન પર વનીકરણ | ૧૪૩ |
| વડોદરા તાલુકામાં ગ્રામ્ય માર્ગ માટે આપેલ જોબ નંબર | ૩૧૭ |
| વડોદરામાં પૂરથી ક્ષતિગ્રસ્ત શાળાઓનું પુનઃઃસ્થાપન | ૩૬૮ |
| **દોલતભાઈ પરમાર** | |
| ખાસ અંગભૂત યોજના હેઠળ મંજૂર થયેલ પીવાના પાણીના કામો | ૬૬ |
| પાલનપુર કસ્બાના બીન અધિકૃત બાંધકામ | ૧૭૧ |
| બનાસકાંઠા જિલ્લામાં જંગલની જમીનના હક્કદાવાની ચકાસણી અંગે | ૧૫૨ |
| બનાસકાંઠા જિલ્લામાં ટાઉન પ્લાનીંગની કલમ-૬બી અન્વયે નિકાલ કરેલ અપીલોની સંખ્યા | ૨૬૮ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **દોલતભાઈ પરમાર** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૪ |
| | સિધ્ધપુરમાં સમ્પ અને ઓવર હેડ ટાંકી માટે વીજ કનેક્શન | ૬૬ |
| | સ્વાગત કાર્યક્રમ હેઠળ મળેલ ફરિયાદો | ૩૫ |
| **ધનરાજભાઈ કેલા** | | |
| | વઢવાણ તાલુકામાં રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત | ૨૬૮ |
| | સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરની કચેરીનું સંવર્ગવાર મહેકમ | ૧૫૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ગેરકાયદેસર પશુઓને કતલખાને લઇ જવાના કેસો | ૬૧ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ગુનાનું પ્રમાણ | ૨૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં નાની સિંચાઇની કામગીરી અને ગેરરીતિ | ૮૩ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં મહિલા જાગૃતિ શિબિરોનું આયોજન | ૩૭૫ |
| | સુરેન્દ્રનગર નગરપાલિકાના વિકાસ નકશામાં જોરાવરનગરને ગામતળમાં લેવા બાબત | ૩૦૭ |
| **ધનસુખભાઈ ના. પટેલ** | | |
| | તત્કાલ વીજ જોડાણની સુરત જિલ્લામાં મળેલ અરજીઓ | ૪૯ |
| | રાજ્યમાં સ્પેશિયલ ઈકોનોમિક ઝોનની સ્થાપના | ૭૬ |
| | ઓલપાડ અને ચોયાર્સી તાલુકામાં સરકારી જમીનની ફાળવણી | ૧૬૧ |
| | ઓલપાડ અને ચોર્યાસી તાલુકામાં આવેલ કાંસ | ૧૪ |
| | ઓલપાડ તથા ચોર્યાસી તાલુકાને જોડતી તેના ખાડી પર બ્રીજ બનાવવા બાબત | ૩૦૫ |
| | વડોદરા જિલ્લામાં ભારે વરસાદથી વાઘોડિયા ચોકડીથી લીમડી સુધીનો રસ્તો તુટી જવા બાબત | ૩૨૦ |
| | સરકાર હસ્તક દેવસ્થાનોનો વહીવટ | ૨૬૪ |
| | સુરત જિલ્લામાં દસ્તાવેજોની નોંધણી | ૧૩૯ |
| **ધારશીભાઈ લ. ખાનપુરા** | | |
| | કાંકરેજ તાલુકામાં ચેકડેમની માહિતી | ૧૩ |
| **ધીરુભાઈ હ. ગજેરા** | | |
| | ત્રણ વર્ષ કરતા વધારે સમયથી એક જ જગ્યાએ ફરજ બજાવતા સનદી અધિકારીઓ | ૬૫ |
| | ઓરેટ પ્રોગ્રામ નીચે હોસ્પિટલોને સાધનો આપવા બાબત | ૩૦૫ |
| | સુરત અને અમરેલી જિલ્લામાં ૭ વર્ષથી વધારે સમયથી રોડને પેવર ન થવા બાબત | ૨૬૭ |
| | સુરત, વડોદરા, અમદાવાદ અને રાજકોટ શહેરમાં નોંધાયેલ વિવિધ ગુના | ૩૩ |
| **ધીરૂભાઈ હ. ગજેરા** | | |
| | સુરત જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોથી અપાતો અખાદ્ય નાગરિક પુરવઠો | ૩૬૯ |
| **નટવરસિંહ ફૂ. ઠાકોર** | | |
| | ખેડા અને આણંદ જિલ્લામાં નવીન રોડ બનાવવા બાબત | ૩૧૩ |
| | તા. ૧૯-૧-૦૭ના મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમમાં દોડાવેલ બસો | ૨૬ |
| | નવા માર્ગો બનાવવા ગ્રાન્ટની ફાળવણી કરવા બાબત | ૨૯૧ |
| | મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ખાનગી ટ્યુશન કરતા શિક્ષકો | ૩૭૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **નટવરસિંહ ફૂ. ઠાકોર** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૯ |
| **નરેન્દ્રસિંહ મા. જાડેજા** | | |
| | કચ્છ જિલ્લામાં નર્મદાના વધારાના પાણીનું આયોજન | ૪૫ |
| | કોર્પોરેટ ફાર્મીંગ માટે જમીન ફાળવણી | ૧૪૮ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાના અવસાન અંગે | ૯૦ |
| | દેશળપર-નળિયા રોડ પહોળો કરવા બાબત | ૩૦૦ |
| | નખત્રાણાથી માતાના મઢ સુધીનો રસ્તો પહોળો કરવા બાબત | ૨૫૫ |
| | નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરના કામનું આયોજન | ૭૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૨૫ |
| **નરેશકુમાર મી. કનોડિયા** | | |
| | વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ | ૩૮૭ |
| **નરોત્તમભાઈ ત્રિ. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૪૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૧૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૧૬ |
| | રાજયના જળાશયોમાંથી ઊનાળુ સિંચાઈ કરવા અંગે | ૩૨૫ |
| **નારાયણભાઈ લ. પટેલ** | | |
| | ઉંઝા તાલુકામાં અતિવૃષ્ટિમાં નુકસાન પામેલ રસ્તાઓ, પુલ અને નાળાં | ૨૬૫ |
| | કમિશ્નરશ્રી, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાના મજૂરોને ચુકવણી | ૮૪ |
| | કમિશ્નરશ્રી ભૂસ્તર વિજ્ઞાન અને ખાણ ખનીજ દ્વારા ચાલતા અપીલના કેસો | ૬૨ |
| | ખાસ સચિવશ્રી મહેસૂલની કચેરીમાં પડતર કેસો | ૧૩૯ |
| | મહેસાણા અને પાટણ જિલ્લામાં વિધવા સહાય માટે અરજીઓ અંગે | ૩૬૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૦ |
| | રાજ્યમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેસો | ૩૦ |
| **પરસોત્તમભાઈ ના. ભોજાણી** | | |
| | ગાંડા બાવળના કોલસા અને લાકડાના પાસ માટે | ૧૪૫ |
| **પરેશભાઈ ધી. ધાનાણી** | | |
| | અમરેલી જિલ્લાની નગર પાલિકાઓને શહેરી વિકાસ વર્ષ દરમિયાન ફાળવેલ ગોરવપથ યોજનાની ગ્રાન્ટ | ૨૯૬ |
| | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ અનુદાન તેમજ વ્યાજ અંગે | ૧૫૪ |
| | જિલ્લાવાર આપવામાં આવેલ ટપક સિંચાઈના કિટસ | ૭૯ |
| | નાના, મધ્યમ અને મોટા શહેરોના વિકાસ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના યુ. આઈ. ડી. એસ. એસ. એમ. ટી. તથા જે. એન.એન. યુ. આર. એમ. જેવી યોજના માટે કેન્દ્રને કરેલ દરખાસ્તા | ૩૧૬ |
| | રાજ્યની આયુર્વેદિક હોસ્પિટલો | ૩૨૩ |
| | રાજ્યમાં બંધ લઘુઉદ્યોગો ચાલુ કરવા અંગે | ૫૫ |
| | રાજ્યમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્રિય સહાય | ૩૮૫ |
| | સુજલામ સુફલામ યોજના અંગે નીમાયેલ તપાસ સમિતિના અહેવાલ બાબત | ૨૦ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **પુંજાભાઈ ભી. વંશ** | | |
| | ગોદાવરી ક્રિષ્નાના તટમાંથી ગેસ મળી આવવા અંગે | ૭૬ |
| | ગીર વન પૂર્વ તેમજ પશ્ચિમ વિભાગમાં ફાળવેલ રકમ અને ખર્ચ અંગે | ૧૬૪ |
| | જૂનાગઢ જિલ્લામાં ગ્રાન્ટેડ અને નોનગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓ | ૪૦૮ |
| | જૂનાગઢ ડિવિઝનમાં સ્ટેટ હસ્તકના રસ્તાઓની મરામત કામગીરી | ૨૮૯ |
| | જૂનાગઢ તથા અમરેલી જિલ્લામાં ફોજદારી કોર્ટોમાં કેસનો ભરાવો | ૩૧૨ |
| | ભારે વરસાદ પુરના કારણે કેન્દ્ર સરકારે કરેલ સહાય | ૧૪૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૭ |
| | રાજ્યની પોલીટેકનિકોમાં આચાર્યની જ્ગ્યાઓ | ૩૭૦ |
| | રાજ્યની પોલીટેકનિકોમાં એચ.ઓ.ડી.ની ખાલી જ્ગ્યાઓ | ૩૯૬ |
| | રાજ્યમાં લોકાયુક્ત જજની ખાલી જ્ગ્યા હોવા બાબત | ૪૮ |
| | વિધાનસભાની સમિતિના કાર્યક્ષેત્ર પર ટિપ્પણી અંગે | ૪૩૪ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | | |
| | વ્યારા તાલુકાના આમણીયા આસોપાલવ ક્લમકુઈ રસ્તાનું અધુરું કામ | ૧૫૧ |
| | વ્યારા તાલુકાના ધામણદેવી સરાકેવડીનો રસ્તો પાકો બનાવવા અંગે | ૧૭૧ |
| **પોપટભાઈ સ. જીંજરિયા** | | |
| | ચોટીલા - સાયલા તાલુકામાં મંજુર થયેલ ચેકડેમો | ૬૦ |
| | ચોટીલા અને સાયલા તાલુકાના દિન દયાળ ગ્રાહક ભંડારોની તપાસ | ૩૯૮ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં કેરોસીનની ફાળવણી | ૪૦૯ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં નિલ ગાયના ત્રાસ અંગે | ૧૬૬ |
| | ચોટીલા તાલુકામાં દિપડાના મૃત્યુ અને રંજાડની ફરિયાદ અંગે | ૧૪૬ |
| | ચોટીલા, થાન અને સાયલા નગરપાલિકાને ઓકટ્રોય નાબુદ થતાં ફાળવેલ ગ્રાન્ટ | ૨૭૪ |
| | દેવસર મઘરીખડા સિંચાઈ યોજનાનો અહેવાલ | ૨૭ |
| | રહેમરાહે નોકરી માટેની પડતર અરજીઓના નિકાલ અંગે | ૧૭૬ |
| | સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત સર્વે કરવામાં આવેલ ચોટીલા અને સાયલા તાલુકાના ગામો | ૮૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સીમ શાળાઓ | ૩૭૨ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | | |
| | અમદાવાદ આર.ટી.ઓ. ક્ચેરી ખાતે વાહનો જપ્ત કરવા અંગે | ૮૭ |
| | અમદાવાદ શહેરમાં બાજપાઈ બેન્કેબલ યોજના અંતર્ગત અપાયેલ લોન તથા સબસીડી | ૩૮૩ |
| | ઉર્જાની જરૂરિયાત અને ઉત્પાદન | ૪૨ |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભૂપેન્દ્રસિસિંહજી ગજસિસિંહજી જાડેજાના અવસાન અંગે | ૮૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૯૦ |
| | માણસા તાલુકાના પડુસ્મા ગામે બટાટાનું લીલુ પલુર ખાવાથી ગાયોના થયેલ મૃત્યુ અંગે | ૯૯ |
| | સરદાર સરોવર નર્મદા યોજનાનું બંધનું બાંધકામ | ૭૦ |
| **પ્રવિણભાઈ છ. રાઠોડ** | | |
| | કૃષિ માટે પાવર ફરીથી ટ્રીપ સરભર કરી આપવા બાબત | ૧૦ |
| | રાજ્યમાં ગેસ ગ્રીડ માટે પાઇપ લાઇન | ૭૪ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **પ્રવિણભાઈ છ. રાઠોડ** | | |
| | વ્યારા તાલુકાના ટીચકપુરા ગામે આશ્રમ શાળાનું મકાન તૂટી જવા અંગે | ૧૪૬ |
| | સુરત જિલ્લામાં કાંસની સફાઇ | ૪૬ |
| **પ્રવિણભાઈ ટી. મારુ** | | |
| | ભાવનગર જિલ્લાના કાળુભાર, લીંબાળી, માલપરા ડેમોની મરામતની કામગીરી | ૫૪ |
| | ભાવનગર જિલ્લાના લીંબાળી ડેમની મરામતની કામગીરી | ૧૮ |
| | ભાવનગર જિલ્લામાં બી.પી.એલ. કાર્ડ | ૩૯૨ |
| | ભાવનગર જિલ્લામાં ભળતી જમીનની માંગણીઓ | ૧૨૩ |
| **પ્રવિણભાઈ મો. માકડિયા** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૨ |
| **પ્રહલાદભાઈ મો. પટેલ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૬ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | | |
| | ટેકનિક્લ શિક્ષણમાં ગુણવત્તા સુધારણા માટે સરકાર ધ્વારા પગલાં | ૩૯૨ |
| | માંડલ, દેત્રોજ અને વિરમગામ તાલુકામાં ઘોડેસવાર પોલીસ | ૩૯ |
| | વિરમગામ દેત્રોજ અને માંડલ તાલુકામાં સબ કેનાલોમાં પાણી છોડવા અંગે | ૬૯ |
| **બચુભાઈ ખાબડ** | | |
| | દાહોદ જિલ્લામાં ગણવેશને બદલે રોકડા રૂપિયા આપવા બાબત | ૧૪૯ |
| | નિર્મળ ગુજરાત ૨૦૦૭માં માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયેલ આયોજન | ૨૭૦ |
| **બલવંતસિંહ ચં. રાજપૂત** | | |
| | એઈડ્સ નિયત્રણ માટે કરેલ ખર્ચ | ૨૫૩ |
| | કેન્દ્ર સરકાર દ્વારા મળેલ સહાય | ૧૨૯ |
| | ગ્રામ રમતોત્સવ, શાળાકીય રમતોત્સવ અને બાળ રમતોત્સવ માટે ખર્ચ | ૩૮૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૩૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૦ |
| | માર્ગ અને પૂલોના વિકાસ માટે ખર્ચ | ૨૯૯ |
| | રાજ્યમાં વીજ ઉત્પાદન | ૩૫ |
| | સિધ્ધપુર તાલુકામાં ગામતળ નીમ કરવાની પડતર અરજીઓ | ૧૫૯ |
| **બળદેવજી ચં. ઠાકોર** | | |
| | આંગણવાડી કાર્યકર બહેનોના પગાર વધારા અંગે | ૩૭૦ |
| | કડી તાલુકાના સિરામીક્લ ઉત્પાદકોમાં બાકી વેચાણવેરાની રકમની વસુલાત | ૧૪૯ |
| | કડી તાલુકામાં બી.પી.એલ. કાર્ડ ધારકો | ૩૯૭ |
| | કડી તાલુકામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અન્વયે બાળકોની આરોગ્ય તપાસ | ૩૦૬ |
| | કડીના સામૂહિક આરોગ્ય કેન્દ્રના મકાનની મરામત કામગીરી | ૨૬૬ |
| **બાબુભાઈ જ. પટેલ** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **બાબુભાઈ જ. પટેલ** | |
| ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી સી.સી. રોડ નામંજુર કરવા બાબત | ૫૪ |
| ભૂગર્ભ જળ આધારિત પાણી પુરવઠો | ૧૮ |
| મહેસૂલ ક્ષેત્રિય અધિકારીઓના માર્ગદર્શન અંગે પગલાં | ૧૨૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૨ |
| વરસાદી પાણીને ભૂતળમાં ઉતારવા જી.ડી.સી.આર.માં કરેલ જોગવાઈ | ૨૫૮ |
| **બાબુભાઈ મે. શાહ** | |
| કચ્છ ભૂજ સીમની જમીન દલીત સમાજને રીગ્રાન્ટ કરવા બાબત | ૧૪૭ |
| ઔદ્યોગિક એકમોને અપાયેલ સેલ્સટેક્ષ માફી | ૧૬૬ |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભૂપેન્દ્રસિંહજી ગજસિંહજી જાડેજાના અવસાન અંગે | ૯૦ |
| ટપક પદ્ધતિ હેઠળ ઓછી રકમ વપરાવા અંગે | ૫૨ |
| ધોળાવીર ખાતે સગવડો ન હોવા બાબત | ૩૨૨ |
| પ્રવાસન અને યાત્રાધામ માટે થયેલ ખર્ચ | ૩૧૪ |
| ભુજની સરકારી પોલીટેકનિક/એન્જીનીયરીંગ કોલેજમાં અપૂરતો સ્ટાફ | ૩૯૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૧૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૯૭ |
| રાજ્યમાં સલાહકારના અધ્યક્ષ પદે નિમાયેલી એમ્પાવર સમિતિ | ૧૭ |
| સરકાર દ્વારા સ્વૈચ્છિક સંસ્થાઓ, ટ્રસ્ટો દ્વારા આરોગ્ય સેવા માટે ગ્રાન્ટ વધારવા બાબત | ૨૯૧ |
| સુજલામ સુફલામ યોજના અન્વયે કચ્છ જિલ્લામાં નિર્ધારીત રકમ | ૭૮ |
| **બાલુભાઈ તંતી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૪ |
| **બાવકુભાઈ ના. ઉંધાડ** | |
| અમરેલી જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે અરજીઆ | ૩૭૮ |
| નર્મદાનું પાણી જ્યાં પહોંચવાનું નથી તે સોરાષ્ટ્રના વિસ્તારમાં સિંચાઇની યોજનાઓના આયોજન | ૬૫ |
| મહી-પરીએજ યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના ગામને મળનાર પાણી | ૩૩ |
| રાજ્યમાં અગરિયાઓ માટે આવાસો | ૪૦૨ |
| **બેચરભાઈ વી. ભાદાણી** | |
| કમેલેશ્વરના ડેમમાં સિંહના મૃત્યુ | ૧૭૨ |
| ગીર પૂર્વ વન વિભાગ દ્વારા દિપડા ગણતરીની કામગીરી | ૧૩૦ |
| ધારીના ગોડાઉનમાં આગ લાગવાની ફરિયાદો | ૧૫૯ |
| **ભગવાનસિંહ રા. ચૌહાણ** | |
| બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના માનનીય સભ્યશ્રીનો પ્રસ્તાવ | ૪૧૫ |
| બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સોળમા અહેવાલની રજૂઆત | ૪૧૫ |
| **ભરત બારોટ** | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **ભરત બારોટ** | | |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૨૯ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૩ |
| **ભરતભાઈ પંડયા** | | |
| | રોજગારી આપવાના મુદ્દે રાજ્યનો ક્રમ | ૧૩૨ |
| | રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં ઇ-ગર્વનન્સની કાર્યવાહી | ૨૬૫ |
| | રાજ્યની શાળાઓમાં યોગનું શિક્ષણ | ૩૯૨ |
| **ભવાનભાઈ જી. ભરવાડ** | | |
| | કોર્ટોમાં સરકારી વકીલોની જગ્યાઓ ખાલી હોવા બાબત | ૨૯૧ |
| | ડૉ. આંબેડકરના અંગ્રેજી પુસ્તકોનો અનુવાદ | ૩૮૫ |
| | રાજ્યમાં એટ્રોસીટી એકટ હેઠળ ગુન્હાઓ | ૨૭ |
| | રાજ્યમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ | ૩૨૨ |
| | લીંબડી તાલુકાના રોડ બનાવવા બાબત | ૩૧૩ |
| | વર્ગ-૪ ના કર્મચારીની ભરતી કોન્ટ્રાકટ પધ્ધતિથી કરવા અંગે | ૮૧ |
| | સુરેન્દ્રનગરમાં ડેમ, તળાવો, ચેકડેમો, નાળાને થયેલ નુક્સાન | ૬૦ |
| **ભારતીબેન ન. પટેલ** | | |
| | ચીખલીની સરકારી વિજ્ઞાન કોલેજમાં ઇલેકટ્રોનિક્સ વિષય ફરી ચાલુ કરવા અંગે | ૩૮૪ |
| | નવસારી જિલ્લામાં રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજના હેઠળ અરજીઓ | ૪૪ |
| **ભાવનાબેન હે. ચપટવાલા** | | |
| | રાજયની સ્વનિર્ભર શાળા કૉલેજોમાં મફત કન્યા કેળવણી | ૩૬૧ |
| | સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા બાબત | ૭૪ |
| | સુરત પોલીસનું મહેકમ વધારવા બાબત | ૪૬ |
| | સુરત શહેરમાં અપહરણના નોંધાયેલ કેસો | ૧૦ |
| | સુરત શહેરમાં ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા અંગે | ૩૯૪ |
| **ભીખાભાઈ ગ. જોષી** | | |
| | કોલગી સમિતિના અહેવાલ મુજબ પછાત તાલુકાઓ | ૭૨ |
| | જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર લોકદરબારના આયોજન બાબત | ૪૨ |
| | જૂનાગઢ જિલ્લામાં માળીયા તાલુકાની ભાખરવડ ક્ષાર નિયંત્રણ યોજના | ૮૯ |
| | મેંદરડા તાલુકાના જીંજીડા ગામનો રસ્તો બિસ્માર હોવા બાબત | ૨૭૦ |
| | માળીયા તાલુકાના તરસંગડા-- માતરવાણીયા તથા શેરગઢનો રસ્તો બિસ્માર હોવા બાબત | ૩૦૮ |
| **ભીખીબેન ગિ. પરમાર** | | |
| | ગેસના ભાવ સ્થળ આધારિત નકકી કરવા બાબત | ૮૭ |
| | નિરાધાર વિધવા સહાય અંગે | ૩૭૨ |
| | પીપાવાવ પાવર સ્ટેશન સ્થાપવા બાબત | ૬૮ |
| | પ્રવાસન વર્ષમાં યાત્રાધામો માટે પ્રોજેક્ટ મંજૂર કરવા બાબત | ૨૭૧ |
| | રાજ્યમાં ગ્રામ કક્ષાએ જમીન દફ્તરની નકલો ઓન લાઇનથી મળવાની યોજના | ૧૭૬ |
| | સાબરકાંઠા જિલ્લાના શામળાજી ""વિષ્ણુ મંદિર""ને પવિત્ર યાત્રાધામ તરીકે મંજૂરી આપવા બાબત | ૩૦૮ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભીખીબેન ગિ. પરમાર** | |
| સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત સમિતિઓ | ૧૫૦ |
| સાબરકાંઠા જિલ્લામાં વૃક્ષોનું વાવેતર | ૧૭૦ |
| હિંમતનગર આર.ટી.ઓ. કચેરીની આવક બાબત | ૩૮ |
| **ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૩૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૧૫ |
| માણસા તાલુકાના પડુસ્મા ગામે બટાટાનું લીલુ પલુર ખાવાથી ગાયોના થયેલ મૃત્યુ અંગે | ૯૯ |
| **ભેમાભાઈ રા. પટેલ** | |
| દિયોદર તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં પ્રાથમિક સુવિધાઓ | ૩૯૭ |
| દિયોદર તાલુકાની પ્રાથમિક શાળાઓના ઓરડાઓની મરામત કામગીરી અંગે | ૪૦૯ |
| દિયોદર તાલુકામાં કેરોસીનની ફાળવણી | ૩૭૦ |
| બનાસકાંઠા જિલ્લાના ગામોમાં પીવાના પાણીની તંગી | ૧૦ |
| બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક કેન્દ્રોમાં સવલતો વધારવા બાબત | ૨૯૭ |
| બનાસકાંઠા જિલ્લામાં બોગસ ડીગ્રી ધરાવતા ડોકટરોને પકડવા બાબત | ૩૧૭ |
| **મનસુખભાઈ લ. માંડવિયા** | |
| ભાવનગર જિલ્લામાં પી.ડી.સી. કનેકશનો માટે અરજીઓ | ૨૪ |
| ભાવનગર જિલ્લામાં મોડલ રેશન શોપની સંખ્યા | ૩૮૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૪ |
| રાજ્યમાં એસ.ટી. ની નવી બસો ખરીદવા અંગે | ૫૭ |
| **મનીષ ન. ગીલીટવાલા** | |
| તાપી કિનારા પર પાળા યોજના બનાવવા અંગે | ૨૦ |
| મગદલ્લા પોર્ટ ખાતેથી આયાત અને નિકાસ | ૫૪ |
| સુરત જિલ્લામાં નિરાધાર વિધવા સહાયની ચૂકવણી | ૩૮૯ |
| સુરત જિલ્લામાં વેચાણવેરો વસુલ લેવાના બાકી એકમો | ૧૪૫ |
| સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને સિંચાઈ યોજનાના પાળાની કામગીરી સોંપવા બાબત | ૭૯ |
| સુરત શહેર અને જિલ્લામાં બોગસ ડીગ્રીવાળા ડોકટરોને પકડવા બાબત | ૨૭૫ |
| સુરત શહેરમાં સસ્તા અનાજની દુકાનોની ફાળવણી | ૪૦૭ |
| સુરત શહેરમાં સાઉથ ગુજરાત મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટને જમીન આપવા બાબત | ૧૬૫ |
| **મહેન્દ્ર શાં. ત્રિવેદી** | |
| કલ્પસર યોજનાના આયોજન બાબત | ૧૯ |
| નેશનલ અર્બન મીશન નીચે કેન્દ્રની મળેલ ગ્રાન્ટ | ૩૧૧ |
| પ્રાથમિક શાળાઓમાં રૂમ દીઠ વિજળી ચાર્જ | ૩૭૪ |
| પ્રાથમિક શિક્ષકોને કોમ્પ્યુટર તાલીમ અંગે | ૪૧૦ |
| બગોદરા, પિપળી-ધોલેરા રસ્તાને ફેદરા- પિપળી વચ્ચેનો રસ્તો દુરસ્ત કરવા બાબત | ૨૭૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **મહેન્દ્ર શાં. ત્રિવેદી** | |
| મહુવા અને તળાજા તાલુકામાં ડેન્ગ્યુ તાવથી થયેલ મૃત્યુ | ૨૪૮ |
| રાઈટ ટુ એજ્યુકેશન બિલ અંગે રાજ્ય સરકારની કાર્યવાહી | ૩૯૯ |
| રાજ્યમાં લઘુત્તમ વેતનનો દર | ૧૩૫ |
| **મહેશભાઈ છો. વસાવા** | |
| સાગબારા તાલુકામાં ઓવરહેડ ટાંકીની સંખ્યા | ૨૩ |
| **મહેશભાઈ સો. ભુરિયા** | |
| જૂથ પાણી પુરવઠા યોજનાનો દાહોદ જિલ્લાના ગામોને મળનાર લાભ | ૫૪ |
| દાહોદ જિલ્લા ખાતે પુનિત વન બનાવવા બાબત | ૧૪૧ |
| દાહોદ જિલ્લામાં ચેકડેમો બાંધવાનો લક્ષ્યાંક | ૧૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૩૭ |
| **માધાભાઈ લા. બોરીચા** | |
| ઉભડ હક્ક, ચવહક્ક, કબજા હક્ક વગેરેની સનદો આપવા બાબત | ૧૩૮ |
| ચોરવાડને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત | ૩૧૨ |
| જૂનાગઢ જિલ્લાના રસ્તાઓ સીમેન્ટના બનાવવા બાબત | ૨૭૬ |
| જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૩૨૧ |
| જૂનાગઢ જિલ્લામાં સી.એન.જી. સ્ટેશનો સ્થાપવા બાબત | ૧૫ |
| તબીબી સહાય માટેની શ્રમયોગીઓની અરજીઓ | ૧૬૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૮ |
| વાજબી ભાવની દુકાનોના નવીનીકરણ અંગે | ૩૯૯ |
| વાજબી ભાવની દુકાનોનું નવીનીકરણ | ૩૭૩ |
| વિકેન્દ્રિત જિલ્લા આયોજનમાં કાપ મુકવા બાબત | ૭૭ |
| વિકલાંગ કર્મચારીઓ માટે પ્રોત્સાહિત યોજના | ૧૭૩ |
| **માધુભાઈ જે. ભોયે** | |
| ડાંગ જિલ્લાના ગામોને ગામતળ હેઠળ માલિકી હક્ક આપવા અંગે | ૧૭૬ |
| ડાંગ જિલ્લાના નાંદપેડા ગામના આદિવાસીઓને ખેતીની જમીનના હકક આપવા અંગે | ૧૪૬ |
| ડાંગ જિલ્લામાં આંગણવાડીઓના મકાન | ૪૦૧ |
| ડાંગ જિલ્લામાં કૂવાઓ બનાવવાનો લક્ષ્યાંક | ૩૩ |
| ડાંગ જિલ્લામાં પાકા રસ્તાની સુવિધા આપવા બાબત | ૨૬૩ |
| ડાંગ જિલ્લામાં બનાવેલ ચેકડેમો બાબત | ૬૪ |
| ડાંગ જિલ્લામાં ભારે વરસાદ પછી સ્ટેટના રસ્તાઓની મરામત કામગીરી | ૩૦૨ |
| ડાંગ જિલ્લામાં રમત ગમત પ્રવૃત્તિ પાછળ ખર્ચ | ૩૭૭ |
| ડાંગ જિલ્લામાં સિંચાઈ માટે ખેડૂતોને આપવામાં આવેલ કુવાઓ | ૮૫ |
| વન અધિનિયમના અમલીકરણ અંગે | ૧૬૫ |
| **માયાબેન સુ. કોડનાની** | |
| અમદાવાદ શહેર અને જિલ્લામાં સામાજિક વનીકરણની યોજનાથી જમીનનું વનીકરણ | ૧૪૭ |
| અમદાવાદમાં ઓઢવથી વસ્ત્રાલને જોડતો ટી. પી. માર્ગ, માર્ગ અને મકાન વિભાગના સ્ટોરના કંપાઉન્ડમાંથી પસાર થવા બાબત | ૩૧૪ |
| ઉત્તર ગુજરાતમાં નવી મેડીકલ કોલેજ શરૂ કરવા બાબત | ૨૯૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **માયાબેન સુ. કોડનાની** | | |
| | ક્રાઇમ બ્રાન્ચને સુદ્રઢ બનાવવાની યોજના | ૫૮ |
| | ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના | ૨૫ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૯ |
| | રાજ્યમાં પી.ટી.સી. શિક્ષણનું માધ્યમ | ૪૦૬ |
| | વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની માર્ગદર્શક યાદીમાં સુધારા | ૫૧ |
| | શાળાકીય રમતોમાં રાષ્ટ્રિય કક્ષાએ ચંદ્રકો | ૩૮૮ |
| **માલજીભાઈ દે. દેસાઈ** | | |
| | નર્મદા મુખ્ય કેનાલમાંથી પાટણ જિલ્લાને આપવામાં આવતા પાણીનું શુધ્ધિકરણ | ૪૧ |
| **મુકેશ ભૈ. ગઢવી** | | |
| | અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હોસ્પિટલ બનાવવા બાબત | ૨૭૬ |
| | આદિજાતિ વિસ્તારોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં રસ્તા બનાવવા બાબત | ૩૧૦ |
| | ગોધરાકાંડ પછીના તોફાનોમાં વેપારીઓની અસ્ક્યામતો બળી જવાથી થયેલ નુકશાન બાબત | ૬૭ |
| | ઓદ્યોગિક એકમોની અસ્ક્યામતો વેચવાના કરાર બાબત | ૮૬ |
| | રાજ્યના બંધ ઉદ્યોગો અંગેની માહિતી | ૩૭ |
| **મોહંમદફારુક હુ. શેખ** | | |
| | અમદાવાદ શહેરમાં ચોરી અપહરણ અને લૂંટના બનાવો | ૬૬ |
| | અમદાવાદ શહેરમાં મોબાઈલ ચોરીના બનાવા | ૮૬ |
| | અમદાવાદ શહેરમાં મસાલા ઉત્પાદકોને ત્યાં ભેળસેળ માટે પાડેલ દરોડા | ૨૯૭ |
| | અમદાવાદ શહેરમાં મહિલા હેલ્પ લાઈન અંગે | ૩૯૯ |
| | અમદાવાદ શહેરમાં રેશનીંગની દુકાનો શરૂ કરવા બાબત | ૩૭૫ |
| | ગામ ચોરાઓમાં ૭/૧૨ના નવા નામો દાખલ કરવા બાબત | ૧૫૭ |
| | પુરને કારણે સુરત જિલ્લામાં કેન્દ્ર સરકારે આપેલ સહાય | ૧૭૨ |
| | રાજ્યમાં નશાબંધી હળવી કર્યા બાદ બનેલા ગુનાઓ | ૩૪ |
| | વિજયનગર તાલુકા મામલતદારને રસ્તાના દબાણ દૂર કરવાની ફરિયાદ | ૧૨૧ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | | |
| | ફ્રી - ઝોનની સ્થાપના અંગેની માહિતી | ૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૨૩ |
| | રાજકોટ જિલ્લામાં અગરિયાઓ માટે આવાસ યોજના | ૩૮૨ |
| **યોગેશભાઈ ના. પટેલ** | | |
| | રાજ્યમાં રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભ્યારણ્યો | ૧૩૫ |
| | વડોદરામાં આવેલી સુખી યોજનાના જળાશય પરની પેરીફેરી પર વસવાટ | ૫૮ |
| | સીટી ગેસ ડીસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટમાં સમાવેલ શહેરો | ૨૫ |
| **રણછોડભાઈ ચ. ફળદુ** | | |
| | બાળ મહિલાઓની સંખ્યામાં થતો ઘટાડો અટકાવવા બાબત | ૨૭૭ |
| | રાજ્યમાં નિરંતર શિક્ષણ કાર્યક્રમો | ૩૮૫ |
| | શહેરી અને ગ્રામ્ય જમીન મોજણી | ૧૪૮ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **રણજીતસિંહ ન.ચાવડા** | | |
| | ખાતરી સમિતિના પાંચમા અહેવાલની રજૂઆત | ૩૨૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૭ |
| **રમીલાબેન બ. બારા** | | |
| | ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડા | ૪૦૪ |
| | ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં પ્રાથમિક શિક્ષકો માટે આવાસો | ૩૮૪ |
| | ગણવેશના બદલે રોકડા રૂપિયા આપવા બાબત | ૧૪૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૩૮ |
| **રમીલાબેન રા. દેસાઈ** | | |
| | નાની મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાઓ | ૧૨ |
| | નાની, મધ્યમ અને મોટી સિંચાઈ યોજનાના વિકલ્પે | ૪૮ |
| | મહેસાણા જિલ્લામાં લેન્ડ કચેરી ભરવા બાબત | ૧૨૪ |
| **રમેશભાઈ ના. મિસ્ત્રી** | | |
| | નર્મદા નદી પર વિયર કમ કૉઝવેનું આયોજન | ૧ |
| | ભરુચ તાલુકાના જનોર-અંગારેશ્વર ગામોને જોડતી નહેર યોજના બાબત | ૭૩ |
| | ભરૂચ તાલુકામાં કાંસની સફાઇની કામગીરી | ૪૬ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૨૦૦ |
| **રશીદા ઈ. પટેલ** | | |
| | ઉદ્યોગોને કરમાંથી મળતી રાહત બાબત | ૨૫ |
| | ડોકટરોને નોન પ્રેકટીસ એલાઉન્સ ન આપવા બાબત | ૩૧૭ |
| | નર્મદા મુખ્ય કેનાલની કામગીરી બાબત | ૫૮ |
| | ભરુચ જિલ્લામાં ગામતળની જમીન જાહેર હેતુ માટેની માંગણીઓ | ૧૬૨ |
| | ભરૂચ જિલ્લામાં જમીન નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની પડતર અરજીઓ | ૧૪૩ |
| | ભરૂચ જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો | ૩૭૪ |
| | ભરૂચની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર મહેકમ | ૨૯૮ |
| | વિશ્વબેંક સહાયિત ભરૂચ દહેજ માર્ગમાં આવતો રેલ્વે બ્રીજ ભરૂચના ઓવરબ્રીજની કામગીરી | ૩૨૪ |
| | સેઝ વિસ્તારમાં દારૂબંધી હળવી કરવા અંગે | ૮૧ |
| **રાકેશ રાવ** | | |
| | અમદાવાદ આંતરરાષ્ટ્રિય વિમાની મથકની વિમાની સેવાઓ | ૩૭૧ |
| | ખેડા તાલુકામાં પ્રદૂષિત પાણી વળતર, ફંડ, ખર્ચ કરેલ કામો વણ વપરાયેલ રકમ તેમજ સમિતિમાં નિમણૂંક અંગે | ૧૩૭ |
| | પોલીસ અધિકારી/કર્મચારીના આરોગ્યની તપાસ બાબત | ૨૪ |
| | પાલ્લા-વોઠા વચ્ચે પુલ બનાવવા બાબત | ૨૯૪ |
| | માતર અને ખેડા તાલુકાઓમાં કેનાલના રીપેરીંગ બાબત | ૫૭ |
| | માતર તાલુકાના કાંસોના રીપેરીંગ, સુધારણા, નવીનીકરણ બાબત | ૮૦ |
| | માતર તાલુકામાં પૂરના કારણે તૂટી ગયેલ રસ્તા અને નાળાનું રીપેરીંગ કામ | ૩૧૫ |
| | રાજ્યના કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા બાબત | ૩૯૭ |
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **રાજેન્દ્રસિંહ ધી. પરમાર** | | |
| | આણંદ જિલ્લામાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં વીજળી આપવા અંગે સર્વેની કામગીરી | ૩૪ |
| | બોરસદ અને આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારના ગામો માટે પીવાના પાણીનું આયોજન | ૮૫ |
| | રાજીવ ગાંધી ઉર્જા ગ્રામીણ વિકાસ યોજનાઓ અમલ | ૬૫ |
| **રાજેશભાઈ પાઠક** | | |
| | બાલાશિનોર મામલતદાર ક્ચેરીનું જર્જરીત મકાન | ૧૫૭ |
| | સુજલામ્ સુફ્લામ્ યોજનાની કામગીરી | ૨૯ |
| **લક્ષ્મણભાઈ બા. પટેલ** | | |
| | વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડા થી વલસાડ વચ્ચે કોસ્ટલ હાઈવેનું કામ | ૨૯૬ |
| | વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં નવી જેલ બાંધવા અંગે | ૪૫ |
| | વલસાડ જિલ્લાની પ્રાથમિક શાળાઓની મરામત અંગે | ૩૬૫ |
| | વલસાડ જિલ્લામાં કુટિર ઉદ્યોગ તાલીમ સંસ્થા અંગે | ૩૯૪ |
| | વલસાડ જિલ્લામાં જ્યોતિગ્રામ યોજના બાબત | ૭૩ |
| **વજુભાઈ પ. ડોડિયા** | | |
| | નગરપાલિકાઓના મુખ્ય પ્રવેશદ્વાર માટે વિકાસપથ યોજનાના રસ્તા | ૨૯૯ |
| | પ્રવાસન વર્ષ નિમિત્તે પ્રવાસીપથની યોજના | ૩૧૮ |
| | બહુચરાજી મહેસાણા વચ્ચે નર્મદા કેનાલ ઉપર નાળું બંધ હોવા બાબત | ૨ |
| | વિરમગામ, માંડલ અને પાટડી તાલુકામાં રોઝ દ્વારા પાકને નુક્સાન | ૧૫૫ |
| | સમી તાલુકાના રવદ ગામ અને મરદાનગંજ ગામને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં આવરી લેવા બાબત | ૨૬૦ |
| **વજુભાઈ વાળા** | | |
| | સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત રાજય મૂડી રોકાણ નિગમનો વાર્ષિક અહેવાલ. | ૧૭૭ |
| | સુજલામ્-સુફ્લામ્ યોજનામાં થયેલ ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે | ૪૨૧ |
| **વિષ્ણુભાઈ છો. પટેલ** | | |
| | ખેડા જિલ્લામાં પોલીસ આવાસની કામગીરી | ૫૯ |
| | નડિયાદ આર.ટી.ઓ. ક્ચેરીની આવક બાબત | ૨૫ |
| **વેચાતભાઈ હ. બારિયા** | | |
| | આદિજાતિ ક્લાઓનું જતન | ૩૭૬ |
| | ગ્રામવન હેઠળ વાવેતર | ૧૪૪ |
| | જ્યોતિગ્રામ યોજના અંગેની માહિતી | ૪૦ |
| | રાજ્યમાં અનામત પ્રકારના વૃક્ષો | ૧૭૫ |
| | વડોદરા જિલ્લામાં સોરભ ક્ન્સ્ટ્રક્શન કંપની દ્વારા રસ્તાના કામો ન થવા બાબત | ૨૬૭ |
| | વન મહોત્સવ દરમ્યાન રોપાનું વાવેતર | ૧૬૩ |
| | વાયબ્રન્ટ ગુજરાતમાં પાવર પ્રોજેક્ટના એમ.ઓ.યુ. | ૬૯ |
| | શિવરાજપુર-કુંભરવાણ રોડનું ડામરીંગ કામ હલકું થવા બાબત | ૩૦૭ |
| **શંકરભાઈ મં. વારલી** | | |
| | ઉમરગામ તાલુકાની સરકારી કૉલેજના મકાન અંગે | ૩૬૬ |
| **શંકરભાઈ લ. ચૌધરી** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **શંકરભાઈ લ. ચૌધરી** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) | ૪૨૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૯૮ |
| **શંકરભાઈ વી. રાઠવા** | |
| અન્ય રાજ્ય સરકાર ધ્વારા અભ્યાસક્રમ ચલાવવા માંગણી | ૧૬૩ |
| ક્રિષ્ના ગોદાવરી બ્લોક્નું શારકામ અંગે | ૭૭ |
| છોટાઉદેપુર અને ક્વાંટ તાલુકામાં પંચાયત હસ્તક્ના રસ્તાઓ રીપેર કરવા બાબત | ૨૮૯ |
| નવા સબ સ્ટેશનો સ્થાપવા માટે ગ્રાન્ટ | ૫૦ |
| પ્રવાસન વર્ષ દરમિયાન રાજ્ય સરકારે ભારત સરકારને મોક્લેલ પ્રોજેક્ટ | ૩૧૨ |
| માર્ગ અને મકાન વિભાગે સેટેલાઈટ ધ્વારા રસ્તાના મેપનું આધુનિકરણ | ૩૨૧ |
| રાજ્યના પછાત વિસ્તારોમાં ટેકનિકલ શિક્ષણનો વ્યાપ | ૪૧૦ |
| રાજ્યમાં જિલ્લાવાર બંધ થયેલ આશ્રમશાળા પુનઃ ચાલુ કરવા અંગે | ૧૪૩ |
| વડોદરા જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે અરજીઓ | ૩૮૧ |
| વડોદરા જિલ્લામાં સુખી યોજનાના જળાશય પર વસવાટ કરતા અસરગ્રસ્તોને રસ્તાની સુવિધા | ૧૫ |
| સંસ્કૃત ભાષાના વિકાસ અંગે | ૪૦૪ |
| **શિરીષકુમાર મ. શુકલ** | |
| ખંભાત સબ ડિવિઝનમાં રસ્તાઓની મરામત કામગીરી | ૨૬૭ |
| ગ્રાહક સુરક્ષા કામગીરીમાં લોક ભાગીદારી | ૩૭૩ |
| ચેરના વાવેતર કરવા અંગે | ૧૪૫ |
| જમીન દફતરની નક્લો કમ્પ્યુટરથી આપવા બાબત | ૧૬૪ |
| જ્યોતિગ્રામ યોજના હેઠળ ગામડાઓને આવરી લેવા બાબત | ૭૦ |
| પાનમ હાઈલેવલ નહેરની યોજનાનું કામ | ૮૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૨૭ |
| રાજ્યમાં ફોજદારી અને લાંચ કેસમાં સપડાયેલા પોલીસ અધિકારીઓ | ૪૧ |
| **શીવજીભાઈ ક. આહીર** | |
| કચ્છ જિલ્લાની કોર્ટોમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ | ૨૯૭ |
| કચ્છ જિલ્લામાં મળી આવેલ પેટ્રોલનો જથ્થો | ૩૮ |
| કચ્છ જિલ્લામાં રાંધણગેસના પુરવઠા અંગેની ફરિયાદો | ૩૯૩ |
| પંચમહાલ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હેન્ડપંપ સુવિધા અંગે | ૪૦૭ |
| ભૂજ તથા નખત્રાણા તાલુકાના વિકાસ માટે ખર્ચનું આયોજન | ૬૭ |
| **શીવાભાઈ જે. ગોહિલ** | |
| ૫૦૦ થી વધુ વસ્તીવાળા ગામોને બારમાસી રસ્તાની સગવડ | ૩૨૦ |
| તળાજા તાલુકામાં પ્રવાસન વર્ષ નિમિત્તે બનેલ રસ્તાઓ | ૨૬૬ |
| તળાજા તાલુકામાં મેથળા બંધારા યોજનાની કામગીરી | ૭૪ |
| ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં જી.આઇ.ડી.સી.ની સ્થાપના અંગે | ૪૭ |
| ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં સબસ્ટેશન ઊભા કરવા બાબત | ૩ |
| ભાવનગર જિલ્લામાં કિસાનપથ યોજના નીચે રસ્તાના કામો | ૩૦૬ |
| રાવળા હકક્ના મકાન અને વાડાઓને જૂની શરતમાં ફેરવવા બાબત | ૧૫૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **સિદ્ધાર્થ મા. પરમાર** | |
| અગાઉથી જાણ કર્યા સિવાય સભાગૃહમાં આક્ષેપ કરવા અંગે | ૯૮ |
| વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમો અને થયેલ એમ.ઓ.યુ. | ૩૯ |
| **સી. જે. ચાવડા** | |
| નીલગાયના સંરક્ષણ માટે તારની વાડ | ૧૬૭ |
| પાટનગર યોજનામાં સમાવિષ્ટ ગામોના રસ્તા બનાવવા બાબત | ૨૬૯ |
| પ્રાથમિક શિક્ષકોની બદલીઓ અંગે | ૩૯૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૧૨ |
| માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેબલ કરવા અંગે | ૩૭૧ |
| રાજ્ય સરકારનું દેવું | ૧૪૮ |
| રાજ્યમાં બાળકો ગુમ થવાના કિસ્સા | ૪૮ |
| સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ કામગીરી માટે ખર્ચ | ૭૫ |
| સુરત જિલ્લામાં જમીનની ફાળવણી | ૧૭૬ |
| સેઝ વિસ્તારમાં દારૂબંધી હળવી કરવા અંગે | ૮ |
| **સી.ડી. પટેલ** | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૨૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૫૧ |
| સન ૨૦૦૫-૨૦૦૬નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૩૨૭ |
| **સુનીલ બા. ઓઝા** | |
| અગાઉથી જાણ કર્યા સિવાય સભાગૃહમાં આક્ષેપ કરવા અંગે | ૯૭ |
| ન્યુ જહાંગીર વકીલ મીલની ચાલી | ૫૧ |
| ભાવનગર જિલ્લામાં ઓવરલોડેડ ટ્રકોની હેરફેર | ૧૬ |
| ભાવનગર જિલ્લામાં શુભાનંદ સ્વામી અંગે | ૭૭ |
| ભાવનગર તાલુકામાં પ્રાથમિક શાળાના ઓરડાઓનું બાંધકામ | ૩૭૫ |
| ભાવનગર શહેર અને જિલ્લામાં ગેરકાયદેસર કતલખાના | ૩૦૦ |
| ભાવનગર શહેરની ટાઉન પ્લાનિંગ સ્કીમ | ૨૫૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) | ૧૯૪ |
| **સૌરભ પટેલ** | |
| અંજાર સબ સ્ટેશનમાં ફાટી નિકળેલ આગ અંગે | ૧૭૭ |
| ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની અધિસૂચના | ૪૧૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૪૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૧૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૨૧૪ |
| સન ૨૦૦૫-૦૬નો ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૧૦૨ |
| **હરેશકુમાર ઈ. ભટ્ટ** | |
| પંચમહાલ જિલ્લામાં ગાયો બચાવી લેવાની કાર્યવાહી | ૬૯ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **હરેશકુમાર ઈ. ભટ્ટ** | | |
| | પંચમહાલ જિલ્લામાં વૃક્ષોનું વાવેતર કરવા બાબત | ૧૬૨ |
| | ફ્રેન્કીંગ મશીનથી સ્ટેમ્પનું વેચાણ | ૧૪૨ |
| | ભાણા સીમલ જુથ પાણી પુરવઠા યોજનાના કામો | ૮૭ |
| | એસ.આર.પી. ગ્રુપ-૫ ગોધરાના પોલીસ અધિકારી/કર્મચારીઓના આરોગ્યની તપાસ | ૪૦ |
| **હર્ષદભાઈ ચુ. વસાવા** | | |
| | દર ૫૦ માણસ દીઠ એક હેન્ડપંપ આપવા બાબત | ૮૧ |
| | નર્મદા જિલ્લામાં પોલીસ કર્મચારી/અધિકારીના આરોગ્યની તપાસ | ૨૪ |
| | નર્મદા જિલ્લામાં લોક દરબાર બાબતે | ૫૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) | ૩૪૧ |
| **હેમાજી દ. રાજપૂત** | | |
| | નર્મદા યોજનાનું પીવાનું પાણી વાવ અને થરાદને આપવા અંગે | ૧૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં રણ આગળ વધતુ અટકાવવા અંગે | ૧૩૨ |
| | બનાસકાંઠામાં આદિવાસી ભીલોની વસ્તી અંગે | ૧૫૮ |
| | વાવ થરાદ તાલુકામાં પાકા રોડ કરવા બાબત | ૩૨૦ |
| | વાવ-થરાદ તાલુકામાં હડકાયા કૂતરાની રસી ન મળવા બાબત | ૩૧૦ |
| | વાવના સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ અને સર્જનની ખાલી જગ્યા | ૨૭૫ |